
શ્રીગોવર્દ્ધનોદ્ધરણધીર શ્રીશ્રીનાથજી.



શ્રીવલ્લભકુળદીપક પૂજ્યપાદ આચાર્યવર્ય ગોસ્વામિશ્રી ૬
શ્રીગોકુલનાથજી મહારાજ.




શ્રમનિષ્ઠ મહાત્મા ગુરુવર્ય સાધુશ્રી રામદાસ લાલજી મહારાજ.
કચ્છગઢ શીમાવાળા.



વૈદ્યવિદ્યોદ્ધારક સદ્ધર્મપરાયણ રાજવૈદ્ય વૈદ્યરાજ શ્રી પ્રભુરામ જીવનરામ.



સ્વ. વૈ. માણેકચંદ્ર ડૉક્ટર પોપટભાઈ પ્રભુરામ જે. પી
પ્રભુરામ આયુર્વેદિક કૉલેજના સ્થાપક અને સંચાલક.



પંડિત પ્રાગજી મૂળજી ધરાદેવ, કચ્છ ગઢશીસાવાળા.



દાનવીર રા. બા. રામચંદ્ર માધવરામ ભટ્ટ.
મુખ્ય મેનેજીંગ એજન્ટ માનવતા મિલ્સ

દાનવીર નેકનામદાર જાડેજા કુમારશ્રી નટવરસિંહજી ભગવતસિંહજી
બહાદુર ગોંડલ દરબાર.

મહાન દાનવંતા જ્ઞાતિભકતા માતુશ્રી કંકુબાનબાઈ.



જ્ઞ નારમહાલ્ય શ્રીમાન્ શેઠ કમળિ ્ દામજી જે પી
શ્રી વાણિયા જ્ઞાતિના મા ઠ પ્રેસીડ્



નહુમૅપનાર । મ ાન દાનવીર
શ્રીમાન્ રાઠ વાલજીભાઈ દુગ નિવ નાગજી, શ્રી લાડા પ્રા જ્ઞાતિના પ્રેસીડ




સ્વ. શ્રીમાન્ શેઠ જાદવજી ડુંગરસિંહ ગાંગજી.

શ્રીમાન શેઠ આનંદજીભાઈ દલ્યાભાઈ કલ્યાણજી લક્ષ્મીદાસની પેઢીના વર્તમાન
સદ્ગમપ્રેરણાથી અપાતા દાનવીર

સખાવતો અને ધર્મ દાનવીર શ્રીમાનો

૧ સ્વ શેઠ ત્રિકમદાસ હીરજી ગોવિંદજી. ૨ સ્વ.શેઠ પુરુષોત્તમ હી ગોવિંદજી.



૩ સ્વ. શેઠ લીલાધર ગોવિંદજી. ૪ સ્વ. શેઠ રત્નસિંહ હીરજી ગોવિંદજી.



૨૫. દાનવીર શ્રીમાન્ શેઠ જેઠાભાઈ ભૂલચંદ બાબુ.



દાનવીર શ્રીમાન્ શેઠ ભગવાનદાસ જીવાભાઈ ઉર્ફે કાકુભાઈ
(શેઠ ખીમજી વિશ્રામવાળા)



મત્તીતિમાન્ દાનધર્મવીર શ્રીમાન્ શે ણણછોડદાસ જેઠાભાઈ,
શેઠ ણણછોડદાસ જયનમવાળા.

૨૫. દાનવીર ગવમહાદુર શ્રીમાન્ શેઠ કેશવજી નથુ મેસ્તર જે પી



દાનવીર શ્રીમાન્ શેઠ નેણશીભાઈ તેજપાળ
શ્રી લોહાણા યુવક પરિષદના પ્રમુખ



દશાઓસવાળ જૈન વણિકકોમમાં-દાનવીર શેઠ માળશી માંયાનો કુટુંબ,



શેઠ હરિરામ ગોવિંજી મોગરીવાળા.



સનાતનધર્મ પરાયણ શેઠ જમનાદાસ હરખજી સાવલી.



શ્રીમદ્ભ ત્વદ્ગીતાદીક્ષાગુરુ પં. શ્રીકાંતિભ.

શ્રીમદ્ભગવદ્ગીતા.

સાન્વયબોધિની

ગુજરાતીટીકાસહિતઃ

(અવતરણિકા, મૂળશ્લોક, પદચ્છેદ, વ્યુત્પત્તિ-સમાસ,
અન્વયાર્થ, ભાવાર્થ અને ટિપ્પણિકા સમેતા.)

અનુવાદકઃ

વિદ્યાભાસ્કર, જ્યોતિર્વિભૂષણ, દૈવજ્ઞવાચસ્પતિ, મહોપદેશક,
પ્રાણાચાર્ય, બ્રહ્મનિષ્ઠ, પંડિત શ્રીકૃષ્ણ મોહનજી શર્મા-
" કાર્તીતિક. "

संन्यासः कर्मयोगश्च निःश्रेयसकरावुभौ
तयोस्तु कर्मसंन्यासात्कर्मयोगो विशिष्यते ॥

" કર્મસંન્યાસ " અને " કર્મયોગ " એ બન્ને મોક્ષ આપનારા છે, પરંતુ એ બન્ને યોગોમાં કર્મસંન્યાસથી કર્મયોગ વિશિષ્ટ છે.

આવૃત્તિ ૧ લી. વિક્રમ સંવત્ ૧૯૮૭. ઇસ્વી સન ૧૯૩૧.

મૂલ્યઃ રૂા. ૫.



મુદ્રક—રઘુનાથ રામચંદ્ર અખલે, 'મુબઈ વૈભવ પ્રેસ'
સર્વન્ટ્સ ઑફ ઇન્ડિયા સોસાયટી બિલ્ડીંગ,
સૅન્ડહર્સ્ટ રોડ, ગિરગામ, મુબઈ.

પ્રકાશક—પંડિત શ્રીકૃષ્ણ મોહનજી શર્મા, કાર્તાંતિક પુસ્તકાલય,
પ્રીન્સેસ સ્ટ્રીટ, ભરૂચા બિલ્ડીંગ, મુબઈ, ન ૨.

श्रीमद्भगवद्गीतास्वरूपम्



॥अथश्रीमद्भगवद्गीतार्थवाङ्मयीमूर्त्ति ॥श्लोकौ॥ वक्त्राणिपञ्च जानीहिपञ्चाध्यायाननुक्रमात्॥ दशाध्यायाभुजाश्चैक मुदरद्वौ पदाम्बुजे॥१॥ एवमष्टादशाध्यायीवाङ्मयीमूर्तिरीश्वरी ॥ जानीहि ज्ञानमात्रेणमहापातकनाशिनी ॥२॥ श्रीकृष्णार्पणमस्तु ॥ ॥

પ્રસ્તાવના

(પ્રતિપાદ્યવસ્તુસ્વરૂપદર્શન)

यं सम्पूज्य बुधाः परां परिहरन्तो यान्ति तत्सत्पदम् ।
गीताज्ञानमुपेत्य कर्मकुशला ध्यायन्ति यं योगिनः ॥
भक्त्याराध्य हृदि स्थितं यमचिरात्पश्यन्ति सिद्धाः स्वयं ।
तं तत्त्वार्थविदाप्तमेकममलं श्रीकृष्णचन्द्रं भजे ॥

અર્થઃ—પંડિતો—જ્ઞાનીઓ જે (પરમાત્મા) ને સારી રીતે-અનન્ય ભાવથી-પૂજી-ભજીને " મોક્ષપ્રાપ્ત કરવામાં અંતરાય-વિઘ્નરૂપ " માયાને તજી સાક્ષાત્-અવિનાશિ-બ્રહ્મસ્વરૂપને પ્રાપ્ત કરે છે, કર્મકુશળ યોગિઓ ગીતાસંબંધી જ્ઞાનને પ્રાપ્ત કરી જે (પરમાત્મા) નું ધ્યાન કરે છે તેમ જ સિદ્ધપુરુષો પોતે હૃદયમાં-આત્મરૂપે-રહેલા જે (પરમાત્મા) ને ભક્તિવડે આરાધી-સેવીને સત્વર જુએ છે, તે તત્ત્વ-મહાવાક્ય-પ્રતિપાદ્ય-બ્રહ્મસ્વરૂપ-વસ્તુને જાણનારા તત્ત્વવેત્તાઓએ પ્રાપ્ત કરાયલા એક નિર્મળ-માયોપાધિરહિત ભગવાન્ શ્રીકૃષ્ણચંદ્રને હું ભજું છું-અહર્નિશ-સ્મરું છું.

મનુષ્યમાત્રની તમામ પ્રવૃત્તિઓ સુખની પ્રાપ્તિ અને દુઃખની નિવૃત્તિ માટે હોય છે, પરંતુ પ્રત્યેક મનુષ્ય જન્મતાં જ અત્ર હોઈ સુખ કે દુઃખના ઉત્પાદક-હેતુઓને જાણી શકતો નથી, પણ ક્રમશઃ જેમ જેમ ઉમર મોટી થતી આવે તેમ તેમ અનેક જન્માર્જિત પુણ્ય અને પાપના ફલોદય-કાલે શુભાશુભ ક્રિયાવડે જોતાં તે તે સુખ કિંવા દુઃખને અનુભવે છે-ભોગવે છે, એ નિયમાનુસાર પ્રવર્ત્તતા વ્યાવહારિક ક્રિયાપ્રસંગે " પારમાર્થિક ક્રિયાના સંસ્કારો કલ્યાણ-મોક્ષ-દુઃખની નિવૃત્તિ અને સુખની પ્રાપ્તિ કરનારા છે" એવી સામાન્ય ભાવના ઉત્પન્ન થાય છે, તો તે તરફ-તે સંબંધી સાધન-ક્રિયાસંબંધિ પ્રાપ્ત કરવા તેના અવલોકન અને અભ્યાસ તરફ-

મનુષ્ય સ્વયં આકર્ષાય છે અને એ સંબંધી શાસ્ત્રશિક્ષણમાં પ્રવૃત્ત થાય છે. શાસ્ત્રશિક્ષણ માટે સદ્‌ગુરુના આશ્રયની આવશ્યકતા છે. તેને માટે શ્રીમદ્‌ભાગવતમાં કહ્યું છે કેઃ–

"तस्माद्गुरुं प्रपद्येत जिज्ञासुः श्रेय उत्तमम् ।
शाब्दे परे च निष्णातं ब्रह्मण्युपसमाश्रयम् ॥

તે શિક્ષા માટે ઉત્તમ–આત્યંતિક કલ્યાણ–સુખ–મોક્ષસુખને જાણવા ઇચ્છતો મનુષ્ય શાબ્દ અને પરબ્રહ્મમાં નિષ્ણાત તથા બ્રહ્માનંદમાં જ આશ્રય–સુખ માનનાર સદ્‌ગુરુ પાસે જાય." શ્રુતિ પણ એ પ્રમાણે જ આદેશ કરે છે કેઃ–

"तद्विज्ञार्थं स गुरुमेवाऽभिगच्छेत् समित्पाणिः श्रोत्रियं ब्रह्मनिष्ठम् ।

તેના શિક્ષણ માટે તે અધિકારી હાથમાં સમિધ–યજ્ઞકાષ્ઠ લઈ શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ સદ્‌ગુરુ પાસે જાય." એ પ્રમાણેનો અંગીકાર કરી ગુરુ પ્રાપ્ત કરવા ઇચ્છા થાય, પરંતુ દેશ, કાલ, પાક અને પાત્રના અનુકૂલ સમરત વ્યવહાર હોતાં પ્રસ્તુત પ્રસંગે વર્ત્તમાન કાળમાં તેવા ગુરુની પ્રાપ્તિ અને સમયનો અવકાશ મળવો બહુ કષ્ટ સાધ્ય જણાતાં મનુષ્યોપર ઉપકાર બુદ્ધિવાળા વિદ્વાન્ આચાર્યોએ અનેક ઉત્તમ ગ્રંથો લખ્યા. તેમાં પ્રવેશ કરતા મંદાધિકારી સત્‌કર્મ–સ્નાન–સંધ્યા અને સ્તોત્રપાઠાદિ તરફ લક્ષ રાખે એ સ્વાભાવિક છે. એમ બહુધા મનુષ્યમાત્રનું લક્ષ આત્મશ્રેયસ્ માટે "શ્રીમદ્‌ભગવદ્‌ગીતા" તરફ જાય એ સહજ હોવાથી મારું લક્ષ પણ એ શ્રીમદ્‌ભગવદ્‌ગીતાનું જ અનુશીલન કરવા તરફ ગયું.

શ્રીમદ્‌ભગવદ્‌ગીતાના પાઠમાં મારી વિશેષ પ્રવૃત્તિ થતાં તેનો અર્થ સમજવા મારી ઇચ્છા વધી અને તે માટે ભગવાન્ સુશ્રુત મહર્ષિના કથનનું સ્મરણ થયું કેઃ–

"यथा खरश्चन्दनभारवाही भारस्य वेत्ता न तु चन्दनस्य ।
एवं हि शास्त्राणि बहून्यधीत्य चार्थेषु मूढाः खरवद्वहन्ति

સુશ્રુતસૂત્રસ્થાન અ-૪૩.

જેમ ચન્દનના ભારને ઉપાડનાર ગધેડો કેવળ તેના ભારને જ સમજે છે કિન્તુ તેના સુગંધી આદિ ગુણોને સમજતો નથી તેમ જ મનુષ્ય બહુશાસ્ત્રોનું અધ્યયન-શિક્ષણ લઈને-પાઠ માત્ર જાણીને પણ જો તેના અર્થને સમજે નહિ તો તે પણ ગધેડાની માફક ભાર તે શાસ્ત્રોનો બોજો જ ઉપાડે છે-વહન કરે છે " અર્થાત્ કોઈ પણ શાસ્ત્રનો અભ્યાસ તેના અર્થ જાણ્યા વિના નકામો છે.

ભગવાન્ યાસ્ક મહર્ષિએ પણ એ બાબતમાં જણાવ્યું છે કે:-

" स्थाणुरयं भारहारः किलाभूदधीत्य वेदं न विजानाति योऽर्थम् ॥
योऽर्थज्ञ इत्सकलं भद्रमश्नुते नाकमेति ज्ञानविधूतपाप्मा ॥

નિરુક્ત-અ ૧ ખં ૧૮.

જે પુરુષ વેદનો અભ્યાસ કરી તેના અર્થને જાણતો નથી તે માણસ લાકડાના ઠૂંઠા-થાભલાની માફક વેદનો ભાર ઉઠાવનારો જ થાય છે, પરંતુ જે મનુષ્ય વેદના અર્થને જાણે છે તે પ્રબુદ્ધ થયેલો વેદના જ્ઞાનવડે પોતાના સઘળા પાપોને ધોઈ નાખતો થકો સર્વ પ્રકારના કલ્યાણને પ્રાપ્ત કરે છે અને સ્વર્ગ (મોક્ષ) ને પામે છે."

આ ઉપર કહેલા પ્રમાણોએ શ્રીમદ્ભગવદ્ગીતાનો અર્થ સમજવા મારું લક્ષ ખેંચી મને પ્રેરણા કરી, પરંતુ ગૃહસ્થાશ્રમના વ્યાવહારિક પ્રસંગો ગુરુપ્રાપ્તિ કરવામાં બાધક થયા અને તેમાં સમયનો અભાવ તથા કેટલાક વર્તમાન કાળના ગુરુઓ પણ ઉદરપૂર્તિમાં મુગ્ધ થયા એટલે પ્રવૃત્તિ તરફ જ મડાયના હોતા યથાર્થ જ્ઞાન આપવા અશક્ત થયા જ ન જણાતા સંસ્કૃત ભાષ્યકારો અને ટીકાકારોને જ મેં ગુરુ માન્યા અને શ્રીશાંકરભાષ્ય તથા મધુસૂદની અને શંકરાનંદી ટીકાઓ વાંચવા હું પ્રવૃત્ત થયો પણ તે વાંચન તો ખાસ વ્યુત્પન્ન અને વ્યાકરણાદિ શાસ્ત્રોના હોય તેવાને માટે જ સુલભ જણાયું અને વખતોવખત ઉપનિષદ્ભાષ્યો, બ્રહ્મસૂત્રભાષ્યો અને અન્ય વેદાંતશાસ્ત્રસંબંધી પંચદશીપ્રભૃતિ આકર ગ્રંથોની ટીકાઓ અવલોકવા મેં પ્રવૃત્તિ વધારી યદ્યપિ વ્યાકરણાદિ સુશિક્ષિતને માટે તે ક્રમ અનુકૂલ જણાયો, પણ અવ્યુત્પન્ન-સંસ્કૃત સ્વયંજ્ઞ

મનુષ્ય સ્વયં આકર્ષાય છે અને,એ સંબંધી શાસ્ત્રશિક્ષણમાં પ્રવૃત્ત થાય છે. શાસ્ત્રશિક્ષણ માટે સદ્‌ગુરુના આશ્રયની આવશ્યકતા છે. તેને માટે શ્રીમદ્‌ભાગવતમાં કહ્યું છે કેઃ—

"तस्माद्गुरुं प्रपद्येत जिज्ञासुः श्रेय उत्तमम् ।
शाब्दे परे च निष्णातं ब्रह्मण्युपशमाश्रयम् ॥

તે શિક્ષા માટે ઉત્તમ—આત્યંતિક કલ્યાણ—સુખ—મોક્ષસુખને જાણવા ઇચ્છતો મનુષ્ય શાબ્દ અને પરબ્રહ્મમાં નિષ્ણાત તથા બ્રહ્માનંદમાં જ આશ્રય—સુખ માનનાર સદ્‌ગુરુ પાસે જાય." શ્રુતિ પણ એ પ્રમાણે જ આદેશ કરે છે કેઃ—

"तद्विज्ञार्थं स गुरुमेवाऽभिगच्छेत् समित्पाणिः श्रोत्रियं ब्रह्मनिष्ठम् ।

તેના શિક્ષણ માટે તે અધિકારી હાથમાં સમિધ—યજ્ઞકાષ્ઠ લઈ શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ સદ્‌ગુરુ પાસે જાય." એ પ્રમાણેનો અંગીકાર કરી ગુરુ પ્રાપ્ત કરવા ઇચ્છા થાય, પરંતુ દેશ, કાલ, પાક અને પાત્રના અનુકૂલ સમસ્ત વ્યવહાર હોતાં પ્રસ્તુત પ્રસંગે વર્ત્તમાન કાળમાં તેવા ગુરુની પ્રાપ્તિ અને સમયનો અવકાશ મળવો બહુ કષ્ટ સાધ્ય જણાતાં મનુષ્યોપર ઉપકાર બુદ્ધિવાળા વિદ્વાન્ આચાર્યોએ અનેક ઉત્તમ ગ્રંથો લખ્યા. તેમાં પ્રવેશ કરતા મંદાધિકારી સત્કર્મ—સ્નાન—સંધ્યા અને સ્તોત્રપાઠાદિ તરફ લક્ષ રાખે એ સ્વાભાવિક છે એમ બહુધા મનુષ્યમાત્રનું લક્ષ આત્મશ્રેયસ્ માટે "શ્રીમદ્‌ભગવદ્‌ગીતા" તરફ જાય એ સહજ હોવાથી મારું લક્ષ પણ એ શ્રીમદ્‌ભગવદ્‌ગીતાનું જ અનુશીલન કરવા તરફ ગયું.

શ્રીમદ્‌ભગવદ્‌ગીતાના પાઠમાં મારી વિશેષ પ્રવૃત્તિ થતાં તેનો અર્થ સમજવા મારી ઇચ્છા વધી અને તે માટે ભગવાન્ સુશ્રુત મહર્ષિના કથનનું સ્મરણ થયું કેઃ—

" यथा खरश्चन्दनभारवाही भारस्य वेत्ता न तु चन्दनस्य ।
एवं हि शास्त्राणि बहून्यधीत्य चार्थेषु मूढाः खरवद्वहन्ति

સુશ્રુતસૂત્રસ્થાન અ-૪।૩.

જેમ ચન્દનના ભારને ઉપાડનાર ગધેડો કેવળ તેના ભારને જ સમજે છે કિન્તુ તેના સુગંધી આદિ ગુણોને સમજતો નથી તેમ જ મનુષ્ય બહુશાસ્ત્રોનું અધ્યયન-શિક્ષણ લઈને-પાઠ માત્ર જાણીને પણ જો તેના અર્થને સમજે નહિ તો તે પણ ગધેડાની માફક માત્ર તે શાસ્ત્રોનો બોજો જ ઉપાડે છે-વહન કરે છે. અર્થાત્ કોઇ પણ શાસ્ત્રનો અભ્યાસ તેના અર્થ જાણ્યા વિના નકામો છે.

ભગવાન્ યાસ્ક મહર્ષિએ પણ એ આશયમાં જણાવ્યું છે કે—

"स्थाणुरयं भारहारः किलाभूदधीत्य वेदं न विजानाति योऽर्थम् ॥
योऽर्थज्ञ इत्सकलं भद्रमश्नुते नाकमेति ज्ञानविधूतपाप्मा ॥"

નિરુક્ત-અ. ૧. ખ. ૧૮.

જે પુરુષ વેદનો અભ્યાસ કરી તેના અર્થને જાણતો નથી તે માણસ લાકડાના ઠૂંઠ-થાંભલાની માફક વેદનો ભાર ઉપાડનારો જ થાય છે, પરંતુ જે મનુષ્ય વેદના અર્થને જાણે છે તે પ્રાપ્ત થએલા વેદના જ્ઞાનવડે પોતાનાં સઘળાં પાપોને ધોઈ નાંખનારો થઇ સર્વ પ્રકારના કલ્યાણને પ્રાપ્ત કરે છે અને સ્વર્ગ (મોક્ષ) ને પામે છે."

આ ઉપર કહેલાં પ્રમાણોએ શ્રીમદ્ભગવદ્ગીતાનો અર્થ સમજવા મારું લક્ષ ખેંચી મને પ્રેરણા કરી, પરંતુ ગૃહસ્થાશ્રમના વ્યાવહારિક પ્રસંગો ગુરુપ્રાપ્તિ કરવામાં બાધક બન્યા અને તેમાં સમયનો અભાવ તથા કેટલાક વર્તમાન કાળના ગુરુઓ પણ ઉદરપૂર્તિમાં મુંઝાયલા એટલે પ્રવૃત્તિ તરફ જ મંડાયલા હોતાં યથાર્થ જ્ઞાન આપવા અસમર્થ વાળા જ જ્ઞાતાં સંસ્કૃત ભાષ્યકારો અને ટીકાકારોને જ મેં ગુરુ માન્યા અને શ્રીશાંકરભાષ્ય તથા મધુસૂદની અને શંકરાનંદી વિગેરે ટીકાઓ વાંચવા હું પ્રવૃત્ત થયો; પણ તે વાંચન તો ખાસ વ્યુત્પન્ન અને વ્યાકરણાદિ શાસ્ત્રજ્ઞ હોય તેવાને માટે જ સુલભ જણાયું અને વખતોવખત ઉપનિષદ્ભાષ્યો, ષડ્દર્શનભાષ્યો અને અન્ય વેદાંતશાસ્ત્રસંબંધી પંચદશીકબૃત આકર ગ્રંથોની ટીકાઓ અવલોકવા મેં પ્રવૃત્તિ વધારી. યદ્યપિ વ્યાકરણાદિ સુશિક્ષિતને માટે તે શ્રમ અનુકૂલ જણાયો, પણ અવ્યુત્પન્ન-ગ્રન્થશ્રમથી

તદ્દન અપરિચિતને તો તે અકિંચિત્‌કર જ છે, એમ જણાતાં હાલમાં એ પ્રમાણે જ માનનારા વિદ્વાનોએ તેવા મંદાધિકારીઓ માટે સ્વસ્વદેશની ભાષાઓમાં ટીકાઓ રચેલી જાણી તે તરફ મારું લક્ષ ગયું. તેમાં શ્રીજ્ઞાનેશ્વરી વિગેરે કેટલીક મરાઠી, હિંદી અને ગુજરાતી ટીકાઓ મેં વાંચી. અલબત તે તે પરિશ્રમો લોકોપકારક જણાયા અને લોકોમાં બહુ પ્રવૃત્ત થયા છે, તથાપિ કેટલીક સાન્વય-પદાર્થબોધિની ટીકાઓ એવી જણાઇ કે, જે સાધારણ સંસ્કૃત ભણેલો હોય તો જ તે તે શ્લોકોના અર્થને અન્વયથી ઘટાવી-ચોજી શકે, પણ મ્હોટા શબ્દો કે જે સમાસ અને વ્યુત્પત્તિથી વધેલા હોય તેના અર્થને જાણી શકે નહિં, તેમ પદચ્છેદ, સમાસ, વ્યુત્પત્તિ અને શ્લોકની અવતરણિકા-શ્લોક લખવાનું પ્રયોજન-સમજે નહિં. તેથી જ મારી ઇચ્છા થઈ કે જો એકાદ એવું પણ પુસ્તક હોય કે જેમાં બહુધા-શ્રીમદ્‌ભગવદ્‌ગીતાના તમામ શબ્દોના સમાસ-વ્યુત્પત્તિ, સાન્વય-અર્થજ્ઞાન અને અવતરણિકા પણ હોય તો બહુ સારું.

એ ભાવનાનુસાર શ્રીમદ્‌ભગવદ્‌ગીતાની અનેક ગ્રંથોદ્વારા થએલી પ્રવૃત્તિ પ્રયોજનવતી માની અને આ ગ્રંથની ફક્ત એ ગ્રંથને નહિ જાણનારા મંદ અને મધ્યમાધિકારીઓ-વિદ્યાર્થિઓ માટે જ સાન્વય સમાસ, વ્યુત્પત્તિ વિગેરેનું જ્ઞાન આપનારી "સાન્વયબોધિની" ગુજરાતી ટીકા લખવા માટે એ સંબંધી અન્ય આચાર્યો તથા વિદ્વાન્ સાક્ષરોનાં રચેલાં ભાષ્યો તથા ટીકાઓનો સહારો-આશ્રય લેવા યત્ન કર્યો. નિરીક્ષા-પ્રસંગે ગ્રંથકર્ત્તાની કરવા યોગ્ય શિષ્ટાચાર પ્રણાલિકાનું પણ મને સ્મરણ થયું કારણઃ-

"मङ्गलादीनि मङ्गलमध्यानि मङ्गलान्तानि च शास्त्राणि प्रथन्ते वीरपुरुषाण्यायुष्मत्पुरुषाणि च भवन्ति। अध्येतारश्च वृद्धि-युक्ता यथा स्युः।

જે શાસ્ત્રોના આરંભમા, મધ્યમાં અને અંત-સમાપ્તિમાં મંગલાચરણ હોય તે શાસ્ત્ર-ગ્રંથો પ્રથિત-લોકોમાં પ્રસિદ્ધિને પામેલાં-સ્તોત્ય થાય છે અને તે વીરપુરુષોને તથા દીર્ઘાયુષી પુરુષોને ઉત્પન્ન

કરનારા થાય છે. તેમ જ તે શાસ્ત્રોનું અધ્યયન કરનારાઓ પણ સંપૂર્ણ બુદ્ધિવાળા થાય છે."

એ શ્રી પાતંજલ મહાભાષ્યના આશ્રયથી આ શ્રીમદ્ભગવદ્ગીતાના પ્રારંભપ્રસંગે ભગવાન્ મહર્ષિ શ્રીવેદવ્યાસજીએ મંગલાચરણ કર્યું છે કે કેમ! એ તપાસવું અનુકૂલ માન્યું અને

"वन्दनं गुरुदेवानां महशान्तिर्द्विजार्चनम् ।
शुभद्रव्यावलोकञ्च मङ्गलं परिचक्षते ॥

ગુરુઓ અને દેવતાઓનું વંદન, મહશાંતિ, બ્રાહ્મણોનું પૂજન અને શુભ વસ્તુનું અવલોકન એ મંગલ કહેવાય છે." તથા

"देवतावाचकाः शब्दा ये च मद्रादिवाचकाः ।
ते सर्वे नैव निंद्याः स्युर्लिपितो गणतोऽपि वा ॥

જે દેવતાવાચક શબ્દો અને કલ્યાણવાચક શબ્દો છે તે લેખનથી કે ગણથી નિંદિત થતા જ નથી."

એ પ્રમાણના આધારે વિચારતાં મંગલાચરણ કે જે,

"आशीर्नमस्क्रियावस्तुनिर्देशो वाऽपि तन्मुखम् ।

આશીર્વાદ, નમસ્કાર અને વસ્તુનિર્દેશ એ પ્રારંભિત ગ્રંથાદિકનું મુખ છે." તથા

"मंगलं त्रिविधं प्रोक्तं शास्त्रादीनां मुखादिषु ।
आशीर्वादनमस्कारवस्तुनिर्देशमेदतः ॥

શાસ્ત્રાદિકની રચનાના પ્રારંભ, મધ્ય કે સમાપ્તિના પ્રસંગે આશીર્વાદ, નમસ્કાર અને વસ્તુનિર્દેશ એ પ્રકારે ત્રણ પ્રકારનું મંગલ કહેવાય છે." વળી

"समाप्तिप्रतिबन्धकीभूतदुरितविशेषविघातकत्वं मङ्गलत्वम् ।

સમાપ્તિને રોકનારા કોઈપણ પ્રકારના વિઘ્નોનો નાશ કરનાર જે કર્મ તે મંગલ કહેવાય છે." તેમાં

"स्वस्य परस्य वेष्टार्थशंसनमाशीर्वादः"

પોતાના કે બીજા કોઈના ઇચ્છિત અર્થનું કથન તે આશીર્વાદરૂપ મંગલ કહેવાય છે."

"स्वनिष्ठाऽर्थविषयकबोधानुकूलो व्यापारो नमस्कारः।

પોતામાં રહેલા અપકર્ષ–લઘુતારૂપ જ્ઞાનને અનુકૂલ જે વર્તન–ઉદ્યોગ તે નમસ્કાર રૂપ મંગલ કહેવાય છે." તથા

"ईष्टतमदेवतागुणगणोक्तिर्वस्तुनिर्देशः।

પોતાના અતિપૂજ્ય દેવતાદિકના ગુણસમૂહનું કથન તે વસ્તુનિર્દેશ મંગલ કહેવાય છે."

એમ એ ત્રણ પ્રકારે મનાયલા મંગલોમાથી શ્રીમદ્ભગવદ્ગીતાના પ્રારંભમાંજ યુદ્ધની તૈયારીમા જ અર્જુનના વિષાદને મટાડવા અલ્પ સમયમા કરવાના ઉતાવળા–સાહસિકપણારૂપ વિઘ્નના ભયથી મંગલાચરણ અવશ્ય કર્તવ્ય હોવા છતા શ્રી વેદવ્યાસજીએ એ શિષ્ટવ્યવહારમાં શ્રદ્ધા રાખી વ્યવહાર કર્યો છે કે કેમ? તે તપાસતાં પ્રથમના બે પ્રકારના–આશીર્વાદ અને નમસ્કારાત્મક મંગલ તો નથી જણાતા પરંતુ ત્રીજું વસ્તુનિર્દેશાત્મક મંગલ કરતા પ્રારંભમા જ કુરુક્ષેત્ર કે જે મહાપવિત્ર રણભૂમિ છે અને જેમા જતાં જ મનુષ્યની બુદ્ધિ ધર્મવાળી થઈ જાય છે તે પરમ ઇષ્ટ કુરુક્ષેત્રની પ્રશંસારૂપ 'धर्मक्षेत्रे' 'ધર્મક્ષેત્રમા' એ શબ્દ જોઈ વસ્તુ-ક્ષેત્રનું શુભકથન કરી શિષ્ટ જનોને પાવન કરેલ છે, અથવા 'धर्मक्षेत्रे' એ કલ્યાણવાચક શબ્દને જોઈ પ્રારંભ સફળ કરેલ છે એમ જણાય છે. હવે

"अधिकारी च संबंधो विषयश्च प्रयोजनम्।
आदौ वेदेषु ग्रंथेषु वाच्यमेतच्चतुष्टयम्॥

સર્વે ગ્રંથોના આદિ-પ્રારંભમાં જ પ્રારંભિત ગ્રંથનો અધિકારી, ગ્રંથનો સંબંધ, ગ્રંથનો વિષય અને ગ્રંથ રચવાનું પ્રયોજન એ ચાર અવશ્ય કહેવાં જોઇએ" તેમ જ

"अधिकारिणमाशास्ते फलसिद्धिर्विशेषतः।
सिद्धिः श्रोतृप्रवृत्तीनां सम्बन्धकथनाद्यतः।
तस्मात्सर्वेषु शास्त्रेषु संबंधः पूर्वमुच्यते॥
ज्ञातार्थज्ञातसम्बन्धं श्रोतुं श्रोता प्रवर्त्तते॥
ग्रंथादौ तेन वक्तव्यः सम्बन्धः सप्रयोजनः॥

ફલસિદ્ધિ કેવળ અધિકારીને જ થાય છે; કારણ,

શ્રોતાઓની પ્રવૃત્તિઓની ફળસિદ્ધિ ગ્રંથનાં સંબંધના કથનથી જ છે તેથી સર્વશાસ્ત્રોમાં તેનો સંબંધ પ્રથમ જ કહેવાય છે. વળી જાણેલો અર્થ–વસ્તુસ્વરૂપ અને જાણેલો સંબંધ એ બંનેને સાંભળવા માટે જ શ્રોતાઓની પ્રવૃત્તિ થાય છે તેથી ગ્રંથના આરંભમાં જ પ્રયોજનસહિત સંબંધનું કથન કરવું જોઇએ." વળી

"सर्वस्यैव हि शास्त्रस्य कर्मणो वाऽपि कस्यचित् ।
यावत्प्रयोजनं नोक्तं तावत्केन न गृह्यते ॥
प्रयोजनमनुद्दिश्य न मन्दोऽपि प्रवर्त्तते ॥
किमेवात्राभिधेयं स्यादिति वृद्धस्तु केनचित् ।
यदि न प्रोच्यते तस्मै फलशून्यं तु तद्भवेत् ॥

સર્વ શાસ્ત્રોનું કે કોઇ પણ કર્મ–કાર્યનું જ્યાં સુધી પ્રયોજન કહેવાયું નથી ત્યાં સુધી કોઇ પણ તેનો સ્વીકાર કરતું નથી. વળી પ્રયોજન સિવાય મંદબુદ્ધિવાળો માણસ પણ કાર્યમા પ્રવૃત્ત થતો નથી, તથા 'આ પ્રારંભિત કાર્યમાં કહેવાનું શું છે?' એમ જો કોઇએ પ્રશ્ન કર્યો હોય અને જો તેને પ્રત્યુત્તરરૂપે કંઈ કહેવામાં ન આવે તો તે ફલશૂન્ય–નિષ્ફળ થાય છે."

આ સર્વ જોતાં શ્રીમદ્‌ભગવદ્‌ગીતાનો શ્રવણાધિકારી યુદ્ધ કરવા રૂપી સ્વકર્મને તે સ્વજનનો વધ કરનારૂં હોતાં પાપરૂપ માની વિષાદ કરતો યુદ્ધ કરવાથી રોકાયલો અર્જુન છે. આ શ્રીગીતાશાસ્ત્રનો સંબંધ જ્ઞાનરહિત અર્જુનને જ્ઞાન આપી અધિકારી કરવારૂપ છે, કારણ જ્ઞાન એ વેદાંત–પ્રતિપાદ્ય બ્રહ્મવિદ્યા અથવા સ્વસ્વરૂપ જાણવા માટે છે. તે જાણવાનો અધિકારી કોણ હોઈ શકે તે માટે ભગવાન્ શંકરાચાર્યે કહેલું છે કે:—

"विवेकिनो विरक्तस्य शमादिगुणशालिनः ।
मुमुक्षोरेव हि ब्रह्मजिज्ञासायोग्यता मता ॥

વિવેકી, વિરક્ત અને શમ આદિ ષટ્‌સંપત્તિના ગુણનું પાલન કરનારને જ બ્રહ્મ જાણવાની ઇચ્છાની યોગ્યતા માનેલી છે." તથા

"विवेकश्च विरागश्च संपत्तिषट्कमेव च ।
मुमुक्षुतेति चत्वारि साधनान्यधिकारिणः ॥

વિવેક, વિરાગ, સંપત્તિષટ્ક (શમ, દમ, ઉપરતિ, તિતિક્ષા, શ્રદ્ધા અને સમાધાન) તથા મુમુક્ષુતા એ પ્રમાણે એ ચાર અધિકારી થવાનાં સાધન છે, અને તેથી એ ચાર સાધનવાન્ જે હોય તે જ અધિકારી મનાય છે."

પરંતુ એ ચારે સાધનો પ્રાપ્ત થવાં બહુ કઠણ છે, કારણઃ—

"ब्रह्म सत्यं जगन्मिथ्येत्येवंरूपो विनिश्चयः ।
सोऽयं नित्यानित्यवस्तुविवेकः समुदाहृतः ॥

'બ્રહ્મ સત્ય છે અને જગત્ ખોટું છે' એ પ્રકારનો જે નિશ્ચય તે નિત્ય અને અનિત્ય વસ્તુનો "વિવેક" એ પહેલો અધિકાર કહેવાય છે."

"तद्वैराग्यं जिहासा या दर्शनश्रवणादिभिः ।
देहादिब्रह्मपर्यन्ते ह्यनंते भोग्यवस्तुनि ॥

દેહ આદિ બ્રહ્મપર્યંત જેટલા ભોગ્ય પદાર્થો છે તેમને સાંભળવાની કે જોવાની પણ ઇચ્છા ન થતી તેનું નામ જ "વૈરાગ્ય-વિરાગ" એ બીજો અધિકાર કહેવાય છે.

"विरज्य विषयव्राताद्दोषदृष्ट्या मुहुर्मुहुः ।
स्वलक्षे नियतावस्था मनसः शम उच्यते ॥

ઇન્દ્રિયોના વિષયોના સમૂહથી તેમાં દોષદૃષ્ટિવડે વારંવાર વિરામીને પોતાના લક્ષ્ય-બ્રહ્મજ્ઞાનમાં મનની નિયમિત અવસ્થા તે "શમ" એ પહેલી સંપત્તિ કહેવાય છે."

"विषयेभ्यः परावर्त्य स्थापनं स्वस्वगोलके ।
उभयेषामिन्द्रियाणां स दमः परिकीर्तितः ॥

જ્ઞાનેન્દ્રિય અને કર્મેન્દ્રિય એ બન્નેનું તે ઇંદ્રિયોના વિષયોથી રોકાણ કરી પોતાના ગોલક-સ્થાન-પર સ્થિર કરવું તે "દમ" એ બીજી સંપત્તિ કહેવાય છે."

"बाह्यानालंबनं वृत्तेरेवोपरतिरुत्तमा ॥

ત્યાગ કરાયલી બાહ્ય વસ્તુઓનું અનાલંબન-અસ્વીકાર-વૃત્તિનુ. એવું-તન્નયલા વિષયો પરથી વૃત્તિનું વાળવું એટલે તે તરફ જતી મનોવૃત્તિનું સર્વથા રોકાણ કરવું તે અતિ ઉત્તમ " ઉપરતિ " એ ત્રીજી સંપત્તિ કહેવાય છે."

"सहनं सर्वदुःखानामप्रतीकारपूर्वकम् ।
चिन्ताविलापरहितं सा तितिक्षा निगद्यते ॥

દુઃખોનો ઉપાય કર્યા વગર તે સંબંધી ચિંતા અને વિલાપ-બબડાટથી રહિત થવું તથા ટાઢ, તડકો, બિમારી, ફિકર વિગેરે દુઃખોને સહન કરવાં તે " તિતિક્ષા " એ ચોથી સંપત્તિ કહેવાય છે."

"शास्त्रस्य गुरुवाक्यस्य सत्यबुद्ध्यावधारणम् ।
सा श्रद्धा कथिता सद्भिर्यया वस्तूपलभ्यते ॥

શાસ્ત્ર અને ગુરુ તથા આપ્ત-અનુભવી વૃદ્ધોનાં વચનોનો સત્ય-બુદ્ધિથી સ્વીકાર કરવો તેને સત્પુરુષો "શ્રદ્ધા" એ પાંચમી સંપત્તિ કહે છે. કે, જે શ્રદ્ધાવડે વસ્તુ-ઇચ્છિતપદાર્થ-સ્વસ્વરૂપ-બ્રહ્મ પ્રાપ્ત કરાય છે.

"सर्वदा स्थापनं बुद्धेः शुद्धे ब्रह्मणि सर्वथा ।
तत्समाधानमित्युक्तं न तु चित्तस्य लालनम् ॥

હંમેશ બુદ્ધિનું શુદ્ધ પરબ્રહ્મ-સ્વસ્વરૂપ-માં સર્વપ્રકારે સ્થાપન કરવું તે " સમાધાન " એ છઠ્ઠી સંપત્તિ કહેવાય છે, પરંતુ ચિત્ત-મનનું લાલન-ઇચ્છા પ્રમાણે વર્ત્તન-રમણ તે સમાધાન કહેવાય નહિ." એ સંપત્તિષટ્ક (ત્રીજો અધિકાર) પૂરું થયું.

"अहंकारादिदेहान्तान्बन्धानज्ञानकल्पितान् ।
स्वस्वरूपावबोधेन मोक्तुमिच्छा मुमुक्षुता ॥

પોતાના સ્વરૂપ-બ્રહ્મનું જ્ઞાન થવાથી અહંકારને આદિ લઈ દેહપર્યંત અજ્ઞાને કરી કલ્પાયલાં બંધનોને છોડવાની ઇચ્છા એટલે મોક્ષની ઇચ્છા તે " મુમુક્ષુતા " એ ચોથો અધિકાર કહેવાય છે."

એ પ્રમાણે આ મોક્ષશાસ્ત્રમાટે એ ચાર સાધનોથી સંપન્ન હોય તે જ અધિકારી કહેવાય છે.

આ શાસ્ત્રનો વિષય બ્રહ્મજ્ઞાન-સ્વસ્વરૂપ જાણી સ્વયં કર્તૃત્વાદિ અભિમાનને તજવારૂપ છે, અને પ્રયોજન અર્જુનને જ્ઞાનદ્વારા કર્તૃત્વાદિ અભિમાનથી મુક્ત કરી યુદ્ધ કરાવવારૂપ છે.

એમ આ શ્રીમદ્ભગવદ્ગીતોપનિષદ્ના અધિકારી, સંબંધ, વિષય અને પ્રયોજન જણાવ્યા પછી "શ્રીમદ્ભગવદ્ગીતા"ના મંત્ર, ઋષિ, છંદ, દેવતા, બીજ, શક્તિ, કીલક અને વિનિયોગ એ સંબંધનો વિચાર કરતાં તે માટે પણ આ સ્થળે થોડું લખવું ઇષ્ટ જણાયું.

શાસ્ત્રનિયમ પ્રમાણે વેદ, બ્રાહ્મણ અને ઉપનિષદ્ એ મંત્રભાગ કહેવાય છે. જે માટે મેદિનીકોષકાર લખે છે કે:—

"मन्त्रो वेदविशेषे स्याद्देवादीनाञ्च साधने ॥
गुह्यवादेऽपि च पुमानेवं मन्त्रविदो विदुः ॥

મંત્ર એ મન્ત્રિ ધાતુથી થએલ છે અને તે ગુપ્ત પ્રબોધ માટે યોજેલ છે. એ મંત્ર દેવતા વિગેરેના સાધનપ્રસંગે ચારે વેદના મંત્રો માટે અને ગુપ્તવાદ માટે છે, તેમ જ તે પુલ્લિંગ-નરજાતિ-છે એમ મંત્રને જાણનારાઓ જાણે છે."

વળી मंत्रब्राह्मणयोर्वेदनामधेयम् અર્થાત્ મંત્ર અને બ્રાહ્મણ એ બન્નેનું નામ 'વેદ' રાખેલ છે. તથા શ્રીમદ્ભગવદ્ગીતા તો સર્વ ઉપનિષદોનો સારાંશ જ છે એટલે "इति ते ज्ञानमाख्यातं गुह्याद्गुह्यतरं मया ॥१८-६३॥ હે અર્જુન! એ પ્રમાણે ગીતાદ્વારા તને મેં ગુપ્તથી પણ ગુપ્ત જ્ઞાન કહ્યું" એ ભગવાન્ શ્રીકૃષ્ણચંદ્ર-મહાન્ આપ્ત પુરુષના વચનથી પણ આ શ્રી ગીતાજી તે પરમ ગુહ્ય જ્ઞાન હોવાથી મંત્રરૂપ જ છે, અને તે મંત્ર માટે છાંદોગ્ય ઉપનિષદ્ની શ્રુતિ આદેશ કરે છે કે:—

"यो ह वा अविदितार्षेयच्छन्दोऽविनियोगो दैवतब्राह्मणेन मन्त्रेण याजयति वाध्यापयति स्थाणुं वर्च्छति गर्त्तं वा प्रतिपद्यते वा प्रमीयते पापीयान् भवति ॥

જે માણસ ઋષિ, છંદ, આદિ જાણ્યા વિના અને વિનિયોગ તથા દેવતા જાણ્યા વિના વૈદિક બ્રાહ્મણના મંત્રવડે યજ્ઞ કરાવે, છે અથવા વેદ ભણાવે છે તે ઠુંઠ જેવો ખાડામાં પડે છે અથવા ખાડારૂપ મનાય છે અને અતિ પાપી થાય છે." તેમ જ ભગવાન્ વેદવ્યાસ કહે છે કે:—

"अविदित्वा ऋषिं छन्दो दैवतं योगमेव च ।
योऽध्यापयेज्जपेद्वापि पापीयान् जायते तु सः ॥

ઋષિ, છંદ, દેવતા, અને વિનિયોગને ન જાણીને જે ભણાવે છે કે જપે છે તે મહાપાપી થાય છે.

એ જ ન્યાય આ શ્રીમદ્ભગવદ્ગીતાજીમાટે હોતાં એ શ્રીમદ્ભગવદ્ગીતારૂપી માલામંત્રનું અનુષ્ઠાન યોગવિધાયક છે. પરંતુ અનુષ્ઠાનકર્ત્તાઓને મંત્રો જપતાં જપતાં તેમ જ પ્રભુભજન-ભક્તિરૂપ અનુષ્ઠાનો કરતાં કરતાં પણ સિદ્ધ નહિ થવાનું કારણ ભગવાને પોતે જ આ શ્રીગીતાજીમાં અર્જુનને કહેલ છે કે:—

"अनन्याश्चिन्तयन्तो मां ये जनाः पर्युपासते ।
तेषां नित्याभियुक्तानां योगक्षेमं वहाम्यहम् ॥

જે અધિકારપ્રાપ્તપુરુષો બીજો કોઈ પણ જેમને ચિંતન કરવા યોગ્ય નથી એવા યજ્ઞ મને સર્વપ્રકારે ઉપાસે છે-ભજે છે તે નિત્ય-નિરંતર-પ્રતિક્ષણ મારા જ ધ્યાનમાં રહેનારા યોગિઓને મારી પ્રાપ્તિરૂપ યોગ અને તેનું રક્ષણરૂપ ક્ષેમ, એ બન્નેને હું ચલાવું છું."

આ એક જ શ્લોકમાં ભગવાને સાધકને એટલું ગુપ્ત જ્ઞાન આપ્યું છે કે જો તે સંબંધમાં સાધક સંપૂર્ણ લક્ષ રાખે તો અવશ્ય તે સિદ્ધિને પ્રાપ્ત કરે જ. કારણ એ શ્લોકમાં પ્રથમ જ 'અનન્ય' શબ્દ રાખ્યો છે તેનું કારણ એમ કે એક આશ્રયવાળો યજ્ઞને જપ કરે પણ બીજા આશ્રયની ઇચ્છા ન કરે, બીજો 'पर्युपासते' શબ્દ તેનું કારણ એ જ કે સર્વ પ્રકારનું દાબવું, ચાખવું, જાણવું, પીવું તેમ જ જે કંઈ બોલવું વિગેરે તે તમામ પરમાત્માની ઉપાસનારૂપ જ માને. વળી ત્રીજો 'नित्याभियुक्त' એ શબ્દ છે તેનું કારણ એ જ કે પ્રતિક્ષણ મનને ઇશ્વરસંબંધી યોગમાં જ તે જોડે અને એમ કીટભૃંગ-ન્યાયથી

અર્થાત્ જેમ ભમરો કીડાને પકડી ટાંચી પોતાના ઘરમાં રુંધી રાખી ચાહેલો જાય છે અને પછવાડે કીડાને ભમરાનું જ ધ્યાન રહેતાં તે ભમરો જ બની જાય છે, તે પ્રમાણે એકતાનવૃત્તિથી જ તે સિદ્ધિ મેળવી શકે. તે માટે ભગવાન્ પોતે જ છઠ્ઠા અધ્યાયના દશમા શ્લોકથી જણાવે છે કેઃ—

"योगी युञ्जीत सततमात्मानं रहसि स्थितः।
एकाकी यतचित्तात्मा निराशीरपरिग्रहः॥

યોગીએ એકલાં જ રહીને, પોતાના ચિત્તને નિયમમાં-સ્થિર રાખીને આશા વિનાનો બની તમામ પરિગ્રહ-ઉપાધિથી રહિત થઇ એકાંત સ્થાનમાં જ પોતાના આત્માને યોગમાં-સાધ્ય તરફ જોડવો." તેમ

"शुचौ देशे प्रतिष्ठाप्य स्थिरमासनमात्मनः।
नात्युच्छ्रितं नातिनीचं चेलाजिनकुशोत्तरम्॥
तत्रैकाग्रं मनः कृत्वा यतचित्तेन्द्रियक्रियः।
उपविश्यासने युञ्ज्याद्योगमात्मविशुद्धये॥

પવિત્ર દેશમાં, અતિ ઉંચું નહિ તેમ અતિનીચું પણ નહિ એવું દર્ભ, મૃગચર્મ અને વસ્ત્રવાળું આસન સ્થાપીને, ત્યા ને આસન ઉપર બેસીને ચિત્ત અને ઇંદ્રિયોની ક્રિયાઓને જેણે રોકી છે એવો થઇને તેણે મનને એકાગ્ર કરીને અંતઃકરણની શુદ્ધિ માટે યોગને સાધવો એ પ્રમાણે યોગી પુરુષ યોગસંબંધી સમાધિવખતે યોગશાસ્ત્રમાં કહેલા યમ, નિયમ અને આસન વિગેરેના શિક્ષણપૂર્વક જો અનુષ્ઠાન કરે તો અવશ્ય સિદ્ધિને પામે. આ પ્રસંગે શ્રીમદ્ભગવદ્ગીતા પણ યોગ શાસ્ત્ર હોવાથી સાધનચતુષ્ટયસંપન્ન સાધકે કેવા રીતે યોગ સાધવો તે માટે બીજા યોગના ગ્રંથોમાં જે જણાવવામાં આવેલું છે તે પણ આ શ્રીગીતામંત્ર અથવા અન્ય સાધ્ય મંત્રના સાધક-અનુષ્ઠાની મનુષ્યોએ અવશ્ય મનન કરવા યોગ્ય છે.

યોગ એ શબ્દ યુજ્ અને યુજિર્ એ બે ધાતુઓથી સિદ્ધ થાય છે. યુજ ધાતુ સમાધિ અર્થમાં અને યુજિર્ ધાતુ યોગ અર્થમાં છે. તેને ઘઞ્ પ્રત્યય થતાં યોગ શબ્દ સિદ્ધ થાય છે, અને તેની વ્યુત્પત્તિ "युज्यते युनक्ति

इति वा योगः જોડાય છે અથવા જોડે છે તે યોગ." એવી રીતની થાય છે. અથવા યોજન–જોડવું તે યોગ છે. મેદિનીકોષકાર યોગશબ્દનો અર્થ આપ્રમાણે કરે છે:—

"योगोऽपूर्वार्थसम्प्राप्तौ संगतिध्यानयुक्तिषु ।
वपुःस्थैर्यप्रयोगे च विष्कम्भादिषु भेषजे ॥
विश्रब्धघातके द्रव्योपायसंनहनेष्वपि। कार्मणेऽपि च इति ॥

અપૂર્વ અર્થ–વસ્તુ–પદાર્થ–ધન–ની સંપ્રાપ્તિ, સંગતિ–જોડણી, ધ્યાન અને યુક્તિમાં, શરીરને સ્થિર કરવાના પ્રયોગમાં, વિષ્કંભ વિગેરે યોગોમાં, ઔષધપ્રયોગમાં, વિશ્રબ્ધ–વિશ્વાસયોગ્યના ઘાતકર્તામાં, દ્રવ્ય–વસ્તુ, ઉપાય અને સંદનનમાં તથા કાર્મણ–ક્રિયાસંયોગમાં યોગ શબ્દનો વપરાસ છે."

ભગવાન્ પતંજલિ યોગ શબ્દનો અર્થ "योगश्चित्तवृत्तिनिरोधः અર્થાત્ ચિત્તની વૃત્તિઓનો નિરોધ–રોકવું તેનું નામ યોગ," એમ કરે છે ત્યારે શ્રીધરસ્વામી ભગવદ્ગીતાની ટીકામાં

लक्षैकतां समासाद्य निर्विकारतयात्मनि ।
मनसो निश्चलत्वेन स्थितिर्योग इतीर्यते ॥

લક્ષની સાથે એકતા પામીને નિર્વિકારપણાવડે પોતાની બુદ્ધિમાં નિશ્ચલ મનથી સ્થિતિ થવી તે યોગ કહેવાય છે" એમ અર્થ કરે છે. એવી યોગ શબ્દ તમામ વ્યાવહારિક તથા પારમાર્થિક કાર્યોમાં જોડાવવા માટે વપરાયો છે. વ્યાવહારિક એટલે કોઈપણ ઉદ્યોગ કરવા તેમાં ચિત્તની વૃત્તિઓને ઓતપ્રોત–એકતાન કરવાથી જ કાર્યસિદ્ધિ થાય છે. પારમાર્થિક એટલે ધાર્મિક કે ઈશ્વરોપાસના, ભક્તિ અને જ્ઞાન–સમાધિ વિગેરેમાં પણ ચિત્તની એકાગ્રતા–એકતાન વૃત્તિ થવાથી જ સિદ્ધિ થાય છે. માટે જ ભગવાન્ શ્રીકૃષ્ણચંદ્રે ગીતાશાસ્ત્રને એ એકતાનવૃત્તિકારક ઉત્તમ યોગ-શાસ્ત્ર કહેલ છે.

યોગ એ કર્મયોગ, જ્ઞાનયોગ, લયયોગ અને મંત્રયોગ એમ ચાર પ્રકારનો કહેલો છે.

હઠયોગનું લક્ષણઃ—હકાર એ સૂર્ય વાચક છે અને ઠકાર એ ચંદ્ર વાચક છે એટલે પિંગલા–નાકના જમણા તરફના નસકોરામાં વહેતા પ્રાણરૂપ સૂર્ય અને ઇડા–નાકના ડાબા તરફના નસકોરામાં વહેતા પ્રાણરૂપ ચંદ્રનો જે ક્રિયાદ્વારા યોગ–મેળાણ કરી શકાય છે તેને 'હઠયોગ' કહેવામાં આવે છે. એ હઠયોગ યોગનાં અષ્ટાંગ–યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ તથા મુદ્રા વિગેરેના અભ્યાસવડે કુંડલિનીનું ઉત્થાન કરી સૂર્ય અને ચંદ્રનો પ્રવાહ સિથિલ કરી સાધી શકાય છે. અને તેની સિદ્ધિદ્વારા પ્રાણવાયુનો સુષુમ્ણા–બન્ને નસકોરાઓના મધ્યદેશમાં પ્રવેશ કરાવવો એ હઠયોગનો મુખ્ય હેતુ છે તથા તેથી દશમા ઊર્ધ્વસ્થાનમાં પ્રાણવાયુને રોકી સમાધિના અપ્રતિમ આનંદદ્વારા બ્રહ્મસ્થિતિની પરમદશાએ પહોંચવું એ હઠયોગનો અંતિમ હેતુ છે.

લયયોગનું લક્ષણઃ—પોતાનું લક્ષ અભ્યંતરમાં એટલે સાધ્ય અથવા ઉપાસ્યમાં જ સ્થિર હોય અને નિર્નિમેષરહિત દૃષ્ટિ બહાર હોય તે સાંભવી મુદ્રા કહેવાય છે. એ સાંભવી મુદ્રા અને યમ, નિયમ તથા પ્રાણાયામ વિગેરેના ત્રાટક મુદ્રાદિ યોગાભ્યાસવડે ધ્યેય દેવતાદિમા તદાકાર વૃત્તિ કરી શકાય અને શ્રવણ દર્શન વિગેરે બાહ્ય વિષયવ્યાપારની સર્વથા વિસ્મૃતિ બની રહે તેને "લયયોગ" કહેવામા આવે છે. તે લયયોગનો હેતુ પણ વૃત્તિને બ્રહ્માકાર કરીને સ્વસ્વરૂપાનંદ–બ્રહ્માનંદમાં મસ્ત રહેવાનો જ છે.

રાજયોગનું લક્ષણઃ—ક્ષિપ્તા, મૂઢા, વિક્ષિપ્તા, એકાગ્રા અને નિરુદ્ધા એ પાંચ પ્રકારની ચિત્તની વૃત્તિઓનો જેવડે સર્વથા નિરોધ કરીને ચૈત–ચશક્તિના વિહિત વહન વડે જે સાધનદ્વારા ચિતને સાધ્યમાં જોડી શકાય તે "રાજયોગ" કહેવાય છે. અર્થાત્ બ્રહ્મનિષ્ઠાવડે ચિત્તને સ્વસ્વરૂપમાં જ સંલગ્ન કરી રાખવાનો સરલ માર્ગ તે "રાજયોગ" જાણવો. એ રાજયોગનો હેતુ પણ ઇચ્છિતના અભ્યંતરમાં પ્રવેશ કરી ચિત્તની એકાગ્રતા કરી બ્રહ્માનંદમાં મગ્ન થવા રૂપ છે.

મંત્રયોગનું લક્ષણઃ—સદ્ગુરુના શરણે જઈ યોગશાસ્ત્રના વિધાન પ્રમાણે જ સંપૂર્ણ શિક્ષણ લઈ–અભ્યાસ કરી પોતાના સાધ્ય–ઇષ્ટદેવ–ના

મંત્રની યથાર્થ દીક્ષા લઈ તથા યોગના તમામ નિયમોનું શિક્ષણ લઈ શાસ્ત્રમાં વર્ણવેલી દશશુદ્ધિઓ અવશ્ય જાણવાં યોગ્ય છે. જેમ કે:-

" देशकालौ तथा पाक-पात्रे दिक्स्थानमासनम् ।
वाङ्मनःशब्द इत्येताः क्रमशो दश शुद्धयः ॥

૧-દેશશુદ્ધિ (યાત્રિક એકાંત શુદ્ધતીર્થ કે નિર્જન વનપર્વતાદિ સ્થળ), ૨-કાલશુદ્ધિ (ઉત્તમ નિરુપદ્રવ-ગ્રહનક્ષત્રયોગ વિગેરેથી નિર્ણિત મુહૂર્ત્તથી સુશોધિત સમય), ૩-પાકશુદ્ધિ (યથોક્ત વસ્તુઓ કે જે સાધનોપયોગી સામગ્રીરૂપે હોય તે તથા પોતાનું અપ્રમાદી-સાત્વિક આહાર વિગેરે), ૪-પાત્રશુદ્ધિ (જે સાધક હોય તે શુદ્ધ ચરિત્રવાન્ અને તમામ સત્ત્વગુણ વિશિષ્ટ સાત્વિક વ્યવહારવાન્ હોય તે તથા જે અનુષ્ઠાનના ઉપયોગી તથા પોતાને અવશ્ય જોઇતી જ માત્ર કે જેથી કોઈ પ્રકારે વિશેષ ભયકારક અડચણ ન નડે તેવી પાત્ર-આસન-આચ્છાદનાદિ શુદ્ધ વસ્તુનો જ સંક્ષેપસંગ્રહ), ૫-દિક્શુદ્ધિ (પૂર્વાભિમુખ અથવા ઉત્તરાભિમુખ સ્થિત થઈ રહેવું તે), ૬-સ્થાનશુદ્ધિ (જેમાં જીવ, જંતુ, વાયુ, ગરમી, વિગેરે ઉપદ્રવો ન હોય તેવું યોગસાધન માટે યોગશાસ્ત્રમા કહ્યા પ્રમાણે બનાવેલું યોગમંદિર), ૭-આસનશુદ્ધિ (યોગશાસ્ત્રોક્ત ૪ આસનો પૈકી મુખ્ય સ્વસ્તિકાદિ સુખાસનથી चैलाजिनकुशोत्तरम्-વસ્ત્ર, મૃગચર્મ અને દર્ભથી કલ્પેલું હોય તે આસન), ૮-વાક્શુદ્ધિ (ક્રોધ, નમ્ર, શાન્તિ અને સરળતાથી બોલવુ તે), ૯-મન.શુદ્ધિ (ક્રોધપણુ અન્ય વિષયો કે પદાર્થો અથવા બાહ્યવૃત્તિઓ તરફ મનને નહિ જવા દેતાં સ્વલક્ષ તરફ જ સતત સ્થિર રાખવુ તે), અને ૧૦-શબ્દશુદ્ધિ (વ્યાકરણ, ન્યાય અને વેદાંતાદિ સચ્છાસ્ત્રોદ્વારા જેમ કોઈ પ્રકારે સહજ પણ અશુદ્ધ કે અસત્ ઉચ્ચાર ન થાય તે), એમ એ દશ શુદ્ધિનું યથાર્થ પરિપાલન કરી સાધક જે ક્રિયાના સાધનદ્વારે પોતાના ધ્યેય-દેવતાદિ-રૂપ જ થઈ જાય છે તે " મંત્રયોગ " કહેવાય છે.

એ પ્રમાણે એ ચાર પ્રકારના યોગ જુદા જુદા વર્ણવેલા છે, પરંતુ તેમનું સાધ્ય-ધ્યેય-દૃષ્ટિબિંદુ એક જ હોવાથી તેમના હેતુ કે તેમની સિદ્ધિમાં લેશમાત્ર પણ ભેદ નથી. તેથી જ ભગવાન્ શ્રીકૃષ્ણચંદ્રે શ્રીમદ ભગવદ્ગીતાના છઠ્ઠા અધ્યાયના ૪૬ મા શ્લોકમાં કહ્યું છે કે -

"तपस्विभ्योऽधिको योगी ज्ञानिभ्योऽपि मतोऽधिकः ।
कर्मिभ्यश्चाधिको योगी तस्माद्योगी भवार्जुन ॥

હે અર્જુન! યોગી તપસ્વીથી અધિક-શ્રેષ્ઠ છે, જ્ઞાનીથી પણ અધિક માનેલ છે અને કર્મી-યજ્ઞાદિ કર્મ પરાયણોથી પણ અધિક-શ્રેષ્ઠ છે તે માટે તું યોગી જ થા.' એટલે યોગ એ કલ્યાણનાં સર્વ સાધનોમાં પ્રધાન-મુખ્ય છે. અને આ શ્રીમદ્ભગવદ્ગીતા પણ ભગવાન્ શ્રીકૃષ્ણે કહેલું અને શ્રી વેદવ્યાસે સ્મરણ કરીને રચેલું ખાસ યોગપ્રતિપાદક-શિક્ષક શાસ્ત્ર છે. તે આ શ્રીમદ્ગીતાના અંતમાં ૧૮ મા અધ્યાયના અંતે ૭૫ મા શ્લોકમાં સંજયે રાજા ધૃતરાષ્ટ્રને ખુલ્લું કહેલું છે કે:-

"व्यासप्रसादाच्छ्रुतवानेतद्गुह्यमहं परम् ।
योगं योगेश्वरात्कृष्णात्साक्षात्कथयतः स्वयम् ॥

હે રાજા ધૃતરાષ્ટ્ર! મેં આ શ્રીગીતારૂપ અત્યંત ગુપ્ત યોગ શ્રીમહામુનિ વેદવ્યાસજીના પ્રસાદ-વરદાનથી (અહિં બેઠાં બેઠાં જ) સાક્ષાત્ યોગેશ્વર ભગવાન્ શ્રીકૃષ્ણચંદ્રના પોતાના મુખથી અર્જુન પ્રત્યે કહેતાં સાંભળ્યું છે." ઇત્યાદિ પ્રમાણોથી પ્રત્યેક મનુષ્યને પોતાને આત્યંતિક સુખ પ્રાપ્ત થવા માટે આ એક જ યોગશાસ્ત્ર શ્રીમદ્ભગવદ્ગીતા નો અભ્યાસ કરવો અત્યંત આવશ્યક છે. એ માટે વરાહપુરાણમાં શ્રીમદ્ગીતાના માહાત્મ્યવર્ણન પ્રસંગે શ્રીવિષ્ણુ પરમાત્માનું જ કથન છે કે:-


"प्रारब्धं भुज्यमानो हि गीताभ्यासरतः सदा ।
स मुक्तः स सुखी लोके कर्मणा नोपलिप्यते ॥

પ્રારબ્ધને ભોગવતો માણસ જો હમેશાં શ્રીભગવદ્ગીતાના અભ્યાસમાં પ્રીતિ રાખે તો તે મુક્ત-જીવનમુક્ત અને લોક-જગત્-માં સુખી થાય છે તથા કર્મવડે લેપાતો જ નથી." તેમ વિષ્ણુ ભગવાન્ કહે છે કે:—

"गीताश्रयेऽहं तिष्ठामि गीता मे चोत्तमं गृहम् ।
गीताज्ञानमुपाश्रित्य त्रींल्लोकान्पालयाम्यहम् ॥

હું પોતે ગીતાના આશ્રયમાં રહું છું અને ગીતા જ મારું ઉત્તમ ઘર

श्रीमद्भगवद्गीता वृक्षः



છે. વળી ગીતાના જ્ઞાનનો આશ્રય લઇને હું ત્રણે લોક (સ્વર્ગલોક, મૃત્યુલોક અને પાતાળ લોક) ને પાળું છું."

તે પ્રકારે જ શ્રીમદ્‌ભગવદ્‌ગીતાના અંતમાં ૧૮ મા અધ્યાયના ૭૦ મા શ્લોકમાં ભગવાન્ શ્રીકૃષ્ણ ચંદ્રે પોતે જ કહ્યું છે કેઃ-

"अध्येष्यते च य इमं धर्म्यं संवादमावयोः ।
ज्ञानयज्ञेन तेनाहमिष्टः स्यामिति मे मतिः ॥

હે અર્જુન! જે મનુષ્ય આપણા બન્ને વચ્ચે ચાલેલા આ શ્રીગીતા-રૂપ સંવાદનો અભ્યાસ કરશે તે જ્ઞાનરૂપી તેના યજ્ઞથી હું તેને પ્રિય થઇશ એમ મારું માનવું છે." વળી

"य इमं परमं गुह्यं मद्भक्तेष्वभिधास्यति
भक्तिं मयि परां कृत्वा मामेवैष्यत्यसंशयः ॥

જે પુરુષ આ અત્યંત ગુપ્તજ્ઞાન મારા ભક્તોમાં ફેલાવશે તે મારી ઉત્તમ ભક્તિ કરીને મને જ પામશે એમાં સંશય નથી.

આ પ્રમાણે હોવાથી એ ભગવાન્‌નાં વચનોથી પરમાત્મા શ્રીકૃષ્ણ-ચંદ્રને પ્રસન્ન કરી તદ્‌રૂપપ્રાપ્તિની ભાવનાથી જ આ પરમ ઉત્તમ ગ્રંથની ટીકા કરવાની હિંમત મેં કરી છે. જો કે

"क्व शास्त्रं गीताख्यं हरिमुखसरोजाद्विगलितं
क्व चास्माकं बुद्धिर्विषयविषपङ्के निपतिता ॥
तथापि श्रीकान्तपदयुगगुणलक्ष्मीविरचितं
कटाक्षं स्वच्छाच्छं ह्यनुसृतवतां किन्न सुलभम् ॥

શ્રી પરમાત્માના મુખકમળમાંથી નીકળેલું આ શ્રીગીતાનામનું શાસ્ત્ર ક્યાં ! અને વિષયરૂપી વિષમય કાદવમાં પડેલી અમારી બુદ્ધિ ક્યાં ! તથાપિ લક્ષ્મીકાંત પરમાત્માના બહુ ગુણોરૂપી લક્ષ્મીએ રચેલા અતિ સ્વચ્છ અને નિર્મળ કટાક્ષને અનુસરનારા ભક્તજનોને શું સુલભ નથી?" વળી

"इदं गीताशास्त्रं परमपुरुषार्थैकनिलयं
त्रिकाण्डं वेदार्थं सकलमिह संगृह्य कथितम् ॥
स्वयं श्रीकृष्णेन श्रुतिविशदतत्त्वेन विभुना
जपाद्ध्यानाज्ज्ञानाच्छ्रुतमपि फलत्येव सुधियाम् ॥

આ શ્રી ગીતાશાસ્ત્ર પરમપુરુષાર્થનું ઘર છે, અને શ્રુતિ–વેદ ના પવિત્ર તત્ત્વરૂપ પ્રભુ શ્રીકૃષ્ણચંદ્રે પોતે જ કર્મ, ઉપાસના અને જ્ઞાન એ ત્રણ કાંડરૂપી સમગ્ર વેદાર્થનો સંગ્રહ કરી આ શ્રીગીતાજીમા કહેલું છે. માટે જ સારી બુદ્ધિવાળા ભક્તજનોને જપથી, ધ્યાનથી અને જ્ઞ નથી એ શ્રીગીતાશાસ્ત્રનુ શ્રવણ અવશ્ય ફળે છે. તેમ જ

"कृतिभिरपि कृतं यच्च प्रशंसन्ति लोके ।
किमु मितमतिनेहाहं प्रवृत्तस्तथापि ॥
मम भवतु कथंचित्कृष्णपादेऽनुरागो-
स्त्विति मनसि निधाय क्षन्तुमर्हन्ति सन्तः ॥

ઉત્તમ વિદ્વાનોએ કરેલાને પણ જ્યારે લોકમાં વખાણતા નથી ત્યારે સામાન્ય બુદ્ધિવડે હું જે આ ટીકા રચવા પ્રવૃત્ત થયો છું તેથી વધારે શું થવાનું છે ? તો પણ કોઈ પ્રકારે પણ મારો શ્રીકૃષ્ણચંદ્રના ચરણારવિંદમાં પ્રેમ થાઓ એ મારા મનનો હેતુ હૃદયમા ધરીને સંત પુરુષો મને ક્ષમા કરવા યોગ્ય થશે જ."

એ પ્રમાણે સારસ્વતબ્રાહ્મણકુલાવતંસ પંડિતવર્ય શ્રી સદાનંદના કથનાનુસાર તથા—

"छन्दःसन्दर्भगर्भप्रभुगहनगिरामृग्यजुःसामसीमा-
मीमांसामांसलान्तःकरणपरिणमत्संगतीनां गतिः क्व ॥
क्वास्माकं धीरधीरा तदपि रचयितुं भाष्यमुद्योगभाजां
प्रागल्भ्यं हिम्भवाचामिव कुतुकरताः क्षन्तुमर्हन्तु सन्तः ॥

વેદના શબ્દાર્થનો સંપૂર્ણ સંબંધ જેના ગર્ભમાં આવેલ છે એવી પરમાત્મા શ્રીકૃષ્ણચંદ્રની વાણી કે જે–ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદ–ની

સીમા–અવધિ–છેડારૂપ અને મીમાંસાથી પુષ્ટ થએલા અન્તઃકરણની પરિણામને પામેલી સંગતિ–સંયોગવાળી છે તેની ગતિ ક્યાં? અને ધીરજ વિનાની અમારી બુદ્ધિ તે ક્યાં? તો 'પણ મહત્ કાર્યરૂપ ભાષ્ય-રચવાનો ઉદ્યોગ કરનારા અમોને બાલકોની વાણીની પેઠે કુતૂહલમાં પ્રીતિ કરતા સંતપુરુષો–વિદ્વાનો ક્ષમા કરવાને યોગ્ય હો (એવી અમારી પ્રાર્થના છે)."

એ પ્રમાણે સર્વતંત્રસ્વતંત્ર શ્રી સુધીંદ્રશિષ્ય રાઘવેંદ્રયતિકૃત ગીતાર્થ-સંગ્રહના વાક્યોને અનુસરી કેવળ કોઈ પણ પ્રકારે પ્રભુને પ્રસન્ન કરવાના ઉદ્દેશથી સત્પુરુષો યોગ્ય માની સ્વીકારશે જ, કારણઃ—

"कामं वाचः कतिचिदफलाः सन्तु लोके प्रयुक्ताः
सन्त्येताश्चेन्मधुरिपुकथासंस्तवाः कामदोग्ध्यः ॥
यद्वद्दानं भवति विफलं दत्तमश्रोत्रियेभ्यः
पात्रे दत्तैर्भवति नितरां धन्यता भूरिदातुः ॥

ઈચ્છાનુકૂલ કેટલીક લૌકિક વાર્તાથી યોજેલી–કથેલી વાણી લોકમાં વ્યર્થ જાય છે પણ એજ વાણી જો મધુનામના દૈત્યના શત્રુ–ભગવાન્ શ્રીકૃષ્ણચંદ્રની કથારૂપે સ્તવેલી–યોજેલી હોય તો તે કામધેનુની પેઠે સર્વ–અભીષ્ટ આપનારી થાય છે. જેમ કે અશ્રોત્રિય–અયાજ્ઞિક–અપાત્રને આપેલું દાન વિફલ થાય છે પણ સત્પાત્રને દીધેલા દાનથી હમેશ ઉદારદાતાની ધન્યતા થાય છે. તેમ મારો આ ઉદ્યોગ પણ નિષ્ફળ તો નહીં જ જવાનો."

આમ માની મને શ્રીમદ્ભગવદ્ગીતાની સાન્વયબોધિની ગુજરાતી ટીકા લખવાની ભાવના ઉત્પન્ન થતાં ટીકા લખવા મેં પ્રારંભ કર્યો.

શ્રીમદ્ભગવદ્ગીતાની ઉત્પત્તિ અને ઉપયોગ.

'एकोऽहं बहु स्याम्' એ શ્રુતિના કથનાનુસાર ભગવાનને "એક હું તે બહુરૂપ થાઉં" એમ ઈચ્છા થતાં જ આ દૃશ્યમાન સ્થાવરજંગમાત્મક સમસ્ત જગત્ ઉત્પન્ન થયું. તેમાં ઉદ્ભૂત પ્રાણવાન્ સમૂહ (મનુષ્યો અને પશુ પક્ષિ વિગેરે) ઈશ્વરની ઈચ્છાવાળો અને

અનિષ્ટને ત્યાગ કરવાવાળો છે એમ હોતા તે પરમકૃપાળુ પ્રભુએ જગત્પર અનુગ્રહ કરી જગતના વિધાતા–ચતુર્મુખ–પરમેષ્ટીને ઈષ્ટ-પ્રાપ્તિ અને અનિષ્ટની નિવૃત્તિના ઉપાય તરીકે પોતાના નિ શ્વાસરૂપ ઋક્, યજુસ્, સામ અને અથર્વ એ ચાર નામનો એક જ વેદ ચાર પ્રકારે પ્રબોધ્યો, અને તેનો ઉપયોગ લેવા મરિચ્યાદિ મહર્ષિસર્ગ ઉત્પન્ન થયો તે મહર્ષિ મહાત્માઓએ, એ ચાર પ્રકારે વિભાગાત્મક વેદ દુર્ગમ્ય માની તેના પ્રત્યેક વિભાગ (વેદ)ના મંત્ર, બ્રાહ્મણ આરણ્યક અને ઉપનિષદ્ એમ ભિન્ન ભિન્ન બહુ વિભાગો પૃથક્ કર્યા, તથાપિ અર્થનિરૂપણ કરવા સુગમતાના અભાવે કર્મકાંડ ઉપાસનાકાંડ અને જ્ઞાનકાંડ એવા તેના વિભાગ પાડ્યા એટલે યજ્ઞ યાગ, પ્રયોગાદિ માટે દ્રવ્ય, પદાર્થ અને તે તે પદાર્થના અધિષ્ઠાતા દેવતા આદિના મંત્રોની યોજનારૂપ કર્મકાંડ,' આત્મા (બ્રહ્મ) અને અનાત્મા (દૃશ્ય–જગત્)માં કોની ઉપાસના કરવી, એ બ્રાહ્મણ અને કેટલાક ઉપનિષદ્ વિભાગગમ્ય 'ઉપાસના કાંડ તથા આત્મજ્ઞાન–સ્વરૂપાનુસંધાનરૂપ સચ્ચિદાનંદ–બ્રહ્મ–પ્રાપ્તિ માટે આરણ્યક અને અવશિષ્ટ ઉપનિષદ્ ભાગગમ્ય 'જ્ઞાનકાંડ' એમ અધિકારીની સાધન સુગમતા માટે એ ત્રણ વિભાગ કર્યા

એમ સિદ્ધ મરિચ્યાદિ મહર્ષિઓ અને સાધન કાંડત્રય દર્શક ચાર પ્રકારે વેદ અને મંત્ર વિભાગાદિ ઉત્પન્ન થયા, પરંતુ તે ત્રણે કાંડ યજ્ઞોપાસનારૂપ કર્મપ્રાધાન્ય–પ્રવૃત્તિધર્મ અને કર્મફળત્યાગરૂપ નિવૃત્તિધર્મરૂપે ભેદિત હોતા તેના સાધક પ્રજાપતિઓ પ્રવૃત્તિલક્ષણધર્મમાં પ્રવૃત્ત થયા તથા અન્ય સનકાદિકો નિવૃત્તિ લક્ષણધર્મમાં પ્રવૃત્ત થયા અને પોતાના સાધ્ય–સ્વર્ગાદિ સુખકર લોકલોકાંતરપ્રાપ્તિ તથા સ્વાત્મદર્શન–સચ્ચિદાનંદ–બ્રહ્માસ્મિભાવને પામ્યા

એ પ્રવૃત્તિલક્ષણ અને નિવૃત્તિલક્ષણ એ પ્રકારનો વેદોક્ત કાંડત્રયાત્મક કે જે ' **यतोऽभ्युदयनि श्रेय सिद्धि स धर्म** અર્થાત્ જેથી અભ્યુદય–સર્વ પ્રકારે લૌકિક તથા પારમાર્થિક સુખોની સિદ્ધિ અને નિ શ્રેયસ–મોક્ષની સિદ્ધિ થાય તે ધર્મ" એ ભગવાન્ કપિલદેવના સિદ્ધાન્તરૂપ લક્ષણવાળો બ્રાહ્મણાદિ વર્ણઓ અને આશ્રમિઓએ કલ્યાણ થવા

માટે અનુષ્ઠિત ધર્મ બહુકાળ વ્યતીત થતાં અનુષ્ઠાનકર્તાઓ કામનાપરાયણ થઈ જવાથી હ્રાસ પામતાં વિવેક અને વિજ્ઞાનના કારણભૂત ધર્મ અધર્મવડે લોપાતો ગયો અને અધર્મ વધતો ગયો. તે સમયે

"यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत ॥
अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम् ॥
परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम् ॥
धर्मसंस्थापनार्थाय संभवामि युगे युगे ॥

હે અર્જુન! જ્યારે જ્યારે ધર્મનો લોપ થાય છે અને અધર્મનું ઉત્થાન-ઉકરડું-ઉત્પન્ન થવાનું થાય છે ત્યારે હું મારા આત્માને સર્જું-છું તથા સાધુ-ઉત્તમ પુરુષોની સર્વથા રક્ષા કરવા માટે અને દુષ્કર્મી-નીચપુરુષોનો નાશ કરવા માટે જ હું યુગયુગમાં ઉત્પન્ન થાઉં છું." એ સિદ્ધાન્તાનુસાર જગત્ની સ્થિતિનું પરિપાલનકર્તા સ્વયં શ્રી-નારાયણ-વિષ્ણુ સાર્વભૌમ શ્રી બ્રહ્માના બ્રાહ્મણપણાની રક્ષા કરવા માટે જ દેવતાઓ, પૃથ્વી અને ઋષિમુનિઓની પ્રાર્થનાથી વસુદેવની પત્ની દેવકીને વિષે સાક્ષાત્ શ્રીકૃષ્ણચંદ્રરૂપે ઉત્પન્ન-પ્રકટ થયા, કારણ વર્ણાશ્રમના ભેદવાળો ધર્મ બ્રાહ્મણત્વની રક્ષાથી જ રક્ષિત થાય છે.

તે ભગવાન્ નારાયણ પોતે જ્ઞાન, ઐશ્વર્ય, શક્તિ, બલ, પરાક્રમ અને તેજ વિગેરેથી સદા સંપન્ન હોવાથી તેમણે પોતાની ત્રિગુણાત્મિકા વૈષ્ણવી માયા કે જે મૂલ પ્રકૃતિ કહેવાય છે તેને વશ કરી પોતે અજન્મા, અવિનાશી ભૂત-પ્રાણિમાત્રના ઈશ્વર, નિત્ય, શુદ્ધબુદ્ધ, મુક્તસ્વભાવ, હોતાં પોતાની માયાના બળે દેહવાન્ની પેઠે અને જન્મવાન્ની પેઠે લોકોપર અનુગ્રહકર્તા હોય તેમ જણાય છે.

પોતાના પ્રયોજન વિના કેવળ પ્રાણિઓપર અનુગ્રહની ઇચ્છાથી અને અધિક ગુણવાળા અધિકારીને તે પ્રાપ્ત થતાં ધર્મ પ્રચલિત થશે-સર્વત્ર પ્રસરશે એમ ઇચ્છી ભગવાન્ શ્રીકૃષ્ણે શોક અને મોહમાં લપટાયલા સ્વધર્મના ભાનને ભૂલેલા, પોતાના આપ્ત-પ્રિયતમ ભક્ત અર્જુનને નિમિત્ત કરી, એ પ્રવૃત્ત અને નિવૃત્તિ લક્ષણવાળા બે પ્રકારના ધર્મનો

ઉપદેશ કરવાની ભાવના-ઇચ્છા કરી અને પૃથ્વીનો ભાર ઉતારવાના મિષે મહાભારત યુદ્ધ કરાવ્યુ.

એ યુદ્ધના પ્રારંભથી અંતપર્યંત વર્ણનની ભાવનાથી ભગવાન્, મહર્ષિ વેદવ્યાસજીએ, નવરસનો પ્રવાહ વરસાવનારો, રાજનીતિયુક્ત કર્મ કરવાની કુશળતા બતાવનારો, વેદાન્ત, સાંખ્યાદિ સદુપદેશયુક્ત, વેદના અનધિકારી સ્ત્રીશૂદ્રાદિકોના કલ્યાણમાટે વેદાર્થપ્રતિપાદક, અઢારપર્વાત્મક ઇતિહાસરૂપ મહાભારત નામનો ગ્રંથ રચ્યો. તેમા જ્યારે ઉપરોક્ત ચારે વેદનો સાર-વેદાંત, અને ત્રણે કાંડનું સાર્થકપણુ પ્રતિપાદન કરવાનુ જણાયુ ત્યારે ભગવાન્ શ્રીકૃષ્ણચંદ્રે શરણે આવેલા અર્જુનને ગીતારૂપ જ્ઞાન કર્યેલુ. તે જ જ્ઞાન બ્રહ્મમા સમન્વય થવા માટે વ્યાસકૃત સૂત્રો અને ઉપનિષદ્ગમ્ય જાણી,

"सर्वोपनिषदो गावो दोग्धा गोपालनन्दनः ।
पार्थो वत्सः सुधीर्भोक्ता दुग्धं गीतामृतं महत् ॥

સર્વ ઉપનિષદોરૂપી ગાયો છે, ગોપાલનન્દન શ્રી કૃષ્ણચંદ્ર દોહન કરનારા ગોપાલ-ગોવાળ છે, અર્જુન વાછરો છે, સુધી-જ્ઞાની પુરુષ તેનો ભોક્તા છે અને ગીતારૂપી મોટુ અમૃત તે દૂધ છે." એ કથનાનુસાર અર્જુનને વાછરારૂપે નિમિત્ત કરી, ભગવાન્ શ્રીકૃષ્ણચંદ્રે કરેલા સર્વ ઉપનિષદોરૂપ ગાયોના દોહનથી ઉદ્ભવેલું ગીતામૃતરૂપી દૂધ જ્ઞાનકાંડરૂપ છે. તેમા બ્રહ્મ-સ્વસ્વરૂપ-આત્મપ્રાપ્તિ માટે કર્મનિષ્ઠા અને જ્ઞાનનિષ્ઠા એમ ઉપાય અને ઉપેયભૂત બને નિષ્ઠાઓને અધિકારમાં લેવા આ ગીતાશાસ્ત્ર પ્રવૃત્ત થયુ છે. અર્થાત્ મહાભારતાંતર્ગત ભીષ્મપર્વમા આ ગીતાશાસ્ત્ર ભગવાન્ શ્રીકૃષ્ણચંદ્રે પોતાના મુખથી સર્વથા અધિકારી એવા અર્જુનને કહ્યુ છે. એટલે જ્યારે અર્જુન બન્ને સેનાઓની વચ્ચે રથને રખાવી ઉભો, આચાર્ય, પિતા, પિતામહ વિગેરેને યુદ્ધનેમાટે સામે જ ઉભેલા જોઇને દુઃખ પામવા લાગ્યો અને ગાંડીવ ધનુષ્યનો ત્યાગ કરી રથપર બેસી ગયો, ત્યારે ભગવાન્ શ્રીકૃષ્ણચંદ્રે અર્જુનને આ શ્રી ગીતાશાસ્ત્રનો પ્રબોધ કર્યો ત્યારથી આ શ્રીમદ્ભગવદ્ગીતા પ્રવૃત્ત થઈ છે.

આ ગીતાશાસ્ત્રના અઢાર અધ્યાયો છે. તેનાં ૬ ૬ અધ્યાયરૂપ ત્રણ ભાગ કરેલા છે; કર્મકાંડ-પૂર્વષટ્ક નામનો પ્રથમ ભાગ, ઉપાસના-કાંડ-મધ્યમ ષટ્કનામનો દ્વિતીય ભાગ અને જ્ઞાનકાંડ-ઉત્તર ષટ્કનામનો તૃતીય ભાગ કહેવાય છે. તેમાં ઉપાસનાકાંડ કર્મ અને જ્ઞાન એ બન્ને કાંડોમાં પ્રાપ્ત થતા સર્વ વિઘ્નોનું હનન કરનારી ભગવદ્ભક્તિનિષ્ઠા કહેવાય છે. તે ભગવદ્ભક્તિનિષ્ઠા કર્મમિશ્રા, શુદ્ધા (કેવળ ભગવદ્ભક્તિ નિષ્ઠા) અને જ્ઞાનમિશ્રા એમ ત્રણ પ્રકારની છે.

પ્રથમના કર્મકાંડમાં કર્મ અને કર્મત્યાગપૂર્વક વિશુદ્ધાત્મા 'त्वम्' પદા-ર્થનું ઉપપત્તિસહ નિરૂપણ કરાય છે, દ્વિતીય ઉપાસનાકાંડમાં ભગવદ્ભક્તિ-નિષ્ઠાના વર્ણનરૂપ માર્ગવડે ભગવાન્ પરમાનંદરૂપ ' तत् ' પદાર્થ જાણી શકાય છે અને તૃતીય જ્ઞાનકાંડમાં તો "तत्" અને " त्वम् " એ બન્ને પદાર્થોનું ઐક્ય-' अस्ति-' છે. એ " तत्त्वमसि (તે-બ્રહ્મ તું પોતે છે)" વાક્યાર્થ સ્પષ્ટ વર્ણવાય છે. એમ આ શ્રીમદ્ભગવદ્ગીતામાં એ ત્રણે કાંડોનો પરસ્પર સંબંધ છે.

આ ગીતાના ઉપદેશના પ્રારંભમાં જ ભગવાને જન્મેલા મનુષ્ય-માત્રની કર્મની સાથે જ ઉત્પત્તિ હોવાથી અર્જુનને " कर्मण्येवाधिका-रस्ते " ઇત્યાદિ શ્લોકદ્વારવડે કર્મનો જ ઉપદેશ કર્યો છે અને "देवान् भाव-यताऽनेन " ઇત્યાદિ શ્લોકદ્વારવડે આશ્રમધર્મો તથા " श्रेयान्स्वधर्मो विगुणः " ઇત્યાદિ શ્લોકદ્વારવડે વર્ણધર્મો કહ્યા છે. એ વર્ણધર્મ અને આશ્રમ-ધર્મ બન્ને જાણવા યોગ્ય આત્મશ્લોક-સ્વસ્વરૂપને જાણવાના ઉપાયરૂપ હોતાં " तमेतं वेदानुवचनेन ब्राह्मणा विविदिषन्ति यज्ञेन दानेन तपसाऽनाशकेन-તે એ પરબ્રહ્મ-સ્વસ્વરૂપને વેદના મહાવાક્યોવડે, યજ્ઞવડે, દાનવડે તથા અનાશક તપવડે, બ્રાહ્મણો જાણી શકે છે." વિગેરે શ્રુતિઓએ, કર્મયોગને જ્ઞાનના ઉપાયપણા તરીકે પ્રતિપાદન કરેલ છે. અને આ શ્રી ગીતાશાસ્ત્રમા પણ " संन्यासस्तु महाबाहो " ઇત્યાદિ શ્લોકદ્વારવડે એમ જ પ્રતિપાદન કરેલું છે.

વળી " अभयं सर्वभूतेभ्यो दत्वा नैष्कर्म्यमाचरेत् " ઇત્યાદિ શ્લોકોમાં કર્તવ્ય કર્મના સંન્યાસથી જ નૈષ્કર્મ્ય પ્રાપ્તિને બતાવે છે, માટે

નૈષ્કર્મ્યાર્થીને કર્મોના આરંભની-કર્મ કરવાની શી જરૂર ? એમ જો શંકા થાય તો તેનું ઉત્તર એ છે કે, જ્ઞાનવિનાના કેવલ કર્મપરિત્યાગ માત્રથી જ નૈષ્કર્મ્ય લક્ષણ સિદ્ધિને પમાય નહિ માટે જ કર્મ અવશ્ય કરવાયોગ્ય છે; કારણ " **कर्मणैव हि संसिद्धिमास्थिता जनकादयः** " ઇત્યાદિ વાક્યો સૂચવે છે કે જનકરાજા વિગેરે મહાજ્ઞાની પુરુષો પણ કર્મોના ફળત્યાગ પૂર્વક કર્મો કરવાથી જ સિદ્ધિને પામ્યા છે, નહિ કે કેવળ કર્મત્યાગથી.

વળી ભગવાન્ શ્રીકૃષ્ણ પણ " જો કે મારે કંઈ પણ કર્તવ્યકર્મ નથી તથાપિ લોકસંગ્રહાર્થ-લોકશિક્ષણાર્થ હું પણ કર્મ કરું છું એમ **लोकसंग्रहमेवापि संपश्यन् कर्तुमर्हसि**—લોકસંગ્રહ જોઇને-જાણીને તું પણ કર્મ કરવા યોગ્ય છે " એ પ્રમાણે કર્મ માટે અર્જુનને બોધ આપેલ છે. માટે જ આ ગીતાશાસ્ત્ર સર્વે વર્ણોના કે આશ્રમના, કર્મ-ઉપાસના કે જ્ઞાનના અભ્યાસીઓને સમાનપણાથી અતિ ઉપયોગી હોવાથી અત્યંત માન્ય કરવા યોગ્ય છે.

આ ગીતાશાસ્ત્રનો પહેલો અધ્યાય અને બીજા અધ્યાયના દશ શ્લોકો એ ઉપોદ્ઘાતરૂપ છે, અને બીજા અધ્યાયના "**अशोच्यानन्वशोचस्त्वं**" એ અગિઆરમા શ્લોકથી ગીત શાસ્ત્રનો પ્રારંભ થાય છે. બીજા અધ્યાયમાં સાંખ્યયોગ, ત્રીજા અધ્યાયમા કર્મયોગ, ચોથા અધ્યાયમાં જ્ઞાન; કર્મ અને સંન્યાસયોગ, પાંચમા અધ્યાયમાં સંન્યાસયોગ, છઠ્ઠા અધ્યાયમાં ધ્યાનયોગ, સાતમા અધ્યાયમાં જ્ઞાન અને વિજ્ઞાનયોગ, આઠમા અધ્યાયમાં તારક બ્રહ્મયોગ, નવમા અધ્યાયમાં રાજવિદ્યારાજગુહ્યયોગ, દશમા અધ્યાયમાં વિભૂતિયોગ, અગીયારમા અધ્યાયમાં વિશ્વરૂપગુણદર્શનયોગ, બારમા અધ્યાયમાં ભક્તિયોગ, તેરમા અધ્યાયમાં પુરુષપ્રકૃતિવિવેકયોગ, ચૌદમા અધ્યાયમાં ગુણત્રયવિભાગયોગ, પંદરમા અધ્યાયમાં પુરુષોત્તમયોગ, સોલમા અધ્યાયમાં દૈવાસુરસંપદ્વિભાગયોગ, સત્તરમા અધ્યાયમાં સાત્વિકી, રાજસી અને તામસી એમ શ્રદ્ધાત્રયવિભાગયોગ અને અઢારમા અધ્યાયમાં મોક્ષ-સંન્યાસયોગ તથા ઉપસંહાર કરેલ છે. તેમાં ત્રીજા અધ્યાયથી અઢારમા અધ્યાય સુધીના સોલ અધ્યાય, બીજા અધ્યાયમાં સૂત્રરૂપે

વર્ણવ્યા છે, તે સર્વે શ્લોકોની અવતરણિકાદ્વારા સુગમતાથી સમજાશે. એ પ્રમાણે આ ગીતાશાસ્ત્રની સંપૂર્ણ વ્યવસ્થા છે.

આ ગીતાશાસ્ત્રમાં સઘળો વ્યવહાર અને કર્મમાર્ગની પ્રવૃત્તિનું વિસ્તારથી વર્ણન કરેલ છે, એ માટે વિશેષ કહેવા જેવું રહેતું નથી. એટલું જ નહિ, પણ જે આ શાસ્ત્રમાં નહિ હોય તે લોકમાં પણ અત્યંત દુર્લભ છે એમ કહિયે તોપણ અતિશયોક્તિ નથી.

આ શ્રીમદ્ભગદ્ગીતોપનિષદ્નું સહુથી પહેલું શ્રીમજ્જગદ્ગુરુ શંકરાચાર્યે ભાષ્ય કર્યું છે. ત્યાર પછી સ્વામી શ્રીઆનંદતીર્થકૃત મધ્વભાષ્ય, આચાર્ય શ્રીરામાનુજકૃત રામાનુજભાષ્ય, શ્રીશંકરાનંદી ટીકા, શ્રીમદ્ વલ્લભાચાર્ય સંપ્રદાયની અમૃતતરંગિણી ટીકા, નીલકંઠી ટીકા વિગેરે અનેક ભાષ્યો અને ટીકાઓ સંસ્કૃતભાષામાં થએલ છે. એટલું જ નહિ પરંતુ આ શાસ્ત્રપર અરબી, ફારસી, જર્મની, અંગ્રેજી, હીંદી અને ગુજરાતી વિગેરે અનેક ભાષાઓમાં અનેક ટીકાઓ રચાઈ છે. એથી જ આ શાસ્ત્રનું પરમોપયોગિપણું પ્રત્યક્ષ જણાઈ આવે છે.

શ્રીમદ્ભગવદ્ગીતામાં વર્ણવેલાં-દૈવીસંપત્ તથા આસુરી સંપત્નાં પાત્રોની સમજ.

પાત્રોનાં નામ:—	પાત્રોની આધ્યાત્મરૂપે સમજ
પાંડુ—પાંડવોના પિતા=પાંડુ એટલે વર્ણહીન (રંગરહિત) અથવા નિર્મલ, તે વિવેકનું નામ છે.	
કુંતી } પાંડુની સ્ત્રી તથા } પાંડવોની માતા	કુંતી—દિવ્યવિભૂતિનું આકર્ષણ કરનારી શક્તિ—સાત્વિકી મતિ.
માદ્રી " "	માદ્રી—ઉગ્રતાનું શમન કરીને શાંતિનો આવેશ

પ્રકટાવનારી ક્ષમા ક્ષમાને બુદ્ધિની બીજી દયા આદિ શુભવૃત્તિ-ઓના ઉપલક્ષણરૂપ જાણવી

સાત્ત્વિકી મતિ—કુંતીરૂપ—એને ત્રણ પુત્રો થયા

ક્ષમા—માદ્રીરૂપ—એને બે પુત્રો થયા

વિવેક—પાંડુરૂપ—એ પાંડુરૂપ વિવેકના સમાગમથી સાત્ત્વિકી મતિ તથા ક્ષમાને ઉક્ત-પાંચ પુત્રો નહિ થયા કેમકે –

વિવેક કે જે નિત્યાનિત્યને પૃથક કરે તેનો જડ એવી સાત્ત્વિકી મતિ સાથે કે જડ એવી ક્ષમાની સાથે સાક્ષાત્ સંબંધ સંભવે જ નહિ માટે તે સ્ત્રીઓના પ્રાબલ્ય વડે આકર્ષાએલા પાંચ જડ તત્ત્વોના સૂક્ષ્મ ને શુદ્ધ પરમાણુઓથી તેઓ ઉત્પન્ન થયા એમ શ્રીમહાભારતમાં નિરૂપણ કર્યું છે

સાત્ત્વિકી મતિ (કુંતી) ના ત્રણ પુત્રોઃ—

૧ સદ્ધર્મ—યુધિષ્ઠિર (કામાદિ-કૌરવો-ની સાથે યુદ્ધ કરવા માટે દૈવાસુર-મહાભારતરૂપ-સંગ્રામમાં અડગપણે સ્થિર રહેનાર) વ્યોમ-આકાશ તત્ત્વથી ઉત્પન્ન થયો છે

૨ સાહસ—ભીમ (અન્યને ભયંકર લાગે એવું કર્મ કરી શકનાર) વાયુતત્ત્વથી ઉત્પન્ન થયો છે

૩ મદવિરાગ-અર્જુન-શ્વેત (વાસનાઓનો ત્યાગ કરી સન્યાસ-મોક્ષમાર્ગ તરફ લક્ષ જનાર) તેજસ્ તત્ત્વથી ઉત્પન્ન થયો છે

ક્ષમા (માદ્રી) ના બે પુત્રોઃ—

૧ ઉપશમ—નકુલ (વિષેપરૂપ સર્પનું ભક્ષણ કરનાર) જળ તત્ત્વથી ઉત્પન્ન થયો છે.

૨ ભક્તિ—સહદેવ (આત્મદેવની સાથે રહેનાર) પૃથ્વી તત્ત્વથી ઉત્પન્ન થયેલ છે.

વ્યોમાદિ જનકોના સદ્ધર્માદિ પાંચે પુત્રોમાં ઉતરેલા સ્વભાવનું દિગ્દર્શનઃ—

કારણનો સ્વભાવ જેમ કાર્યમાં આવે છે તેમ જ ઉકત એ પાંચે (સદ્ધર્માદિ) પુત્રોમાં પોતપોતાના જનક-પિતા (આકાશાદિ પંચમહાભૂતો) નો સ્વભાવ પ્રધાનપણે વર્તે છે. વ્યોમ (આકાશ) તત્ત્વ બળવાળું હોવા છતાં સ્થિર સ્વભાવવાળું હોવાથી અને વાયુ તત્ત્વ પરાક્રમી છતાં અતિ ચંચલ હોવાથી તે (આકાશ તથા વાયુ) બન્ને તત્ત્વો જેમનામાં પ્રધાન પણે વર્તે છે એવા સદ્ધર્મ (યુધિષ્ઠિર) તથા સાહસ (ભીમ) ને યુદ્ધમાં મુખ્ય નાયકની જગા નહિ આપતા જેના મૂલમાં અલૌકિક આકર્ષણ શકિત રહેલી છે એવા મહાબલવાન્ અને નિયમિત પરાક્રમને દર્શાવનાર તેજસ્ તત્ત્વથી ઉત્પન્ન થયેલા મંદવિરાગ (અર્જુન) ને દૈવાસુરસંગ્રામમાં મુખ્ય યોદ્ધાની જગ્યા આપી છે.

આત્મદેવ (શ્રીકૃષ્ણ)

દૈવી સંપત્તિના સાચા સહાયક વા નેતા આત્મદેવ (શ્રીકૃષ્ણ) જ છે માટે તેમને મંદવિરાગ (અર્જુન) ના સારથિ કલ્પ્યા છે. તેઓ સત્તાસ્ફૂર્તિ આપવા વિના બીજી કંઈ ક્રિયા કરનાર નહિ હોવાથી તેઓ એ યુદ્ધમાં યોદ્ધારૂપે ગણાયા નથી.

આત્માભિમુખવૃત્તિ (દ્રૌપદી)

આત્માભિમુખવૃત્તિ—દ્રૌપદી (દ્રુપદ-શીઘ્રગતિવાળા-તીવ્ર વેગવાળા શુદ્ધ પ્રેમ-ની પુત્રી) એ સદ્ધર્માદિ પાંચેની પત્ની કલ્પાવી છે.

ઉદાસીનતા (સુભદ્રા)

ઉદાસીનતા સુભદ્રા (જીવનું સારી રીતે કલ્યાણ કરનારી) તે મંદવિરાગની પત્નીરૂપે જ શોભે માટે તેને તે (મંદવિરાગ-અર્જુન) ની પત્નીરૂપે કલ્પી છે.

આત્માભિમુખવૃત્તિ (દ્રૌપદી) ના પાંચ પુત્રો

આત્માભિમુખ વૃત્તિને સદ્ધર્માદિ પાંચ ભાઈઓથી, અનુક્રમે દિવ્ય શબ્દાદિના જ્ઞાનરૂપ પાંચ (પ્રતિવિંધ્ય, શ્રુતસેન, શ્રુતકીર્તિ, શતાનીક અને શ્રુતકર્મા) પુત્રો થયા છે.

ઉદાસીનતા (સુભદ્રા) નો એક પુત્ર.

મદવિરાગ (અર્જુન) થી ઉદાસીનતા (સુભદ્રા) ને પેટે સુયમ-અભિમન્યુ (ચારે તરફ પ્રકાશ કરનારના એક વિષયમાં થનારા ધારણા, ધ્યાન અને સમાધિ) ની ઉત્પત્તિ થઈ છે

દૈવી સંપત્તિના સૈન્યની વ્યૂહ રચના.

દૈવી સપત્તિના સૈન્યની વ્યૂહરચના એકાગ્રતાએ-ધૃષ્ટદ્યુમ્ને (ઉગ્ર જ્યોતિએ-અનેક ધ-અધકાર-પણાનો તિરસ્કાર-નાશ કરનાર પ્રકાશે) કરી છે અને તે પણ યોગ્ય જ છે

એ સેનાના મહારથીઓ (યોદ્ધાઓ)

એ (દૈવી સ પત્તિની) સેનામા શ્રદ્ધા (યુયુધાન-ચૈતન્યનો પ્રકાશ કરવાને હરહમેશ અભિનાષવાન્), વીય -ઉત્સાહ (ઉત્તમૌજા-જેનું ઉત્તમ બળ છે તે), સ્મૃતિ (ચેકિતાન-પૂર્વના પ્રસગાદિને જાણનાર), સમાધિ (વિરાટ્-વિશેષપણે આત્મામા રહેનાર-શોભનાર), વિચાર (કાશીરાજ સર્વ દૃશ્ય પદાર્થોને પ્રકાશ આપનાર અથવા પ્રકાશીને શોભનાર), યમ (ધૃષ્ટકેતુ-આપદાઓનું નિવારણ કરનારાઓમા શ્રેષ્ઠ), નિયમ (શૈબ્ય-શૈવ્ય-મ ગળદાતા), આસન (કુતિભોજ-દિવ્ય વિભૂતિનું આકર્ષણ કર નારી શક્તિનું-સાત્ત્વિકી મતિનું પાલન કરનાર), પ્રાણાયામ (યુધામન્યુ ચૈતન્યની અભિવ્યક્તિ-પ્રગટ કરવુ એ જ જેની મુખ્ય ક્રિયા છે તે) પ્રત્યાહાર (પુરુજિત-ઇન્દ્રિયોના સમૂહને જીતનાર), શુદ્ધપ્રેમ (દ્રુપદ

શીઘ્રગતિવાળો-પરમાત્મા ભણી તીવ્ર વેગવાન્) અને શાંતિ (શિખંડી-સર્પરૂપ દુષ્ટવાસનાઓને ગણી જનાર), એ મહારથોદ્ધાઓ છે.

બન્ને સેનાઓનું સ્થાન (રહેઠાણ):—

એ બન્ને (દૈવાસુરસંપદ્રૂપ-પાંડવ-કૌરવ) પક્ષની સેનાઓ ધર્મનું અનુષ્ઠાન-પાલન-યદ્ધ શકે એવા સ્થાનમાં એટલે કે અકૃતાર્થ અધિકારી મનુષ્યશરીરના હૃદયપ્રદેશમાં યુદ્ધ કરવા માટે નિરંતર સજ્જ-તૈયાર થઇને રહે છે.

આસુરી સંપત્તિનાં પાત્રોની સમજ

મોહ-ધૃતરાષ્ટ્ર-દુર્યોધનનો પિતા (શરીરરૂપી દેશને મમતાપૂર્વક ધારણ કરનાર અનાદિ અવિવેક) એ આસુરી સંપત્માં મુખ્યપદે છે. એને સારાસારનો વિવેક નથી માટે તેને આંધળો કહ્યો છે.

મોહના પુત્રો

કામ-(સદ્ધર્માદિની સાથે દુષ્ટ રીતે યુદ્ધ કરનારા- નીચ ક્રિયાવાળા) દુર્યોધન આદિ મોહના એકસોને એક પુત્રો કહ્યા છે.

આસુરી સંપત્તિવાળી સેનાના મહારથીઓમાં [1]અસ્મિતા-ભીષ્મ (ચિરકાળ આત્મજ્ઞાન ન થાય ત્યાંસુધી રહેનાર), [2]સંસ્કાર-દ્રોણ (દ્રવવાના-વાસનારૂપે પરિણામ પામવાના-સ્વભાવશીલ), અવિદ્યા-કૃપ (એક વસ્તુમાં અન્ય વસ્તુની કલ્પના કરાવનાર), રાગ-કર્ણ (જીવનની બાહ્ય પ્રવૃત્તિ કરાવનાર), અભિનિવેશ,-જયદ્રથ (હેય વસ્તુમાં અનુરાગ-પ્રીતિપામીને ઉત્કૃષ્ટરૂપે રહેનાર), વાસના-અશ્વત્થામા (સંચય

---

૧ અસ્મિતા બન્ને પક્ષમાં મુખ્ય ગણવાને યોગ્ય હોવાથી તેને પિતામહનું રૂપ આપ્યું છે.

૨ સંસ્કાર અને અવિદ્યા એ જીવનની પ્રવૃત્તિના મુખ્ય હેતુઓ હોવાથી તેમને દ્રોણાચાર્ય તથા કૃપાચાર્ય તરીકે આચાર્યની સંજ્ઞા આપવામાં આવી છે.

૩ વાસનાનો ઉદય સંસ્કારમાંથી થાય છે માટે વાસનાને સંસ્કાર-(દ્રોણાચાર્ય) ના પુત્ર (અશ્વત્થામા) નું રૂપ આપ્યું છે.

થઈને જીવના મનમા રહેનાર અથવા સૂક્ષ્મશરીરના નાશથી પણ નાશ નહિ પામનાર), અશ્રદ્ધા-અરિશ્રવા (જગતમા જેનું બહુ પણ સાભળવામા આવે છે તે), વેગ-વિષયોભરી ઇન્દ્રિયોનો ધસારો -શ'ય (માસની પેઠે પ્રાણિઓના શરીરોના મર્મસ્થાનોમા વ્યથા-પીડા-કરનાર), તત્પરતા-વિષયભોગમા આતુરતા કૃતઘ્ની (સંસારમાં ભમાવનાર-કર્મનું રક્ષણ કરનાર) ચિંતા-પ્રાપ્તવિષયના રક્ષણનું ચિન્તવન-ભગદત્ત (પદાર્થમા રહેલા રાજસ તામસ સંસ્કારો જીવને આપનાર) અને સ્વાર્થપરાયણતા-શકુનિ (સમળી નામના પક્ષીના જેવુ પરિણામે અહિતકર વર્તન) એ અગ્યાર મહાયોદ્ધાઓ છે

આ પ્રમાણે શ્રીમદ્ભગવદ્ગીતામા વર્ણનામા આવેલા કૌરવ-પાડવોની સૈનાના મુખ્ય નાયકો તથા અન્ય મહાયોદ્ધાઓ વિગેરેને આધ્યાત્મિક દૃષ્ટિએ ઉપર પ્રમાણે દૈવી તથા આસુરી સંપત્તિના પાત્રો પૂર્વાચાર્યોએ લેખ્યા-વર્ણવ્યા છે

સહાયકોને અભિનન્દન.

મને શ્રીમદ્ ભગવદ્ગીતાનું અનુશીલન મારી કુમાર અવસ્થાથી જ હતું હું મ્હારા કચ્છ દેશમા મારી નિવાસભૂમિ ગઢશીસા ગામમા હતો ત્યારે સાધુવર્ય શ્રીરામદાસજી પાસે વ્યાકરણ અને કાવ્યનો અભ્યાસ કરતો તે વખતે વેદશાસ્ત્ર સંપન્ન વેદાતાચાર્ય પંડિતરાજ ગુરૂદેવ શ્રીપીતામ્બરજી કૃત દશ ઉપનિષદોના હિંદી ભાષ્યો તેમની આજ્ઞાનુસાર તેઓ સભાવતા અને હું સાભળતો તે પ્રસંગે **सर्वोपनिषदो गावो दोग्धा गोपालनन्दनः ॥ पार्थो वत्स सुधीर्भोक्ता दुग्धं गीतामृत महत् ॥** એ શ્લોક જાણ્યો ત્યારથી જ શ્રીમદ્ ભગવદ્ગીતા સઘળા વેદ, વેદાગ અને ઉપનિષદાદિ વેદાન્ત જ્ઞાન પ્રકાશક પ્રસ્થાનોમા મુખ્ય જાણી મારા ઉત્તમ અનુષ્ઠાનરૂપ માનેલ છે અને અવસર પ્રાપ્ત થતા એ ગીતા શાસ્ત્રની સરળ, ગુજરાતી, બાલ-પ્રબોધિની ગીતા સભળવાની અત્યત ઉત્કંઠા રાખેલ પરંતુ સંસાર સમુદ્રના

---

૧ એ દૈવાસુર સંપત્તિના પાત્રોની વિશેષ સમજ અન્ય ગ્રંથોમા જોવી.

અનેક તરલ તરંગોમાં પ્રાકૃતન સુકૃત પુણ્યોદય પ્રાપ્ત થતાં જ તે અવસર મળી શકે–ભાવ–ઇચ્છા–સંયોગ મળે–એ ન્યાયાનુસાર મારાં ધર્મપત્નીએ પોતાનાં શીક્ષણ માટે પદ–પદાર્થનો બોધ થાય તેવી ગીતા લખવા પ્રેરણા કરી. અને તેની ઇચ્છાનુસાર સંવત્ ૧૯૬૫ માં તે ટીકા લખી તૈયાર કરેલ, અને પ્રકાશન માટે પણ ઘણી વખત ઇચ્છા કરી પણ વ્યાવહારિક ધનસંકોચથી અનુકૂળતા મળી નહિ પરંતુ સંવત્ ૧૯૮૦ ની સાલમાં દૈવી પ્રેરણાથી શ્રીમાન્ શેઠ છગનલાલ ગોપાલજીને પોતાનાં માતાજી ગંગાસ્વરૂપા જનાબાઈ તથા તેમનાં પ્રિયપુત્ર સ્વર્ગવાસી ગોવર્ધનદાસ ઉર્ફે મંગલદાસના સ્મરણાર્થ મારી પાસેથી જ શ્રીમદ્ ભગવદ્ગીતાની ટીકા કરાવી છપાવવા ઇચ્છા થઈ અને તેમને મેં તૈયાર કરેલી ગીતાની જીર્ણપ્રતપરથી કોપી કરાવી આપી અને છપાવવાનો સ્વતંત્ર હક આપ્યો. અને તેમણે બહુ જ ઉદારતાથી તેની બે હજાર પ્રત છપાવી અધિકારિઓને વિના મૂલ્ય અર્પણ કરી અને તે લોકોમાં તરત વિશેષ આકર્ષક બની ખપી ગઇ. જેથી કેટલાંક વેદાંત વિલાસી ભકત સ્ત્રી પુરૂષો કે જેઓ વિના મૂલ્ય ગીતા લેવા અયકાય તેવા લોહાણા, ભાટીયા અને વણિક–વૈશ્યોની અતિ આગ્રહી માંગણીઓ થઈ પરંતુ તમામ નકલો ખપી જવાથી અને તે પુસ્તકનો પ્રકાશન હક શ્રીમાન્ છગનલાલ ગોપાલજીને આપેલ હોવાથી તેની નવીન રચનાનુસાર નવી ટીકા લખી તૈયાર કરી પરંતુ તેટલામાં જ લોકોમાં સ્વરાજ પ્રાપ્તિ સંબંધી મહોટી પ્રવૃત્તિ ચાલી, તેનાં અંગે અથવા દૈવ–પ્રારબ્ધવશાત્ લોકોમાં ધનસંકોચનો પ્રારંભ થયો. હવે ક્ષણિક આયુષ્ય અને શરીરની વૃદ્ધાવસ્થા હોતાં કરેલો પરિશ્રમ સફળ થવા આશ્રયની આવશ્યકતા માની કચ્છ કોઠારા નિવાસી શ્રીભાગવતાચાર્ય પંડિત જયરામ ઉકરડા વ્યાસની સાથે વાર્તા થતાં તેમણે પોતાના ઉદારભાવથી તેમનાં યજમાન્ શ્રીમાન્ શેઠ રતનસિંહ હીરજી ગોવિંદજી પાસેથી એસો પુસ્તક લેવા આશ્રય આપવાનું કબુલાવ્યું અને તેમણે તે પેટે રૂ. ૩૦૦ ત્રણસો આપ્યા. હવે ઇચ્છા આગળ વધી અને મારા સ્વદેશ સ્થાનિક યજમાન્ સનાતન ધર્મપ્રણાલીના સરળતાપૂર્વક પરમ ઉપાસક શ્રીમાન્ શેઠ પ્રાગજીભાઇ દયાળ હરિયાણી પાસે તે વાર્તા પ્રકટ કરતાં તેમણે રૂા. ૪૦૦ ચારસો આપવા ઉદારવૃત્તિ બતાવી તે જ વખતે મુંબઇ વૈભવ પ્રેસમાં પોતે મારી

સાથે પધારી પુસ્તક છપાવવાનું સરૂ કરાવી આપ્યું, ત્યાર પછી મુંબઈ શહેરમા મને પરમ આશ્રય આપનાર લોહાણા મહાજનના અગ્રણી શ્રીમાન્ લાલજી ભાઈ હુંગરસી ગાગજી પાસે જતા તેમણે પણ પ્રત ૨૫૦ 'અસોપચાસ' લેવા ઉદાર આશ્રય આપ્યો અને તે પેટે ૩ ૫૫૦ (ત્રાડા પાચસો) આપ્યા જેથી ગીતા છપાવવાની શરૂઆત કરી પરતુ એ વખતે સ્વદેશ ચળવળમા લોકોના મન પ્રતિદિન વિશેષ રોકાતા હોવાના અને કેટલાક અનિર્વાર્ય આકસ્મિક અણધાર્યા સમય રોકનારા પ્રસગોએ ચાર પાચ માસમા કામ પાર પાડવાની ધારણાને ૪-૫ વર્ષનો વખત લેવા વધારી દીધી અને તે હાલે પરિપૂર્ણ પરિણામવતી થતા શ્રીમદ્ભગવદ્ગીતા છપાઇ પૂરી થઈ

આ પ્રસગે મારે સર્વથી પહેલા આ ગ્રથને છપાવવામા જેમણે મને પોતાનો જ માની આશ્રય આપ્યો છે અને તેથી જ હું આ પુસ્તક છપાવવા સમર્થ બન્યો છુ તે શ્રીમાનો શેઠ શ્રીલાલજીભાઈ હુંગરસિંહ ગાગજી, શેઠ પ્રાગજી દયાળ હરિઆણી, શેઠ રત્નસિંહ હીરજી ગોવિંદજી શેઠ કર્મસિંહ લાખમજી એન્ડ સન્સ (શેઠ વસનજી તથા શેઠ કલ્યાણજી કર્મસિંહ અને શેઠ લવજીભાઈ મેઘજી) શેઠ સર પુરૂષોત્તમદાસ ઠાકરદાસ નાઇટ, શેઠ રણછોડદાસ જેરામ એન્ડ કુ. શેઠ કાકુભાઈ જીવણદાસ તે શેઠ ખીમજી વિશ્રામ, શેઠ કાનજીભાઈ જાદવજી મોનાણી કચ્છ કોટડી કોહીનૂર, શેઠ નેણસીભાઈ તેજપાળ, શેઠ મૂલજીભાઈ સુદરજી જોડીઆવાલા, શેઠ વીરજીભાઈ પેરજ, શેઠ હરિભાઈ જેઠાભાઈ ભૂખચદ ઉર્ફે હરિબાબુ શેઠ કાલીદાસ નારાયણજી શેઠ કાનજી સ ગોવિંદજી, શેઠ ધર્મસિંહ ભવાનજી, શેઠ ગોવર્ધનદાસ ગોવિંદજી ભાણજી વિગેરેનો અત્યત ઉપકાર માનું છુ (એમ્બો તથા અન્ય ઉદાર આશ્રયદાતાઓના અમર નામ આ ગ્રથની અતે આપવામા આવ્યા છે)

આ પ્રસગે શાસ્ત્રી તુલજાશકર ધીરજરામે પ્રૂફ સંશોધ ન કરવા અતિ પરિશ્રમ અને ધૈર્યપૂર્વક મદદ આપી છે તેથી તેમનો ઉપકાર માનું છુ તથા મુબઇવૈભવ પ્રેસના મેનેજર શ્રીમાન્ સિદ્ધયે એ બહુ ધીરજથી અત્યત ભાવપૂર્વક આ શ્રીમદ્ગીતાજી શુદ્ધ અને સુશોભિત થાય તેમ ખાસ સમયનો ભોગ આપી મદદ આપી છે તેમનો પણ હું ઉપકાર માનુ છુ

સ૦ કાર્તાતિક

આ શ્રીમદ્ભગવદ્ગીતાની ટીકામાં આશ્રયરૂપ લીધેલા ગ્રંથોનાં કર્તાઓનું આભાર સહ અભિનન્દન.

(૧) શાઙ્કરભાષ્ય (૨) આનન્દગિરી ટીકા (૩) આનન્દતીર્થ (મધ્વ) ભાષ્ય (૪) જયતીર્થકૃતા પ્રમેયદીપિકા ટીકા (૫) રામાનુજભાષ્ય (૬) અમૃતતરઙ્ગિણી-પુષ્ટિસંપ્રદાયાનુસારિણી ટીકા (૭) ભારતભાવદીપ-નીલકણ્ઠવિરચિત (૮) તત્ત્વપ્રકાશિકા-કેશવ કાશ્મીરી ભટ્ટાચાર્યકૃતા (૯) ગૂઢાર્થ દીપિકા-મધુસૂદનસરસ્વતીકૃતા (૧૦) તાત્પર્યપ્રબોધિની-શઙ્કરાનન્દકૃતા (૧૧) સુબોધિની-શ્રીધરસ્વામિકૃતા (૧૨) ભાવ પ્રકાશ-સદાનંદકૃત (૧૩) ભાષ્યોત્કર્ષદીપિકા-ધનપતિસૂરિકૃતા (૧૪) પરમાર્થપ્રપા-દૈવજ્ઞપંડિતસૂર્યકૃતા (૧૫) અર્થસંગ્રહ-રાઘવેન્દ્રકૃત (૧૬) અભિનવગુપ્તાચાર્યવ્યાખ્યા (૧૭) ગૂઢાર્થ તત્ત્વાલોક (૧૮) બાલગંગાધરતિલકકૃતાનુવાદ (૧૯) જ્ઞાનેશ્વરી ટીકા (૨૦) વિશ્વનાથ સદારામ પાઠકસંકલિતા ગુર્જરી ટીકા (૨૧) શ્રીમદ્ભગવદ્ગીતાઙ્ક-કલ્યાણ (૨૨) રહસ્યદીપિકા-મહારાજશ્રીનથુરામશર્મકૃતા (૨૩) તત્ત્વાર્થબોધિની-નામિકા ટીકા-બ્રહ્મમિશ્ર પંડિત શ્રીપીતાંબર પુરુષોત્તમજી ઉપનામક પરમાનન્દસરસ્વતીસ્વામિકૃતા (૨૪) મનુસ્મૃતિ (૨૫) સ્મૃતિરત્નાકર (૨૬) ધર્મસિન્ધુ (૨૭) યાજ્ઞવલ્ક્યસ્મૃતિ મિતાક્ષરા ટીકા (૨૮) પંચદશી (૨૯) શ્રીમદ્ભાગવત (૩૦) ન્યાયદર્શન (ન્યાયસૂત્ર) ગૌતમકૃત (૩૧) વેદાન્તદર્શન (વ્યાસવિરચિત) (૩૨) યોગસૂત્ર (મહારાજશ્રીનથુરામશર્મકૃતગુર્જરીટીકાસમેત) (૩૩) વેદાન્ત સિદ્ધાન્તાદર્શ (૩૪) અષ્ટોત્તરશતોપનિષદ્ (૩૫) સુભાષિતરત્નભાણ્ડાગાર (૩૬) શતપથબ્રાહ્મણ (૩૭) યજુર્વેદસંહિતા

श्रीमच्छङ्कराचार्यः

श्रीमद्रामानुजाचार्यः श्रीमन्मध्वाचार्यः



श्रीमद्वल्लभाचार्यः श्रीमज्ज्ञानेश्वरमहाराजः

આ શ્રીમદ્ભગવદ્ગીતાની ટીકામાં આશ્રય૩૫ લીધેલા ગ્રંથોના કર્તાઓનું આભાર સહ અભિનન્દન.

(૧) શાઙ્કરભાષ્ય (૨) આનન્દગિરી ટીકા (૩) આનન્દતીર્થ (મધ્વ) ભાષ્ય (૪) જયતીર્થકૃતા પ્રમેયદીપિકા ટીકા (૫) રામાનુજભાષ્ય (૬) અમૃતતરઙ્ગિણી–પુષ્ટિમાર્ગપ્રદ્યાનુસારિણી ટીકા (૭) ભારતભાવદીપ–નીલકણ્ઠવિરચિત (૮) તત્ત્વપ્રકાશિકા–ક્ષેમેન્દ્ર કાશ્મીરી ભટ્ટાચાર્યકૃતા (૯) ગૂઢાર્થ દીપિકા–મધુસૂદનસરસ્વતીકૃતા (૧૦) તાત્પર્યપ્રબોધિની–શઙ્કરાનન્દકૃતા (૧૧) સુબોધિની–શ્રીધરસ્વામિકૃતા (૧૨) ભાવ પ્રકાશ–સદાનંદકૃત (૧૩) ભાષ્યોત્કર્ષદીપિકા–ધનપતિસૂરિકૃતા (૧૪) પરમાર્થપ્રભા–કેવલપંડિતસૂર્યકૃતા (૧૫) અર્થસંગ્રહ–રાઘવેન્દ્રકૃત (૧૬) અભિનવગુપ્તાચાર્યવ્યાખ્યા (૧૭) ગૂઢાર્થ તત્ત્વાલોક (૧૮) બાલગંગાધરતિલકકૃતાનુવાદ (૧૯) જ્ઞાનેશ્વરી ટીકા (૨૦) વિશ્વનાથ સત્તારામ પાઠકસંકલિતા ગુર્જરી ટીકા (૨૧) શ્રીમદ્ભગવદ્ગીતાર્થ–કલ્પલતા (૨૨) રહસ્ય-દીપિકા–મહારાજશ્રીનથુરામશર્મકૃતા (૨૩) તત્ત્વાર્થબોધિની-નામિકા ટીકા–બ્રહ્મનિષ્ઠ પંડિત શ્રીપીતાંબર પુરુષોત્તમજી ઉપનામક પરમાનન્દસરસ્વતીસ્વામિકૃતા (૨૪) મનુસ્મૃતિ (૨૫) સ્મૃતિરત્નાકર (૨૬) ધર્મસિન્ધુ (૨૭) યાજ્ઞવલ્ક્ય-સ્મૃતિ મિતાક્ષરા ટીકા (૨૮) પઞ્ચદશી (૨૯) શ્રીમદ્ભાગવત (૩૦) ન્યાયદર્શન (ન્યાયસૂત્ર) ગૌતમકૃત (૩૧) વેદાન્તદર્શન (વ્યાસવિરચિત) (૩૨) યોગસૂત્ર (મહારાજશ્રીનથુરામશર્મકૃતગુર્જરીટીકાસમેત) (૩૩) વેદાન્ત સિદ્ધાન્તાર્થ (૩૪) અષ્ટોત્તરશતોપનિષદ્ (૩૫) સુભાષિત-રત્નભાણ્ડાગાર (૩૬) શતપથબ્રાહ્મણ (૩૭) યજુર્વેદસંહિતા

(૩૮) ઋગ્વેદસંહિતા (૩૯) અથર્વવેદસંહિતા (૪૦) સામવેદસંહિતા.

ઉપર જણાવેલાં શ્રીમદ્ભગવદ્ગીતાની ટીકા કરવામાં આશ્રય રૂપ થયેલાં ભાષ્ય અને ટીકાગ્રંથોના કર્તાઓનો તથા વિશેષતઃ શ્રી કલ્યાણ ભગવદ્ગીતાકું, શ્રીમાન્ વિશ્વનાથ સદારામ પાઠકસંકલિત ગુર્જર ભાષાન્તર, પંડિત શ્રી પીતાંબરજી કૃત હિંદીભાષ્યમાંથી તથા મહારાજ શ્રી નથુરામ શર્મકૃત ગુર્જરભાષાન્તરવિગેરેમાંથી ટિપ્પણિસ્થ શ્લોકો, કેટલાંક ઉપયોગી ચિત્રો અને શ્રીમદ્ભગવદ્ગીતામાં વર્ણવેલાં દૈવી સંપત્ અને આસુરી સંપત્નાં પાત્રોનું વર્ણન વિગેરે લખવામાં વિશેષ આશ્રય મળવાથી તે તે ગ્રંથોના રચયિતા મહાત્માઓનો આ સ્થલે હું ઉપકાર માનું છું અને ઇચ્છું છું કે તે તે ગ્રંથોનું અવલોકન પણ વાચકવૃંદને આનંદજનક થશે. इत्योम् ॥ शांतिः ॥

મુંબઇની ગીતાપાઠશાલાના આચાર્ય વેદશાસ્ત્રસંપન્ન શ્રી નરહરિ શાસ્ત્રી ગોડશેનો અભિપ્રાય.

प्रशमयितुं प्रतिकूलं दैवं कार्तांतिकेन मुनिनेदम्
गीतागंगामज्जनमारब्धं मतिमतां वरेण्येन ॥ १ ॥
विदुषां विपत्तिवह्नौ प्रायः प्राकट्यमेति माहात्म्यम्
तिलकादिषु दृष्टमिदं स्वर्णागरुचंदनेक्षुतुल्येषु ॥ २ ॥
स्वार्थं भगीरथेन हि यद्यपि गांगं जलं समानीतम् ॥
जातं तथाप दैवात् शान्तिकरं मुक्तिदं च सर्वेषाम् ॥ ३ ॥
तद्वदिदं गीताया विवरणमतिमंजुलं हृदयहारि ॥
गुर्जरकंठाभरणं भूयादाबालगोपालम् ॥ ४ ॥

श्रीकृष्णवृषविरचिता गीतान्वर्थास्तु गुर्जरमुखाब्जे ॥
नरहरिशर्माऽऽशास्ते सरलहृदयपाठकेभ्य इदम् ॥ ९ ॥

ગુજરાતી સારાંશ.

પોતે અદ્વિતીય જ્યોતિઃશાસ્ત્રજ્ઞ હોવાથી પોતાના ભવિષ્ય મલના દુર્દૈવના પ્રતિહાર માટે પંડિતજીએ ગીતાના મનનરૂપી ગંગાજલમાં ડુબકી મારી બેસવાનું નક્કી કર્યું. આ વાત તો તેમની અતુલ વિદ્વત્તાને, બુદ્ધિમત્તાને અને પરિપાકાવસ્થાને ઉચિતજ થયું ॥ ૧ ॥

દુનીયાની રીત છે કે, સારા સારા વિદ્વાનો ઉપર જ્યારે ભયંકર આફત આવી પડે ત્યારેજ તેમનાં અંગમાં રહેલા અદ્ભુત ગુણોનો પ્રાદુર્ભાવ થાય છે. ઉદાહરણ લ્યો કે, મહાશય લોકમાન્ય તિલક જ્યારે માંડલે જેલમાં છ વર્ષ પૂરાણા ત્યારે તે ગીતામાંજ મજ્જન કરવા બેઠા અને પોતાનાં દુર્દૈવી છ વર્ષોને છ દહાડા જેવાં ગણી "કર્મયોગ" નામના પુસ્તકદ્વારા અખિલ ભૂગોલને મંડિત કરી નાંખ્યો. સારાં માણસો તો સોના જેવાં કીંમતી, અગરુ જેવા સ્વાર્પણ કરી દુનીયાને આનંદિત કરવાવાળાં, ચંદનની જોડે પોતે ઘસારો ખાઇ દુનીયાને ખુશબો આપવાવાળાં અને શેરડી જેવાં મધુર હોય છે, પરન્તુ આ ચારે-જણાની વિપત્તિનો મહાન્ લાભ તો આપણને જ મળે છે. તેમજ પંડિતજીના ગીતામજ્જનનું પણ સમજવું ॥ ૨ ॥

મહારાજા ભગીરથે જેમ પોતાના પિતરોના ઉદ્ધારાર્થે ભાગીરથીજીની સ્વર્ગમાંથી ભલોકમાં પધરામણી કરી તે કાંઇ પરો-પકાર વાસ્તે નહતી, પરન્તુ બધા મકૃતીઓને પણ પોતપોતાના પિતરોના ઉદ્ધારનું તે મોટું સાધન થયું–આર્યાવર્તને શાન્તિનું

તેજ સાધન થયુ, સાધકોને તો તે ગંગાપ્રવાહ "स्वर्गारोहण-वैजयन्ती" થયુ. તેમજ પંડિતજીના ગીતાભજનનું પણ સમજી લેવુ ॥ ૩ ॥

પડિતજી પોતે સરસ્વતીના ઉપાસક હોવાથી તેમની ભાષા શૈલી બહુજ મનોહર, મધુર અને ઓજસ્વી બની છે. આ ગીતા બાળગોપાલોથી લઈ યુવાન કે વૃદ્ધ લગણ તમામ ગીતાભ્યાસી-ઓને કંઠાભરણ થઈ પડે તેમા કઈ નવાઈ નથી. તે સરસ્વતી માતાના કૃપાકટાક્ષનુ ફળ છે ॥ ૪ ॥

શ્રીકૃષ્ણકાર્તીતિક પંડિતવરે રચેલ આ ગીતાનુ ઘરઘરમાં ગાયન ચાલે અને ગીતા નામ સાર્થક થાય એમજ આપનો નરહરિ શાસ્ત્રી આપ સહૃદય પાઠકો પાસે પ્રાર્થે છે. ॥પા ઇતિ શમ્ ॥

શાસ્ત્રી નરહરિ.

॥ श्रीगणेशाय नम ॥

શેઠ ગોકુલદાસ તેજપાલ સસ્કૃતપાઠશાલાના મુખ્ય અધ્યાપક પડિત શ્રી રમાપતિ મિશ્રનો અભિપ્રાય.

મુબઈ તા ૨૦–૪–૧૯૩૧

ज्योतिर्वित् पण्डित श्रीकृष्ण मोहनजी कार्तान्तिक–सकलित गुजराती टीका, भावार्थ, पदच्छेद, समास और टीप्पणसहित श्रीमद्भगवद्गीता और उसकी प्रस्तावनाको ध्यानपूर्वक देखा है ॥ ज्योतिषीजीने श्लाघ्य परिश्रम किया है यह सत्य उन लोगोंको अवगत होगा जो अति स्वल्प सस्कृतके ज्ञाता होनेपर भी अक्षरार्थ जाननेमें समर्थ बनेंगे ॥ ज्योतिषीजीका टीप्पणसग्रह आपके परिश्रमका प्रकाशक है ॥

रमापति मिश्र

॥ श्री ॥

જયપુરનિવાસી મહામહોપાધ્યાય પંડિત શ્રી ગિરિધર શર્મા ચતુર્વેદી અને શ્રીવર્ણાશ્રમસ્વરાજ્યસંઘ-કાશી-ના માનદમંત્રી મહોદય સ્વામી શ્રી દયાનન્દજી મહારાજ બી. એ. નો અભિપ્રાય.

मोहमयीवास्तव्येन सुप्रसिद्धेन विदुषा श्रीकृष्णजीमोहनजी शर्मणा कार्तान्तिकमहाभागेन गुर्जरभाषामय्या टीकया तिलकिता श्रीमद्भगवद्गीता मया दृष्टा ॥ इह साधारणानामपि जनानां भगवद्गीताशयावबोधाय कार्तान्तिकमहाभागेन बहु प्रयतितम् ॥ श्लोकानामन्वयस्तदनुपदार्थस्तदनुतात्पर्यप्रकटनमिति रम्येयं व्याख्यानशैली ॥ गुर्जरभाषाभाषिणो जना उपयुज्य ग्रन्थमिमं लाभान्विता भवेयुः ग्रन्थकृतः श्रमं च सफलमेयुरित्याशास्ते

वैशाख शुक्ल १० चंद्रवासरे
विक्रमसंवत् १९८८
शाके १८५३
मुंबई ता. २७-४-१९३१

गिरिधरशर्मा चतुर्वेदः
(जयपुरवास्तव्यः)
दयानन्दः
(काशीवर्णाश्रमस्वराज्यसंघः)

॥ श्रीगुरोः शरणम् ॥

પંડિતરાજ શ્રી રામેશ્વર શાસ્ત્રીજી દ્રાવિડ અને પંડિત દેવનાયક આચાર્ય બન્નેનો અભિપ્રાય.

सुप्रसिद्धकार्तान्तिकपदापदानैः मुम्बापुरीवास्तव्यैः पण्डितप्रवरश्रीकृष्णमोहनशर्ममहोदयैः प्रकाशितं रमणीयसन्निवेशं श्रीभगवद्गीतापुस्तकमवलोकयन्तो वयं नितरां मोदामहे ॥ अत्र हि प्राचीनटीकास्वप्यति-

दुर्लभानां प्रतिपदव्युत्पत्तिप्रकाराणां सन्निवेशनेन पूर्वाचार्यप्रदर्शित-पथा गुर्जरभाषया मूलार्थनिवेदनेन साधारणजनानामप्युपकारकरेण पदच्छेदविन्यासेन दुस्सहेषु विवादास्पदस्थलेषु परिशुद्धतर्कावष्टब्ध-टिप्पण्युपनिबन्धेन च सर्वाङ्गीणां रमणीयतां पुष्यदिदं पुस्तकं सत्यमेव देशभाषया गीतार्थमधिजिगमिषूणां संस्कृतभाषान्युत्पित्सूनां दुरूहत-त्त्वजिज्ञासूनां च साहाय्यमवश्यं करिष्यतीति नः प्रत्ययः ॥ कार्तान्तिक-महोदया एवंविधानि लोकोपकारकाणि कार्याणि विदधानाः सुचिरं जीव्यासुरिति जगदीश्वरमभ्यर्थयामहे ॥

मिति वैशाख शुक्ल १० सोमे विक्रमसंवत् १९८७ तारिख २३-४-१९३१ } श्रीराजेश्वरशास्त्री द्राविडः देवनायक आचार्यः { वर्णाश्रमस्वराज संघ-काशी.

યોગેશ્વર, બ્રહ્મનિષ્ઠ, મહાત્માશ્રી નથુરામશર્માનો અભિપ્રાય.

ફાલ્ગુન શુકલ ૯-૧૯૮૭

વિદ્યાભાસ્કર, જ્યોતિર્વિભૂષણ, દૈવજ્ઞવાચસ્પતિ, મહોપ-દેશક, પ્રાણાચાર્ય ઇત્યાદિ પદવીધર પંડિત શ્રીકૃષ્ણ મોહનજી શર્માએ-શ્રી કાર્તાંતિકજીએ-અવતરણિકા, મૂળશ્લોક, પદચ્છેદ, વ્યુત્પત્તિસમાસ, અન્વય અને અન્વયાર્થ, ભાવાર્થ તથા ટિપ્પણી સહિત શ્રીમદ્ભગવદ્ગીતાનું પુસ્તક બહાર પાડયું છે. તે પુસ્તક વિલોકતાં અમારો તે પુસ્તક સંબંધી નીચે પ્રમાણે અભિપ્રાય થયો છે.

આ પુસ્તક શ્રીભગવદ્ગીતાનો અભ્યાસ કરનાર વિદ્યાર્થી-ઓને તથા થોડું સંસ્કૃત જાણનાર જિજ્ઞાસુઓને બહુ ઉપયોગી થઈ પડે એવું છે. તેમાં વાપરેલા કાગળ ને છપાઈ સારાં છે.

સદ્ધર્મનિષ્ઠ રાજાઓએ તથા ધનાઢયોએ આ ગ્રન્થની વિશેષ પ્રતો લઈ દીન વિદ્યાર્થીઓને તથા દીન જિજ્ઞાસુઓને વિનામૂલ્યે આપવી જોઈએ. આસ્તિક ગૃહસ્થોએ એ પુસ્તક પોતાના પુસ્તકાલયમાં રાખવા જેવું છે.

નથુરામ શર્મા.

———:o:———

શ્રી શ્રૌતસ્માર્તવિદ્વત્પરિષદના માનદમંત્રી, અલંકાર-ભૂષણ પંડિત ધનંજય મુરારિ પાંધીનો અભિપ્રાય.

જ્યોતિર્વિભૂષણ, વિદ્યાભાસ્કર, મહોપદેશક, પ્રાણાચાર્ય, પંડિત શ્રીકૃષ્ણમોહનજી શર્મા કાર્તાંતિકજીએ હાલમાંજ પ્રસિદ્ધ કરેલું "શ્રીમદ્ભગવદ્ગીતા" નું અવલોકન મેં કર્યું. આ ગ્રન્થની ઉપયોગિતા દરેક અભ્યાસીથી સમજી શકાય તેવી છે. જેને સંસ્કૃત ભાષાનો અભ્યાસ નહિ હોય તેવા ભગવદ્ગીતાના ભક્તો માટે તો આ ગ્રન્થ એક આશીર્વાદ સમાન છે. આ મહા-નિબંધની રચના અદ્વિતીય છે. "ભગવદ્ગીતા" બધાં ઉપનિષદો, બ્રહ્મસૂત્રો, દર્શનશાસ્ત્રો અને સ્મૃતિઓના પણ સારરૂપ હોવાથી એક સૂત્રગ્રન્થ છે, તેમાંના શ્લોકોની પરંપરા–પૂર્વાપર સંબંધ–શાસ્ત્રીય દૃષ્ટિથી જોડવાની આવશ્યકતા રહે છે, એ પૂર્વાપર સંબંધનું વિવરણ આ નિબંધમાં કરવામાં આવ્યું છે અને તેને અવતરણિકા એવું નામ આપવામાં આવ્યું છે. આ પ્રમાણે અવતરણિકા ભાગ્યેજ બીજા કોઈ ભાષાંતરમાં નજરે

पुस्तकस्यास्य पठनाज्जिज्ञासुजनानां बहवोऽज्ञानविकल्पाः संभ्रमाश्च भानुप्रकाशात्तिमिरमिव विनष्टा भवेयुः ॥ एतस्मिन्ग्रन्थे टिप्पण्यादिषु मुद्रापितानि प्रमाणान्यनमूल्यप्रतिमानि सन्ति ॥ प्रतिपादितविषयस्येदानीमावश्यकतां गाम्भीर्यं बोधकत्वमितिविरचयितॄणां भवतामखिलमपि विशेषतः प्रशंसनीयमेवास्तीति भूयो भूयोऽनेकशो धन्यवादान्प्रकटयामः सूचयामश्च गीता प्रेमिजनैर्वनाश्रयदानेन साहाय्यं करणीयमिति ॥ एतत्पुस्तकसंस्करणे कालद्रव्यव्ययानुरूपं लब्धेन गीताप्रेमिजनाश्रयेण मवच्छ्रमा अपनेष्यन्त इत्याशास्महे ॥

परोपकृतिबुद्ध्या यद्गीताभाषान्तरं कृतम्
तेनास्तु कीर्तिरनिशं श्रीवासुदेव्याः प्रसादतः ॥
सदाऽहं स्मरणीयश्च विशेषज्ञापनाय भो
येन स्नेहलताबृद्धिर्भवेद्युष्मत्प्रसादतः ॥
मेनोमाशङ्करसुतदुर्गाशङ्करशास्त्रिणः
अलमेतेन लेखेन सुज्ञेषु बहुशो नमः ॥
त्रिपञ्चवस्विन्दुशके प्रजापत्याख्यवत्सरे
माधवासितपञ्चम्या लेख्यं वै लिखितं गुरौ ॥

लि. दुर्गाशङ्करशास्त्री



શ્રીભગવદ્ગીતાના ઉપદેષ્ટા શ્રીકૃષ્ણ પરમાત્માનું નમસ્કારાત્મક મંગલાચરણ.



શ્રીકૃષ્ણો યોઽર્જુનસ્યાવનિભરહરણાયોત્સુકઃ સારથિત્વં
સ્વીકૃત્ય ત્યક્તશસ્ત્રં તમપહતધિયં કંપયુક્તં સમીક્ષ્ય ॥
સંબોધ્ય ક્ષાત્રધર્માનતિતરવિમલૈઃ સાંખ્યતત્ત્વાર્થબોધૈઃ
ગીતાં પ્રોવાચ તસ્મૈ પરમભગવતે સ્તાન્નતિઃ પ્રેમપુષ્ટા ॥ ૧ ॥

અર્થઃ—જે શ્રીકૃષ્ણ પરમાત્માએ ભૂમિનો ભાર ઉતારવાને ઉત્સુક થઈને, અર્જુનના સારથિ બની, મૂઢતાથી કંપાયમાન થઇ શસ્ત્રનો ત્યાગ કરી બેઠેલા અર્જુનને અત્યંત નિર્મલ એવા સાંખ્યશાસ્ત્રના મતપ્રમાણે તત્ત્વબોધપૂર્વક ક્ષાત્રધર્મનો ઉપદેશ કરી તેના પ્રતિ ગીતાનું જ્ઞાન કહ્યું, તે શ્રીકૃષ્ણ પરમાત્માને મારા પ્રેમપૂર્વક પ્રણામ છે. ૧.

શ્રીમત્કૃષ્ણોક્તગીતાર્થવિવરણપરૈઃ શઙ્કરાચાર્યવર્યૈ-
રન્યાચાર્યૈર્યથોક્તા પરમતમથનૈઃ સંપ્રદાયપ્રસિદ્ધ્યૈ ॥
સ્વે રાષ્ટ્રેઽન્યૈઃ સ્વભાષાભિરપિ નિગદિતા તદ્વદૂચે સટીકાં
ગીતાં તાં ગુર્જરીવાગ્વિમલવિવરણૈઃ કૃષ્ણકાર્તાતિકોઽહમ્ ॥ ૨ ॥

અર્થઃ—જેમ શ્રીકૃષ્ણ પરમાત્માના શ્રીમુખવડે નિકળેલી શ્રીમદ્ભગવદ્ગીતાની ભાષ્યરૂપ ટીકા શ્રીપૂજ્યપાદ શંકરાચાર્ય ભગવાને કરેલી છે, પોતાના સંપ્રદાયોની પ્રસિદ્ધિને માટે રામાનુજાચાર્ય, વલ્લભાચાર્ય, નિંબાર્ક, મધ્વાચાર્ય આદિઓએ પણ પરમતોનું ખંડન કરી સ્વમત પ્રમાણે ટીકાઓ કરેલી છે અને પોતપોતાના દેશોમાં સ્વસ્વભાષાઓ વડે અનેક વિદ્વાનોએ પણ

सर्वे देवाश्च ऋषयो योगिनः पन्नगाश्च ये ।
गोपाला गोपिका वापि नारदोद्धवपार्षदैः ।
सहायो जायते शीघ्रं यत्र गीता प्रवर्तते ॥ ५ ॥

જ્યાં "ગીતા" નું પુસ્તક હોય અને જ્યાં તેનો પાઠ થતો હોય ત્યાં પ્રયાગ વિગેરે સર્વ તીર્થો રહે છે, તેમ સર્વ દેવો, ઋષિઓ, યોગીઓ, નાગો, ગોવાળો અને ગોપીઓ પણ નારદ, ઉદ્ધવ અને પાર્ષદ-સેવક-વર્ગની સાથે ત્યાં રહે છે; અને જ્યાં "ગીતા" નું પઠન વગેરે હોય છે ત્યાં તેજ વખતે સહાય આવી મળે છે. ૪-૫.

यत्र गीताविचारश्च पठनं पाठनं श्रुतम् ।
तत्राहं निश्चितं पृथ्वि निवसामि सदैव हि ॥ ६ ॥

જે ઠેકાણે "ગીતા" સંબંધી વિચાર ચાલે છે, તેમ જ્યાં તેનું પઠન, પાઠન અને શ્રવણ થાય છે ત્યાં હે પૃથ્વી! હું નિરંતર જ નિવાસ કરું છું. ૬.

गीताश्रयेऽहं तिष्ठामि गीता मे चोत्तमं गृहम् ।
गीताज्ञानमुपाश्रित्य त्रींल्लोकान्पालयाम्यहम् ॥ ७ ॥

હું "ગીતા" ના આશ્રયમાં રહું છું, "ગીતા" એ મારું ઉત્તમ ગૃહ છે અને "ગીતા" ના જ્ઞાનનો આશ્રય કરીને હું ત્રણે લોકોનું પાલન કરું છું. ૭.

गीता मे परमा विद्या ब्रह्मरूपा न संशयः ।
अर्धमात्राक्षरा नित्या स्वानिर्वाच्यपदात्मिका ॥ ८ ॥

"ગીતા"એ અર્ધમાત્રાના અક્ષરરૂપ, નિત્ય અને પોતાના અવર્ણનીય પદોવાળી મારી બ્રહ્મરૂપ ઉત્તમ વિદ્યા છે એમાં સંશય નથી. ૮.

चिदानन्देन कृष्णेन प्रोक्ता स्वमुखतोऽर्जुनम् ।
वेदत्रयी परानन्दा तत्त्वार्थज्ञानसंयुता ॥ ९ ॥

વળી એ "ગીતા" ચિદાનંદસ્વરૂપ ભગવાન્ શ્રીકૃષ્ણે સ્વમુખે અર્જુનને કહી છે, અને તેથી એ ત્રણે વેદરૂપ, પરમ આનંદસ્વરૂપ તથા તત્ત્વાર્થજ્ઞાનથી ભરેલી છે. ૯.

योऽष्टादश जपो नित्यं नरो निश्चलमानसः ।
ज्ञानसिद्धिं स लभते ततो याति परं पदम् ॥ १० ॥

જે મનુષ્ય સ્થિર મનથી નિરંતર "ગીતા" ના અઢારે અધ્યાયનો પાઠ કરે છે તે જ્ઞાનની સિદ્ધિને પ્રાપ્ત કરે છે અને પછીથી પરમ પદને પામે છે. ૧૦.

पाठेऽसमर्थः सम्पूर्णे ततोऽर्धं पाठमाचरेत् ।
तदा गोदानजं पुण्यं लभते नात्र संशयः ॥ ११ ॥

"ગીતા" ના અઢારે અધ્યાયનો સંપૂર્ણ પાઠ કરવાને જે મનુષ્ય અશક્ત હોય તે જો અર્ધા ભાગનો પાઠ કરે તો તે "ગોદાન" નું ફળ મેળવે છે એમાં સંશય નથી. ૧૧.

त्रिभागं पठमानस्तु गंगास्नानफलं लभेत् ।
षडंशं जपमानस्तु सोमयागफलं लभेत् ॥ १२ ॥

જે મનુષ્ય "ગીતા" ના ત્રીજા ભાગનો એટલે છ અધ્યાયનો પાઠ કરે છે તે "ગંગાસ્નાન"ના ફલને પામે છે, અને છઠ્ઠા

ભાગનો એટલે ત્રણ અધ્યાયનો પાઠ કરે છે તે "સોમયજ્ઞ"નું ફળ મેળવે છે. ૧૨.

एकाध्यायं तु यो नित्यं पठते भक्तिसंयुतः ।
रुद्रलोकमवाप्नोति गणो भूत्वा वसेच्चिरम् ॥ १३ ॥

જે મનુષ્ય ભક્તિયુક્ત મન વડે રોજ એક અધ્યાયનો પાઠ કરે છે તે રુદ્રલોકને પામે છે અને ત્યાં રુદ્રનો ગણ થઈ લાંબા વખત સુધી રહે છે. ૧૩.

अध्यायं श्लोकपादं वा नित्यं यः पठते नरः ।
स याति नरतां यावन्मन्वन्तरं वसुंधरे ॥ १४ ॥

હે પૃથ્વી! જે મનુષ્ય એક અધ્યાય, એક શ્લોક અથવા શ્લોકના એક ચરણનો પણ નિત્ય પાઠ કરે છે તે મનુષ્ય મન્વન્તર સુધી મનુષ્યપણાને–મનુષ્યના જન્મને–જ પામતો રહે છે. ૧૪.

गीतायाः श्लोकदशकं सप्त पंच चतुष्टयम् ।
द्वौ त्रीनेकं तदर्धं वा श्लोकानां यः पठेन्नरः ॥ १५ ॥

चन्द्रलोकमवाप्नोति वर्षाणामयुतं ध्रुवम् ।
गीतापाठसमायुक्तो मृतो मानुषतां व्रजेत् ॥ १६ ॥

गीताभ्यासं पुनः कृत्वा लभते मुक्तिमुत्तमाम् ।
गीतेत्युच्चारसंयुक्तो म्रियमाणो गतिं लभेत् ॥ १७ ॥

જે મનુષ્ય "ગીતા"ના દશ, સાત, પાંચ, ચાર, બે, ત્રણ, કે એક શ્લોકનો અથવા અર્ધા શ્લોકનો પણ પાઠ કરે તે દશ હજાર વર્ષ સુધી અવશ્ય ચંદ્રલોકને પામે છે. વળી "ગીતા"નો સારી રીતે પાઠ કરનાર મનુષ્ય મર્યા પછી પણ

ફરીને મનુષ્ય જ થાય છે, અને એમ મનુષ્યજન્મ પ્રાપ્ત કરીને "ગીતા"નો ફરીને અભ્યાસ કરી ઉત્તમ પ્રકારની (અપુનરાવર્તિની) મુક્તિને પામે છે. મરતી વેળાએ "ગીતા" એમ ઉચ્ચાર કરનાર મનુષ્ય પણ સદ્ગતિને પ્રાપ્ત કરે છે. ૧૫-૧૭.

गीतार्थश्रवणासक्तो महापापयुतोऽपि वा ।
वैकुण्ठं समवाप्नोति विष्णुना सह मोदते ॥ १८ ॥

વળી "ગીતા" ના અર્થના શ્રવણમાં આસક્ત મનુષ્ય મહા પાપી હોય તો પણ તે વૈકુંઠને પામે છે અને ત્યાં વિષ્ણુ ભગવાન્ સાથે આનંદ ભોગવે છે. ૧૮.

गीतार्थं ध्यायते नित्यं कृत्वा कर्माणि भूरिशः ।
जीवन्मुक्तः स विज्ञेयो देहान्ते परमं पदम् ॥ १९ ॥

અનેક પ્રકારનાં કર્મો કર્યા છતાં પણ જે મનુષ્ય નિરંતર "ગીતા" ના અર્થનું ધ્યાન કરે છે તેને આ લોકમાં જીવન્મુક્ત જાણવો અને તે મૃત્યુ પછી પરમપદને પામે છે. ૧૯.

गीतामाश्रित्य बहवो भूभुजो जनकादयः ।
निर्धूतकल्मषा लोके गीता याताः परं पदम् ॥ २० ॥

આ "ગીતા" ના જ્ઞાનને પ્રાપ્ત કરીને જનક વિગેરે ઘણા રાજાઓ પાપરહિત થઈને લોકમાં પરમ ખ્યાતિ પ્રાપ્ત કરી અક્ષય પદને પામ્યા છે. ૨૦.

गीतायाः पठनं कृत्वा माहात्म्यं नैव यः पठेत् ।
वृथा पाठो भवेत्तस्य श्रम एव मुदाहृतः ॥ २१ ॥

જે મનુષ્ય "ગીતા" નો પાઠ કરીને માહાત્મ્યનો પાઠ કરતો નથી તેનો પાઠ મિથ્યા થાય છે અને તે તેના શ્રમરૂપ જ કહેવાય છે. ૨૧.

एतन्माहात्म्यसंयुक्तं गीताभ्यासं करोति यः ।
स तत्फलमवाप्नोति दुर्लभां गतिमाप्नुयात् ॥ २२ ॥

જે મનુષ્ય એ "ગીતા" નો માહાત્મ્યસહિત પાઠ કરે છે તે તેમાં કહેલા ફલને મેળવે છે અને દુર્લભ એવી ઉત્તમ ગતિને પામે છે. ૨૨.

सूत उवाच—सूतपुराणिक बोल्याः—

माहात्म्यमेतद्गीताया मया प्रोक्तं सनातनम् ।
गीतान्ते च पठेद्यस्तु यदुक्तं तत्फलं लभेत् ॥ २३ ॥

જે મનુષ્ય "ગીતા" નો પાઠ કર્યા પછી મેં કહેલા "ગીતા" ના આ સનાતન "માહાત્મ્ય" નો પાઠ કરે છે તે તેમાં કહેવામાં આવેલા ફલને પ્રાપ્ત કરે છે. ૨૩.

इति श्रीवाराहपुराणे धराविष्णुसंवादे श्रीगीता-
माहात्म्यं सम्पूर्णम् ।

——:o:——

श्रीमद्भगवद्गीतामंत्रः ।



ॐ अस्य श्रीमद्भगवद्गीतामालामंत्रस्य भगवान् वेदव्यास ऋषिः ॥ अनुष्टुप् छन्दः ॥ श्रीकृष्णपरमात्मा देवता ॥ अशोच्यानन्वशोचस्त्वं प्रज्ञावादाँश्च भाषसे इति बीजम् ॥ सर्वधर्मान्परित्यज्य मामेकं शरणं व्रज इति शक्तिः ॥ अहं त्वां सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुच इति कीलकम् ॥ श्रीकृष्णप्रीत्यर्थे पाठे विनियोगः ॥ १ ॥

અર્થ:—ॐ (પરબ્રહ્મ વાચક શબ્દ છે.) આ શ્રીમદ્ભગવદ્ગીતારૂપ માલાના મંત્રના ભગવાન્ વેદવ્યાસ ઋષિ છે, અનુષ્ટુપ્ છંદ છે, શ્રીકૃષ્ણ પરમાત્મા દેવતા છે, તથા "શોચ કરવાને અયોગ્ય એવાં સંબંધીઓનો તું શોચ કરે છે અને મોટા બુદ્ધિવાળા પંડિતો જેવાં ભાષણો કરે છે!" એ બીજ તત્વ-સારાંશ છે, "સઘળા ધર્મોનો સર્વથા ત્યાગ કરી માત્ર એક હું જ શરણ છું એમ માની મને જ પ્રાપ્ત થા" એ શક્તિ છે, "હું તને સર્વ પાપોથી મુક્ત કરીશ, શોક ન કર," એ કીલક (ખીલો-મેખ) છે અને શ્રીકૃષ્ણની પ્રીતિ માટે જ પાઠ કરવામાં એનો વિનિયોગ છે.

न्यासाः ।

नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावकः । इत्यंगुष्ठाभ्यां नमः ॥

"એ આત્માનું શસ્ત્રો છેદન કરતાં નથી અને અગ્નિ એને બાળી શકતો નથી." એથી બન્ને અંગુઠાઓને નમસ્કાર કરું છું.

न चैनं क्लेदयन्त्यापो न शोषयति मारुतः। इति तर्जनीभ्यां नमः॥

"એને જળ ભીંજાવી શકતું નથી અને વાયુ સુકાવી શકતો નથી" એથી બન્ને તર્જની આંગળીઓને નમસ્કાર કરું છું.

अच्छेद्योऽयमदाह्योऽयमक्लेद्योऽशोष्य एव च।
इति मध्यमाभ्यां नमः॥

"એ છેદાય તેવો નથી! એ બાળી શકાય તેવો નથી! એ ભીંજાય તેવો નથી! અને શોષાય તેવો પણ નથી!" એથી બન્ને મધ્યમા આંગળીઓને નમસ્કાર કરું છું.

नित्यः सर्वगतः स्थाणुरचलोऽयं सनातनः।
इत्यनामिकाभ्यां नमः॥

"એ નિત્ય છે, સર્વમાં રહેલો છે, સ્થાણુ-સ્થિર, હાલે ચાલે નહિ એવો અને સનાતન-પ્રાચીન છે." એથી બન્ને અનામિકા આંગળીઓને નમસ્કાર કરું છું.

पश्य मे पार्थ रूपाणि शतशोऽथ सहस्रशः।
इति कनिष्ठिकाभ्यां नमः॥

"હે પાર્થ! આ મારાં સેંકડો અને હજારો સ્વરૂપોને જો." એથી બન્ને કનિષ્ઠિકા આંગળીઓને નમસ્કાર કરું છું.

नानाविधानि दिव्यानि नानावर्णाकृतीनि च।
इति करतलकरपृष्ठाभ्यां नमः॥

"તે અનેક પ્રકારનાં દિવ્ય-મનોહર તેમજ અનેક વર્ણ-રંગ અને આકારનાં છે." એથી બન્ને હાથનાં તળીઓ અને બન્ને હાથના પૃષ્ઠોને નમસ્કાર કરું છું.

अंगन्यासाः ।

नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावकः । इति हृदयाय नमः ॥

એથી હૃદયને નમસ્કાર કરું છું –હૃદયને સ્પર્શ કરવો.

न चैनं क्लेदयन्त्यापो न शोषयति मारुतः । इति शिरसे स्वाहा ॥

એથી શિરસ્–મસ્તકને 'સ્વાહા' હો!–મસ્તકને સ્પર્શ કરવો.

अच्छेद्योऽयमदाह्योऽयमक्लेद्योऽशोष्य एव च । इति शिखायै वषट् ॥

એથી શિખાને 'વષટ્' હો–શિખાનો સ્પર્શ કરવો.

नित्यः सर्वगतः स्थाणुरचलोऽयं सनातनः । इति कवचाय हुम् ॥

એથી કવચ–બીજાક્ષરને 'હુમ્' હો–ડાબે હાથે જમણે ખભે અને જમણે હાથે ડાબે ખભે સ્પર્શ કરવો.

पश्य मे पार्थ रूपाणि शतशोऽथ सहस्रशः । इति नेत्रत्रयाय वौषट् ॥

એથી ત્રણે નેત્રોને 'વૌષટ્' હો–અંગુઠો અને અનામિકાથી નેત્રોનો સ્પર્શ કરવો.

नानाविधानि दिव्यानि नानावर्णाकृतीनि च । इति अस्त्राय फट् ॥

એથી અસ્ત્રાને 'ફટ્' હો–ચપટી વગાડતાં મસ્તકની આજુબાજુ હાથ ફેરવી બે આંગળીથી ડાબા હાથમાં તાળી પાડવી.

अथ ध्यानम् ।

पार्थाय प्रतिबोधितां भगवता नारायणेन स्वयं
व्यासेन ग्रथितां पुराणमुनिना मध्येमहाभारतम् ॥
अद्वैतामृतवर्षिणीं भगवतीमष्टादशाध्यायिनी-
मंब त्वामनुसंदधामि भगवद्गीते भवद्वेषिणीम् ॥ १ ॥

ભગવાન્ શ્રીકૃષ્ણે પોતે અર્જુનને ઉપદેશેલી, પ્રાચીન મહામુનિ શ્રી વેદવ્યાસજીએ મહાભારતમાં ગુંથેલી, અદ્વૈત-રૂપી અમૃતને વર્ષાવનારી, ભગવતી એટલે ઐશ્વર્ય, વીર્ય, યશ શ્રી, જ્ઞાન અને વૈરાગ્યના સ્થાન-સ્વરૂપ, અઢાર અધ્યાયવાળી અને જન્મ-મરણને તથા અહંતા મમતારૂપ સંસારને ટાળ-નારી હે માતા ભગવદ્ગીતા ! હું તારું ધ્યાન કરું છું. ૧.

नमोऽस्तु ते व्यास विशालबुद्धे फुल्लारविंदायतपत्रनेत्र ॥
येन त्वया भारततैलपूर्णः प्रज्वालितो ज्ञानमयः प्रदीपः ॥२॥

વિશાળ બુદ્ધિવાળા અને ખીલેલા કમળ જેવાં વિશાળ નેત્રવાળા હે વ્યાસ ભગવન્ ! આપ કે જેમણે મહાભારતરૂપી તેલ પુરીને આ ગીતારૂપ જ્ઞાનદીપક પ્રકટાવ્યો છે તેમને નમસ્કાર હો ! ૨.

प्रपन्नपारिजाताय तोत्रवेत्रैकपाणये ॥
ज्ञानमुद्राय कृष्णाय गीतामृतदुहे नमः ॥ ३ ॥

શરણે આવેલાને કલ્પવૃક્ષ પેઠે ધારેલ ફળ આપનાર, એક હાથમાં ચાબુકરૂપ નેતરનો દંડ ધારણ કરનાર, જ્ઞાનમુદ્રાયુક્ત

અને ગીતારૂપી અમૃતનું દોહન કરનાર એવા શ્રીકૃષ્ણને નમસ્કાર હો. ૩.

सर्वोपनिषदो गावो दोग्धा गोपालनंदनः ॥
पार्थो वत्सः सुधीर्भोक्ता दुग्धं गीतामृतं महत् ॥ ४ ॥

સર્વ ઉપનિષદોરૂપી ગાયો છે; તેના દોહનારા ગોપાલનંદન ભગવાન્ શ્રીકૃષ્ણ છે; તે દુધનો ભોક્તા (પીનારો) ઉત્તમ બુદ્ધિશાળી અર્જુનરૂપ વત્સ (વાછરડો) છે; અને મોટું ગીતામૃતરૂપી દુધ છે. ૪.

वसुदेवसुतं देवं कंसचाणूरमर्दनम् ॥
देवकीपरमानंदं कृष्णं वंदे जगद्गुरुम् ॥ ५ ॥

વસુદેવના પુત્ર, દિવ્ય રૂપવાળા, કંસ અને ચાણૂર દૈત્યોનો નાશ કરનાર તેમજ દેવકીને પરમ આનંદ આપનાર એવા જગદ્ગુરુ શ્રીકૃષ્ણને હું વંદન કરું છું. ૫.

भीष्मद्रोणतटा जयद्रथजला गांधारनीलोत्पला ।
शल्यग्राहवती कृपेण वहनी कर्णेन वेलाकुला ॥
अश्वत्थामविकर्णघोरमकरा दुर्योधनावर्तिनी ।
सोत्तीर्णा खलु पांडवै रणनदी कैवर्तकः केशवः ॥६॥

ભીષ્મ અને દ્રોણરૂપી તટ-કિનારાઓવાળી, જયદ્રથરૂપી જળવાળી, શકુનિરૂપી નીલ કમળવાળી, શલ્યરૂપી ઝૂડવાળી, કૃપાચાર્યરૂપી પ્રવાહવાળી, કર્ણરૂપી મોજાંવાળી, અશ્વત્થામા

અને વિકર્ણરૂપી ભયાનક મગરમચ્છવાળી અને દુર્યોધનરૂપી ઘુમરીવાળી એવી રણસંગ્રામરૂપી નદીને ખરેખર શ્રીકૃષ્ણરૂપી નાવિક વડે જ પાંડવો તરી ગયા. ૬.

પારાશર્યવચઃસરોજમમલં ગીતાર્થગંધોત્કટં
નાનાખ્યાનકકેસરં હરિકથાસંબોધનાબોધિતમ્ ॥
લોકે સજ્જનષટ્પદૈરહરહઃ પેપીયમાનં મુદા
ભૂયાદ્ભારતપંકજં કલિમલપ્રધ્વંસિ નઃ શ્રેયસે ॥ ૭ ॥

પરાશરના પુત્ર શ્રીવ્યાસ મુનિની વાણીરૂપી સરોવરમાં ઉગેલું, ગીતાના અર્થરૂપ ઉત્તમ સુગંધવાળું, નાના પ્રકારનાં આખ્યાનોરૂપી કેસરવાળું, હરિકથાના ઉપદેશ વડે પ્રફુલ્લ થયેલું, જગતમાં સજ્જનરૂપી ભ્રમરાઓ નિરંતર આનંદપૂર્વક જેના રસનું પાન કરે છે એવું અને કલિકાલનાં પાપનો વિનાશ કરનારું એવું મહાભારતરૂપી નિર્મળ કમળ અમારું કલ્યાણ કરનારું થાઓ ! ૭.

મૂકં કરોતિ વાચાલં પંગું લંઘયતે ગિરિમ્ ।
યત્કૃપા તમહં વંદે પરમાનંદમાધવમ્ ॥ ૮ ॥


જેમની કૃપા મુંગા માણસને વાચાળ કરે છે, અને પાંગળાને પર્વત ઓળંગાવે છે તે પરમાનંદસ્વરૂપ માધવને હું વંદન કરું છું—૮.

યં બ્રહ્મવરુણેંદ્રરુદ્રમરુતઃ સ્તુન્વન્તિ દિવ્યૈઃ સ્તવૈ-
ર્વેદૈઃ સાંગપદક્રમોપનિષદૈર્ગાયંતિ યં સામગાઃ

ધ્યાનાવસ્થિતતદ્ગતેન મનસા પશ્યંતિ યં યોગિનો
યસ્યાંતં ન વિદુઃ સુરાસુરગણા દેવાય તસ્મૈ નમઃ ॥૯॥

બ્રહ્મા, વરુણ, ઇન્દ્ર, રુદ્ર અને વાયુ (વગેરે દેવો) દિવ્ય સ્તોત્રો વડે જેમની સ્તુતિ કરે છે, સામવેદનું ગાન કરનારા મુનિઓ વેદાઙ્ગ (શિક્ષા આદિ), પદ, ક્રમ અને ઉપનિષદ્-સહિત વેદો વડે જેમની સ્તુતિ ગાય છે, ધ્યાનમાં સ્થિર થએલા મુનિઓ તેમાં તન્મય થઈ રહેલા મનવડે જેમનાં દર્શન કરે છે, અને દેવો તેમજ અસુરો જેમના પારને જાણી શકયા નથી એવા તે દેવ શ્રીકૃષ્ણચંદ્રને (મારા) નમસ્કાર હો ! ૯.

॥ ઇતિ ધ્યાનમ્ ॥



શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનને આપેલુ શ્રીમદ્‌ભગવદ્‌ગીતાનુ જ્ઞાન.



કર્મણ્યેવાધિકારસ્તે મા ફલેષુ કદાચન। મા કર્મફલહેતુર્ભૂર્મા તે સગોઽસ્ત્વકર્મણિ ॥

હે અર્જુન! તને કર્મમાજ અધિકાર હો, ક્યારે પણ ફળમા અધિકાર ન હો, તેમ કર્મના ફળનો હેતુ-મારણ તું ન થા! અને તારો સગ અકર્મમા પણ ન હો

ॐ तत्सत्परमात्मने नमः ।

श्रीमद्भगवद्गीता.



અધ્યાય ૧ લો

ઉપોદ્ઘાત.

વૈશંપાયન ઋષિનું જનમેજય પ્રત્યે યુદ્ધોત્સાહનું કથન અને અર્જુનનો વિષાદ.

અવતરણિકા:—કૌરવોના અગ્રણી રાજા ધૃતરાષ્ટ્રના પુત્ર દુર્યોધને અનેક છળથી પાંડવોનું રાજ્ય પચાવ્યું, અને તેર વરસ પછી શ્રીકૃષ્ણ ભગવાને બહુ સમજાવ્યા છતાં પાંડવોને કંઈ પણ નહિ આપવાનું તેણે કહ્યું ત્યારે પાંડવોએ કૌરવો સામે યુદ્ધ કરવાનો નિશ્ચય કર્યો. જ્યાં બન્ને પક્ષો, જે સ્થાનમાં હાલનું દિલ્હી શહેર વસાવ્યું છે તેજ હસ્તિનાપુરના આસપાસના 'કુરૂક્ષેત્ર' નામના મેદાનમા પૂર્વે અને પશ્ચિમ ભાગમાં ગોઠવાઈ યુદ્ધ કરવા એકઠા થયા. આ જોઈ (ભીષ્મપર્વ–અધ્યાય ૧) પોતાના પુત્ર દુર્યોધનના

અન્યાયથી શોચ કરતા વિચિત્રવીર્યના પુત્ર ધૃતરાષ્ટ્રની પાસે સત્યવતીના પુત્ર શ્રી વેદવ્યાસજીએ આવી કહ્યું કે, "હે રાજા ધૃતરાષ્ટ્ર! તમારા પુત્રો તેમજ સર્વ રાજાઓનો પરસ્પર નાશકારક કાળ આવ્યો છે, એમ અપશકુનો થતા જોઈ હું માનું છું, અને તે સર્વનો નાશ થવાનોજ છે માટે એ યુદ્ધનો ઉદ્યોગ દૈવેચ્છાથીજ થવાનું માની શોચ કરશો નહિ અને તમે પ્રજ્ઞાચક્ષુ (અંધ) છો માટે જો તમને એ સંગ્રામને પ્રત્યક્ષ જોવા ઇચ્છા હોય તો હું તમને દિવ્યદૃષ્ટિ આપું કે જેથી અહિંજ બેઠા સઘળું તમારા જોવામાં આવે" ત્યારે ધૃતરાષ્ટ્રે કહ્યું કે, "હે બ્રહ્મર્ષિશ્રેષ્ઠ વ્યાસજી! હું પોતાના સંબંધીઓનો નાશ પ્રત્યક્ષ જોવા ઇચ્છતો નથી, પણ જો તમારી કૃપા હોય તો યુદ્ધના સઘળા સમાચાર સાંભળવા ઇચ્છું છું" ત્યારે વેદવ્યાસજીએ સંજય નામના સૂતને દિવ્યચક્ષુ આપ્યા જેથી તે સર્વજ્ઞ બન્યો અને તેને તેમણે આજ્ઞા કરી કે, "રાજા ધૃતરાષ્ટ્રને યુદ્ધનું સઘળું વૃત્તાંત કહી સંભળાવજે"

ત્યાર પછી પોતાના ક્રૂર પુત્ર દુર્યોધનને યુદ્ધ કરવાના ઉદ્યોગમાં નહિ પડતા અનેક ગોત્રજ, ગુરુઓ અને સંબંધીઓના હનનરૂપ પાપમાંથી બચવા માટે સમજાવવા વેદવ્યાસજીએ ધૃતરાષ્ટ્ર રાજાને બહુ કહ્યું, (ભીષ્મપર્વ–અધ્યાય ૩ જો) પણ 'પોતાના પુત્ર દુર્યોધનને પોતે સમજાવવા અસમર્થ છે, કારણ તે મારું માનતો નથી' એમ બોલી કહી પોતાના પુત્રોનું સૈન્ય મોટું હોવાથી તેઓ જીતશે અને મોટું રાજ્ય ભોગવશે એવા પોતાના પુત્રોના વિજયરૂપી લોભમાં આસક્ત રાજા ધૃતરાષ્ટ્રે વ્યાસજીનું કહ્યું સ્વીકાર્યું નહિ, આથી વ્યાસજી ત્યાંથી ચાલ્યા ગયા (ભીષ્મપર્વ–અધ્યાય ૪ થો)

પછી રાજા ધૃતરાષ્ટ્ર બહુ વિચારમાં પડ્યા, અને બન્ને સેનાઓમાંના રાજાઓના દેશદેશાંતરો જાણવાના મિશે ટૂંકાક્ષરે પૃથ્વીના ખંડવિભાગ તથા દેશ વિગેરેના પ્રશ્નો સંજયને પૂછ્યા ત્યારે સંજયે તેનું તથા બન્ને સેનાની રચનાનું સંપૂર્ણ વર્ણન કર્યું અને કુરુશ્રેષ્ઠ ભીષ્મપિતામહ પડ્યાનું (મરણ પામ્યાનું) પણ કહ્યું આ સાંભળી ધૃતરાષ્ટ્ર રાજાએ શોક કર્યો અને પાંડવોનું સૈન્ય થોડું છે પણ પાંડવો પોતે ધર્મબુદ્ધિવાળા, મહાપરાક્રમી તથા શ્રીકૃષ્ણચંદ્ર તરફથી દૈવી સહાયવાળા છે અને પોતાના પુત્રો દુર્યોધનાદિ કૌરવોનું સૈન્ય મોટું છે, પણ તેઓ અધર્મવૃત્તિવાળા, નિર્બળ અને દૈવી સહાય વિનાના છે

એમ જાણી તેમનો વિજય ઇચ્છતા રાજા ધૃતરાષ્ટ્ર યુદ્ધનું વૃત્તાંત જાણવાની ઇચ્છાથી પોતાની સાંમે બેઠેલા સંજય નામના સારથિને પોતાનો હિત ચાહનારો જાણી આ પ્રમાણે પૂછવા લાગ્યાઃ (ભીષ્મપર્વ–અધ્યાય ૨૫ થી આરંભી ૪૨ મુધી.)

धृतराष्ट्र उवाच । ધૃતરાષ્ટ્ર પૂછે છેઃ–

धर्मक्षेत्रे कुरुक्षेत्रे समवेता युयुत्सवः ॥
मामकाः पाण्डवाश्चैव किमकुर्वत सञ्जय ॥ १ ॥

पदच्छेदः—धर्मक्षेत्रे, कुरुक्षेत्रे, समवेताः, युयुत्सवः, मामकाः, पाण्डवाः, च, एव, किम्, अकुर्वत, सञ्जय.

व्युत्पत्तिसमासाः—धारयतीति धर्मः, ध्रियते विश्वम् अनेन वा धारयति लोकान् वा धरति लोकान् सः धर्मः, क्षयति वा क्षीयते तत् क्षेत्रम्, धर्मस्य क्षेत्रं धर्मक्षेत्रम् तस्मिन् धर्मक्षेत्रे । कुरोः क्षेत्रम् कुरुक्षेत्रम् तस्मिन् कुरुक्षेत्रे । योद्धुमिच्छवः युयुत्सवः । मम इति कार्यंति प्रसिद्धिं गता मामकाः अथवा मम इमे अनुकम्प्याः पुत्राः मामकाः । पाण्डोः अपत्यानि पुमांसः पाण्डवाः । रागद्वेषादिदोषाणां कृतः सम्यक् जयः येन सः संजयः तत्संबुद्धौ हे संजय ! .

અન્વય અને અર્થ—सञ्जय હે સંજય ! धर्मक्षेत्रे ધર્મબુદ્ધિ પ્રકાશવાના સ્થાનરૂપ એવા, कुरुक्षेत्रे કુરુક્ષેત્રમાં, समवेताः એકઠા થએલા, (અને) युयुत्सवः યુદ્ધ કરવાને ઇચ્છતા, मामकाः મારા પુત્રાદિકો, च અને, पांडवाः પાંડવો, एव ખરેખર, किम् શું, अकुर्वत કરતા હતા ? (તે બાબત સવિસ્તર મને કહે.)

ભાવાર્થઃ—ધૃતરાષ્ટ્ર પૂછે છેઃ—"હે સંજય! ધર્મના સ્થાન રૂપ એવા કુરૂક્ષેત્રમાં એકઠા થઈને યુદ્ધ કરવાને ઈચ્છતા, મારા પુત્રવગેરેએ અને પાંડુના પુત્રોએ ત્યાં શું કર્યું? તે તું મને કહે. ૧.

અવતરણિકાઃ—ધૃતરાષ્ટ્રનો એવી રીતનો પ્રશ્ન સાભળી તેને સંજય નીચે પ્રમાણે ઉત્તર આપે છે —

सञ्जय उवाच । સંજય કહે છે.—

दृष्ट्वा तु पाण्डवानीकं व्यूढं दुर्योधनस्तदा ॥
आचार्यमुपसंगम्य राजा वचनमब्रवीत् ॥ २ ॥

પદચ્છેદઃ—दृष्ट्वा, तु, पाण्डवानीकम्, व्यूढम्, दुर्योधनः, तदा, आचार्यम्, उपसंगम्य, राजा, वचनम्, अब्रवीत्.

વ્યુત્પત્તિસમાસાઃ—अनिति जीवत्यनेन तत् अनीकम्, पाण्डवानाम् अनीकम् पाण्डवानीकम् तत्। विशेषेण उह्यते स्म इति व्यूढम् तत्। दु खेन युध्यते असौ दुर्योधनः । आचर्यते अनेन वा आचिनोति आचरते वेति आचार्य. तम् आचार्यम् ।

અન્વય અને અર્થઃ—तदा તે સમયે, व्यूढं વ્યૂહમાં ગોઠવાયેલા, पाण्डवानीकं પાંડવોના સૈન્યને, दृष्ट्वा જોઈને, राजा રાજા, दुर्योधनः દુર્યોધન (तु ભેદદર્શક અવ્યય), आचार्यम् આચાર્યને, उपसंगम्य પ્રાપ્ત થઈને, (પાસે જઈને આ પ્રમાણે) वचनम् વાક્ય, अब्रवीत् કહેવા લાગ્યો.

ભાવાર્થઃ—તે સમયે વજ્ર નામના વ્યૂહમાં ગોઠવાયલા પાંડવોના સૈન્યને જોઈને, રાજા દુર્યોધન આચાર્ય એવા દ્રોણ ગુરુની પાસે જઈને, આ પ્રમાણે કહેવા લાગ્યોઃ ૨.

અવતરણિકા:—રાજા દુર્યોધન પાંડવોની મોટી ભયાનક સેનાને જોવા માટે દ્રોણાચાર્યને કહે છે:—

પશ્યૈતાં પાણ્ડુપુત્રાણામાચાર્ય મહતીં ચમૂમ્ ॥
વ્યૂઢાં દ્રુપદપુત્રેણ તવ શિષ્યેણ ધીમતા ॥ ૩ ॥

પદચ્છેદ:—પશ્ય, એતામ્, પાણ્ડુપુત્રાણામ્, આચાર્ય, મહતીમ્, ચમૂમ્, વ્યૂઢામ્, દ્રુપદપુત્રેણ, તવ, શિષ્યેણ, ધીમતા.

વ્યુત્પત્તિસમાસા:—પાણ્ડો: પુત્રા: પાણ્ડુપુત્રા: તેષામ્ પાણ્ડુપુત્રાણામ્ । દ્રુપદસ્ય પુત્ર: દ્રુપદપુત્ર: તેન દ્રુપદપુત્રેણ । શાસિતું યોગ્ય: શિષ્ય: તેન શિષ્યેણ । ધી: અસ્ય અસ્તિ ઇતિ ધીમાન્ તેન ધીમતા ।

અન્વય અને અર્થ:—આચાર્ય હે આચાર્ય ! તવ તમારા, ધીમતા બુદ્ધિમાન્, શિષ્યેણ શિષ્ય, દ્રુપદપુત્રેણ દ્રુપદના પુત્ર ધૃષ્ટદ્યુમ્નવડે, વ્યૂઢાં વ્યૂહ રચનામાં ગોઠવાયલી, પાણ્ડુપુત્રાણામ્ પાંડુના પુત્રોની, એતામ્ આ, મહતીમ્ મોટી, ચમૂમ્ સેનાને, પશ્ય તમે જુઓ.

ભાવાર્થ:—હે આચાર્ય ! આપના બુદ્ધિમાન્ શિષ્ય દ્રુપદરાજાના પુત્ર ધૃષ્ટદ્યુમ્ને વજ્રનામની મહાભયાનક વ્યૂહરચનામાં ગોઠવેલી પાંડવોની આ મોટી સેનાને તમે જુઓ. ૩.

અવતરણિકા:—પાંડવોની સેનામાં માત્ર ધૃષ્ટદ્યુમ્ન એકલ નથી, પણ બીજા ઘણા શરવીર યોદ્ધાઓ છે, એમ જણાવવાને માટે દ્રોણાચાર્યને દુર્યોધન ત્રણ શ્લોકથી કહે છે:—

અત્ર શૂરા મહેષ્વાસા ભીમાર્જુનસમા યુધિ ॥
યુયુધાનો વિરાટશ્ચ દ્રુપદશ્ચ મહારથ: ॥ ૪ ॥

पदच्छेदः—अत्र, शूराः, महेष्वासाः, भीमार्जुनसमाः, युधि, युयुधानः, विराटः, च, द्रुपदः, च, महारथः.

व्युत्पत्तिसमासाः—विक्रातानपि शृणाति इति शूरा । इषवः स्यन्ते क्षीयन्ते एभि इति इष्वासा, महान्त इष्वासा धनूंषि येषा ते महेष्वासा । भीमश्च अर्जुनश्च भीमार्जुनौ, ताभ्या समा तुल्याः भीमार्जुनसमा । रथ अस्य अस्तीति रथ, महाश्चासौ रथश्च महारथ ।

अन्वय अने अर्थ—अत्र अहीं, युधि युद्धभूमिमां, महेष्वासाः मोटा धनुष्योने धारण करनार, भीमार्जुनसमाः भीम अने अर्जुनना समान, शूराः शूरवीरो छे, (जेवाके) युयुधानः युयुधान, विराट विराट राजा, च अने, महारथः महारथी, (च समुच्चयार्थे) द्रुपदः द्रुपद.

भावार्थः—हे शुरो ! अहीं युद्धभूमिने विषे मोटा धनुष्योने धारण करनार, भीम अने अर्जुनना समान बलवान् शूरवीर पुरुषो छे, जेवा के सात्यकि, विराट, अने महारथी द्रुपद.४.

धृष्टकेतुश्चेकितानः काशिराजश्च वीर्यवान् ॥
पुरुजित्कुंतिभोजश्च शैब्यश्च नरपुंगवः ॥ ५ ॥

पदच्छेदः—धृष्टकेतुः, चेकितानः, काशिराजः, च, वीर्यवान्, पुरुजित्, कुंतिभोजः, च, शैब्यः, च, नरपुंगवः.

व्युत्पत्तिसमासाः—धृष्टो निर्भय केतुर्ध्वजो यस्य स धृष्टकेतु । काश्या राजा काशिराज । वीर्य अस्य अस्तीति वीर्यवान् । पुरुं जयतीति पुरुजित् । नराणां नरेषु वा पुगव नरपुंगव ।

અન્વય અને અર્થઃ—ચ અને, ધૃષ્ટકેતુઃ ધૃષ્ટકેતુ, ચેકિતાનઃ ચેકિતાન, વીર્યવાન્ પરાક્રમી, કાશિરાજઃ કાશીનો રાજા, પુરુજિત્ પુરૂજિત્, ચ અને, કુંતિભોજઃ કુંતિભોજ, ચ અને, નરપુંગવઃ પુરૂષોમાં ઉત્તમ, શૈબ્યઃ શૈબ્ય નામનો રાજા.

ભાવાર્થઃ—અને ધૃષ્ટકેતુ, ચેકિતાન, પરાક્રમી કાશીરાજ, પુરુજિત્ અને કુંતિભોજ તેમ પુરૂષોમાં શ્રેષ્ઠ એવો શૈબ્ય નામનો રાજા પણ છે. ૫.

युधामन्युश्च विक्रान्त उत्तमौजाश्च वीर्यवान् ॥
सौभद्रो द्रौपदेयाश्च सर्व एव महारथाः ॥ ६ ॥

પદચ્છેદઃ—युधामन्युः, च, विक्रान्तः, उत्तमौजाः, च, वीर्यवान्, सौभद्रः, द्रौपदेयाः, च, सर्वे, एव, महारथाः.

વ્યુત્પત્તિસમાસાઃ—युधि आसमन्तात् मन्युः क्रोधो यस्य सः युधामन्युः । विशेषेण क्रान्तः इति विक्रान्तः । उत्तमं ओजः यस्य स उत्तमौजाः । सुभद्रायाः अपत्यं पुमान् सौभद्रः । द्रुपदस्य अपत्यं स्त्री द्रौपदी, द्रौपद्याः अपत्यानि पुमांसः द्रौपदेयाः । महान्तश्च ते रथाः (रथिनः) इति महारथाः* ।

અન્વય અને અર્થઃ—ચ વળી, વિક્રાન્તઃ શૂરવીર, युधामन्युः યુધામન્યુ, ચ અને, વીર્યવાન્ પરાક્રમશીલ, उत्तमौजाः

---

* एको दशसहस्राणि योधयेद्यस्तु धन्विनाम् ।
शस्त्रशास्त्रप्रवीणश्च महारथ इति स्मृतः ॥

જે યોદ્ધો દસહજાર લડવૈયાઓની સાથે એકલો લડે અને શસ્ત્ર ચલાવવામાં તથા યુદ્ધશાસ્ત્રમાં જે પ્રવીણ હોય તેને મહારથી કહેવામાં આવે છે.

ઉત્તમૌજા, સૌભદ્રઃ અભિમન્યુ, ચ અને, દ્રૌપદેયાઃ દ્રૌપદીના પ્રતિવિન્ધ્યાદિ પાંચપુત્રો, (એ) સર્વે બધા, એવ જ મહારથાઃ મહારથીઓ, (વર્ત્તન્તે છે).

ભાવાર્થઃ—વળી શૂરવીર યુધામન્યુ, પરાક્રમશીલ ઉત્તમૌજા, સુભદ્રાનો પુત્ર અભિમન્યુ અને દ્રૌપદીના પ્રતિવિન્ધ્યાદિ પાંચ પુત્રો વિગેરે બધાજ ખરેખર મહારથીઓ છે. ૬.

અવતરણિકાઃ—પાંડવોની મહાબલિષ્ટ મહારથીઓથી યોજાયલી સેનાને જોઈ મનમા ભય પામેલો છતા પણ દ્રોણાચાર્ય વખતે જાણી જાય એમ માની પોતાની સેના તેમની સેના કરતા પણ મોટી અને જુસ્સાદાર તેમજ બળવાળી છે એમ દર્શાવવા દુર્યોધન કહે છે —

अस्माकं तु विशिष्टा ये तान्निबोध द्विजोत्तम ॥
नायका मम सैन्यस्य संज्ञार्थं तान्ब्रवीमि ते ॥ ७ ॥

પદચ્છેદઃ—अस्माकम्, तु, विशिष्टाः, ये, तान्, निबोध, द्विजोत्तम, नायकाः, मम, सैन्यस्य, संज्ञार्थम्, तान्, ब्रवीमि, ते.

વ્યુત્પત્તિસમાસાઃ—વિશેષેણ શિષ્ટાઃ વિશિષ્ટાઃ। દ્વિઃ જાયન્તે ઇતિ દ્વિજાઃ, દ્વિજેષુ ઉત્તમઃ દ્વિજોત્તમઃ તત્સંબુદ્ધૌ હે દ્વિજોત્તમ। નયન્તીતિ નાયકાઃ। સેનાયાં સમવૈતિ ઇતિ સૈન્યઃ, તસ્ય સૈન્યસ્ય। સંજ્ઞાયૈ ઇતિ સંજ્ઞાર્થમ્।

અન્વય અને અર્થઃ—દ્વિજોત્તમ હે બ્રાહ્મણશ્રેષ્ઠ આચાર્ય! अस्माकं આપણા, (तु પ્રેક્ષદર્શક અવ્યય), ये જે, विशिष्टाः મુખ્ય (યોદ્ધાઓ છે), तान् તેમને, निबोध તમે જાણીલ્યો, मम મારા,

सैन्यस्य સૈન્યના, ये જે, नायकाः સરદારો, (છે) तान् તેમને, ते આપની, संज्ञार्थं જાણવાને માટે, ब्रवीमि હું કહું છું.

ભાવાર્થઃ—હે બ્રાહ્મણોમાં શ્રેષ્ઠ આચાર્ય! આપણા પણ મુખ્ય મુખ્ય યોદ્ધાઓને આપ જાણી લ્યો, અને તેથી મારી સેનાના જે નાયકો છે તેમનાં નામ આપની જાણવાને માટે હું કહું છું તે આપ સાંભળો. ૭.

भवान्भीष्मश्च कर्णश्च कृपश्च समितिंजयः ॥
अश्वत्थामा विकर्णश्च सौमदत्तिस्तथैव च ॥ ८ ॥

પદચ્છેદઃ—भवान्, भीष्मः, च, कर्णः, च, कृपः, च, समितिंजयः, अश्वत्थामा, विकर्णः, च, सौमदत्तिः, तथा, एव, च.

વ્યુત્પત્તિસમાસાઃ—भाति इति भवान् । विभ्यति शत्रु-रस्मादिति भीष्मः । किरति–शरीरे सुखम् इति कर्णः वा कर्णयति भिनत्ति इति कर्णः । कृपा अस्य अस्तीति कृपः । समयंति अस्यां सा समितिः, तां समितिं संग्रामं जयतीति समितिंजयः । अश्वस्य इव स्थाम बलं यस्य सः अश्वत्थामा । सोमदत्तेः अपत्यं पुमान् सौमदत्तिः ।

અન્વય અને અર્થઃ—भवान् આપ, च અને, भीष्मः ભીષ્મપિતામહ, च અને, कर्णः કર્ણ, च અને, समितिंजयः યુદ્ધમાં જય મેળવનારા, कृपः કૃપાચાર્ય, अश्वत्थामा અશ્વત્થામા, च અને, विकर्णः વિકર્ણ (દુર્યોધનનો નાનો ભાઈ), च અને, तथा एव તેજ પ્રમાણે, सौमदत्तिः ભૂરિશ્રવા (પણ છે).

ભાવાર્થઃ—આપ, ભીષ્મપિતામહ, કર્ણ, યુદ્ધમાં જય મેળવનાર કૃપાચાર્ય, અશ્વત્થામા*, વિકર્ણ, તથા ભૂરિશ્રવા એ આપ સર્વ મારામાં મુખ્ય મુખ્ય પરાક્રમશીલ યોદ્ધાઓ છો. ૮.

अन्ये च बहवः शूरा मदर्थे त्यक्तजीविताः ॥
नानाशस्त्रप्रहरणाः सर्वे युद्धविशारदाः ॥ ९ ॥

पदच्छेदः—अन्ये, च, बहवः, शूराः, मदर्थे, त्यक्तजीविताः, नानाशस्त्रप्रहरणाः, सर्वे, युद्धविशारदाः.

व्युत्पत्तिसमासाः—मम अर्थ मदर्थ तस्मिन् मदर्थे। त्यक्तं जीवित यै ते त्यक्तजीविता । प्रहियते एभि इति प्रहरणर्तन, नाना अनेकानि शस्त्राणि प्रहरणानि येषा ते नानाशस्त्रप्रहरणा । युद्धे विशारदा निपुणा युद्धविशारदा ।

અન્વય અને અર્થઃ—च અને, अन्ये બીજા, बहवः ઘણા, शूराः શૂરવીરો, मदर्थे મારે માટે, त्यक्तजीविता. જેમણે જીવન અર્પણ કરેલાં છે એવા, नानाशस्त्रप्रहरणाः અનેક જાતનાં શસ્ત્ર વગેરે પ્રહાર કરવાનાં સાધનોવાળા છે. (તેમજ એ) सर्वे બધા, युद्धविशारदाः યુદ્ધમા અતિ પ્રવીણ (છે).

---

* अश्वस्येव हि यत्स्थाम नदत प्रदिशो गतम् ।
अश्वत्थामेव बालोऽयं तस्मात्स्यात्मा भविष्यति ॥

महाभारत ।

શબ્દ કરતા ઘોડાની સમાન જેનું બળ ચોદિશા ફેલાયલું છે, એવો આ બાળક અશ્વત્થામા—અશ્વના જેવા બળવાળો, એવા નામથી પ્રસિદ્ધિ પામશે

મહાભારત.

ભાવાર્થઃ—તેમ બીજા પણ ઘણા શૂરવીરો છે કે જેમણે મારી આતર જીવનની પણ દરકાર નથી કરી તેવા, અને અનેક જાતનાં પ્રહાર કરવાનાં શસ્ત્રાદિક સાધનોવાળા છે, એટલુંજ નહિ પણ તે બધા યુદ્ધકલામાં ઘણા પ્રવીણ યોદ્ધાઓ છે (ને તે સર્વ આપણા પક્ષમાં રહેલા છે). ૯.

અવતરણિકાઃ—સૈન્યની વિપુલતા અને સેનાધિપતિની ઉત્તમતાને અંગે પોતાના સૈન્યની મહત્તા બતાવતાં કહે છે—

अपर्याप्तं तदस्माकं बलं भीष्माभिरक्षितम् ॥
पर्याप्तं त्विदमेतेषां बलं भीमाभिरक्षितम् ॥ १० ॥

पदच्छेदः—अपर्याप्तम्, तत्, अस्माकम्, बलम्, भीष्माभिरक्षितम्, पर्याप्तम्, तु, इदम्, एतेषाम्, बलम्, भीमाभिरक्षितम्.

व्युत्पत्तिसमासाः—परितः आप्तुम् इष्टं वा पर्याप्यत इति पर्याप्तम्, न पर्याप्तम् अपर्याप्तम्। भीष्मेण अभिरक्षितं भीष्माभिरक्षितम्। बलमस्यास्ति इति बलं सैन्यम्। भीमेन अभिरक्षितं भीमाभिरक्षितम्।

અન્વય અને અર્થઃ—अस्माकम् આપણું, तत् તે, अपर्याप्तम् અનંત (અતુલ્ય), बलम् સૈન્ય, भीष्माभिरक्षितम् ભીષ્મવડે સારી રીતે રક્ષાયેલું, (છે અને) एतेषाम् એમનું (પાંડવોનું), तु તો, इदम् આ, बलम् સૈન્ય, पर्याप्तम् થોડું (પરાભવ પમાડી શકાય તેવું), અને भीमाभिरक्षितम् ભીમવડે રક્ષાએલું છે.

ભાવાર્થઃ—વળી હે ગુરૂ ! આપણું તે સૈન્ય પાર વિનાનું એટલે ન જીતી શકાય તેટલું ઘણું મોટું છે અને વળી તે ભીષ્મવડે રક્ષાયલું છે, પણ એમનું (પાંડવોનું) એ સૈન્ય તો થોડું એટલે જીતી શકાય તેટલું નાનું અને તે ભીમવડે રક્ષાએલું છે. ૧૦.

અવતરણિકાઃ—આ રીતે પોતાનું સૈન્ય પ્રબળ છે, તો પણ પોતે સાવધાન રહેવુ આવશ્યક છે, એમ માની આજ્ઞારૂપે કિંવા ડરથી નહિ, પણ સર્વથી કર્તવ્યવિમુખ ન થવાય એ હેતુથી કહે છે —

अयनेषु च सर्वेषु यथाभागमवस्थिताः ॥
भीष्ममेवाभिरक्षन्तु भवन्तः सर्व एव हि ॥ ११ ॥

પદચ્છેદઃ—अयनेषु, च, सर्वेषु, यथाभागम्, अवस्थिताः, भीष्मम्, एव, अभिरक्षन्तु, भवन्तः, सर्वे, एव, हि.

વ્યુત્પત્તિસમાસાઃ—भागम् अनतिक्रम्य इति यथाभागम् । अवतिष्ठन्ति स्म ये ते अवस्थिता । अभितः रक्षन्तु अभिरक्षन्तु ।

અન્વય અને અર્થઃ—भवन्तः આપ, सव બધા, एव જ, सर्वेषु સઘળા, अयनेषु વ્યૂહ પ્રવેશના માર્ગોમાં, यथाभागम् પોતપોતાના વિભાગ પ્રમાણે (યોગ્યસ્થાનમાં), अवस्थिताः સ્થિરતાથી ઉભા રહ્યા થકા, भीष्मम् ભીષ્મને, एव જ, हि અવશ્ય રીતે, अभिरक्षन्तु ચોતરફથી રક્ષો.

ભાવાર્થઃ—આપ સર્વે વ્યૂહપ્રવેશના માર્ગોમાં પોતપોતાના વિભાગ પ્રમાણે મળી, યોગ્ય સ્થાનોમાં ઉભા રહીને, અવશ્ય રીતે ભીષ્મનુંજ સાવચેતીથી રક્ષણ કરો !, કારણ કે સેનાધિપતિના રક્ષણમાંજ સર્વ સૈન્યનું રક્ષણ સમાયલું છે માટે તેમનું રક્ષણ કરવામાંજ સર્વેએ તત્પર રહેવું. ૧૧.

અવતરણિકા:—આવી રીતે દુર્યોધનનો પોતાના પર અત્યંત ભાવ જોઈ, તેને હર્ષ ઉપજાવવા તથા શત્રુઓને ભય ઉત્પન્ન કરવા માટે ભીષ્મ-પિતામહે સિંહસમાન ગર્જના કરીને જે શંખનાદ કર્યો તે સંજય ધૃતરાષ્ટ્રને કહે છે —

तस्य सञ्जनयन् हर्षं कुरुवृद्धः पितामहः ॥
सिंहनादं विनद्योच्चैः शङ्खं दध्मौ प्रतापवान् ॥१२॥

પદચ્છેદ:—तस्य, सञ्जनयन, हर्षम्, कुरुवृद्धः, पितामहः, सिंहनादम्, विनद्य, उच्चैः, शङ्खम्, दध्मौ, प्रतापवान्.

વ્યુત્પત્તિસમાસા:—सम्यक् जनयतीति सञ्जनयन् । कुरूणा कुरुषु वा वृद्धः कुरुवृद्धः । महान् च असौ पिता च पितामहः । सिंहस्य नाद इव नादः सिंहनादः तं सिंहनादम् । प्रतापः अस्य अस्तीति प्रतापवान् ।

અન્વય અને અર્થ:—प्रतापवान् પ્રતાપી,(એવા) कुरुवृद्धः કૌરવોમાં વૃદ્ધ, पितामहः ભીષ્મ-પિતામહ, तस्य તે (દુર્યોધન) ને, हर्षम् હર્ષ, सञ्जनयत् ઉપજાવતા થકા, सिंहनादम् સિંહના જેવો નાદ, विनद्य કરીને, उच्चैः મોટે સાદે, शङ्खम् શંખને, दध्मौ વગાડવા લાગ્યા.

ભાવાર્થ:—પ્રતાપી અને કૌરવોમાં વૃદ્ધ ભીષ્મ પિતામહે દુર્યોધનને હર્ષ ઉપજાવવા માટે સિંહના જેવો નાદ કરીને ઉચ્ચે સ્વરે પોતાનો શંખ વગાડ્યો. ૧૨.

અવતરણિકા:—ભીષ્મ પિતામહનો આવી રીતનો ઉદ્યમ જોઇને બીજા યોદ્ધાઓએ પણ સેનાધિપતિની ગૂઢ સૂચનાનો સ્વીકાર કરી જે પ્રવૃત્તિ કરી તે કહે છે —

ततः शंखाश्च भेर्यश्च पणवानकगोमुखाः ॥
सहसैवाभ्यहन्यन्त स शब्दस्तुमुलोऽभवत् ॥ १३ ॥

पदच्छेदः—ततः, शङ्खाः, च, भेर्यः, च पणवानक-गोमुखाः, सहसा, एव, अभ्यहन्यन्त, सः, शब्दः, तुमुलः, अभवत्.

व्युत्पत्तिसमासाः—शाम्यते विघ्नम् एभिः इति शंखाः। बिभेति याम्यः परसेना इति भेर्यः। पणवाश्च आनकाश्च गोमुखाश्च पणवानकगोमुखाः।

अन्वय अने अर्थः—ततः त्यार पछी, शङ्खाः शंखो, च अने, भेर्यः भेरीओ, च अने, पणवानकगोमुखाः भूंगळ, नगारांओ तथा रणशिंगांओ, सहसा तुरत, एव ज, अभ्य-हन्यन्त वगाडवा लाग्यां, (अने) सः ते, शब्दः शब्द, तुमुलः धणो मोटो, अभवत् थयो.

भावार्थः—सेनापति भीष्म पितामहे ज्यां शंखनाद कर्यो के तेज वखते अन्य योद्धाओ पण पोतपोतानां शंखो, भेरीओ, भूंगळ, नगारां अने रणशिंगांओ तुरतज वगाडवा लाग्या अने ते शंखादिनो ते शब्द धणो मोटो गगन-भेदी थयो. १३.

अवतरणिकाः—ए प्रकारे दुर्योधनની सेनानो उद्यम कही हवे पांडवोनी सेनानो उद्यम संजय कहे छे.—

ततः श्वेतैर्हयैर्युक्ते महति स्यन्दने स्थितौ ॥
माधवः पाण्डवश्चैव दिव्यौ शङ्खौ प्रदध्मतुः ॥१४॥

પદચ્છેદઃ—ततः, श्वेतैः, हयैः, युक्ते, महति, स्यन्दने, स्थितौ, माधवः, पाण्डवः, च, एव, दिव्यौ, शङ्खौ, प्रदध्मतुः.

વ્યુત્પત્તિસમાસાઃ—श्वेतन्ते प्रकाशंते इति श्वेताः तैः श्वेतैः। हयंति वेगेन चलंति इति हयाः तैः हयैः। मह्यते पूज्यते इति महान् तस्मिन् महति। स्यदः शीघ्रगतिः अस्य अस्ति इति स्यन्दनः तस्मिन् स्यन्दने। मायाः लक्ष्म्याः धवः इति माधवः, अथवा मधोः गोत्रापत्यं पुमान् माधवः। पाण्डोः अपत्यं पुमान् पाण्डवः। दिवि भवौ दिव्यौ तौ। प्रकर्षेण दध्मतुः प्रदध्मतुः।

અન્વય અને અર્થઃ—तत त्यार पछी, श्वेतैः धोळा, हयैः घोडाओ वडे, युक्ते जोडायला, महति मोटा, स्यन्दने रथने विषे, स्थितौ बेठेला, माधवः श्रीकृष्णु, च अने, पाण्डवः अर्जुन, एव पणु, (तेवी रीते) दिव्यौ दिव्य, शङ्खौ (बे) शंखोने, प्रदध्मतुः वगाडवा लाग्या.

ભાવાર્થઃ—પછી સફેદ ઘોડાઓ યુક્ત એવા મોટા રથમાં બેઠેલા ભગવાન્ શ્રીકૃષ્ણુ અને અર્જુન પણુ તે પ્રમાણે પોત-પોતાના દિવ્ય શંખો વગાડવા લાગ્યા. ૧૪.

અવતરણિકાઃ—શ્રીકૃષ્ણુ તથા અર્જુને કયા શંખ વગાડ્યા તે કહેવા સાથે બીજાઓએ પણુ જે જે શંખો વગાડ્યા તે નીચેના બે શ્લોકમાં જણાવે છે.—

पाञ्चजन्यं हृषीकेशो देवदत्तं धनंजयः ॥
पौण्ड्रं दध्मौ महाशङ्खं भीमकर्मा वृकोदरः ॥ १५ ॥

પદચ્છેદઃ—પાઞ્ચજન્યમ્, હૃષીકેશઃ, દેવદત્તમ્, ધનઞ્જયઃ, પૌણ્ડ્રમ્, દધ્મૌ, મહાશઙ્ખમ્, ભીમકર્મા, વૃકોદરઃ.

વ્યુત્પત્તિસમાસાઃ—પંચજને દૈત્યે ભવઃ પંચજનાત્ દૈત્યાત્ વા ઉત્પન્નઃ પાંચજન્યઃ તં પાંચજન્યમ્ । હૃષીકાણામ્ ઇન્દ્રિયાણામ્ ઈશઃ હૃષીકેશઃ । દેવૈઃ દત્તઃ દેવદત્તઃ તં દેવદત્તમ્ । ધનમ્ જયતીતિ ધનઞ્જયઃ । પુણ્ડ્રસ્ય અયં પૌણ્ડ્રઃ તં પૌણ્ડ્રમ્ । મહાશ્ચાસૌ શંખશ્ચ મહાશંખઃ તમ્ મહાશંખમ્ । ભીમાનિ ભયંકરાણિ કર્માણિ યસ્ય સઃ ભીમકર્મા । વર્કતે પાચયતિ ઇતિ વૃક, વૃકસ્ય ઉદરમિવ ઉદરં યસ્ય સ વૃકોદરઃ ।

અન્વય અને અર્થઃ—હૃષીકેશઃ ઇન્દ્રિયોના સ્વામી શ્રીકૃષ્ણ, પાઞ્ચજન્યમ્ પાંચજન્ય નામના શંખને, ધનઞ્જયઃ અર્જુન, દેવદત્તમ્ દેવદત્ત નામના શંખને, (અને) ભીમકર્મા ભયંકર કર્મો કરનાર, વૃકોદરઃ ભીમસેન, પૌણ્ડ્રમ્ પૌંડ્ર નામના, મહાશઙ્ખમ્ મોટા શંખને, દધ્મૌ વગાડવા લાગ્યો.

ભાવાર્થઃ—ઇન્દ્રિયોના નિયામક ભગવાન્ શ્રીકૃષ્ણે પાંચજન્ય, અર્જુને દેવદત્ત અને ભયંકર કર્મ કરનાર ભીમે પૌંડ્ર નામનો એમ પોતપોતાના મોટા શંખોને વગાડ્યા. ૧૫.

अनन्तविजयं राजा कुन्तीपुत्रो युधिष्ठिरः ॥
नकुलः सहदेवश्च सुघोषमणिपुष्पकौ ॥ १६ ॥

પદચ્છેદઃ—અનન્તવિજયમ્, રાજા, કુન્તીપુત્રઃ, યુધિષ્ઠિરઃ, નકુલઃ, સહદેવઃ, ચ, સુઘોષમણિપુષ્પકૌ.

व्युत्पत्तिसमासाः—अनंतान् शत्रून् विशेषेण जयति वा अनंतः विजयो यस्मिन् स. अनंतविजय, तम् अनंतविजयम् । कुन्त्याः पुत्रः कुन्तीपुत्र । युधि तिष्ठति इति युधिष्ठिरः । सुघोषश्च मणिपुष्पकश्च सुघोषमणिपुष्पकौ तौ । सुघोषमणिपुष्पकौ

अन्वय अने अर्थः—कुन्तीपुत्रः કુન્તીના પુત્ર, राजा રાજા, युधिष्ठिरः યુધિષ્ઠિર, अनन्तविजयम् અનન્તવિજય નામના शंખને, (तेमज) नकुलः નકુલ, च અને, सहदेवः સહદેવ, सुघोषमणिपुष्पकौ સુઘોષ અને મણિપુષ્પક નામના પોતાના शंખોને (વગાડવા લાગ્યા).

ભાવાર્થઃ—કુન્તીના પુત્ર રાજા યુધિષ્ઠિરે અનન્તવિજય નામનો પોતાનો શંખ તથા નકુલ અને સહદેવે સુઘોષ અને મણિપુષ્પક નામના પોતાના શંખો વગાડ્યા. ૧૬.

काश्यश्च परमेष्वासः शिखण्डी च महारथः ॥
धृष्टद्युम्नो विराटश्च सात्यकिश्चापराजितः ॥ १७ ॥
द्रुपदो द्रौपदेयाश्च सर्वशः पृथिवीपते ॥
सौभद्रश्च महाबाहुः शंखान् दध्मुः पृथक् पृथक् १८

पदच्छेदः—काश्यः, च, परमेष्वासः, शिखण्डी, च, महारथः, धृष्टद्युम्नः, विराटः, च, सात्यकिः, च, अपराजितः, द्रुपदः, द्रौपदेयाः, च, सर्वशः, पृथिवीपते, सौभद्रः, च, महाबाहुः, शङ्खान्, दध्मुः, पृथक्, पृथक्.

વ્યુત્પત્તિસમાસાઃ—કાશ્યા ભવ: કાશ્ય । પરમ ઇષ્વાસો ધનુર્યસ્ય સ પરમેષ્વાસ । શિખડ શ્મશ્રુશૂન્યતા અસ્તિ અસ્ય ઇતિ શિખડી। મહાન્ રથો યસ્ય સ વા મહાન્ ચાસૌ રથ (રથી) ચ મહારથ । ધૃષ્ણોતિ પરાભવ કરોતિ ઇતિ ધૃષ્ટમ્, ધૃષ્ટ દ્યુમ્ન બલ યસ્ય સ ધૃષ્ટદ્યુમ્ન । ન પરાજિત અપરાજિત । દ્રોપદ્યા અપત્યાનિ પુમામ દ્રૌપદેયા । સર્વસ્માદિતિ સર્વશ । પૃથિ્યા પતિ પૃથિવીપતિ તત્સબુદ્ધૌ હે પૃથિવીપતે । સુભદ્રાયા અપત્ય પુમાન્ સૌભદ્ર । મહાન્તૌ બાહૂ યસ્ય સ મહાબાહુ ।

અન્વય અને અર્થઃ—પૃથિવીપતે હે પૃથ્વીપતિ ધૃતરાષ્ટ્ર! પરમેષ્વાસ મોટા ધનુષ્યને ધારણ કરનાર, કાશ્ય કાશીરાજા, મહારથ મહારથી, શિખણ્ડી શિખંડી, ચ અને, ધૃષ્ટદ્યુમ્ન દ્રુપદનો પુત્ર ધૃષ્ટદ્યુમ્ન, ચ અને, વિરાટ વિરાટરાજા, ચ અને, અપરાજિત બીજાથી પરાજય ન પમાડી શકાય તેવો, સાત્યકિ સાત્યકિ, ચ અને, દ્રુપદ રાજા દ્રુપદ, ચ અને, દ્રાપદેયા દ્રૌપદીના પુત્રો, ચ અને, મહાબાહુ મોટી ભુજાઓવાળો, સૌભદ્ર સુભદ્રાનો પુત્ર અભિમન્યુ, (એ સર્વે) સર્વશ: ચોતરફથી, (પોતપોતાના) પૃથક્ પૃથક્ જુદા જુદા, શઙ્ખાન્ શંખોને, દધ્મુ વગાડવા લાગ્યા

ભાવાર્થઃ—હે પૃથ્વીપતિ ધૃતરાષ્ટ્ર! મોટા ધનુષ્યને ધારણ કરનાર કાશીનો રાજા, મહારથી શિખંડી, ધૃષ્ટદ્યુમ્ન, વિરાટ, અજેય સાત્યકિ, દ્રુપદ તથા દ્રૌપદીના પુત્રો, અને મહાબાહુ સુભદ્રાનો પુત્ર અભિમન્યુ એ સર્વ ચોમેરથી પોતપોતાના જુદા જુદા શંખો વગાડવા લાગ્યા ૧૭–૧૮

અવતરણિકાઃ—એ શંખોનો શબ્દ કેવો થયો તે કહે છે—

स घोषो धार्तराष्ट्राणां हृदयानि व्यदारयत् ॥
नभश्च पृथिवीं चैव तुमुलो व्यनुनादयन् ॥ १९ ॥

પદચ્છેદઃ—सः, घोषः, धार्तराष्ट्राणाम्, हृदयानि, व्यदारयत्, नभः, च, पृथिवीम्, च, एव, तुमुलः, व्यनुनादयन्.

વ્યુત્પત્તિસમાસાઃ—घोषयतीति घोषः । धृतराष्ट्रस्य अपत्यानि पुमांसः धार्तराष्ट्राः तेषां धार्तराष्ट्राणाम् । विशेषेण अदारयत् इति व्यदारयत् । पृयते इति पृथिवी ताम् पृथिवीम् । तौति इति तुमुलः । विशेषेण अनुनादयतीति व्यनुनादयन् ।

અન્વય અને અર્થઃ—सः તે, तुमुलः મોટો ભયંકર, घोषः અવાજ-શબ્દ, नभः આકાશ, च અને, पृथिवीम् પૃથ્વીને, च, एव પણ, व्यनुनादयन् ગજાવતો, धार्तराष्ट्राणाम् ધૃતરાષ્ટ્રના પુત્રોનાં, हृदयानि હૃદયોને, व्यदारयत् ચીરી નાંખવા લાગ્યો.

ભાવાર્થઃ—શંખોનો તે મહાન્ ભયંકર શબ્દ આકાશ અને પૃથ્વીને પણ ગજાવી મૂકતો ધૃતરાષ્ટ્રના પુત્રોનાં હૃદયોને ચીરી નાંખવા લાગ્યો. અર્થાત્ શ્રીકૃષ્ણ વગેરેના તે શંખોના શબ્દથી દુર્યોધન વગેરેનાં હૃદય જાણે ભવિષ્યનું સૂચન થતું હોય તેમ કમ્પાયમાન થઈ ગયાં. ૧૯.

અવતરણિકાઃ—એ પ્રમાણે સૈનિકોની પ્રવૃત્તિ કહી શત્રુસૈન્યની ગોઠવણી જોઈ તેણે પોતાનું યુદ્ધકૌશલ્ય બતાવવું એવા નિશ્ચયવાળા સંગ્રામકુશળ અર્જુનની કુશળતા બતાવવા હવે તેની પ્રવૃત્તિ કહે છે—

अथ व्यवस्थितान्दृष्ट्वा धार्त्तराष्ट्रान्कपिध्वजः ॥
प्रवृत्ते शस्त्रसंपाते धनुरुद्यम्य पाण्डवः ॥ २० ॥

હૃષીકેશ તદા વાક્યમિદમાહ મહીપતે ॥

પદચ્છેદઃ—અથ, વ્યવસ્થિતાન્, દૃષ્ટ્વા, ધાર્ત્તરાષ્ટ્રાન્, કપિધ્વજઃ, પ્રવૃત્તે, શસ્ત્રસંપાતે, ધનુઃ, ઉદ્યમ્ય, પાણ્ડવઃ, હૃષીકેશમ્, તદા, વાક્યમ્, ઇદમ્, આહ, મહીપતે.

વ્યુત્પત્તિસમાસાઃ—કપિ હનુમાન્ ધ્વજાયા યસ્ય સ કપિધ્વજ । સહ પાત સંપાત, શસ્ત્રાણા સંપાત શસ્ત્રસંપાત તસ્મિન્ શસ્ત્રસંપાતે । મહ્યા પૃથ્વ્યા પતિ મહીપતિ તત્સબુદ્ધૌ હે મહીપતે ।

અન્વય અને અર્થઃ—મહીપતે હે પૃથ્વીપતિ ધૃતરાષ્ટ્ર ! અથ ત્યારપછી, ધાર્ત્તરાષ્ટ્રાન્ ધૃતરાષ્ટ્રના (તમારા) પુત્રોને, વ્યવસ્થિતાન્ (યુદ્ધ માટે) ગોઠવાઈને ઉભેલા, દૃષ્ટ્વા જોઈને, શસ્ત્રસંપાતે શસ્ત્રો પડવાની, પ્રવૃત્તે પ્રવૃત્તિ શરૂ થતા, કપિધ્વજ હનૂમાન્ના ચીન્હવાળીધ્વજાવાળો, પાણ્ડવ અર્જુન, ધનુ ધનુષ્યને, ઉદ્યમ્ય સજ્જ કરીને, તદા તે વખતે, હૃષીકેશમ્ ઇન્દ્રિયોના સ્વામી શ્રીકૃષ્ણને, ઇદમ્ આ (પ્રમાણે) વચન, આહ કહેવા લાગ્યો.

ભાવાર્થઃ—હે પૃથ્વીપતિ ધૃતરાષ્ટ્ર ! ત્યારપછી તમારા ધૃતરાષ્ટ્રના પુત્રોને જ્યારે યુદ્ધને માટે ગોઠવાઈને તૈયાર થઈ ઉભેલા અર્જુને જોયા એટલે જેની ધ્વજા પર હનૂમાનનું ચિન્હ છે એવો અર્જુન પણ પોતાના ધનુષ્યને સજ્જ કરીને ભગવાન્ શ્રીકૃષ્ણને આ પ્રમાણે કહેવા લાગ્યો ૨૦

અવતરણિકા—બેનાઓના મધ્યમા રથને લઈ જવાનુ કારણ થતા વતો અર્જુન શુ કહે છે તે જણાવે છે—

अर्जुन उवाच । અર્જુન બોલ્યોઃ—

सेनयोरुभयोर्मध्ये रथं स्थापय मेऽच्युत ॥ २१ ॥
यावदेतान्निरीक्षेऽहं योद्धुकामानवस्थितान् ॥
कैर्मया सह योद्धव्यमस्मिन्रणसमुद्यमे ॥ २२ ॥

પદચ્છેદઃ—સેનયોઃ, ઉભયોઃ, મધ્યે, રથમ્, સ્થાપય, મે, અચ્યુત, યાવત્, એતાન્, નિરીક્ષે, અહમ્, યોદ્ધુકામાન્, અવસ્થિતાન્, કૈઃ, મયા, સહ, યોદ્ધવ્યમ્, અસ્મિન્, રણસમુદ્યમે.

વ્યુત્પત્તિસમાસાઃ—સિનાતિ બધ્નાતિ ઇતિ સેના, સેના ચ સેના ચ સેને તયોઃ સેનયોઃ । ન ચ્યુતઃ અચ્યુતઃ તત્સંબુદ્ધૌ હે અચ્યુત । યોદ્ધું કામયન્તે તે યોદ્ધુકામાઃ તાન્ યોદ્ધુકામાન્ । રણનં રણઃ વા રણ્યતે અસ્મિન્ ઇતિ રણઃ, સમ્યક્ ઉદ્યમઃ સમુદ્યમઃ, રણસ્ય સમુદ્યમઃ રણસમુદ્યમઃ તસ્મિન્ રણસમુદ્યમે ।

અન્વય અને અર્થઃ—અચ્યુત હે શ્રીકૃષ્ણ ! મે મારા, રથમ્ રથને, ઉભયોઃ બન્ને, સેનયોઃ સેનાઓની, મધ્યે વચમાં, સ્થાપય ઉભો રાખો, (કે) યાવત્ જ્યાંથી અથવા જ્યાંસુધીમાં, યોદ્ધુકામાન્ યુદ્ધની ઇચ્છાવાળા થઈને, અવસ્થિતાન્ સ્થિરતાથી ઉભેલા, એતાન્ એમને, અહમ્ હું, નિરીક્ષે જોઈ શકું, (અને) અસ્મિન્ આ, રણસમુદ્યમે રણના સમારંભમાં, મયા મારે, કૈઃ કોની, સહ સાથે, યોદ્ધવ્યમ્ યુદ્ધ કરવાનું છે ?

ભાવાર્થઃ—હે શ્રીકૃષ્ણ, તમે મારા રથને બન્ને સેનાઓની વચ્ચે ઉભો રાખો કે જ્યાંથી યુદ્ધની ઇચ્છાથી તૈયાર થઈ ઉભેલા

એમને હું જોઈ શકું, અને રણસમારંભમા મારે કોની સાથે યુદ્ધ કરવુ જોઈએ તે પણ હું સમજી શકું ૨૧-૨૨

योत्स्यमानानवेक्षेऽहं य एतेऽत्र समागताः ॥
धार्त्तराष्ट्रस्य दुर्बुद्धेर्युद्धे प्रियचिकीर्षवः ॥ २३ ॥

पदच्छेदः—योत्स्यमानान्, अवेक्षे, अहम्, ये, एते, अत्र, समागताः, धार्त्तराष्ट्रस्य, दुर्बुद्धेः, युद्धे, प्रियचिकीर्षवः.

व्युत्पत्तिसमासाः—योत्स्यते इति योत्स्यमाना तान् योत्स्यमानान् । सम्यक् आगता समागता । दुष्टा बुद्धि यस्य स दुर्बुद्धि तस्य दुर्बुद्धे । कर्तुम् इच्छन्ति चिकीर्षन्ति, चिकीर्षन्ति ते चिकीर्षव, प्रियस्य चिकीर्षव प्रियचिकीर्षव ।

अन्वय अने अर्थः—(वळी) दुर्बुद्धे દુષ્ટ બુદ્ધિવાળા, धार्त्तराष्ट्रस्य ધૃતરાષ્ટ્રના પુત્ર દુર્યોધનનું, युद्धे યુદ્ધમા, प्रिय चिकीर्षव પ્રિય કરવાની ઇચ્છાવાળા, ये જે, एते આ, अत्र અહીંઆ समागता આવેલા છે, (તે) योत्स्यमानान् યુદ્ધ કરવા ઇચ્છનારાઓને, (પણ) अहम् હું, अवेक्षे જોઉં

भावार्थः—વળી દુષ્ટ બુદ્ધિવાળા ધૃતરાષ્ટ્રના પુત્ર દુર્યોધનનુ યુદ્ધમા પ્રિય કરવાની ઇચ્છાવાળા જેઓ અહીંઆ આવેલા છે તેવા યુદ્ધ કરવા ઇચ્છનારાઓને પણ હું જોઈ શકું ૨૩

अवतरणिकाः—એ પ્રમાણે અર્જુને પ્રેમના રીતે પણ અહિંસા ધર્મનો સ્વીકાર કરી અર્જુનને યુદ્ધ નહિ કરવા માટે પ્રત્યક્ષ આજ્ઞા કરે એવી ધૃતરાષ્ટ્રના મનની આશા પર દૃઢ કરવાના હેતુથી સંજય કહે છે—

सञ्जय उवाच । સંજય કહે છે –

एवमुक्तो हृषीकेशो गुडाकेशेन भारत ॥
सेनयोरुभयोर्मध्ये स्थापयित्वा रथोत्तमम् ॥ २४ ॥
भीष्मद्रोणप्रमुखतः सर्वेषां च महीक्षिताम् ॥
उवाच पार्थ पश्यैतान्समवेतान्कुरूनिति ॥ २५ ॥

પદચ્છેદઃ—एवम्, उक्तः, हृषीकेशः, गुडाकेशेन, भारत, सेनयोः, उभयोः, मध्ये, स्थापयित्वा, रथोत्तमम्, भीष्म-द्रोणप्रमुखतः, सर्वेषाम्, च, महीक्षिताम्, उवाच, पार्थ, पश्य, एतान्, समवेतान्, कुरून्, इति.

व्युत्पत्तिसमासाः—गुडाकाया निद्राया ईश गुडाकेश । भरतस्य राज्ञ वशे जात भारत' तत्सबुद्धौ हे भारत । रथेषु उत्तमः रथोत्तम तम् रथोत्तमम् । भीष्मश्च द्रोणश्च भीष्मद्रोणौ तयो प्रमुखत भाष्म-द्रोणप्रमुखत । महीम् इक्षते इच्छति इति महीक्षित तेषाम् महीक्षिताम् ।

અન્વય અને અર્થઃ—भारत હે ભરતવંશી ધતરાષ્ટ્ર ! गुडाकेशेन નિદ્રાને જીતનાર અર્જુને, एवम् એ પ્રમાણે, उक्तः કહેવાયલા, हृषीकेशः ભગવાન્ શ્રીકૃષ્ણ, उभयो' બન્ને, सेनयोः સેનાઓની, मध्ये વચમાં, भीष्मद्रोणप्रमुखतः ભીષ્મ પિતામહ અને દ્રોણાચાર્યની સાન્નિધ્યમાં, च અને, सर्वेषाम् સર્વ, महीक्षिताम् રાજાઓની સમક્ષ रथोत्तमम् ઉત્તમ રથને, स्थाप-यित्वा ઉભો કરીને, ' पार्थ! હે પૃથા-કુંતી-ના પુત્ર અર્જુન! समवेतान् એકઠા થએલા, एतान् આ, कुरून् કૌરવોને, पश्य જો" इति એ પ્રમાણે, उवाच કહેવા લાગ્યા.

ભાવાર્થઃ—હે ધૃતરાષ્ટ્ર! એ પ્રમાણે અર્જુનવડે કહેવાયલા ભગવાન્ શ્રીકૃષ્ણ, બન્ને સેનાઓની વચ્ચે ભીષ્મ અને દ્રોણની સાન્નિધ્યમાં તેમજ અન્ય રાજાઓની સમક્ષ, ઉત્તમ રથને ઉભો રાખીને "હે કુંતાના પુત્ર અર્જુન! તું આ એકઠા મળેલા કૌરવોને જો" એ પ્રમાણે કહેવા લાગ્યા. ૨૪–૨૫.

तत्रापश्यत्स्थितान्पार्थः पितॄनथ पितामहान् ॥
आचार्यान्मातुलान्भ्रातॄन्पुत्रान्पौत्रान्सखींस्तथा॥२६॥
श्वशुरान्सुहृदश्चैव सेनयोरुभयोरपि ॥

પદચ્છેદઃ—તત્ર, અપશ્યત, સ્થિતાન, પાર્થઃ, પિતૄન, અથ, પિતામહાન, આચાર્યાન, માતુલાન, ભ્રાતૄન, પુત્રાન, પૌત્રાન, સખીન, તથા, શ્વશુરાન, સુહૃદઃ ચ, એવ, સેનયોઃ, ઉભયોઃ, અપિ.

વ્યુત્પત્તિસમાસાઃ—પૃથાયાઃ અપત્યં પુમાન્ પાર્થઃ। પાન્તિ ઇતિ પિતરઃ તાન્ પિતૄન્। *પુનામ્નો નરકાત્ ત્રાયંતે ઇતિ પુત્રાઃ તાન્ પુત્રાન્। પુત્રસ્ય અપત્યાનિ પુમાંસઃ, પૌત્રાઃ તાન્ પૌત્રાન્। શુ અશ્નુવતે ઇતિ શ્વશુરાઃ તાન્ શ્વશુરાન્। શોભનં હૃદ્ હૃદયં યેષાં તે સુહૃદઃ।

અન્વય અને અર્થઃ—તત્ર ત્યાં યુદ્ધભૂમિમાં, પાર્થઃ અર્જુન, ઉભયોઃ બન્ને, સેનયોઃ સેનાઓમાં, સ્થિતાન્ ઉભા રહેલા, પિતૄન્ ભૂરિશ્રવાદિ પિતૃપક્ષના વડીલોને, અથ તેમજ, પિતામહાન્ ભીષ્મ વિગેરે પિતામહોને, આચાર્યાન્ દ્રોણ, કૃપાચાર્યાદિ આચા-

* पुन्नाम्नो नरकात्यस्मात्पितर त्रायते सुत । तस्मात्पुत्र इति प्रोक्तः स्वयमेव स्वयम्भुवा । મનુ જે માટે પુનામના નરકમાથી પિતાને પુત્ર તારે છે તે માટે જ બ્રહ્મા એ પોતે જ એને પુત્ર એમ કહ્યુ છે

યોને, मातुलान् શલ્યાદિ મોસાળ પક્ષનાઓને, भ्रातॄन् ભીમ, દુર્યો-ધનાદિ ભાઇઓને, पुत्रान् અભિમન્યુ, લક્ષ્મણ ઇત્યાદિ પુત્રોને, पौत्रान् લક્ષ્મણના પુત્ર વિગેરે પૌત્રોને, તથા અને, सखीन् અશ્વ-त्थामादिक મિત્રોને, श्वशुरान् દ્રુપદ વિગેરે શ્વસુરોને, च અને, सुहृदः સાત્યકિ, કૃતવર્માદિ પરમ મિત્રોને, अपि પણ, एव ખરે-ખર, अपश्यत् જોવા લાગ્યો.

ભાવાર્થઃ—ત્યાં યુદ્ધભૂમિમાં અર્જુને, બન્ને સેનાઓમાં ઉભા રહેલા પોતાના ભૂરિશ્રવાદિ કાકાઓને, ભીષ્માદિ પિતા-મહોને, દ્રોણ, કૃપાચાર્યાદિ આચાર્યોને, શલ્ય વિગેરે મામાઓને, ભીમ, દુર્યોધન વિગેરે ભાઇઓને, અભિમન્યુ, લક્ષ્મણ ઇત્યાદિ પુત્રો, તેમજ તેમના પુત્રો એટલે કે પોતાના પૌત્રોને, અશ્વત્થા-માદિક સખાઓને, દ્રુપદ વિગેરે શ્વસુરોને અને સાત્યકિ, કૃતવર્મા વિગેરે મિત્રોને પણ જોયા ૨૬.

तान्समीक्ष्य स कौन्तेयःसर्वान्बंधूनवस्थितान्॥२७॥
कृपया परयाऽविष्टो विषीदन्निदमब्रवीत् ।

પદચ્છેદઃ—तान्, समीक्ष्य, सः, कौन्तेयः, सर्वान्, बन्धून्, अवस्थितान्, कृपया, परया, आविष्टः, विषीदन्, इदम्, अब्रवीत्.

व्युत्पत्तिसमासाः—सम्यक् ईक्षित्वा इति समीक्ष्य। कुन्त्याः अपत्यं पुमान् कौन्तेयः। बध्नाति इति बंधुः तान् बंधून्। कल्पते अनया इति कृपा, तया कृपया। आ समन्तात् विष्टः व्याप्तः आविष्टः। विशेषेण सीदति इति विषीदन्।

અન્વય અને અર્થ:—सः તે, कौन्तेयः કુન્તીનો પુત્ર અર્જુન, अवस्थितान् (યુદ્ધ માટે યથાસ્થિત) ગોઠવાયલા એવા, तान् તે, सर्वान् સર્વ, बन्धून् સગાસંબંધીઓને, समीक्ष्य જોઈને, परया ઘણી, कृपया દયાથી, आविष्टः ઘેરાયલો, (થઈને) विषीदन् ખેદ પામતો, इदम् આ (પ્રમાણે વચન), अब्रवीत् કહેવા લાગ્યો.

ભાવાર્થ:—અર્જુન, પોતાના બધા સગાસંબંધીઓને યુદ્ધ માટે બરાબર ગોઠવાયલા જોઈને અત્યંત દયાથી ગળગળો થઈને ખેદ પામતો ભગવાન્‌ને આ પ્રમાણે કહેવા લાગ્યો: ૨૭.

અવતરણિકા:—આત્મજ્ઞાનને યથાર્થ નહીં જાણનાર અર્જુન, પોતાને અને બીજાઓને સંબંધી તરીકે જાણી યુદ્ધમાં પોતાનો અને સ્નેહીઓનો વિનાશ થવાનો પ્રસંગ ધારી અને સંબંધી જનોની હિંસા કરવી એ મહા પાપ છે એમ માની આર્દ્રહૃદયે 'યુદ્ધભાવી પાપ ન હું વાપરું' પોતાના પરમ ધર્મને ભૂલી જઈ, મહાન્ મોહમાં પડી ખેદ કરતો કરતો શું કહેવા લાગ્યો તે કહે છે

अर्जुन उवाच। અર્જુન કહે છે—

दृष्ट्वेमं स्वजनं कृष्ण युयुत्सुं समुपस्थितम् ॥ २८ ॥
सीदन्ति मम गात्राणि मुखं च परिशुष्यति ॥
वेपथुश्च शरीरे मे रोमहर्षश्च जायते ॥ २९ ॥

પદચ્છેદ:—दृष्ट्वा, इमम्, स्वजनम्, कृष्ण, युयुत्सुम्, समुपस्थितम्, सीदन्ति, मम, गात्राणि, मुखम्, च, परिशुष्यति, वेपथुः, च, शरीरे, मे, रोमहर्षः, च, जायते.

વ્યુત્પત્તિસમાસાઃ—स्वस्य जनः स्वजनः तम् स्वजनम् । कर्षयतीति कृष्णः तत्संबुद्धौ हे कृष्ण ! योद्धुमिच्छु. युयुत्सुः तम् युयुत्सुम् । सम्यक् सावधानतया उपस्थितः समुपस्थितः तं समुपस्थितम् । परितः सर्वतः शुष्यति इति परिशुष्यति । रोम्णां हर्षः रोमहर्षः ।

અન્વય અને અર્થઃ—કૃષ્ણ હે શ્રીકૃષ્ણ ! इमम् આ, समुपस्थितम् સારીરીતે (ગોઠવાઈને) સ્થિર ઉભેલા, स्वजनम् મારા કુટુંબી જનોને, युयुत्सुम् યુદ્ધ કરવાની ઈચ્છાવાળા, दृष्ट्वा જોઈને, मम મારા, गात्राणि અવયવો, सीदन्ति શિથિલ થઈ જાય છે, च અને, मुखम् મોઢું, परिशुष्यति અત્યંત સુકાય છે, च તેમ, मे મારા, शरीरे શરીરમાં, वेपथुः કંપ, च અને, रोमहर्षः રોમાંચ (રૂવાંડાંનું ઉભું થવું તે) जायते થાય છે.

ભાવાર્થઃ—હે શ્રીકૃષ્ણ ! સારી રીતે ગોઠવાઈને તૈયાર થઈ ઉભેલા આ મારા કુટુંબીઓને યુદ્ધ કરવાની ઈચ્છાવાળા જોઈને મારા અવયવો શિથિલ થઈ જાય છે, મારૂં મોઢું અત્યંત સુકાય છે, શરીર એકદમ કંપાયમાન થઈ જાય છે અને રોમાંચ ખડાં થાય છે. ૨૮–૨૯.

गाण्डीवं स्रंसते हस्तात्त्वक् चैव परिदह्यते ॥
न च शक्नोम्यवस्थातुं भ्रमतीव च मे मनः॥३०॥
निमित्तानि च पश्यामि विपरीतानि केशव ॥

પદચ્છેદઃ—गाण्डीवम्, स्रंसते, हस्तात्, त्वक्, च, एव, परिदह्यते, न, च, शक्नोमि, अवस्थातुम्, भ्रमति, इव, च, मे, मनः, निमित्तानि, च, पश्यामि, विपरीतानि, केशव.

व्युत्पत्तिसमासाः—गाण्डिः अस्य अस्तीति संज्ञायाम् गाण्डीवम्। परितः दह्यते इति परिदह्यते। कश्च ईशश्च केशौ ब्रह्मेशौ तौ वाति गच्छति प्रेरयतीति केशवः तत्संबुद्धौ हे केशव।

અન્વય અને અર્થઃ—વળી केशव હે કેશવ! गाण्डीवम् ગાંડીવ (નામનું મારું धनुष्य), हस्तात् હાથમાંથી, स्रंसते પડી જાય છે, च તેમ, त्वक् ચામડી, एव પણ, परिदह्यते ચોતરફથી બળે છે, च અને, अवस्थातुम् ઉભો રહેવાને (પણ), न, शक्नोमि હું શક્તિમાન્ નથી, च તેમ, मे મારું, मनः મન, भ्रमति, इव ભમતું હોય તેમ થાય છે, च અને વિપરીતાનિ ઉલટાં, निमित्तानि શકુનો (અપશકુનો), पश्यामि હું જોઉં છું.

ભાવાર્થઃ—વળી હે શ્રીકૃષ્ણ! ગાંડીવ નામનું આ મારું ધનુષ્ય હાથમાંથી પડી જાય છે, ચામડી પણ ચોતરફથી બળે છે, હું ઉભો રહેવાને પણ શક્તિમાન્ થતો નથી, મારું મન જાણે ભમતું હોયની તેવું થાય છે અને હું અશુભ શકુનો જોઉં છું. ૩૦

न च श्रेयोऽनुपश्यामि हत्वा स्वजनमाहवे ॥ ३१॥
न काङ्क्षे विजयं कृष्ण न च राज्यं सुखानि च ॥

पदच्छेदः—न, च, श्रेयः, अनुपश्यामि, हत्वा, स्वजनम्, आहवे, न, काङ्क्षे, विजयम्, कृष्ण, न, च, राज्यम्, सुखानि, च.

व्युत्पत्तिसमासाः—अतिशयेन प्रशस्यं श्रेयः। आह्वयन्ते शत्रवः अत्र इति आहवः तस्मिन् आहवे। विशेषेण जयः विजयः तम् विजयम्।

અન્વય અને અર્થ:—ચ વળી, આહવે યુદ્ધમાં, સ્વજનમ્ પોતાના કુટુંબીઓને, હત્વા હણીને, શ્રેયઃ કલ્યાણને, ન, અનુપશ્યામિ, હું પાછળથી જોતો નથી. (અને તેથી) કૃષ્ણ હે શ્રીકૃષ્ણ! વિજયમ્ વિજયને, ન, કાઙ્ક્ષે હું ચહાતો નથી, ચ તેમ, રાજ્યમ્ રાજ્યને, ચ અને, સુખાનિ સુખોને (પણ), ન (કાઙ્ક્ષે) ચહાતો નથી.

ભાવાર્થ:—વળી યુદ્ધમાં મારા કુટુંબીઓને હણીને પાછળથી મારું કલ્યાણ થઈ શકે એમ પણ હું જોઈ શકતો નથી અને તેથી હે શ્રીકૃષ્ણ! હું વિજયને, રાજ્યને કે સુખોને પણ ચાહતો નથી. અર્થાત્ સ્વજનોનો નાશ કરીને મને વિજય વિગેરે મેળવવાની ઈચ્છા નથી. ૩૧.

અવતરણિકા:—ક્ષત્રિયમાત્રને રાજ્યની આકાંક્ષા હોવી જોઇએ, કારણ કે તે વડે તે પોતાના પુત્ર ભાઈ વિગેરે સ્વજનોની સગવડ ખૂબ કરી શકે છે. એમ કદાચ ભગવાન્ કહે તો તેના જવાબમાં અર્જુન કહે છે:

किं नो राज्येन गोविन्द किं भोगैर्जीवितेन वा ॥३२॥
येषामर्थे कांक्षितं नो राज्यं भोगाः सुखानि च ॥
त इमेऽवस्थिता युद्धे प्राणांस्त्यक्त्वा धनानि च ३३

પદચ્છેદ:—किम्, नः, राज्येन, गोविन्द, किम्, भोगैः, जीवितेन, वा, येषाम्, अर्थे, कांक्षितम्, नः, राज्यम्, भोगाः, सुखानि, च, ते, इमे, अवस्थिताः, युद्धे, प्राणान्, त्यक्त्वा, धनानि, च.

વ્યુત્પત્તિસમાસા:— गां भुवं धेनुं स्वर्गं वा विन्दते इति गोविन्दः तत्संबुद्धौ हे गोविन्द। भुज्यन्ते इति भोगाः तैः भोगैः।

અન્વય અને અર્થ:—गोविन्द હે ગોવિન્દ!, न અમને, राज्येन રાજ્યવડે किम् शु? (तेभर्) भोगै વિષયભોગોવડે, वा અથવા, जीवितेन જીવન વડે (પણ), किम् शुं (લાભ)? (કારણ કે) येषाम् જેઓની, अथ ખાતર, न અમે, राज्यम् રાજ્ય, काङ्क्षितम् ઈચ્છયુ છે, च અને, भोगा ભોગો, (तेभर्) सुखानि સુખો, (ईच्छया छे), ते તેઓ, इमे આ (તો), प्राणान् પ્રાણો, च તથા, धनानि ધનોને, त्यक्त्वा છોડીને, युद्धे યુદ્ધમા, अवस्थिता સ્થિર થઈને ઉભા છે

ભાવાર્થ:—હે ગોવિન્દ! રાજ્ય, વિષયભોગ અથવા તો જીવનથી અમને શો લાભ? કારણ કે જેઓની ખાતર અમે રાજ્ય, ભોગો અને સુખોને ઈચ્છીએ છીએ, તેઓ તો પોતાના પ્રાણ ધન વિગેરે બધું છોડીને અહી યુદ્ધમા ઉભેલા છે ૩૩

અવતરણિકા:—યુદ્ધમા તે પ્રાણ પ્રાણ ઉભેલા છે તે કહે છે

आचार्याः पितरः पुत्रास्तथैव च पितामहाः ॥
मातुलाः श्वशुराः पौत्राः श्यालाः संबन्धिनस्तथा ३४

પદચ્છેદ:—आचार्याः, पितरः, पुत्राः, तथा, एव, च, पितामहाः, मातुलाः, श्वशुराः, पौत्राः, श्यालाः, सबन्धिनः, तथा.

व्युत्पत्तिसमासाः—सम्यक् बन्ध सम्बन्ध, सम्बन्ध अस्ति येषा ते सम्बन्धिन ।

અન્વય અને અર્થ:—आचार्या દ્રોણાચાર્યાદિ આચાર્યો, पितर કાકાઓ, पितामहा ભીષ્મ વિગેરે દાદાઓ, पुत्रा अभि मन्यु तथा प्रतिविन्ध्यादि पुत्रो, च અને, तथा एव તેમજ,

હણવાને, ન, ઇચ્છામિ હું નથી ઇચ્છતો (તો), મહીકૃતે (કેવળ) પૃથ્વીને માટે (તો), કિમ્ શું (ઇચ્છું)?

ભાવાર્થઃ—હે મધુસૂદન! એઓ મને મારતા હોય તો પણ સ્વર્ગ, મૃત્યુ અને પાતાલ એ ત્રૈલોક્યના રાજ્યની પ્રાપ્તિને માટે પણ હું એઓને હણવા ઇચ્છતો નથી તો પછી એક પૃથ્વીના રાજ્ય માટે તો કેમજ હણવાને ઇચ્છું? નજ ઇચ્છું. ૩૫.

અવતરણિકાઃ—રાજ્ય કદાચિત્ મળે તો પણ અમને મહા ભયંકર પાપ એવા લાગે ભયથી કહે છે.

निहत्य धार्त्तराष्ट्रान्नः का प्रीतिः स्याज्जनार्दन ॥
पापमेवाश्रयेदस्मान्हत्वैतानाततायिनः ॥ ३६ ॥

પદચ્છેદઃ—નિહત્ય, ધાર્ત્તરાષ્ટ્રાન્, નઃ, કા, પ્રીતિઃ, સ્યાત્, જનાર્દન, પાપમ્, એવ, આશ્રયેદ્, અસ્માન્, હત્વા, એતાન્, આતતાયિનઃ.

વ્યુત્પત્તિસમાસાઃ—જનાન્ અર્દયતીતિ જનાર્દનઃ, અથવા જનાન્ અર્દતિ ગચ્છતિ પ્રેરયતીતિ જનાર્દનઃ તત્સંબુદ્ધૌ હે જનાર્દન! આતતેન વિસ્તીર્ણેન શસ્ત્રાદિના અયિતું શીલં યેષાં તે આતતાયિનઃ તાન્।

અન્વય અને અર્થઃ—જનાર્દન હે જનાર્દન! ધાર્ત્તરાષ્ટ્રાન્ ધૃતરાષ્ટ્રના પુત્ર દુર્યોધનાદિને, નિહત્ય હણીને, નઃ અમને, કા શો, પ્રીતિઃ આનંદ, સ્યાત્ થાય? (કારણકે) એતાન્ એ, આતતાયિનઃ આતતાયીઓને, હત્વા હણીને (તો), અસ્માન્ અમને, પાપમ્ પાપ, એવ જ, આશ્રયેદ્ લાગે.

ભાવાર્થઃ—હે જનાર્દન! ધૃતરાષ્ટ્રના એ દુર્યોધનાદિકોને હણીને અમને શો આનંદ થવાનો હતો? કારણ કે [1]આતતાયિઓને હણીને તો અમને કેવલ પાપજ લાગે. ૩૬.

અવતરણિકાઃ—યુદ્ધ રાજ્યસુખના ખરા ઉદ્દેશથી કરવામાં આવે છે, પરંતુ તેમાં તો પોતાનાંજ સગાંઓનો વિનાશ થતો હોવાથી ખરા સુખની પ્રાપ્તિ થતી નથી, એમ માની અર્જુન કહે છેઃ

तस्मान्नार्हा वयं हन्तुं धार्त्तराष्ट्रान् स्वबान्धवान् ॥
स्वजनं हि कथं हत्वा सुखिनः स्याम माधव॥३७॥

पदच्छेदः—तस्मात्, न, अर्हाः, वयम्, हन्तुम्, धार्त्तराष्ट्रान्, स्वबान्धवान्, स्वजनम्, हि, कथम्, हत्वा, सुखिनः, स्याम, माधव.

---

१ 'अग्निदो गरदश्चैव शस्त्रपाणिर्धनापहः। क्षेत्रदारहरश्चैव षडेते ह्याततायिनः॥' इति स्मृतेः एतेषां च सर्वप्रकारैराततायित्वात्। 'आततायिनमायान्तं हन्यादेवाविचारयन्। नाततायिवधे दोषो हन्तुर्भवति कश्चन॥' 'न हिंस्यात्' इति धर्मशास्त्रात् 'आततायिनं हन्यात्' इति अर्थशास्त्रस्य दुर्बलत्वात् अस्मान् पापमेव आश्रयेदिति दर्शयति पार्थः॥

"આગ લગાડનાર, ઝેર આપનાર, શસ્ત્ર હાથમાં રાખીને મારવા આવનાર ધનનું હરણ કરનાર, ક્ષેત્ર-જમીનને ખુંચવી લેનાર, તથા સ્ત્રીનું હરણ કરી લઈ જનાર, એ છ મનુષ્ય આતતાયી કહેવાય છે." એ ધર્મશાસ્ત્રના સ્મૃતિવાક્યથી દુર્યોધનાદિકોનું બધી રીતે આતતાયિપણું સાબીત થાય છે, અને તેથી સ્મૃતિના "આતતાયીને એકદમ કઈ પણ વિચાર વિના હણવો, તેમ કરતાં આતતાયીનો વધ કરનારને કોઈ પણ જાતનું પાપ લાગતું નથી." એ નિયમ પ્રમાણે તેઓનો વધ કરવો જોઈએ, એ સિદ્ધ થાય છે, છતાં પણ "કોઈની હિંસા ન કરવી" એ ધર્મશાસ્ત્ર, "આતતાયીને મારવો" એ અર્થશાસ્ત્રથી વિરોધ બલવત્ હોવાથી દુર્યોધનાદિકોના વધથી અમને બ્રહ્મ પાપજ લાગે, એ વાત અર્જુનના હૃદયમાં દૃઢ થયેલી હોવાથી તે આપ્રમાણે બોલ્યો છે.

व्युत्पत्तिसमासाः—स्वस्य जनः स्वजनः तम् स्वजनम् । सुखम् अस्ति येषां ते सुखिनः । मायाः लक्ष्म्याः धवः माधवः तत्संबुद्धौ हे माधव।

અન્વય અને અર્થ:—तस्मात् તેથી, धार्त्तराष्ट्रान्, દુર્યોધનાદિ, स्ववान्धवान् પોતાના બન્ધુઓને, हन्तुम् હણવાને, वयम् અમે, न, અર્હાः યોગ્ય નથી, हि કારણ કે, स्वजनम् પોતાના કુટુમ્બીઓને, हत्वा હણીને, माधव હે માધવ ! (अमे) सुखिनः સુખી, कथम् કેવી રીતે, स्याम થઈએ ?

ભાવાર્થ:—તેથી દુર્યોધન વિગેરે અમારા પોતાના બંધુઓને અમે હણવાને માટે યોગ્ય નથી, કારણ કે સ્વજનોને મારીને હે માધવ ! અમે કેવી રીતે સુખી થઈએ ? કદી ન થઈ શકીએ. ૩૭.

અવતરણિકા:—'સ્વજનની હિંસારૂપ દોષથી થતુ પાપ બન્ને પક્ષને સમાન લાગે તેમ છે, છતા દુર્યોધનાદિકો જેમ પાપને ન ગણકારતા યુદ્ધ કરવા તૈયાર થયા છે તેમ તમારે પણ પાપ ન જાણવુ અને યુદ્ધ કરવું' એમ કહ્યા ભગવાન્ શ્રીકૃષ્ણ કહે તો તેને માટે અર્જુન બે શ્લોકથી કહે છે

यद्यप्येते न पश्यन्ति लोभोपहतचेतसः ॥
कुलक्षयकृतं दोषं मित्रद्रोहे च पातकम् ॥ ३८ ॥
कथं न ज्ञेयमस्माभिः पापादस्मान्निवर्तितुम् ॥
कुलक्षयकृतं दोषं प्रपश्यद्भिर्जनार्दन ॥ ३९ ॥

पदच्छेदः—यद्यपि, एते, न, पश्यन्ति, लोभोपहतचेतसः, कुलक्षयकृतम्, दोषम्, मित्रद्रोहे, च, पातकम्, कथम्,

न, ज्ञेयम्, अस्माभिः, पापात्, अस्मात्, निवर्तितुम्, कुलक्षयकृतम्, दोषम्, प्रपश्यद्भिः, जनार्दन.

व्युत्पत्तिसमासाः—लोभेन उपहतानि चेतांसि येषां ते लोभोपहतचेतसः। कुलस्य क्षयः कुलक्षयः, कुलक्षयेन कृतः कुलक्षयकृतः तम् कुलक्षयकृतम्। दुष्यतीति दोषः तम् दोषम्। द्रुह्यतीति द्रोहः, मित्रस्य द्रोहः मित्रद्रोहः तस्मिन् मित्रद्रोहे। पातयति नरके इति पातकम् तत् पातकम्। प्रकर्षेण पश्यन्तीति प्रपश्यन्तः तैः प्रपश्यद्भिः।

અન્વય અને અર્થઃ—यद्यपि જો કે, लोभोपहतचेतसः લોભથી હણાયલું (વિવેકરહિત થયેલું) છે ચિત્ત જેમનું એવા, एते એઓ, कुलक्षयकृतम् કુલની હિંસાથી થતા, दोषम् દોષને (પાપને), च તેમજ, मित्रद्रोहे મિત્રના દ્રોહથી થતા, पातकम् પાપને, न, पश्यन्ति જોતા નથી, (તો પણ) जनार्दन હે જનાર્દન! कुलक्षयकृतम् કુલના નાશથી થતા, दोषम् પાપને, प्रपश्यद्भिः જોતા એવા, अस्माभिः અમારે, अस्मात् આ, पापात् પાપમાંથી, निवर्तितुम् નિવૃત્ત થવાને, कथम् શા માટે, न, ज्ञेयम् ન જાણવું જોઇએ?

ભાવાર્થઃ—જો કે લોભથી વિવેકરહિત ચિત્તવાળા એ દુર્યોધન વિગેરે કુળની હિંસાથી થતા પાપને અને મિત્રોના દ્રોહથી થતા પાપને જોઇ શકતા નથી, તોપણ હે જનાર્દન! કુલના નાશથી થતા પાપને જાણતા એવા અમોએ આ (કુલના વિનાશરૂપ) પાપથી નિવૃત્ત થવાને શા માટે ન જાણવું જોઇએ? ૩૮-૩૯.

અવતરણિકાઃ—"કુલના નાશથી એવો કયો દોષ લાગે છે! અને તેથી શી હાનિ થશે, કે જેથી તું યુદ્ધ કરવા પ્રવર્તતો નથી!" એમ ભગવાન્ શ્રીકૃષ્ણ કદાચ કહે તો તેને માટે અર્જુન કહે છેઃ

कुलक्षये प्रणश्यन्ति कुलधर्माः सनातनाः ॥
धर्मे नष्टे कुलं कृत्स्नमधर्मोऽभिभवत्युत ॥ ४० ॥

पदच्छेदः—कुलक्षये, प्रणश्यन्ति, कुलधर्माः, सनातनाः, धर्मे, नष्टे, कुलम्, कृत्स्नम्, अधर्मः, अभिभवति, उत.

व्युत्पत्तिसमासाः—कुलस्य क्षय कुलक्षय तस्मिन् कुलक्षये। प्रकर्षेण नश्यन्ति इति प्रणश्यन्ति। धारयन्तीति धर्मा, कुलस्य धर्मा कुलधर्माः। न धर्म अधर्म।

અન્વય અને અર્થ:—कुलक्षये કુલનો નાશ થતા, सनातना પરંપરાથી ચાલ્યા આવતા (એવા), कुलधर्माः કુલના (ઉચિત) ધર્મો, प्रणश्यन्ति નાશ પામે છે, उत (समुच्चय वाचक अव्यय), અને धर्मे ધર્મ (अग्निहोत्रादि), नष्टे નાશ થઈ જતા, अधर्म અધર્મ, कृत्स्नम् આખા, कुलम् કુલને, अभिभवति ચોતરફથી ઘેરી લેછે.

ભાવાર્થ:—કુલના પુરૂષોનો નાશ થતાં કુલપર પરાથી ચાલ્યા આવતા કુલોચિત ધર્મો ધર્માચરણ કરનારના અભાવથી નષ્ટ થઈ જાય છે, અને એ પ્રમાણે એ અગ્નિહોત્રાદિ ધર્મો નાશ પામતા બાકી રહેલા આખા કુલને અધર્મ ઘેરી લેછે. અર્થાત્ આખા કુલમાં અધર્મ ફેલાય છે ૪૦.

अवतरणिकाः—કુલનો નાશ થવાથી બીજા પણ અનર્થકારક દોષો થાય છે તે કહે છે

अधर्माभिभवात्कृष्ण प्रदुष्यन्ति कुलस्त्रियः ॥
स्त्रीषु दुष्टासु वार्ष्णेय जायते वर्णसंकरः ॥ ४१ ॥

પદચ્છેદઃ—અધર્માભિભવાત્, કૃષ્ણ, પ્રદુષ્યન્તિ, કુલ-સ્ત્રિયઃ, સ્ત્રીષુ, દુષ્ટાસુ, વાર્ષ્ણેય, જાયતે, વર્ણસંકરઃ.

વ્યુત્પત્તિસમાસાઃ—ભવતીતિ ભવઃ, અમિતઃ ભવઃ અભિભવઃ, અધર્મસ્ય અભિભવઃ અધર્માભિભવઃ તસ્માત્ અધર્માભિભવાત્ । પ્રકર્ષેણ દુષ્યન્તિ પ્રદુષ્યન્તિ । કુલસ્ય સ્ત્રિયઃ કુલસ્ત્રિયઃ । વૃષ્ણેઃ અપત્યં પુમાન્ વાર્ષ્ણેયઃ તત્સંબુદ્ધૌ વાર્ષ્ણેય । વર્ણાનાં સંકરઃ વર્ણસંકરઃ ।

અન્વય અને અર્થઃ—કૃષ્ણ હે શ્રીકૃષ્ણ ! અધર્માભિભવાત્ અધર્મના ફેલાવાથી, કુલસ્ત્રિયઃ કુલની સ્ત્રીઓ, પ્રદુષ્યન્તિ દૂષિત અર્થાત્ વ્યભિચારિણી થઈ જાય છે, (અને એ પ્રમાણે) સ્ત્રીષુ સ્ત્રીઓ દુષ્ટાસુ દુષ્ટ થતાં, વાર્ષ્ણેય હે વૃષ્ણિવંશમાં ઉત્પન્ન થએલ શ્રીકૃષ્ણ ! વર્ણસંકરઃ વ્યભિચારથી ઉત્પન્ન થયેલી પ્રજા, જાયતે પેદા થાય છે.

ભાવાર્થઃ—હે શ્રીકૃષ્ણ ! આ પ્રમાણે અધર્મનો ફેલાવો થવાથી કુલની સ્ત્રીઓ વ્યભિચારિણી થઈ જાય છે, અને એ પ્રમાણે સ્ત્રીઓ વ્યભિચારિણી થતાં કુલમાં બધી પ્રજા વર્ણસંકર પેદા થાય છે. ૪૧.

અવતરણિકાઃ—વર્ણસંકર પ્રજા થવાથી અંતે તેનાં કેવાં ગંભીર પરિણામો આવે છે તે અર્જુન કહે છેઃ

संकरो नरकायैव कुलघ्नानां कुलस्य च ॥
पतन्ति पितरो ह्येषां लुप्तपिण्डोदकक्रियाः ॥ ४२ ॥

પદચ્છેદઃ—સંકરઃ, નરકાય, એવ, કુલઘ્નાનામ્, કુલસ્ય, ચ, પતન્તિ, પિતરઃ, હિ, એષામ્, લુપ્તપિણ્ડોદકક્રિયાઃ.

વ્યુત્પત્તિસમાસાઃ—संक्रियते इति संकरः। कुलं घ्नन्तीति कुलघ्नाः तेषाम् कुलघ्नानाम्। पिण्डश्च उदकं च पिण्डोदके, एतयोः समाहारः पिण्डोदकम्, पिण्डोदकस्य क्रियाः पिण्डोदकक्रियाः, लुप्ताः पिण्डोदकक्रियाः येषां ते लुप्तपिण्डोदकक्रियाः।

અન્વય અને અર્થઃ—संकरः વર્ણસંકર પ્રજા, कुलघ्नानाम् કુલનો નાશ કરનારાઓના, च તથા, कुलस्य કુલના, नरकाय નરકવાસ–અધોગતિને–માટે, एव જ, (प्रवर्तते થાય છે) हि અને તેથી, (વર્ણસંકર પ્રજા નાસ્તિક થતી હોવાથી) लुप्तपिण्डोदकक्रियाः લોપાયેલી છે પિંડદાન અને તર્પણાંજલિની ક્રિયા જેમની એવા, (થવાથી) एषाम् એમના, पितरः પિતૃઓ, (पतन्ति અધોગતિને પામે છે.

ભાવાર્થઃ—વર્ણસંકર પ્રજા, કુલનો નાશ કરનાર જે પુરૂષો છે તેમને તથા આખા કુલને અધોગતિમાં નાંખનારી થાય છે; અને તેથી વર્ણસંકર પ્રજા નાસ્તિક થવાને લીધે તે પિતૃઓની ક્રિયા ન કરતી હોવાથી પિંડદાન, અને તર્પણાંજલિની ક્રિયાઓ જેમની લુપ્ત થઈ ગઈ છે એવા તેમના પિતૃઓ પણ નરકમાં પડે છે. ૪૨

दोषैरेतैः कुलघ्नानां वर्णसंकरकारकैः ॥
उत्साद्यन्ते जातिधर्माः कुलधर्माश्च शाश्वताः ॥४३॥

પદચ્છેદઃ—दोषैः, एतैः, कुलघ्नानाम्, वर्णसंकरकारकैः, उत्साद्यन्ते, जातिधर्माः, कुलधर्माः, च, शाश्वताः.

व्युत्पत्तिसमासाः—कुलं घ्नन्तीति कुलघ्नाः तेषाम् कुलघ्नानाम् । कुर्वन्ति ते कारकाः, वर्णस्य संकरः वर्णसंकरः, वर्णसंकरस्य कारकाः वर्णसंकरकारकाः तैः वर्णसंकरकारकैः । जातेः धर्माः जातिधर्माः । कुलस्य धर्माः कुलधर्माः ।

અન્વય અને અર્થઃ—कुलघ्नानाम् કુલનો નાશ કરનારાઓના, वर्णसंकरकारकैः વર્ણસંકર પ્રજા ઉત્પન્ન કરનારા, एतैः એ, दोषैः દોષોવડે, जातिधर्माः જાતિના-ક્ષત્રિયત્વાદિના ધર્મો, च અને, शाश्वताः શાશ્વત-નિરંતરના, कुलधर्माः કુલધર્મો, उत्साद्यन्ते નાશ પામી જાય છે.

ભાવાર્થઃ—કુલનો નાશ કરનારાઓના એ વર્ણસંકર પ્રજા ઉત્પન્ન કરનારા દોષોવડે ક્ષત્રિયત્વાદિ વગેરે જાતિના ધર્મો તથા પરંપરાથી ચાલ્યા આવતા અથવા રહેનારા કુલધર્મો પણ નાશ પામી જાય છે. ૪૩.

उत्सन्नकुलधर्माणां मनुष्याणां जनार्दन ॥
नरकेऽनियतं वासो भवतीत्यनुशुश्रुम ॥ ४४ ॥

पदच्छेदः—उत्सन्नकुलधर्माणाम्, मनुष्याणाम्, जनार्दन, नरके, अनियतम्, वासः, भवति, इति, अनुशुश्रुम.

व्युत्पत्तिसमासाः—उत्सन्नाः नष्टाः कुलधर्मा येषां ते उत्सन्नकुलधर्माः तेषाम् उत्सन्नकुलधर्माणाम् । न नियतम् अनियतम् ।

અન્વય અને અર્થઃ—जनार्दन હે જનાર્દન ! (આ પ્રમાણે), उत्सन्नकुलधर्माणाम् જેમના કુલના ધર્મો નાશ પામ્યા

છે એવા, मनुष्याणाम् મનુષ્યોનો, अनियतम् અનિશ્ચિત સમય સુધી, नरके નરકમાં, वासः વાસ, भवति થાય છે, इति એ પ્રમાણે, अनुशुश्रुम અમે પરંપરાથી સાંભળીએ છીએ.

ભાવાર્થઃ—હે જનાર્દન ! આ પ્રમાણે જેમના કુલધર્મો નાશ પામ્યા છે એવાં મનુષ્યોનો અનિશ્ચિત સમય સુધી અર્થાત્ ઘણા લાંબા વખત સુધી નરકમા વાસ થાય છે, એ પ્રમાણે અમે આચાર્યો પાસેથી સાંભળ્યુ છે. ૪૪.

अहो बत महत्पापं कर्तुं व्यवसिता वयम् ॥
यद्राज्यसुखलोभेन हंतुं स्वजनमुद्यताः ॥ ४५ ॥

પદચ્છેદઃ—अहो, बत, महत्, पापम्, कर्तुम्, व्यवसिताः, वयम्, यत्, राज्यसुखलोभेन, हन्तुम्, स्वजनम्, उद्यताः.

વ્યુત્પત્તિસમાસાઃ—राज्यस्य सुख राज्यसुखम्, राज्यसुखस्य लोभः राज्यसुखलोभ तेन राज्यसुखलोभेन। महाश्चासौ पाप महत्पाप, त महत्पापम् । स्वस्य जन स्वजन. त स्वजनम् ।

અન્વય અને અર્થઃ—अहो, बत અરેરે (अत्यन्त खेद दर्शक अव्ययो) (અરેખર), वयम् અમે, महत् મોટું, पापम् પાપ, कर्तुम् કરવાને, व्यवसिताः તૈયાર થયા છીએ, यत् (કે) જે, राज्यसुखलोभेन રાજ્યસુખના લોભથી, स्वजनम् પોતાના કુટુંબીઓને, हन्तुम् હણવાને માટે, उद्यताः (અમે) તૈયાર થયા છીએ.

ભાવાર્થઃ—અરેરે ! અરેખર અમે મોટું પાપ કરવાને તૈયાર થયા છીએ, કે જે રાજ્ય–સુખના લોભથી અમે અમારા પોતાના કુટુંબીઓનો નાશ કરવા માટે તૈયાર થયા છીએ. ૪૫.

અવતરણિકા —"જો તું શસ્ત્રનો ત્યાગ કરી યુદ્ધ નહિ કરે તો તારા શત્રુઓ તને વગર હથિયારનો જોઈ ભેદ કરશે અથવા મારી નાખશે" એમ કદાચ શ્રીકૃષ્ણ કહે તો તેને માટે અર્જુન કહે છે

यदि मामप्रतीकारमशस्त्रं शस्त्रपाणयः ॥
धार्तराष्ट्रा रणे हन्युस्तन्मे क्षेमतरं भवेत् ॥ ४६ ॥

पदच्छेदः—यदि, माम्, अप्रतीकारम्, अशस्त्रम्, शस्त्रपाणयः, धार्तराष्ट्राः, रणे, हन्युः, तत्, मे, क्षेमतरम्, भवेत्.

व्युत्पत्तिसमासाः—न कृत प्रतीकार येन स अप्रतीकार तम् अप्रतीकारम् । न विद्यते शस्त्र यस्य स अशस्त्र तम् अशस्त्रम् । शस्त्राणि पाणिषु येषा ते शस्त्रपाणय । विशेषेण क्षेमम् क्षेमतरम् ।

अन्वय अने अर्थः—यदि जो, अप्रतीकारम् બચવાનો ઉપાય ન કરતા (अने), अशस्त्रम् शस्त्ररहित એવા, माम् મને, शस्त्रपाणय હાથમા હથીઆર ધારણ કરેલા, धार्त्तराष्ट्रा ધૃત રાષ્ટ્રના પુત્રો, रणे રણભૂમિમા, हन्यु મારી નાખે, (તો) तत् તે, मे મારે માટે, क्षेमतरम् વિશેષ કલ્યાણકારક, भवेत् થાય

भावार्थः—કદાચ બચવાનો ઉપાય ન કરતા અને શસ્ત્ર-રહિત એવા મને, ધૃતરાષ્ટ્રના પુત્રો રણભૂમિમા મારી નાખે તો તે પણ મારે માટે વિશેષ કલ્યાણકારક થાય.[1] ૪૬

अवतरणिकाः—ઉપર પ્રમાણે અર્જુનનુ વક્તવ્ય ધૃતરાષ્ટ્રને નિવેદિત કરી, સાંજ પછી શુ થયુ તે સન્જય ધૃતરાષ્ટ્રને કહે છે

---

१ "प्राणत्राणार्थमपि प्रवृत्तो धर्म प्राणभृतामहिंसा"— પોતાના પ્રાણનુ રક્ષણ કરવા કરતા પ્રાણીઓની હિંસા ન કરવી એ પરમ ધર્મ છે એમ માની અર્જુનનુ આ કહેવુ છે

संजय उवाच । સંજય કહે છે:-

एवमुक्त्वार्जुनः संख्ये रथोपस्थ उपाविशत् ॥
विसृज्य सशरं चापं शोकसंविग्नमानसः ॥ ४७ ॥

पदच्छेदः—एवम्, उक्त्वा, अर्जुनः, संख्ये, रथोपस्थे, उपाविशत्, विसृज्य, सशरम्, चापम्, शोकसंविग्नमानसः.

व्युत्पत्तिसमासाः—उपतिष्ठतीति उपस्थ', रथस्य उपस्थः रथोपस्थः तस्मिन् रथोपस्थे । शरेण सहितं सशरम् । शोकेन संविग्नं संदिग्धं मानसं यस्य सः शोकसंविग्नमानसः ।

અન્વય અને અર્થઃ—अर्जुनः અર્જુન, संख्ये રણસંગ્રામમાં, एवम् એ પ્રમાણે, उक्त्वा કહીને, सशरम् બાણસહિત, चापम् ધનુષ્યને, विसृज्य છોડીને, शोकसंविग्नमानसः શોકથી ડોલાયમાન ચિત્તવાળો (થઈને), रथोपस्थे રથના ઉપર, उपाविशत् બેસી ગયો.

ભાવાર્થઃ—અર્જુન રણસંગ્રામમાં એ પ્રમાણે બોલીને બાણસહિત ધનુષ્યને છોડીને શોકથી ડોલાયમાન ચિત્તવાળો થઈને રથના ઉપર બેસી ગયો. અર્થાત્ યુદ્ધ ન કરવું એવા દૃઢ વિચારથી શસ્ત્રને નાખી દઈને શોકાકુલ થઈ બેસી ગયો. ૪૭.

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे श्रीकृष्णकार्तान्तिकप्रणीतसान्वयबोधिन्यांगुर्जरटीकायाम् अर्जुनविषाद-योगो नाम प्रथमोऽध्यायः ।



द्वितीयोऽध्यायः ।



અવતરણિકા:—"અહિંસા સૌથી શ્રેષ્ઠ ધર્મ છે" એમ માની રાજ્યના તુચ્છ લોભની ખાતર સ્વજનોનો સંહાર કરી, મહાપાપ વહોરી, કુલ-ધર્મના નાશથી પિતૃઓસહિત નરકમાં પડવું યોગ્ય નથી" એવી બુદ્ધિથી યુદ્ધમાંથી અર્જુનની વિમુખતા સાંભળીને, પોતાના પુત્રોનો રાજ્ય-વૈભવ નાશ નહિ પામે એમ માની સ્વસ્થ હૃદયે બેઠેલા રાજા ધૃતરાષ્ટ્રને તેની બેવડી આશા દૂર કરવાના ઉદ્વેગથી સંજય આ પ્રમાણે કહેવા લાગ્યો –

संजय उवाच । સંજય કહે છે –

तं तथा कृपयाविष्टमश्रुपूर्णाकुलेक्षणम् ॥
विषीदंतमिदं वाक्यमुवाच मधुसूदनः ॥ १ ॥

પદચ્છેદ:—तम्, तथा, कृपया, आविष्टम्, अश्रुपूर्णाकुलेक्षणम्, विषीदन्तम्, इदम्, वाक्यम्, उवाच, मधुसूदनः.

વ્યુત્પત્તિસમાસા:—अश्रुभि पूर्णे अतएव आकुले ईक्षणे यस्य स अश्रुपूर्णाकुलेक्षण तम् अश्रुपूर्णाकुलेक्षणम्। विषीदतीति विषीदन् तम् विषीदन्तम् । मधु दैत्यविशेष सूदयतीति मधुसूदन ।

અન્વય અને અર્થ:—मधुसूदन શ્રીકૃષ્ણ ભગવાન્, तथा તે (પૂર્વમાં કહ્યા) પ્રમાણે, कृपया કૃપાથી, आविष्टम् વ્યાપ્ત, अश्रुपूर्णाकुलेक्षणम् આંસુઓથી ભરાયેલી અને તેથી ન સૂઝાય તેવી—આંધળાવાળા, (અને) विषीदन्तम् ખેદ કરતા (એવા), तम् તે (અર્જુન)ને, इदम् આ (પ્રમાણે), वाक्यम् વચન, उवाच કહેવા લાગ્યા.

ભાવાર્થઃ—હે રાજન્! ભગવાન્ શ્રીકૃષ્ણ સ્નેહને લીધે અત્યંત દયાથી વ્યાપ્ત અને આંસુઓના ભરાવાથી જેનાં નેત્રો આકુલ વ્યાકુલ થઇ ગયાં છે એવા અને તેથીજ ઉપર કહ્યા પ્રમાણે ખેદ કરતા એવા અર્જુનને જોઇને તેને આ પ્રમાણે વચન કહેવા લાગ્યા. ૧.

અવતરણિકાઃ—ઉપરી બુદ્ધિને પ્રેરનાર શોકથી ઉપજેલા અત્યંત મોહના કારણથી, અર્જુન કાર્યાકાર્ય (શું કરવું અને શું નહિ કરવું) ભૂલી જઇ સ્વધર્મથી વિમુખ થયો છે અને તેથી યુદ્ધનું પરિણામ વિપરીત આવશે એમ માની ઉત્તેજક વચનોથી સ્વધર્મમા પ્રેરવા ભગવાન્ શ્રીકૃષ્ણ તેને નીચે પ્રમાણે સમજાવવા લાગ્યા

શ્રીભગવાનુવાચ। શ્રીભગવાન કહે છે –

કુતસ્ત્વા કશ્મલમિદં વિષમે સમુપસ્થિતમ્ ॥
અનાર્યજુષ્ટમસ્વર્ગ્યમકીર્તિકરમર્જુન ॥ ૨ ॥

પદચ્છેદઃ— કુતઃ, ત્વા, કશ્મલમ્, ઇદમ્, વિષમે, સમુપસ્થિતમ્, અનાર્યજુષ્ટમ્, અસ્વર્ગ્યમ્, અકીર્તિકરમ્, અર્જુન.

વ્યુત્પત્તિસમાસાઃ—સમ્પૂર્ણૈશ્વર્યાદિષટ્ગુણસમ્પન્નઃ શ્રીકૃષ્ણઃ અતએવ ભગઃ અસ્ય અસ્તીતિ ભગવાન્। ન આર્યાઃ અનાર્યાઃ, અનાર્યૈઃ જુષ્ટમ્ અનાર્યજુષ્ટમ્। સ્વર્ગે ભવમ્ સ્વર્ગ્યમ્ ન સ્વર્ગ્યમ્ અસ્વર્ગ્યમ્। ન કીર્તિઃ અકીર્તિઃ તાં કરોતીતિ અકીર્તિકરમ્।

---

૧ દેશકાલ સમયના વિરોધના વશમાં જિંદ।
કાર્યકારણકર્તવ્યમાં કર્તા મતિ ફરી જાય॥

સમગ્ર એશ્વર્ય, ચોદ વિદ્યા, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય એ છ વસ્તુને 'ભગ' કહેવામાં આવે છે અને તે જેનામા હોય તે ભગવાન્ કહેવાય છે.

અન્વય અને અર્થઃ—અર્જુન હે અર્જુન ! અનાર્યજુષ્ટમ્ અનાર્યોએ સેવેલું, અસ્વર્ગ્યમ્ સ્વર્ગમાં નહિ લઈ જનારું, (અને) અકીર્તિકરમ્ અપકીર્તિ કરનારું, ઇદમ્ આ, કશ્મલમ્ મલિનપણું-નિર્બલપણું, વિષમે અયોગ્ય વખતે, ત્વા તને, કુતઃ ક્યાંથી, સમુપસ્થિતમ્ થયું ?

ભાવાર્થઃ—હે અર્જુન ! આર્ય જનોએ નહિ સેવેલું, સ્વર્ગમાં નહિ લઈ જનારું અર્થાત્ અધોગતિ કરનારું અને અપકીર્તિ કરનાર આ મલિનપણું-નિર્બલપણું આવા અયોગ્ય પ્રસંગે તારામાં ક્યાંથી આવ્યું ? ૨.

क्लैब्यं मा स्म गमः पार्थ नैतत्त्वय्युपपद्यते ।
क्षुद्रं हृदयदौर्बल्यं त्यक्त्वोत्तिष्ठ परंतप ॥ ३ ॥

પદચ્છેદઃ—क्लैब्यम्, मा स्म गमः, पार्थ, न, एतत्, त्वयि, उपपद्यते, क्षुद्रम्, हृदयदौर्बल्यम्, त्यक्त्वा, उत्तिष्ठ, परंतप.

વ્યુત્પત્તિસમાસાઃ—क्लीबस्य भावः क्लैब्यम् तत् । दुर्बलस्य भावः दौर्बल्यम्, हृदयस्य दौर्बल्यम् हृदयदौर्बल्यम् तत । परान् (शत्रून्) तापयतीति परंतपः तत्संबुद्धौ हे परंतप ।

અન્વય અને અર્થઃ—પાર્થ હે પૃથાના પુત્ર ! ક્લૈબ્યં નપુંસકને યોગ્ય એવા અધૈર્યને, મા સ્મ ગમઃ તું પ્રાપ્ત ન થા, એતત્ એ, ત્વયિ તારા માટે, ન, ઉપપદ્યતે યોગ્ય નથી, (માટે) ક્ષુદ્રમ્ હલકા કારણથી ઉત્પન્ન થયેલ-ક્ષુદ્રક, (એવા) હૃદયદૌર્બલ્યમ્ હૃદયના દુર્બલપણાને, ત્યક્ત્વા છોડીને, પરંતપ હે શત્રુઓને તાપ આપનાર (અર્જુન) ! ઉત્તિષ્ઠ તું ઉભો થા.

ભાવાર્થઃ—હે પાર્થ ! તું નપુંસકને યોગ્ય એવા અધૈર્યને એટલે નિર્બલતાને ન પામ, કારણ કે એ તારા (જેવા ક્ષત્રિયને) માટે યોગ્ય નથી. માટે હૃદયની ક્ષુલ્લક દુર્બલતાને છોડીને, હે પરંતપ ! તું (યુદ્ધ કરવા માટે) ઉભો થા. ૩.

અવતરણિકાઃ—એ પ્રમાણે ભગવાન્ શ્રીકૃષ્ણે યુદ્ધ માટે પ્રેરણા કરતા, મોહથી ઘેરાયલા ચિત્તને લીધે કઈ પણ ન સમજતા અર્જુન પહેલાનો પોતાનો અભિપ્રાય જેમનો તેમ પાછો ભગવાન્ પ્રત્યે કહે છે

अर्जुन उवाच । અર્જુન કહે છે—

कथं भीष्ममहं संख्ये द्रोणं च मधुसूदन ॥
इषुभिः प्रतियोत्स्यामि पूजार्हावरिसूदन ॥ ४ ॥

પદચ્છેદઃ—कथम्, भीष्मम्, अहम्, संख्ये, द्रोणम्, च, मधुसूदन, इषुभिः, प्रतियोत्स्यामि, पूजार्हौ, अरिसूदन.

વ્યુત્પત્તિસમાસાઃ—बिभेति शत्रवः यस्मात् स भीष्म तम् भीष्मम् । अरीन् सूदयतीति अरिसूदन तत्संबुद्धौ हे अरिसूदन । पूजाम् अर्हत. इति पूजार्हौ ।

અન્વય અને અર્થઃ—મધુસૂદન હે મધુસૂદન ! भीष्मम् ભીષ્મ, च અને, द्रोणम् દ્રોણાચાર્યની સામે, संख्ये યુદ્ધમાં, अहम् હું, इषुभिः બાણોવડે, कथम् કેવી રીતે, प्रतियोत्स्यामि યુદ્ધ કરીશ? (કારણ કે) अरिसूदन હે શત્રુવિનાશક ભગવન્, (ભીષ્મ અને દ્રોણ બન્ને પુષ્પ ચંદન વિગેરેથી) पूजार्हौ પૂજવા યોગ્ય છે

ભાવાર્થઃ—હે મધુસૂદન ! યુદ્ધમાં ભીષ્મ અને દ્રોણાચાર્યની સામે બાણોવડે હું કેવી રીતે પ્રહાર કરીશ ? કારણ કે,

હે ભગવન્, તેઓ બન્ને તો મારે અવશ્ય પૂજન કરવા યોગ્યજ છે તેથી મારે તેમને યુદ્ધમાં પ્રહારો કરવા યોગ્ય નથી. ૪.

અવતરણિકા:—'યુદ્ધ ન કરવાથી રાજ્ય મળશે નહિ, અને તેથી ભોગઐશ્વર્ય પણ રહેશે નહિ, તો પછી આજીવિકા માટે ભિક્ષા મેળવવા માટે આમતેમ ભટકવું પડશે,' એ વાત જો કદિ શ્રીકૃષ્ણ કરે તો 'તે ભિક્ષાન્ન પણ અમને, ગુરુઓને ન હણીને ઈષ્ટ છે, પરંતુ યુદ્ધ ક્ષત્રિયોનો ધર્મ હોવા છતાં પણ શિષ્ટ વર્ગનો વધ થાય તેવું યુદ્ધ, કેવળ પોતાની વૃત્તિ–આજીવિકા અર્થે કરવું એ મહા પાપ છે' એમ માની અર્જુન કહે છે:

गुरूनहत्वा हि महानुभावान्
श्रेयो भोक्तुं भैक्ष्यमपीह लोके ॥
हत्वार्थकामांस्तु गुरूनिहैव
भुंजीय भोगान्रुधिरप्रदिग्धान् ॥ ५ ॥

પદચ્છેદ:—गुरून्, अहत्वा, हि, महानुभावान्, श्रेयः, भोक्तुम्, भैक्ष्यम्, अपि, इह, लोके, हत्वा, अर्थकामान्, तु, गुरून्, इह, एव, भुञ्जीय, भोगान्, रुधिरप्रदिग्धान्.

व्युत्पत्तिसमासा:—न हत्वा अहत्वा। महान् अनुभावः येषां ते महानुभावाः तान् महानुभावान्। अतिशयेन प्रशस्यमिति श्रेयः। भिक्षाणां समूहो भैक्ष्यम्। अर्थः एव कामः येषां ते अर्थकामाः तान् अर्थकामान्। गृणन्ति धर्मं वा गिरंति अज्ञानम् इति गुरवः तान् गुरून्। भुज्यन्ते इति भोगाः तान् भोगान्। रुधिरेणप्रकर्षेण दिग्धाः इति रुधिरप्रदिग्धाः तान् रुधिरप्रदिग्धान्।

અન્વય અને અર્થઃ—મહાનુભાવાન્ મોટા માહાત્મ્યવાળા એટલે વેદ, વેદાંગનું અધ્યયન, તપ, આચાર વિગેરેથી પ્રભાવશાલી (એવા), ગુરૂન્ ગુરૂઓને, અહત્વા હણ્યા સિવાય, હિ જ, ઇહ આ, લોકે લોકમાં, ભૈક્ષ્યમ્ ભિક્ષાથી મેળવેલું અન્ન, અપિ પણ, ભોક્તુમ્ ખાવાને માટે, શ્રેયઃ કલ્યાણકારક, (છે પરન્તુ) અર્થકામાન્ અર્થ-ધન દ્રવ્યાદિની ઇચ્છાવાળા, ગુરૂન્ ગુરૂઓને, હત્વા હણીને, તુ તો, ઇહ અહીં (આ લોકમાં), રુધિરપ્રદિગ્ધાન્ લોહીથી ખરડાયલા, ભોગાન્ ભોગોને, એવ જ, મુઞ્જીય હું ભોગવું!

ભાવાર્થઃ—વેદાદિના અધ્યયનથી તથા તપ, આચાર વિગેરેથી મહા-પ્રભાવશાલી ગુરૂઓને હણ્યા સિવાય કવચિત્ આ લોકમાં ભિક્ષાન્ન પણ ખાવું પડે તો તે પણ વિશેષ કલ્યાણકારક હું માનું છું, પરન્તુ ધનલોભી ગુરૂઓને જો હું રાજ્યસુખાદિની ઇચ્છાથી હણું તો તો આ લોકમાં લોહીથી ખરડાયલા ભોગોને જ હું ભોગવું! એટલે ગુરૂઓને મારીને રાજ્ય સુખભોગવવા કરતાં ભિક્ષાન્ન ખાવું સારૂં એમ મારૂં માનવું છે. ૫.

અવતરણિકાઃ—'ક્ષત્રિઓને સ્વધર્મ પ્રમાણે યુદ્ધ જ શ્રેયસ્કર છે,' એમ જો હોય તો તેને માટે અર્જુન કહે છે

न चैतद्विद्मः कतरन्नो गरीयो
यद्वा जयेम यदि वा नो जयेयुः ॥
यानेव हत्वा न जिजीविषाम-
स्तेऽवस्थिताः प्रमुखे धार्तराष्ट्राः ॥ ६ ॥

પદચ્છેદઃ—ન, ચ, એતદ્, વિદ્મઃ, કતરત્, નઃ, ગરીયઃ, દ્, વા, જયેમ, યદિ, વા, નઃ, જયેયુઃ, યાન્, એવ, હત્વા, ન, જીજીવિષામઃ, તે, અવસ્થિતાઃ, મમુખે, ધાર્તરાષ્ટ્રાઃ.

વ્યુત્પત્તિસમાસાઃ—અતિશયેન ગુરુ ઇતિ ગરીયઃ। જીવિતુમ્ ઇચ્છામઃ ઇતિ જિજીવિષામઃ।

અન્વય અને અર્થઃ—ચ વળી, નઃ અમારૂં (અમારે માટે), કતરત્ કયું, ગરીયઃ શ્રેષ્ઠ (છે), યદ્ કે, વા અથવા, જયેમ અમે જીતીએ, વા અથવા, યદિ જો, નઃ અમને, જયેયુઃ તેઓ જીતે, એતત્ એ, ન, વિદ્મઃ અમે જાણતા નથી, (પરંતુ) યાન્ જેમને, હત્વા હણીને, ન, એવ, જિજીવિષામઃ અમે જીવવાને નથી જ ઇચ્છતા, તે તે, ધાર્તરાષ્ટ્રાઃ ધૃતરાષ્ટ્રના પુત્રો, (તો અમારી) પ્રમુખે સામેજ, અવસ્થિતાઃ સ્થિર થઇને ઉભેલા છે.

ભાવાર્થઃ—વળી અમારે માટે ભિક્ષાન્ન શ્રેષ્ઠ છે કે અથવા યુદ્ધ તે પણ અમે જાણતા નથી તેમ અમે તેમને જીતીશું યા તેઓ અમને જીતશે. તે પણ અમે જાણતા નથી. વળી કદાચ અમને જય મળે તોપણ જેમને હણીને અમે જીવવા નથીજ ઇચ્છતા તે ધૃતરાષ્ટ્રના પુત્રો તો યુદ્ધમાં અમારી સામેજ યુદ્ધ માટે મોખરે ઉભેલા છે. ૬.

અવતરણિકાઃ—આ પ્રમાણે એક તરફ પાપ અને બીજી તરફ સ્વધર્મ એમ બંનેથી મુંઝાએલો અર્જુન પોતાને કયો માર્ગ કલ્યાણકારક છે તે જાણવાના હેતુથી ભગવાનને પૂછે છેઃ

कार्पण्यदोषोपहतस्वभावः
पृच्छामि त्वां धर्मसंमूढचेताः ॥

यच्छ्रेयः स्यान्निश्चितं ब्रूहि तन्मे
शिष्यस्तेऽहं शाधि मां त्वां प्रपन्नम् ॥७॥

पदच्छेदः—कार्पण्यदोषोपहतस्वभावः, पृच्छामि, त्वाम्, धर्मसंमूढचेताः, यत्, श्रेयः, स्यात्, निश्चितम्, ब्रूहि, तत्, मे, शिष्यः, ते, अहम्, शाधि, माम्, त्वाम्, प्रपन्नम्.

व्युत्पत्तिसमासाः—कृपणस्य भाव कार्पण्यम्, कार्पण्यस्य दोष कार्पण्यदोष, तेन उपहत स्वभाव यस्य स कार्पण्यदोषोपहत स्वभाव । धर्मेण समूढ चेत यस्य स धर्मसमूढचेता । अतिशयेन प्रशस्यम् इति श्रेय ।

अन्वय अने अर्थः—कार्पण्यदोषोपहतस्वभाव (આત્મ જ્ઞાનની બાબીને લઇને પોતાના સબંધીઓનો વિયોગ કેમ સહન થશે ? આવી ભાવનારૂપ) કાર્પણ્ય–દીનતા–ના દોષથી સ્વભાવમા વિકૃતિ પામેલો એવો, (અને) धर्मसमूढचेता ધર્મના જ્ઞાનવિષયમા અવિવેક–સારાસારના વિચારરહિત થયેલ છે ચિત્ત જેનું એવો (હું) त्वाम् તમને, पृच्छामि પૂછું છું (કે મારે માટે) यत् જે, निश्चितम् નિશ્ચિત કરાયલું, श्रेय કલ્યાણ, स्यात् હોય, तत् તે, (तमे) મે મને, ब्रूहि કહો, अहम् હું, ते આપનો, शिष्य શિષ્ય છું, (માટે) त्वाम् આપને, प्रपन्नम् શરણે આવેલા (એવા), माम् મને, शाधि આપ ઉપદેશ આપો.

भावार्थः—દીનતાના દોષથી જેનું અંત કરણ મુંઝાઈ ગયું છે એવો અને કર્ત્તવ્યાકર્ત્તવ્યમા સંદેહયુક્ત ચિત્તવાળો હું આપને પૂછું છું કે, હે ભગવન્! મારે માટે જે નિશ્ચિત કરાયલું પરમ

શ્રેય–કલ્યાણ–હોય તે મને કહો, અર્થાત્ શું કરવાથી મારૂં કલ્યાણ થાય તે આપ મને કહો, હું આપનો શિષ્ય છું અને આપને શરણે આવેલો છું માટે આપ મને ઉપદેશ આપો ! ૭.

અવતરણિકા:—અત્યારે યુદ્ધસમયે કર્તવ્ય કર્મ છોડીને વિષયાન્તર તરફ દોડી જઈ પરમકલ્યાણનીજ શા કારણથી ઈચ્છા રાખે છે ! એમ કહાય ભગવાન્ પ્રશ્ન કરે તો તેને માટે કહે છે:

न हि प्रपश्यामि ममापनुद्याद्
यच्छोकमुच्छोषणमिंद्रियाणाम् ॥
अवाप्य भूमावसपत्नमृद्धं
राज्यं सुराणामपि चाधिपत्यम् ॥ ८ ॥

પદચ્છેદ:—ન, હિ, પ્રપશ્યામિ, મમ, અપનુદ્યાદ્, યત્, શોકમ્, ઉચ્છોષણમ્, ઇન્દ્રિયાણામ્, અવાપ્ય, ભૂમૌ, અસપત્નમ્, ઋદ્ધમ્, રાજ્યમ્, સુરાણામ્, અપિ, ચ, આધિપત્યમ્.

વ્યુત્પત્તિસમાસા:—શોષતિ યેન સ: શોક: । ઉચ્છોષયતીતિ ઉચ્છોષણ: તમ્ ઉચ્છોષણમ્ । રાજ્ઞ: ઇદમ્ રાજ્યમ્ । સુષ્ઠુ રાજન્તે ઇતિ સુરા: । ન વિદ્યતે સપત્ન: શત્રુ: યસ્મિન્ તત્ અસપત્નમ્ તત્ । અધિપતે: ભાવ: આધિપત્યમ્ તત્ ॥

અન્વય અને અર્થ:—ભૂમૌ પૃથ્વી ઉપર, અસપત્નમ્ નિષ્કંટક–શત્રુરહિત, ઋદ્ધમ્ ધનધાન્યાદિથી સમૃદ્ધ (એવું), રાજ્યમ્ રાજ્ય, ચ અને, સુરાણામ્ દેવોનું, આધિપત્યમ્ અધિપતિ પણું, અવાપ્ય મેળવીને, અપિ પણ, યદ્ જે, ઇંદ્રિયાણામ્ ઇન્દ્રિ-

યેાને, उच्छोषणम् અત્યંત સૂકાવી નાખનાર, मम મારા, शोकम् શેાકને, अपनुद्यात् દૂર કરે, (तत् તેવું કંઈપણ,) हि ખરેખર, न, अपश्यामि હું જોતેા નથી.

ભાવાર્થઃ—પૃથ્વીપર નિષ્કંટક અને અનેક પ્રકારની સમૃદ્ધિયુક્ત એવું રાજ્ય, તેમ દેવેાના રાજા ઇન્દ્રની પદવી પણ મને પ્રાપ્ત થાય તેા પણ હે શ્રીકૃષ્ણ! ઇન્દ્રિયેાને અત્યંત સુકવી નાંખનારા મારા શેાકને જે કેાઈ દૂર કરી શકે એવું કંઈપણ હું જોતેા નથી. અર્થાત્ કેાઇપણ રીતે મારેા શેાક દૂર થઇ શકે તેમ નથી. ૮.

અવતરણિકાઃ—ઉપર પ્રમાણે અર્જુને પેાતાનેા અભિપ્રાય ભગવાનને જણાવ્યેા, તે વાત સંજય ધૃતરાષ્ટ્રને કહે છે

सञ्जय उवाच । સંજય કહે છે—

एवमुक्त्वा हृषीकेशं गुडाकेशः परंतपः ।
न योत्स्य इति गोविंदमुक्त्वा तूष्णीं बभूव ह ॥९॥

પદચ્છેદઃ—एवम्, उक्त्वा, हृषीकेशम्, गुडाकेशः, परतपः, न, योत्स्ये, इति, गोविन्दम्, उक्त्वा, तूष्णीम्, बभूव, ह.

વ્યુત્પત્તિસમાસાઃ—हृषीकाणा इन्द्रियाणाम् ईशः हृषीकेश तम् हृषीकेशम्। गुडाकाया निद्रायाः ईश गुडाकेश । परान् तापयतीति परतप । गाः विन्दते इति गोविन्द. तम् गोविन्दम् ।

અન્વય અને અર્થઃ—परंतपः શત્રુઓને તપાવનાર (એવેા), गुडाकेशः નિદ્રાને જીતનાર અર્જુન, हृषीकेशम् ઇન્દ્રિયેાના પ્રવર્તક-સ્વામી-શ્રીકૃષ્ણ ભગવાનને, एवम् એ પ્રમાણે,

उक्त्वा કહીને, (વળી) न, योत्स्ये હું યુદ્ધ કરીશ નહિ, इति એ પ્રમાણે, गोविन्दम् ગોવિન્દને, उक्त्वा કહીને, तूष्णीम्, ह ચુપજ, बभूव થઇ ગયો.

ભાવાર્થઃ—શત્રુઓને તપાવનાર અને નિદ્રાને જીતનાર એવો અર્જુન ઇન્દ્રિયોના ઈશ્વર ભગવાન્ શ્રીકૃષ્ણને ઉપર પ્રમાણે કહીને વળી " હે શ્રીકૃષ્ણ હું યુદ્ધ કરીશ નહિ " એમ ગોવિન્દ શ્રીકૃષ્ણને કહીને ચુપચાપ થઇને કંઇપણ બોલ્યો નહિ, પણ શાંત થઈ ગયો. ૯.

અવતરણિકાઃ—અર્જુન એ પ્રમાણે બોલીને શાંત થઈ ગયા પછી ભગવાને શું કર્યું તે સંજય કહે છેઃ

तमुवाच हृषीकेशः प्रहसन्निव भारत ॥
सेनयोरुभयोर्मध्ये विषीदंतमिदं वचः ॥ १० ॥

પદચ્છેદઃ—तम्, उवाच, हृषीकेशः, प्रहसन्, इव, भारत, सेनयोः, उभयोः, मध्ये, विषीदन्तम्, इदम्, वचः.

વ્યુત્પત્તિસમાસાઃ—प्रहसति इति प्रहसन्। भरतस्य अपत्यं पुमान् भारतः तत्संबुद्धौ हे भारत। विषीदति इति विषीदन् तम् विषीदन्तम्।

અન્વય અને અર્થઃ—भारत હે ભરતવંશોત્પન્ન ધૃતરાષ્ટ્ર રાજા ! (ત્યાર પછી) उभयोः બન્ને, सेनयोः સેનાઓની, मध्ये વચમાં, विषीदन्तम् શોક કરતા (એવા), तम् તે (અર્જુન) ને, हृषीकेशः ઇન્દ્રિયોના સ્વામી શ્રીકૃષ્ણ ભગવાન, प्रहसन् इव જાણે હસતા હોયની તેની માફક થઇને, इदम् આ, वचः વચન, उवाच કહેવા લાગ્યા.

ભાવાર્થઃ—હે ભરતવંશોત્પન્ન ધૃતરાષ્ટ્ર ! ત્યારપછી બને સેનાઓની વચમા એ પ્રમાણે શોક કરતા અર્જુનને ઇંદ્રિયોના નિયામક એવા ભગવાન્ શ્રીકૃષ્ણ, જાણે કે ઉપહાસ કરતા હોય તેમ આ પ્રમાણે કહેવા લાગ્યા.

અવતરણિકાઃ—" **દૃષ્ટ્વા તુ પાણ્ડવનીકમ્**—પાંડવોના સૈન્યને જોઇને " ઇત્યાદિ પ્રથમાધ્યાયના બીજા શ્લોકથી તે " **ન યોત્સ્ય ઇતિ ગોવિન્દમુક્ત્વા તૂષ્ણીં બભૂવ હ** " એ બીજા અધ્યાયના નવમા શ્લોક સુધી શોક, મોહ વિગેરે સંસારના કારણરૂપ દોષોનુ દર્શન કરાવવામા આવ્યુ, તેમજ અર્જુને રાજ્ય ગુરુ, પુત્ર, મિત્ર ઉપકાર કરનારા સ્વજનો, અને સબંધીઓ તરફ " હું તેમનો, અને તેઓ મારા, " એવી મમત્વ બુદ્ધિથી તેમના સ્નેહ અને વિયોગ નિમિત્ત, શોક અને મોહ બતાવ્યા શોક અને મોહથી અર્જુનનુ ચિત્ત ઘેરાઈ જવાથી, વિવેક અને વિજ્ઞાન રહિત થયેલા અર્જુને, યુદ્ધ કરવુ એ ક્ષત્રિયનો ધર્મ છે એમ સમજી યુદ્ધમા પોતાની મેળે પ્રવૃત્ત થયેલો છતા, હિંસા કરવાથી પાપ લાગશે એવા ભયથી તેમાથી ખેદ પામી નિવૃત્તિ લેવા નિશ્ચય કર્યો, અને પારકો ધર્મ ભિક્ષાથી જીવન નિભાવવુ તેનો સ્વીકાર કરવા તૈયાર થયો શોક અને મોહ જેમના ચિત્ત ઉપર આરૂઢ થયા હોય, તેવા સર્વ પ્રાણિઓને પોતાના ધર્મનો ત્યાગ અને પરધર્મનુ સેવન કરવાની અવળી બુદ્ધિ સૂઝે છે, અને કદાચ તેઓ પોતાના ધર્મનુ આચરણ કરે તો પણ તેઓની કાયા, વાણી અને મનની પ્રવૃત્તિ ફલની આશા યુક્ત અને કર્તા, ભોક્તાના અભિમાન સહિત થાય છે, અને એ પ્રમાણે અભિમાન થવાથી તેમને ધર્મ અને અધર્મના સંચયથી ઈષ્ટ-દેવયોનિમા જન્મ, અનિષ્ટ-પશુ પક્ષી ઇત્યાદિની યોનિમા જન્મ, અથવા ઈષ્ટ-અનિષ્ટ-મિશ્ર-સુખદુ ખમિશ્ર મનુષ્યયોનિમા જન્મ ધારણ કરવો પડે છે, અને એ પ્રમાણે દરેકનુ સંસારચક્ર અવિરત ચાલે છે, તેટલા માટે તે સંસારના બીજ-કારણ રૂપ શોક, અને મોહની ગ્રંથિ તે પુણ્ય પાપરૂપ કર્મમાત્રના ફલના ત્યાગ સહિત જ્ઞાનવિના ભેદ થતી નથી, તેથી અર્જુનને સ્વધર્મમા પ્રવૃત્ત કરવાને નિમિત્તે કર્મના ફલના ત્યાગયુક્ત આત્મજ્ઞાનનો ઉપદેશ કરવાની ઇચ્છાવાળા ભગવાન્ વાસુદેવ બધા મનુષ્યોની ઉપર કૃપા વગેરે ના હેતુથી અર્જુનને ઉદ્દેશીને આ પ્રમાણે કહેવા લાગ્યા

श्रीभगवानुवाच । શ્રીભગવાન્ કહે છેઃ—

अशोच्यानन्वशोचस्त्वं प्रज्ञावादांश्च भाषसे ॥
गतासूनगतासूंश्च नानुशोचंति पंडिताः ॥ ११ ॥

પદચ્છેદઃ—અશોચ્યાન્, અન્વશોચઃ, ત્વમ્, પ્રજ્ઞાવાદાન્, ચ, ભાષસે, ગતાસૂન્, અગતાસૂન્, ચ, ન, અનુશોચન્તિ, પણ્ડિતાઃ.

વ્યુત્પત્તિસમાસાઃ—શોચિતું યોગ્યાઃ શોચ્યાઃ, ન શોચ્યાઃ અશોચ્યાઃ તાન્ અશોચ્યાન્ । પ્રકર્ષેણ જ્ઞાયતે અનયા સા પ્રજ્ઞા, પ્રજ્ઞાયાઃ વાદાઃ પ્રજ્ઞાવાદાઃ તાન્ પ્રજ્ઞાવાદાન્ । અસ્યન્તે દીપ્યન્તે ઇતિ અસવઃ, ગતાઃ અસવઃ યેષાં તે ગતાસવઃ તાન્ ગતાસૂન્ । ન ગતાઃ અસવઃ યેષાં તે અગતાસવઃ તાન્ અગતાસૂન્ । પણ્ડા અસાધારણા બુદ્ધિઃ અસ્તિ યેષાં તે પણ્ડિતાઃ ।

અન્વય અને અર્થઃ—(હે અર્જુન !) ત્વમ્ તું, અશોચ્યાન્ શોક ન કરવા યોગ્યનો, અન્વશોચઃ શોક કરી રહ્યો છે, ચ તથા, પ્રજ્ઞાવાદાન્ પંડિતોનાં જેવાં વચનો, ભાષસે બોલે છે, (પરંતુ) પણ્ડિતાઃ આત્માસંબંધી બુદ્ધિવાળા, ગતાસૂન્ મરેલાઓનો, ચ અને, અગતાસૂન્ જીવતાંઓનો, ન, અનુશોચન્તિ શોક કરતા નથી.

ભાવાર્થઃ—હે અર્જુન ! જેમનો શોક કરવા જેવો નથી તેમનો તું શોક કરે છે, અને આત્મજ્ઞાનીઓનાં જેવાં વચનો બોલે છે પરંતુ આત્મજ્ઞાનીઓ તો મરેલાં કે જીવતાંનો કદિપણ શોક કરતા નથી, અને તે પ્રમાણે તારે પણ કોઇનો શોક કરવો યોગ્ય નથી. ૧૧.

અવતરણિકા:—મરેલાં અને જીવતાં પ્રાણિઓ એ કલ્પનામાત્ર છે, વસ્તુતઃ પ્રાણિમાત્ર નિત્ય ઈશ્વરનાં અંશ હોઇને નિત્યજ છે, તેથી તેઓને માટે શોક કરવો યોગ્ય નથી તે કહે છે:

न त्वेवाहं जातु नासं न त्वं नेमे जनाधिपाः ॥
न चैव न भविष्यामः सर्वे वयमतः परम् ॥ १२ ॥

પદચ્છેદ:—न, तु, एव, अहम्, जातु, न, आसम्, न, त्वम्, न, इमे, जनाधिपाः, न, च, एव, न, भविष्यामः, सर्वे, वयम्, अतः, परम्.

વ્યુત્પત્તિસમાસા:—अधिकं पान्तीति अधिपाः, जायन्ते इति जनाः, जनानाम् अधिपाः जनाधिपाः ।

અન્વય અને અર્થ:—अहम् હું, तु (ભેદદર્શક અવ્યય,) जातु કોઇ પણ સમયે, न, आसम् ન હતો, न એમ નથી, एव તેમજ, त्वम् તું, न ન (હતો), इमे આ, जनाधिपाः રાજાઓ, न ન (હતા), च અને, अतःपरम् હવે પછી, वयम् આપણે, सर्वे બધા, न भविष्यामः નહિ, હોઈ શું, (इति) न એમ (પણ) નથી.

ભાવાર્થ:—હું કોઈ પણ સમયે નહિ હતો એમ નથી, તેમજ તું તથા આ સઘળા રાજાઓ પણ નહિ હતા એમ નથી, અને હવે પછી પણ આપણે બધા નહિ હોઈશું એમ નથી. અર્થાત્ ત્રણે કાલમાં આપણે હતા, છીએ અને હોઈશું અને તેજ પ્રમાણે ભૂતમાત્રનું, ઈશ્વરના અંશ તરીકે અસ્તિત્વ છે તેથી નિત્ય અને અવિનાશિ સ્વરૂપે કોઈનો પણ શોક કરવો ઘટે નહિ. ૧૨.

અવતરણિકા:—આત્મા કેવી રીતે નિત્ય–અવિનાશી છે ? તે વિષે દૃષ્ટાંત આપી ભગવાન્ કહે છે.

देहिनोऽस्मिन्यथा देहे कौमारं यौवनं जरा ॥
तथा देहांतरप्राप्तिर्धीरस्तत्र न मुह्यति ॥ १३ ॥

પદચ્છેદઃ—देहिनः, अस्मिन्, यथा, देहे, कौमारम्, यौवनम्, जरा, तथा, देहान्तरप्राप्तिः, धीरः, तत्र, न, मुह्यति.

વ્યુત્પત્તિસમાસાઃ—देहः अस्य अस्तीति देही तस्य देहिनः । कु ईषत् मारः कामो यस्य सः कुमारः, कुमारस्य भावः कौमारम् । यौतीति युवा, यूनः भावः यौवनम्, । जीर्यन्ते अङ्गानि यस्याम् अवस्थायां सा जरा । अन्य देहः देहान्तरः, देहान्तरस्य प्राप्तिः देहान्तरप्राप्तिः ।

અન્વય અને અર્થઃ—यथा જેમ, देहिनः આત્માની, अस्मिन् આ, देहे દેહમાં, कौमारम् કુમાર અવસ્થા, यौवनम् યુવાવસ્થા, (અને) जरा વૃદ્ધાવસ્થા, (છે) तथा તેવીજ રીતે, देहान्तरप्राप्तिः બીજા શરીરની પ્રાપ્તિ (થવી તે પણ છે), (અને તેથી) धीरः ધીર પુરૂષ, तत्र તે વિષયમાં, न, मुह्यति મોહ પામતો નથી.

ભાવાર્થઃ—જેવી રીતે આત્માની આ એક જ શરીરની અંદર કુમારાવસ્થા, યુવાવસ્થા અને વૃદ્ધાવસ્થા એમ ત્રણ પ્રકારની સ્થિતિ થાય છે, તેવી જ રીતે એ આત્માને એક શરીર છોડી બીજાં બીજાં શરીરોમાં પણ જવું પડે છે અને તેથી કોઈ પણ નિમિત્તે મૃત્યુ પામી દેહાન્તરને પ્રાપ્ત થવાના વિષયમાં સ્થિરબુદ્ધિવાળો ધીરપુરૂષ મોહ પામતો નથી, અર્થાત્ આત્માને અનિત્ય કે ક્ષણધ્વંસી ન માનતાં અવિનાશીમાની પંચ-મહા-

ભૂતના આ શરીરનેજ અસ્થિર માની તે કાલાન્તરે નાશ પામવાનુજ છે એમ માની તેનો શોક કરતો નથી. ૧૩

અવતરણિકા—આત્મા નિત્ય હોવાને લઇને, તથા શોક, મોહાદિક ક્ષણધ્વંસી હોવાથી તેમનો અભાવ માની લઇએ, તોપણ તેમના નિમિત્તે થતા સુખદુ ખોથી તેઓનુ નિવારણ ઘણી મુશ્કેલીથી થઈ શકે છે એમ જ્ઞાત્વા અર્જુન શંકા કરે તો તેના સબંધમા ભગવાન્ કહે છે

मात्रास्पर्शास्तु कौंतेय शीतोष्णसुखदुःखदाः ॥
आगमापायिनोऽनित्यास्तांस्तितिक्षस्व भारत ॥ १४ ॥

પદચ્છેદઃ—मात्रास्पर्शाः, तु, कौन्तेय, शीतोष्णसुख दुःखदाः, आगमापायिनः, अनित्याः, तान्, तितिक्षस्व, भारत.

વ્યુત્પત્તિસમાસાઃ—मीयन्ते आभि विषया इति मात्रा, स्पृशन्तीति स्पर्शा मात्राणा स्पर्शा मात्रास्पर्शा । कुन्त्या अपत्य पुमान् कौन्तेय तत्सबुद्धौ हे कौन्तेय । शीत च उष्ण च शीतोष्णम्, सुख च दु ख च सुखदु खे, शीतोष्णाभ्या सुखदु खे ददतीति शीतोष्ण सुखदु खदा । आगमश्च अपायश्च आगमापायौ, आगमापायौ स्त येषा ते आगमापायिन । न नित्या अनित्या ।

અન્વય અને અર્થઃ—कौन्तेय હે કુન્તીના પુત્ર અર્જુન ! मात्रास्पर्शा ઇન્દ્રિયોના વિષયો, तु તો शीतोष्णसुखदुःखदा ટાઢ ઉનુ તથા તેની અસરથી સુખ અને દુ ખ આપનારા, आगमापायिन આવવાના અને જવાના સ્વભાવવાળા, (અને) अनित्या લાંબો વખત નહિ રહેનારા, (છે માટે) भारत હે ભરતકુલમા ઉત્પન્ન થયેલા અર્જુન ! तान् તે વિષયોને, तितिक्षस्व તું સહન કર, અર્થાત્ તેમા હર્ષ શોક રાખ નહીં

ભાવાર્થઃ—હે કૌંતેય ! ઇન્દ્રિયોના વિષયો–શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ–શીતતા તથા ઉષ્ણતાને લીધે સુખદુઃખ આપનારા છે તેમજ આવવું અને જવું એવા સ્વભાવના અર્થાત્ અસ્થિર રહેનારા અને લાંબો વખત ન ટકી રહે તેવા છે માટે તે વિષયોથી ઉત્પન્ન થતાં સુખ અને દુઃખોને તું સહન કર. અર્થાત્ તેમાં હર્ષ કે શોક કર નહીં. ૧૪.

અવતરણિકાઃ—શીતોષ્ણાદિ વિષયોને સહન કરવાથી શું ફળ થાય છે તે હવે કહે છે

यं हि न व्यथयंत्येते पुरुषं पुरुषर्षभ ॥
समदुःखसुखं धीरं सोऽमृतत्वाय कल्पते ॥ १५ ॥

પદચ્છેદઃ—यम्, हि, न, व्यथयन्ति, एते, पुरुषम्, पुरुषर्षभ, समदुःखसुखम्, धीरम्, सः, अमृतत्वाय, कल्पते.

વ્યુત્પત્તિસમાસાઃ—पुर्यां शेते इति पुरुषः, पुरुषाणाम् ऋषभः पुरुषर्षभः तत् संबुद्धौ हे पुरुषर्षभ । दुःखं च सुखं च दुःखसुखे, समे दुःखसुखे यस्य सः समदुःखसुखः तम् समदुःखसुखम् । धियं रातीति धीरः । अमृतस्य भावः अमृतत्वम् तस्मै अमृतत्वाय ।

અન્વય અને અર્થઃ—पुरुषर्षभ હે પુરુષોમાં શ્રેષ્ઠ અર્જુન ! समदुःखसुखम् તુલ્ય છે સુખ અને દુઃખ જેને (એવા), यम् જે, धीरम् નિત્ય આત્માના જ્ઞાનયુક્ત, पुरुषम् પુરુષને, एते ઇન્દ્રિયોના વિષયો, न, व्यथयन्ति વ્યથા કરતા નથી, सः તે (પુરુષ), हि અવશ્ય રીતે, अमृतत्वाय મોક્ષને માટે, कल्पते યોગ્ય થાય છે.

ભાવાર્થઃ—હે પુરુષશ્રેષ્ઠ અર્જુન ! સુખ અને દુઃખ બંને જેને સમાન છે એવા તેમજ ધીર એટલે આત્મજ્ઞાની એવા જે પુરુષને ઇન્દ્રિયોના વિષયો વ્યથા કરતા નથી, તે પુરૂષ મોક્ષને માટે જરૂર યોગ્ય થાય છે. અર્થાત્ વિષયોના વેગને રોકવાની શક્તિ જે સહિષ્ણુતા-તિતિક્ષા તે અમૃતત્વ-ઈશ્વરની સામ્યાવસ્થા મેળવવામાં ખાસ સાધનરૂપ છે અને તેથી મોહાદિક છોડી વિષયોમાંથી વિરક્ત રહી શોકનો પરિત્યાગ કરવો એ જ યોગ્ય છે. ૧૫.

અવતરણિકાઃ—શીતોષ્ણાદિ ઇન્દ્રિયોના વિષયો પ્રતીત થાય છે, છતાં પણ આત્માને બાધ કરવામાં તે વ્યર્થ જેવા છે, ઉલટું આત્માની સત્યતા-નિત્યત્વ-જાણીને, શોક, મોહ ન લાવીને શીતોષ્ણાદિ સુખદુઃખાદિ ભાવો સહન થઈ શકે તેવા છે અને તેથી તે સહન કરવા જોઇએ તે વાત જણાવે છે.

नासतो विद्यते भावो नाभावो विद्यते सतः ॥
उभयोरपि दृष्टोऽन्तस्त्वनयोस्तत्त्वदर्शिभिः ॥ १६ ॥

પદચ્છેદઃ—ન, અસતઃ, વિદ્યતે, ભાવઃ, ન, અભાવઃ, વિદ્યતે, સતઃ, ઉભયોઃ, અપિ, દૃષ્ટઃ, અન્તઃ, તુ, અનયોઃ, તત્ત્વદર્શિભિઃ.

વ્યુત્પત્તિસમાસાઃ—ન વિદ્યતે સત્ યસ્ય તત્ વા ન સત્ અસત્ તસ્ય અસતઃ । ન ભાવઃ અભાવઃ । તત્ત્વં પશ્યન્તિ તે તત્ત્વદર્શિનઃ તૈઃ તત્ત્વદર્શિભિઃ ।

અન્વય અને અર્થઃ—અસતઃ અસત્ય-નશ્વર વસ્તુનું, ભાવઃ હોવાપણું-અસ્તિત્વ, ન, વિદ્યતે નથી, (તેમ) સતઃ સત્ય-નિત્ય-વસ્તુનું, અભાવઃ ન હોવાપણું, (પણ) ન, વિદ્યતે નથી,

અનયોઃ આ, ઉભયોઃ બન્ને-સત્ અને અસત્-નો, અપિ પણ, અન્તઃ અન્ત-નિર્ણય, તત્ત્વદર્શિભિઃ તત્ત્વજ્ઞાનીઓ વડે, દૃષ્ટઃ જોવાયલો છે.

ભાવાર્થઃ—અસત્ વસ્તુનું હોવાપણું, અને સત્ વસ્તુનો નાશ કદિ થતો જ નથી અને તેમાં તે સત્ અને અસત્ એ બન્નેનો નિર્ણય પણ તત્ત્વજ્ઞાનીઓ વડે કરવામાં આવ્યો છે. અર્થાત્ અસત્ વસ્તુ સદા અનિત્ય હોવાથી સત્—આત્મા ઉપર તેનો કંઈ પણ પ્રભાવ નથી, એટલે ઇન્દ્રિયાદિકોના વિષયો આત્માને કંઈપણ અસર કરી શકતા નથી. ૧૬.

અવતરણિકાઃ—તે સત્ શું છે, કે જે નિત્ય છે? તેને માટે કહે છેઃ

अविनाशि तु तद्विद्धि येन सर्वमिदं ततम् ॥
विनाशमव्ययस्यास्य न कश्चित्कर्तुमर्हति ॥ १७ ॥

પદચ્છેદઃ—અવિનાશિ, તુ, તદ્, વિદ્ધિ, યેન, સર્વમ્, ઇદમ્, તતમ્, વિનાશમ્, અવ્યયસ્ય, અસ્ય, ન, કશ્ચિત્, કર્તુમ્, અર્હતિ.

વ્યુત્પત્તિસમાસાઃ—ન વિદ્યતે વિનાશઃ યસ્ય તત્ અવિનાશિ તત્ । વિશેષેણ નાશઃ ઇતિ વિનાશઃ તમ્ વિનાશમ્ । ન વિદ્યતે વ્યયઃ નાશો વિપરીતો વા યસ્ય તત્ અવ્યયમ્ તસ્ય અવ્યયસ્ય ।

અન્વય અને અર્થઃ—યેન જેના વડે, ઇદમ્ આ, સર્વમ્ બધું, ततम् વ્યાપ્ત થયેલું છે, तत् તેને, तु તો, अविनाशि નાશ ન થાય તેવું, विद्धि તું જાણ, (અને) अस्य એ, अव्ययस्य અવ્ય-

ઽના, વિનાશમ્ નાશને, કર્તુમ્ કરવાને માટે, કશ્ચિત્ કોઇ, (પણ) ન, અર્હતિ યોગ્ય નથી.

ભાવાર્થઃ—જેના વડે આ બધું જગત્ વ્યાપ્ત થયેલું છે, તેને તું અવશ્ય રીતે અવિનાશિ જાણ, અને એ અવિનાશિ એવા અખંડ બ્રહ્મનો નાશ કરવાને કોઈ પણ યોગ્ય નથી. અર્થાત્ એ કોઈનાથી પણ નાશપામી શકે તેવું નથી. ૧૭

અવતરણિકાઃ—સત્ વસ્તુનુ દર્શન કરાવીને હવે 'અસત્' વસ્તુ શું છે ! તેને માટે ભગવાન્ કહે છે

अंतवंत इमे देहा नित्यस्योक्ताः शरीरिणः ॥
अनाशिनोऽप्रमेयस्य तस्माद्युध्यस्व भारत ॥ १८॥

પદચ્છેદઃ—अन्तवन्तः, इमे, देहाः, नित्यस्य, उक्ताः, शरीरिणः, अनाशिनः, अप्रमेयस्य, तस्मात्, युध्यस्व, भारत.

વ્યુત્પત્તિસમાસાઃ—अन्तः अस्ति येषां ते अन्तवन्तः। दिह्यन्त इति देहाः। शरीरम् अस्य अस्तीति शरीरी तस्य शरीरिणः। नाश अस्ति यस्य सः नाशी, न नाशी अनाशी तस्य अनाशिनः। प्रकर्षेण मीयते इति प्रमेयः, न प्रमेयः अप्रमेय. तस्य अप्रमेयस्य।

અન્વય અને અર્થઃ—नित्यस्य નિરંતર અસ્તિત્વવાળા, अनाशिनः નાશરહિત, (અને) अप्रमेयस्य પ્રત્યક્ષ, અનુમાનાદિ પ્રમાણોથી ન પામી શકાય તેવા—અપરિચ્છેદ્ય, शरीरिण. આત્માનાં, इमे આ, देहाः શરીરો, अन्तवन्तः નાશવંત, उक्ताः કહેલાં છે, (માટે) भारत હે ભરતવંશી અર્જુન ! तस्माद् તેથી युध्यस्व તું યુદ્ધ કર.

ભાવાર્થઃ—નિત્ય, નાશરહિત અને કોઇનાથી પણ માપમાં ન આવી શકે એવા આત્માનાં આ બધાં શરીરો નાશવંત કહેવામાં આવ્યાં છે. અર્થાત્ પ્રાણિમાત્રના જે દેહો છે તે કાલાન્તરે નાશ પામવાનાજ છે માટે હે ભરતવંશી અર્જુન! તેથી તું શોકનો ત્યાગ કરીને યુદ્ધ કરવાને ઉભો થા. ૧૮.

અવતરણિકાઃ—'હું યુદ્ધમાં ઉભેલા યોદ્ધાઓનો હણનાર થઈશ અને તેઓ મારા વડે હણાશે' એવી અર્જુનની અસત્ય-બુદ્ધિના પરિહાર માટે શ્રીકૃષ્ણ કઠોપનિષદ્‌ની બે ઋચાઓ પોતાના ઉપદેશની સંગતિમાં કહે છેઃ

यं एनं वेत्ति हंतारं यश्चैनं मन्यते हतम् ॥
उभौ तौ न विजानीतो नायं हंति न हन्यते ॥१९॥

પદચ્છેદઃ—યઃ, એનમ્, વેત્તિ, હન્તારમ્, યઃ, ચ, એનમ્, મન્યતે, હતમ્, ઉભૌ, તૌ, ન, વિજાનીતઃ, ન, અયમ્, હન્તિ, ન, હન્યતે.

વ્યુત્પત્તિસમાસાઃ—હન્તીતિ હન્તા તં હન્તારમ્ । વિશેષેણ જાનીતઃ ઇતિ વિજાનીતઃ ।

અન્વય અને અર્થઃ—યઃ જે, એનમ્ એ (આત્મા) ને, હન્તારમ્ હણનારો, વેત્તિ જાણે છે, ચ તથા, યઃ જે, એનમ્ એને, હતમ્ હણાયેલો, મન્યતે માને છે, તૌ તેઓ, ઉભૌ બન્ને, ન, વિજાનતઃ (કંઈપણ સત્ય) જાણતા નથી, (કારણ કે) અયમ્ આ (આત્મા), (કોઇને) ન, હન્તિ હણતો નથી, (અને કોઇનાવડે) ન, હન્યતે હણાતો (પણ) નથી.

---

१ हन्ता चेन्मन्यते हन्तुं हतश्चेन्मन्यते हतम् । उभौ तौ न विजानीतो नायं हन्ति न हन्यते ॥ क. उ. २-१९ ॥

ભાવાર્થઃ—જે પુરૂષ એ આત્માને હણનારો માને છે, તથા જે એને હણાયલો માને છે, તેઓ બન્ને સત્ય શું છે તે જાણતા નથી, કારણ કે આ આત્મા કોઇને હણતો પણ નથી તેમ કોઈનાથી હણાતો પણ નથી. અર્થાત્ એ અવિનાશી હોવાથી એનો નાશ થતોજ નથી તેમ એ કોઇનો વિનાશ પણ કરતો નથી. ૧૯.

અવતરણિકાઃ—ઉપરના શ્લોકમા આત્મા, નાશ કરવાની અથવા નાશ થઈ જવાની ક્રિયાથી રહિત એટલે કે અવિક્રિય-વિકારરહિત છે એમ જણાવ્યુ, તેનાજ અનુસંધાનમા આત્માનું અવિકારિપણું હવે નીચેના શ્લોકથી વિશેષ દર્શ કરે છે

न जायते म्रियते वा कदाचि-
न्नायं भूत्वा भविता वा न भूयः ॥
अजो नित्यः शाश्वतोऽयं पुराणो
न हन्यते हन्यमाने शरीरे ॥ २० ॥

પદચ્છેદઃ—न, जायते, म्रियते, वा, कदाचित्, न, अयम्, भूत्वा, भविता, वा, न, भूयः, अजः, नित्यः, शाश्वतः, अयम्, पुराणः, न, हन्यते, हन्यमाने, शरीरे.

વ્યુત્પત્તિસમાસાઃ—न जायते असौ इति अजः। पुरा भवः पुराणः। शश्वति इति शश्वत्, शश्वत् भवः शाश्वतः। हन्यते यत् तत् हन्यमानम् तस्मिन् हन्यमाने।

---

१ न जायते म्रियते वा विपश्चिन्नायं कुतश्चिन्न बभूव कश्चित्। अजो नित्य शाश्वतोऽयं पुराणो न हन्यते हन्यमाने शरीरे ॥ क. उ. २-१८ ॥

આ બન્ને ઋચાના અર્થ મૂળશ્લોકોને મળતાજ છે.

અન્વય અને અર્થઃ—अयम् આ (આત્મા), कदाचित् કોઈપણ વખતે, न, जायते જન્મતો નથી, वा અથવા, न, म्रियते મૃત્યુ (પણ) પામતો નથી, वा અથવા, भूत्वा થઈને, भूयः ફરીને, न, भविता થનાર (પણ) નથી, (તેમ) अयम् આ (આત્મા), अजः જન્મરહિત, नित्यः નિરંતર રહેનાર, शाश्वतः જુના વખતનો, पुराणः આદિ કાલથી જ નવો—શરીરની વૃદ્ધિ હ્રાસાદિ ક્રિયા વિનાનો, (અને) शरीरे શરીર, हन्यमाने નાશ થઈ જતાં (પણ) न, हन्यते હણાતો નથી.

ભાવાર્થઃ—આ આત્મા કોઈપણ વખતે જન્મતો અથવા મરતો નથી, તેમજ કોઈપણ વખતે એક વખત થઈને ફરી થનાર પણ નથી; વળી આ આત્મા જન્મરહિત, નિત્ય રહેનારો, પ્રાચીન વખતનો, આદિ કાલથી જ નવો એટલે શરીરની વૃદ્ધિહ્રાસાદિ ક્રિયા વિનાનો, અને શરીરનો નાશ થઈ જવા છતાં પણ કદિ નાશ ન થાય તેવો છે. અર્થાત આ આત્મા આદિ અને અંતમાં એટલે કોઇ પણ સમયમાં તથા હરકોઇ અવસ્થામાં વિકૃતિથી રહિત છે, અને તેથીજ તારે એનો શોક કરવો યોગ્ય નથી. ૨૦.

અવતરણિકાઃ—આત્મા કોઇને હણતો નથી તેમ કોઇનાથી હણાતો પણ નથી એ જે વાત ઉપર જણાવી, તેજ અર્થનો પુનઃ ભગવાન્ સ્વયં ઉપસંહાર કરે છેઃ

वेदाविनाशिनं नित्यं य एनमजमव्ययम् ॥
कथं स पुरुषः पार्थ कं घातयति हंति कम् ॥२१॥

પદચ્છેદઃ—वेद, अविनाशिनम्, नित्यम्, यः, एनम्, अजम्, अव्ययम्, कथम्, सः, पुरुषः, पार्थ, कम्, घातयति, हन्ति, कम्.

વ્યુત્પત્તિસમાસાઃ—વિનાશ અસ્તિ અસ્ય સ· વિનાશી, ન વિનાશી અવિનાશી તમ્ અવિનાશિનમ્। ન જાયતે અસૌ અજ તમ્ અજમ્। ન વ્યેતિ ઇતિ અવ્યય તમ્।

અન્વય અને અર્થઃ—પાર્થ હે અર્જુન! ય જે પુરૂષ, એનમ્ એ આત્માને, નિત્યમ્ સર્વદા વિદ્યમાન અજમ્ જન્મરહિત, અવ્યયમ્ ક્ષય વિનાનો, (અને) અવિનાશિનમ્ વિનાશરહિત, વેદ જાણે છે, સ તે, પુરુષ પુરૂષ, કમ્ કોનો, કથમ્ કેવી રીતે, ઘાતયતિ ઘાત કરાવે છે? અથવા પોતે કારણ ભૂત થઇ, કમ્ કોને, હન્તિ હણે છે

ભાવાર્થઃ—હે અર્જુન! જે પુરૂષ એ આત્માને સર્વદા વિદ્યમાન, જન્મરહિત, ક્ષયવિનાનો અને વિનાશરહિત જાણે છે, તે પુરૂષ કોનો કેવી રીતે ઘાત કરાવે છે? અથવા તો પોતે કારણરૂપ થઇ કોને હણે છે? અર્થાત્ આત્મા કર્ત્તાભોક્તાના અભિમાનરહિત હોઇને કોઇનો પણ નાશ કરાવતો નથી કે કોઇને પણ મારતો નથી ૨૧.

અવતરણિકા — 'ઉપર પ્રમાણે કદાચ આત્મા અવિનાશી ' એમ શ્રીમારી લઉં તોપણ શરીરો વિનાશી હોવાથી યુદ્ધમા તેમનો અવશ્ય નાશ તો થાય જ, તો પછી ભીષ્માદિકના શરીરો કે જેમનાથી અનેક સુકૃતો સાધી શકાય છે, તે શરીરોનો યુદ્ધ વડે મારે નાશ કરવો એ કેમ બની શકે?' એવી અર્જુનની શકા થાય તો તેના ઉત્તરમા ભગવાન્ શ્રીકૃષ્ણ કહે છે

વાસાંસિ જીર્ણાનિ યથા વિહાય
નવાનિ ગૃહ્ણાતિ નરોઽપરાણિ ॥
તથા શરીરાણિ વિહાય જીર્ણા-
ન્યન્યાનિ સંયાતિ નવાનિ દેહી ॥ ૨૨ ॥

પદચ્છેદઃ—વાસાંસિ, જીર્ણાનિ, યથા, વિહાય, નવાનિ, ગૃહ્ણાતિ, નરઃ, અપરાણિ, તથા, શરીરાણિ, વિહાય, જીર્ણાનિ, અન્યાનિ, સંયાતિ, નવાનિ, દેહી.

વ્યુત્પત્તિસમાસાઃ—ન પરાણિ અપરાણિ તાનિ અપરાણિ। શીર્યન્તે તાનિ શરીરાણિ તાનિ। દેહ: અસ્ય અસ્તીતિ દેહી।

અન્વય અને અર્થઃ—યથા જેવી રીતે, નર: પુરૂષ, જીર્ણાનિ જુના, વાસાંસિ વસ્ત્રોને, વિહાય છોડીને, અપરાણિ બીજા, નવાનિ નવા, ગૃહ્ણાતિ ગ્રહણ-ધારણ-કરે છે, તથા તેવી રીતે, દેહી આત્મા, જીર્ણાનિ જુના, શરીરાણિ શરીરોને, વિહાય છોડીને, અન્યાનિ બીજા, નવાનિ નવાઓને, સંયાતિ પ્રાપ્ત થાય (કરે) છે

ભાવાર્થઃ—જેવી રીતે પુરૂષ જુના વસ્ત્રોને છોડીને બીજા નવા વસ્ત્રોને ધારણ કરે છે, તેવી રીતે આ આત્મા જુના અને જર્જર શરીરોને છોડીને બીજા નવા શરીરોને પ્રાપ્ત થાય છે અર્થાત્ જીર્ણ શરીરોને છોડીને નિરંતર નવા શરીરોને આત્મા ધારણ કરે છે, તેથી યુદ્ધ કરતા કરતા વૃદ્ધ થયેલા ભીષ્માદિકોના શરીરોનો નાશ કરવામા આવે તો ઉલટુ એ યુદ્ધ દ્વારા તેમને વધુ પુણ્ય પ્રાપ્ત થાય અને સ્વધર્મથી મૃત્યુ થવાથી અત્યંત શ્રેષ્ઠ યોનિ મળે માટે તેમ માનીને પણ તારે યુદ્ધ કરવુ તે વિશેષ ઈષ્ટ છે ૨૨

અવતરણિકા—"દેહનો નાશ થવા છતા તેની અંદર રહેલ આત્માનો વિનાશ કદિ થતો નથી" દાખલા તરીકે જેમ કોઈ એક ઘરમાંથી બધા જણ સારે તે ઘરની અંદર રહેલી વસ્તુઓનો પણ નાશ થાય છે તેવીજ રીતે આ માનો પણ દેહની સાથેજ નાશ થવો જોઇએ," એવી શંકા થવા તેના ઉત્તરમા ભગવાન્ શ્રીકૃષ્ણ આ માનુ અવિનાશિપણુ અને અવિભાજિપણુ શ્રી ૧ પ્રમાણે કહે છે

नैनं छिंदंति शस्त्राणि नैनं दहति पावकः ॥
न चैनं क्लेदयंत्यापो न शोषयति मारुतः ॥ २३॥

पदच्छेदः—न, एनम्, छिंदन्ति, शस्त्राणि, न, एनम्, दहति, पावकः, न, च, एनम्, क्लेदयन्ति, आपः, न, शोषयति, मारुतः.

व्युत्पत्तिसमासाः—शस्यते एभिः इति शस्त्राणि । पुनाति इति पावकः । मरुत् एव मारुत· ।

अन्वय अने अर्थः—एनम् એ આત્માને, शस्त्राणि શસ્ત્રો, न, छिंदन्ति છેદતાં નથી, एनम् એને, पावकः અગ્નિ, न, दहति બાળતો નથી, च તેમજ, एनम् એને, आपः પાણી, न. क्लेदयन्ति ભીંજવી શકતાં નથી, (અને) मारुतः પવન, न, शोषयति સુકાવી (પણ) શકતો નથી.

भावार्थः—એ આત્માને શસ્ત્રો છેદતાં નથી, એને અગ્નિ બાળતો નથી, એને પાણી ભીંજવી શકતું નથી, અને પવન સૂકવી શકતો પણ નથી. અર્થાત્ આત્મા અવિનાશી અને નિર્વિકાર હોવાથી એમાં કોઈ પણ જાતનો ફેરફાર થતો નથી અને તેથીજ એ શરીર સાથે નાશ પણ પામી શકતો નથી. ૨૩,

अवतरणिका—ઉપર પ્રમાણે આત્માનુ અવિકારીપણું કહી તેની અવિક્રિયતા વિશેષ દૃઢ કરતા કહે છે

अच्छेद्योऽयमदाह्योऽयमक्लेद्योऽशोष्य एव च ॥
नित्यः सर्वगतः स्थाणुरचलोऽयं सनातनः ॥ २४ ॥

પદચ્છેદઃ—अच्छेद्यः, अयम्, अदाह्यः, अयम्, अक्लेद्यः, अशोष्यः, एव, च, नित्यः, सर्वगतः, स्थाणुः, अचलः, अयम्, सनातनः.

વ્યુત્પત્તિસમાસાઃ—छेत्तुम् शक्य छेद्य, न च्छेद्य अच्छेद्य। दग्धुम् शक्य दह्य, न दह्य अदाह्य। क्लेत्तुम् शक्य क्लेद्य, न क्लेद्य अक्लेद्य। शोष्टुम् शक्य शोष्य, न शोष्य अशोष्य। सर्वं गत सर्वगत। तिष्ठति इति स्थाणु। चलतीति चल, न चल अचल। सना भव इति सनातन।

અન્વય અને અર્થઃ—अयम् આ (આત્મા), अच्छेद्य શસ્ત્રોવડે ન છેદી શકાય તેવો, अदाह्य અગ્નિવડે ન બાળી શકાય તેવો (છે વળી) अयम् આ (આત્મા), अक्लेद्य પાણીવડે ભીંજાવી ન શકાય તેવો, च અને, अशोष्य પવન વડે સુકવી ન શકાય તેવો, एव જ (છે), (વળી) अयम् આ (આત્મા), नित्य નિરંતર રહેનારો, सर्वगत સર્વ જગ્યાએ વ્યાપ્ત, स्थाणु સ્થિર, अचल કદી ડોલાયમાન ન થાય તેવો, (અને) सनातन ઘણા પુરાણા વખતનો છે

ભાવાર્થઃ—આ આત્મા શસ્ત્રો વડે છેદી શકાય તેવો નથી, અગ્નિ વડે બાળી શકાય તેવો નથી, પાણી વડે ભીંજવી શકાય તેવો નથી અને પવન વડે સુકવી શકાય તેવો પણ નથી, પરંતુ એ આત્મા નિરંતર રહેવાવાળો, સર્વ જગ્યાએ વ્યાપ્ત, અર્થાત્ સર્વવ્યાપક, સ્થિર, કદી ડોલાયમાન ન થાય તેવો અને ઘણા પ્રાચીન વખતનો છે ૨૪

અવતરણિકા—આત્મા છદ્મી વસ્તુ જેવી પ્રત્યક્ષપ્રમાણથી રહિત છે માટે તેનું અસ્તિત્વ બતાવે છે ૨૫

अव्यक्तोऽयमचिंत्योऽयमविकार्योऽयमुच्यते ॥
तस्मादेवं विदित्वैनं नानुशोचितुमर्हसि ॥ २५ ॥

પદચ્છેદઃ—અવ્યક્તઃ, અયમ્, અચિન્ત્યઃ, અયમ્, અવિકાર્યઃ, અયમ્, ઉચ્યતે, તસ્માદ્, એવમ્, વિદિત્વા, એનમ્, ન, અનુશોચિતુમ્, અર્હસિ.

વ્યુત્પત્તિસમાસાઃ—વ્યજ્યતે ઇતિ વ્યક્ત, ન વ્યક્તઃ અવ્યક્તઃ। ચિન્તિતુ યોગ્ય ચિન્ત્ય, ન ચિન્ત્ય· અચિન્ત્ય· । વિકર્તું શક્યઃ વિકાર્ય., ન વિકાર્ય. અવિકાર્ય ।

અન્વય અને અર્થઃ—અયમ્ આ (આત્મા), અવ્યક્તઃ પ્રકટ ન દેખાય તેવો, અયમ્ આ, અચિન્ત્ય· ચિંતનમા ન આવી શકે તેવો, (અને) અયમ્ આ, અવિકાર્ય વિકારરહિત, ઉચ્યતે કહેવાય છે, તસ્માદ્ તેથી, એનમ્ એ આત્માને, એવમ્ એ પ્રમાણે (ઉપર પ્રમાણે), વિદિત્વા જાણીને, અનુશોચિતુમ શોક કરવાને, ન, અર્હસિ તું યોગ્ય નથી.

ભાવાર્થઃ—આ આત્મા પ્રત્યક્ષ દેખાય તેવો નથી, ચિન્તનમાં આવી શકે તેવો નથી અને વિકારરહિત કહેવાય છે, તેથી એ પ્રમાણે એ આત્માને નિષ્ક્રિય અને નિર્વિકાર જાણીને તારે એનો શોક કરવો યોગ્ય નથી. અર્થાત્ એ બધા નાશ પામશે એવી બુદ્ધિથી તું યુદ્ધથી વિરામ પામી સ્વધર્મમાંથી ભ્રષ્ટ ન થા અને મિથ્યા શોક ન કર. ૨૫.

અવતરણિકા—આત્માને કદાચિત્ જોઈપણ રીતે વિનાશી માની લેવામા આવે તો પણ તે જોઈ કરવા યોગ્ય નથી તે કહે છે

अथ चैनं नित्यजातं नित्यं वा मन्यसे मृतम् ॥
तथापि त्वं महाबाहो नैनं शोचितुमर्हसि ॥ २६ ॥

પદચ્છેદઃ—અથ, ચ, એનમ્, નિત્યજાતમ્, નિત્યમ્, વા, મન્યસે, મૃતમ્, તથાપિ, ત્વમ્, મહાબાહો, ન, એનમ્, શોચિતુમ્, અર્હસિ.

વ્યુત્પત્તિસમાસાઃ—નિયમેન નિયતં વા ભવ નિત્યમ્, નિત્ય જાત. નિત્યજાતઃ તમ્ નિત્યજાતમ્। મહાન્તા બાહૂ યસ્ય સ મહાબાહુ, તત્સમબુદ્ધૌ હે મહાબાહો।

અન્વય અને અર્થ:—અથ ચ જો કે, એનમ્ એને, નિત્ય-જાતમ્ સદા જન્મ પામેલો, વા અથવા, નિત્યમ્ સદૈવ, મૃતમ્ મરણ પામેલો, મન્યસે તું માને છે, તથાપિ તો પણ, મહાબાહો હે મોટી ભુજાવાળા અર્જુન! ત્વમ્ તું, એવમ્ એ પ્રમાણે (પૂર્વોક્ત રીતે), શોચિતુમ્ શોક કરવાને, ન, અર્હસિ યોગ્ય નથી.

ભાવાર્થ:—જો કે એ આત્માને તું કદાચિત્ નિરંતર જન્મ લેતો અને સદૈવ મરણ પામતો માની લે, તો પણ, હે મહાબાહુ અર્જુન! તું ઉપરોક્ત રીતે શોક કરવાને યોગ્ય નથી. ૨૬.

અવતરણિકા—આત્માને જન્મ-મૃત્યુની ઉપાધિયુક્ત કદાચિત્ માનવામાં આવે તો પણ તેનો શોક કરવો ન જોઇએ, તે વિષયમાં કહ્યું બતાવે છે

जातस्य हि ध्रुवो मृत्युर्ध्रुवं जन्म मृतस्य च ॥
तस्मादपरिहार्येऽर्थे न त्वं शोचितुमर्हसि ॥ २७ ॥

પદચ્છેદઃ—જાતસ્ય, હિ, ધ્રુવઃ, મૃત્યુઃ, ધ્રુવમ્, જન્મ, મૃતસ્ય, ચ, તસ્માત્, અપરિહાર્યે, અર્થે, ન, ત્વમ્, શોચિતુમ્, અર્હસિ.

વ્યુત્પત્તિસમાસાઃ—પરિહર્તુમ્ શક્યઃ પરિહાર્યઃ, ન પરિહાર્યઃ અપરિહાર્યઃ, તસ્મિન્ અપરિહાર્યે । અર્થ્યતે ઇતિ અર્થ., તસ્મિન્ અર્થે ।

અન્વય અને અર્થઃ—હિ કારણ કે, જાતસ્ય જન્મેલાનો, મૃત્યુઃ નાશ, ધ્રુવઃ ચોક્કસ (જ છે), ચ અને, મૃતસ્ય મરેલાનો, જન્મ જન્મ (પણ), ધ્રુવમ્ ચોક્કસ, (છે) તસ્માદ્ તેથી, અપરિહાર્યે અવશ્ય થવાવાળા, અર્થ વિષયમાં, ત્વમ્ તું, શોચિતુમ્ શોચ કરવાને, ન, અર્હસિ યોગ્ય નથી.

ભાવાર્થઃ—કારણ કે જે જન્મે છે તેનો નાશ ચોક્કસજ છે અને મરેલાનો જન્મ પણ ચોક્કસજ થાય છે, માટે જે વસ્તુ અવશ્ય થવાવાળી છે તે વિષયમાં તારે શોક કરવો યોગ્ય નથી. ૨૭.

અવતરણિકા—"કાર્યકારણસ્વરૂપ પ્રાણિઓના શરીરોને અનુલક્ષીને શોક અવશ્ય રીતે થાય એ નિર્વિવાદ છે" એની અર્જુનની માન્યતાને દૂર કરવાના હેતુથી ભગવાન્ શ્રીકૃષ્ણ કહે છે

अव्यक्तादीनि भूतानि व्यक्तमध्यानि भारत ।
अव्यक्तनिधनान्येव तत्र का परिदेवना ॥ २८ ॥

પદચ્છેદઃ—અવ્યક્તાદીનિ, ભૂતાનિ, વ્યક્તમધ્યાનિ, ભારત, અવ્યક્તનિધનાનિ, એવ, તત્ર, કા, પરિદેવના.

વ્યુત્પત્તિસમાસાઃ—ન વ્યક્તમ્ અવ્યક્તમ્, અવ્યક્તમ્ આદિ યેષાં તાનિ અવ્યક્તાદીનિ । વ્યક્તં મધ્યે યેષાં તાનિ વ્યક્તમધ્યાનિ । અવ્યક્તં નિધનં યેષાં તાનિ અવ્યક્તનિધનાનિ । પરિતઃ દેવના પરિદેવના ।

અન્વય અને અર્થઃ—ભારત હે ભરતવંશમા ઉત્પન્ન થએલ અર્જુન ! ભૂતાનિ પંચમહાભૂતો અથવા તો તેનાથી ઉત્પન્ન થએલા પ્રાણિમાત્ર, અવ્યક્તાદીનિ આદિમા અવ્યકત–અપ્રકટ, વ્યક્તમધ્યાનિ મધ્યમા વ્યકત–પ્રકટ, (અને) અવ્યક્ત-નિધનાનિ અંતમા–મરણાવસ્થામા અવ્યકત–અપ્રકટ, એવ જ, (છે માટે) તત્ર તે વિષયમા, પરિદેવના શોકનિમિત્ત વિલાપ, કા શો (કરવો) ?

ભાવાર્થઃ—હે ભારત ! ભરતવંશી અર્જુન ! પ્રાણિમાત્ર આદિકાલમા અપ્રકટ–ન જણાય તેવા છે, મધ્યકાળમા પ્રકટ એટલે પ્રત્યક્ષ જણાતા છે અને અંતાવસ્થામા પણ ફરીને અપ્રકટજ–ન જણાય તેવા છે, માટે તે વિષયમા શોક કરી વિલાપ કરવો શા કામનો ? માટે તું એ શોક છોડીને તારૂં યુદ્ધરૂપ કર્તવ્ય કરવા તૈયાર થા ૨૮

અવતરણિકા —'શુદ્ધ આત્મા ઘણા કષ્ટથી જાણી શકાય તેવો છે અને મોહથી ઉપજેલી ભ્રાંતિ સર્વને સાધારણ છે, તેથી માત્ર તુજ આવી રીતે આત્મજ્ઞાનમા ભ્રમિત થએલો છે એમ નથી, પરંતુ ઘણા ખરાની સ્થિતિ એવીજ છે,' તે વાત ભગવાન્ શ્રીકૃષ્ણ કહે છે

आश्चर्यवत्पश्यति कश्चिदेन-
माश्चर्यवद्वदति तथैव चान्यः ॥
आश्चर्यवच्चैनमन्यः शृणोति
श्रुत्वाप्येनं वेद न चैव कश्चित् ॥ २९ ॥

पदच्छेदः—आश्चर्यवत्, पश्यति, कश्चित्, एनम्, आश्चर्यवत्, वदति, तथा, एव, च, अन्यः, आश्चर्यवत्, च, एनम्, अन्यः, शृणोति, श्रुत्वा, अपि, एनम्, वेद, न, च, एव, कश्चित्.

व्युत्पत्तिसमासाः—आः इति चर्यते अभिनीयते इति आश्चर्यम्, आश्चर्यम् इव इति आश्चर्यवत्। क इति कश्चित्।

અન્વય અને અર્થ:—कश्चित् કોઇ માણસ, एनम् એ આત્માને, आश्चर्यवत् આશ્ચર્ય જેવો, पश्यति જુએ છે, च અને, अन्यः બીજો, तथा, एव તેજ પ્રમાણે, आश्चर्यवद् આશ્ચર્ય જેવો, वदति કહે છે, च અને, अन्यः બીજો (વળી) કોઈ, एनम् એ આત્માને, आश्चर्यवत् આશ્ચર્ય જેવો, शृणोति સાભળે છે, च અને, कश्चित् કોઈ માણસ, श्रुत्वा સાંભળીને, अपि પણ, एव ખરેખર, एनम् એને, न, वेद જાણતો નથી

ભાવાર્થ:—કોઈ માણસ એ આત્માને આશ્ચર્ય જેવો જુએ છે, અને બીજો તે જ પ્રમાણે આશ્ચર્ય જેવો કહે છે, અને બીજો કોઈ એ આત્માને આશ્ચર્ય જેવો સાભળે છે, અને કોઈ માણસ સાભળીને પણ એને જાણતો નથીજ. અર્થાત્ આત્માનું વિશુદ્ધ જ્ઞાન ભાગ્યેજ કોઇને થાય છે અને તેથી તેને સર્વ આશ્ચર્ય સમાન જુએ છે અથવા કહે છે. અથવા તો તેને સત્ય રીતે જોનાર, કહેનાર, સાંભળનાર અને જાણનાર કોઈકજ હોવાથી તે આશ્ચર્યજેવુંજ છે, એટલે આત્માનુ જ્ઞાન મેળવવું દુર્ઘટ છે. ૨૯

અવતરણિકા—આત્માનુ અવિનાશિપણુ તથા શરીરનુ વિનાશિપણુ ઉપર પ્રમાણે કહીને 'શોક ન કરવા જોઇએ' એમ ભગવાન્ ઉપસંહાર રૂપે કહે છે

देही नित्यमवध्योऽयं देहे सर्वस्य भारत ॥
तस्मात्सर्वाणि भूतानि न त्वं शोचितुमर्हसि ॥३०॥

પદચ્છેદ:—देही, नित्यम्, अवध्यः, अयम्, देहे, सर्वस्य, भारत, तस्मात्, सर्वाणि, भूतानि, न, त्वम्, शोचितुम्, अर्हसि.

વ્યુત્પત્તિસમાસા:—देह अस्य अस्ति इति देही । हन्तुं योग्य वध्य, न व्य अवध्य ।

અન્વય અને અર્થ:—भारत હે ભારત, अयम् આ, देही આત્મા, सर्वस्य બધાના, देहे શરીરમા, नित्यम् નિરંતર, अवध्य. વધ ન કરી શકાય તેવો (છે), तस्मात् તેથી, त्वम् तु, सर्वाणि બધા, भूतानि પ્રાણિઓનો, शोचितुम् શોક કરવાને માટે, न, अर्हसि યોગ્ય નથી

ભાવાર્થ:—હે ભારત-અર્જુન ! આ આત્મા, સર્વ પ્રાણિ-માત્રના શરીરમાં હંમેશાં અવધ્ય એટલે કોઇપણ રીતે વધ ન કરી શકાય તે પ્રમાણે રહેલો છે, તેથી તું બધા પ્રાણિઓનો વિનાશ થશે અને મને હિંસાનું પાપ લાગશે એ પ્રમાણે શોક કરવાને યોગ્ય નથી અર્થાત્ તેવો ખોટો શોક છોડી કર્તવ્ય કરવા તૈયાર થા ૩૦.

અવતરણિકા—આત્માના શુદ્ધ સ્વરૂપનું જ્ઞાન હોય સારૂ તેવા પુરૂષને શોકમોહ ન થાય, પણ આત્મજ્ઞાનરહિત સંસારી પ્રાણિઓને તો તે થવા સંભવ છે, અને તેથી અર્જુનને તે પ્રમાણે શોક મોહ થાય અને તેથી જે યુદ્ધ કરતો બંધ રહે એ સ્વાભાવિક છે તો તેના નિવારણ માટે, ભગવાન શ્રીકૃષ્ણ 'સ્વધર્મ સમજીને પણ તારે અવશ્ય યુદ્ધ કરવું જોઇએ' એમ અર્જુનને બીજી રીતે સમજાવે છે

स्वधर्ममपि चावेक्ष्य न विकंपितुमर्हसि ॥
धर्म्याद्धि युद्धाच्छ्रेयोऽन्यत्क्षत्रियस्य न विद्यते॥३१॥

पदच्छेदः—स्वधर्मम्, अपि, च, अवेक्ष्य, न, विकम्पितुम्, अर्हसि, धर्म्यात्, हि, युद्धात्, श्रेयः, अन्यत्, क्षत्रियस्य, न, विद्यते.

व्युत्पत्तिसमासाः—स्वस्य धर्मः स्वधर्मः तम् स्वधर्मम्। विशेषेण कम्पितुम् इति विकम्पितुम्। धर्माद् अनपेतम् धर्म्यम् तस्मात् धर्म्यात्। युध्यते इति युद्धम् तस्मात् युद्धात्। क्षतात् त्रायते इति क्षत्रियः तस्य क्षत्रियस्य।

अन्वय अने अर्थः—च वळी, स्वधर्मम् पोताना धर्मने, अपि पण, अवेक्ष्य जोईने-विचारीने, विकम्पितुम् डगवाने माटे, न, अर्हसि तुं योग्य नथी, हि कारण के, धर्म्यात् धर्मयुक्त (धर्म-प्रत्यक्षणना धर्म-आतर करवामां आवता), युद्धात् युद्ध सिवाय, क्षत्रियस्य क्षत्रियनुं, अन्यत् बीजुं, श्रेय. कल्याण, न, विद्यते नथी.

भावार्थः—वळी युद्ध करवुं ओ पोतानो धर्म छे एम पोताना धर्मने समजीने पण, तुं युद्धमांथी कम्पायमान थवाने लायक नथी, कारण के प्रत्यक्षणु जेवा धर्मयुक्त युद्ध सिवाय क्षत्रियने बीजुं कल्याणकारक कंईज नथी, माटे स्वधर्म समजीने पण तारे शोकनो त्याग करी युद्ध करवुंज योग्य छे. ३१

अवतरणिकाः—"युद्ध ओ क्षत्रियनो परम धर्म छे, अने तेथी क्षत्रियो प्रयत्नपूर्वक ते मेळववा यत्न करे छे. तने तो सुभाग्यथी आ युद्ध

અનાયાસે પ્રાપ્ત થયુ છે, તો તે પ્રસંગનો લાભ લઇ, તારે તો અવશ્ય યુદ્ધ કરવુ જોઇએ," તે વાત શ્રીકૃષ્ણ ભગવાન્ કહે છે

यदृच्छया चोपपन्नं स्वर्गद्वारमपावृतम् ।
सुखिनः क्षत्रियाः पार्थ लभंते युद्धमीदृशम् ॥३२॥

પદચ્છેદઃ—યદૃચ્છયા, ચ, ઉપપન્નમ, સ્વર્ગદ્વારમ્, અપાવૃતમ, સુખિનઃ, ક્ષત્રિયાઃ, પાર્થ, લભન્તે, યુદ્ધમ્, ઈદૃશમ્.

વ્યુત્પત્તિસમાસાઃ—યાવતી ઇચ્છા યદૃચ્છા તયા યદૃચ્છયા। સુષ્ઠુ અર્જ્યત ઇતિ સ્વર્ગમ્ સ્વર્ગસ્ય દ્વારમ્ સ્વર્ગદ્વારમ્ તત્। અપગતમ્ આવૃતમ્ આવરણ યસ્ય તત્ અપાવૃતમ્ તત્। સુખમ્ અસ્તિ યેષા તે સુખિન । ક્ષતાત્ ત્રાયન્તે ઇતિ ક્ષત્રિયા । પૃથાયા અપત્ય પુમાન્ પાર્થ તત્સબુદ્ધૌ પાર્થ । અનેન સદૃશમ્ ઇતિ ઈદૃશમ્ તત્ ।

અન્વય અને અર્થઃ—ચ વળી, યદૃચ્છયા કોઈપણ જાતની પ્રાર્થના વિના—અનાયાસે, ઉપપન્નમ્ પ્રાપ્ત થયેલા, (અને) અપાવૃતમ ખુલ્લા, સ્વર્ગદ્વારમ્ સ્વર્ગના દરવાજા રૂપ, ઈદૃશમ્ આના જેવા, યુદ્ધમ્ યુદ્ધને (તો), પાર્થ હે પાર્થ! સુખિન સુખી—ભાગ્યશાળી, ક્ષત્રિયા ક્ષત્રિયો, (જ) લભન્તે મેળવે છે.

ભાવાર્થઃ—વળી સાક્ષાત ખુલ્લુ સ્વર્ગનુ દ્વાર હોય તેની સમાન અનાયાસે પ્રાપ્ત થયેલુ આવુ યુદ્ધ તો, હે પાર્થ! કોઈ સુખી—પુણ્યશાલી અને ભાગ્યશાળી ક્ષત્રિયોજ મેળવી શકે છે, માટે તુ પણ બીજો વિચાર છોડી સ્વર્ગદ્વારરૂપ યુદ્ધ કરવા તૈયાર થા ૩૨.

અનતરણિકા—એ પ્રમાણે યુદ્ધ કરવુ એ તારુ કર્તવ્ય છે, છતા જો તુ યુદ્ધ નહિ કરે તો તેનુ કેવુ અનિષ્ટ પરિણામ આવશે તે જણાવે છે

अथ चेत्त्वमिमं धर्म्यं संग्रामं न करिष्यसि ॥
ततः स्वधर्मं कीर्तिं च हित्वा पापमवाप्स्यसि॥३३॥

પદચ્છેદઃ—અથ, ચેત્, ત્વમ્, ઇમમ્, ધર્મ્યમ્, સંગ્રામમ્, ન, કરિષ્યસિ, તતઃ, સ્વધર્મમ્, કીર્તિમ્, ચ, હિત્વા, પાપમ્, અવાપ્સ્યસિ.

વ્યુત્પત્તિસમાસાઃ—કીર્ત્યતે જનાઃ યયા સા કીર્તિઃ તામ્ કીર્તિમ્ । પિબતિ ભક્ષયતિ કર્તારમ્, પાન્તિ જનાઃ આત્માનમ્ અસ્માત્ ઇતિ વા પાપમ્ તત્ ।

અન્વય અને અર્થઃ— અથ, ચેત્ અગર જો, ત્વમ્ તું, ઇમમ્ આ, ધર્મ્યમ્ (ધર્મના રક્ષણાર્થ) ધર્મયુક્ત એવા, સંગ્રામમ્ યુદ્ધને, ન, કરિષ્યસિ નહિ કરે (તો), તતઃ તેથી, સ્વધર્મમ્ પોતાના ધર્મને, ચ અને, કીર્તિમ્ કીર્તિને, હિત્વા હણીને, પાપમ્ પાપને, અવાપ્સ્યસિ પામીશ.

ભાવાર્થઃ—(હે અર્જુન!) અગર જો તું આ તારા પોતાના સ્વધર્મરૂપે રહેલું ધાર્મિક યુદ્ધ કરીશ નહિ તો તેથી પોતાના ધર્મનો અને કીર્તિનો નાશ કરી તું પાપને મેળવીશ. અર્થાત્ યુદ્ધ નહિ કરવાથી તું તારા ધર્મમાંથી ભ્રષ્ટ થઈશ એટલું જ નહિ, પરન્તુ લોકમાં તારી અપકીર્તિ થશે અને સાથે તું પાપનો ભોક્તા પણ બનીશ. ૩૩.

અવતરણિકાઃ—એ પ્રમાણે યુદ્ધના ત્યાગથી સ્વધર્મ અને કીર્તિ એ બે ઇષ્ટ વસ્તુઓની અપ્રાપ્તિ થવા સાથે સ્વધર્મત્યાગથી પાપની પ્રાપ્તિ પણ થશે, એમ જણાવી એથીપણ વિશેષ અનર્થ થવાનો છે, તે ભગવાન જણાવે છે.

अकीर्तिं चापि भूतानि कथयिष्यंति तेऽव्ययाम् ॥
संभावितस्य चाकीर्तिर्मरणादतिरिच्यते ॥ ३४ ॥

પદચ્છેદઃ—अकीर्तिम्, च, अपि, भूतानि, कथयिष्यन्ति, ते, अव्ययाम्, संभावितस्य, च, अकीर्तिः, मरणात्, अतिरिच्यते.

વ્યુત્પત્તિસમાસાઃ—न कीर्तिः अकीर्तिः ताम् अकीर्तिम् । व्ययते इति व्ययः, न विद्यते व्ययः यस्याः सा अव्यया ताम् अव्ययाम् । सम्यक् भावितः इति संभावितः तस्य संभावितस्य । म्रियते अनेन इति मरणम् तस्मात् मरणात् ।

અન્વય અને અર્થઃ—च અને, भूतानि પ્રાણિઓ, ते તારી, अव्ययाम् લાંબા વખત સુધીની, अकीर्तिम् અપકીર્તિને, कथयिष्यन्ति કહેશે, च અને, (તેથી) संभावितस्य બહુ માન પામેલાને, (તે) अकीर्तिः અપકીર્તિ, मरणाद् મરણથી, अपि પણ, अतिरिच्यते વિશેષ છે.

ભાવાર્થઃ—તેમજ મનુષ્યો તારી લાંબા વખત સુધી અપકીર્તિ ગાશે, અને એ પ્રમાણે જો અપકીર્તિ થઇ તો પછી તારા જેવા અત્યંત સન્માનિત પુરૂષને અપકીર્તિ મરણથી પણ વિશેષ દુઃખદ છે. એટલે યુદ્ધની પીડા કરતાં પણ યુદ્ધ કર્યા-સિવાય જીવવું તને વિશેષ પીડાકારક થશે. ૩૪.

અવતરણિકાઃ—"તટસ્થ લોક ભલે મારી નિંદા કરે, પણ ભીષ્મ દ્રોણાદિક મહારથીઓ તો મને ડાહ્યો સમજી અવશ્ય અભિનંદન આપશે" એવી અર્જુનની ધારણાને અયોગ્ય ઠેરવતા ભગવાન્ શ્રીકૃષ્ણ કહે છે

भयाद्रणादुपरतं मंस्यंते त्वां महारथाः ॥
येषां च त्वं बहुमतो भूत्वा यास्यसि लाघवम् ॥३५॥

पदच्छेदः—भयात्, रणात्, उपरतम्, मंस्यन्ते, त्वाम्, महारथाः, येषाम्, च, त्वम्, बहुमतः, भूत्वा, यास्यसि, लाघवम्.

व्युत्पत्तिसमासाः—भीयते अनेन इति भयम् तस्मात् भयात्। रणन्ति परस्पर पुरुषा यस्मिन् स रण तस्मात् रणात्। महान्तश्च ते रथाश्च महारथा, महारथा सन्ति येषा ते महारथा। बहुभिर्गुणै मत बहुमत। लघोर्भाव लाघवम् तत्।

अन्वय अने अर्थ:—च अने, येषाम् जेओनो, त्वम् तु, (अत्यार सुधी) बहुमत. बहु (गुणोथी युक्त होईने) सन्मान पामेलो, (छे तेवो) भूत्वा थईने, (ते) महारथा मोटा भीष्मादिक महारथीओ, त्वाम् तने, रणाद् रणमाथी, भयाद् भयने लईने, उपरतम् निवृत्त थयेलो, मस्यन्त मानशे, (अने तेथी तु) लाघवम् क्षुद्रकताने, यास्यसि पामीश

भावार्थ:—अने जेओना मनमा तारा माटे-तारा अद्वितीय गुणो माटे अत्यार सुधी मान छे, ते भीष्मादिक मोटा मोटा महारथीओ तने रणमाथी भयने लईने पलायन करी गयेलो मानशे अने तेथी तेओनी दृष्टिमा पण युद्ध न करवाथी तुं अत्यत हलको पडी जईश ३५.

अवतरणिका—એમ તુજ નહિ પણ એથીએ વિશેષ દુઃખ બીજું છે તે કહે છે

अवाच्यवादांश्च बहून्वदिष्यंति तवाहिताः ॥
निंदंतस्तव सामर्थ्यं ततो दुःखतरं नु किम् ॥३६॥

पदच्छेदः—अवाच्यवादान्, च, बहून्, वदिष्यन्ति, तव, अहिताः, निन्दन्तः, तव, सामर्थ्यम्, ततः, दुःखतरम्, नु, किम्.

व्युत्पत्तिसमासाः—वक्तुं योग्याः वाच्याः, न वाच्याः अवाच्याः, अवाच्याश्च अमी वादाश्च अवाच्यवादाः, तान् अवाच्यवादान्। हितमस्ति येषां ते हिताः, न हिताः अहिताः। निन्दन्ति ते निन्दन्तः। समर्थस्य भावः सामर्थ्यम् तत्। अतिशयेन दुःखम् इति दुःखतरम्।

अन्वय अने अर्थः—च वणी, तव तारा, अहिताः शत्रुओ, तव तारा, सामर्थ्यम् બळनी, निन्दन्तः निंदा करता, बहून् घणा, अवाच्यवादान् न બોલવાના शब्दो, वदिष्यन्ति બોલशे, नु ખरेખर, ततः तेथी, दुःखतरम् विशेष दुःખ, (तने) किम् शुं ?

भावार्थः—वणी तारा शत्रुओ तारा બળनी निंदा करता तने (हिચકारा, निर्બળ वगेरे) न કहेવाना शब्दो કहेशे, ખरेખर आथी विशेष दुःખ तारा જेवा એક शूरવीरने माटे બीजुं शुं होई शके ? ३६.

अवतरणिकाः—आगળ अर्जुने "अमे तेमने જीती शुं या तेओ अमने જीतशे ते પણ अमे જાણता नथी" એम કहेलुं तेना प्रत्युत्तररूपे युद्धमां જय थाय કे पराજय थाय ते બन्नेमां પણ परिણामમां तो अवश्य लाभ જ छे, ते भगवान् कहे छेः

हतो वा प्राप्स्यसि स्वर्गं जित्वा वा भोक्ष्यसे महीम्॥
तस्मादुत्तिष्ठ कौंतेय युद्धाय कृतनिश्चयः ॥ ३७ ॥

पदच्छेदः—हतः, वा, प्राप्स्यसि, स्वर्गम्, जित्वा, वा, भोक्ष्यसे, महीम्, तस्मात, उत्तिष्ठ, कौन्तेय, युद्धाय, कृतनिश्चयः.

व्युत्पत्तिसमासाः—मह्यते पूज्यते इति मही, ताम् । कृत निश्चय येन स कृतनिश्चय ।

अन्वय अने अर्थः—वा अथवा, हत. हणायलो (हणाईने), स्वर्गम् स्वर्गने, प्राप्स्यसि तुं पामीश, वा अथवा, जित्वा જય પામીને, महीम् પૃથ્વીને, भोक्ष्यसे ભોગવીશ, तस्मात् તેથી, कोन्तेय હે કુંતાના પુત્ર–અર્જુન ! युद्धाय યુદ્ધને માટે, कृतनिश्चय નિશ્ચય કરીને, उत्तिष्ठ ઉભો થા.

भावार्थ—અથવા તો જો તું યુદ્ધમા એમનાથી હણાઈશ તો પણ તું સ્વર્ગને પામીશ, અને જો જય પામીશ તો તો પૃથ્વીને ભોગવવાનોજ છે, માટે હે કૌંતેય ! 'યુદ્ધ કરવુજ છે' એમ નિશ્ચય કરીને તું યુદ્ધ કરવા માટે ઉભો થા. ૩૭.

अवतरणिका—"ગુરૂ ઇત્યાદિ શિષ્ટોનો યુદ્ધમા વધ કરવો પડે તેથી પાપ અવશ્ય થાય, તો પછી યુદ્ધમા મર્યા બાદ સ્વર્ગની પ્રાપ્તિ ક્યાથી થાય ? અથવા યુદ્ધમા જીતીને પણ લોકનિંદાથી ઘેરાયલા અમને ભોગ તથા સુખની પ્રાપ્તિ ક્યાથી થાય ?" આવી અર્જુનની શંકાના સમાધાન માટે "કામનારહિત થઈ અભિમાનદૃષ્ટિથી તથા સ્વધર્મ ભજીને યુદ્ધ કરતા તને પાપ નહિ લાગે" એવા આશયથી ભગવાન્ શ્રીકૃષ્ણ કહે છે

सुखदुःखे समे कृत्वा लाभालाभौ जयाजयौ ॥
ततो युद्धाय युज्यस्व नैवं पापमवाप्स्यसि ॥ ३८ ॥

पदच्छेदः—सुखदुःखे, समे, कृत्वा, लाभालाभौ, जयाजयौ, ततः, युद्धाय, युज्यस्व, न, एवम्, पापम्, अवाप्स्यसि.

व्युत्पत्तिसमासाः—सुशोभनानि खानि इन्द्रियाणि यस्मिन् तत् सुखम्, दुष्टानि खानि इन्द्रियाणि यस्मिन् तत् दुःखम्, सुखं च दुःखम् च सुखदुःखे, ते सुखदुःखे । लाभश्च अलाभश्च लाभालाभौ, तौ लाभालाभौ । जयश्च अजयश्च जयाजयौ, तौ जयाजयौ ।

અન્વય અને અર્થઃ—सुखदुःखे સુખ અને દુઃખને, लाभालाभौ લાભ અને ગેરલાભને, (અને) जयाजयौ જય અને પરાજયને, समे સમાન, कृत्वा કરીને, ततः ત્યારપછી, युद्धाय યુદ્ધને માટે, युज्यस्व તું તૈયાર થા, (અને) एवम् એ પ્રમાણે (કરવાથી), पापम् પાપને, न, अवाप्स्यसि તું પામીશ નહિ.

ભાવાર્થઃ—સુખ તથા દુઃખને, લાભ અને ગેરલાભને, તથા જય અને પરાજયને સમાન માનીને તું યુદ્ધ કરવા માટે તૈયાર થા, એટલે લાભાલાભ વિગેરેનો કંઈપણ વિચાર તારે કરવો નહિ અને જો એ પ્રમાણે તું કરીશ તો તને કદીપણ પાપ લાગવાનું નથી. ૩૮.

અવતરણિકાઃ—"સ્વધર્મ સમજીને યુદ્ધ કરે તેને પાપ ન લાગે. એમ માની લેવામાં આવે તો પણ, મને યુદ્ધ કરવાનો આવશ્યક ઉપદેશ આપવો જોઈએ નહિ, કારણ કે "**य एनं वेत्ति हन्तारम्**" તથા "**कथं स पुरुषः पार्थ कं घातयति हन्ति कम्**" ઇત્યાદિ વચનોથી તો આમ માનીને જ પાપ ન લાગવાનો સંભવ છે, પણ હું તો કર્તા, ભોક્તાના

અભિમાનશૂન્ય, શુદ્ધસ્વરૂપ જ્ઞાની થયો નથી, અને તેથી યુદ્ધ કરીને તેનું ફલ હું ભોગવીશ એવું મને જ્ઞાન છે તેથી, તેમજ પ્રકાશ અને અંધકાર બન્ને એકજ વખતે એક જગ્યામા રહી શકતા નથી, તેજ પ્રમાણે જ્ઞાન અને કર્મ બન્નેની સાથે સ્થિતિ રહી શકે નહિ એટલે હું પણ હજી કર્મને માનતો હોવાથી જ્ઞાનની પ્રાપ્તિ મેળવી શકયો નથી અને તેથીજ પાપને અર્થે યુદ્ધ કરવું મારે માટે ઠીક નથી" એવો અર્જુનનો અભિપ્રાય સમજીને વિદ્વાન અને અવિદ્વાનની દશાના ભેદ પ્રમાણે, જ્ઞાન અને કર્મ બન્નેના ઉપદેશની આવશ્યકતા હોવાથી ભગવાન્ તે કહે છે

एषा तेऽभिहिता साङ्ख्ये बुद्धिर्योगे त्विमां शृणु ॥
बुद्ध्या युक्तो यया पार्थ कर्मबंधं प्रहास्यसि ॥३९॥

पदच्छेदः—एषा, ते, अभिहिता, सांख्ये, बुद्धिः, योगे, तु, इमाम्, शृणु, बुद्ध्या, युक्तः, यया, पार्थ, कर्मबन्धम्, प्रहास्यसि.

व्युत्पत्तिसमासाः—सम्यक् ख्यायते प्रख्यते वस्तुतत्त्वम् अनया इति सांख्या उपनिषद् तया वेद्यते यत्तत् सांख्यम्, तस्मिन् सांख्ये। कर्मैव धर्माधर्माख्य बन्ध कर्मबन्ध, तम् कर्मबन्धम्। बुध्यते अनया इति बुद्धि। युज्यते परमात्मानं येन स योग, तस्मिन् योगे। प्रकर्षेण हास्यसि त्यजसि इति प्रहास्यसि।

अन्वय अने अर्थः—पार्थ हे पार्थ! एषा आ, बुद्धिः બુદ્ધિ, ते तने, सांख्ये જ્ઞાનયોગમાં, अभिहिता કહેવામા આવી, (हवे) योगे કર્મયોગમાં, इमाम् આ (हुं કહીશ તે બુદ્ધિ) ને, शृणु તું સાંભળ, (કે) यया જે, बुद्ध्या બુદ્ધિ વડે, युक्तः જોડા-એલો (तु), कर्मबन्धम् કર્મના બન્ધનને, प्रहास्यसि છોડી શકીશ.

ભાવાર્થઃ—હે પાર્થ! આ તને જે અત્યારસુધી કહ્યું તે જ્ઞાનયોગમાં રાખવાની બુદ્ધિ કહી, હવે કર્મયોગમાં બુદ્ધિને કેવી રીતે રાખવી તે હું તને કહું છું તે તું સાંભળ, કે જે બુદ્ધિ વડે યુકત થએલો તું કર્મનાં બન્ધનોને છોડી શકીશ. ૩૯.

नेहाभिक्रमनाशोऽस्ति प्रत्यवायो न विद्यते ॥
स्वल्पमप्यस्य धर्मस्य त्रायते महतो भयात् ॥४०॥

પદચ્છેદઃ—न, इह, अभिक्रमनाशः, अस्ति, प्रत्यवायः, न, विद्यते, स्वल्पम्, अपि, अस्य, धर्मस्य, त्रायते, महतः, भयात्.

વ્યુત્પત્તિસમાસાઃ—अभिक्रम्यते कर्मणा प्रारभ्यते यत्फलं सः अभिक्रमः, अभिक्रमस्य नाशः अभिक्रमनाशः। सुष्ठु अत्यन्तम् अल्पम् इति स्वल्पम्।

અન્વય અને અર્થઃ—इह આ (કર્મનાં બંધનો છુટી જાય તેવા કર્મયોગનું અનુષ્ઠાન કરવામાં આવે તેવા) કર્મયોગમાં अभिक्रमनाशः કર્મના આરંભનો નાશ, न, अस्ति નથી, (તેમ) प्रत्यवायः વિઘ્નપ્રતિબંધ, (પણ) न, विद्यते નથી, (કારણ કે) अस्य આ, धर्मस्य ધર્મનું, स्वल्पम् થોડું (સેવન), अपि પણ, महत् મોટા, भयात् ભયમાંથી, त्रायते રક્ષણ કરે છે.

ભાવાર્થઃ—કર્મનાં બંધનો છોડાવે તેવા આ કર્મયોગનું અનુષ્ઠાન કરવામાં કર્મના આરંભનો કે કર્મનો નાશ નથી, તેમજ પ્રતિબંધ પણ નથી, કારણકે નિષ્કામકર્મયોગનું થોડું પણ અનુષ્ઠાન કયારેક મહાન્ ભયમાંથી છોડાવે છે. અર્થાત્ કલ્યાણની ઇચ્છાવાળા દરેકે થોડો ઘણો પણ નિષ્કામ કર્મયોગ કરવો. ૪૦.

અવતરણિકા:—જ્ઞાનયોગમા જે બુદ્ધિ હોવી જોઇએ તે, તથા હવે પછી કહેવામા આવનાર કર્મયોગલક્ષણા બુદ્ધિ કેવા લક્ષણવાળી હોવી જોઇએ ? તે વિષે ભગવાન્ શ્રીકૃષ્ણ કહે છે

व्यवसायात्मिका बुद्धिरेकेह कुरुनंदन ॥
बहुशाखा ह्यनंताश्च बुद्धयोऽव्यवसायिनाम् ॥ ४१ ॥

पदच्छेदः—व्यवसायात्मिका, बुद्धिः, एका, इह, कुरु-नन्दन, बहुशाखाः, हि, अनन्ताः, च, बुद्धयः, अव्यवसायिनाम्.

व्युत्पत्तिसमासाः—व्यवसाय एव आत्मा यस्या सा व्यवसायात्मिका—निश्चयात्मिका—उपायोपेयबुद्धि । नन्दयतीति नन्दन, कुरूणा नन्दन. कुरुनन्दन, तत्सबुद्धौ कुरुनन्दन । बहव्य. शाखा. यासा ता बहुशाखा । न विद्यते अन्त यासा ता अनन्ता । न विद्यते व्यवसाय—निश्चय. येषा ते अव्यवसायिनः, तेषाम् अव्यवसायिनाम्।

अन्वय अने अर्थ:—कुरुनन्दन હે કુરુવંશને (સુકૃતોથી) આનંદ આપનાર અર્જુન ! इह આ કર્મયોગના માર્ગમા, व्यवसायात्मिका નિશ્ચયાત્મક, बुद्धिः બુદ્ધિ, एका એકજ છે, च પણ, अव्यवसायिनाम् અપ્રામાણિક એવી અનિશ્ચયાત્મક બુદ્ધિવાળા લોકોની, बुद्धय બુદ્ધિઓ, (તો) बहुशाखाः અનેક ફાંટાઓવાળી, (અને) अनन्ता ઘણી છે.

ભાવાર્થ:—હે કુરુનન્દન ! કર્મયોગના માર્ગમા—નિષ્કામ કર્મયોગમાં નિશ્ચયાત્મક એવી જ્ઞાનયુકત બુદ્ધિ એકજ છે, પણ પ્રમાણરહિત એવી અનિશ્ચયાત્મક બુદ્ધિવાળા લોકોની બુદ્ધિઓ તો અનેક ફાંટાઓવાળી અને ઘણા પ્રકારની છે. અર્થાત્ તેવા

લોકોની બુદ્ધિની કોઈપણ પ્રકારની જ્ઞાનયોગ કે કર્મયોગમાં સ્થિરતા રહેતી નથી. ૪૧.

અવતરણિકા:—"ભિન્નબુદ્ધિવાળા લોકોની બુદ્ધિ એકજ નિશ્ચયાત્મિકા કેમ થતી નથી?" એવી શંકાના ઉત્તરમાં ભગવાન્ 'શ્રીકૃષ્ણ તેમ ન થવા માટે શું પ્રતિબન્ધક છે' તે ત્રણ શ્લોકોથી દર્શાવે છે:

यामिमां पुष्पितां वाचं प्रवदंत्यविपश्चितः ॥
वेदवादरताः पार्थ नान्यदस्तीति वादिनः ॥ ४२ ॥

कामात्मानः स्वर्गपरा जन्मकर्मफलप्रदाम् ॥
क्रियाविशेषबहुलां भोगैश्वर्यगतिं प्रति ॥ ४३ ॥

भोगैश्वर्यप्रसक्तानां तयापहृतचेतसाम् ॥
व्यवसायात्मिका बुद्धिः समाधौ न विधीयते ॥४४॥

पदच्छेदः—याम्, इमाम्, पुष्पिताम्, वाचम्, प्रवदन्ति, अविपश्चितः, वेदवादरताः, पार्थ, न, अन्यत्, अस्ति, इति, वादिनः, कामात्मानः, स्वर्गपराः, जन्मकर्मफलप्रदाम्, क्रियाविशेषबहुलाम्, भोगैश्वर्यगतिम्, प्रति; भोगैश्वर्यप्रसक्तानाम्, तया, अपहृतचेतसाम्, व्यवसायात्मिका, बुद्धिः, समाधौ, न, विधीयते.

व्युत्पत्तिसमासाः—प्रकर्षेण वदन्ति इति प्रवदन्ति। विप्रकृष्टं चिन्तयन्ति ते विपश्चितः, न विपश्चितः अविपश्चितः। वेदयन्ति धर्माधर्मौ इति वेदाः, वेदानां वादाः वेदवादाः, वेदवादेषु रताः वेदवादरताः। वदन्ति ते वादिनः। कामे आत्मा अंतःकरणं येषां ते कामात्मानः। स्वर्गः एव

परः श्रेष्ठः पुरुषार्थः येषां ते स्वर्गपराः। कर्मणः फलम् कर्मफलम्, जन्मैव कर्मफलं जन्मकर्मफलम्, तत्प्रददातीति जन्मकर्मफलप्रदा, तां जन्मकर्मफलप्रदाम् । बहु लान्तीति बहुलाः, क्रियाणां विशेषाः क्रियाविशेषाः, क्रियाविशेषाः एव बहुलाः यस्यां सा क्रियाविशेषबहुला ताम् । भोगश्च ऐश्वर्यं च भोगैश्वर्ये, भोगैश्वर्ययोः गतिः प्राप्तिः भोगैश्वर्यगतिः, ताम् भोगैश्वर्यगतिम् । भोगश्च ऐश्वर्यं च भोगश्वर्ये, भोगैश्वर्ययोः प्रकर्षेण सक्ताः भोगैश्वर्यप्रसक्ताः, तेषाम् भोगैश्वर्यप्रसक्तानाम् । अपहृतानि चेतांसि येषां ते अपहृतचेतसः, तेषाम् अपहृतचेतसाम् । सम्यक् आधीयते अस्मिन् सर्वम् इति समाधि, तस्मिन् समाधौ ।

અન્વય અને અર્થ:—पार्थ હે પાર્થ! वेदवादरताः વેદના અર્થવાદમાં પ્રીતિવાળા, (અને) अन्यत् (સકામ કર્મ સિવાય આત્મજ્ઞાન વિગેરે) બીજું કંઈ, न, अस्ति નથી, इति એ પ્રમાણે, वादिनः બોલવાવાળા, अविपश्चितः અજ્ઞાનથી મૂઢ એટલે કાર્યાકાર્યના ભાનરહિત લોકો, याम् જે, इमाम् આ (વેદમાં બીજું કાંઇપણ નથી એવી), पुष्पिताम् ફુલથી ભરેલી વિષલતાની માફક ફરથી સુંદર, वाचम् વાણીને, प्रवदन्ति બોલે છે; कामात्मनः કામનાઓની અભિલાષામાંજ જેમનું અંતઃકરણ છે એવા (અને) स्वर्गपराः સ્વર્ગનેજ પરમ પુરૂષાર્થ માનનારાઓ, भोगैश्वर्यगतिम् ભોગવિલાસ અને ઐશ્વર્ય–વૈભવની પ્રાપ્તિ, પ્રતિ માટે, जन्मकर्मफलप्रदाम् જન્મરૂપી કર્મના ફલોને આપનારી, क्रियाविशेषबहुलाम् અગ્નિહોત્રાદિક તથા બીજી ક્રિયાઓ જેમાં વિશેષ કરવી પડે તેવી, पुष्पिताम् છટાદાર, वाचम् વાણીને, प्रवदन्ति બોલે છે, (પરંતુ) तया તે દાંભિક વાણીવડે, अपहृतचेतसाम् ખેંચાએલા ચિત્તવાળા, (અને તેથીજ) भोगैश्वर्यप्रसक्तानाम् વિલાસ અને

વૈભવમાં લાગેલું છે ચિત્ત જેમનું એવાઓની, વ્યવસાયાત્મિકા આત્મજ્ઞાન સંબંધી-શુદ્ધ-ચિન્માત્ર સ્વરૂપિણી નિશ્ચયાત્મિક, બુદ્ધિઃ બુદ્ધિ, સમાધૌ ચિત્તનું ઈશ્વર સાથે ઐકય સાધવારૂપ સમાધિમાં, ન, વિધીયતે વ્યવસ્થિત થતી નથી.

ભાવાર્થઃ—હે પાર્થ! વેદના મિથ્યા અર્થવાદમાં પ્રીતિવાળા અને સકામ કર્મસિવાય આત્મજ્ઞાન તથા મોક્ષ ઇત્યાદિ બીજું કંઇ છેજ નહિ એમ બોલવાવાળા મૂઢ લોકો, જ્યારે ફૂલોથી શોભતી વિષલતાની માફક સુંદર એવી છટાદાર વાણીને બોલે છે, ત્યારે વિલાસ અને વૈભવની દિશા તરફ અભિલાષી અંતઃકરણ વૃત્તિવાળા અને સ્વર્ગનેજ પરમ પુરૂષાર્થ માનનારાઓ ભોગવિલાસ અને ઐશ્વર્યની પ્રાપ્તિને માટે એ વાણીને જન્મ અને કર્મનાં ફૂલોને આપનારી તથા અગ્નિહોત્રાદિક બીજી ઘણી ક્રિયાઓ જેમાં કરવી પડે છે એવી રીતની બોલે છે, પરંતુ તે વેદના અર્થવાદયુકત ઉપરોકત વાણીવડે ખેંચાએલા ચિત્તવાળા, અને વિલાસ તથા વૈભવ પ્રત્યે જેમનું ચિત્ત લાગેલું છે એવા મનુષ્યોની આત્માસંબંધી નિશ્ચયવાળી બુદ્ધિ ઈશ્વરૈકાગ્રતા (સમાધિ) માં લાગતી નથી એટલે કયારે પણ સ્થિર થઇ તે ઈશ્વરનું તાદાત્મ્ય સાધી શકતી નથી. ૪૨-૪૪.

અવતરણિકાઃ—'સમાધિમાં નિશ્ચયવાળી બુદ્ધિ કોની થાય છે' તે વાત જણાવે છે

त्रैगुण्यविषया वेदा निस्त्रैगुण्यो भवार्जुन ॥
निर्द्वन्द्वो नित्यसत्त्वस्थो निर्योगक्षेम आत्मवान्॥४५॥

પદચ્છેદઃ—त्रैगुण्यविषयाः, वेदाः, निस्त्रैगुण्यः, भव, अर्जुन, निर्द्वन्द्वः, नित्यसत्त्वस्थः, निर्योगक्षेमः, आत्मवान्.

વ્યુત્પત્તિસમાસાઃ—ત્રયાણા ગુણાના ભાવ ત્રૈગુણ્યમ્, ત્રૈગુણ્યમેવ[1] વિષયો યેષા તે ત્રૈગુણ્યવિષયા । નિર્ગતં ત્રૈગુણ્ય યસ્માત્સ નિસ્ત્રૈગુણ્ય । નિર્ગતાનિ સુખદુ ખસજ્ઞાનિ દ્વન્દ્વાનિ યસ્માત્સ નિર્દ્વન્દ્વ । નિત્ય સર્વદા સત્ત્વગુણે તિષ્ઠતીતિ નિત્યસત્ત્વસ્થ । યોગશ્ચ ક્ષેમ ચ યોગક્ષેમે, નિર્ગતે યોગક્ષેમે યસ્માત્ સ નિર્યોગક્ષેમ । આત્મા અસ્ય અસ્તીતિ આત્મવાન્ ।

અન્વય અને અર્થઃ—અર્જુન હે અર્જુન ! વેદા વેદો, ત્રૈગુણ્યવિષયા સત્ત્વ, રજ અને તમ એ ત્રણ ગુણોને પ્રતિપાદન કરવાવાળા (છે, માટે તુ) નિસ્ત્રૈગુણ્ય ત્રણે ગુણોના ભાવોથી રહિત, નિર્દ્વન્દ્વ સુખદુ ખની સ જ્ઞાવાળા હર્ષ શોકાદિ દ્વન્દ્વોથી મુક્ત, નિત્યસત્ત્વસ્થ સદા સત્ત્વગુણનો આશ્રય કરી રહેનારો, નિર્યોગક્ષેમ ન મેળવેલી ચીજને મેળવવી અને મેળવેલીનુ રક્ષણ કરવુ એવી સ્થિતિથી રહિત, (અને) આત્મવાન્ ચિત્તને નિયમમા રાખનારો, મત્ર થા

ભાવાર્થઃ—હે અર્જુન ! વેદો ત્રણે ગુણોનુ પ્રતિપાદન કરનાર જ છે માટે તુ એ ત્રણે ગુણોના ભાવોથી રહિત, સુખ દુ ખ અને હર્ષશોકાદિના દ્વન્દ્વો વિનાનો, સદા સત્ત્વગુણનો આશ્રય કરી રહેનારો, અપ્રાપ્ત વસ્તુને મેળવવામા અને મેળવેલીનુ રક્ષણ કરવામા યત્ન રહિત અને જીતેલા ચિત્તવાળો થા ૪૫

---

૧ અનુપાત્તસ્ય ઉપાદાન યોગ । ઉપાત્તસ્ય રક્ષણ ક્ષેમ । ન મેળવેલી વસ્તુને મેળવવી એનુ નામ યોગ અને મેળવેલી વસ્તુનુ રક્ષણ કરવુ એનુ નામ ક્ષેમ

અવતરણિકાઃ—આત્માનું સત્ય જ્ઞાન ચિત્તશુદ્ધિ થાય ત્યારે જ થાય છે, અને તે ચિત્તશુદ્ધિ, બધાં વેદોક્ત કર્મોનું અનુષ્ઠાન કરવામાં આવે તો જ પ્રાપ્ત થાય, તેથી વેદોનો આશ્રય તો કરવો જ પડે અને તોપછી નિર્ગુણ થવાય જ નહિ, એવી શંકાના પરિહાર માટે ભગવાન્ કહે છે.

यावानर्थ उदपाने सर्वतः संप्लुतोदके ॥
तावान्सर्वेषु वेदेषु ब्राह्मणस्य विजानतः ॥ ४६ ॥

पदच्छेदः—यावान्, अर्थः, उदपाने, सर्वतः, संप्लुतोदके, तावान्, सर्वेषु, वेदेषु, ब्राह्मणस्य, विजानतः.

व्युत्पत्तिसमासाः—यत्परिमाणम् अस्येति यावान्। उदम् उदकम् पीयते अस्मिन् इति उदपानम्, तस्मिन् उदपाने। सर्वस्मादिति सर्वतः। संप्लुतम् उदकं यस्मिन् तत् संप्लुतोदकम्, तस्मिन संप्लुतोदके। तत् परिमाणमस्येति तावान्। ब्रह्म वेदं शुद्धं चैतन्यं वा वेत्ति अर्धते वा इति ब्राह्मणः। विशेषेण जानातीति विजानन्, तस्य विजानतः।

અન્વય અને અર્થઃ—सर्वतः ચોતરફથી, संप्लुतोदके જલથી ખૂબ છલોછલ ભરાયલા, उदपाने જલાશયમાં, यावान् જેટલો, अर्थः સ્નાન-પાનાદિક અર્થ (સરે છે), तावान् તેટલો જ અર્થ, विजानतः વ્યુત્પન્ન ચિત્તવાળા, ब्राह्मणस्य બ્રહ્મનિષ્ઠ થવાની ઇચ્છાવાળા બ્રાહ્મણને, सर्वेषु બધા, वेदेषु વેદોમાં (સધાય) છે.

ભાવાર્થઃ—નાના જલાશયમાં જેટલો સ્નાનપાનાદિક અર્થ સાધી શકાય છે તેટલો જ અર્થ ચોતરફથી ખૂબ ભરાયલા જલાશયમાં પણ સરે છે, તેવીજ રીતે વિદ્વાન્ બ્રહ્મનિષ્ઠ બ્રાહ્મણને પણ બ્રહ્મજ્ઞાન માટે બધા વેદોમાં અનાયાસે તેટલો જ અર્થ

સરે છે. અર્થાત્ જ્ઞાનનિષ્ઠને કર્મફલની અપેક્ષા ન રહેતાં તેનાથીજ તેની સર્વ સિદ્ધિ થઇ જાય છે. ૪૬.

અવતરણિકા—"ઉપનિષદ્ વિગેરેના સેવનથી ભારે પણ આત્મજ્ઞાન મેળવવુ જોઇએ, તથા યુદ્ધ વિગેરે પ્રવૃત્તિમાથી મુક્ત થવુ જોઇએ, તો પછી 'યુદ્ધ કર' એવી પ્રેરણા મને આપ કેમ કરો છો?" એવા અર્જુનના પ્રશ્નના જવાબમા ભગવાન્ અર્જુનને માટે ખાસ વિહિત ધર્મનો ઉપદેશ કરે છે

कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन ॥
मा कर्मफलहेतुर्भूर्मा ते संगोऽस्त्वकर्मणि ॥ ४७ ॥

પદચ્છેદઃ—कर्मणि, एव, अधिकारः, ते, मा, फलेषु, कदाचन, मा, कर्मफलहेतुः, भूः, मा, ते, सङ्गः, अस्तु, अकर्मणि.

વ્યુત્પત્તિસમાસાઃ—अधिकरणम् अधिकारः। फलति इति फलम्, कर्मणा फलं कर्मफलम्, कर्मफल हेतुः प्रयोजनं यस्य सः कर्मफलहेतुः। क्रियते यत् तत् कर्म, न कर्म अकर्म, तस्मिन् अकर्मणि।

અન્વય અને અર્થઃ—તે તારો, कर्मणि કર્મ-કર્મયોગમાં, एव જ, अधिकारः અધિકાર (છે), कदाचन કોઇ પણ વખતે, फलेषु કર્મના ફલોમા (અધિકાર), मा નથી (માટે તું) कर्मफलहेतुः કર્મનાં ફલનો હેતુ-ઉત્પાદક, मा, भूः ન થા (અને) ते તારી, अकर्मणि ન કરવા લાયક કર્મમાં અથવા કર્મ ન કરવામાં, संगः આસક્તિ, मा अस्तु ન થાઓ.

ભાવાર્થઃ—તારો તો કર્મમા-કર્મયોગમાં-જ અધિકાર છે, પરંતુ કોઇપણ વખતે કર્મનાં ફલ જે ખાસ બન્ધનનું કારણ છે, તેમાં તારો અધિકાર નથી, એટલે કે કરવા યોગ્ય કર્મો ફલની

ઇચ્છાનો ત્યાગ કરીને તું કર, પણ કર્મનાં ફલોની આશાવાળો ન થા. અર્થાત્ કર્મનાં ફલરૂપ પરિણામની ઇચ્છા રાખનાર ન થા, તેમ ન કરવા લાયક કર્મમાં અથવા કર્મ ન કરવામાં પણ તને આસક્તિ ન થાઓ, એટલે કે કર્મ કરવામાં જ તારો અધિકાર હોવાથી તું યુદ્ધ કરવા રૂપ કર્મમાં જ પ્રવૃત્ત થા. ૪૭.

અવતરણિકાઃ—ઉપરનીજ વાત વિસ્તારપૂર્વક કહે છેઃ

योगस्थः कुरु कर्माणि संगं त्यक्त्वा धनंजय ॥
सिद्ध्यसिद्ध्योः समो भूत्वा समत्वं योग उच्यते ॥४८॥

પદચ્છેદઃ—योगस्थः, कुरु, कर्माणि, सङ्गम्, त्यक्त्वा, धनञ्जय, सिद्ध्यसिद्ध्योः, समः, भूत्वा, समत्वम्, योगः, उच्यते.

વ્યુત્પત્તિસમાસાઃ—योगे तिष्ठतीति योगस्थः। सज्यन्ते प्राणिनः अस्मिन्निति सङ्गः, तं सङ्गम्। न सिद्धिः असिद्धिः, सिद्धिश्च असिद्धिश्च सिद्ध्यसिद्धे, तयोः सिद्ध्यसिद्ध्योः। धनं जयतीति धनञ्जयः, तत्संबुद्धौ हे धनञ्जय। समस्य भावः समत्वम्।

અન્વય અને અર્થઃ—ધનઞ્જય હે ધનંજય,! सङ्गम् આસક્તિને, त्यक्त्वा છોડીને. योगस्थः યોગમાં રહીને, सिद्ध्यसिद्ध्योः કર્મની સફલતા અને નિષ્ફલતામાં, समः સમાન, भूत्वा થઈને, (तुं) कर्माणि કર્મોને, कुरु કર, (કારણકે) समत्वम् કાર્યની સિદ્ધિ અને અસિદ્ધિમાં સમાનભાવ–ઉદ્વેગરહિતપણું, योगः કર્મયોગ, उच्यते કહેવાય છે.

ભાવાર્થઃ—હે ધનંજય ! આસક્તિને છોડીને નિષ્કામ–ફલની ભાવનારહિત–કર્મયોગનો આશ્રય કરીને, તથા કર્મની

સફલતા અથવા નિષ્ફલતામાં સમાન ભાવવાળો થઈને તું કર્મો કર, કારણકે સિદ્ધિ-અસિદ્ધિ-મા જે સમાન ભાવ તેનું જ નામ યોગ છે અર્થાત્ યુદ્ધમાં પણ તું જયપરાજયરૂપ ફલની આકાક્ષા વિનાનો થઈને "યુદ્ધ તારૂં કર્મ છે" એમ સમજી તુ તેમાં પ્રવૃત્ત થા. ૪૮.

અવતરણિકા —'કામ્ય-સકામ કર્મનુ સેવન ઘણુજ તુચ્છ છે', તે જણાવે છે

दूरेण ह्यवरं कर्म बुद्धियोगाद्धनंजय ॥
बुद्धौ शरणमन्विच्छ कृपणाः फलहेतवः ॥ ४९ ॥

પદચ્છેદઃ—દૂરેણ, હિ, અવરમ્, કર્મ, બુદ્ધિયોગાત્, ધનઞ્જય, બુદ્ધૌ, શરણમ્, અન્વિચ્છ, કૃપણાઃ, ફલહેતવઃ.

વ્યુત્પત્તિસમાસાઃ—ન વરમ્ અવરમ્ । બુદ્ધે યોગ બુદ્ધિ યોગ, તસ્માત્ બુદ્ધિયોગાત્ । કૃપા કુર્વન્તિ, કૃપ્યન્તે કૃપન્તે વા તે કૃપણા । ફલમેવ હેતુ યેષા તે ફલહેતવ ।

અન્વય અને અર્થઃ—ધનઞ્જય હે ધનંજય! બુદ્ધિયોગાત્ નિષ્કામ કર્મયોગથી, કર્મ કોઇ પણ કામ્ય કર્મ, દૂરેણ અત્યંત, અવરમ્ નિકૃષ્ટ-હલકુ (છે), હિ માટે, બુદ્ધૌ સમત્વબુદ્ધિવાળા કર્મયોગ અથવા જ્ઞાનયોગમા (જવાને માટે), શરણમ્ આશ્રયને, અન્વિચ્છ તું ઇચ્છ, (કારણકે) ફલહેતવઃ ફળની ઇચ્છાથી હેતુપૂર્વક કર્મ કરવાવાળા (તો), કૃપણા દીન-રંક જેવા છે.

ભાવાર્થઃ—હે ધનંજય (અર્જુન)! નિષ્કામ કર્મયોગ સિવાય બીજું કોઈ પણ કામ્ય કર્મ અત્યંત હલકું જ છે, માટે તું તેવા કામ્ય કર્મનો ત્યાગ કરીને કર્મયોગ અથવા સાંખ્યયોગનો આશ્રય

મેળવવાની ઈચ્છા રાખ, કારણકે ફલની ઈચ્છાથી જે કામ કરવા-વાળા છે તે તો કેવળ દીન–ગરીબ છે. અર્થાત્ તું તેવો દીન જેવો ફલાકાંક્ષી ન થતાં નિષ્કામ કર્મ કરવામાં તૈયાર થા. ૪૯.

અવતરણિકાઃ—આ પ્રમાણે કામ્ય-સકામ કર્મની તુચ્છતા કહીને હવે ફરી નિષ્કામ કર્મયોગનું ઉત્તમપણું કહે છે.

बुद्धियुक्तो जहातीह उभे सुकृतदुष्कृते ॥
तस्माद्योगाय युज्यस्व योगः कर्मसु कौशलम्॥५०॥

પદચ્છેદઃ—बुद्धियुक्तः, जहाति, इह, उभे, सुकृतदुष्कृते, तस्मात्, योगाय, युज्यस्व, योगः, कर्मसु, कौशलम्.

વ્યુત્પત્તિસમાસાઃ—बुद्ध्या युक्तः बुद्धियुक्तः । सुकृतं च दुष्कृतं च सुकृतदुष्कृते, ते सुकृतदुष्कृते । कुशलस्य भावः कौशलम् ।

અન્વય અને અર્થઃ—इह આ લોકમાં, बुद्धियुक्तः સાંખ્ય–આત્મજ્ઞાન સંબંધી–અથવા નિષ્કામ કર્મયોગ સંબંધી બુદ્ધિવાળો મનુષ્ય, सुकृतदुष्कृते પુણ્ય અને પાપ, उभे બન્નેને, जहाति છોડે છે, तस्मात् તેથી, योगाय કર્મયોગને માટે, युज्यस्व તું તૈયાર થા, (કેમકે) कर्मसु કર્મમાં, कौशलम् (બન્ધનનાં કારણરૂપ કર્મો હોવા છતાં પણ ઈશ્વરની આરાધના વડે ઈશ્વરાર્પણ કર્મ કરી નિષ્કામ વૃત્તિથી મોક્ષ સંપાદન કરવાની) (જે) ચતુરાઈ (તે), योगः નિષ્કામ કર્મયોગ (अस्ति છે).

ભાવાર્થઃ—આ લોકમાં આત્મજ્ઞાન અથવા નિષ્કામ કર્મ-યોગ સંબંધી બુદ્ધિવાળો મનુષ્ય, સ્વર્ગ નરકનાં કારણરૂપ પુણ્ય અને પાપ બંન્નેને છોડે છે એટલે તે સ્વર્ગાદિ કોઇપણ ફલની

અપેક્ષારહિત કર્મ કરતો હોવાથી તેને પુણ્ય અથવા પાપ કંઈ પણ ભોગવવાનો પ્રસંગ આવતો નથી અને તેથીજ તું તેવા નિષ્કામકર્મયોગ માટે તૈયાર થા. કેમ કે કર્મ બન્ધનના કારણરૂપ હોવા છતાં પણ ઈશ્વરની આરાધના વડે ઈશ્વરાર્પણ બુદ્ધિથી નિષ્કામ વૃત્તિયુક્ત થઇ કર્મ કરતાં જે મોક્ષ સંપાદન કરવાનું ચાતુર્ય તેનું જ નામ યોગ (કર્મયોગ) છે. ૫૦.

અવતરણિકાઃ—"દુષ્કૃત-પાપનો ત્યાગ કરવો એ તો સર્વથા ઉચિત છે, પણ સુકૃત-પુણ્યનો જો ત્યાગ કરવામાં આવે તો સાચો પુરૂષાર્થ સાધી શકાય નહિ" એવી શંકાના પરિહાર માટે ભગવાન્ શ્રીકૃષ્ણ નીચેના શ્લોકમાં કર્મફલનો માત્ર ત્યાગ કરવાથીજ અત્યંત શ્રેષ્ઠ પુરૂષાર્થની પ્રાપ્તિ થાય છે તે કહે છે:

कर्मजं बुद्धियुक्ता हि फलं त्यक्त्वा मनीषिणः ॥
जन्मबंधविनिर्मुक्ताः पदं गच्छंत्यनामयम् ॥ ५१ ॥

पदच्छेदः—कर्मजम्, बुद्धियुक्ताः, हि, फलम्, त्यक्त्वा, मनीषिणः, जन्मबन्धविनिर्मुक्ताः, पदम्, गच्छन्ति, अनामयम्.

व्युत्पत्तिसमासाः—कर्मभ्यः जातम् कर्मजम् तत्। मनीषा एषाम् अस्तीति मनीषिणः। जन्मैव बन्धः जन्मबन्धः, तस्मात् विशेषेण नितान्तं मुक्ताः इति जन्मबन्धविनिर्मुक्ताः। न विद्यते आमयः यस्मिन्तत् अनामयम् तत्।

અન્વય અને અર્થઃ—बुद्धियुक्ताः જ્ઞાની અથવા નિષ્કામ કર્મયોગમાં સમાન બુદ્ધિવાળા, मनीषिणः આત્મજ્ઞાનનિષ્ઠ બુદ્ધિશાલી પુરૂષો, हि ખરેખર, कर्मजम् કર્મથી ઉત્પન્ન થતા,

ફલમ્ ફલને, ત્યક્ત્વા છોડીને, જન્મબન્ધવિનિર્મુક્તાઃ જન્મરૂપી બંધનથી મુક્ત થયેલા, અનામયમ્ બધી જાતના ઉપદ્રવો રહિત-શાંત (એવા), પદમ્ મોક્ષરૂપી પદને, ગચ્છંતિ પામે છે.

ભાવાર્થઃ—પાપ-પુણ્યની ગણનારહિત તથા જ્ઞાન અને નિષ્કામ કર્મયોગમાં સમબુદ્ધિવાળા આત્મજ્ઞાની પુરૂષો તો કર્મથી પેદા થતાં ફલને છોડી દઈ, જન્મરૂપી બંધનથી મુક્ત થઈને સર્વ જાતના ઉપદ્રવો રહિત અને શાંત એવા મોક્ષરૂપી પરમપદને પામે છે. ૫૧.

અવતરણિકાઃ—"નિષ્કામ કર્મયોગના પાલન વડે ઉત્પન્ન થતી સાત્ત્વિક ચિત્તશુદ્ધિથી સમાનતાવાળી બુદ્ધિ ક્યારે પ્રાપ્ત થાય?" એવા પ્રશ્નના ઉત્તરમાં ભગવાન્ કહે છેઃ

यदा ते मोहकलिलं बुद्धिर्व्यतितरिष्यति ॥
तदा गंतासि निर्वेदं श्रोतव्यस्य श्रुतस्य च ॥५२॥

પદચ્છેદઃ—યદા, તે, મોહકલિલમ્, બુદ્ધિઃ, વ્યતિતરિષ્યતિ, તદા, ગન્તા, અસિ, નિર્વેદમ્, શ્રોતવ્યસ્ય, શ્રુતસ્ય, ચ.

વ્યુત્પત્તિસમાસાઃ—યસ્મિન્ કાલે યદા। મુહ્યતે અનેન ઇતિ મોહઃ, મોહ એવ કલિલમ્ કાલુષ્યમ્ મોહકલિલમ્, તત્। વિશેષેણ અતિશયેન ચ તરિષ્યતિ ઇતિ વ્યતિતરિષ્યતિ। તસ્મિન્ કાલે તદા। ગચ્છતિ ઇતિ ગન્તા। નિર્વિદ્યતે અનેન ઇતિ નિર્વેદઃ, તમ્ નિર્વેદમ્। શ્રોતું યોગ્યં શ્રોતવ્યમ્, તસ્ય શ્રોતવ્યસ્ય।

અન્વય અને અર્થઃ—યદા જ્યારે, તે તારી, બુદ્ધિઃ બુદ્ધિ, મોહકલિલમ્ અવિવેકરૂપી કે જે ચૈતન્ય અને જડના વિવેક-

જ્ઞાનને કલુષિત કરીને વિષયો તરફ અંતઃકરણની પ્રવૃત્તિ કરાવે છે તેને, વ્યતિતરિષ્યતિ અવશ્ય રીતે ઓળંગી જશે, તદા ત્યારે, શ્રોતવ્યસ્ય ભવિષ્યમાં સાંભળવા લાયક, ચ અને, શ્રુતસ્ય ભૂતકાળમાં સાંભળેલા (કર્મોનાં ફલો રૂપી વિષયો તરફ) ના નિર્વેદમ્ વૈરાગ્યને, પ્રાપ્સ્યસિ તું પામીશ.

ભાવાર્થઃ—જ્યારે તારી બુદ્ધિ અવિવેકરૂપી કલુષિતતા કે જે આત્મા-ચૈતન્ય, અને જડના વિવેકવાળા જ્ઞાનને ભૂલાવી વિષયો તરફ અંતઃકરણની પ્રવૃત્તિ કરાવે છે તેને વિશેષે કરી ઉલ્લંઘી જશે એટલે જડ તથા ચૈતન્યના જ્ઞાનવાળી થઈ મોહમાંથી મુક્ત થશે ત્યારે ભવિષ્યમાં સાંભળવાનાં અને ભૂતકાળમા સાંભળેલાં કર્મોનાં ફલોરૂપી વિષયો તરફ તને નિર્વેદ—ગ્લાનિ-વૈરાગ્ય પ્રાપ્ત થશે. અર્થાત્ મોહનો નાશ થવાથી તારી બુદ્ધિ વૈરાગ્યયુક્ત થઈ કર્મના ફલનો ત્યાગ કરી આપોઆપ નિષ્કામ કર્મ કરવા તરફ પ્રેરાશે. ૫૨

અવતરણિકાઃ—"એ પ્રમાણે થયેલી અંતઃકરણની શુદ્ધિ વડે, જેને વૈરાગ્ય પ્રાપ્ત થયેલો છે એવા પુરુષને પછી જ્ઞાનની પ્રાપ્તિ આમ કરીને ક્યારે થાય ?" તેના ઉત્તરમા ભગવાન્ કહે છે

श्रुतिविप्रतिपन्ना ते यदा स्थास्यति निश्चला ॥
समाधावचला बुद्धिस्तदा योगमवाप्स्यसि ॥ ५३ ॥

પદચ્છેદઃ—શ્રુતિવિપ્રતિપન્ના, તે, યદા, સ્થાસ્યતિ, નિશ્ચલા, સમાધૌ, અચલા, બુદ્ધિઃ, તદા, યોગમ્, અવાપ્સ્યસિ.

વ્યુત્પત્તિસમાસાઃ—(અનેકમાધ્યસાધનસમ્બન્ધપ્રકાશન)શ્રુતિભિઃ(શ્રવણૈઃ) વિશેષેણ નાનાપ્રકારેણ પ્રતિપન્ના ઇતિ શ્રુતિવિપ્રતિપન્ના ।

निर्गतं चलं यस्याः सा निश्चला । सम्यक् आधीयते चित्तमस्मिन् इति समाधिः ब्रह्म, तस्मिन् समाधौ ।

અન્વય અને અર્થઃ—यदा જ્યારે, श्रुतिविप्रतिपन्ना અનેક સાધ્ય-સાધનસંબંધનો પ્રકાશ કરતાં એવાં કર્મફલનાં શ્રવણો-વડે અનેક માર્ગે દોરવાયલી-(સંશયો વડે વિક્ષેપ પામેલી) તે તારી, बुद्धिः બુદ્ધિ, स्थास्यति સ્થિર થઈને રહેશે, (અને) निश्चला વિક્ષેપ, અથવા ચલનરહિત (થઈને), समाधौ આત્મામાં, अचला વિકલ્પવર્જિત થશે, तदा ત્યારે, (तुं) योगम् વિવેક-બુદ્ધિ-તત્ત્વજ્ઞાનરૂપ યોગને, अवाप्स्यसि પામીશ.

ભાવાર્થઃ—અનેક સાધ્ય-સાધન સંબંધનો પ્રકાશ કરતાં કર્મફલનાં શ્રવણો વડે સંશયયુક્ત થઈને અનેક રસ્તે દોરવાયેલી એટલે ચંચલ એવી તારી બુદ્ધિ જ્યારે સ્થિર થઈને રહેશે, અને વિક્ષેપરહિત થઈને આત્મામાં વિકલ્પવર્જિત એટલે એકનિષ્ઠતા-વાળી થશે ત્યારે તું સમાનભાવવાળી વિવેકબુદ્ધિ-તત્ત્વજ્ઞાન-રૂપ યોગને પામીશ. ૫૩.

અવતરણિકાઃ—એ પ્રમાણે જેને વિવેક બુદ્ધિથી આત્મનિષ્ઠા થઈ સમાધિ પ્રાપ્ત થઈ હોય, અર્થાત્ જેની પ્રજ્ઞા સ્થિર થઈ હોય તેવાઓનાં લક્ષણ જાણવાની ઇચ્છાથી અર્જુન સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો પૂછે છેઃ

अर्जुन उवाच । અર્જુન પૂછે છેઃ—

स्थितप्रज्ञस्य का भाषा समाधिस्थस्य केशव ॥
स्थितधीः किं प्रभाषेत किमासीत व्रजेत किम् ॥ ५४ ॥

પદચ્છેદઃ—स्थितप्रज्ञस्य, का, भाषा, समाधिस्थस्य, केशव, स्थितधीः, किम्, प्रभाषेत, किम्, आसीत, व्रजेत, किम्.

વ્યુત્પત્તિસમાસાઃ—પ્રકર્ષેણ જ્ઞાયતે અનયા ઇતિ પ્રજ્ઞા, સ્થિતા પ્રજ્ઞા યસ્ય સઃ સ્થિતપ્રજ્ઞઃ, તસ્ય સ્થિતપ્રજ્ઞસ્ય। ભાષ્યતે કથ્યતે અનયા ઇતિ ભાષા। સમાધૌ તિષ્ઠતીતિ સમાધિસ્થઃ, તસ્ય સમાધિસ્થસ્ય। કશ્ચ ઈશશ્ચ કેશૌ, તૌ વાતિ ગચ્છતિ પ્રેરયતિ અથવા વાપયતિ ઉત્પાદયતિ નિયમયતિ તાભ્યા જ્ઞાનં પ્રાપયતિ ઇતિ કેશવ[૧], તત્સબુદ્ધૌ હે કેશવ। સ્થિતા ધી[૧] યસ્ય સઃ સ્થિતધીઃ। પ્રકર્ષેણ ભાષેત ઇતિ પ્રભાષેત।

અન્વય અને અર્થઃ—[૧]કેશવ હે કેશવ! સ્થિતપ્રજ્ઞસ્ય સ્થિરબુદ્ધિવાળા એવા, સમાધિસ્થસ્ય પરમાત્માના ધ્યાનરૂપી સમાધિમાં રહેલાની, ભાષા વાણી, કા કેવી, (હોય? અને) સ્થિતધીઃ સ્થિર બુદ્ધિવાળો, કિમ્ શું, પ્રભાષેત બોલે (છે, તેમ) કિમ્ કેવી રીતે, આસીત બેસે (છે, અને) કિમ્ કેવી રીતે, વ્રજેત જાય (છે)?

ભાવાર્થઃ—"હે કેશવ! જેની બુદ્ધિ સ્થિર થએલી છે એવા પરમાત્માના ધ્યાનરૂપી સમાધિયુક્ત પુરૂષની ભાષા-(ભાષણ-લક્ષણ) કેવી હોય છે? તેમ તે સ્થિરબુદ્ધિવાળો કેવી રીતે બોલે છે? કેમ બેસે છે એટલે બાહ્ય ઇન્દ્રિયોને નિયમમાં કેવી રીતે રાખે છે? અને કેમ ચાલે છે? અર્થાત્ વિષયોને કેવી રીતે સેવે છે? અર્થાત્ સ્થિતપ્રજ્ઞના જે જે લક્ષણો હોય તે બધાં લક્ષણો આપ મને કહો. ૫૪.

---

૧ ક ઇતિ બ્રહ્મણો નામ ઈશોઽહં સર્વ દેહિનામ્।
આવા તયોદ્ભવસ્તુતો તસ્માત્કેશવનામવાન્ ॥ ઇતિ શ્રુતિ ॥

'ક' એ બ્રહ્માનું નામ છે અને 'ઈશ' તે સર્વ પ્રાણિમાત્રનો ઈશ્વર છું એ અમારી બન્નેની ઉત્પત્તિ તમારાથી થએલી હોવાથી તમે 'કેશવ' એ નામવાળા છો.

BHARATIYA VIDYA BHAVAN LIBRARY

અવતરણિકા:—એ પ્રમાણે ચાર પ્રશ્નો પૂછવામા આવતા ભગવાન્ શ્રીકૃષ્ણ, મુમુક્ષુએ ખાસ યત્નપૂર્વક પ્રાપ્ત કરવા જેવા, જીવનમુક્ત-સ્વભાવ વાળાના લક્ષણ-ઓળખ, બેસવુ અને ચાલવુ વિગેરેનુ વર્ણન કરતા સ્થિત-પ્રજ્ઞ પ્રતે કહેવા તે બે શ્લોકથી કહે છે

શ્રીભગવાનુવાચ । શ્રીભગવાન્ કહે છે –

प्रजहाति यदा कामान्सर्वान्पार्थ मनोगतान् ॥
आत्मन्येवात्मना तुष्टः स्थितप्रज्ञस्तदोच्यते ॥ ५५ ॥

પદચ્છેદ:—प्रजहाति, यदा, कामान्, सर्वान्, पार्थ, मनोगतान्, आत्मनि, एव, आत्मना, तुष्टः, स्थितप्रज्ञः, तदा, उच्यते.

વ્યુત્પત્તિસમાસા:—प्रकर्षेण जहाति प्रजहाति। काम्यन्त इति कामा, तान्। मनसि गता मनोगता, तान् मनोगतान्।

અન્વય અને અર્થ:—पार्थ હે પાર્થ! मनोगतान् હૃદયમા પ્રવેશ થઈ રહેલા, सर्वान् બધા, कामान् કામની વાસના-અભિલાષાને, यदा જ્યારે, (પુરૂષ) प्रजहाति છોડે છે, (અને) [1]आत्मनि આત્મામા, एव જ, तुष्ट સંતુષ્ટ-પ્રસન્ન રહે (છે), तदा ત્યારે, (તે) स्थितप्रज्ञ સ્થિરબુદ્ધિવાળો, उच्यते કહેવાય છે

---

[1] यदा सर्वे प्रमुच्यन्ते कामा येऽस्य हृदि श्रिताः ।
अथ मर्त्योऽमृतो भवत्यत्र ब्रह्म समश्नुते ॥ इति श्रुतेः ॥

જ્યારે જે મનુષ્યના હૃદયમા આશ્રય કરી રહેલા સર્વ જ જન્માવવાવાળા કામવિકારો તેની બધી છુટી જાય છે ત્યારે મર્ત્ય-મનુષ્ય આ જ ભાવ અમૃત-જીવન મુક્ત થાય છે અને ત્યારેજ બ્રહ્મને-પરમાત્મસ્વરૂપને મેળવે છે-ભોગવે છે

ભાવાર્થઃ—હે પાર્થ ! હૃદયમાં રહેલી બધી અભિલાષાઓને જ્યારે પુરૂષ છોડી દે છે, અને આત્મા વડે આત્મામાં જ પ્રસન્ન થઈ રહે છે ત્યારે તે સ્થિરબુદ્ધિવાળો કહેવાય છે. અર્થાત્ ઇન્દ્રિયોને વિષયો તરફ દોડાવનારી અભિલાષાઓ-કામનાઓનો ત્યાગ કરી આત્મામા આત્માથી સંતોષ માની પ્રસન્ન રહે તોજ તે 'સ્થિતપ્રજ્ઞ' કહેવાય છે ૫૫

दुःखेष्वनुद्विग्नमनाः सुखेषु विगतस्पृहः ॥
वीतरागभयक्रोधः स्थितधीर्मुनिरुच्यते ॥ ५६ ॥

पदच्छेदः—दुःखेषु, अनुद्विग्नमनाः, सुखेषु, विगतस्पृहः, वीतरागभयक्रोधः, स्थितधीः, मुनिः, उच्यते.

व्युत्पत्तिसमासाः—न विद्यते उद्विग्न क्षुभित मन यस्य स अनुद्विग्नमनाः । विगता स्पृहाः यस्य सः विगतस्पृह. । रागश्च भयं च क्रोधश्च रागभयक्रोधा, वीता. अपगता. रागभयक्रोधाः यस्मात् स वीतरागभयक्रोध । मन्यते अनेन इति वा मननशीलत्वात् मुनिः ।

અન્વય અને અર્થઃ—દુ.ખેષુ ત્રિવિધ દુ.ખોમાં, અનુદ્વિગ્નમનાઃ ઉદ્વેગરહિત મનવાળો, સુખેષુ સુખોમાં, વિગતસ્પૃહ. ઇચ્છાઓ જેની નીકળી ગયેલી છે એવો, (અને) વીતરાગભયક્રોધઃ રાગ—આસક્તિ, ભય અને ક્રોધ જેમાંથી નીકળી ગયા છે એવો, મુનિઃ મનનશીલ—આત્મચિંતન કરનાર પુરૂષ, સ્થિતધીઃ સ્થિરબુદ્ધિવાળો, उच्यते કહેવાય છે.

ભાવાર્થઃ-આધ્યાત્મિક, આધિભૌતિક, અને આધિદૈવિક એ ત્રિવિધ દુઃખોમાં પણ જેનું મન ઉદ્વેગરહિત છે, સુખો

પ્રાપ્ત કરવામાંથી અથવા તો તે ભોગવી આનંદ પામવામાંથી જેની ઇચ્છા ઉડી ગઇ છે તેમજ જેમાંથી આસક્તિ, ભય અને ક્રોધાદિ દોષો નીકળી ગયા છે એવો આત્મચિંતન કરનાર અને મનનશીલ જે કર્મફલત્યાગી પુરૂષ છે તે 'સ્થિતપ્રજ્ઞ' નામ સ્થિરબુદ્ધિવાળો કહેવાય છે. ૫૬.

અવતરણિકા:—એમ સ્થિતપ્રજ્ઞનુ લક્ષણ કહી હવે 'સ્થિતપ્રજ્ઞ કેમ બોલે છે?' તેના જવાબમાં કહે છે.

यः सर्वत्रानभिस्नेहस्तत्तत्प्राप्य शुभाशुभम् ॥
नाभिनंदति न द्वेष्टि तस्य प्रज्ञा प्रतिष्ठिता ॥५७॥

પદચ્છેદ:—यः, सर्वत्र, अनभिस्नेहः, तत्, तत्, प्राप्य, शुभाशुभम्, न अभिनन्दति, न, द्वेष्टि, तस्य, प्रज्ञा, प्रतिष्ठिता.

વ્યુત્પત્તિસમાસા:—सर्वस्मिन् इति सर्वत्र । अभितः स्नेहः अभिस्नेहः, न विद्यते अभिस्नेहः यस्य सः अनभिस्नेहः । शुभं च अशुभं च एतयोः समाहारः शुभाशुभम्, तत् । अभितः नन्दति इति अभिनन्दति ।

અન્વય અને અર્થ:—यः જે પુરૂષ, सर्वत्र દેહ, ઇન્દ્રિય જીવિત ઇત્યાદિ સર્વમાં, अनभिस्नेहः સ્નેહરહિત હોઈ, तत् तत् તે તે, शुभाशुभम् શુભ અને અશુભને, प्राप्य પામીને, न, अभिनन्दति હર્ષ પામતો નથી, (તેમ) न, द्वेष्टि દ્વેષ કરતો નથી, तस्य તેની, प्रज्ञा બુદ્ધિ, प्रतिष्ठिता સ્થિર થએલી છે (એમ જાણવું).

ભાવાર્થ:—જે પુરૂષ દેહ, ઇંદ્રિય, જીવિત ઇત્યાદિ સર્વ વસ્તુમાત્રમાં સ્નેહરહિત હોઇને શુભાશુભ કર્મનાં ફલોથી ઉત્પન્ન

થતાં પુણ્યપાપ અથવા સુખદુઃખાદિને પામીને હર્ષ પામતો નથી અથવા કોઈનો દ્વેષ કરતો નથી અર્થાત્ સ્તુતિનિંદારૂપ વાણી બોલતો નથી તેની બુદ્ધિ સ્થિર થએલી છે એમ જાણવું. ૫૭.

અવતરણિકા:—"સ્થિતપ્રજ્ઞ કેમ બેસે છે એટલે બાહ્યેન્દ્રિયોને કેવી રીતે વશ રાખે છે ?" એ પ્રશ્નનો ઉત્તર છ શ્લોકમા ભગવાન્ કહે છે

यदा संहरते चायं कूर्मोऽङ्गानीव सर्वशः ॥
इंद्रियाणींद्रियार्थेभ्यस्तस्य प्रज्ञा प्रतिष्ठिता ॥ ५८ ॥

પદચ્છેદ:—યદા, સંહરતે, ચ, અયમ્, કૂર્મ:, અઙ્ગાનિ, ઇવ, સર્વશ:, ઇન્દ્રિયાણિ, ઇન્દ્રિયાર્થેભ્ય:, તસ્ય, પ્રજ્ઞા, પ્રતિષ્ઠિતા.

વ્યુત્પત્તિસમાસા:—સમ્યક્ હરતિ ઇતિ સંહરતે । સર્વસ્માત્ ઇતિ સર્વશ: । ઇન્દ્રેણ દુર્જયાનિ ઇન્દ્રિયાણિ, તાનિ ઇન્દ્રિયાણિ । અર્ત્યન્તે યાચ્યન્તે ઇતિ અર્થા:, ઇન્દ્રિયાણા અર્થા: વિષયા ઇન્દ્રિયાર્થા, તેભ્ય: ઇન્દ્રિયાર્થેભ્ય ।

અન્વય અને અર્થ:—યદા જ્યારે, અયમ્ આ પુરુષ, કૂર્મ: કાચબો, અઙ્ગાનિ (પોતાનાં) અંગોને, ઇવ જેમ, (તેમ) ઇન્દ્રિયાણિ ઇન્દ્રિયોને, ઇન્દ્રિયાર્થેભ્ય ઇન્દ્રિયોના વિષયોમાથી, સર્વશ: ચારે તરફથી, સંહરતે ખેંચી લે છે, (ત્યારે) તસ્ય તેની, પ્રજ્ઞા બુદ્ધિ, પ્રતિષ્ઠિતા સ્થિર થએલી છે

ભાવાર્થ:—જ્યારે આ પુરુષ કાચબો જેમ પોતાનાં અંગોને ચોમેરથી સંકોચી લે છે, તે પ્રમાણે ઇન્દ્રિયોને ઇન્દ્રિયોના શબ્દાદિ વિષયોમાથી ખેંચી લે છે એટલે તેમને નિયમમા રાખે છે ત્યારે તેની બુદ્ધિ સ્થિર થઈ છે એમ જાણવું. ૫૮.

ઇચ્છા વગેરે સર્વ રહે છે અને તે પુન શક્તિ આવતા ઉત્તેજીત થાય છે, પરતુ આ તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરેલા કર્મયોગીને તો પરમાર્થ–તત્ત્વ–બ્રહ્મને જાણ્યા પછી આસક્તિ પણ છૂટી જાય છે એટલે તેને તો ફરીને કોઈપણ વિષયોની અભિલાષા રહેતી નથી અર્થાત્ તે નિરાસક્ત અને શુદ્ધસ્વરૂપ થઈ જાય છે, અને તેથી જ તે 'સ્થિતપ્રજ્ઞ' કહેવાય છે ૫૯

અવતરણિકા:—"બ્રહ્મનુ સારી રીતે જ્ઞાન પ્રાપ્ત થવુ તે જ પ્રજ્ઞા સ્થૈર્ય છે અને તે પ્રજ્ઞાની સ્થિરતા જેને પ્રાપ્ત કરવાની ઇચ્છા હોય તેણે પ્રથમ તો ઇન્દ્રિયોને પોતાના વશમા રાખવી જોઇએ, કારણ કે પુરૂષના મનને વિષયો તરફ ખેચી અધોગતિ કરનાર ઇન્દ્રિયો જ છે" તે કહે છે

यततो ह्यपि कौंतेय पुरुषस्य विपश्चितः ॥
इंद्रियाणि प्रमाथीनि हरंति प्रसभं मनः ॥ ६० ॥

પદચ્છેદ:—यततः, हि, अपि, कौन्तेय, पुरुषस्य, विपश्चितः, इन्द्रियाणि, प्रमाथीनि, हरन्ति, प्रसभम्, मनः.

વ્યુત્પત્તિસમાસા:—यतति इति यतन्, तस्य यतत । पुरौ शेते इति पुरुष, तस्य पुरुषस्य । विप्रकृष्ट निश्चिनोति चेतति चिन्तयति वा विपश्चित्, तस्य विपश्चित । प्रकर्षेण मन्थन्तीति प्रमाथीनि । प्रगता सभा–विचार अस्मात् इति प्रसभम् तत् । मन्यते इति मन तत् ।

અન્વય અને અર્થ—कान्तेय હે કુંતાજીના પુત્ર અર્જુન! यतत યત્ન કરતા એવા, विपश्चित બુદ્ધિમાન્, पुरुषस्य પુરૂષની, अपि પણ, प्रमाथीनि ક્ષોભ ઉત્પન્ન કરવાવાળી–બલવાળી,

इन्द्रियाणि ઇન્દ્રિયો, मनः મનને, प्रसभम् બળાત્કારથી, हि ખરેખર, हरन्ति (વિષયો તરફ) ખેંચી જાય છે.

ભાવાર્થઃ—હે કુંતાજીના પુત્ર અર્જુન ! ઇન્દ્રિયોને નિયમમાં રાખવાનો યત્ન કરતા બુદ્ધિમાન્ પુરૂષની પણ સ્વભાવથી જ ક્ષોભ ઉત્પન્ન કરવાવાળી બલિષ્ઠ ઇન્દ્રિયો તેના મનને બલાત્કારથી વિષયો તરફ ખેંચી જાય છે માટે આત્મનિષ્ઠ થવા સારૂં પ્રથમ ઇન્દ્રિયોને નિયમમાં રાખવી. ૬૦.

અવતરણિકાઃ—" ઇન્દ્રિયો મનને બળાત્કારથી વિષયો તરફ ઘસડી જાય છે તો તેનો ઉપાય શો કરવો ? " તે જણાવે છે

तानि सर्वाणि संयम्य युक्त आसीत मत्परः ॥
वशे हि यस्येंद्रियाणि तस्य प्रज्ञा प्रतिष्ठिता ॥६१॥

પદચ્છેદઃ—तानि, सर्वाणि, संयम्य, युक्तः, आसीत, मत्परः, वशे, हि, यस्य, इन्द्रियाणि, तस्य, प्रज्ञा, प्रतिष्ठिता.

વ્યુત્પત્તિસમાસાઃ—सम्यक् यन्त्वा इति संयम्य । अहमेव परः यस्य सः मत्परः । प्रति स्थीयतेऽस्मिन इति प्रतिष्ठिता ।

અન્વય અને અર્થઃ—तानि તે, सर्वाणि બધી (ઇન્દ્રિયો) ને, संयम्य વશમાં રાખીને, युक्तः સાવધાન થઇને, मत्परः હું જ જેનો પરમ આશ્રય છું તેવો (થઈને પુરુષ), आसीत રહે, (કારણકે) यस्य જેની, इन्द्रियाणि ઇન્દ્રિયો, हि ખરેખર, वशे વશમાં (છે), तस्य તેની, प्रज्ञा બુદ્ધિ, प्रतिष्ठिता સ્થિર છે.

ભાવાર્થઃ—તે સર્વ ઇન્દ્રિયોને પોતાના વશમાં રાખીને સાવધાનતાથી મારામાંજ એકનિષ્ઠતા રાખી પુરુષે રહેવું. અર્થાત્

તેથી ઇન્દ્રિયો નિયમમાં રહેશે, અને એ પ્રમાણે જે પુરૂષની ઇન્દ્રિયો ખરેખર વશમાં હોય છે તેની જ બુદ્ધિ સ્થિર છે એમ જાણવું. ૬૧.

અવતરણિકા:—બાહ્યેન્દ્રિયોના સંયમના અભાવમા દોષ જણાવી હવે તેના અભાવે મન સંયમ ન રહેવાથી જે અનર્થની પરંપરા થાય છે, તે ભગવાન્ કહે છે.

ध्यायतो विषयान्पुंसः संगस्तेषूपजायते ॥
संगात्संजायते कामः कामात्क्रोधोऽभिजायते ॥६२॥

क्रोधाद्भवति संमोहः संमोहात्स्मृतिविभ्रमः ॥
स्मृतिभ्रंशाद्बुद्धिनाशो बुद्धिनाशात्प्रणश्यति ॥ ६३ ॥

પદચ્છેદ:—ધ્યાયતઃ, વિષયાન, પુંસઃ, સઙ્ગઃ, તેષુ, ઉપજાયતે, સઙ્ગાત્, સંજાયતે, કામઃ, કામાત્, ક્રોધઃ, અભિજાયતે; ક્રોધાત્, ભવતિ, સંમોહઃ, સંમોહાત્, સ્મૃતિવિભ્રમઃ, સ્મૃતિભ્રંશાત્, બુદ્ધિનાશઃ, બુદ્ધિનાશાત્, પ્રણશ્યતિ.

વ્યુત્પત્તિસમાસા:—ધ્યાયતીતિ ધ્યાયન્, તસ્ય ધ્યાયતઃ। સમ્યક્ મોહઃ સંમોહઃ। વિશેષશ્ચાસૌ ભ્રમશ્ચ વિભ્રમઃ, સ્મૃતેઃ વિભ્રમઃ સ્મૃતિવિભ્રમ। સ્મૃતેઃ ભ્રંશઃ સ્મૃતિભ્રંશઃ, તસ્માત્ સ્મૃતિભ્રંશાત્। બુદ્ધેઃ નાશઃ બુદ્ધિનાશઃ તસ્માત્ બુદ્ધિનાશાત્। પ્રકર્ષેણ નશ્યતિ ઇતિ પ્રણશ્યતિ।

અન્વય અને અર્થ:—વિષયાન્ વિષયોનું, ધ્યાયતઃ ચિંતન કરનાર, પુંસઃ પુરુષને, તેષુ તે વિષયોમાં, સંગઃ આસક્તિ, ઉપજાયતે પેદા થાય છે, (અને તે) સઙ્ગાત્ આસક્તિથી, કામઃ તૃષ્ણા,

જાયતે થાય છે, કામાત્ તે તૃષ્ણા (માં કર્યાંય પણ પ્રતિબંધ આવવા) થી, ક્રોધઃ ક્રોધ, અભિજાયતે અત્યંત થાય છે, ક્રોધાત્ ક્રોધથી, સંમોહઃ કાર્યાકાર્યના જ્ઞાનરહિત કરનાર અવિવેક, ભવતિ થાય છે, સંમોહાત્ અવિવેકથી, સ્મૃતિવિભ્રમઃ (શાસ્ત્ર તથા આચાર્યોના આપેલા ઉપદેશજન્ય સંસ્કારવાળી) યાદશક્તિ નાશ પામી જાય છે, સ્મૃતિભ્રંશાત્ સ્મૃતિ નાશ પામવાથી, બુદ્ધિનાશઃ બુદ્ધિનો નાશ થાય છે, (અને) બુદ્ધિનાશાત્ બુદ્ધિનો નાશ થવાથી, પ્રણશ્યતિ તે મનુષ્ય પોતે પણ નાશ પામે છે.

ભાવાર્થઃ—વિષયોનું ચિંતન કરનાર પુરૂષને તે તે વિષયોમાં આસક્તિ ઉત્પન્ન થાય છે અને આસક્તિ થવાથી કામના થાય છે, કામનામાં પ્રતિબન્ધ આવવાથી એટલે તે પોતાની કામના પૂર્ણ ન થવાથી પછી તેને ક્રોધ થાય છે, ક્રોધથી અવિવેક-મોહ થાય છે, અવિવેકથી ઉપદેશજન્ય શુભ સંસ્કારવાળી સ્મૃતિ નષ્ટ થાય છે, સ્મૃતિનો નાશ થવાથી કાર્યાકાર્યના વિવેકવાળી ઉત્તમ પ્રકારની બુદ્ધિનો પણ નાશ થાય છે અને બુદ્ધિનો નાશ થવાથી મનુષ્ય પોતે પણ નાશ પામી જાય છે. અર્થાત્ ઇન્દ્રિયોને ન જીતનાર મનુષ્ય ઉત્તરોત્તર અધોગતિને પામે છે. ૬૨—૬૩.

અવતરણિકાઃ—હવે "સ્થિતપ્રજ્ઞ કેવી રીતે ચાલે છે એટલે કેવી રીતે વિષયોને સેવે છે?" તે કહે છેઃ

रागद्वेषवियुक्तैस्तु विषयानिंद्रियैश्चरन् ॥
आत्मवश्यैर्विधेयात्मा प्रसादमधिगच्छति ॥ ६४ ॥

પદચ્છેદઃ—રાગદ્વેષવિયુક્તૈઃ, તુ, વિષયાન્, ઇન્દ્રિયૈઃ, ચરન્, આત્મવશ્યૈઃ, વિધેયાત્મા, પ્રસાદમ્, અધિગચ્છતિ.

व्युत्पत्तिसमासाः—रज्यते अनेन इति रागः, द्वेष्टि अनेन इति द्वेषः, रागश्च द्वेषश्च रागद्वेषौ, ताभ्यां वियुक्तानि रागद्वेषवियुक्तानि, तैः रागद्वेषवियुक्तैः। चरति इति चरन्। अतति सर्वान् व्याप्नोति इति आत्मा, आत्मनः वश्यानि आत्मवश्यानि, तैः आत्मवश्यैः। विधातुं कर्तुं शक्यः विधेयः, विधेयः आत्मा—अंतःकरणं यस्य सः विधेयात्मा। प्रसाद्यते अनेन जनः इति प्रसादः, तम्।

अन्वय अने अर्थः—विधेयात्मा स्वाधीन चित्तवाळो, तु तो, रागद्वेषवियुक्तैः राग अने द्वेषथी रहित, (अने) आत्मवश्यैः आत्माने वश એवी, इन्द्रियैः ઇन्द्रियो वडे, विषयान् विषयोने, चरन् प्राप्त करतो, प्रसादम् प्रसन्नताने, अधिगच्छति पामे छे

भावार्थः—स्वाधीन चित्तवाळो पुरुष तो राग अने द्वेषथी रहित अने पोताने वश એवी ઇन्द्रियो वडे, विषयोनुं सेवन करतो करतो प्रसन्नताने पामे छे अर्थात् रागद्वेषरहित ઇन्द्रियोथी विषयोनुं सेवन करतां तेने कामक्रोधादि थवानो संभव रहेतो नथी अने तेथीज ते ઇन्द्रियोने नियममां राखी उत्तरोत्तर आत्मनिष्ठ थई प्रसन्नता-आनंदने प्राप्त करे छे. ६४.

अवतरणिकाः—"प्रसन्नता थवाथी अन्तमा शो परम लाभ थाय छे?" ते कहे छे

---

१ अग्निसङ्गाद्यथा लोहमग्नित्वमुपगच्छति।
आत्मसङ्गात्तथा गच्छत्यात्मतामिन्द्रियादिकम्॥

જેમ અગ્નિના સંગથી લોહ અગ્નિરૂપ થઈ જાય છે તેમ જ આત્માના સંગથી ઇંદ્રિયાદિક સર્વ આત્મારૂપ થઇ જાય છે.

प्रसादे सर्वदुःखानां हानिरस्योपजायते ॥
प्रसन्नचेतसो ह्याशु बुद्धिः पर्यवतिष्ठते ॥ ६५ ॥

પદચ્છેદઃ—प्रसादे, सर्वदुःखानाम्, हानिः, अस्य, उपजायते, प्रसन्नचेतसः, हि, आशु, बुद्धिः, पर्यवतिष्ठते.

વ્યુત્પત્તિસમાસાઃ—सर्वाणि च तानि दुःखानि च सर्वदुःखानि, तेषां सर्वदुःखानाम् । प्रसीदति इति प्रसन्नम्, प्रसन्नं चेतः यस्य स. प्रसन्नचेताः, तस्य प्रसन्नचेतसः । परितः अवतिष्ठते इति पर्यवतिष्ठते ।

અન્વય અને અર્થઃ—प्रसादे પ્રસન્નતા પ્રાપ્ત થતાં, अस्य આ પ્રસાદ પામેલા પુરૂષનાં, सर्वदुःखानाम् સર્વ દુઃખોનો, हानिः નાશ, उपजायते થાય છે, (અને) हि તેથી, प्रसन्नचेतसः પ્રસન્ન ચિત્તવાળા પુરૂષની, बुद्धिः બુદ્ધિ, आशु તત્કાળ, पर्यवतिष्ठते સારી રીતે સ્થિર થાય છે.

ભાવાર્થઃ—પ્રસન્નતા પ્રાપ્ત થતાં પુરુષનાં બધાં દુઃખોનો નાશ થાય છે એટલે તેને સુખદુઃખાદિમાં કોઈ પણ જાતનું તે રૂપે ભાન રહેતું નથી અને તેથી સ્વચ્છ અંતઃકરણવાળા તે પુરુષની બુદ્ધિ પણ પછી તત્કાળ સ્થિર થાય છે, અર્થાત્ તેની સ્થિર બુદ્ધિમાં આત્મચિંતન વિના ઇન્દ્રિયોના વિષયોનો પડછાયો પણ પડતો નથી અને તેથીજ તે ઉચ્ચ કોટિ તરફ જઈ શકે છે. ૬૫.

અવતરણિકાઃ—"ઉપર કહેલી સ્વચ્છાન્ત કરણ વૃત્તિવાળો પુરુષજ શાંતિ ભોગવે છે, પણ અશાંતને સુખ હોતુ નથી," તે કહે છેઃ

नास्ति बुद्धिरयुक्तस्य न चायुक्तस्य भावना ॥
न चाभावयतः शांतिरशांतस्य कुतः सुखम् ॥६६॥

पदच्छेदः—न, अस्ति, बुद्धिः, अयुक्तस्य, न, च, अयुक्तस्य, भावना, न, च, अभावयतः, शान्तिः, अशान्तस्य, कुतः, सुखम्.

व्युत्पत्तिसमासाः—न युक्तः अयुक्तः, तस्य अयुक्तस्य। भाव्यते आत्मा अनया इति भावना। भावयतीति भावयन्, न भावयन् अभावयन्, तस्य अभावयत। न शान्त अशान्तः, तस्य अशान्तस्य।

અન્વય અને અર્થઃ—अयुक्तस्य જેણે ઇન્દ્રિયોને વશ કરી નથી તેવાને, बुद्धिः બુદ્ધિ, न, अस्ति નથી, च અને, अयुक्तस्य ઇન્દ્રિયનિગ્રહરહિતને, भावना ધ્યાન (પણ), न નથી, च અને, अभावयतः ધ્યાન ન હોય તેવાને, शांतिः શાન્તિ, न નથી, (અને તો પછી) अशान्तस्य શાન્તિ વિનાના પુરુષને, सुखम् સુખ, कुतः કયાંથી (હોઈ શકે)?

ભાવાર્થઃ—જે ઇન્દ્રિયનિગ્રહ કરી શકતો નથી તેવા પુરૂષને આત્મજ્ઞાનની નિષ્ઠાવાળી બુદ્ધિ હોતી નથી અને તેવી ભાવના પણ હોતી નથી, અને તેવાને ભાવના ન હોય એટલે શાન્તિ પણ નથી, અને તો પછી એવા શાન્તિવિનાના પુરૂષને સુખ કયાંથી હોઈ શકે? અર્થાત્ જો પરમ સુખ પ્રાપ્ત કરવું હોય તો પ્રથમ ઇન્દ્રિયોને જ નિયમમાં રાખતાં શીખવું જોઇએ, અને તોજ પરમ શાંતિ પ્રાપ્ત થઇ શકે છે. ૬૬.

અવતરણિકા—ઇન્દ્રિય નિગ્રહ ન કરનાર પુરૂષની પ્રજ્ઞા-બુદ્ધિ સ્થિર નથી હોતી, તેનું કારણ જણાવે છે

इंद्रियाणां हि चरतां यन्मनोऽनुविधीयते ॥
तदस्य हरति प्रज्ञां वायुर्नावमिवाम्भसि ॥ ६७ ॥

પદચ્છેદઃ—इन्द्रियाणाम्, हि, चरताम्, यत्, मनः, अनुविधीयते, तत्, अस्य, हरति, प्रज्ञाम्, वायुः, नावम्, इव, अम्भसि.

વ્યુત્પત્તિસમાસાઃ—चरन्ति तानि चरन्ति, तेषां चरताम् । अनु पश्चात् विधीयते इति अनुविधीयते । प्रकर्षेण ज्ञायते अनया सा-प्रज्ञा, ताम् । वातीति वायुः । नुद्यते प्रेर्यते इति नौः, ताम् । आप्नोति आप्यते वा इति अम्भः, तस्मिन् ।

અન્વય અને અર્થઃ—मनः મન, यत् જે (ઇન્દ્રિયોને અનુલક્ષીને), चरताम् વિષયો તરફ ફરતી, इन्द्रियाणाम् ઇન્દ્રિયો, अनुविधीयते તરફ જાય છે, तत् તે, वायुः પવન, अम्भसि પાણીમાં, नावम् નાવને, इव જેમ, (તેમ) अस्य આ પુરૂષની, प्रज्ञाम् બુદ્ધિને, हरति સન્માર્ગમાંથી દૂર લઈ જાય છે.

ભાવાર્થઃ—ઇન્દ્રિયોની વિષયોમાં પ્રવૃત્તિ થતાં જે ઇન્દ્રિયને અનુલક્ષીને મન તેના વિષયો તરફ જાય છે તે ઇન્દ્રિય, પવન જેમ પાણીમાં નાવને ખેંચીને લઈ જાય તેમ તે પુરૂષની બુદ્ધિને ખેંચીને સુમાર્ગથી દૂર લઈ જાય છે એટલે તે પુરૂષને વિષયોમાં પ્રવૃત્ત કરી અસન્માર્ગમાં દોરે છે અને તેથી તેની પ્રજ્ઞા સ્થિર ન થતાં તે રાગદ્વેષાદિયુકત થઈ અધોગતિને પામે છે. ૬૭.

અવતરણિકાઃ—"ઇન્દ્રિયનિગ્રહવાળા પુરૂષની જ બુદ્ધિ સ્થિર થાય છે અને તેજ સ્થિતપ્રજ્ઞ કહેવાય છે" તે વાતનો ઉપસંહાર કરે છેઃ

तस्माद्यस्य महाबाहो निगृहीतानि सर्वशः ॥
इंद्रियाणींद्रियार्थेभ्यस्तस्य प्रज्ञा प्रतिष्ठिता ॥ ६८ ॥

પદચ્છેદઃ—तस्मात्, यस्य, महाबाहो, निगृहीतानि, सर्वशः, इन्द्रियाणि, इन्द्रियार्थेभ्यः, तस्य, प्रज्ञा, प्रतिष्ठिता.

વ્યુત્પત્તિસમાસાઃ—नितरां गृहीतानि निगृहीतानि ।

અન્વય અને અર્થઃ—महाबाहो હે મોટી ભુજાવાળા અર્જુન ! तस्मात् તેથી, यस्य જેની, इन्द्रियाणि ઇન્દ્રિયો, इन्द्रियार्थेभ्यः ઇન્દ્રિયોના વિષયોમાંથી, सर्वशः બધી રીતે-ચોમેરથી, निगृहीतानि નિગ્રહ કરાયેલી છે, तस्य તેની (જ), प्रज्ञा બુદ્ધિ, प्रतिष्ठिता સ્થિર થએલી છે.

ભાવાર્થઃ—હે મહાબાહુ અર્જુન ! આ ઉપર તને જે બધું કહ્યું તે પરથી જેની ઇન્દ્રિયો ચોમેરથી વિષયોમાંથી સારી રીતે ખેંચીને નિયમમાં રાખવામાં આવેલી છે, તેજ પુરૂષની બુદ્ધિ સ્થિર છે એમ જાણવું અને તેજ આત્મનિષ્ઠ થઈ શકે છે, એમ તું માન. ૬૮.

અવતરણિકાઃ—એ પ્રમાણે "સ્થિતપ્રજ્ઞ" ના લક્ષણો કહીને મુમુક્ષુઓએ મનસહિત "ઇન્દ્રિયનિગ્રહ" માટે અતિ પ્રયાસ કરવો જોઇએ એમ જણાવ્યું, વિવેક અને વિજ્ઞાન ઉત્પન્ન થયું હોય તેવાને તો પોતાની મેળે જ મનસહિત બધી ઇન્દ્રિયોનો સંયમ થઈ જાય છે, એ પણ કહ્યું, હવે "અવિદ્યાનો રોધ કરવાવાળી બ્રહ્મવિદ્યા વડે બધા વ્યવહારની સમૂળ નિવૃત્તિ થઈ જાય છે" એમ કહેવાની ઇચ્છાથી તથા કર્મો અવિદ્યાની દશામાં કરવામાં આવે છે, પરંતુ સમ્પૂર્ણ જ્ઞાનદશામાં નહિ, એ વાતનો પ્રકાશ કરવાના હેતુથી ભગવાન્ શ્રીકૃષ્ણ કહે છે

या निशा सर्वभूतानां तस्यां जागर्ति संयमी ॥
यस्यां जाग्रति भूतानि सा निशा पश्यतो मुनेः॥६९॥

पदच्छेदः—या, निशा, सर्वभूतानाम्, तस्याम्, जागर्ति, संयमी, यस्याम्, जाग्रति, भूतानि, सा, निशा, पश्यतः, मुनेः.

व्युत्पत्तिसमासाः—नितरां शेरते प्राणिनः यस्यां सा निशा। भवन्ति जायन्ते इति भूतानि, सर्वाणि च तानि भूतानि सर्वभूतानि, तेषां सर्वभूतानाम्। सम्यक् यमः अस्य अस्तीति संयमी। पश्यतीति पश्यन्, तस्य पश्यतः। मन्यते जानाति इति मुनिः तस्य।

अन्वय अने अर्थः—सर्वभूतानाम् બધાં પ્રાણીઓની, या જે, निशा રાત્રિ (છે), तस्याम् તેમાં, संयमी ઈન્દ્રિય-નિગ્રહવાન્, जागर्ति જાગે છે (અને), यस्याम् જે રાત્રિમાં, भूतानि પ્રાણિઓ, जाग्रति જાગે છે, सा તે, पश्यतः આત્મતત્ત્વને જોનાર, मुनेः મુનિની, निशा રાત્રિ (છે).

भावार्थः—બધાં પ્રાણિમાત્રની જે રાત્રિ છે, તેમાં ઈન્દ્રિય-નિગ્રહ કરી આત્મજ્ઞાનની ઇચ્છાવાળો પુરૂષ જાગે છે, અને સર્વ પ્રાણિઓ જેમાં જાગે છે તે આત્મજ્ઞાની મુનિની રાત્રિ છે. અર્થાત્ આત્મજ્ઞાની લોકોને કર્મો તથા ઈન્દ્રિયોના વિષયો તરફ અપેક્ષા ન હોવાથી તેઓ સદા નિવૃત્ત જેવા થઈ ગયા હોય છે, એટલે

---

१ निद्रादौ जागरस्यान्ते यो भाव उपपद्यते।
तं भावं भावयन् साक्षाद्ब्रह्मानन्दमश्नुते ॥ वाशिष्ठे ॥

નિદ્રાના આદિમાં-જાગરણના અને જાગૃત થવાના અંતમાં જે ભાવ ઉત્પન્ન થાય છે તે ભાવને જો સદૈવ મનુષ્ય રાખી શકે તો સાક્ષાત્ અદ્વયાનંદ-બ્રહ્માનંદને મેળવી શકે.

જે આત્મજ્ઞાનમાં લોકોને રાત્રિ જેવો અંધકાર હોય છે તેમાં જ્ઞાનીઓ સતેજ હોય છે અને જે લૌકિક વ્યવહારમાં લોકો પ્રવૃત્ત હોય છે તેમાં જ્ઞાનીઓને અંધકાર જણાય છે એટલે તેઓ તેમાં નિરપેક્ષ રહે છે. મંત્રયોગ પ્રમાણે "નિર્પીથે નીરવે કાલે મંત્રયોગં સમારમેત્–મધ્યરાત્રિમાં જ્યારે માણસ, પક્ષી વિગેરે કોઇ પણ જીવ જંતુનો શબ્દસંચાર જ ન હોય તે વખતે મંત્રયોગનો પ્રારંભ કરવો." એ સિદ્ધાંતથી લોકોની જે રાત્રી (સૂવાનો વખત) તેમાં સંયમી–મંત્રનું અનુષ્ઠાન કરનાર દીક્ષિત જાગે છે અને જેમાં ભૂતો–પ્રાણિમાત્ર જાગે છે તે સમય તેવા અનુષ્ઠાનપરાયણ સંયમીને રાત્રીસમાન–સૂવાનો છે. ૬૯.

અવતરણિકાઃ—નિષ્કામ તથા સકામ પુરુષોમા કોણ શાંતિ મેળવી શકે છે ? તે કહે છે

आपूर्यमाणमचलप्रतिष्ठं
समुद्रमापः प्रविशंति यद्वत् ॥
तद्वत्कामा यं प्रविशंति सर्वे
स शांतिमाप्नोति न कामकामी ॥ ७० ॥

पदच्छेदः—आपूर्यमाणम्, अचलप्रतिष्ठम्, समुद्रम्, आपः, प्रविशन्ति, यद्वत्, तद्वत्, कामाः, यम्, प्रविशन्ति, सर्वे, सः, शान्तिम्, आप्नोति, न, कामकामी.

व्युत्पत्तिसमासाः—पूर्यते असौ पूर्यमाण, आसमन्तात् पूर्यमाणः आपूर्यमाण', तम्। चलतीति चला, न चला अचला, अचला

प्रतिष्ठा यस्य सः अचलप्रतिष्ठः, तम् अचलप्रतिष्ठम् । सम् समीचीना उद्रा जलचरविशेषा यस्मिन्, वा सह मुद्रया मर्यादया वर्तते इति समुद्रः, तम् समुद्रम् । यस्य येन वा तुल्यं यद्वत् । काम्यन्ते इति कामाः । कामयते असौ कामी, कामानां कामी कामकामी ।

અન્વય અને અર્થઃ—आपूर्यमाणम् ચોતરફથી જલના પ્રવાહોથી ભરાતા જ (અને) अचलप्रतिष्ठम् મર્યાદાનું ઉલ્લંઘન ન કરે તેવા, समुद्रम् સમુદ્રમાં, यद्वत् જેવી રીતે, आपः પાણી, प्रविशन्ति પ્રવેશ કરે છે, तद्वत् તેજ પ્રમાણે, यम् જે પુરૂષ પ્રતિ, सर्वे બધા, कामाः અભિલાષો, प्रविशन्ति પ્રવેશ કરે છે, सः તે, शान्तिम् શાન્તિને, आप्नोति મેળવે છે, પરન્તુ, कामकामी કામનાઓની ઈચ્છાવાળો પુરૂષ, न નહિ-(शांतिं) મેળવતો નથી.

ભાવાર્થઃ—ચોતરફ જલસમૂહથી ભરાયેલા અને અચળ મર્યાદાવાળા સમુદ્રમાં જેમ પાણી પ્રવેશ કરે છે અને એકરૂપ થઈ જાય છે તેજ પ્રમાણે જે પુરૂષમાં બધી કામનાઓ પ્રવેશ કરી શાંત થઈ જાય છે તેજ પુરૂષ શાન્તિને મેળવે છે, પણ જે કામનાઓને મેળવવાની ઈચ્છાવાળો હોય છે તે શાંતિ મેળવી શકતો નથી. અર્થાત્ આત્મજ્ઞાની જ સમુદ્ર જેટલો ગંભીર અને ઉદાર તથા નિગ્રહવાન્ હોય છે. ૭૦.

અવતરણિકાઃ—બરી રીતે કામનાઓનો ત્યાગ અને ઇન્દ્રિયનિગ્રહ વગેરે યુક્ત હોય તેજ પુરૂષ શાંતિ મેળવે છે તે વાત જણાવે છેઃ

विहाय कामान्यः सर्वान्पुमांश्चरति निःस्पृहः ॥
निर्ममो निरहंकारः स शांतिमधिगच्छति ॥ ७१ ॥

पदच्छेदः—विहाय, कामान्, यः, सर्वान्, पुमान्, चरति, निःस्पृहः, निर्ममः, निरहंकारः, सः, शान्तिम्, अधिगच्छति.

व्युत्पत्तिसमासाः—विशेषेण हित्वा इति विहाय । निर्गता. स्पृहाः यस्मात् सः निःस्पृहः । निर्गतः मम. यस्मात् सः निर्ममः । निर्गतः अहंकारः यस्मात् स निरहंकार. ।

अन्वय अने अर्थः—यः જે, पुमान् પુરૂષ, सर्वान् બધા, कामान् કામોને, विहाय છોડીને, निःस्पृहः સ્પૃહારહિત, निर्ममः મમતારહિત, (અને) निरहंकारः અહંભાવ વિનાનો, (થઈને) चरति ફરે છે, सः તે (પુરૂષ), शान्तिम् (અવિદ્યા અને તેનાથી ઉત્પન્ન થતાં કાર્યોની નિવૃત્તિરૂપ નિર્વાણની) શાંતિને, अधिगच्छति મેળવે છે.

भावार्थः—જે પુરૂષ સર્વ કામનાઓને છોડી દઈને સ્પૃહારહિત થઈ મમતાનો અને અહંકારનો પણ ત્યાગ કરીને સંસારમાં ફરે છે તેજ પુરુષ આત્મનિષ્ઠ થઈ મોક્ષરૂપ પરમ શાન્તિને પામે છે. ૭૧.

अवतरणिकाः—એ પ્રમાણે અર્જુને પૂછેલા પ્રશ્નના ઉત્તરને અંગે સ્થિતપ્રજ્ઞના લક્ષણોનું વર્ણન કરી શાંતિના અધિકારીનું પણ દિગ્દર્શન કરાવ્યું, હવે કર્મયોગના આચરણના ફલરૂપે પ્રાપ્ત થતી જ્ઞાનનિષ્ઠા વડે જે ફલ પ્રાપ્ત થાય છે તેનું સૂચન કરી ઉપસંહાર કરે છે

एषा ब्राह्मी स्थितिः पार्थ नैनां प्राप्य विमुह्यति ॥
स्थित्वाऽस्यामंतकालेऽपि ब्रह्मनिर्वाणमृच्छति ॥ ७२ ॥

---

१ विज्ञाय चरमावस्थां देवताभ्यो नृपोत्तम ।
खट्वाङ्गो नाम राजर्षिर्मुहूर्तं मुक्तिमेयिवान् ॥

ખટ્વાંગ નામનો રાજર્ષિ દેવતાઓદ્વારા પોતાની અંત્યાવસ્થા જાણી કરી એકજ મુહૂર્તમાં (બેજ ઘડીમાં) મુક્તિને પ્રાપ્ત થયો.

પદચ્છેદઃ—એષા, બ્રાહ્મી, સ્થિતિઃ, પાર્થ, ન, એનામ્, પ્રાપ્ય, વિમુહ્યતિ, સ્થિત્વા, અસ્યામ્, અન્તકાલે, અપિ, બ્રહ્મનિર્વાણમ્, ઋચ્છતિ.

વ્યુત્પત્તિસમાસાઃ—બ્રહ્મણિ ભવા બ્રાહ્મી। પાતીતિ પઃ પરમાત્મા, તમ્ અર્થયતે ઇતિ પાર્થઃ, અથવા પૃથાયાઃ કુન્ત્યાઃ અપત્યં પુમાન્ પાર્થઃ, તત્સંબુદ્ધૌ હે પાર્થ। વિશેષેણ મુહ્યતિ ઇતિ વિમુહ્યતિ। અન્તસ્ય કાલઃ અન્તકાલઃ, તસ્મિન્ અન્તકાલે। બ્રહ્મણિ નિર્વાણમ્ બ્રહ્મનિર્વાણમ્, તત્।

અન્વય અને અર્થઃ—પાર્થ હે પાર્થ! એષા આ, બ્રાહ્મી બ્રહ્મસંબંધી, સ્થિતિઃ જ્ઞાનનિષ્ઠા છે, એનામ્ એ સ્થિતિને, પ્રાપ્ય મેળવીને, (પુરુષ) ન, વિમુહ્યતિ મોહ પામતો નથી, (અને) અંતકાલે મરણના વખતમાં, અપિ પણ, અસ્યામ્ આ બ્રહ્મસંબંધી જ્ઞાનનિષ્ઠામાં, સ્થિત્વા રહીને, બ્રહ્મનિર્વાણમ્ પરબ્રહ્મમાં લયને, ઋચ્છતિ પામે છે.

ભાવાર્થઃ—હે પાર્થ! આ ઉપર જે બ્રહ્મસંબંધી જ્ઞાન નિષ્ઠાનું વર્ણન કર્યું, તે સ્થિતિને મેળવીને મનુષ્ય મોહ પામતો નથી અને એ જ્ઞાનનિષ્ઠામાં મરણ વખતે એક ક્ષણમાત્ર પણ જો પુરુષ નિર્ભર રહે તો તે બ્રહ્મમાંજ લય થવા રૂપ મોક્ષને પ્રાપ્ત કરે છે એમાં સંશય નથી. ૭૨.

ઇતિ શ્રીમદ્ભગવદ્ગીતાસૂપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે
શ્રીકૃષ્ણાર્જુનસંવાદે શ્રીકૃષ્ણકાર્સાન્તિકપ્રણીતસા-
ન્વયબોધિધિન્યાં ગુર્જરટીકાયાં સાંખ્યયોગો
નામ દ્વિતીયોઽધ્યાયઃ।

तृतीयोऽध्यायः ।



અવતરણિકા:—એ પ્રમાણે અર્જુનને યુદ્ધ કરવામા પાપ માની શોકમા વ્યાકુલ થયેલો જાણી તેનો શોક અને મોહ બતાવવા ઉપોદ્ઘાત રૂપે પ્રથમાધ્યાય કહ્યો તે પછી શોક અને મોહની નિવૃત્તિ માટે દેહ અને આત્માનો વિવેક, તેના સાધનભૂત અસગ કર્મયોગ તથા સત્વશુદ્ધિપૂર્વક ભગવાનના આશ્રયવડે સાધ્ય સર્વ ઇન્દ્રિયોનો સયમ અને તેથી સ્થિતપ્રજ્ઞા તેનુ ફળ, સર્વ દુ ખની નિવૃત્તિપૂર્વક પરમ શાતિ, વિગેરે ગીતાના સઘળા શાસ્ત્રાર્થના સક્ષેપરૂપે બીજો અધ્યાય કહ્યો હવે બાકીના સોળ અધ્યાયોમા તે સબધી વિશેષ સ્ફોટનરૂપે વર્ણન કરે છે તેમા પ્રથમ બીજા અધ્યાયમા પ્રવૃત્તિ તથા નિવૃત્ત્યાત્મક શાસ્ત્રની શાખા જેવી એક સાખ્ય એટલે જ્ઞાનયુક્ત-કર્મ-ત્યાગ સબધી, અને બીજી ફલની ઇચ્છારહિત કર્મ કરવા સબધી એ બે પ્રકારની બુદ્ધિ ભગવાન્ શ્રીકૃષ્ણે કહી, તેમા "**प्रजहाति यदा कामान्**" થી લઇને અધ્યાયના અત સુધી, જ્ઞાનનો આશ્રય કરીને રહેનારાઓને શમદમાદિ-સાધનપુર સર "કર્મસન્યાસ" કરવો એ ખાસ કર્તવ્ય કહ્યુ, અને તેને વળગી રહેવામા જ કૃતાર્થતા છે એમ "**एषा ब्राह्मी स्थिति**" ઇત્યાદિ શ્લોકો વડે સિદ્ધાત રૂપે કહ્યુ, અને અર્જુનને તો "**कर्मण्येवाधिकारस्ते**" "**मा ते सङ्गोऽस्त्वकर्मणि**" ઇત્યાદિ વડે કર્મ કરવુ એજ ખાસ કર્તવ્ય કહ્યુ, પણ કર્મથી જ ખરુ શ્રેય મળે છે, એમ જણાવ્યુ નહિ એટલે આ બે સ્થિતિમાથી કઈ સ્થિતિમા રહેવુ યોગ્ય છે તેનો નિશ્ચય ન થતા એ વસ્તુસ્થિતિનો વિચાર કરીને અકુલ બુદ્ધિવાળો થઇને અર્જુન આ ત્રીજા અધ્યાયમા પૂછવા લાગ્યો કે, "ભક્ત અને કલ્યાણની યાચના વાળા એવા મને સાક્ષાત્ પરમ શ્રેયને પ્રાપ્ત કરવાના સાધનરૂપ સાખ્ય-બુદ્ધિ બતાવીને પણ, વળી અનેક અનર્થોથી ગુથાયેલા અને પરિણામે અનન્ય શ્રેયને કદિ ન મેળવી આપનારા એવા કર્મોમા શા માટે પ્રેરો છો?" વળી અર્જુનને "જ્ઞાનનિષ્ઠા એજ બન્નેમા ઉત્તમ છે" એમ કહેવામા આવેલુ હોવાથી શુભફલ-શ્રેય પ્રાપ્તિ રૂપ જ્ઞાનનિષ્ઠા તરફ તે એકદમ ઉત્કટિત થઇને ચિત્તશુદ્ધિપૂર્વક પોતાનો પણ

જ્ઞાનનિષ્ઠામાં અધિકાર છે, અને કર્મ કરવાનો ઉપદેશ તો ભારપૂર્વક પોતાને આપેલો જ છે પરંતુ એ બેમાંથી જ્ઞાનનિષ્ઠા વધારે શ્રેયસ્કર છે એમ માનતો અર્જુન ભગવાન્ પાસેથી સાવચ નિર્ણય કરાવી લેવાની ઉતાવળમાં ગભરાતો ગભરાતો 'આ સારૂં' કે 'તે સારૂં' એમ સંશયમાં પડી જઈને પૂછવા લાગ્યોઃ

अर्जुन उवाच । અર્જુન પૂછે છેઃ—

ज्यायसी चेत्कर्मणस्ते मता बुद्धिर्जनार्दन ॥
तत्किं कर्मणि घोरे मां नियोजयसि केशव ॥ १ ॥

पदच्छेदः—ज्यायसी, चेत्, कर्मणः, ते, मता, बुद्धिः, जनार्दन, तत्, किम्, कर्मणि, घोरे, माम्, नियोजयसि, केशव.

व्युत्पत्तिसमासाः—कर्मयोगात् अतिशयेन प्रशस्या इति ज्यायसी । जनान् देवविपक्षभूतान् अर्दयति पीडयतीति जनार्दनः, तत्संबुद्धौ, वा सर्वैर्जनैरर्थ्यते याच्यते स्वाभिलषितसिद्धये इति जनार्दनः, तत्संबुद्धौ, वा जनं जननं तत्कारणमज्ञानं च साक्षात्कारेण अर्दयति हिनस्ति इति जनार्दनः, तत्संबुद्धौ हे जनार्दन । घोरयती इति घोरम्, तस्मिन् घोरे ।

અન્વય અને અર્થઃ—जनार्दन હે જનાર્દન ! ते આપને, कर्मणः કર્મયોગથી, बुद्धिः સાંખ્યબુદ્ધિ, ज्यायसी વિશેષ શ્રેષ્ઠ, मता માનવામાં આવેલી, चेत् હોય, तत् તો, घोरे ભયંકર એવા, कर्मणि કર્મમાં, केशव હે કેશવ ! माम् મને, किम् શા માટે, नियोजयसि જોડો છો ?

ભાવાર્થઃ—હે જનાર્દન ! અગર જો આપ કર્મયોગથી આત્મસંબંધિની બુદ્ધિ-જ્ઞાન-ને વિશેષ શ્રેષ્ઠ માનતા હો, તો ભયંકર એવા આ યુદ્ધરૂપી અમાનુષ કર્તવ્યમાં, હે કેશવ !

મને શા માટે ઘેરો છો ? એટલે જ્ઞાન જેથી શ્રેષ્ઠ વસ્તુનો ત્યાગ કરાવી આવા કર્મરૂપી નિકૃષ્ટ માર્ગમાં મને શા માટે જોડો છો ? ૧

व्यामिश्रेणेव वाक्येन बुद्धिं मोहयसीव मे ॥
तदेकं वद निश्चित्य येन श्रेयोऽहमाप्नुयाम् ॥ २॥

પદચ્છેદઃ—व्यामिश्रेण, इव, वाक्येन, बुद्धिम्, मोहयसि, इव, मे, तत्, एकम्, वद, निश्चित्य, येन, श्रेयः, अहम्, आप्नुयाम्.

વ્યુત્પત્તિસમાસાઃ—विशेषेण आसमन्तात् मिश्रम् इति व्यामिश्रम्, तेन व्यामिश्रेण। उच्यते यत् तत् वाक्यम्, तेन वाक्येन। अतिशयेन प्रशस्यमिति श्रेयः, तत्।

અન્વય અને અર્થઃ—(વળી) व्यामिश्रेण સંદેહ પેદા કરે તેવા મિશ્ર, वाक्येन વચન વડે, इव જાણે કે, मे મારી, बुद्धिम् બુદ્ધિને, मोहयसि મોહ પમાડતા હો, इव ની (તેમ આપ કહો છો), तत् તેથી, एकम् એક વસ્તુનો, निश्चित्य નિશ્ચય કરીને, वद કહો (કે), येन જેથી, अहम् હું, श्रेयः કલ્યાણને, आप्नुयाम् મેળવી શકું !

ભાવાર્થઃ—હે ભગવન્ ! વળી સંદેહ પેદા કરે તેવાં મિશ્ર વચનો વડે જાણે કે મારી બુદ્ધિને આપ મોહ પમાડતા હો ની તેમ આપનાં વચનોથી મને લાગે છે ! માટે જ્ઞાન અને કર્મ એ બેમાંથી એક વિષયનો નિર્ણય કરીને આપ મને કહો, કે જેથી તે માર્ગના ગ્રહણથી હું પરમ કલ્યાણને પામી શકું. ૨

અવતરણિકાઃ—અર્જુનના આ પ્રશ્નના ઉત્તરમાં સત્ય વસ્તુસ્થિતિ શી છે તે શાંતિથી સ્પષ્ટ રીતે ભગવાન્ શ્રીકૃષ્ણ કહે છે

श्रीभगवानुवाच। શ્રીભગવાન્ કહે છેઃ—

लोकेऽस्मिन्द्विविधा निष्ठा पुरा प्रोक्ता मयानघ ॥
ज्ञानयोगेन सांख्यानां कर्मयोगेन योगिनाम् ॥ ३ ॥

પદચ્છેદઃ—लोके, अस्मिन्, द्विविधा, निष्ठा, पुरा, प्रोक्ता, मया, अनघ, ज्ञानयोगेन, सांख्यानाम्, कर्मयोगेन, योगिनाम्.

વ્યુત્પત્તિસમાસાઃ—द्वे विधे प्रकारौ यस्याः सा द्विविधा। निष्ठीयते इति निष्ठा। प्रकर्षेण उक्ता प्रोक्ता। न विद्यते अघं पापं यस्मिन् सः अनघः, तत्संबुद्धौ अनघ। ज्ञायते अनेन इति ज्ञानम्, युज्यते ब्रह्मणा अनेन इति योगः, ज्ञानम् एव योगः ज्ञानयोगः, तेन ज्ञानयोगेन। सम्यक् ख्यायते आत्मतत्वम् अनया सा संख्या बुद्धिः, तस्यां तिष्ठन्ति इति सांख्याः, वा सांख्यम् आत्मविषयविवेकज्ञानम् अस्ति येषां ते सांख्याः, तेषाम् सांख्यानाम्। कर्मैव योगः कर्मयोगः, तेन कर्मयोगेन। योगः अस्ति येषां ते योगिनः, तेषाम् योगिनाम्।

અન્વય અને અર્થઃ—अनघ હે પાપરહિત અર્જુન! अस्मिन् આ, लोके લોકમાં, मया મેં, पुरा પહેલાં, द्विविधा બે પ્રકારની, निष्ठा સ્થિતિ, प्रोक्ता કહી (છે, એક) ज्ञानयोगेन જ્ઞાનરૂપી યોગવડે, सांख्यानाम् જ્ઞાનીઓની, (અને બીજી) कर्मयोगेन નિષ્કામ કર્મયોગવડે, योगिनाम् કર્મયોગીઓની.

---

१ अविद्यया मृत्युं तीर्त्वा विद्ययामृतमश्नुते।
अविद्या कर्मसंज्ञाऽन्या तृतीया शक्तिरिष्यते ॥ इति श्रुतेः ॥

અવિદ્યા એટલે કર્મ નામની એક જુદી ત્રીજી શક્તિ કહેવામાં આવે છે અને તે કર્મવડે પુરૂષ મૃત્યુ એટલે પ્રમાદને તરીને તેના કારણરૂપ અતઃકરણના મળને ધોઈ નાંખી વિદ્યા એટલે જ્ઞાનવડે અમૃત એટલે મોક્ષને પામે છે-મેળવે છે.

ભાવાર્થઃ—હે નિષ્પાપ અર્જુન! આ લોકમાં મેં બે પ્રકારની સ્થિતિ પહેલાં તને કહી, એક તો પહેલી જ્ઞાનયોગવડે જ્ઞાનીઓની અને બીજી નિષ્કામ કર્મયોગવડે કર્મયોગીઓની, એટલે જ્ઞાનીઓ જ્ઞાનમાર્ગવડે પોતાની પ્રવૃત્તિ કરે છે જ્યારે કર્મયોગી નિષ્કામ કર્મયોગવડે પોતાની પ્રવૃત્તિ કરે છે. ૩.

અવતરણિકાઃ—કર્મ ન કરવાથી અને માત્ર સન્યાસથીજ માણસ સિદ્ધિને નથી પામતો તે કહે છે

न कर्मणामनारंभान्नैष्कर्म्यं पुरुषोऽश्नुते ॥
न च [१]संन्यसनादेव सिद्धिं समधिगच्छति ॥ ४ ॥

---

१ अनधीत्याखिलान्वेदानानङ्ग्वाखिलान्सुरान् ।
अनुत्पाद्य सुतान्यज्ञो न सन्यसितुमर्हति ॥

સર્વે વેદોનો અભ્યાસ કર્યા વિના, સર્વે દેવોનો યજ્ઞ કર્યા વિના અને પુત્રોને ઉત્પન્ન કર્યા વિના બ્રાહ્મણ સન્યાસ લેવા યોગ્ય થઈ શકતો નથી

जह्कुवन्विहितं कर्म निन्दितञ्च समाचरन् ।
प्रसरन्निन्द्रियार्थेषु नरः पतनमृच्छति ॥

વિહિત કર્મ નહિં કરતા નિંદિત કર્મોનું આચરણ કરતો મનુષ્ય ઈંદ્રિયોના વિષયોમા લોલુપ થઈ વર્તતા પતન પામે છે—નરક પ્રતિ ગમન કરે છે

कुर्वन्नेवेह कर्माणि जिजीविषेच्छतꣳ समा ।
एवं त्वयि नान्यथेतोऽस्ति न कर्म लिप्यते नरे ॥ श्रुति ॥

આ મોક્ષમાર્ગમા વિહિત કર્મોનું આચરણ કરતા જ સો વર્ષ જીવવાની ઇચ્છા રાખવી પણ નિષિદ્ધ કર્મથી તો મૃત્યુ જ થાય, એ પ્રમાણે સમજતા તે ફળાકાક્ષારહિત મોક્ષપ્રાપક કર્મ તારાપર લેપાયમાન નહિં થાય, અર્થાત કર્મ બોગને માટે નહિં થાય.

२ प्रत्यक्तत्त्वविवेकाय सन्यास सर्वकर्मणाम् ।
श्रुत्या विधीयते तस्मात् तत्त्यागी पतितो भवेत् ॥

પ્રત્યક્ તત્ત્વ (બ્રહ્મજ્ઞાન) ના વિવેક માટે સર્વે કર્મોનો સન્યાસ-ત્યાગ શ્રુતિ પ્રતિપાદન કરે છે માટે તે વિવેક વિના ત્યાગી પતિત થઈ જાય છે

પદચ્છેદઃ—ન, કર્મણામ્, અનારમ્ભાત્, નૈષ્કર્મ્યમ્, પુરુષઃ, અશ્નુતે, ન, ચ, સંન્યસનાત્, એવ, સિદ્ધિમ્, સમધિગચ્છતિ.

વ્યુત્પત્તિસમાસાઃ— ન આરંભઃ અનારંભઃ, તસ્માત્ અનારંભાત્। નિર્ગતં કર્મ યસ્માત્ સઃ નિષ્કર્મા, નિષ્કર્મણઃ ભાવઃ નૈષ્કર્મ્યમ્, તત્। પુરિ દેહે સીદતીતિ પુરુષઃ, વા પુરાણિ શરીરાણિ સરતિ પ્રાપ્નોતિ ઇતિ પુરુષઃ, । સમ્યક્ ન્યાસઃ ત્યાગઃ વિદ્યતે યસ્મિન્ કર્મણિ તત્ સંન્યસનમ્, તસ્માત્ સંન્યસનાત્। સિધ્યન્તે સંપદ્યન્તે કર્માણિ યસ્યાં સા સિદ્ધિઃ, । તામ્ સિદ્ધિમ્। સમ્યક્ અધિગચ્છતિ ઇતિ સમધિગચ્છતિ ।

અન્વય અને અર્થઃ—પુરુષઃ પુરૂષ, કર્મણામ્ કર્મોનો, અનારંભાત્ આરંભ ન કરવાથી, નૈષ્કર્મ્યમ્ કર્મરહિતપણાને-જ્ઞાનને, ન, અશ્નુતે પામતો નથી, ચ તેમ, સંન્યસનાત્ કર્મોનો ત્યાગ કરવાથી, એવ પણ, સિદ્ધિમ્ મોક્ષસિદ્ધિને, ન, સમધિગચ્છતિ મેળવતો નથી.

ભાવાર્થઃ—પુરૂષ કર્મોને ન કરવામાત્રથી જ કર્મરહિતપણાને એટલે જ્ઞાનને પામતો નથી, તેમ સંન્યાસથી એટલે કર્મોનો ત્યાગ માત્ર કરવાથી પણ મોક્ષની સિદ્ધિને મેળવતો નથી. અર્થાત્ જ્ઞાનથી જેમ તેમ નિષ્કામ કર્મ કરવાથી પણ પુરુષ સિદ્ધિને–મોક્ષને મેળવી શકે છે. ૪.

અવતરણિકાઃ—કર્મોનો ત્યાગ કરવા માત્રથી કદી પણ સિદ્ધિ થતી નથી એ વાત ઉપર કહી. અર્થાત્ કર્મસંન્યાસ એટલે કર્મોનો ત્યાગ એમ નહિ, પણ કર્મોમાં આસક્તિ-રાગ દ્વેષ ઇત્યાદિ છોડી નિષ્કામવૃત્તિથી–ફલાભિલાષરહિત કર્મ કરવાં તેને જ કર્મસંન્યાસ કહેવામાં આવે છે. કારણ કર્મોનો

ત્યાગ એ તો કોઇનાથી પણ ન બની શકે તેવી વસ્તુ છે, એમ પ્રમાણથી હવે પછીના શ્લોકમા દૃઢીભૂત કરે છે

नहि कश्चित्क्षणमपि जातु तिष्ठत्यकर्मकृत् ॥
कार्यते ह्यवशः कर्म सर्वः प्रकृतिजैर्गुणैः ॥ ५ ॥

પદચ્છેદઃ—न, हि, कश्चित, क्षणम्, अपि, जातु, तिष्ठति, अकर्मकृत, कार्यते, हि, अवशः, कर्म, सर्वः, प्रकृतिजैः, गुणैः.

વ્યુત્પત્તિસમાસાઃ—क्षणोति हिनस्ति आयु. इति क्षणः, तम् क्षणम् । कर्माणि करोतीति कर्मकृत्, न कर्मकृत् अकर्मकृत् । न वशः अवशः। प्रकृष्टा कृतिः कार्यं यस्य सा प्रकृतिः, प्रकृत्याः जायन्ते इति प्रकृतिजा, तै प्रकृतिजै. । गुणयन्ति इति गुणाः, तैः गुणैः ।

અન્વય અને અર્થઃ—कश्चित् કોઈ પણ પુરુષ, क्षणम् એક ક્ષણ, अपि પણ, अकर्मकृत् કર્મ કર્યા વગરનો, जातु કદાચિત્, न, तिष्ठति રહેતો નથી, हि કારણ કે प्रकृतिजैः પ્રકૃતિથી ઉત્પન્ન થએલા, गुणैः ગુણો વડે, सर्वः દરેક પુરૂષ, अवशः પોતાની ઈચ્છા ન હોવા છતાં પણ, हि ખરેખર, कर्म કર્મો, कार्यते કરવાની પ્રવૃત્તિમા પડે છે.

---

१ ज्ञानमुत्पद्यते पुंसां क्षयात्पापस्य कर्मण ।
यथादर्शतलप्रख्ये पश्यत्यात्मानमात्मनि ॥ स्मृति ॥

પાપ (નિષિદ્ધ) કર્મોનો ક્ષય થવાથી પુરુષોના અંતઃકરણો સ્વચ્છ થઈ તેમને જ્ઞાન ઉત્પન્ન થાય છે, અને જેમ આદર્શ (આરસા)નુ તળ સ્વચ્છ-મલવિનાનુ હોતાં પોતે પોતાને તેમાં જોઈ શકે છે તેમ તેને સ્વસ્વરૂપ પણ પોતાનામા જણાય છે

ભાવાર્થઃ—કોઈ પણ પુરુષ એક ક્ષણમાત્ર પણ કર્મ કર્યા વગરનો કયારે પણ રહી શકતો નથી, કારણ કે સ્વભાવજન્ય સત્ત્વ, રજ, તમ, ઇત્યાદિ ગુણો દરેક પુરૂષને પોતાની ઈચ્છા ન હોવા છતાં પણ કર્મોમાં અવશ્ય રીતે જોડે છે જ. અર્થાત્ પ્રકૃતિના ગુણોને આધીન થઇ દરેક માણસ કર્મ કરવામાં પ્રેરાય છે અને તેથી તે કર્મ કર્યા સિવાય કયારે પણ રહેતો નથી. ૫.

અવતરણિકાઃ—કદાચ કોઈ પુરુષ હઠથી કર્મ ન કરતાં કર્મેન્દ્રિયોને રોકી રાખીને કૌતુકની ખાતર કર્મ ત્યાગી થાય તો તેની શી ગતિ થાય ? તે જણાવવા સાથે તે માણસ આત્માને જાણતો ન હોવા છતાં અને અશુદ્ધ-મલિન અંતઃકરણવાળો હોવા છતાં, પણ કેવળ હઠથી કર્મેન્દ્રિયોને નિયમમાં રાખીને શાસ્ત્રવિહિત ખાસ કર્ત્તવ્ય કર્મ કરતો નથી, અને માત્ર કૌતુકની ખાતર જ કર્મોનો ત્યાગ કરે છે એટલે તેણે કર્મયોગને તો પહેલાં જ છોડી દીધેલો હોવાથી, અને સાંખ્યયોગને ન જાણવા છતાં પણ દંભ સ્વીકાર કરેલો હોવાથી તે ઉભયતોભ્રષ્ટ થાય છે અને બંને શ્રેય પ્રાપ્ત કરી શકતો નથી તે જણાવે છેઃ

कर्मेंद्रियाणि संयम्य य आस्ते मनसा स्मरन् ॥
इंद्रियार्थान्विमूढात्मा मिथ्याचारः स उच्यते ॥६॥

પદચ્છેદઃ—कर्मेन्द्रियाणि, संयम्य, यः, आस्ते, मनसा, स्मरन्, इन्द्रियार्थान्, विमूढात्मा, मिथ्याचारः, सः, उच्यते.

વ્યુત્પત્તિસમાસાઃ—कर्मणां साधकानि इन्द्रियाणि कर्मेन्द्रियाणि । सम् सम्यक् यन्त्वा इति संयम्य । मन्यते इति मनः, तेन मनसा । स्मरतीति स्मरन् । अर्ज्यन्ते इति अर्थाः, इन्द्रियाणाम् अर्थाः इन्द्रियार्थाः, तान् इन्द्रियार्थान्। मुह्यति इति मूढः, विशेषेण मूढः आत्मा यस्य सः विमूढात्मा । मिथ्या असत् आचारः यस्य सः मिथ्याचारः ।

અન્વય અને અર્થઃ—યઃ જે, વિમૂઢાત્મા કર્તવ્યાકર્તવ્યના ભાનરહિત તથા રાગ-દ્વેષાદિથી મલિન અંતઃકરણવાળો પુરુષ, કર્મેન્દ્રિયાણિ વાક્, પાણિ-હસ્ત, પાદ, પાયુ-ગુદા, ઉપસ્થ-જનનેંદ્રિય, એ કર્મેન્દ્રિયોને, સંયમ્ય નિગ્રહમાં રાખીને, ઇન્દ્રિયાર્થાન્ શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ, એ ઇન્દ્રિયોના વિષયોને, મનસા મનવડે-મનમાં, સ્મરન્ સ્મરણ કરતો, આસ્તે બેસે છે-રહે છે, સઃ તે, મિથ્યાચારઃ અસત્ય-પાપી-આચરણવાળો, ઉચ્યતે કહેવાય છે.

ભાવાર્થઃ—કર્તવ્યાકર્તવ્યના ભાન વિનાનો અને રાગ-દ્વેષાદિથી મલિન અંતઃકરણવાળો જે પુરૂષ વાણી, હાથ, પગ, ગુદા અને ગુહ્યેન્દ્રિય એ કર્મેન્દ્રિયોને પરાણે નિયમમાં રાખીને, મનમાં શબ્દસ્પર્શાદિ ઇન્દ્રિયોના વિષયોનું સ્મરણ કરતો રહે છે, તે પુરૂષ પાપાચરણી એટલે દંભી કહેવાય છે. કારણકે બહારથી વિષયોનો ત્યાગ કરવા છતાં મનથી ખાસ વિષયોને સેવતો હોવાથી તે વધારે પાપી ગણાયછે અને તે કદી પણ વિષયોમાંથી મુક્ત થઈ શકતો નથી ૬.

અવતરણિકાઃ—આથી બધા કર્મોનો ત્યાગ ન કરતા ચિત્તશુદ્ધિને માટે જે નિષ્કામ કર્મ કરનારો પુરૂષ છે તે જ શ્રેષ્ઠ છે તે જણાવે છે

યસ્ત્વિન્દ્રિયાણિ મનસા નિયમ્યારભતેઽર્જુન ॥
કર્મેંદ્રિયૈઃ કર્મયોગમસક્તઃ સ વિશિષ્યતે ॥ ૭ ॥

પદચ્છેદઃ—યઃ, તુ, ઇન્દ્રિયાણિ, મનસા, નિયમ્ય, આરભતે, અર્જુન, કર્મેંદ્રિયૈઃ, કર્મયોગમ્, અસક્તઃ, સઃ, વિશિષ્યતે.

વ્યુત્પત્તિસમાસાઃ—નિતરાં યન્ત્વા ઇતિ નિયમ્ય। કર્મણાં ઇન્દ્રિયાણિ કર્મેન્દ્રિયાણિ, તૈઃ કર્મેન્દ્રિયૈઃ। કર્મૈવ યોગઃ કર્મયોગઃ, તમ્ કર્મયોગમ્। ન સક્તઃ અસક્તઃ।

અન્વય અને અર્થઃ—અર્જુન હે અર્જુન! તુ પણ, યઃ જે (પુરુષ), ઇન્દ્રિયાણિ જ્ઞાનેન્દ્રિયોને, મનસા મનવડે, નિયમ્ય નિયમમાં રાખીને, અસક્તઃ ફલની ઇચ્છારહિત થયો થકો, કર્મેન્દ્રિયૈઃ હસ્તપાદાદિ કર્મેન્દ્રિયોવડે, કર્મયોગમ્ કર્મયોગનું, આરભતે અનુષ્ઠાન કરે છે, સઃ તે, વિશિષ્યતે શ્રેષ્ઠ ગણાય છે.

ભાવાર્થઃ—હે અર્જુન! પણ જે પુરૂષ જ્ઞાનેન્દ્રિયોને મનવડે સંયમમાં રાખીને, હસ્તપાદાદિ કર્મેન્દ્રિયો વડે ફલની ઇચ્છારહિત થઈને કર્મયોગનું અનુષ્ઠાન કરે છે તે જ પુરૂષ શ્રેષ્ઠ છે. એટલે તેવા પુરુષોને કર્મો કંઈ પણ બંધનકારક થતાં નથી પણ સિદ્ધિ મેળવવામાં પરમ સાધનરૂપ થાય છે. ૭.

અવતરણિકાઃ—"એ પ્રમાણે તું પણ મનથી જ્ઞાનેન્દ્રિયોનો નિગ્રહ કરીને કર્મેન્દ્રિયો વડે વિહિત કર્મ કર, અને તેમાંજ તારૂં શ્રેય રહેલું છે," એમ ભગવાન્ શ્રીકૃષ્ણ કહે છેઃ

नियतं कुरु कर्म त्वं कर्म ज्यायो ह्यकर्मणः ॥
शरीरयात्रापि च ते न प्रसिद्ध्येदकर्मणः ॥ ८ ॥

પદચ્છેદઃ—નિયતમ્, કુરુ, કર્મ, ત્વમ્, કર્મ, જ્યાયઃ, હિ, અકર્મણઃ, શરીરયાત્રા, અપિ, ચ, તે, ન, પ્રસિદ્ધ્યેત્, અકર્મણઃ.

વ્યુત્પત્તિસમાસાઃ—નિતરાં યતમ્ ઇતિ નિયતમ્, તત્ નિયતમ્। અતિશયેન પ્રશસ્તમ્ ઇતિ જ્યાયઃ। ન કર્મ અકર્મ, તસ્માત્ અકર્મણઃ।

શરીરસ્ય યાત્રા વૃત્તિ. શરીરયાત્રા। પ્રકર્ષેણ સિદ્ધ્યેત્ ઇતિ પ્રસિદ્ધ્યેત્। ન વિદ્યતે કર્મ યસ્ય સ· અકર્મા, તસ્ય અકર્મણઃ।

અન્વય અને અર્થઃ—ત્વમ્ તું, નિયતમ્ શાસ્ત્રવિહિત નિત્ય કરવા લાયક, કર્મ કર્મોને, કુરુ કર, અકર્મણ કર્મો ન કરવા રૂપ અકર્મથી, કર્મ કર્મો કરવા રૂપ કર્મ, હિ ખરેખર, જ્યાયઃ ઉત્તમ છે, ચ અને, અકર્મણઃ કર્મરહિત એવા, તે તારી શરીરયાત્રા શરીરની વૃત્તિ, અપિ પણ ન, પ્રસિદ્ધ્યેત્ સારી રીતે સિદ્ધ થશે નહિ.

ભાવાર્થઃ—હે અર્જુન! તું પણ શાસ્ત્રમાં કહેલાં નિરંતર કરવા લાયક કર્મો કરતો રહે, કારણ કે કર્મ ન કરવા રૂપ અકર્મ કરતાં કર્મો કરવા રૂપ કર્મ અવશ્ય ઉત્તમ છે. વળી એ ઉત્તમ છે એટલુજ નહિ, પરંતુ તું જો કદાચિત્ કર્મ નહિ કરે તો તારા શરીરનો નિર્વાહ પણ સારી રીતે ચાલશે નહિ. અર્થાત્ ક્ષાત્રવૃત્તિથી તારે આજીવિકા ચલાવવાની હોવાથી જો તું તારાં તે શાસ્ત્રવિહિત કર્મો નહિ કરે તો બીજી રીતે તને પ્રાણત્રાણનુ સાધન નથી એટલે તેમ સમજીને પણ શાસ્ત્રવિહિત કર્મ કરવામા તું તત્પર થા. ૮.

અવતરણિકાઃ—"**कर्मणा बध्यते जन्तुः** એ શ્રુતિ પ્રમાણે કર્મો તો બહુ બંધન કરવાવાળા માનવામા આવેલા છે, તો પછી હે ભગવન્! મુમુક્ષુ એવા મને નાહક શા માટે કર્મ કરવા પ્રેરો છો?" એવી અર્જુનની શંકાના જવાબમા ભગવાન્ શ્રીકૃષ્ણ કહે છે

यज्ञार्थात्कर्मणोऽन्यत्र लोकोऽयं कर्मबंधनः ॥
तदर्थं कर्म कौंतेय मुक्तसंगः समाचर ॥ ९ ॥

પદચ્છેદઃ—યજ્ઞાર્થાત્, કર્મણઃ, અન્યત્ર, લોકઃ, અયમ્, કર્મબન્ધનઃ, તદર્થમ્, કર્મ, કૌન્તેય, મુક્તસંગઃ, સમાચર.

વ્યુત્પત્તિસમાસાઃ—ઇજ્યન્તે દેવતાઃ અનેન ઇતિ યજ્ઞઃ, "યજ્ઞો વૈ વિષ્ણુઃ" ઇતિ શ્રુતેઃ યજ્ઞઃ ઈશ્વરઃ, તસ્મૈ નામ તસ્ય પ્રીતયે (યત્ કર્મ ક્રિયતે) ઇતિ યજ્ઞાર્થમ્, તસ્માત્ યજ્ઞાર્થાત્; અથવા યજ્ઞઃ એવ અર્થઃ યસ્ય કર્મણઃ તત્ યજ્ઞાર્થમ્, તસ્માત્ યજ્ઞાર્થાત્, વા યજ્ઞસ્ય અર્થઃ યજ્ઞાર્થઃ તસ્માત્ યજ્ઞાર્થાત્। અન્યસ્મિન્ ઇતિ અન્યત્ર। કર્મૈવ બન્ધનં યસ્ય સઃ કર્મબન્ધનઃ। તસ્મૈ ઇતિ તદર્થમ્। કુન્ત્યાઃ અપત્યં પુમાન્ કૌન્તેયઃ, તત્સંબુદ્ધૌ કૌન્તેય। સજ્યન્તે જન્તવઃ અનેન ઇતિ સઙ્ગઃ, મુક્તઃ ત્યક્તઃ સઙ્ગઃ ફલાભિલાષઃ યેન સઃ મુક્તસંગઃ। સમ્યક્ આચર ઇતિ સમાચર।

અન્વય અને અર્થઃ—યજ્ઞાર્થાત્ યજ્ઞ એટલે જે પરમેશ્વર તેની આરાધનાના હેતુ સિવાય, અન્યત્ર બીજા કોઈ પણ, કર્મણઃ કર્મવડે, અયમ્ આ, લોકઃ લોક, કર્મબન્ધનઃ કર્મનાં બંધનવાળો છે, (માટે) કૌન્તેય હે કુંતીસુત અર્જુન! (તું પણ) મુક્તસંગઃ કર્મનાં ફલોની ઇચ્છાનો ત્યાગ કરીને, તદર્થમ્ યજ્ઞના હેતુ માટે-પરમેશ્વરપ્રીત્યર્થ, કર્મ કર્મો, સમાચર કર.

ભાવાર્થઃ—"યજ્ઞ એટલે ઈશ્વરજ" એવી શ્રુતિના પ્રમાણથી તે પરમેશ્વરની આરાધનાના હેતુ સિવાય એટલે તે પ્રભુપ્રીત્યર્થ કરવામાં આવતાં કર્મ સિવાય બીજા કોઈ પણ કારણથી કરવામાં આવતાં કર્મવડે આ જીવલોક કર્મથી બંધન પામે તેવો છે, માટે હે કૌન્તેય! તું પણ કર્મના ફલની ઇચ્છાનો ત્યાગ કરીને યજ્ઞને માટે એટલે તે પ્રભુપ્રીત્યર્થજ કર્મ કરનારો થા. અર્થાત્ તેથી તું બંધન પામીશ નહિ. ૯.

અવતરણિકાઃ—"આ પ્રમાણે પરમેશ્વરપ્રીત્યર્થ યથાર્થ કર્મ કરવું એ સૌથી ઉત્તમ છે, અને તેનાથી કર્મબન્ધન થતું નથી," એ વાતનું ઉપરના શ્લોકમાં પ્રતિપાદન કરીને 'સૃષ્ટિની ન્યારથી ઉત્પત્તિ થઈ ત્યારથી જ એ ચાલેલું છે,' એ પ્રમાણે ઉપદેશની પરંપરા પોતાના પ્રતિપાદ્ય અર્થમાં ચરિતાર્થ કરવાના હેતુથી ભગવાન્ શ્રીકૃષ્ણ હવે ત્રણ શ્લોકો વડે કહે છે

सहयज्ञाः प्रजाः सृष्ट्वा पुरोवाच प्रजापतिः ॥
अनेन प्रसविष्यध्वमेष वोऽस्त्विष्टकामधुक् ॥ १० ॥

पदच्छेदः—सहयज्ञाः, प्रजाः, सृष्ट्वा, पुरा, उवाच, प्रजापतिः, अनेन, प्रसविष्यध्वम्, एषः, वः, अस्तु, इष्टकामधुक्.

व्युत्पत्तिसमासाः—यज्ञेन सहिताः सहयज्ञाः। प्रकर्षेण जायन्त इति प्रजाः, पातीति पतिः, प्रजानां पतिः प्रजापतिः। इष्यन्त इति इष्टाः, काम्यन्त इति कामाः, इष्टाश्च ते कामाश्च इति इष्टकामाः तान् दोग्धीति इष्टकामधुक्।

અન્વય અને અર્થઃ—પુરા પહેલાં-સૃષ્ટિના આદિકાળમાં, सहयज्ञाः યજ્ઞસહિત, प्रजाः પ્રજાઓને, सृष्ट्वा સરજીને (તે પ્રજાને) प्रजापतिः પ્રજાપતિ-બ્રહ્મા, उवाच કહેવા લાગ્યા (કે) अनेन આ યજ્ઞવડે, प्रसविष्यध्वम् તમે ઉત્તરોત્તર અભિવૃદ્ધિને મેળવો, एषः એ યજ્ઞ, वः તમને, इष्टकामधुक् ઇષ્ટ કામનાઓને આપનાર, अस्तु થાઓ!

ભાવાર્થઃ—સૃષ્ટિના આદિકાળમાં યજ્ઞસહિત પ્રજાઓને ઉત્પન્ન કરીને તેમને પ્રજાપતિએ કહ્યું હતું કે, "હે પ્રજાઓ!

આ યજ્ઞવડે તમે ઉત્તરોત્તર અભિવૃદ્ધિને મેળવો અને એ યજ્ઞ તમારી ઇષ્ટ કામનાઓ આપનાર થાઓ. અર્થાત્ એ યજ્ઞથી તમે તમારી ઇચ્છા પ્રમાણેની કામનાઓને પરિપૂર્ણ કરો. ૧૦.

देवान्भावयतानेन ते देवा भावयंतु वः ॥
परस्परं भावयंतः श्रेयः परमवाप्स्यथ ॥ ११ ॥

પદચ્છેદઃ—દેવાન્, ભાવયત, અનેન, તે, દેવાઃ, ભાવયન્તુ, વઃ, પરસ્પરમ્, ભાવયન્તઃ, શ્રેયઃ, પરમ્, અવાપ્સ્યથ.

વ્યુત્પત્તિસમાસાઃ—દીવ્યન્તિ ઇતિ દેવાઃ, તાન્ દેવાન્। પરઃ પરશ્ચ ઇતિ પરસ્પરમ્। અતિશયેન પ્રશસ્યમ્ ઇતિ શ્રેયઃ। ભાવયન્તિ ઇતિ ભાવયન્તઃ।

અન્વય અને અર્થઃ—અનેન આ યજ્ઞ વડે (હવિ વગેરે હોમી), દેવાન્ દેવોને, ભાવયત તમે સંતુષ્ટ કરો, (અને) તે તે, દેવાઃ દેવો, વઃ તમને સર્વને, ભાવયન્તુ વૃષ્ટિ વિગેરેથી અન્નની ઉત્પત્તિ કરીને આનંદ યુક્ત કરો, (અને એ પ્રમાણે) પરસ્પરમ્ એક બીજાને, ભાવયન્તઃ અભ્યુદયથી આનંદિત કરતા, પરમ્ ઉત્તમ, શ્રેયઃ કલ્યાણને, અવાપ્સ્યથ તમે પ્રાપ્ત કરશો.

ભાવાર્થઃ—આ યજ્ઞ વડે તમે દેવોને બલિ વિગેરે આપીને સંતોષ પમાડો અને એ પ્રમાણે તમારાથી સંતુષ્ટ થયેલા તે દેવો તમારી સર્વની પણ વૃષ્ટિ વિગેરેથી અન્નની ઉત્પત્તિ કરીને વૃદ્ધિ કરો, અને એ પ્રમાણે પરસ્પર એક બીજાની અભિવૃદ્ધિ કરતા તમે પરમ કલ્યાણને પામશો. ૧૧.

इष्टान्भोगान्हि वो देवा दास्यंते यज्ञभाविताः ॥
तैर्दत्तानप्रदायैभ्यो यो भुंक्ते स्तेन एव सः ॥ १२ ॥

पदच्छेदः—इष्टान, भोगान्, हि, वः, देवाः, दास्यन्ते यज्ञभाविताः, तैः, दत्तान्, अप्रदाय, एभ्यः, यः, भुङ्क्ते, स्तेनः, एव, सः.

व्युत्पत्तिसमासाः—भुज्यन्त इति भोगाः, तान्। यज्ञेन भाविताः पूजिताः इति यज्ञभाविताः। न प्रदायेति अप्रदाय। स्तेनयति इति स्तेनः।

अन्वय अने अर्थः—यज्ञभाविताः यज्ञवडे पूजायला, देवाः देवो, हि ખરેખર, वः तमोने, इष्टान् ઈચ્છિત, भोगान् भोगो, दास्यन्ते आपशे, (પરંતु) तैः ते देवोओ, दत्तान् आपेला भोगो, एभ्यः એમને, अप्रदाय नहि आपीने, यः જે पुरुष, भुङ्क्ते भोगवे छे, सः ते, स्तेनः चोर, एव જ (छे).

भावार्थः—यज्ञवडे पूजायला देवो तमोने तमारी ઈચ્છા प्रमाणेना भोगोने अवश्य आपशे, પરંतु ते देवोओ आपेला भोगो ते देवोने अर्पण કર્યા विनाज જે पुरुष भोगवे छे ते चोरज छे. अर्थात् चोरना जेटलुंज तेने पाप लागे छे. १२.

---

१ देहप्राणेन्द्रियाण्येव तर्पयत्येव तस्करः।
देवर्णमनपाकृत्य देवस्वापहरोऽधमः॥

૨. દેવતાના ઋણમાંથી મુક્ત થયા વિના પોતાનાં દેહ, પ્રાણ અને ઇન્દ્રિઓને તૃપ્ત કરેછે તે દેવતાઓનુ ધન ચોરનારો મહાન્ અધમ ચોર છે.

અવતરણિકા —"યજ્ઞને માટે કર્મ કરવા જોઇએ" એ વાતને વધારે દૃઢ કરવાને માટે 'તે ન કરવામા આવે તો મહાપાપ લાગે છે,' તે ભગવાન કહે છે

यज्ञशिष्टाशिनः संतो मुच्यंते सर्वकिल्बिषैः ॥
भुञ्जते ते त्वघं पापा ये पचंत्यात्मकारणात् ॥१३॥

पदच्छेदः—यज्ञशिष्टाशिनः, सन्तः, मुच्यन्ते, सर्व किल्बिषैः, भुञ्जते, ते, तु, अघम्, पापाः, ये, पचन्ति, आत्मकारणात्.

व्युत्पत्तिसमासाः—शिष्यते इति शिष्टम्, यज्ञस्य शिष्ट यज्ञशिष्टम्, तत् अश्नन्ति ते यज्ञशिष्टाशिन । केलयति क्रीड्यन्ति विषयेषु तानि किल्बिषाणि, सर्वाणि च तानि किल्बिषाणि च सर्वकिल्बिषाणि, त सर्वकिल्बिषै । अयते गच्छति दानादिना इति अघम्, तत्। पापमस्ति येषा ते पापा । आत्मन कारणम् आत्मकारणम्, तस्मात् आत्मकारणात्।

---

१ पञ्चयज्ञा "पाठो होमश्चातिथीनां सपर्या तर्पणं बलि ।
अथौ पञ्च महायज्ञा ब्रह्मयज्ञादिनामका ॥

વેદવેદાંગનુ પઠન (બ્રહ્મયજ્ઞ), હોમ (દેવયજ્ઞ), અતિથિની સેવા (મનુષ્ય યજ્ઞ) તર્પણ (પિતૃયજ્ઞ) અને બલિ (ભૂતયજ્ઞ)—એ પાચ મહાયજ્ઞો બ્રહ્મયજ્ઞ વગેરે નામથી પ્રસિદ્ધ છે

२ पञ्चसूना "कण्डनी पेषणी चुल्ली उदकुभी च मार्जनी ।
पञ्चसून गृहस्थस्य तामि स्वर्गं न विन्दति ॥
पञ्चसूनाकृत पाप पञ्चयज्ञैर्व्यपोहति ॥

ખાંડણી યમી ચુલો, પાણીઆરુ, અને ઝાડુ એ ગૃહસ્થને પાચ પાપ છે એથી તે સ્વર્ગને પ્રાપ્ત થઇ શકતો નથી પરતુ તે પાચ પ્રકારના પાપકર્મથી થતું પાપ પાચ મહાયજ્ઞો કરવાથી તે ત્યજી શકે છે

અન્વય અને અર્થઃ—યજ્ઞશિષ્ટાશિનઃ યજ્ઞ કરતા બાકી બચેલું અન્ન ખાવાવાળા, સન્તઃ સત્પુરુષો, સર્વકિલ્બિષૈઃ બધી જાતનાં પાપોમાથી, મુચ્યન્તે મુક્ત થઈ જાય છે (માટે) યે જે પુરુષો, આત્મકારણાત્ કેવળ પોતાના પ્રયોજનથીજ, પચન્તિ રાંધે છે, તે તે, પાપાઃ પાપીઓ, તુ તો, અઘમ્ પાપને (જ), મુઞ્જતે ભોગવે છે

ભાવાર્થઃ—યજ્ઞ કર્યા પછી તેમાથી બાકી બચેલું અન્ન ખાનાર જે સત્પુરુષો છે તે તો બધી જાતનાં પાપોમાથી મુક્ત થઈ જાય છે, પરંતુ જે પુરુષો કેવળ પોતાના પેટની ખાતરજ રાંધે છે તે મહા પાપાત્માઓ તો કેવળ પાપનેજ ભોગવે છે. અર્થાત્ તેવા પુરુષો પ્રતિદિન પાપનોજ સંચય કરતા રહે છે ૧૩.

અવતરણિકાઃ—'આ સંસારચક્રની પ્રવૃત્તિનો હેતુ પણ કર્મ જ છે,' તે પરપરાથી બતાવી 'તે ઉપરથી પણ કર્મ કરતા રહેવુજ જોઇએ,' એ પ્રમાણે ભગવાન્ શ્રીકૃષ્ણ કહે છે

अन्नाद्भवन्ति भूतानि पर्जन्यादन्नसंभवः ॥
यज्ञाद्भवति पर्जन्यो यज्ञः कर्मसमुद्भवः ॥ १४ ॥

પદચ્છેદઃ—અન્નાત્, ભવન્તિ, ભૂતાનિ, પર્જન્યાત્, અન્નસંભવઃ, યજ્ઞાત્, ભવતિ, પર્જન્યઃ, યજ્ઞઃ, કર્મસમુદ્ભવઃ.

---

१ अग्नौ प्राप्ताऽऽहुतिः सम्यगादित्यमुपतिष्ठते ।
आदित्याज्जायते वृष्टिर्वृष्टेरन्नं ततः प्रजाः ॥ मनु ॥

અગ્નિમા હોમાયેલી આહુતિ બરાબર શ્રીઆદિત્યને સૂર્યને પહોંચે છે અને સૂર્યથી વરસાદ થાય છે, વરસાદથી અન્ન થાય છે તથા અન્નથી પ્રજા ઉત્પન્ન થાય છે

વ્યુત્પત્તિસમાસાઃ—અદ્યતે ઇતિ અન્નમ્, તસ્માત્ અન્નાત્ । પિપર્તિ ઇતિ પર્જન્યઃ, તસ્માત્ । સમ્યક્ ભવતીતિ સંભવઃ, અન્નસ્ય સંભવઃ અન્નસંભવઃ । સમ્યક્ ઉદ્ભવઃ સમુદ્ભવઃ, કર્મભ્યઃ સમુદ્ભવ યસ્ય સઃ કર્મસમુદ્ભવઃ ।

અન્વય અને અર્થઃ—અન્નાત્ ખાધેલા અન્નમાંથી (વીર્યાદિના પરિણામે), ભૂતાનિ પ્રાણીઓ, ભવન્તિ (ઉત્પન્ન) થાય છે, પર્જન્યાત્ વૃષ્ટિથી, અન્નસંભવઃ અન્નની ઉત્પત્તિ (થાય છે,) યજ્ઞાત્ યજ્ઞથી, પર્જન્યઃ વૃષ્ટિ, ભવતિ થાય છે, (અને એ) યજ્ઞઃ યજ્ઞ, કર્મસમુદ્ભવઃ ઋત્વિક્ અને યજમાનના વ્યાપારરૂપ કર્મથી ઉત્પન્ન થએલો (છે.)

ભાવાર્થઃ—ખાધેલા અન્નથી વીર્યાદિના પરિણામે પ્રાણીઓ ઉત્પન્ન થાય છે, અન્નની ઉત્પત્તિ વૃષ્ટિથી છે, વૃષ્ટિ યજ્ઞથી થાય છે, અને તે યજ્ઞ ઋત્વિક્ અને યજમાનના વ્યાપારથી એટલે ઉપાસ્યના ઉપાસનરૂપ કર્મથી ઉત્પન્ન થાય છે. અર્થાત્ આ પરથી પ્રાણિમાત્રનો ઉત્પત્તિનું મૂળ કર્મ છે એમ સમજી તું કર્મ કરવામાં તત્પર થા. ૧૪.

અવતરણિકાઃ—"કર્મની ઉત્પત્તિ પણ અન્નમાંથી થએલી હોવાથી અને તે પણ યજ્ઞમાં રહેલું હોવાથી યજ્ઞાર્થ કર્મ કરવામાં દોષ નથી," તે કહે છેઃ

कर्म ब्रह्मोद्भवं विद्धि ब्रह्माक्षरसमुद्भवम् ॥
तस्मात्सर्वगतं ब्रह्म नित्यं यज्ञे प्रतिष्ठितम् ॥ १५॥

પદચ્છેદઃ—કર્મ, બ્રહ્મોદ્ભવમ્, વિદ્ધિ, બ્રહ્મ, અક્ષર-સમુદ્ભવમ્, તસ્માત્, સર્વગતમ્, બ્રહ્મ, નિત્યમ્, યજ્ઞે, પ્રતિષ્ઠિતમ્.

વ્યુત્પત્તિસમાસાઃ—बृंहति वृद्धिमाप्नोति इति ब्रह्म वेदः, वा प्रकृतिः–प्रकृतिपरिणामरूपं शरीरम्, स उद्भवः कारणं यस्य तत् ब्रह्मोद्भवम्, तत् । न क्षरतीति अक्षरम्, अक्षरम् ब्रह्म परमात्मा, तस्मात् समुद्भवः उत्पत्तिः यस्य तत् अक्षरसमुद्भवम्, तत् । सर्वेषु वस्तुषु गतम् सर्वगतम् । प्रतिष्ठीयते स्म इति प्रतिष्ठितम् ।

અન્વય અને અર્થઃ—कर्म કર્મને, ब्रह्मोद्भवम् વેદોમાંથી ઉત્પન્ન-પ્રવૃત્ત થયેલું, विद्धि તું જાણ, (અને) ब्रह्म વેદો, अक्षरसमुद्भवम् અક્ષરબ્રહ્મરૂપ પરમાત્મામાંથી ઉત્પન્ન થયેલા છે, तस्मात् તેથી, सर्वगतम् દરેક વસ્તુમાં રહેલ અવિનાશિ, બ્રહ્મ બ્રહ્મ, नित्यम् સર્વદા, यज्ञे યજ્ઞમાં, प्रतिष्ठितम् રહેલું છે (એમ તું જાણ).

ભાવાર્થઃ—કર્મને વેદોમાંથી પ્રવૃત્ત થયેલું તું જાણ, અને વેદો અક્ષર બ્રહ્મરૂપ પરમાત્મામાંથીજ ઉત્પન્ન થયેલા છે અને તેથી તે બ્રહ્મ પણ દરેક વસ્તુમાં રહેલું અને અવિનાશિ હોવાથી સર્વદા યજ્ઞમાં રહેલું છે. અર્થાત્ તે યજ્ઞરૂપ પરમાત્માની પ્રીત્યર્થ કર્મ કરવામાં કોઈપણ જાતનું પાપ લાગતું નથી એમ માની તું કર્મ કર. ૧૫.

एवं प्रवर्तितं चक्रं नानुवर्तयतीह यः ॥
अघायुरिंद्रियारामो मोघं पार्थ स जीवति ॥ १६ ॥

પદચ્છેદઃ—एवम्, प्रवर्तितम्, चक्रम्, न, अनुवर्त्तयति, इह, यः, अघायुः, इन्द्रियारामः, मोघम्, पार्थ, सः, जीवति.

વ્યુત્પત્તિસમાસાઃ—પ્રકર્ષેણ વર્ત્તિતમ્ ઇતિ પ્રવર્ત્તિતમ્, તત્ । ચક્રીયતે ઇતિ ચક્રમ્, તત્ । અઘં પાપરૂપં આયુઃ યસ્ય સઃ અઘાયુઃ । ઇન્દ્રિયૈઃ વિષયેષ્વેવ આ સમન્તાત્ રમતીતિ ઇન્દ્રિયારામઃ ।

અન્વય અને અર્થઃ—એવમ્ (પરમેશ્વરની વાણીભૂત વેદ-બ્રહ્મથી પુરુષોની કર્મમાં પ્રવૃત્તિ થાય છે વિગેરે) એ પ્રમાણેના, પ્રવર્ત્તિતમ્ પરમેશ્વરે પ્રવર્તાવેલા, ચક્રમ્ સંસાર-ચક્રને, યઃ જે પુરુષ, ઇહ આ લોકમાં, ન, અનુવર્ત્તયતિ નથી અનુ-સરતો, પાર્થ હે પાર્થ ! સઃ તે પુરુષ, અઘાયુઃ પાપરૂપી જીવન ગાળનાર, (અને) ઇન્દ્રિયારામઃ ઇન્દ્રિયોથી કેવળ વિષયોમાંજ આનંદ માનનારો થકો, મોઘમ્ વ્યર્થ, જીવતિ જીવે છે.

ભાવાર્થઃ—"પરમેશ્વરની વાણીરૂપ વેદ-બ્રહ્મથી પુરુષોની કર્મમાં પ્રવૃત્તિ અને તેથી તે કર્મોનું પરિણામ યજ્ઞ, તે યજ્ઞોથી વૃષ્ટિ, વૃષ્ટિથી અન્ન અને અન્નથી પ્રજા, ફરીને વળી તે પ્રજાની કર્મમાં પ્રવૃત્તિ વિગેરે," એ પ્રમાણે પરમાત્માએ ચલાવેલા આ સંસારરૂપી ચક્રને જે માણસ આ લોકમાં અનુસરતો નથી એટલે તેના પ્રમાણે ચાલતો નથી, હે પાર્થ ! તે પુરુષ કેવળ પાપી જીવન ગાળનાર, ઇન્દ્રિયો વડે ઇન્દ્રિયોના વિષ-યોમાં આનંદ ભોગવનાર અને તેથીજ વ્યર્થ જીવન ગાળનારો છે, એટલે તેના જીવનનું કાંઈપણ સાફલ્ય નથી એમ તું માન. ૧૬.

અવતરણિકાઃ—'**ન કર્મણામનારંભાત્**' ઇત્યાદિથી લઈને '**શરીરયાત્રાપિ ચ તે**' ત્યાં સુધીના શ્લોકમાં "આત્મજ્ઞાન" પ્રાપ્ત કરવા માટે ફલની ઇચ્છારહિત નિષ્કામ કર્મયોગનું અનુષ્ઠાન કરવાનું પ્રતિપાદન કરેલું છે, ત્યાર પછી "**યજ્ઞાર્થાત્ કર્મણઃ**" ત્યાંથી લઈને "**મોઘં પાર્થ સ જીવતિ**" ત્યાં સુધીના શ્લોકવડે, આત્મજ્ઞાન પ્રાપ્ત ન થયું હોય તેવાને માટે પ્રસ્તુતોપયોગી કર્મયોગનું આચરણ કરવાનું અને

કર્મયોગ ન આચરવામા શો દોષ છે તે કહ્યુ તેમ આત્મતત્ત્વનેજ જાણનાર કર્મયોગીને આત્મજ્ઞાની થવાની સ્થિતિ માટે પણ પ્રવચન કરવામા આવ્યુ, પરતુ હવે "એ પ્રમાણે ચલાવાયેલા સસારચક્રને આત્મવિત જ્ઞાનીએ અને અનાત્મવિત્ કર્મયોગીએ બધાએ ચલાવવુ કે આત્માને ન જાણનાર, અને અશુદ્ધ અતકરણવાળાએજ જ્ઞાનની પ્રાપ્તિને માટે તે ચક્રનુ અનુકરણ કરવુ?" એ પ્રમાણે અર્જુનને કવચિત્ સશય થાય એમ ધારીને પોતેજ શાસ્ત્રનો વિવેક-જ્ઞાને શુ કરવુ અને કોણે શુ ન કરવુ તે-જણાવવાના હેતુથી, 'જ્ઞાનીએ તે પ્રમાણે વર્તવાની જરૂર નથી,' એમ બે શ્લોકોથી ભગવાન્ કહે છે

यस्त्वात्मरतिरेव स्यादात्मतृप्तश्च मानवः ॥
आत्मन्येव च संतुष्टस्तस्य कार्यं न विद्यते ॥ १७ ॥

પદચ્છેદઃ—यः, तु, आत्मरतिः, एव, स्यात्, आत्मतृप्तः, च, मानवः, आत्मनि, एव, च, संतुष्टः, तस्य, कार्यम्, न, विद्यते ।

વ્યુત્પત્તિસમાસાઃ—रमन्ते प्राणिन यस्या सा रति, आत्मनि रति आत्मरति । आत्मनि तृप्त आत्मतृप्त । मनो अपत्य पुमान् मानव । सम्यक् तुष्ट सतुष्ट । कर्तुम् योग्यम् कार्यम् ।

અન્વય અને અર્થઃ—तु પરતુ, य જે, मानव મનુષ્ય, आत्मरति આત્મામાજ પ્રીતિવાળો, च અને, आत्मतृप्त (ઉપાધિ માત્રમાથી નિવૃત્ત થઇ) આત્મામાજ આનદનો અનુભવ લેનારો, च તેમ आत्मनि આત્મામા, एव જ, सतुष्ट અત્યત પ્રસન્ન, एव ખરેખર, स्यात् હોય, तस्य તેવાને, कार्यम् કાર્ય-ખાસ કર્મ કરવાપણું, न, विद्यते રહેતું નથી

ભાવાર્થઃ—પણ જે પુરુષ આત્મામાંજ પ્રીતિવાળો, ઉપાધિ માત્રથી રહિત થઈને આત્માને વિષેજ આનંદ ભોગવનારો અને આત્મામાંજ સંતોષ માની પ્રસન્ન થનારો હોય તેવા પુરુષને ખાસ કંઈપણ કર્તવ્ય કર્મ રહેતું નથી. ૧૭.

અવતરણિકાઃ—"આત્મજ્ઞાનીને કર્મ અથવા અકર્મથી કંઈપણ સ્વાર્થ હોતો નથી" તે કહે છેઃ

नैव तस्य कृतेनार्थो नाकृतेनेह कश्चन ॥
न चास्य सर्वभूतेषु कश्चिदर्थव्यपाश्रयः ॥ १८ ॥

પદચ્છેદઃ—न, एव, तस्य, कृतेन, अर्थः, न, अकृतेन इह, कश्चन, न, च, अस्य, सर्वभूतेषु, कश्चित्, अर्थव्यपाश्रयः.

વ્યુત્પત્તિસમાસાઃ—न कृतम् अकृतम्, तेन। सर्वाणि च तानि भूतानि च सर्वभूतानि, तेषु सर्वभूतेषु। कः इति कश्चित्। विशेषेण अप–समीपम् आश्रयः व्यपाश्रयः, अर्थे मोक्षे व्यपाश्रयः इति अर्थव्यपाश्रयः।

અન્વય અને અર્થઃ—इह આ લોકમાં, तस्य તે આત્મજ્ઞાની પુરુષને, कृतेन કર્મ કરવાવડે કરીને, अर्थः કોઈ પણ ખાસ પુણ્યરૂપી અર્થ વા સ્વાર્થ, न નથી, (તેમ) एव જ, अकृतेन કર્મ ન કરવાથી, कश्चन કોઈ ખાસ (प्रत्यवाय–પ્રતિબન્ધ અથવા)

---

१ ज्ञानामृतेन तृप्तस्य कृतकृत्यस्य योगिनः।
नैवाऽस्ति किञ्चित्कर्त्तव्यमस्ति चेन्न स तत्ववित् ॥ स्मृतिः ॥

એટલે જ્ઞાનરૂપી અમૃતવડે તૃપ્ત થએલા, કૃતકૃત્ય એવા યોગીને કંઈપણ કર્મ કરવાનું નથી, અને જો તે કરવાનું રહ્યું છે એમ માને તો તે તત્વવેત્તા (યોગી) નથી

સ્વાર્થ, ન નથી, ચ અને, અસ્ય આ આત્મજ્ઞાનીને, સર્વભૂતેષુ સમસ્ત પ્રાણિઓમાં, કશ્ચિત્ કોઇ પણ, અર્થવ્યપાશ્રયઃ મોક્ષરૂપી તેના સાધ્ય અર્થમાં ખાસ આશ્રયભૂત, ન નથી.

ભાવાર્થઃ—આ લોકમાં તેવા આત્મજ્ઞાની પુરુષને કર્મો કરવાથી કોઇપણ પ્રકારનો ખાસ પુણ્યરૂપી અર્થ કે સ્વાર્થ નથી જ, તેમ કર્મો ન કરવાથી પણ ખાસ પ્રત્યવાય એટલે દોષ અથવા તો કંઇ સ્વાર્થ નથી, તેમ એ આત્મજ્ઞાનીને સમસ્ત પ્રાણિઓમાં કોઇપણ પ્રાણી, તેના મોક્ષરૂપી સાધ્ય અર્થમાં આશ્રયભૂત પણ નથી. અર્થાત્ કર્મ કરે કે ન કરે તો પણ તે આત્મજ્ઞાનીને લાભ કે હાનિ નથી તેમ પોતાના મોક્ષરૂપ અર્થમાં કોઇ પ્રાણીઓ સાથે તેને સ્વાર્થનું પ્રયોજન પણ નથી એટલે તે તો કર્મથી નિર્લિપ્તજ છે એમ તું માન. ૧૮.

અવતરણિકા—"પણ તું અર્જુન તો આત્મવિત્ થયેલો ન હોવાથી, જ્ઞાનપ્રાપ્તિને માટે કર્મો કરવાનોજ અધિકારી છે," તે ઉપદેશ કર ભગવાન્ શ્રીકૃષ્ણ અર્જુનને આપે છેઃ

तस्मादसक्तः सततं कार्यं कर्म समाचर ॥
असक्तो ह्याचरन्कर्म परमाप्नोति पूरुषः ॥ १९ ॥

પદચ્છેદઃ—તસ્માત્, અસક્તઃ, સતતમ્, કાર્યમ્, કર્મ, સમાચર, અસક્તઃ, હિ, આચરન્, કર્મ, પરમ્, આપ્નોતિ, પુરુષઃ.

વ્યુત્પત્તિસમાસાઃ—ન સક્તઃ અસક્તઃ । સમ્યક્ આચર ઇતિ સમાચર । આ સમન્તાત્ ચરતીતિ આચરન્ ।

અન્વય અને અર્થઃ—तस्मात् તેથી, असक्तः ફલના સંગરહિત (થઈને), सततम् સદા, कार्यम् કરવા લાયક-શાસ્ત્રવિહિત, कर्म કર્મોનું, समाचर તું આચરણ કર, हि કારણ કે, पूरुषः પુરુષ, असक्तः ફલની ઈચ્છારહિત (થઈને), कर्म કર્મોનું, आचरन् આચરણ કરતો થકો, परम् મોક્ષને, आप्नोति પામે છે.

ભાવાર્થઃ—હે અર્જુન! તેથી તું પણ ફલમાં આસક્તિ રાખ્યા વિના કરવાને યોગ્ય એવાં શાસ્ત્રવિહિત જે કર્મો હોય તેનું આચરણ કર, કારણ કે જે. પુરુષ ફલની ઈચ્છારહિત થઈને યોગ્ય કર્મોનું અનુષ્ઠાન કરે છે તે સૌથી શ્રેષ્ઠ એવા મોક્ષને પામે છે. અને તેથી તું પણ નિવૃત્તિથી આ યુદ્ધરૂપ કર્મમાં પ્રવૃત્ત થા. ૧૯.

અવતરણિકાઃ—ઉપરના શ્લોકમાં નિષ્કામપણે શાસ્ત્રવિહિત કર્મો કરવાથી પરમ પુરુષાર્થની પ્રાપ્તિ થાય છે' તે વાત કહી, તેની સંગતિમાં શિષ્ટ-માન્ય-જનકાદિ રાજાઓનાં દૃષ્ટાંત આપી તે વાતને વધુ દૃઢીભૂત કરવાના હેતુથી હવે ભગવાન્ કહે છેઃ

कर्मणैव हि संसिद्धिमास्थिता जनकादयः ॥
लोकसंग्रहमेवापि संपश्यन्कर्तुमर्हसि ॥ २० ॥

પદચ્છેદઃ—कर्मणा, एव, हि, संसिद्धिम्, आस्थिताः, जनकादयः, लोकसंग्रहम्, एव, अपि, संपश्यन, कर्तुम्, अर्हसि.

---

१ अज्ञानां ज्ञानदं कर्म ज्ञानिनां लोकसंग्रहात् ।
अद्वैव तुष्टिदं मह्यं सा मुक्तानन्दपूर्त्तिदा ॥

* અજ્ઞાનીઓને કર્મ જ્ઞાનોત્પાદક છે અને જ્ઞાનિઓને લોકસંગ્રહ માટે જ છે. મારા માટે એજ સાક્ષાત્ પ્રતીત્યનુ કારણ છે અને તે મુક્તપણાના આનંદની પરિપૂર્ણ કરનારી ક્રિયા છે.

વ્યુત્પત્તિસમાસાઃ—સમ્યક્ સિદ્ધિઃ સંસિદ્ધિઃ, તામ્ સંસિદ્ધિમ્ । આ સમંતાત્ સ્થિતાઃ આસ્થિતાઃ । જનકઃ આદિઃ યેષા તે જનકાદય । સમ્યક્ ગૃહ્યતે લોકઃ અનેન ઇતિ સંગ્રહઃ, લોક્યન્ત ઇતિ લોકાઃ, લોકાનાં સંગ્રહઃ સ્વે–સ્વે ધર્મે પ્રવર્ત્તનમ્ ઉન્માર્ગાન્નિવર્ત્તનમ્–ઇતિ લોકસંગ્રહઃ, તમ્ લોકસંગ્રહમ્, વા લોકાય સંગ્રહઃ (શિક્ષાર્થમ્) ઇતિ લોકસંગ્રહઃ, તમ્ । સમ્યક્ પશ્યતીતિ સંપશ્યન્ ।

અન્વય અને અર્થઃ—જનકાદયઃ જનકાદિ રાજર્ષિઓ (પણ), હિ ખરેખર, કર્મણા કર્મવડે, એવ જ, સંસિદ્ધિમ્ સારી તત્ત્વજ્ઞાનરૂપ સિદ્ધિને, આસ્થિતાઃ પ્રાપ્ત થયા (છે), (તેમ સમજી અથવા) લોકસંગ્રહમ્ લોકોનું નિયમન કરી તેમના કલ્યાણને, સંપશ્યન્ સારી રીતે તત્ત્વદૃષ્ટિથી જોઈને, અપિ પણ, કર્તુમ્ કર્મો કરવાને, એવ જ, અર્હસિ તું યોગ્ય છે.

ભાવાર્થઃ—જનકાદિ રાજર્ષિઓ પણ ખરેખર કર્મ વડેજ તત્ત્વજ્ઞાનરૂપ ઉત્તમ સિદ્ધિને પામ્યા છે, એટલે એ પ્રમાણે સમજીને અથવા તો લોકોને કુમાર્ગમાંથી અટકાવીને પોત પોતાના ધર્મ પ્રમાણે ચલાવવા માટે તેમનું શિક્ષણથી નિયમન કરી કલ્યાણ કરવું યોગ્ય છે એમ જાણીને પણ તારે કર્મો કરવાં જ યોગ્ય છે. ૨૦.

અવતરણિકાઃ—"હું કર્મો કરતો રહું તો પણ તેથી લોકોનું કલ્યાણ થવા માટે તેમને શી અસર થવાની છે!" એવી અર્જુનને શંકા થાય તો તેના સમાધાન માટે નીચેના શ્લોકમાં ભગવાન્ જણાવે છે

યદ્યદાચરતિ શ્રેષ્ઠસ્તત્તદેવેતરો જનઃ ॥
સ યત્પ્રમાણં કુરુતે લોકસ્તદનુવર્તતે ॥ ૨૧ ॥

પદચ્છેદઃ—યત્, યત્, આચરતિ, શ્રેષ્ઠઃ, તત્, તત્, એવ, ઇતરઃ, જનઃ, સઃ, યત્, પ્રમાણમ્, કુરુતે, લોકઃ, તત્, અનુવર્ત્તતે.

વ્યુત્પત્તિસમાસાઃ—આસમન્તાત્ સમ્યક્તયા ચરતિ ઇતિ આચરતિ। અતિશયેન પ્રશસ્તઃ શ્રેષ્ઠઃ। ઇના કામેન તરતિ ઇતિ ઇતરઃ। જન્યતે ઇતિ જનઃ। પ્રકર્ષેણ મીયતે અનેન ઇતિ પ્રમાણમ્, તત્ પ્રમાણમ્।

અન્વય અને અર્થઃ—શ્રેષ્ઠ. ઉત્તમ (પુરુષ), યત્ જે, યત્ જે, આચરતિ આચરણ કરે છે, તત્ તે, તત્ તે, એવ જ, ઇતરઃ પ્રાકૃત-સામાન્ય કામનાવાળો, જનઃ મનુષ્ય (પણ), (આચરતિ આચરણ કરે છે. અને), સઃ તે ઉત્તમ પુરુષ, યત્ જે વસ્તુને, પ્રમાણમ્ પ્રમાણ, કુરુતે માને છે, લોકઃ સામાન્ય લોકો, (પણ) તત્ તેને (જ), અનુવર્તતે અનુસરે છે

ભાવાર્થઃ—ઉત્તમ પુરુષ જેવું જેવું આચરણ કરે છે, તે તે પ્રમાણેજ બીજા સામાન્ય મનુષ્યો પણ વર્તે છે, અને તે શ્રેષ્ઠ પુરૂષ જે વસ્તુને પ્રમાણ માને છે તેને જ સામાન્ય લોકો અનુસરે છે. એટલે સર્વ લોકો ઉત્તમ મનુષ્યનેજ અનુસરતા હોવાથી તું જે પ્રમાણે નિષ્કામ કર્મ કરીશ તે પ્રમાણે લોકો પણ કરશે એટલે તેમનુ તે કલ્યાણ તારા આધારેજ છે એમ સમજી તું કર્મ કર. ૨૧.

અવતરણિકા—"એ પ્રમાણે ઉત્તમ પુરુષોએ લોકોને સદાચારી કરવાના હેતુથી પોતાના કર્તવ્ય તરીકે પણ શુભ કર્મો કરતા રહેવુ જોઈએ," એમ કહી ભગવાન્ શ્રીકૃષ્ણ પોતાનાજ દૃષ્ટાંતથી તેને દૃઢ કરે છે

न मे पार्थास्ति कर्तव्यं त्रिषु लोकेषु किंचन ॥
नानवाप्तमवाप्तव्यं वर्त एव च कर्मणि ॥ २२ ॥

પદચ્છેદઃ—ન, મે, પાર્થ, અસ્તિ, કર્તવ્યમ્, ત્રિષુ, લોકેષુ, કિંચન, ન, અનવાપ્તમ્, અવાપ્તવ્યમ્, વર્ત્તે, એવ, ચ, કર્મણિ.

વ્યુત્પત્તિસમાસાઃ—કર્ત્તુમ્ ઉચિતમ્ કર્તવ્યમ્ । ન અવાપ્તમ્ અનવાપ્તમ્ । અવ સમીપે આપ્તુમ્ ઉચિતમ્ ઇતિ અવાપ્તવ્યમ્ ।

અન્વય અને અર્થઃ—પાર્થ હે પૃથાના પુત્ર અર્જુન ! ત્રિષુ ત્રણે, લોકેષુ લોકોમાં, મે મને, કિંચન કાંઇપણ, કર્ત્તવ્યમ્ કર્મ કરવાનું, ન, અસ્તિ નથી, (તેમ) અનવાપ્તમ્ ન મેળવેલું, અવાપ્તવ્યમ્ મેળવવા જેવું, ન નથી, ચ તોપણ, એવ ખરેખર, કર્મણિ કર્મોમાં, વર્તે હું વર્તું છું.

ભાવાર્થઃ—હે અર્જુન ! આ ત્રણે લોકમાં મને કાંઇપણ ખાસ કર્મ કરવા જેવું બાકી નથી, તેમ ન મેળવેલું કંઈપણ મેળવવા જેવું નથી. એટલે એ પ્રમાણે હોવા છતાં પણ હું કર્મોમાં નિરંતર પ્રવૃત્ત રહું છું જ. અર્થાત્ લોકકલ્યાણ સમજીને પણ હું કર્મ કરું છું, કે જેથી લોકો મને અનુસરીને તે પ્રમાણે કર્મ કરે. ૨૨.

યદિ હ્યહં ન વર્તેયં જાતુ કર્મણ્યતંદ્રિતઃ ॥
મમ વર્ત્માનુવર્તન્તે મનુષ્યાઃ પાર્થ સર્વશઃ ॥ ૨૩ ॥

પદચ્છેદઃ—યદિ, હિ, અહમ્, ન, વર્તેયમ્, જાતુ, કર્મણિ, અતન્દ્રિતઃ, મમ, વર્ત્મ, અનુવર્તન્તે, મનુષ્યાઃ, પાર્થ, સર્વશઃ.

વ્યુત્પત્તિસમાસાઃ—તન્દ્રા અસ્ય સંજાતા ઇતિ તન્દ્રિતઃ, ન તન્દ્રિતઃ અતન્દ્રિતઃ । વર્તન્તે અનેન ઇતિ વર્ત્મ, તત્ । મનોઃ અપત્યાનિ પુમાંસઃ મનુષ્યાઃ । સર્વસ્માત્ ઇતિ સર્વશઃ ।

અન્વય અને અર્થઃ—યદિ જો, અહમ્ હું, હિ ખરેખર, જાતુ કદાચિત્, કર્મણિ કર્મમાં, અતન્દ્રિત. આલસ્ય રહિત, ન, વર્તેયમ્ વર્ત્તન ન રાખું, (તો) પાર્થ હે પાર્થ ! મનુષ્યાઃ (બધાં) મનુષ્યો, મમ મારા, વર્ત્મ માર્ગને, સર્વશઃ બધી રીતે, અનુવર્તન્તે અનુસરે.

ભાવાર્થઃ—જો ખરેખર હું કદાચિત્ કર્મમાં આલસ્ય-રહિત થઇને પ્રવૃત્તિ ન કરું, તો હે પાર્થ ! મનુષ્ય. માત્ર, મેં ગ્રહણ કરેલા માર્ગનું જ બધી રીતે અનુકરણ કરે, એટલે તે પણ કર્મમાર્ગનો ત્યાગ કરી સ્વેચ્છા પ્રમાણે વર્તે, તેથીજ હું કર્મ કરું છું અને તું પણ માટેજ કર્મ કર. ૨૩.

અવતરણિકાઃ—પોતે કર્મ ન કરે તો શી હાનિ થાય ?' તે ભગવાન્ કહે છેઃ

उत्सीदेयुरिमे लोका न कुर्यां कर्म चेदहम् ॥
संकरस्य च कर्ता स्यामुपहन्यामिमाः प्रजाः ॥२४॥

પદચ્છેદઃ—उत्सीदेयुः, इमे, लोकाः, न, कुर्याम्, कर्म, चेत्, अहम्, संकरस्य, च, कर्ता, स्याम्, उपहन्याम्, इमाः, प्रजाः.

વ્યુત્પત્તિસમાસાઃ—सम् सह क्रियन्ते भिन्नाः वर्णाः अस्मिन् वा संकृण्वन्ति इति संकरः, तस्य संकरस्य । करोतीति कर्ता ।

અન્વય અને અર્થઃ—અહમ્ હું, કર્મ (જગત્ની સૃષ્ટિ, સહારરૂપ અથવા બીજુ પણ)કર્મ, ન ન, કુર્યામ્ કરૂ ચેત્ તો, ઇમે આ, લોકા લોકો, ઉત્સીદેયુ (કર્મલોપથી) નાશ પામી જાય, ચ અને, સંકરસ્ય વર્ણસંકર પ્રજાનો, કર્તા કરનાર, સ્યામ્ હું થાઉં, (અને) ઇમા આ, પ્રજા પ્રજાઓને, ઉપહન્યામ્ હું હણનારો થાઉં

ભાવાર્થઃ—જો હું કર્મ ન કરૂ, તો આ લોકો પણ કર્મોનો ત્યાગ કરે અને તેમ જો કરે તો કર્મ લોપથી એ લોકો નાશ પામી જાય, અને તેથી પ્રજા વર્ણસંકર થતા તે વર્ણસંકર પ્રજાનો કરનારો હું થાઉં અને આ પ્રજાઓને હણનારો પણ હું થાઉં, અર્થાત્ તેથી જ હું કર્મ કરૂ છુ એમ તું માન અને તેમ સમજીને પણ કર્મ કરવામા તુ પ્રવૃત્ત થા ૨૪

અવતરણિકા—'આ પ્રમાણે આ જગચ્ચક્રના ચાલનમા પોતે તથા શ્રેષ્ઠ અને શિષ્ટવર્ગજ નિમિત્તભૂત છે' એમ કહીને હવે ભગવાન્ ઉપસંહાર કરે છે

सक्ताः कर्मण्यविद्वांसो यथा कुर्वंति भारत ॥
कुर्याद्विद्वांस्तथासक्तश्चिकीर्षुर्लोकसंग्रहम् ॥ २५ ॥

પદચ્છેદઃ—સક્તાઃ, કર્મણિ, અવિદ્વાંસઃ, યથા, કુર્વન્તિ, ભારત, કુર્યાત્, વિદ્વાન્, તથા, અસક્તઃ, ચિકીર્ષુઃ, લોકસંગ્રહમ્.

વ્યુત્પત્તિસમાસાઃ—વિદન્તીતિ વિદ્વાંસ, ન વિદ્વાંસ અવિદ્વાંસ । વેત્તીતિ વિદ્વાન્ । ન સક્ત અસક્ત । કર્તુમ ઇચ્છુ ચિકીર્ષુ । લોકસ્ય સંગ્રહ લોકસંગ્રહ, તમ્ લોકસંગ્રહમ્ ।

અન્વય અને અર્થઃ—ભારત હે ભારત ! અવિદ્વાંસ અજ્ઞ લોકો, યથા જેવી રીતે, કર્મણિ કર્મમા, સક્તા આસક્તિવાળા

થઇને, કુર્વન્તિ (કર્મ) કરે છે, તથા તેવી જ રીતે, લોકસંગ્રહમ્ લોક-શિક્ષણ-કલ્યાણ, चिकीर्षुः કરવા ઈચ્છનાર, વિદ્વાન્ સુજ્ઞ પુરુષ, असक्तः આસક્તિ ન રાખીને, कुर्यात् (કર્મ) કરે.

ભાવાર્થઃ—હે ભારત! અજ્ઞાન લોકો કર્મનાં ફલમાં આસક્તિવાળા થઇને એટલે ફલની ઈચ્છાથી જેવી રીતે કર્મ કરે છે, તેવી જ રીતે લોકને શિક્ષણ આપવાના એટલે તેમનું કલ્યાણ કરવાના ઉદ્દેશથી કર્મ કરવા ઈચ્છનાર સુજ્ઞપુરૂષે આસક્તિ ન રાખીને કર્મો કરવાં જોઈએ. ૨૫.

અવતરણિકાઃ—"કેવળ તત્ત્વજ્ઞાનના ઉપદેશથી જ લોકકલ્યાણ કાં ન કરવું, અને કર્મો જ કરવાથી લોકકલ્યાણ થાય તેમાં શો હેતુ છે?" એવા અર્જુનના પ્રશ્નના ઉત્તરમાં ભગવાન્ શ્રીકૃષ્ણ કહે છેઃ

न बुद्धिभेदं जनयेदज्ञानां कर्मसंगिनाम् ॥
जोषयेत्सर्वकर्माणि विद्वान्युक्तः समाचरन् ॥२६॥

પદચ્છેદઃ—न, बुद्धिभेदम्, जनयेत्, अज्ञानाम्, कर्मसङ्गिनाम्, जोषयेत्, सर्वकर्माणि, विद्वान्, युक्तः, समाचरन्.

વ્યુત્પત્તિસમાસાઃ—भिद्यते अनेन इति भेदः, बुद्धेः भेदः बुद्धिभेदः, तं बुद्धिभेदम्। न जानन्ति ते अज्ञाः, तेषाम् अज्ञानाम्। कर्मणि सङ्गः आसक्तिः अस्ति येषां ते कर्मसङ्गिनः, तेषाम् कर्मसङ्गिनाम्।

---

१ अज्ञानार्द्धबुद्ध्या सर्वं ब्रह्मेति यो वदेत्।
महानिरयजालेषु स तेन विनियोजितः॥

અજ્ઞાનીને અથવા અર્ધદગ્ધને કર્મનિષ્ઠા આપ્યા વિના "સર્વ બ્રહ્મ-આ અખણું બ્રહ્મ છે" એમ જે કહે તે તેને મહા નરકોમાં જોડી દે છે-ફેરી દે છે.

सर्वाणि च तानि कर्माणि च सर्वकर्माणि, तानि सर्वकर्माणि । वेत्तीति विद्वान् । सम्यक् आचरति इति समाचरन् ।

અન્વય અને અર્થઃ—विद्वान् જ્ઞાનવાન્ પુરુષ, युक्तः સાવધાન (થઈને), सर्वकर्माणि બધા વિહિત કર્મોને, समाचरन् આચરતો, कर्मसङ्गिनाम् કર્મમાં આસક્તિવાળા, अज्ञानाम् અજ્ઞાની લોકોના, बुद्धिभेदम् બુદ્ધિના ભેદને, न, जनयेत् ઉત્પન્ન કરે નહિ, (પણ) जोषयेत् (કર્મમા તેમને) પ્રીતિ ઉત્પન્ન કરાવે.

ભાવાર્થઃ—જ્ઞાની પુરૂષે સાવધાન મનવાળા થઈને બધાં વિહિત કર્મોનુ આચરણ કરવું, પણ પોતે જ્ઞાની હોવાથી તે નિમિત્તે કર્મમાં આસક્તિવાળા અજ્ઞાન લોકોની બુદ્ધિમાં ભેદ ઉત્પન્ન કરવો નહિ, એટલે સદા તેમને કર્મમાં–કર્મ કરવામાં પ્રીતિવાળા કરવા, અને તેમ નિષ્કામ કર્મ કરતાં તેઓ જ્ઞાન મેળવા શક્તિમાન્ થશે. ૨૬.

અવતરણિકાઃ—'અજ્ઞાન મનુષ્યો કર્મોમા કેવી રીતે આસક્ત થાય છે' તે કહે છે

प्रकृतेः क्रियमाणानि गुणैः कर्माणि सर्वशः ॥
अहंकारविमूढात्मा कर्ताहमिति मन्यते ॥ २७ ॥

પદચ્છેદઃ—प्रकृतेः, क्रियमाणानि, गुणैः, कर्माणि, सर्वशः, अहंकारविमूढात्मा, कर्ता, अहम्, इति, मन्यते.

વ્યુત્પત્તિસમાસાઃ—क्रियन्ते तानि क्रियमाणानि । अहं क्रियते अनेन इति अहंकारः, विशेषेण मूढ. विमूढ, अहंकारेण विमूढः आत्मा अंत करणं यस्य स अहंकारविमूढात्मा । करोतीति कर्ता ।

અન્વય અને અર્થઃ—કર્માણિ બધાં કર્મો, સર્વશઃ સર્વ રીતે, પ્રકૃતેઃ પ્રકૃતિના, ગુણૈઃ સત્ત્વ, રજ, તમ એ ગુણો વડે, ક્રિયમાણાનિ કરવામાં આવે છે, (અને તેથી) અહંકારવિમૂઢાત્મા અહંકારથી જ્ઞાનરહિત થયેલું છે અંતઃકરણ જેનું (એવો પુરુષ), અહમ્ હું, કર્તા (કર્મોનો) કરનાર છું, ઇતિ એ પ્રમાણે, મન્યતે માને છે.

ભાવાર્થઃ—બધાં કર્મો સત્ત્વ, રજ અને તમ એ પ્રકૃતિના ગુણો વડે કરાવવામાં આવે છે એટલે ગુણોને લીધેજ મનુષ્ય સર્વ કર્મ કરે છે, છતાં પણ અહંકારથી મૂઢ અંતઃકરણવાળો પુરુષ "કર્મોનો કરનાર હું જ છું." એ પ્રમાણે અભિમાનથી મિથ્યા માને છે અને તેને લીધે જ તે કર્મમાં આસક્ત થઇ બંધનને પામે છે. ૨૭.

तत्त्ववित्तु महाबाहो गुणकर्मविभागयोः ॥
गुणा गुणेषु वर्तंत इति मत्वा न सज्जते ॥ २८ ॥

પદચ્છેદઃ—तत्त्ववित्, तु, महाबाहो, गुणकर्मविभागयोः, गुणाः, गुणेषु, वर्तन्ते, इति, मत्वा, न, सज्जते.

વ્યુત્પત્તિસમાસાઃ—तत्त्वं वेत्तीति तत्त्ववित्। महान्तौ बाहू यस्य सः महाबाहुः, तत्संबुद्धौ महाबाहो। विविधः भागः विभागः, गुणाश्च कर्माणि च गुणकर्माणि, गुणकर्मणां विभागौ गुणकर्मविभागौ, तयोः गुणकर्मविभागयोः।

અન્વય અને અર્થઃ—तु પણ, महाबाहो હે મહાબાહુ અર્જુન! गुणकर्मविभागयोः ગુણ અને કર્મવિભાગના, तत्त्ववित्

તત્ત્વને જાણનાર પુરુષ, गुणाः गुणेषु–ઇન્દ્રિયો, ગુણેષુ ગુણોમાં–વિષયોમાં, वर्त्तन्ते પ્રવર્તે છે (પણ હું નહિ), इति એ પ્રમાણે, मत्वा માનીને, न, सज्जते (કર્મમાં) આસક્ત થતો નથી.

ભાવાર્થઃ—પણ હે અર્જુન ! ગુણ અને કર્મના વિભાગ એટલે ગુણ શું અને કર્મ શું ? એના તત્ત્વને જાણનાર જ્ઞાની પુરુષ, 'ઇન્દ્રિયો ઇન્દ્રિયોના વિષયોમાં પ્રવૃત્ત રહે છે, પણ આત્મા નહિ' એમ સમજી પોતે કર્મમાં આસક્ત થતો નથી અને 'હું કર્તા છું' એ પ્રમાણે કર્તાપણાનું અભિમાન પણ રાખતો નથી. ૨૮.

प्रकृतेर्गुणसंमूढाः सज्जंते गुणकर्मसु ॥
तानकृत्स्नविदो मंदान्कृत्स्नविन्न विचालयेत् ॥२९॥

પદચ્છેદઃ—प्रकृतेः, गुणसंमूढाः, सज्जन्ते, गुणकर्मसु, तान्, अकृत्स्नविदः, मन्दान्, कृत्स्नवित्, न, विचालयेत्.

વ્યુત્પત્તિસમાસાઃ—सम्यक् मूढाः संमूढाः, गुणैः सत्त्वादिभिः संमूढाः गुणसंमूढाः। गुणाश्च कर्माणि च गुणकर्माणि, तेषु गुणकर्मसु। न कृत्स्नम् अकृत्स्नम्, अकृत्स्नं विदन्ति ते अकृत्स्नविदः, तान् अकृत्स्नविदः। मन्दन्ते स्वपन्ति ते मन्दाः, तान् मंदान्। कृत्स्नं वेत्तीति कृत्स्नवित्। विशेषेण चालयेत् इति विचालयेत्।

અન્વય અને અર્થઃ—प्रकृतेः પ્રકૃતિ–માયાના, गुणसंमूढाः સત્ત્વાદિ ગુણોવડે મૂઢ થઈ ગએલા પુરુષો, गुणकर्मसु ઇન્દ્રિયો અને તેનાં કર્મોમાં, सज्जन्ते (અમે કરીએ છીએ એમ) આસક્ત થાય છે, (પરંતુ) अकृत्स्नविदः પુરેપુરું નહિ જાણનારા,

(તથા) मन्दान् મન્દબુદ્ધિવાળા, तान् તેમને, कृत्स्नवित् સંપૂર્ણ જ્ઞાનવાન્ મનુષ્ય, न, विचालयेत् ચલાયમાન કરે નહિ.

ભાવાર્થઃ—માયાના સત્ત્વ, રજ, તમ એ ગુણોવડે કર્તવ્યાકર્તવ્યમાં મૂઢ બુદ્ધિવાળા થએલા પુરુષો, ઇન્દ્રિયો અને ઇન્દ્રિયોનાં કર્મોમાં અહંભાવથી આસક્ત થાય છે, પરંતુ તેવા અપૂર્ણ જ્ઞાનવાળા તેમજ બુદ્ધિહીન પુરુષોને જ્ઞાની મનુષ્યે કર્મમાંથી ચલાયમાન કરવા જોઇએ નહિ. અર્થાત્ તેમને કર્મમાર્ગમાં પ્રવર્ત્તાવી ઉત્તરોત્તર નિષ્કામ કર્મથી યોગનિષ્ઠ થવાનો ઉપદેશ આપવો, પણ તેમને કર્મમાંથી ભ્રષ્ટ કરી તેમનો અધઃપાત કરવો નહિ. ૨૯.

અવતરણિકાઃ—'ત્યારે કર્મમાં અધિકારી એવા જ્ઞાનહીન મુમુક્ષુએ કેવી રીતે કર્મો કરવાં જોઇએ?' તે સંબંધમાં ભગવાન્ કહે છે.

मयि सर्वाणि कर्माणि संन्यस्याध्यात्मचेतसा ॥
निराशीर्निर्ममो भूत्वा युद्ध्यस्व विगतज्वरः ॥३०॥

પદચ્છેદઃ—मयि, सर्वाणि, कर्माणि, संन्यस्य, अध्यात्मचेतसा, निराशीः, निर्ममः, भूत्वा, युध्यस्व, विगतज्वरः.

વ્યુત્પત્તિસમાસાઃ—सम्यक् न्यस्य इति संन्यस्य । आत्मनि अधि इति अध्यात्मम्, चेतयते इति चेतः, अध्यात्मं च तत् चेनः इति अध्यात्मचेनः, तेन अध्यात्मचेतसा । आशास्ति आशासनम् अनया इति आशीः, निर्गता आशीःयस्मात् सः निराशीः । ममेदम् इति भावः ममः, निर्गतः ममः यस्मात् सः निर्ममः । विशेषेण गतः ज्वरः यस्य सः विगतज्वरः ।

અન્વય અને અર્થઃ—અધ્યાત્મચેતસા આત્મજ્ઞાન પ્રાપ્ત કરવાની વિવેકબુદ્ધિથી, મયિ મારામાં, સર્વાણિ બધાં, કર્માણિ કર્મોને, સંન્યસ્ય અર્પણ કરીને, નિરાશીઃ આશારહિત, (અને) નિર્મમઃ મમતારહિત, ભૂત્વા થઈને, વિગતજ્વરઃ શોક વિનાનો થયેલો, યુધ્યસ્વ તું યુદ્ધ કર.

ભાવાર્થઃ—આત્મજ્ઞાન પ્રાપ્ત કરવાની વિવેકબુદ્ધિથી મારામાં બધાં કર્મો અર્પણ કરીને આશારહિત અને મમતારહિત થઈને શોકવિનાનો બનીને તું યુદ્ધ કરવા માટે તૈયાર થા. અર્થાત્ તેજ પ્રમાણે દરેક મનુષ્યે સર્વ કર્મ ભગવાન્‌ને અર્પણ કરી મમત્વાદિ રહિત થઈ કર્મ કરવાં ૩૦.

અવતરણિકા—'એ પ્રમાણે કર્મનું અનુષ્ઠાન કરવાથી કેટલું શુભ પરિણામ આવે છે' તે ભગવાન્ જણાવે છે

ये मे मतमिदं नित्यमनुतिष्ठंति मानवाः ॥
श्रद्धावंतोऽनसूयंतो मुच्यंते तेऽपि कर्मभिः ॥ ३१ ॥

પદચ્છેદઃ—યે, મે, મતમ્, ઇદમ્, નિત્યમ્, અનુતિષ્ઠન્તિ, માનવાઃ, શ્રદ્ધાવન્તઃ, અનસૂયન્તઃ, મુચ્યન્તે, તે, અપિ, કર્મભિઃ.

વ્યુત્પત્તિસમાસાઃ—મનોઃ અપત્યાનિ પુમાંસઃ માનવાઃ । શ્રદ્ધા અસ્તિ યેષાં તે શ્રદ્ધાવન્તઃ । અસૂયન્તિ તે અસૂયન્તઃ, ન અસૂયન્તઃ અનસૂયન્તઃ ।

અન્વય અને અર્થઃ—યે જે, માનવાઃ મનુષ્યો, મે મારા, ઇદમ્ આ, મતમ્ મતને, નિત્યમ્ નિત્ય, અનુતિષ્ઠન્તિ પાલન કરે છે, તે તેઓ, અપિ પણ, શ્રદ્ધાવન્તઃ શ્રદ્ધાવાળા, અનસૂયન્તઃ

(તથા) અદેખાઈ રહિત થએલા, कर्मभिः પાપપુણ્યરૂપ કર્મોથી, मुच्यन्ते મુક્ત થાય છે.

ભાવાર્થઃ—જે મનુષ્યો મારા આ મતનું નિત્ય પાલન કરે છે, તે મનુષ્યો પણ શ્રદ્ધાવાળા અને ઈર્ષ્યારહિત થઈને પાપ પુણ્યરૂપ કર્મોથી મુક્ત થઈ જાય છે, એટલે કર્મના બંધનથી તેઓ બંધાતા નથી. ૩૧.

અવતરણિકાઃ—નિઃસંગ રહીને કર્મોનું અનુષ્ઠાન અવશ્ય કરવું જોઇએ, તેમાં જેઓ એ પ્રમાણે કર્મોનુ અનુષ્ઠાન કરે છે તેઓ તો શુભાશુભથી નિર્મુક્ત થઇ જાય છે, પણ જેઓ તે પ્રમાણે કર્માનુષ્ઠાન નથી કરતા તેમની શી ગતિ થાય છે? તે કહે છે

ये त्वेतदभ्यसूयंतो नानुतिष्ठंति मे मतम् ॥
सर्वज्ञानविमूढांस्तान्विद्धि नष्टानचेतसः ॥ ३२ ॥

પદચ્છેદઃ—ये, तु, एतत्, अभ्यसूयन्तः, न, अनुतिष्ठन्ति, मे, मतम्, सर्वज्ञानविमूढान्, तान्, विद्धि, नष्टान्, अचेतसः.

વ્યુત્પત્તિસમાસાઃ—अभितः सर्वत्र असूयन्तः इति अभ्यसूयन्त । सर्वस्य कर्मणः ज्ञानम् इति सर्वज्ञानम्, सर्वज्ञाने विमूढाः सर्वज्ञानविमूढाः, तान् सर्वज्ञानविमूढान् । न विद्यते चेतः येषां ते अचेतसः, तान् अचेतसः ।

અન્વય અને અર્થઃ—तु પણ, ये જેઓ, एतत् આ, मे મારા, मतम् મતની, अभ्यसूयन्त. ઈર્ષ્યા કરતા થકા, (એ મતને) न, अनुतिष्ठन्ति અનુસરતા નથી, तान् તેમને, सर्वज्ञानविमूढान् દરેક પ્રકારના જ્ઞાનમાં મૂઢ, अचेतसः અવિવેકી, (અને) नष्टान् દરેક પુરૂષાર્થમાંથી ભ્રષ્ટ થયેલા, विद्धि તું જાણ.

ભાવાર્થઃ—પણ જેઓ આ મારા મતની ઈર્ષ્યા કરે છે, અને એ મત પ્રમાણે વર્તન કરતા નથી તેમને દરેક પ્રકારના જ્ઞાનમાં અજ્ઞાનતાથી મૂઢ થએલા, અવિવેકી અને દરેક પુરૂષાર્થમાંથી પણ ભ્રષ્ટ થયેલા તું જાણ. ૩૨.

અવતરણિકાઃ—"અજ્ઞાનીઓ આપના મત પ્રમાણે શા કારણથી વર્તતા નથી?" અને અન્ય માર્ગોનો આશ્રય કરી આપનાથી પ્રતિકૂલ વર્તન કરતા કેમ બ્હીતા નથી?" એવી અર્જુનને ભ્રાંતિ થાય તો તે દૂર કરવા માટે ભગવાન્ કહે છે.

सदृशं चेष्टते स्वस्याः प्रकृतेर्ज्ञानवानपि ॥
प्रकृतिं यांति भूतानि निग्रहः किं करिष्यति ॥३३॥

પદચ્છેદઃ—सदृशम्, चेष्टते, स्वस्याः, प्रकृतेः, ज्ञानवान्, अपि, प्रकृतिम्, यान्ति, भूतानि, निग्रहः, किम्, करिष्यति.

વ્યુત્પત્તિસમાસાઃ—ज्ञानम् अस्य अस्तीति ज्ञानवान्। निगृह्यन्ते जनाः अनेन इति निग्रहः।

અન્વય અને અર્થઃ—ज्ञानवान् જ્ઞાની, अपि પણ, स्वस्याः પોતાની, प्रकृतेः પ્રકૃતિને, सदृशम् અનુસાર, चेष्टते વર્તન કરે છે, (કારણકે) भूतानि પ્રાણીઓ, प्रकृतिम् પોતાની

१ श्रद्धाहानिर्व्यथाहेया दुष्टचित्तत्वमूढते।
प्रकृतेर्वशवर्त्तित्व रागद्वेषौ च पुष्कलौ॥
परधर्मरुचित्वं चेत्युक्ता दुर्मार्गवाहकाः।

શ્રદ્ધાનો ત્યાગ, અસૂયા-દુષ્ટાઈ-ખીલતુ ખુશ ઈચ્છવું, દુષ્ટચિત્તપણું, મૂઢતા, પ્રકૃતિ વશ થવુ, બહુજ રાગ અને દ્વેષ તથા પરધર્મમાં પ્રીતિપણું—એ બધા ખોટા માર્ગે દોરનારા છે

(પોતાને અનુકૂલ વિષયમાં આસક્તિ) અને (પ્રતિકૂલ વિષયમા) દ્વેષ, વ્યવસ્થિતૌ રહેલા છે, (તેથી પુરૂષ) તયોઃ તે રાગ અને દ્વેષ બન્નેના, વશમ્ આધીનપણામાં, ન, આગચ્છેત્ ન આવે, હિ કારણ કે, તૌ તેઓ બન્ને, અસ્ય આ મુમુક્ષુ પુરૂષના, પરિપન્થિનૌ પ્રતિપક્ષીઓ-વિરોધીઓ છે.

ભાવાર્થઃ—એક ઇન્દ્રિયને બીજી ઇન્દ્રિયોના અથવા પોતાના પણ અનુકૂલ વિષયમાં આસક્તિ અને પ્રતિકૂલ વિષયમાં દ્વેષ સ્વાભાવિક જ રહેલ છે, પુરૂષે તેથી તે રાગ અને દ્વેષને આધીન કદી થવુ નહિ, કારણ કે તે બન્ને આ મુમુક્ષુ પુરૂષની પોતાની ઈષ્ટસિદ્ધિમાં વિરુદ્ધ ભાગ ભજવનારા છે એટલે મુમુક્ષુના માર્ગના કંટકરૂપ છે. ૩૪.

અવતરણિકાઃ—"રાગ અને દ્વેષથી ઉશ્કેરાયેલા મનવાળો શાસ્ત્રની હકીકતને પણ અન્યથા માને એ સંભવિત છે, અને તેથી બીજાએ આચરવા યોગ્ય ધર્મને પોતાનો ધર્મ માની લે તો તે ઘણુ અનુચિત છે" એમ ભગવાન્ શ્રીકૃષ્ણ કહે છે

***શ્રેયાન્સ્વધર્મો વિગુણઃ પરધર્માત્સ્વનુષ્ઠિતાત્ ॥**
સ્વધર્મે નિધનં શ્રેયઃ પરધર્મો ભયાવહઃ ॥ ૩૫ ॥

---

* આ શ્લોકમા સ્વધર્મ અને પરધર્મ વિશે જે વર્ણન છે, તે અર્જુનને પ્રસ્તુત ઉપદેશમા પોતાના ક્ષાત્રધર્મ તથા ગૃહસ્થધર્મનો ત્યાગ કરી ભિક્ષાદિ વૃત્તિવાળા યતિધર્મનો સ્વીકાર ન કરવા બાબતનુ છે પરધર્મનો દેખીતો અર્થ આપણામાના ઘણા લોકો પોતાના ધર્મમાથી વટલાઈને બીજા ધર્મમા જવું તે એમ સમજે છે જેમ સનાતન ધર્મી વટલાઇને મુસલમાન કે ક્રિશ્ચની બને એ અનર્થ ધર્મ નિંદ્ય છે તેમ બ્રાહ્મણ ક્ષત્રિય, વૈશ્યાદિ કોઈ પણ પોતપોતાના સ્વાભાવિક ધર્મથી વિરુદ્ધ વર્તે તો તે પણ વટલાઈ જવા જેટલુ જ ભયંકર અને અપ્રશસ્ત છે એમા શક નથી એટલે મનુષ્યોને સ્વધર્મમા રહેવા તરફ ધ્યાન દેવુ જોઈએ

પદચ્છેદઃ—શ્રેયાન્, સ્વધર્મઃ, વિગુણઃ, પરધર્માત્, સ્વનુષ્ઠિતાત્, સ્વધર્મે, નિધનં, શ્રેયઃ, પરધર્મઃ, ભયાવહઃ.

વ્યુત્પત્તિસમાસાઃ—અતિશયેન પ્રશસ્યઃ ઇતિ શ્રેયાન્ । સ્વસ્ય ધર્મઃ સ્વધર્મઃ । વિગતઃ ગુણઃ યસ્માત્ સઃ વિગુણઃ । પરસ્ય ધર્મઃ પરધર્મઃ, તસ્માત્ પરધર્માત્ । સુષ્ઠુ અનુષ્ઠિતઃ સ્વનુષ્ઠિતઃ, તસ્માત્ સ્વનુષ્ઠિતાત્ । નિર્ગતં પ્રાણરૂપિ ધનં યસ્માત્ તત્ નિધનમ્ । ભયમ્ આવહતીતિ ભયાવહઃ ।

અન્વય અને અર્થઃ—**સ્વનુષ્ઠિતાત્** સારી રીતે-સુખથી પાળી શકાય એવા, **પરધર્માત્** પારકાના ધર્મ કરતાં, **વિગુણઃ** ગુણ વિનાનો પણ, **સ્વધર્મઃ** પોતાનો ધર્મ, **શ્રેયાન્** અત્યંત કલ્યાણકારી છે, (કારણકે) સ્વધર્મે પોતાના ધર્મમાં (ચુસ્તપણે રહીને), **નિધનમ્** મરણ થાય તો પણ, **શ્રેયઃ** કલ્યાણકારક છે, (પણ) **પરધર્મઃ** પારકાનો ધર્મ, **ભયાવહઃ** ભય ઉત્પન્ન કરે તેવો છે.

ભાવાર્થઃ—સારીરીતે-સુખથી પાળી શકાય એવા પારકાના ધર્મ કરતાં ગુણરહિત એટલે આબરૂવાળો પણ પોતાનો ધર્મ અત્યંત કલ્યાણકારક છે, કારણ કે પોતાના ધર્મનું દૃઢ પણે પાલન કરતાં મરણ થાય તો તે પણ શુભ છે, પણ પારકાનો ધર્મ તો કેવળ ભયંકરજ છે એટલે પોતાને અધોગતિએ જ લઈ જનારો છે. અર્થાત્ તેથી તારે પણ તારા સ્વધર્મનું પરિપાલન કરી યુદ્ધ કરવું જ વધારે શ્રેયસ્કર છે. ૩૫.

અવતરણિકાઃ—"ધ્યાયતો વિષયાન્પુંસઃ" ત્યાંથી શરૂ કરીને "-ઽસ્ય પરિપન્થિનૌ" ત્યાં સુધીના ગ્રન્થ સુધી સંસારમાં અધ પતન કરાવનારા દુર્ગુણો ભગવાને વિસ્તાર પૂર્વક કહ્યા, પણ તે સર્વ વિભાગનો સાર

ત્રિસમા ભગવાનના મુખથી સાભળી લેવાની ઇચ્છા સાથે મનુષ્ય અનિચ્છા એ પણ કોની પ્રેરણાથી પાપ કરે છે?' તે જાણવાના હેતુથી અર્જુન ભગવાન્ શ્રીકૃષ્ણને આ પ્રમાણે પૂછે છે

अर्जुन उवाच । અર્જુન પૂછે છે –

अथ केन प्रयुक्तोऽयं पापं चरति पूरुषः ॥
अनिच्छन्नपि वार्ष्णेय बलादिव नियोजितः ॥ ३६ ॥

पदच्छेदः—अथ, केन, प्रयुक्तः, अयम्, पापम्, चरति, पूरुषः, अनिच्छन्, अपि, वार्ष्णेय, बलात्, इव, नियोजितः.

व्युत्पत्तिसमासाः—प्रकर्षेण युक्त प्रयुक्त । पान्ति अस्मात् आत्मान जना इति पापम्, तत्। इच्छतीति इच्छन्, न इच्छन् अनिच्छन्। वृष्णे अपत्य पुमान् वार्ष्णेय, तत्सबुद्धौ वार्ष्णेय। बलति जीवति जन येन तत् बलम्, तस्मात् बलात्। निश्चयेन योजित इति नियोजित ।

અન્વય અને અર્થ:—वार्ष्णेय હે વૃષ્ણિકુલોદ્ભવ શ્રીકૃષ્ણ! अनिच्छन् ઇચ્છતો ન હોવા છતા, अपि પણ, अथ પાછળથી, बलात् બળાત્કારથી, इव જાણે કે, नियोजित પ્રેરાયેલો હોય તેમ, अयम् આ, पूरुष પુરૂષ, केन કોનાવડે, प्रयुक्त જોડાએલો થકો, (પાપ પુણ્ય જાણતો હોવા છતા પણ) पापम् પાપનું, चरति આચરણ કરે છે ?

ભાવાર્થ:—હે વૃષ્ણિ–યાદવવશોત્પન્ન શ્રીકૃષ્ણ! પુરુષને પોતાની ઇચ્છા ન હોવા છતા, પણ પાછળથી બળાત્કારથી જાણે કે આ પુરુષ પ્રેરાયેલો હોય તેમ કોના વડે દોરાઇ જઇને પાપ-પુણ્ય જાણતો હોવા છતા પણ પાપનું આચરણ કરે છે ? અર્થાત્

એવી કોની પ્રેરણાથી એ પાપ કરવામાં પ્રવૃત્ત થાય છે તે આપ મને કહો. ૩૬.

અવતરણિકાઃ—"બધી અનર્થપરંપરાનું મૂળ અને મનુષ્યમાત્રના શત્રુ કામ અને ક્રોધ છે કે, જે સર્વને અવળે રસ્તે દોરે છે અને તેમનીપ્રેરણાથી જ મનુષ્યો પાપ કરે છે," તે ભગવાન્ અર્જુનના પ્રશ્નના પ્રત્યુત્તરરૂપે કહે છે

श्रीभगवानुवाच। શ્રીભગવાન્ કહે છેઃ—

काम एष क्रोध एष रजोगुणसमुद्भवः ॥
महाशनो महापाप्मा विद्ध्येनमिह वैरिणम् ॥ ३७॥

पदच्छेदः—कामः, एषः, क्रोधः, एषः, रजोगुणसमुद्भवः, महाशनः, महापाप्मा, विद्धि, एनम्, इह, वैरिणम्.

व्युत्पत्तिसमासाः—काम्यते अनेन इति कामः। क्रुध्यन्ते अनेन प्राणिनः इति क्रोधः। रजः एव गुणः रजोगुण', तस्मात् सम्यक् उद्भवः यस्य सः रजोगुणसमुद्भवः। महत् अशनं यस्य सः महाशनः। पापम् अस्य अस्तीति पाप्मा, महान् च असौ पाप्मा च महापाप्मा। वीरस्य भावः वैरम्, वैरम् अस्य अस्तीति वैरी, तम् वैरिणम्।

अन्वय अने अर्थः—एषः એ (અનર્થ કરનાર), कामः કામ જ છે, (અને) एषः એ, क्रोधः ક્રોધ (નિષ્ફળ થતાં ક્રોધરૂપે પરિણામ પામેલો કામ) જ છે, (અને તે) रजोगुणसमुद्भवः રજોગુણમાંથી ખાસ ઉત્પન્ન થયેલો છે, (એ) महाशनः ઘણાઓને પોતાના પાપમાં ફસાવવા રૂપી મહાન્ ખોરાકવાળો, (અને) महापाप्मा મહાન્ પાપ કરાવનારો છે, (માટે) एनम् એ કામ તથા ક્રોધને, इह આ લોકમાં (तुं) वैरिणम् (શત્રુ) विद्धि જાણ.

સંક્ષિપ્તમાં ભગવાન્‌ના મુખથી સાભળી લેવાની ઇચ્છા માથે 'મનુષ્ય અનિચ્છાએ પણ કોની પ્રેરણાથી પાપ કરે છે?' તે જાણવાના હેતુથી અર્જુન ભગવાન્ શ્રીકૃષ્ણને આ પ્રમાણે પૂછે છે.

अर्जुन उवाच । અર્જુન પૂછે છે:—

अथ केन प्रयुक्तोऽयं पापं चरति पूरुषः ॥
अनिच्छन्नपि वार्ष्णेय बलादिव नियोजितः ॥ ३६ ॥

पदच्छेदः—अथ, केन, प्रयुक्तः, अयम्, पापम्, चरति, पूरुषः, अनिच्छन्, अपि, वार्ष्णेय, बलात्, इव, नियोजितः.

व्युत्पत्तिसमासाः—प्रकर्षेण युक्तः प्रयुक्तः । पान्ति अस्मात् आत्मानं जना इति पापम्, तत्। इच्छतीति इच्छन्, न इच्छन् अनिच्छन्। वृष्णेः अपत्यं पुमान् वार्ष्णेयः, तत्संबुद्धौ वार्ष्णेय । बलति जीवति जनः येन तत् बलम्, तस्मात् बलात् । निश्चयेन योजितः इति नियोजितः ।

अन्वय अने अर्थः—वार्ष्णेय હે વૃષ્ણિકુલોદ્ભવ શ્રીકૃષ્ણ! अनिच्छन् ઇચ્છતો ન હોવા છતાં, अपि પણ, अथ પાછળથી, बलात् બળાત્કારથી, इव જાણે કે, नियोजितः પ્રેરાયેલો હોય તેમ, अयम् આ, पूरुषः પુરુષ, केन કોનાવડે, प्रयुक्तः જોડાએલો થકો, (પાપ પુણ્ય જાણતો હોવા છતાં પણ) पापम् પાપનું, चरति આચરણ કરે છે?

भावार्थः—હે વૃષ્ણિ—યાદવવંશોત્પન્ન શ્રીકૃષ્ણ! પુરુષને પોતાની ઇચ્છા ન હોવા છતાં, પણ પાછળથી બળાત્કારથી જાણે કે આ પુરુષ પ્રેરાયેલો હોય તેમ કોના વડે દોરાઇ જઇને પાપ-પુણ્ય જાણતો હોવા છતાં પણ પાપનું આચરણ કરે છે? અર્થાત્

એવી કોની પ્રેરણાથી એ પાપ કરવામાં પ્રવૃત્ત થાય છે તે આપ મને કહો. ૩૬.

અવતરણિકા:—"બધી અનર્થપરંપરાનું મૂળ અને મનુષ્યમાત્રના શત્રુ કામ અને ક્રોધ છે કે, જે સર્વને અવળે રસ્તે દોરે છે અને તેમની પ્રેરણાથી જ મનુષ્યો પાપ કરે છે," તે ભગવાન્ અર્જુનના પ્રશ્નના પ્રત્યુત્તરરૂપે કહે છે:

श्रीभगवानुवाच । શ્રીભગવાન્ કહે છે:—

काम एष क्रोध एष रजोगुणसमुद्भवः ॥
महाशनो महापाप्मा विद्ध्येनमिह वैरिणम् ॥ ३७॥

पदच्छेदः—कामः, एषः, क्रोधः, एषः, रजोगुणसमुद्भवः, महाशनः, महापाप्मा, विद्धि, एनम्, इह, वैरिणम्.

व्युत्पत्तिसमासाः—काम्यते अनेन इति कामः । क्रुध्यन्ते अनेन प्राणिनः इति क्रोधः । रजः एव गुणः रजोगुणः, तस्मात् सम्यक् उद्भवः यस्य सः रजोगुणसमुद्भवः । महत् अशनं यस्य सः महाशनः । पापम् अस्य अस्तीति पाप्मा, महान् च असौ पाप्मा च महापाप्मा । वीरस्य भावः वैरम्, वैरम् अस्य अस्तीति वैरी, तम् वैरिणम् ।

અન્વય અને અર્થ:—एषः એ (અનર્થ કરનાર), कामः કામ જ છે, (અને) एषः એ, क्रोधः ક્રોધ (નિષ્ફળ થતાં ક્રોધરૂપે પરિણામ પામેલો કામ) જ છે, (અને તે) रजोगुणसमुद्भवः રજોગુણમાંથી ખાસ ઉત્પન્ન થયેલો છે, (એ) महाशनः ઘણાઓને પોતાના પાપમાં ફસાવવા રૂપી મહાન્ ખોરાકવાળો, (અને) महापाप्मा મહાન્ પાપ કરાવનારો છે, (માટે) एनम् એ કામ તથા ક્રોધને, इह આ લોકમાં (તું) वैरिणम् (શત્રુ) विद्धि જાણ.

ભાવાર્થ—પુરૂષને પોતાની ઈચ્છા ન હોવા છતાં પણ પાપ તરફ દોરી જનાર એ કામ અને ક્રોધ (નિષ્ફળ થતાં ક્રોધ રૂપે પરિણામ પામેલો કામ) જ છે, તે રજોગુણમાંથી ઉત્પન્ન થયેલ છે, અને મહા આઉધરા તથા મોટા પાપી છે. એ કામને તથા ક્રોધને તું આ લોકમાં મોટા શત્રુ જાણ. અર્થાત્ કામ અને ક્રોધને વશ થવાથી જ મનુષ્યો પાપ કરે છે માટે પાપ કરવાની અનિચ્છાવાળાએ પ્રથમ તેમને વશ કરવા. ૩૭.

અવતરણિકાઃ—એ કામદેવ મનુષ્યનો કેવી રીતે શત્રુ છે તે વાત દૃષ્ટાન્તથી ભગવાન્ અર્જુનને સમજાવે છે

धूमेनाव्रियते वह्निर्यथादर्शो मलेन च ॥
यथोल्बेनावृतो गर्भस्तथा तेनेदमावृतम् ॥ ३८ ॥

પદચ્છેદઃ—धूमेन, आव्रियते, वह्निः, यथा, आदर्शः, मलेन, च, यथा, उल्बेन, आवृतः, गर्भः, तथा, तेन, इदम्, आवृतम्.

વ્યુત્પત્તિસમાસાઃ—आ समन्तात् व्रियते इति आव्रियते। वहति हव्यम् इति वह्निः। आ समन्तात् दर्शयतीति आदर्शः। आ समन्तात् वृतः इति आवृत.।

અન્વય અને અર્થઃ—यथा જેવી રીતે, धूमेन ધુમાડાવડે, वह्निः અગ્નિ, आव्रियते ઢંકાઈ જાય છે, च અને (જેવી રીતે), मलेन મેલવડે, आदर्शः અરીસો (છવાઈ જાય છે), (તેમ જ) यथा જેમ, उल्बेन ઓરવડે, गर्भः ગર્ભ, आवृतः ઢંકાયેલો રહે છે. तथा તેવી રીતે, तेन તે કામ તથા તે ક્રોધ વડે, इदम् આ બધું (જગત્), आवृतम् આચ્છાદિત થયેલું છે.

ભાવાર્થઃ—જેવી રીતે ધુમાડાવડે અગ્નિ ઢંકાઇ જાય છે અને મેલવડે અરીસો છવાઇ જાય છે, તેમ જ જેવી રીતે ઓરવડે ગર્ભ ઢંકાએલો રહે છે તેવી રીતે આ દુરાત્મા કામવડે તથા ક્રોધવડે બધું જગત્ અને પ્રાણિમાત્રનુ જ્ઞાન આચ્છાદિત થયેલું છે. અર્થાત્ તે કામ તથા ક્રોધથી જ જગત્ વ્યાપ્ત હોવાથી તેનુ જ્ઞાન નાશ પામેલું છે અને તેથી જ અજ્ઞાનતાને લીધે તે પાપ કરવા તરફ દોડે છે. ૩૮.

અવતરણિકા—ઉપરના શ્લોકમા 'इदम्' શબ્દ કહ્યો તે વડે જે અર્થનો બોધ થાય છે તેની સ્પષ્ટતા કરવા માટે તે કામની શત્રુતા વિશેષ પણે સ્ફુટ કરે છે

आवृतं ज्ञानमेतेन ज्ञानिनो नित्यवैरिणा ॥
कामरूपेण कौंतेय दुष्पूरेणानलेन च ॥ ३९ ॥

પદચ્છેદઃ—आवृतम्, ज्ञानम्, एतेन, ज्ञानिनः, नित्यवैरिणा, कामरूपेण, कौन्तेय, दुष्पूरेण, अनलेन, च.

વ્યુત્પત્તિસમાસાઃ—ज्ञायते अनेन इति ज्ञानम्, ज्ञानम् अस्य अस्तीति ज्ञानी, तस्य ज्ञानिन. । वैरम् अस्य अस्तीति वैरी, नित्यं श्चासौ वैरी च नित्यवैरी, तेन नित्यवैरिणा । काम कामना एव रूपं यस्य स कामरूप, तेन कामरूपेण । दृ तेन पूर्यते असौ दुष्पूरः, तेन दुष्पूरेण । न अस्य पर्याप्तिरस्येति अनल, तेन अनलेन ।

અન્વય અને અર્થઃ—कौन्तेय હે કૌન્તેય! ज्ञानिन જ્ઞાની પુરૂષના, नित्यवैरिणा નિત્ય શત્રુ જેવા, च તથા, दुष्पूरेण અત્યંત કષ્ટથી પણ ન તૃપ્ત થાય તેવા, एतेन એ, कामरूपेण કામરૂપી,

અનલેન અગ્નિવડે, (મનુષ્યોનું) જ્ઞાનમ્ જ્ઞાન, આવૃતમ્ ઢાકી દેવામાં આવ્યુ છે.

ભાવાર્થઃ—હે કૌન્તેય ! જ્ઞાની પુરુષના બાસ નિત્ય શત્રુ રૂપ એવા તેમ કષ્ટથી પણ જે તૃપ્તિ પમાડી શકાતો નથી તેવા એ કામરૂપી અગ્નિવડે જ્ઞાનીઓનુ જ્ઞાન બાધિત કરી દેવામા આવ્યુ છે અર્થાત્ તેથીજ મનુષ્યો જ્ઞાનરહિત હોવાથી ધર્મનો ત્યાગ કરી પાપ કરવા તરફ દોરાય છે ૩૯

અવતરણિકાઃ—શત્રુનુ બાસ આશ્રયભૂત સ્થાન જો જાણવામા આવ્યુ હોય તો તે જીતવો સહેલ થઈ પડે છે તેથી જ્ઞાનીઓનો એ કામરૂપી શત્રુ શરીરમા ક્યા રહેલો છે, અને તેને કેવી રીતે જીતવો તે બાબતમા બે શ્લોકથી ભગવાન્ કહે છે

इंद्रियाणि मनो बुद्धिरस्याधिष्ठानमुच्यते ॥
एतैर्विमोहयत्येष ज्ञानमावृत्य देहिनम् ॥ ४० ॥

પદચ્છેદઃ—इन्द्रियाणि, मनः, बुद्धिः, अस्य, अधिष्ठानम्, उच्यते, एतैः, विमोहयति, एषः, ज्ञानम्, आवृत्य, देहिनम्.

વ્યુત્પત્તિસમાસાઃ—अधिस्थीयते अस्मिन् इति अधिष्ठानम् । विशेषेण मोहयतीति विमोहयति। देह अस्य अस्तीति देही, तम् देहिनम्।

અન્વય અને અર્થઃ—इन्द्रियाणि જ્ઞાનેન્દ્રિયો અને કર્મેન્દ્રિયો, मनः સંકલ્પાત્મક મન, (અને) बुद्धि નિશ્ચયાત્મિકા બુદ્ધિ, (એ) अस्य આ કામરૂપી શત્રુનું, अधिष्ठानम् આશ્રય-સ્થાન, उच्यते કહેવાય છે, (અને તેથી) एष એ કામ, एतै એ ઇન્દ્રિયાદિકો વડે, (મનુષ્યોના) ज्ञानम् જ્ઞાનને, आवृत्य ઢાંકી દઈને,

દેહિનમ્ શરીરધારી જીવાત્માને, વિમોહયતિ અનેક પ્રકારે મોહ ઉત્પન્ન કરે છે.

ભાવાર્થઃ—શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ વિષયોને ગ્રહણ કરનારી શ્રોત્ર, ત્વક્, ચક્ષુ, જિહ્વા, અને નાસિકા એ પાંચ જ્ઞાનેન્દ્રિય તથા વાક્, પાણિ, પાદ, ગુદા અને જનનેન્દ્રિય એ પાંચ કર્મેન્દ્રિય મળી કુલ દશ ઇંદ્રિયો, સંકલ્પવિકલ્પાત્મક મન અને નિશ્ચયાત્મિકા બુદ્ધિ એ બધી વસ્તુઓ આ કામરૂપી શત્રુનો આશ્રય–રહેવાના સ્થાનરૂપ છે, એટલે એ ઇંદ્રિયાદિકોથી મનુષ્યોના સારાસારના વિવેકનું જ્ઞાન ઢાકી દઈને એ કામરૂપી શત્રુ, શરીરધારી જીવાત્માને અનેક પ્રકારે મોહ ઉત્પન્ન કરે છે અર્થાત્ એ પ્રમાણે મોહ ઉત્પન્ન કરી પાપાચરણમાં પ્રેરે છે અને તેથી જ મનુષ્યો ઇચ્છા ન હોવા છતાં પણ પાપ કરવામાં તત્પર થાય છે. ૪૦.

અવતરણિકા—અન્તમાં અર્જુનને પણ તે કામનો ત્યાગ કરવાનું ભગવાન્ સ્પષ્ટ કહે છે.

तस्मात्त्वमिंद्रियाण्यादौ नियम्य भरतर्षभ ॥
पाप्मानं प्रजहि ह्येनं ज्ञानविज्ञाननाशनम् ॥ ४१ ॥

પદચ્છેદઃ—તસ્માત્, ત્વમ્, ઇન્દ્રિયાણિ, આદૌ, નિયમ્ય, ભરતર્ષભ, પાપ્માનમ્, પ્રજહિ, હિ, એનમ્, જ્ઞાનવિજ્ઞાનનાશનમ્.

વ્યુત્પત્તિસમાસાઃ— ભરતાનામ્ ઋષભઃ ભરતર્ષભઃ, તત્સંબુદ્ધૌ ભરતર્ષભ। પાપમ્ અસ્ય અસ્તીતિ પાપ્મા, તમ્ પાપ્માનમ્। પ્રકર્ષેણ જહિ પ્રજહિ। વિશેષેણ જ્ઞાયતે અનેન ઇતિ વિજ્ઞાનમ્, જ્ઞાનં ચ વિજ્ઞાનં ચ જ્ઞાનવિજ્ઞાને, જ્ઞાનવિજ્ઞાને નાશયતીતિ જ્ઞાનવિજ્ઞાનનાશનઃ, તમ્ જ્ઞાનવિજ્ઞાનનાશનમ્।

અન્વય અને અર્થઃ—ભરતર્ષભ હે ભરતવંશમાં શ્રેષ્ઠ અર્જુન ! તસ્માત્ (કામ ઇંદ્રિયાદિકોમાં રહીને અનર્થ ઉત્પન્ન કરે છે) તેથી, ત્વમ્ તું, આદૌ પ્રથમ, ઇન્દ્રિયાણિ ઇંદ્રિયોને, નિયમ્ય નિયમમાં રાખીને, જ્ઞાનવિજ્ઞાનનાશનમ્ જ્ઞાન અને વિજ્ઞાનનો નાશ કરનાર, એનમ્ એ, પાપ્માનમ્ પાપાત્માનો, હિ અવશ્ય, પ્રજહિ ત્યાગ કર.

ભાવાર્થઃ—હે ભરતશ્રેષ્ઠ અર્જુન! કામ ઇંદ્રિય વિગેરેમાં રહીને અનેક પ્રકારના અનર્થની પરંપરા પેદા કરે છે તેથી તું પહેલાં તો ઇન્દ્રિયો (તેના રહેવાનાં સ્થાનો) ને નિયમમાં રાખીને જ્ઞાન અને વિજ્ઞાનનો નાશ કરનાર એ પાપાત્મા કામનો અવશ્ય રીતે ત્યાગ કર. અર્થાત્ એનો ત્યાગ કરવાથી જ તું તારી ઇષ્ટસિદ્ધિ પ્રાપ્ત કરવા સમર્થ થઈશ. ૪૧.

અવતરણિકાઃ—ઉપર ભગવાને ઇન્દ્રિયોને નિયમમાં રાખવાનું કહ્યું તો તે કેમ બની શકે ? તેને માટે એ ઇન્દ્રિયોને નિયમમાં રાખવાનું કર્તવ્ય પ્રસન્નતાથી તથા ચિત્તના એકાગ્રપણાથી બની શકે છે તે તેમ જ ઇંદ્રિયો ઇત્યાદિથી આત્મા ભિન્ન છે એમ સમજાવવા માટે તેના શુદ્ધ સ્વરૂપનું પૃથક્કરણ કરી બતાવતા ભગવાન્ કહે છે

[1]ઇંદ્રિયાણિ પરાણ્યાહુરિંદ્રિયેભ્યઃ પરં મનઃ ॥
મનસસ્તુ પરા બુદ્ધિર્યો બુદ્ધેઃ પરતસ્તુ સઃ ॥ ૪૨ ॥

---

૧ ઇન્દ્રિયેભ્ય. પરા હ્યર્થા અર્થેભ્યશ્ચ પરં મન । મનસસ્તુ પરા બુદ્ધિર્બુદ્ધેરાત્મા મહાન્પરઃ ॥ મહતઃ પરમવ્યક્તમવ્યક્તત્પુરુષ પરઃ । પુરુષાન્ન પરં કિંચિત્ સા કાષ્ઠા સા પરા ગતિઃ ॥ શ્રુતિ ॥

ઇંદ્રિયોથી તેના વિષયો શ્રેષ્ઠ, વિષયોથી મન શ્રેષ્ઠ, મનથી બુદ્ધિ શ્રેષ્ઠ, બુદ્ધિથી મહત્તત્ત્વરૂપ આત્મા-સમષ્ટિબુદ્ધિરૂપ હિરણ્યગર્ભ શ્રેષ્ઠ, તે મહત્તત્ત્વથી અવ્યક્ત-માયા શ્રેષ્ઠ, અને તે માયાથી પુરુષ-ઈશ્વર-બ્રહ્મ શ્રેષ્ઠ છે. એ ઉત્તમ પુરુષથી શ્રેષ્ઠ કંઈપણ નથી, એ જ સમાપ્તિ છે અને એ જ પરમ ગતિ છે

પદચ્છેદઃ—ઇન્દ્રિયાણિ, પરાણિ, આહુઃ, ઇન્દ્રિયેભ્યઃ, પરમ્, મનઃ, મનસઃ, તુ, પરા, બુદ્ધિઃ, યઃ, બુદ્ધેઃ, પરતઃ, તુ, સઃ.

વ્યુત્પત્તિસમાસાઃ—મન્યતે જ્ઞાયતે અનેન ઇતિ મનઃ । બુદ્ધ્યતે અનયા ઇતિ બુદ્ધિઃ । પરસ્માત્ ઇતિ પરતઃ ।

અન્વય અને અર્થઃ—(તત્ત્વજ્ઞાનીઓ) ઇન્દ્રિયાણિ જ્ઞાનેન્દ્રિયોને, પરાણિ (પંચભૂતાત્મક સ્થૂલ, જડ, બાહ્ય, દેહાદિકથી) શ્રેષ્ઠ આહુઃ કહે છે, (અને) ઇન્દ્રિયેભ્યઃ ઇન્દ્રિયોથી, મનઃ મન, પરમ્ શ્રેષ્ઠ (છે), મનસઃ મનથી, તુ પણ, બુદ્ધિઃ બુદ્ધિ, પરા શ્રેષ્ઠ (છે), (અને) યઃ જે, બુદ્ધેઃ બુદ્ધિથી, તુ પણ, પરતઃ શ્રેષ્ઠ (છે), સઃ તે (પરમાત્મા છે).

ભાવાર્થઃ—તત્ત્વજ્ઞાની લોકો જ્ઞાનેન્દ્રિયોને પંચભૂતાત્મક સ્થૂલ-જડ-શરીરથી શ્રેષ્ઠ કહે છે અને તે ઇન્દ્રિયોથી મન શ્રેષ્ઠ છે, મનથી પણ બુદ્ધિ શ્રેષ્ઠ છે, અને બુદ્ધિથી પણ જે શ્રેષ્ઠ છે તે તે પરમાત્મા-પરમબ્રહ્મ જ છે. અર્થાત્ આત્મા એ પ્રમાણે સર્વ ઇન્દ્રિયાદિકથી ભિન્ન શુદ્ધ સ્વરૂપે રહેલો છે એમ તું જાણ. ૪૨.

અવતરણિકાઃ—'આ પ્રમાણે આત્માને સમજી ઇન્દ્રિયાદિકોના સંયમપૂર્વક આત્મજ્ઞાન વડે કેવી રીતે કામનો જય થાય છે,' તે વાતનો ઉપસંહાર કરતા ભગવાન્ કહે છે

एवं बुद्धेः परं बुद्ध्वा संस्तभ्यात्मानमात्मना ॥
जहि शत्रुं महाबाहो कामरूपं दुरासदम् ॥ ४३ ॥

પદચ્છેદઃ—એવમ્, બુદ્ધેઃ, પરમ્, બુદ્ધ્વા, સંસ્તભ્ય, આત્માનમ્, આત્મના, જહિ, શત્રુમ્, મહાબાહો, કામરૂપમ્, દુરાસદમ્.

વ્યુત્પત્તિસમાસાઃ—સમ્યક્ સ્તમ્ભયિત્વા ઇતિ સંસ્તમ્ય। શાતયતિ ઇતિ શત્રુઃ, તમ્ શત્રુમ્। દુઃખેન આસાદિતું યોગ્યઃ દુરાસદઃ, તમ્ દુરાસદમ્, અથવા દુઃખેન આસાદઃ આસાદનં પ્રાપ્તિર્યસ્ય સ. દુરાસદઃ, તમ્ દુરાસદમ્।

અન્વય અને અર્થઃ—મહાબાહો હે મોટી ભુજવાળા અર્જુન! એવમ્ ઉપર કહેલી રીત પ્રમાણે, આત્માનમ્ આત્માને, બુદ્ધેઃ બુદ્ધિથી, પરમ્ શ્રેષ્ઠ, બુદ્ધ્વા જાણીને, આત્મના પોતાની જ સુસંસ્કૃત બુદ્ધિવડે, (તે મનરૂપી આત્માને) સંસ્તમ્ય નિયમમાં રાખીને, દુરાસદમ્ દુઃખથી પણ જેની ગતિ ન જાણી શકાય તેવા (એ), કામરૂપમ્ કામરૂપી, શત્રુમ્ શત્રુનો, જહિ તું ત્યાગ કર.

ભાવાર્થઃ—હે મહાબાહો! એ પ્રમાણે આત્માને બુદ્ધિથી શ્રેષ્ઠ જાણીને પોતાની જ સંસ્કારી બુદ્ધિવડે પોતાના મનને નિયમમાં રાખીને કષ્ટથી પણ જેની ગતિ ન જાણી શકાય તેવા એ કામરૂપી શત્રુનો તું ત્યાગ કર; અર્થાત્ આત્મસ્વરૂપમાં નિમગ્ન રહેવા માટે કામ જેવા પ્રબલ શત્રુને આધીન ન થતાં તેનો ત્યાગ કરી નિષ્કામ કર્મ કરવા યત્ન કર અને એ પ્રમાણે નિષ્કામ કર્મ કરતાં અન્તમાં ઇન્દ્રિયાદિકના સંયમદ્વારા આત્મ-સ્વરૂપ પ્રાપ્ત કરવા તું સમર્થ થઈશ અને તેથી અત્યારે પણ નિષ્કામ વૃત્તિથી તારું યુદ્ધરૂપી સ્વધર્મકૃત્ય કરવા તું તૈયાર થા. ૪૩.

ઇતિ શ્રીમદ્ભગવદ્ગીતાસૂપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં શ્રીકૃષ્ણાર્જુન-સંવાદે શ્રીકૃષ્ણકાર્ત્તિકપ્રણીતાયાં સાન્વયબોધિન્યાં-ગુર્જરટીકાયાં કર્મયોગો નામ તૃતીયોઽધ્યાયઃ



चतुर्थोऽध्यायः ।



અવતરણિકાઃ—બીજા અને ત્રીજા અધ્યાયવડે સાંખ્યપ્રતિપાદ્ય જ્ઞાનયોગ અને તેને પ્રાપ્ત કરવાના સાધનરૂપ નિષ્કામ કર્મયોગનું પણ વર્ણન કર્યું, જેમાં પ્રવૃત્તિ અને નિવૃત્તિ લક્ષણાત્મક વેદના અર્થનું તાત્પર્ય પણ આવી જાય છે, સંપૂર્ણગીતામાં પણ એજ યોગ કહેવાનો ભગવાનનો હેતુ છે અને તેથી તેના સારભૂત વેદાર્થના ઉપદેશની સંક્ષેપમાં સમાપ્તિ સમજીને તે યોગની પરંપરા ઉત્તરોત્તર ક્યાંથી ક્યાં સુધી આવી તે બતાવતાં કાળે કરી નષ્ટ થયેલા પ્રાચીન યોગનું રહસ્ય તું મારો ભક્ત છે એમ જાણીને તને કહ્યું છે, એમ યોગની પ્રશંસા કરતા ભગવાન્ શ્રીકૃષ્ણ કહે છેઃ

श्रीभगवानुवाच । શ્રીભગવાન્ કહે છેઃ—

इमं विवस्वते योगं प्रोक्तवानहमव्ययम् ॥
विवस्वान्मनवे प्राह मनुरिक्ष्वाकवेऽब्रवीत् ॥ १ ॥

પદચ્છેદઃ—इमम्, विवस्वते, योगम्, प्रोक्तवान्, अहम्, अव्ययम्, विवस्वान्, मनवे, प्राह, मनुः, इक्ष्वाकवे, अब्रवीत्.

વ્યુત્પત્તિસમાસાઃ—विवः तेजः अस्ति अस्य इति विवस्वान्, तस्मै विवस्वते । प्रकर्षेण उक्तवान् इति प्रोक्तवान् । न विद्यते व्ययः यस्य सः अव्ययः, तम् अव्ययम् । प्रकर्षेण आह इति प्राह ।

અન્વય અને અર્થઃ—(हे अर्जुन !) अहम् મેં, इमम् આ, अव्ययम् અવિનાશી, योगम् યોગ, विवस्वते વિવસ્વાન્

નામના મનુને, પ્રોક્તવાન્ કહ્યો, વિવસ્વાન્ વિવસ્વાન્ મનુએ, મનવે પોતાના પુત્ર શ્રાદ્ધદેવ નામના મનુને, પ્રાહ કહ્યો, (અને) મનુ તે મનુએ, ઇક્ષ્વાકવે પોતાના પુત્ર ઇક્ષ્વાકુને, અબ્રવીત્ કહ્યો

ભાવાર્થઃ—હે અર્જુન ! મેં આ અક્ષય્ય યોગ કે જે કદી નાશ પામતો નથી તે સર્ગની આદિમા જગત્નું રક્ષણ કરનારા ક્ષત્રિયોમાં બલનું આધાન કરવા માટે વિવસ્વાન્ નામના મનુને કહ્યો હતો અને તેણે પોતાના પુત્ર શ્રાદ્ધદેવ મનુને કહ્યો, અને તે શ્રાદ્ધદેવ મનુએ પોતાના પુત્ર ઇક્ષ્વાકુને કહ્યો ૧.

एवं परंपराप्राप्तमिमं राजर्षयो विदुः ॥
स कालेनेह महता योगो नष्टः परंतप ॥ २ ॥

પદચ્છેદઃ—एवम्, परंपराप्राप्तम्, इमम्, राजर्षयः, विदुः, सः, कालेन, इह, महता, योगः, नष्टः, परंतप.

વ્યુત્પત્તિસમાસાઃ—परस्मात् परस्मै दातु या प्रणाली सा परपरा, परपरया प्राप्त परपराप्राप्त, तम् परपराप्राप्तम् । राजन्ते इति राजान, ऋषन्ति जानन्ति ते ऋषय, राजानश्च ते ऋषयश्च राजर्षय । परं कामक्रोधादिरूप शत्रुगण शत्रु वा तापयतीति परंतप, तत्संबुद्धौ परतप ।

અન્વય અને અર્થઃ—एवम् એ પ્રમાણે, परंपराप्राप्तम् પરંપરાની પ્રણાલિકા પ્રમાણે ચાલતા આવેલા, इमम् આ યોગને, राजर्षयः રાજર્ષિઓ, विदुः જાણતા હતા, (પરંતુ) परंतप હે કામક્રોધાદિ શત્રુગણને તપાવનાર ! सः તે, योग.

યોગ, મહતા લાંબા, કાલેન વખત થવાને લીધે, ઇહ આ લોકમાં, નષ્ટઃ નાશ પામ્યા જેવો થઈ ગયો.

ભાવાર્થઃ—એ પ્રમાણે એક પછી બીજાને એમ ઉત્તરોત્તર પરંપરા પ્રમાણે ચાલતા આવેલા આ યોગને રાજર્ષિઓ જાણતા હતા, પરંતુ હે કામક્રોધાદિ શત્રુઓને અથવા શત્રુઓને તપાવનાર અર્જુન! ત્યાર પછી તે યોગ લાંબો વખત થવાને લીધે કાલવશાત્ આ લોકમાં છિન્નભિન્ન થઈ નાશ પામ્યા જેવો થઈ ગયો. અર્થાત્ હમણાં તે યોગને યથાસ્થિત જાણે તેવા કોઈપણ નથી. ૨.

અવતરણિકાઃ—'એ પ્રમાણે દુર્બોધ અને અતીન્દ્રિય પ્રજ્ઞાને પ્રાપ્ત થયેલો અને ઘણો સમય થવાથી જે યોગ નષ્ટ થઈ ગયો, તે જ યોગ તને અન્ય કહેનાર ન હોવાથી અને તું મારો ભક્ત હોવાથી મેં તને કહ્યો' તે ભગવાન્ કહે છેઃ

स एवायं मया तेऽद्य योगः प्रोक्तः पुरातनः ॥
भक्तोऽसि मे सखा चेति रहस्यं ह्येतदुत्तमम् ॥ ३ ॥

પદચ્છેદઃ—સઃ, એવ, અયમ્, મયા, તે, અદ્ય, યોગઃ, પ્રોક્તઃ, પુરાતનઃ, ભક્તઃ, અસિ, મે, સખા, ચ, ઇતિ, રહસ્યમ્, હિ, એતદ્, ઉત્તમમ્.

વ્યુત્પત્તિસમાસાઃ—યુજ્યતે અનેન ઇતિ યોગઃ। પ્રકર્ષેણ ઉક્તઃ પ્રોક્તઃ। પુરાભવઃ પુરાતનઃ। સમાનઃ ખ્યાયતે જનૈઃ ઇતિ સખા। રહસિ ભવમ્ રહસ્યમ્। અતિશયેન ઉત્કૃષ્ટમ્ ઇતિ ઉત્તમમ્।

અન્વય અને અર્થઃ—સઃ તે, એવ જ, અયમ્ આ, પુરાતનઃ જુના વખતનો ગુરુપરંપરાગત, યોગઃ યોગ, મયા મેં,

તે તને, (तुं) मे મારો, भक्तः ભક્ત, च અને, सखा મિત્ર, असि છે, इति એ હેતુથી જ, अद्य આજે, प्रोक्तः કહ્યો, एतद् એ (યોગ), हि ખરેખર, उत्तमम् સૌથી શ્રેષ્ઠ, रहस्यम्, ગુપ્ત જ્ઞાન (છે એમ तुं मान).

ભાવાર્થઃ—જુના વખતનો પરંપરાથી પ્રાપ્ત થયેલ તે જ આ યોગ મેં તને તું મારો ભક્ત અને મિત્ર છે, તેથી જ આજે કહ્યો અને એ યોગ તે સૌથી શ્રેષ્ઠ ગુપ્ત જ્ઞાન મેં તને કહ્યું છે. એમ तुं मान. ૩.

અવતરણિકાઃ—ભગવાન્ શ્રીકૃષ્ણને વસુદેવથી ઉત્પન્ન થયેલ અને મનુષ્ય તરીકે જાણી તેમને અનિત્ય, અને અસર્વજ્ઞ માનવા સાથે યોગની પરમ્પરામા પણ કદિક ઉપદેષ્ટા જણાતા અર્જુન શંકા કરે છે.

अर्जुन उवाच । અર્જુન પૂછે છે—

अपरं भवतो जन्म परं जन्म विवस्वतः ॥
कथमेतद्विजानीयां त्वमादौ प्रोक्तवानिति ॥ ४ ॥

પદચ્છેદઃ—अपरम्, भवतः, जन्म, परम्, जन्म, विवस्वतः, कथम्, एतत्, विजानीयाम्, त्वम्, आदौ, प्रोक्तवान्, इति.

વ્યુત્પત્તિસમાસાઃ—न परम् अपरम् । जायते इति जन्म । विशेषेण जानीयाम् इति विजानीयाम् । प्रकर्षेण उक्तवान् इति प्रोक्तवान् ।

અન્વય અને અર્થઃ—(હે શ્રીકૃષ્ણ !) विवस्वतः વિવસ્વાન્ મનુનો, जन्म જન્મ, परम् પહેલાંના સમયમા છે, (અને) भवतः આપનો, जन्म જન્મ, अपरम् હમણાં છે, (તો) त्वम्

આપે, આદૌ સૃષ્ટિની શરૂઆતમાં, એતત્ એ યોગ, (મનુને) પ્રોક્તવાન્ કહ્યો, ઇતિ એમ, કથમ્ કેવી રીતે, વિજાનીયામ્ હું જાણી શકું ?

ભાવાર્થઃ—હે શ્રીકૃષ્ણ ! વિવસ્વાન્ મનુનો જન્મ તો પ્રાચીન કાલમાં હતો, અને આપનો જન્મ તો અર્વાચીન કાલમાં થયેલો છે, તો પછી આપે સૃષ્ટિની શરૂઆતમાં એ યોગ મનુને કહ્યો એમ હું કેવી રીતે જાણું? અર્થાત્ એ ઉલટી પરંપરા મારા સમજવામાં આવતી નથી માટે આપ મને તે કહો. ૪.

અવતરણિકાઃ—એ પ્રમાણે અર્જુને ભગવાનને અસર્વજ્ઞ તથા અનિત્ય માનીને પ્રશ્ન કર્યો, તે બન્ને માન્યતાનો પરિહાર કરતા ભગવાન્ શ્રીકૃષ્ણ કહે છે.

શ્રીભગવાનુવાચ । શ્રીભગવાન્ કહેછેઃ—

बहूनि मे व्यतीतानि जन्मानि तव चार्जुन ॥
तान्यहं वेद सर्वाणि न त्वं वेत्थ परंतप ॥ ५ ॥

પદચ્છેદઃ—बहूनि, मे, व्यतीतानि, जन्मानि, तव, च, अर्जुन, तानि, अहं, वेद, सर्वाणि, न, त्वम्, वेत्थ, परंतप.

વ્યુત્પત્તિસમાસાઃ—विशेषेण अतीतानि गतानि इति व्यतीतानि ।

અન્વય અને અર્થઃ—અર્જુન હે અર્જુન ! મે મારા, ચ અને, તવ તારા, બહૂનિ ઘણા; જન્માનિ જન્મો, વ્યતીતાનિ વ્યતીત થઈ ગયા છે, (પરંતુ) તાનિ તે, સર્વાણિ બધાઓને, અહમ્ હું,વેદ જાણું છું, (પણ) પરંતપ હે પરંતપ ! ત્વમ્ તું, ન, વેત્થ જાણતો નથી.

ભાવાર્થઃ—હે અર્જુન! મારા અને તારાં અનેક જન્મ ચાલ્યા ગયા છે, તે બધાને હું જાણું છું, પણ હે પરંતપ! તું જાણતો નથી. અર્થાત્ તું જો મને હમણાં જન્મ ધારણ કરેલો અને અસર્વજ્ઞ માનતો હોય તો તારી ભૂલ છે એમ તું જાણ. ૫.

અવતરણિકાઃ—"આ પ્રમાણે પોતાનું સર્વજ્ઞત્વ બતાવી, આપ જ્યારે નિત્ય, સર્વજ્ઞ તથા ઈશ્વર છો ત્યારે આપને ધર્મ અને અધર્મ હોઇ શકે નહિ અને તો પછી આપનો જન્મ થવાનું શું કારણ છે?" એવી જો અર્જુનને શંકા થાય તો તેના સમાધાનમાં ભગવાન્ શ્રીકૃષ્ણ કહે છેઃ

अजोऽपि सन्नव्ययात्मा भूतानामीश्वरोऽपि सन् ॥
प्रकृतिं स्वामधिष्ठाय संभवाम्यात्ममायया ॥ ६ ॥

पदच्छेदः—अजः, अपि, सन्, अव्ययात्मा, भूतानाम्, ईश्वरः, अपि, सन्, प्रकृतिम्, स्वाम्, अधिष्ठाय, संभवामि, आत्ममायया.

व्युत्पत्तिसमासाः—न जायते इति अजः। न विद्यते व्ययः यस्य सः अव्ययः, अव्ययश्चासौ आत्मा च अव्ययात्मा। ईष्टे असौ ईश्वरः। आत्मनः माया आत्ममाया, तया आत्ममायया।

---

१ एतत्त्वया न विज्ञेय रूपवानिति दृश्यते।
इच्छन्मुहूर्त्ताद्भस्मेयमीशोऽहं जगतो गुरुः॥

હે નારદ! "રૂપવાન્ હોવાથી તમે જાણ્યો છો!" એમ તારે મારે માટે ન સમજવું, જો હું ઇચ્છું તો એક મુહૂર્તમાં જ લોપ—અદૃશ્ય થઈ શકું છું, કારણ હું ઈશ્વર-સમર્થ છું અને જગતનો ગુરુ છું.

माया ह्येषा मया सृष्टा यन्मां पश्यसि नारद।
सर्वभूतगुणैर्युक्तं न तु मां द्रष्टुमर्हसि॥

હે નારદ! આ જે મને તું જુએ છે તે પણ મારી માયા જ મેં સરજી છે, પરંતુ સર્વ ભૂતોના ગુણવાળો જે હું તેને જોવાને તું સમર્થ નથી. મહાભારતે॥

અન્વય અને અર્થઃ—અવ્યયાત્મા અવિનાશી, (અને) અજઃ અજન્મા, સન્ હોવા છતાં, અપિ પણ, (અને) ભૂતાનામ્ પ્રાણિમાત્રનો, ઈશ્વરઃ ઈશ્વર-શાસનકર્તા, સન્ હોવા છતાં, અપિ પણ, સ્વામ્ પોતાની, પ્રકૃતિમ્ ત્રિગુણાત્મિકા માયાને, અધિષ્ઠાય સ્વીકારીને, આત્મમાયયા મારી પોતાની માયા વડે, સંભવામિ હું ઉત્પન્ન થાઉં છું.

ભાવાર્થઃ—હું અવિનાશી અને જન્મરહિત હોવા છતાં અને પ્રાણિમાત્રનો ઈશ્વર છતાં, પણ મારી પોતાની ત્રિગુણાત્મિકા માયાને સ્વીકારીને પોતાની માયા વડે જ હું ઉત્પન્ન થાઉં છું. અર્થાત્ માયાનો સ્વીકાર કરી હું જન્મ ધારણ કરું છું. ૬.

અવતરણિકાઃ—એ પ્રમાણે ભગવાનનું વચન સાંભળી અર્જુનને કવચિત્ જાણવાની ઇચ્છા થાય કે, "આપ ઉત્પન્ન થાઓ છો, પરંતુ ક્યારે અને શા માટે આપની ઉત્પત્તિ થાય છે!" તો તેને માટે ભગવાન્ સ્વયં પોતાના આવિર્ભાવનો સમય બતાવતા કહે છેઃ

यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत ॥
अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम् ॥ ७ ॥

પદચ્છેદઃ—यदा, यदा, हि, धर्मस्य, ग्लानिः, भवति, भारत, अभ्युत्थानम्, अधर्मस्य, तदा, आत्मानम्, सृजामि, अहम्.

વ્યુત્પત્તિસમાસાઃ—ग्लायते अनया इति ग्लानिः । अभितः उत्थानम् इति अभ्युत्थानम् । न धर्मः अधर्मः, तस्य अधर्मस्य ।

---

१ सतो हि मायया जन्म जायते न तु तत्त्वतः ।
असतो मायया जन्म तत्त्वतो न हि युज्यते ॥

સત્નો જન્મ માયાવડે જ થાય છે પણ વાસ્તવપણે થતો નથી, તેમ જ અસત (જે છે જ નહિં તે) નો તો વન્ધ્યાપુત્રવત્ વાસ્તવ્યપણે જન્મ સંભવે જ નહિ.

અન્વય અને અર્થઃ—ભારત હે ભરતવંશમાં ઉત્પન્ન થએલા અર્જુન! યદા, યદા જ્યારે જ્યારે, ધર્મસ્ય ધર્મની, ગ્લાનિઃ હાનિ, (અને) અધર્મસ્ય અધર્મની, અભ્યુત્થાનમ્ સર્વ પ્રકારે ઉત્પત્તિ, ભવતિ થાય છે, તદા ત્યારે, અહમ્ હું, (મારા) આત્માનમ્ શરીરને, હિ ખરેખર, સૃજામિ સર્જું છું.

ભાવાર્થઃ—હે ભરતવંશમાં ઉત્પન્ન થએલા અર્જુન! જ્યારે જ્યારે ધર્મની હાનિ અને અધર્મની અભિવૃદ્ધિ થાય છે એટલે ધર્મનો નાશ થતો જાય છે અને અધર્મ વધતો જાય છે ત્યારે ત્યારે હું અવશ્ય શરીરને ઉત્પન્ન કરું છું અર્થાત્ જન્મ ધારણ કરું છું. ૭.

અવતરણિકાઃ—ઉપરના શ્લોકમાં ભગવાને પોતાના આવિર્ભાવનો સમય કહ્યો, પરંતુ કયા ખાસ હેતુથી ભગવાન્ પોતાનો આવિર્ભાવ કરે છે તે હવે કહે છેઃ

परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम् ॥
धर्मसंस्थापनार्थाय संभवामि युगे युगे ॥ ८ ॥

---

१ अनन्येनैव योगेन मां ध्यायन्त उपासते ।
तेषामहं समुद्धर्त्ता मृत्युसंसारसागरात् ॥

અનન્ય-એકાગ્રરૂપ યોગવડેજ મારું ધ્યાન કરતા જેઓ મારી ઉપાસના-ભક્તિ કરે છે તેમનો મૃત્યુરૂપ સંસારસમુદ્રમાંથી હું ઉદ્ધાર કર્ત્તા છું.

२ लालने ताडने मातुर्माकारुण्यं यथार्भके ।
तद्वदेव महेशस्य नियंतुर्गुणदोषयोः ॥

જેમ માતા પુત્રને રમાડતાં ખોટું-અરાબ કરતાં તાડન કરે-મારે તેથી માતાનું કરુણાળુપણું નથી એમ સમજવાનું નથી તેપ્રમાણે જ ઈશ્વર પોતાના સર્જેલા-ઓ જો દુષ્કર્મમાં પ્રવર્તે તો તેમને શિક્ષા કરે-મારે તો તેમાં તેનું કરુણાળુપણું નથી એમ સમજવું નહિ, કારણ કે તે ભગવાન ગુણ અને દોષના નિયંતા-નિયમમાં રાખનાર છે.

પદચ્છેદઃ—પરિત્રાણાય, સાધૂનામ્, વિનાશાય, ચ, દુષ્કૃતામ્, ધર્મસંસ્થાપનાર્થાય, સંભવામિ, યુગેયુગે.

વ્યુત્પત્તિસમાસાઃ—ત્રાયતે અનેન ઇતિ ત્રાણમ્, પરિતઃ ત્રાણમ્ ઇતિ પરિત્રાણમ્, તસ્મૈ પરિત્રાણાય। સાધ્નુવન્તિ પરકાર્યાણિ ઇતિ સાધવઃ, તેષામ્ સાધૂનામ્। વિશેષેણ નાશઃ વિનાશઃ, તસ્મૈ વિનાશાય। દુષ્ટં કુર્વન્તિ તે દુષ્કૃતઃ, તેષામ્ દુષ્કૃતામ્। ધારયતીતિ ધર્મઃ, સમ્યક્ સ્થાપનમ્ સંસ્થાપનમ્, અર્થ્યતે ઇતિ અર્થઃ, ધર્મસ્ય સંસ્થાપનમ્ ધર્મસંસ્થાપનમ્, ધર્મ-સંસ્થાપનમ્ એવ અર્થઃ ઇતિ ધર્મસંસ્થાપનાર્થઃ, તસ્મૈ ધર્મસંસ્થાપનાર્થાય।

અન્વય અને અર્થઃ—સાધૂનામ્ સત્પુરુષોના, પરિત્રાણાય રક્ષણને માટે, દુષ્કૃતામ્ દુરાચારીઓના, વિનાશાય વિનાશને માટે, ચ અને, ધર્મસંસ્થાપનાર્થાય ધર્મની સારી રીતે સ્થાપના કરવાના હેતુ માટે, યુગે, યુગે દરેક યુગમાં, સંભવામિ હું અવતાર ધારણ કરું છું.

ભાવાર્થઃ—સત્પુરુષોના રક્ષણને માટે, દુરાચારીઓના નાશને માટે તથા નાશ પામેલા ધર્મની સારી રીતે સ્થાપના કરવાના હેતુથી દરેક યુગમાં હું અવતાર ધારણ કરું છું. અર્થાત્ અધર્મથી પીડાતા જનોનો ઉદ્ધાર કરવા માટે હું અવતાર ધરું છું. ૮.

અવતરણિકાઃ—એ પ્રમાણે ઈશ્વરનાં જન્મ અને કર્મ જે જાણે છે તેને એવા જ્ઞાનથી શું ફલ મળે છે તે જણાવે છેઃ

जन्म कर्म च मे दिव्यमेवं यो वेत्ति तत्त्वतः ॥
त्यक्त्वा देहं पुनर्जन्म नैति मामेति सोऽर्जुन ॥ ९ ॥

पदच्छेदः—जन्म, कर्म, च, मे, दिव्यम्, एवम्, यः, वेत्ति, तत्त्वतः, त्यक्त्वा, देहम्, पुनर्जन्म, न, एति, माम्, एति, सः, अर्जुन.

व्युत्पत्तिसमासाः—दिवि भवं दिव्यम्, तत् । तत्त्वेन इति तत्त्वत. । दिह्यते उपचयं—वृद्धिं प्राप्नोति इति देहः । पुनश्च तत् जन्म च पुनर्जन्म, तत् ।

અન્વય અને અર્થઃ—અર્જુન હે અર્જુન ! एवम् એ પ્રમાણે, मे મારા, (એ) दिव्यम् દિવ્ય, जन्म જન્મ, च અને, कर्म કર્મને यः જે (પુરુષ), तत्त्वतः તત્ત્વથી, वेत्ति જાણે છે, सः તે, देहम् શરીરને, त्यक्त्वा છોડીને, पुनर्जन्म ફરીને જન્મ, न, एति પામતો નથી, (પણ) माम् મને, (જ) एति પ્રાપ્ત થાય છે,

ભાવાર્થઃ—હે અર્જુન ! એ પ્રમાણે મારાં દિવ્ય જન્મ અને કર્મને જે પુરુષ તત્ત્વથી–સત્ય રીતે જાણે છે, તે શરીર છુટયા પછી એટલે મરણ પછી ફરીને જન્મ પામતો નથી, પણ મને જ પ્રાપ્ત થાય છે, એટલે મારી પ્રાપ્તિરૂપ પરમ ગતિને પામે છે. ૯.

અવતરણિકાઃ—કદાચિત્ અર્જુન શંકા કરે કે "હે પ્રભો ! તો પણ આપની પ્રાપ્તિના સાધનરૂપ આપના જન્મકર્મને જાણનાર કેટલા હોઈ શકે ? અને તેમા કોઈ આપના સ્વરૂપને પામ્યા છે કે કેમ ?" તો તેને માટે ભગવાન કહે છે

वीतरागभयक्रोधा मन्मया मामुपाश्रिताः ॥
बहवो ज्ञानतपसा पूता मद्भावमागताः ॥ १० ॥

પદચ્છેદઃ—વીતરાગભયક્રોધાઃ, મન્મયાઃ, મામ્, ઉપાશ્રિતાઃ, બહવઃ, જ્ઞાનતપસા, પૂતાઃ, મદ્ભાવમ્, આગતાઃ.

વ્યુત્પત્તિસમાસાઃ—રાગશ્ચ ભયં ચ ક્રોધશ્ચ ઇતિ રાગભયક્રોધાઃ, વીતાઃ રાગભયક્રોધાઃ યેભ્યઃ તે વીતરાગભયક્રોધાઃ। અહમ્ એવ પ્રાચુર્યે યેષાં તે મન્મયાઃ। જ્ઞાનં ચ તપશ્ચ એતયોઃ સમાહારઃ જ્ઞાનતપઃ, તેન જ્ઞાનતપસા, અથવા જ્ઞાનમ્ એવ તપઃ ઇતિ જ્ઞાનતપઃ, તેન જ્ઞાનતપસા। મમ ભાવઃ મદ્ભાવઃ, તમ્ મદ્ભાવમ્।

અન્વય અને અર્થઃ—વીતરાગભયક્રોધાઃ વિષયોમાંથી આસક્તિ, ભય અને ક્રોધ જેમના વીતી ગયા છે, **મન્મયાઃ** મારામાં અનન્ય ચિત્તવાળા, (અને) **મામ્** મને જ, **ઉપાશ્રિતાઃ** આશ્રય માનીને રહેલા એવા, **બહવઃ** ઘણા પુરુષો, **જ્ઞાનતપસા** જ્ઞાનરૂપ તપ વડે, **પૂતાઃ** પવિત્ર થયેલા, **મદ્ભાવમ્** મારા ઈશ્વર ભાવને અર્થાત્ સાયુજ્ય મોક્ષને, **આગતાઃ** પામ્યા છે.

ભાવાર્થઃ—રાગ એટલે વિષયોમાં પ્રીતિ, પોતાના નાશનો ભય, તેમજ વિષયપ્રાપ્તિમાં વિઘ્ન કરનારાઓ તરફ મારવું, આક્રોશ કરવો ઇત્યાદિ રૂપી ક્રોધ એ બધાં જેઓમાંથી નીકળી ગયાં છે તેવા, જેઓ મારામાં અનન્ય ચિત્તવાળા અને મને જ આશ્રય માનીને રહેલા છે તથા જ્ઞાનરૂપી તપ વડે જે અત્યંત શુદ્ધ થએલા છે એવા ઘણા પુરુષો મારા ભાવને અર્થાત્ સાયુજ્ય મુક્તિને પામ્યા છે, કે જેઓને ફરી જન્મ મરણ રહેતાં નથી. ૧૦.

અવતરણિકાઃ—"અમુકને મોક્ષ આપવો અને અમુકને તેથી વંચિત રાખવો એ પરથી આપના પોતાનામાં પણ રાગદ્વેષ જણાઈ આવે છે." એવી અર્જુનની શંકાના નિવારણમાં ભગવાન્ શ્રીકૃષ્ણ કહે છેઃ

ये यथा मां प्रपद्यंते तांस्तथैव भजाम्यहम् ॥
मम वर्त्मानुवर्तंते मनुष्याः पार्थ सर्वशः ॥ ११ ॥

પદચ્છેદઃ—ये, यथा, माम्, प्रपद्यन्ते, तान्, तथा, एव, भजामि, अहम्, मम, वर्त्म, अनुवर्तन्ते, मनुष्याः, पार्थ, सर्वशः.

व्युत्पत्तिसमासाः—प्रकर्षेण पद्यन्ते इति प्रपद्यन्ते । अनुपश्चात् अनुसृत्य वर्तन्ते—गच्छन्ति इति अनुवर्तन्ते ।

અન્વય અને અર્થઃ—ये જેઓ, यथा જેવી રીતે, माम् મને, प्रपद्यन्ते શરણે આવે છે-ભજે છે, तान् તેમને, तथा તેવી રીતે, एव જ, अहम् હું, भजामि ભજું છું, पार्थ હે પાર્થ! मनुष्याः મનુષ્યો, मम મારા, वर्त्म માર્ગનું, सर्वशः સર્વ રીતે, अनुवर्तन्ते અનુકરણ કરે છે.

ભાવાર્થઃ—જે મનુષ્યો મને જેવી રીતે પ્રાપ્ત થાય છે તેવી રીતે જ હું તેઓને ભજું છુ એટલે તેમનાપર અનુગ્રહ કરી હું તેમને ઉત્તમ પ્રકારનું ફળ આપું છું, કેમકે હે પાર્થ! મનુષ્યો. મારા માર્ગનું જ બધી રીતે અનુકરણ કરે છે. ૧૧

અવતરણિકાઃ—"જો આપ ઈશ્વર અને રાગદ્વેષાદિથી રહિત છો, અને સર્વ પ્રાણીના ઉપર સમાન અનુગ્રહ કરવાની ઇચ્છાવાળા થઇ દરેક જાતનુ ફલ આપવાને સમર્થ છો, તો 'वासुदेव सर्वमिति-વાસુદેવમય આખું જગત્ છે' એવા જ્ઞાનવડે મુમુક્ષુમાત્ર આપનેજ શરણે કેમ આવતા નથી?" આવી અર્જુન ક્વચિત્ શંકા કરે તો તેના સમાધાનમાં ભગવાન્ શ્રીકૃષ્ણ કહે છે

कांक्षंतः कर्मणां सिद्धिं यजंत इह देवताः ॥
क्षिप्रं हि मानुषे लोके सिद्धिर्भवति कर्मजा ॥१२॥

पदच्छेदः—काङ्क्षन्तः, कर्मणाम्, सिद्धिम्, यजन्ते, इह, देवताः, क्षिप्रम्, हि, मानुषे, लोके, सिद्धिः, भवति, कर्मजा.

व्युत्पत्तिसमासाः—काङ्क्षन्तीति ते काङ्क्षन्तः । सिद्ध्यन्ति कार्याणि अनया इति सिद्धिः, ताम् सिद्धिम् । देवानां समूहा देवताः, ताः देवताः । मनुष्यस्य अयम् इति मानुषः, तस्मिन् मानुषे । कर्मणः जायते इति कर्मजा ।

અન્વય અને અર્થઃ—कर्मणाम् કર્મોની, सिद्धिम् સિદ્ધિને, काङ्क्षन्तः ઇચ્છતા, (જનો) इह આ લોકમાં, देवताः દેવતાઓનું, यजन्ते યજન કરે છે, हि કારણ કે, मानुषे મનુષ્યોના, लोके લોકમાં, कर्मजा કર્મજન્ય, सिद्धिः સિદ્ધિ, क्षिप्रम् તુરત જ, भवति થાય છે.

ભાવાર્થઃ—જે પુરુષો કર્મોની સિદ્ધિની આકાંક્ષાવાળા છે તે પુરુષો આ લોકમાં મારાથી ભિન્ન અન્ય દેવતાઓનું યજન કરે છે, કારણ કે મનુષ્યલોકમાં કર્મની સિદ્ધિ તુરત થાય છે. અર્થાત્ મનુષ્યો કર્મને અંગે જે જે ફલની ઇચ્છાથી જે જે દેવને ભજે છે તે તે દેવો તેમને તે તે ફલ તત્કાલ આપે છે. ૧૨.

અવતરણિકાઃ—" આપે કર્મની સિદ્ધિ મનુષ્યલોકમાં કહી તેનું શું કારણ ? અને તેમાં પણ તેને કરનાર કોણ છે ?" એવી શંકા અર્જુનને થતાં ભગવાન્ કહે છેઃ

चातुर्वर्ण्यं मया सृष्टं गुणकर्मविभागशः ॥
तस्य कर्तारमपि मां विद्ध्यकर्तारमव्ययम् ॥ १३ ॥

पदच्छेदः—चातुर्वर्ण्यम्, मया, सृष्टम्, गुणकर्मविभागशः, तस्य, कर्तारम्, अपि, माम्, विद्धि, अकर्तारम्, अव्ययम्.

व्युत्पत्तिसमासाः—चतुर्णां वर्णानां समूहः इति चातुर्वर्ण्यम्, वा चत्वारो वर्णा एव चातुर्वर्ण्यम् । गुणाश्च कर्माणि च गुणकर्माणि, तेषां विभागः गुणकर्मविभागः, तस्मात् गुणकर्मविभागशः । करोति इति कर्ता, न कर्ता अकर्ता, तम् अकर्तारम् । न विद्यते व्ययः यस्य सः अव्ययः, तम् अव्ययम् ।

અન્વય અને અર્થઃ—गुणकर्मविभागशः ગુણ અને કર્મના વિભાગ પ્રમાણે, मया મેં, चातुर्वर्ण्यम् (બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એ) ચાર વર્ણ, सृष्टम् સર્જ્યા છે, तस्य તેનો, कर्तारम् કર્તા, अपि છતાં પણ, अकर्तारम् અકર્તા, (અને) अव्ययम् અવિનાશી, (એવો) माम् મને, विद्धि તું જાણ.

ભાવાર્થઃ—ગુણ* અને કર્મના વિભાગ પ્રમાણે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એમ ચાર વર્ણો મેં સર્જ્યા છે અને તેનો હું કર્તા હોવા છતાં પણ મને અકર્તા અને અવિનાશી તું જાણ ૧૩.

* ગુણકર્મવિભાગનો એટલે રજોગુણમિશ્રિત સત્ત્વગુણપ્રધાન બ્રાહ્મણ અને શમદમાદિ તેના કર્મ, સત્ત્વગુણમિશ્રિત રજોગુણપ્રધાન ક્ષત્રિય અને પ્રજાનું રક્ષણ, શૌર્ય વગેરે તેનાં કર્મ, તમોગુણમિશ્રિત રજોગુણપ્રધાન વૈશ્ય અને કૃષિ, ગોરક્ષણ વગેરે તેનાં કર્મ તથા રજોગુણમિશ્રિત તમોગુણપ્રધાન શૂદ્ર અને ત્રિ-વર્ણની સેવા એ એનું કર્મ, એ પ્રમાણે ગુણ-કર્મના વિભાગથી બ્રાહ્મણાદિ વર્ણની ઉત્પત્તિ શાસ્ત્રમાં માનવામાં આવેલી છે.

અવતરણિકાઃ—"કર્મોનો મને આસ કર્તા માનવામાં આવે છે, છતાં પણ અકર્તા જાણવામાં શું કારણ છે ?" તે અર્જુન પ્રત્યે ભગવાન્ કહે છેઃ

न मां कर्माणि लिम्पन्ति न मे कर्मफले स्पृहा ॥
इति मां योऽभिजानाति कर्मभिर्न स बध्यते॥१४॥

पदच्छेदः—न, माम्, कर्माणि, लिम्पन्ति, न, मे, कर्मफले, स्पृहा, इति, माम्, यः, अभिजानाति, कर्मभिः, न, सः, बध्यते.

व्युत्पत्तिसमासाः—कर्मणां फलम् कर्मफलम्, तस्मिन् कर्मफले । अभितः जानाति इति अभिजानाति ।

અન્વય અને અર્થઃ—माम् મને, कर्माणि કર્મો, न, लिम्पन्ति લિપ્ત કરતાં નથી, (तेभ) मे મને, कर्मफले કર્મના ફલમાં, स्पृहा ઇચ્છા, न નથી, इति એ પ્રમાણે, यः જે, माम् મને, अभिजानाति સર્વથા જાણે છે, सः તે, कर्मभिः કર્મો વડે, न, बध्यते બંધાતો નથી.

ભાવાર્થઃ—'મને કર્મો લેપ કરતાં નથી એટલે હું કર્મમાં કહી પણ આસક્ત થતો નથી તેમજ મને કર્મનાં ફલોમાં ઇચ્છા પણ નથી,' એ પ્રમાણે જે મને સર્વ પ્રકારે જાણે છે તે કર્મો વડે બંધાતો નથી. અર્થાત્ મને કર્મોમાં નિર્લેપ સમજનારને પણ તેવું જ્ઞાન થતું હોવાથી તે તેમાં આસક્ત થતો નથી. ૧૪.

અવતરણિકાઃ—આ પ્રમાણે 'ઉપરોક્ત જ્ઞાનપૂર્વક કર્મ કરનારને સંસાર નથી' એમ મુમુક્ષુઓને દૃષ્ટાંતથી સમજાવી અર્જુનને પણ તે પ્રમાણે કર્મ કરવાની આજ્ઞા આપતાં ભગવાન્ કહે છેઃ

एवं ज्ञात्वा कृतं कर्म पूर्वैरपि मुमुक्षुभिः ॥
कुरु कर्मैव तस्मात्त्वं पूर्वैः पूर्वतरं कृतम् ॥ १५ ॥

પદચ્છેદઃ—एवम्, ज्ञात्वा, कृतम्, कर्म, पूर्वैः, अपि, मुमुक्षुभिः, कुरु, कर्म, एव, तस्मात्, त्वम्, पूर्वैः, पूर्वतरम्, कृतम्.

વ્યુત્પત્તિસમાસાઃ—आत्मानं मोक्तुं इच्छवः मुमुक्षवः, तैः मुमुक्षुभि । अतिशयेन पूर्वम् इति पूर्वतरम्, तत् ।

અન્વય અને અર્થઃ—एवम् (હું કર્તા નથી અને મને કર્મના ફલમાં સ્પૃહા નથી) એ પ્રમાણે, ज्ञात्वा જાણીને, पूर्वैः પહેલાંના, मुमुक्षुभिः મુમુક્ષુઓએ, अपि પણ, कर्म કર્મ, कृतम् કર્યું (હતું), तस्मात् તેથી, त्वम् તું, (પણ) पूर्वैः પહેલાંનાઓએ, पूर्वतरम् અત્યંત પહેલાં, कृतम् કરેલા, कर्म કર્મને, एव જ, कुरु કર.

ભાવાર્થઃ—"હું કર્તા નથી અને મને કર્મનાં ફલમાં સ્પૃહા નથી" એ પ્રમાણે જાણીને જ પૂર્વના મુમુક્ષુઓએ પણ કર્મ કર્યું હતું અને તેથી તું પણ તારા પૂર્વજોએ પહેલાંથી પહેલું જે કર્મનું આચરણ કર્યું છે તે કર્મનું જ આચરણ કર. અર્થાત્ તે પ્રમાણે અત્યારે તું યુદ્ધ કર અને સ્પૃહારહિત કરવામાં આવતા એ કર્મથી તને કંઈ પણ બંધન થવાનું નથી એમ તું માન. ૧૫.

અવતરણિકાઃ—"કર્મ કરવાં આવશ્યક છે, છતાં પણ એકને જોઈ બીજાએ કરવું એવી અંધપરંપરાથી કર્મો ન કરવાં," પરન્તુ कृत्वा कर्माणि सुर्वीत—જાણીને-સમજીને કર્મો કરવા" [illegible] કર્મના સંબંધમાં કંઈ વિશેષ જણાવવાની [illegible]

किं कर्म किमकर्मेति कवयोऽप्यत्र मोहिताः ॥
तत्ते कर्म प्रवक्ष्यामि यज्ज्ञात्वा मोक्ष्यसेऽशुभात् ॥१६॥

પદચ્છેદઃ—किम्, कर्म, किम्, अकर्म, इति, कवयः, अपि, अत्र, मोहिताः, तत्, ते, कर्म, प्रवक्ष्यामि, यत्, ज्ञात्वा, मोक्ष्यसे, अशुभात्.

વ્યુત્પત્તિસમાસાઃ—न कर्म अकर्म। कवन्ते इति कवय.। प्रकर्षेण वक्ष्यामि इति प्रवक्ष्यामि। न शुभम् अशुभम्, तस्मात् अशुभात्।

અન્વય અને અર્થઃ—किम् શું, कर्म કર્મ, (અને) किम् શું, अकर्म ન કરવા યોગ્ય છે, इति એ પ્રમાણે, कवय. બુદ્ધિમાન્ પુરુષો, अपि પણ, अत्र એ વિષયમાં, मोहिताः મુંઝાઈ ગએલા છે, तत् તેથી, ते તને, कर्म કર્મ અને અકર્મ, प्रवक्ष्यामि કહીશ કે, यत् જે, ज्ञात्वा જાણીને, अशुभात् અશુભ–દુઃખદ એવા સંસારથી, मोक्ष्यसे તું મુક્ત થઇશ.

ભાવાર્થઃ—'કર્મ એટલે શું કરવા યોગ્ય છે અને અકર્મ એટલે શું ન કરવા યોગ્ય છે,' એ પ્રમાણે એ વિષયમાં બુદ્ધિમાન્ પુરુષો પણ મુંઝાઇને નિર્ણય કરવા અસમર્થ થયા છે, તેથી કર્મ અને અકર્મનો શો નિર્ણય છે તે હું તને સારી રીતે કહીશ, કે જે જાણીને તું અશુભ એવા સંસારનાં બન્ધનોથી મુક્ત થઈશ. ૧૬.

અવતરણિકાઃ—"દેહાદિકના વ્યાપારરૂપ ક્રિયા તે કર્મ અને અવ્યાપારરૂપ ક્રિયા તે અકર્મ એ પ્રમાણે તું જાણીશ નહિ, પણ તેમા શુ જાણવુ જોઇએ તે સાભળ" એમ કહીને ભગવાન્ કહે છે

एवं ज्ञात्वा कृतं कर्म पूर्वैरपि मुमुक्षुभिः ॥
कुरु कर्मैव तस्मात्त्वं पूर्वैः पूर्वतरं कृतम् ॥ १५ ॥

पदच्छेदः—एवम्, ज्ञात्वा, कृतम्, कर्म, पूर्वैः, अपि, मुमुक्षुभिः, कुरु, कर्म, एव, तस्मात्, त्वम्, पूर्वैः, पूर्वतरम्, कृतम्.

व्युत्पत्तिसमासाः—आत्मानं मोक्तुं इच्छवः मुमुक्षवः, तैः मुमुक्षुभिः। अतिशयेन पूर्वम् इति पूर्वतरम्, तत्।

अन्वय अने अर्थः—एवम् (हुं कर्ता नथी अने मने कर्मनां फलमां स्पृहा नथी) એ પ્રમાણે, ज्ञात्वा જાણીને, पूर्वैः પહેલાંના, मुमुक्षुभिः મુમુક્ષુઓએ, अपि પણ, कर्म કર્મ, कृतम् કર્યું (હતું), तस्मात् તેથી, त्वम् તું, (પણ) पूर्वैः પહેલાંનાઓએ, पूर्वतरम् અત્યંત પહેલાં, कृतम् કરેલા, कर्म કર્મને, एव જ, कुरु કર.

भावार्थः—"હું કર્તા નથી અને મને કર્મનાં ફલમાં સ્પૃહા નથી" એ પ્રમાણે જાણીને જ પૂર્વના મુમુક્ષુઓએ પણ કર્મ કર્યું હતું અને તેથી તું પણ તારા પૂર્વજોએ પહેલાં પહેલું જે કર્મનું આચરણ કર્યું છે તે કર્મનું જ આચરણ કર. અર્થાત્ તે પ્રમાણે અત્યારે તું યુદ્ધ કર અને સ્પૃહારહિત કરવામાં આવતા એ કર્મથી તને કંઈ પણ બંધન થવાનું નથી એમ તું માન. ૧૫.

अवतरणिकाः—"કર્મ કરવાં આવશ્યક છે, છતાં પણ એકને જોઈ બીજાએ કરવું એવી અંધપરંપરાથી કર્મો ન કરવા," પણ "ज्ञात्वा कर्माणि कुर्वीत—જાણીને—સમજીને કર્મો કરવા" એ વચન પ્રમાણે કર્મના [illegible] જણાવવાની ઇચ્છાથી ભગવાન્ અર્જુનને કહે છે

किं कर्म किमकर्मेति कवयोऽप्यत्र मोहिताः ॥
तत्ते कर्म प्रवक्ष्यामि यज्ज्ञात्वा मोक्ष्यसेऽशुभात् ॥१६॥

પદચ્છેદઃ—किम्, कर्म, किम्, अकर्म, इति, कवयः, अपि, अत्र, मोहिताः, तत्, ते, कर्म, प्रवक्ष्यामि, यत्, ज्ञात्वा, मोक्ष्यसे, अशुभात्.

વ્યુત્પત્તિસમાસાઃ—न कर्म अकर्म। कवन्ते इति कवयः। प्रकर्षेण वक्ष्यामि इति प्रवक्ष्यामि। न शुभम् अशुभम्, तस्मात् अशुभात्।

અન્વય અને અર્થઃ—किम् શું, कर्म કર્મ, (અને) किम् શું, अकर्म ન કરવા યોગ્ય છે, इति એ પ્રમાણે, कवयः બુદ્ધિમાન્ પુરુષો, अपि પણ, अत्र એ વિષયમાં, मोहिताः મુંઝાઈ ગએલા છે, तत् તેથી, ते તને, कर्म કર્મ અને અકર્મ, प्रवक्ष्यामि કહીશ કે, यत् જે, ज्ञात्वा જાણીને, अशुभात् અશુભ-દુઃખદ એવા સંસારથી, मोक्ष्यसे તું મુક્ત થઈશ.

ભાવાર્થઃ—'કર્મ એટલે શું કરવા યોગ્ય છે અને અકર્મ એટલે શું ન કરવા યોગ્ય છે,' એ પ્રમાણે એ વિષયમાં બુદ્ધિમાન્ પુરુષો પણ મુંઝાઈને નિર્ણય કરવા અસમર્થ થયા છે, તેથી કર્મ અને અકર્મનો શો નિર્ણય છે તે હું તને સારી રીતે કહીશ, કે જે જાણીને તું અશુભ એવા સંસારનાં બન્ધનોથી મુક્ત થઈશ. ૧૬.

અવતરણિકાઃ—"દેહાદિકના વ્યાપારરૂપ ક્રિયા તે કર્મ અને અવ્યાપારરૂપ ક્રિયા તે અકર્મ એ પ્રમાણે તું જાણીશ નહિ, પણ તેમાં શું જાણવું જોઇએ તે સાંભળ" એમ જણાવતા ભગવાન્ કહે છેઃ

કર્મણો હ્યપિ બોદ્ધવ્યં બોદ્ધવ્યં ચ વિકર્મણઃ ॥
અકર્મણશ્ચ બોદ્ધવ્યં ગહના કર્મણો ગતિઃ ॥ ૧૭ ॥

પદચ્છેદઃ—કર્મણઃ, હિ, અપિ, બોદ્ધવ્યમ્, બોદ્ધવ્યમ્, ચ, વિકર્મણઃ, અકર્મણઃ, ચ, બોદ્ધવ્યમ્, ગહના, કર્મણઃ, ગતિઃ.

વ્યુત્પત્તિસમાસાઃ—બોધિતું યોગ્યમ્ બોદ્ધવ્યમ્ । વિગતં દૂરંગતં—શાસ્ત્રવિહિતાત્ નિષિદ્ધ કર્મ ઇતિ વિકર્મ, તસ્માત્ વિકર્મણઃ । ન કર્મ અકર્મ, તસ્માત્ અકર્મણ ।

અન્વય અને અર્થઃ—હિ કારણ કે, કર્મણઃ, કર્મનું તત્ત્વ, બોદ્ધવ્યમ્ જાણવા યોગ્ય છે, ચ અને, વિકર્મણઃ સકામકર્મનું તત્ત્વ, અપિ પણ, બોદ્ધવ્યમ્ જાણવા લાયક છે, ચ અને, અકર્મણઃ નિષ્કામકર્મનું તત્ત્વ, (પણ) બોદ્ધવ્યમ્ જાણવા લાયક છે, (કારણ કે) કર્મણઃ કર્મની, ગતિઃ ગતિ, ગહના ગહન છે.

---

૧ કર્માકર્મવિકર્મમર્મ સુધિયા બોદ્ધવ્યમેવાદિત ।
કર્મ સ્વાદ્વિધિપૂર્વકં તુ મનસા સર્વેન્દ્રિયવ્યાકૃતિઃ ॥
તદ્દ્વેધા સફલ ફલેન રહિત ત્વાદ્યં વિકર્મ સ્મૃત ।
યદ્યાદન્યદકર્મ શુદ્ધિકરણાન્નૈષ્કર્મ્યનામાગતમ્ ॥ ટિપ્પણિકાયામ્ ॥

બુદ્ધિમાન પુરુષે પ્રથમથી જ કર્મ, અકર્મ તથા વિકર્મનો મર્મ જાણવો જોઈએ. તેમા વિધિપૂર્વક યથાશાસ્ત્ર મનવડે જ્ઞાન અને કર્મ ઇંદ્રિયોનો વ્યાપાર-સ્નાન, સંધ્યાદિ નિત્ય નૈમિત્તિક કર્મ તે કર્મ કહેવાય છે તે સફલ-સકામ અને ફલરહિત-નિષ્કામ એમ બે પ્રકારનું છે તેમા આદિ-પહેલું-સકામ-ફલસહિત તે સ્વર્ગાદિ પ્રાપ્તિ માટેના સંકલ્પથી થતું હોવાથી બંધનરૂપ છે માટે તે વિકર્મ-વિનષ્ટ ફળવાળું-કહેવાય છે અને બીજું ફલરહિત-નિષ્કામ એટલે જેમા સંકલ્પ અદ્યાપિપર્યન્ત-સુધિથી છે પણ કામના-ફળની પ્રાપ્તિની બુદ્ધિ નથી એટલે જે બંધનકારક નથી તે અંતઃકરણની શુદ્ધિ કર્તા હોવાથી અકર્મ કહેવાય છે

ભાવાર્થઃ—કારણ કે કર્મ એટલે શું કરવા યોગ્ય છે એ કર્મનું તત્ત્વ પણ જાણવા યોગ્ય છે, અને વિકર્મ એટલે સકામ-ફળની ઇચ્છાથી કરેલા કર્મનું તત્ત્વ પણ જાણવા લાયક છે, તેમજ નિષ્કામ વૃત્તિથી કરેલા કર્મનું-અકર્મનું તત્ત્વ પણ જાણવા લાયક છે. એ પ્રમાણે એ કર્મની એટલે કર્મ, વિકર્મ અને અકર્મ એ ત્રણેની ગતિ ગહન-અકલિત-ન જાણી શકાય તેવી ગૂઢ છે. ૧૭.

અવતરણિકાઃ—ઉપર પ્રમાણે 'કર્મ, વિકર્મ તથા અકર્મનાં તત્ત્વ અવશ્ય જાણવા યોગ્ય છે,' એમ કહીને ભગવાન્ હવે તે તત્ત્વનો ઉપદેશ કરે છે-

कर्मण्यकर्म यः पश्येदकर्मणि च कर्म यः ॥
स बुद्धिमान्मनुष्येषु स युक्तः कृत्स्नकर्मकृत् ॥१८॥

પદચ્છેદઃ—कर्मणि, अकर्म, यः, पश्येत्, अकर्मणि, च, कर्म, यः, सः, बुद्धिमान्, मनुष्येषु, सः, युक्तः, कृत्स्नकर्मकृत्.

વ્યુત્પત્તિસમાસાઃ—क्रियते इति कर्म, तस्मिन् कर्मणि । न कर्म अकर्म, तस्मिन् अकर्मणि । बुद्धिः अस्य अस्तीति बुद्धिमान् । कृत्स्नं कर्म कृन्तति छिनत्तीति कृत्स्नकर्मकृत्, अथवा कृत्स्नं कर्म करोतीति कृत्स्नकर्मकृत् ।

અન્વય અને અર્થઃ—यः જે પુરુષ, कर्मणि કર્મમાં, अकर्म અકર્મ-કર્માભાવ-કાર્યકર્મને, पश्येत् જુએ, च અને, यः જે, अकर्मणि અકર્મ-કર્તા આત્માથી બધું તંત્ર ચાલે છે તેથી જેમ પ્રવૃત્તિમાં તેમજ નિવૃત્તિરૂપ કર્મના અભાવ-માં, कर्म કર્મને (જુએ છે,) सः તે, मनुष्येषु મનુષ્યોમાં, बुद्धिमान् બુદ્ધિમાન્, सः તે, युक्तः યોગી, (અને તેજ) कृत्स्नकर्मकृत् સર્વ કર્મો કરનાર અથવા સર્વ કર્મોનાં બન્ધનોને છેદનાર છે.

ભાવાર્થઃ—જે પુરુષ દેહના વ્યાપારાદિ કર્મમાં કર્તૃત્વાભિમાન ન રાખી કર્મનો અભાવ જુએ, અને જે પુરુષ કર્તા-આત્માથી બધું તંત્ર ચાલે છે તેથી જેમ પ્રવૃત્તિમાં તેમજ નિવૃત્તિ-કર્મના અભાવ-માં કર્મ જુએ છે તેજ મનુષ્યોમાં બુદ્ધિમાન્, તેજ યોગી અને તેજ બધાં કર્મોનો કરનાર અથવા કર્મોનાં બન્ધનોનો છેદનાર છે. અર્થાત્ જે કર્માકર્મનો વિવેક બરાબર સમજે છે તેજ સંસારનાં બંધન તોડી પરમ ગતિને પામી શકે છે. ૧૮.

અવતરણિકાઃ—'પરમાર્થ દૃષ્ટિવાળાઓ, કર્તાપણાના અભિમાનથી રહિત હોવાને લઈને કર્મથી લિપ્ત થતા નથી, અને તેમને જ 'પંડિત' એટલે જ્ઞાની કહેવામાં આવે છે,' તે વાત ભગવાન્ જણાવે છે

यस्य सर्वे समारंभाः कामसंकल्पवर्जिताः ॥
ज्ञानाग्निदग्धकर्माणं तमाहुः पण्डितं बुधाः ॥ १९ ॥

પદચ્છેદઃ—यस्य, सर्वे, समारंभाः, कामसंकल्पवर्जिताः, ज्ञानाग्निदग्धकर्माणम्, तम्, आहुः, पण्डितम्, बुधाः.

વ્યુત્પત્તિસમાસાઃ—समारभ्यन्ते इति समारंभाः । काम्यते इति कामः, सम्यक् कल्प्यते अनेन इति संकल्पः, कामश्च संकल्पश्च कामसंकल्पौ, ताभ्यां वर्जिताः इति कामसंकल्पवर्जिताः । ज्ञानम् एव अग्निः ज्ञानाग्निः, ज्ञानाग्निना दग्धानि कर्माणि यस्य सः ज्ञानाग्निदग्धकर्मा, तम् ज्ञानाग्निदग्धकर्माणम् । पण्डा ब्रह्माकारा अंतःकरणवृत्तिः—बुद्धिः यस्य सः पण्डितः, तम् पण्डितम् । बोधन्ति ते बुधाः ।

અન્વય અને અર્થઃ—यस्य જે પુરુષનાં, सर्वे બધાં, કર્મો, कामसंकल्पवर्जिताः કામ અને તેનાથી ઉત્પન્ન

થતાં કારણો તેમજ 'હું આ કરું છું' એવા સંકલ્પરૂપ અભિમાનથી રહિત હોય છે, तम् તેને, बुधाः બ્રહ્મને જાણનારાઓ, ज्ञानाग्नि-दग्धकर्माणम् જ્ઞાનરૂપી અગ્નિ વડે જેનાં શુભાશુભ લક્ષણવાળાં કર્મો ઈશ્વરાર્પણ બુદ્ધિ હોવાથી બળી ગયાં છે એવો, पण्डितम् તત્ત્વદર્શી પંડિત, आहुः કહે છે.

ભાવાર્થઃ—જે પુરુષનાં બધાં કર્મો, કામ, ફલની ઈચ્છા અને તેનાથી ઉત્પન્ન થતાં કારણો તથા 'હું આ કરું છું' એવા અભિમાનથી રહિત હોય છે, તથા જેનાં શુભાશુભ કર્મો બધાં જ્ઞાનરૂપી અગ્નિ વડે ઈશ્વરાર્પણ બુદ્ધિ હોવાથી બળી ગયાં છે, એટલે કે જે જ્ઞાની થયા પછી પણ માત્ર ઈશ્વરાર્પણ બુદ્ધિથીજ નિરપેક્ષ કર્મ કરે છે તેને જ બ્રહ્મજ્ઞાનીઓ તત્ત્વદર્શી પંડિત કહે છે.૧૯.

અવતરણિકાઃ—"જ્ઞાનરૂપી અગ્નિ વડે કર્મો ભસ્મીભૂત થઇ ગયા પછી એટલે નાશ પામ્યા પછી જ્ઞાનીનું જ્ઞાન પ્રાપ્ત થયા પછીનું કર્મ પણ અકર્મમાં ભળી જાય છે, અને જ્ઞાની નિર્લિપ્તજ મનાય છે," એ વાત દર્શાવતાં ભગવાન્ શ્રીકૃષ્ણ પ્રસ્તુતનો વિસ્તાર કરે છેઃ

त्यक्त्वा कर्मफलासङ्गं नित्यतृप्तो निराश्रयः ॥
कर्मण्यभिप्रवृत्तोऽपि नैव किंचित्करोति सः ॥ २० ॥

---

१ यमानभिज्ञाय सेवेन्द्रियमात्मतत्त्वमन्यत्रेत्यजेत्।
जिज्ञासायां संप्रवृत्तो नाद्रियेत्कर्मचोदनाम् ॥ स्मृतिः ॥

જાણવાની-જ્ઞાન પ્રાપ્ત કરવાની ઈચ્છામાં પ્રવૃત્ત થતાં આત્મામાં જ તત્પર થતી પુરુષે પ્રતિકૂલ થતોનું સેવન કરવું અને નિયમોનો સર્વથા ત્યાગ કરવો, તથા-કર્મ-સાધની પ્રેરણાઓનો આદર જ કરવો નહિ.

कौपीनयुगलं वासः कंथा शीतनिवारिणी।
पादुके चापि एतद्धि यतेरन्यन्न संग्रहः ॥

બે લંગોટી, એક વસ્ત્ર, શીત નિવારવા માટે ગોદડી અને બે પાદુકાઓ હોવી. પરંતુ આથી કોઈ વસ્તુનો સંગ્રહ કરવો નહિ.

પદચ્છેદઃ—ત્યક્ત્વા, કર્મફલાસઙ્ગમ્, નિત્યતૃપ્તઃ, નિરાશ્રયઃ, કર્મણિ, અભિપ્રવૃત્તઃ, અપિ, ન, એવ, કિંચિત્, કરોતિ, સઃ.

વ્યુત્પત્તિસમાસાઃ—આસજ્યન્તે પ્રાણિનઃ અનેન ઇતિ આસઙ્ગઃ, કર્મણા ફલમ્ ઇતિ કર્મફલમ્, કર્મફલે આસઙ્ગઃ ઇતિ કર્મફલાસંગઃ, તમ્ કર્મફલાસંગમ્ । નિત્યેન નિજાનન્દેન તૃપ્તઃ ઇતિ નિત્યતૃપ્તઃ । નિર્ગતઃ આશ્રય. યસ્ય સઃ નિરાશ્રયઃ । અભિતઃ પ્રવૃત્તઃ ઇતિ અભિપ્રવૃત્તઃ ।

અન્વય અને અર્થઃ—કર્મફલાસઙ્ગમ્ કર્મનાં ફલોની આસક્તિને, ત્યક્ત્વા છોડીને, નિત્યતૃપ્તઃ પોતાના નિત્ય આનંદથી સદા સંતુષ્ટ, નિરાશ્રયઃ યોગ અને ક્ષેમને માટે કોઈ પણ આશ્રયની ઇચ્છા ન રાખનારો, સઃ. તે પુરુષ,કર્મણિ સ્વાભાવિક વિહિત કર્મોમાં, અભિપ્રવૃત્તઃ પ્રવૃત્ત હોય, અપિ છતાં પણ, કિંચિત્ કંઈ, એવ પણ, ન, કરોતિ કરતો નથી.

ભાવાર્થઃ—જે પુરુષ કર્મોનાં ફલોમાં આસક્તિ છોડી દઈને પોતાના નિત્ય એવા બ્રહ્મના આનંદથી જ સદા સંતુષ્ટ રહે છે અને યોગક્ષેમને માટે કોઈનો પણ આશ્રય કરતો નથી તે પુરુષ સ્વાભાવિક રીતે શાસ્ત્રોક્ત કર્મમાં પ્રવૃત્ત થતો હોવા છતાં પણ કંઇ કરતો નથી. અર્થાત્ તે કર્મ કરવા છતાં પણ નિષ્કામવૃત્તિથી કરતો હોવાથી તે કર્મનાં બન્ધનથી લેપાતો નથી. ૨૦.

અવતરણિકાઃ—"એ રીતે કર્મ કરવું એ ગૌણ છે, અને અકર્મ છે એમ જાણીને કર્મ ન કરવા એજ શ્રેષ્ઠ છે" એવી વખતે શંકા થાય દૂર કરવાના હેતુથી ભગવાન્ શ્રીકૃષ્ણ 'કર્મ કરવા છતા પણ બંધનકારક તે માર્ગનું દર્શન કરાવતા કહે છે

निराशीर्यतचित्तात्मा त्यक्तसर्वपरिग्रहः ॥
शारीरं केवलं कर्म कुर्वन्नाप्नोति किल्बिषम् ॥२१॥

પદચ્છેદઃ—निराशीः, यतचित्तात्मा, त्यक्तसर्वपरिग्रहः, रीरम्, केवलम्, कर्म, कुर्वन्, न, आप्नोति, किल्बिषम्.

વ્યુત્પત્તિસમાસાઃ—निर्गताः आशिषः कामनाः यस्मात् सः राशीः । चित्तं च आत्मा च चित्तात्मानौ, यतौ चित्तात्मानौ यस्य यतचित्तात्मा। सर्वे च ते परिग्रहाश्च सर्वपरिग्रहाः, त्यक्ताः सर्वपरिग्रहाः येन सः त्यक्तसर्वपरिग्रहः । शरीरस्य इदम् शारीरम्, तत् ।

અન્વય અને અર્થઃ—निराशीः બધી કામનાઓથી રહિત, यतचित्तात्मा ચિત્ત અને શરીર જેના વશમાં છે તેવો, અને) त्यक्तसर्वपरिग्रहः સઘળી જાતનો સંગ્રહ જેણે છોડી દીધો.) તેવો (પુરુષ), केवलम् કેવળ, शारीरम् શરીરનિર્વૃત્યર્થ, કર્મ ર્મ, कुर्वन् કરતો થકો, किल्बिषम् સંસારના ક્લેશરૂપી પાપને, ન, आप्नोति પામતો નથી.

ભાવાર્થઃ—સર્વ જાતની કામનાઓથી રહિત, ચિત્ત તથા શરીર જેના વશમાં છે તથા બધી જાતનો સંગ્રહ જેણે છોડી દીધો છે એવો પુરૂષ શરીરનિર્વૃત્તિને માટે જે આવશ્યક કર્મો કરે છે, તેનાથી તે સંસારના ક્લેશોને પામતો નથી. અર્થાત્ વર્ણાશ્રમધર્મ પ્રમાણે આવશ્યક કર્મ નિષ્કામ વૃત્તિથી મરણ પર્યંત કરવામાં

---

१ मधु मांसं च मद्यं च तांबूलं तैलमौषधम् ।
त्याज्यान्यस्तौ यतेर्दूरात्तथा कान्ता च काञ्चनम् ॥

મધ માંસ, મદ્ય-દારૂ, તાંબૂલ, તેલ, ઔષધ-દવા, સ્ત્રી અને સોનું-ધન એ આઠ વસ્તુઓ યતિએ દૂરથી જ ત્યાગવાની છે.

આવે તો પણ તેનો કર્તા નિર્લેપ તથા નિર્વિકારી રહે છે અને પરમાર્થમાં પાપપુણ્યથી રહિત થઈ પરમ ગતિને પામે છે. ૨૧.

અવતરણિકા:—"જેણે સર્વ સંગ્રહ છોડી દીધો છે તેવાથી કુટુંબનું ભરણપોષણ કરવા માટેની ચિત્તની વ્યગ્રતાથી, ધનથી જ સાધ્ય થઈ શકે તેવાં અગ્નિહોત્રાદિક કર્મો કેવી રીતે થઈ શકે?" એવી અર્જુનની શંકાના સમાધાનમાં ભગવાન્ કહે છે

यदृच्छालाभसंतुष्टो द्वन्द्वातीतो विमत्सरः ॥
समः सिद्धावसिद्धौ च कृत्वापि न निबध्यते ॥२२॥

पदच्छेदः—यदृच्छालाभसंतुष्टः, द्वन्द्वातीतः, विमत्सरः, समः, सिद्धौ, असिद्धौ, च, कृत्वा, अपि, न, निबध्यते.

व्युत्पत्तिसमासाः—यावती इच्छा इति यदृच्छा, अथवा इच्छां विनैव येन केनचिदपि प्रेरिता भोगाप्तिः यदृच्छा, लभ्यते इति लाभः, यदृच्छया लाभः यदृच्छालाभः, तेन संतुष्टः इति यदृच्छालाभसंतुष्टः । द्वन्द्वानि क्षुत्पिपासाशीतोष्णवर्षादानि, तैः अतीतः—अतिक्रान्तः इति द्वन्द्वातीतः । विगतः मत्सरः यस्मात् सः विमत्सरः । न सिद्धिः असिद्धिः, तस्याम् असिद्धौ ।

અન્વય અને અર્થ:—यदृच्छालाभसंतुष्टः અનાયાસે જે લાભ થાય તેથી સંતુષ્ટ, द्वन्द्वातीतः ટાઢ, તડકો, હર્ષ, શોક, ઈત્યાદિની અસરથી રહિત, विमत्सरः ઈર્ષા વિનાનો, (અને) सिद्धौ સિદ્ધિમાં, च અને, असिद्धौ અસિદ્ધિમાં, समः સમાન હોય, (તેવો પુરુષ) कृत्वा કર્મ કરીને, अपि પણ, (તેમાં) न, निबध्यते બંધાતો નથી.

ભા: [illegible] જે કાંઈ મળે તેથી સંતુષ્ટ, હર્ષ-શોક વગે[illegible] ઈર્ષ્યા વિનાનો તેમજ કાર્યની

પરિપૂર્ણતા કે અપૂર્ણતામાં હર્ષશોકરહિત–સમાનદૃષ્ટિવાળો હોય તેવો પુરુષ કર્મો કરીને પણ બંધનમાં આવતો નથી. અર્થાત્ તે કર્મના ફલમાં તદ્દન નિરપેક્ષ હોવાથી કર્મ તેને બંધનકારક થતાં નથી. ૨૨.

અવતરણિકાઃ—"त्यक्त्वा कर्मफलासङ्गम्" ઇત્યાદિ ત્રણ શ્લોકથી "અહંભાવિત્ કર્મ કરતો હોવા છતાં પણ અહંભાવથી વિમુક્ત અને નિરપેક્ષ કર્મ કરતો હોવાથી તે કર્મ કરતો નથી, અને તેથી તેને કંઈ કર્મનાં બંધનો બાંધ કરતાં નથી." એમ કહેવામાં આવ્યું, તો શું તે જ્ઞાનવડે કર્મોની ફલ આપવાની શક્તિ છે તેનો અટકાવ કરે છે ? અથવા તો પરંપરાથી ચાલતા આવેલા કર્મનો તદ્દન ઉચ્છેદ કરે છે ! એ બેમાંના કયા આચરણથી કર્મબંધ થતો નથી!" એવી અર્જુનની શંકાના નિવારણમાં પ્રથમ કારણથી મુક્ત થયેલાની ફરીને સંસારમાં પ્રવૃત્તિ થાય એ સહજ છે, એમ સમજીને બીજા કારણનું ભગવાન્ સમાધાન કરે છેઃ

गतसंगस्य मुक्तस्य ज्ञानावस्थितचेतसः ॥
यज्ञायाचरतः कर्म समग्रं प्रविलीयते ॥ २३ ॥

પદચ્છેદઃ—गतसङ्गस्य, मुक्तस्य, ज्ञानावस्थितचेतसः, यज्ञाय, आचरतः, कर्म, समग्रम्, प्रविलीयते.

વ્યુત્પત્તિસમાસાઃ—गतः संगः यस्य सः गतसंगः, तस्य गतसंगस्य। ज्ञायते परमं ब्रह्म अनेन इति ज्ञानम्, ज्ञानेन अवस्थितं चेतः यस्य सः ज्ञानावस्थितचेताः, तस्य ज्ञानावस्थितचेतसः। ईज्यते पूज्यते सर्वैरमीश्वरः अनेन इति यज्ञः, तस्मै यज्ञाय। आ समन्तात् चरतीति आचरन्, तस्य आचरतः। क्रियते इति कर्म। प्रकर्षेण विलीयते इति प्रविलीयते।

અન્વય અને અર્થઃ—**गतसङ्गस्य** રાગદ્વેષાદિ દોષોથી રહિત હોય તેવાનું, **मुक्तस्य** મુક્ત થયેલાનું, **ज्ञानावस्थितचेतस** જ્ઞાન વડે જેનું ચિત્ત સ્થિર થયેલું છે તેવાનું, (અને) **यज्ञाय** યજ્ઞને માટે, **आचरतः** આચરણ કરનારનું, **समग्रम्** બધું, **कर्म** કર્મ, **प्रविलीयते** અત્યંત લય પામી જાય છે.

ભાવાર્થઃ—રાગદ્વેષાદિ દોષોથી રહિત જે પુરુષ હોય તેવા મુક્તસ્વભાવવાળાનું, જ્ઞાનવડે જેનું ચિત્ત સ્થિર થએલું છે તેવાનું તેમજ યજ્ઞને અર્થે કર્મ કરનાર જે પુરુષ છે તેનું સઘળું કર્મ અત્યંત લય-નાશ પામી જાય છે. અર્થાત્ તેવો પુરુષ કર્મ કરે કે ન કરે તો પણ તેને કર્મ સાથે સંબંધ ન હોવાથી તે સંસારમાં બંધન પામતો નથી, કેમકે તેનાં કર્મોનો તદ્દન ઉચ્છેદ થએલો હોય છે. ૨૩.

અવતરણિકાઃ—"કર્મ બહુધા ફલને આપ્યા સિવાય રહેતાં નથી તે કરેલાં કર્મો કોઇપણ જાતના ફલને આપ્યા સિવાય જ કેમ નિવૃત્ત થાય છે?" એવી શંકાના જવાબમા ભગવાન્ શ્રીકૃષ્ણ "બ્રહ્મના સમ્યક્ બોધથી પ્રાણિને કર્મના કારણનો નાશ થઇ જાય છે. અર્થાત્ બ્રહ્મદૃષ્ટિથી કર્તા, કર્મ, ભોક્તા, ભોગ્ય ઇત્યાદિ ભેદો આત્મસ્વરૂપ-બ્રહ્મસ્વરૂપમાં લીન થઈ જાય છે" તે કહે છે

ब्रह्मार्पणं ब्रह्म हविर्ब्रह्माग्नौ ब्रह्मणा हुतम् ॥
ब्रह्मैव तेन गन्तव्यं ब्रह्मकर्मसमाधिना ॥ २४ ॥

પદચ્છેદઃ—**ब्रह्म, अर्पणम्, ब्रह्म, हविः, ब्रह्माग्नौ, ब्रह्मणा, हुतम्, ब्रह्म, एव, तेन, गन्तव्यम्, ब्रह्मकर्मसमाधिना.**

વ્યુત્પત્તિસમાસાઃ—अर्प्यते अनेन इति अर्पणम् । ब्रह्म एव अग्निः ब्रह्माग्निः, तस्मिन् ब्रह्माग्नौ । गन्तुं योग्यम् गन्तव्यम् । ब्रह्म एव कर्म इति ब्रह्मकर्म, ब्रह्मकर्मणि समाधिः ब्रह्मकर्मसमाधिः, तेन ब्रह्मकर्मसमाधिना ।

અન્વય અને અર્થઃ—અર્પણમ્ જેના વડે અર્પણ થાય છે તે સાધન, બ્રહ્મ બ્રહ્મ (છે), હવિઃ (ઘી વિગેરે) હુતદ્રવ્ય, બ્રહ્મ બ્રહ્મ (છે), બ્રહ્માગ્નૌ બ્રહ્મરૂપી અગ્નિમાં, બ્રહ્મણા બ્રહ્મ (રૂપ કર્તા) વડે, હુતમ્ (કરવામાં આવેલી) હવનક્રિયા પણ, બ્રહ્મ બ્રહ્મ છે, (અને) બ્રહ્મકર્મસમાધિના બ્રહ્મરૂપી કર્મમાંજ જેનું ચિત્ત એકાગ્ર છે એવા, તેન તે બ્રહ્મવેત્તા વડે, બ્રહ્મ બ્રહ્મ, એવ જ, ગન્તવ્યમ્ પ્રાપ્ત કરવા યોગ્ય (છે).

ભાવાર્થઃ—જેના વડે અગ્નિમાં આહુતિ આપવામાં આવે છે એવા સુરૂસુવાદિ તે બ્રહ્મ છે, ઘી વિગેરે હવિર્દ્રવ્ય બ્રહ્મ છે, બ્રહ્મરૂપી અગ્નિમાં કર્ત્તારૂપ બ્રહ્મવડે કરાતી હવનક્રિયા પણ બ્રહ્મ છે, એટલે અગ્નિ, કર્તા અને હવનક્રિયા એ ત્રણે પણ બ્રહ્મ છે; તેમ કર્મપણ બ્રહ્મરૂપ હોવાથી તેને પણ બ્રહ્મ સમજી તેમાં જ જેનું ચિત્ત એકાગ્ર હોય છે તેવા બ્રહ્મવેત્તા પુરુષ વડે જે ફલરૂપે જવા લાયક સ્થળ છે તે પણ બ્રહ્મ જ છે. અર્થાત્ બ્રહ્મમય પુરુષને કર્મ કે કર્મનું ફલ વગેરે કંઈપણ ભિન્ન ન હોવાથી તેને બ્રહ્મ સિવાય બીજું કર્મનું ફલ છે જ નહિ. ૨૪.

અવતરણિકાઃ—'સમ્યક્દર્શન-પૂર્ણબ્રહ્મનું આ પ્રમાણે યથાર્થ સંપાદન કરી તેની પ્રશંસામાં બીજા પણ ભિન્ન ભિન્ન યજ્ઞોની ભિન્ન ભિન્ન પુરુષો ઉપાસના કરીને ઉત્તરોત્તર ઉત્તમ ગતિને પામનારા હોય છે' તે કહેવાને માટે બીજા યજ્ઞોનું પણ ભગવાન્ વર્ણન કરે છેઃ

દૈવમેવાપરે યજ્ઞં યોગિનઃ પર્યુપાસતે ॥
બ્રહ્માગ્નાવપરે યજ્ઞં યજ્ઞેનૈવોપજુહ્વતિ ॥ ૨૫ ॥

પદચ્છેદઃ—દૈવમ્, એવ, અપરે, યજ્ઞમ્, યોગિનઃ, પર્યુપાસતે, બ્રહ્માગ્નૌ, અપરે, યજ્ઞમ્, યજ્ઞેન, એવ, ઉપજુહ્વતિ.

વ્યુત્પત્તિસમાસાઃ—દેવા ઇન્દ્રવરુણાદય ઇજ્યન્તે યસ્મિન્ સ દૈવ, તમ્ દૈવમ્ । યોગ કર્મલક્ષણ અસ્તિ યેષા તે યોગિન । પરિત ઉપાસતે અનુતિષ્ઠન્તિ ઇતિ પર્યુપાસતે । બ્રહ્મ એવ અગ્નિ ઇતિ બ્રહ્માગ્નિ, તસ્મિન્ બ્રહ્માગ્નૌ ।

અન્વય અને અર્થઃ—અપરે બીજા, યોગિન કર્મયોગીઓ, દૈવમ્ અમુક દેવોને ઉદ્દેશીને કરવામા આવતા, યજ્ઞમ યજ્ઞને, એવ જ, પર્યુપાસતે ઉપાસે છે, (જ્યારે) અપરે બીજા જ્ઞાનયોગીઓ, યજ્ઞેન (બ્રહ્મરૂપ) યજ્ઞ વડે, એવ જ, યજ્ઞમ (યજ્ઞરૂપ જીવાત્માને બ્રહ્મ સમજીને) યજ્ઞને, બ્રહ્માગ્નૌ બ્રહ્મરૂપી અગ્નિમા, જુહ્વતિ હોમે છે

ભાવાર્થઃ—બીજા કર્મયોગીઓ જ્યોતિષ્ટોમ તથા અગ્નિષ્ટોમ વગેરે અનેક યજ્ઞોનુ અમુક દેવોને ઉદ્દેશીને અનુષ્ઠાન કરે છે, જ્યારે બીજા જ્ઞાનયોગીઓ બ્રહ્મરૂપ યજ્ઞ વડે જ યજ્ઞને એટલે યજ્ઞરૂપ જીવાત્માને બ્રહ્મસ્વરૂપ સમજીને બ્રહ્મરૂપી અગ્નિમા હોમે છે અર્થાત્ કર્મયોગીઓ કર્મયજ્ઞને કરે છે જ્યારે જ્ઞાનીઓ જ્ઞાન યજ્ઞ કરે છે, અને તે યજ્ઞોથી પોતપોતાની સિદ્ધિ મેળવે છે ૨૫.

અવતરણિકા—હવે બીજાપણ કેટલાક વિશેષ યજ્ઞોનો વિસ્તાર ભગવાન્ કહે છે

श्रोत्रादीनींद्रियाण्यन्ये संयमाग्निषु जुह्वति ॥
शब्दादीन्विषयानन्य इंद्रियाग्निषु जुह्वति ॥ २६ ॥

પદચ્છેદઃ—શ્રોત્રાદીનિ, ઇન્દ્રિયાણિ, અન્યે, સયમાગ્નિષુ, જુહ્વતિ, શબ્દાદીન્, વિષયાન, અન્યે, ઇન્દ્રિયાગ્નિષુ, જુહ્વતિ.

વ્યુત્પત્તિસમાસાઃ—शृणोति अनेन इति श्रोत्रम्, श्रोत्रम् आदिर्येषां तानि श्रोत्रादीनि, तानि। इन्द्रेण दुर्जयानि इति इन्द्रियाणि। शब्दः आदिः येषां ते शब्दादयः, तान् शब्दादीन्। इन्द्रियाणि एव अग्नयः इति इन्द्रियाग्नयः, तेषु इन्द्रियाग्निषु।

અન્વય અને અર્થઃ—अन्ये બીજા કોઇ નૈષ્ઠિક બ્રહ્મચારીઓ, श्रोत्रादीनि શ્રોત્ર-કાન છે આદિ જેમાં એવી, इन्द्रियाणि ઇન્દ્રિયોને, संयमाग्निषु સંયમરૂપી અગ્નિઓમાં, जुह्वति હોમે છે, (अने) अन्ये બીજા ગૃહસ્થાશ્રમીઓ, शब्दादीन् શબ્દ જેમાં આદિ છે તેવા, विषयान् વિષયોને, इंद्रियाग्निषु ઇન્દ્રિયોરૂપી અગ્નિઓમાં, जुह्वति હોમે છે. અર્થાત્ તેઓ ભોગ સમયે પણ તેઓમાં અનાસક્ત રહે છે.

ભાવાર્થઃ—નૈષ્ઠિક બ્રહ્મચર્ય ધારણ કરનારા બીજા કેટલાક યોગીઓ પોતાની કાન વગેરે ઇન્દ્રિયોને સંયમરૂપી અગ્નિઓમાં હોમે છે, તથા બીજા ગૃહસ્થાશ્રમમાં વર્તનારા કર્મનિષ્ઠ યોગીઓ શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ પાંચ વિષયોને ઇન્દ્રિયોરૂપી અગ્નિમાં હોમી દે છે. અર્થાત્ તે તે વિષયના ઉપભોગસમયે પણ તેમાં તેઓ આસક્તિરહિત હોય છે. ૨૬.

અવતરણિકાઃ—ઉપરોક્ત યજ્ઞોથી પણ વળી વિશિષ્ટ યજ્ઞોનું વર્ણન કરે છે.

सर्वाणींद्रियकर्माणि प्राणकर्माणि चापरे ॥
आत्मसंयमयोगाग्नौ जुह्वति ज्ञानदीपिते ॥ २७ ॥

પદચ્છેદઃ—सर्वाणि, इन्द्रियकर्माणि, प्राणकर्माणि, च, अपरे, आत्मसंयमयोगाग्नौ, जुह्वति, ज्ञानदीपिते.

વ્યુત્પત્તિસમાસાઃ—ઇન્દ્રિયાણા કર્માણિ ઇતિ ઇન્દ્રિયકર્માણિ, તાનિ। પ્રાણન્તિ જીવન્તિ એભિઃ ઇતિ પ્રાણા, પ્રાણાના કર્માણિ પ્રાણ કર્માણિ, તાનિ। સમ્યક્ યમ ઇતિ સંયમ', આત્મન સયમઃ ઇતિ આત્મસયમ, આત્મસંયમ એવ યોગ આત્મસયમયોગ, સ એવ અગ્નિ. ઇતિ આત્મસંયમયોગાગ્નિ, તસ્મિન્ આત્મસયમયોગાગ્નૌ। જ્ઞાનેન ધ્યેય-વિષયેણ દીપિત પ્રજ્વલિત ઇતિ જ્ઞાનદીપિત, તસ્મિન્ જ્ઞાનદીપિતે।

અન્વય અને અર્થઃ—અપરે ધ્યાનનિષ્ઠ યોગીઓ, સર્વાણિ બધા, ઇન્દ્રિયકર્માણિ શ્રોત્રાદિ ઇન્દ્રિયોના કર્મોને, ચ અને, પ્રાણ-કર્માણિ દશ પ્રાણના શ્વાસ, ઉચ્છ્વાસ ઇત્યાદિ કર્મોને, જ્ઞાનદીપિતે ધ્યાન કરવા યોગ્ય વસ્તુના જ્ઞાનવડે પ્રજ્વલિત (એવા), આત્મસયમયોગાગ્નૌ આત્માનો સંયમ કરવારૂપી યોગાગ્નિમા. જુહ્વતિ હોમે છે.

ભાવાર્થઃ—ધ્યાનનિષ્ઠ યોગીઓ શ્રોત્રાદિ ઇન્દ્રિયોના બધાં કર્મોને અને દશ પ્રાણનાં શ્વાસોચ્છ્વાસાદિ કર્મોને, ધ્યેયરૂપી બ્રહ્મના જ્ઞાનવડે પ્રજ્વલિત થએલા આત્મ-સયમરૂપી યોગાગ્નિમા હોમે છે, અર્થાત્ તે તે યોગીઓ પોતાની તે ધ્યાનાદિ અવસ્થામા તે સર્વ કર્મોનો પોતાના તે સંયમાગ્નિમાં લય કરીને રહે છે, પણ તેમાં પ્રવૃત્ત થતા નથી ૨૭

ઉપર પ્રમાણે પાંચ યજ્ઞોની ક્રમથી અક્ષિપ્ત વ્યાખ્યા નીચે પ્રમાણે કહેવામા આવે છે

૧ દૈવયજ્ઞ—જેમા અમુક દેવોને ઉદ્દેશીને યજ્ઞ કરવામા આવે છે તે (શ્લોક ૨૫ માં છે)

૨ જ્ઞાનયજ્ઞ—યજ્ઞ વડે યજ્ઞને અર્થાત્ આત્માને યજ્ઞ અને યજ્ઞને આત્મા સમજી, આત્મયજ્ઞ વડે આત્માને

આત્મ-અગ્નિમાં હોમવામાં આવે છે તે બ્રહ્મવેત્તાઓનો જ્ઞાનમય યજ્ઞ. (શ્લોક ૨૫ માં છે).

૩ બ્રહ્મચર્યયજ્ઞ-નૈષ્ઠિક બ્રહ્મચારીઓનો બ્રહ્મચર્ય-ઇંદ્રિય-સંયમરૂપમહાયજ્ઞ. (શ્લોક ૨૬ માં છે).

૪ ગૃહયજ્ઞ-વિષયોમાં નિરાસક્ત રહેવારૂપ ગૃહસ્થાશ્રમીઓનો ગૃહયજ્ઞ. (શ્લોક ૨૬ માં છે).

૫ સમાધિયજ્ઞ-સમષ્ટિ-લિંગશરીરના નાશપૂર્વક ઇન્દ્રિય તથા પ્રાણોનાં કર્મોનો આત્મસંયમરૂપ યોગાગ્નિમાં લય કરવારૂપ અત્યંત વિશુદ્ધ સમાધિયજ્ઞ. (શ્લોક ૨૭ માં છે).

૧ દૈવયજ્ઞ, ૨ જ્ઞાનયજ્ઞ, ૩ બ્રહ્મચર્યયજ્ઞ, ૪ ગૃહસ્થોનો ગૃહયજ્ઞ, ૫ સમાધિયજ્ઞ. એ પ્રમાણે આ પાંચ યજ્ઞો કહેવામાં આવેલા છે.

અવતરણિકાઃ—એ પ્રમાણે ત્રણ શ્લોક વડે પાંચ યજ્ઞોને કહીને એક શ્લોક વડે બીજા પાંચ યજ્ઞોનું વર્ણન કરે છેઃ

द्रव्ययज्ञास्तपोयज्ञा योगयज्ञास्तथापरे ॥
स्वाध्यायज्ञानयज्ञाश्च यतयः संशितव्रताः ॥ २८ ॥

પદચ્છેદઃ—द्रव्ययज्ञाः, तपोयज्ञाः, योगयज्ञाः, तथा, अपरे, स्वाध्यायज्ञानयज्ञाः, च, यतयः, संशितव्रताः.

વ્યુત્પત્તિસમાસાઃ—द्रवति चित्तम् अनेन इति, वा द्रुः इव इति द्रव्यम्, द्रव्यस्य त्यागः इति द्रव्यत्यागः, सः एव यथाशास्त्रं यज्ञः येषां ते द्रव्ययज्ञाः । तपः एव यज्ञः येषां ते तपोयज्ञाः । युज्यते

आत्मा अनेन इति योगः, योगः चित्तवृत्तिनिरोधोऽष्टाङ्गो यज्ञः येषां ते योगयज्ञाः । सुष्ठु अध्ययनं यस्मिन् सः स्वाध्यायः, स्वाध्यायश्च ज्ञानं च स्वाध्यायज्ञाने, स्वाध्यायज्ञाने एव यज्ञौ येषां ते स्वाध्यायज्ञानयज्ञाः। यतन्ते इति यतयः । सम्यक् शितानि इति संशितानि, संशितानि तीक्ष्णीकृतानि अतिदृढानि व्रतानि येषां ते संशितव्रताः ।

અન્વય અને અર્થઃ—द्रव्ययज्ञाः દ્રવ્યત્યાગ એજ જેમનો યજ્ઞ છે તેવા, तपोयज्ञाः કૃચ્છ્ર–ચાંદ્રાયણાદિ તપરૂપી જેમનો યજ્ઞ છે તેવા, च અને, योगयज्ञाः चित्तवृत्तिनिरोधपूर्वक અષ્ટાંગયોગ એજ જેમનો યજ્ઞ છે તેવા, तथा તેમજ, अपरे બીજા પણ, स्वाध्यायज्ञानयज्ञाः વેદાભ્યાસ અને જ્ઞાનની ઉપાસના તેજ જેમના યજ્ઞો છે તેવા, (એ) यतयः યોગીઓ, संशितव्रताः અત્યંત તીક્ષ્ણવ્રતવાળા છે.

ભાવાર્થઃ—દ્રવ્ય–ધન–સંપત્તિનો સન્માર્ગે વ્યય કરવારૂપ ત્યાગમય યજ્ઞ કરનારાઓનો દ્રવ્યયજ્ઞ, કૃચ્છ્ર–ચાન્દ્રાયણાદિ દુશ્ચર તપો કરવારૂપ જેમનો યજ્ઞ છે તેવાઓનો તપોયજ્ઞ, માનસિક વૃત્તિઓના નિરોધપૂર્વક અષ્ટાંગયોગનું અનુષ્ઠાન કરવાવાળાઓનો યોગયજ્ઞ, વેદાધ્યયનરૂપી યજ્ઞવાળાઓનો સ્વાધ્યાયયજ્ઞ અને બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરવું એપણ યજ્ઞ છે એમ માનનારાઓનો જ્ઞાનયજ્ઞ, એ પ્રમાણે આ યજ્ઞો કરનાર યોગીઓ તીક્ષ્ણ વ્રતને ધારણ કરનારા છે. અર્થાત્ એઓ તીક્ષ્ણતાથી એટલે વિઘ્નો આવે તો પણ પોતાના એ વ્રતનો ભંગ ન કરી પોતાની પ્રવૃત્તિ કરનારા છે. ૨૮.

અવતરણિકાઃ—એમ દશ યજ્ઞ કહી હવે પ્રાણાયામ યજ્ઞનું વર્ણન કરતાં ભગવાન્ કહે છેઃ

अपाने जुह्वति प्राणं प्राणेऽपानं तथापरे ॥
प्राणापानगतीं रुद्ध्वा प्राणायामपरायणाः ॥ २९ ॥

पदच्छेदः—अपाने, जुह्वति, प्राणम्, प्राणे, अपानम्, तथा, अपरे, प्राणापानगती, रुद्ध्वा, प्राणायामपरायणाः.

व्युत्पत्तिसमासाः—अपानन्ति जीवन्ति अनेन इति अपानः, तस्मिन् अपाने। प्राणश्च अपानश्च प्राणापानौ, तयोः गती इति प्राणापानगती, ते। आयमनम् आयामः, प्राणानाम् आयामः प्राणायामः, प्राणायामः एव परम् अयनम् आश्रयणीयं येषां ते प्राणायामपरायणाः।

अन्वय अने अर्थः—अपरे બીજાઓ, अपाने અપાનવાયુમાં, प्राणम् પ્રાણને, जुह्वति હોમે છે,-અર્થાત્ પૂરક નામનો પ્રાણાયામ કરે છે, तथा તેમજ, प्राणे પ્રાણમાં, अपानम् અપાનને હોમે છે, અર્થાત્ રેચક નામનો પ્રાણાયામ કરે છે, (જ્યારે બીજા વળી) प्राणापानगती પ્રાણ અને અપાનની ગતિઓને, रुद्ध्वा રોકીને, प्राणायामपरायणाः પ્રાણાયામ એજ જેમનો પરમ આશ્રય છે તેવા રહે છે, અર્થાત્ કુંભક નામના પ્રાણાયામનું આચરણ કરે છે.

---

[1] तस्मिन्सति श्वासप्रश्वासयोर्गतिविच्छेदः प्राणायामः ॥ पा. यो. साधनपाद २, सूत्र ४९ ॥

તે (આસનની સ્થિરતા) થતાં શ્વાસ અને પ્રશ્વાસની ગતિનો વિચ્છેદ—અવરોધ તે પ્રાણાયામ કહેવાય છે.

पूरणं दक्षया नाड्या कुम्भनं हृदयस्थया। रेचनं वामया कुर्यात्प्राणायामस्त्रिधोच्यते ॥

જ્યારે જમણી નાડી (નસકોરા) વડે વાયુનું પૂરણ કરે, હૃદયમાં રહેલી નાડીવડે કુંભન (સ્તંભન) કરે અને ડાબી નાડી (નસકોરા) વડે રેચન-વિસર્જન કરે ત્યારે તે પ્રાણાયામ કહેવાય છે.

ભાવાર્થઃ—કેટલાક અપાનવાયુમાં પ્રાણને રૂંધે છે એટલે કે પૂરકવિધિથી પ્રાણાયામ કરતા રહે છે (૧), વળી બીજાઓ પ્રાણમાં અપાનને રોકી રેચક નામનો પ્રાણાયામ કરે છે (૨), ત્યારે કેટલાક પ્રાણ અને અપાન બન્નેની ગતિને રોકી નિરંતર પ્રાણાયામ કરવામાં તત્પર રહે છે એટલે કે કુંભકવિધિથી પ્રાણાયામનું આચરણ કરી તેને જ પોતાનો પરમ આશ્રયરૂપ બનાવી રહેલા હોય છે (૩), એ રીતે પ્રાણાયામાદિ ક્રિયાઓની ત્રિવિધતા વડે પ્રાણાયામયજ્ઞ કરનારાઓ પણ કેટલાક છે. ૨૯

અવતરણિકાઃ—હવે આ શ્લોકના પૂર્વાર્ધમાં બારમા પ્રાણયજ્ઞનું અને ઉત્તરાર્ધમાં એ યજ્ઞોના ફળનું વર્ણન કરે છે

अपरे नियताहाराः प्राणान्प्राणेषु जुह्वति ॥
सर्वेऽप्येते यज्ञविदो यज्ञक्षपितकल्मषाः ॥ ३० ॥

પદચ્છેદઃ—**अपरे, नियताहाराः, प्राणान्, प्राणेषु, जुह्वति, सर्वे, अपि, एते, यज्ञविदः, यज्ञक्षपितकल्मषाः.**

વ્યુત્પત્તિસમાસાઃ—नियतः आहारः येषां ते नियताहाराः । यज्ञान् विदन्तीति ते यज्ञविदः । यज्ञैः क्षपितं कल्मषं येषां ते यज्ञक्षपितकल्मषाः ।

અન્વય અને અર્થઃ—अपरे બીજાઓ, नियताहाराः નિયમિત આહારવાળાઓ, प्राणान् નહિ વશ થયેલ પ્રાણોને, प्राणेषु

---

१ द्वौ भागौ पूरयेदन्नैस्तोयेनैकं प्रपूरयेत् ।
मारुतस्य प्रचारार्थं चतुर्थमवशेषयेत् ॥

ઉદરના બે ભાગ અન્નથી પૂરવા, એક ભાગ પાણીથી પૂરવો અને ચોથો ભાગ વાયુના સંચાર માટે શોષિત-પૂર્યાવિનાનો રાખવો.

વશ થયેલ પ્રાણોમાં, જુહ્વતિ હોમે છે, એતે એ, સર્વે બધા, અપિ એ, યજ્ઞવિદઃ યજ્ઞોને જાણનાર, (અને) યજ્ઞક્ષપિતકલ્મષાઃ યજ્ઞવડે ક્ષીણ થયેલાં છે પાપો જેમનાં એવા છે

ભાવાર્થઃ—બીજા કેટલાક નિયમિત આહારવાળાઓ નહિ નિયમિત થએલ પ્રાણોને નિયમિત થએલા પ્રાણોમાં હોમે છે. એ પ્રમાણે ઉપર કહેલા યજ્ઞોમાંથી અમુક એક યજ્ઞ કરનાર પણ યજ્ઞવિત્—યજ્ઞવેત્તા અને યજ્ઞથી જેનાં પાપ નાશ પામી ગએલાં છે એવો એટલે નિષ્પાપ થાય છે, અને તેજ પ્રમાણે સર્વ યજ્ઞ વેત્તાઓ પણ પાપરહિત થઈ જાય છે. ૩૦.

આ પ્રમાણે અત્યાર સુધીમાં કહેલા બાર યજ્ઞોને જાણવા માટે સામાન્ય વ્યાખ્યા પ્રમાણે તેમનાં નામો નીચે પ્રમાણે પાડી શકાયઃ

(૧) દૈવયજ્ઞ, (૨) જ્ઞાનયજ્ઞ, (૩) બ્રહ્મચર્યયજ્ઞ, (૪) ગૃહસ્થોનો ગૃહયજ્ઞ, (૫) સમાધિયજ્ઞ, (૬) દ્રવ્યયજ્ઞ, (૭) તપયજ્ઞ, (૮) યોગયજ્ઞ, (૯) સ્વાધ્યાયયજ્ઞ, (૧૦) બ્રહ્મજ્ઞાન-યજ્ઞ. (૧૧) પ્રાણાયામયજ્ઞ. (૧૨) પ્રાણયજ્ઞ. એ પ્રમાણે ઉપરના પાંચ શ્લોકોમાં કહેલા યજ્ઞોનો વર્ગ પાડી શકાય.

અવતરણિકાઃ—ઉપર કહેવામાં આવેલા કૂલ બાર યજ્ઞોમાથી એકનું પણ સમ્યક્ આરાધન કર્યા વિના રહેનારની દુર્ગતિ તથા યજ્ઞ કરનારની ઉંચી ગતિનો નિર્દેશ હવે ભગવાન્ કરે છે.

यज्ञशिष्टामृतभुजो यांति ब्रह्म सनातनम् ॥
नायं लोकोऽस्त्ययज्ञस्य कुतोऽन्यः कुरुसत्तम॥३१॥

પદચ્છેદઃ—યજ્ઞશિષ્ટામૃતભુજઃ, યાન્તિ, બ્રહ્મ, સનાતનમ્, ન, અયમ્, લોકઃ, અસ્તિ, અયજ્ઞસ્ય, કુતઃ, અન્યઃ, કુરુસત્તમ.

વ્યુત્પત્તિસમાસાઃ—યજ્ઞાનાં શિષ્ટં યજ્ઞશિષ્ટમ્, ન ક્રિયતે અનેન ઇતિ અમૃતમ્, યજ્ઞશિષ્ટમ્ એવ અમૃતમ્ ઇતિ યજ્ઞશિષ્ટામૃતમ્, તદ્ભુઞ્જતે ઇતિ યજ્ઞશિષ્ટામૃતભુજ । સના ભવમ્ ઇતિ સનાતનમ્ । ન વિદ્યન્તે યજ્ઞા યસ્ય સ અયજ્ઞ, તસ્ય અયજ્ઞસ્ય । કસ્માત્ ઇતિ કુત । કુરુષુ સત્તમઃ અતિશયેન પ્રશસ્ત ઇતિ કુરુસત્તમ, તત્સંબુદ્ધૌ કુરુસત્તમ ।

અન્વય અને અર્થઃ—યજ્ઞશિષ્ટામૃતભુજઃ યજ્ઞમાથી બાકી જે બચેલુ તે જ રૂપ અમૃત જેઓ ખાય છે તેઓ, સનાતનમ્ અનાદિ, બ્રહ્મ બ્રહ્મને, યાન્તિ પામે છે, (પરંતુ) કુરુસત્તમ હે કુરુઓમા ઉત્તમ ! અયજ્ઞસ્ય એક પણ યજ્ઞ નહિ કરનારને, (તો) અય આ, લોક લોક, (પણ) ન, અસ્તિ નથી, (તો) અન્ય બીજો લોક, કુતઃ ક્યાંથી હોય ?

ભાવાર્થઃ—યજ્ઞમાથી શેષ રહેલી અન્નાદિક વસ્તુઓરૂપી અમૃતનો ઉપભોગ કરનારાઓ અનાદિ બ્રહ્મને પામે છે, પરંતુ હે કુરુશ્રેષ્ઠ ! એક પણ યજ્ઞ નહિ કરનારને તો આ લોક પણ નથી જ, તો પછી પરલોક તો ક્યાથી હોય ? અર્થાત્ આ યજ્ઞોમાનો એક પણ યજ્ઞ ન કરનાર પુરુષ ઉભય લોકમાંથી ભ્રષ્ટ થઈ અધોગતિને પામે છે એમા સશય નથી. ૩૧.

અવતરણિકાઃ—"બધા યજ્ઞોમા 'જ્ઞાનયજ્ઞ' જ સૌથી શ્રેષ્ઠ છે" એમ કહી તેની પ્રશસા કરવા પહેલા સર્વ યજ્ઞોનો ઉપસહાર કરે છે

एवं बहुविधा यज्ञा वितता ब्रह्मणो मुखे ॥
कर्मजान्विद्धि तान्सर्वानेवं ज्ञात्वा विमोक्ष्यसे ॥३२॥

પદચ્છેદઃ—एवम्, बहुविधाः, यज्ञाः, विताताः, ब्रह्मणः, मुखे, कर्मजान्, विद्धि, तान्, सर्वान्, एवम्, ज्ञात्वा, विमोक्ष्यसे.

વ્યુત્પત્તિસમાસાઃ—બહવઃ વિધાઃ પ્રકારાઃ યેષાં તે બહુવિધાઃ। વિશેષેણ તતાઃ ઇતિ વિતતાઃ। કર્મભ્યઃ (કાયિક, વાચિક, માનસિક ઇતિ ત્રિવિધેભ્યઃ) જાયન્તે ઇતિ કર્મજાઃ, તાન્ કર્મજાન્। વિશેષેણ મોક્ષ્યસે ઇતિ વિમોક્ષ્યસે।

અન્વય અને અર્થઃ—એવમ્ એ પ્રમાણે, બહુવિધાઃ ઘણા પ્રકારના, યજ્ઞાઃ યજ્ઞો, બ્રહ્મણઃ વેદના, મુખે દ્વારા, વિતતાઃ વિસ્તારવામાં આવ્યા છે, (પરંતુ) તાન્ તે, સર્વાન્ બધાઓને, કર્મજાન્ કાયિક, વાચિક અથવા માનસિક કર્મોમાંથી ઉત્પન્ન થયેલા, વિદ્ધિ તું જાણ, અર્થાત્ આત્મા નિર્વ્યાપાર હોવાથી આ વ્યાપાર તેનો નથી એમ તું જાણ, એવમ્ એ પ્રમાણે (તું આત્માને અક્રિય-અવ્યાપૃત), જ્ઞાત્વા જાણીને, વિમોક્ષ્યસે મુક્ત થઈશ.

ભાવાર્થઃ—ઉપર કહેવામાં આવ્યા તે પ્રમાણે ઘણા પ્રકારના યજ્ઞો સાક્ષાત્ વેદ દ્વારા વિસ્તારવામાં આવ્યા છે, પણ તે સઘળાઓને શારીરિક, માનસિક અથવા વાચિક કર્મથી ઉત્પન્ન થએલા તું જાણ; અર્થાત્ આત્મા નિર્વ્યાપાર હોવાથી આ વ્યવસાય તેનો નથી એમ તું જાણ, અને એ પ્રમાણે તું આત્માને અક્રિય અને અવ્યાપૃત જાણીશ તો અવશ્ય કર્મનાં બંધનોથી મુક્ત થઈશ અને પરમ ગતિને પામીશ. ૩૨.

અવતરણિકાઃ—"બધા યજ્ઞોને લગભગ સામાન્યરીતે સમાન કક્ષામાં મૂકીને ભગવાને વર્ણન કર્યું, પરંતુ તેથી કર્મ અને જ્ઞાન બન્નેની સામ્યાવસ્થા પ્રાપ્ત થાય છે." એમ સ્વાભાવિક શંકા થાય તો તે દૂર કરવા માટે જ્ઞાનયજ્ઞને અધિક વિશિષ્ટ બતાવવાનો ઉપક્રમ ભગવાન્ કરે છેઃ

श्रेयान्द्रव्यमयाद्यज्ञाज्ज्ञानयज्ञः परंतप ॥
सर्वं कर्माखिलं पार्थ ज्ञाने परिसमाप्यते ॥ ३३ ॥

પદચ્છેદઃ—શ્રેયાન્, દ્રવ્યમયાત્, યજ્ઞાત્, જ્ઞાનયજ્ઞઃ. પરંતપ, સર્વમ્, કર્મ, અખિલમ્, પાર્થ, જ્ઞાને, પરિસમાપ્યતે.

વ્યુત્પત્તિસમાસાઃ—જ્ઞાનમ્ એવ યજ્ઞઃ ઇતિ જ્ઞાનયજ્ઞ । અતિશયેન પ્રશસ્ત ઇતિ શ્રેયાન્ । દ્રવ્ય પ્રાચુર્યેણ વર્તતે યસ્મિન્ સ દ્રવ્યમય, તસ્માત્ દ્રવ્યમયાત્ । ન ખિલમ્ અખિલમ્ । પરિત અમિત સમાપ્યતે ઇતિ પરિસમાપ્યતે ।

અન્વય અને અર્થઃ—પરતપ હે પરંતપ ! દ્રવ્યમયાત્ દ્રવ્યત્યાગરૂપ, યજ્ઞાત્ યજ્ઞથી, જ્ઞાનયજ્ઞઃ જ્ઞાનરૂપી યજ્ઞ, શ્રેયાન્ વધારે શ્રેષ્ઠ છે, (કારણ કે) પાર્થ હે પાર્થ ! અખિલમ્ નિઃશેષ રીતનુ, સર્વમ્ સર્વ, કર્મ કર્મ, જ્ઞાને જ્ઞાનમા, પરિસમાપ્યતે સંપૂર્ણ થાય છે—અંતર્હિત થઈ જાય છે.

ભાવાર્થઃ—હે પરંતપ ! દ્રવ્યત્યાગરૂપ યજ્ઞ કરતાં જ્ઞાન રૂપી યજ્ઞ અધિક શ્રેષ્ઠ છે, કારણકે હે પાર્થ ! સંપૂર્ણ રીતનુ બધુ કર્મ જ્ઞાનમાં સમાપ્ત—અંતર્હિત-થઈ જાય છે અર્થાત્ તેમાં સર્વ સમાઈ જાય છે એટલે જ્ઞાન થયા પછી એને બીજા કોઈપણ કર્મજન્ય યજ્ઞોની જરુર રહેતી નથી ૩૩

અવતરણિકા —“ ઉપર વર્ણન કરાએલુ ઉત્તમ આત્મજ્ઞાન કેવી રીતે મેળવી શકાય ?” એવા અર્જુનને ભગવાને આપેલા જ્ઞાન પછીથી ઉત્સાહયુક્ત થએલા અર્જુનના પ્રશ્નના જવાબમા ભગવાન્ શ્રીકૃષ્ણ કહે છે

तद्विद्धि प्रणिपातेन परिप्रश्नेन सेवया ॥
उपदेक्ष्यंति ते ज्ञानं ज्ञानिनस्तत्त्वदर्शिनः ॥ ३४ ॥

पदच्छेदः—तत्, विद्धि, प्रणिपातेन, परिप्रश्नेन, सेवया, उपदेक्ष्यन्ति, ते, ज्ञानम्, ज्ञानिनः, तत्त्वदर्शिनः.

व्युत्पत्तिसमासाः—प्रकर्षेण निपातः विनयेन पतनम् इति प्रणिपातः, तेन प्रणिपातेन। परितः प्रश्नः परिप्रश्नः, तेन परिप्रश्नेन। सेव्यते अनया सा सेवा, तया सेवया। ज्ञानम् अस्ति येषां ते ज्ञानिनः। तत्त्वं पश्यन्ति ते तत्त्वदर्शिनः।

अन्वय अने अर्थः—प्रणिपातेन दंडवत् नमस्कार वडे, परिप्रश्नेन संसार तथा तेमांथी मुक्त थवानो मार्ग कयो? इत्यादि प्रश्नो वडे, (तेम) सेवया सेवावडे, तत् ते ज्ञानने, विद्धि तुं जाणु, (अने) तत्त्वदर्शिनः तत्त्वज्ञाननी समीक्षा करवावाळा, ज्ञानिनः ज्ञानीओ, ते तने, ज्ञानम् ते ज्ञाननो, उपदेक्ष्यन्ति उपदेश करशे.

भावार्थः—दंडवत् नमस्कारथी एटले विनययुक्त रही प्रणामपूर्वक प्रश्न पूछवाथी, संसार तथा तेमांथी मुक्त थवानो मार्ग कयो? विगेरे प्रश्नोथी अने सेवाथी ते ज्ञानने तुं सारी रीते जाणी शकीश अने तत्त्वज्ञानीओ तने ते ज्ञाननो उपदेश करशे अर्थात् तत्त्ववेताओ पासे जई विनयथी प्रणामपूर्वक

---

१ कथं बन्धः कथं मोक्षो विद्याविद्ये उभे च के।
कः आत्मा कः परात्मा च नयोरैक्यं कथं वद ॥

हे गुरो! बंधन केम थाय तथा मोक्ष केम थाय? विद्या अने अविद्या ते बे कयी? आत्मा-जीव ते कोण अने परात्मा-ब्रह्म ते कोण? तथा ते बन्ने जीव-अने ब्रह्मनु ऐक्यपणुं केम छे? ते कृपा करी कहो।

પ્રશ્ન કરવાથી અને તેમની સેવાથી તને તેઓ એ જ્ઞાનનો ઉપદેશ આપશે. ૩૪.

અવતરણિકાઃ—એ પ્રમાણે જ્ઞાન પ્રાપ્ત થયા પછી તેનું શું ફલ થાય છે? તે જણાવે છે

यज्ज्ञात्वा न पुनर्मोहमेवं यास्यसि पांडव ॥
येन भूतान्यशेषेण द्रक्ष्यस्यात्मन्यथो मयि ॥ ३५ ॥

પદચ્છેદઃ—यत्, ज्ञात्वा, न, पुनः, मोहम्, एवम्, यास्यसि, पाण्डव, येन, भूतानि, अशेषेण, द्रक्ष्यसि, आत्मनि, अथो, मयि.

વ્યુત્પત્તિસમાસાઃ—मुह्यते अनेन इति मोहः, तम् मोहम् । न शेषं विद्यते यस्य तत् अशेषम्, तेन अशेषेण ।

અન્વય અને અર્થઃ—पाण्डव હે પાંડવ! यत् જે (જ્ઞાન), ज्ञात्वा જાણીને, एवम् આ પ્રમાણે, पुनः ફરીને, (તું) मोहम् મોહને, न, यास्यसि પામીશ નહિ, (અને) अथो ત્યાર પછી, येन જેના વડે, अशेषेण સમસ્ત, भूतानि પ્રાણિમાત્રને, आत्मनि તારા પોતાને વિષે, (અને) मयि મારામાં (રહેલા), द्रक्ष्यसि તું જોઈશ.

ભાવાર્થઃ—હે પાંડુપુત્ર અર્જુન! જે જ્ઞાનને જાણીને પછી તું ફરીને આ પ્રમાણે મોહ પામીશ નહિ, અને જે જ્ઞાન પ્રાપ્ત થયા પછી તું સમસ્ત પ્રાણિમાત્રને તારા પોતાના આત્માને વિષે અને મારા વિષે રહેલાં જોઈશ. અર્થાત્ તે જ્ઞાન થયા પછી દ્વૈત ભાવનો મોહ તને રહેશે નહિ, પરંતુ સર્વને આત્મવત્ જોનારો તું થઈશ. ૩૫.

અવતરણિકાઃ—"આ પ્રમાણે જ્ઞાનનુ ફલ મર્મનાં આત્મવત્ જોયું એટલું જ નહિ પણ એથીએ વિશેષ છે તે તુ સાંભળ" એમ ભગવાન્ અર્જુનને કહે છે

अपि चेदसि पापेभ्यः सर्वेभ्यः पापकृत्तमः ॥
सर्वं ज्ञानप्लवेनैव वृजिनं संतरिष्यसि ॥ ३६ ॥

પદચ્છેદઃ—अपि, चेत्, असि, पापेभ्यः, सर्वेभ्यः, पापकृत्तमः, सर्वम्, ज्ञानप्लवेन, एव, वृजिनम्, संतरिष्यसि.

વ્યુત્પત્તિસમાસાઃ—पापमस्ति येषां ते पापाः, तेभ्यः पापेभ्यः। पापं करोतीति पापकृत्, अतिशयेन पापकृत् इति पापकृत्तमः। ज्ञानम् एव प्लवः इति ज्ञानप्लवः, तेन। सम्यक् तरिष्यसि इति संतरिष्यसि।

અન્વય અને અર્થઃ—अपि વળી, चेत् જો, सर्वेभ्यः બધા, पापेभ्यः પાપીઓથી, (પણ), पापकृत्तमः વધારે પાપ કરનાર, असि તું હો, (તો પણ), ज्ञानप्लवेन જ્ઞાનરૂપી નૌકા વડે, एव જ, सर्वम् સમસ્ત, वृजिनम् પાપસમુદ્રને, संतरिष्यसि તું સારી રીતે તરી જઈશ.

ભાવાર્થઃ—વળી જો તું બધા પાપ કરનારાઓ કરતાં પણ વધુ પાપી હોઇશ તોપણ આ સમસ્ત પાપકર્મના સમુદ્રને જ્ઞાન રૂપી નૌકાથી જ તું સારી રીતે વિના પ્રયત્ને તરી જઈશ. અર્થાત્ તે જ્ઞાન તારાં સર્વપાપનો નાશ કરશે. ૩૬.

અવતરણિકાઃ—જ્ઞાન કેવી રીતે પાપનો નાશ કરે છે તે સંબંધમાં હવે ભગવાન્ કહે છે

यथैधांसि समिद्धोऽग्निर्भस्मसात्कुरुतेऽर्जुन ॥
ज्ञानाग्निः सर्वकर्माणि भस्मसात्कुरुते तथा ॥ ३७ ॥

पदच्छेदः—यथा, एधांसि, समिद्धः, अग्निः, भस्मसात्, कुरुते, अर्जुन, ज्ञानाग्निः, सर्वकर्माणि, भस्मसात्, कुरुते, तथा.

व्युत्पत्तिसमासाः—येन प्रकारेण इति यथा। एधते अग्नि एभि' इति एधांसि, तानि। सम्यक् इद्ध इति समिद्धः। (सर्वकर्माणि) भस्म कुरुते इति भस्मसात्कुरुते। ज्ञानम् एव अग्नि इति ज्ञानाग्नि। सर्वाणि च तानि कर्माणि च सर्वकर्माणि, तानि सर्वकर्माणि। तेन प्रकारेण इति तथा।

અન્વય અને અર્થઃ—અર્જુન હે અર્જુન! यथा જેવી રીતે, समिद्धः સારી રીતે સળગાવેલો, अग्निः આગ, एधांसि બળતણને भस्मसात् તદ્દન રાખમય, कुरुते કરે છે, तथा તેવી રીતે, ज्ञानाग्निः જ્ઞાનરૂપી અગ્નિ, सर्वकर्माणि બધા કર્મોને, भस्मसात् તદ્દન ભસ્મરૂપ, कुरुते કરી નાખે છે

ભાવાર્થઃ—હે અર્જુન! જેવી રીતે સારી રીતે સળગેલો અગ્નિ બળતણોને તદ્દન ભસ્મરૂપ કરી મૂકે છે, તેવી રીતે જ્ઞાનરૂપી અગ્નિ પણ બધા કર્મોને તદ્દન ભસ્મ કરી નાખે છે, એટલે કર્મોનો સમૂળ નાશ કરી નાખે છે ૩૭.

અવતરણિકાઃ—આ પ્રમાણે જ્ઞાનની મહત્તા બતાવીને પણ પુનઃ તેની પ્રશંસા કરતા, ને જેનાથી કયારે પ્રાપ્ત કરી શકાય છે તે કહે છે

न हि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते ॥
तत्स्वयं योगसंसिद्धः कालेनात्मनि विन्दति ॥३८॥

પદચ્છેદઃ—न, हि, ज्ञानेन, सदृशम्, पवित्रम्, इह, विद्यते, तत्, स्वयम्, योगसंसिद्धः, कालेन, आत्मनि, विन्दति.

વ્યુત્પત્તિસમાસાઃ—पुनाति इति पवित्रम्। सम्यक् सिद्धः इति संसिद्धः, योगेन—कर्मयोगेन समाधियोगेन वा संसिद्धः इति योगसंसिद्धः। कल्पते संख्यायते अनेन इति कालः, तेन।

અન્વય અને અર્થઃ—ज्ञानेन જ્ઞાનના, सदृशम् જેવું, इह આ લોકમાં, पवित्रम् શુદ્ધિ કરનારું, हि ખરેખર, (બીજું એક પણ) न, विद्यते નથી, (અને) तत् તે જ્ઞાન, योगसंसिद्धः કર્મયોગ અથવા સમાધિયોગથી સિદ્ધ થયેલો, (પુરુષ) कालेन કાલના વહેવા સાથે, स्वयम् પોતાની મેળે, आत्मनि પોતાનામાં, (જ) विन्दति મેળવી શકે છે.

ભાવાર્થઃ—જ્ઞાનસમાન પવિત્ર આ લોકમાં બીજું કંઈ પણ નથીજ, અને કર્મયોગી અથવા યોગનિષ્ઠ થએલો યોગી કેટલોક સમય ગયા પછી પોતાની મેળે પોતાનામાં જ સારી રીતે તે જ્ઞાનને મેળવે છે અર્થાત્ આત્મજ્ઞાન થાય એટલે તે ખરો જ્ઞાની કહેવાય છે અને ત્યારેજ તેનાં કર્માદિ લય પામે છે અને તે પરમાત્મસ્વરૂપ થાય છે. ૩૮.

---

१ राहुरदृश्योऽपि सदा शशिबिम्बस्थः प्रकाशते जगति।
तद्वद्विशुद्धचित्ते प्रकाशमेति स्वयं ह्यात्मा॥ पंचदशिनो॥

રાહુ હમેશાં અદૃશ્ય છે-દેખાતો નથી, પરંતુ સ્વચ્છ થયેલા ચંદ્રમાના બિંબમાં રહીને તે જેમ જગતમાં પ્રકાશે છે, તેમજ વિશેષ શુદ્ધ થએલા ચિત્તમાં આત્મા પણ પોતાની મેળે જ પ્રકાશે છે.

અવતરણિકા:—વળી તેને માટે બીજો અધિકારી જણાવી તે અધિકારને પામેલાને એકજ ઉત્તમ રીતિએ જ્ઞાન કેવી રીતે ઉત્પન્ન થઇ શકે તે સબંધનો માર્ગ હવે બતાવે છે

श्रद्धावांल्लभते ज्ञानं तत्परः संयतेंद्रियः ॥
ज्ञानं लब्ध्वा परां शांतिमचिरेणाधिगच्छति ॥ ३९ ॥

પદચ્છેદ:—श्रद्धावान्, लभते, ज्ञानम्, तत्परः, संयतेन्द्रियः, ज्ञानम्, लब्ध्वा, पराम्, शान्तिम्, अचिरेण, अधिगच्छति.

વ્યુત્પત્તિસમાસા:—श्रद्धा अस्य अस्तीति श्रद्धावान्। तत् तुरीयपदवाच्यं ज्ञानमेव परं आश्रय यस्य सः तत्परः। संयतानि विषयेभ्यो निवर्तितानि इन्द्रियाणि येन स संयतेन्द्रियः। शाम्यते अनया इति शांतिः, ताम्। न चिरेण इति अचिरेण।

અન્વય અને અર્થ:—श्रद्धावान् ગુરુએ ઉપદેશ આપેલાં વચનોમાં આસ્તિકય બુદ્ધિવાળો, तत्परः જ્ઞાનમાંજ એકનિષ્ઠ વાળો, (અને) संयतेन्द्रियः વિષયોમાંથી ઇન્દ્રિયોને ખેંચીને જેણે નિયમમાં રાખી હોય તેવો (પુરુષ), ज्ञानम् જ્ઞાનને, लभते પ્રાપ્ત કરે છે, (અને એ પ્રમાણે) ज्ञानम् જ્ઞાનને, लब्ध्वा મેળવીને, पराम् સૌથી પર-શ્રેષ્ઠ, शान्तिम् શાંતિને, अचिरेण થોડા વખતમાં જ, अधिगच्छति પામે છે

ભાવાર્થ:—ગુરુનાં વાક્યોમાં તથા પ્રમાણભૂત શાસ્ત્ર વાક્યોમાં જેને શ્રદ્ધા હોય, કેવળ જ્ઞાનમાંજ અથવા પરમાત્મામાંજ જે એકનિષ્ઠ રાખી રહેલો હોય, તેમ વિષયોમાંથી ઇન્દ્રિયોને

નિવૃત્ત કરીને જેણે પોતાના વશમાં રાખી હોય તે મનુષ્ય જ જ્ઞાન મેળવી શકે છે અને ત્યાર પછી તે જ્ઞાન પામીને થોડા સમયમાં જ પરમ શાંતિ મેળવે છે. અર્થાત્ તે પરમ શાંતિરૂપ પરબ્રહ્મના સ્વરૂપને પામી જાય છે. ૩૯.

અવતરણિકાઃ—આ પ્રમાણે જ્ઞાન મેળવવાના અધિકારીનું વર્ણન કરી હવે તેના અનધિકારીનું વર્ણન કરે છેઃ

अज्ञश्चाश्रद्दधानश्च संशयात्मा विनश्यति ॥
नायं लोकोऽस्ति न परो न सुखं संशयात्मनः ॥४०॥

પદચ્છેદઃ—अज्ञः, च, अश्रद्दधानः, च, संशयात्मा, विनश्यति, न, अयम्, लोकः, अस्ति, न, परः, न, सुखम्, संशयात्मनः.

વ્યુત્પત્તિસમાસાઃ—जानातीति ज्ञः, न ज्ञः इति अज्ञः । श्रद्धातीति श्रद्दधानः, न श्रद्दधानः इति अश्रद्दधानः । संशयः विद्यते आत्मनि यस्य सः संशयात्मा । विशेषेण नश्यति इति विनश्यति ।

અન્વય અને અર્થઃ—अज्ञः અજ્ઞાની, च અને, अश्रद्दधानः અશ્રદ્ધાળુ, च તેમ, संशयात्मा જેના ચિત્તમાં સંશય છે એવો (પુરુષ), विनश्यति નાશ પામે છે, (અને તેવા) संशयात्मनः સંશયયુક્ત ચિત્તવાળાનો, अयम् આ, लोकः લોક, न, अस्ति નથી, (તેમ) परः પરલોક, (પણ), न નથી, (અને તેથી તેને) सुखम् સુખ, (પણ) न નથી.

ભાવાર્થઃ—જ્ઞાનરહિત, ગુરુના અથવા શાસ્ત્રના વચનમાં શ્રદ્ધવિનાનો અને તેથીજ સંશયયુક્ત ચિત્તવાળો જે પુરુષ છે તે

નાશ પામે છે, કેમકે તેવા સંશયયુક્ત ચિત્તવાળાને આ લોક કે પરલોક પણ પ્રાપ્ત થતો નથી અને તેથી તેને સુખ પણ મળી શકતું નથી. ૪૦.

અવતરણિકા:—એ પ્રમાણે મર્મ અનર્થનામૂલરૂપ સંશયને દૂર કરવા માટે તથા આત્મનિશ્ચયને માટે ચોકકસ ઉપાય કહ્યો છે તે બતાવતાં, ત્રીજા અને ચોથા અધ્યાયમા પૂર્વ અને અપર-ભેદ વડે જે બે કર્મનિષ્ઠા અને જ્ઞાનનિષ્ઠા કહેવામા આવેલી છે તેનો ઉપસંહાર કરતા ભગવાન્ શ્રીકૃષ્ણ આ પ્રમાણે અર્જુનને કહે છે

योगसंन्यस्तकर्माणं ज्ञानसंछिन्नसंशयम् ॥
आत्मवंतं न कर्माणि निबध्नन्ति धनंजय ॥ ४१ ॥

पदच्छेदः—योगसंन्यस्तकर्माणम्, ज्ञानसंछिन्नसंशयम्, आत्मवन्तम्, न, कर्माणि, निबध्नन्ति, धनञ्जय.

व्युत्पत्तिसमासाः—योगेन—परमेश्वराराधनरूपेण तस्मिन् सम्यक् न्यस्तानि समर्पितानि कर्माणि येन सः योगसंन्यस्तकर्मा, तम् योगसंन्यस्तकर्माणम् । ज्ञानेन आत्मबोधेन सम्यक् छिन्नः संशयः देहाद्यभिमानलक्षणो यस्य सः ज्ञानसंछिन्नसंशयः, तम् ज्ञानसंछिन्नसंशयम् । आत्मा अस्य अस्तीति आत्मवान्, तम् आत्मवन्तम् । धनं जयतीति धनञ्जयः, तत्संबुद्धौ धनञ्जय ।

अन्वय अने अर्थः—धनञ्जय हे धनंजय-अर्जुन ! योगसंन्यस्तकर्माणम् પરમેશ્વરના આરાધનરૂપ યોગ વડે તે પરબ્રહ્મમાં જ જેણે પોતાનાં કર્મોને સારી રીતે અર્પણ કરી દીધાં છે તેવા, (અને) ज्ञानसंछिन्नसंशयम् જ્ઞાન વડે દેહાદિના અભિ-

માનરૂપ સંશય જેનો છેદાઇ ગયો છે તેવા, આત્મવન્તમ્ પ્રમાદ-રહિત-સાવધાન ચિત્તવાળાને, કર્માણિ કર્મો, ન, નિબધ્નન્તિ બંધન કરતાં નથી.

ભાવાર્થઃ—હે અર્જુન ! ધ્યાનયોગ વડે અથવા કર્મયોગ વડે પણ જેણે પોતાનાં સર્વ કર્મો પરમાત્માને જ સમર્પણ કર્યાં છે, જ્ઞાન વડે જેનો દેહાદિકના અભિમાનરૂપ સંશય નાશ પામી ગયો છે તથા જે સદા સાવધાન-અપ્રમત્ત-ચિત્તવાળો રહે છે અર્થાત્ યોગમાંથી પતન થતો નથી, પણ આત્મનિષ્ઠ થઈ રહે છે તેવાને કર્મો કંઈ પણ બંધન કરતાં નથી. ૪૧.

અવતરણિકાઃ—"ચિત્તશુદ્ધિ દ્વારા જ્ઞાન મેળવી શકાય છે, તેમ જ્ઞાન વડે સંશય રહિત થતાં જ્ઞાની પુરુષ કર્મો વડે બંધન પામતો નથી, પરંતુ સંશયાત્માનો તો નાશજ થાય છે." એ પ્રમાણેની વસ્તુસ્થિતિ હોવાથી હવે જે કંઈ કર્તવ્યતા પ્રાપ્ત થાય છે તે સમજાવવા અધ્યાયના અંતમાં ભગવાન્ કહે છેઃ

तस्मादज्ञानसंभूतं हृत्स्थं ज्ञानासिनात्मना ॥
छित्त्वैनं संशयं योगमातिष्ठोत्तिष्ठ भारत ॥ ४२ ॥


પદચ્છેદઃ—તસ્માત્, અજ્ઞાનસંભૂતમ્, હૃત્સ્થમ્, જ્ઞાના-સિના, આત્મના, છિત્ત્વા, એનમ્, સંશયમ્, યોગમ્, આતિષ્ઠ, ઉત્તિષ્ઠ, ભારત.

વ્યુત્પત્તિસમાસાઃ—ન જ્ઞાનમ્ અજ્ઞાનમ્, અજ્ઞાનાત્ સંભૂતઃ ઇતિ અજ્ઞાનસંભૂતઃ, તમ્। હૃદિ તિષ્ઠતિ ઇતિઃ હૃત્સ્થઃ, તમ્ હૃત્સ્થમ્। જ્ઞાનમ્ એવ અસિઃ યસ્ય સઃ જ્ઞાનાસિઃ, તેન જ્ઞાનાસિના। ભરતસ્ય ગોત્રાપત્યં પુમાન્ ભારતઃ, તત્સંબુદ્ધૌ હે ભારત।

અન્વય અને અર્થઃ—तस्मात् તેથી, भारत હે અર્જુન! अज्ञानसंभूतम् અજ્ઞાનથી ઉત્પન્ન થયેલા, हृत्स्थम् હૃદયને વિષે રહેલા, एनम् એ દેહાદિના અભિમાનરૂપ, संशयम् સંશયને, ज्ञानासिना જ્ઞાનરૂપી જેની તરવાર છે એવા, आत्मना આત્મા વડે, छित्त्वा છેદીને, योगम् યોગનું, आतिष्ठ અવલંબન કર, (અને) उत्तिष्ठ (યુદ્ધ કરવા માટે) ઉભો થા.

ભાવાર્થઃ—માટે હે ભરતવંશી અર્જુન! અજ્ઞાન દ્વારા ઉત્પન્ન થયેલા અને હૃદયમાં રહેલા એ દેહાભિમાનરૂપ સંશયને જ્ઞાનરૂપી તરવાર વડે પોતાના આત્માથી જ છેદીને—ઉત્તમ પ્રકારનો આત્મજ્ઞાની બનીને—પરમાત્મા સંબંધી જ્ઞાનના ઉપાયરૂપ એવા યોગનું અવલંબન કર, અને તેનો સ્વીકાર કરી તું યુદ્ધ કરવાને માટે તૈયાર થા. ૪૨.

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे
श्रीकृष्णार्जुनसंवादे श्रीकृष्णकार्तांतिकथणात-
सान्वय-बोधिन्यां गुर्जरटीकायां ज्ञानकर्म-
योगोनाम चतुर्थोऽध्यायः ॥√



पञ्चमोऽध्यायः ।



અવતરણિકાઃ—'कर्मण्यकर्म यः पश्येत्' એ શ્લોકથી આરંભીને 'स युक्तः कृत्स्नकर्मकृत्' એ શ્લોકથી ઉપક્રમ (પ્રારંભ) કરીને 'ज्ञानाग्निदग्धकर्माणम्' 'शारीरं केवलं कर्म कुर्वन्' 'यदृच्छालाभसंतुष्टो' 'सर्वं कर्माखिलं पार्थ' 'ज्ञानाग्निः सर्वकर्माणि' 'योगसंन्यस्तकर्माणम्' એ શ્લોકો વડે સર્વ કર્મોનો સંન્યાસ ભગવાન્ શ્રીકૃષ્ણે કહ્યો, અને 'छित्त्वैनं संशयं योगमातिष्ठोत्तिष्ठ भारत' એ વચન વડે કર્માનુષ્ઠાનલક્ષણવાળા યોગનું આચરણ કરવાનું પણ કહ્યું. આથી કર્મસંન્યાસ અને કર્મયોગ બન્નેની એક સ્થાને એક જ સમયે પ્રાપ્તિમાં, સ્થિર અને ચલિત દશામાં પરસ્પર પ્રકાશ અને અંધકારની પેઠ વિરોધ છે તેથી બન્ને એકમાં અંતર્ગત થઈ જાય તેમ અસંભવિત છે, તથા બન્નેનું આચરણ કરવામાં ભિન્ન ભિન્ન સમયની આવશ્યકતા હોવાથી એકસાથે આચરી શકાય તેમ નથી, તેથી એ બન્નેમાંથી કોઈપણ એકનું જ આચરણ થઈ શકે, એ હેતુથી તે બંનેમાં વધારે શ્રેષ્ઠ અને આચરણ કરવા લાયક કયો યોગ હોઈ શકે તે જાણવાની ઇચ્છાથી તેમ તે જાણીને તે પ્રશસ્ત યોગનું જ સેવન કરવું એમ માની 'કર્મ-સંન્યાસ' અને 'કર્મ-યોગ' એ બેમાંથી એકની ઉત્કૃષ્ટતા વધારે સમજવાના ઉદ્દેશથી અર્જુન ભગવાન્ શ્રીકૃષ્ણને આ પ્રમાણે પ્રશ્ન પૂછે છે·

अर्जुन उवाच । અર્જુન પૂછે છેઃ—

संन्यासं कर्मणां कृष्ण पुनर्योगं च शंससि ॥
यच्छ्रेय एतयोरेकं तन्मे ब्रूहि सुनिश्चितम् ॥ १ ॥

---

१ ब्रह्मचर्यं समाप्य गृही भवेत् गृहाद्वनी भूत्वा प्रव्रजेद्यदिवेतरथा ब्रह्मचर्यादेव प्रव्रजेत् गृहाद्वा वनाद्वा । यदहरेव विरजेत्तदहरेव प्रव्रजेत् ॥ इति श्रुतिः ॥

બ્રહ્મચર્યને સમાપ્ત કરી ગૃહસ્થ થવું, ગૃહસ્થથી વાનપ્રસ્થ થઈ પછી સન્યાસી

પદચ્છેદઃ—સંન્યાસમ્, કર્મણામ્, કૃષ્ણ, પુનઃ, યોગમ્, ચ, શંસસિ, યત્, શ્રેયઃ, એતયોઃ, એકમ્, તત્, મે, બ્રૂહિ, સુનિશ્ચિતમ્.

વ્યુત્પત્તિસમાસાઃ—સમ્યક્ કર્મણામ્ ન્યાસઃ ઇતિ સંન્યાસઃ, તમ્ સંન્યાસમ્ । કર્ષતિ પાપાનિ સ્વભક્તાનામ્ ઇતિ કૃષ્ણઃ, તત્સંબુદ્ધૌ હે કૃષ્ણ । અતિશયેન પ્રશસ્તમ્ ઇતિ શ્રેયઃ । સુષ્ઠુ નિશ્ચિતમ્ સુનિશ્ચિતમ્, તત્ સુનિશ્ચિતમ્ ।

અન્વય અને અર્થઃ—કૃષ્ણ હે કૃષ્ણ! કર્મણામ્ કર્મોના, સંન્યાસમ્ ત્યાગને, ચ અને, પુનઃ ફરીને, યોગમ્ યોગને—કર્માનુષ્ઠાનરૂપ યોગને, શંસસિ તમે વખાણો છો, (પરંતુ) એતયોઃ કર્મસંન્યાસ અને કર્મયોગ એ બેમાંથી, યત્ જે, શ્રેયઃ વધારે કલ્યાણકારી હોય, તત્ તે, એકમ્ એક (જ), સુનિશ્ચિતમ્ સારી રીતે નિશ્ચિત હોય તેવું, મે મને, બ્રૂહિ કહો.

ભાવાર્થઃ—હે કૃષ્ણ! એક વખત કર્મોના ત્યાગને અને બીજી વખત કર્મના અનુષ્ઠાનને એટલે કર્મયોગને આપ વખાણો છો, તો કર્મ-સંન્યાસ અને કર્મ-યોગ એ બેમાથી જે એક વધારે કલ્યાણકારી હોય અને જેનો સારી રીતે કલ્યાણકારક તરીકેનો

યતુ, અગર તેમ નહિ તો બ્રહ્મચર્યથીજ સન્યાસી થતુ અથવા ગૃહસ્થાશ્રમથી જ કે વાનપ્રસ્થથી જ, જે દિવસે વૈરાગ્ય ઉત્પન્ન થાય તે દિવસે જ સન્યાસી થતુ

૨ આરુરુક્ષોર્મુનેર્યોગં કર્મ કારણમુચ્યતે ।
યોગારૂઢસ્ય તસ્યૈવ શમ કારણમુચ્યતે ॥

યોગને આરૂઢ થવા ઈચ્છવાવાળા મુનિને ભગવદર્પણ બુદ્ધિવડે કર્મ કરતુ એ અવશ્ય કારણ કહેવાય છે અને યોગમા આરૂઢ થએલા તે જ મુનિને વિવેક અને વૈરાગ્ય સાથે શમ (ઈન્દ્રિયનિગ્રહ કરવો) એ અવશ્ય કારણ કહેવાય છે

નિશ્ચય કરેલો હોય તેવું આપ મને કહો. અર્થાત્ તે બેમાંથી જે ઉત્તમ માર્ગ હોય તે માર્ગ મને બતાવો. ૧.

અવતરણિકાઃ—અર્જુનના ઉપરોક્ત પ્રશ્નનો ભગવાન્ શ્રીકૃષ્ણ હવે ઉત્તર આપે છેઃ

श्रीभगवानुवाच । શ્રીભગવાન્ કહે છેઃ—

संन्यासः कर्मयोगश्च निःश्रेयसकरावुभौ ॥
तयोस्तु कर्मसंन्यासात्कर्मयोगो विशिष्यते ॥ २ ॥

पदच्छेदः—संन्यासः, कर्मयोगः, च, निःश्रेयसकरौ, उभौ, तयोः, तु, कर्मसंन्यासात्, कर्मयोगः, विशिष्यते.

व्युत्पत्तिसमासाः—कर्मणां योगः कर्मयोगः । अतिशयेन प्रशस्यम् इति श्रेयः, निश्चितं श्रेयः इति निःश्रेयसम्, निःश्रेयसम् कुर्वतः इति निःश्रेयसकरौ । कर्मणां संन्यासः कर्मसंन्यासः, तस्मात् कर्मसंन्यासात् ।

અન્વય અને અર્થઃ—(હે અર્જુન !) संन्यासः કર્મસંન્યાસ, च અને, कर्मयोगः કર્મયોગ, उभौ એ બંને, निःश्रेयसकरौ પરમકલ્યાણ-મોક્ષ કરવાવાળા છે, तु પરંતુ, तयोः તે બંનેમાં, कर्मसंन्यासात् કર્મસંન્યાસ-યોગ કરતાં, कर्मयोगः કર્મયોગ, विशिष्यते અધિક શ્રેષ્ઠ છે.

---

૨ देशकालवयोऽवस्था बुद्धिशक्त्यनुरूपतः ।
धर्मोपदेशो भेषज्यं वक्तव्यं धर्मपारगैः ॥

દેશ, કાલ, વય, અવસ્થા, બુદ્ધિ અને શક્તિ પ્રમાણે જ ધર્મનાં તત્ત્વ જાણનારાઓએ ધર્મના ઉપદેશરૂપી ઔષધોપચાર કરવો.

ભાવાર્થઃ—હે અર્જુન ! ' કર્મ-સંન્યાસ ' અને ' કર્મ-યોગ ' એ બંને પરમ કલ્યાણની અર્થાત્ મોક્ષની પ્રાપ્તિ કરાવનારા છે, છતા પણ તે બનેમાં ' કર્મ-સન્યાસ ' કરતાં ' કર્મ યોગ ' વધારે શ્રેષ્ઠ છે. ૨.

અવતરણિકાઃ—આ પ્રમાણે કર્મયોગની વિશિષ્ટતા બતાવીને પણ સન્યાસમા કર્મનો ત્યગ સન્યાસ કરનાર કોને કહેવામાં આવે છે તે કહે છે.

ज्ञेयः स नित्यसंन्यासी यो न द्वेष्टि न कांक्षति ॥
निर्द्वंद्वो हि महाबाहो सुखं बंधात्प्रमुच्यते ॥ ३ ॥

પદચ્છેદઃ—**ज्ञेयः, सः, नित्यसंन्यासी, यः, न, द्वेष्टि, न, काङ्क्षति, निर्द्वन्द्वः, हि, महाबाहो, सुखम्, बंधात्, प्रमुच्यते.**

વ્યુત્પત્તિસમાસાઃ—ज्ञातुं योग्यः ज्ञेयः । संन्यासः अस्य अस्तीति संन्यासी, नित्यं सर्वदा संन्यासी इति नित्यसंन्यासी । निर्गतं द्वंद्वं सुखदुःखादिसंज्ञितं यस्मात् सः निर्द्वन्द्वः । प्रकर्षेण सौकर्येण मुच्यते इति प्रमुच्यते ।

અન્વય અને અર્થઃ—महाबाहो હે મહાબાહો ! यः જે પુરુષ, (કોઇનો) न, द्वेष्टि દ્વેષ કરતો નથી, (તેમ કંઈ) न, काङ्क्षति ઈચ્છા કરતો નથી, सः તે, नित्यसंन्यासी નિરંતર સંન્યાસવાળો, ज्ञेयः જાણવો, (કારણ કે) निर्द्वन्द्वः સુખદુઃખાદિસંજ્ઞાવાળાં દ્વન્દ્વથી રહિત પુરુષ, बन्धात् સંસારના બંધનમાંથી, सुखम् સુખપૂર્વક, प्रमुच्यते છુટી જાય છે.

ભાવાર્થઃ—હે મહાબાહો ! જે પુરુષ કોઇનો દ્વેષ કરતો નથી તેમજ કોઈપણ પ્રકારની ઈચ્છા કરતો નથી તેને સર્વદા

સંન્યાસી જાણવો. કારણકે સુખદુઃખાદિ સંજ્ઞાવાળાં દ્વન્દ્વથી રહિત જે પુરુષ છે તે સંસારના કર્મ-રૂપી બંધનોમાથી સુખપૂર્વક મુક્ત થઈ જાય છે, એટલે દ્વેષ અને ઈચ્છા એ જ દ્વન્દ્વની ઉત્પત્તિ કરનાર હોવાથી અને તેમનાથીજ કર્મનું બંધન થતું હોવાથી તે દ્વન્દ્વરહિત જે થઈ જાય છે તે બંધનથી મુક્ત થઈ જાય છે. ૩.

અવતરણિકા:—"'કર્મસન્યાસ' અને 'કર્મયોગ' એ બને ભિન્ન હોવાથી ભિન્ન પુરુષ વડે અનુષ્ઠાન કરવા યોગ્ય હોઈ શકે, તેમ તેમનુ ફલ પણ ભિન્ન જ હોવુ જોઇએ અને તેથી બને પરમ શ્રેયની પ્રાપ્તિ કરાવનાર હોઇ શકે નહિ" એવી શંકા પ્રાપ્ત થતા તેના નિવારણ માટે ભગવાન્ શ્રીકૃષ્ણ નીચે પ્રમાણે અર્જુનને કહે છે

सांख्ययोगौ पृथग्बालाः प्रवदन्ति न पंडिताः ॥
एकमप्यास्थितः सम्यगुभयोर्विंदते फलम् ॥ ४ ॥

पदच्छेदः—सांख्ययोगौ, पृथक्, बालाः, प्रवदन्ति, न, पण्डिताः, एकम्, अपि, आस्थितः, सम्यक्, उभयोः, विन्दते, फलम्.

---

* सन्यगात्ममतिर्ज्ञात्वा तां बहत्यात्मबोधने ।
ज्ञानान्तरङ्गहेतुत्वात्साख्य सन्यास उच्यते ॥

આવી રીતે સ્વસ્વરૂપાનુસધાનબુદ્ધિ તે સાખ્યા કહેવાય છે, એ સાખ્યાને આત્મજ્ઞાન થવા માટે જે ધારણ કરે તે જ્ઞાનનુ આંતરંગ કારણ હોવાથી સાખ્ય અર્થાત્ સન્યાસ કહેવાય છે

२ योग ब्रह्मणा साद्धमेकत्व वन्तृपात्मन ।
स एव योगो विख्यात किमन्यद्योगलक्षणम् ॥

હે રાજન! આત્માનુ પરબ્રહ્મની સાથે જે એકપણ તેજ યોગ એ નામથી પ્રસિદ્ધ છે યોગનુ બીજુ લક્ષણ શુ હોય?

વ્યુત્પત્તિસમાસાઃ—સમ્યક્ એકીભાવેન ખ્યાયતે પ્રકાશ્યતે વસ્તુસ્વરૂપમ્ અનયા ઇતિ સાંખ્યા શુદ્ધચેતોવૃત્તિ, તસ્યા અય સાધન ભૂત સન્યાસ સાંખ્ય, સાંખ્યશ્ચ યોગશ્ચ સાંખ્યયોગૌ, તૌ સાંખ્યયોગૌ। પ્રકર્ષેણ વદન્તિ ઇતિ પ્રવદન્તિ। પડા અસાધારણા બુદ્ધિ સજાતા એષામ્ ઇતિ પડિતા । આ સમન્તાત્ સાવધાનતયા સ્થિત ઇતિ આસ્થિત ।

અન્વય અને અર્થઃ—સાંખ્યયોગા સાંખ્ય–જ્ઞાનપૂર્વક કર્મત્યાગ–કર્મસન્યાસયોગ અને કર્મયોગ એ બને, પૃથક્ જુદા જુદા છે, (એમ) બાલા એ વિષયમા બાળક જેવા સારાસારના વિવેકરહિત–અજ્ઞાનીઓ–મૂઢ લોકો, પ્રવદન્તિ કહે છે, (પરતુ) પણ્ડિતા બ્રહ્મજ્ઞાનીઓ, (એમ) ન (પ્રવદન્તિ) કહેતા નથી, (કારણકે એ બેમાથી) એકમ્ એકનુ અપિ પણ, સમ્યક્ સારી રીતે, આસ્થિત આચરણ કરનાર પુરુષ, ઉભયો બનેના, ફલમ્ ફલને, વિન્દતે મેળવે છે

ભાવાર્થ—જ્ઞાનપૂર્વક કર્મનો ત્યાગ એટલે કે 'કર્મ સન્યાસયોગ,' અને ઈશ્વરોપાસનારૂપ શુદ્ધ નિષ્કામ 'કર્મ યોગ' એ બને જુદા છે એમ એ બનેના સ્વરૂપને ન સમજ નારા અજ્ઞાનીઓ બોલે છે, પણ વિદ્વાનો બોલતા નથી કારણ કે 'કર્મસન્યાસ' તથા 'કર્મયોગ' એ બેમાથી કોઈ એકનુંપણ જો સારી રીતે આચરણ કરે તો તે પુરુષ બનેથી મેળવી શકાતા એવા શાશ્વત–અવિનાશિ ફલને એટલે મોક્ષને પામે છે ૪

અવતરણિકા— બેમાથી એક જ યોગના અનુષ્ઠાનથી બનેનુ સમાન ફળ કેવી રીતે મળે છે?' તે રહસ્ય જિજ્ઞાસાને ધ્યાનમા રાખીને ભગવાન્ શ્રીકૃષ્ણ કહે છે

यत्सांख्यैः प्राप्यते स्थानं तद्योगैरपि गम्यते ॥
एकं सांख्यं च योगं च यः पश्यति स पश्यति ॥५॥

પદચ્છેદઃ—यत्, सांख्यैः, प्राप्यते, स्थानम्, तत्, योगैः, अपि, गम्यते, एकम्, सांख्यम्, च, योगम्, च, यः, पश्यति, सः, पश्यति.

વ્યુત્પત્તિસમાસાઃ—सांख्यः—ज्ञानपूर्वककर्मसंन्यासयोगः परमश्रेयःप्राप्त्यै अनुष्ठेयः येषां ते सांख्याः, तैः सांख्यैः कर्मसंन्यासिभिः। स्थीयते अस्मिन् इति स्थानम्। योगः—निष्कामकर्मलक्षणः—कर्मयोगः परमश्रेयःप्राप्त्यै अनुष्ठेयः येषां ते योगाः, तैः योगैः।

અન્વય અને અર્થઃ—सांख्यैः સાંખ્યો (જ્ઞાનપૂર્વક 'કર્મ-સંન્યાસ'ને જ મોક્ષપ્રાપ્તિને માટે જેમણે ઉત્તમ ઉપાય માનેલો છે તેવા જ્ઞાનીઓ) વડે, यत् જે, स्थानम् સ્થાન (પરમ-બ્રહ્મ), प्राप्यते પ્રાપ્ત કરાય છે, तत् તે જ ધામ પ્રતિ, योगैः કર્મયોગીઓ વડે, अपि પણ, गम्यते જવાય છે, (અને તેથી) सांख्यम् જ્ઞાનોત્પત્તિ દ્વારા કર્મસંન્યાસને, च અને, योगम् નિષ્કામ કર્મયોગને, च પણ, यः જે પુરુષ, एकम् એક, (જ) पश्यति જુએ છે, सः તે, (જ) पश्यति જુએ છે. અર્થાત્ તેજ ખરો બ્રહ્મદૃષ્ટા છે.

ભાવાર્થઃ—કર્મ-સંન્યાસીઓ વડે અર્થાત્ જ્ઞાનીઓ વડે જે પરમ ધામની પ્રાપ્તિ થાય છે તે જ સ્થાન—પરમ ધામ નિષ્કામ કર્મયોગીઓ વડે પણ મેળવાય છે, અને તેથી જ્ઞાનોત્પત્તિ દ્વારા કર્મસંન્યાસને અને કર્મયોગને જે પુરુષ એક જ માને છે તે જ ખરો જોનારો છે—જાણનારો છે. અર્થાત્ બંનેને અંતમાં જે લક્ષ્ય

મેળવવાનુ છે તે એકજ હોવાથી તે બંનેને એક જ માનનારો પુરુષ સત્ય બ્રહ્મદ્રષ્ટા એટલે જ્ઞાની માનવામાં આવે છે. ૫.

અવતરણિકા:—"અથવા કર્મયોગીની નિષ્ઠાઓ પણ જો કર્મ સન્યાસમા અંતર્ગત થઈ જતી હોય તો પહેલાથી જ 'કર્મસન્યાસ'નું આચરણ શા માટે ન કરવુ ?" એવી અર્જુનની શંકાને દૂર કરવાના હેતુથી ભગવાન્ શ્રીકૃષ્ણ સન્યાસયોગની દુષ્પ્રાપ્યતા અને કર્મયોગની સુકરતા બતાવતા અર્જુનને નીચે પ્રમાણે કહે છે

[1]संन्यासस्तु महाबाहो [2]दुःखमाप्तुमयोगतः ॥
योगयुक्तो मुनिर्ब्रह्म न चिरेणाधिगच्छति ॥ ६ ॥

પદચ્છેદ:—संन्यासः, तु, महाबाहो, दुःखम्, आप्तुम्, अयोगतः, योगयुक्तः, मुनिः, ब्रह्म, न, चिरेण, अधिगच्छति.

વ્યુત્પત્તિસમાસા:—न योग अयोगः, तस्मात् अयोगात्, अयोगादिति अयोगत । योगेन युक्तः योगयुक्तः ।

અન્વય અને અર્થ:—महाबाहो હે મહાબાહો ! संन्यासः કર્મસંન્યાસ, तु તો, अयोगतः કર્મયોગ વિના, दुःखम् દુઃખથી,

---

१ प्रमादिनो बहिश्चित्ता विषुना कलहोत्सुका ।
सन्यासिनोऽपि दृश्यन्ते दैवसदूषिताशया ॥

પ્રમાદી, બહિયર મનવાળા, દુષ્ટવૃત્તિવાળા કલેશ કરવામા ઉત્સુક અને પ્રારબ્ધવશ દૂષિત વાસનાઓવાળા કોઈ કોઈ સન્યાસિઓ પણ જોવામા આવે છે

२ शोधनमृते कर्मसंन्यासो यो हठात्कृत ।
स तु दुःखमाप्तुमेवास्ति बुद्धिशुद्धेरभावत ॥

બુદ્ધિ-અંત કરણાદિને શુદ્ધ કર્યા વિના જે હઠથી કરેલો કર્મસન્યાસ-ત્યાગ છે તે બુદ્ધિના સંશોધનના અભાવ દુઃખપ્રાપ્તિને માટે જ છે.

प्रलपन्विसृजन्गृह्णन्नुन्मिषन्निमिषन्नपि ॥
इंद्रियाणींद्रियार्थेषु वर्तन्ते इति धारयन् ॥ ९ ॥

પદચ્છેદઃ—न, एव, किंचित्, करोमि, इति, युक्तः, मन्येत, तत्त्ववित्, पश्यन्, शृण्वन्, स्पृशन्, जिघ्रन्, अश्नन्, गच्छन्, स्वपन्, श्वसन्; प्रलपन्, विसृजन्, गृह्णन्, उन्मिषन्, निमिषन्, अपि, इन्द्रियाणि, इन्द्रियार्थेषु, वर्तन्ते, इति, धारयन्.

વ્યુત્પત્તિસમાસાઃ—तत्त्व वेत्तीति तत्त्ववित् । पश्यतीति पश्यन् । शृणोतीति शृण्वन् । स्पृशतीति स्पृशन् । जिघ्रतीति जिघ्रन् । अश्नातीति अश्नन् । गच्छतीति गच्छन् । स्वपितीति स्वपन् । श्वसितीति श्वसन् । प्रकर्षेण लपतीति प्रलपन् । विसृजतीति विसृजन् । गृह्णातीति गृह्णन् । उन्मिषतीति उन्मिषन् । इन्द्रेण दृर्जयानि इन्द्रियाणि, इन्द्रियाणाम् अर्था विषयाः इन्द्रियार्था, तेषु इन्द्रियार्थेषु । धारयतीति धारयन् ।

અન્વય અને અર્થઃ—युक्त. નિષ્કામ કર્મયોગવડે યુક્ત, तत्त्ववित् તત્ત્વજ્ઞાની, इन्द्रियाणि ઇન્દ્રિયો, इन्द्रियार्थेषु ઇન્દ્રિયોના વિષયોમાં, वर्तन्ते (સ્વાભાવિક રીતે) પ્રવર્તે છે, इति એ પ્રમાણે, धारयन् નિશ્ચય કરીને, पश्यन् (આંખ વડે) જોતો, शृण्वन् (કાન વડે) સાંભળતો, स्पृशन् (ત્વચા વડે) સ્પર્શ કરતો, जिघ्रन् (નાસિકા વડે) સૂંઘતો, अश्नन् (જીભ વડે) રસાસ્વાદ લેતો, गच्छन् (પગ વડે) ચાલતો, स्वपन् સૂતો, श्वसन् શ્વાસ લેતો, प्रलपन् (વાણી વડે) બોલતો, विसृजन् (ગુદા તથા ઉપસ્થ દ્વારા મલમૂત્રનો) ઉત્સર્ગ કરતો, गृह्णन् (હાથ વડે) ગ્રહણ કરતો, उन्मिषन् આંખો ઉઘાડતો,

स्तम्बपर्यन्तानाम् आत्मभूतः आत्मा यस्य सः सर्वभूतात्मभूतात्मा—सम्यग्दर्शी। करोतीति कुर्वन्। न आत्मा अनात्मा, अनात्मा आत्मा इव भूतः इति आत्मभूतः।

અન્વય અને અર્થઃ—योगयुक्तः કર્મયોગથી જોડાયલો, विशुद्धात्मा અત્યત શુદ્ધ અંતઃકરણવાળો, विजितात्मा શરીર અથવા મનને જેણે પોતાને વશ રાખેલું છે તેવો, जितेन्द्रियः ઇન્દ્રિયોને નિયમમાં રાખનાર, (અને) सर्वभूतात्मभूतात्मा પ્રાણિમાત્રની સમાન જેણે પોતાનો આત્મા જાણેલો છે તેવો પુરુષ, कुर्वन् કર્મ કરતો, अपि છતાં પણ, (કર્મથી) न, लिप्यते લેપાતો નથી.

ભાવાર્થઃ—ભગવાનને અર્પણ કરવામાં આવેલું તથા ફલની ઇચ્છારહિત કરેલું ઇત્યાદિ ગુણોવાળું શાસ્ત્રોક્ત જે કર્મ તે કર્મરૂપી યોગથી યુક્ત, વિશુદ્ધ અંતઃકરણવાળો, શરીર અથવા મન અને ઇન્દ્રિયો જેના વશમાં છે તેવા, તથા પ્રાણિમાત્રને પોતાની સમાન માનનારો અર્થાત્ આત્મસમદૃષ્ટિ રાખનારો જે પુરુષ છે તે કર્મ કરતો હોય છે છતાં પણ તેનાથી બંધાતો નથી. અર્થાત્ સમદૃષ્ટિવાળા સંયમી મુનિનું કર્મ બધું ક્ષીણ થઈ જતું હોવાથી તેને તેનું બંધન રહી શકતું નથી. ૭.

અવતરણિકાઃ—"કર્મ કરવા છતા પણ તેની ઠંધપણ અમર તત્ત્વજ્ઞાનીને નથી થતી એ આશ્ચર્ય જેવુ છે!" એવી અર્જુનની શકાના નિવારણ આ ભગવાન્ શ્રીકૃષ્ણ નીચેના બે શ્લોકોમા 'જ્ઞાનીને કર્મબન્ધન ન થવાનું શુ કારણ છે' તે જણાવે છે

नैव किंचित्करोमीति युक्तो मन्येत तत्त्ववित् ॥
पश्यञ्शृण्वन्स्पृशञ्जिघ्रन्नश्नन्गच्छन्स्वपन्श्वसन् ॥ ८ ॥

प्रलपन्विसृजन्गृह्णन्नुन्मिषन्निमिषन्नपि ॥
इंद्रियाणींद्रियार्थेषु वर्तन्त इति धारयन् ॥ ९ ॥

પદચ્છેદઃ—ન, એવ, કિંચિત્, કરોમિ, ઇતિ, યુક્તઃ, મન્યેત, તત્ત્વવિત્, પશ્યન્, શૃણ્વન્, સ્પૃશન્, જિઘ્રન્, અશ્નન્, ગચ્છન્, સ્વપન્, શ્વસન્; પ્રલપન્, વિસૃજન્, ગૃહ્ણન્; ઉન્મિષન્, નિમિષન્, અપિ, ઇન્દ્રિયાણિ, ઇન્દ્રિયાર્થેષુ, વર્તન્તે, ઇતિ, ધારયન્.

વ્યુત્પત્તિસમાસાઃ—તત્ત્વં વેત્તીતિ તત્ત્વવિત્ । પશ્યતીતિ પશ્યન્ । શૃણોતીતિ શૃણ્વન્ । સ્પૃશતીતિ સ્પૃશન્ । જિઘ્રતીતિ જિઘ્રન્ । અશ્નાતીતિ અશ્નન્ । ગચ્છતીતિ ગચ્છન્ । સ્વપિતીતિ સ્વપન્ । શ્વસિતીતિ શ્વસન્ । પ્રકર્ષેણ લપતીતિ પ્રલપન્ । વિસૃજતીતિ વિસૃજન્ । ગૃહ્ણાતીતિ ગૃહ્ણન્ । ઉન્મિષતીતિ ઉન્મિષન્ । ઇન્દ્રેણ દુર્જયાનિ ઇન્દ્રિયાણિ, ઇન્દ્રિયાણામ્ અર્થાઃ વિષયાઃ ઇન્દ્રિયાર્થાઃ, તેષુ ઇન્દ્રિયાર્થેષુ । ધારયતીતિ ધારયન્ ।

અન્વય અને અર્થઃ—યુક્તઃ નિષ્કામ કર્મયોગવડે યુક્ત, તત્ત્વવિત્ તત્ત્વજ્ઞાની, ઇન્દ્રિયાણિ ઇન્દ્રિયો, ઇન્દ્રિયાર્થેષુ ઇન્દ્રિયોના વિષયોમાં, વર્તન્તે (સ્વાભાવિક રીતે) પ્રવર્તે છે, ઇતિ એ પ્રમાણે, ધારયન્ નિશ્ચય કરીને, પશ્યન્ (આંખ વડે) જોતો, શૃણ્વન્ (કાન વડે) સાંભળતો, સ્પૃશન્ (ત્વચા વડે) સ્પર્શ કરતો, જિઘ્રન્ (નાસિકા વડે) સૂંઘતો, અશ્નન્ (જીભ વડે) રસાસ્વાદ લેતો, ગચ્છન્ (પગ વડે) ચાલતો, સ્વપન્ સૂતો, શ્વસન્ શ્વાસ લેતો, પ્રલપન્ (વાણી વડે) બોલતો, વિસૃજન્ (ગુદા તથા ઉપસ્થ દ્વારા મલમૂત્રનો) ઉત્સર્ગ કરતો, ગૃહ્ણન્ (હાથ વડે) ગ્રહણ કરતો, ઉન્મિષન્ આંખો ઉઘાડતો,

(તેમ) નિમિષન્ આંખોને મીંચતો એટલે નાગ કૂર્માદિ પાંચ વાયુઓની ઉંચી નીચી ગતિ તથા સ્ફૂર્ણાયુક્ત હોવા છતાં, અપિ પણ, કિંચિત્ હું કાંઇ પણ, ન, એવ નથી જ, કરોમિ કરતો, ઇતિ એ પ્રમાણે, મન્યેત માને. અર્થાત્ કર્તાપણાના અભિમાનથી દૂર રહે.

ભાવાર્થઃ—નિષ્કામ કર્મયોગવડે યુક્ત તત્ત્વજ્ઞાનીએ, 'ઇંદ્રિયો ઇંદ્રિયોના વિષયોમાં સ્વાભાવિક રીતે પ્રવર્ત્તે છે,' એ પ્રમાણે નિશ્ચય કરીને પોતે જોતો, સાંભળતો, સ્પર્શ કરતો, સૂંઘતો, ખાતો, ચાલતો, સૂતો, શ્વાસ લેતો, બોલતો, મલમૂત્રાદિ ઉત્સર્ગ કરતો, હાથ વડે પકડતો, આંખોને ઉઘાડતો તથા બંધ કરતો એટલે નાગ કૂર્માદિ વાયુઓ વડે ઉંચી નીચી ગતિ તથા સ્ફૂર્ણાવાળો હોવા છતાં પણ, 'હું કાંઇ પણ નથી જ કરતો,' એમ માનવું જોઇએ. અર્થાત્ કર્તાપણાના અભિમાનથી સદંતર દૂર રહેવું જોઇએ અને તેમ કરવાથી તે કર્મ કરતો છતાં પણ તે તત્ત્વજ્ઞાનીને તે કર્મની બંધનરૂપ અસર થતી નથી. ૮–૯.

અવતરણિકાઃ—ઉપરોક્ત વાતનું જ વિશેષ સ્પષ્ટીકરણ કરે છે.

ब्रह्मण्याधाय कर्माणि सङ्गं त्यक्त्वा करोति यः ॥
लिप्यते न स पापेन पद्मपत्रमिवांभसा ॥ १० ॥

---

१ स्फटिकः प्रतिबिंबेन यथा नायाति रञ्जनम् ।
तत्स्थः कर्मफलैनान्तस्तथा नायाति रञ्जनम् ॥

સ્ફટિકમણિને જપાકુસુમાદિના પ્રતિબિંબવડે જેમ રંગ ચડી જતો નથી તેમ આત્મસ્વરૂપને કર્મમાં રહેતાં છતાં પણ કર્મના ફળવડે રંગ ચડતો નથી અને તેથી સ્વરૂપ શુદ્ધ રહેતાં તે આત્મા પણ કર્મફળથી લેપાયમાન થતો નથી.

પદચ્છેદઃ—બ્રહ્મણિ, આધાય, કર્માણિ, સઙ્ગમ્, ત્યક્ત્વા, કરોતિ, યઃ, લિપ્યતે, ન, સઃ, પાપેન, પદ્મપત્રમ્, ઇવ, અમ્ભસા.

વ્યુત્પત્તિસમાસાઃ—બૃંહતિ ઇતિ બ્રહ્મ, તસ્મિન્ । ક્રિયન્તે તાનિ કર્માણિ, તાનિ । પદ્મસ્ય પત્રમ્ પદ્મપત્રમ્ । આપ્નોતિ ઇતિ અમ્મઃ, તેન અમ્મસા ।

અન્વય અને અર્થઃ—યઃ જે પુરુષ, સઙ્ગં સંસર્ગ-આસક્તિ-ઉપાધિનો, ત્યક્ત્વા ત્યાગ કરીને, કર્માણિ કર્મોને, બ્રહ્મણિ બ્રહ્મને વિષે, આધાય રાખીને (બ્રહ્મને અર્પણ કરીને), કરોતિ કરે છે, સઃ તે પુરુષ, અમ્ભસા પાણી વડે, પદ્મપત્રમ્ કમળનું પત્ર, ઇવ જેમ, (તેમ) પાપેન પાપ વડે, ન, લિપ્યતે લેપાતો નથી.

ભાવાર્થઃ—જે પુરુષ સંસર્ગ-આસક્તિ-ઉપાધિનો ત્યાગ કરીને સર્વ કર્મ બ્રહ્મને અર્પણ કરીને કરે છે તે, કમળનું પાંદડું જેમ જલ વડે લિપ્ત થતું નથી તેમ કર્મો વડે લેપાતો નથી. અર્થાત્ કર્મના બંધનમાં આવતો નથી. ૧૦.

અવતરણિકાઃ—એ પ્રમાણે કર્મબંધનના નિવારણનો રસ્તો બતાવી હવે મોક્ષમાં કારણભૂત કર્મનું આચરણ કેવી રીતે કરવું તે દર્શાવે છે.

કાયેન મનસા બુદ્ધ્યા કેવલૈરિન્દ્રિયૈરપિ ॥
યોગિનઃ કર્મ કુર્વન્તિ સંગં ત્યક્ત્વાત્મશુદ્ધયે ॥૧૧॥

પદચ્છેદઃ—કાયેન, મનસા, બુદ્ધ્યા, કેવલૈઃ, ઇન્દ્રિયૈઃ, અપિ, યોગિનઃ, કર્મ, કુર્વન્તિ, સઙ્ગમ્, ત્યક્ત્વા, આત્મશુદ્ધયે.

વ્યુત્પત્તિસમાસાઃ—चीयते अन्नादिना इति कायः, तेन कायेन। योगः अस्ति येषां ते योगिनः। शुद्ध्यन्ते यया सा शुद्धिः, आत्मनः शुद्धिः इति आत्मशुद्धिः, तस्यै आत्मशुद्धये।

અન્વય અને અર્થ:-योगिनः યોગીઓ, कायेन શરીરવડે, मनसा મનવડે, बुद्ध्या બુદ્ધિવડે, (અને) केवलैः મમત્વરહિત ફક્ત, इन्द्रियैः ઇન્દ્રિયોવડે, अपि પણ, आत्मशुद्धये આત્મશુદ્ધિની ખાતર, सङ्गम् આસક્તિને, त्यक्त्वा છોડીને, कर्म કર્મ, कुर्वन्ति કરે છે.

ભાવાર્થઃ—યોગીઓ શરીર, મન અને બુદ્ધિવડે તથા મમત્વરહિત ફક્ત ઇંદ્રિયોવડે પણ આત્મશુદ્ધિની ખાતર આસક્તિનો ત્યાગ કરીને કેવળ ઈશ્વરાર્પણ બુદ્ધિથી કર્મ કરતા રહે છે, એટલે આત્મશુદ્ધિને માટે તેઓ કર્મ કરતા હોવાથી તેમને તેનું બંધન થતું નથી. ૧૧.

અવતરણિકાઃ—આ પ્રમાણે "સકામ અને નિષ્કામ કર્મના સમબંધમા (જે ઉપર કહેવામા આવ્યુ તેમા) અવિદ્વાન્ કર્મના બંધનમા આવે છે અને વિદ્વાન્ તેમાથી મુક્ત રહે છે" એ વાતને દૃઢીભૂત કરવા માટે ભગવાન્ ફરી પણ નિર્ણયરૂપે અર્જુનને કહે છે

युक्तः कर्मफलं त्यक्त्वा शांतिमाप्नोति नैष्ठिकीम् ॥
अयुक्तः कामकारेण फले सक्तो निबध्यते ॥ १२ ॥

પદચ્છેદઃ—युक्तः, कर्मफलम्, त्यक्त्वा, शान्तिम्, आप्नोति, नैष्ठिकीम्, अयुक्तः, कामकारेण, फले, सक्तः,

વ્યુત્પત્તિસમાસાઃ—કર્મણાં ફલમ્ ઇતિ કર્મફલમ્, તત્ । નિષ્ઠયા ભવા ઇતિ નૈષ્ઠિકી, તામ્ નૈષ્ઠિકીમ્—અપુનરાવર્તિનીમ્ । ન યુક્તઃ અયુક્તઃ । કામેન—કામપ્રેરણયા ફલાર્થં કરોતીતિ કામકારઃ, તેન કામકારેણ । નિતરાં બધ્યતે ઇતિ નિબધ્યતે ।

અન્વય અને અર્થઃ—યુક્તઃ પરમેશ્વરને અર્થે જ કર્મો કરવાનાં છે એવી રીતના નિશ્ચિત મતવાળો—સાવધાન (પુરુષ), કર્મફલમ્ કર્મોનાં ફળને, ત્યક્ત્વા છોડીને, નૈષ્ઠિકીમ્ જ્ઞાનનિષ્ઠાથી પ્રાપ્ત થનારી અપુનરાવર્તિની, શાન્તિમ્ શાન્તિને, આપ્નોતિ પામે છે, (પરંતુ) અયુક્તઃ કર્મનાં ફલની ઇચ્છાવાળો—અસાવધાન (પુરુષ તો), કામકારેણ ફલની ઇચ્છાની કામનાવડે, ફલે કર્મનાં ફલમાં, સક્તઃ આસક્ત થયેલો, નિબધ્યતે સારી રીતે બંધનમાં આવે છે.

ભાવાર્થઃ—પરમેશ્વર પ્રીત્યર્થ કર્મ કરનાર સ્વસ્થ ચિત્તવાળો પુરુષ કર્મોનાં ફળોને છોડીને અર્થાત્ તેની અપેક્ષા ન રાખીને શાશ્વત શાન્તિને મેળવે છે, પરંતુ કર્મનાં ફલની ઇચ્છાવાળો પુરુષ તો ફલની ઇચ્છાથી પ્રેરાઇને ફલમાં આસક્તિવાળો થઇને તે કર્મનાં બંધનોમાં આવે છે. અર્થાત્ સકામ કર્મ કરનાર જ બંધનને પામે છે, પરંતુ પ્રભુપ્રીત્યર્થ નિષ્કામ કર્મ કરનાર બંધનને પામતો નથી. ૧૨.

અવતરણિકા—"એ પ્રમાણે જેનું અંતઃકરણ સંપૂર્ણ પવિત્ર અને મલમય ન થયું હોય તેવાને તો ચિત્તશુદ્ધિને માટે કર્મસંન્યાસ કરતાં નિષ્કામ કર્મયોગ જ શ્રેષ્ઠ છે" એમ કહીને હવે "શુદ્ધ ચિત્તવાળો અને પરમાર્થદર્શી કેવી રીતે રહે છે?" એ પ્રશ્નના સમાધાનમાં ભગવાન્ શ્રીકૃષ્ણ નીચે પ્રમાણે અર્જુનને સમજાવે છેઃ

सर्वकर्माणि मनसा संन्यस्यास्ते सुखं वशी ॥
नवद्वारे पुरे देही नैव कुर्वन्न कारयन् ॥ १३ ॥

પદચ્છેદઃ—सर्वकर्माणि, मनसा, संन्यस्य, आस्ते, सुखम्, वशी, नवद्वारे, पुरे, देही, न, एव, कुर्वन्, न, कारयन्.

व्युत्पत्तिसमासाः—सर्वाणि च तानि कर्माणि च सर्वकर्माणि, तानि। सम्यक् न्यस्य भगवति समर्प्य इति संन्यस्य। वशं चित्तं वशः आत्मा वा अस्ति अस्य इति वशी। नव द्वाराणि यस्य तत् नवद्वारम्, तस्मिन् नवद्वारे। देहः अस्य अस्तीति देही। करोतीति कुर्वन्। मन इंद्रियाणि च कारयति प्रेरयतीति वा कारयन्।

અન્વય અને અર્થઃ—वशी અંતઃકરણ જેને વશમાં છે તેવો, देही આ શરીરધારી આત્મા, सर्वकर्माणि બધાં કર્મોને, मनसा મનથી, संन्यस्य ઈશ્વરમાં સમર્પણ કરી, नवद्वारे નવદ્વારવાળા, पुरे શરીરરૂપી નગરમાં, न, एव (કંઈ પણ) નહિ જ, कुर्वन् કરતો, (અને) अकारयन् न કરાવતો, सुखम् સુખપૂર્વક, आस्ते રહે છે.

ભાવાર્થઃ—અંતઃકરણ તથા ઇન્દ્રિયો જેના વશમાં છે તેવો એટલે જીતેન્દ્રિય દેહધારી જીવાત્મા મનથી બધાં કર્મો ઈશ્વરને

---

१ वसन्देहागारे परमपदनिष्ठो विजयते न कर्त्ता नो भोक्ता क्वचिदपि कदाचिद्विहरणे ॥
निजानन्दारामो विषयविरतिर्निन्यशरणः परब्रह्माद्वैतेऽपरिमितवपुः सन्विहरति ॥

પરમપદની નિષ્ઠાવાળો પુરુષ દેહરૂપી મંદિરમાં વસતો થકો કોઈ સ્થળે કયારે પણ કોઈ પ્રકારના વિહારમાં પોતાને નથી કર્તા માનતો કે નથી ભોક્તા માનતો, પરંતુ પોતાના આત્મામાં સંતુષ્ટ રહી, વિષયોથી વિરામ પામી, કોઇના શરણમાં નહિ રહી પ્રમાણ વિનાના શરીરવાળો થઇ પરબ્રહ્મરૂપી અદ્વૈતાનંદમાં વિહાર કરે છે

સમર્પણ કરીને, નવદ્વારવાળા આ શરીરમાં રહેવા છતાં પોતે કંઈ પણ કરતો નથી કે કરાવતો નથી એમ માને છે. અર્થાત બંધનને પ્રાપ્ત કરનાર એવી કોઈપણ પ્રકારની પ્રવૃત્તિમાં તે પડતો નથી. ૧૩.

અવતરણિકા:—"एष एव साधु कर्म कारयति तं यमेभ्यो लोकेभ्य उन्निनीषते। एष एवासाधु कारयति तं यमेभ्यो लोकेभ्योऽधो निनीषते" "એ પરમ ઈશ્વર જ, જેને આ લોકમાંથી ઉપર લઈ જવાની ઈચ્છા કરે છે તેને શુભ કર્મ કરાવે છે, અને જેને આ લોકથી પણ નીચે લઈ જવાની ઈચ્છા કરે છે તેને અશુભ કર્મો કરાવે છે." આ શ્રુતિવચન પ્રમાણે પરમેશ્વર જ શુભાશુભ ફલવાળાં કર્મોના પ્રેરયિતા છે, અને તેથી પુરુષ બીજાની સત્તાવડે ચાલતો હોવાથી પરતન્ત્ર છે, તેથી તે કેવી રીતે તે તે કર્મોનો ત્યાગ કરી શકે? જો "ઈશ્વર વડે જ જ્ઞાનમાર્ગમાં જોડાએલો તે શુભાશુભોને છોડી દેશે, એમ કદાચ કહેવામાં આવે તો પક્ષપાત અને ક્રૂરરહિતપણા વડે ઈશ્વરને પણ પુણ્ય અને પાપ લાગવાનો સંભવ રહે" એવી રીતની અર્જુનની શંકાના નિવારણને માટે "પરમેશ્વર પુણ્યપાપથી અલિપ્ત છે" એમ જણાવીને "જીવાત્મા પ્રકૃતિવશ હોવાથી તે પોતેજ શુભાશુભ કર્મો કરે છે" એ નીચેના બે શ્લોકોમાં ભગવાન્ અર્જુન પ્રત્યે કહે છે:

न कर्तृत्वं न कर्माणि लोकस्य सृजति प्रभुः ॥
न कर्मफलसंयोगं स्वभावस्तु प्रवर्तते ॥ १४ ॥

पदच्छेदः—न, कर्तृत्वम्, न, कर्माणि, लोकस्य, सृजति, प्रभुः, न, कर्मफलसंयोगम्, स्वभावः, तु, प्रवर्तते.

---

१ अहो अनुत्तरनीशोऽयमात्मनः सुखदुःखयोः।
ईश्वरप्रेरितो गच्छेत्स्वर्गं वा श्वभ्रमेव वा ॥ स्मृति ॥

જીવ પોતે અજ્ઞ હોવાથી પોતાને સુખ અથવા દુઃખ પ્રાપ્ત કરવામાં અસમર્થ છે, અને તેથી ઈશ્વરની પ્રેરણાથી જ તે સ્વર્ગ અથવા નરક (નરક:) માં જાય છે.

વ્યુત્પત્તિસમાસાઃ—કર્તુઃ ભાવઃ કર્તૃત્વમ્ । પ્રકર્ષેણ સમર્થતયા ભવતિ ઇતિ પ્રભુઃ । કર્મણાં ફલાનિ કર્મફલાનિ, કર્મફલાનાં સમ્યક્ યોગઃ ઇતિ કર્મફલસંયોગઃ, તમ્ કર્મફલસંયોગમ્ । સ્વસ્ય ભાવઃ સ્વભાવઃ ।

અન્વય અને અર્થઃ—પ્રભુઃ ઈશ્વર, લોકસ્ય લોકના, કર્તૃત્વમ્ કર્તાપણાને, ન, સૃજતિ સરજતો નથી, કર્માણિ કર્મોને, (પણ) ન (સરજતો) નથી, (તેમ) કર્મફલસંયોગમ્ કર્મોનાં ફલના સંયોગને, (પણ) ન (સરજતો) નથી, તુ પણ, સ્વભાવઃ સ્વભાવ, પ્રવર્તતે પ્રવર્તે છે.

ભાવાર્થઃ—ઈશ્વર આ લોકમાં કોઈના પણ કર્તાપણાને અથવા કર્મોને સરજતો નથી, તેમજ કર્મનાં ફલોના સંયોગને પણ તે ઉત્પન્ન કરતો નથી, માત્ર મનુષ્યનો સ્વભાવ–પ્રકૃતિ જ પોતાની મેળે પ્રવર્તે છે. અર્થાત્ પોતાની પ્રકૃતિ પ્રમાણે મનુષ્ય શુભાશુભ કર્મો કરે છે અને તેનાં ફલને ભોગવે છે. ૧૪.

नादत्ते कस्यचित्पापं न चैव सुकृतं विभुः ॥
अज्ञानेनावृतं ज्ञानं तेन मुह्यन्ति जंतवः ॥ १५ ॥

પદચ્છેદઃ—ન, આદત્તે, કસ્યચિત્, પાપમ્, ન, ચ, એવ, સુકૃતં, વિભુઃ, અજ્ઞાનેન, આવૃતમ્, જ્ઞાનમ્, તેન, મુહ્યન્તિ, જન્તવઃ.

---

૧ તેષ સ્વભાવશબ્દેન માયાઽવિદ્યાદિશબ્દિતા ।
પ્રકૃતિર્યાન્તિ જન્તુષ્વિહ વ્યવહારે પ્રવર્ત્તને ॥

સ્વભાવ શબ્દ વડે માયા કહેવાય છે કે જે અવિદ્યા, અજ્ઞાન, પ્રકૃતિ વિગેરે શબ્દોથી ઓળખાય છે, અને તેજ જંતુમાત્રને વ્યવહાર–(સુખ–દુઃખ) માં પ્રવર્ત્તાવે છે.

વ્યુત્પત્તિસમાસાઃ—સુષ્ઠુ કૃતં સુકૃતમ્ । વિશેષેણ વ્યાપક-તયા ભવતીતિ વિભુઃ । ન જ્ઞાનમ્ અજ્ઞાનમ્, તેન અજ્ઞાનેન । આ સમન્તાત્ વૃતમ્ ઇતિ આવૃતમ્ । જાયન્તે ઇતિ જન્તવ. ।

અન્વય અને અર્થઃ—વિભુઃ પરમેશ્વર, કસ્યચિત્ કોઇના પણ, પાપમ્ પાપને, ન, આદત્તે સ્વીકારતાનથી, ચ અને, સુકૃતમ્ પુણ્યને, ચ પણ, ન (સ્વીકારતા) નથી. એવ પણ, અજ્ઞાનેન અજ્ઞાન વડે, જ્ઞાનમ્ જ્ઞાન, આવૃતમ્ આચ્છાદિત થયેલું હોય છે, તેન તેથી, (જ) જન્તવઃ પ્રાણીઓ, મુહ્યન્તિ (સત્ અસત્ના વિવેક-રહિત થઈને) મોહ પામે છે.

ભાવાર્થઃ—પરમેશ્વર કોઇના પણ પાપને તેમજ પુણ્યને લેતા નથી, અર્થાત્ તે નિર્લેપ છે, પરંતુ અજ્ઞાનથી જ્ઞાન ઢંકાઇ ગયેલું હોવાથી પ્રાણીઓ વિવેકરહિત બની મોહ પામે છે. અર્થાત્ અજ્ઞાનને લીધે પ્રાણીઓ પરમાત્માના ખરા પારમાર્થિક સ્વરૂપને જાણી શકતા નથી અને તેથીજ તેઓ પ્રકૃતિને અનુસરી શુભાશુભ કર્મ કરવા તરફ દોડે છે અને તેનું ફલ ભોગવે છે. ૧૫.

અવતરણિકાઃ—અજ્ઞાનીઓની માફક જ્ઞાનીઓ મોહ નથી પામતા તે વાત હવે જણાવે છે

જ્ઞાનેન તુ તદજ્ઞાનં યેષાં નાશિતમાત્મનઃ ॥
તેષામાદિત્યવજ્જ્ઞાનં પ્રકાશયતિ તત્પરમ્ ॥ ૧૬ ॥

---

૧ વિષ્ણુમનુત્તમમમ્બ કલ્પિત વિદ્વનેડ્ચ્છે કુમતિશિલ્પવિચારોદ્ભવબોધેન નટમ્ ॥
નિત્યવિચારાત્મા ત્વાત્મમાત્રા ચકાસ્તિ ભ્રમજન્યનાશે ઋમણ્યવોદ્વિતીય ॥

ત્રણેગુણોવાળી હે માયી ભોટ જણાતું અધકારરૂપ અજ્ઞાન કે જે સ્વચ્છ-પ્રકાર-મય એવા ચૈતન્યપન આત્મામાં કલ્પિત છે તે, કુમતિ-ખોટા શિલ્પ-ખોટા જ્ઞાન

અવતરણિકાઃ—તેવા પરમ જ્ઞાનીઓની આ જગત્માં કેવા પ્રકારની વિશિષ્ટ દૃષ્ટિ રહે છે તે હવે ભગવાન્ કહે છેઃ

विद्याविनयसंपन्ने ब्राह्मणे गवि हस्तिनि ॥
शुनि चैव श्वपाके च पंडिताः समदर्शिनः ॥ १८ ॥

पदच्छेदः—विद्याविनयसम्पन्ने, ब्राह्मणे, गवि, हस्तिनि, शुनि, च, एव, श्वपाके, च, पण्डिताः, समदर्शिनः.

व्युत्पत्तिसमासाः—वेत्ति आत्मानम् अनया इति विद्या, विशेषेण नयः इति विनयः, विद्या च विनयश्च विद्याविनयौ, ताभ्यां सम्पन्नः इति विद्याविनयसम्पन्नः, तस्मिन् विद्याविनयसम्पन्ने । ब्रह्म वेदम् अधीते जानाति इति वा ब्राह्मणः, तस्मिन् ब्राह्मणे । गच्छतीति गौः, तस्मिन् गवि । हस्तः शुंडा अस्ति अस्य इति हस्ती, तस्मिन् हस्तिनि । श्वानं पचतीति श्वपाकः, तस्मिन् श्वपाके । पंडा असाधारणा बुद्धिः संजाता येषां ते पण्डिताः । समं पश्यन्ति ते समदर्शिनः, वा समं ब्रह्म द्रष्टुं शीलं येषां ते समदर्शिनः ।

अन्वय अने अर्थः—**विद्याविनयसम्पन्ने** વિદ્યા અને વિનયથી યુક્ત, **ब्राह्मणे** બ્રાહ્મણમાં, **गवि** ગાયમાં, **हस्तिनि** હાથીમાં, **शुनि** કૂતરામાં, **च** અને, **श्वपाके** ચાંડાલમાં, **च** પણ, **पण्डिताः** પંડિતો-બુદ્ધિમાન્ લોકો, **समदर्शिनः** સમાન-દૃષ્ટિવાળા, **एव** જ (હોય છે).

ભાવાર્થઃ—વિદ્યા અને વિનયથી ભૂષિત બ્રાહ્મણમાં, ગાયમાં, હાથીમાં, કૂતરામાં તથા ચાંડાલમાં પણ બ્રહ્મવેત્તા-



विद्याविनयसम्पन्ने ब्राह्मणे गवि हस्तिनि ।
शुनि चैव श्वपाके च पण्डिताः समदर्शिनः ॥

બ્રહ્મમય બુદ્ધિવાળા જ્ઞાની પુરુષો સર્વદા [1]સમાનદૃષ્ટિવાળા જ હોય છે. અર્થાત્ તેવુ ઉત્તમ કોટિનુ જેમને જ્ઞાન થયલુ હોય છે તેમને આ સર્વ જગત્ બ્રહ્મમય હોવાથી ભેદદૃષ્ટિ રહેતી નથી, એટલે તેઓ માત્ર મુખથી જ અદ્વૈતવાદી હોતા નથી, પરંતુ વસ્તુતઃ જ અદ્વૈતસ્વરૂપ હોય છે અને તેથી તેવાઓને કોઇ પણ પ્રકારનો સાંસારિક દોષ લાગતો નથી. ૧૮.

અવતરણિકા—મહર્ષિ ગૌતમે કહ્યું છે કે—"समासमाभ्यां विषमसमे पूजातः" સમાન એટલે અમુક અંશે ઉન્નત–મોટાઇવાળાને જે તેને યોગ્ય પૂજા કરવામા ન આવે, અને જે હલકી સ્થિતિવાળાને એકદમ વધારે

---

૧ ચાંડાળ, બ્રાહ્મણ, ગાય એ સર્વમા સમબુદ્ધિ અથવા તો બ્રહ્મવાદીના કહેવા પ્રમાણે સમવર્તન કઇ સ્થિતિમા હોય છે તે જાણવુ જોઈએ કારણ કે શ્લોકમા સમાન દૃષ્ટિ રાખવી એમ લખ્યુ છે પણ સમાન વર્ત્તવુ એમ લખ્યુ નથી સાથે પડિત શબ્દ શ્લોકમા હોવાથી તે સમદૃષ્ટિ પણ પડિતો રાખી શકે છે તે પડિત કોને કહેવા તેનું લક્ષણ બતાવવાને પોતેજ આપેલુ છે કે, 'यस्य सर्वे समारम्भा कामसङ्कल्पवर्जिताः । ज्ञानाग्निदग्धकर्माणं तमाहुः पण्डितं बुधा' જેના સર્વ કર્તવ્યો કામના અને સકલ્પોથી રહિત હોય અને જ્ઞાનાગ્નિથી જેના કર્મો બળી ગયા હોય તેવાને જ્ઞાનીઓ પડિત કહે છે, એવા જે પડિત હોય તેવાને માટે આ દૃષ્ટિ છે, પરતુ જેઓ પોતાના શાસ્ત્રોય કર્મો પણ ન કરતા હોય તો તેવાઓને જ્ઞાન કયાંથી હોઈશકે ? અને જ્ઞાન ન હોય તો તેવા સમદૃષ્ટિ અથવા સમવર્તનને યોગ્ય પડિત કેમ ગણાય ? અને તેથીજ તેવા અજ્ઞાનીઓ પર આધાર રાખી ચાંડાળ બ્રાહ્મણ વગેરેના એકીકરણથી વર્ણાશ્રમ ધર્મનો વિનાશ કરી, પાપનો સ્વીકાર કરી અધમ સ્થિતિએ પહોચવા તરફ જનસમાજે ન જવુ એજ કલ્યાણકારક છે, અર્થાત્ બ્રાહ્મણ, ચાંડાલ, ગાય, કૂતરો અને હાથી ઈત્યાદિકોના મુખ્ય ખ્યાલ પડિતોએ સમાન દૃષ્ટિવાળા હોવુ જોઇએ પણ સમાન વર્ત્તનવાળા બનવુ ન જોઈએ કારણ વિચારો કે જેમ ગાય વર્તે છે તેમ કૂતરો કે હાથી વિગેરે કઈ વર્તી શકતા નથી, તેમ કૂતરો, ગાય કે હાથી વર્તે તેમ કઈ બ્રાહ્મણ કે ચાંડાલ વર્તીશકતા નથી તેમજ બ્રાહ્મણે પણ ચાંડાલની પેઠે વર્તવુ ન જોઈએ અને ચાંડાલે પણ બ્રાહ્મણની પેઠે વર્તવુ ન જોઇએ પરતુ તે સર્વમા પોતાને જેમ સુખ દુ ખ થાય છે, તેમ બીજાને પણ થાય છે એમ સમાન દૃષ્ટિ રાખી કોઇને પણ સુખ થવામા સહાયક–કારણભૂત બનવુ પણ કોઇને દુ ખ દેવામા કે થવામા સહાયક—કારણભૂત બનવુ નહિ

પ્રમાણમાં પૂજા અર્પવામાં આવે તો પૂજક આ લોક અને પરલોક બન્નેમાં અધોગતિ પામે છે, તેથી વિષમ (વર્તન અને વ્યવહારમાં વિપરીતતાવાળા) માં સમાનદૃષ્ટિ તો અનર્થકરી અને પાપમૂલક છે તો તેવી દૃષ્ટિ રાખનારા પુરુષો પંડિતો કેવી રીતે કહી શકાય?" એવી અર્જુનની શંકાના સમાધાનમાં ભગવાન્ શ્રીકૃષ્ણ નીચેના શ્લોકમાં પંડિતોની સામ્યદશા કે જે મોક્ષમાં ખાસ કારણ છે તેનું વર્ણન કરે છે.

इहैव तैर्जितः सर्गो येषां साम्ये स्थितं मनः ॥
निर्दोषं हि समं ब्रह्म तस्माद्ब्रह्मणि ते स्थिताः ॥१९॥

पदच्छेदः—इह, एव, तैः, जितः, सर्गः, येषां, साम्ये, स्थितम्, मनः, निर्दोषम्, हि, समम्, ब्रह्म, तस्मात्, ब्रह्मणि, ते, स्थिताः.

व्युत्पत्तिसमासाः—सृज्यते इति सर्गः । समस्य भावः साम्यम्, तस्मिन् साम्ये । मन्यते अनेन इति मनः । दुष्यन्ते गुणाः यैस्ते दोषाः, निर्गताः दोषाः यस्मात् तत् निर्दोषम् । सह मीयते तत् समम् ।

अन्वय अने अर्थः—येषाम् જેઓનું, मनः મન, साम्ये સમાનતામાં, स्थितम् રહેલું છે, तैः તેઓએ, इह અહીં, एव જ, सर्गः સંસાર—જન્મ—મૃત્યુ—ને, जितः જીત્યો છે, हि કારણ કે, ब्रह्म બ્રહ્મ, निर्दोषम् દોષરહિત, (અને) समम् સર્વમાં સરખે

---

१ सूर्यो यथा सर्वलोकस्य चक्षुर्न लिप्यते चाक्षुषैर्बाह्यदोषैः ।
एकस्तथा सर्वभूतान्तरात्मा न लिप्यते लोकदुःखेन बाह्यः ॥ श्रुतिः ॥

જેમ ભગવાન્ સૂર્યનારાયણ સર્વલોકોના નેત્રરૂપ છે તેથી તે નેત્રસંબંધી-દોષોવડે લેપાતો નથી તે પ્રમાણે સર્વભૂતપ્રાણિમાત્રનો અંતરાત્મા-ચૈતન્ય-બ્રહ્મ—આત્મા સર્વથી બાહ્ય હોવાથી લોકસંબંધી દુઃખવડે લેપાતો નથી.

ભાગે વહેંચાયલું છે, तस्मात् તેથી, ते તેઓ, ब्रह्मणि પરમ-બ્રહ્મમાં, स्थिताः રહેલા છે.

ભાવાર્થઃ—જેઓનું મન સમાનતામાં સ્થિર થએલું છે તેમણે અર્થાત્ સર્વ પ્રાણીમાં કે વસ્તુમાત્રમાં સમાનદૃષ્ટિવાળાઓએ અહીં જ સંસારને જીત્યો છે, એમ તું માન, કારણ કે બ્રહ્મ નિર્દોષ અને સર્વમાં સરખે ભાગે વહેંચાયેલું હોવાથી તેઓ પરમ બ્રહ્મમાં જ લીન થયેલા છે. અર્થાત્ વસ્તુમાત્ર તેમને બ્રહ્મથી વ્યતિરિક્ત ન જણાતી હોવાથી સંસાર પણ તેમને નથી અને તેથીજ તેઓ બ્રહ્મમાંજ રહેલા છે એમ તું સમજ. ૧૯.

અવતરણિકાઃ—બ્રહ્મનો સાક્ષાત્કાર થયેલાઓની દશાનાં વિશેષ લક્ષણ કેવાં હોય છે તે ભગવાન્ કહે છેઃ

न प्रहृष्येत्प्रियं प्राप्य नोद्विजेत्प्राप्य चाप्रियम् ॥
स्थिरबुद्धिरसंमूढो ब्रह्मविद्ब्रह्मणि स्थितः ॥ २० ॥

પદચ્છેદઃ—न, प्रहृष्येत्, प्रियम्, प्राप्य, न, उद्विजेत्, प्राप्य, च, अप्रियम्, स्थिरबुद्धिः, असंमूढः, ब्रह्मवित्, ब्रह्मणि, स्थितः.

વ્યુત્પત્તિસમાસાઃ—प्रकर्षेण हृष्येत् इति प्रहृष्येत् । प्रीणातीति प्रियम्, तत् । न प्रियम् इति अप्रियम्, तत् । स्थिरा बुद्धिः यस्य सः स्थिरबुद्धिः । सम्यक् मूढः इति संमूढः, न संमूढः असंमूढः । ब्रह्म वेत्तीति ब्रह्मवित् ।

અન્વય અને અર્થઃ—(જે પુરુષ) प्रियम् પ્રિય વસ્તુને, प्राप्य પ્રાપ્ત કરીને, न, प्रहृष्येत् હર્ષ પામતો નથી, च અને,

પદચ્છેદઃ—બાહ્યસ્પર્શેષુ, અસક્તાત્મા, વિન્દતિ, આત્મનિ, યત્, સુખમ્, સઃ, બ્રહ્મયોગયુક્તાત્મા, સુખમ્, અક્ષય્યમ્, અશ્નુતે.

વ્યુત્પત્તિસમાસાઃ—બહિર્ભવાઃ બાહ્યાઃ, સ્પૃશ્યન્તે તે સ્પર્શાઃ, બાહ્યાશ્ચ તે સ્પર્શાશ્ચ બાહ્યસ્પર્શાઃ, તેષુ બાહ્યસ્પર્શેષુ। ન સક્તઃ આત્મા અન્તઃકરણં યસ્ય સઃ અસક્તાત્મા। બ્રહ્મણિ પરમાત્મનિ યોગઃ સમાધિઃ ઇતિ બ્રહ્મયોગઃ, તેન યુક્તઃ (તસ્મિન્ વ્યાપૃતઃ) આત્મા અન્તઃકરણં યસ્ય સ. બ્રહ્મયોગયુક્તાત્મા। ક્ષેતુમ્ શક્યમ્ ક્ષય્યમ્, ન ક્ષય્યમ્ ઇતિ અક્ષય્યમ્, તત્।

અન્વય અને અર્થઃ—બાહ્યસ્પર્શેષુ બાહ્ય-ઇન્દ્રિયોના-વિષયોમાં, અસક્તાત્મા આસક્તિરહિત ચિત્તવાળો, આત્મનિ પોતાના આત્મામાં, યત્ જે, સુખમ્ સુખને, વિન્દતિ પામે છે, સઃ તે, બ્રહ્મયોગયુક્તાત્મા પરમાત્મામાં સમાધિવડે જોડાએલ છે આત્મા જેનો, એટલે બ્રહ્મને વિષે જેણે પોતાનો આત્મા જોડેલો છે એવો થઈને અક્ષય્યમ્ કદી ક્ષય ન પામે તેવા, સુખમ્ સુખને, અશ્નુતે અનુભવે છે.

ભાવાર્થઃ—ઇન્દ્રિયોના બાહ્ય વિષયોમાં જેનું ચિત્ત આસક્ત નથી એવો પુરુષ પોતાના આત્મામાં જે સુખને મેળવે-

---

કોઈપણ પ્રમાણથી માપી શકાય યા ઉપમા આપી શકાય એવો નથી. વળી જેણે તે બ્રહ્મજ્ઞાનની ભૂમિકા જોઇ છે, તેને તેમાં ભંગ કરવાને પણ કોઇ સમર્થ નથી.” “વાર્તિક”

“આ લોકમા દરેક કામનાની અર્થાત્ વિષયોની પ્રાપ્તિથી જે સુખ મળે છે તથા સ્વર્ગલોકમાં આ લોકથી પણ જે અધિક શ્રેષ્ઠ સુખ મળે છે એ બન્ને લોકનાં સુખો તૃષ્ણાનો ક્ષય થઇ જવાથી જે સુખ કે આનંદ થાય છે તેના સોળમા ભાગ પણ નથી. અર્થાત્ વિરક્તિ અને બ્રહ્મજ્ઞાનજન્ય એ બે સૌથી શ્રેષ્ઠ આનંદ છે બાકી લૌકિક વિષયોનો આનંદ તો તુચ્છ અને ક્ષણભંગુર છે.” “મહાભારત”

અપ્રિયમ્ અહિત વસ્તુને, પ્રાપ્ય મેળવીને, ન, ઉદ્વિજેત્ ઉદ્વેગ પામતો નથી, (તે પુરુષ) સ્થિરબુદ્ધિઃ સ્થિર બુદ્ધિવાળો અસંમૂઢઃ જરા પણ મોહ ન પામે તેવો, બ્રહ્મવિત્ બ્રહ્મને જાણનારો, (અને) બ્રહ્મણિ બ્રહ્મમા, (જ) સ્થિતઃ લીન થઈને રહેલો છે

ભાવાર્થઃ—પ્રિય વસ્તુને પ્રાપ્ત કરીને જે હર્ષ પામતો નથી અને અપ્રિય વસ્તુને પ્રાપ્ત કરીને જે શોક કરતો નથી, તે પુરુષ જ સ્થિરબુદ્ધિવાળો અને વિવેકને જરાપણ ન ભૂલી મોહ ન પામે તેવો બ્રહ્મજ્ઞાની છે અને તે સાક્ષાત્ બ્રહ્મમાજ રહેલો છે. અર્થાત્ જે બ્રહ્મમય હોય છે તે સુખદુ ખ પ્રિયાપ્રિય વગેરે દ્વન્દ્વથીરહિત હોય છે એમ તું માન. ૨૦.

અવતરણિકાઃ—અનેક જન્મોમા બાહ્ય વિષયોમા જે પ્રીતિ અનુભવવામા આવી હોય છે તે ઘણી પ્રબલ હોવાથી તેમા આસક્ત ચિત્તવાળાને આ લોકમા ન જોવાએલા—અનુભવાએલા અને સર્વ વિષયસુખના આનદથી રહિત એવા બ્રહ્મમા કેવી રીતે સ્થિરતા થાય? તેના જવાબમા 'બ્રહ્મ પરમાનદસ્વરૂપ છે' એમ કહેવામા આવે તો તે માન્ય કરી શકાય નહિ, કારણ કે તે પરમ આનદ પહેલા અનુભવવામા આવેલો ન હોવાથી તે સ્વરૂપે તે કહી શકાય નહિ ઇત્યાદિ શકાના સમાધાનમા બ્રહ્માનન્દ સૌથી પરમ અને શ્રેષ્ઠ છે અને તેને પણ મેળવી શકે છે તે નીચેના શ્લોકમા ભગવાન્ જણાવે છે

બાહ્યસ્પર્શેષ્વસક્તાત્મા વિન્દત્યાત્મનિ યત્સુખમ્ ॥
સ બ્રહ્મયોગયુક્તાત્મા સુખમક્ષય્યમશ્નુતે ॥ ૨૧ ॥

---

૧ અપ્યાનન્દ શ્રુત સાક્ષાન્માનેનાવિષયીકૃત ।
ઇષ્ટાનન્દાભિલાષ ત ન મન્દીકર્તુમપ્યલમ્ ॥ ઇતિ વાર્તિકે ॥
યચ્ચ કામસુખ લોકે યચ્ચ દિવ્ય મહત્સુખમ્ ।
તૃષ્ણાક્ષયસુખસ્યૈતે નાર્હત ષોડશીં કલામ્ ॥ મહાભારતે ॥

" પરમ આનદ જે પ્રમાણે સાભળવામા આવ્યો છે તે તે પ્રમાણે સાક્ષાત્

પદચ્છેદઃ—બાહ્યસ્પર્શેષુ, અસક્તાત્મા, વિન્દતિ, આત્મનિ, યત્, સુખમ્, સઃ, બ્રહ્મયોગયુક્તાત્મા, સુખમ્, અક્ષય્યમ્, અશ્નુતે.

વ્યુત્પત્તિસમાસાઃ—બહિર્ભવાઃ બાહ્યાઃ, સ્પૃશ્યન્તે તે સ્પર્શાઃ, બાહ્યાશ્ચ તે સ્પર્શાશ્ચ બાહ્યસ્પર્શાઃ, તેષુ બાહ્યસ્પર્શેષુ। ન સક્તઃ આત્મા અન્તઃકરણં યસ્ય સઃ અસક્તાત્મા। બ્રહ્મણિ પરમાત્મનિ યોગઃ સમાધિઃ ઇતિ બ્રહ્મયોગઃ, તેન યુક્તઃ (તસ્મિન્ વ્યાવૃતઃ) આત્મા અન્તઃકરણં યસ્ય સઃ બ્રહ્મયોગયુક્તાત્મા। ક્ષેતુમ્ શક્યમ્ ક્ષય્યમ્, ન ક્ષય્યમ્ ઇતિ અક્ષય્યમ્, તત્।

અન્વય અને અર્થઃ—બાહ્યસ્પર્શેષુ બાહ્ય-ઇન્દ્રિયોના-વિષયોમાં, અસક્તાત્મા આસક્તિરહિત ચિત્તવાળો, આત્મનિ પોતાના આત્મામાં, યત્ જે, સુખમ્ સુખને, વિન્દતિ પામે છે, સઃ તે, બ્રહ્મયોગયુક્તાત્મા પરમાત્મામાં સમાધિવડે જોડાએલ છે આત્મા જેનો, એટલે બ્રહ્મને વિષે જેણે પોતાનો આત્મા જોડેલો છે એવો થઈને અક્ષય્યમ્ કદી ક્ષય ન પામે તેવા, સુખમ્ સુખને, અશ્નુતે અનુભવે છે.

ભાવાર્થઃ—ઇન્દ્રિયોના બાહ્ય વિષયોમાં જેનું ચિત્ત આસક્ત નથી એવો પુરુષ પોતાના આત્મામાં જે સુખને મેળવે-

---

કોઈપણ પ્રમાણથી માપી શકાય યા ઉપમા આપી શકાય એવો નથી. વળી જેણે તે મહદાનન્દની ઊર્મિઓ જોઇ છે, તેને તેમાં ભંગ કરવાને પણ કોઇ સમર્થ નથી ”
“વાર્તિક”

“આ લોકમા દરેક કામનાની અર્થાત્ વિષયોની પ્રાપ્તિથી જે સુખ મળે છે તથા સ્વર્ગલોકમાં આ લોકથી પણ જે અધિક શ્રેષ્ઠ સુખ મળે છે એ બન્ને લોકનાં સુખો તૃષ્ણાનો ક્ષય થઇ જવાથી જે સુખ કે આનંદ થાય છે તેનો સોળમો ભાગ પણ નથી. અર્થાત્ વિરક્ત અને બ્રહ્માનન્દ એ જ સૌથી શ્રેષ્ઠ આનંદ છે બાકી લૌકિક વિષયોનો આનંદ તો તુચ્છ અને ક્ષણભંગુર છે.” “મહાભારત”

છે તેજ પુરુષ પરમાત્મામાં સમાધિવડે લીનથએલ અંતઃકરણવાળો યોગી થઇને રહે છે તો તે અનંત સુખને ભોગવે છે—અનુભવે છે એટલે મોક્ષ પામે છે. અર્થાત્ વિષયોમાં અનાસક્તિ રાખી ધીમે ધીમે આત્મજ્ઞાન મેળવતાં વિષયોની પ્રીતિ નાશ પામે છે અને પછી ઉત્તરોત્તર જ્ઞાનયોગથી યુકત થતા મનુષ્ય ક્રમથી અક્ષય સુખને મેળવે છે. ૨૧

અવતરણિકાઃ—"સુષુપ્તિ–નિદ્રાની હદમા અનુભવાતા કોઈ અદૃષ્ટ આનદના જેવા આ બ્રહ્મસુખની ખાતર, સાક્ષાત્ દિવ્ય–સુદર સ્ત્રી, અન્ન, પાન, ગાયન વાદન, ઇત્યાદિ ઉપલબ્ધ સુખોને કોણ તિલાજલી આપે?" એવી શકાના સમાધાનમા "બાહ્ય સુખો નાશ પામનારા હોવાથી સાથે દુ ખદ છે એમ જણાવી તે ત્યાગ કરવા યોગ્ય છે" તે કહે છે.

ये[1] हि संस्पर्शजा भोगा दुःखयोनय एव ते ॥
आद्यन्तवन्तः कौंतेय न तेषु रमते बुधः ॥ २२ ॥

पदच्छेदः—ये, हि, संस्पर्शजाः, भोगाः, दुःखयोनयः, एव, ते, आद्यन्तवन्तः, कौन्तेय, न, तेषु, रमते, बुधः.

व्युत्पत्तिसमासाः—संस्पृश्यन्ते इति सस्पर्शा विषया, तेभ्यः जाता इति सस्पर्शजाः। भुज्यन्ते ते भोगा। युवन्ति इति योनय, दुःखस्यैव योनय कारणभूता इति दुःखयोनयः। आदि. विषयेन्द्रिय-

---

१ सपद्म प्रमदाश्चैव तरङ्गा इव सङ्गमङ्गुरा ।
कस्तासुहिफणाच्छत्रच्छायासु रमते बुधः ॥ वासिष्ठे ॥

નાના પ્રકારની સંપત્તિઓ અને પ્રમદા–સ્ત્રીઓ તે તરંગોની પેઠે ઉત્પન્ન થતા જ નાશ પામનારા છે તો સર્પની ફણા રૂપી છત્રની છાયાની પેઠે તેઓમા કયો પંડિત પુરુષ રમણ કરે છે? અર્થાત કોઈપણ રમતો નથી.

સંયોગો, યોગાનામન્તશ્ચ તદ્વિયોગ એવ ઇતિ આદ્યન્તૌ, આદ્યન્તૌ વિદ્યેતે યેષાં તે આદ્યન્તવન્ત. । કુન્તાયાઃ અપત્યં પુમાન્ કૌતેયઃ, તત્સંબુદ્ધૌ હે કૌન્તેય । આત્માનં બોધતીતિ બુધઃ ।

અન્વય અને અર્થઃ—યે જે, સંસ્પર્શજા વિષયજન્ય, ભોગા. ભોગો છે, તે તે, હિ ખરેખર, દુઃખયોનયઃ દુઃખના કારણરૂપ, (અને) આદ્યન્તવન્તઃ સંયોગ-વિયોગથી આદિ અને અંતવાળા અર્થાત્ નાશપામનારા, એવ જ (છે), (માટે) કૌન્તેય હે કૌન્તેય! બુધઃ ડાહ્યો માણસ, તેષુ તે વિષયોમાં, ન રમતે રમણ કરતો નથી-તેને સેવી આનંદ માનતો નથી.

ભાવાર્થઃ—જે વિષયજન્ય ભોગો છે તે દુઃખના કારણ-રૂપ અને સંયોગવિયોગને લઈને આદિ તથા અંતવાળા અર્થાત્ ક્ષણભંગુર જ છે, માટે હે કૌન્તેય! ડાહ્યા-બ્રહ્મજ્ઞાની પુરુષ તે વિષ-યોમાં રમતો નથી. અર્થાત્ જ્ઞાની મનુષ્ય વિષયો દુઃખદ અને વિના-શી હોવાથી તેનો આનંદ ભોગવવાની ઇચ્છા ન રાખતાં બ્રહ્મા નંદને મેળવવાની જ અભિલાષા રાખે છે અને યત્ન કરે છે ૨૨.

અવતરણિકાઃ—'વિષયોમા પ્રીતિ એ પરમકલ્યાણના માર્ગમા મોટો પ્રતિબંધ, દુર્નિવાર દોષ, તથા બધી જાતના અનર્થ કરનાર છે, અને તેમા પણ કામક્રોધ જીતી શકાય તેવા નથી તેથી તેમના પરિહાર માટે અધિક યત્ન કરવો જોઈએ' એ પ્રમાણે નીચેના શ્લોકમા ભગવાન્ શ્રીકૃષ્ણ કહે છે

શક્નોતીહૈવ યઃ સોઢું પ્રાક્ શરીરવિમોક્ષણાત્ ॥
કામક્રોધોદ્ભવં વેગં સ યુક્તઃ સ સુખી નરઃ ॥૨૩॥

---

૧ પ્રાણે ગતે યથા દેહ સુખ દુ ખં ન વિન્દતિ ।
તથા ચેત્પ્રાણયુક્તોઽપિ સ કૈવલ્યાશ્રમે વસેત્ ॥ વાસિષ્ઠે ॥

દેહમાથી જ્યારે પ્રાણ નીકળી જાય છે ત્યારે દેહ જેમ સુખ અથવા દુ ખને જાણતો નથી તે પ્રમાણે જ જે પ્રાણથી દેહ જોડાયેલો હોય છતા પણ સુખ અથવા દુ ખને જાણે નહિ તો તે કૈવલ્ય-સંન્યાસરૂપ આશ્રમ વિષે વસી શકે છે

પદચ્છેદઃ—શક્નોતિ, ઇહ, એવ, યઃ, સોઢુમ્, પ્રાક્, શરીરવિમોક્ષણાત્, કામક્રોધોદ્ભવમ્, વેગમ્, સઃ, યુક્તઃ, સઃ, સુખી, નરઃ.

વ્યુત્પત્તિસમાસાઃ—વિશેષેણ મોક્ષણમ્ ઇતિ વિમોક્ષણમ્, શીર્યતે ઇતિ શરીરમ્, શરીરસ્ય વિમોક્ષણં શરીરવિમોક્ષણં, તસ્માત્ શરીરવિમોક્ષણાત્। ઉદ્ભવતીતિ ઉદ્ભવઃ, કામશ્ચ ક્રોધશ્ચ ઇતિ કામક્રોધૌ, તાભ્યાં ઉદ્ભવઃ યસ્ય સઃ કામક્રોધોદ્ભવઃ, તમ્ કામક્રોધોદ્ભવમ્। સુખમ્ અસ્ય અસ્તીતિ સુખી।

અન્વય અને અર્થઃ— ઇહ આ લોકમાં, યઃ જે પુરુષ, શરીરવિમોક્ષણાત્ શરીર છુટી જવાની એટલે મૃત્યુની, પ્રાક્ પહેલાં, કામક્રોધોદ્ભવમ્ કામ અને ક્રોધથી ઉત્પન્ન થતા, વેગમ્ વેગને–પ્રવાહને, સોઢુમ્ સહન કરવાને–રોકવાને, શક્નોતિ શક્તિમાન્–સમર્થ થાયછે, સઃ તે, એવ જ, નરઃ પુરુષ, યુક્તઃ યોગી (છે અને તેજ પુરુષ), સુખી સુખી (છે).

ભાવાર્થઃ—આ લોકમાં જે મનુષ્ય શરીર છુટી જવા પહેલાં એટલે મૃત્યુ પહેલાં કામ તથા ક્રોધથી ઉત્પન્ન થતા પ્રવાહને-તેમનાથી ઉત્પન્ન થતી આવેશભરી વૃત્તિને સહન કરવાને–રોકવાને શક્તિમાન્ હોય છે તે જ પુરુષ ખરો યોગી છે, અને તે જ પુરુષ સુખી છે. અર્થાત્ કામ અને ક્રોધના વેગને જીતવાથી જ માણસ યોગયુક્ત થઈ ઉત્તરોત્તર સુખી થઈ શકે છે. ૨૩.

અવતરણિકાઃ—'કેવળ કામક્રોધથી ઉત્પન્ન થતા વેગને અટકાવવા-માત્રથી જ મનુષ્ય પરમ પુરુષાર્થરૂપ મોક્ષને મેળવે છે એમ નથી, પણ વિશેષ ધ્યાનાદિક સામગ્રીસંપન્ન પણ મનુષ્યે થવુ જોઇએ' તે વાત ભગવાન્ જણાવે છેઃ

योन्तःसुखोऽन्तरारामस्तथांतर्ज्योतिरेव च ॥
स योगी ब्रह्मनिर्वाणं ब्रह्मभूतोऽधिगच्छति ॥ २४ ॥

पदच्छेदः—यः, अन्तःसुखः, अन्तरारामः, तथा, अन्तर्ज्योतिः, एव, च, स, योगी, ब्रह्मनिर्वाणम्, ब्रह्मभूतः, अधिगच्छति.

व्युत्पत्तिसमासाः—अन्तः आत्मनि एव सुखं यस्य सः अन्तःसुखः। अन्तः आत्मनि एव आ समंतात् रमणं क्रीडा यस्य सः अन्तरारामः। अन्तःआत्मनि एव ज्योतिः प्रकाशः यस्य सः अन्तर्ज्योतिः। योगः अष्टांगलक्षणः अस्ति अस्य इति योगी। ब्रह्मणि निर्वाणम् इति ब्रह्मनिर्वाणम्, तत्। ब्रह्मणि भूतः स्थितः इतिः ब्रह्मभूतः।

અન્વય અને અર્થઃ—यः જે મનુષ્ય, अन्तःसुखः અંતરાત્મામાં જ સુખવાળો, तथा તેમ, अन्तरारामः અંતરાત્મામાં જ ક્રીડા કરનારો, एव, च તેમ જ, अन्तर्ज्योतिः અંતરાત્મામાં જ જે પ્રકાશે છે, सः તે, योगी યોગી, ब्रह्मभूतः પરબ્રહ્મમય થયો થકો, ब्रह्म-निर्वाणम् બ્રહ્મ (ને સર્વતઃ અને સમગ્રતઃ જાણવાથી અને તેના નિદિધ્યાસનથી તે એક જ) સ્વરૂપની પ્રાપ્તિરૂપ મોક્ષને, अधिगच्छति મેળવે છે.

ભાવાર્થઃ—જે મનુષ્ય પોતાના આત્મામાં જ સુખ માને છે, આત્મામાં જ ક્રીડા કરે છે અને આત્માને જ પરમજ્યોતિ-પ્રકાશ માને છે તેવો તે યોગી બ્રહ્મભૂત થઈને સર્વ રીતે બ્રહ્મ-જ્ઞાન પ્રાપ્ત કરીને નિદિધ્યાસનથી તે બ્રહ્મસ્વરૂપનેજ પામવારૂપ

મોક્ષને મેળવેછે. અર્થાત્ આત્મજ્ઞાન મેળવવા તરફજ યત્ન કરવો શ્રેયસ્કર છે. ૨૪.

અવતરણિકા:—'મુક્તિના કારણરૂપ જ્ઞાન થવામાં બીજાં કયાં સાધનો હોય તો બ્રહ્મપ્રાપ્તિ થાય!' તે કહે છે:

लभंते ब्रह्मनिर्वाणमृषयः क्षीणकल्मषाः ॥
छिन्नद्वैधा यतात्मानः सर्वभूतहिते रताः ॥ २५ ॥

પદચ્છેદ:—લભન્તે, બ્રહ્મનિર્વાણમ્, ઋષય:, ક્ષીણકલ્મષા:, છિન્નદ્વૈધા:, યતાત્માન:, સર્વભૂતહિતે, રતા:.

વ્યુત્પત્તિસમાસા:—બ્રહ્મણિ નિર્વાણમ્ ઇતિ બ્રહ્મનિર્વાણમ્, તત્। ઋષન્તિ જાનન્તિ તે ઋષય:। ક્ષીણં કલ્મષં યેષાં તે ક્ષીણકલ્મષા:। છિન્નં દ્વૈધં સંશયો યેષાં તે છિન્નદ્વૈધા:। યત: સંયત: આત્મા ચિત્તં યેષાં તે યતાત્માન:। સર્વાણિ ચ તાનિ ભૂતાનિ ચ સર્વભૂતાનિ, તેષાં હિતે રતા: ઇતિ સર્વભૂતહિતેરતા:।

અન્વય અને અર્થ:—ક્ષીણકલ્મષા: જેમનાં પાપ ક્ષીણ થયાં છે તેવા, છિન્નદ્વૈધા: જેમના સંશયો છેદાઈ ગયા છે તેવા, યતાત્માન: અંત:કરણને વશ રાખનારા, (અને) સર્વભૂતહિતેરતા: પ્રાણિમાત્રના ભલામાં આનંદ માનનારા,

---

१ विपर्ययः संशयो वा यद्द्वैधं त्वकृतात्मनाम् ।
ज्ञानासिना तु तच्छित्त्वा मुक्तसंगः परिव्रजेत् ॥

જેમણે આત્મજ્ઞાન પ્રાપ્ત કરેલ નથી તેમને જે ઉલટું-એકને ઠેકાણે બીજું-પ્રતિકૂળ અથવા સંશય થાય છે તેને દ્વૈધ કહે છે. એ દ્વૈધનું જ્ઞાનરૂપી અસ્ત્રવડે છેદન કરી સઘળા સંગથી મુક્ત થઈને મનુષ્યે સંન્યાસ ધારણ કરવો.

ऋषयः ઋષિઓ, (છે તેઓ) ब्रह्मनिर्वाणम् બ્રહ્મરૂપ મોક્ષને, लभन्ते પામે છે.

ભાવાર્થઃ— યજ્ઞ વિગેરેથી ક્ષીણ થએલ પાપવાળા, અર્થાત્ અંતઃકરણની શુદ્ધિથી સૂક્ષ્મવસ્તુનું વિવેચન કરવામાં સમર્થ, શ્રવણ અને મનન વિગેરેથી જેના સંશયો છિન્ન થઈ ગયા છે, એવા, નિદિધ્યાસનાદિ અભ્યાસથી જેમણે પોતાના અંતઃકરણને જીતેલું છે એવા એટલે કે પરમાત્મામાં જ એકાગ્ર ચિત્તવાળા તથા પ્રાણિમાત્રનું ભલું કરવામાંજ તત્પર એવા સૂક્ષ્મદર્શી ઋષિઓ બ્રહ્મમાં જ શાંતિ-નિર્વાણ-એકનિષ્ઠતા-મોક્ષને પામે છે. ૨૫.

અવતરણિકાઃ—ફરી પણ ' કામક્રોધરહિત તથા યોગનિષ્ઠ અને બ્રહ્મજ્ઞાની યોગીજ બ્રહ્મપ્રાપ્તિ માટે અધિકારી ગણાય છે' તે કહે છેઃ

कामक्रोधवियुक्तानां यतीनां यतचेतसाम् ॥
अभितो ब्रह्मनिर्वाणं वर्तते विदितात्मनाम् ॥ २६ ॥

पदच्छेदः—कामक्रोधवियुक्तानाम्, यतीनाम्, यतचेतसाम्; अभितः, ब्रह्मनिर्वाणम्, वर्तते, विदितात्मनाम्.

व्युत्पत्तिसमासाः—कामश्च क्रोधश्च इति कामक्रोधौ, ताभ्यां वियुक्ताः कामक्रोधवियुक्ताः, तेषाम् कामक्रोधवियुक्तानाम् । यतानि चेतांसि येषां ते यतचेतसः, तेषाम् यतचेतसाम् । विदितः आत्मा यैः ते विदितात्मानः, तेषाम् विदितात्मनाम् ।

અન્વય અને અર્થઃ—कामक्रोधवियुक्तानाम् કામ અને ક્રોધથી રહિત, यतचेतसाम् સંયમી ચિત્તવાળા, (અને) विदितात्मनाम् આત્માને જેમણે સારી રીતે જાણ્યો છે તેવા, यतीनाम्

યતિઓને, ब्रह्मनिर्वाणम् બ્રહ્મમાં નિર્વાણ–સાયુજ્ય–મોક્ષ, अभितः સર્વ સ્થિતિમાં એટલે જીવતાં અને મર્યા પછી પણ, वर्तते હોય છે.

ભાવાર્થઃ—કામ–ક્રોધથી રહિત, સંયમી ચિત્તવાળા, તથા આત્માને જેમણે સારી રીતે જાણેલા છે તેવા યતિઓને બ્રહ્મમાં નિર્વાણ–લયરૂપ મોક્ષ જીવતાં અને મરતાં બંને સમયમાં પ્રાપ્ત થયેલો હોય છે, અર્થાત્ તેઓ જીવન્મુક્ત છે, અને પછીથી તો તેઓ મુક્ત જ છે એમાં સંશય નથી. ૨૬.

અવતરણિકાઃ—હવે ધ્યાન–સમાધિયોગના વિવરણનો જે છઠ્ઠો અધ્યાય આગળ આવવાનો છે, તેની પ્રસ્તાવનારૂપ મુક્તનાં લક્ષણો ભગવાન્ શ્રીકૃષ્ણ અર્જુનને કહે છેઃ

स्पर्शान्कृत्वा बहिर्बाह्यांश्चक्षुश्चैवांतरे भ्रुवोः ॥
प्राणापानौ समौ कृत्वा नासाभ्यंतरचारिणौ ॥ २७ ॥

यतेंद्रियमनोबुद्धिर्मुनिर्मोक्षपरायणः ॥
विगतेच्छाभयक्रोधो यः सदा मुक्त एव सः ॥ २८ ॥

---

१ भ्रुवोरन्तर्गता दृष्टिर्मुद्रा भवति खेचरी ।
न रोगो मरणं तत्र न निद्राक्षुत्तृडादयः ॥ योगमार्तण्डे ॥

બન્ને ભ્રકુટીના મધ્યમાં દૃષ્ટિ રાખવી તેથી ખેચરી મુદ્રા થાય છે. તે ખેચરી મુદ્રામાં રોગ કે મરણ નથી તેમ નિદ્રા, ભૂખ કે તરસ વિગેરે પણ નથી.

२ लयविक्षेपरहितं मनः कृत्वा सुनिश्चलम् ।
यदा यात्युन्मनीभावं तदा तत्परमं पदम् ॥

લય-ઈંદ્રિયોનો નિગ્રહ, અને વિક્ષેપ-ઈંદ્રિયોનું બહિર્મુખ થવું તેથી રહિત એવા મનને અત્યંત નિશ્ચલ કરી જ્યારે યોગીઉન્મની ભાવને પામે છે ત્યારે તે પરમ પદ કહેવાય છે.

પદચ્છેદઃ—સ્પર્શાન્, કૃત્વા, બહિઃ, બાહ્યાન્, ચક્ષુઃ, ચ, એવ, અન્તરે, ભ્રુવોઃ, પ્રાણાપાનૌ, સમૌ, કૃત્વા, નાસાભ્યન્તરચારિણૌ, યતેન્દ્રિયમનોબુદ્ધિઃ, મુનિઃ, મોક્ષપરાયણઃ, વિગતેચ્છાભયક્રોધઃ, યઃ, સદા, મુક્તઃ, એવ, સઃ.

વ્યુત્પત્તિસમાસાઃ—ભ્રમતઃ ઇતિ ભ્રુવૌ, તયોઃ ભ્રુવોઃ। પ્રાણશ્ચ અપાનશ્ચ ઇતિ પ્રાણાપાનૌ, તૌ। ચરતઃ ઇતિ ચારિણૌ, નાસિકયોઃ અભ્યન્તરે ચારિણૌ ઇતિ નાસાભ્યન્તરચારિણૌ, તૌ। ઇન્દ્રિયાણિ ચ મનઃ ચ બુદ્ધિશ્ચ ઇન્દ્રિયમનોબુદ્ધયઃ, યતાઃ ઇદ્રિયમનોબુદ્ધયઃ યસ્ય સઃ યતેન્દ્રિયમનોબુદ્ધિઃ। મોક્ષઃ એવ પરમ્ અયનં યસ્ય સઃ મોક્ષપરાયણઃ। ઇચ્છા ચ ભયં ચ ક્રોધશ્ચ ઇતિ ઇચ્છાભયક્રોધાઃ, વિગતાઃ ઇચ્છાભયક્રોધાઃ યસ્ય સઃ વિગતેચ્છાભયક્રોધઃ।

અન્વય અને અર્થઃ—બાહ્યાન્ બહારના, સ્પર્શાન્ ઇંદ્રિયના વિષયોને, બહિઃ બહાર, કૃત્વા કરીને, ચ અને, ભ્રુવોઃ બે ભ્રકુટીની અન્તરે મધ્યમાં, ચક્ષુઃ ચક્ષુ, (કૃત્વા રાખીને) નાસાભ્યન્તરચારિણૌ નાસિકામાં અંદર સંચાર કરતા, પ્રાણાપાનૌ પ્રાણ અને અપાનવાયુને, સમૌ સમાન, કૃત્વા કરીને, યતેન્દ્રિયમનોબુદ્ધિઃ ઇંદ્રિય, મન અને બુદ્ધિ જેણે પોતાના વશમાં રાખ્યાં છે તેવો, મોક્ષપરાયણઃ મોક્ષને જ પરમ-આશ્રય માનનારો, (અને) વિગતેચ્છાભયક્રોધઃ ઇચ્છા, ભય અને ક્રોધ જેના ચાલ્યા ગયા છે તેવો, યઃ જે, મુનિઃ સૂક્ષ્મ મનન કરનારો ઋષિ હોય, સઃ તે, સદા હંમેશાં, મુક્તઃ જીવન્મુક્ત, એવ જ (છે).

ભાવાર્થઃ—ઇંદ્રિયોના બાહ્ય વિષયોને દૂર કરીને એટલે તેમાં આસક્તિ ન રાખીને અને નેત્રોને બંને ભ્રકુટિની મધ્યમાં

રાખીને, તથા નાસિકાની અંદર સંચાર કરતા પ્રાણ અને અપાન વાયુઓને તેમાં સમાન કરીને ઇંદ્રિયો, મન અને બુદ્ધિ જેણે વશમાં રાખ્યાં છે તેવો, એટલે જીતેન્દ્રિય અને મોક્ષને જ પોતાનો પરમ આશ્રય માનનારો જે સૂક્ષ્મદર્શી મુનિ છે તે સદા મુક્ત જ છે. અર્થાત્ તેને જીવન્મુક્ત સમજવો. ૨૭-૨૮.

અવતરણિકા:—એ પ્રમાણે ધ્યાનાદિ યોગ અને ઇંદ્રિયસંયમ વિગેરે કહીને હવે મુક્તિના દ્વારરૂપ જે ઐક્યભાવનું જ્ઞાન પ્રાપ્ત થવું જોઇએ, તે વિષે યોગેશ્વર શ્રીકૃષ્ણ નીચેના શ્લોકમાં કથન કરીને કર્મસંન્યાસ અને કર્મયોગનો પૃથક્ અધિકાર બતાવી, જ્ઞાનપ્રાપ્તિ કરવી એજ મુમુક્ષુનું આત્ય ધ્યેય હોવું જોઇએ એમ અર્જુનને કહી હવે પાંચમા અધ્યાયનો ઉપસંહાર કરે છે:

भोक्तारं यज्ञतपसां सर्वलोकमहेश्वरम् ॥
सुहृदं सर्वभूतानां ज्ञात्वा मां शांतिमृच्छति ॥२९॥

પદચ્છેદ:—भोक्तारम्, यज्ञतपसाम्, सर्वलोकमहेश्वरम्, सुहृदम्, सर्वभूतानाम्, ज्ञात्वा, माम्, शान्तिम्, ऋच्छति.

વ્યુત્પત્તિસમાસા:—भुनक्तीति भोक्ता, तम् भोक्तारम् । यज्ञाश्च तपांसि च इति यज्ञतपांसि, तेषाम् यज्ञतपसाम् । महान् चासौ ईश्वरश्च इति महेश्वरः, सर्वे च ते लोकाश्च इति सर्वलोकाः, तेषां महेश्वरः इति सर्वलोकमहेश्वरः, तम् सर्वलोकमहेश्वरम् । सुष्ठु हृद् हृदयं यस्य सः सुहृद्, तम् सुहृदम् । सर्वाणि च तानि भूतानि च सर्वभूतानि, तेषाम् सर्वभूतानाम् । शाम्यते अनया सा शांतिः, ताम् शांतिम् ।

અન્વય અને અર્થઃ—યજ્ઞતપસામ્ યજ્ઞ અને તપનો, ભોક્તારમ્ ભોક્તા-સ્વીકારનાર, સર્વલોકમહેશ્વરમ્ સમસ્ત લોકનો મહાન્ ઈશ્વર, (અને) સર્વભૂતાનામ્ પ્રાણિમાત્રનો, સુહૃદમ્ મિત્ર-કલ્યાણ કરનાર એવો, મામ્ મને, જ્ઞાત્વા જાણીને, (યોગી) શાન્તિમ્ શાંતિને, ઋચ્છતિ મેળવે છે.

ભાવાર્થઃ—ભક્તો વડે આચરવામાં આવેલા યજ્ઞો તથા તપનો ભોક્તા, સમસ્ત લોકનો મહાન્ ઈશ્વર એટલે નિયામક અને પ્રાણિમાત્રનો કલ્યાણ કરનાર મિત્રરૂપ એવો મને જાણીને યોગી પરમ-શાંતિ-મોક્ષને પામે છે. અર્થાત્ જે મનુષ્ય મને એવા સ્વરૂપે સમજે છે તેને મારી કૃપાથી જ્ઞાન પ્રાપ્ત થતાં તે પરમ શાંતિને મેળવે છે. ૨૯.

ઇતિ શ્રીમદ્ભગવદ્ગીતાસૂપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે શ્રીકૃષ્ણાર્જુનસંવાદે શ્રીકૃષ્ણકાર્લાન્તિકપ્રણીતસાન્વયબોધિન્યાં ગુર્જરટીકાયાં કર્મસંન્યાસયોગો નામ પઞ્ચમોઽધ્યાયઃ



षष्ठोऽध्यायः ।



અવતરણિકા—પાયમા અધ્યાયના અતમા છેલ્લા ત્રણ શ્લોકોવડે સૂત્રરૂપે કહેલા ધ્યાનયોગનુ વિવરણ કરવાની ઇચ્છાથી ભગવાન્ શ્રીકૃષ્ણ 'ધ્યાનયોગ'મા કર્મયોગ વડે જ અધિકાર આવી શકતો હોવાથી આ છઠ્ઠા અધ્યાયના પહેલા બે શ્લોક વડે નિષ્કામકર્મયોગની પ્રશસા કરે છે

श्रीभगवानुवाच । શ્રીભગવાન્ કહે છે—

अनाश्रितः कर्मफलं कार्यं कर्म करोति यः ॥
स संन्यासी च योगी च न निरग्निर्न चाक्रियः ॥१॥

પદચ્છેદઃ—अनाश्रितः, कर्मफलम्, कार्यम्, कर्म, करोति, यः, सः, संन्यासी, च, योगी, च, न, निरग्निः, न, च, अक्रियः.

વ્યુત્પત્તિસમાસાઃ—न आश्रित अनाश्रित । कर्मणा फलम् कर्मफलम्, तत् । कर्तुम् योग्यम् कार्यम्, तत् । सम्यक् न्यास अस्ति अस्य इति सन्यासी । योग अस्य अस्तीति योगी । न विद्यते अग्नि यस्य स निरग्नि । न विद्यन्ते क्रिया शास्त्रविहिता यस्य सः अक्रिय ।

અન્વય અને અર્થઃ—य જે મનુષ્ય, कर्मफलम् કર્મોના ફલનો, अनाश्रित આશ્રય ન કરીને, कार्यम् શાસ્ત્રવિહિત કરવા યોગ્ય, कर्म કર્મ, करोति કરે છે, स તે, सन्यासी સન્યાસી-ઈશ્વરાર્પણ કર્મ કરી તેનો ન્યાસ કરનાર, च અને, योगी કર્મયોગી (છે), च પણ, निरग्नि અગ્નિ નહિ રાખનાર, च કે, अक्रिय

તપ, દાન ઇત્યાદિ ક્રિયાઓ રહિત (જ સંન્યાસી કે યોગી છે એમ), ન નથી.

ભાવાર્થઃ—કર્મોનાં ફલોનો આશ્રય કર્યા વિના—તેની ઇચ્છા રાખ્યા વિના જે મનુષ્ય શાસ્ત્રવિહિત—કરવા યોગ્ય કર્મો કરે છે, તે જ કર્મને ઈશ્વરાર્પણ કરનાર—ખરો સંન્યાસી અને ખરો યોગી છે, પણ જે અગ્નિની ઉપાસના ન કરતો હોય કે તપ, દાનાદિ ઉત્કૃષ્ટ ક્રિયાઓ પણ ન કરતો હોય તે જ સંન્યાસી કે યોગી છે એમ નથી અર્થાત્ વાસનારહિત શાસ્ત્રોક્ત કર્મ કરનાર જ સંન્યાસી અને યોગી માની શકાય છે. ૧.

यं संन्यासमिति प्राहुर्योगं तं विद्धि पांडव ॥
न ह्यसंन्यस्तसंकल्पो योगी भवति कश्चन ॥ २ ॥

પદચ્છેદઃ—यम्, संन्यासम्, इति, प्राहुः, योगम्, तम्, विद्धि, पाण्डव, न, हि, असंन्यस्तसंकल्पः, योगी, भवति, कश्चन.

વ્યુત્પત્તિસમાસાઃ—सम्यक् न्यासः विद्यते यस्मिन्कर्मणि सः संन्यासः, तम् संन्यासम् । प्रकर्षेण श्रेष्ठत्वेन आहुः इति प्राहुः । युज्यते ब्रह्मणि येन सः योगः, तम् । पांडोः अपत्यं पुमान् पांडवः, तत्संबुद्धौ हे पाण्डव । न सम्यक् न्यस्तः संकल्पः फलसंकल्पः येन सः असंन्यस्तसंकल्पः ।

---

१ यदा तु विदित तत्त्व पर ब्रह्मसनातनम् ।
तदैकदण्डं संगृह्य सोपवीतां शिखां त्यजेत् ॥ श्रुतिः ॥

જ્યારે પ્રાચીન પરબ્રહ્મરૂપી તત્ત્વનું જ્ઞાન થાય ત્યારે માત્ર એક દંડને ગ્રહણ કરી યજ્ઞોપવીત સાથે શિખાને ત્યજી દેવી

અન્વય અને અર્થઃ—પાણ્ડવ હે પાંડુપુત્ર અર્જુન! યમ્ જેને, (તત્ત્વવેત્તાઓ) સંન્યાસમ્ સંન્યાસ, ઇતિ એ પ્રમાણે, પ્રાહુઃ શ્રેષ્ઠપણે કહે છે, તમ્ તેને, (ફલના ત્યાગને લઈને) યોગમ્ કર્મયોગ જ, વિદ્ધિ તું જાણ, હિ કારણ કે, અસંન્યસ્તસંકલ્પઃ ફલના સંકલ્પનો ત્યાગ જેણે કર્યો નથી, તેવો, કશ્ચન કોઇ પણ, યોગી ખરો યોગી, ન, ભવતિ થતો નથી.

ભાવાર્થઃ—હે પાંડવ ! તત્ત્વજ્ઞાનીઓ શ્રેષ્ઠરીતે જેને સંન્યાસ કહે છે, તેને તેના ફલનો ત્યાગ કરવામાં આવતો હોવાથી નિષ્કામ કર્મ-યોગ જ તું જાણ કારણ કે ફલના સંકલ્પનો ત્યાગ કર્યા સિવાય કોઈપણ મનુષ્ય ખરો યોગી બની શકતો જ નથી. અર્થાત્ યોગી થવાની ઇચ્છાવાળાએ ફલની ઇચ્છાનો ત્યાગ કરવોજ જોઇએ એ નિ સંશય છે. ૨

અવતરણિકાઃ—"એ પ્રમાણે 'કર્મસન્યાસ' પણ 'કર્મયોગ' જ છે અને તે શ્રેષ્ઠ છે, તો પછી મરણપર્યંત દરેકે તેનુ જ અવલમ્બન કરવુ જોઇએ" એવી અર્જુનની શંકાના જવાબમા ભગવાન્ શ્રીકૃષ્ણ 'કર્મસન્યાસ' અને 'કર્મયોગ' વસ્તુત એક જ હોવા છતા એ બન્નેના જુદા જુદા અધિકારી બતાવે છે

आरुरुक्षोर्मुनेर्योगं कर्म कारणमुच्यते ॥
योगारूढस्य तस्यैव शमः कारणमुच्यते ॥ ३ ॥

---

१ नैतादृशं ब्राह्मणस्यास्ति वित्तं यथैकता समता सत्यता च ।
शीलं स्थितिर्दण्डनिधानमार्जवं ततस्ततश्चोपरमः क्रियाभ्यः ॥ श्रुतिः ॥
नैव धर्मी न चाधर्मी न चैव हि शुभाशुभी ।
यः स्यादेकान्ततो लीनस्तूष्णीं किञ्चिदचिन्तयन् ॥ श्रुतिः ॥

બ્રાહ્મણને એવુ ધન બીજુ કઈ નથી કે જેવુ એકતા, સમતા, શીલ, સ્થિતિ

પદચ્છેદઃ—આરુરુક્ષોઃ, મુનેઃ, યોગમ્, કર્મ, કારણમ્, ઉચ્યતે, યોગારૂઢસ્ય, તસ્ય, એવ, શમઃ, કારણમ્, ઉચ્યતે.

વ્યુત્પત્તિસમાસાઃ—આરોઢુમ્ ઇચ્છતીતિ આરુરુક્ષતિ, આરુરુક્ષતીતિ આરુરુક્ષુઃ, તસ્ય આરુરુક્ષોઃ। મનનં શીલમ્ અસ્ય ઇતિ મુનિઃ, તસ્ય મુનેઃ। યોગમ્ આરૂઢઃ ઇતિ યોગારૂઢઃ, તસ્ય યોગારૂઢસ્ય।

અન્વય અને અર્થઃ—યોગમ્ ધ્યાન-સમાધિયોગમાં, આરુરુક્ષોઃ ચઢવાને ઇચ્છનાર, મુનેઃ મુનિને, કર્મ નિષ્કામ-ફલની ઇચ્છારહિત ચિત્તશુદ્ધિનિમિત્તે કરવામાં આવતું-કર્મ, કારણમ્ કારણ-સમાધિયોગની પ્રાપ્તિના હેતુરૂપ, ઉચ્યતે કહેવાય છે, (પરંતુ) યોગારૂઢસ્ય ધ્યાનયોગમાં સારીરીતે ચઢેલા, તસ્ય તે યોગીને, (તો) શમઃ ચિત્તવિક્ષેપકારી કર્મોની ઉપરતિ, એવ જ, કારણમ્ (જ્ઞાનના પરિપાકમાં) કારણ, ઉચ્યતે કહેવાય છે.

ભાવાર્થઃ—સમાધિયોગના માર્ગમાં ચઢવાને ઇચ્છનાર મુનિને ફલની ઇચ્છારહિત ચિત્તશુદ્ધિનિમિત્તે કરવામાં આવતું કર્મ જ સમાધિયોગની પ્રાપ્તિના હેતુરૂપ સાધન કહેવાય છે, પરંતુ સમાધિયોગના માર્ગમાં સારી રીતે ચઢી ગએલા યોગીને તો ચિત્તવિક્ષેપકારી કર્મોની ઉપરતિ-નિવૃત્તિ એજ જ્ઞાનપરિપાકમાં ખાસ કારણ મનાય છે. અર્થાત્ યોગમાં આરુ-

---

(રહેણી), દંડ આપવાની શક્તિ (શાસન-ભંડાર) સરળતા અને તે તે ક્રિયાઓથી ઉપરામ થવું-વિરક્તિ વિગેરે છે.

જે માત્ર મૌનાવલંબન કરી કોઈનું ચિંતન ન કરતાં એકાસનમાં લીન છે તે ધર્મી નથી અને અધર્મી પણ નથી, તેમ શુભ કિંવા અશુભવાન્ પણ નથી, (એ સર્વ શમના ગુણો છે).

રુક્ષુને નિષ્કામ કર્મ અને યોગારૂઢને શમ, એમ ભિન્ન ભિન્ન કારણો મુક્તિના માર્ગને માટે માનવામાં આવેલાં છે. ૩.

અવતરણિકા:—"ચિત્તવિક્ષેપ કરવાવાળા કર્મોની ઉપરતિથી સમાધિયોગ મધાય છે તો પછી એવા સમાધિયોગને પ્રાપ્ત થયેલો યોગી કેવો હોય છે?" તે અર્જુનની જીજ્ઞાસા તૃપ્ત કરવા માટે યોગારૂઢનું લક્ષણ નીચેના શ્લોકમા ભગવાન્ સ્પષ્ટ કરે છે

यदा हि नेंद्रियार्थेषु न कर्मस्वनुषज्जते ॥
सर्वसंकल्पसंन्यासी योगारूढस्तदोच्यते ॥ ४ ॥

પદચ્છેદ:—यदा, हि, न, इंद्रियार्थेषु, न, कर्मसु, अनुषज्जते, सर्वसंकल्पसंन्यासी, योगारूढः, तदा, उच्यते.

વ્યુત્પત્તિસમાસા:—इन्द्रियाणाम् अर्था. इन्द्रियार्था, तेषु इन्द्रियार्थेषु । सर्वान् आसक्तिमूलभूतान् भोगविषयान् कर्मविषयाश्च संकल्पान् संन्यसितुं त्यक्तुम् शीलम् अस्यास्तीति सर्वसंकल्पसंन्यासी । योगम् आरूढः इति योगारूढः ।

અન્વય અને અર્થ:—यदा જ્યારે, (મુમુક્ષુ) इन्द्रियार्थेषु ઇન્દ્રિયોના શબ્દસ્પર્શાદિ વિષયોમાં, (અને) कर्मसु ઇન્દ્રિયોના સાધનભૂત કર્મોમાં (પણ), हि અરેખર, न, अनुषज्जते આસક્તિ રાખતો નથી, (તેમ) सर्वसंकल्पसंन्यासी (આસક્તિના મૂલ કારણરૂપ ભોગ અને ભોગને પ્રાપ્ત કરવાનાં સાધનરૂપ કર્મોના) બધા સંકલ્પોને ત્યાગ કરનારો (થાય છે), तदा ત્યારે (જ તે), योगारूढः સમાધિયોગને પ્રાપ્ત થયેલો, उच्यते કહેવાય છે.

ભાવાર્થઃ—મુમુક્ષુ જ્યારે ઇંદ્રિયોના શબ્દસ્પર્શાદિ વિષયોમાં તેમજ તે વિષયોનાં સાધનરૂપ કર્મોમાં આસક્તિ રાખતો નથી, તેમજ આસક્તિના મૂલ કારણરૂપ લોગ અને લોગને પ્રાપ્ત કરવાનાં સાધનરૂપ કર્મોના બધા સંકલ્પોને જ્યારે છોડી દે છે, ત્યારે જ તે સમાધિયોગને પ્રાપ્ત થયેલો એટલે યોગારૂઢ કહેવાય છે. અર્થાત્ સર્વથા નિરાસક્ત અને નિઃસંકલ્પ બનેલો જે પુરુષ હોય, તે જ સમાધિ-યોગની પદવીએ પહોંચ્યો કહી શકાય છે. ૪.

અવતરણિકાઃ—'જ્યારે એ પ્રમાણે પુરુષ યોગારૂઢ થાય છે ત્યારે તે પોતે જ પોતાના આત્માનું શ્રેય-કલ્યાણ-કરી શકે છે',—તે વાત હવે ભગવાન્ જણાવે છેઃ

उद्धरेदात्मनात्मानं नात्मानमवसादयेत् ॥
आत्मैव ह्यात्मनो बंधुरात्मैव रिपुरात्मनः ॥ ५ ॥

પદચ્છેદઃ—उद्धरेत्, आत्मना, आत्मानम्, न, आत्मानम्, अवसादयेत्, आत्मा, एव, हि, आत्मनः, बन्धुः, आत्मा, एव, रिपुः, आत्मनः.

વ્યુત્પત્તિસમાસાઃ—उत् ऊर्ध्वं हरेत् नयेत् इति उद्धरेत् ।

અન્વય અને અર્થઃ—આત્મના વિવેકયુક્ત આત્માવડે, આત્માનમ્ આત્માનો, उद्धरेत् ઉદ્ધાર કરવો, (પરંતુ) આત્માનમ્ આત્માને, न, अवसादयेत् અધોગતિએ પહોંચાડવો નહિ, हि

---

१ वाचं यच्छ मनो यच्छ यच्छ प्राणेन्द्रियाणि च ।
आत्मानमात्मना यच्छ न भूयः कल्पसेऽध्वनः ॥

વાણીને નિયમમાં રાખ, મનને નિયમમાં રાખ, પ્રાણ અને ઇંદ્રિયોને નિયમમા રાખ, અને પોતે જ પોતાના આત્માને નિયમમાં રાખ, તો ફરી ખટાટવી-સંસાર પાછિ તુ કલ્પાઈશ નહિ-સંસારમાં પતન પામીશ નહિ, અર્થાત્ મુક્તિને પામશે.

કારણ કે, આત્મા આત્મા, એવ જ, આત્મનઃ આત્માનો–પોતાનો, બન્ધુઃ ઉપકારક છે, (અને) આત્મા આત્મા, એવ જ, આત્મનઃ પોતાનો, રિપુઃ શત્રુ–અપકારક છે.

ભાવાર્થઃ—વિવેકયુક્ત આત્માવડે આત્માનો ઉદ્ધાર કરવો, પરંતુ આત્માની અધોગતિ થાય તે પ્રમાણે કરવું નહિ, કારણ કે આત્મા જ આત્માનો ઉપકારક–મિત્ર અને આત્મા જ આત્માનો અપકારક–શત્રુ છે. અર્થાત્ દરેકે પોતાનો અભ્યુદય અથવા અધઃપતન કરવું એ પોતાના હાથમાં જ છે, એટલે પ્રત્યેક વ્યક્તિએ ઉચ્ચ કોટિ તરફ જવા જ યત્ન કરવો. ૫.

અવતરણિકાઃ—'આત્મા કોનો બંધુ અને કોનો શત્રુ છે?' તે જાણવા સારુ તત્પર કરવા નીચેનો શ્લોક ભગવાન્ કહે છે

बंधुरात्मात्मनस्तस्य येनात्मैवात्मना जितः ॥
अनात्मनस्तु शत्रुत्वे वर्तेतात्मैव शत्रुवत् ॥ ६ ॥

પદચ્છેદઃ—બન્ધુઃ, આત્મા, આત્મનઃ, તસ્ય, યેન, આત્મા, એવ, આત્મના, જિતઃ, અનાત્મનઃ, તુ, શત્રુત્વે, વર્તેત, આત્મા, એવ, શત્રુવત્.

વ્યુત્પત્તિસમાસાઃ—ન વિદ્યતે આત્મા વશે યસ્ય સઃ અનાત્મા, તસ્ય અનાત્મનઃ। શત્રોઃ ભાવ' ઇતિ શત્રુત્વમ્, તસ્મિન્ શત્રુત્વે। શત્રુણા તુલ્યમ્ ઇતિ શત્રુવત્।

---

૧ મન એવ મનુષ્યાણાં કારણં બન્ધમોક્ષયો ।
બન્ધાય વિષયાસક્તં મુક્ત્યૈ નિર્વિષયં સ્મૃતમ્ ॥ પરાશર ॥

મન જ મનુષ્યોના બંધન અને મોક્ષનો હેતુ છે, તે જો વિષયોમા આસક્ત હોય તો બંધનકારક છે અને વિષયાસક્તિરહિત હોય તો મુક્તિ-મોક્ષ આપનાર છે

અન્વય અને અર્થઃ—યેન જેણે, આત્મના આત્માવડે, આત્મા આત્મા (મન)ને, જિતઃ જીત્યો છે, તસ્ય તેનો, આત્મા આત્મા, એવ જ, (તેનો) આત્મનઃ પોતાનો, બન્ધુઃ બન્ધુ છે, તુ પણ, અનાત્મનઃ આત્મા (મન) જેણે વશમાં નથી કર્યો તેવાનો, (તો પોતાનો) આત્મા આત્મા (મન), એવ જ, શત્રુવત્ શત્રુની માફક, (તેનીસાથે) શત્રુત્વે શત્રુતામાં, વર્તેત રહે છે– આચરણ કરે છે.

ભાવાર્થઃ—જેણે આત્માવડે પોતાના આત્મા–મનને જીત્યો છે તેનો આત્મા જ તેનો પોતાનો બંધુ–ઉપકારક છે, પણ જેણે આત્માને વશમાં નથી કર્યો તેવાનો આત્મા તો શત્રુની માફક જ નિરંતર તેની સાથે આચરણ કરે છે. અર્થાત્ જિતાત્મા પુરુષનો આત્મા જ તેને ઊર્ધ્વગતિએ લઇ જનારો થાય છે જ્યારે અજિતાત્માનો આત્મા તેને અધોગતિએ પહોંચાડે છે, અને તેથી જ જિતાત્મા થવા દરેકે યત્ન કરવો જોઈએ. ૬.

અવતરણિકાઃ—' જિતાત્મા હોવાથી શું પરિણામ આવે છે ' તે ભગવાન્ શ્રીકૃષ્ણ કહે છેઃ

जितात्मनः प्रशान्तस्य परमात्मा समाहितः ॥
शीतोष्णसुखदुःखेषु तथा मानापमानयोः ॥ ७ ॥

પદચ્છેદઃ—જિતાત્મનઃ, પ્રશાન્તસ્ય, પરમાત્મા, સમાહિતઃ, શીતોષ્ણસુખદુઃખેષુ, તથા, માનાપમાનયોઃ.

વ્યુત્પત્તિસમાસાઃ—જિતઃ આત્મા યેન સઃ જિતાત્મા, તસ્ય। પ્રકર્ષેણ શાન્તઃ ઇતિ પ્રશાન્તઃ, તસ્ય પ્રશાન્તસ્ય। પરમશ્ચાસૌ આત્મા, પરમઃ આત્મા વા યસ્ય સઃ પરમાત્મા। સમ્યક્ આહિતઃ ઇતિ સમાહિતઃ।

शीतं च उष्णं च सुखं च दुःखं च इति शीतोष्णसुखदुःखानि, तेषु शीतोष्णसुखदुःखेषु । मानं च अपमानं च मानापमाने, तयोः मानापमानयोः ।

અન્વય અને અર્થઃ—जितात्मनः આત્મા જેણે જીતેલો છે તેવા, (અને) प्रशान्तस्य શમાદિસાધનસંપન્ન પુરુષનો, परमात्मा શ્રેષ્ઠ આત્મા તે, शीतोष्णसुखदुःखेषु શીત, ઉષ્ણ, સુખ અને દુઃખમા, તથા તેમજ, मानापमानयोः માન અને અપમાનમા (પણ), समाहितः સાક્ષાત્ આત્મ-ભાવથી જણાય છે.

ભાવાર્થઃ—આત્મા જેણે જીતેલો છે તથા શમદમાદિથી જે પુરુષ યુક્ત હોય છે તેવા પુરુષનો શ્રેષ્ઠ આત્મા શીત, ઉષ્ણ, સુખ અને દુઃખ તથા માન અને અપમાનમાં પણ નિયમિત આત્મભાવથી જણાય છે એટલે કે કોઇપણ શીતોષ્ણાદિ દ્વન્દ્વોથી તે વિકાર ન પામતા તાદાત્મ્યવડે પરમાત્મમય રહે છે. ૭.

અવતરણિકાઃ—યોગારૂઢનું લક્ષણ તથા શ્રેષ્ઠતા સમજાવીને હવે અત્યારસુધી કહેલા બધા વિષયોનો ઉપસંહાર કરે છે

ज्ञानविज्ञानतृप्तात्मा कूटस्थो विजितेंद्रियः ॥
युक्त इत्युच्यते योगी समलोष्टाश्मकांचनः ॥ ८ ॥

---

१ अधिष्ठानतया देहद्वयावच्छिन्नचेतन ।
कूटवन्निर्विकारेण स्थित कूटस्थ उच्यते ॥ पञ्चदश्याम् ॥

પંચીકૃત-સ્થૂલ અને અપંચીકૃત-સૂક્ષ્મ દેહોનો આધાર હોવાથી એ બન્ને દેહોવડે ઉપહિત-એકત્રિત થએનો આત્મા લોહારની એરણની પેઠે વિકાર વિના રહેલો હોવાથી કૂટસ્થ કહેવાય છે

પદચ્છેદઃ—જ્ઞાનવિજ્ઞાનતૃપ્તાત્મા, કૂટસ્થઃ, વિજિતેન્દ્રિયઃ યુક્તઃ, ઇતિ, ઉચ્યતે, યોગી, સમલોષ્ટાશ્મકાઞ્ચનઃ.

વ્યુત્પત્તિસમાસાઃ—જ્ઞાયતે અનેન ઇતિ જ્ઞાનમ્, વિશેષેણ જ્ઞાયતે અનુભૂયતે ઇતિ વિજ્ઞાનમ્, જ્ઞાનં ચ વિજ્ઞાનં ચ જ્ઞાનવિજ્ઞાને, તાભ્યાં તૃપ્તઃ આત્મા યસ્ય સઃ જ્ઞાનવિજ્ઞાનતૃપ્તાત્મા । કૂટવત્ તિષ્ઠતીતિ કૂટસ્થઃ । વિશેષેણ જિતાનિ ઇન્દ્રિયાણિ યેન સઃ વિજિતેન્દ્રિયઃ । લોષ્ટં ચ અશ્મા ચ કાઞ્ચનં ચ ઇતિ લોષ્ટાશ્મકાંચનાનિ, સમાનિ લોષ્ટાશ્મકાઞ્ચનાનિ યસ્ય સઃ સમલોષ્ટાશ્મકાઞ્ચનઃ ।

અન્વય અને અર્થઃ—જ્ઞાનવિજ્ઞાનતૃપ્તાત્મા જ્ઞાન—શાસ્ત્રોક્ત પદાર્થોનું પરિજ્ઞાન, અને વિજ્ઞાન—શાસ્ત્રથી જાણેલી વસ્તુઓનું પોતે જ અનુભવમાં લીધેલું જ્ઞાન—એ બંને વડે જેનો આત્મા તૃપ્ત છે તે, કૂટસ્થઃ અપ્રકંપ્ય—અવિકારી, વિજિતેન્દ્રિયઃ ઇંદ્રિયો જેણે જીતેલી છે તેવો, (અને) સમલોષ્ટાશ્મકાઞ્ચનઃ લોઢું, પત્થર અને સોનું જેને સમાન છે તેવો, યોગી યોગી, યુક્તઃ યુક્ત—યોગનિષ્ઠ (છે), ઇતિ એમ, ઉચ્યતે કહેવાય છે.

ભાવાર્થઃ—જ્ઞાન તથા વિજ્ઞાનથી જેનો આત્મા તૃપ્ત છે, જે અપ્રકમ્પ્ય—અડગ નામ નિર્વિકાર છે, ઇન્દ્રિયો જેણે જીતેલી છે, તથા લોઢું, પત્થર અને સોનું બધું જેને સમાન છે તેવો નિર્લોભ યોગી યુક્ત—અરે—યોગનિષ્ઠ કહેવાય છે. એટલે જે આત્મજ્ઞાની થવા સાથે વિષયોથી તદ્દન નિર્લિપ્ત છે તે જ યુક્ત કહેવાય છે. ૮.

અવતરણિકાઃ—'કેવળ દ્રવ્ય કે અદ્રવ્યમાં જ સમાનબુદ્ધિવાળો નહિ પણ મિત્ર કે શત્રુમાં પણ સમાનતાવાળો હોય, તેજ વધારે શ્રેષ્ઠ છે' તે કહે છે.

सुहृन्मित्रार्युदासीनमध्यस्थद्वेष्यबंधुषु ॥
साधुष्वपि च पापेषु समबुद्धिर्विशिष्यते ॥ ९ ॥

पदच्छेदः—सुहृन्मित्रार्युदासीनमध्यस्थद्वेष्यबन्धुषु, साधुषु, अपि, च, पापेषु, समबुद्धिः, विशिष्यते.

व्युत्पत्तिसमासाः—सुहृत् च मित्र च अरिश्च उदासीनश्च मध्यस्थश्च द्वेष्यश्च बन्धुश्च इति सुहृन्मित्रार्युदासीनमध्यस्थद्वेष्यबन्धव, तेषु सुहृन्मित्रार्युदासीनमध्यस्थद्वेष्यबन्धुषु। साध्नुवन्ति परकार्याणि इति साधव, तेषु साधुषु। पापानि सन्ति येषा ते पापा, तेषु पापेषु। समा—समाना तुल्या बुद्धि यस्य स समबुद्धि। विशेषेण शिष्यते गण्यते इति विशिष्यते।

अन्वय अने अर्थः—सुहृन्मित्रार्युदासीनमध्यस्थद्वेष्यबन्धुषु स्नेही, मित्र, शत्रु, उदासीन, मध्यस्थ-लडाईमा वच्चे आवनारतटस्थ, द्वेष करवा योग्य—अपकारक, तेमज भाईओमा, साधुषु साधु—सत्पुरुषोमा, च अने पापेषु पापीओमा, अपि पण, समबुद्धि समान बुद्धिवाळो, विशिष्यते विशिष्ट—अधिक श्रेष्ठ—छे.

भावार्थः—स्नेही, मित्र, शत्रु, उदासीन, मध्यस्थ-तटस्थ-वच्चे पडनार, अपकारक तेमज सगा—सहोदरमा तथा सत्पुरुषोमा अने पापीओमा पण जे समानबुद्धि राखेछे ते ज खरेखर विशेष—श्रेष्ठ छे अर्थात् जे शत्रुमित्रादिमा कई पण रागद्वेषादि राखतो नथी तेज श्रेष्ठ मुमुक्षु छे एम समजवु ९

अवतरणिकाः—ओ प्रमाणे योगारूढनु लक्षण अने फल कहीने 'योगीओ योगनिष्ठ केवी रीते थवु' ते जणावता माटे तेवा योगनु अगमहित वर्णन नीचेना त्रण श्लोकोमा हवे भगवान् श्रीकृष्ण करे छे

योगी युंजीत सततमात्मानं रहसि स्थितः ॥
एकाकी यतचित्तात्मा निराशीरपरिग्रहः ॥ १० ॥

पदच्छेदः—योगी, युञ्जीत, सततम्, आत्मानम्, रहसि, स्थितः, एकाकी, यतचित्तात्मा, निराशीः, अपरिग्रहः.

व्युत्पत्तिसमासाः—योगः अस्यास्तीति योगी । एकः एव इति एकाकी । यतं संयतं चित्तमात्मा देहश्च यस्य सः यतचित्तात्मा । निर्गताः आशाः यस्मात् सः निराशीः । न विद्यते परिग्रहः यस्य सः अपरिग्रहः ।

अन्वय अने अर्थः—योगी योगी, रहसि रहस्य-એકાન્તમાં, स्थितः रहेલો, एकाकी એકલો, यतचित्तात्मा संय-મમાં છે ચિત્ત અને ઇન્દ્રિયોસહિત શરીર જેનું તેવો, निराशीः तृष्णाओ રહિત, (અને) अपरिग्रहः કોઇપણ જાતના પરિગ્રહ-સંગ્રહ વિનાનો થઈને, आत्मानम् આત્માને, सततम् હરહમેશ, युञ्जीत સારી રીતે એકાગ્ર કરે.

भावार्थः—યોગીએ એકાન્તમાં સ્થિર બેસીને એકલા રહેવું અને મન, ઇન્દ્રિયો તથા શરીરને નિયમમાં રાખીને, સર્વ તૃષ્ણાઓથી રહિત થઈને, તેમજ સંગ્રહવૃત્તિ બિલકુલ છોડી-દઈને આત્માને નિરંતર પરમાત્મામાં સાવધાનતાથી એકાગ્ર

---

१ एकान्तवासो लघुभोजनादि मौनं निराशा करणावरोधः ॥
मुनेरसोः संयमनं षडेते चित्तप्रसादं जनयन्ति शीघ्रम् ॥

એકાંતવાસ, સૂક્ષ્મ આહારાદિ, મૌનાવલંબન, આશામાં વિરક્તિ, ઇંદ્રિયોનો નિગ્રહ અને પ્રાણનું સંયમન, એ છ (નિયમો) મુનિને સત્વર ચિત્તની પ્રસન્નતા ઉત્પન્ન કરે છે.

કરવો. અર્થાત્ પરમાત્માની સાથે પોતાની એકતા સાધવાના યત્ન કરવો. ૧૦.

અવતરણિકાઃ—હવે યોગીના આસનનો નિયમ બતાવે છે.

शुचौ देशे प्रतिष्ठाप्य स्थिरमासनमात्मनः ॥
नात्युच्छ्रितं नातिनीचं चैलाजिनकुशोत्तरम् ॥११॥
तत्रैकाग्रं मनः कृत्वा यतचित्तेंद्रियक्रियः ॥
उपविश्यासने युंज्याद्योगमात्मविशुद्धये ॥ १२ ॥

પદચ્છેદઃ—शुचौ, देशे, प्रतिष्ठाप्य, स्थिरम्, आसनम्, आत्मनः, न, अत्युच्छ्रितम्, न, अतिनीचम्, चैलाजिनकुशोत्तरम्; तत्र, एकाग्रम्, मनः, कृत्वा, यतचित्तेन्द्रियक्रियः, उपविश्य, आसने, युञ्ज्यात्, योगम्, आत्मविशुद्धये.

व्युत्पत्तिसमासाः—प्रति सर्वतः स्थापयित्वा इति प्रतिष्ठाप्य। आस्यते इति आसनम्, तत्। अति अतिशयेन उच्छ्रितम् उन्नतम् इति अत्युच्छ्रितम्, तत्। अत्यन्तं नीचम् इति अतिनीचम्, तत्। चैलं वस्त्रं च अजिनं व्याघ्रादि चर्म च इति चैलाजिने, चैलाजिने कुशेभ्यः उत्तरे उपरितने यस्मिन् तत् चैलाजिनकुशोत्तरम्, तत्। एकम् अग्रं प्रधानं चिन्तनीयं यस्य तत् एकाग्रम्, तत्। चित्तं च इन्द्रियाणि च इति चित्ते-

---

१ ब्रह्माकारमनोवृत्तिप्रवाहोऽहंकृतिं विना।
सम्प्रज्ञातसमाधिः स्याद्ध्यानाभ्यासप्रकर्षतः॥

અહંકાર વિના યોગીનો જે બ્રહ્માકારવાળી મનોવૃત્તિનો પ્રવાહ તે ધ્યાન સંબંધી અભ્યાસના અતિશયથી 'સંપ્રજ્ઞાત સમાધિ' થાય છે

न्द्रियाणि, तेषां क्रियाः इति चित्तेन्द्रियक्रियाः, यताः चित्तेन्द्रियक्रियाः यस्य सः यतचित्तेन्द्रियक्रियः। विशेषेण शुद्धिः इति विशुद्धिः, आत्मनः विशुद्धिः इति आत्मविशुद्धिः, तस्यै आत्मविशुद्धये।

અન્વય અને અર્થઃ—यतचित्तेन्द्रियक्रियः ચિત્ત, ઇન્દ્રિયો અને તેની ક્રિયાઓ સંયમમાં રાખનાર યોગી, शुचौ પવિત્ર, देशे સ્થાનમાં, आत्मनः પોતાના, आसनम् આસનને, स्थिरम् સ્થિર, (तेभ्य) अत्युच्छ्रितम् ઘણું ઉંચુ, न નહિ, (तेभ) अतिनीचम् ઘણું નીચું, (પણ) न નહિ, (अने) चैलाजिनकुशोत्तरम् દર્ભ, મૃગચર્મ અથવા વ્યાઘ્રચર્મ અને વસ્ત્ર એમ ઉત્તરોત્તર જેમાં રહેલાં હોય તેવું, प्रतिष्ठाप्य રાખીને, तत्र તે, આસને આસન ઉપર, उपविश्य બેસીને, मनः મનને, एकाग्रम् એકાગ્ર, कृत्वा કરીને, आत्मविशुद्धये આત્માની શુદ્ધિને માટે, योगम् યોગનું, युञ्ज्यात् અનુસંધાન કરે.

ભાવાર્થઃ—ચિત્ત, ઇન્દ્રિયો અને તેની ક્રિયાઓને નિયમમાં રાખનાર, યોગી, પવિત્ર સ્થળમાં પોતાનું આસનસ્થિર, અને ઘણું ઉંચું નહિ તેમજ ઘણું નીચું નહિ તેવું, તથા દર્ભાસન, મૃગચર્મ કે વ્યાઘ્રચર્મ અને તેની ઉપર વસ્ત્ર એમ ઉત્તરોત્તર હોય તેવું રાખીને, તે આસન ઉપર બેસી મનને એકાગ્ર કરી આત્માની શુદ્ધિને માટે યોગનું અનુસંધાન કરે. ૧૧-૧૨.

અવતરણિકાઃ—આસન ઉપર બેસીને શરીરને કેવી રીતે ધારણ કરવું? તેનો નિયમ બે શ્લોકે છેઃ

समं कायशिरोग्रीवं धारयन्नचलं स्थिरः ॥
संप्रेक्ष्य नासिकाग्रं स्वं दिशश्चानवलोकयन् ॥१३॥

प्रशांतात्मा विगतभीर्ब्रह्मचारिव्रते स्थितः ॥
मनः संयम्य मच्चित्तो युक्त आसीत मत्परः ॥१४॥

पदच्छेदः—समम्, कायशिरोग्रीवम्, धारयन्, अचलम्, स्थिरः, संप्रेक्ष्य, नासिकाग्रम्, स्वम्, दिशः, च, अनवलोकयन्; प्रशान्तात्मा, विगतभीः, ब्रह्मचारिव्रते, स्थितः, मनः, संयम्य, मच्चित्तः, युक्तः, आसीत, मत्परः.

व्युत्पत्तिसमासाः—कायश्च शिरश्च ग्रीवा च इति एषां समाहारः कायशिरोग्रीवम्, तत्। धारयतीति धारयन्। चलति इति चलम्, न चलम् अचलम्, तत्। सम्यक् प्रेक्ष्य इति संप्रेक्ष्य। नासिकायाः अग्रम् इति नासिकाग्रम्, तत्। अवलोकयतीति अवलोकयन्, न अवलोकयन् अनवलोकयन्। प्रकर्षेण शान्तः प्रशान्तः, प्रशान्तः आत्मा यस्य सः प्रशान्तात्मा। विशेषेण गता भीः यस्य सः विगतभीः। ब्रह्म वेदः, तदध्ययनार्थं व्रतमपि ब्रह्म, तत् चरतीति ब्रह्मचारी, तस्य व्रतम् इति ब्रह्मचारिव्रतम्, तस्मिन् ब्रह्मचारिव्रते। सम्यक् यन्त्वा इति संयम्य। मय्येव चित्तं यस्य सः मच्चित्तः। अहमेव परः अन्तर्यामी प्रेरकः यस्य सः मत्परः।

---

१ स्मरणं कीर्तनं केलिः प्रेक्षणं गुह्यभाषणम्। संकल्पोऽध्यवसायश्च क्रियानिर्वृत्तिरेव च ॥
एतन्मैथुनमष्टाङ्गं प्रवदन्ति मनीषिणः। विपरीतं ब्रह्मचर्यमेतदेव मकीर्तितम् ॥ स्मृति ॥

સ્ત્રીનું સ્મરણ, વખાણ, રમણ, નિરીક્ષણ, એકાંત ભાષણ પ્રાપ્તિનો સંકલ્પ, તે સંબંધી અતિપ્રયાસ, અને ક્રિયાઓની નિવૃત્તિ એને બુદ્ધિમાન પુરુષો અષ્ટાંગ મૈથુન કહે છે અને એનું વિપરીત-ઉલટું થતા બ્રહ્મચર્ય કહેલ છે અર્થાત્ બ્રહ્મચારીએ એવા અષ્ટાંગ મૈથુનનો ત્યાગ કરવો

અન્વય અને અર્થઃ—(યોગી) **સ્થિરઃ** આસન પર સ્થિરતાથી બેઠેલો, **કાયશિરોગ્રીવમ્** કાયા–શરીરનો મધ્યભાગ, મસ્તક અને ડોકને, **સમમ્** સરખાં, (**અને**) **અચલમ્** નિશ્ચલ, **ધારયન્** રાખીને, **ચ** તેમજ **સ્વમ્**, પોતાના, **નાસિકાગ્રમ્** નાસિકાના અગ્ર ભાગને, **સંપ્રેક્ષ્ય** સારી રીતે જોઈને, **દિશઃ** દિશાઓને, **અનવલોકયન્** આમ તેમ જરા પણ ન જોતાં, **પ્રશાન્તાત્મા** અત્યંત શાંત અંતઃકરણવાળો, **વિગતભીઃ** વ્યાઘ્રાદિ પશુ તથા હિંસક મનુષ્યોથી ભયરહિત થયેલો, (**અને**) **બ્રહ્મચારિવ્રતે** બ્રહ્મચારીના વ્રતમાં, **સ્થિતઃ** રહેલો, **મનઃ** મનને, **સંયમ્ય** સારી રીતે વશમાં રાખીને, **મચ્ચિત્તઃ** મારામાં જ ચિત્તને અર્પણ કરનાર, **મત્પરઃ** હું જ જેનો સૌથી શ્રેષ્ઠ છું તેવો, **યુક્તઃ** યુકત થઈને–યોગમાં સાધન–સંપન્ન બનીને, **આસીત** રહે.

ભાવાર્થઃ—યોગીએ ઉપર કહ્યા પ્રમાણેના આસન પર સ્થિરતાથી બેસીને કાયા–શરીરનો મધ્ય ભાગ, મસ્તક અને ડોકને એક સરખી સ્થિતિમાં અચલ રાખીને, પોતાની નાસિકાના અગ્રભાગની ઉપર સારી રીતે દૃષ્ટિ સ્થિર કરીને એટલે તેને જ માત્ર જોઈને દિશાઓમાં આમ તેમ જરા પણ દૃષ્ટિ ન ફેરવીને અત્યંત શાંત અંતઃકરણવાળો, હિંસક પશુ ઇત્યાદિથી ભય જેનો નિવૃત્ત થઈ ગયો છે તેવો થઈ, બ્રહ્મચારીઓના વ્રતમાં રહી મનને સારી રીતે કાબુમાં રાખી, મારામાં જ ચિત્તને અર્પણ કરી અને મને જ પોતાનો પરમ આશ્રય માની યોગયુકત થઇ રહેવું. ૧૩–૧૪.

અવતરણિકાઃ—હવે યોગના સાધનથી શું વિશિષ્ટ ફલ થાય છે તે ભગવાન્ શ્રીકૃષ્ણ કહે છેઃ

युंजन्नेवं सदात्मान योगी नियतमानसः ॥
शांतिं निर्वाणपरमां मत्संस्थामधिगच्छति ॥ १५ ॥

पदच्छेदः—युञ्जन्, एवम्, सदा, आत्मानम्, योगी, नियतमानसः, शान्तिम्, निर्वाणपरमाम्, मत्संस्थाम्, अधिगच्छति.

व्युत्पत्तिसमासाः—युनक्तीति युञ्जन्। नितान्त यत मानस मन यस्य स नियतमानस। निर्वाण मुक्ति तदेव परमा निष्ठा यस्या शान्ते सा निर्वाणपरमा, ता निर्वाणपरमाम्। मयि सम्यक् तिष्ठतीति मत्संस्था, ताम् मत्संस्थाम्।

અન્વય અને અર્થઃ—**नियतमानस** મનને જેણે સ્વયમા રાખેલુ છે તેવો, **योगी** યોગી, **एवम्** ઉપર કહ્યા પ્રમાણે **सदा** નિરતર, **आत्मानम्** આત્માને, **युञ्जन्** સમાધિમા જોડતો થકો, **मत्संस्थाम्** મારામા રહેલી, **निर्वाणपरमाम्** મોક્ષ એજ જેની પરમનિષ્ઠા છે તેવી, **शान्तिम्** શાન્તિને, **अधिगच्छति** મેળવે છે

ભાવાર્થઃ—મનને જેણે સ્વયમમા રાખેલુ છે એવો યોગી ઉપર કહ્યા પ્રમાણે પોતાના આત્માને નિરતર સમાધિમા જોડતો થકો મારામા મુક્તિરૂપે રહેલી પરમ શાતિને પામે છે ૧૫

---

१ प्रज्ञाप्रा(प्रा)साद्मारुह्य अशोच्य शोचतो जनान्।
भूमिष्ठानिव शैलस्थ सर्वान् प्राज्ञोऽनुपश्यति ॥ माष्ये ॥

બુદ્ધિવાન્ પુરૂષ બુદ્ધિની પ્રસન્નતાપર ચઢીને અથવા બુદ્ધિરૂપી પ્રાસાદ-મહેલપર ચઢીને અન્ય મનુષ્યોને શોચતો સ્વય અશોચ્ય બની જેમ પર્વતપર ચઢેલો મનુસ પૃથ્વીપર રહેવા તમામને જોઈ શકે છે તેમ સર્વને જોઈ શકે છે

અવતરણિકા:—જે યોગી યોગાભ્યાસપરાયણ હોય તેવાના આહાર વિહાર વગેરે કેવા પ્રકારના હોય છે ? તે કહે છે:

नात्यश्नतस्तु योगोऽस्ति न चैकांतमनश्नतः ॥
न चातिस्वप्नशीलस्य जाग्रतो नैव चार्जुन ॥१६॥

पदच्छेदः—न, अत्यश्नतः, तु, योगः, अस्ति, न, च, एकान्तम्, अनश्नतः, न, च, अतिस्वप्नशीलस्य, जाग्रतः, न, एव, च, अर्जुन.

व्युत्पत्तिसमासाः—आत्मसंमितमन्नपरिमाणं अतीत्य अतिशयेन अश्नातीति अत्यश्नन्, तस्य अत्यश्नतः। एकः अन्तः यस्य तत् एकान्तम्, तत्। न अश्नातीति अनश्नन्, तस्य अनश्नतः। अति अत्यन्तं स्वप्नः शीलं यस्य सः अतिस्वप्नशीलः, तस्य अतिस्वप्नशीलस्य। जागर्तीति जाग्रत्, तस्य जाग्रतः।

अन्वय अने अर्थः—अर्जुन હે અર્જુન ! अत्यश्नतः (આત્માના પોષણમાટે જેટલું જોઈએ તેનાથી) અધિક ખાનારને, तु તો, योगः યોગ-સમાધિયોગ, न, अस्ति (હોતો) નથી. च

---

१ नात्यमात्र- क्षुधितः श्रान्तो न च व्याकुलचेतन- ।
युञ्जीत योग राजेंद्र योगी सिद्धयर्थमात्मन' ॥
नातिशीते न चैवोष्णे न द्वन्द्वे नानिलान्विते ।
कालेष्वेतेषु युञ्जीत न योग ध्यानतत्परः ॥ मार्कंडेयपुराणे ॥

હે રાજેંદ્ર ! પેટમાં ગુડગુડ થતા વાયુવિકારવાળાએ, ભૂખ્યાએ, થાકેલાએ અને વ્યાકુલ ચિત્તવાળાએ પોતાની સિદ્ધિ માટે યોગમાં જોડાવું નહિ.

અતિશીત કાળમાં, અતિ ઉષ્ણ કાળમા, શીત અને ઉષ્ણ એ બન્નેવાળા સમયમાં અને અતિ વાયુવાળા કાળમા ધ્યાન તત્પર રહેનારા પુરૂષે યોગસાધનમાં જોડાવું ન જોઈએ.

અને, एकान्तम् અત્યંત, अनश्नतः ન ખાનારને, (પણ હોતો) ન, નથી, च અને, अतिस्वप्नशीलस्य ઘણી નિદ્રા કરવાની ટેવવાળાને, (પણ) ન નથી, (અને) जाग्रतः બિલકુલ નિદ્રા ન કરનારને (પણ), ન નથી, एव જ.

ભાવાર્થઃ—હે અર્જુન ! શરીરના નિર્વાહને અર્થે જેટલું જોઈએ તેનાથી અધિક ખાનારને અથવા બિલકુલ ઓછું ખાનારને યોગ પ્રાપ્ત થતો નથી, તેમજ ઘણી નિદ્રા કરવાની ટેવવાળાને તેમજ બિલકુલ નિદ્રા ન કરનારને પણ યોગ પ્રાપ્ત થતો નથી અર્થાત્ તેવા પુરુષો અનિયમિત હોવાથી આહાર વિહારની તેમની અનિયમિતતાને લીધે તેમને યોગ સિદ્ધ થઈ શકતો નથી. ૧૬.

અવતરણિકાઃ—'ત્યારે આહારવિહારમા કેવી રીતે રહેનારને યોગસિદ્ધ થઈ શકે ?' તેને માટે ભગવાન્ કહે છે

युक्ताहारविहारस्य युक्तचेष्टस्य कर्मसु ॥
युक्तस्वप्नावबोधस्य योगो भवति दुःखहा ॥ १७ ॥

પદચ્છેદઃ—युक्ताहारविहारस्य, युक्तचेष्टस्य, कर्मसु, युक्तस्वप्नावबोधस्य, योगः, भवति, दुःखहा.

व्युत्पत्तिसमासाः—आहारश्च विहारश्च आहारविहारौ, युक्तौ नियतौ आहारविहारौ यस्य सः युक्ताहारविहारः, तस्य युक्ताहारविहारस्य । युक्ता नियता एव चेष्टा यस्य सः युक्तचेष्टः, तस्य युक्तचेष्टस्य । स्वप्नश्च अवबोधश्च इति स्वप्नावबोधौ, युक्तौ नियतौ स्वप्नावबोधौ यस्य सः युक्तस्वप्नावबोधः, तस्य युक्तस्वप्नावबोधस्य । दुःखं हन्तीति दुःखहा ।

અન્વય અને અર્થઃ—યુક્તાહારવિહારસ્ય આહાર-ખાવા-પીવામાં અને વિહાર–હરવા ફરવામાં નિયમિત રહેનારનો, કર્મસુ કર્મોમાં, (પણ) યુક્તચેષ્ટસ્ય નિયમિત ચેષ્ટાવાળાનો, (તેમ) યુક્તસ્વપ્નાવબોધસ્ય નિદ્રા અને જાગૃતિમાં પણ નિયમપૂર્વક વર્તનારનો, યોગઃ યોગ, દુઃખહા દુઃખને મટાડનાર, ભવતિ થાય છે, અર્થાત્ સિદ્ધ થાય છે.

ભાવાર્થઃ—ખાવાપીવામાં, અને હરવા ફરવામાં નિયમિત રહેનારને, કર્મ કરવામાં નિયમિત ચેષ્ટાવાળાને તથા નિદ્રા અને જાગૃતિમાં પણ નિયમપૂર્વક વર્તનારને યોગ દુઃખનો નાશ કરનાર થાય છે. અર્થાત્ એવી રીતે આહારવિહાર વગેરેમાં નિયમિત રહેવાથી શરીરની આન્તરિક સ્થિતિ યોગક્રિયાને યોગ્ય રહેવાથી યોગ સિદ્ધ થઈ શકે છે. ૧૭

અવતરણિકાઃ—આ પ્રમાણે 'યોગ કરતાં કરતાં પુરુષે યોગને ક્યારે પ્રાપ્ત કરેલો કહી શકાય ?' તે કહે છેઃ

यदा विनियतं चित्तमात्मन्येवावतिष्ठते ॥
निःस्पृहः सर्वकामेभ्यो युक्त इत्युच्यते तदा ॥१८॥

પદચ્છેદઃ—યદા, વિનિયતમ્, ચિત્તમ્, આત્મનિ, એવ, અવતિષ્ઠતે, નિઃસ્પૃહઃ, સર્વકામેભ્યઃ, યુક્તઃ, ઇતિ, ઉચ્યતે, તદા.

વ્યુત્પત્તિસમાસાઃ—વિશેષેણ નિતાન્તં યતમ્ ઇતિ વિનિયતમ્ । નિર્ગતાઃ સ્પૃહાઃ યસ્માત્ સઃ નિ.સ્પૃહઃ । સર્વે ચ તે કામાઃ ઇતિ સર્વકામાઃ, તેભ્યઃ સર્વકામેભ્યઃ ।

અન્વય અને અર્થઃ—યદા ક્યારે, વિનિયતમ્ અત્યંત સંયમમાં રાખેલું, ચિત્તમ્ ચિત્ત, આત્મનિ આત્મામાં, એવ જ,

અવતિષ્ઠતે સ્થિર થઈને રહે, (અને યોગ કરનાર પુરુષ) સર્વકામેભ્યઃ બધી કામનાઓથી, નિઃસ્પૃહઃ સ્પૃહારહિત, (થાય) તદા ત્યારે, (તે) યુક્તઃ યોગ પ્રાપ્ત કરેલો, ઇતિ એમ, ઉચ્યતે કહેવાય છે.

ભાવાર્થઃ—જે યોગીનું વશીભૂત અંતઃકરણ આત્મામાં જ સ્થિર થઈને રહેલું હોય છે, અને જે બધી કામનાઓથી સ્પૃહારહિત છે તે યોગી 'પ્રાપ્ત-યોગ' કહેવાય છે. અર્થાત્ તેવા યોગીએ યોગ સિદ્ધ કરેલો છે એમ સમજવું. ૧૮.

અવતરણિકાઃ—'આત્મામા જેની ચિત્તવૃત્તિ એકાકાર થએલી છે એવા યોગીની સ્થિતિ કેવી હોય છે' તે દૃષ્ટાંત સાથે સમજાવે છેઃ

यथा दीपो निवातस्थो नेङ्गते सोपमा स्मृता ॥
योगिनो यतचित्तस्य युंजतो योगमात्मनः ॥१९॥

પદચ્છેદઃ—यथा, दीपः, निवातस्थः, न, इङ्गते, सा, उपमा, स्मृता, योगिनः, यतचित्तस्य, युञ्जतः, योगम्, आत्मनः.

વ્યુત્પત્તિસમાસાઃ—निर्गतः वातः यस्मात् स्थानात् तत् निवातम्, तस्मिन् तिष्ठतीति निवातस्थः। उपमीयते अनया इति उपमा। योगः अस्ति अस्य इति योगी, तस्य। यतं नियतं चित्तं यस्य सः यतचित्तः, तस्य यतचित्तस्य। युनक्तीति युञ्जन्, तस्य युञ्जतः।

અન્વય અને અર્થઃ—यथा જેમ, निवातस्थः પવન વિનાના સ્થાનમાં રહેલો, दीपः દીવો, न, इङ्गते (જરાપણ) હાલતો નથી, (તેમ) यतचित्तस्य વશ અંતઃકરણવાળા, (અને) आत्मनः

---

१ मनसो वृत्तिशून्यस्य निर्विकारात्मना स्थितिः।
असंप्रज्ञातनामाऽसौ समाधिर्योगिनां प्रियः॥

વૃત્તિઓવડે શૂન્ય મનની જે નિર્વિકાર આત્મસ્થિતિ તે યોગિઓને પ્રિય એવો 'અસંપ્રજ્ઞાત' સમાધિ-યોગ કહેવાય છે.

આત્મા સંબંધી, યોગમ્ સમાધિ–યોગનું, યુઞ્જતઃ અનુષ્ઠાન કરતા, યોગિનઃ યોગીને–યોગીના ચિત્તને, સા તે, ઉપમા ઉપમા, સ્મૃતા કહેવામાં આવેલી છે.

ભાવાર્થઃ—જે પ્રમાણે પવન વિનાના સ્થાનમાં રહેલો દીવો જરાપણ હાલતો નથી, તેજ પ્રમાણે વશઅંતઃકરણવાળા અને આત્માસંબંધી સમાધિયોગનું અનુષ્ઠાન કરતા યોગીને પણ એટલે તે યોગીના ચિત્તને પણ તે જ ઉપમા આપેલી છે. અર્થાત્ તે યોગી અથવા તેનું ચિત્ત પણ તે દીપકની પેઠે નિશ્ચલ હોઇ આત્મામાં તાદાત્મ્યભાવને પામેલું હોય છે–નિશ્ચલ હોય છે. ૧૯.

અવતરણિકાઃ—'સમાધિ–યોગ' બે પ્રકારનો કહેવામા આવેલ છે, એક તો 'સંપ્રજ્ઞાત' અને બીજો 'અસંપ્રજ્ઞાત' તેમા સંપ્રજ્ઞાતમા ધ્યેયની સાથે ધ્યાતાની વૃત્તિનો ભેદ રહે છે, અને અસંપ્રજ્ઞાતમા કોઇપણ રીતે ધ્યેય અને ધ્યાતાની વૃત્તિનો ભેદ રહેતો નથી. તેમા આગલા શ્લોકોમાં પ્રથમ વિભાગનું એટલે 'સંપ્રજ્ઞાત' યોગનું વર્ણન કરેલુ હોવાથી હવે બીજો વિભાગ એટલે 'અસંપ્રજ્ઞાત' યોગ કહેવાની પ્રતિજ્ઞાથી નીચેના સાત ત્રણ શ્લોકથી ભગવાન્ કહે છે

यत्रोपरमते चित्तं निरुद्धं योगसेवया ॥
यत्र चैवात्मनात्मानं पश्यन्नात्मनि तुष्यति ॥ २० ॥
सुखमात्यंतिकं यत्तद् बुद्धिग्राह्यमतींद्रियम् ॥
वेत्ति यत्र न चैवायं स्थितश्चलति तत्त्वतः ॥ २१ ॥

---

१ समाधिनिर्धूतमलस्य चेतस निरीक्षितव्यात्मनि यत्सुख भवेत्।
न शक्यते वर्णयितु गिरा तदा यद्देवतल्प करणैव दृश्यते ॥

સમાધિથકે ધોવાયેલા મલવાળા અને આત્મામાં યોજેલા ચિત્તને જે સુખ પ્રાપ્ત થાય છે, તે સુખને અત કરણ જ્યારે અનુભવે છે ત્યારે તે સુખનુ વર્ણન વાણી (સરસ્વતી અથવા છલ)થી થઈ શકતું જ નથી

यं लब्ध्वा चापरं लाभं मन्यते नाधिकं ततः ॥
यस्मिन्स्थितो न दुःखेन गुरुणापि विचाल्यते ॥२२॥

तं विद्याद्दुःखसंयोगवियोगं योगसंज्ञितम् ॥
स निश्चयेन योक्तव्यो योगोऽनिर्विण्णचेतसा ॥२३॥

पदच्छेदः—यत्र, उपरमते, चित्तम्, निरुद्धम्, योगसेवया, यत्र, च, एव, आत्मना, आत्मानम्, पश्यन्, आत्मनि, तुष्यति; सुखम्, आत्यन्तिकम्, यत्, तत्, बुद्धिग्राह्यम्, अतीन्द्रियम्, वेत्ति, यत्र, न, च, एव, अयम्, स्थितः, चलति, तत्त्वतः; यम्, लब्ध्वा, च, अपरम्, लाभम्, मन्यते, न, अधिकम्, ततः, यस्मिन्, स्थितः, न, दुःखेन, गुरुणा, अपि, विचाल्यते; तम्, विद्यात्, दुःखसंयोगवियोगम्, योगसंज्ञितम्, सः, निश्चयेन, योक्तव्यः, योगः, अनिर्विण्णचेतसा.

व्युत्पत्तिसमासाः—उप समीपे रमते इति उपरमते। नितान्तं रुद्धम् इति निरुद्धम्। योगस्य सेवा अनुष्ठानम् इति योगसेवा, तया योगसेवया। पश्यति इति पश्यन्। अत्यन्तमेव भवतीति आत्यन्तिकम्, तत्। बुद्ध्या ग्रहीतुं योग्यम् इति बुद्धिग्राह्यम्, तत्। इन्द्रियाणि अतीत्य वर्तते इति अतीन्द्रियम्, तत्। तत्त्वात् इति तत्त्वतः। न परः अपरः, तम्। विशेषेण चाल्यते इति विचाल्यते। सम्यक् योगः इति संयोगः, विगतः योगः सः वियोगः, दुःखैः संयोगः इति दुःखसंयोगः, दुःखसंयोगस्य वियोगः इति दुःखसंयोगवियोगः, तम् दुःखसंयोगवियोगम्। योगः इति संज्ञितः

इति योगसंज्ञितः, तम् योगसंज्ञितम् । योक्तुम् उचितः योक्तव्यः । न निर्विण्णम् इति अनिर्विण्णम्, अनिर्विण्णं च तत् चेतः इति अनिर्विण्णचेतः, तेन अनिर्विण्णचेतसा ।

અન્વય અને અર્થઃ—योगसेवया સમાધિયોગના અભ્યાસથી–સેવનથી, निरुद्धम् અત્યંત નિયમમાં આવેલું, चित्तम् ચિત્ત, यत्र જ્યાં–જે અવસ્થામાં, उपरमते (દરેક જાતની ચંચલતા છોડીને) ઉપશમ–શાંતિને પામે છે, च અને, (યોગી) आत्मना આત્મા વડે, आत्मानम् આત્માને, पश्यन् જોતો–વિચારતો, आत्मनि આત્મામાં, एव જ, यत्र જે દશામાં, तुष्यति પ્રસન્ન થાય છે; (વળી યોગી) बुद्धिग्राह्यम् બુદ્ધિવડે ગ્રહણ કરવા યોગ્ય, अतीन्द्रियम् ઇન્દ્રિય અને તેના વિષયોથી અતીત, आत्यन्तिकम् જેનાથી વિશેષ બીજું હોઇ જ ન શકે તેવું, यत् જે, (પરમ) सुखम् સુખ (છે), तत् તે સુખને, यत्र જે અવસ્થામાં, वेत्ति જાણે છે, च અને, अयम् આ યોગી, स्थितः સ્થિર થયેલો થકો, तत्त्वतः તત્વના જ્ઞાનથી–આત્મસ્વરૂપથી, , एव, चलति ચલાયમાન નથી જ થતો, च તેમજ, यम् જે યોગ–આત્મસુખરૂપ લાભને, लब्ध्वा મેળવીને, ततः તેનાથી, अपरम् બીજા, लाभम् લાભને, अधिकम् વધારે, न, मन्यते માનતો નથી, (અને) यस्मिन् જે આત્મતત્વમાં, स्थितः રહેલો તે, गुरुणा ઘણા મોટા, दुःखेन દુઃખવડે, अपि પણ, न, विचाल्यते જરા પણ ચલિત થઈ શકતો નથી, तं તે ઉપર કહેલા, दुःखसंयोगवियोगम् દુઃખોના સંયોગના–દુઃખપ્રાપ્તિના વિયોગરૂપ (યોગ)ને, योगसंज्ञितम् યોગની સંજ્ઞાવાળો, विद्यात् જાણવો, (અને) अनिर्विण्णचेतसा ગ્લાનિ–થાક ન પામેલા ચિત્તવડે અર્થાત્ અત્યંત

ઉત્સાહશીલ મનવડે, નિશ્ચયેન નિશ્ચયપૂર્વક, સઃ તે, યોગઃ યોગ, યોક્તવ્યઃ આચરવો જોઇએ.

ભાવાર્થઃ—સમાધિયોગના સેવનથી અત્યંત નિયમિત કરવામાં આવેલું ચિત્ત જે અવસ્થામાં દરેક જાતની ચંચલતાને છોડીને તદ્દન શાંતિને પામે છે, અને યોગી આત્મવડે આત્માને વિચારતો–દર્શન કરતો આત્મામાં જ જે દશામાં પ્રસન્ન થાય છે, વળી કેવળ બુદ્ધિવડે જ ગ્રહણ કરી શકાય તેવું અને ઇન્દ્રિયો તથા તેના વિષયોની સીમાને ઓળંગી ગએલું જે અત્યંત ઉત્તમમાં ઉત્તમ સુખ છે, તે સુખને જે અવસ્થામાં યોગી જાણે છે–પ્રાપ્ત કરે છે, જે અવસ્થામાં સ્થિર થતાં આત્મ-તત્ત્વથી જે જરાપણ ચલાયમાન થતો નથી, તેમજ જે આત્મ-સુખરૂપ લાભને મેળવીને તેનાથી બીજા કોઇપણ લાભને અધિક માનતો નથી, તેમ તેનું ચિન્તન પણ કરતો નથી, અને જે આત્મતત્ત્વમાં સ્થિર થયેલો યોગી તેમાંથી ઘણાં મોટા દુઃખવડે પણ જરાએ ચલાયમાન થઇ શકતો નથી, તેને–એટલે દુઃખ-પ્રાપ્તિનો વિયોગ કરાવનાર–તેને દૂર કરનાર ઉપર જે કહેવામાં આવ્યો છે તેને જ તું 'યોગ' સંજ્ઞક જાણ, અર્થાત્ તેજ ખરો યોગ છે માટે અત્યંત ઉત્સાહયુક્ત મનવડે તે યોગનું નિશ્ચયપૂર્વક આચરણ કરવું જોઇએ, કારણ કે એ યોગનું આચરણ કરવાથી મુમુક્ષુ પરમગતિને પામી શકે છે. ૨૦–૨૩.

અવતરણિકાઃ—હવે 'સમાધિયોગમા અંગભૂત શમ, દમ, ઉપરતિ, તિતિક્ષા, શ્રદ્ધા અને સમાધાન એ પટ્સંપત્તિ વડે યોગને કેવી રીતે ધારણ કરી રાખવો ?' તે કહે છે

संकल्पप्रभवान्कामांस्त्यक्त्वा सर्वानशेषतः ॥
मनसैवेन्द्रियग्रामं विनियम्य समंततः ॥ २४ ॥

शनैःशनैरुपरमेद्बुद्ध्या धृतिगृहीतया ॥
आत्मसंस्थं मनः कृत्वा न किंचिदपि चिंतयेत् ॥२५॥

पदच्छेदः—संकल्पप्रभवान्, कामान्, त्यक्त्वा, सर्वान्, अशेषतः, मनसा, एव, इन्द्रियग्रामम्, विनियम्य, समंततः; शनैः-शनैः, उपरमेत्, बुद्धया, धृतिगृहीतया, आत्मसंस्थम्, मनः, कृत्वा, न, किंचित्, अपि, चिन्तयेत्.

व्युत्पत्तिसमासाः—प्रभवतीति प्रभवः, संकल्पः—इदं मे भूयात् इति चेतोवृत्तिः, ततः प्रभवः उद्भवः येषां ते संकल्पप्रभवाः, तान् संकल्प-प्रभवान्। काम्यन्ते इति कामाः, तान् कामान्। न शेषम् अशेषम्, अशेषादिति अशेषतः। इन्द्रियाणां ग्रामः इन्द्रियग्रामः, तम् इन्द्रियग्रा-मम्। विशेषेण नियम्य इति विनियम्य। धृत्या गृहीता इति धृतिगृहीता, तया धृतिगृहीतया। आत्मनि तिष्ठतीति आत्मसंस्थम्, तत् आत्मसंस्थम्।

अन्वय अने अर्थः—(योगीओ) संकल्पप्रभवान् संक-લ્પથી ઉત્પન્ન થતા, सर्वान् બધા, कामान् મનોરથોને, अशेषतः સમગ્ર રીતે અર્થાત્ વાસનાસહિત, त्यक्त्वा છોડીને, मनसा મન-વડે, एव જ, इन्द्रियग्रामम् ઇન્દ્રિયોના સમૂહને, समंततः ચો-તરફથી, विनियम्य સારી રીતે નિયમમાં રાખીને, शनैः शनैः ધીરે ધીરે, धृतिगृहीतया ધીરજ વડે સ્થિર કરાએલી, बुद्ध्या

---

१ न याहि चेतस्त्वमितस्ततोऽपि देहेन्द्रियाद्यैर्न कुरुष्व कर्म।
त्वं यत्र कुत्राप्युपविश्य नित्यं विचारयस्व स्वनिदानमन्तः ॥

હે ચિત્ત! તું અહિ તહીં ભટક મા અને દેહ તથા ઇંદ્રિયાદિવડે કર્મ ન કર, પરંતુ તું જ્યાં કયા પણ બેસી હમેશ પોતાના આદિ-કારણનો ઉંડી બુધિ વિચાર કર.

બુદ્ધિવડે, ઉપરમેત્ વિરામ પામવો, (અને) મનઃ મનને, આત્મસંસ્થમ્ આત્મામાં જ સ્થિર, કૃત્વા કરીને, કિંચિત્ કંઈ, અપિ પણ, ન, ચિન્તયેત્ ચિન્તન કરવું નહિ.

ભાવાર્થઃ—યોગીએ સંકલ્પથી ઉત્પન્ન થતા બધા મનોરથોને સમગ્ર રીતે-વાસના સુદ્ધાં-ત્યાગ કરીને મનવડે જ ઇન્દ્રિયોના સમૂહને ચારે તરફથી સારી રીતે નિયમમાં રાખીને ધીમે ધીમે ધૈર્યથી સ્થિર કરેલી બુદ્ધિવડે અત્યંત વિરામ પામી જવો અને મનને આત્મામાં જ સ્થિર કરીને કઈ પણ-એટલે કોઈ પણ વસ્તુ વિષે-ચિન્તન કરવુ નહિ. અર્થાત્ સંકલ્પરહિત અને ચેષ્ટા વિનાના થવુ ૨૪-૨૫.

અવતરણિકાઃ—"રજોગુણને લઇને કદાચિત્ મન ચંચલ થઈ જાય તો તેને પ્રત્યાહારથી ફરીને વશ કરવુ" તે કહે છે

यतो यतो निश्चरति मनश्चंचलमस्थिरम् ॥
ततस्ततो नियम्यैतदात्मन्येव वशं नयेत् ॥ २६ ॥

પદચ્છેદઃ—યતઃ, યતઃ, નિશ્ચરતિ, મનઃ, ચંચલમ્, અસ્થિરમ્, તતઃ, તતઃ, નિયમ્ય, એતદ્, આત્મનિ, એવ, વશમ્, નયેત્.

વ્યુત્પત્તિસમાસાઃ—નિતાન્તં ચરતિ ઇતિ નિશ્ચરતિ । અતિશયેન ચલમ્ ઇતિ ચઞ્ચલમ્ । ન સ્થિરમ્ ઇતિ અસ્થિરમ્ ।

---

१ चित्तमेकं न शक्नोति जेतुं स्वात्मव्यवस्थितं य ।
ध्यानवार्त्तां वदन्मूढ स किं लोके न लज्जते ॥ वासिष्ठे ॥

જે સ્વતંત્રતાથી વર્તતા ત્રણ લોકના એક મનને પણ જીતી શકતો નથી તે મૂર્ખ ધ્યાન સબંધી વાત કરતાં લજાતો પણ નથી !

અન્વય અને અર્થઃ—અસ્થિરમ્ અસ્થિર, (અને) ચંચલમ્ ચંચલ એવું, મનઃ મન, યતઃ જ્યાંથી, યતઃ જ્યાંથી, નિશ્ચરતિ ચલાયમાન થાય, ततः ત્યાંથી, તત. ત્યાંથી, एतत् એ મનને, नियम्य નિયમમાં રાખીને, आत्मनि આત્મામા, एव જ, वशम् વશ, नयेत् લાવવું.

ભાવાર્થઃ—અસ્થિર અને ચંચલ એવું મન એને નિયમમાં લાવવા છતાં પણ જ્યાંથી જ્યાંથી ચલાયમાન થાય, ત્યાંથી ત્યાંથી એ મનને નિયમમાં રાખીને આત્માના—પોતાના જ વશમાં લાવવું. અર્થાત્ જેમ બને તેમ એને વશમાં રાખવાનો પ્રયત્ન કરવો. ૨૬.

અવતરણિકાઃ—'મનને એ પ્રમાણે વશ કરવાથી અને એને પ્રવૃત્તિમાંથી અટકાવવાથી શું ફલ થાય છે' તે કહે છે

प्रशांतमनसं ह्येनं योगिनं सुखमुत्तमम् ॥
उपैति शान्तरजसं ब्रह्मभूतमकल्मषम् ॥ २७ ॥

પદચ્છેદઃ—प्रशान्तमनसम्, हि, एनम्, योगिनम्, सुखम्, उत्तमम्, उपैति, शान्तरजसम्, ब्रह्मभूतम्, अकल्मषम्.

વ્યુત્પત્તિસમાસાઃ—प्रकर्षेण शान्तम् इति प्रशातम्, प्रशातं मन यस्य स प्रशान्तमना, तं प्रशान्तमनसम् । शान्त रज यस्य सः शान्तरजा, तम् शान्तरजसम् । ब्रह्मैव सर्वम् इति ब्रह्मस्वरूपेण भूतः

---

१ इमं इत्येव सदीक्ष्य इत्येवंरूपाभिपूर्वं च ।
इदन्तया सम्बन्धं अयोगी स्वक मन ॥ कण्ठे ॥

દાબવડે દબાવી-દાબીને, દાંતોવડે દાંતોને પીસીને અને અંગોવડે અંગોને સ્વાધીનમા લઈને પ્રથમ પોતાનું મન જ જીતવું જોઈએ.

इति ब्रह्मभूतः, तं ब्रह्मभूतम् । न विद्यते कल्मषं यस्य सः अकल्मषः, तम् अकल्मषम् ।

અન્વય અને અર્થઃ—હિ કારણ કે, प्रशान्तमनसम् મન જેનું શાંત થએલું છે એવા, (અને તેથીજ) शांतरजसम् શાંત થયેલ છે રજોગુણ જેનો એવા, ब्रह्मभूतम् બધું જેની દૃષ્ટિએ બ્રહ્મમય થયુ છે તેવા, (तथा) अकल्मषम् અજ્ઞાનરૂપી પાપ જેનું નષ્ટ થયું છે તેવા, एनम् એ, योगिनम् યોગીને, उत्तमम् સૌથી શ્રેષ્ઠ, सुखम् સુખ, उपैति પ્રાપ્ત થાય છે.

ભાવાર્થઃ—કારણ કે જેનું મન શાંત થએલું છે એવા અને તેથીજ રજોગુણ પણ જેનો શાંત થએલો છે તેવા તથા બ્રહ્મમય દૃષ્ટિથી જેને સર્વ સમાન લાગે છે તેમજ અજ્ઞાનરૂપી પાપ જેનું નષ્ટ થયુ છે તેવા યોગીને સૌથી શ્રેષ્ઠ સુખ પ્રાપ્ત થાય છે. અર્થાત્ બ્રહ્મપ્રાપ્તિરૂપ પરમ સુખને તે મેળવી શકે છે. ૨૭

અવતરણિકાઃ—'ઉપર પ્રમાણેની સ્થિતિ પ્રાપ્ત થાય છે, એટલે તે યોગી પરમાનંદને પામી જાય છે' તે કહે છે

युञ्जन्नेवं सदात्मानं योगी विगतकल्मषः ॥
सुखेन ब्रह्मसंस्पर्शमत्यंतं सुखमश्नुते ॥ २८ ॥

---

१ विषयेभ्य समाहृत्य विज्ञातात्मा मनो मुनिः । चिन्तयेन्मुक्तये तेन ब्रह्मभूत परेश्वरम् ॥
आत्मभाव नयत्येन तद्ब्रह्मध्यायन मुनेः । विकार्यमाण मनस शक्त्या लोहमाकर्षको यथा ॥
विष्णुपुराणे ॥

યોગીએ પોતાના મનને વિષયોમાંથી ખેંચીને આત્મજ્ઞાન પ્રાપ્ત કરી તે મનવડે મુક્ત થવા બ્રહ્મરૂપ પરમેશ્વરનુ ચિંતન કરવુ તે બ્રહ્મચિંતન તે યોગીના વિકાર પામતા મનને જેમ ચુંબક લોઢાને આકર્ષે છે, તેમ પોતાની શક્તિવડે જ આત્મ-સ્વરૂપ તરફ લઈ જાય છે—આકર્ષે છે.

પદચ્છેદઃ—યુઞ્જન્, એવમ્, સદા, આત્માનમ્, યોગી, વિગતકલ્મષઃ, સુખેન, બ્રહ્મસંસ્પર્શમ્, અત્યન્તમ્, સુખમ્, અશ્નુતે.

વ્યુત્પત્તિસમાસાઃ—યુનક્તીતિ યુઞ્જન્। વિશેષેણ સર્વાત્મના ગતં કલ્મષં યસ્ય સઃ વિગતકલ્મષઃ। બ્રહ્મણા પરેણ સંસ્પર્શઃ યસ્ય તત્ બ્રહ્મસંસ્પર્શમ્, તત્। અન્તમ્ અતીત્ય ઇતિ અત્યન્તમ્, તત્।

અન્વય અને અર્થઃ—એવમ્ એ પ્રમાણે, સદા સદા, આત્માનમ્ આત્માને, યુઞ્જન્ યોગમાં જોડતો, (અને તેથી જ) વિગતકલ્મષઃ જેનાં પાપ સમૂલ નાશ પામી ગયાં છે તેવો, યોગી યોગી, સુખેન સુખપૂર્વક, બ્રહ્મસંસ્પર્શમ્ બ્રહ્મને સ્પર્શ કરતા-બ્રહ્મમય જણાતા એવા, અત્યન્તમ્ નિઃસીમ, સુખમ્ સુખને, અશ્નુતે ભોગવે છે.

ભાવાર્થઃ—એ પ્રમાણે નિરંતર પોતાના આત્માને સમાધિમાં લગાડતો અને તેથીજ જેનાં પાપ નષ્ટ થઈ ગએલાં છે એવો યોગી સુખપૂર્વક બ્રહ્મવિષયક એટલે બ્રહ્મપ્રાપ્તિરૂપ જે નિઃસીમ સુખ છે તેને ભોગવે છે. ૨૮.

અવતરણિકાઃ—હવે યોગનું ફલ જે બ્રહ્મની સાથે એકીભાવ તેને જ્યારે યોગી પામે છે ત્યારે તેની દૃષ્ટિ પછી કેવા પ્રકારની રહે છે' તે કહે છેઃ

सर्वभूतस्थमात्मानं सर्वभूतानि चात्मनि ॥
ईक्षते योगयुक्तात्मा सर्वत्र समदर्शनः ॥ २९ ॥

---

१ स्वसंवेद्य हि तद् ब्रह्म कुमारी स्त्रीसुखं यथा ।
अयोगी नैव जानाति जात्यंधो हि यथा घटम् ॥ दक्षस्मृतिः ॥

બ્રહ્મ તે પોતાથી સારી રીતે જાણી શકાય તેવું છે, તોપણ જેમ કુમારી (પરણ્યા વિનાની-પતિના યોગ વિનાની) સ્ત્રીસુખને જાણી શકતી નથી અને જેમ જન્માંધ પુરુષ ઘટ (ઘડા) ને જાણી શકતો નથી, તેમ અયોગી-યોગરહિત પુરુષ-બ્રહ્મને જાણી શકતો નથી.

પદચ્છેદઃ—સર્વભૂતસ્થમ્, આત્માનમ્, સર્વભૂતાનિ, ચ, આત્મનિ, ઈક્ષતે, યોગયુક્તાત્મા, સર્વત્ર, સમદર્શનઃ.

વ્યુત્પત્તિસમાસાઃ—સર્વાણિ ચ તાનિ ભૂતાનિ ચ સર્વભૂતાનિ, તેષુ તિષ્ઠતીતિ સર્વભૂતસ્થઃ, તમ્ સર્વભૂતસ્થમ્ । સર્વાણિ ચ તાનિ ભૂતાનિ ઇતિ સર્વભૂતાનિ, તાનિ સર્વભૂતાનિ । યોગેન યુક્તઃ આત્મા યસ્ય સઃ યોગયુક્તાત્મા । સર્વસ્મિન્ ઇતિ સર્વત્ર । સમં બ્રહ્મરૂપેણૈવ દર્શનં યસ્ય સઃ સમદર્શનઃ ।

અન્વય અને અર્થઃ—**યોગયુક્તાત્મા** યોગથી સમાધિમાં જેનો આત્મા જોડાએલો છે તેવો યોગી, **સર્વત્ર** સર્વ-વસ્તુમાત્રમાં, **સમદર્શનઃ** સમાનદૃષ્ટિવાળો થયો થકો, **આત્માનમ્** આત્માને, **સર્વભૂતસ્થમ્** બધાં-પ્રાણિમાત્રમાં રહેલો, **ચ** અને, **સર્વભૂતાનિ** બધાં પ્રાણિઓને, **આત્મનિ** પોતાના આત્મામાં, **ઈક્ષતે** જુએ છે.

ભાવાર્થઃ—યોગથી જેણે પોતાના આત્માને સમાધિમાં જોડેલો છે તેવો યોગી, સર્વ વસ્તુઓમાં સમાનદૃષ્ટિવાળો થઈને પોતાના આત્માને બધાં પ્રાણિઓમાં અને સર્વ પ્રાણિઓને પોતાના આત્મામાં જુએ છે. અર્થાત્ તેને કોઈપણ પ્રકારનો ભેદ રહેતો નથી. ૨૯.

અવતરણિકાઃ—'આવી રીતે આત્માનો એકીભાવ થવાથી યોગીને શું ફલ પ્રાપ્ત થાય છે?' તે કહે છેઃ

યો માં પશ્યતિ સર્વત્ર સર્વં ચ મયિ પશ્યતિ ॥
તસ્યાહં ન પ્રણશ્યામિ સ ચ મે ન પ્રણશ્યતિ ॥૩૦॥

---

૧ ભિદ્યતે હૃદયગ્રન્થિશ્છિદ્યન્તે સર્વસંશયાઃ ।
ક્ષીયન્તે ચાસ્ય કર્માણિ તસ્મિન્દૃષ્ટે પરાવરે ॥ ભાગવતે ॥

પદચ્છેદઃ—યઃ, મામ્, પશ્યતિ, સર્વત્ર, સર્વમ્, ચ, મયિ, પશ્યતિ, તસ્ય, અહમ્, ન, પ્રણશ્યામિ, સઃ, ચ, મે, ન, પ્રણશ્યતિ.

વ્યુત્પત્તિસમાસાઃ—સર્વસ્મિન્ ઇતિ સર્વત્ર। પ્રકર્ષેણ નશ્યામિ ઇતિ પ્રણશ્યામિ। પ્રકર્ષેણ નશ્યતિ ઇતિ પ્રણશ્યતિ।

અન્વય અને અર્થઃ—યઃ જે યોગી, મામ્ મને, સર્વત્ર બધી જગ્યામાં, પશ્યતિ જુએ છે, ચ અને, સર્વમ્ બધાને, મયિ મારામાં, પશ્યતિ જુએ છે, તસ્ય તેવા આત્મજ્ઞાનીને, અહમ્ હું, ન, પ્રણશ્યામિ અદૃશ્ય થતો નથી, ચ અને, સઃ તે, મે મને, (મારાથી) ન, પ્રણશ્યતિ અદૃશ્ય થતો નથી.

ભાવાર્થઃ—જે યોગી મને સર્વ ઠેકાણે જુએ છે એટલે સર્વવ્યાપક જુએ છે અને બધાંને મારામાં જુએ છે, તેવા આત્મજ્ઞાનીને હું કદિ અપ્રત્યક્ષ થતો નથી, અર્થાત્ તે સદા ધ્યાન-પરાયણ તથા સમદૃષ્ટિવાળો હોવાથી મને નિરંતર પ્રત્યક્ષ જુએ-છે અને હું પણ તેજ પ્રમાણે તેનાથી અદૃશ્ય થતો નથી. અર્થાત્ હું તેની ભક્તિથી તેના પર બહુ અનુગ્રહ કરી તેના પ્રત્યક્ષમાં જ રહી તેને મારા સ્વરૂપની પ્રાપ્તિ કરાવું છું. ૩૦.

અવતરણિકા—આગળના શ્લોકોમા પોતાની પ્રત્યક્ષતારૂપે પૂર્ણ બ્રહ્મનું દર્શન કરાવીને હરી પણ પોતાનાથી તેની અવિભક્તિ જણાવે છે

જ્યારે તે પરમેશ્વરનું દર્શન થાય છે અર્થાત્ સ્વસ્વરૂપાનુસંધાન થાય છે ત્યારે આ દેહી-જીવના હૃદયની ગ્રંથિ ભેદાઈ જાય છે, સર્વે સંશયો છેદાઈ જાય છે અને તેનાં સઘળાં કર્મો ક્ષય પામી જાય છે.

सर्वभूतस्थितं यो मां भजत्येकत्वमास्थितः ॥
सर्वथा वर्तमानोऽपि स योगी मयि वर्तते ३१ ॥

पदच्छेदः—सर्वभूतस्थितम्, यः, माम्, भजति, एकत्वम्, आस्थितः, सर्वथा, वर्तमानः, अपि, सः, योगी, मयि, वर्तते.

व्युत्पत्तिसमासाः—सर्वेषु भूतेषु स्थितःइति सर्वभूतस्थितः, तम् सर्वभूतस्थितम् । एकस्य भावः इति एकत्वम्, तत्। आ समंतात् स्थितः इति आस्थितः। सर्वप्रकारेण इति सर्वथा। वर्तते असौ इति वर्तमानः।

अन्वय अने अर्थः—यः જે યોગી, एकत्वम् સર્વત્ર એકીભાવને, आस्थितः આશ્રય કરી રહ્યો થકો, माम् મને, सर्वभूतस्थितम् સર્વ પ્રાણિમાત્રમાં રહેલો સમજીને, भजति ભજે છે, सः તે, योगी યોગી, सर्वथा બધી રીતે, वर्तमानः વર્તન કરનારો હોય (અથવા સર્વ ઠેકાણે રહેનારો હોય છતાં), अपि પણ, मयि મારામાં, वर्तते વર્તે છે–રહે છે.

ભાવાર્થઃ—જે યોગી સર્વ–વસ્તુમાત્રમાં એકજ ભાવનો આશ્રય કરીને રહેલો હોય છે એટલે અભેદદૃષ્ટિવાળો હોય છે, અને મને સર્વ પ્રાણિમાત્રમાં રહેલો સમજીને ભજે છે, તે યોગી સર્વ પ્રકારે વર્તન કરતો હોય કે કોઇપણ ઠેકાણે રહેતો હોય તો પણ તે મારામાં જ અંતર્ગત–લીન–થઇ ગયો હોય છે. અર્થાત્ તે મારામય થઈ ગએલો હોવાથી હું તેને મારા અપૂર્વ આનંદથી ભિન્ન રાખતો નથી પણ મારા સ્વરૂપે જ બનાવી દઉં છું. ૩૧.

अवतरणिकाः—'એ પ્રમાણે મને ભજનાર યોગીઓમાં પણ સર્વપ્રાણિમાત્ર પર અત્યંત દયા રાખનાર યોગી સર્વથી વધારે શ્રેષ્ઠ છે' તે કહે છેઃ

आत्मौपम्येन सर्वत्र समं पश्यति योऽर्जुन ॥
सुखं वा यदि वा दुःखं स योगी परमो मतः ॥३२॥

पदच्छेदः—आत्मौपम्येन, सर्वत्र, समम्, पश्यति, यः, अर्जुन, सुखम्, वा, यदि, वा, दुःखम्, सः, योगी, परमः, मतः.

व्युत्पत्तिसमासाः—उपमीयते अनया इति उपमा, आत्मनः उपमा इति आत्मोपमा, तस्याः भावः आत्मौपम्यम्, तेन आत्मौपम्येन। सर्वस्मिन् इति सर्वत्र।

अन्वय अने अर्थः—अर्जुन हे अर्जुन! यः જે યોગી, आत्मौपम्येन પોતાના જ સમાનભાવથી, सर्वत्र સમસ્ત પ્રાણિ-માત્રમાં, सुखम् સુખ, यदि, वा અથવા, दुःखम् દુઃખને, समम् સરખું, पश्यति જુએ છે, सः તે, योगी યોગી, परमः સૌથી મોટો, मतः મનાયલો છે.

भावार्थः—હે અર્જુન! જે યોગી પોતાના દૃષ્ટાંતથી અર્થાત્ પોતાને જેમ સુખદુઃખ પૂર્વમાં લાગતું હતું તે પ્રમાણે સર્વ પ્રાણીને લાગે, એ પ્રમાણે પ્રાણિમાત્રમાં સુખ અથવા તો દુઃખને સમાનતાથી જુએ છે તેવો દયાયુક્ત યોગી સૌથી શ્રેષ્ઠ માનવામાં આવેલો છે. ૩૨.

अवतरणिकाः—ઉપરોક્ત લક્ષણવાળા યોગને સાંભળ્યા પછી તે યોગની સાધનાનો મનની સંમતિ પોતાને કેવો અનુભવ થાનો અર્જુન ભગવાન શ્રીકૃષ્ણને પૂછે છેઃ

अर्जुन उवाच । અર્જુન પૂછે છેઃ-

योऽयं योगस्त्वया प्रोक्तः साम्येन मधुसूदन ॥
एतस्याहं न पश्यामि चंचलत्वात्स्थितिं स्थिराम्॥३३॥

पदच्छेदः—यः, अयम्, योगः, त्वया, प्रोक्तः, साम्येन, मधुसूदन, एतस्य, अहम्, न, पश्यामि, चञ्चलत्वात्, स्थितिम्, स्थिराम्.

व्युत्पत्तिसमासाः—प्रकर्षेण सम्यक्तया उक्तः इति प्रोक्तः। समस्य भावः साम्यम् तेन साम्येन। चञ्चलस्य भावः चञ्चलत्वम्, तस्मात् चञ्चलत्वात् ।

अन्वय अने अर्थः—मधुसूदन હે મધુસૂદન! साम्येन રાગદ્વેષયુક્ત ચિત્તના નાશપૂર્વક કેવળ આત્માકારમા અવસાન પામેલા મનના સમાનપણાવડે, (ધારણ કરવાનો) अयम् આ, यः જે, योगः યોગ, त्वया તમે, प्रोक्तः કહ્યો, एतस्य એ યોગની, स्थितिम् સ્થિતિને, चञ्चलत्वात् માનસિક ચંચલતાથી, स्थिराम् સ્થિર એવી, न, पश्यामि હું જોતો નથી.

भावार्थः—હે મધુસૂદન! રાગદ્વેષયુક્ત ચિત્તના નાશપૂર્વક કેવળ આત્માકારમાં અવસાન પામેલા મનના સમાનપણાવડે ધારણ કરવાનો આ જે યોગ આપે કહ્યો છે, તેની સ્થિતિ માનસિક ચંચલતાને લઈને સ્થિર રહી શકે એમ હું જોતો નથી. અર્થાત્ યોગ ચિરકાલ પર્યંત ચિત્તના વિક્ષેપથી સ્થિર રહી શકે કે નહિ તે હું સમજી શકતો નથી. ૩૩

अवतरणिकाः—એ યોગની અસ્થિરતાને દૃઢ કરવાને કરીથી મનની ચપળતા બતાવતાં અર્જુન કહે છે

चंचलं हि मनः कृष्ण प्रमाथि बलवद् दृढम् ॥
तस्याहं निग्रहं मन्ये वायोरिव सुदुष्करम् ॥ ३४ ॥

પદચ્છેદઃ—चञ्चलम्, हि, मनः, कृष्ण, प्रमाथि, बलवद्, दृढम्, तस्य, अहम्, निग्रहम्, मन्ये, वायोः, इव, सुदुष्करम्.

વ્યુત્પત્તિસમાસાઃ—प्रकर्षेण मथ्नातीति प्रमाथि। बलम् अस्य अस्तीति बलवद्। नितान्तं ग्रहः इति निग्रहः, तं निग्रहम्। दुःखेन क्रियते इति दुष्करः, सुतराम् दुष्करः इति सुदुष्करः, तम्।

અન્વય અને અર્થઃ—कृष्ण હે કૃષ્ણ! मनः મન, चञ्चलम् ચંચલ, प्रमाथि ઇન્દ્રિયોને ક્ષોભ ઉત્પન્ન કરનારું, बलवत् બલવાળું, (અને) दृढम् દૃઢ છે, हि તેથી, तस्य તે મનના, निग्रहम् વશ કરવાના કર્તવ્યને, वायोः વાયુના, इव જેવું, सुदुष्करम् અત્યંત દુષ્કર એટલે કઠિન, अहम् હું, मन्ये માનું છું.

---

१ अप्यब्धिपानान्महतः सुमेरून्मूलनादपि ।
अपि वह्नयशनात्साधो विषमश्चित्तनिग्रहः ॥

હે સાધો! મોટા સમુદ્રના પાનથી, સુમેરુ પર્વતને ઉખેડી નાંખવાથી તથા અગ્નિનું ભક્ષણ કરવાથી પણ ચિત્તનો નિગ્રહ કરવો અતિ વિષમ-કઠિન છે.

२ कृषिर्भूवाचकः शब्दो णश्च निर्वृत्तिवाचकः ।
तयोरैक्यं परं ब्रह्म कृष्ण इत्यभिधीयते ॥

'કૃષિ' શબ્દ જન્મવાચક છે અને 'ણ' શબ્દ નિવૃત્તિ-નિવારણ વાચક છે. એ બે શબ્દોના જોડાણથી 'કૃષ્ણ' શબ્દ થાય છે એટલે જે જન્મનું નિવારણ કરે છે તે કૃષ્ણ-પરબ્રહ્મ એમ કહેવાય છે.

ભાવાર્થઃ—હે કૃષ્ણ ! મન ઘણું ચંચલ, ઇન્દ્રિયોને ક્ષોભ ઉત્પન્ન કરનારું, બલવાન્ અને દૃઢ છે, અર્થાત્ વેગથી યોગની સ્થિરતાનો વિનાશ કરનારુ છે, અને તેથી તે મનનો નિગ્રહ કરવામાં વાયુને રોકવામાં જેટલી કઠિનતા છે તેટલી જ કઠિનતા છે એમ હું માનું છુ. અર્થાત્ યોગધારણા માટે મનને જીતવું હું અત્યંત દુર્ઘટ સમજું છુ ૩૪.

અવતરણિકાઃ—અર્જુને મનના ચચલતાદિ જે દોષો કહ્યા, તે બધાનો અગીકાર કરીને તેને કેવી રીતે જીતી શકાય ? તે સબધી ઉપાયો હવે ભગવાન્ શ્રીકૃષ્ણ કહે છે

શ્રીભગવાનુવાચ । શ્રીભગવાન્ કહે છે –

असंशयं महाबाहो मनो दुर्निग्रहं चलम् ॥
अभ्यासेन तु कौंतेय वैराग्येण च गृह्यते ॥ ३५ ॥

પદચ્છેદઃ—असंशयम्, महाबाहो, मनः, दुर्निग्रहम्, चलम्, अभ्यासेन, तु, कौन्तेय, वैराग्येण, च, गृह्यते.

વ્યુત્પત્તિસમાસાઃ—न सशय. यस्मिन् कर्मनि यथा स्यात्तथा इति असंशयम् । दु खेन निग्रहः यस्य तत् दुर्निग्रहम् । चलतीति चलम् । विगतः

---

१ प्राणायामदृढाभ्यासैर्युक्त्या च गुरुदत्तया । आसनाशनयोगेन प्राणस्पन्दो निरुध्यते ॥
अध्यात्मविद्याधिगम साधुसगम एव च । वासनासपरित्याग प्राणस्पन्दनिरोधनम् ॥
एतास्ता युक्तय पुष्टा सन्ति चित्तजये किल ॥

પ્રાણાયામના દૃઢ અભ્યાસવડે, શ્રીગુરૂએ આપેથી યુક્તિવડે તથા આસન અને આહારના યોગવડે પ્રાણ-મનની ચચલતાનો નિરોધ થાય છે, અને અધ્યાત્મ વિદ્યાનું શિક્ષણ, સત્પુરૂષોનો સમાગમ, વાસનાઓનો સપૂર્ણ ત્યાગ અને પ્રાણોના ચલનનો અવરોધ એ બધી પુષ્ટ યુક્તિઓ મનને યોગ્ય રીતે જીતવા માટે છે.

रागः आसक्तिः यस्मात् सः विरागः, विरागस्य भावः इति वैराग्यं, तेन वैराग्येण ।

અન્વય અને અર્થઃ—महाबाहो હે મહાબાહુ અર્જુન! मनः મન, दुर्निग्रहम् દુઃખથી સંયમમાં આવી શકે તેવું, (અને) चलम् ચંચલ છે, (એ) असंशयम् નિઃસંદેહ છે, तु તોપણ, कौन्तेय હે કૌન્તેય! (ते) अभ्यासेन અભ્યાસવડે, च અને, वैराग्येण વૈરાગ્યથી, गृह्यते સંયમમાં રાખી શકાય છે.

ભાવાર્થઃ—હે મહાબાહો! મન ઘણી મુશ્કેલીથી વશમાં આવી શકે તેવું અને ચંચલ છે એ નિઃસંશય છે, તો પણ હે કૌંતેય! તે મનને અભ્યાસ-લય-પ્રતિબંધક અને વૈરાગ્ય-વિક્ષેપ-પ્રતિબંધક એ બંનેવડે નિયમમાં રાખી શકાય છે. અર્થાત્ અભ્યાસ અને વૈરાગ્યથી તે વશમાં આવી શકે છે, એમ તું માન. ૩૫.

અવતરણિકાઃ—આ હેતુથી યોગની પ્રાપ્તિ અથવા અપ્રાપ્તિમાં મનોનિગ્રહ જ કારણ છે તે કહે છેઃ

असंयतात्मना योगो दुष्प्राप इति मे मतिः ॥
वश्यात्मना तु यतता शक्योऽवाप्तुमुपायतः ॥ ३६ ॥

પદચ્છેદઃ—असंयतात्मना, योगः, दुष्प्रापः, इति, मे, मतिः, वश्यात्मना, तु, यतता, शक्यः, अवाप्तुम्, उपायतः.

વ્યુત્પત્તિસમાસાઃ—न सम्यक् यतः आत्मा यस्य सः असंयतात्मा, तेन असंयतात्मना । दुःखेन प्राप्यते इति दुष्प्रापः । वश्यः

आत्मा यस्य स वश्यात्मा, तेन वश्यात्मना । यतति इति यतत्, तेन यतता । उपायेभ्य इति उपायत ।

અન્વય અને અર્થઃ—असंयतात्मना જેનો આત્મા-મન સંયમમાં નથી તેવાવડે, योग યોગ, दुष्प्राप દુઃખથી મેળવી શકાય (છે), તું પણ, वश्यात्मना જેનો આત્મા-મન વશમાં હોય તેવા, (અને) यतता યત્ન કરનાર યોગીને, (તો) उपायत ઉપાયોથી, (પણ) अवाप्तुम् મેળવવાને, शक्य શક્ય (છે), इति એમ, मे મારૂં, मति માનવું (છે).

ભાવાર્થઃ—જેનો આત્મા એટલે મન સંયમમાં નથી, તેવા યોગી વડે તો યોગ ઘણા દુઃખથી પ્રાપ્ત થઇ શકે તેવો છે, પણ જેને પોતાનો આત્મા એટલે મન વશમાં છે, તેવા યત્ન કરનાર યોગીને તો અભ્યાસ અને વૈરાગ્યાદિ ઉપાયોવડે યોગ સહેલાઈથી સાધવાને શક્ય છે એમ મારું માનવું છે ૩૬

અવતરણિકા—'અભ્યાસ-પુનઃ પુનઃ ક્રિયાનું કરવું અને વૈરાગ્ય-વિરક્તિ-ના અભાવથી સંપૂર્ણ જ્ઞાન જેને નથી પ્રાપ્ત થયું, એવો યોગી શું ફલ પામે છે!' તે જાણવાની ઈચ્છાથી અર્જુન ભગવાનને પૂછે છે

अर्जुन उवाच । અર્જુન પૂછે છે—

अयतिः श्रद्धयोपेतो योगाच्चलितमानसः ॥
अप्राप्य योगसंसिद्धिं कां गतिं कृष्ण गच्छति ॥३७॥

---

१ भिक्षाटन जप शौच स्नान ध्यान सुराचनम् ।
कर्त्तव्यानि षडेतानि यतीनां मृषदण्डवत् ॥ श्रुति ॥

ભિક્ષા માગવા જવું જપ કરવો શૌચ સ્નાન ધ્યાન અને દેવપૂજન કરવું એ છ કર્મ જેમ રાજાદંડ અવશ્ય આપવો પડે તેમ યતિના અવશ્ય કર્ત્તવ્યો છે એને ન કરે તેને 'અયતિ' કહેવામાં આવે છે

પદચ્છેદઃ—अयतिः, श्रद्धया, उपेतः, योगात्, चलित-मानसः, अप्राप्य, योगसंसिद्धिम्, काम्, गतिम्, कृष्ण, गच्छति.

વ્યુત્પત્તિસમાસાઃ—न यतिः अयतिः । चलितं मानसं यस्य सः चलितमानसः । न प्राप्य इति अप्राप्य । सम्यक् सिद्धिः संसिद्धिः, योगस्य संसिद्धिः योगसंसिद्धिः, तां योगसंसिद्धिम् ।

અન્વય અને અર્થઃ—कृष्ण હે કૃષ્ણ ! श्रद्धया શ્રદ્ધાથી, उपेतः યુક્ત, (પણ) योगात् યોગથી, चलितमानसः જેનું મન ચલિત થયેલું છે એવો, अयतिः યોગીની સ્થિતિને ન પામેલો, योगसंसिद्धिम् યોગની સિદ્ધિને, अप्राप्य ન મેળવીને, काम् કઈ, गतिम् ગતિને, गच्छति પામે છે ?

ભાવાર્થઃ—હે શ્રીકૃષ્ણ ! શ્રદ્ધાયુક્ત એવો પણ કોઈ યોગી યોગથી ભ્રષ્ટ મનવાળો હોય અને સંપૂર્ણ યોગીની દશાને ન પામ્યો હોય, તો તેવો યોગી યોગની સિદ્ધિને ન મેળવીને પછી કઈ ગતિને પ્રાપ્ત થાય છે ? તે મને તમે કહો. ૩૭.

અવતરણિકાઃ—અર્જુન પોતાને વિશેષ મુંઝવ કરવા ફરી પાછો કહે છેઃ

कच्चिन्नोभयविभ्रष्टश्छिन्नाभ्रमिव नश्यति ॥
अप्रतिष्ठो महाबाहो विमूढो ब्रह्मणः पथि ॥ ३८ ॥

પદચ્છેદઃ—कच्चित्, न, उभयविभ्रष्टः, छिन्नाभ्रम्, इव, नश्यति, अप्रतिष्ठः, महाबाहो, विमूढः, ब्रह्मणः, पथि.

વ્યુત્પત્તિસમાસાઃ—विशेषेण भ्रष्ट इति विभ्रष्टः, उभयेन विभ्रष्टः इति उभयविभ्रष्टः । छिन्नं च तत् अभ्रं च इति

न श्रेष्ठत्वेन प्रतिष्ठा-स्थितिः यस्य सः अप्रतिष्ठः । विशेषेण मूढः इति विमूढः ।

અન્વય અને અર્થઃ—महाबाहो હે મહાબાહો શ્રીકૃષ્ણ! ब्रह्मणः બ્રહ્મના, पथि માર્ગમા, विमूढः મૂઢ થયેલો–ભૂલેલો, (તેમજ) अप्रतिष्ठितः યોગમાં જોઇતી સ્થિરતાને ન પામેલો, (યોગી) उभयविभ्रष्टः કર્મમાર્ગ અને યોગમાર્ગ બન્નેથી ભ્રષ્ટ થયેલો, छिन्नाभ्रम् છુટા પડી ગયેલા વાંદળાની, इव માફક, काञ्चित् કંઈ, न नश्यति નાશ નથી પામતો (શું)?

ભાવાર્થઃ—હે મહાબાહો શ્રીકૃષ્ણ! બ્રહ્મપ્રાપ્તિના માર્ગમાં ભૂલો પડેલો, યોગમાં આવશ્યક સ્થિરતાને ન પામેલો અને એવી રીતે કર્મમાર્ગ તેમજ યોગમાર્ગ બંનેથી ભ્રષ્ટ થયેલો યોગી છુટા પડી ગયેલા વાદળાની માફક કંઈ નાશ તો પામતો નથીને? અર્થાત્ તેવો યોગી નાશ પામવો જોઇએ, એવો મારા મનમાં સંશય રહે છે. ૩૮.

અવતરણિકાઃ—એ પ્રમાણે સંશયનું કથન કરીને તેના નાશને માટે અર્જુન ભગવાનની વિનતિ કરે છે

एतन्मे संशयं कृष्ण छेत्तुमर्हस्यशेषतः ॥
त्वदन्यः संशयस्यास्य छेत्ता न ह्युपपद्यते ॥ ३९ ॥

પદચ્છેદઃ—एतत्, मे, संशयम्, कृष्ण, छेत्तुम्, अर्हसि, अशेषतः, त्वदन्यः, संशयस्य, अस्य, छेत्ता, न, हि, उपपद्यते.

વ્યુત્પત્તિસમાસાઃ—न शेषं अशेषम्, तेन अशेषतः। त्वत्तः अन्यः त्वदन्यः । छिनत्तीति छेत्ता ।

અન્વય અને અર્થઃ—કૃષ્ણ હે કૃષ્ણ! એતત્ એ પ્રમાણેના, મે મારા, સંશયમ્ સંશયને, અશેષતઃ જડમૂળથી, છેત્તુમ્ ઉચ્છેદી નાખવાને, અર્હસિ તમે યોગ્ય છો, (કારણકે) અસ્ય આ, સંશયસ્ય સંશયનો, છેત્તા છેદનાર, ત્વદન્યઃ તમારાથી બીજો, હિ ખરેખર, ન, ઉપપદ્યતે મળી શકે તેમ નથી.

ભાવાર્થઃ—હે શ્રીકૃષ્ણ! મારા ઉપરોક્ત સંશયને જડમૂળથી નાશ કરવાને માટે આપજ યોગ્ય છો, કારણ કે આ સંશયનો છેદનાર આપના સિવાય બીજો કોઇ પણ મળી શકે તેમ હું માનતો નથી. અર્થાત્ આપજ મારા એ સંશયને દૂર કરો. ૩૯.

અવતરણિકાઃ—અર્જુનના પ્રશ્નનો જવાબ આપતા ભગવાન્ શ્રીકૃષ્ણ કહે છેઃ

श्रीभगवानुवाच । શ્રીભગવાન્ કહે છેઃ—

पार्थ नैवेह नामुत्र विनाशस्तस्य विद्यते ॥
नहि कल्याणकृत्कश्चिद्दुर्गतिं तात गच्छति ॥ ४० ॥

---

१ स्नातं तेन समस्ततीर्थसलिले सर्वाऽपि दत्तावनि-
र्यज्ञानां च कृत सहस्रमखिला देवाश्च संपूजिताः ।
संसाराच्च समुद्धृताः स्वपितरश्चैलोक्यपूज्यो ह्यसौ
यस्य ब्रह्मविचारणे क्षणमपि स्थैर्यं मनः प्राप्नुयात् ॥

જે મનુષ્યનું મન બ્રહ્મના વિચારમા ક્ષણમાત્ર પણ સ્થિરતાને પ્રાપ્ત થયું છે, તેણે સઘળા તીર્થોના જળમાં સ્નાન કર્યું, તેણે સર્વ પૃથ્વીનું દાન કર્યું. તેણે હજાર યજ્ઞો કર્યા, તેણે સમગ્ર દેવોનું પૂજન કર્યું, તેણે સંસારથી પોતાના પિતૃઓનો ઉદ્ધાર કર્યો અને એ ત્રણે લોકમાં પૂજ્ય થયેલો છે. અર્થાત્ તે સર્વ પ્રકારે અમર થયો છે અને તેનો નાશ જ નથી.

પદચ્છેદઃ—પાર્થ, ન, એવ, ઇહ, ન, અમુત્ર, વિનાશઃ, તસ્ય, વિદ્યતે, ન, હિ, કલ્યાણકૃત્, કશ્ચિત્, દુર્ગતિમ્, તાત, ગચ્છતિ.

વ્યુત્પત્તિસમાસાઃ—અમુષ્મિન્ ઇતિ અમુત્ર। વિશેષેણ નાશઃ ઇતિ વિનાશઃ। કલ્યાણં કરોતીતિ કલ્યાણકૃત્। દુષ્ટા ચાસૌ ગતિશ્ચ ઇતિ દુર્ગતિઃ, તાં દુર્ગતિમ્ । તનોતિ આત્માનં પુત્રરૂપેણ ઇતિ તાતઃ; તત્સંબુદ્ધૌ તાત।

અન્વય અને અર્થઃ—પાર્થ હે પાર્થ! તસ્ય તેવા યોગથી અપૂર્ણ રહી ગયેલા અને દેહભ્રષ્ટ થયેલા યોગીનો, ઇહ આ લોકમાં, (અને) અમુત્ર પરલોકમાં, (પણ) વિનાશઃ વિનાશ, ન, વિદ્યતે થતો નથી, એવ જ, હિ કારણ કે, તાત હે તાત! કશ્ચિત્ કોઈપણ, કલ્યાણકૃત્ કલ્યાણકારક કર્મ કરનાર મનુષ્ય, દુર્ગતિમ્ દુષ્ટગતિને—અધોગતિને, ન, ગચ્છતિ પામતો નથી.

ભાવાર્થઃ—હે પાર્થ! તેવા અપૂર્ણ યોગીનો આ લોકમાં કે પરલોકમાં પણ કદી વિનાશ થતો જ નથી, કારણકે હે તાત—અર્જુન! કલ્યાણકારક કર્તવ્ય કરનાર કોઈ પણ મનુષ્ય દુષ્ટ ગતિને એટલે અધોગતિને પામતો નથી. ૪૦

અવતરણિકાઃ—"જ્યારે એવા યોગીની અધોગતિ નથી થતી, ત્યારે તેવા યોગભ્રષ્ટ થએલા યોગીની શી ગતિ થાય છે! એવા પ્રશ્નના પ્રત્યુત્તર-રૂપે બે શ્લોક વડે ભગવાન્ જણાવે છેઃ

प्राप्य पुण्यकृताँल्लोकानुषित्वा शाश्वतीः समाः ॥
शुचीनां श्रीमतां गेहे योगभ्रष्टोऽभिजायते ॥ ४१ ॥

---

१ अनिष्पन्नसमाधिस्तु परब्रह्मोपलब्धिमान्। यद्यन्तरायदोषेण दुष्यते ह्रास्य मानसे ॥
जन्मान्तरेऽस्य सतो मुक्तिः पूर्वस्य जायते। विनिष्पन्नसमाधिस्तु मुक्तिमत्रैव जन्मनि।
प्राप्नोति योगी योगाग्निदग्धकर्मा च योऽचिरात्॥ विष्णुपुराणे॥

अथवा योगिनामेव कुले भवति धीमताम् ॥
एतद्धि दुर्लभतरं लोके जन्म यदीदृशम् ॥ ४२ ॥

पदच्छेदः—प्राप्य, पुण्यकृताम्, लोकान्, उषित्वा, शाश्वतीः, समाः, शुचीनाम्, श्रीमताम्, गेहे, योगभ्रष्टः, अभिजायते, अथवा, योगिनाम्, एव, कुले, भवति, धीमताम्, एतत्, हि, दुर्लभतरम्, लोके, जन्म, यत्, ईदृशम्.

व्युत्पत्तिसमासाः—पुण्यं कुर्वन्तीति ते पुण्यकृतः, तेषां पुण्यकृताम् । श्रीः अस्ति येषां ते श्रीमन्तः, तेषां श्रीमताम् । योगात् भ्रष्टः इति योगभ्रष्टः । धीः अस्ति येषां ते धीमन्तः, तेषां धीमताम् । दुःखेन लभ्यते इति दुर्लभम्, अतिशयेन दुर्लभम् इति दुर्लभतरम् । अनेन तुल्यम् इति ईदृशम् ।

अन्वय अने अर्थः—योगभ्रष्टः योगमांथी च्युत थयेलो योगी, पुण्यकृताम् पुण्य करनाराओना, लोकान् लोकोने, प्राप्य प्राप्त करीने, शाश्वतीः अनेक, समाः वर्षो सुधी, (त्यां) उषित्वा वसीने, शुचीनाम् पवित्र एवा, श्रीमताम् श्रीमान् लोकोना, गृहे घरमां, अभिजायते जन्मे छे, अथवा अथवा, धीमताम् बुद्धिमान्, योगिनाम् योगीओना, एव ज, कुले कुलमां, भवति उत्पन्न थाय छे, हि कारण के, ईदृशम् आवा प्रकारनो, यत् जे,

---

પરબ્રહ્મના જ્ઞાનને પામેલો યોગી જો સંપૂર્ણ સમાધિમાન્ ન થયો હોય અને કાંઈ પણ અંતરાય-વિઘ્નોના દોષવડે તેનું મન દૂષિત થયું હોય તો પણ પૂર્વમાં કરેલા અભ્યાસવાળા તે સત્પુરુષ-યોગીની અન્ય જન્મોમાં મુક્તિ થાય છે. તથા જે સમ્પૂર્ણ સમાધિસિદ્ધ યોગી છે તે યોગાગ્નિવડે કર્મોને ભસ્મ કરી આ જન્મમાં જ તરત મુક્તિને પામે છે.

જન્મ જન્મ, એતત્ એ, લોકે લોકમાં, દુર્લભતર ઘણુજ દુઃખથી મેળવાય તેવો છે.

ભાવાર્થઃ—યોગમાંથી ભ્રષ્ટ થએલો યોગી પુણ્યશાળીઓ-વડે પ્રાપ્ત કરવા યોગ્ય ઉંચા લોકને પામીને લાંબા વખત સુધી ત્યાં રહે છે અને પછી પવિત્ર એવા શ્રીમાન્ લોકોના ઘરમાં અથવા તો બુદ્ધિમાન્ યોગીઓના કુલમાં જન્મ ધારણ કરે છે, કારણ કે એવા પ્રકારનો જન્મ લેવો તે લોકમાં ઘણી મુશ્કેલીથી અને મોટા પુણ્યથી મેળવી શકાય તેવો છે. અર્થાત્ યોગભ્રષ્ટ યોગી અધોગતિ ન પામતાં આ પ્રમાણે શ્રીમન્ત અથવા યોગી-ઓને ત્યાં જન્મ ધારણ કરી આનંદ ભોગવે છે. ૪૧–૪૨.

અવતરણિકાઃ—'શ્રીમન્ત અથવા યોગીને ત્યા જન્મ થયા પછી પુણ્યનો ઉપભોગ થવાથી તેને અધોગતિએ જવાનો સંભવ રહે તો!' એવી શંકાના સમાધાનમાં ભગવાન્ કહે છે

तत्र तं बुद्धिसंयोगं लभते पौर्वदेहिकम् ॥
यतते च ततो भूयः संसिद्धौ कुरुनंदन ॥ ४३ ॥

પદચ્છેદઃ—તત્ર, તમ્, બુદ્ધિસંયોગમ્, લભતે, પૌર્વદેહિકમ્, યતતે, ચ, તતઃ, ભૂયઃ, સંસિદ્ધૌ, કુરુનન્દન.

વ્યુત્પત્તિસમાસાઃ—સમ્યક્ યોગઃ ઇતિ સંયોગઃ, બુદ્ધેઃ સંયોગઃ ઇતિ બુદ્ધિસંયોગઃ, તમ્ બુદ્ધિસંયોગમ્। પૂર્વશ્ચાસૌ દેહશ્ચ ઇતિ પૂર્વદેહઃ, તસ્મિન્ ભવઃ ઇતિ પૌર્વદેહિકઃ, તમ્। સમ્યક્ સિદ્ધિઃ ઇતિ સંસિદ્ધિઃ, તસ્યામ્ સંસિદ્ધૌ। નન્દયતીતિ નન્દનઃ, કુરૂણાં નન્દનઃ ઇતિ કુરુનન્દનઃ, તત્સંબુદ્ધૌ કુરુનન્દન।

અન્વય અને અર્થઃ—તત્ર તે જન્મમાં, પૌર્વદેહિકમ્ આગલા જન્મના શરીરમાં રહેલા, તમ્ તે, બુદ્ધિસંયોગમ્ બુદ્ધિના સંયોગને—જોડાણને,(તે) લભતે મેળવે છે, ચ અને, કુરુનંદન હે કુરુકુળને આનંદ આપનાર અર્જુન! ततः ત્યાર પછી, भूयः ફરી પણ, संसिद्धौ સારી રીતે યોગસિદ્ધિને માટે, यतते યત્ન કરે છે.

ભાવાર્થઃ—ત્યાં શ્રીમન્ત અથવા યોગીના ઉંચા કુલમાં જન્મ ધારણ કરીને તે આગલા જન્મના શરીરમાંની બુદ્ધિ ઇત્યાદિ શક્તિઓના સંયોગને મેળવે છે, અને હે કુરુનંદન! ત્યાર પછી તે બુદ્ધિની સ્ફુરણાને લીધે ફરી પણ યોગસિદ્ધિને માટે તે પ્રયાસ કરે છે. ૪૩.

पूर्वाभ्यासेन तेनैव ह्रियते ह्यवशोऽपि सः ॥
जिज्ञासुरपि योगस्य शब्दब्रह्मातिवर्तते ॥ ४४ ॥

પદચ્છેદઃ—पूर्वाभ्यासेन, तेन, एव, ह्रियते, हि, अवशः, अपि, सः, जिज्ञासुः, अपि, योगस्य, शब्दब्रह्म, अतिवर्तते.

વ્યુત્પત્તિસમાસાઃ—पूर्वस्मिन् जन्मनि अभ्यासः इति पूर्वाभ्यासः, तेन पूर्वाभ्यासेन । न वशः इति अवशः । ज्ञातुम् इच्छतीति जिज्ञासति, जिज्ञासतीति जिज्ञासुः । शब्दः एव ब्रह्म इति शब्दब्रह्मवेदः, तत् शब्दब्रह्म । अतीत्य वर्तते इति अतिवर्तते ।

અન્વય અને અર્થઃ—अवशः પરતંત્ર (પિતા ઇત્યાદિને આધીન) હોવા છતાં, अपि પણ, सः તે યોગભ્રષ્ટ યોગી, तेन તે, पूर्वाभ्यासेन પૂર્વજન્મના અભ્યાસવડે, एव જ, ह्रियते યોગની સિદ્ધિને માટે યત્ન કરવા ખેંચાઈ જાય છે, (અને) योगस्य

યોગને, જિજ્ઞાસુઃ જાણવાની માત્ર ઇચ્છા કરનાર, અપિ પણ, શબ્દબ્રહ્મ વેદમાં કહેલાં કર્મકાંડ ઇત્યાદિનાં ફલોનું, અતિવર્તતે અતિક્રમણ કરે છે. અર્થાત્ જિજ્ઞાસુ જો શબ્દબ્રહ્મનું અતિક્રમણ કરે તો યોગભ્રષ્ટ તો આ અતિક્રમણ કરે જ એમા શું આશ્ચર્ય !

ભાવાર્થઃ—તે યોગભ્રષ્ટ થયેલો યોગી, પિતા ઇત્યાદિને આધીન હોઇ પરતંત્ર હોવા છતાં પણ તે જ પૂર્વજન્મના અભ્યાસવડે, બળાત્કારે યોગની સિદ્ધિને માટે પ્રયાસ કરવા દોરાઇ જાય છે, અને યોગને સારીરીતે પ્રાપ્તકરેલો તો શું પણ માત્ર તે યોગને જાણવાની ખરી ઇચ્છા કરનાર પણ વેદોક્ત અનુષ્ઠાનોના કહેલાં ફલોનું અતિક્રમણ કરે છે, તો પછી યોગને-સમાધિ-યોગને સારીરીતે જાણનાર અને નિરંતર અભ્યાસીની તો વાત જ શી કરવી? અર્થાત્ આ પૂર્વનો યોગભ્રષ્ટ તો યોગીજ હોવાથી ફલનો ત્યાગ કરી ઊર્ધ્વગતિને પામે, એમા આશ્ચર્ય હોઇ શકે જ નહિ. ૪૪

અવતરણિકાઃ—એ પ્રમાણે યોગ-ભ્રષ્ટની ગતિ કહીને, હવે 'જે યોગી વિષયો વડે વારંવાર આડે રસ્તે દોરાઈ જતો હોય, તે પણ યોગનો જ અભ્યાસ કરવાથી પાપરહિત થઈ અનેક જન્મે પણ પરમગતિને પામે છે,' તે કહે છે

प्रयत्नाद्यतमानस्तु योगी संशुद्धकिल्बिषः ॥
अनेकजन्मसंसिद्धस्ततो याति परां गतिम् ॥ ४५ ॥

પદચ્છેદઃ—પ્રયત્નાત્, યતમાનઃ, તુ, યોગી, સંશુદ્ધકિલ્બિષઃ, અનેકજન્મસંસિદ્ધઃ, તતઃ, યાતિ, પરામ્, ગતિમ્.

વ્યુત્પત્તિસમાસાઃ—પ્રકર્ષેણ યત્નઃ ઇતિ પ્રયત્નઃ, તસ્માત્ પ્રયત્નાત્ । યતતે અસૌ યતમાનઃ । સમ્યક્ શુદ્ધાનિ કિલ્બિષાનિ

पापानि यस्य सः संशुद्धकिल्बिषः । न एकम् इति अनेकम्, अनेके जन्मनि सम्यक् सिद्धः इति अनेकजन्मसंसिद्धः ।

અન્વય અને અર્થઃ—प्रयत्नात् પ્રયત્નપૂર્વક, यतमानः અભ્યાસ કરતો, योगीः યોગી, तु તો, संशुद्धकिल्बिषः સારીરીતે જેનાં પાપ ધોવાઈ ગયાં છે તેવો, अनेकजन्मसंसिद्धः અનેક જન્મને અંતે સિદ્ધિને પ્રાપ્ત કરેલો, ततः ત્યાર પછી, पराम् સૌથી શ્રેષ્ઠ એવી, गतिम् ગતિને, याति પામે છે.

ભાવાર્થઃ—વળી યત્નપૂર્વક અભ્યાસ કરતો યોગી તો યોગાભ્યાસથી જેનાં પાપ સંપૂર્ણ રીતે ધોવાઈ ગયાં છે, તેવો થઈને ઘણા જન્મોને અંતે પણ સિદ્ધિને મેળવી ત્યાર પછી સૌથી શ્રેષ્ઠ એવી બ્રહ્મસંબંધી પરમ ગતિને પામે છે. ૪૫.

અવતરણિકાઃ—આ પ્રમાણે યોગી અનેક જન્મે પણ પરમ ગતિને મેળવતો હોવાથી તે સર્વથી ઉત્તમ મનાય છે' તે કહે છેઃ

तपस्विभ्योऽधिको योगी ज्ञानिभ्योऽपि मतोऽधिकः ॥
कर्मिभ्यश्चाधिको योगी तस्माद्योगी भवार्जुन ॥४६॥

પદચ્છેદઃ—तपस्विभ्यः, अधिकः, योगी, ज्ञानिभ्यः, अपि, मतः, अधिकः, कर्मिभ्यः, च, अधिकः, योगी, तस्मात्, योगी, भव, अर्जुन.

व्युत्पत्तिसमासाः—तपः अस्ति येषां ते तपस्विनः, तेभ्यः तपस्विभ्यः । योगः अस्ति अस्य इति योगी । ज्ञानम् अस्ति येषां ते ज्ञानिनः, तेभ्यः ज्ञानिभ्यः । कर्म इष्टापूर्तादि अस्ति येषां ते कर्मिणः, तेभ्यः कर्मिभ्यः ।

અન્વય અને અર્થઃ—યોગી યોગો, તપસ્વિભ્યઃ કૃચ્છ્રચાંદ્રાયણાદિ તપકરવાવાળાઓથી, અધિકઃ શ્રેષ્ઠ છે, જ્ઞાનિભ્યઃ શાસ્ત્ર વિગેરેના જ્ઞાન વાળાઓથી, અપિ પણ, અધિકઃ શ્રેષ્ઠ, મતઃ માનવામાં આવેલો છે, ચ અને, કર્મિભ્યઃ યજ્ઞ–યાગાદિ તથા વાવ, કૂવા ખોદવા ઈત્યાદિ પુણ્યકર્મો કરવાવાળાઓથી પણ, યોગી યોગી, અધિકઃ શ્રેષ્ઠ છે, તસ્માત્ એટલા માટે, અર્જુન હે અર્જુન! (તું) યોગી યોગી, ભવ થા.

ભાવાર્થઃ—યોગી કૃચ્છ્રચાન્દ્રાયણાદિ તપ કરનારાઓથી, શાસ્ત્ર વગેરેનું જેમને જ્ઞાન હોય તેવાઓથી અને યજ્ઞાદિ પુણ્ય કર્મ કરનારાઓથી પણ અધિક શ્રેષ્ઠ માનવામાં આવેલો છે, માટે હે અર્જુન! તું પણ યોગી થા. અર્થાત્ યોગી થવાથી જ તું ઉત્તમતાને પામી શકીશ. ૪૬.

અવતરણિકાઃ—"યમનિયમાદિપરાયણ યોગીઓમા પણ જે યોગી મારામાંજ એકનિષ્ઠાવાળો છે તે સર્વથી શ્રેષ્ઠ છે," એમ ભગવાન્ શ્રીકૃષ્ણ કહે છેઃ

योगिनामपि सर्वेषां मद्गतेनांतरात्मना ॥
श्रद्धावान्भजते यो मां स मे युक्ततमो मतः ॥४७॥

પદચ્છેદઃ—યોગિનામ્, અપિ, સર્વેષામ્, મદ્ગતેન, અન્તરાત્મના, શ્રદ્ધાવાન્, ભજતે, યઃ, મામ્, સઃ, મે, યુક્તતમઃ, મતઃ.

---

૧ રહે હિ બુદ્ધે ભવભીતિશાન્યૈ ગચ્છાશુ ગોવિન્દપદારવિંદમ્ ॥
યદન્તરા ત્વાં વિષયા નિહન્યુઃ ક્રોશ ત્વમમ્બોદહલોષનેતિ ॥

હે બુદ્ધિ આવ! આવ!! જો તુ સંસારના ભયની શાંતિ ચાહતી હોય તો સત્વર ગોવિંદ–પરમાત્માના ચરણકમળ તરફ જા, તેમાં જે વિષયોરૂપી વિઘ્નો તને હણતા હોય–અડચણ કરતા હોય તો 'હે કમળનયન પ્રભો!' એમ પોકાર કર

व्युत्पत्तिसमासाः—योगः अस्ति येषां ते योगिनः, तेषां योगिनाम् । मयि गतः इति मद्गतः, तेन मद्गतेन । अन्तरश्चासौ आत्मा च इति अन्तरात्मा तेन अन्तरात्मना । श्रद्धा अस्य अस्तीति श्रद्धावान् । अतिशयेन युक्तः इति युक्ततमः ।

અન્વય અને અર્થઃ—सर्वेषाम् બધા, योगिनाम् યોગીઓમાં, अपि પણ यः જે યોગી, श्रद्धावान् શ્રદ્ધાયુક્ત થયો થકો, मद्गतेन મારામાં પરોવાયેલા, अंतरात्मना અંતરાત્માવડે, माम् મને, भजते ભજે છે, सः તે, मे મેં, युक्ततमः સૌથી શ્રેષ્ઠ, मतः માનેલો છે.

ભાવાર્થઃ—બધા યોગીઓમાં પણ જે યોગી અત્યંત શ્રદ્ધાવાળો થઈને, પોતાના અંતરાત્માને મારા વિષે જ પરોવીને મને ભજે છે તેને હું સૌથી શ્રેષ્ઠ માનું છું. અર્થાત્ તું પણ મારા વચનપર વિશ્વાસ રાખી મારામાં જ તારા અન્તરાત્માને દૃઢ કરી મારા કહેવા પ્રમાણે કર્તવ્ય કર, એટલે પરમ સિદ્ધિને પામીશ. ૪૭.

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे
श्रीकृष्णार्जुनसंवादे श्रीकृष्णकार्तान्तिकप्रणीत-
सान्वय-बोधिन्यां गुर्जरटीकायाम् आत्म-
संयमयोगो नाम षष्ठोऽध्यायः ॥



सप्तमोऽध्यायः ।

અવતરણિકાઃ—યોગિનામપિ સર્વેષાં મદ્ગતેનાન્તરાત્મના । શ્રદ્ધાવાન્મજતે યો માં સ મે યુક્તતમો મતઃ ॥ "બધા યોગીઓમાં પણ મારામાંજ લીન અંતરાત્માવડે જે યોગી શ્રદ્ધાયુક્ત થઈ મને ભજે છે તે સૌથી શ્રેષ્ટ છે." એ પ્રમાણે ગયા અધ્યાયમાં, 'મારામાં લીન થએલ અંતરાત્માવાળો જે યોગી મને ભજે છે'—એ કથનરૂપે બીજ નિશ્ચિત કરીને "ભગવાનનું તત્ત્વ કેવા પ્રકારનું છે? અને યોગી તેમાં કેવી રીતે અન્તર્ગત આત્માવાળો થાય?" એ પ્રમાણે અર્જુન તરફથી બે પ્રશ્નોનો સંભવ હોવાથી તેના પૂછ્યા સિવાય કૃપાથી પોતાની મેળે જ કહેવાને ઇચ્છતા ભગવાન્ શ્રીકૃષ્ણ નીચે પ્રમાણે કહેવા લાગ્યાઃ

श्रीभगवानुवाच । શ્રીભગવાન્ કહે છેઃ—

मय्यासक्तमनाः पार्थ योगं युंजन्मदाश्रयः ॥
असंशयं समग्रं मां यथा ज्ञास्यसि तच्छृणु ॥ १ ॥

पदच्छेदः—मयि, आसक्तमनाः, पार्थ, योगम्, युञ्जन्, मदाश्रयः, असंशयम्, समग्रम्, माम्, यथा, ज्ञास्यसि, तत्, शृणु.

व्युत्पत्तिसमासाः—आ समन्तात् सक्तम् आसक्तम्, आसक्तं लग्नं मनः चित्तं यस्य सः आसक्तमनाः । युञ्जतीति युञ्जन् । अहमेव परमेश्वरः आश्रयो यस्य सः मदाश्रयः । न विद्यते संशयः यस्मिन् कर्मणि यथा स्यात्तथा इति असंशयम् ।

અન્વય અને અર્થઃ—પાર્થ હે પાર્થ! મયિ મારામાં, આસક્તમનાઃ લાગેલું છે અંતઃકરણ જેનું એવો, યોગમ્ યોગનો, યુઞ્જન્ અભ્યાસ કરતો, (અને) મદાશ્રયઃ હું જ જેનો પરમ આશ્રય છું તેવો, (તું) અસંશયમ્ કોઈ પણ જાતના સંશય વિના, સમગ્રમ્ નાના પ્રકારની સંપત્તિ, બલ, શક્તિ–માનસિકપ્રગલ્ભતા તથા ઈશ્વરોચિત સામર્થ્ય અને ઐશ્વર્યાદિથી સંપન્ન એવા, મામ્ મને, યથા જેવી રીતે, જ્ઞાસ્યસિ જાણીશ, તત્ તે (મારા વડે કહેવાતું), શૃણુ સાંભળ.

ભાવાર્થઃ—હે અર્જુન! મારામાં જ જેનું અંતઃકરણ લાગેલું છે એવો, કર્મયોગનો અભ્યાસ કરતો તેમજ હું જ જેનો પરમ આશ્રય છું તેવો તું કોઈ પણ પ્રકારના સંદેહ વિના નાના પ્રકારની સંપત્તિ, શારીરિક બલ, માનસિક પ્રગલ્ભતા, તથા ઈશ્વરોચિત સામર્થ્યવિશેષ–ઐશ્વર્ય ઇત્યાદિથી સંપન્ન તથા સંપૂર્ણ એવા મને જેવી રીતે જાણી શકે તે રીતનો પ્રકાર તું મારી પાસેથી સાંભળ. ૧.

અવતરણિકાઃ—ઉપરના શ્લોકમા ભગવાન્ શ્રીકૃષ્ણે "અન્યાશ્રય રહિત અને એકાગ્રચિત્તવાળો યોગી પોતાને કેવી રીતે પૂર્ણતાથી જાણી શકે," તે અર્જુનને કહેવાની જે પ્રતિજ્ઞા પોતે કરી છે તે પ્રતિજ્ઞાના વિષયનો વિસ્તાર અને તેનું સ્વરૂપ હવે નીચે પ્રમાણે ભગવાન્ કહે છે

ज्ञानं तेऽहं सविज्ञानमिदं वक्ष्याम्यशेषतः ॥
यज्ज्ञात्वा नेह भूयोऽन्यज्ज्ञातव्यमवशिष्यते ॥ २ ॥

---

१ परोक्षानुभवेनाथ श्रुतेन मननेन वा ।
वेदान्तशास्त्रबोधेन जगन्मिथ्यात्वपूर्वकम् ॥
ब्रह्मात्मैकत्वसिद्धान्त ज्ञानमाहुर्मनीषिणः ॥ १ ॥

પરોક્ષ અનુભવ, શ્રવણ અને મનન, અથવા વેદાંત શાસ્ત્રના બોધવડે જગત

પદચ્છેદઃ—ज्ञानम्, ते, अहम्, सविज्ञानम्, इदम्, वक्ष्यामि, अशेषतः, यत्, ज्ञात्वा, न, इह, भूयः, अन्यत्, ज्ञातव्यम्, अवशिष्यते.

व्युत्पत्तिसमासाः—ज्ञायते अनेन इति ज्ञानम्, तत् ज्ञानम्। विशेषेण ज्ञानम् इति विज्ञानम्, विज्ञानेन सहितम् इति सविज्ञानम्, तत्। न शेषम् इति अशेषम्, अशेषात् इति अशेषतः। ज्ञातुम् योग्यं ज्ञातव्यम्।

અન્વય અને અર્થઃ—अहम् હું, ते તને, सविज्ञानम् પોતાના અનુભવયુક્ત-વિશેષ જ્ઞાનસહિત, इदम् આ, ज्ञानम् જ્ઞાનને, अशेषतः સંપૂર્ણતાથી, वक्ष्यामि કહીશ, (કે) यत् જે જ્ઞાન, ज्ञात्वा જાણીને, भूयः ફરીને, (તને) इह આ લોકમાં, ज्ञातव्यम् જાણવા લાયક (બીજું કંઈ), न, अवशिष्यते બાકી રહેશે નહિ.

તના મિથ્યાત્વપૂર્વક બ્રહ્મ અને આત્મા (જીવ) ના એકત્વના સિદ્ધાંત (નિર્ણય) ને બુદ્ધિમાન પુરુષો જ્ઞાન કહે છે.

सर्वत्र विष्णोरुत्कर्षज्ञानं ज्ञानमितीर्यते।
तद्विशेषपरिज्ञानं विज्ञानमिति गीयते॥ स्मृतिः॥ २॥

સર્વત્ર વિષ્ણુ-પરમાત્માનાં ઉત્તમપણાનું-પરિપૂર્ણપણાનું જે જ્ઞાન તે જ્ઞાન કહેવાય છે અને તેથી વિશેષ-ઉત્તમ-બ્રહ્મ-સ્વરૂપનું જે અનુભવપૂર્વક જ્ઞાન તે વિજ્ઞાન કહેવાય છે.

अपरोक्षानुभूत्याय निदिध्यासनतोऽथवा।
स्वस्वरूपानुसंधानं विज्ञानं तदिहोच्यते॥ ३॥

અપરોક્ષ અનુભવવડે વા નિદિધ્યાસનવડે જે સ્વસ્વરૂપનું અનુસંધાન તે અહીં (વેદાંતશાસ્ત્રમાં) વિજ્ઞાન કહેવાય છે.

ભાવાર્થઃ—હું તને અનુભવયુક્ત એવું વિશેષ જ્ઞાનયુક્ત એટલે વિજ્ઞાનસહિત એ જ્ઞાન સંપૂર્ણપણે કહીશ, કે જે જ્ઞાનને પ્રાપ્ત કરીને ફરીથી આ લોકમાં બીજું કંઇ પણ તને જાણવા લાયક બાકી રહેશે નહિ ૨

અવતરણિકાઃ—'ઉક્ત પારમાર્થિક આત્મા સંબંધી અત્યંત આવશ્યક જ્ઞાન કેટલું દુષ્પ્રાપ્ય છે' તે ભગવાન્ શ્રીકૃષ્ણ જણાવે છે

मनुष्याणां सहस्रेषु कश्चिद्यतति सिद्धये ॥
यततामपि सिद्धानां कश्चिन्मां वेत्ति तत्त्वतः ॥ ३ ॥

પદચ્છેદઃ—मनुष्याणाम्, सहस्रेषु, कश्चित्, यतति, सिद्धये, यतताम्, अपि, सिद्धानाम्, कश्चित्, माम्, वेत्ति, तत्त्वतः.

વ્યુત્પત્તિસમાસાઃ—यतन्ति ते यतन्तः, तेषां यतताम् । तत्त्वेन इति तत्त्वत ।

અન્વય અને અર્થઃ—मनुष्याणाम् મનુષ્યોના, सहस्रेषु હજારોમાં, कश्चित् કોઇ એક, सिद्धये સિદ્ધિ–આત્મજ્ઞાનને માટે, यतति પ્રયત્ન કરે છે, (અને તેવા) यतताम् યત્ન કરનારા, सिद्धानाम् આત્મ–જ્ઞાન પ્રાપ્ત થયેલા સિદ્ધોમાં, अपि પણ, तत्त्वत તત્ત્વપૂર્વક–યથાર્થ રીતે, कश्चित् કોઈક (જ), माम् મને, वेत्ति જાણે છે.

ભાવાર્થઃ—મનુષ્યોની હજારોની સંખ્યામાંથી કોઈ એક જ આત્મજ્ઞાનની સિદ્ધિને માટે યત્ન કરે છે, અને એવા યત્ન કરનારા, આત્મજ્ઞાનને પ્રાપ્ત થએલા સિદ્ધોમાં પણ યથાર્થ રીતે તે મને કોઈક જ જાણે છે. અર્થાત્ મને પ્રાપ્ત થવાને ઇચ્છતા મનુ-

જેમાં કોઈક જ મારા સ્વરૂપને યથાર્થ સમજી મને પ્રાપ્ત થાય છે. ૩.

અવતરણિકાઃ—આત્માની પૂર્ણતા દર્શાવતા પહેલા "પરા" અને "અપરા" એ બે પ્રકૃતિમાની અન્તમા બ્રહ્મસ્વરૂપે રહેલા આ જગત્માં પણ તેના કારણરૂપે રહેલી પોતાની "અપરા" પ્રકૃતિ નામની જે પ્રકૃતિ છે તે કેટલા પ્રકારની છે તેનુ વર્ણન ભગવાન્ પ્રસંગવશાત્ કરે છે.

भूमिरापोऽनलो वायुः खं मनो बुद्धिरेव च ॥
अहंकार इतीयं मे भिन्ना प्रकृतिरष्टधा ॥ ४ ॥

पदच्छेदः—भूमिः, आपः, अनलः, वायुः, खम्, मनः, बुद्धिः, एव, च, अहंकारः, इति, इयम्, मे, भिन्ना, प्रकृतिः, अष्टधा.

व्युत्पत्तिसमासाः—बुद्ध्यते अनया सा बुद्धिः। अहं क्रियते अनेन इति अहंकारः। अष्टौ प्रकारा यस्याः सा इति अष्टप्रकारा, अष्टप्रकारा इति अष्टधा।

અન્વય અને અર્થઃ—भूमिः પૃથ્વી, आपः પાણી, अनलः અગ્નિ, वायुः વાયુ, खम् આકાશ, मनः મન, च અને, बुद्धिः બુદ્ધિ, (तेम) अहंकार અહંકાર अष्टधा—બુદ્ધ આત्मा, एव પણ, इति

---

१ प्रकृतिर्या मया ख्याता व्यक्ताव्यक्तस्वरूपिणी।
पुरुषश्चाप्युभावेतौ लीयेते परमात्मनि॥
परमात्मा च सर्वेषामाधारः परमेश्वरः।
विष्णुनामा स वेदेषु वेदान्तेषु च गीयते॥ इति॥

જે મે વ્યક્ત અને અવ્યક્ત સ્વરૂપવાળી પ્રકૃતિ કહેલી છે અને પુરુષ પણ કહેલ છે તે બન્ને પરમાત્મામા લય થાય છે, અને પરમાત્મા સર્વના આધાર કોઈ પોતે પરમ ઈશ્વર છે કે જે વિષ્ણુ એ નામથી વેદ અને વેદાંતોમા પ્રસિદ્ધ છે.

એ પ્રમાણે, ઇયમ્ આ, મે મારી, પ્રકૃતિઃ ઐશ્વરી માયાશક્તિ, અષ્ટધા આઠ પ્રકારે, ભિન્ના વિભાગને પ્રાપ્ત થયેલી છે.

ભાવાર્થઃ—પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ, આકાશ, મન, બુદ્ધિ અને અવિદ્યાયુક્ત આત્મા-અહંકાર એ પ્રમાણે એ મારી ઐશ્વરી માયા-શક્તિ આઠ પ્રકારે વહેંચાયલી છે. અર્થાત્ એ પૃથ્વી વગેરે શબ્દે કરી તેમના કારણભૂત ગંધાદિ પાંચ તન્માત્રાઓ, મનઃ શબ્દે કરી તેના કારણભૂત અહંકાર, બુદ્ધિ શબ્દે કરી સમષ્ટિ બુદ્ધિભૂત મહત્તત્ત્વ અને અહંકાર શબ્દ વડે માયા, એ આઠ રૂપે વિભક્ત થએલી એ મારી 'અપરા' નામની પ્રકૃતિ છે એમ તું જાણ. ૪.

અવતરણિકાઃ—એ પ્રમાણે ગૌરવવાળી 'અપરા' નામની પ્રકૃતિનું વર્ણન કરી, હવે બીજી "પરા" નામની જે પ્રકૃતિ છે તેનું વર્ણન કરે છે

अपरेयमितस्त्वन्यां प्रकृतिं विद्धि मे पराम् ॥
जीवभूतां महाबाहो ययेदं धार्यते जगत् ॥ ५ ॥

પદચ્છેદઃ—**અપરા, ઇયમ્, ઇતઃ, તુ, અન્યામ્, પ્રકૃતિમ્, વિદ્ધિ, મે, પરામ્, જીવભૂતામ્, મહાબાહો, યયા, ઇદમ્, ધાર્યતે, જગત્.**

વ્યુત્પત્તિસમાસાઃ—ન પરા અપરા। ન જીવઃ અજીવઃ, અજીવઃ જીવઃ ઇવ યથા સંપદ્યતે તથા ભૂતા ઇતિ જીવભૂતા, તાં જીવભૂતામ્। ગચ્છતિ વિનાશમાપ્નોતિ ઇતિ જગત્।

અન્વય અને અર્થઃ—મહાબાહો હે મહાબાહુ! ઇયમ્ આ જે ઉપર કહેવામાં આવી તે, અપરા નિકૃષ્ટ-હલકી-અર્થાત્ સંસારમાં બંધન કરાવનારી (પ્રકૃતિ) છે, (અને) ઇતઃ આનાથી,

અન્વય અને અર્થઃ—સર્વાણિ બધાં, ભૂતાનિ પ્રાણિઓ, એતદ્યોનીનિ પરા અને અપરા–ક્ષેત્રલક્ષણા અને ક્ષેત્રજ્ઞલક્ષણા પ્રકૃતિ એજ જેમનુ કારણ છે (એવાં છે), ઇતિ એમ, ઉપધારય તું જાણ, (અને તે બંને પ્રકૃતિ મારી હોવાથી) અહમ્ હું, કૃત્સ્નસ્ય સમસ્ત, જગતઃ જગત્ની, પ્રભવ. ઉત્પત્તિ, તથા તેમજ, પ્રલય. વિનાશરૂપ છુ.

ભાવાર્થઃ—સ્થાવરજંગમ પ્રાણિમાત્રને મારી એ 'પરા' અને 'અપરા' પ્રકૃતિના પરિણામરૂપે તું જાણ, કારણ કે તેમાં જે જડ પ્રકૃતિ 'અપરા' છે તે દેહ–શરીર–રૂપે પરિણામ પામે છે અને ચેતના જે 'પરા' તે મારા અંશસ્વરૂપે થઈને કર્તા ભોક્તાના અભિમાનવડે દેહોમાં પ્રવેશ કરીને જીવરૂપે પોતાના કર્મથી ભૂતોને ધારણ કરે છે, આ બંન્ને પ્રકૃતિ મારી અને મારાથી ઉત્પન્ન થએલી છે, તેથી હું જ આ સમસ્ત જગત્ની ઉત્પત્તિ તેમજ વિનાશસ્વરૂપ છુ, અને તેથીજ હું સર્વના કારણરૂપે રહેલો છું એમ તું માન. ૬.

અવતરણિકાઃ—"આ પ્રમાણે હોવાથી હું જ માયાથી આ સમગ્ર જગત્ની ઉત્પતિ સ્થિતિ અને લયના કારણરૂપ છુ અને તેથી વાસ્તવિકમા આ સૃષ્ટિમા મારાથી પર–શ્રેષ્ટ કોઈ નથી" એ પ્રમાણે ભગવાન અર્જુનને કહે છે

मत्तः परतरं नान्यत्किंचिदस्ति धनंजय ॥
मयि सर्वमिदं प्रोतं सूत्रे मणिगणा इव ॥ ७ ॥

---

१ यच्च किंचिज्जगत्यस्मिन्दृश्यते श्रूयतेऽपि वा ।
अन्तर्बहिश्च तत्सर्वं व्याप्य नारायण स्थित ॥ श्रुति ॥

આ જગત્માં અંદર રહ્યા બહાર જે કઈ દેખાય છે અથવા સાભળાય છે તે સર્વમા નારાયણ જ વ્યાપ્ત થઈને રહેલા છે

પદચ્છેદઃ—મત્તઃ, પરતરમ્, ન, અન્યત્, કિંચિત્, અસ્તિ, ધનઞ્જય, મયિ, સર્વમ્, ઇદમ્, પ્રોતમ્, સૂત્રે, મણિગણાઃ, ઇવ.

વ્યુત્પત્તિસમાસાઃ—મત્ ઇતિ મત્તઃ । અતિશયેન પરમ્ ઇતિ પરતરમ્ । ધનં જયતીતિ ધનંજયઃ, તત્સંબુદ્ધૌ હે ધનંજય । મણીનામ્ ગણાઃ મણિગણાઃ ।

અન્વય અને અર્થઃ—ધનઞ્જય હે અર્જુન! મત્તઃ મારાથી, પરતરમ્ અત્યંત શ્રેષ્ઠ (જગતની સૃષ્ટિ, સ્થિતિ તથા સંહારનું સ્વતંત્ર કારણ), કિંચિત્ કંઈ, અપિ પણ, ન, વિદ્યતે નથી, (કારણ કે) સૂત્રે સૂતરના તાંતણામાં, મણિગણાઃ મણિઓ–ગોળ મણકાઓ, ઇવ જેમ, (તેમ) ઇદમ્ આ, સર્વમ્ બધું જગત્, મયિ મારામાં, પ્રોતમ્ પરોવાયેલું છે.

ભાવાર્થઃ—હે અર્જુન! જગતની સૃષ્ટિ, સ્થિતિકે સંહારનું સ્વતંત્ર કારણ મારાથી શ્રેષ્ઠ બીજું કોઈપણ નથી, અને તેથી જેવી રીતે સૂતરના તન્તુમાં માળાના મણિઓ રહેલા છે તેવી રીતે આ આખું જગત્ પણ મારામાંજ પરોવાયેલું છે. અર્થાત્ હું જ મારા આત્મભાવવડે સર્વને ધારણ કરું છું. ૭.

અવતરણિકાઃ—'જગતના હેતુરૂપ પોતે હોવાથી જ્ઞાનાદિ સર્વ વિભૂતિઓમાં પોતે અભિન્નરૂપે કેવી રીતે રહેલા છે' તે પાંચ શ્લોકથી કહે છેઃ

રસોઽહમપ્સુ કૌંતેય પ્રભાસ્મિ શશિસૂર્યયોઃ ॥
પ્રણવઃ સર્વવેદેષુ શબ્દઃ ખે પૌરુષં નૃષુ ॥ ૮ ॥

પદચ્છેદઃ—રસઃ, અહમ્, અપ્સુ, કૌન્તેય, પ્રભા, અસ્મિ, શશિસૂર્યયોઃ, પ્રણવઃ, સર્વવેદેષુ, શબ્દઃ, ખે, પૌરુષં, નૃષુ.

વ્યુત્પત્તિસમાસાઃ—કુન્તાયાઃ અપત્ય પુમાન્ કૌન્તેય, તત્સબુદ્ધૌ કૌન્તેય । પ્રકર્ષેણ ભાતિ અનયા ઇતિ પ્રભા । શશી ચ સૂર્યશ્ચ શશિસૂર્યૌ, તયો. શશિસૂર્યયો । સર્વે ચ તે વેદાશ્ચ ઇતિ સર્વવેદા, તેષુ સર્વવેદેષુ। પુરુષસ્ય ભાવ. પૌરુષમ્ ।

અન્વય અને અર્થઃ—કૌન્તેય હે કુંતીપુત્ર અર્જુન! અપ્સુ જલમાં, રસ રસ, અહમ્ હું છુ, શશિસૂર્યયો· ચન્દ્ર અને સૂર્યમાં, (રહેલી) પ્રભા કાંતિ, અસ્મિ હું છુ, સર્વવેદેષુ સર્વ વેદોમાં, પ્રણવ પ્રણવ–ઓંકાર (હું છુ, તેમ) ખે આકાશમા, શબ્દ શબ્દ, (અને) નૃષુ પુરુષોમાં, પૌરુષમ્ પુરુષત્વ (પણ હું છુ).

ભાવાર્થઃ—હે અર્જુન! જલમા સારભૂત પદાર્થ જે રસ તે હું છું, ચન્દ્ર તથા સૂર્યમાં રહેલી કાંતિ તે પણ હું છુ, બધા વેદોમા તેઓનો મૂલભૂત જે પ્રણવ–ઓંકાર તે હું છુ, આકાશમાં સારભૂત પદાર્થ જે શબ્દ તે હું છુ, અને મનુષ્યોમા જે પુરુષાર્થ–ઉદ્યમ છે તે પણ હું છુ અર્થાત્ એ સર્વમા હું જ સત્તામાત્રરૂપે અભિન્નતાથી રહેલો છુ. ૮.

અવતરણિકાઃ—'મારામા આ સમગ્ર જગત્ ઓતપ્રોત છે' એ પ્રભાવોના પોતાના વાક્યને વિશેષ પ્રભાવયુક્ત કરવા માટે 'વિશેષ વ્યાપ્તિરૂપે પોતે કેવી રીતે રહેલા છે' તે ભગવાન્ અર્જુનને કહે છે

पुण्यो गंधः पृथिव्यां च तेजश्चास्मि विभावसौ ॥
जीवनं सर्वभूतेषु तपश्चास्मि तपस्विषु ॥ ९ ॥

પદચ્છેદઃ—પુણ્યઃ, ગન્ધઃ, પૃથિવ્યામ્, ચ, તેજઃ, ચ, અસ્મિ, વિભાવસૌ, જીવનમ્, સર્વભૂતેષુ, તપઃ, ચ, અસ્મિ, તપસ્વિષુ.

વ્યુત્પત્તિસમાસાઃ—વિશેષેણ ભાઃ સન્તિ અસ્ય ઇતિ વિભાવસુઃ, તસ્મિન્ વિભાવસૌ । જીવ્યતે અનેન ઇતિ જીવનમ્ । સર્વાણિ ચ તાનિ ભૂતાનિ ચ સર્વભૂતાનિ, તેષુ સર્વભૂતેષુ । તપઃ અસ્તિ યેષાં તે તપસ્વિનઃ, તેષુ તપસ્વિષુ ।

અન્વય અને અર્થઃ—પૃથિવ્યામ્ પૃથ્વીમાં, પુણ્યઃ અવિકૃત મૂલસ્વરૂપે રહેલો, ગન્ધઃ સુગંધ, ચ અને, વિભાવસૌ અગ્નિમાં, તેજઃ તેજ, અસ્મિ હું છું, ચ વળી, સર્વભૂતેષુ પ્રાણિમાત્રમાં, જીવનમ્ પ્રાણધારણ-આયુષ્ય, ચ અને, તપસ્વિષુ તપ કરનારાઓમાં, તપઃ તપ, (પણ) અસ્મિ હું છું.

ભાવાર્થઃ—પૃથ્વીની અંદર મૂલસ્વરૂપે રહેલી ગન્ધતન્માત્રા તે હું છું, અગ્નિમાં રહેલું તેજ તે હું છું, પ્રાણિમાત્રમાં જીવન-આયુષ્ય તે હું છું, અને તપ કરનારાઓમાં તપ પણ હું છું. અર્થાત્ સર્વમાં મૂલસ્વરૂપે રહેલો હું છું. ૯.

અવતરણિકાઃ—"બધાં ભૂતો પોતપોતાના કારણસ્વરૂપમાં પરોવાયેલાં છે, પરંતુ આપનામાં નહિ," એવી શંકાના સમાધાનમાં ભગવાન્ કહે છેઃ

बीजं मां सर्वभूतानां विद्धि पार्थ सनातनम् ॥
बुद्धिर्बुद्धिमतामस्मि तेजस्तेजस्विनामहम् ॥ १० ॥

बलं बलवतामस्मि कामरागविवर्जितम् ॥
धर्माविरुद्धो भूतेषु कामोऽस्मि भरतर्षभ ॥ ११ ॥

પદચ્છેદઃ—બીજમ્, મામ્, સર્વભૂતાનામ્, વિદ્ધિ, પાર્થ, સનાતનમ્, બુદ્ધિઃ, બુદ્ધિમતામ્, અસ્મિ, તેજઃ, તેજસ્વિનામ્,

अहम्, बलम्, बलवताम्, अस्मि, कामरागविवर्जितम्, धर्माविरुद्धः, भूतेषु, कामः, अस्मि, भरतर्षभ.

व्युत्पत्तिसमासाः—सर्वाणि च तानि भूतानि च सर्वभूतानि, तेषां सर्वभूतानाम् । बुद्धि अस्ति येषां ते बुद्धिमन्त, तेषां बुद्धिमताम्। तेज अस्ति येषां ते तेजस्विन, तेषां तेजस्विनाम् । बलम् अस्ति येषां ते बलवन्त, तेषां बलवताम् । काम्यते अनेन इति काम, रज्यते अनेन इति राग, विशेषेण वर्जितम् इति विवर्जितम्, कामश्च रागश्च काम रागौ, ताभ्यां विवर्जितम् इति कामरागविवर्जितम्। न विरुद्ध इति अवि रुद्ध, धर्मेण अविरुद्ध इति धर्माविरुद्ध । भरतानाम् ऋषभ इति भरतर्षभ, तत्सबुद्धौ भरतर्षभ ।

अन्वय अने अर्थः—पार्थ हे पार्थ! सर्वभूतानाम् सर्व प्राणिओनुं, सनातनम् नित्य, बीजम् उत्पत्तिकारण, (तुं) मा मने, विद्धि जाण, (तेम) बुद्धिमताम् बुद्धिवाळाओनी, बुद्धि बुद्धि, अस्मि हुं छु, तेजस्विनाम् तेजस्वी पुरुषोनुं तेज तेज, अहम् हुं छु, बलवताम् बलवानोनु कामरागविवर्जितम् तृष्णा अने आसक्तिरहित, बलम् बल, अस्मि हुं छु, (तेम) भरतर्षभ हे भरतवंशमा श्रेष्ठ अर्जुन! भूतेषु प्राणिओमा, धर्माविरुद्ध धर्मथी अविरुद्ध अर्थात् धर्मयुक्त, काम स्त्रीसंगना अभिलाषरूपे रहेलो काम, (पण) अस्मि हुं छु

भावार्थः—हे पार्थ! प्राणिमात्रनुं नित्य उत्पत्तिनुं कारण तुं मने जाण, तेम बुद्धिमान पुरुषोनी बुद्धि, तेजस्वीओनुं तेज, बलवानोनु तृष्णा अने आसक्तिरहित बल तेमज हे भरत श्रेष्ठ अर्जुन! प्राणिओमा धर्मथी विरुद्ध न होय तेवो स्त्रीसंगनी अभिलाषारूपे रहेलो काम पण हुंज छु १०-११

અવતરણિકાઃ—એ પ્રમાણે 'પોતે જગત્‌ની પ્રત્યેક વસ્તુમાં વ્યાપક-રૂપે રહેલા છે' એમ કહીને હવે એજ વાતનો ઉપસંહાર કરે છેઃ

ये चैव सात्त्विका भावा राजसास्तामसाश्च ये ॥
मत्त एवेति तान्विद्धि न त्वहं तेषु ते मयि ॥ १२॥

પદચ્છેદઃ—ये, च, एव, सात्त्विकाः, भावाः, राजसाः, तामसाः, च, ये, मत्तः, एव, इति, तान्, विद्धि, न, तु, अहम्, तेषु, ते, मयि.

વ્યુત્પત્તિસમાસાઃ—सत्त्वात् भवाः इति सात्त्विकाः । भवन्ति ते भावाः । रजसः भवाः इति राजसाः । तमसः भवाः इति तामसाः ।

અન્વય અને અર્થઃ—ये જે, सात्त्विकाः શમદમાદિ સત્ત્વગુણથી ઉત્પન્ન થએલા, च અને, राजसाः હર્ષમદાદિ રજોગુણથી ઉત્પન્ન થયેલા, च તેમજ, ये જે, तामसाः શોકમોહાદિ તમોગુણથી પેદા થયેલા, भावाः ભાવો-ચિત્તના પરિણામો છે, तान् તે, मत्तः મારાથી, एव જ, (ઉત્પન્ન થયા છે) इति એ પ્રમાણે, विद्धि તું જાણ, (અને) अहम् હું, तेषु તેઓમાં, न નથી, तु પણ, ते તે, (ભાવો) मयि મારામાં છે.

ભાવાર્થઃ—સત્ત્વગુણથી પેદા થએલા શમદમાદિ ભાવો, રજોગુણથી ઉત્પન્ન થએલા હર્ષમદાદિ ભાવો તેમજ તમોગુણથી થએલા શોકમોહાદિ ભાવો-ચિત્તના પરિણામો ને મારાથીજ ઉત્પન્ન થએલા તું જાણ, અને હું તે ભાવોમાં જીવાત્માની માફક આધીનતાથી રહેલો નથી, પણ તે સમસ્ત ભાવો મારામાં છે, અર્થાત્ મને આધીન થઈને રહેલા છે. ૧૨.

અવતરણિકાઃ—"જો આ પ્રમાણે આપ સર્વવ્યાપકતાથી રહેલા છો તો પછી એ ઉપર વર્ણવેલી વિભૂતિઓવાળા આપ-પરમેશ્વરને આ લોક કેમ જાણતો નથી ?" એના અર્જુનના પ્રશ્નના ઉત્તરમા ભગવાન્ શ્રીકૃષ્ણ કહે છે

[1]त्रिभिर्गुणमयैर्भावैरेभिः सर्वमिदं जगत् ॥
मोहितं नाभिजानाति मामेभ्यः परमव्ययम् ॥ १३ ॥

પદચ્છેદઃ—त्रिभिः, गुणमयैः, भावैः, एभिः, सर्वम्, इदम्, जगत्, मोहितम्, न, अभिजानाति, माम्, एभ्यः, परम्, अव्ययम्.

વ્યુત્પત્તિસમાસાઃ—गुणै. प्रचुराः गुणमया, तैः गुणमयै । अभितः जानाति इति अभिजानाति । न विद्यते व्ययः यस्य सः अव्यय, तम् अव्ययम् ।

અન્વય અને અર્થઃ—एभिः એ પ્રમાણેના, त्रिभि: ત્રણ પ્રકારના, गुणमयैः કામ લોભાદિ ગુણ-ના વિકારો-યુકત, भावैः ભાવો વડે, मोहितम् મોહિત થયેલું, इदम् આ, सर्वम् આખું, जगत् જગત્, एभ्य. એ ગુણોથી, परम् તદ્દન જૂદા, (અને) अव्ययम् અવિનાશી, (એવા) माम् મને, न, अभिजानाति જાણતું નથી.

ભાવાર્થઃ—એ પ્રમાણે કહેલા ત્રણ પ્રકારના સત્ત્વ, રજ અને તમ ઇત્યાદિ ગુણોના ભાવો વડે મોહ પામેલું આ આખું જગત્

---

१ इन्द्रियाण्यामजन्याभ्यां द्वाभ्यामेव हतं जगत् ।
अहो उपस्थजिह्वाभ्यां ब्रह्मादिमशकावधि ॥

આશ્ચર્ય છે કે કોઈથી છતી શકાય નહિ એવી ઉપસ્થ-જનનેન્દ્રિય અને જીભ એ માત્ર બેજ ઇંદ્રિયોવડે બ્રહ્માથી આરંભી મચ્છરપર્યંત તમામ જગત્ હણાયલું છે !

એ ગુણોથી તદ્દન વ્યતિરિક્ત અને અવિનાશી એવા મને કોઇ પણ રીતે જાણતું નથી. ૧૩.

અવતરણિકા:—"ત્યારે એ ત્રિગુણાત્મિકા દૈવી આપ વિષ્ણુની માયા કેવી રીતે તરી શકાય કે જેથી આપની પ્રાપ્તિ થઈ શકે?" એ પ્રશ્નના ઉત્તરમા ભગવાન્ શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે

[1]દૈવી હ્યેષા ગુણમયી મમ માયા દુરત્યયા ॥
[2]મામેવ યે પ્રપદ્યંતે માયામેતાં તરન્તિ તે ॥ ૧૪ ॥

પદચ્છેદ:—દૈવી, હિ, એષા, ગુણમયી, મમ, માયા, દુરત્યયા, મામ્, એવ, યે, પ્રપદ્યન્તે, માયામ્, એતામ્, તરન્તિ, તે.

વ્યુત્પત્તિસમાસા:—દેવસ્ય ઇયં દૈવી, દેવાત્ ભવા ઇતિ દૈવી વા। ગુણૈ: પ્રચુરા ગુણમયી। દુ:ખેન અત્યય અતિક્રમણં યસ્યા: સા દુરત્યયા।

અન્વય અને અર્થ:—એષા એ (ઉપર કહેલી), દૈવી દેવ-ઈશ્વરસંબંધી, ગુણમયી ત્રણ ગુણોવાળી, મમ મારી, માયા માયા, હિ અવશ્ય, દુરત્યયા દુ:ખે કરી શકાય તેવી (છે), યે

---

૧ દૈવીહ્યેષા ગુણમયી મમ માયા દુરત્યયા।
મામેવ યે પ્રપદ્યન્તે માયામેતાં તરન્તિ તે ॥ દેવીપુરાણે ॥

તે દેવી ભગવતી મહામાયા જ્ઞાનીઓના ચિત્તો—અંત:કરણોને બળથી આકર્ષી—ખેંચીને મોહિત કરે છે.

૨ યે પ્રપદ્યા હૃષીકેશ ન તે મુહ્યન્તિ માનવા।
મદે માતિ મમત્વં ચ કુતા વિદ્ધ જનાર્દન ॥ ભારતે ॥

જે મનુષ્યો ઇન્દ્રિયોના સ્વામી ભગવાનને પ્રાપ્ત થયા છે તે મનુષ્યો મોહને પ્રાપ્ત થતા નથી અર્થાત્ માયામા-સપડાતા નથી, કારણ તેઓ ભોગ્ય જગમાં દુર્લભ હોય તો પણ તેમનું હૃદયેશ પરમાત્મા રક્ષણ કરે છે.

જેઓ, माम् મને, एव જ, प्रपद्यन्ते શરણે આવે છે, તે તેઓ, एताम् એ, मायाम् માયાને, तरन्ति તરી જાય છે.

ભાવાર્થઃ—એ મારી દૈવી એવી ત્રિગુણાત્મિકા માયા ઘણા દુઃખ વડે તરી શકાય તેવી છે, પરંતુ જેઓ મને જ અનન્ય ભક્તિથી શરણે આવે છે તેઓ એ માયાને તરી જાય છે. અર્થાત્ મારે શરણે આવનાર જ એ માયાને તરી મારા સ્વરૂપને પામી શકે છે. ૧૪.

અવતરણિકાઃ—"જો આપના શરણથી માયા સુખથી તરી શકાય તેવી હોય તો પછી બધાં મનુષ્યો શા માટે આપને શરણે આવતાં નથી!" એવી અર્જુનની શંકાના સમાધાનમાં ભગવાન્ કહે છે·

न मां दुष्कृतिनो मूढाः प्रपद्यन्ते नराधमाः ॥
माययाऽपहृतज्ञाना आसुरं भावमाश्रिताः ॥ १५ ॥

पदच्छेदः—न, माम्, दुष्कृतिनः, मूढाः, प्रपद्यन्ते, नराधमाः, मायया, अपहृतज्ञानाः, आसुरम्, भावम्, आश्रिताः.

---

१ दुः सङ्कल्पविकल्पकूलयुगला धैर्यद्रुमोन्मूलिनी ।
कल्लोलैरभिमानमत्सरमुखैः षड्भिः परीतोर्मिका ॥
आवर्त्तैर्ममतादिभिः परिवृता दुःखैकधारान्विता ।
पूर्णा मोहमयस्विनीव निभृतं चेतः स्थितिर्मायिनाम् ॥

દુષ્ટ સંકલ્પ અને વિકલ્પ રૂપી જેના બે પાર—તટ—કિનારા છે, ધૈર્યરૂપી વૃક્ષને જે ઉખેડનારી છે, અભિમાન અને મત્સર-ઈર્ષા વિગેરે રૂપી છ લહરીઓવડે જે ચારે તરફથી ઉછાળાવાળા વેગવાળી છે, જે મમતા વિગેરે રૂપ આવર્ત્ત—જલના મણવડે સર્વત્ર વીંટાયલી છે અને દુઃખરૂપ એકજ ધારાવાળી તેમ પૂર્ણ મોહરૂપી જલવાળી છે તે નદીની પેઠે માયામાં ઘેરાયલા મનુષ્યોના ચિત્તની સ્થિતિ પણ અવશ્ય તેવીજ હોય છે.

વ્યુત્પત્તિસમાસાઃ—દુષ્કૃતાનિ વિદ્યન્તે યેષાં તે દુષ્કૃતિનઃ । નરેષુ અધમાઃ નરાધમાઃ । અપહૃતં જ્ઞાનં યેષાં તે અપહૃતજ્ઞાનાઃ । અસુરસ્ય અયમ્ આસુરઃ, તમ્ આસુરમ્ । આ સમન્તાત્ શ્રિતાઃ ઇતિ આશ્રિતાઃ ।

અન્વય અને અર્થઃ—દુષ્કૃતિનઃ પાપકર્મો કરવાવાળા, મૂઢાઃ વિવેકરહિત, માયયા માયા વડે, અપહૃતજ્ઞાનાઃ જેમનું જ્ઞાન હરાઈ ગયું છે તેવા, (અને તેથીજ) આસુરમ્ રાક્ષસી, ભાવમ્ ભાવનો, આશ્રિતાઃ આશ્રય કરીને રહેલા, નરાધમાઃ અધમ પુરુષો, મામ્ મને, ન, પ્રપદ્યન્તે શરણે આવતા નથી.

ભાવાર્થઃ—પાપકર્મ કરનારા, વિવેકરહિત તથા માયાવડે જેમનું જ્ઞાન લુપ્ત થઈ ગયું છે તેવા અને તેથીજ આસુરી ભાવને પામેલા અધમ પુરૂષો મારે શરણે કદી પણ આવતા નથી. અર્થાત્ તેવા દુષ્ટો કદીપણ મારી માયાને તરીને પરમ ગતિને પામી શકતા નથી. ૧૫

અવતરણિકાઃ—"પાપાચરણીઓ ને આપને શરણે આવતા નથી તો કેવી જનતા મનુષ્યો આપને શરણે આવે છે?" એવા અર્જુનના સ્વાભાવિક પ્રશ્નના ઉત્તરમા "સુકૃતિઓ જ મારે શરણે આવે છે અને તેના વિભાગે કરીને ચાર પ્રકાર છે." એ પ્રમાણે ભગવાન્ કહે છે

चतुर्विधा भजंते मां जनाः सुकृतिनोऽर्जुन ॥
आर्तो जिज्ञासुरर्थार्थी ज्ञानी च भरतर्षभ ॥ १६ ॥

---

૧ આર્ત—જરાસંધના કારાગાર-વનમાં કેદ થયેલા દુ:ખી રાજાઓ, ધૃતસભામાં વસ્ત્ર ખેંચાવી દુ:ખી દ્રૌપદી, આદિથી અંત સુધી કરાયેલો અજેંદ્ર અને વૃકાસુરથી ભાગેલા રુદ્ર. ૨ જિજ્ઞાસુ—ધ્રુવ જનક, રાજર્ષિ, યદુ અને મુચુકુંદ વિગેરે. ૩ અર્થાર્થી—ઉદ્ધવ, ધ્રુવ, સુગ્રીવ અને વિભીષણ. ૪ જ્ઞાની—સનકાદિકો (સનક, સનંદન, સનત્કુમાર), નારદ, શુકદેવજી, પ્રહ્લાદ ભીષ્મ અને ઉદ્ધવ વિગેરે

પદચ્છેદઃ—चतुर्विधाः, भजन्ते, माम्, जनाः, सुकृतिनः, अर्जुन, आर्तः, जिज्ञासुः, अर्थार्थी, ज्ञानी, च, भरतर्षभ.

व्युत्पत्तिसमासाः—चत्वारः विधाः प्रकाराः येषां ते चतुर्विधाः । सुकृतानि विद्यन्ते येषां ते सुकृतिनः । ज्ञातुमिच्छतीति जिज्ञासति, जिज्ञाससतीति जिज्ञासुः । अत्र वा परत्र वा भोगसाधनभूतम् अर्थम् अर्थयतीति अर्थार्थी । ज्ञानम् अस्य अस्तीति ज्ञानी ।

અન્વય અને અર્થઃ—**भरतर्षभ, अर्जुन** હે ભરતવંશમાં શ્રેષ્ઠ અર્જુન ! **आर्तः** રોગ–શત્રુ આદિથી પીડા પામતો, **जिज्ञासुः** (આત્મજ્ઞાનને) જાણવાની ઈચ્છાવાળો, **अर्थार्थी** (આ લોક અને પરલોકમાં ભોગના સાધનરૂપ) અર્થની ચાહનાવાળો, **च** અને, **ज्ञानी** આત્મતત્ત્વને જાણનાર, (એ પ્રમાણે) **चतुर्विधाः** ચાર પ્રકારના, **सुकृतिनः** પુણ્યકર્મવાળા, **जनाः** મનુષ્યો, **माम्** મને, **भजन्ते** સેવે છે.

ભાવાર્થઃ—હે ભરતવંશમાં શ્રેષ્ઠ અર્જુન ! રોગ શત્રુ ઈત્યાદિથી ઘેરાયેલો, આત્મજ્ઞાનને જાણવાની ઈચ્છાવાળો, ભોગના સાધનરૂપ અર્થની ચાહનાવાળો તેમજ આત્માના તત્ત્વને જાણનાર જ્ઞાની, એ પ્રમાણે ચાર પ્રકારના પુણ્યશીલ મનુષ્યો મને ભજે છે. અર્થાત્ તેજ પુરુષો મને ભજીને મારી માયાને તરવા શક્તિમાન્ થાય છે. ૧૬

અવતરણિકા—"ઉપર કહેલા ચાર પ્રકારના જે મનુષ્યો આપને ભજે છે તે સૌ સમાન છે કે તેઓમા ઉચ્ચ નીચ ભૂમિકાના ભેદ પણ છે ?" આવી અર્જુનની જિજ્ઞાસા તૃપ્ત કરવાના હેતુથી તેઓના સામાન્ય વિશેષ અધિકાર ભગવાન્ શ્રીકૃષ્ણ હવે કહે છે

तेषां ज्ञानी नित्ययुक्त एकभक्तिर्विशिष्यते ॥
प्रियो हि ज्ञानिनोऽत्यर्थमहं स च मम प्रियः ॥१७॥

---

१ भजन भक्तिरित्युक्त वाङ्मन कायकर्मभि ।
भज इत्येष वै धातु सेवायां परिकीर्तित ॥
तस्मात्सेवा बुधै प्रोक्ता भक्तिशब्देन भूयसी ॥ स्मृति ॥

વાણી મન, શરીર અને કર્મવડે જે ભક્તિ તે ભજન કહેવાય છે, અને 'ભજ' એ ધાતુ સેવાના અર્થમા જ કહેલ છે, તે કારણથી જ પડિતોએ 'ભક્તિ' શબ્દ વડે અતિસેવા એવો અર્થ કરેલ છે

नवधा भक्ति –श्रवण कीर्तन विष्णो स्मरण पादसेवनम् ।
अर्चन वदन दास्य सख्यमात्मनिवेदनम् ॥

પરમાત્માનુ શ્રવણ, કીર્તન સ્મરણ, ચરણ કમલનુ સેવન, પૂજન, વન્દન, દાસત્વ સખાભાવ અને આત્મનિવેદન એ નવધા ભક્તિ કહેવાય છે (એ નવ પ્રકારની ભક્તિ ઉપરાત દશમી પ્રેમ-લક્ષણા ભક્તિ છે જે ગોપીઓએ કરી હતી)

એ નવ પ્રકારની ભક્તિ કોણે કોણે કરી હતી તે કહે છે

श्रीकृष्णश्रवणे परिक्षितिरभूद्वैयासकी कीर्त्तने ।
प्रह्लादस्मरणे तदङ्घ्रिभजन लक्ष्मी पृथु पूजन ॥
अक्रूरस्त्वभिवदने कपिपतिर्दास्य च सख्येऽर्जुन ।
सर्वस्वात्मसमर्पणे बलिरभूद्भक्तिप्रकारा नव ॥

પરમાત્માની શ્રવણરૂપ ભક્તિ રાજા પરિક્ષિતે કરી, કીર્તનરૂપ ભક્તિ શુક દેવજીએ કરી, સ્મરણરૂપ ભક્તિ પ્રહ્લાદે કરી, પાદસેવારૂપ ભક્તિ લક્ષ્મીજીએ કરી, પૂજનરૂપ ભક્તિ રાજા પૃથુએ કરી, વદનરૂપ ભક્તિ અક્રૂરે કરી, દાસ્યરૂપ ભક્તિ હનુમાનજીએ કરી, સખ્યરૂપ ભક્તિ અર્જુને કરી અને સર્વસ્વાત્મસમર્પણરૂપ ભક્તિ બલિરાજાએ કરી એ પ્રકારે ભક્તિ નવ પ્રકારની છે

वेदान्तमत–मोक्षसाधनसामग्र्यां भक्तिरेव गरीयसी ।
स्वस्वरूपानुसधानं भक्तिरित्यभिधीयते ॥ विवेकचूडामणौ ॥

મોક્ષ સાધવા-પ્રાપ્તકરવાની સામગ્રીમા ભક્તિ જ અતિશ્રેષ્ઠ સામગ્રી છે, અને પોતાના સ્વરૂપનુ જ ખોજવુ શોધવુ-જાણવાનો યત્ન કરવો તેજ 'ભક્તિ' કહેવાય છે

પદચ્છેદઃ—તેષામ્, જ્ઞાની, નિત્યયુક્તઃ, એકભક્તિઃ, વિશિષ્યતે, પ્રિયઃ, હિ, જ્ઞાનિનઃ, અત્યર્થમ્, અહમ્, સઃ, ચ, મમ, પ્રિયઃ.

વ્યુત્પત્તિસમાસાઃ—નિત્ય યુક્ત ઇતિ નિત્યયુક્ત । એકસ્મિન્ વાસુદેવે ભગવતિ ભક્તિ યસ્ય સ એકભક્તિ । જ્ઞાનમ્ અસ્તિ યેષા તે જ્ઞાનિન । અર્થમ્ અતીત્ય ઇતિ અત્યર્થમ્ ।

અન્વય અને અર્થઃ—તેષામ્ તેઓમાં, નિત્યયુક્ત સદા સાવધાન ચિત્તથી પ્રત્યેક વસ્તુમા વ્યાપ્ત–ઈશ્વરમાં લાગેલો, (અને) એકભક્તિ એક ઈશ્વરમા જ ભક્તિવાળો, જ્ઞાની તત્ત્વજ્ઞાની, વિશિષ્યતે વિશેષ શ્રેષ્ઠ છે, હિ કારણ કે, જ્ઞાનિન તત્ત્વજ્ઞાનીને, અહમ્ હું, પ્રિયઃ પ્રિય (છું), ચ અને, સ તે, મમ મને, અત્યર્થમ્ અત્યત, પ્રિય પ્રિય છે

ભાવાર્થઃ—એ ચારે પ્રકારના મનુષ્યોમાં નિરંતર સાવધાન ચિત્તથી ઈશ્વરમા જોડાએલો અને અનન્યભક્તિવાળો તત્ત્વજ્ઞાની જ સૌથી શ્રેષ્ઠ છે, કારણ કે તત્ત્વજ્ઞાનીને હું પ્રિય છું, અને તે મને પણ અત્યત પ્રિય છે. અર્થાત્ ઉપરોક્ત ચારમાથી જ્ઞાનીજ વિશેષ શ્રેષ્ઠ છે એમ તું માન. ૧૭.

અવતરણિકાઃ—' ત્યારે આર્ત, જિજ્ઞાસુ ઇત્યાદિ કામનાથી આપને ભજતા આપના સકામ ભક્તો શુ આપને અપ્રિય છે ?'' એવા અર્જુનના પ્રશ્નના ઉતરમા ભગવાન્ શ્રીકૃષ્ણ કહે છે·

उदाराः सर्व एवैते ज्ञानी त्वात्मैव मे मतम् ॥
आस्थितः स हि युक्तात्मा मामेवानुत्तमां गतिम् ॥ १८ ॥

પદચ્છેદઃ—उदाराः, सर्वे, एव, एते, ज्ञानी, तु, आत्मा, एव, मे, मतम्, आस्थितः, सः, हि, युक्तात्मा, माम्, एव, अनुत्तमाम्, गतिम्.

વ્યુત્પત્તિસમાસાઃ—आ समन्तात् स्थितः इति आस्थितः। युक्तः आत्मा यस्य सः युक्तात्मा। न विद्यते उत्तमा गतिः यस्याः सा अनुत्तमा, ताम् अनुत्तमाम्।

અન્વય અને અર્થઃ—एते એ ચારે પ્રકારના ભક્તો, सर्वे सर्वे, उदाराः ઉત્તમ ભાવવાળા, एव જ છે, तु પરંતુ, ज्ञानी તત્ત્વજ્ઞાની, (તો મારો) आत्मा આત્મા, एव જ છે, (એમ) मे મારો, मतम्, મત છે, हि કારણ કે, युक्तात्मा સાવધાન ચિત્તવાળો, सः તે, अनुत्तमाम् સર્વથી શ્રેષ્ઠ, गतिम् ગમન કરવા યોગ્ય પદ (પહોંચવાના સ્થાન) રૂપ એવા, माम् મારે, एव જ, आस्थितः શરણે રહેલો છે.

ભાવાર્થઃ—એ બધા ચારે પ્રકારના ભક્તો ભલે કે મહાન્ જ છે તો પણ તત્ત્વજ્ઞાની તો મારો આત્મા જ છે એમ મારો નિશ્ચય છે, કારણ કે સદા મારામાં જોડાયલા ચિત્તવાળો તે સર્વથી શ્રેષ્ઠ ગતિ-ગમન કરવા યોગ્ય પદરૂપ જે હું તેને જ શરણે આવીને રહેલો છે. ૧૮.

અવતરણિકાઃ—જ્ઞાનીની ઉત્કૃષ્ટતા બતાવવા માટે ફરી પણ તેની પ્રશંસા કરે છે.

बहूनां जन्मनामन्ते ज्ञानवान्मां प्रपद्यते ॥
वासुदेवः सर्वमिति स महात्मा सुदुर्लभः ॥ १९ ॥

---

१ अहमेव परंब्रह्म वासुदेवाख्यमीश्वरम्।
इतिस्यान्निश्चितो मुक्तो बद्ध एवान्यथा भवेत् ॥

"વાસુદેવ નામના ઈશ્વર સ્વરૂપ જે પરબ્રહ્મ તે હું જ છું." એ નિશ્ચયવાળો જે છે તે મુક્ત છે અને જે એમ નથી સમજતો તે તો બંધાયેલો જ છે.

પદચ્છેદઃ—બહૂનામ્, જન્મનામ્, અન્તે, જ્ઞાનવાન્, મામ્, પ્રપદ્યતે, વાસુદેવઃ, સર્વમ્, ઇતિ, સઃ, મહાત્મા, સુદુર્લભઃ.

વ્યુત્પત્તિસમાસાઃ—જ્ઞાનમ્ અસ્ય અસ્તીતિ જ્ઞાનવાન્। વસુદેવસ્ય અપત્યં પુમાન્ વાસુદેવઃ। મહાન્ આત્મા યસ્ય સઃ મહાત્મા। દુઃખેન લભ્યતે ઇતિ દુર્લભઃ, સુષ્ઠુ દુર્લભઃ ઇતિ સુદુર્લભઃ।

અન્વય અને અર્થઃ—જ્ઞાનવાન્ જ્ઞાની, બહૂનામ્ ઘણા, જન્મનામ્ જન્મો, અન્તે વ્યતીત થયા પછી, સર્વમ્ સ્થાવર જંગમ દૃશ્યમાત્ર બધું જગત્, વાસુદેવઃ વાસુદેવરૂપ છે, ઇતિ એ પ્રમાણે જાણીને, મામ્ મને, (જ) પ્રપદ્યતે પ્રાપ્ત થાય છે, (અને તેથી) સઃ તે, (તેવો) મહાત્મા મહાત્મા, સુદુર્લભઃ ઘણી મુશ્કેલીથી મળી શકે છે.

ભાવાર્થઃ—તત્ત્વજ્ઞાની મનુષ્ય ઘણા જન્મો વ્યતીત થયા પછી 'આ સ્થાવરજંગમાત્મક સમસ્ત જગત્ વાસુદેવરૂપ એટલે મારામય છે' એમ જાણીને મને પામે છે અને તેથી તેવો તત્ત્વજ્ઞાની મનુષ્ય ઘણી મોટી સંખ્યામાં કોઈક જ હોય છે. અર્થાત્ આત્માના વ્યાપક અને સમાનભાવની પ્રાપ્તિ થયા વિના મારા પરમપદની પ્રાપ્તિ કોઈને પણ થતી નથી. ૧૯.

અવતરણિકાઃ—"સકામ ભક્તો કામનાથી પણ મને-પરમેશ્વરને ભજે છે અને પોતાની મનોવાંછિત કામનાઓને પ્રાપ્ત કરીને અંતે મુક્ત થઈ જાય છે, પણ જેઓ અત્યંત રાજસિક અને તામસિક પ્રકૃતિના તથ વિશેષ કામનાઓથી ઘેરાયેલા છે, તેઓ તો ક્ષુદ્ર દેવતાઓને ભજે છે અને તેથી સંસારની પ્રવૃત્તિમાંથી ક્યારે પણ છુટવા પામતા નથી." એ પ્રમાણે સકામ અને અન્ય દેવતાઓના ભક્તોની અપેક્ષાએ પોતાના ભક્તો સકામ છતાં પણ ઉદાર-મહાન્-છે તે હકીકતનું ચાર શ્લોકોથી ભગવાન્ પ્રતિપાદન કરે છે

कामैस्तैस्तैर्हृतज्ञानाः प्रपद्यंतेऽन्यदेवताः ॥
तं तं नियममास्थाय प्रकृत्या नियताः स्वया ॥२०॥

पदच्छेदः—कामैः, तैः, तैः, हृतज्ञानाः, प्रपद्यन्ते, अन्यदेवताः, तम्, तम्, नियमम्, आस्थाय, प्रकृत्या, नियताः, स्वया.

व्युत्पत्तिसमासाः—हृतं ज्ञानं येषां ते हृतज्ञानाः। अन्याश्च ताः देवताश्च अन्यदेवताः, ताः अन्यदेवताः। नितान्तं यमः इति नियमः, तम् नियमम्। आ समंतात् स्थित्वा इति आस्थाय। नितान्तं यताः इति नियताः।

અન્વય અને અર્થઃ—तैः ते, तैः ते, कामैः (પુત્ર, પશુ, સ્વર્ગ ઇત્યાદિ વિષયક) કામનાઓ વડે, हृतज्ञानाः વિવેકરહિત થયેલા (પુરુષો), तम् તે, तम् તે, नियमम् નિયમનું, आस्थाय અવલંબન કરીને, (અને) स्वया પોતાની, प्रकृत्या પ્રકૃતિથી—પૂર્વજન્મોપાર્જિત સંસ્કારવિશેષથી, नियताः બંધાએલા થકા, अन्यदेवताः બીજા દેવતાઓને, प्रपद्यन्ते શરણે જાય છે—ભજે છે.

ભાવાર્થઃ—પુત્ર, પશુ, સ્વર્ગ ઇત્યાદિ વિષયક તે તે કામનાઓ વડે વિવેકરહિત થયેલા પુરુષો મારાથી ભિન્ન દેવતાના જપ, ઉપવાસાદિ નિયમોનું અવલંબન કરીને પૂર્વના સંસ્કાર પ્રમાણે ઘડાએલી પોતાની પ્રકૃતિથી બંધાયલા થઈને અન્ય અન્ય દેવતાઓને ભજે છે. અર્થાત્ તે તે દેવોને ભજીને કામનાઓને જ માત્ર મેળવે છે, પરંતુ મને પ્રાપ્ત થઈ શકતા નથી. ૨૦

અવતરણિકાઃ—"મનુષ્યો અન્યદેવતાઓની ભક્તિથી તેમનો પ્રસાદ મેળવીને તેથી સર્વના ઈશ્વર એવા આપ ભગવાન્ વાસુદેવમાં પણ

ભક્તિ યુક્ત થશે, અને પરિણામે આપના અનુગ્રહથી શુભફલની પ્રાપ્તિ કરશે" એમ કદાચ અર્જુન કહે તો તેના ઉત્તરમાં 'અન્યદેવતાના ભક્તોની કેવી ગતિ થાય છે' તે ભગવાન્ શ્રીકૃષ્ણ કહે છે:

यो यो यां यां तनुं भक्तः श्रद्धयार्चितुमिच्छति ॥
तस्य तस्याचलां श्रद्धां तामेव विदधाम्यहम् ॥२१॥

पदच्छेदः—यः, यः, याम्, याम्, तनुम्, भक्तः, श्रद्धया, अर्चितुम्, इच्छति, तस्य, तस्य, अचलाम्, श्रद्धाम्, ताम्, एव, विदधामि, अहम्.

व्युत्पत्तिसमासाः—चलतीति चला, न चला इति अचला, ताम् अचलाम्। विशेषेण दधामि इति विदधामि।

અન્વય અને અર્થઃ—यः જે, यः જે (ભક્ત), याम् જે, याम् જે, तनुम् દેવતાના સ્વરૂપને, श्रद्धया શ્રદ્ધાથી, अर्चितुम् પૂજવાને, इच्छति ઈચ્છે છે, तस्य તે, तस्य તે (સકામ ભક્તની), ताम् તે, एव જ, श्रद्धाम् શ્રદ્ધાને, अहम् હું, अचलाम् દૃઢ, विदधामि કરું છું.

ભાવાર્થઃ—જે જે ભક્ત મનુષ્ય જે જે દેવતાના સ્વરૂપને શ્રદ્ધાથી પૂજવાની ઈચ્છા કરે છે, તે તે ભક્તની તેજ દેવની મૂર્તિવિષયક શ્રદ્ધાને હું અચલ–દૃઢ કરું છું. અર્થાત્ હું તેમને તે તે દેવોની ઉપાસના દૃઢતાથી કરવા દઉં છું. ૨૧.

स तया श्रद्धया युक्तस्तस्या राधनमीहते ॥
लभते च ततः कामान्मयैव विहितान्हि तान् ॥२२॥

પદચ્છેદઃ—સઃ, તયા, શ્રદ્ધયા, યુક્તઃ, તસ્યાઃ, રાધનમ્, ઈહતે, લભતે, ચ, તતઃ, કામાન્, મયા, એવ, વિહિતાન્, હિ, તાન્.

વ્યુત્પત્તિસમાસાઃ—રાધ્યતે અનેન ઇતિ રાધનમ્, તત્। વિશેષેણ હિતાઃ ઇતિ વિહિતાઃ, તાન્ વિહિતાન્।

અન્વય અને અર્થઃ—તયા તે (મેં દૃઢ કરેલી), શ્રદ્ધયા શ્રદ્ધાવડે, યુક્તઃ યુક્ત, સઃ તે (ભક્ત), તસ્યાઃ તે દેવતાનું, રાધનમ્ અર્ચન, ઈહતે કરે છે, ચ અને, તતઃ તે દેવતાની મૂર્તિ પાસેથી, મયા મેં, એવ જ, વિહિતાન્ નિર્મિત કરેલાં, તાન્ તે (ઈષ્ટ) મનોરથોને, હિ ખરેખર, લભતે મેળવે છે.

ભાવાર્થઃ—મેં દૃઢીભૂત કરેલી શ્રદ્ધા વડે યુક્ત એવો તે અન્યદેવતાનો ભક્ત તે તે દેવતાની અર્ચના કરે છે, અને તે પ્રમાણે અર્ચન કરીને તે દેવતાની મૂર્તિપાસેથી કર્મના ફલના વિભાગને જાણનાર અને કર્મફલના ઈશ્વર એવા પરમાત્માએ અર્થાત્ મેં જ નિર્માણ કરેલા તે તે ઈષ્ટ મનોરથોને પ્રાપ્ત કરે છે. ૨૨.

અવતરણિકાઃ—"જો કે બધા દેવતા મારીજ-સર્વાત્માની-વિભૂતિઓ છે, તેઓનું આરાધન પણ વાસ્તવિકમાં મારૂં જ આરાધન છે અને દરેક જીવોને ફલ આપનાર અને પ્રેરણા કરનાર પણ હું જ છું, તો પણ મારા ભક્તોને અને અન્ય દેવતાના ભક્તોને વસ્તુના વિવેક અવિવેકને લઈને ફલની જે વિષમતા રહેલી છે" તે ભગવાન્ શ્રીકૃષ્ણ દર્શાવે છે.

अन्तवत्तु फलं तेषां तद्भवत्यल्पमेधसाम् ॥
देवान्देवयजो यान्ति मद्भक्ता यान्ति मामपि ॥२३॥

---

१ सप्राप्येतमृषयो ज्ञानतृप्ता· कृतात्मानो वीतरागाः प्रशान्ताः ॥
ते सर्वगं सर्वतः प्राप्य धीराः युक्तात्मानः सर्वमेवाविशन्ति ॥

पदच्छेदः—अन्तवत्, तु, फलम्, तेषाम्, तत्, भवति, अल्पमेधसाम्, देवान्, देवयजः, यान्ति, मद्भक्ताः, यान्ति, माम्, अपि.

व्युत्पत्तिसमासाः—अन्तः अस्ति अस्य इति अन्तवत्। अल्पे द्वैते मेधा मतिः येषां ते अल्पमेधसः, तेषाम् अल्पमेधसाम्। देवान् यजन्तीति ते देवयजः। मम भक्ताः मद्भक्ताः।

અન્વય અને અર્થઃ—अल्पमेधसाम् અલ્પ બુદ્ધિવાળા, तेषाम् તે-અન્ય દેવભક્તોને, तु તો, तत् તે, फलम् ફલ, अन्तवत् વિનાશી, भवति થાય છે, (કારણ કે) देवयजः (તે) દેવોને પૂજનારા, देवान् દેવોને, यान्ति પામે છે, अपि પણ, मद्भक्ताः મારા ભક્તો, (તો) माम् મને (જ), यान्ति પામે છે.

ભાવાર્થઃ—મંદબુદ્ધિવાળા તે અન્યદેવતાના ભક્તોને તે તે દેવોની ભક્તિથી મળતું તે ફલ બિલકુલ નાશ પામનારું પ્રાપ્ત થાય છે, કારણકે દેવોને પૂજનારા દેવોને પામે છે, પણ મારા ભક્તો તો મને જ પામે છે. અર્થાત્ અન્ય દેવોના ભક્તો તે તે દેવોને પામી નશ્વર સુખ પ્રાપ્ત કરે છે ત્યારે મારા ભક્તો મારા અવિનાશિ પદને પ્રાપ્ત થાય છે, એટલો એમાં ભેદ છે. ૨૩.

અવતરણિકાઃ—"જો આ પ્રમાણે સમાન પ્રયાસમાં પણ ફલનો મોટો ભેદ હોય તો પછી બધા મનુષ્યો બીજા દેવતાઓને છોડીને આપને જ કેમ ભજતાં નથી ?" એ પ્રશ્નનો ઉત્તર ભગવાન્ શ્રીકૃષ્ણ કહે છેઃ

જ્ઞાનવડે તૃપ્ત, જેમણે રાગાદિ ત્યજ્યા છે એવા, અતિ શાંત, ધીર અને યોગનિષ્ઠ એવા આત્મજ્ઞાની ઋષિઓ તે એ સર્વત્ર રહેલા પરમાત્માને સર્વ પ્રકારે પામીને (સ્વસ્વરૂપને પામેલા સતા) તે સર્વસ્વરૂપે રહેલા ઈશ્વરમા પ્રવેશ કરે છે.

अव्यक्तं व्यक्तिमापन्नं मन्यन्ते मामबुद्धयः ॥
परं भावमजानंतो ममाव्ययमनुत्तमम् ॥ २४ ॥

પદચ્છેદઃ—अव्यक्तम्, व्यक्तिम्, आपन्नम्, मन्यन्ते, माम्, अबुद्धयः, परम्, भावम्, अजानन्तः, मम, अव्ययम्, अनुत्तमम्.

વ્યુત્પત્તિસમાસાઃ—न व्यक्तः अव्यक्तः, तम् अव्यक्तम् । न विद्यते बुद्धिः येषां ते अबुद्धयः । न जानन्तीति ते अजानन्तः । न विद्यते व्ययः यस्य सः अव्ययः, तम् अव्ययम् । न विद्यते उत्तमः यस्मात् सः अनुत्तमः, तम् अनुत्तमम् ।

અન્વય અને અર્થઃ—अव्ययम् નાશરહિત, (અને) अनुत्तमम् સંપૂર્ણ-સૌથી શ્રેષ્ઠ, (એવા) मम મારા, परम् પરમ, भावम् સ્વરૂપને, अजानन्तः નહિ જાણતા, अबुद्धयः બુદ્ધિહીન-વિવેકરહિત મનુષ્યો, अव्यक्तम् અપ્રકટ એવા, माम् મને, व्यक्तिम् પ્રકાશને, आपन्नम् પામેલો (એટલે કે પ્રગટરૂપે રહેલો), मन्यन्ते માને છે.

ભાવાર્થઃ—અવિનાશિ અને સર્વથી શ્રેષ્ઠ એવા મારા પરમાત્મસ્વરૂપને નહીં જાણતાં એવાં વિવેકરહિત મનુષ્યો હું અપ્રકટ હોવા છતાં મને પ્રગટ થએલો માને છે. અર્થાત્ અજ્ઞાની મનુષ્યો મારા પરમ તત્ત્વને સમજી શકતાં નથી. ૨૪.

---

१ यं न देवा न मुनयो न चाहं न च शङ्करः ।
जानन्ति परमेशस्य सृष्टिस्थितिलयप्रभुम् ॥

જેને દેવતા નથી જાણતા, મુનિઓ નથી જાણતા, હું પોતે નથી જાણતો અને શંકર પણ જાણતા નથી તેજ પરમેશ્વર શ્રીવિષ્ણુ પરમપદ છે.

અવતરણિકાઃ—"તે મંદબુદ્ધિવાળા મનુષ્યોને અજ્ઞાનથી આપને એ પ્રમાણે વ્યક્ત માનવામાં શું કારણ છે?" એ પ્રશ્નના ઉત્તરમાં ભગવાન્ શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે.

नाहं प्रकाशः सर्वस्य योगमायासमावृतः ॥
मूढोऽयं नाभिजानाति लोको मामजमव्ययम् ॥२५॥

पदच्छेदः—न, अहम्, प्रकाशः, सर्वस्य, योगमाया-समावृतः, मूढः, अयम्, न, अभिजानाति, लोकः, माम्, अजम्, अव्ययम्.

व्युत्पत्तिसमासाः—प्रकर्षेण काशते इति प्रकाशः। सम्यक् आवृतः इति समावृतः, योगो गुणानां युक्तिर्घटनं स एव माया इति योगमाया, तया समावृतः इति योगमायासमावृतः।

અન્વય અને અર્થઃ—योगमायासमावृतः ગુણોની ઘટના-રૂપી યોગમાયાથી ઢંકાયેલો, अहम् હું, सर्वस्य સમસ્ત લોકને, प्रकाशः ઈશ્વરસ્વરૂપે પ્રકટ, न નથી, (તેથી) मूढः મુગ્ધ

---

१ चित्सवित्सुखरूप आत्मनि कथं मायावृतत्वं भवे-
न्मार्तण्डस्तमसा त्रियेत किमहो किं वीक्षणं पश्यताम् ॥
अज्ञानेन विधीयते जलमुचेवार्कस्तदुक्तं द्विधा
विक्षेपावरणाभिधं मुनिवरैर्मोहस्य शक्तिद्वयम् ॥ टिप्पणिकासु ॥

ચૈતન્ય, જ્ઞાન અને સુખરૂપ આત્મા વિષે માયાવડે આવૃત-વેષ્ટનપણું કેમ થાય? શું સૂર્ય અંધકારથી ઢંકાય છે? કિંતુ જેમ વાદળાંઓથી ઢંકાયેલો સૂર્ય દેખાતો નથી તેમ તે જોનારાઓના અજ્ઞાનવડે જ આવૃત-ઢંકાયેલો જણાય છે. એ બે પ્રકારે જેમ કહેવામાં આવ્યું છે તેમ તે વિક્ષેપ અને આવરણ નામની મુનિવરોએ મોહની શક્તિઓ કહેલી છે. અર્થાત્ તે શક્તિઓથી જ આત્માને મનુષ્ય ભાવથી આવૃત થયેલો માને છે.

(એવો), अयम् આ, लोकः લોક, अजम् કદિ જન્મ ન પામતા, (અને) अव्ययम् કદિ નાશ-ક્ષય ન થાય તેવા રૂપે રહેલા એવા, माम् મને, न, अभिजानाति જાણતો નથી.

ભાવાર્થઃ—ગુણોની ઘટનારૂપી યોગમાયાથી આચ્છાદિત અર્થાત્ યોગમાયાથી યુકત એવો હું આ સમસ્ત લોકને ઈશ્વરસ્વરૂપે પ્રકટ થતો નથી, એટલે તે મને ઈશ્વરને સ્પષ્ટ રીતે પ્રત્યક્ષ જોઇ શકતા નથી, અને તેથી જ મોહ પામેલો વિવેકશૂન્ય આ લોક અજન્મા અને અવિનાશી એવા મને જરા પણ જાણતો નથી. અર્થાત્ મારા સત્ય સ્વરૂપને મારી માયાને લીધે એ સમજી શકતો નથી. ૨૫.

અવતરણિકાઃ—"અજ્ઞાનયુકત આ લોક યોગમાયાવડે ઢંકાયેલા એવા મને જાણતો નથી અને તે યોગમાયા મારીજ હોવાથી માયાના અધિપતિ અને સર્વેશ્વર એવા મને કોઇપણ રીતે તે અજ્ઞાનરહિત કરી શકતી નથી, કારણકે જેવી રીતે બીજા કોઈપણ માયાબલથી રમનારને માયા જ્ઞાન છે, તેવીજ રીતે એ માયા મારા જ્ઞાનસ્વરૂપ હોવાથી મારા જ્ઞાનને કોઈ પણ રીતે બાધ કરી શકતી નથી, તેથી હું તો સંપૂર્ણ ત્રિકાલાબાધિત જ્ઞાનથી યુકત છું અને સર્વલોક અજ્ઞાનયુકત છે એમાં કાંઈ પણ સંશય નથી" એમ ભગવાન્ શ્રીકૃષ્ણ અર્જુનને કહે છેઃ

वेदाहं समतीतानि वर्तमानानि चार्जुन ॥
भविष्याणि च भूतानि मां तु वेद न कश्चन ॥२६॥

पदच्छेदः—वेद, अहम्, समतीतानि, वर्तमानानि, च, अर्जुन, भविष्याणि, च, भूतानि, माम्, तु, वेद, न, कश्चन.

व्युत्पत्तिसमासाः—सम् सम्यक् अतीतानि इति समतीतानि, तानि। वर्तन्ते तानि वर्तमानानि, तानि। भविष्यन्ति तानि भविष्याणि, तानि।

અન્વય અને અર્થઃ—અર્જુન હે અર્જુન! સમતીતાનિ ભૂતકાલમાં થઈ ગયેલાં, ચ અને, વર્તમાનાનિ ચાલુ સમયમાં રહેલાં, ચ અને, ભવિષ્યાણિ ભવિષ્યમાં થવાનાં, (એટલે ત્રણે કાલનાં) ભૂતાનિ સ્થાવર જંગમ બધાં ભૂતોને, અહમ્ હું, વેદ જાણું છું, (પરંતુ) કશ્ચન કોઇ, તુ પણ, મામ્ મને, ન, વેદ જાણતો નથી.

ભાવાર્થઃ—હે અર્જુન! ભૂતકાલમાં થઈ ગએલાં, ચાલુ વર્તમાન સમયમાં રહેલાં, તેમજ ભવિષ્યમાં થનારાં સર્વ પ્રાણિમાત્રને હું જાણું છું, પરંતુ તેમાંનું કોઇ પણ મને જાણતું નથી. ૨૬.

અવતરણિકાઃ—"સારે ઉત્પન્ન થતા પ્રાણિમાત્ર આપના મત્સ્વરૂપને કયા કારણને લીધે જાણતા નથી?" એવી અર્જુનની શંકાના સમાધાનમાં ભગવાન્ જણાવે છે

इच्छाद्वेषसमुत्थेन द्वन्द्वमोहेन भारत ॥
सर्वभूतानि संमोहं सर्गे यान्ति परंतप ॥ २७ ॥

પદચ્છેદઃ—इच्छाद्वेषसमुत्थेन, द्वन्द्वमोहेन, भारत, सर्वभूतानि, संमोहम्, सर्गे, यान्ति, परंतप.

વ્યુત્પત્તિસમાસાઃ—इच्छा च द्वेषश्च इच्छाद्वेषौ, इच्छाद्वेषाभ्यां समुत्तिष्ठतीति इच्छाद्वेषसमुत्थः, तेन इच्छाद्वेषसमुत्थेन। द्वौ द्वौ सह अभिव्यज्येते येषु तानि द्वन्द्वानि, द्वन्द्वानां मोहः द्वन्द्वमोहः, तेन द्वन्द्वमोहेन। सर्वाणि च तानि भूतानि इति सर्वभूतानि। सम्यक् मोहः इति संमोहः, तम् संमोहम्। सृज्यन्ते भूतानि अस्मिन्निति सर्गः, तस्मिन् सर्गे। परं तापयतीति परंतपः, तत्संबुद्धौ परंतप।

અન્વય અને અર્થઃ—ભારત હે ભારત! પરંતપ હે શત્રુઓને તપાવનાર અર્જુન! इच्छाद्वेषसमुत्थेन ઇચ્છા અને દ્વેષથી ઉત્પન્ન થતા, द्वन्द्वमोहेन (શીત, ઉષ્ણ, સુખ, દુઃખ ઇત્યાદિ) દ્વન્દ્વથી થયેલા અવિવેક વડે, सर्वभूतानि સર્વ પ્રાણિઓ, सर्ग (સ્થૂલ દેહની) ઉત્પત્તિ વખતે, संमोहम् વિવેકની હીનતાને, यान्ति પામે છે.

ભાવાર્થઃ—હે ભરતવંશમાં ઉત્પન્ન થએલા અને શત્રુઓને તપાવનાર અર્જુન! ઇચ્છા અને દ્વેષથી ઉત્પન્ન થતા સુખદુઃખાદિ દ્વન્દ્વથી થએલ અવિવેક વડે, સર્વ પ્રાણિઓ સ્થૂલ દેહની ઉત્પત્તિના સમયે વિવેકની હીનતાને અર્થાત્ વિવેકાંધતાને પામે છે, અને તેથી મને જાણી શકતાં નથી. અર્થાત્ દ્વન્દ્વથી મોહ પામેલાં મનુષ્યો વિવેકની શૂન્યતાને અંગે અજ્ઞાનતાથી મારા સ્વરૂપને સમજી શકતાં નથી. ૨૭.

અવતરણિકાઃ—"ત્યારે સુખદુઃખાદિ દ્વન્દ્વના મોહથી રહિત થઈને શાસ્ત્રરીતિ પ્રમાણે આત્મભાવથી આપને કોણ ભજે છે?" એવા પ્રશ્નના ઉત્તરમાં ભગવાન્ કહે છે.

येषां त्वन्तगतं पापं जनानां पुण्यकर्मणाम् ॥
ते द्वन्द्वमोहनिर्मुक्ता भजन्ते मां दृढव्रताः ॥२८॥

પદચ્છેદઃ—येषाम्, तु, अन्तगतम्, पापम्, जनानाम्, पुण्यकर्मणाम्, ते, द्वन्द्वमोहनिर्मुक्ताः, भजन्ते, माम्, दृढव्रताः।

વ્યુત્પત્તિસમાસાઃ—अन्तं गतम् इति अन्तगतम्। पुण्यानि कर्माणि येषां ते पुण्यकर्माणः, तेषाम् पुण्यकर्मणाम्। द्वन्द्वैः मोहः इति

દ્વન્દ્વમોહ, તેન નિતાન્ત મુક્તા ઇતિ દ્વન્દ્વમોહનિર્મુક્તા । દૃઢાનિ વ્રતાનિ યેષા તે દૃઢવ્રતા ।

અન્વય અને અર્થઃ—યેષામ્ જે, પુણ્યકર્મણામ્ શુભ કર્મવાળા, જનાનામ્ મનુષ્યોનુ, પાપમ્ પાપ, અન્તગતમ્ નાશ પામેલુ છે, તે તેઓ દ્વન્દ્વમોહનિર્મુક્તા સુખ-દુ ખાદિ દ્વન્દ્વથી ઉત્પન્ન થતા અવિવેકથી મુકત, (અને) દૃઢવ્રતા દૃઢ સકલ્પ વાળા થયા થકા, મામ્ મને, મજન્તે ભજે છે

ભાવાર્થઃ—જે પુણ્યશાલી મનુષ્યે નુ પાપ નાશ પામી ગયુ છે તેવા મનુષ્યો દ્વન્દ્વથી ઉત્પન્ન થતા અવિવેકથી રહિત થઇ જાય છે અને પછી દૃઢ સકલ્પવાળા થઇને તેઓ મને ભજે છે અર્થાત્ તેવા પાપરહિત મનુષ્યો પછી દ્વન્દ્વોને જીતીને દૃઢ તાથી મારા સ્વરૂપને સમજી મને ભજે છે અને પરમ ગતિને પામે છે ૨૮

અવતરણિકાઃ—' તે પુણ્યશીલ મનુષ્યો આપને ભજે છે, પરતુ કયા હેતુથી તેઓ આપની સેવા કરે છે ? ' એવી અર્જુનની જિજ્ઞાસા પૂર્ણ કરવાના હેતુથી ભગવાન્ શ્રીકૃષ્ણ નીચે પ્રમાણે કહે છે

जरामरणमोक्षाय मामाश्रित्य यतन्ति ये ॥
ते ब्रह्म तद्विदुः कृत्स्नमध्यात्मं कर्म चाखिलम् ॥२९॥

पदच्छेदः—जरामरणमोक्षाय, माम्, आश्रित्य, यतन्ति, ये, ते, ब्रह्म, तत्, विदुः, कृत्स्नम्, अध्यात्मम्, कर्म, च, अखिलम्.

व्युत्पत्तिसमासाः—जरा च मरण च जरामरणे, ताभ्या मोक्ष इति जरामरणमोक्ष, तस्मै जरामरणमोक्षाय । आ समतात् श्रित्वा

इति आश्रित्य । आत्मनि अधि इति अध्यात्मम्, तत् । न खिलम् अखिलम्, तत् ।

અન્વય અને અર્થ:—યે જેઓ, जरामरणमोक्षाय વૃદ્ધાવસ્થા અને મૃત્યુ એ બન્નેમાંથી મુક્ત થવા માટે, माम् મારો, आश्रित्य આશ્રય કરીને, (મને પ્રાપ્ત થવા માટે) यतन्ति પ્રયત્ન કરે છે, તે તેઓ, तत् તે, ब्रह्म સૌથી પર–શ્રેષ્ઠ બ્રહ્મને, कृत्स्नम् સર્વ, अध्यात्मम् આત્મા સંબંધી જ્ઞાનને, च અને, (તેના સાધન-રૂપ) अखिलम् સમસ્ત, कर्म કર્મને, विदु: જાણે છે.

ભાવાર્થ:—વૃદ્ધાવસ્થા અને મૃત્યુ એ બન્નેમાંથી મુક્ત થવા માટે મારો આશ્રય કરીને જેઓ મને પ્રાપ્ત થવા માટે અથવા મારા સ્વરૂપને સમજવા માટે પ્રયત્ન કરે છે તેઓ તે સૌથી–શ્રેષ્ઠ બ્રહ્મને અર્થાત્ પરમાત્માને, આત્મા સંબંધી સંપૂર્ણ જ્ઞાનને, અને આત્મપ્રાપ્તિના સાધનરૂપ સમસ્ત કર્મને જાણે છે. અર્થાત્ તે સર્વ વસ્તુમાત્રને જાણીને અંતે મારા સ્વરૂપને પામે છે. ૨૯.

અવતરણિકા:—" આ પ્રમાણે આપના સત્યસ્વરૂપ વગેરેને જાણવા છતા પણ મનુષ્યનુ મરણ થવાનો સભવ છે, તો પછી અન્તમા આપનુ વિસ્મરણ થતા તેઓ કેવી રીતે અસારમાથી મુક્ત થઈ શકે ?" એ પ્રશ્નનો ઉત્તર ભગવાન્ શ્રીકૃષ્ણ નીચેના શ્લોકમા આપે છે

साधिभूताधिदैवं मां साधियज्ञं च ये विदुः ॥
प्रयाणकालेऽपि च मां ते विदुर्युक्तचेतसः ॥ ३० ॥

પદચ્છેદ:—साधिभूताधिदैवम्, माम्, साधियज्ञम्, च, ये, विदुः, प्रयाणकाले, अपि, च, माम्, ते, विदुः, युक्तचेतसः,


વ્યુત્પત્તિસમાસાઃ—भूतानि अधिकृत्य भवति इति अधिभूतम्, दैवम् अधिकृत्य भवति इति अधिदैवम्, अधिभूतं च अधिदैवं च एतयोः समाहारः अधिभूताधिदैवम्, अधिभूताधिदैवेन सह वर्त्तते इति साधिभूताधिदैवः, तम् साधिभूताधिदैवम् । यज्ञम् अधिकृत्य भवति इति अधियज्ञम्, अधियज्ञेन सह वर्त्तते इति साधियज्ञः, तम् । प्रकर्षेण यानम् इति प्रयाणम्, प्रयाणस्य कालः इति प्रयाणकालः, तस्मिन् प्रयाणकाले। युक्तानि चेतांसि येषां ते युक्तचेतसः ।

અન્વય અને અર્થઃ—યે જેઓ, माम् મને, साधिभूताधिदैवम् અધિભૂત તેમ અધિદૈવ સહિત, च અને, साधियज्ञम् અધિયજ્ઞ વડે યુકત એવો, विदुः જાણે છે, તે તેઓ, प्रयाणकाले મરણ વખતે, अपि પણ, च વળી, युक्तचेतसः સાવધાન-એકાગ્ર ચિત્તવાળા થયા થકા, माम् મને, विदुः જાણે છે.

ભાવાર્થઃ—'અધિભૂત, અધિદૈવ અને અધિયજ્ઞસહિત હું છું' એ પ્રમાણે જેઓ મને જાણે છે, તેઓ મરણ વખતે પણ સાવધાન ચિત્તવાળા થઈને તેવી જ રીતનો મને જાણે છે, અને તેથી તેમને મોક્ષપ્રાપ્તિ થવામાં કોઈપણ જાતનો સન્દેહ રહેતો નથી. અર્થાત્ સાધિભૂતાદિ પદાર્થરૂપ પરબ્રહ્મ તેમને મૂલથી જ સ્પષ્ટ જણાતું હોવાથી ઉત્તરોત્તર મારા સ્વરૂપને સમજતાં અભ્યાસને લીધે તે જ્ઞાન મરણસમયમાં પણ રહેતાં તે સમયે પણ મારા સ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત કરી તેઓ મને પામે છે એમ તું માન. ૩૦.

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे श्रीकृष्णकार्त्तान्तिकप्रणीतसान्वयबोधिन्यां गुर्जरटीकायां ज्ञानविज्ञानयोगो नाम सप्तमोऽध्यायः ।

अष्टमोऽध्यायः ।



અવતરણિકાઃ—સાતમા અધ્યાયના અન્તમાં ભગવાન્ શ્રીકૃષ્ણે "तिब्रह्म तद्विदुः कृत्स्नम्" એ દોઢ શ્લોકથી બ્રહ્મ, અધ્યાત્મ, કર્મ, અધિભૂત, અધિદૈવ, અને અધિયજ્ઞ તરીકે આ દેહમાં કેવી રીતે કોણ છે ! અને પ્રયાણ સમયમાં-દેહ ત્યાગવાના સમયમાં જેમણે સ્વાત્મસંયમ કરેલ છે તેઓ વડે તમે કેવી રીતે જાણી શકાઓ છો ! ઈત્યાદિ સાતે પદાર્થોને મારો આશ્રય કરી રહેલા મારા ભક્તો સારી રીતે જાણે છે " એ પ્રમાણે સર્વ કહેલું તે સાતે પદાર્થોનું તત્ત્વ જાણવાની ઈચ્છાથી અર્જુન ભગવાન્ શ્રીકૃષ્ણને નીચે પ્રમાણે પ્રશ્ન પૂછે છેઃ

अर्जुन उवाच । અર્જુન પૂછે છેઃ—

किं तद्ब्रह्म किमध्यात्मं किं कर्म पुरुषोत्तम ॥
अधिभूतं च किं प्रोक्तमधिदैवं किमुच्यते ॥ १ ॥
अधियज्ञः कथं कोऽत्र देहेऽस्मिन्मधुसूदन ॥
प्रयाणकाले च कथं ज्ञेयोऽसि नियतात्मभिः ॥ २ ॥

पदच्छेदः—किम्, तत्, ब्रह्म, किम्, अध्यात्मम्, किम्, कर्म, पुरुषोत्तम, अधिभूतम्, च, किम्, प्रोक्तम्, अधिदैवम्, किम्, उच्यते; अधियज्ञः, कथम्, कः, अत्र, देहे, अस्मिन्, मधुसूदन, प्रयाणकाले, च, कथं, ज्ञेयः, असि, नियतात्मभिः.

व्युत्पत्तिसमासाः—प्रकर्षेण उक्तम् इति प्रोक्तम् । नितान्तं यताः इति नियताः, नियताः आत्मानः येषां ते नियतात्मानः, तैः नियतात्मभिः । ज्ञातुं योग्यः इति ज्ञेयः ।

અન્વય અને અર્થઃ—પુરુષોત્તમ હે પુરુષશ્રેષ્ઠ! (૧) તત્ તે, બ્રહ્મ બ્રહ્મ, કિમ્ શું? (૨) અધ્યાત્મમ્ અધ્યાત્મ, કિમ્ શુ? (૩) કર્મ કર્મ, કિમ્ શુ? ચ અને, (૪) અધિભૂતમ્ અધિભૂત, કિમ્ શુ? પ્રોક્તમ્ કહેવાય છે, (અને) (૫) અધિદૈવમ્ અધિદૈવ, (પણ) કિમ્ શુ, ઉચ્યતે કહેવાય છે? મધુસૂદન હે મધુસૂદન, (૬) અત્ર આ, દેહે શરીરમાં, અધિયજ્ઞઃ અધિયજ્ઞ, કથમ્ કેવી રીતે, ક કોણ છે? ચ અને, (૭) પ્રયાણકાલે પ્રાણોત્ક્રમણસમયે, નિયતાત્મભિ. નિગ્રહીત ચિત્તવાળાઓ વડે, (આપ) અસ્મિન્ આ શરીરમા, કથં કેવી રીતે, જ્ઞેય જાણવા યોગ્ય, અસિ છો? (એ પ્રમાણે અર્જુને ભગવાન્ શ્રીકૃષ્ણને એ સાત પ્રશ્નો કર્યા છે.)

ભાવાર્થઃ—"હે પુરુષશ્રેષ્ઠ,! આગળ આપ જે કહી ગયા તે બ્રહ્મ એટલે શુ,? અધ્યાત્મ એટલે શુ? કર્મ એટલે શુ? તેમજ અધિભૂત અને અધિદૈવ કોને કહેવામાં આવે છે? વળી હે મધુસૂદન! અધિયજ્ઞ વિગેરે સજ્ઞાઓ આ શરીરમાં કોને આપી શકાય, અને તે અધિયજ્ઞ તરીકે આ શરીરમાં કેવી રીતે કોણ રહી શકે છે? અર્થાત્ તેનું કેવી રીતે ચિન્તન થઈ શકે? તેમજ મૃત્યુ વખતે નિગ્રહીતચિત્તવાળાઓ યોગીઓ આપને આ શરીરમા કેવી રીતે જાણી શકે છે? અર્થાત્ મારા આ સાતે પ્રશ્નોનો યોગ્ય ઉત્તર આપી એ વિષયનુ મારુ અજ્ઞાન દૂર કરવાની આપ મારા પર કૃપા કરો ૧-૨

અવતરણિકા—એ પ્રમાણે અર્જુને પૂછેલા સાત પ્રશ્નોમાના પ્રથમના ત્રણ પ્રશ્નોનો ઉત્તર ભગવાન્ શ્રીકૃષ્ણ આ શ્લોકમા આપે છે

श्रीभगवानुवाच । શ્રીભગવાન્ કહે છેઃ—

अक्षरं ब्रह्म परमं स्वभावोऽध्यात्ममुच्यते ॥
भूतभावोद्भवकरो विसर्गः कर्मसंज्ञितः ॥ ३ ॥

पदच्छेदः—अक्षरम्, ब्रह्म, परमम्, स्वभावः, अध्यात्मम्, उच्यते, भूतभावोद्भवकरः, विसर्गः, कर्मसंज्ञितः.

व्युत्पत्तिसमासाः—न क्षरतीति अक्षरम् । स्वस्य ब्रह्मणः एव अंशतो जीवरूपेण भावः इति स्वभावः । आत्मनि अधिकृत्य भवतीति अध्यात्मम् । उत्कृष्टत्वेन भवः भवनम् उद्भवः, भूतानां भावः भूतभावः, तस्य उद्भवः इति भूतभावोद्भवः, तं करोतीति भूतभावोद्भवकरः । कर्मणा संज्ञित इति कर्मसंज्ञितः ।

અન્વય અને અર્થઃ—अक्षरम् જેનો કદિ વિનાશ ન થાય તેવું, (જે છે તે) परमम् શ્રેષ્ઠ, ब्रह्म બ્રહ્મ છે, स्वभावः આત્મા અને શરીરરૂપે વ્યાપ્ત થઈને, પ્રત્યેક પદાર્થમાં ફેલાએલ અને અંતે બ્રહ્મસ્વરૂપ કરનાર જે વસ્તુ તે, अध्यात्मम् અધ્યાત્મ, उच्यते કહેવાય છે, भूतभावोद्भवकरः પ્રાણિઓની ઉત્પત્તિ અને વિશેષ વૃદ્ધિ કરનાર, विसर्गः દેવતાના ઉદ્દેશથી દ્રવ્યત્યાગરૂપી જે યજ્ઞ તે, कर्मसंज्ञितः કર્મ શબ્દ વડે વાચ્ય છે એટલે કર્મ શબ્દ વડે કહેવામાં આવે છે.

ભાવાર્થઃ—જે સદા અવિનાશી છે એટલે જેનો કદી નાશ થતો નથી તે "પરબ્રહ્મ" કહેવાયે છે, આત્મા, શ્રવણાદિ ઇન્દ્રિયોના સમૂહમાં 'અહમ્' ભાવથી ભાવિત હોય છે, તેવા ભાવને

---

૧ ક્ષર, અક્ષર, ઉત્તમપુરુષવિગેરેનું પંદરમા અધ્યાયમાં વિસ્તારથી વર્ણન કરાશે.

અદૃશ્ય કરીને પોતાના મૂલ સ્વરૂપનું તેને ભાન કરાવવું અર્થાત સ્વભાવને પ્રાપ્ત કરાવવો તેનું નામ "અધ્યાત્મ" કહેવાય છે તથા પ્રાણિઓની ઉત્પત્તિ અને વિશેષ વૃદ્ધિ કરનાર દેવતાઓને ઉદ્દેશીને જે દ્રવ્યબલિ ઇત્યાદિનો ત્યાગ કરવો તે રૂપી જે યજ્ઞ તે 'કર્મ' એ પ્રમાણે કહેવાય છે. ૩.

અવતરણિકાઃ—બીજા ત્રણ પ્રશ્નોનો ઉત્તર ભગવાન્ આ શ્લોકમા આપે છે

अधिभूतं क्षरो भावः पुरुषश्चाधिदैवतम् ॥
अधियज्ञोऽहमेवात्र देहे देहभृतां वर ॥ ४ ॥

પદચ્છેદઃ—अधिभूतम्, क्षरः, भावः, पुरुषः, च, अधिदैवतम्, अधियज्ञः, अहम्, एव, अत्र, देहे, देहभृताम्, वर.

વ્યુત્પત્તિસમાસાઃ—भूतानि अधिकृत्य भवतीति अधिभूतम्। क्षरति इति क्षरः । पूर्णमनेन सर्वम् इति वा पुरि शेते इति पुरुषः- आदित्यान्तर्गतो हिरण्यगर्भः सर्वप्राणिकरणानुग्राहकः । दैवतानि आदित्यादीनि अधिकृत्य चक्षुरादिकरणानि अनुगृह्णाति इति अधिदैवतम् । यज्ञम् अधिकृत्य भवतीति अधियज्ञः । देहान् बिभ्रति ते देहभृत, तेषां देहभृताम् । ब्रियते इति वरः, तत्संबुद्धौ वर ।

અન્વય અને અર્થઃ—देहभृताम् પ્રાણિઓમાં, वर શ્રેષ્ઠ એવા હે અર્જુન! क्षरः નશ્વર, भावः ભાવ-દેહાદિ પદાર્થ, अधिभूतम् અધિભૂત કહેવાય છે, च અને, पुरुषः ભગવાન્ સૂર્યનારાયણની અંદર રહેલ હિરણ્યગર્ભ-બ્રહ્મા, બધાં પ્રાણિઓની ઇન્દ્રિયોના પોષક હોઈને, अधिदैवतम् અધિદૈવત કહેવાય છે,

(અને) અત્ર આ, દેહે શરીરમાં, અધિયજ્ઞઃ અધિયજ્ઞ-યજ્ઞાભિમાની વિષ્ણુ-દેવતા અર્થાત્ યજ્ઞાદિકર્મપ્રવર્તક અને ફલદાતા, અહમ્ હું, એવ જ (છું.)

ભાવાર્થઃ—પ્રાણિઓમાં શ્રેષ્ઠ એવા હે અર્જુન! વિનાશી ભાવવાળા દેહાદિ જે પદાર્થ તે અધિભૂત છે, સૂર્યનારાયણમાં રહેલ હિરણ્યગર્ભ જે બ્રહ્મા છે તે અધિદૈવત કહેવાય છે અને આ શરીરમાં યજ્ઞાભિમાની વિષ્ણુદેવતા કે જે યજ્ઞાદિ કર્મના પ્રવર્તક અને ફલદાતા છે તે અધિયજ્ઞ હું જ છું. ૪.

અવતરણિકાઃ—આ પ્રમાણે અર્જુનના જ પ્રશ્નોનો ઉત્તર આપીને ભગવાન્ શ્રીકૃષ્ણ હવે તેના સાતમા પ્રશ્નનો ઉત્તર આપે છેઃ

अंतकाले च मामेव स्मरन्मुक्त्वा कलेवरम् ॥
यः प्रयाति स मद्भावं याति नास्त्यत्र संशयः ॥५॥

પદચ્છેદઃ—અન્તકાલે, ચ, મામ્, એવ, સ્મરન્, મુક્ત્વા, કલેવરમ્, યઃ, પ્રયાતિ, સઃ, મદ્ભાવમ્, યાતિ, નાસ્તિ, અત્ર, સંશયઃ.

વ્યુત્પત્તિસમાસાઃ—અન્તસ્ય કાલઃ અન્તકાલઃ, તસ્મિન્ અન્તકાલે। સ્મરતીતિ સ્મરન્। પ્રકર્ષેણ યાતિ ઇતિ પ્રયાતિ। મમ ભાવઃ ઇતિ મદ્ભાવઃ, તં મદ્ભાવમ્।

---

૧ વેદાન્તવિજ્ઞાનસુનિશ્ચિતાર્થાઃ સન્યાસયોગાદ્યતયઃ શુદ્ધસત્ત્વાઃ।
તે બ્રહ્મલોકે તુ પરાંતકાલે પરામૃતાત્પરિમુચ્યન્તિ સર્વે ॥ શ્રુતિઃ ॥

વેદાંત શાસ્ત્રના શ્રવણાદિવડે જેમણે વેદ્ય વિજ્ઞાનવડે જેમણે પોતાનો અર્થ-બ્રહ્મપ્રાપ્તિરૂપ નિશ્ચય કરેલો છે અને સન્યાસના યોગ વડે જેમનું સત્ત્વ-સ્વરૂપાનુભવ શુદ્ધ થયેલ છે એવા યતિઓ અંતકાળ વખતે જ્ઞાનરૂપી પરમ અમૃતપાનથી સર્વ કર્મથી મુક્ત થયા થકા બ્રહ્મલોકરૂપી મોક્ષ પામે છે.

અન્વય અને અર્થઃ—ચ વળી, યઃ જે પુરુષ, અન્તકાલે મરણસમયે, મામ્ મને, એવ જ સ્મરન્ યાદ કરતો થકો, કલેવરમ્ શરીરને, મુક્ત્વા છોડીને, પ્રયાતિ અર્ચિરાદિ યોગિગમ્ય માર્ગથી જાય છે, સઃ તે, મદ્ભાવમ્ મારા ભાવને, યાતિ પામે છે, અત્ર એ વિષયમાં, સંશયઃ સંશય, ન, અસ્તિ નથી.

ભાવાર્થઃ—જે પુરુષ મરણસમયે ઉપરોક્ત લક્ષણવાળો અંન્તર્યામી અને પરમેશ્વર એવો જેહું તેનું સ્મરણ કરતો આ શરીરને છોડી અર્ચિરાદિ માર્ગથી જાય છે તે અવશ્ય મારા ભાવને–મારા સ્વરૂપને–પામે છે, એમાં કંઈ પણ સંશય નથી. અર્થાત્ અંતકાલમાં મારું ચિંત્વન કરવાથી મનુષ્ય અવશ્ય સદ્ગતિને પામે છે એમાં સંશય નથી. ૫.

અવતરણિકા—"મનુષ્ય મૃત્યુસમયે માત્ર મારું (ઈશ્વરનું) જ સ્મરણ કરવાથી જેમ મારા માહાત્મ્યને પામે છે તેજ પ્રમાણે મૃત્યુ સમયે જે જે વિષયનું તે પ્રાણી ચિન્તન કરે છે તે તે ભાવને તે પામે છે," એમ ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે.

यं यं वापि स्मरन्भावं त्यजत्यंते कलेवरम् ॥
तं तमेवैति कौंतेय सदा तद्भावभावितः ॥ ६ ॥

પદચ્છેદઃ—યમ્, યમ્, વા, અપિ, સ્મરન્, ભાવમ્, ત્યજતિ, અન્તે, કલેવરમ્, તમ્, તમ્, એવ, એતિ, કૌન્તેય, સદા, તદ્ભાવભાવિતઃ.

વ્યુત્પત્તિસમાસાઃ—સ્મરતીતિ સ્મરન્। તસ્ય ભાવઃ ઇતિ તદ્ભાવઃ, તેન ભાવિતઃ ઇતિ તદ્ભાવભાવિતઃ।

અન્વય અને અર્થઃ—કૌન્તેય હે કુંતીપુત્ર અર્જુન ! વા અથવા, (મનુષ્ય) યમ્ જે, યમ્ જે, માવમ્ ભાવને, સ્મરન્ સ્મરણ કરતો, અપિ પણ, અન્તે અન્તકાલમાં, કલેવરમ્ શરીરને, ત્યજતિ છોડી જાય છે, (તે મનુષ્ય) સદા નિરંતર, તદ્ભાવમાવિતઃ તે ભાવથી ભાવનાયુક્ત કરાયલો થકો, તમ્, તમ્, તે તે ભાવને, એવ જ, એતિ પામે છે.

ભાવાર્થઃ—હે કૌન્તેય ! અથવા મનુષ્ય મૃત્યુસમયે જે કોઈ પણ ભાવનું સ્મરણ કરતો શરીરનો ત્યાગ કરે છે, તે તેજ ભાવને પામે છે, કારણ કે તે નિરંતર તેવી ભાવનાથી જ ભાવિત હોય છે. અર્થાત્ જે ભાવના મનુષ્યને પોતાના જીવનમાં મુખ્ય તરીકે રહી હોય છે તે જ સંસ્કારપ્રાબલ્યથી મૃત્યુસમયમાં પણ પ્રાધાન્યતઃ ઉપસ્થિત થાય છે, અને તેમાં જોડાએલા ચિત્તવાળો અવશ્ય તે ભાવને મેળવે છે, એટલે મારી ભાવના વાળો મનુષ્ય મને અને અન્યભાવનાવાળો તે અન્ય સ્વરૂપને પ્રાપ્ત થાય છે. ૬.

અવતરણિકાઃ—"પૂર્વસ્મરણના અભ્યાસથી ઉત્પન્ન થએલી અન્ત્ય ભાવના, ભીન્ન દેહની પ્રાપ્તિમાં કારણ હોવાથી મનુષ્યોનું આવશ્યક કર્તવ્ય શું છે?" તેનો સ્પષ્ટ ઉલ્લેખ અર્જુનને ઉદ્દેશીને ભગવાન્ સ્પષ્ટ કરે છે

तस्मात्सर्वेषु कालेषु मामनुस्मर युध्य च ॥
मय्यर्पितमनोबुद्धिर्मामेवैष्यस्यसंशयः ॥ ७ ॥

પદચ્છેદઃ—તસ્માત્, સર્વેષુ, કાલેષુ, મામ્, અનુસ્મર, યુધ્ય, ચ, મયિ, અર્પિતમનોબુદ્ધિઃ, મામ્, એવ, એષ્યસિ, અસંશયઃ.

વ્યુત્પત્તિસમાસાઃ—મનશ્ચ બુદ્ધિશ્ચ ઇતિ મનોબુદ્ધી, અર્પિતે મનોબુદ્ધી યેન સઃ અર્પિતમનોબુદ્ધિઃ । ન સંશયઃ ઇતિ અસંશયઃ ।

અન્વય અને અર્થઃ—તસ્માત્ તેથી, સર્વેષુ બધા, કાલેષુ બધતમાં, મામ્ મને, અનુસ્મર યાદ કર, ચ અને, યુધ્ય-યુધ્યસ્વ-યુદ્ધ કર, (તેથી) મયિ મારામા, અર્પિતમનોબુદ્ધિ. અર્પણ કરેલાં છે મન અને બુદ્ધિ જેણે એવો, (તુ) મામ્ મને, એવ જ, એષ્યસિ પામીશ, અસંશયઃ (એમાં) કાંઇ પણ સંશય નથી.

ભાવાર્થઃ—તેથી દરેક વખતે તું મારું જ સ્મરણ કરતો રહે, અને યુદ્ધ કર, તેમ કરવાથી મારામા જ જેણે મન અને બુદ્ધિ અર્પણ કરેલા છે એવો તું મને જ પામીશ એમા કાંઇ પણ સંશય નથી. અર્થાત્ તારા કર્તવ્ય કર્મરૂપ યુદ્ધ કરતાં પણ મારું સ્મરણ કરવાથી તારી અધોગતિ થશે નહિ, પણ તું મારા સ્વરૂપને પામીશ, માટે સર્વ વિચારોનો ત્યાગ કરી તું યુદ્ધ કરવા તૈયાર થા. ૭.

અવતરણિકાઃ—ઉપરોક્ત વૃતાન્તનુ જ વિવરણ કરતા "સાવધાન ચિત્તથી અભ્યાસયુક્ત થએલો પુરુષ કઇ ગતિને પામે છે?" તે ભગવાન શ્રીકૃષ્ણ કહે છે

अभ्यासयोगयुक्तेन चेतसा नान्यगामिना ॥
परमं पुरुषं दिव्यं याति पार्थानुचिंतयन् ॥ ८ ॥

પદચ્છેદઃ—અભ્યાસયોગયુક્તેન, ચેતસા, ન, અન્યગામિના, પરમમ્, પુરુષમ્, દિવ્યમ્, યાતિ, પાર્થ, અનુચિન્તયન્.

---

१ यथा नद्य स्यन्दमानाः समुद्रेऽस्त गच्छन्ति नामरूपे विहाय ।
तथा विद्वान् पुण्यपापे विधूय परात्पर पुरुषमुपैति दिव्यम् ॥ श्रुतिः ॥

જેમ નદીઓ વેગથી વહેતી પોતાના નામ અને રૂપને તજીને સમુદ્રમા અસ્ત-લય પામી જાય છે તેવી રીતે વિદ્વાન્-બ્રહ્મવિત્-જ્ઞાની પુણ્ય અને પાપને ધોઈ નાખી પોતાના નામરૂપને તજી માયા વિગેરેથી પર એવા દિવ્ય પુરુષ-બ્રહ્મને પામે છે

વ્યુત્પત્તિસમાસાઃ—अभ्यासः एव योगः इति अभ्यासयोगः, तेन युक्तम् इति अभ्यासयोगयुक्तम्, तेन अभ्यासयोगयुक्तेन। अन्यं गच्छतीति अन्यगामी, तेन अन्यगामिना। दिवि भवः दिव्यः, तम् दिव्यम्। अनु चिन्तयतीति अनुचिन्तयन्।

અન્વય અને અર્થઃ—પાર્થ હે પાર્થ! अभ्यासयोगयुक्तेन અભ્યાસ એટલે હું જે ચિત્તસમર્પણ કરવાનું કેન્દ્ર છું તેમાં જ સમાન પ્રતીતિ કરી, અન્ય પ્રતીતિઓને અટકાવી ચિત્તને એકાગ્ર કરવાના સાધનની જે પુનરાવૃત્તિ-સમાધિ તે રૂપી જ યોગવડે એકાગ્ર થયેલા, (અને) न, अन्यगामिना વિષયાન્તરમાં જવાની જેની પ્રકૃતિ નથી એવા, चेतसा ચિત્ત વડે, अनुचिन्तयन् અનુચિન્તન કરતો, (मनुष्य) परम् નિરતિશય-પૂર્ણ, (અને) दिव्यम् દ્યોતનાત્મક સૂર્ય-મંડલમાં રહેલા, पुरुषम् પુરુષને, याति પામે છે.

ભાવાર્થઃ—હે પાર્થ! હું જે ચિત્તસમર્પણ કરવાનું કેન્દ્ર છું તેમાંજ સમાન પ્રતીતિ કરાવી અન્ય પ્રતીતિઓને અટકાવનાર ચિત્તની એકાગ્રતાના સાધનની પુનરાવૃત્તિરૂપ જે અભ્યાસ તે રૂપી યોગ-સમાધિ-વડે જ એકાગ્ર થએલા અને વિષયાન્તર તરફ જવાની જેની પ્રકૃતિ નથી એવા દૃઢ ચિત્ત વડે શાસ્ત્ર, આચાર્ય ઇત્યાદિના ઉપદેશોનું ચિન્તન કરતો મનુષ્ય પરિપૂર્ણ અને સૂર્યમંડલમાં રહેલા એવા પરમ પુરુષને પામે છે. અર્થાત્ અભ્યાસથી ચિત્તની એકાગ્રતા સાધી તેને સાવધાન રાખી વિચાર કરનાર મનુષ્ય જ પરમ તત્ત્વને મેળવવા સમર્થ થાય છે. ૮.૮

અવતરણિકાઃ—ફરી પણ ઉપરોક્ત અનુચિન્તનીય અને યોગિઓ વડે પ્રાપ્ત થવા યોગ્ય પુરુષનું જ વર્ણન કરતાં તે પરમ પુરુષના ચિંતનમાં

ત્યારે વિશેષ પ્રયત્ન કરવો અને તે કેવી રીતે કરવો તે સર્વ ઉપાસનાના સાધન-સમૂહનું કથન કરતા ભગવાન્ શ્રીકૃષ્ણ કહે છે

कविं पुराणमनुशासितार-
मणोरणीयांसमनुस्मरेद्यः ॥
सर्वस्य धातारमचिंत्यरूप-
मादित्यवर्णं तमसः परस्तात् ॥ ९ ॥
प्रयाणकाले मनसाऽचलेन
भक्त्या युक्तो योगबलेन चैव ॥
भ्रुवोर्मध्ये प्राणमावेश्य सम्यक्
स तं पर पुरुषमुपैति दिव्यम् ॥ १० ॥

पदच्छेदः—कविम्, पुराणम्, अनुशासितारम्, अणोः, अणीयांसम्, अनुस्मरेत्, यः, सर्वस्य, धातारम्, अचिन्त्यरूपम्, आदित्यवर्णम्, तमसः, परस्तात्; प्रयाणकाले, मनसा, अचलेन, भक्त्या, युक्तः, योगबलेन, च, एव, भ्रुवोः, मध्ये, प्राणम्, आवेश्य, सम्यक्, सः, तम्, परम्, पुरुषम्, उपैति, दिव्यम्.

व्युत्पत्तिसमासाः—कवते इति कवि, तम्। पुरा नव इति पुराण, तम् पुराणम्। अनुशास्तीति अनुशासिता, तम् अनुशासितारम्। अतिशयेन अणु इति अणीयान्, तम् अणीयासम्। दधाति इति धाता, तं धातारम्। चिन्तितुं योग्यम् इति चिन्त्यम्, न चिन्त्यम् अचिन्त्यम्, अचिन्त्य रूप यस्य स अचिन्त्यरूप, तम् अचिन्त्यरूपम्। आदित्ये

अपत्यं पुमान् आदित्यः, आदित्येन तुल्यः इति आदित्यवत्, आदित्यवत्-स्वपरप्रकाशकात्मको-वर्णो यस्य सः आदित्यवर्णः, तम् आदित्यवर्णम्। प्रयाणस्य कालः प्रयाणकालः, तस्मिन् प्रयाणकाले। चलतीति चलम्, न चलम् अचलम्, तेन अचलेन। योगस्य बलम् इति योगबलम्, तेन योगबलेन। प्रकर्षेण अनिति जीवति अनेन इति प्राणः, तं प्राणम्।

અન્વય અને અર્થઃ—यः જે મનુષ્ય, कविम् સર્વજ્ઞ, पुराणम् ચિરન્તન, अनुशासितारम् સર્વનું શાસન કરનાર, अणोः સૂક્ષ્મથી, (પણ) अणीयांसम् સૂક્ષ્મ, सर्वस्य બધાંના, धातारम् (જૂદાં જૂદાં સ્વરૂપથી પ્રાણિઓને વિભાગ પ્રમાણે પોષણ આપીને) ધારણ કરનાર, अचिन्त्यरूपम् કોઈ પણ પ્રકારનું વ્યષ્ટિ રૂપ ન હોઈને કોઈથી પણ ચિન્તન ન કરી શકાય તેવા, आदित्यवर्णम् સૂર્યની માફક નિત્યચૈતન્ય પ્રકાશ, (અને) तमसः અંધકારથી, परस्तात् દૂર, (એવા પરમ-પુરુષનું) प्रयाणकाले મરણ વખતે, अचलेन સ્ફુરણારહિત, मनसा મન વડે, भक्त्या ભક્તિથી, युक्तः યુક્ત, (થઈને) च અને, योगबलेन સમાધિજન્ય સંસ્કાર કલાપથી થતી ચિત્તની સ્થિરતારૂપી લક્ષણવાળું જે યોગબલ તે વડે પણ યુક્ત થઈને અર્થાત્ પહેલાં હૃદયકમળમાં ચિત્તને વશ કરીને, ત્યાર પછી ઉપર જતી નાડી વડે, પૃથ્વ્યાદિ પંચમહાભૂતોને વશ કરવાના અનુક્રમે, एव જ, भ्रुवोः બે ભ્રમરની, मध्ये વચ્ચે, प्राणम् પ્રાણને, सम्यक् સારી રીતે-બરોબર, आवेश्य સ્થાપીને, अनुस्मरेत् સ્મરણ કરે છે, सः તે યોગી, तम् તે, परम् સૌથી શ્રેષ્ઠ, (અને) दिव्यम् પ્રકાશાત્મક, (એવા) पुरुषम् પુરુષને, उपैति પામે છે.

ભાવાર્થઃ—જે મનુષ્ય સર્વજ્ઞ, ચિરન્તન, સર્વતંત્ર નિયંતા, સૂક્ષ્મથી પણ અતિ સૂક્ષ્મ અર્થાત્ આકાશ અને કાળ વગેરેથી પણ સૂક્ષ્મ, બધાં પ્રાણીઓને ધારણ કરનાર, અચિન્ત્યસ્વરૂપ,

આદિત્યની માફક નિત્ય ચૈતન્યપ્રકાશ અને અંધકારથી–અજ્ઞાનથી–સદંતર દૂર એવા જ્ઞાનસ્વરૂપ પરમ પુરૂષનું મરણ વખતે સ્ફુરણારહિત મનવડે, ભક્તિથી તેમજ સમાધિયોગથી બંધાએલા સંસ્કારસમૂહ વડે ઉત્પન્ન થએલી ચિત્તની સ્થિરતારૂપી યોગબલથી યુકત એવો થઈને પહેલાં હૃદય કમલમાં ચિત્તને વશ કરીને, ત્યાર પછી ઉર્ધ્વગામિની નાડી વડે પૃથ્વ્યાદિ પંચ મહાભૂતોને નિયમમાં રાખી, બે ભ્રમરની વચ્ચે પ્રાણને ધારણ કરી સ્થિરતાપૂર્વક સ્મરણ કરે છે તે યોગી સૌથી શ્રેષ્ઠ અને પ્રકાશાત્મક દિવ્ય પુરુષ એવા પરમાત્માને પ્રાપ્ત થાય છે. અર્થાત્ એ પ્રમાણે મૃત્યુસમયમાં જે મારામાં એકનિષ્ઠતા રાખી મારું ચિંતન કરે છે તે મારા સ્વરૂપને પામે છે એમાં સંશય નથી. ૯-૧૦

અવતરણિકા:—"બ્રહ્મનું ધ્યાન કરીને મહાન્ યોગિઓ તેને પામી શકે છે, પરંતુ તે બ્રહ્મને પ્રાપ્ત કરવા માટે એક મુખ્ય મંત્ર તરીકે શું શ્રેષ્ઠ છે કે જેથી તેની પ્રાપ્તિ થાય?" એવા અર્જુનના પ્રશ્નના પ્રત્યુત્તરરૂપે ભગવાન્ શ્રીકૃષ્ણ તે બ્રહ્મની પ્રાપ્તિના મુખ્ય સાધનરૂપ ૐકારનું માહાત્મ્ય નીચેના ત્રણ શ્લોકથી કહે છે

यदक्षरं वेदविदो वदन्ति
विशंति यद्यतयो वीतरागाः ॥
यदिच्छन्तो ब्रह्मचर्यं चरन्ति
तत्ते पदं संग्रहेण प्रवक्ष्ये ॥ ११ ॥

---

१ तारो धनु शरो ह्यात्मा ब्रह्म तल्लक्ष्यमुच्यते ।
अप्रमत्तेन वेद्धव्य शरवत्तन्मयो भवेत् ॥

ૐકાર રૂપી ધનુષ્ય, જીવરૂપી બાણ અને તેનુ લક્ષ્ય બ્રહ્મ કહેવાય છે માટે જેમ બાણ વેધ્ય–લક્ષ્યને જ જોઈ શકે તેમ મનુષ્યે જરાપણ પ્રમત્ત ન બની લક્ષ્ય-બ્રહ્મને વેધવુ અને તન્મય થવું.

પદચ્છેદઃ—યત્, અક્ષરમ્, વેદવિદઃ, વદન્તિ, વિશન્તિ, યત્, યતયઃ, વીતરાગાઃ, યત્, ઇચ્છન્તઃ, બ્રહ્મચર્યં, ચરન્તિ, તત્, તે, પદમ્, સંગ્રહેણ, પ્રવક્ષ્યે.

વ્યુત્પત્તિસમાસાઃ—વેદાન્ વિદન્તીતિ તે વેદવિદઃ । વીતો રાગો યેભ્યસ્તે વીતરાગાઃ । ઇચ્છન્તીતિ તે ઇચ્છન્તઃ । બ્રહ્મણિ ચર્યમ્ ઇતિ બ્રહ્મચર્યમ્ ; તત્ ।

અન્વય અને અર્થઃ—વેદવિદઃ વેદને જાણનારા, યત્ જેને, અક્ષરમ્ અવિનાશિ, (એ પ્રમાણે) વદન્તિ બોલે છે, વીતરાગાઃ આસક્તિ-રહિત થયેલા, યતયઃ યોગીઓ, યત્ જેમાં, વિશન્તિ પ્રવેશ કરે છે, (અને) યત્ જેની, ઇચ્છન્તઃ ઇચ્છા કરનારાઓ, બ્રહ્મચર્યમ્ બ્રહ્મ-ચર્યનું, ચરન્તિ પાલન કરે છે, તત્ તે, પદમ્ પદ, સંગ્રહેણ સંક્ષિપ્તમાં, તે તને, પ્રવક્ષ્યે હું કહીશ.

ભાવાર્થઃ—વેદ જાણનારા બ્રાહ્મણો જે પદને અવિનાશિ એ પ્રમાણે ગાય છે, આસક્તિરહિત યોગીઓ જે પદમાં પ્રવેશ કરે છે, તેમજ જે પદને પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળા ગુરૂકુલમાં વાસ કરી બ્રહ્મચર્યનું પાલન કરે છે, તે પ્રાપ્ત કરવા યોગ્ય પરમ પદ વિષે હું તને સંક્ષિપ્તમાં કહીશ. (તે તું મારી પાસેથી સાંભળ). ૧૧.

અવતરણિકાઃ—ઉપર કહેવા પ્રમાણે 'તે અવિનાશિ પદને કેવી ક્રિયા દ્વારા પ્રાપ્ત કરવું' તે સંબંધમાં હવે સ્પષ્ટીકરણ કરે છેઃ

सर्वद्वाराणि संयम्य मनो हृदि निरुध्य च ॥
मूर्ध्न्याधायात्मनः प्राणमास्थितो योगधारणाम् ॥१२॥


ओमित्येकाक्षरं ब्रह्म व्याहरन्मामनुस्मरन् ॥
यः प्रयाति त्यजन्देहं स याति परमां गतिम् ॥१३॥

पदच्छेदः—सर्वद्वाराणि, संयम्य, मनः, हृदि, निरुध्य, च, मूर्ध्नि, आधाय, आत्मनः, प्राणम्, आस्थितः, योगधारणाम्; ओम्, इति, एकाक्षरम्, ब्रह्म, व्याहरन्, माम्, अनुस्मरन्, यः, प्रयाति, त्यजन्, देहम्, सः, याति, परमाम्, गतिम्.

व्युत्पत्तिसमासाः—सर्वाणि च तानि द्वाराणि च सर्वद्वाराणि, तानि सर्वद्वाराणि। सम्यक् यन्त्वा इति संयम्य। नितान्तं रुध्वा इति निरुध्य। आ आसमंतात् धृत्वा इति आधाय। ध्रियते अनया इति धारणा, योगस्य धारणा इति योगधारणा, ताम् योगधारणाम्। एकं च तत् अक्षरं च एकाक्षरम्, तत्। विशेषेण आहरतीति व्याहरन्। अनुस्मरतीति अनुस्मरन्। प्रकर्षेण याति इति प्रयाति। त्यजति इति त्यजन्।

अन्वय अने अर्थः—सर्वद्वाराणि બધી ઇંદ્રિયોનાં દ્વારોને, संयम्य સારી રીતે નિયમમાં રાખીને, च અને, मनः મનને, हृदि હૃદયમાં, निरुध्य રોકીને, (तेम) आत्मनः પોતાના, प्राणम् પ્રાણને, मूर्ध्नि મસ્તકમાં, आधाय ધારણ કરીને, योग-धारणाम् આત્મ-વિષય સમાધિરૂપ ધારણામાં, आस्थितः સ્થિર રહેલો, ॐ ઓંકાર, इति એજ, एकाक्षरम् અદ્વૈત અને અવિનાશિ, (એવા) ब्रह्म બ્રહ્મનું, व्याहरन् ઉચ્ચારણ કરતો, (અને) माम् મારું अनुस्मरन् અનુસ્મરણ કરતો, यः જે મનુષ્ય, देहम् દેહને, त्यजन् છોડીને, प्रयाति પ્રયાણ કરે છે, सः તે, परमाम् સૌથી શ્રેષ્ઠ, गतिम् ગતિને, याति પામે છે.

॥ परमा गति ॥



ॐ इत्येकाक्षर ब्रह्म व्याहरन् मामनुस्मरन् ।
यः प्रयाति त्यजन् देहं सयाति परमां गतिम् ॥

ભાવાર્થઃ—સર્વ ઇન્દ્રિયોનાં દ્વારોને સારી રીતે નિયમમાં રાખીને, મનને હૃદયકમળમાં રોકીને તેમજ પોતાના પ્રાણને મસ્તકમાં ધારણ કરીને આત્મવિષયક સમાધિયોગની ધારણામાં સ્થિરતાને પ્રાપ્ત કરેલો અને ૐકારરૂપી અદ્વૈત–અવિનાશિ બ્રહ્મનું ઉચ્ચારણ કરતો તેમ મારું નિરંતર ધ્યાન કરતો જે યોગી દેહનો ત્યાગ કરીને અહીંથી પ્રયાણ કરે છે તે સૌથી શ્રેષ્ઠ એવી મારી ગતિ–મારા ભાવ–ને પામે છે, અર્થાત્ મારા સ્વરૂપને પામે છે. ૧૨–૧૩.

અવતરણિકાઃ—આ પ્રમાણે સતત ધ્યાનપરાયણ થઈ રહેનાર પરમ યોગીની અંતકાલની ગતિનું વર્ણન કર્યું, હવે "જેઓ એ પ્રમાણે પ્રાણાયામાદિ ક્રિયાઓની પૂર્ણતાથી રહિત હોય અને ઊર્ધ્વ નાડીથી પ્રાણોત્ક્રમણ કરવા અસમર્થ હોય, પણ કર્મક્ષયથી જ શરીરનો ત્યાગ કરે તેવા આપના ભક્તોની શી ગતિ થાય?" એની અર્જુનની જિજ્ઞાસાને પૂર્ણ કરવા માટે ભગવાન્ શ્રીકૃષ્ણ કહે છે

अनन्यचेताः सततं यो मां स्मरति नित्यशः ॥
तस्याहं सुलभः पार्थ नित्ययुक्तस्य योगिनः ॥१४॥

પદચ્છેદઃ—અનન્યચેતાઃ, સતતમ્, યઃ, મામ્, સ્મરતિ, નિત્યશઃ, તસ્ય, અહમ્, સુલભઃ, પાર્થ, નિત્યયુક્તસ્ય, યોગિનઃ.

વ્યુત્પત્તિસમાસાઃ—નાસ્તિ અન્યઃ વિષયઃ યસ્ય તત્ અનન્યમ્, અનન્યમ્ ચેતઃ યસ્ય સઃ અનન્યચેતાઃ । નિત્યમ્ ઇતિ નિત્યશઃ । સુખેન લભ્યતે ઇતિ સુલભઃ । નિત્યં યુક્તઃ ઇતિ નિત્યયુક્તઃ, તસ્ય નિત્યયુક્તસ્ય । યોગઃ અસ્ય અસ્તીતિ યોગી, તસ્ય યોગિનઃ ।

અન્વય અને અર્થઃ—अनन्यचेताः અનન્યચિત્તવાળો, यः જે (પુરુષ), माम् મારું, सततम् નિરંતર, नित्यशः લાંબા વખત સુધી, स्मरति સ્મરણ કરે છે, पार्थ હે પાર્થ! नित्ययुक्तस्य નિત્ય એકાગ્રચિત્તવાળા, तस्य ते, योगिनः યોગીને, अहम् હું, सुलभः સુખથી પ્રાપ્ત થઈ શકું, (છું).

ભાવાર્થઃ—અનન્યચિત્તવાળો જે યોગી નિરંતર લાંબા વખત સુધી મારું જ સ્મરણ કરે છે, તે નિત્ય એકાગ્રચિત્તવાળા યોગીને હે પાર્થ! હું સુખથી પ્રાપ્ત થઈ શકું છું. અર્થાત્ તે મને ત્યાર પછી તત્કાળ પ્રાપ્ત થઈ શકે છે. ૧૪.

અવતરણિકાઃ—"યોગી એ પ્રમાણે આપને સુલભતાથી પ્રાપ્ત થાય તો પછી તેની કેવી સ્થિતિ થાય છે?" એ અર્જુનના માનસિક પ્રશ્નનો ઉત્તર આપતાં ભગવાન્ કહે છે

मामुपेत्य पुनर्जन्म दुःखालयमशाश्वतम् ॥
नाप्नुवंति महात्मानः संसिद्धिं परमां गताः ॥ १५ ॥

પદચ્છેદઃ—माम्, उपेत्य, पुनर्जन्म, दुःखालयम्, अशाश्वतम्, न, आप्नुवन्ति, महात्मानः, संसिद्धिम्, परमाम्, गताः.

વ્યુત્પત્તિસમાસાઃ—पुनः जन्म इति पुनर्जन्म, तत्। आलीयन्ते वस्तूनि अस्मिन्निति आलयम्, दुःखानाम् आलयम् इति दुःखालयम्, तत्। न शाश्वतम् इति अशाश्वतम्। सम्यक् सिद्धिः संसिद्धिः, ताम् संसिद्धिम्।

---

१ બ્રહ્મણા સહ તે સર્વે સમ્પ્રાપ્તે પ્રતિસઞ્ચરે।
પરસ્યાન્તે કૃતાત્માનઃ પ્રવિશન્તિ પરં પદમ્॥
જેમણે આત્મજ્ઞાન પ્રાપ્ત કરેલ છે તે સર્વે જ્યારે બ્રહ્માના દિવસનો અંત થતાં પ્રલય થાય છે ત્યારે તે પરમ પુરુષ બ્રહ્મમાં બ્રહ્માની સાથેજ પ્રવેશ કરે છે.

અન્વય અને અર્થઃ—મહાત્માનઃ યોગીઓ, મામ્ મને, ઉપેત્ય પામીને થઈને, પરમામ્ પરમ, સિદ્ધિમ્ સિદ્ધિને, ગતાઃ પામેલા થકા, દુઃખાલયમ્ દુઃખોના ઘરરૂપ, (અને) અશાશ્વતમ્ અવ્યવસ્થિત-નશ્વર-તુચ્છ, (એવા) પુનર્જન્મ પુનર્જન્મને, ન, આપ્નુવન્તિ પામતા નથી.

ભાવાર્થઃ—એ મારા ભકત યોગીઓ પરમ સિદ્ધિને પામીને અર્થાત્ મારા સ્વરૂપને પામીને ત્યારપછી દુઃખોના ઘરરૂપ અને નશ્વર એવા પુનર્જન્મને પામતા નથી. અર્થાત્ તેઓ જન્મમૃત્યુનાં દ્વન્દ્વથી મુકત થઈને અવિનાશિ એવા મારા સ્વરૂપમાં અંતર્ગત થઈ જાય છે. ૧૫.

અવતરણિકાઃ—"મારે શરણે નહી આવનાર અને અન્ય દેવતાના ઉપાસકોને તો પુનર્જન્મ અવશ્ય ભોગવવો પડે છે અને મારા ભકતોને તેમ નથી," એમ શ્રીકૃષ્ણ ભગવાન્ અર્જુનને કહે છેઃ

आब्रह्मभुवनाल्लोकाः पुनरावर्तिनोऽर्जुन ॥
मामुपेत्य तु कौंतेय पुनर्जन्म न विद्यते ॥ १६ ॥

પદચ્છેદઃ—आब्रह्मभुवनात्, लोकाः, पुनरावर्तिनः, अर्जुन, माम्, उपेत्य, तु, कौंतेय, पुनर्जन्म, न, विद्यते.

વ્યુત્પત્તિસમાસાઃ—ब्रह्मणः भुवनम् इति ब्रह्मभुवनम्, ब्रह्मभुवनम् आ अभिव्याप्य इति आब्रह्मभुवनम्, तस्मात् आब्रह्मभुवनात्। पुनर्मुहुः आवर्तन्ते (विनाशित्वात्) इति पुनरावर्तिनः।

અન્વય અને અર્થઃ—અર્જુન હે અર્જુન! आब्रह्मभुवनात् બ્રહ્મલોકથી માંડીને, लोकाः સ્વર્ગાદિ સર્વ લોક, पुनरावर्तिनः ફરી

જન્મ પામનારા (છે), તુ પણ, કૌન્તેય હે કૌન્તેય ! મામ્ મને, ઉપેત્ય પામીને, (તો) પુનર્જન્મ પુનર્જન્મ, ન, વિદ્યતે થતો નથી

ભાવાર્થઃ—હે અર્જુન ! બ્રહ્મલોકથી માંડીને સ્વર્ગાદિ સર્વ લોક ઓટલે તેમા રહેનારા સર્વ પ્રાણીઓ તેમના પુણ્યનો ક્ષય થતાં ફરીને જન્મ પામવાના સ્વભાવવાળાં છે, પણ હે કૌન્તેય ! મને પામીને તો કદી પણ તેમનો પુનર્જન્મ થતો નથી. અર્થાત્ મારા સ્વરૂપને પામેલાને ફરી સંસારનો ફેરો રહેતો નથી. ૧૬.

અવતરણિકાઃ—"બ્રહ્મલોકમહિત બધા લોક વારંવાર જન્મ લેનારા છે," એ પ્રમાણે જે કહ્યું, તેજ હકીકતને કાળના પરિમાણથી ભગવાન પ્રતિપાદિત કરે છે

सहस्रयुगपर्यंतमहर्यद्ब्रह्मणो विदुः ॥
रात्रिं युगसहस्रान्तां तेऽहोरात्रविदो जनाः ॥ १७ ॥

પદચ્છેદઃ—सहस्रयुगपर्यन्तम्, अहः, यत्, ब्रह्मणः, विदुः, रात्रिम्, युगसहस्रान्ताम्, ते, अहोरात्रविदः, जनाः.

વ્યુત્પત્તિસમાસાઃ—सहस्राणि च तानि युगानि च सहस्रयुगानि, सहस्रयुगानि पर्यन्तं पर्यवसान यस्य तत् सहस्रयुगपर्यन्तम्, तत् । युगाना सहस्राणि युगसहस्राणि, तानि अन्तः यस्या सा युग-

---

१ शतायु शतानद्द एव सर्वेन्द्रायुसहस्रस्य इत्युक्तमाद्ये ।
यतोऽनादिमानेष कालस्ततोऽद्य नवेद्यत्र पक्षोद्दवा ये गतास्तान् ॥
॥ सिद्धान्तशिरोमणौ ॥

જેમ બ્રહ્મા સો વર્ષના કહેલ છે, અને પૂર્વના—બાર્યા જેવો તેમનું આયુષ્ય તેજ મહાકલ્પ એમ કહેલ છે પરંતુ એ કાળ આદિ દોષ થી જે બ્રહ્માના વર્ષો ગયા તેને હજુ જાણતો નથી

सहस्रान्ता, तां युगसहस्रान्ताम् । अहश्च रात्रिश्च इति अहोरात्रम्, अहोरात्रं विदन्तीति ते अहोरात्रविदः ।

અન્વય અને અર્થઃ—(જેઓ) ब्रह्मणः બ્રહ્માનો, यत् જે, सहस्रयुगपर्यन्तम् સત્ય, ત્રેતા, દ્વાપર અને કલિ, એ ચારે યુગના એક હજાર યુગ જેવડા, अहः દિવસને, (तथा) युगसहस्रान्ताम् ઉપર પ્રમાણે જ ચારે યુગના એક સહસ્ર યુગ જેવડી, रात्रिम् રાત્રિને, विदुः જાણે છે, તે તેઓ, अहोरात्रविदः દિવસ અને રાત્રિને (યથાર્થ) જાણનાર, जनाः મનુષ્યો (છે).

ભાવાર્થઃ—બ્રહ્માનો દિવસ સત્ય, ત્રેતા, દ્વાપર અને કલિ, એ ચારે યુગના એક હજાર યુગ જેટલો લાંબો છે, અને રાત્રિ પણ એજ પ્રમાણની છે, એ પ્રમાણે એ બ્રહ્માના દિવસ અને રાત્રિના માનને જેઓ બરાબર રીતે જાણે છે તેઓ જ બરેબર રાત્રિ અને દિવસ શી વસ્તુ છે તેને જાણનાર મનુષ્યો છે. ૧૭.

અવતરણિકાઃ—'એ પ્રમાણે દીર્ઘકાલ સુધી ચાલતા બ્રહ્માના દિવસમાં તેમજ રાત્રિમાં શું થાય છે,' તે ભગવાન્ શ્રીકૃષ્ણ જણાવે છે.

अव्यक्ताद्व्यक्तयः सर्वाः प्रभवन्त्यहरागमे ॥
रात्र्यागमे प्रलीयन्ते तत्रैवाव्यक्तसंज्ञके ॥ १८ ॥

પદચ્છેદઃ—अव्यक्तात्, व्यक्तयः, सर्वाः, प्रभवन्ति, अहरागमे, रात्र्यागमे, प्रलीयन्ते, तत्र, एव, अव्यक्तसंज्ञके.

---

१ दैविकानां युगानां च सहस्रपरिसंख्यया ।
ब्राह्ममेकमहर्ज्ञेयं तावती रात्रिरेव च ॥

દેવતાઓના જ્યારે એક હજાર યુગો પૂરા થાય ત્યારે બ્રહ્માનો એક દિવસ જાણવો, અને તેટલી જ રાત્રિ જાણવી.

વ્યુત્પત્તિસમાસાઃ—ન વ્યક્તમ્ ઇતિ અવ્યક્તમ્, તસ્માત્ અવ્યક્તાત્ । વ્યજ્યન્તે ઇતિ વ્યક્તયઃ । પ્રકર્ષેણ ભવન્તિ ઇતિ પ્રભવન્તિ । અહ્નઃ આગમઃ ઇતિ અહરાગમઃ, તસ્મિન્ અહરાગમે । રાત્र્યાઃ આગમઃ ઇતિ રાત્र્યાગમઃ, તસ્મિન્ રાત્र્યાગમે । પ્રકર્ષેણ લીયન્તે ઇતિ પ્રલીયન્તે । અવ્યક્તં સંજ્ઞા યસ્ય તત્ અવ્યક્તસંજ્ઞકમ્, તસ્મિન્ અવ્યક્તસંજ્ઞકે ।

અન્વય અને અર્થઃ—અહરાગમે બ્રહ્માનો દિવસ જ્યારે આવેછે ત્યારે (તેની શરુઆતમા), અવ્યક્તાત્ કારણરૂપ બ્રહ્મથી, સર્વાઃ બધાં, વ્યક્તયઃ સ્પષ્ટ જણાતાં સ્થાવર-જંગમ પ્રાણિઓ, પ્રભવન્તિ ઉત્પન્ન થાય છે, (અને) રાત્र્યાગમે બ્રહ્માની રાત્રિ આવે છે ત્યારે, તત્ર ત્યાં, (તે) એવ જ, અવ્યક્તસંજ્ઞકે અવ્યકત સંજ્ઞાવાળા કારણસ્વરૂપમાં, (તે બધાં) પ્રલીયન્તે લીન થઇ જાય છે.

ભાવાર્થઃ—બ્રહ્માના દિવસની જ્યારે શરુઆત થાય છે તે સમયે કારણસ્વરૂપ જે અવ્યકત-બ્રહ્મ તેમાંથી બધાં સ્થાવર જંગમ સર્વ પ્રાણિઓ ઉત્પન્ન થાય છે, અને ફરી જ્યારે બ્રહ્માની રાત્રિની શરુઆત થાય છે ત્યારે તે જ અવ્યકત સંજ્ઞાવાળા કારણસ્વરૂપ બ્રહ્મમાં તે સર્વ પ્રાણિઓ પાછાં સમાઇ જાય છે. ૧૮.

અવતરણિકાઃ—"ન કરેલા કર્તવ્યો કરવા માટે, હિંસાદિ કરેલા દોષોના પરિહાર માટે, બ્રહ્મપ્રાપ્તિરૂપ શાસ્ત્રપ્રવૃત્તિની સફલતા માટે, તેમજ અવિદ્યાદિ કલેશથી ઉત્પન્ન થતા કર્મોના વિપાક ભોગવવા માટે પરતંત્ર એવો આ પ્રાણિસમૂહ ઉપર કહ્યા પ્રમાણે વારંવાર ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે," એમ ફરી પણ સ્પષ્ટ સમજાવવા ભગવાન્ શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે

भूतग्रामः स एवायं भूत्वा भूत्वा प्रलीयते ॥
रात्र्यागमेऽवशः पार्थ प्रभवत्यहरागमे ॥ १९ ॥

પદચ્છેદઃ—भूतग्रामः, सः, एव, अयम्, भूत्वा, भूत्वा, प्रलीयते, रात्र्यागमे, अवशः, पार्थ, प्रभवति, अहरागमे.

વ્યુત્પત્તિસમાસાઃ—भूतानां चराचरप्राणिनां ग्रामः समूह इति भूतग्रामः । न वशः इति अवशः । पृथाया अपत्यं पुमान् पार्थः, तत्संबुद्धौ हे पार्थ ।

અન્વય અને અર્થઃ—सः તે, एव જ, अयम् આ, भूतग्रामः પ્રાણિઓનો સમૂહ, भूत्वा, भूत्वा વારંવાર ઉત્પન્ન થઈને, रात्र्यागमे બ્રહ્માની રાત્રિ આવે છે ત્યારે, अवशः કર્માધીન—પરતંત્ર થયો થકો, प्रलीयते લય પામી જાય છે, (અને) पार्थ હે પાર્થ! अहरागमे ફરી બ્રહ્માનો દિવસ આવે છે ત્યારે, प्रभवति ઉત્પન્ન થાય છે.

ભાવાર્થઃ—તેજ આ પ્રાણિસમુદાય વારંવાર ઉત્પન્ન થઈને બ્રહ્માની જ્યારે રાત્રિ આવે છે ત્યારે તેની શરૂઆતમાં સ્વકર્મા-

---

१ अनिर्मितो केनचिदीश्वरेण स्वाप्ना पदार्था प्रभवन्त्यकस्मात् ।
तस्मिन्क्षणे तज्जनितो जनस्य स त्वानुभूया सुखदुःखभोगः ॥
अनिर्मितं पूर्ववदाविरास्ते तद्वत्प्रपञ्चश्च स च जागरादौ ।
आसीत्पुरा चाप्तमिव सुषुप्तावना दिसंस्कारवशं हि चैतत् ॥ पञ्चदशी ॥

સ્વપ્નના પદાર્થો કોઈપણ સમર્થ પુરુષે નિર્માણ કરેલા નથી પરંતુ અકસ્માત ઉત્પન્ન થાય છે અને તે વખતે મનુષ્યના ખરા અનુભવવડે તે સ્વપ્નજનિત સુખ દુઃખનો ભોગ જેમ તેને જણાય છે તેવી રીતે જ આ જગદ્રૂપી પ્રપંચ પણ કોઈએ ઉત્પન્ન કરેલો નહિ હોતા જેમ પ્રથમ હતો તેમજ ઉત્પન્ન થાય છે અને તે જાગૃત અવસ્થાથી પ્રથમ પણ હતો, અને સુષુપ્તિ અવસ્થામા અસત-લય થઇ છે, એમ એ ચૈતન્ય અનાદિ સરકારના વશમા રહીને જન્માદિ ભોગવે છે

ધીન પરતંત્ર થયેા થકેા લય પામી જાય છે, અને હે પાર્થ! ફરી એજ પ્રમાણે બ્રહ્માના દિવસનેા આરભ થાય છે ત્યારે તે ઉત્પન્ન થાય છે. અર્થાત્ એ પ્રમાણે પ્રાણિમાત્રનું એ ઉત્પત્તિ અને લયનું ચક્ર નિરંતર ચાલ્યા જ કરે છે. ૧૯.

અવતરણિકાઃ—આગળ કહેવાયેલા અવિનાશિ બ્રહ્મની પ્રાપ્તિનેા ઉપાય "ओमित्येकाक्षरं ब्रह्म" ઇત્યાદિ શ્લેાકેાથી કહ્યેા છે, હવે ફરી પણ તેજ અક્ષરબ્રહ્મના સ્વરૂપનેા નિર્દેશ કરવાની ઇચ્છાથી "યેાગમાર્ગ વડે પ્રાપ્ત કરવા યેાગ્ય જે અવ્યક્ત છે, કે જે પ્રાણિઓની માફક વિનાશિ નથી," તે સંબંધમા ભગવાન્ શ્રીકૃષ્ણ કહે છે

परस्तस्मात्तु भावोऽन्योऽव्यक्तोऽव्यक्तात्सनातनः ॥
यः स सर्वेषु भूतेषु नश्यत्सु न विनश्यति ॥२०॥

પદચ્છેદઃ—પરઃ, તસ્માત્, તુ, ભાવઃ, અન્યઃ, અવ્યક્તઃ, અવ્યક્તાત્, સનાતનઃ, યઃ, સઃ, સર્વેષુ, ભૂતેષુ, નશ્યત્સુ, ન, વિનશ્યતિ.

વ્યુત્પત્તિસમાસાઃ—ન વ્યક્તઃ ઇતિ અવ્યક્તઃ, તસ્માત્ અવ્યક્તાત્। નશ્યન્તીતિ નશ્યન્તિ, તેષુ નશ્યત્સુ। વિશેષેણ નશ્યતિ ઇતિ વિનશ્યતિ।

અન્વય અને અર્થઃ—તસ્માત્ તે, અવ્યક્તાત્ ચરાચરના કારણભૂત અવ્યકતથી, તુ પણ, પરઃ શ્રેષ્ઠ એવેા, અવ્યક્તઃ ઇન્દ્રિયાતીત, (અને) સનાતનઃ નિત્ય, અન્યઃ બીજો, ભાવઃ ભાવ, યઃ જે (છે), સઃ તે ભાવ, સર્વેષુ ભૂતેષુ બધાં પ્રાણિઓ, નશ્યત્સુ નાશ પામવા છતાં, (પણ) ન, વિનશ્યતિ વિનાશ પામતેા નથી.

ભાવાર્થઃ—તે ચરાચરના કારણભૂત અવ્યકત એવા હિરણ્યગર્ભાદિથી પણ શ્રેષ્ઠ એવો ઈન્દ્રિયાગોચર અને નિત્ય ભાવ–અક્ષર પરબ્રહ્મ છે, કે જે પ્રાણિમાત્રનો નાશ થવા છતાં પણ કદી વિનાશ પામતો નથી, અર્થાત્ તે જ સર્વને પ્રાપ્ત કરવા યોગ્ય છે એમ તું માન. ૨૦.

અવતરણિકાઃ—" બીજા બધા લોકમાંથી પ્રાણિઓને જન્મમરણની આવૃત્તિને આધીન થવું પડે છે, પણ એ પરમ અવ્યકત બ્રહ્મને પામીને તો કદી પણ તેમને પુનરાવૃત્તિને પામવું પડતું નથી " એમ ભગવાન્ કહે છેઃ

अव्यक्तोऽक्षर इत्युक्तस्तमाहुः परमां गतिम् ॥
यं प्राप्य न निवर्तन्ते तद्धाम परमं मम ॥ २१ ॥

પદચ્છેદઃ—अव्यक्तः, अक्षरः, इति, उक्तः, तम्, आहुः, परमाम्, गतिम्, यम्, प्राप्य, न, निवर्तन्ते, तत्, धाम, परमम्, मम.

વ્યુત્પત્તિસમાસાઃ—व्यज्यते इति व्यक्तः, न व्यक्तः इति अव्यक्तः । न क्षरतीति अक्षरः । प्रकर्षेण आप्त्वा इति प्राप्य । निपरा वर्तन्ते इति निवर्तन्ते ।

અન્વય અને અર્થઃ—(यः જે ભાવ,) अव्यक्तः અતીન્દ્રિય–ઈંદ્રિયોનો વિષય નહિં એવો, (अने) अक्षरः નાશરહિત, इति એમ, उक्तः કહેવામાં આવ્યો (છે), तम् તેને, (જ) परमाम् શ્રેષ્ઠ, गतिम् ગતિરૂપ, (યોગીઓ) आहुः કહે છે, (કે) यम् જે ભાવને, प्राप्य પામીને, न, निवर्तन्ते (પ્રાણિઓ સંસારમાં) ફરી આવતાં નથી, (अने) तत् તે, मम મારું, परमम् શ્રેષ્ઠ, धाम સ્થાન (છે).

ભાવાર્થઃ—જે ભાવ અતીન્દ્રિય-ઇન્દ્રિયોનો વિષય નહિ એવો અપ્રકટ અને નાશરહિત કહેવામા આવેલો છે તેને જ આત્મજ્ઞાનીઓ સૌથી શ્રેષ્ઠ ગતિરૂપ કહે છે, કે જે ભાવને પામ્યા પછી પ્રાણિઓની સંસારમા પુનરાવૃત્તિ થતી નથી અને તે જ મારુ શ્રેષ્ઠ પદ છે અર્થાત્ તે અવ્યકત એ જ મારુ સ્વરૂપ હોવાથી તેને પામીને કદી પણ પ્રાણી સંસારમા આવતો નથી અને તે જ મારુ એક સ્થાન છે કે જયા ગયા પછી પ્રાણિમાત્રનુ પુનરાવર્તન થતું જ નથી એટલે કે તે સર્વથા મુકત થઈ જાય છે ૨૧

અવતરણિકા—"તે પરમ ભાવ-પુરુષની એટલે કે બ્રહ્મની પ્રાપ્તિનો જો ઉપાય છે અને તે પુરુષ કેવો છે?" તે નીચેના શ્લોકમા ભગવાન્ બતાવે છે

पुरुषः स परः पार्थ भक्त्या लभ्यस्त्वनन्यया ॥
यस्यांतःस्थानि भूतानि येन सर्वमिदं ततम् ॥२२॥

પદચ્છેદઃ—પુરુષઃ, સઃ, પરઃ, પાર્થ, ભક્ત્યા, લભ્યઃ, તુ, અનન્યયા, યસ્ય, અન્તઃસ્થાનિ, ભૂતાનિ, યેન, સર્વમ્, ઇદમ્, તતમ્.

વ્યુત્પત્તિસમાસાઃ—લબ્ધુ યોગ્ય લભ્ય । ન વિદ્યતે અન્ય યસ્યા સા અનન્યા, તયા અનન્યયા । અન્ત મધ્યે તિષ્ઠન્તિ તાનિ અન્ત સ્થાનિ ।

અન્વય અને અર્થઃ—પાર્થ હે પાર્થ ! ભૂતાનિ સર્વ પ્રાણિઓ, યસ્ય જેની, અન્ત સ્થાનિ અંદર રહેલાં (છે), (અને)

---

૧ ભક્તિનું લક્ષણ અને નવવિધા ભક્તિ સાતમા અધ્યાયના અન્તરમા શ્લોકમાની ટિપણીમા છે ત્યા જોવ

येन જે પુરુષ વડે, इदम् આ, सर्वम् આખું જગત્, ततम् વ્યાપ્ત થયેલું, (છે) सः તે, परः નિરતિશય–જેનાથી શ્રેષ્ઠ કોઈ નથી તેવો પૂર્ણ, पुरुषः પુરુષ, तु તો, अनन्यया (આત્મવિષયક) અવ્યભિચારિણી, भक्त्या ભક્તિ વડે, लभ्यः મેળવવા યોગ્ય (છે).

ભાવાર્થઃ—હે પાર્થ ! આ સમસ્ત પ્રાણિસમૂહ જેની અંદર રહેલો છે, અને જેના વડે આ આખું જગત્ વ્યાપ્ત થઇને રહેલું છે તે નિરતિશય એટલે કે સર્વથી શ્રેષ્ઠ પૂર્ણ પુરુષ તો અવ્યભિચારિણી ભક્તિ વડે જ પામવા યોગ્ય છે. અર્થાત્ અનન્યભક્તિથી જ તે પ્રાપ્ત થઈ શકે છે. ૨૨.

અવતરણિકાઃ—"ઇશ્વરમાં ચિત્તની એકાગ્રતા રાખનાર યોગીઓનું મૃત્યુ પછી ફરી આ લોકમાં આવવું થતું નથી," એમ આગળ કહેવામાં આવ્યું છે, તે ઉપરથી "પૂર્ણતાને ન પહોંચેલા અથવા અન્ય દેવોના ભક્તો જન્મ મરણને પામે છે, પરંતુ તેમાં પરમાત્માએ દર્શાવેલા માર્ગમાં કયે માર્ગે કયે સમયે જનારાઓ જન્મ મરણને પામે છે ?" તેવી અર્જુનની જિજ્ઞાસા સમજીને ભગવાન્ કહે છે

यत्र काले त्वनावृत्तिमावृत्तिं चैव योगिनः ॥
प्रयाता यांति तं कालं वक्ष्यामि भरतर्षभ ॥ २३ ॥

પદચ્છેદઃ—यत्र, काले, तु, अनावृत्तिम्, आवृत्तिम्, च, एव, योगिनः, प्रयाताः, यान्ति, तम्, कालम्, वक्ष्यामि, भरतर्षभ.

વ્યુત્પત્તિસમાસાઃ—आ समंतात् वृत्तिः वर्तनम् इति आवृत्तिः, न आवृत्तिः इति अनावृत्तिः, ताम् अनावृत्तिम् । योगः अस्ति येषां ते योगिनः । प्रकर्षेण याताः इति प्रयाताः ।

અન્વય અને અર્થઃ—ભરતર્ષભ હે ભરતવંશમાં શ્રેષ્ઠ અર્જુન! યત્ર જે, કાલે સમયમાં, પ્રયાતાઃ (શરીર છોડીને) ચાલ્યા ગયેલા, યોગિનઃ યોગીઓ, આવૃત્તિમ્ જન્મ-મૃત્યુની આવૃત્તિને, ચ અને, એવ તે પ્રમાણે જ, અનાવૃત્તિમ્ જન્મમૃત્યુની પરંપરારહિત સ્થિતિને, યાન્તિ પામે છે, તમ્ તે, કાલમ્ સમય, વક્ષ્યામિ હું (તને) કહીશ.

ભાવાર્થઃ—હે ભરતશ્રેષ્ઠ! જે સમયમાં શરીરનો ત્યાગ કરીને ચાલ્યા ગયેલા યોગીઓ ફરી જન્મ પામે છે, તેમજ જે સમયમાં ગયેલા ફરી જન્મ પામતા નથી તે સમય હું તને કહીશ તે તું સાંભળ. ૨૩

અવતરણિકાઃ—"પરમ પુરુષને પહોંચવાના દેવયાન અર્ચિમાર્ગ અને પિતૃયાન-ધૂમ્રમાર્ગ એમ બે માર્ગ છે, તેમાંથી દેવયાન કે જે માર્ગે ગયેલા સંસારની આવૃત્તિમાં જન્મમરણની ઉપાધિમાં પડતા નથી, તે માર્ગે જવાનો કયો સમય છે?" તે ભગવાન્ કહે છે

अग्निर्ज्योतिरहः शुक्लः षण्मासा उत्तरायणम् ॥
तत्र प्रयाता गच्छंति ब्रह्म ब्रह्मविदो जनाः ॥२४॥

---

१ ये चामी अरण्ये श्रद्धासत्यमुपासते तेऽर्चिषमभिसम्भवन्त्यर्चिषोऽहरह्न आपूर्यमाण-पक्षमापूर्यमाणपक्षाद्यान् षड्उदङ्एति मासांस्तान्मासेभ्य संवत्सरं संवत्सरादादित्यमादित्याच्चन्द्र-मसं चन्द्रमसो विद्युतं तत्पुरुषोऽमानव स एतान्ब्रह्म गमयत्येष ब्रह्मपथो देवपथ एतं मानव-मावर्तं नावर्तन्ते ॥ श्रुतिः ॥

જે એ વાનપ્રસ્થ અવસ્થામાં અરણ્યમાં શ્રદ્ધાવડે સત્ય-બ્રહ્મની ઉપાસના કરે છે તે બ્રહ્મવેત્તા યોગિઓ અર્ચિસ્ માર્ગે જાય છે અર્ચિ એ અગ્નિ-તેનાથી દિવસ એટલે દિવસાભિમાની દેવતા, તેથી શુક્લપક્ષ તે શુક્લપક્ષથી જે છ માસમાં ઉત્તરાયણ થાય છે તે છ માસ, તે ઉત્તરાયણથી સંવત્સર, સંવત્સરથી આદિત્ય લોક, આદિત્યલોકથી ચંદ્રલોક ચંદ્રલોકથી વિદ્યુતલોક, અને તે વિદ્યુતલોકથી વિલક્ષ-દેહને ધારણ કરેલો જીવ બ્રહ્મલોકને પ્રાપ્ત કરે છે એ બ્રહ્મમાર્ગ છે, એ દેવમાર્ગ છે એને પ્રાપ્ત થઇ ને યોગીઓ ફરી સંસારમાં જન્મતા નથી

પદચ્છેદઃ—અગ્નિઃ, જ્યોતિઃ, અહઃ, શુક્લઃ, ષણ્માસાઃ, ઉત્તરાયણમ્, તત્ર, પ્રયાતાઃ, ગચ્છન્તિ, બ્રહ્મ, બ્રહ્મવિદઃ, જનાઃ.

વ્યુત્પત્તિસમાસાઃ—ષટ્ ચ તે માસાઃ ઇતિ ષણ્માસાઃ। ઉત્તરસ્યામ્ અયનં ગમનં સૂર્યસ્ય ઇતિ ઉત્તરાયણમ્। બ્રહ્મ વિદન્તીતિ તે બ્રહ્મવિદઃ।

અન્વય અને અર્થઃ—અગ્નિઃ અગ્નિના અભિમાની દેવતા જ્યોતિઃ જ્યોતિના અભિમાની દેવતા, અહઃ દિવસાભિમાની દેવતા, શુક્લઃ શુકલપક્ષાભિમાની દેવતા, (અને) ષણ્માસાઃ છ માસરૂપ, ઉત્તરાયણમ્ ઉત્તરાયણાભિમાની દેવતા (છે), તત્ર તે દેવતાના કાલમાં, પ્રયાતાઃ મરેલા, બ્રહ્મવિદઃ બ્રહ્મને જાણનાર, જનાઃ મનુષ્યો, બ્રહ્મ બ્રહ્મને, (જ) ગચ્છન્તિ પામે છે.

ભાવાર્થઃ—અગ્નિ, જ્યોતિ, દિવસ, શુકલપક્ષ અને ઉત્તરાયણના છ માસ, એ બધાના અભિમાની દેવતાઓના એ ઉત્તરાયણાદિ કાલમાં જે મનુષ્યો મૃત્યુ પામેલા છે તે આત્મજ્ઞાની યોગીઓ બ્રહ્મને જ પામે છે. અર્થાત્ તેઓ ક્રમથી અગ્ન્યાદિ અભિમાની દેવોને પામીને ત્યાર પછી બ્રહ્મને પામે છે. ૨૪.

અવતરણિકાઃ—હવે જે સમયમાં મૃત્યુ પામેલા યોગીઓને ફરી જન્મ ધારણ કરવો પડે છે, તે આવૃત્તિમાર્ગના પિતૃયાનમયનું નિરૂપણ કરતા ભગવાન્ શ્રીકૃષ્ણ કહે છે

ધૂમો રાત્રિસ્તથા કૃષ્ણઃ ષણ્માસા દક્ષિણાયનમ્ ॥
તત્ર ચાંદ્રમસં જ્યોતિર્યોગી પ્રાપ્ય નિવર્તતે ॥ ૨૫ ॥

---

૧ અથ ય ઇમે દત્તાપૂર્તે દત્તમિત્યુપાસતે તે ધૂમમભિસમ્ભવન્તિ ધૂમાદ્રાત્રિં રાત્રેરપરપક્ષમપરપક્ષાદ્યાન્ ષડ્ દક્ષિણૈતિ માસાંસ્તાન્નૈતે સંવત્સરમભિપ્રાપ્નુવન્તિ માસેભ્યઃ પિતૃલોકં પિતૃ-

પદચ્છેદઃ—ધૂમઃ, રાત્રિઃ, તથા, કૃષ્ણઃ, ષણ્માસાઃ, દક્ષિણાયનમ્, તત્ર, ચાન્દ્રમસમ્, જ્યોતિઃ, યોગી, પ્રાપ્ય, નિવર્તતે.

વ્યુત્પત્તિસમાસાઃ—દક્ષિણસ્યામ્ અયનં ગમનં સૂર્યસ્ય ઇતિ દક્ષિણાયનમ્ । ચન્દ્રમસઃ ઇદં ચાન્દ્રમસમ્, તત્ ।

અન્વય અને અર્થઃ—ધૂમઃ ધૂમાભિમાની દેવતા, રાત્રિઃ રાત્રિના અભિમાની દેવતા, કૃષ્ણઃ કૃષ્ણપક્ષના અભિમાની દેવતા, ષણ્માસાઃ છ માસરૂપ, દક્ષિણાયનમ્ દક્ષિણાયનના અભિમાની દેવતા (છે), તત્ર તે દેવતાના કાલમાં, (મૃત્યુ પામેલો) યોગી યોગી, ચાન્દ્રમસમ્ ચંદ્રમા સંબંધી, જ્યોતિઃ પ્રકાશને, પ્રાપ્ય પામીને, નિવર્તતે ફરી (પુણ્ય ક્ષીણ થતાં) પાછો ફરે છે.

ભાવાર્થઃ—ધૂમાડો, રાત્રિ, કૃષ્ણપક્ષ તથા દક્ષિણાયનના છ માસ, એ બધાંના અભિમાની દેવતાઓના સમયમાં જે પોતાના શરીરને છોડી જાય છે તેવો યોગી, ચન્દ્રમા સંબંધી

लोकादाकाशमाकाशाच्चन्द्रमसमेष सोमो राजा तद्देवानामन्नं त देवा भक्षयन्ति । तस्मिन्यावत्संपातमुषित्वाऽथैतमेवाध्वान पुनर्निवर्तन्ते । यथैतमाकाशमाकाशाद्वायुं वायुर्भूत्वा धूमो भवति धूमो भूत्वाऽभ्रंभवत्यभ्र भूत्वा मेघो भवति मेघो भूत्वा प्रवर्षति त इह व्रीहियवा ओषधिवनस्पतयस्तिलमाषा इति जायन्ते यो यो ह्यन्नमत्ति यो रेतः सिञ्चति तद्भूय एव भवति ॥ श्रुतिः ॥

જે લોકો ઈષ્ટાપૂર્તિ આદિ યજ્ઞોમાં અર્પિત લોકૈષણાની ઉપાસના કરે છે તે ધૂમમાર્ગે જાય છે ધૂમથી રાત્રિ, રાત્રિથી કૃષ્ણપક્ષ, કૃષ્ણપક્ષથી જે છ માસ દક્ષિણમાં આવે છે તે દક્ષિણાયન અને દક્ષિણાયનથી સંવત્સરને પ્રાપ્ત થાય છે. એમ મહિનાઓથી પિતૃલોક, પિતૃલોકથી આકાશ અને આકાશથી ચંદ્રલોક. એ ચંદ્રમા સોમ રાજા છે, તે દેવતાઓનું અન્ન છે, તેનું દેવતાઓ ભક્ષણ કરે છે ત્યાં સંપાત સુધી રહી ફરી એજ માર્ગમાં પાછા આવે છે તે માર્ગ આકાશ, આકાશથી વાયુ, એમ વાયુ થઇ ધૂમ થાય છે, ધૂમ થઈ વાદળું થાય છે. વાદળું થઈ મેઘ થાય છે, મેઘ થઈ વરસે છે તે આ પૃથ્વીપર ચોખા અથવા યવ, ઔષધિ, વનસ્પતિઓ, તલ, અડદ, એ પ્રમાણે ઉદ્ભવે છે અને જે જે અન્ન ખાય છે, જે રેતનું સિંચન કરે છે તે ફરી જન્મે છે.

જ્યોતિ એટલે ચન્દ્રલોકને પામીને પુણ્યો ક્ષીણ થતાં ફરી સંસારમાં આવે છે. અર્થાત્ તે પુણ્યનું ફળ ભોગવી પુણ્ય ક્ષીણ થતાં આ લોકમાં પુનઃ અવતાર ધારણ કરે છે, પરંતુ તે બ્રહ્મપદને પામતો નથી. ૨૫.

અવતરણિકાઃ—"ઉપરોક્ત જે બે માર્ગ બતાવ્યા તેજ યોગીને સંસારની આવૃત્તિ અને અનાવૃત્તિમાં કારણ છે," તે પુનઃ સૂક્ષ્મ સ્વરૂપે કહે છેઃ

शुक्लकृष्णे गती ह्येते जगतः शाश्वते मते ॥
एकया यात्यनावृत्तिमन्ययाऽऽवर्तते पुनः ॥ २६ ॥

પદચ્છેદઃ—शुक्लकृष्णे, गती, हि, एते, जगतः, शाश्वते, मते, एकया, याति, अनावृत्तिम्, अन्यया, आवर्तते, पुनः.

વ્યુત્પત્તિસમાસાઃ—शुक्ला च कृष्णा च इति शुक्लकृष्णे । आ समन्तात् वर्तते इति आवर्तते ।

અન્વય અને અર્થઃ—जगतः આ જગત્ની, एते આ, शुक्लकृष्णे શુકલ અને કૃષ્ણ, गती (એ બે) ગતિઓ, हि ખરેખર, शाश्वते નિત્ય, मते માનવામાં આવેલી (છે, તેમાં) एकया એક અર્થાત્ શુકલ ગતિથી, अनावृत्तिम् જન્મ-મરણ ન પામવા પણાને, (મનુષ્ય) याति પામે છે, (અને) अन्यया બીજી કૃષ્ણ વડે, पुनः ફરી, आवर्तते સંસારમાં આવે છે.

ભાવાર્થઃ—આ જગત્ની એ પ્રમાણે ઉપરોક્ત જ્ઞાનને પ્રકાશ કરવાપણાથી મુક્તિમાર્ગની જે ગતિ તે શુકલ અને શુદ્ધ જ્ઞાનના અભાવથી કર્મમાર્ગની ગતિ તે કૃષ્ણ, એમ બે ગતિઓ ખરેખર નિત્ય માનવામાં આવેલી છે, તેમાં પહેલી શુકલ એટલે બ્રહ્મપ્રાપ્તિ માટેની જ્ઞાન-વૃત્તિનો આશ્રય કરવાથી સંસારની

પુનરાવૃત્તિ–ફરી જન્મ–નથી, અને બીજી કૃષ્ણ એટલે સંસારથી પતન પમાડવાવાળી કર્મવૃત્તિનો આશ્રય કરવાથી ફરી સંસારમાં આવૃત્તિ–જન્મ થાય છે. ૨૬.

અવતરણિકાઃ—એ પ્રમાણે બે ગતિનું વર્ણન કરી હવે તેમા જ્ઞાનના ફલની પ્રશંસા કરતા ભગવાન્ શ્રીકૃષ્ણ કર્મયોગનો ઉપસંહાર કરે છે

नैते सृती पार्थ जानन्योगी मुह्यति कश्चन ॥
तस्मात्सर्वेषु कालेषु योगयुक्तो भवार्जुन ॥ २७ ॥

પદચ્છેદઃ—ન, એતે, સૃતી, પાર્થ, જાનન્, યોગી, મુહ્યતિ, કશ્ચન, તસ્માત્, સર્વેષુ, કાલેષુ, યોગયુક્તઃ, ભવ, અર્જુન.

વ્યુત્પત્તિસમાસાઃ—સર્યતે આભ્યામ્ ઇતિ સૃતી, તે । જાનાતીતિ જાનન્ । યોગેન યુક્તઃ યોગયુક્તઃ ।

અન્વય અને અર્થઃ—પાર્થ હે પાર્થ ! એતે એ બન્ને, સૃતી ગતિઓને, જાનન્ જાણતો, (એવો) કશ્ચન કોઈપણ, યોગી યોગી, ન, મુહ્યતિ મોહ પામતો નથી, તસ્માત્ તેથી, અર્જુન હે અર્જુન ! સર્વેષુ બધા, કાલેષુ સમયમાં, યોગયુક્તઃ યોગયુક્ત–સાવધાન ચિત્તવાળો, ભવ તું થા.

ભાવાર્થઃ—હે પાર્થ! એ બન્ને ગતિઓને જાણતો કોઈ પણ યોગી મોહ પામતો નથી, તેથી હે અર્જુન! દરેક સમયમાં સાવધાન ચિત્તવાળો થઈને નિષ્કામ કર્મનો ઉપાસક તું થા અર્થાત્ એ બંને ગતિઓનાં સ્વરૂપોને સમજી ત્યારપછી યોગયુક્ત થઈને ઊર્ધ્વ માર્ગમાં જવાનો પ્રયત્ન કર. ૨૭.

અવતરણિકા:—આ પ્રમાણે કહી હવે ભગવાન્ યોગમાં શ્રદ્ધા વધારવા માટે ફરી પણ પાછી તેની જ પ્રશંસા કરે છે:

वेदेषु यज्ञेषु तपःसु चैव
दानेषु यत्पुण्यफलं प्रदिष्टम् ॥
अत्येति तत्सर्वमिदं विदित्वा
योगी परं स्थानमुपैति चाद्यम् ॥ २८ ॥

पदच्छेदः—वेदेषु, यज्ञेषु, तपःसु, च, एव, दानेषु, यत्, पुण्यफलम्, प्रदिष्टम्, अत्येति, तत्, सर्वम्, इदम्, विदित्वा, योगी, परम्, स्थानम्, उपैति, च, आद्यम्.

व्युत्पत्तिसमासाः—पुण्यस्य फलं पुण्यफलम् । प्रकर्षेण दिष्टम् इति प्रदिष्टम् । अति अतिशयेन एति इति अत्येति ।

અન્વય અને અર્થ:—વેદેષુ વેદોમાં, યજ્ઞેષુ યજ્ઞોમાં, તપઃસુ (શરીરશોષણાદિ) તપોમાં, ચ અને, દાનેષુ દાનોમાં, એવ પણ, યત્ જે, પુણ્યફલમ્ પુણ્યનું ફલ, પ્રદિષ્ટમ્ બતાવેલું (છે), તત્ તે, સર્વમ્ સઘળા (ફલ) ને, ઇદમ્ આ (સાત પ્રશ્નના નિર્ણયવાળું) તત્ત્વ, વિદિત્વા જાણીને, યોગી યોગી, અત્યેતિ ઓળંગી જાય છે, ચ અને, આદ્યમ્ (સૌથી) પ્રથમ એવા, પરમ્ શ્રેષ્ઠ, સ્થાનમ્ સ્થાનને, ઉપૈતિ પામે છે.


ભાવાર્થ:—વેદ, યજ્ઞ, તપ અને દાન ઇત્યાદિમાં જે પુણ્યફલ કહેલું છે, તે સઘળા પુણ્યના ફલને પણ જે યોગી ઉપર કહેલું

તત્ત્વ જાણે છે તે ઓળંધી જાય છે એટલે તેથી પણ વિશેષ પુણ્યશાલી બની તેના ફલની અપેક્ષા ન રાખતા અન્તમા સૌથી પ્રથમ અને સર્વથી શ્રેષ્ઠ એવા સ્થાનને પામે છે. અર્થાત્ તેવો યોગી બ્રહ્મસ્વરૂપને પામવાને સમર્થ થાય છે. ૨૮.

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे
श्रीकृष्णार्जुनसंवादे श्रीकृष्णकार्तान्तिकप्रणीत-
सान्वय-बोधिन्यां गुर्जरटीकायां महा-
पुरुषयोगो नाम अष्टमोऽध्यायः ॥



नवमोऽध्यायः ।



અવતરણિકાઃ—આઠમા અધ્યાયમાં સુષુમ્ણા નાડી દ્વારા ધારણા-સમાધિ-યોગ કહ્યો, 'તેના પાલનથી અર્ચિરાદિ માર્ગ વડે કાલાંતરે બ્રહ્મપ્રાપ્તિ-રૂપ ફલ પ્રાપ્ત થાય છે' એમ જણાવ્યું, હવે સામાન્ય રીતે અર્જુનને શંકા થાય કે "ફક્ત એ જ માર્ગથી મુક્તિ છે અને બીજા કોઇ માર્ગથી મુક્તિ નથી !" તો તે શંકાના સમાધાનમાં "કાલાન્તરમુક્તિ સિવાય સદ્યોમુક્તિ-તુરતમાં જ મળનારી મુક્તિ-પણ અહીંજ છે." એમ જણાવી તેના વિષે વિશેષ હકીકત કહેવાની ઇચ્છાથી ભગવાન્ શ્રીકૃષ્ણ કહે છેઃ

श्रीभगवानुवाच । શ્રીભગવાન્ કહે છેઃ—

इदं तु ते गुह्यतमं प्रवक्ष्याम्यनसूयवे ॥
ज्ञानं[1] विज्ञानसहितं यज्ज्ञात्वा मोक्ष्यसेऽशुभात् ॥१॥

પદચ્છેદઃ—इदम्, तु, ते, गुह्यतमम्, प्रवक्ष्यामि, अनसूयवे, ज्ञानम्, विज्ञानसहितम्, यत्, ज्ञात्वा, मोक्ष्यसे, अशुभात्.

વ્યુત્પત્તિસમાસાઃ—गूहितुं योग्यम् इति गुह्यम्, अतिशयेन गुह्यम् इति गुह्यतमम्, तत्। प्रकर्षेण वक्ष्यामि इति प्रवक्ष्यामि । असूया अस्ति अस्य इति असूयुः, न असूयुः अनसूयुः, तस्मै अनसूयवे । ज्ञायते अनेन इति ज्ञानम्, तत्। विशेषेण ज्ञायते अनेन इति विज्ञानम्, विज्ञानेन सहितम् इति विज्ञानसहितम्, तत्। न शुभम् इति अशुभम्, तस्मात् अशुभात्।

---

१ જ્ઞાન અને વિજ્ઞાનનું લક્ષણ છઠ્ઠા અધ્યાયના ૮ મા શ્લોકની ટિપ્પણીમાં છે ત્યાં જોવું.

અન્વય અને અર્થઃ—(હે અર્જુન!) અનસૂયવે ગુણોમાં દોષ જોવારૂપ અસૂયાથી રહિત એવા, તે તને, ઇદમ્ આ, ગુહ્યતમમ્ અત્યંત ગુપ્ત રાખવા યોગ્ય, વિજ્ઞાનસહિતમ્ વિજ્ઞાનસહિત-અનુભવયુક્ત, જ્ઞાનમ્ જ્ઞાન, પ્રવક્ષ્યામિ હું કહીશ, (કે) યત્ જેને, જ્ઞાત્વા જાણીને, અશુભાત્ અશુભ-સંસારથી, મોક્ષ્યસે તું મુક્ત થઈશ.

ભાવાર્થઃ—હે અર્જુન! અસૂયા વગેરે દોષથી રહિત એવા તને, અત્યંત ગુપ્ત રાખવા યોગ્ય એવું આ વિજ્ઞાનસહિત-અનુભવયુક્ત જે જ્ઞાન છે તે હું કહીશ, કે જે જ્ઞાનને જાણીને તું અશુભ-સંસારના બન્ધનથી મુક્ત થઈશ. ૧.

અવતરણિકાઃ—અર્જુનને માટે જે ઉત્તમ બ્રહ્મજ્ઞાન કહેવાની ઉપર પ્રસ્તાવના કરી છે, તેજ જ્ઞાનના માહાત્મ્યની પ્રશંસા કરતા ભગવાન કહે છે.

राजविद्या राजगुह्यं पवित्रमिदमुत्तमम् ॥
प्रत्यक्षावगमं धर्म्यं सुसुखं कर्तुमव्ययम् ॥ २ ॥

પદચ્છેદઃ—राजविद्या, राजगुह्यम्, पवित्रम्, इदम्, उत्तमम्, प्रत्यक्षावगमम्, धर्म्यम्, सुसुखम्, कर्तुम्, अव्ययम्.

વ્યુત્પત્તિસમામાઃ—विद्यानां राजा इति राजविद्या। गुह्यानां राजा इति राजगुह्यम्। प्रत्यक्षेण सुखादेरिव अवगमः यस्य तत् प्रत्यक्षावगमम्। धर्मात् अनपेतम् इति धर्म्यम्। सुष्ठु सुखं—सुखपूर्वकं यथा स्यात्तथा इति सुसुखम्। न विद्यते व्ययः यस्य तत् अव्ययम्।

અન્વય અને અર્થઃ—ઇદમ્ આ (જ્ઞાન જે હવે કહેવામાં આવશે તે), राजविद्या બધી વિદ્યાઓમાં (અતિશય તેજથી) રાજા જેવું, राजगुह्यम् ગુપ્ત રાખવા યોગ્ય-અર્થ રહસ્યોમાં પણ મુખ્ય, पवित्रम् અત્યંત પવિત્ર કરનાર, उत्तमम् બીજી શ્રેષ્ઠ,

પ્રત્યક્ષાવગમમ્ (સુખ-દુઃખોની જેમ પ્રત્યક્ષ પ્રાપ્તિ થાય છે તેમ જ) પ્રત્યક્ષ ફલની પ્રાપ્તિ કરાવનારું, ધર્મ્યમ્ ધર્મથી જરા પણ વિરુદ્ધ નહિ તેવું, કર્તુમ્ આચરણ કરવાને માટે, સુસુખમ્ ઘણી જ સુલભતાવાળું, (અને) અવ્યયમ્ કદી નાશ ન પામે તેવું (છે).

ભાવાર્થઃ—આ જ્ઞાન જે હવે કહેવામાં આવશે તે બીજી બધી વિદ્યાઓમાં પોતાના વિશેષ તાત્ત્વિક તેજને લીધે શ્રેષ્ઠ, બધાં રહસ્યોમાં પણ મુખ્ય રહસ્યરૂપ, અત્યંત પવિત્ર કરનાર, સૌથી ઉત્તમ, સુખ-દુઃખોની જેમ પ્રત્યક્ષ પ્રાપ્તિ થાય છે તેમ જ પ્રત્યક્ષ ફલ આપનાર, કોઈ પણ રીતે ધર્મથી વિરુદ્ધ નહીં તેવું એટલે કે ધર્મયુક્ત, આચરણ કરવાને ઘણી સુલભતાવાળું તેમજ કદી નાશ ન થાય તેવું છે. ૨.

અવતરણિકાઃ—"એવું ઉત્તમ અને સુખથી આચરણ કરી શકાય તેવું આત્મજ્ઞાન છે, તો પણ તેને સંપાદન ન કરનાર મનુષ્યો શી સ્થિતિને પામે છે?" એમ કહાય અર્જુન પૂછે તો તેના ઉત્તરમાં ભગવાન્ શ્રીકૃષ્ણ કહે છેઃ

अश्रद्दधानाः पुरुषा धर्मस्यास्य परंतप ॥
अप्राप्य मां निवर्तंते मृत्युसंसारवर्त्मनि ॥ ३ ॥

પદચ્છેદઃ—અશ્રદ્દધાનાઃ, પુરુષાઃ, ધર્મસ્ય, અસ્ય, પરંતપ, અપ્રાપ્ય, મામ્, નિવર્તન્તે, મૃત્યુસંસારવર્ત્મનિ.

વ્યુત્પત્તિસમાસાઃ—શ્રદ્દધતીતિ શ્રદ્દધાનાઃ, ન શ્રદ્દધાનાઃ ઇતિ અશ્રદ્દધાનાઃ। ન પ્રાપ્ય ઇતિ અપ્રાપ્ય। નિ—પરા વર્તન્તે ઇતિ નિવર્તન્તે। મૃત્યુના યુક્તઃ સંસારઃ ઇતિ મૃત્યુસંસારઃ, તસ્ય વર્ત્મ ઇતિ મૃત્યુસંસારવર્ત્મ, તસ્મિન્ મૃત્યુસંસારવર્ત્મનિ।

અન્વય અને અર્થઃ—પરંતપ હે પરંતપ! અસ્ય આ, ધર્મસ્ય ધર્મમાં (ધર્મયુક્ત જ્ઞાનમાં), અશ્રદ્દધાનાઃ અશ્રદ્ધાળુ,

પુરુષાઃ પુરુષો, મામ્ મને, અપ્રાપ્ય ન પ્રાપ્ત કરીને, મૃત્યુસંસારવર્ત્મનિ મૃત્યુયુક્ત સંસારના માર્ગમાં, નિવર્તન્તે પાછા ફરે છે.

ભાવાર્થઃ—હે પરંતપ! આ ધર્મ–આત્મજ્ઞાન–માં શ્રદ્ધા નહીં રાખનારા પુરુષો, મને ન પામીને પછી જેમાં નિરંતર મૃત્યુ થાય છે એવા આ સંસારના માર્ગમાં અવશ્ય પાછા ફરે છે. અર્થાત્ આત્મજ્ઞાનમાં તેમને અશ્રદ્ધા હોવાથી તેને તેઓ મેળવતા ન હોવાથી તેમનું જન્મમૃત્યુનુ કાલચક્ર કયારે પણ અટકતું જ નથી. ૩.

અવતરણિકાઃ—એ પ્રમાણે ત્રણ શ્લોકથી વિધિમુખે સ્તુતિદ્વારા અને નિષેધમુખે નિન્દાદ્વારા જ્ઞાનની પ્રસ્તાવના કરીને હવે તેની વ્યાખ્યા કહેવાનુ ભગવાન્ શરુ કરે છે.

मया ततमिदं सर्वं जगदव्यक्तमूर्तिना ॥
मत्स्थानि सर्वभूतानि न चाहं तेष्ववस्थितः ॥ ४ ॥

પદચ્છેદઃ—मया, ततम्, इदम्, सर्वम्, जगत्, अव्यक्तमूर्तिना, मत्स्थानि, सर्वभूतानि, न, च, अहम्, तेषु, अवस्थितः.

વ્યુત્પત્તિસમાસાઃ—न व्यक्ता अव्यक्ता, अव्यक्ता मूर्तिः यस्य सः अव्यक्तमूर्तिः, तेन अव्यक्तमूर्तिना। मयि तिष्ठन्ति तानि मत्स्थानि। सर्वाणि च तानि भूतानि च सर्वभूतानि।

---

१ बुद्धिर्मनो महद्वायुस्तेजोऽम्भः ख मही च या।
चतुर्विधं च यदन्न सर्वं कृष्णे प्रतिष्ठितम् ॥ समाप्तमिदं ॥

બુદ્ધિ, મન, મહત્તત્ત્વ, વાયુ, તેજ, જલ, આકાશ અને જે પૃથ્વી તથા ચાર પ્રકાર (ઉદ્ભિજ્જ, સ્વેદજ, અંડજ અને જરાયુજ) રૂપી જગત્ તે સઘળું કૃષ્ણવિષે જ રહેલું છે.

અન્વય અને અર્થઃ—અવ્યક્તમૂર્તિના અપ્રકટ સ્વરૂપવાળા (એવા), **मया** મારા વડે, **इदम्** આ, **सर्वम्** બધું, **जगत्** જગત્, **ततम्** વ્યાપ્ત કરાયલું (છે, અને) **सर्वभूतानि** બ્રહ્માદિ સ્તંબ પર્યંત બધાં પ્રાણિઓ, **मत्स्थानि** મારામાં જ રહેલાં (છે), **च** પણ, **अहम्** હું, **तेषु** તેઓમાં, **अवस्थितः** રહેલો, **न** નથી.

ભાવાર્થઃ—અવ્યક્ત-અપ્રકટ-અતીન્દ્રિય-અકલ્પ્ય-એવી મારી મૂર્તિ વડે એટલે મારા વડે આ બધું જગત્ વ્યાપ્ત થયેલું છે, અને બ્રહ્માથી માંડીને તૃણના ગુમખા સુધીનાં પ્રાણિમાત્ર મારામાં જ રહેલાં છે, પરંતુ મારાથી જ ઉત્પન્ન કરાયેલાં તે પ્રાણિઓમાં હું રહેલો નથી. ૪.

અવતરણિકાઃ—પરમેશ્વરની પ્રાણિઓમા સ્થિતિ ન હોવા છતા, પરમેશ્વરમા ભૂતોની સ્થિતિ હોવી એ અસંગત હોય તેમ લાગે છે અને તેથી તે અસંગતિને દૂર કરવા માટે ભગવાન્ પોતાનુ અસંમર્ગિત્વ-સંગરહિતપણુ દર્શાવતા કહે છે

न च मत्स्थानि भूतानि पश्य मे योगमैश्वरम् ॥
भूतभृन्न च भूतस्थो ममात्मा भूतभावनः ॥ ५ ॥

પદચ્છેદઃ—**न, च, मत्स्थानि, भूतानि, पश्य, मे, योगम्, ऐश्वरम्, भूतभृत्, न, च, भूतस्थः, मम, आत्मा, भूतभावनः.**

વ્યુત્પત્તિસમાસાઃ—ईश्वरस्य अयम् ऐश्वर·, तम् ऐश्वरम् । भूतानि बिर्मर्ति धारयतीति भूतभृत् । भूतेषु तिष्ठतीति भूतस्थ· । भूतानि भावयति पालयतीति भूतभावन· ।

અન્વય અને અર્થઃ—**भूतानि** બધાં પ્રાણિઓ, **मत्स्थानि** મારામાં (અસંગપણાથી) રહેલાં, **न** નથી, **च** તેમજ, **मे** મારા,

ઐશ્વરમ્ ઈશ્વર સંબંધી, યોગમ્ યોગને–મુક્તિને, પશ્ય તું જો ! મમ મારો, આત્મા આત્મા, મૃતમૃત્ ભૂતોને ધારણ કરનાર, (અને) ભૂતભાવનઃ ભૂતોને પોષનાર, (છતાં) ચ પણ, (નિરહંકાર હોવાથી) ભૂતસ્થઃ ભૂતોમાં રહેલો, ન નથી.

ભાવાર્થઃ—બધાં પ્રાણિઓ મારામાં મારી અનાસક્તિને લઈને રહેલાં નથી, અને તેથી મારી દિવ્ય ઈશ્વરસંબંધી શક્તિરૂપ અલોકિક યોગને તું જો ! મારો આત્મા ભૂતોને ધારણ કરનાર તેમજ ભૂતોને પોષનાર હોવા છતાં પણ નિરહંકાર હોવાથી ભૂતોમાં રહેલો નથી. અર્થાત્ પ્રાણિમાત્ર મારી શક્તિ વડે મારામા આસક્તિથી રહેલાં છે જ્યારે તે સર્વમાં હું વ્યાપક હોવા છતાં પણ નિઃસંગ હોવાથી રહેલો નથી એમ તું સમજ. ૫.

અવતરણિકાઃ—પરમાત્મા અને ભૂતમાત્ર પરસ્પર અત્યત સયોગ રહિત હોવા છતા પણ, તેમનો પરસ્પર આધાર–આશ્રય અને આધેય–આશ્રય લેનાર, ભાવ છે એમ દૃષ્ટાન્તથી ભગવાન્ નિરૂપિત કરે છે

यथाकाशस्थितो नित्यं वायुः सर्वत्रगो महान् ॥
तथा सर्वाणि भूतानि मत्स्थानीत्युपधारय ॥ ६ ॥

પદચ્છેદઃ—યથા, આકાશસ્થિતઃ, નિત્યમ્, વાયુઃ, સર્વત્રગઃ, મહાન્, તથા, સર્વાણિ, ભૂતાનિ, મત્સ્થાનિ, ઇતિ, ઉપધારય.

---

૧ મેઘોદય સાગરસન્નિવૃત્તિરિન્દોર્વિભાગસ્ફુરિતાનિ વાયો ।
વિદ્યુદ્વિભઙ્ગો ગતિરુષ્ણરશ્મેર્વિષ્ણોર્વિચિત્રા ભ્રમવન્તિ માયા" ॥

વાદળાઓનો ઉદ્ભવ, સમુદ્રમા ચદ્રનુ અસ્ત થવુ, વિભાગાત્મક વાયુનુ સ્ફુરણ, વિદ્યુતનો વિભગ અને સૂર્યની ગતિ એ સઘળાં પરમાત્માની વિચિત્ર–આશ્ચર્યજનક માયારૂપે જ ઉદ્ભવે છે

વ્યુત્પત્તિસમાસાઃ—આકાશે સ્થિત ઇતિ આકાશસ્થિત । સર્વત્ર ગચ્છતીતિ સર્વત્રગ । મહ્યતે ઇતિ મહાન્ । મયિ તિષ્ઠન્તિ તાનિ મત્સ્થાનિ ।

અન્વય અને અર્થઃ—યથા જેવી રીતે, નિત્યમ્ નિરંતર, સર્વત્રગ સર્વ ઠેકાણે ફરનાર, મહાન્ મહાન્, વાયુ. પવન, આકાશસ્થિતઃ આકાશમાં રહેલો (છે), તથા તેવી રીતે, સર્વાણિ સર્વ, ભૂતાનિ ભૂતો, મત્સ્થાનિ મારામા રહેલાં (છે), ઇતિ એમ, ઉપધારય તું જાણ.

ભાવાર્થઃ—જેવી રીતે નિરંતર સમસ્ત સ્થાનમાં રહેવા વાળો મહાન્ વાયુ ત્રણે કાલમા આકાશમાં જ રહે છે, તેવી જ રીતે બધાં પ્રાણિઓ પણ ત્રણે કાલમા મારામાં જ રહેલાં છે એમ તું જાણ. ૬.

અવતરણિકાઃ—"આકાશમા જેમ વાયુ રહેલો છે તેમ બધા પ્રાણિ ઓપણ સ્થિતિકાલમા મારામા જ રહેવા છે અને તેજ પ્રમાણે સૃષ્ટિના પ્રલય તેમજ ઉત્પત્તિ વખતે પણ તેઓ મારામા જ રહે છે," એમ ભગવાન્ કહે છે

सर्वभूतानि कौंतेय प्रकृतिं यांति मामिकाम् ॥
कल्पक्षये पुनस्तानि कल्पादौ विसृजाम्यहम् ॥७॥

પદચ્છેદઃ—સર્વભૂતાનિ, કૌન્તેય, પ્રકૃતિમ્, યાન્તિ, મામિકામ્, કલ્પક્ષયે, પુનઃ, તાનિ, કલ્પાદૌ, વિસૃજામિ, અહમ્.

વ્યુત્પત્તિસમાસાઃ—મમ ઇય મામિકા, તા મામિકામ્ । કલ્પસ્ય ક્ષય કલ્પક્ષય, તસ્મિન્ કલ્પક્ષયે । કલ્પસ્ય આદિઃ કલ્પાદિ, તસ્મિન્ કલ્પાદૌ । વિશેષેણ સૃજામિ ઇતિ વિસૃજામિ ।

અન્વય અને અર્થ —कान्तेय હે કૌન્તેય! कल्पक्षये પ્રલય કાલમા, सर्वभूतानि સર્વપ્રાણિઓ, मामिकाम् મારી (જ), प्रकृतिम् ત્રિગુણાત્મિકા માયાને, यान्ति પામે છે, (અને) कल्पादौ સૃષ્ટિના આદિમાં–ઉત્પત્તિસમયે, પુન ફરી, अहम् હું (જ), तानि તેમને, विसृजामि ઉત્પન્ન કરું છું

ભાવાર્થઃ—હે કૌન્તેય! પ્રલય વખતે બધા પ્રાણિઓ મારી જ ત્રિગુણાત્મિકા પ્રકૃતિમાં લય પામી જાય છે, અને સૃષ્ટિની શરુઆતના સમયમા ફરી પણ હું જ તે બધાને ઉત્પન્ન કરું છું. ૭

અવતરણિકા —"આપ તો અમગ અને નિર્વિકાર છો છતા કેવી રીતે સૃષ્ટિની ઉત્પત્તિ વિગેરે કરો છો?" એમ અર્જુનનો પ્રશ્ન થાય તો તેના પ્રત્યુત્તરમા ભગવાન્ શ્રીકૃષ્ણ કહે છે

प्रकृतिं स्वामवष्टभ्य विसृजामि पुनःपुनः ॥
भूतग्राममिमं कृत्स्नमवशं प्रकृतेर्वशात् ॥ ८ ॥

પદચ્છેદઃ—प्रकृतिम्, स्वाम्, अवष्टभ्य, विसृजामि, पुनः पुनः, भूतग्रामम्, इमम्, कृत्स्नम्, अवशम्, प्रकृतेः, वशात्

વ્યુત્પત્તિસમાસાઃ—भूताना ग्राम समुदाय इति भूतग्रामः, त भूतग्रामम् । न वश इति अवश, त अवशम् ।

---

१ गगनपवनतेजोवार्तमद्भ्यो विवर्त्ता भगवत इति सिद्ध सर्वशास्त्रजाल ॥
नहि तृणमपि विष्णोर्भिन्नसत्तां लभत विधिशतमपि तद्वन्नैव विष्णोर्विभिन्नम् ॥

सदानन्दा-मायप्रकाशात्मका ॥

આકાશ, વાયુ તેજ, જલ અને પૃથ્વી એ ભગવાનનુ જ વિવર્તન–વિકૃતિઓ–છે એમ સઘળા વેદાતશાસ્ત્રોથી સિદ્ધ થયેલ છે એક તૃણમાત્ર પણ વિષ્ણુથી જુદી સત્તા પ્રાપ્ત કરી શકતુ નથી તેમજ સેંકડો બ્રહ્માઓ પણ વિષ્ણુથી જુદા નથી.

અન્વય અને અર્થઃ—સ્વામ્ પોતાની, પ્રકૃતિમ્ પ્રકૃતિને, અવષ્ટભ્ય નિયમમાં રાખીને, પ્રકૃતેઃ પ્રકૃતિની, વશાત્ આધીનતાથી, અવશમ્ અસ્વાધીન–પરતંત્ર (એવા), ઇમમ્ આ, ભૂતગ્રામમ્ ભૂતોના સમુદાયને, પુનઃ પુનઃ વારવાર, વિસૃજામિ હું પેદા કરું છું.

ભાવાર્થઃ—હું મારી પોતાની પ્રકૃતિને વશમાં રાખીને, પ્રકૃતિને આધીન રહેવાથી પરતંત્ર રહેલા એવા આ ભૂતોના સમુદાયને વારંવાર ઉત્પન્ન કરું છું. અર્થાત્ હું સ્વતંત્ર હોવાથી અને ભૂતમાત્ર પરતંત્ર હોવાથી હું તેઓને ઉત્પન્ન કરું છું. ૮.

અવતરણિકાઃ—"આપ એ પ્રમાણે વિવિધ પ્રકારનાં કર્મો કરો છો તો જીવાત્માની માફક તે સર્વ કર્મો આપને કેમ બન્ધનકારક થતાં નથી?" એવા અર્જુનના પ્રશ્નના પ્રત્યુત્તરમાં ભગવાન્ શ્રીકૃષ્ણ કહે છે·

ન ચ માં તાનિ કર્માણિ નિબધ્નંતિ ધનંજય ॥
ઉદાસીનવદાસીનમસક્તં તેષુ કર્મસુ ॥ ૯ ॥

પદચ્છેદઃ—ન, ચ, મામ્, તાનિ, કર્માણિ, નિબધ્નન્તિ, ધનંજય, ઉદાસીનવત્, આસીનમ્, અસક્તમ્, તેષુ, કર્મસુ.

વ્યુત્પત્તિસમાસાઃ—નિશ્ચયેન બધ્નન્તિ ઇતિ નિબધ્નન્તિ। ઉદાસીનેન તુલ્યમ્ ઇતિ ઉદાસીનવત્। આસ્તે ઇતિ આસીનઃ, તમ્ આસીનમ્। ન સક્તઃ ઇતિ અસક્તઃ, તમ્ અસક્તમ્।

---

૧ દ્રવ્યં કર્મ ચ કાલશ્ચ સ્વભાવો જીવ એવ ચ ।
યદનુગ્રહતઃ સન્તિ ન સન્તિ યદુપેક્ષયા ॥ ભાગવતે ॥

દ્રવ્ય, કર્મ, કાલ, સ્વભાવ અને જીવ એ બધાં જે પરમાત્માના અનુગ્રહથી જ છે અને જેની ઉપેક્ષાથી–ઇચ્છા વિના તે કંઈ પણ નથી.

અન્વય અને અર્થઃ—ધનંજય હે ધનંજય! ચ પરંતુ, તાનિ તે, કર્માણિ કર્મો, ઉદાસીનવત્ કોઇ તટસ્થ-ઉપેક્ષક-ની સમાન, આસીનમ્ રહેલા, (અને) તેષુ તે, કર્મસુ કર્મોમાં, અસક્તમ્ ફલની આસક્તિરહિત-અભિમાનરહિત એવા, મામ્ મને, ન, નિબધ્નન્તિ બંધન કરતાં નથી.

ભાવાર્થઃ—હે ધનંજય! પરંતુ તે કર્મો ઉદાસીન પુરુષની માફક તટસ્થ અને ફલની આસક્તિ તેમજ કર્તાપણાના અભિમાનથી રહિત હું હોવાથી મને જરા પણ બન્ધનકારક થતાં નથી. અર્થાત્ તે કર્મોથી હું બંધાતો નથી. ૯.

અવતરણિકાઃ—"**भूतग्राममिमं-विसृजामि**" તથા "**उदासीन-वदासीनं**" એ પરસ્પર વિરુદ્ધ વાક્યો હોવાથી અસંગત હોય તેમ જણાય છે, તેથી તેની અસંગતિ ટાળવા માટે જગત્ પ્રતિ પોતાનું વર્તન કેવું છે તે ભગવાન્ શ્રીકૃષ્ણ જણાવે છેઃ

मयाध्यक्षेण प्रकृतिः सूयते सचराचरम् ॥
हेतुनाऽनेन कौंतेय जगद्विपरिवर्तते ॥ १० ॥

પદચ્છેદઃ—मया, अध्यक्षेण, प्रकृतिः, सूयते, सचराचरम्, हेतुना, अनेन, कौन्तेय, जगत्, विपरिवर्तते.

વ્યુત્પત્તિસમાસાઃ—चरतीति चरम्, न चरतीति अचरम्, चरं च अचरं च इति चराचरे, चराचराभ्यां सह वर्तमानं सचराचरम्, तत्। विशेषेण परिवर्तते इति विपरिवर्तते।

---

१ अस्य द्वैतेन्द्रजालस्य यदुपादानकारणम्।
अज्ञानं तदुपाश्रित्य ब्रह्म कारणमुच्यते ॥

આ જે દ્વૈતરૂપી ઇંદ્રજાળનું ઉપાદાન કારણ અજ્ઞાન છે તેનો આશ્રય કરીને બ્રહ્મ કારણ કહેવાય છે-મનાય છે.

અન્વય અને અર્થઃ—અધ્યક્ષેણ નિયંતા તરીકે રહેલા એવા, મયા મારા વડે, પ્રકૃતિઃ (મારી) પ્રકૃતિ, સચરાચરમ્ ચૈતન્ય અને જડસહિત જગતને, સૂયતે પેદા કરે છે, કૌન્તેય હે કૌતેય! અનેન આ, હેતુના કારણથી (જ), જગત જગત, વિપરિવર્તતે (બધી અવસ્થામાં) પરિણામ પામે છે.

ભાવાર્થઃ—હું નિયંતા–સર્વસત્તાધારક–હોવાથી માત્ર આશ્રય કરીને જ મારી પ્રકૃતિ જડચૈતન્યાત્મક આ સમગ્ર જગતને ઉત્પન્ન કરે છે, અને તેથી હે કૌન્તેય! મનેજ નિમિત્તભૂત કરીને આ જગત્ સૃષ્ટિ, સ્થિતિ અને લય ઇત્યાદિ અવસ્થાઓમાં પરિણામ પામે છે. ૧૦.

અવતરણિકાઃ—" આપજ બધાના અધ્યક્ષ, સર્વ પ્રાણિઓના નિવાસરૂપ, અને સગરહિત હોવાથી સર્વદા મુક્ત છો તો પછી બધા આપને જ પોતાના આત્મા તરીકે અથવા પરમાત્મા તરીકે કેમ ભજતા નથી?" એ અર્જુનના પ્રશ્નના પ્રત્યુત્તરમા ભગવાન્ શ્રીકૃષ્ણ કહે છે

अवजानंति मां मूढा मानुषीं तनुमाश्रितम् ॥
परं भावमजानंतो मम भूतमहेश्वरम् ॥ ११ ॥

પદચ્છેદઃ—अवजानन्ति, माम्, मूढाः, मानुषीम्, तनुम्, आश्रितम्, परम्, भावम्, अजानन्तः, मम, भूतमहेश्वरम्.

---

१ एको देव सर्वभूतेषु गूढः सर्वव्यापी सर्वभूतान्तरात्मा ।
कर्माध्यक्षः सर्वभूताधिवासः साक्षी चेता केवलो निर्गुणश्च ॥ श्रुतिः ॥

એકજ દેવ સ્વરૂપે સર્વભૂત–પ્રાણિમાત્રમા ગુપ્ત રહેલા, સર્વમા વ્યાપ્ત સર્વ ભૂતોના અંતરાત્મા, કર્મોના અધિષ્ઠાતા, સર્વભૂતોના નિવાસરૂપ, સર્વના સાક્ષી-નિર્વિકાર, એકલા અને નિર્ગુણ છે

વ્યુત્પત્તિસમાસાઃ—મનુષ્યસ્ય ઇય માનુષી, તા માનુષીમ્। ન જાનન્તીતિ તે અજાનન્ત । મહાન્ ચ અસૌ ઈશ્વરશ્ચ મહેશ્વર, ભૂતાના મહેશ્વર ઇતિ ભૂતમહેશ્વર, ત ભૂતમહેશ્વરમ્ ।

અન્વય અને અર્થઃ—મૂઢાઃ અવિવેકી–અજ્ઞાનીઓ, મૃતમહેશ્વરમ્ બધા પ્રાણિઓના ઈશ્વરરૂપ એવા, મમ મારા, પરમ્ સૌથી શ્રેષ્ઠ, ભાવમ્ પરમાત્મતત્ત્વને, અજાનન્ત નહિ જાણતા થકા, મામ્ મને, માનુષીમ્ મનુષ્યસબધી, તનુમ્ શરીરને, આશ્રિતમ્ ધારણ કરેલો એવો જાણી, (મારી) અવજાનન્તિ અવજ્ઞા કરે છે

ભાવાર્થઃ—અવિવેકી–અજ્ઞાનીઓ સર્વ પ્રાણિઓના ઈશ્વરરૂપ એવા મારા ઉત્કૃષ્ટ પરમાત્મતત્ત્વને ન જાણીને, હું મનુષ્યદેહ ધારણ કરેલો છુ એમ મને સમજી તેઓ મારી અવજ્ઞા કરે છે અર્થાત્ તેઓ મને મનુષ્ય માની અજ્ઞાનતાથી મારુ રહસ્ય ન સમજી મને ભજતા નથી. ૧૧.

અવતરણિકા—'આ પ્રમાણે મારી અવજ્ઞા તથા નિન્દા વગેરેના પાપથી હતબુદ્ધિવાળા તે અવિવેકીઓ નિન્તર અધમ યોનિમાજ રહેવા યોગ્ય છે,' એમ ભગવાન્ કહે છે

मोघाशा मोघकर्माणो मोघज्ञाना विचेतसः ॥
राक्षसीमासुरीं चैव प्रकृतिं मोहिनीं श्रिताः ॥ १२ ॥

---

१ क्वचिद्भ्रामोहमूर्तिं परपुरुषस्य राक्षसी प्रादुरासीत् ।
सा गर्भिण्यमकोप विषममजनय पञ्चभूताभिधानम् ॥
यायक याचमार्गेरतजन्मपर धावतीनस्तनोऽयत् ।
बाह्यान् शूयमय्यहति तन्पर किं पुनस्तत्समाज ॥

કોઈક મહામોહની સાક્ષાત્ મૂર્તિ પરપુરુષ–યાર (ઈશ્વર) ના પ્યારમા પડેલી

પદચ્છેદઃ—મોઘાશાઃ, મોઘકર્માણઃ, મોઘજ્ઞાનાઃ, વિચેતસઃ, રાક્ષસીમ્, આસુરીમ્, ચ, એવ, પ્રકૃતિમ્, મોહિનીમ્, શ્રિતાઃ.

વ્યુત્પત્તિસમાસાઃ—મોઘા નિષ્ફલૈવ આશા ફલપ્રાર્થના યેષા તે મોઘાશાઃ। મોઘાનિ વ્યર્થાનિ કર્માણિ યેષા તે મોઘકર્માણ । મોઘ ઈશ્વરાપ્રતિપાદકં જ્ઞાનં યેષા તે મોઘજ્ઞાના । વિગતાનિ ચેતાંસિ યેષા તે વિચેતસઃ। રાક્ષસસ્ય ઇયં રાક્ષસી, તામ્ રાક્ષસીમ્ ! અસુરસ્ય ઇયમ્ આસુરી, તામ્ આસુરીમ્। મોહયતીતિ મોહિની, તા મોહિનીમ્ ।

અન્વય અને અર્થઃ—(મારી અવજ્ઞાથી તેઓ) મોઘાશાઃ ફળની વ્યર્થ પ્રાર્થનાવાળા, મોઘકર્માણ નિષ્ફળ ક્રિયાવાળા, મોઘજ્ઞાનાઃ ઈશ્વરને પ્રતિપાદન ન કરનાર-નિષ્ફળ જ્ઞાનવાળા, (તથા) વિચેતસઃ વિવેકરહિત ચિત્તવાળા, ચ અને, (તેથી જ) રાક્ષસીમ્ રાક્ષસી, આસુરીમ્ આસુરી, (અને) મોહિનીમ્ બુદ્ધિને મોહિત કરનારી, પ્રકૃતિં પ્રકૃતિનો, એવ જ, શ્રિતા. આશ્રય કરીને રહેલા (હોય છે)

ભાવાર્થઃ—મારી અવજ્ઞાથી તે મૂઢ આસુરિઓ-અજ્ઞાનીઓ નિષ્ફલ આશાવાળા, નિષ્ફલ કર્મવાળા, નિષ્ફલ કુતર્ક-જનિત જ્ઞાનવાળા તથા વિવેકરહિત થયેલા હોય છે અને તેથી જ રાક્ષસ સબંધી તથા અસુર સંબંધી, બુદ્ધિને મોહિત-ભ્રષ્ટ

રાક્ષસી (માયા) ઉત્પન્ન થઈ તે ઓગણી યતા તેણે પંચભૂત નામનુ બાવડોનુ ટોળુ ઉત્પન્ન કર્યું તેમાનુ એક (જલ) નીચ માર્ગો વહે જ ગમન કરે છે, બીજુ (પૃથ્વી) અનિજડ, ત્રીજુ (વાયુ) આડે તહિ દોડે છે, ચોથુ (આકાશ) અદર તથા બહાર પણ શૂન્ય અને પાચમુ (અગ્નિ) બાલે છે એમ બધાં અયુક્ત કાર વાળા છે તે ને એકમાં સમાનરૂપ બને તો શુ ન કરે !

કરનારી પ્રકૃતિનો આશ્રય કરીને જ રહેલા હોય છે અર્થાત્ બુદ્ધિની ભ્રષ્ટતાને અંગે તેમને વારંવાર રાક્ષસી તથા આસુરી યોનિમાં જ જન્મ લેવો પડે છે. અને તેથી અધોગતિ તરફ જ તેઓ પ્રયાણ કરતા હોય છે પણ ઊર્ધ્વગતિને પામતા નથી ૧૨

અવતરણિકા — 'ત્યારે આપને અવશ્ય રીતે કોણ ભજે છે? અને તે કેવી પ્રકૃતિનો આશ્રય કરીને રહેલા હોય છે?" ઇત્યાદિ અર્જુનની જિજ્ઞાસા પૂર્ણ કરવા માટે ભગવાન્ શ્રીકૃષ્ણ કહે છે

महात्मानस्तु मा पार्थ दैवीं प्रकृतिमाश्रिताः ॥
भजंत्यनन्यमनसो ज्ञात्वा भूतादिमव्ययम् ॥ १३ ॥

પદચ્છેદઃ—મહાત્માનઃ, તુ, મામ્, પાર્થ, દૈવીમ્, પ્રકૃતિમ્, આશ્રિતાઃ, ભજન્તિ, અનન્યમનસ, જ્ઞાત્વા, ભૂતાદિમ્, અવ્યયમ્.

વ્યુત્પત્તિસમાસાઃ—મહાન્ત. આત્માન યેષા તે મહાત્માન । દેવસ્ય ઇય દૈવી, તા દૈવીમ્ । અન્યસ્મિન્ પરમેશ્વરાદ્વ્યતિરિક્તે મન યેષા તે અન્યમનસ, ન અન્યમનસ ઇતિ અનન્યમનસ । ભૂતાનામ્ આકાશાદીના આદિ કારણમ્ ઇતિ ભૂતાદિ, ત ભૂતાદિમ્ । ન વિદ્યતે વ્યય યસ્ય સ અવ્યય, તમ્ અવ્યયમ્ ।

અન્વય અને અર્થઃ—તુ પરંતુ, પાર્થ હે પાર્થ! દૈવીમ્ શમ, દમ, દયા અને શ્રદ્ધાદિ લક્ષણયુકત સાત્ત્વિક, પ્રકૃતિમ્ પ્રકૃતિનો, આશ્રિતા આશ્રય કરી રહેલા, મહાત્માન મહાત્માઓ, (તો) મામ્ મને, ભૂતાદિમ્ આકાશાદિ સર્વ ભૂતોના કારણરૂપ, (તથા) અવ્યયમ્ અવિનાશી એવો, જ્ઞાત્વા જાણીને, અનન્યમનસ મારા સિવાય બીજે કયાય પણ મન નહિ રાખતા થકા, ભજન્તિ ભજે છે.

ભાવાર્થઃ—પણ હે પાર્થ ! શમ, દમ, દયા, શ્રદ્ધા ઇત્યાદિ લક્ષણવાળી સાત્ત્વિક પ્રકૃતિમાં જ રહેલા તથા અનેક જન્મમાં કરેલાં પુણ્યોથી પુનિત અને ઉદાર આત્માવાળા મહાપુરુષો તો વાસ્તવિક રીતે મને આકાશાદિ પંચમહાભૂતના કારણરૂપ તથા અવિનાશી એવો જાણીને અનન્ય ચિત્તવાળા થઈને ભજે-છે. અર્થાત્ સત્ત્વગુણી મહાત્માઓ તો મને જ પોતાનું પરમ ધ્યેય સમજી અનન્યતાથી ભજે છે અને તેથી જ તેઓ મારી ગતિને પામે છે. ૧૩.

અવતરણિકાઃ—ઉપરના શ્લોકમાં "મહાત્માઓ પોતાને ભજે છે" એમ ભગવાને કહ્યું તેની પૂર્તિમાં 'તેમના ભજનનો પ્રકાર કેવા પ્રકારનો છે' તે હવે ભગવાન્ જણાવે છે:

सततं कीर्तयंतो मां यतंतश्च दृढव्रताः ॥
नमस्यंतश्च मां भक्त्या नित्ययुक्ता उपासते ॥१४॥

પદચ્છેદઃ—सततम्, कीर्तयन्तः, माम्, यतन्तः, च, दृढ-व्रताः, नमस्यन्तः, च, माम्, भक्त्या, नित्ययुक्ताः, उपासते.

---

१ पद्भ्यां दोर्भ्यां च जानुभ्यामुरसा शिरसा दृशा ।
मनसा वचसा चेति प्रणामोऽष्टाङ्ग उच्यते ॥

પગો વડે, ભુજાઓ વડે, ગોઠણો વડે, ઉર (હૃદય) વડે, મસ્તક વડે, દૃષ્ટિ વડે, મન વડે અને વચન—વાણી વડે એમ પ્રણામ આઠ અંગવાળો કહેવાય છે.

२ यस्य देवे परा भक्तिर्यथा देवे तथा गुरौ ।
तस्यैते कथिता ह्यर्थाः प्रकाशन्ते महात्मनः ॥ श्रुतिः ॥

જેને દેવતામાં પરમ-ઉત્તમ-શ્રદ્ધાયુક્ત ભક્તિ છે, અને જેમ દેવતામાં તેમ જ ગુરુમાં પણ ભક્તિ છે તે મહાત્માને એ કહેલા તમામ અર્થો વિકાસને પામે છે—પ્રાપ્ત થાય છે.

વ્યુત્પત્તિસમાસાઃ—कीर्तयन्तीति ते कीर्तयन्तः । यतन्ति इति यतन्तः । दृढानि व्रतानि नियमाः येषां ते दृढव्रताः । नमस्यन्ति ते नमस्यन्तः । नित्यं युक्ताः इति नित्ययुक्ताः ।

અન્વય અને અર્થઃ—(તેઓ) सततम् સર્વદા, माम् મને (જ), कीर्तयन्तः વેદાન્તનું શ્રવણ, પ્રણવ-જપ ઇત્યાદિથી ભજતા, च અને, दृढव्रताः બ્રહ્મચર્યાદિ દૃઢવ્રત ધારણ કરતા, यतन्तः ઈન્દ્રિયસંયમ તથા ઈશ્વરપૂજનમાં યત્ન કરતા, च અને, भक्त्या ભક્તિપૂર્વક, नमस्यन्तः નમન કરતા, नित्ययुक्ताः અનવરત-રાતદિવસ-સાવધાન ચિત્તવાળા થયા થકા, माम् મને (જ), उपासते ઉપાસે છે-ભજે છે.

ભાવાર્થઃ—તેઓ નિરંતર મારું જ કીર્તન કરતા, બ્રહ્મચર્યાદિ દૃઢ વ્રતોને ધારણ કરીને ઈન્દ્રિયનિગ્રહ તથા મારા પૂજનમાં જ પ્રયત્ન કરતા તેમ જ મને ભક્તિપૂર્વક નમન કરતા, અહોરાત્ર સાવધાન ચિત્તવાળા થઈને મને ભજે છે. અર્થાત તેઓ વ્રતાદિ સર્વ મારે નિમિત્તે કરી મારી જ અપૂર્વ ભાવનાથી સેવા કરે છે એમ તું જાણ. ૧૪.

ज्ञानयज्ञेन चाप्यन्ये यजंतो मामुपासते ॥
एकत्वेन पृथक्त्वेन बहुधा विश्वतोमुखम् ॥ १५ ॥

પદચ્છેદઃ—ज्ञानयज्ञेन, च, अपि, अन्ये, यजन्तः, माम्, उपासते, एकत्वेन, पृथक्त्वेन, बहुधा, विश्वतोमुखम्.

વ્યુત્પત્તિસમાસાઃ—ज्ञानम् (भगवद्विषयकम्) एव यज्ञः इति ज्ञानयज्ञः, तेन ज्ञानयज्ञेन । यजन्ति इति यजन्तः । एकस्य भावः इति

एकत्वम्, तेन एकत्वेन । पृथगः भावः इति पृथक्त्वम्, तेन पृथक्त्वेन । बहु प्रकारेण इति बहुधा । विश्वतः सर्वतः मुखं स्वरूपं यस्य सः विश्वतोमुखः, तं विश्वतोमुखम् ।

અન્વય અને અર્થઃ—च વળી, अन्ये બીજાઓ, अपि પણ, ज्ञानयज्ञेन જ્ઞાનરૂપી યજ્ઞ વડે, माम् મને, यजन्तः પૂજતા થકા, उपासते ઉપાસે છે, (કેટલાક) एकत्वेन એક જ પરબ્રહ્મ છે એ ભાવથી–ભેદરહિત બુદ્ધિ વડે, (કેટલાક) पृथक्त्वेन ઉપાસ્ય–દેવતા અને ઉપાસક–ભક્ત એ બંનેમાં ભેદબુદ્ધિ વડે, (तथा કેટલાક) विश्वतोमुखम् આખા વિશ્વમાં પોતાની જ મૂર્તિથી વ્યાપીને રહેલા એવા મને, बहुधा વિવિધ પ્રકારે–ઉપાસ્ય દેવતાઓના ઘણા ભેદથી (ભજે છે).

ભાવાર્થઃ—વળી બીજાઓ પણ જ્ઞાનરૂપી યજ્ઞવડે મારું પૂજન કરતા મારી ઉપાસના કરે છે, અને કેટલાક (હુંરૂપ) એકજ પરમ બ્રહ્મ છે એમ અદ્વૈત ભાવથી, કેટલાક ઉપાસ્ય ઉપાસકના દ્વૈત ભાવથી, અને કેટલાક ઉપાસ્ય દેવતાઓની વિવિધતાથી મને સર્વવ્યાપી વિશ્વરૂપ સમજી અનેક સ્વરૂપે મારું ભજન કરે છે. ૧૫.

અવતરણિકાઃ—"અથવા બહુ પ્રકારે જો આપને ભક્તો ભજે છે તો પછી તેઓ આપને જ ભજે છે એમ કેમ માની શકાય!" એવી અર્જુનની શંકાના સમાધાનમાં ભગવાન્ પોતાની સર્વોત્તમતા બતાવતાં કહે છેઃ

अहं क्रतुरहं यज्ञः स्वधाऽहमहमौषधम् ॥
मंत्रोऽहमहमेवाज्यमहमग्निरहं हुतम् ॥ १६ ॥

---

१ मायां तु प्रकृतिं विद्यान्मायिनं तु महेश्वरम् ।
२ तस्यावयवभूतैस्तु व्याप्तं सर्वमिदं जगत् ॥ श्रुतिः ॥

પ્રકૃતિ તે માયા છે, અને મહેશ્વર–પુરુષ–બ્રહ્મ તે માયી છે અને તેના અવયવરૂપે જ આખું જગત્ વ્યાપ્ત છે એમ જાણવું.

પદચ્છેદઃ—अहम्, क्रतुः, अहम्, यज्ञः, स्वधा, अहम्, अहम्, औषधम्, मन्त्रः, अहम्, अहम्, एव, आज्यम्, अहम्, अग्निः, अहम्, हुतम्.

વ્યુત્પત્તિસમાસાઃ—ओषधेः इदम् इति औषधम्। आज्यते इति आज्यम्।

અન્વય અને અર્થઃ—क्रतुः શ્રૌત અગ્નિષ્ટોમાદિ યજ્ઞરૂપ, अहम् હું (છું), यज्ञः સ્માર્ત–વૈશ્વદેવાદિ યજ્ઞ, (પણ) अहम् હું (છું), स्वधा પિતૃઓને આપવામાં આવતું સ્વધા–અન્ન, अहम् હું (છું), औषधम् સર્વ પ્રાણિઓને જીવન (શક્તિ) આપનાર–રોગોને હરનાર ઔષધ अहम् હું (છું), मन्त्रः જે વૈદિક ઋચા વડે આહુતિ અપાય છે તે મન્ત્રરૂપ, अहम् હું, एव જ (છું), आज्यम् હવિર્દ્રવ્ય-ઘૃત, પાયસ ઇત્યાદિ, अहम् હું (છું), अग्निः આહવનીયાદિ અગ્નિ, अहम् હું (છું, તેમજ) हुतम् હોમ, (पण) अहम् હું (જ છું).

ભાવાર્થઃ—અગ્નિષ્ટોમાદિ શ્રૌત યજ્ઞ, વૈશ્વદેવાદિ સ્માર્ત યજ્ઞ, પિતૃઓને ઉદ્દેશીને આપવામાં આવતું–અન્ન–સ્વધા, પ્રાણિ-માત્રને જીવાડનાર અથવા વ્યાધિનાશને માટે આપવામાં આવતું ઔષધ, જે વૈદિક ઋચાથી આહુતિ અપાય છે તે મન્ત્ર, ઘૃત, પાયસ ઇત્યાદિ હવિષ્ય પદાર્થ, આહવનીયાદિ અગ્નિ તથા હોમવામાં આવતું જે તે સઘળું હું જ છું. અર્થાત્ મારા સિવાય બીજું કંઈ પણ નથી, અને તેથી સર્વ જગ્યાએ હું જ વ્યાપક છું એમ તું માન. ૧૬.

पिताऽहमस्य जगतो माता धाता पितामहः ॥
वेद्यं पवित्रमोंकार ऋक् साम यजुरेव च ॥ १७ ॥

પદચ્છેદઃ—પિતા, અહમ્, અસ્ય, જગતઃ, માતા, ધાતા, પિતામહઃ, વેદ્યમ્, પવિત્રમ્, ઓંકારઃ, ઋક્, સામ, યજુઃ, એવ, ચ.

વ્યુત્પત્તિસમાસાઃ—પાતિ રક્ષતિ ઇતિ પિતા । ધારયતીતિ ધાતા । પિતુઃ પિતા ઇતિ પિતામહઃ । વેદિતું યોગ્યમ્ વેદ્યમ્ । પૂયતે અનેન ઇતિ પવિત્રમ્ ।

અન્વય અને અર્થઃ—અસ્ય આ, જગતઃ જગતનો, પિતા પિતા, માતા માતા, ધાતા કર્મફલને આપનાર વિધાતા, પિતામહઃ પિતાનો પણ પિતા, અહમ્ હું (છું, તેમ) વેદ્યમ્ જાણવા યોગ્ય, પવિત્રમ્ પાવન કરનાર, ઓંકારઃ પ્રણવ, ઋક્ ઋગ્વેદ, સામ સામવેદ, ચ અને, યજુઃ યજુર્વેદ, એવ પણ, (અહમ્ હું, જ છું).

ભાવાર્થઃ—આ જગતનો પિતા, માતા, વિધાતા અને પિતામહ હું છું, તેમ જાણવા યોગ્ય વસ્તુ, પાવન કરનાર વસ્તુ, ઓંકાર-પ્રણવ, ઋગ્વેદ, સામવેદ અને યજુર્વેદ પણ હું જ છું. અર્થાત્ સર્વસ્વરૂપે હું જ રહેલો છું એમાં સંશય નથી. ૧૭.

गतिर्भर्ता प्रभुः साक्षी निवासः शरणं सुहृत् ॥
प्रभवः प्रलयः स्थानं निधानं बीजमव्ययम् ॥१८॥

પદચ્છેદઃ—ગતિઃ, ભર્તા, પ્રભુઃ, સાક્ષી, નિવાસઃ, શરણમ્, સુહૃત્, પ્રભવઃ, પ્રલયઃ, સ્થાનમ્, નિધાનમ્, બીજમ્, અવ્યયમ્.

વ્યુત્પત્તિસમાસાઃ—ગમ્યતે ઇતિ ગતિઃ । કર્મફલમ્ બિભર્તીતિ ભર્તા । પ્રકર્ષેણ ભવતીતિ પ્રભુઃ । સાક્ષાદ્દષ્ટા ઇતિ સાક્ષી । નિશ્ચયેન વાસઃ ઇતિ નિવાસઃ । સુ સુષ્ઠુ હૃદ્ હૃદયં યસ્ય સઃ સુહૃદ્ । પ્રભવતિ ઉદ્ભ-

वति अस्मात् इति प्रभवः। प्रकर्षेण लय इति प्रलयः। स्थीयते अस्मिन् तत् स्थानम्। नितान्तं धीयते अस्मिन्निति निधानम्।

અન્વય અને અર્થઃ—(વળી) गतिः કર્મફલ, भर्ता પોષણ કરનાર, प्रभुः નિયંતા, साक्षी સાક્ષી, निवासः ભોગસ્થાન, शरणम् શરણે આવેલાને આશ્રય આપનાર, सुहृत् પ્રત્યુપકારની અપેક્ષા વિના ઉપકાર કરનાર મિત્ર, प्रभवः ઉત્પત્તિસ્થાન, प्रलयः લયરૂપ, स्थानम् આધાર, निधानम् કર્મફલનુ સમર્પણસ્થાન બીજમ્ પ્રરોહના કારણરૂપ, (અને) अव्ययम् અવિનાશિ એવું બ્રહ્મ, (તે પણ હું જ છું)

ભાવાર્થઃ—કર્મના ફલરૂપ, પોષણ કરનાર, નિયન્તા, સાક્ષી, ભોગસ્થાન, શરણે આવેલાને આશ્રય આપનાર, પ્રત્યુપકારની અપેક્ષા વિના ઉપકાર કરનાર મિત્રરૂપ, સર્વનું ઉત્પત્તિસ્થાન, લયસ્થાન અને આધારસ્થાન, કર્મનાં ફલને સમર્પણ કરવાનું સ્થાન, ઉત્પત્તિનું મૂલ કારણ અને અવિનાશિ એવુ બ્રહ્મ તે પણ હું જ છુ. ૧૮.

तपाम्यहमहं वर्षं निगृह्णाम्युत्सृजामि च ॥
अमृतं चैव मृत्युश्च सदसच्चाहमर्जुन ॥ १९ ॥

પદચ્છેદઃ—तपामि, अहम्, अहम्, वर्षम्, निगृह्णामि, उत्सृजामि, च, अमृतम्, च, एव, मृत्युः, च, सत्, असत्, च, अहम्, अर्जुन.

---

१ सदभिव्यक्तरूपत्वात्कार्यमित्युच्यते बुधैः।
असदव्यक्तरूपत्वात्कारणं चापि शब्दितम्॥

સત્ સર્વથા વ્યક્ત-સ્પષ્ટ રૂપ હોવાથી તેને પંડિતો કાર્ય કહે છે અને અસત્-અવ્યક્ત-અસ્પષ્ટરૂપ હોવાથી તેને કારણ કહે છે

વ્યુત્પત્તિસમાસાઃ—નિતાન્તં ગૃહ્ણામિ ઇતિ નિગૃહ્ણામિ । ન મૃતમ્ ઇતિ અમૃતમ્ । ન સત્ ઇતિ અસત્ ।

અન્વય અને અર્થઃ—(વળી) અર્જુન હે અર્જુન ! અહમ્ હું, તપામિ (આદિત્યરૂપ થઈને) તપું છું, વર્ષમ્ વરસાદને, નિગૃહ્ણામિ આકર્ષું છું, ચ અને, ઉત્સૃજામિ છોડું છું, ચ તેમ, અમૃતમ્ જીવનરૂપ, ચ અને, મૃત્યુઃ મૃત્યુરૂપ, એવ પણ, સત્ સ્થૂલ–દૃશ્ય, ચ અને, અસત્ સૂક્ષ્મ–અદૃશ્ય, (એ બધું પણ) અહમ્ હું, એવ જ (છું).

ભાવાર્થઃ—વળી હે અર્જુન ! સૂર્યરૂપે જગતને તાપ આપનાર હું જ છું, વરસાદને અર્થાત્ જલને ગ્રીષ્મઋતુમાં હું જ ખેંચું છું અને વર્ષાઋતુમાં હું જ છોડું છું, તેમજ જીવન, મૃત્યુ સ્થૂલ–દૃશ્ય અને સૂક્ષ્મ–અદૃશ્ય એ બધું પણ હું પોતે જ છું. ૧૯.

અવતરણિકાઃ—"ઉપર કહેલા પ્રકારમાંથી એકે પ્રકાર વડે પોતાને ન ભજતા કેવલ શુષ્ક કર્મ કરનારાઓ શી ગતિને પામે છે," તેનું વર્ણન ભગવાન્ શ્રીકૃષ્ણ કરે છેઃ

[1]त्रैविद्या मां सोमपाः पूतपापा
यज्ञैरिष्ट्वा स्वर्गतिं प्रार्थयंते ॥
ते पुण्यमासाद्य सुरेंद्रलोक-
मश्नंति दिव्यान्दिवि देवभोगान् ॥ २० ॥

---

१ यो वा एतदक्षरं गार्ग्यविदित्वाऽस्मिँल्लोके जुहोति यजते
तपस्तप्यते बहूनि वर्षसहस्राण्यन्तवदेवास्य तद्भवति ॥ श्रुतिः ॥

હે ગાર્ગી ! જે અવિનાશી અક્ષરને ન જાણી આ લોકમાં હોમ કરે છે, યજ્ઞ કરે છે, તપ તપે છે તેનો બહુ–હજારો વર્ષ સુધી લોકલોકાંતરમાં વાસ થતાં પણ છેવટ તે સઘળું એનું અંતવત્ (પુનરાવર્તક) જ થાય છે. અર્થાત્ હોમ, યજ્ઞ અને તપ વિગેરે સઘળાં કર્મો તેને છેવટ ફરી જન્મ આપનારાં થાય છે પણ મોક્ષ આપનારાં થતાં નથી.

પદચ્છેદઃ—त्रैविद्याः, माम्, सोमपाः, पूतपापाः, यज्ञैः, इष्ट्वा, स्वर्गतिं, प्रार्थयन्ते, ते, पुण्यम्, आसाद्य, सुरेन्द्रलोकम्, अश्नन्ति, दिव्यान्, दिवि, देवभोगान्.

व्युत्पत्तिसमासाः—ऋग्यजु सामलक्षणा तिस्र विद्या येषा ते त्रिविद्या, त्रिविद्या एव त्रैविद्या, तिस्रो विद्या अधीयन्ते जानन्तीति वा त्रैविद्या । सोम पिबन्तीति सोमपा । पूतानि पापानि स्वर्गाप्रति बन्धकानि येषा ते पूतपापा । स्वर्गं प्रति गति इति स्वर्गति, ता स्वर्गतिम् । प्र प्रकर्षेण अर्थयन्ते याचन्ते इति प्रार्थयन्ते । सुराणाम् इन्द्र इति सुरेन्द्र, सुरेन्द्रस्य लोक इति सुरेन्द्रलोक, त सुरेन्द्रलोकम् । दिवि भवा दिव्या, तान् दिव्यान् । भुज्यन्ते इति भोगा, देवाना भोगा इति देवभोगा, तान् देवभोगान् ।

અન્વય અને અર્થઃ—(ये જે,) त्रैविद्या ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદ એ ત્રણ વિદ્યાઓને જાણનાર, सोमपा યજ્ઞમા સોમનુ પાન કરનાર, (અને તેથી જ) पूतपापा નિષ્પાપ થયેલા થકા, यज्ञ યજ્ઞો વડે, माम् મારુ (ઈન્દ્રસ્વરૂપનું), इष्ट्वा યજન કરીને, स्वर्गतिम् સ્વર્ગ-લોકની ગતિની, प्रार्थयन्ते પ્રાર્થના કરે છે તે તેઓ, पुण्यम् પુણ્યના ફલરૂપ सुरेन्द्रलोकम् ઇન્દ્રલોકને, आसाद्य પામીને, दिवि સ્વર્ગમા दिव्यान् દિવ્ય-મનહર-વિલાસરૂપ, देवभोगान् દેવતાઓના ભોગોને, अश्नन्ति ભોગવે છે

ભાવાર્થઃ—જે ઋગ્, સામ અને યજુર્વેદ એ ત્રણ વિદ્યાઓને જાણનાર, યજ્ઞશિષ્ટ સોમનું પાન કરનાર અને તેથી જ પાપરહિત થયા થકા યજ્ઞો વડે મને-ઈન્દ્રસ્વરૂપે પૂજીને સ્વર્ગલોકની ગતિની પ્રાર્થના કરે છે તેઓ પુણ્યના ફલરૂપ ઉત્તમ

સ્વર્ગલોકને પામીને દેવોને ભોગવવા યોગ્ય એવા સ્વર્ગીય ભોગ-વિલાસોને ભોગવે છે. ૨૦

અવતરણિકા:—"એ પ્રકારે ઘણા કષ્ટથી તેઓ સ્વર્ગને મેળવે છે, પરંતુ તે પણ વિનાશિ હોવાથી અંતે તેઓ મારું ભજન ન કરતા હોવાથી પાછા મનુષ્યલોકમાં પતન પામે છે," તે ભગવાન્ કહે છે.

'ते तं भुक्त्वा स्वर्गलोकं विशालं
क्षीणे पुण्ये मर्त्यलोकं विशंति ॥
एवं त्रयीधर्ममनुप्रपन्ना
गतागतं कामकामा लभंते ॥ २१ ॥

પદચ્છેદ:—ते, तम्, भुक्त्वा, स्वर्गलोकम्, विशालम्, क्षीणे, पुण्ये, मर्त्यलोकम्, विशन्ति, एवम्, त्रयीधर्मम्, अनुप्रपन्नाः, गतागतम्, कामकामाः, लभन्ते.

---

१ प्लवा ह्येते अदृढा यज्ञरूपा अष्टादशोक्तमवरं येषु कर्म ।
एतच्छ्रेयो येऽभिनन्दन्ति मूढा जरामृत्युं ते पुनरेवापि यान्ति ॥ श्रुतिः ॥

એ યજ્ઞરૂપી અઢાર નૌકાઓ અદૃઢ છે એટલે તેથી પ્રાપ્ત થતાં પુણ્યો પૂરાં થાય ત્યારે તે ડુબાવી શકે છે અર્થાત્ ફરી જગત્માં જન્માવી શકે છે, કે જેઓમાં ઉત્તમ પ્રકારનું કર્મ છે, પણ એ પુણ્યને જેઓ વખાણે છે તેઓ મૂર્ખ છે, કેમકે તેઓ જરા અને મૃત્યુને ફરી પણ પામે છે. (અઢાર નૌકાઓ તે પોડશી ઋત્વિજ, યજમાન અને યજમાનની પત્ની)

यत्सत्यं तदुपास्तिव्यमधुना सत्य यतो लभ्यते
सत्योपासनया तमेव च फल स्वप्नोत्थराज्यादिवत् ॥
आयासे सदृशेऽपि दुच्छफलदे मार्गे मतिः कस्य
मायावैभवमेतदेव तदिद मत्कृपा हरेर्वाप्यते ॥ टिप्पणिकायाम् ॥

ભાવાર્થ-તત્કાલ જે સત્ય વસ્તુ છે તેની જ ઉપાસના કરવી કે જેનાથી સત્ય

વ્યુત્પત્તિસમાસાઃ—સ્વર્ગશ્ચાસૌ લોકશ્ચ ઇતિ સ્વર્ગલોકઃ, તં સ્વર્ગલોકમ્ । મર્ત્યશ્ચાસૌ લોકશ્ચ ઇતિ મર્ત્યલોકઃ, તં મર્ત્યલોકમ્ ।

અન્વય અને અર્થઃ—તે તે-સકામ કર્મવાદીઓ, તમ્ તે, વિશાલમ્ વિશાલ, સ્વર્ગલોકમ્ સ્વર્ગલોકને, ભુક્ત્વા ભોગવીને, પુણ્યે પુણ્ય, ક્ષીણે ક્ષીણ થઈ જતાં, મર્ત્યલોકમ્ મૃત્યુલોકમાં, વિશન્તિ પ્રવેશ કરે છે, એવમ્ એ પ્રમાણે, ત્રયીધર્મમ્ ત્રણ વેદમાં કહેલા વૈદિકકર્મનું, અનુપ્રપન્નાઃ અનુકરણ કરવાવાળા, કામકામાઃ કામનાઓની ઇચ્છાવાળા, (તેઓ) ગતાગતમ્ આવતું જતું-વિનાશિ ફલ, લભન્તે મેળવે છે.

ભાવાર્થઃ—તે સકામ કર્મવાદીઓ તે મહા વિશાલ સ્વર્ગલોકને ભોગવીને, પોતાનાં પુણ્યો ક્ષીણ થઈ જતાં આ મૃત્યુલોકમાં ફરી અવતાર લે છે, એ પ્રમાણે ત્રણે વેદોમાં કહેલાં કેવળ વેદોક્ત શુષ્ક કર્મ કરનારાઓ, અને કામનાઓની ચાહનાવાળાઓ પુણ્યથી સ્વર્ગપ્રાપ્તિ અને પુણ્ય ક્ષીણ થતાં મૃત્યુલોકની પ્રાપ્તિરૂપી આવતા જતા એટલે કે વિનાશ પામવાવાળા ફલને મેળવે છે. અર્થાત્ તેઓ કર્મનાં ફલને અંગે સ્વર્ગાદિ લોકમાં જાય છે, પણ પાછળથી પતન પામે છે, પરતુ મારા ભક્તો તો તે સ્થિતિને-પતનને પામતા નથી. ૨૧.

અવતરણિકા—"કામનાઓની ઇચ્છાવાળાઓ તો પોતપોતાની કામના પ્રમાણે કર્મોનું અનુષ્ઠાન કરીને, ભોગાદિ આવશ્યક વસ્તુઓ મેળવે

પ્રાપ્ત થઈ શકે છે, અસત્યની ઉપાસનાથી અસત્ય-તુચ્છ ફળ મળે છે જેમ સ્વપ્નમાં રાજ્ય મળ્યું હોય પણ જાગતાં તે જૂઠું જણાય છે તેમ, બન્ને માર્ગોમાં પ્રયાસ સરખોજ હોય છે છતાં તુચ્છ ફળ આપનારા અસત્યના માર્ગમાં કેમ પ્રવૃત્તિ થાય ! માટે તે આ સઘળુ માયાનો વૈભવ છે અને તે-તે સબધી વિવેક તો પરમાત્માની ભક્તિ વડે જ પ્રાપ્ત થઈ શકે છે.

છે, પણ કેવળ નિષ્કામ કર્મ કરનાર તત્ત્વજ્ઞાનીઓ કે જે આપની ઉપાસના કરે છે અને જેઓને ભોગની ઇચ્છા નથી હોતી, તેમનાં શરીરની સ્થિતિના કારણરૂપ તેમના યોગક્ષેમનો નિર્વાહ કેવી રીતે થાય છે?" એવી અર્જુનની શંકાના સમાધાન માટે ભગવાન્ કહે છેઃ

अनन्याश्चिंतयंतो मां ये जनाः पर्युपासते ॥
तेषां नित्याभियुक्तानां योगक्षेमं वहाम्यहम् ॥२२॥

પદચ્છેદઃ—अनन्याः, चिन्तयन्तः, माम्, ये, जनाः, पर्युपासते, तेषाम्, नित्याभियुक्तानाम्, योगक्षेमम्, वहामि, अहम्.

વ્યુત્પત્તિસમાસાઃ—नास्ति अन्यः उपास्यः येषां ते अनन्याः। चिन्तयन्तीति ते चिन्तयन्तः। परितः सर्वतः अनवच्छिन्नतया उपासते इति पर्युपासते। नित्यम् अभियुक्ताः इति नित्याभियुक्ताः, तेषाम् नित्याभियुक्तानाम्। योगश्च क्षेमश्च एतयोः समाहारः योगक्षेमम्, तत्।

અન્વય અને અર્થઃ—ये જે, जनाः મનુષ્યો, अनन्याः મારા સિવાય બીજો આશ્રય જેમને નથી તેવા થકા, माम् મારું चिन्तयन्तः ચિન્તન કરતા, पर्युपासते કેવળ (મારી) ઉપાસના કરે છે, तेषाम् તે, नित्याभियुक्तानाम् નિરંતર મારામાં જોડાએલ ચિત્તવાળાઓનાં, योगक्षेमम् નહિ પ્રાપ્ત થયેલ વસ્તુની પ્રાપ્તિ, અને પ્રાપ્ત વસ્તુના રક્ષણને अहम् હું, वहामि વહન કરું છું—આપું છું.

ભાવાર્થઃ—મારા વિના અન્ય કોઈપણ આશ્રય જેમનો નથી એવા જે મારા ભક્તજનો મારું જ ચિંતવન કરતા નિરંતર મને ભજે છે, તેવા સતત મારામાં જ આસક્ત ચિત્તવાળાઓનાં યોગક્ષેમ—ન પ્રાપ્ત થએલ વસ્તુનું પ્રાપ્ત કરવું, અને પ્રાપ્ત થએલાનું રક્ષણ કરવું તે રૂપી જે જીવનવ્યવહાર—તે હું જ ચલાવું

છું. અર્થાત્ તેઓ તો તેની પણ ચિંતા રાખતા નથી અને તેથી હું જ તેઓનાં યોગક્ષેમને ચલાવું છું. ૨૨.

અવતરણિકાઃ—"અન્ય દેવતાઓ પણ સ્વરૂપ તો આપનું જ છે તો તે દેવતાના ભક્તો પણ આપને જ ભજે છે એમ કેમ ન માની શકાય? અને તો પછી આપના ભક્તો તથા અન્ય દેવતાના ભક્તોમા શો વિશેષ ફરક છે?" એવા અર્જુનના પ્રશ્નના પ્રત્યુત્તરમા ભગવાન્ શ્રીકૃષ્ણ કહે છે

येऽप्यन्यदेवताभक्ता यजंते श्रद्धयान्विताः ॥
तेऽपि मामेव कौंतेय यजंत्यविधिपूर्वकम् ॥ २३ ॥

पदच्छेदः—ये, अपि, अन्यदेवताभक्ताः, यजन्ते, श्रद्धया, अन्विताः, ते, अपि, माम्, एव, कौन्तेय, यजन्ति, अविधिपूर्वकम्.

व्युत्पत्तिसमासाः—अन्याश्च ताः देवताश्च इति अन्यदेवताः, तासा भक्ताः इति अन्यदेवताभक्ताः । न विधिः इति अविधिः, अविधि पूर्वं यस्मिन् कर्मणि यथास्यात्तथा इति अविधिपूर्वकम् ।

અન્વય અને અર્થઃ—कौन्तेय હે કુંતાજીના પુત્ર—અર્જુન! ये જેઓ, अन्यदेवताभक्ताः બીજા દેવતાઓના ભક્તો, (થઈને) अपि પણ, श्रद्धया શ્રદ્ધાથી, अन्विता. યુક્ત થયા થકા, (તેઓને) यजन्ते પૂજે છે, ते તેઓ, अपि પણ, अविधिपूर्वकम् અજ્ઞાનપૂર્વક, माम् મને, एव જ, यजन्ति પૂજે છે.

ભાવાર્થઃ—હે કૌન્તેય! બીજા દેવતાના ભક્તો જેઓ શ્રદ્ધાયુક્ત થઈને તેમનું પૂજન કરે છે, તેઓ પણ અજ્ઞાનપૂર્વક મને જ પૂજે છે અર્થાત્ મારા ભક્તો મને વિધિથી પૂજે છે જ્યારે અન્યના ભક્તો મને અવિધિથી પૂજે છે એમ તું જાણ. ૨૩.

અવતરણિકાઃ—"તેઓ આપને અજ્ઞાનપૂર્વક કેવી રીતે પૂજે છે?" એના પ્રત્યુત્તરમા ભગવાન કહે છે

अहं हि सर्वयज्ञानां भोक्ता च प्रभुरेव च ॥
न तु मामभिजानंति तत्त्वेनातश्च्यवंति ते ॥ २४ ॥

पदच्छेदः—अहम्, हि, सर्वयज्ञानाम्, भोक्ता, च, प्रभुः, एव, च, न, तु, माम्, अभिजानन्ति, तत्त्वेन, अतः, च्यवन्ति, ते.

व्युत्पत्तिसमासाः—सर्वे च ते यज्ञाश्च इति सर्वयज्ञाः, तेषां सर्वयज्ञानाम् । भुनक्तीति भोक्ता । प्रभवति इति प्रभुः । अभितः जानन्ति इति अभिजानन्ति ।

अन्वय अने अर्थः—अहम् हुं, सर्वयज्ञानाम् सर्व यज्ञोनो, भोक्ता भोगवनार, च अने, प्रभुः स्वामी, एव ज, (छुं) तु पण, हि कथी, माम् मने, (तेओ) तत्त्वेन तत्त्वथी, न, अभिजानन्ति जाणता नथी, अतः एथी, च ज, ते तेओ, च्यवन्ति पडे छे—फरी जन्म-पामे छे.

भावार्थः—बधा श्रौतस्मार्त यज्ञोनो ते ते देवतास्वरूपे भोगवनार अने ईश्वर पण हुं ज छुं, पण जेथी अन्य देवताना

---

१ एकोऽनेकैः स्वरूपैर्नटति नटवरो दर्शयन् हावभावां-
स्तत्तद्रूपानुरूपान्. पृथगभिलषितेष्वत्र सामाजिकेषु ॥
कस्मैचित्कांक्षितं वै वितरति मुदितस्तेन सन्तर्पितः स्या-
देकः सर्वान्तरात्मार्पणमखिलतनुभ्योऽर्पितं स्यात्तथैव ॥ टिप्पणिकात् ॥

એકજ નટવર—નૃત્યકારોમાં શ્રેષ્ઠ પરમાત્મા અનેક સ્વરૂપે આ જગતમાં સામાજિક જુદી જુદી અભિલાષાઓ અનુસાર તદનુકૂલ તેતે (જ્યારે જેવાની જરૂર હોય ત્યારે તેવાં તેવાં) રૂપોને ધારણ કરીને તે પ્રમાણે જ હાવભાવ દર્શાવતા નાચ કરે છે, માટે જ જો કોઈ એકજ વ્યક્તિને ઉદ્દેશીને કંઈ વસ્તુ મનુષ્ય આપે છે તો તેથી તે એક જ સંતુષ્ટ થાય છે પણ જે સઘળાઓના અંતરાત્મા—પરમેશ્વરને ઉદ્દેશીને આપેલું હોય તો તે એકની પેઠે સઘળાં શરીરોને આપેલું મનાય છે, અને તેથી તે સર્વ સંતુષ્ટ થએલાં મનાય છે.

ઉપાસકો મને તત્ત્વથી જાણતા નથી, એટલે કે મારા સત્યસ્વરૂપને સમજતા નથી તેથી જ તેઓ પડે છે–આ સંસારની જન્મ-મરણરૂપ આવૃત્તિને–પુનર્જન્મને પામે છે. ૨૪.

અવતરણિકાઃ–"આપના શુદ્ધ તત્ત્વને ન સમજવાથી અન્ય દેવતાના ભક્તો કર્મના ફલથી ભ્રષ્ટ થાય છે, તો તે તે દેવતાઓનું આરાધન તો કાલાન્તરે પણ અધ પતન કરનાર હોવાથી સારરહિત જ ગણાય ?" એવી અર્જુનની માન્યતાને દૂર કરી તેને સ્પષ્ટ સમજાવવા માટે ભગવાન્ કહે છે.

यांति देवव्रता देवान् पितॄन्यांति पितृव्रताः ॥
भूतानि यांति भूतेज्या यांति मद्याजिनोऽपि माम् २५

પદચ્છેદઃ—यान्ति, देवव्रताः, देवान्, पितॄन्, यान्ति, पितृव्रताः, भूतानि, यान्ति, भूतेज्याः, यान्ति, मद्याजिनः, अपि, माम् .

વ્યુત્પત્તિસમાસાઃ—देवेषु व्रतं नियमः येषां ते देवव्रताः । पितृषु व्रतं येषां ते पितृव्रताः । यष्टुं योग्यानि इज्यानि, भूतानि (विनायककमातृगणचतुःषष्टीयोगिन्यादीनि) इज्यानि पूज्यानि येषां ते इति भूतेज्याः । मां यजन्ति ते मद्याजिनः ।

અન્વય અને અર્થઃ—देवव्रताः ઇન્દ્રાદિ દેવોમાં નિયમિત ભક્તિવાળા, देवान् (ते ते) દેવોને, यान्ति પામે છે, पितृव्रताः શ્રાદ્ધાદિક્રિયાપરાયણ પિતૃભક્તો, पितॄन् પિતૃઓને, यान्ति પામે છે, भूतेज्याः (ગણપતિ, માતૃકા, યોગિની ઇત્યાદિ) ભૂતગણોને પૂજનારા, भूतानि ભૂતોને, यान्ति પામે છે, (અને) मद्याजिनः મારું યજન કરનારા, माम् મને, अपि પણ, यान्ति પામે છે.

ભાવાર્થઃ—દેવોના ભક્તો દેવોને, પિતૃઓના ભક્તો પિતૃઓને, ભૂતોને પૂજનારા ભૂતોને અને મને પૂજનારા મને જ પામે છે, એમ અનુક્રમે જે જે દેવોને જે જે પૂજનારા છે તે પોત-પોતાના તે તે આરાધ્ય દેવોને પામે છે. અર્થાત્ પુણ્યની સમાપ્તિ સુધી તેઓની તે ભક્તિ નિષ્કામ જતી નથી. ૨૫.

અવતરણિકાઃ—"વળી મારા ભક્તોને સંસારની પુનરાવૃત્તિ ન થવા રૂપ અનન્ત ફલની પ્રાપ્તિ થાય છે, એટલું જ નહીં પણ હું બહુ સુખ-પૂર્વક આરાધી શકાઉં તેવો છું તેથીજ જ્ઞાનીઓ મારી આરાધના કરે છે," એ આશયથી ભગવાન્ કહે છેઃ

પત્રં પુષ્પં ફલં તોયં યો મે ભક્ત્યા પ્રયચ્છતિ ॥
તદહં ભક્ત્યુપહૃતમશ્નામિ પ્રયતાત્મનઃ ॥ ૨૬ ॥

પદચ્છેદઃ—પત્રમ્, પુષ્પમ્, ફલમ્, તોયમ્, યઃ, મે, ભક્ત્યા, પ્રયચ્છતિ, તત્, અહમ્, ભક્ત્યુપહૃતમ્, અશ્નામિ, પ્રયતાત્મનઃ.

વ્યુત્પત્તિસમાસાઃ—પ્રકર્ષેણ યચ્છતીતિ પ્રયચ્છતિ । ભક્ત્યા ઉપહૃતમ્ ઇતિ ભક્ત્યુપહૃતમ્ । પ્રકર્ષેણ યતઃ આત્મા યસ્ય સઃ પ્રયતાત્મા, તસ્ય પ્રયતાત્મનઃ ।

અન્વય અને અર્થઃ-યઃ જે ભક્ત, પત્રમ્ (તુલસીનું) પાંદડું, પુષ્પમ્ પુલ, ફલમ્ ફલ, તોયમ્ પાણી (અથવા જે કંઈ

---

१ याः क्रियाः समनुष्ठाश्च ह्येकान्तगतिबुद्धिभिः ॥
ताः सर्वाः शिरसा देवः प्रतिगृह्णाति वै स्वयम् ॥

એકાંત ગમન કરનારી શુદ્ધિવાળા-વિચારવન્ત-જ્ઞાની પુરુષોએ જે ક્રિયાઓ-કર્મો-ઈશ્વરાર્પણ વૃત્તિથી સારી રીતે યોજેલી હોય છે તે તે સર્વ ક્રિયા-કર્મો-સાક્ષાત પરમાત્મા પોતેજ શિરપર ગ્રહણ કરે છે (સ્વીકારે છે).

અનાયાસે મળેલું તે) મે મને, પ્રયચ્છતિ અર્પણ કરે છે, પ્રયતાત્મનઃ તે શુદ્ધબુદ્ધિવાળાએ, ભક્ત્યુપહૃતમ્ ભક્તિ વડે ભેટ તરીકે અર્પણ કરેલા, તત્ તેને, અશ્નામિ હું ગ્રહણ કરું છું.

ભાવાર્થઃ—જે મારો ભક્ત તુલસીપત્ર, પુષ્પ, ફલ, અથવા જલ તેમાંનું એકાદ અથવા અનાયાસે મળી આવેલું જે કંઈ પણ મને અર્પણ કરે છે, તે શુદ્ધબુદ્ધિવાળા મારા ભક્તે ભક્તિપૂર્વક ભેટ તરીકે અર્પણ કરેલું તે હું ગ્રહણ કરું છું. અર્થાત શ્રદ્ધાપૂર્વક જો કંઈ સ્વલ્પ પણ મને અર્પણ કરવામાં આવે છે તો તેથી હું પ્રસન્ન થઈ મારા ભક્તનું કલ્યાણ કરું છું. ૨૬.

અવતરણિકાઃ—"પત્રપુષ્પાદિક પણ ભક્તિ વડે અર્પણ કરાયેલાં હું ગ્રહણ કરૂ છું, તેમ સર્વ કર્મ પણ મને અર્પણ કરવામા આવે તો તેને પણ હું ગ્રહણ કરું અને તેથી તેમ જ કરવુ ઉચિત છે," એમ જણાવી 'તું પણ તે પ્રમાણે જ કર' એમ કહેવામાટે ભગવાન્ જણાવે છે

यत्करोषि यदश्नासि यज्जुहोषि ददासि यत् ॥
यत्तपस्यसि कौंतेय तत्कुरुष्व मदर्पणम् ॥ २७ ॥

પદચ્છેદઃ—यत्, करोषि, यत्, अश्नासि, यत्, जुहोषि, ददासि, यत्, यत्, तपस्यसि, कौन्तेय, तत्, कुरुष्व, मदर्पणम्.

વ્યુત્પત્તિસમાસાઃ—अर्प्यते अनेन इति अर्पणम्, मयि अर्पणम् इति मदर्पणम् ।

અન્વય અને અર્થઃ—कौन्तेय હે કૌન્તેય! यत् જે, करोषि (કર્મ)તું કરે, यत् જે કંઈ, अश्नासि તું ખાય, यत् જે, जुहोषि

(અશ્નિમાં) હોમે, યત્ જે કંઇ, દદાસિ તું આપે, યત્ જે કંઈ, તપસ્યસિ તપ કરે, તત્ તે, મદર્પણમ્ મને અર્પણ, કુરુષ્વ કર.

ભાવાર્થઃ—હે કૌન્તેય! તું જે કંઇ કર્મ કરે, જે કંઇ ખાય, જે અશ્નિમાં હોમ કરે, જે દાન વગેરે આપે, જે તપ કરે, તે સઘળું તારું કર્મ મને અર્પણ કર. ૨૭.

અવતરણિકાઃ—" એવી રીતે મારામાં કર્મ અર્પણ કરવાથી તને શું ફલ પ્રાપ્ત થશે તેજો. " એમ અર્જુનને ભગવાન્ શ્રીકૃષ્ણ કહે છેઃ

शुभाशुभफलैरेवं मोक्ष्यसे कर्मबंधनैः ॥
संन्यासयोगयुक्तात्मा विमुक्तो मामुपैष्यसि ॥ २८ ॥

પદચ્છેદઃ—शुभाशुभफलैः, एवम्, मोक्ष्यसे, कर्मबन्धनैः, संन्यासयोगयुक्तात्मा, विमुक्तः, माम्, उपैष्यसि.

વ્યુત્પત્તિસમાસાઃ—शुभं च अशुभं च इति शुभाशुभे, शुभाशुभे फले येषां तानि शुभाशुभफलानि, तैः शुभाशुभफलैः। बध्यन्ते एभिरिति बन्धनानि, कर्माण्येव बन्धनानि इति कर्मबन्धनानि, तैः कर्मबन्धनैः। संन्यास एव कर्मफलानां मत्समर्पणतया योगः इति संन्यासयोगः, तेन युक्तः आत्मा अन्तःकरणं यस्य सः संन्यासयोगयुक्तात्मा। विशेषेण मुक्तः इति विमुक्तः।

અન્વય અને અર્થઃ—एवम् એ પ્રમાણે, शुभाशुभफलैः શુભ અને અશુભ ફલવાળાં, कर्मबन्धनैः કર્મરૂપી બંધનોથી, मोक्ष्यसे તું છૂટો થઇશ, (અને) संन्यासयोगयुक्तात्मा મને કર્મો સમર્પણ કરવા રૂપી જે સંન્યાસ તે રૂપી યોગ વડે યુક્ત અંતઃકરણ-

વાળો, (તેમ જ) વિમુક્તઃ જીવતો છતાં જ કર્મબંધનોથી છૂટી ગયેલો થકો, (શરીર છોડયા પછી પણ) મામ્ મને, ઉપૈષ્યસિ પામીશ.

ભાવાર્થઃ—એ પ્રમાણે મારામાં કર્મો અર્પણ કરવાથી શુભ અને અશુભ ફલવાળાં કર્મરૂપી બંધનોથી તું મુક્ત થઇશ, અને કર્મફલને સમર્પણ કરવા રૂપી જે સંન્યાસયોગ તેનાં અનુષ્ઠાનયુક્ત ચિત્તવાળો થઇને તું જીવતા છતાં જ કર્મનાં બન્ધનોમાંથી છુટી જઇશ, અને મૃત્યુ પછી પણ મને પામીશ એમાં સંશય નથી. ૨૮

અવતરણિકાઃ—"આપ માત્ર આપના ભક્તો ઉપર જ અનુગ્રહ કરો અને અન્ય દેવતાના ભક્તો ઉપર નહિ, તો પછી આપને રાગદ્વેષવાળા ગણવા કેમ!" એ અર્જુનની શંકાના સમાધાનમા ભગવાન્ શ્રીકૃષ્ણ કહે છેઃ

समोऽहं सर्वभूतेषु न मे द्वेष्योऽस्ति न प्रियः ॥
ये भजंति तु मां भक्त्या मयि ते तेषु चाप्यहम् ॥२९॥

પદચ્છેદઃ—समः, अहम्, सर्वभूतेषु, न, मे, द्वेष्यः, अस्ति, न, प्रियः, ये, भजन्ति, तु, माम्, भक्त्या, मयि, ते, तेषु, च, अपि, अहम्.

વ્યુત્પત્તિસમાસાઃ—सर्वाणि च तानि भूतानि च सर्वभूतानि, तेषु सर्वभूतेषु । द्वेष्टुं योग्यः द्वेष्यः ।

અન્વય અને અર્થઃ—अहम હું, सर्वभूतेषु સર્વ પ્રાણીમાં, समः તુલ્ય-સમાન (જ છું), मे મને, द्वेष्यः દ્વેષ કરવા યોગ્ય, (કોઇ પણ) न, अस्ति નથી, मे મારો, प्रियः પ્રિય, (પણ કોઇ) न નથી, तु, પણ, ये જેઓ, माम् મને, भक्त्या ભક્તિ વડે,

भजन्ति ભજે છે, ते તેઓ, मयि મારામાં (છે), च અને, तेषु તેઓમાં, अहम् હું, अपि પણ (છું.)

ભાવાર્થઃ—હું પ્રાણિમાત્રમાં સમાનતાથી જ રહેલો છું. મને દ્વેષ કરવા યોગ્ય કે પ્રિય કોઇ પણ નથી, છતાં પણ જેઓ મને ભક્તિપૂર્વક ભજે છે તેઓ મારામાં રહે છે અને હું પણ સ્વભાવથી જ તેઓમાં રહું છું. અર્થાત્ જેમ અગ્નિ પોતાની પાસે આવેલાની જ ઠંડી ઉરાડે છે, પણ દૂર રહેલાની નહીં, તેમજ મને ભજનારા સ્વાભાવિક રીતે જ મારા વિશેષ સંબંધમાં આવે છે, બાકી અગ્નિની માફક કોઈના પર મારો પક્ષપાત નથી. આ પ્રભાવે પાસે આવનાર અને ન આવનાર એટલે કે મારા ભક્ત અને અન્યના ભક્તોમાં અવશ્ય એટલો ભેદ રહેલો છે. ૨૯.

અવતરણિકાઃ—"મારી ભક્તિનું માહાત્મ્ય કેવું છે તે તું જો," એમ ભગવાન્ પોતાની ભક્તિની મહત્તા બતાવતાં કહે છે

अपि चेत्सुदुराचारो भजते मामनन्यभाक् ॥
साधुरेव स मंतव्यः सम्यग्व्यवसितो हि सः ॥३०॥

પદચ્છેદઃ—अपि, चेत्, सुदुराचारः, भजते, माम्, अनन्यभाक्, साधुः, एव, सः, मन्तव्यः, सम्यक्, व्यवसितः, हि, सः.

---

१ अहं ब्रह्मेति मां ध्यायन्नेकाग्रमनसा सकृत् ।
सर्वं तरति पाप्मानं कल्पकोटिशतैः कृतम् ॥

'હું બ્રહ્મ છું' એમ એકાગ્રમનવડે એક જ વખત પણ મારું ધ્યાન કરતો (મનુષ્ય) અનેક કલ્પોના કરેલાં સઘળા પાપને તરી જાય છે.

વ્યુત્પત્તિસમાસાઃ—સુતરામ્ અત્યન્તં દુષ્ટઃ આચારઃ આચરણં યસ્ય સઃ સુદુરાચારઃ। અન્યં મજતીતિ અન્યભાક્, ન અન્યભાક્ ઇતિ અનન્યભાક્। મન્તું યોગ્યઃ મન્તવ્યઃ।

અન્વય અને અર્થઃ—ચેત્ જો, સુદુરાચાર. અત્યંત દુષ્ટાચરણવાળો, અપિ પણ, અનન્યભાક્ અનન્યભક્તિવાળો થઈને, મામ્ મને, મજતે ભજે, (તો) સ. તે, સાધુ સારા શીલવાળો, એવ જ મન્તવ્યઃ માનવા યોગ્ય (છે), હિ કારણ કે, સઃ તે, સમ્યક્ યથાવત્-સારી રીતે, (મારે વિષે) વ્યવસિતઃ નિશ્ચયને પ્રાપ્ત થયેલો (છે).

ભાવાર્થઃ—જો અત્યંત દુરાચારી મનુષ્ય પણ અનન્ય ભક્તિવાળો થઈને મને ભજે, તો તેને ઉત્તમ સ્વભાવવાળો સાધુ પુરુષ જ માનવો, કારણ કે તે મારે વિષે મારી ભક્તિરૂપ યથાર્થ નિશ્ચયને પ્રાપ્ત થયેલો છે. અર્થાત્ તેવા મારા ભક્તનો દુરાચાર મારી ભક્તિથી નાશ પામતાં તત્કાળ તે સદાચાર બુદ્ધિવાળો થઈ જાય છે. ૩૦.

અવતરણિકાઃ—"પોતાના ભજનના પક્કવ નિશ્ચયથી અને તેના પ્રભાવથી તે બધા દુરાચારોને છોડી દઈ અનન્ત ફલ પ્રાપ્ત કરે છે," એમ કહી ભગવાન્ શ્રીકૃષ્ણ વળી પોતાની ભક્તિનુ અપૂર્વ માહાત્મ્ય કહે છે

[1]ક્ષિપ્રં ભવતિ ધર્માત્મા શશ્વચ્છાંતિં નિગચ્છતિ ॥
કૌંતેય પ્રતિજાનીહિ ન મે ભક્તઃ પ્રણશ્યતિ ॥૩૧॥

---

૧ મેરુમન્દરમાત્રોઽપિ રાશિ પાપસ્ય કર્મણ ।
કેશવ વૈદ્યમાસાદ્ય દુર્ચિકિત્સિરિવ નશ્યતિ ॥ વૈષ્ણવધર્મે ॥

જેમ અસાધ્ય વ્યાધિ-રોગ વૈદ્યને પ્રાપ્ત કરી નાશ પામે છે તેમ જાણવા યોગ્ય એવા કેશવ-ભગવાન્ને પ્રાપ્ત કરીને મેરુ પર્વત કે મદરાચલ પર્વત જેવડો પાપકર્મોનો સમૂહ હોય તો તે પણ નાશ પામે છે.

પદચ્છેદઃ—ક્ષિપ્રમ્, ભવતિ, ધર્માત્મા, શશ્વત્, શાન્તિમ્, નિગચ્છતિ, કૌન્તેય, પ્રતિજાનીહિ, ન, મે, ભક્તઃ, પ્રણશ્યતિ.

વ્યુત્પત્તિસમાસાઃ—ધર્મે આત્મા ચિત્તં યસ્ય સઃ ધર્માત્મા । નિતરાં ગચ્છતીતિ નિગચ્છતિ । પ્રકર્ષેણ નશ્યતીતિ પ્રણશ્યતિ ।

અન્વય અને અર્થઃ—(વળી તે) ક્ષિપ્રમ્ તુરત જ, ધર્માત્મા ધર્મયુક્ત અંતઃકરણવાળો, ભવતિ થાય છે, (અને) શશ્વત્ નિત્ય એવી, શાન્તિમ્ શાંતિને, નિગચ્છતિ પામે છે, (અને તેથી) કૌન્તેય હે કૌન્તેય ! મે મારો, ભક્તઃ ભક્ત, ન, પ્રણશ્યતિ નાશ પામતો નથી, (એમ) પ્રતિજાનીહિ તું નિશ્ચયપૂર્વક જાણ.

ભાવાર્થઃ—વળી તે મારી ભક્તિમાં નિશ્ચયવાળો મનુષ્ય તુરત જ ધર્માત્મા થઈ જાય છે અને ત્યારપછી નિત્ય શાન્તિને મેળવી લે છે, અને તેથી હે કૌંતેય ! 'મારો ભક્ત કદાપિ નાશ પામતો નથી' એટલે મારા ભક્તની કદીપણ અધોગતિ થતી નથી એમ તું નિશ્ચયથી જાણ. ૩૧.

અવતરણિકાઃ—"કોઈ ઉત્તમ કુલોત્પન્ન આચારભ્રષ્ટને મારી ભક્તિ પવિત્ર કરે છે એમ નથી, પણ મારી ભક્તિ તો દુષ્કુલ અને અધિકાર-રહિત કોઇપણ મનુષ્યોને પણ સંસારમાંથી મુક્ત કરે છે," એમ જણાવતાં ભગવાન્ શ્રીકૃષ્ણ કહે છેઃ

मां हि पार्थ व्यपाश्रित्य येऽपि स्युः पापयोनयः ॥
स्त्रियो वैश्यास्तथा शूद्रास्तेऽपि यांति परां गतिम् ॥३२॥

---

१ व्याधस्याचरणं ध्रुवस्य च वयो विद्या गजेन्द्रस्य का ।
का जातिर्विदुरस्य यादवपतेरुग्रस्य किं पौरुषम् ॥
कुब्जायाः कमनीयरूपमदि किं किन्नाम्नुदाम्नो धनं ।
भक्त्या तुष्यति केवलं न तु गुणैर्भक्तिप्रियो माधवः ॥

પદચ્છેદઃ—**મામ્, હિ, પાર્થ, વ્યપાશ્રિત્ય, યે, અપિ, સ્યુઃ, પાપયોનયઃ, સ્ત્રિયઃ, વૈશ્યાઃ, તથા, શૂદ્રાઃ, તે, અપિ, યાન્તિ, પરામ્, ગતિમ્.**

વ્યુત્પત્તિસમાસાઃ—વિશેષેણ અપાશ્રિત્ય ઇતિ વ્યપાશ્રિત્ય । પાપા યોનિઃ યેષાં તે પાપયોનયઃ ।

અન્વય અને અર્થઃ—**પાર્થ** હે પાર્થ! **યે** જેઓ, **પાપયોનયઃ** પાપ—હલકી જાતિના, **અપિ** પણ, **સ્યુઃ** હોય, **તથા** તેમજ, **સ્ત્રિયઃ** સ્ત્રીઓ, **વૈશ્યાઃ** વૈશ્યો, (કે) **શૂદ્રાઃ** શૂદ્રો, (હોય તો) **તે** તેઓ, **અપિ** પણ, **મામ્** મારો, **વ્યપાશ્રિત્ય** આશ્રય કરીને, **પરામ્** ઉત્તમ, **ગતિમ્** ગતિને, **હિ** ખરેખર, **યાન્તિ** પામે છે.

ભાવાર્થઃ—હે પાર્થ! જે મનુષ્યો હલકી જાતિના હોય તેમજ સ્ત્રીઓ, વૈશ્યો કે શૂદ્રો હોય તો પણ તેઓ મારો આશ્રય કરીને—મારી ભક્તિ કરીને સૌથી શ્રેષ્ઠ ગતિને પામે છે. અર્થાત્ ગમે તે મનુષ્ય હોય તો પણ તે મારી ભક્તિથી ઉત્તમ ગતિને પામે છે એમાં સંશય નથી. ૩૨.

અવતરણિકાઃ—"જો એમ છે તો પછી સદાચારી અને કુલવાન્ મારા ભક્તો પરમ ગતિને પ્રાપ્ત કરે એમા શી નવાઈ?" તે ભગવાન્ કહે છેઃ

વ્યાધ-પારાધિનુ આચરણ શુ હતુ? ધ્રુવનું વય કેટલુ મોટુ હતું? અજેંદ્ર કેટલી વિદ્યા ભણ્યો હતો? વિદુરજીની કઈ જાતિ હતી? યાદવોના રાજા ઉગ્રસેને શો પુરુષાર્થ કર્યો હતો? કુબ્જાનું શુ સુંદર રૂપ હતુ? અને તે સુદામા બ્રાહ્મણ પાસે શુ ધન હતુ? પરતુ ભગવાન્ તો કેવળ ભક્તિથી જ પ્રસન્ન થાય છે, કારણ ભગવાન તો ભક્તિ જ જેમને પ્રિય છે એવા છે.

किं पुनर्ब्राह्मणाः पुण्या भक्ता राजर्षयस्तथा ॥
अनित्यमसुखं लोकमिमं प्राप्य भजस्व माम् ॥३३॥

પદચ્છેદઃ—किम्, पुनः, ब्राह्मणाः, पुण्याः, भक्ताः, राजर्षयः, तथा, अनित्यम्, असुखम्, लोकम्, इमम्, प्राप्य, भजस्व, माम्.

વ્યુત્પત્તિસમાસાઃ—राजानश्च ते ऋषयश्च इति राजर्षयः । न नित्यः इति अनित्यः, तम् अनित्यम् । न विद्यते सुखं यस्मिन् सः असुखः, तम् असुखम् । प्रकर्षेण आप्य इति प्राप्य ।

અન્વય અને અર્થઃ—पुनः તો પછી, भक्ताः ભક્ત એવા, पुण्याः પુણ્ય કર્મ કરનાર, ब्राह्मणाः બ્રાહ્મણો, तथा તેમજ, राजर्षयः રાજર્ષિઓ, (ઉત્તમ ગતિને પામે એમાં) किम् શું (કહેવું)?, (अतः તેથી), अनित्यम् ક્ષણભંગુર, (અને) असुखम् સુખરહિત, (એવા) इमम् આ, लोकम् લોકને, प्राप्य પામીને, माम् મને, भजस्व તું ભજ.

ભાવાર્થઃ—તો પછી પુણ્યશીલ એવા બ્રાહ્મણો, ભક્તો અને રાજર્ષિઓ ઉત્તમ ગતિને પામે એમાં તો શુ જ કહેવુ? અર્થાત્

---

१ यस्याङ्घ्रिमाश्रितवतां भवपाशहानिर्यस्याङ्घ्रिपद्मविमुखा जनिमृत्युभाज ॥
यन्नामशोधकमनन्तभवोन्मुखानां पापीयसामपि स मे शरण मुकुन्द ॥

જે પરમાત્માના ચરણકમલોનો આશ્રય કરનારાઓના સંસારરૂપી પાશની હાનિ-નિવૃત્તિ થાય છે, જે પરમાત્માના ચરણકમળથી વિમુખ લોકો (છે તે) જન્મ અને મૃત્યુને-સુખ દુ ખને ભોગવી રહ્યા છે અને જે પરમાત્માનું નામ અનેક જન્મ ધારણ કરતા-ભવાટવીમા ભટકતા પાપીઓનુ શોધક-કલ્યાણકારક (છે) તે પરમાત્મા મારુ શરણ હો.

તેઓ તો અવશ્ય રીતે મારા ભજનથી પરમ ગતિને પામે એમા સશય નથી અને તેથી ક્ષણભગુર તથા સુખરહિત એવા આ સસારમા તુ મારુ જ ભજન કર, કે જેથી તું પરમ ગતિને પામી શકે. ૩૩

અવતરણિકા:—આ પ્રમાણે પોતાની ભક્તિનુ માહાત્મ્ય બતાવતા અધ્યાયના અતમા અર્જુનને પણ પરમ ગતિની પ્રાપ્તિ માટે તેજ ઉપાય દર્શાવતા ભગવાન્ કહે છે

मन्मना भव मद्भक्तो मद्याजी मां नमस्कुरु ॥
मामेवैष्यसि युक्त्वैवमात्मानं मत्परायणः ॥ ३४ ॥


પદચ્છેદ:—મન્મના:, ભવ, મદ્ભક્ત:, મદ્યાજી, મામ્, નમ:, કુરુ, મામ્, એવ, એષ્યસિ, યુક્ત્વા, એવમ્, આત્માનમ્, મત્પરાયણ:.

વ્યુત્પત્તિસમાસા:—મયિ મન યસ્ય સ મન્મના । મમ ભક્ત ઇતિ મદ્ભક્ત । મા યજતીતિ મદ્યાજી । અહમ્ એવ પરમ્ અયન યસ્ય સ મત્પરાયણ ।


અન્વય અને અર્થ:—મન્મના મારામા (જ) મનવાળો, (અને) મદ્ભક્ત મારો (જ) ભક્ત, ભવ થા, મદ્યાજી મારુ યજન કરનારો (થા), મામ્ મને, (જ) નમ નમસ્કાર, કુરુ કર, એવમ્ એ પ્રમાણે, (કરવાથી) આત્માનમ્ ચિત્તને, યુક્ત્વા સમાહિત કરીને, મત્પરાયણ હુ જ જેનો પરમ આશ્રય છુ તેવો (થઈને, તું) મામ્ મને, એવ જ, એષ્યસિ પામીશ.

ભાવાર્થઃ—હે અર્જુન ! તું મારામાં જ મનવાળો, મારો જ ભક્ત અને મારું જ યજન કરનારો થા, તેમ મને જ નમસ્કાર કર, કારણ એ પ્રમાણે કરવાથી ચિત્તને સર્વભાવે મારામાં જ લીન કરી મારે વિષે જ એક નિષ્ઠાવાળો થઈને અન્તમાં તું મને જ પામીશ એમાં સંશય નથી. ૩૪.

ઇતિ શ્રીમદ્ભગવદ્ગીતાસૂપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે શ્રીકૃષ્ણાર્જુનસંવાદે શ્રીકૃષ્ણકાર્તાન્તિકપ્રણીતસાન્વયબોધિન્યાં
ગુર્જરટીકાયાં રાજવિદ્યારાજગુહ્યયોગો
નામ નવમોઽધ્યાયઃ



दशमोऽध्यायः ।



અવતરણિકા—સાતમા અને આઠમા અધ્યાયમા ભગવાને પોતાનું ઉપાધિવાળુ-સગુણ-તત્ત્વ, તેમજ સગુણ બ્રહ્મની ઉપાસનામા સહાયભૂત વિભૂતિઓ કહી, નવમા અધ્યાયમા નિર્ગુણ બ્રહ્મ અને નિર્ગુણ બ્રહ્મની ઉપાસનામા સહાયરૂપ વિભૂતિઓ કહી, હવે દશમા અધ્યાયમા સવિશેષ અને નિર્વિશેષ તત્ત્વની ઉપાસનામા ઉપાયરૂપ જે જે વિભૂતિઓ તથા જે જે ભાવોમા ઈશ્વરનુ ધ્યાન કરવા યોગ્ય છે તે તે ભાવો, અને પોતાનુ દુર્વિજ્ઞેય તત્ત્વ જેનુ છે તેને પણ ફરી કહેવાની જરુર માનીને ભગવાન્ શ્રીકૃષ્ણ નીચે પ્રમાણે કહે છે

श्रीभगवानुवाच । શ્રીભગવાન્ કહે છે—

भूय एव महाबाहो शृणु मे परमं वचः ॥
यत्तेऽहं प्रीयमाणाय वक्ष्यामि हितकाम्यया ॥ १ ॥

पदच्छेदः—भूयः, एव, महाबाहो, शृणु, मे, परमम्, वचः, यत्, ते, अहम्, प्रीयमाणाय, वक्ष्यामि, हितकाम्यया.

व्युत्पत्तिसमासाः—प्रीयते प्रीतिम् अनुभवतीति प्रीयमाण, तस्मै प्रीयमाणाय । काम्यते अनया इति काम्या, हितस्य काम्या इति हितकाम्या, तया हितकाम्यया ।

અન્વય અને અર્થઃ—महाबाहो હે મોટી ભુજાવાળા-અર્જુન! भूय ફરી, एव પણ, यत् જે, प्रीयमाणाय સાભળતાં પ્રીતિ અનુભવતા એવા, ते તને, हितकाम्यया હિતની ઇચ્છાથી,

વક્ષ્યામિ હું કહીશ, (તત્ તે,) મે મારું, પરમમ્ ઉત્તમ, વચઃ વચન, શૃણુ તું સાંભળ.

ભાવાર્થઃ—હે મહાબાહો ! ફરી પણ જે સાંભળવામાં પ્રીતિ અનુભવતા એવા તને હિતની ઇચ્છાથી હું કહીશ તે મારું ઉત્તમ વચન તું સાંભળ. ૧.

અવતરણિકાઃ—"આગળ આપનું તત્ત્વ અનેક વખત કહેવાઈ ગયા છતાં ફરી આપને તે જ કહેવાની શી આવશ્યકતા પડી!" એવા અર્જુનના પ્રશ્નનો ઉત્તર આપતાં ભગવાન્ શ્રીકૃષ્ણ 'પોતાનું તત્ત્વ બીજાઓથી અગમ્ય છે,' એમ કહે છેઃ

न मे विदुः सुरगणाः प्रभवं न महर्षयः ॥
अहमादिर्हि देवानां महर्षीणां च सर्वशः ॥ २ ॥

પદચ્છેદઃ—न, मे, विदुः, सुरगणाः, प्रभवम्, न, महर्षयः, अहम्, आदिः, हि, देवानाम्, महर्षीणाम्, च, सर्वशः.

વ્યુત્પત્તિસમાસાઃ—सुराणां गणाः इति सुरगणाः । प्रकर्षेण भवः इति प्रभवः, तम् प्रभवम् । महान्तश्च ते ऋषयश्च महर्षयः ।

અન્વય અને અર્થઃ—सुरगणाः દેવતાના સમૂહો, (તેમ) महर्षयः મહર્ષિઓ, (પણ) मे મારી, प्रभवम् ઉત્પત્તિને, न, विदुः જાણતા નથી, हि કારણ કે, देवानाम् દેવોનો, च અને, महर्षीणाम् મહર્ષિઓનો, (પણ) आदिः કારણરૂપ, सर्वशः બધી રીતે, अहम् હું (જ છું).

ભાવાર્થઃ—ઇન્દ્રાદિ દેવો તેમજ મહર્ષિઓ પણ મારી ઉત્પત્તિ જાણતા નથી, કારણ કે તે દેવોનું તેમજ મહર્ષિઓનું

પણ પ્રથમ કારણ હું જ છું. અર્થાત્ તેઓને ઉત્પન્ન કરનાર જ હું હોવાથી તેઓ મારી ઉત્પત્તિને સમજી શકતા નથી. ૨.

અવતરણિકા:—"જેઓ મને યથાર્થ સ્વરૂપે જાણે છે તેઓને તો મહત્ ફલ પ્રાપ્ત થાય છે," તે ભગવાન્ કહે છે

यो मामजमनादिं च वेत्ति लोकमहेश्वरम् ॥
असंमूढः स मर्त्येषु सर्वपापैः प्रमुच्यते ॥ ३ ॥

पदच्छेदः—यः, माम्, अजम्, अनादिम्, च, वेत्ति, लोकमहेश्वरम्, असंमूढः, सः, मर्त्येषु, सर्वपापैः, प्रमुच्यते.

व्युत्पत्तिसमासाः—न जायते असौ अजः, तम् अजम् । न विद्यते आदि कारणं यस्य सः अनादिः, तम् अनादिम् । महान् च असौ ईश्वरश्च महेश्वरः, लोकानां महेश्वरः इति लोकमहेश्वरः, तं लोकमहेश्वरम् । सम् सम्यक् मूढः इति संमूढः, न संमूढः इति असंमूढः । सर्वाणि च तानि पापानि च सर्वपापानि, तैः सर्वपापैः । प्रकर्षेण मुच्यते इति प्रमुच्यते ।

अन्वय अने अर्थः—यः જે, माम् મને, अजम् જન્મ-રહિત, अनादिम् જેનો કોઈ આદિ નથી એવો, च અને, लोकमहेश्वरम् લોકોના ઈશ્વરરૂપે, वेत्ति જાણે છે, सः તે, मर्त्येषु મર્ત્ય-પ્રાણિઓમાં, असंमूढः મોહરહિત (થઈને), सर्वपापैः બધાં પાપથી, प्रमुच्यते મુક્ત કરાય છે.

---

१ यो मोहाद्विष्णुमन्येन हीनदेवेन दुर्मतिः ।
साधारणं सदृङ्मूत सोऽन्त्यजो नान्त्यजोऽन्त्यजः ॥ पञ्चतन्त्रे ॥

જે દુર્બુદ્ધિવાળો માણસ ભગવાન્ શ્રી વિષ્ણુને એક વખત પણ બીજા ક્ષુદ્ર દેવતાઓ સમાન કહે છે તેજ અંત્યજ છે, પરંતુ અંત્યજ અંત્યજ નથી.

ભાવાર્થઃ—જે મનુષ્ય મને જન્મરહિત, જેનો કોઈ આદિ નથી એવો તથા સર્વલોકના મહેશ્વર તરીકે જાણે છે, તે સર્વ મનુષ્યોમાં મોહરહિત થઈને સર્વ પ્રકારનાં પાપમાંથી મુક્ત થાય છે. ૩.

અવતરણિકાઃ—ભગવાન્ 'પોતે શા કારણથી લોકમહેશ્વર છે' તેનું સ્પષ્ટીકરણ કરતાં કહે છેઃ

बुद्धिर्ज्ञानमसंमोहः क्षमा सत्यं दमः शमः ॥
सुखं दुःखं भवोऽभावो भयं चाभयमेव च ॥ ४ ॥
अहिंसा समता तुष्टिस्तपो दानं यशोऽयशः ॥
भवंति भावा भूतानां मत्त एव पृथग्विधाः ॥ ५ ॥

પદચ્છેદઃ—બુદ્ધિઃ, જ્ઞાનમ્, અસંમોહઃ, ક્ષમા, સત્યમ્, દમઃ, શમઃ, સુખમ્, દુઃખમ્, ભવઃ, અભાવઃ, ભયમ્, ચ, અભયમ્, એવ, ચ; અહિંસા, સમતા, તુષ્ટિઃ, તપઃ, દાનમ્, યશઃ, અયશઃ, ભવન્તિ, ભાવાઃ, ભૂતાનામ્, મત્તઃ, એવ, પૃથગ્વિધાઃ.

વ્યુત્પત્તિસમાસાઃ—મુહ્યન્તે અનેન ઇતિ મોહઃ, સમ્યક્ મોહઃ ઇતિ સંમોહઃ, ન સંમોહઃ ઇતિ અસંમોહઃ। ભવતીતિ ભવઃ। ભૂયતે અનેન ઇતિ ભાવઃ। ન ભાવઃ ઇતિ અભાવઃ। બિભેતિ અસ્માત્ ઇતિ ભયમ્। ન ભયમ્ ઇતિ અભયમ્। ન હિંસા ઇતિ અહિંસા। સમસ્ય ભાવઃ ઇતિ સમતા। ન યશઃ ઇતિ અયશઃ। પૃથક્ નાના વિધાઃ પ્રકારાઃ ઇતિ પૃથગ્વિધાઃ।

અન્વય અને અર્થઃ—બુદ્ધિઃ સૂક્ષ્મ અર્થના અવબોધનનું સામર્થ્ય, જ્ઞાનમ્ આત્મજ્ઞાન, અસંમોહઃ નિર્મોહપણું-તત્ત્વવા-

ચોગ્ય પદાર્થોમાં વિવેકપૂર્વક પ્રવૃત્તિ, ક્ષમા અપકાર પ્રતિ પણ ચિત્તની અવિકારતા, સત્યમ્ સત્ય, દમઃ બાહ્ય ઈન્દ્રિયોનો નિગ્રહ, શમઃ મનનો નિગ્રહ, સુખમ્ સુખ, દુઃખમ્ સંતાપ, ભવઃ ઉત્પત્તિ, અભાવઃ નાશ, ચ અને, ભયમ્ ભય, ચ અને, અભયમ્ અભય, એવ પણ, (તેમ જ) અહિંસા પ્રાણિઓને કોઈ પણ જાતની બાધા ન કરવી તે, સમતા સમાનદૃષ્ટિ, તુષ્ટિઃ પ્રાપ્ત થએલમાં સંતોષ, તપઃ તપશ્ચર્યા-ઈન્દ્રિયસંયમપૂર્વક શરીરે કષ્ટ સહન કરવું તે, દાનમ્ દાન આપવું, યશઃ યશ, અયશઃ અપયશ-અધર્મજનિત અપકીર્તિ, (ઇત્યાદિ) ભૂતાનામ્ ભૂતોના, પૃથગ્વિધાઃ અનેક પ્રકારના, ભાવાઃ ભાવો, મત્તઃ મારાથી, એવ જ, ભવન્તિ ઉત્પન્ન થાય છે.

ભાવાર્થઃ—બુદ્ધિ, જ્ઞાન, નિર્મોહતા, ક્ષમા, સત્ય, દમ, શમ, સુખ, દુઃખ, ઉત્પત્તિ, વિનાશ, ભય, અભય, અહિંસા, સમદૃષ્ટિ, સંતોષ, તપ, દાન, ધર્મજન્ય યશ, અધર્મજન્ય અપયશ, ઇત્યાદિ પ્રાણિઓના અનેક પ્રકારના ભાવો મારાથી જ (તેમના કર્મને અનુસરીને) ઉત્પન્ન થાય છે. અર્થાત્ આથી જ હું 'લોકમહેશ્વર છું,' એમ તું માન. ૪-૫.

અવતરણિકાઃ—ભગવાન્ આ પ્રમાણે પોતાની 'લોકમહેશ્વરતા' બતાવી હવે તે પોતાના 'લોકમહેશ્વરપણા'ની પરંપરા કહે છે

મહર્ષયઃ સપ્ત પૂર્વે ચત્વારો મનવસ્તથા ॥
મદ્ભાવા માનસા જાતા યેષાં લોક ઇમાઃ પ્રજાઃ ॥૬॥

---

૧ મરીચિરત્રિરાક્ષાર્ષિ પુલસ્ત્યઃ પુલહઃ ક્રતુઃ ।
વસિષ્ઠ ઇતિ સપ્તૈતે માનસા નિર્મિતા હિ વૈ ॥ મોક્ષધર્મે ॥

મરીચિ, અત્રિરા, અત્રિ, પુલસ્ત્ય, પુલહ, ક્રતુ અને વસિષ્ઠ એ સાત મહર્ષિઓ આરી માનસ સૃષ્ટિથી નિર્માણ કરેલા છે.

પદચ્છેદઃ—મહર્ષયઃ, સપ્ત, પૂર્વે, ચત્વારઃ, મનવઃ, તથા, મદ્ભાવાઃ, માનસાઃ, જાતાઃ, યેષામ્, લોકઃ, ઇમાઃ, પ્રજાઃ.

વ્યુત્પત્તિસમાસાઃ—મમ ભાવઃ પ્રભાવો યેષુ તે મદ્ભાવાઃ। મનસઃ જાતાઃ ઇતિ માનસાઃ। પ્રકર્ષેણ જાયન્તે ઇતિ પ્રજાઃ।

અન્વય અને અર્થઃ—યેષામ્ જેઓની, ઇમાઃ આ, પ્રજાઃ પ્રજાઓ, લોકે સર્વલોકમાં (છે તે), પૂર્વે સૃષ્ટિના પ્રારંભ કાલમાં (થઈ ગએલા), સપ્ત સાત, મહર્ષયઃ મહર્ષિઓ, તથા તેમજ, ચત્વારઃ ચાર, મનવઃ મનુઓ, મદ્ભાવાઃ મારા પ્રભાવથી યુકત, (મારા) માનસાઃ મનના સંકલ્પથી, જાતાઃ ઉત્પન્ન થએલા (છે).

ભાવાર્થઃ—આ લોકમાં આ સર્વ પ્રજાઓ જેમનો વિસ્તાર છે તે પૂર્વે—સૃષ્ટિના આરંભકાળમાં થએલા મરીચિપ્રભૃતિ સાત મહર્ષિઓ અને ચાર મનુઓ મારા ભાવથી યુકત અને મારા સંકલ્પથી જન્મેલા છે. અર્થાત્ મારી માનસિક પ્રજારૂપ તે મહર્ષિઓ વગેરેથી આ સર્વ પ્રજા ઉત્પન્ન થએલી છે. ૬.

અવતરણિકાઃ—એ પ્રમાણે ભગવાન્ પોતાની લોકમહેશ્વરતાથી પોતાનો અગુણ સ્વરૂપનો પ્રભાવ દર્શાવીને તેના જ્ઞાનનું ફલ કહે છે

એતાં વિભૂતિં યોગં ચ મમ યો વેત્તિ તત્ત્વતઃ ॥
સોઽવિકંપેન યોગેન યુજ્યતે નાત્ર સંશયઃ ॥ ૭ ॥

तत्र तपो वै विविधलोकनिसृसया मे आदौ सनत्वत्वपसश्च चतुःसनोऽभूत् ॥
प्रक्लप्तसंपूर्वविवृद्धिमहात्मतत्त्व सम्यग् जगाद मुनयो यदचक्षतात्मन् ॥ भागवते ॥

પ્રજા કરે છે "મેં નાના પ્રકારના લોકોને રચવા માટે તપ કર્યું તે મારા પોતાના તપના પ્રભાવથી સૃષ્ટિના આદિમાં જ ચાર નામવાળો સન (સનક, સનંદન, સનાતન અને સનત્કુમાર) ઉત્પન્ન થયો. અને પૂર્વકલ્પના પ્રલયકાળમાં નષ્ટ થએલું જે આત્મતત્ત્વ-જ્ઞાન તે તેને કહ્યું કે જે આને મુનિએ એ રીતે જોયું હતું

પદચ્છેદઃ—एताम्, विभूतिम्, योगम्, च, मम, यः, वेत्ति, तत्त्वतः, सः, अविकम्पेन, योगेन, युज्यते, न, अत्र, संशयः.

व्युत्पत्तिसमासाः—विशेषेण भूतिः इति विभूतिः, तां विभूतिम् । तत्त्वेन इति तत्त्वतः । कम्पते इति कम्पः, विशेषेण कम्पः इति विकम्पः, न विकम्पः इति अविकम्पः, तेन अविकम्पेन ।

અન્વય અને અર્થઃ—यः જે, एताम् એ, मम મારી, विभूतिम् વિભૂતિને, च તથા, योगम् યોગને, तत्त्वत. તત્ત્વપૂર્વક, वेत्ति જાણે છે, सः તે, अविकम्पेन સદા અચલ, योगेन યોગવડે, युज्यते જોડાય છે, अत्र એમાં, संशय. સંશય, न નથી.

ભાવાર્થઃ—જે મનુષ્ય એ મારી વિભૂતિને, તેમ જ યોગ—તે તે અર્થને નિર્ભાણ કરવાના સામર્થ્ય—ને યથાર્થરીતે જાણે છે, તે નિરંતર અચલ—સારી રીતે જ્ઞાનના સ્થૈર્યરૂપી—યોગ—સમાધિ વડે જોડાય છે એમાં સંશય નથી. ૭

અવતરણિકાઃ—હવે ભગવાન્ શ્રીકૃષ્ણ 'પોતાની ઉપાસનાનું સ્વરૂપ કેવી રીતનું છે,' તે જણાવે છે

अहं सर्वस्य प्रभवो मत्तः सर्वं प्रवर्तते ॥
इति मत्वा भजंते मां बुधा भावसमन्विताः ॥ ८ ॥

પદચ્છેદઃ—अहम्, सर्वस्य, प्रभवः, मत्तः, सर्वम्, प्रवर्तते, इति, मत्वा, भजन्ते, माम्, बुधाः, भावसमन्विताः.

व्युत्पत्तिसमासाः—प्रकर्षेण भवति अस्मात् इति प्रभवः । मत् इति मत्तः । प्रकर्षेण वर्तते इति प्रवर्तते । बोधन्ति इति बुधाः । भावेन सम्यक् अन्विताः इति भावसमन्विताः ।

અન્વય અને અર્થઃ—અહમ્ હું, સર્વસ્ય આખા જગતનો, પ્રભવઃ ઉત્પત્તિ (કર્ત્તા છું), મત્તઃ મારાથી, સર્વમ્ (સ્થિતિ, નાશ, ક્રિયા તથા ફલ ઇત્યાદિ લક્ષણોવાળું વિકૃતિરૂપ આ) સર્વ જગત્, પ્રવર્ત્તતે ચાલે છે, ઇતિ એ પ્રમાણે (મને સર્વાત્મા, સર્વેશ્વર, સર્વજ્ઞ, બધાનું ઉપાદાન-મૂલકારણ, સર્વનિયન્તા અને ભજવા લાયક), મત્વા માનીને, ભાવસમન્વિતાઃ પરમાર્થ તત્ત્વમાં પ્રવેશ રૂપી ભાવયુક્ત એવા, બુધાઃ જ્ઞાનીઓ, મામ્ મને, ભજન્તે ભજે છે.

ભાવાર્થઃ—હું આ આખા જગતનું ઉત્પત્તિસ્થાન છું અને મારાથી જ આ સર્વ ઉત્પત્તિ, સ્થિતિ તથા લયરૂપ વિકૃતિશીલ જગત્ ચાલે છે એમ માની, પરમાર્થ તત્ત્વમાં ભાવવાળા એવા જ્ઞાનીઓ મને ભજે છે. અર્થાત્ જ્ઞાનીઓ એ પ્રમાણેના તત્ત્વરૂપ મને સમજી મારું ભજન કરે છે. ૮.

અવતરણિકાઃ—વળી 'જ્ઞાનીઓ કેવી રીતે મારી ઉપાસના કરી આનંદ માને છે,' તે ભગવાન્ કહે છે

मच्चित्ता मद्गतप्राणा बोधयंतः परस्परम् ॥
कथयंतश्च मां नित्यं तुष्यंति च रमंति च ॥ ९ ॥

પદચ્છેદઃ—મચ્ચિત્તાઃ, મદ્ગતપ્રાણાઃ, બોધયન્તઃ, પરસ્પરમ્, કથયન્તઃ, ચ, મામ્, નિત્યમ્, તુષ્યન્તિ, ચ, રમન્તિ, ચ.

વ્યુત્પત્તિસમાસાઃ—મયિ ચિત્તં યેષાં તે મચ્ચિત્તાઃ। માં ગતાઃ પ્રાપ્તાઃ પ્રાણાઃ યેષાં તે મદ્ગતપ્રાણાઃ। બોધયન્તિ તે બોધયન્તઃ। કથયન્તિ તે કથયન્તઃ।

અન્વય અને અર્થઃ—(તેઓ) મચ્ચિત્તાઃ મારામાં જ ચિત્તવાળા, ચ અને, મદ્ગતપ્રાણાઃ મારામાં જ અર્પણ કરેલ છે

પ્રાણો જેમણે એવા, परस्परम् એક બીજાને, बोधयन्तः (શ્રુતિ વિગેરેનાં પ્રમાણોથી) બોધ કરતા, च અને, माम् મારું, कथयन्तः કીર્તન કરતા થકા, तुष्यन्ति સંતોષ પામે છે, च અને, रमन्ति આનંદ મેળવે છે.

ભાવાર્થઃ—તે મારા જ્ઞાની ઉપાસકો મારામાં જ અર્પણ કરેલ છે મન અને પ્રાણ જેમણે એવા એક બીજાને મારો જ બોધ કરતા, તેમજ મારું કીર્તન કરતા થકા તુષ્ટ થઈને પરમ આનંદને મેળવે છે. ૯.

અવતરણિકાઃ—"ઉપર પ્રમાણે ઉપાસના કરવાથી શું ફલ પ્રાપ્ત થાય છે," તે ભગવાન્ કહે છે.

तेषां सततयुक्तानां भजतां प्रीतिपूर्वकम् ॥
ददामि बुद्धियोगं तं येन मामुपयांति ते ॥ १० ॥

પદચ્છેદઃ—तेषाम्, सततयुक्तानाम्, भजताम्, प्रीतिपूर्वकम्, ददामि, बुद्धियोगम्, तम्, येन, माम्, उपयान्ति, ते.

વ્યુત્પત્તિસમાસાઃ—सततं युक्ताः इति सततयुक्ताः, तेषां सततयुक्तानाम्। भजन्ति ते भजन्तः, तेषां भजताम्। प्रीतिः पूर्वे यस्मिन् कर्माणि यथा स्यात्तथा इति प्रीतिपूर्वकम्। बुद्धेः योगः बुद्धियोगः, तम्। उप समीपे यान्ति इति उपयान्ति।

અન્વય અને અર્થઃ—सततयुक्तानाम् નિરંતર મારે વિષે આસક્ત મનવાળા, (અને) प्रीतिपूर्वकम् સ્નેહપૂર્વક, (મને) भजताम् ભજતા, तेषाम् તેઓને, तम् તે-તેવા પ્રકારનો बुद्धियोगम् બુદ્ધિયોગ, ददामि હું આપું છું, (કે) येन જે વડે, ते તેઓ, माम् મને, उपयान्ति પામે છે.

ભાવાર્થઃ—મારામાં નિરંતર આસકત ચિંત્તવાળા, અને મને જ પ્રેમપૂર્વક ભજતા એવા તે મારા ભકતોને હું મારા તત્ત્વને જાણવા માટે એવા પ્રકારનો બુદ્ધિયોગ આપું છું, કે જે યોગ વડે સહેલાઇથી તેઓ મને પામે છે. ૧૦.

અવતરણિકાઃ—"મારી પ્રાપ્તિમાં વચ્ચે નડતાં વિઘ્નોને નાશ કરવા-માટે હું મારા ભકતોને એવો બુદ્ધિયોગ આપું છું કે જેના વડે તે અજ્ઞાનનો નાશ કરી શકે છે," તે ભગવાન્ શ્રીકૃષ્ણ કહે છેઃ

[1]तेषामेवानुकंपार्थमहमज्ञानजं तमः ॥
नाशयाम्यात्मभावस्थो ज्ञानदीपेन भास्वता ॥ ११ ॥

પદચ્છેદઃ—तेषाम्, एव, अनुकम्पार्थम्, अहम्, अज्ञा-नजम्, तमः, नाशयामि, आत्मभावस्थः, ज्ञानदीपेन, भास्वता.

---

१ न शास्त्रेणापि गुरुणा दृश्यते परमेश्वरः।
दृश्यते स्वात्मनैवात्मा स्वया सत्त्वस्थया धिया ॥ वासिष्ठे ॥

આત્મસ્વરૂપ પરમેશ્વર શાસ્ત્રો ભણવાથી અથવા ગુરુસેવનથી જ દેખાઈ શકાતો નથી, પરંતુ પોતાની જ સત્ત્વગુણમાં રહેલી શુદ્ધ બુદ્ધિથી પોતાવડે જ દેખાય છે.

आदर्शो मतिमत्स्वदर्शकमयी शक्तिर्निसर्गादियता ।
दृष्टा तत्र मलापकर्षणविधिः संपाद्यते केवलम् ॥
तद्विच्छ्रेयसिणामध्यमनसः शास्त्रज्ञसंशोधने ।
सत्कर्मेश्वरमानितः स्वत इहैवात्मप्रकाशो भवेत् ॥ त्रिशिखिकात्व ॥

આરસા-દર્પણના કાચમાં સામાના રૂપને બતાવવાની શક્તિ સ્વભાવથી જ છે, પણ દેખનાર તો તેના મનને સાફ કરવાનો વિધિ જ કેવળ સંપાદન કરે છે. તે પ્રમાણે જ ચૈતન્યના પરિણામરૂપ મનના મૂલપણા-જ્ઞાનશક્તિનું શોધન તો સત્કર્મોનું સેવન અને ઈશ્વરની ભક્તિથી આ સંસારમાં પોતાની મેળે જ થાય છે અને આત્મ પ્રકાશ પણ થાય છે.

વ્યુત્પત્તિસમાસાઃ—અનુકમ્પાયૈ ઇતિ અનુકમ્પાર્થમ્ । અજ્ઞાનાત્ જાયતે ઇતિ અજ્ઞાનજમ્, તત્ અજ્ઞાનજમ્ । આત્મનઃ ભાવઃ ઇતિ આત્મભાવઃ, તસ્મિન્ તિષ્ઠતિઇતિ આત્મભાવસ્થઃ । જ્ઞાનમ્ એવ દીપઃ ઇતિ જ્ઞાનદીપઃ, તેન જ્ઞાનદીપેન। ભાઃ અસ્ય સન્તિઇતિ ભાસ્વાન્, તેન ભાસ્વતા।

અન્વય અને અર્થઃ—તેષામ્ તેઓની, એવ જ, અનુકમ્પાર્થમ્ દયાની ખાતર, આત્મભાવસ્થ (તેમના) અંતઃકરણમાં રહેલો થકો, અહમ્ હું, ભાસ્વતા પ્રકાશમાન એવા, જ્ઞાનદીપેન જ્ઞાનરૂપી દીવા વડે, અજ્ઞાનજમ્ અજ્ઞાનથી ઉત્પન્ન થયેલા, તમઃ અંધકારનો, નાશયામિ નાશ કરું છું

ભાવાર્થઃ—તેમની ઉપર દયા કરવાના હેતુથી હું તેમના અંતઃકરણમા રહીને દેદીપ્યમાન એવા જ્ઞાનરૂપી દીપકવડે તેમનો અજ્ઞાનજન્ય જે અંધકાર છે તેનો નાશ કરું છું. ૧૧.

અવતરણિકાઃ—ઉપર પ્રમાણે ભગવાન્ વાસુદેવે પોતાની વિભૂતિઓનુ જે માહાત્મ્ય કહ્યુ તે વિભૂતિઓને વિસ્તારપૂર્વક જાણવાની ઇચ્છાથી અર્જુન, ભગવાનની પ્રશંસા કરતો આપ્રમાણે પૃછવા લાગ્યોઃ

અર્જુન ઉવાચ। અર્જુન પૂછે છે—

પરં બ્રહ્મ પરં ધામ પવિત્રં પરમં ભવાન્ ॥
પુરુષં શાશ્વતં દિવ્યમાદિદેવમજં વિભુમ્ ॥ ૧૨ ॥

---

૧ તદ્ બ્રહ્મ પરમ ધામ તદ્વેદ્યમ મોક્ષકાઙ્ક્ષિણા ।
શ્રુતિવાક્યોદિત સૂક્ષ્મ તદ્વિષ્ણો પરમ પદમ્ ॥

જે મોક્ષની ઇચ્છાવાળો હોય તેણે તે બ્રહ્મરૂપ પરમ મોક્ષ ધામ કે જે શ્રુતિવેદનાં વાક્યોથી જ કહેવાય છે તે સૂક્ષ્મ શ્રી વિષ્ણુ-પરમાત્માના પરમપદનું જ ધ્યાન કરવુ જોઈએ.

आहुस्त्वामृषयः सर्वे देवर्षिर्नारदस्तथा ॥
असितो देवलो व्यासः स्वयं चैव ब्रवीषि मे ॥१३॥

પદચ્છેદઃ—परम्, ब्रह्म, परम्, धाम, पवित्रम्, परमम्, भवान्, पुरुषम्, शाश्वतम्, दिव्यम्, आदिदेवम्, अजम्, विभुम्; आहुः, त्वाम्, ऋषयः, सर्वे, देवर्षिः, नारदः, तथा, असितः, देवलः, व्यासः, स्वयम्, च, एव, ब्रवीषि, मे.

વ્યુત્પત્તિસમાસાઃ—पूयते अनेन इति पवित्रम्। पुरि शेते इति पुरुषः, तम् पुरुषम्। शश्वत् भवः शाश्वतः, तं शाश्वतम्। दिवि भवः दिव्यः, तम् दिव्यम्। आदिश्चासौ देवश्च इति आदिदेवः, तम् आदिदेवम्। न जायते इति अजः, तम् अजम्। विशेषेण भवति इति विभुः, तं विभुम्। देवानाम् ऋषिः देवर्षिः।

અન્વય અને અર્થઃ—भवान् આપ, परम् સૌથી શ્રેષ્ઠ, ब्रह्म બ્રહ્મરૂપ, परम् સૌથી શ્રેષ્ઠ, धाम સ્થાનરૂપ, (અને) परमम् પરમ, पवित्रम् પવિત્ર (છો, તેથી) त्वाम् આપને, शाश्वतम् નિત્ય, दिव्यम् દિવ્ય, आदिदेवम् સૌથી પ્રથમ દેવ, अजम् અજન્મા, (અને) विभुम् વ્યાપક, (એ પ્રમાણે) देवर्षिः દેવર્ષિ, नारदः નારદ, असितः અસિત, देवलः દેવલ, तथा તેમ, व्यासः વ્યાસ, (પણ) आहुः કહે છે, च અને, स्वयम् આપ પોતે, एव પણ, मे મને, ब्रवीषि કહો છો.

ભાવાર્થઃ—આપ સર્વોત્કૃષ્ટ બ્રહ્મ, સર્વોત્તમ દિવ્યસ્થાનરૂપ અને પરમ પવિત્ર છો તેથી જ દેવર્ષિ નારદ, અસિત, દેવલ, વ્યાસ ઇત્યાદિ આપને 'આપ નિત્ય, દિવ્ય, આદિદેવ,

અજન્મા અને પરમ વૈભવશાળી વ્યાપક ઈશ્વર છે.' એ પ્રમાણે કહે છે, અને આપ પોતે પણ મને તેમ જ કહો છો. ૧૨-૧૩.

અવતરણિકા:—"ઋષિઓએ અને આપે જ કહેલું છે એમ નહિ, પરંતુ હું પણ એ સત્ય માનું છું," એમ અર્જુન જણાવે છે:

सर्वमेतदृतं मन्ये यन्मां वदसि केशव ॥
नहि ते भगवन्व्यक्तिं विदुर्देवा न दानवाः ॥१४॥

पदच्छेदः—सर्वम्, एतत्, ऋतम्, मन्ये, यत्, माम्, वदसि, केशव, न, हि, ते, भगवन्, व्यक्तिम्, विदुः, देवाः, न, दानवाः.

व्युत्पत्तिसमासाः—भगम् ऐश्वर्यादि अस्ति अस्य इति भगवान्, तत्संबुद्धौ हे भगवन्। दनोः अपत्यानि पुमांसः दानवाः।

અન્વય અને અર્થ:—केशव હે કેશવ! (आप) यत् જે, माम् મને, वदसि કહો છો, एतत् એ, सर्वम् સઘળું, (हुं) ऋतम् सत्य, मन्ये માનું છું, हि કારણ કે, भगवन् હે ઐશ્વર્યાદિ ષડ્ગુણસંપન્ન પ્રભો! ते આપના, व्यक्तिम् પ્રભાવને, देवाः દેવો, न, विदुः જાણી શકયા નથી, (અને) दानवाः દાનવો (પણ), न, (विदुः) જાણી શકયા નથી.

ભાવાર્થ:—હે કેશવ! આપ મને જે કહો છો તે સઘળું હું સત્ય માનું છું, કારણ કે હે ભગવન્! આપના પ્રભાવને દેવો અને દૈત્યો કોઈ પણ જાણી શકયા નથી. અર્થાત્ આપ તે સર્વથી શ્રેષ્ઠ હોવાથી આપનું કથન મને સત્ય જ લાગે છે એમાં નથી. ૧૪.

અવતરણિકાઃ—" આપ સૌથી પ્રથમ હોવાથી આપ જ આપના સ્વરૂપને જાણી શકો છો, તોપણ આપના અંશભૂત રહેલી આપની વિભૂતિઓ કે જે વિભૂતિઓથી આપ વ્યાપ્ત થઇને રહેલા છો તે વિભૂતિઓ સહિત આપનું સ્વરૂપ મારા જેવાં સામાન્ય પ્રાણિઓને પણ પોતાના કલ્યાણ માટે અવશ્ય જાણવા યોગ્ય છે તો કૃપા કરીને આપ આપના સ્વરૂપના જ્ઞાન–માટે તે વિભૂતિઓનો વિસ્તાર મને કહો. " એમ અર્જુન કહે છેઃ

स्वयमेवात्मनात्मानं वेत्थ त्वं पुरुषोत्तम ॥
भतभावन भूतेश देवदेव जगत्पते ॥ १५ ॥

वक्तुमर्हस्यशेषेण दिव्या ह्यात्मविभूतयः ॥
याभिर्विभूतिभिर्लोकानिमांस्त्वं व्याप्य तिष्ठसि ॥१६॥

પદચ્છેદઃ—સ્વયમ્, એવ, આત્મના, આત્માનમ્, વેત્થ, ત્વમ્, પુરુષોત્તમ, ભૂતભાવન, ભૂતેશ, દેવદેવ, જગત્પતે; વક્તુમ્, અર્હસિ, અશેષેણ, દિવ્યાઃ, હિ, આત્મવિભૂતયઃ, યાભિઃ, વિભૂતિભિઃ, લોકાન્, ઇમાન્, ત્વમ્, વ્યાપ્ય, તિષ્ઠસિ.

વ્યુત્પત્તિસમાસાઃ—પુરુષેષુ ઉત્તમઃ ઇતિ પુરુષોત્તમઃ, તત્સંબુદ્ધૌ હે પુરુષોત્તમ । ભૂતાનિ ભાવયતિ ઉત્પાદયતિ ઇતિ ભૂતભાવનઃ, તત્સંબુદ્ધૌ હે ભૂતભાવન । ભૂતાનામ્ ઈશઃ ઇતિ ભૂતેશઃ, તત્સંબુદ્ધૌ હે ભૂતેશ । દેવાનાં દેવઃ ઇતિ દેવદેવઃ, તત્સંબુદ્ધૌ હે દેવદેવ । જગતાં પતિઃ ઇતિ જગત્પતિઃ, તત્સંબુદ્ધૌ હે જગત્પતે । ન શેષમ્ ઇતિ અશેષમ્, તેન અશેષેણ । વિશેષેણ ભવન્તિ તાઃ વિભૂતયઃ, આત્મનઃ વિભૂતયઃ ઇતિ આત્મવિભૂતયઃ । વિશેષેણ આપ્ય ઇતિ વ્યાપ્ય ।

અન્વય અને અર્થઃ—પુરુષોત્તમ હે પુરુષોમાં ઉત્તમ! ભૂતભાવન હે ભૂતોના ઉત્પાદક! ભૂતેશ હે ભૂતોના નિયંતા! દેવદેવ હે દેવોના દેવ! જગત્પતે હે વિશ્વના પાલક! (આપ) સ્વયમ્ પોતાની મેળે, એવ જ, આત્મના આત્મભાવડે, આત્માનમ્ આત્માને, વેત્થ જાણો છો, હિ તેથી, યાભિઃ જે, વિભૂતિભિઃ વિભૂતિઓવડે, ત્વમ્ આપ, ઇમાન્ આ, લોકાન્ લોકોને, વ્યાપ્ય વ્યાપીને, તિષ્ઠસિ રહો છો, (તે) દિવ્યાઃ દિવ્ય, આત્મવિભૂતયઃ આપની વિભૂતિઓ, અશેષેણ સંપૂર્ણતાથી, (મને) વક્તુમ્ કહેવાને માટે, અર્હસિ યોગ્ય છો.

ભાવાર્થઃ—હે પુરુષોત્તમ! હે ભૂતોત્પાદક! હે ભૂતેશ! હે દેવદેવ! હે વિશ્વપાલક! આપ જ પોતાની મેળે પોતાના આત્માવડે આપને પોતાને જાણો છો તેથી જે વિભૂતિઓ વડે આપ આ લોકને વ્યાપીને રહેલા છો તે આપની દિવ્ય વિભૂતિઓ સંપૂર્ણતાથી આપ મને કહો. અર્થાત્ આપ મને આપના સ્વરૂપનું જ્ઞાન થવા માટે આપની સર્વ દિવ્ય વિભૂતિઓ હું જાણી શકું તેવી કૃપા કરો. ૧૫–૧૬.

અવતરણિકાઃ—"વિભૂતિઓના જ્ઞાનથી આપ કેવા સ્વરૂપે જાણી શકાઓ છો?" એમ જાણવાની ઇચ્છાથી અર્જુન પૂછે છેઃ

कथं विद्यामहं योगिंस्त्वां सदा परिचिंतयन् ॥
केषु केषु च भावेषु चिन्त्योऽसि भगवन्मया ॥१७॥

પદચ્છેદઃ—કથમ્, વિદ્યામ્, અહમ્, યોગિન્, ત્વામ્, સદા, પરિચિન્તયન્, કેષુ, કેષુ, ચ, ભાવેષુ, ચિન્ત્યઃ, અસિ, ભગવન્, મયા.

વ્યુત્પત્તિસમાસાઃ—પરિતઃ ચિન્તયતિ ઇતિ પરિચિન્તયન્। ચિન્તિતું યોગ્યઃ ચિન્ત્યઃ।

અન્વય અને અર્થઃ—(તેમ) યોગિન્ હે યોગીરાજ! અહમ્ હું, સદા નિરંતર, ત્વામ્ આપનું, પરિચિન્તયન્ સર્વભાવથી ધ્યાન કરતો, ત્વામ્ આપને, કથમ્ કેવી રીતે, વિદ્યામ્ જાણી શકું? ચ અને, ભગવન્ હે ભગવન્! (આપ) કેષુ કયા, કેષુ કયા, ભાવેષુ ભાવોમાં, મયા મારા વડે, ચિન્ત્યઃ ધ્યાન કરવા યોગ્ય, અસિ છો?

ભાવાર્થઃ—તેમ હે યોગેશ્વર! હું નિરંતર સર્વભાવોથી આપનું ધ્યાન કરતો આપને કેવી રીતે જાણી શકું? અને હે ભગવન્! આપ કયા કયા પદાર્થોમાં મારાવડે ધ્યાન કરવા યોગ્ય છો? અર્થાત્ તે આપ કહો કે જેથી તે તે ભાવોમાં હું આપનું ચિંતવન કરું. ૧૭.

અવતરણિકાઃ—" સાતમા અને નવમા અધ્યાયમાં વિભૂતિ અને ઐશ્વર્યનું સંક્ષિપ્ત વર્ણન કર્યું છે, છતાં પણ સંક્ષેપમાં સાંભળેલી વિભૂતિઓને વિસ્તાર પૂર્વક સાંભળવાની ઇચ્છાથી અર્જુન, કહે છેઃ

विस्तरेणात्मनो योगं विभूतिं च जनार्दन ॥
भूयः कथय तृप्तिर्हि शृण्वतो नास्ति मेऽमृतम् ॥१८॥

પદચ્છેદઃ—વિસ્તરેણ, આત્મનઃ, યોગમ્, વિભૂતિમ્, ચ, જનાર્દન, ભૂયઃ, કથય, તૃપ્તિઃ, હિ, શૃણ્વતઃ, ન, અસ્તિ, મે, અમૃતમ્.

વ્યુત્પત્તિસમાસાઃ—જનનં જનઃ જન્મ, તત્ અર્દયતિ નાશયતિ ઇતિ, જનાઃ સમુદ્રસ્થદૈત્યભેદાઃ તાન્ અર્દયતિ ઇતિ, જનૈઃ અર્ધ્યતે ગમ્યતે પ્રાર્થ્યતે વા જનાર્દનઃ। તૃપ્યન્તે અનયા ઇતિ તૃપ્તિઃ। શૃણોતિ ઇતિ શૃણ્વન્, તસ્ય શૃણ્વતઃ। ન મૃતમ્ ઇતિ અમૃતમ્, તત્।

અન્વય અને અર્થઃ—(તથા) જનાર્દન હે જનાર્દન! આત્મનઃ આપના, યોગમ્ ઐશ્વર્યાતિશયરૂપ યોગ, ચ અને, વિભૂતિમ્ વિભૂતિને, ભૂયઃ ફરી, વિસ્તરેણ વિસ્તારપૂર્વક, કથય કહો, હિ કારણ કે, અમૃતમ્ (આપના મુખથી ઝરતું વાક્યરૂપી) અમૃત, શૃણ્વતઃ સાંભળતા એવા, મે મને, તૃપ્તિઃ સંતોષ, ન, અસ્તિ થતો નથી.

ભાવાર્થઃ—તથા હે જનાર્દન! આપના ઐશ્વર્યાતિશયરૂપ યોગ અને આપની વિભૂતિઓ ફરી મને વિસ્તારથી કહો, કારણ કે આપના મુખમાંથી ઝરતું વાક્યરૂપી અમૃત સાંભળતાં મને તૃપ્તિ થતી નથી. અર્થાત્ ફરી પણ વિભૂતિઓનું શ્રવણ કરાવી મને વિશેષ આનંદમગ્ન કરો. ૧૮.

અવતરણિકાઃ—ઉપર પ્રમાણે અર્જુનનું કથન સાંભળી ભગવાન્ શ્રીકૃષ્ણ હવે તેનો ઉત્તર આપે છે

શ્રીભગવાનુવાચ । શ્રીભગવાન્ કહે છે—

હન્ત ते कथयिष्यामि दिव्या ह्यात्मविभूतयः ॥
प्राधान्यतः कुरुश्रेष्ठ नास्त्यन्तो विस्तरस्य मे ॥१९॥

પદચ્છેદઃ—હન્ત, તે, કથયિષ્યામિ, દિવ્યાઃ, હિ, આત્મવિભૂતયઃ, પ્રાધાન્યતઃ, કુરુશ્રેષ્ઠ, ન, અસ્તિ, અન્તઃ, વિસ્તરસ્ય, મે.

વ્યુત્પત્તિસમાસાઃ—આત્મનઃ વિભૂતયઃ ઇતિ આત્મવિભૂતયઃ। પ્રાધાન્યેન ઇતિ પ્રાધાન્યતઃ। કુરૂણા શ્રેષ્ઠઃ ઇતિ કુરુશ્રેષ્ઠઃ, તત્સંબુદ્ધૌ હે કુરુશ્રેષ્ઠ।

---

૧ હન્તેત્યનુમતૌ હ્યેષ યત્ત્વયા પ્રાર્થિત કિલ।
તત્કરિષ્યામિ મા ભૂસ્ત્વં વ્યાકુલોઽનુમતિસ્ત્વિયમ્ ॥ સદાનન્દી ॥

'હન્ત' એ શબ્દ અનુમતિના અર્થમાં જાણવો, એટલે તેં જે પ્રાર્થના કરી છે તે પ્રમાણે હું જરૂર કરીશ, તું વ્યાકુળ ન થા! આવ અનુમતિ છે

અન્વય અને અર્થઃ—કુરુશ્રેષ્ઠ હે કુરુશ્રેષ્ઠ! પ્રાધાન્યતઃ મુખ્યત્વે કરીને રહેલી, દિવ્યાઃ દિવ્ય એવી, આત્મવિભૂતયઃ મારી પોતાની વિભૂતિઓ, (જે છે તે) તે તને, હન્ત આનંદથી, કથયિષ્યામિ હું કહીશ, હિ કારણ કે, મે મારા, વિસ્તરસ્ય (વિભૂતિઓના) વિસ્તારનો, અન્તઃ છેડો, ન, અસ્તિ નથી.

ભાવાર્થઃ—હે કુરુશ્રેષ્ઠ! મારી દિવ્ય વિભૂતિઓમાંની મુખ્ય મુખ્ય જે વિભૂતિઓ છે તે હું તને કહીશ, કારણ કે મારી વિભૂતિઓના વિસ્તારનો પારજ નથી. ૧૯.

અવતરણિકાઃ—ઉપર પ્રમાણે પ્રસ્તાવના કરીને ભગવાન્ શ્રીકૃષ્ણ હવે પોતાનાં ઐશ્વર્ય તથા વિભૂતિઓનું વર્ણન કરતાં કહે છેઃ

अहमात्मा गुडाकेश सर्वभूताशयस्थितः ॥
अहमादिश्च मध्यं च भूतानामंत एव च ॥ २० ॥

पदच्छेदः—अहम्, आत्मा, गुडाकेश, सर्वभूताशयस्थितः, अहम्, आदिः, च, मध्यम्, च, भूतानाम्, अन्तः, एव, च.

व्युत्पत्तिसमासाः—गुडाकायाः निद्रायाः ईशः नियामकः इति गुडाकेशः, तत्संबुद्धौ हे गुडाकेश। सर्वाणि च तानि भूतानि इति सर्वभूतानि, तेषाम् आशयः इति सर्वभूताशयः, तस्मिन् स्थितः इति सर्वभूताशयस्थितः।

અન્વય અને અર્થઃ—ગુડાકેશ હે નિદ્રાને જીતનાર અર્જુન! સર્વભૂતાશયસ્થિતઃ પ્રાણિમાત્રના હૃદયપ્રદેશમાં રહેલો, આત્મા આત્મા, અહમ્ હું (છું), ચ અને, ભૂતાનામ્ ભૂતોનું, આદિઃ આદિ કારણ-ઉત્પત્તિરૂપ, ચ અને, મધ્યમ્ સ્થિતિરૂપ, ચ તેમજ, અન્તઃ નાશરૂપ (પણ), અહમ્ હું, એવ જ (છું).

श्रीमद्भगवद्विभूतयः



रुद्राणां शङ्करश्चास्मि वित्तेशो यक्षरक्षसाम्।
वसूनां पावकश्चास्मि मेरुः शिखरिणामहम्॥

ભાવાર્થઃ—બાર આદિત્યોમાં વિષ્ણુ નામનો આદિત્ય હું છું, પ્રકાશક વસ્તુઓમાં કિરણોવાળો સૂર્ય હું છું, મરુત્ નામના દેવગણોમાં મરીચિ નામવાળો દેવ હું છું અને અશ્વિની ઇત્યાદિ નક્ષત્રોમાં ચંદ્રમા હું છું. ૨૧

वेदानां सामवेदोऽस्मि देवानामस्मि वासवः ॥
इंद्रियाणां मनश्चास्मि भूतानामस्मि चेतना ॥ २२॥

પદચ્છેદઃ—वेदानाम्, सामवेदः, अस्मि, देवानाम्, अस्मि, वासवः, इन्द्रियाणाम्, मनः, च, अस्मि, भूतानाम्, अस्मि, चेतना.

વ્યુત્પત્તિસમાસાઃ—वेद्यन्ते ब्रह्म एभिरिति वेदाः, तेषाम् वेदानाम्। साम्नां वेदः इति सामवेदः। वसोः अपत्यं पुमान् वासवः।

અન્વય અને અર્થઃ—(हुं), वेदानाम् વેદોમાં, सामवेदः સામવેદ, अस्मि છું, देवानाम् દેવોમાં, वासवः ઇન્દ્ર, अस्मि છું, इन्द्रियाणाम् ઇન્દ્રિયોમાં, मनः મન, अस्मि છું, च અને, भूतानाम् પ્રાણિઓમાં, चेतना જ્ઞાનશક્તિ, अस्मि છું.

ભાવાર્થઃ—વેદોમાં સામવેદ, દેવોમાં ઇન્દ્ર, ઇન્દ્રિયોમાં મન અને પ્રાણિઓમાં જે જ્ઞાનશક્તિ રહેલી છે તે હું છું. ૨૨.

रुद्राणां शंकरश्चास्मि वित्तेशो यक्षरक्षसाम् ॥
वसूनां पावकश्चास्मि मेरुः शिखरिणामहम् ॥२३॥

પદચ્છેદઃ—रुद्राणाम्, शंकरः, च, अस्मि, वित्तेशः, यक्षरक्षसाम्, वसूनाम्, पावकः, च, अस्मि, मेरुः, शिखरिणाम्, अहम्.

વ્યુત્પત્તિસમાસાઃ—रुदन्ति ते रुद्राः, तेषाम् रुद्राणाम्। शं करोति इति शंकरः। वित्तानां ईशः इति वित्तेशः। यक्षांसि च रक्षांसि च इति यक्षरक्षांसि, तेषां यक्षरक्षसाम्। पवते असौ पावकः। शिखराणि सन्ति येषां ते शिखरिणः। तेषां शिखरिणाम्।

અન્વય અને અર્થઃ—अहम् હું, रुद्राणाम् એકાદશ રુદ્રોમાં, शंकरः શંકર, च અને, यक्षरक्षसाम् યક્ષો અને રાક્ષસોમાં, वित्तेशः ધનપતિ કુબેર, अस्मि છું, (तेषु) वसूनाम् આઠ વસુઓમાં, पावकः પાવક નામનો વસુ, च અને, शिखरिणाम् પર્વતોમાં, मेरुः મેરુપર્વત, (अस्मि છું).

ભાવાર્થઃ—હું અગીઆર રુદ્રોમાં શંકર છું, યક્ષ અને રાક્ષસોમાં ધનનો અધિપતિ કુબેર છું, આઠ વસુઓમાં અગ્નિ નામનો વસુ છું અને તે જ પ્રમાણે પર્વતોમાં મેરુ નામનો પર્વત છું. ૨૩.

पुरोधसां च मुख्यं मां विद्धि पार्थ बृहस्पतिम्॥
सेनानीनामहं स्कन्दः सरसामस्मि सागरः॥२४॥

પદચ્છેદઃ—पुरोधसाम्, च, मुख्यम्, माम्, विद्धि, पार्थ, बृहस्पतिम्, सेनानीनाम्, अहम्, स्कन्दः, सरसाम्, अस्मि, सागरः.

વ્યુત્પત્તિસમાસાઃ—मुखे आदौ भवः इति मुख्यः, तं मुख्यम्। बृहतः पतिः इति बृहस्पतिः, तं बृहस्पतिम्। सेनाः नयन्ति ते सेनान्यः, तेषाम् सेनानीनाम्। स्कन्दति इति स्कन्दः। स्रियन्ते तानि सरांसि, तेषां सरसाम्। सगरस्य अपत्यानि पुमांसः सागराः, तैः कृतः इति सागरः।

અન્વય અને અર્થઃ—પાર્થ હે પાર્થ! પુરોધસામ્ પુરોહિતોમાં, મુખ્યમ્ સૌથી મુખ્ય, બૃહસ્પતિમ્ બૃહસ્પતિ, મામ્ મને, વિદ્ધિ જાણ, ચ તેમ, અહમ્ હું, સેનાનીનામ્ સેનાધિપતિઓમાં, સ્કન્દઃ કુમાર કાર્તિકેય, (છું, અને) સરસામ્ પુણ્યતીર્થરૂપ મોટાં સરોવરોમાં, સાગરઃ સમુદ્ર, અસ્મિ છું.

ભાવાર્થઃ—હે પાર્થ! પુરોહિતોમાં સૌથી મુખ્ય બૃહસ્પતિ નામના જે દેવતાઓના પુરોહિત છે તે મને તું જાણ, તેમ સેનાધિપતિઓમાં કુમાર કાર્તિકેય હું છું, અને પુણ્યતીર્થરૂપ મોટાં સરોવરોમાં સમુદ્ર હું છું એમ તું સમજ. ૨૪.

महर्षीणां भृगुरहं गिरामस्म्येकमक्षरम् ॥
यज्ञानां जपयज्ञोऽस्मि स्थावराणां हिमालयः ॥२५॥

પદચ્છેદઃ—महर्षीणाम्, भृगुः, अहम्, गिराम्, अस्मि, एकम्, अक्षरम्, यज्ञानाम्, जपयज्ञः, अस्मि, स्थावराणाम्, हिमालयः.

વ્યુત્પત્તિસમાસાઃ—महान्तश्च ते ऋषयश्च महर्षयः, तेषाम् महर्षीणाम्। जपः एव यज्ञः इति जपयज्ञः। हिमस्य आलयः इति हिमालयः।

અન્વય અને અર્થઃ—અહમ્ હું, મહર્ષીણામ્ મોટા શ્રેષ્ઠ ઋષિઓમાં, મૃગુઃ ભૃગુઋષિ (છું), ગિરામ્ વાણીઓમાં, એકમ્ એક (જ), અક્ષરમ્ અક્ષર—અવિનાશી ૐકાર, અસ્મિ (છું), યજ્ઞાનામ્ યજ્ઞોમાં, જપયજ્ઞઃ જપયજ્ઞ, અસ્મિ છું, (અને) સ્થાવરાણામ્ પર્વતોમાં, હિમાલયઃ હિમાલય (છું).

ભાવાર્થઃ—હું ઋષિઓમાં ભૃગુઋષિ છું, વાણીઓમાં અવિનાશી એવો એકાક્ષર ૐકાર છું, યજ્ઞોમા જપયજ્ઞ છું અને પર્વતોમાં હિમાલય છું. ૨૫.

अश्वत्थः सर्ववृक्षाणां देवर्षीणां च नारदः ॥
गंधर्वाणां चित्ररथः सिद्धानां कपिलो मुनिः॥२६॥

पदच्छेदः—अश्वत्थः, सर्ववृक्षाणाम्, देवर्षीणाम्, च, नारदः, गन्धर्वाणाम्, चित्ररथः, सिद्धानाम्, कपिलः, मुनिः.

व्युत्पत्तिसमासाः—सर्वे च ते वृक्षाश्च इति सर्ववृक्षाः, तेषां सर्ववृक्षाणाम्। देवानाम् ऋषयः इति देवर्षयः, तेषां देवर्षीणाम्। चित्रः विचित्रः रथः यस्य सः चित्ररथः।

અન્વય અને અર્થઃ—(વળી હું) सर्ववृक्षाणाम् સર્વ વૃક્ષોમાં, अश्वत्थः પીપળો, देवर्षीणाम् દેવર્ષિઓમાં, नारदः નારદ, गन्धर्वाणाम् ગંધર્વોમાં, चित्ररथः ચિત્રરથ, च અને, सिद्धानाम् (જન્મથી જ જેમને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, અને ઐશ્વર્યાદિ પ્રાપ્ત હોય તેવા) સિદ્ધોમાં, कपिलः કપિલ, मुनिः મુનિ, (છું).

ભાવાર્થઃ—હું સર્વ વૃક્ષોમાં પીપળો છું, દેવર્ષિઓમાં નારદ છું, ગંધર્વોમાં ચિત્રરથ નામનો ગંધર્વ છું અને જન્મથી જ પરમૈશ્વર્યાદિસંપન્ન જે સિદ્ધ લોકો છે તેમાં કપિલમુનિ નામના જે સિદ્ધ તે હું છું. ૨૬.

उच्चैःश्रवसमश्वानां विद्धि माममृतोद्भवम् ॥
ऐरावतं गजेंद्राणां नराणां च नराधिपम् ॥ २७ ॥

પદચ્છેદઃ—ઉચ્ચૈઃશ્રવસમ્, અશ્વાનામ્, વિદ્ધિ, મામ્, અમૃતોદ્ભવમ્, ઐરાવતમ્, ગજેન્દ્રાણામ્, નરાણામ્, ચ, નરાધિપમ્.

વ્યુત્પત્તિસમાસાઃ—શ્રૂયતે અનેન ઇતિ શ્રવઃ, ઉચ્ચૈઃ શ્રવસૌ યસ્ય સઃ ઉચ્ચૈઃશ્રવાઃ, તમ્ ઉચ્ચૈઃશ્રવસમ્। અમૃતાત્ અમૃતનિમિત્તમથનાદ્ ઉદ્ભવઃ ઉત્પત્તિઃ યસ્ય સઃ અમૃતોદ્ભવઃ, તમ્ અમૃતોદ્ભવમ્। ગજાનામ્ ઇન્દ્રાઃ ઇતિ ગજેન્દ્રાઃ, તેષાં ગજેન્દ્રાણામ્। અધિકં પાતિ ઇતિ અધિપઃ નરાણામ્ અધિપઃ ઇતિ નરાધિપઃ, તં નરાધિપમ્।

અન્વય અને અર્થઃ—અશ્વાનામ્ ઘોડાઓમાં, અમૃતોદ્ભવમ્ અમૃત (ભેળવવા સારુ કરવામાં આવેલા સમુદ્રમથન) માંથી ઉત્પન્ન થયેલો, ઉચ્ચૈઃશ્રવસમ્ ઉચ્ચૈઃશ્રવા નામનો ઘોડો, ગજેન્દ્રાણામ્ મોટા હાથીઓમાં, ઐરાવતમ્ ઐરાવત, ચ અને, નરાણામ્ મનુષ્યોમાં, નરાધિપમ્ નરાધિપતિ-રાજા૩૫, મામ્ મને, વિદ્ધિ તું જાણ.

ભાવાર્થઃ—ઘોડાઓમાં અમૃતમથન વખતે સમુદ્રમાંથી નીકળેલો ઉચ્ચૈઃશ્રવા નામનો જે ઘોડો તે, મોટા હાથીઓમાં ઐરાવત નામનો હાથી અને મનુષ્યોમાં મનુષ્યોનો અધિપતિ-રાજા મને તું જાણ. ૨૭

आयुधानामहं वज्रं धेनूनामस्मि कामधुक् ॥
प्रजनश्चास्मि कंदर्पः सर्पाणामस्मि वासुकिः ॥२८॥

પદચ્છેદઃ—આયુધાનામ્, અહમ્, વજ્રમ્, ધેનૂનામ્, અસ્મિ, કામધુક્, પ્રજનઃ, ચ, અસ્મિ, કન્દર્પઃ, અસ્મિ, વાસુકિઃ.

વ્યુત્પત્તિસમાસાઃ—આ સમન્તાત્ વિશેષેણ યુદ્ધ્યન્તે એભિરિતિ આયુધાનિ, તેષામ્ આયુધાનામ્ । કામાન્ દોગ્ધિ ઇતિ કામધુક્ । પ્રકર્ષેણ જનયતે ઇતિ પ્રજન । સર્પન્તે તે સર્પા , તેષામ્ સર્પાણામ્ ।

અન્વય અને અર્થઃ—આયુધાનામ્ આયુધોમા, વજ્રમ્ (દધીચિ ઋષિના હાડકાનુ બનાવેલુ) વજ્ર અહમ્ હું (છું), ધેનૂનામ્ ગાયોમા, કામધુક્ કામનાઓને આપનારી-કામદુધા નામની ગાય, અસ્મિ (હું) છુ પ્રજન પ્રજાની ઉત્પત્તિના હેતુરૂપ, કન્દર્પ કામદેવ, અસ્મિ (હું) છુ, અને સર્પાણામ્ સર્પોમા, વાસુકિ વાસુકિ નામનો સર્પ, અહમ્ હું (છું)

ભાવાર્થઃ—આયુધોમા દધીચિના અસ્થિથી બનાવેલુ વજ્ર, ગાયોમાં કામનાઓને પરિપૂર્ણ કરનાર કામદુધા ગાય, સંભોગપ્રધાન નહિ, પરંતુ માત્ર પ્રજાની ઉત્પત્તિના હેતુરૂપ કામદેવ, તથા સર્પોમા વાસુકિ નામનો જે સર્પ તે પણ હું છુ ૨૮

अनंतश्चास्मि नागानां वरुणो यादसामहम् ॥
पितॄणामर्यमा चास्मि यमः संयमतामहम् ॥ २९ ॥

પદચ્છેદઃ—અનન્તઃ, ચ, અસ્મિ, નાગાનામ્, વરુણઃ, યાદસામ્, અહમ્, પિતૄણામ્, અર્યમા, ચ, અસ્મિ, યમઃ, સંયમતામ્, અહમ્.

વ્યુત્પત્તિસમાસાઃ—ન વિદ્યતે અન્ત યસ્ય સ અનન્ત । યમયતિ ઇતિ યમ । સમ્યક્ યમયન્તિ તે સંયમન્ત , તેષા સંયમતામ્ ।

અન્વય અને અર્થ—નાગાનામ્ ઝેરરહિત સર્પોમા, અનન્ત સર્પોનો રાજા અનન્ત-શેષ, અસ્મિ છુ ચ અને, યાદસામ્

જલચરો–જલદેવતાઓમાં, વરુણઃ વરુણ, (તેમ) પિતૃણામ્ પિતૃઓમાં, અર્યમા અર્યમા, અસ્મિ છું, ચ તથા, સંયમતામ્ નિયમન કરનારાઓમાં, યમઃ યમ, અહમ્ હું (છું).

ભાવાર્થઃ—વિષરહિત સર્પોમાં તેમના રાજા અનન્ત–શેષ-ભગવાન્, જલચરો–જલદેવતાઓમાં તેમના રાજા વરુણ, પિતૃ-ઓમાં તેમના રાજા અર્યમા તથા ધર્મ, અધર્મ ઇત્યાદિથી સર્વ પ્રાણીઓ પર અનુગ્રહ નિગ્રહ કરનારાઓમાં જે યમરાજ તે હું છું. ૨૯.

प्रह्लादश्चास्मि दैत्यानां कालः कलयतामहम् ॥
मृगाणां च मृगेंद्रोऽहं वैनतेयश्च पक्षिणाम् ॥३०॥

પદચ્છેદઃ—प्रह्लादः, च, अस्मि, दैत्यानाम्, कालः, कलयताम्, अहम्, मृगाणाम्, च, मृगेन्द्रः, अहम्, वैनतेयः, च, पक्षिणाम्.

વ્યુત્પત્તિસમાસાઃ—प्रकर्षेण ह्लादते असौ प्रह्लादः। दितेः अपत्यानि पुमांसः दैत्याः, तेषां दैत्यानाम्। कलयन्ति इति कलयन्तः, तेषां कलयताम्। मृगाणाम् इन्द्रः मृगेन्द्रः। विनतायाः अपत्यं पुमान् वैनतेयः। पक्षौ स्तः येषां ते पक्षिणः, तेषां पक्षिणाम्।

અન્વય અને અર્થઃ—दैत्यानाम् દાનવોમાં, प्रह्लादः પ્રહ્લાદ, अस्मि છું, च અને, कलयताम् ગણના કરનારાઓમાં, कालः કાલ, अहम् હું (છું), च તેમ, मृगाणाम् પશુઓમાં, मृगेन्द्रः સિંહ અથવા વ્યાઘ્ર–વાઘ, च અને, पक्षिणाम् પક્ષી-ઓમાં, वैनतेयः ગરુડ, अहम् હું (છું)

ભાવાર્થઃ—દૈત્યોમાં હિરણ્યકશિપુનો પુત્ર ભક્ત પ્રહ્લાદ, ગણના કરનારાઓમાં કાલ, પશુઓમાં સિંહ કે વાઘ અને પક્ષીઓમાં ગરુડ તે પણ હું છું. ૩૦.

पवनः पवतामस्मि रामः शस्त्रभृतामहम् ॥
झषाणां मकरश्चास्मि स्रोतसामस्मि जाह्नवी ॥३१॥

પદચ્છેદઃ—પવનઃ, પવતામ્, અસ્મિ, રામઃ, શસ્ત્રભૃતામ્, અહમ્, ઝષાણામ્, મકરઃ, ચ, અસ્મિ, સ્રોતસામ્, અસ્મિ, જાહ્નવી.

વ્યુત્પત્તિસમાસાઃ—પવતે અસૌ પવનઃ। પવન્તિ તે પવન્તઃ, તેષામ્ પવતામ્। રમન્તે યોગિનઃ અસ્મિન્નિતિ રામઃ। શસ્ત્રાણિ બિભ્રતિ તે શસ્ત્રભૃતઃ, તેષાં શસ્ત્રભૃતામ્। સ્રવન્તિ તાનિ સ્રોતાંસિ, તેષામ્ સ્રોતસામ્। જહ્નોઃ અપત્યં સ્ત્રી જાહ્નવી।

અન્વય અને અર્થઃ—પવતામ્ પાવન કરનારી વસ્તુઓમાં, પવનઃ પવન, અસ્મિ છું, શસ્ત્રભૃતામ્ શસ્ત્ર ધારણ કરનારાઓમાં, રામઃ રામ, અહમ્ હું (છું), ઝષાણામ્ મત્સ્યોમાં, મકરઃ મગર, અસ્મિ છું, ચ અને, સ્રોતસામ્ પ્રવાહોમાં—નદીઓમાં, જાહ્નવી ગંગા, અસ્મિ છું.

---

૧ શસ્ત્રાસ્ત્રવતામગ્રે રામો દાશરથિર્બલિ ।
સર્વલોકદુરન્તશ્રી મહર્ષીણામ્ભૃગુર્મહાન્ ॥ મહાભા-ભી ૪૨-અધ્યા ॥

શસ્ત્ર અને અસ્ત્ર ધારણ કરનારાઓમાં અગ્રગણ્ય, સર્વ લોકોને દુઃખકારક એવા મહાન ઐશ્વર્યના નાશ કરનારા અને મહાન ઋષિઓમાં દક્ષ રાજાની પુત્રી ખ્યાતિના પતિ ભૃગુ વ્યાધ પણ 'શસ્ત્રભૃતામહમ્' છું.

ભાવાર્થઃ—પવિત્ર કરનારી સર્વ વસ્તુઓમાં પવન, શસ્ત્ર-અને અસ્ત્ર ધારણ કરનારાઓમાં રામ, માછલાંઓમાં મગર અને પ્રવાહોમાં-નદીઓમાં ભગવતી ગંગા તે હું છું. ૩૧.

सर्गाणामादिरंतश्च मध्यं चैवाहमर्जुन ॥
अध्यात्मविद्या विद्यानां वादः प्रवदतामहम् ॥३२॥

પદચ્છેદઃ—सर्गाणाम्, आदिः, अन्तः, च, मध्यम्, च, एव, अहम्, अर्जुन, अध्यात्मविद्या, विद्यानाम्, वादः, प्रवदताम्, अहम्.

---

૧ ગૌતમ મહર્ષિકૃત ન્યાયશાસ્ત્રમાં પ્રમેય ૧, પ્રમેય ૨, સંશય ૩, પ્રયોજન ૪, દૃષ્ટાંત ૫ સિદ્ધાંત ૬, અવયવ ૭, તર્ક ૮, નિર્ણય ૯ વાદ ૧૦, જલ્પ ૧૧, વિતંડા ૧૨, હેત્વાભાસ ૧૩, છલ ૧૪, જાતિ ૧૫, અને નિગ્રહસ્થાન ૧૬ એ ૧૬ પદાર્થો છે તેમાં ૧૦-૧૧-૧૨ મા પદાર્થો વાદ, જલ્પ અને વિતંડા છે તેમાં વાદ ગુરુ અથવા વૃદ્ધ જ્ઞાની સાથે જિજ્ઞાસા બુદ્ધિથી કરાય છે તથા જલ્પ અને વિતંડા દ્વારા અથવા છલ-જાતિ પક્ષ અને પ્રતિપક્ષમાં વિરોધીધર્મવાળા સાથે કરાય છે. એ વાદ, જલ્પ અને વિતંડાના લક્ષણ આ પ્રમાણે છે —

प्रमाणतर्कसाधनोपालम्भः सिद्धान्ताविरुद्धः पञ्चावयवोपपन्नः पक्षप्रतिपक्षपरिग्रहो वादः ॥१॥

પ્રમાણ અને તર્કવડે સાધન-સ્વમતસ્થાપના તથા ઉપાલંભ-પ્રતિપક્ષના ઉપદાસ-નિષેધવાળો, સિદ્ધાંતથી અવિરુદ્ધ, અને પાંચ અવયવ (પ્રતિજ્ઞા ૧, હેતુ ૨, ઉદાહરણ ૩ ઉપનય-એ પ્રકારે નહિ પણ આ પ્રકારે વિગેરે કથનથી સાધ્યનો ઉપસંહાર ૪, અને નિગમન-જે વાક્યમાં પ્રતિજ્ઞા, હેતુ ઉદાહરણ અને ઉપનય એ સાધ્યનું સમર્થન કરાય તે ય) થી સિદ્ધ હોય તે વાદ કહેવાય છે

यथोक्तोपपन्नश्छलजातिनिग्रहस्थानसाधनोपालम्भो जल्पः ॥ २ ॥

પૂર્વોક્ત-વાદના લક્ષણયુક્ત છલ (૧૪ મા પદાર્થ), જાતિ (૧૫ મા પદાર્થ) અને નિગ્રહસ્થાન (૧૬ મા પદાર્થ) થી જેમાં સાધનનો ઉપદાસ-નિષેધ કરાય તે જલ્પ કહેવાય છે

स प्रतिपक्षस्थापनाहीनो वितण्डा ॥ ३ ॥

ઉપરોક્ત તે જ જલ્પ જો પ્રતિપક્ષના સ્થાપનથી રહિત હોય તો તે વિતંડા કહેવાય છે ઇત્યાદિ ગૌતમ ન્યાયશાસ્ત્ર અધ્યાય ૧, આન્હિક ૨, સૂત્ર ૧-૨-૩.

વ્યુત્પત્તિસમાસાઃ—સૃજ્યન્તે ઇતિ સર્ગાઃ, તેષાં સર્ગાણામ્। આત્માનમ્ અધિકૃત્ય ઇતિ અધ્યાત્મમ્, અધ્યાત્મમ્ એવ વિદ્યા ઇતિ અધ્યાત્મવિદ્યા। પ્રકર્ષેણ વદન્તિ તે પ્રવદન્તઃ, તેષાં પ્રવદતામ્।

અન્વય અને અર્થઃ—અર્જુન હે અર્જુન! સર્ગાણામ્ સૃષ્ટિઓની, આદિઃ ઉત્પત્તિ, મધ્યમ્ સ્થિતિ, ચ અને, અન્તઃ લય, અહમ્ હું, એવ જ (છું, તેમ) વિદ્યાનામ્ વિદ્યાઓમાં, અધ્યાત્મવિદ્યા બ્રહ્મવિદ્યા, (અને) પ્રવદતામ્ વાદ કરનારાઓમાં, વાદઃ વાદ (પણ), અહમ્ હું (છું).

ભાવાર્થઃ—હે અર્જુન! પ્રત્યેક સૃષ્ટિની ઉત્પત્તિ, સ્થિતિ અને લય તે હું જ છું, વિદ્યાઓમાં અધ્યાત્મવિદ્યા તે હું છું અને વાદ કરનારાઓમાં વાદ, જલ્પ અને વિતંડા એ ત્રણ વાદના પ્રકારોમાં શ્રેષ્ઠ જે વાદ તે હુ છું. ૩૨.

अक्षराणामकारोऽस्मि द्वंद्वः सामासिकस्य च ॥
अहमेवाक्षयः कालो धाताऽहं विश्वतोमुखः ॥३३॥

પદચ્છેદઃ—અક્ષરાણામ્, અકારઃ, અસ્મિ, દ્વન્દ્વઃ, સામાસિકસ્ય, ચ, અહમ્, એવ, અક્ષયઃ, કાલઃ, ધાતા, અહમ્, વિશ્વતોમુખઃ.

વ્યુત્પત્તિસમાસાઃ—ન ક્ષરન્તિ તાનિ અક્ષરાણિ, તેષામ્ અક્ષરાણામ્। સમાસાનાં સમૂહઃ સામાસિકમ્, તસ્ય સામાસિકસ્ય। ક્ષીયતે ઇતિ

---

१ कालचक्रं जगच्चक्रं युगचक्रं च केशवः ।
आत्मयोगेन भगवान् परिवर्तयते ऽनिशम् ॥ उद्योगपर्व-भारते ॥

ભગવાન્ નારાયણ કાલચક્ર, જગત્ચક્ર અને યુગચક્રને પોતાના યોગબળથી અહર્નિશ પરિણામમા લાવ્યા કરે છે

क्षयः, न विद्यते क्षयः यस्य सः अक्षयः। दधाति इति धाता। विश्वतः मुखानि यस्य सः विश्वतोमुखः।

અન્વય અને અર્થઃ—अक्षराणाम् અક્ષરોમાં, अकारः અકાર, अस्मि છું च અને, सामासिकस्य અથવા સમાસોમાં, द्वन्द्वः દ્વન્દ્વનામનો સમાસ (છું), अक्षयः જેનો કદિ ક્ષય થતો નથી તેવો, कालः (આયુષ્યની ગણના કરનાર) કાલ, अहम् હું, एव જ (છું, અને) विश्वतोमुखः ચારે બાજુ મુખવાળો, धाता (સર્વ કર્મનો ફલદાતા) બ્રહ્મા (પણ), अहम् હું (છું).

ભાવાર્થઃ—અક્ષરોમાં "અ"કાર, સમાસોમાં દ્વન્દ્વનામનો સમાસ, અવિનાશી એવો કાલ, તેમ જ ચારે તરફ મુખવાળો અને સર્વકર્મનો ફલદાતા વિધાતા-બ્રહ્મા પણ હું જ છું. ૩૩.

मृत्युः सर्वहरश्चाहमुद्भवश्च भविष्यताम् ॥
कीर्तिः श्रीर्वाक्च नारीणां स्मृतिर्मेधा धृतिः क्षमा ॥३४॥

પદચ્છેદઃ—मृत्युः, सर्वहरः, च, अहम्, उद्भवः, च, भविष्यताम्, कीर्तिः, श्रीः, वाक्, च, नारीणाम्, स्मृतिः, मेधा, धृतिः, क्षमा.

વ્યુત્પત્તિસમાસાઃ—सर्वं हरति इति सर्वहरः। उद्भूयते अनेन इति उद्भवः। भविष्यन्ति ते भविष्यन्तः, तेषां भविष्यताम्।

અન્વય અને અર્થઃ—सर्वहरः બધી વસ્તુઓનો નાશ કરનાર, मृत्युः કાલ, अहम् હું (છું), च અને, भविष्यताम् ભવિષ્યમાં ઉત્પન્ન થનારાં પ્રાણિઓનો, उद्भवः ઉદ્ભવ-તે પ્રાપ્ત થવાનું કારણ (હું છું), नारीणाम् સ્ત્રીઓમાં, कीर्तिः (ધાર્મિકપણાને અંગે)

ખ્યાતિ, શ્રીઃ લક્ષ્મી, વાક્ વાણી, ચ તથા, સ્મૃતિઃ (લાંબા વખત સુધી રહેલી) સ્મરણશક્તિ, મેધા ગ્રન્થધારણાશક્તિ, ધૃતિઃ ધૈર્ય, (અને) ક્ષમા માન અને અપમાનમાં ચિત્તની અવિકારી સ્થિતિ (તે હું છું.)

ભાવાર્થઃ—સકલ વસ્તુનો નાશ કરનાર મૃત્યુ અને ભવિષ્યમા ઉત્પન્ન થનારાં પ્રાણિઓનો ઉત્કર્ષ-અભ્યુદય તે હું છું, વળી સ્ત્રીઓના સ્વરૂપોમાં કીર્તિ, લક્ષ્મી, સ્મૃતિ, બુદ્ધિ, ધીરજ અને ક્ષમા તે પણ હું જ છું. ૩૪.

बृहत्साम तथा साम्नां गायत्री छंदसामहम् ॥
मासानां मार्गशीर्षोऽहमृतूनां कुसुमाकरः ॥ ३५ ॥

પદચ્છેદઃ—बृहत्साम, तथा, साम्नाम्, गायत्री, छन्दसाम्, अहम्, मासानाम्, मार्गशीर्षः, अहम्, ऋतूनाम्, कुसुमाकरः.

વ્યુત્પત્તિસમાસાઃ—बृहत् च तत् साम च बृहत्साम। गायन्तं त्रायते इति गायत्री। मृगशीर्षेण युक्ता पौर्णमासी अस्मिन्निति मार्गशीर्षः। कुसुमानाम् आकरः इति कुसुमाकरः।

અન્વય અને અર્થઃ—તથા તેમ, साम्नाम् સામવેદની ઋચાઓમાં, बृहत्साम ("त्वमिद्धि हवामहे" ઇત્યાદિ અતિરાત્રમાં

---

१ तत्सवितुर्वरेण्यं भर्गो देवस्य धीमहि ।
धियो यो नः प्रचोदयात् ॥ सर्ववेदेषु ॥

તે સર્વ દેવાધિદેવ શ્રીસૂર્યનારાયણના વરવા યોગ્ય ઉત્કૃષ્ટ તેજ-પ્રકાશનું ધ્યાન કરીએ છીએ કે, જે અમારી બુદ્ધિને (સારી રીતે-ઉત્તમ માર્ગમાં) પ્રેરે છે.

રહેલું છેલ્લું સ્તોત્ર કે જેમાં ઈન્દ્રની સર્વેશ્વરરૂપે સ્તુતિ કરવામાં આવી છે તે) બૃહત્સામ સ્તોત્ર, (અને) છન્દસામ્ ત્રિષ્ટુપ્, જગતી, બૃહતી ઇત્યાદિ છંદોમાં, ગાયત્રી ગાયત્રી નામનો છંદ, અહમ્ હું (છું), માસાનામ્ (વર્ષના બાર) મહીનાઓમાં, માર્ગશીર્ષઃ માગશર મહીનો, અહમ્ હું (છું, અને) ઋતૂનામ્ છ ઋતુઓમાં, કુસુમાકરઃ વસન્ત ઋતુ (તે હું છું).

ભાવાર્થઃ—તેમ સામવેદની ઋચાઓમાં ઈન્દ્રની સ્તુતિરૂપે રહેલી બૃહત્સામ ઋચા, છંદોમાં ગાયત્રી છંદ, મહીનાઓમાં માગશર મહીનો અને ઋતુઓમાં વસંતઋતુ તે હું છું. ૩૫

द्यूतं छलयतामस्मि तेजस्तेजस्विनामहम् ॥
जयोऽस्मि व्यवसायोऽस्मि सत्त्वं सत्त्ववतामहम्॥३६॥

પદચ્છેદઃ—द्यूतम्, छलयताम्, अस्मि, तेजः, तेजस्विनाम्, अहम्, जयः, अस्मि, व्यवसायः, अस्मि, सत्त्वम्, सत्त्ववताम्, अहम्.

વ્યુત્પત્તિસમાસાઃ—छलयन्ति इति छलयन्तः, तेषां छलयताम् । तेजः अस्ति येषां ते तेजस्विनः, तेषां तेजस्विनाम् । जयन्ति अस्मिन् इति जयः । व्यवसीयते आत्मा अस्मिन् इति व्यवसायः । सतः भावः सत्त्वम् । सत्त्वम् अस्ति येषां ते सत्त्ववन्तः, तेषां सत्त्ववताम् ।

અન્વય અને અર્થઃ—छलयताम् પરસ્પર ઠગાઈ કરનારાઓમાં, द्यूतम् જુગાર, अस्मि છું, तेजस्विनाम् તેજધારી પુરુષોમાં, तेजः તેજ—પ્રભા, अहम् હું (છું), जयः (જયશીલ પુરુષોમાં) જય, अस्मि છું, व्यवसायः (વ્યવસાય કરનારાઓમાં)

અનન્ય વ્યવસાય-ઉદ્યમ, અસ્મિ છું (અને) સત્ત્વવતામ્ બલધારી પુરુષોમા, સત્ત્વમ્ બલ, અહમ્ હું (છું)

ભાવાર્થઃ—પરસ્પર ઠગાઈ કરનારાઓમા દ્યૂત-જુગાર રૂપે રહેલો હું છું, વળી તેજસ્વી પુરુષોમા તેજ, જયશીલ પુરુષોમા જય, ઉદ્યમનિષ્ઠોમાં અનન્ય ઉદ્યમ તથા બલવાન્ પુરુષોમા જે બલ તે પણ હું છું. ૩૬.

वृष्णीनां वासुदेवोऽस्मि पाण्डवानां धनंजयः ॥
मुनीनामप्यहं व्यासः कवीनामुशना कविः ॥३७॥

પદચ્છેદઃ—વૃષ્ણીનામ્, વાસુદેવઃ, અસ્મિ, પાણ્ડવાનામ્, ધનંજયઃ, મુનીનામ્, અપિ, અહમ્, વ્યાસઃ, કવીનામ્, ઉશના, કવિઃ.

વ્યુત્પત્તિસમાસાઃ—વસુદેવસ્ય અપત્ય પુમાન્ વાસુદેવ । પાણ્ડો અપત્યાનિ પુમાસ પાણ્ડવા, તેષામ્ પાણ્ડવાનામ્। ધન જયતિ ઇતિ ધનંજય । મનન શીલ યેષા તે મુનય, તેષા મુનીનામ્ । કવયન્તે ઇતિ કવય, તેષા કવીનામ્ ।

અન્વય અને અર્થઃ—વૃષ્ણીનામ્ યાદવોમાં, વાસુદેવ શ્રીકૃષ્ણ, અસ્મિ છું, પાણ્ડવાનામ્ પાડવોમા, ધનંજય ધનજય-અર્જુન, (હું છું) મુનીનામ્ મનનશીલ-મંત્રદ્રષ્ટા ઋષિઓમા, વ્યાસ ભગવાન્ વેદવ્યાસ, અપિ પણ, અહમ્ હું (છું, અને) કવીનામ્ ક્રાંતદર્શી કાવ્યકર્તાઓમાં, ઉશના ભગવાન્ શુક્ર નામના, કવિ કવિ (તે હું છું)

ભાવાર્થઃ—યાદવોમાં વસુદેવનો પુત્ર હું શ્રીકૃષ્ણ, પાંડવોમાં અર્જુન એટલે તું તથા મુનિઓમાં ભગવાન્ વેદવ્યાસ હું જ છું, તેમ ક્રાંતદર્શી-ભૂત વર્તમાન અને ભવિષ્ય વિશેરેને જાણનાર-કવિઓમાં ભગવાન્ શુક્રાચાર્ય નામના જે કવિ તે પણ હું છું. ૩૭.

दंडो दमयतामस्मि नीतिरस्मि जिगीषताम् ॥
मौनं चैवास्मि गुह्यानां ज्ञानं ज्ञानवतामहम् ॥३८॥

પદચ્છેદઃ—दण्डः, दमयताम्, अस्मि, नीतिः, अस्मि, जिगीषताम्, मौनम्, च, एव, अस्मि, गुह्यानाम्, ज्ञानम्, ज्ञानवताम्, अहम्.

વ્યુત્પત્તિસમાસાઃ—दण्ड्यन्ते अनेन इति दण्डः। दमयन्ति ते दमयन्तः, तेषां दमयताम्। नीयते सन्मार्गम् अनया सा नीतिः। जेतुम् इच्छन्ति ते जिगीषन्ति, जिगीषन्ति ते जिगीषन्तः, तेषाम् जिगीषताम्। मुनेः भावः कर्म वा मौनम्। गूहितुं योग्यानि गुह्यानि, तेषाम् गुह्यानाम्। ज्ञायते अनेन इति ज्ञानम्, ज्ञानम् अस्ति येषां ते ज्ञानवन्तः, तेषाम् ज्ञानवताम्।

અન્વય અને અર્થઃ—दमयताम् શાસન કરનારાઓમાં, दण्डः શાસનયોગ્ય શિક્ષા, अस्मि છું, जिगीषताम् જય પામવાની ઇચ્છાવાળાઓમાં, नीतिः જયના ઉપાયરૂપ ન્યાયપુરઃસરની પ્રણાલિકા, अस्मि છું, च તેમ, गुह्यानाम् રહસ્યો-ગુપ્ત રાખવા યોગ્ય સંન્યાસપૂર્વક શ્રવણાદિકમાં, मौनम् મૌન-નિદિધ્યાસ-મૂકભાવ, अस्मि છું. (અને) ज्ञानवताम् તત્ત્વજ્ઞાનીઓમાં ज्ञानम् જ્ઞાન, (પણ) अहम् હું (છું).

ભાવાર્થઃ—ઉલટે માર્ગે ચાલનારને શાસન કરનારા પુરુષોમાં રહેલો જે દંડ-દંડ કરવાની શક્તિ, જય મેળવવા ઇચ્છનારાઓમાં ન્યાયપુરઃસરની નીતિ, રહસ્ય ગુપ્ત રાખવા યોગ્ય સંન્યાસપૂર્વક શ્રવણાદિકમાં વાણીને નિયમમાં રાખવા રૂપ નિદિધ્યાસમૌન અને તત્ત્વજ્ઞાનીઓમાં રહેલું શ્રવણ, મનન અને નિદિધ્યાસનના પરિપાકથી ઉદ્ભવેલું અદ્વિતીય આત્મસાક્ષાત્કારરૂપ સઘળા અજ્ઞાનોનું વિરોધિ જે તત્ત્વજ્ઞાન તે પણ હું છું. ૩૮.

यच्चापि सर्वभूतानां बीजं तदहमर्जुन ॥
न तदस्ति विना यत्स्यान्मया भूतं चराचरम् ॥३९॥

પદચ્છેદઃ—यत्, च, अपि, सर्वभूतानाम्, बीजम्, तत्, अहम्, अर्जुन, न, तत्, अस्ति, विना, यत्, स्यात्, मया, भूतम्, चराचरम्.

વ્યુત્પત્તિસમાસાઃ—सर्वाणि च तानि भूतानि इति सर्वभूतानि, तेषां सर्वभूतानाम्। चरति इति चरम्, न चरति इति अचरम्, चरं च अचरं च एतयोः समाहारः चराचरम्।

અન્વય અને અર્થઃ—અર્જુન હે અર્જુન! च વળી, सर्वभूतानाम् પ્રાણિમાત્રમાં, यत् જે, बीजम् ઉત્પત્તિનું કારણ, तत् તે, अपि પણ, अहम् હું (છું), (અને તેથી) मया મારા, विना સિવાયનું, यत् જે, चराचरम् સ્થાવરજંગમ-જડ ચૈતન્ય, भूतम वस्तुमात्र, स्यात् હોય, तत् તે, न, अस्ति છે (જ) નહિ.

ભાવાર્થઃ—હે અર્જુન! વળી સર્વ પ્રાણિઓમાં જે ઉત્પત્તિનું કારણ તે પણ હું જ છું અને તેથી જડ ચૈતન્ય-સ્થાવર-

જંગમાત્મક વસ્તુમાત્ર મારા અસ્તિત્વ સિવાય કોઈ પણ ઠેકાણે છે જ નહિ એમ તું માન. ૩૯.

અવતરણિકા:—આ પ્રમાણે સંક્ષેપમા વિભૂતિયોગનું કથન કરી એ વિભૂતિયોગનો ઉપસંહાર કરતાં "તે વિભૂતિઓનું સંપૂર્ણ વર્ણન અસંખ્યતાને લઈને થઈ શકે તેમ નથી," એમ ભગવાન્ કહે છે:

नान्तोऽस्ति मम दिव्यानां विभूतीनां परंतप ॥
एष तूद्देशतः प्रोक्तो विभूतेर्विस्तरो मया ॥ ४० ॥

પદચ્છેદ:—न, अन्तः, अस्ति, मम, दिव्यानाम्, विभूतीनाम्, परंतप, एषः, तु, उद्देशतः, प्रोक्तः, विभूतेः, विस्तरः, मया.

વ્યુત્પત્તિસમાસા:—देशं—प्रस्तुतार्थम्—उत्क्रान्तः इति उद्देशः, उद्देशात् इति उद्देशतः। प्रकर्षेण उक्तः इति प्रोक्तः।

અન્વય અને અર્થ:—परंतप હે શત્રુઓને તાપ આપનાર અર્જુન! मम મારી, दिव्यानाम् દિવ્ય—ખાસ અંશભૂત, विभूतीनाम् વિભૂતિઓનો, अन्तः છેડો—સમાપ્તિ, न, अस्ति નથી, (અને) एषः આ, विभूतेः વિભૂતિનો, विस्तरः વિસ્તાર, तु તો, मया મેં उद्देशतः એકદેશમાત્ર—પ્રસ્તુત અર્થની સામાન્ય સિદ્ધિ પૂરતો, प्रोक्तः કહ્યો (છે).

ભાવાર્થ:—હે પરંતપ! મારી આવશ્યક અંશભૂત દિવ્ય વિભૂતિઓનો અસંખ્યતાને લઈને પાર આવે તેમ છેજ નહિ અને આ જે વિભૂતિઓનો વિસ્તાર મેં તને કહેલો છે તે તો માત્ર એકદેશીય—સંક્ષિપ્ત જ છે એમ તું સમજ. અર્થાત્ મારી અસંખ્ય વિભૂતિ છે એમ તું માન. ૪૦.

અવતરણિકા—એ પ્રમાણે વિભૂતિઓનુ પૃથક્ પૃથક્ વર્ણન કરી હવે ભગવાન્ એકતત્ત્વરૂપે પોતાની વિભૂતિનુ કથન કરે છે

यद्यद्विभूतिमत्सत्त्वं श्रीमदूर्जितमेव वा ॥
तत्तदेवावगच्छ त्वं मम तेजोंऽशसंभवम् ॥ ४१ ॥

પદચ્છેદઃ—यत्, यत्, विभूतिमत्, सत्त्वम्, श्रीमत्, ऊर्जितम्, एव, वा, तत्, तत्, एव, अवगच्छ, त्वम्, मम, तेजोंऽशसंभवम्.

व्युत्पत्तिसमासाः—विभूति अस्य अस्ति इति विभूतिमत्। श्री. अस्य अस्ति इति श्रीमत्। तेजस अश तेजोंऽश, तेजोंऽशात् सभवति इति तेजोंऽशसभवम्।

અન્વય અને અર્થઃ यत् यत् જે જે, विभूतिमत् ઐશ્વર્ય વાળું श्रीमत् લક્ષ્મીયુકત, वा અથવા, ऊर्जितम् બલ-વાળું, सत्त्वम् વસ્તુમાત્ર (છે) तत्, तत् તે તે, मम મારા, एव જ, तेजोंऽशसंभवम् તેજના અંશથી ઉત્પન્ન થયેલું (છે, એમ) એવ જ, (तुं) अवगच्छ જાણ.

ભાવાર્થઃ—જે જે ઐશ્વર્યયુકત, લક્ષ્મીવાળુ અથવા બલ-યુકત વસ્તુમાત્ર છે, તે સમસ્ત બધા મારા જ તેજના વિભાગથી ઉત્પન્ન થયેલુ છે એમ તું જાણ. અર્થાત્ તે સર્વ મારી જ વિભૂતિ છે એમ તું સમજ ૪૧.

અવતરણિકા—આ પ્રમાણે ભગવાન્ સક્ષેપમા અને વિસ્તારથી પોતાની વિભૂતિઓનુ વર્ણન કરી ગયા, પરતુ એ સર્વ જો થોડામા જ સમાઈ જતુ હોય તો આત્મોન્નતિ ઇચ્છનાર દરેકને એકમાત્ર તે જાણવાનુ મળે એવા હેતુથી ભગવાન્ શ્રીકૃષ્ણ સૂક્ષ્મરૂપે તે વિભૂતિને સમજાવે છે

अथवा बहुनैतेन किं ज्ञातेन तवार्जुन ॥
विष्टभ्याहमिदं कृत्स्नमेकांशेन स्थितो जगत् ॥४२॥


પદચ્છેદઃ—અથવા, બહુના, એતેન, કિમ્, જ્ઞાતેન, તવ, અર્જુન, વિષ્ટભ્ય, અહમ્, ઇદમ્, કૃત્સ્નમ્, એકાંશેન, સ્થિતઃ, જગત્

વ્યુત્પત્તિસમાસાઃ—એકશ્ચાસૌ અંશશ્ચ એકાંશઃ, તેન એકાંશેન । ગચ્છતિ ઇતિ જગત્, તત્ ।

અન્વય અને અર્થઃ—અર્જુન હે અર્જુન! અથવા અથવા, તવ તને, એતેન એ, બહુના ઘણું, જ્ઞાતેન જાણવા વડે, કિમ્ શું? અહમ્ હું, ઇદમ્ આ. કૃત્સ્નમ્ આખા, જગત્ જગતને એકાંશેન (મારા) એક (જ) અંશ વડે, વિષ્ટભ્ય ધારણ કરીને, સ્થિતઃ રહેલો (છું).

ભાવાર્થઃ—હે અર્જુન! અથવા એ બધું જાણવાથી તને શું? ટુંકામા હું આ આખા જગતને મારા એક જ અંશવડે ધારણ કરીને રહેલો છું. અર્થાત્ મારા અંશવડે સર્વ ઠેકાણે સર્વવ્યાપક થઇને હું રહેલો છું એટલે વસ્તુમાત્ર મારી વિભૂતિ છે એમ તું સમજ. ૪૨.

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे
श्रीकृष्णार्जुनसंवादे श्रीकृष्णकार्तान्तिकयणात-
सान्वय-बोधिन्यां गुर्जरटीकायां विभूति-
योगो नाम दशमोऽध्यायः ॥



एकादशोऽध्यायः ।



અવતરણિકાઃ—દશમા અધ્યાયમા ભગવાને અર્જુનને પોતાની સર્વ વિભૂતિઓ કહી સભળાવી, તે સાભળી પોતાના હૃદયમા ભગવાનની પોતાના ઉપર પરમ અલૌકિક કૃપા છે એમ માની આનદમા મગ્ન થઈ નિશ્ચેષ્ટ થએલો અર્જુન ભગવાન્ શ્રીકૃષ્ણના અલૌકિક માહાત્મ્યને જાણવાની ઇચ્છાથી અને તેમના અલૌકિક અનેક વિભૂતિમય સ્વરૂપને જોવાની ઇચ્છાથી પ્રાર્થના કરતો આ પ્રમાણે કહેવા લાગ્યો

अर्जुन उवाच । અર્જુન કહે છે—

मदनुग्रहाय परमं गुह्यमध्यात्मसंज्ञितम् ॥
यत्त्वयोक्तं वचस्तेन मोहोऽयं विगतो मम ॥ १ ॥

पदच्छेदः—मदनुग्रहाय, परमम्, गुह्यम्, अध्यात्मसंज्ञितम्, यत्, त्वया, उक्तम्, वचः, तेन, मोहः, अयम्, विगतः, मम.

व्युत्पत्तिसमासाः—मयि अनुग्रहः इति मदनुग्रहः, तस्मै मदनुग्रहाय। आत्मानम् अधिकृत्य इति अध्यात्मम्, अध्यात्मम् इति सञ्ज्ञितम् शब्दितम् इति अध्यात्मसञ्ज्ञितम्। मुह्यते अनेन इति मोहः। विशेषेण गतः इति विगतः।

---

१ रागद्वेषौ यदि स्यातां तपसा किं प्रयोजनम्।
ना उमा यदि न स्यातां तपसा किं प्रयोजनम् ॥

રાગ-પ્રીતિ-મોહ અને દ્વેષ-વેર જો હોય તો જ્ઞાનરૂપી તપ કરવાનુ પ્રયોજન છે ? અને જો એ-રાગ અને દ્વેષ જો ન હોય તો પણ તપ કરવાનુ પ્રયોજન શું ? અર્થાત્ કાઈ પણ પ્રયોજન નથિ

અન્વય અને અર્થઃ—મદનુગ્રહાય મારા ઉપરની દયાને લઈને, ગુહ્યમ્ ગુપ્ત રાખવા યોગ્ય, પરમમ્ શ્રેષ્ઠ, (અને) અધ્યાત્મ-સંજ્ઞિતમ્ 'અધ્યાત્મ' સંજ્ઞાવાળું, યત્ જે, વચઃ વચન, ત્વયા આપે, ઉક્તમ્ કહ્યું, તેન તે વડે, મમ્ મારો, અયમ્ આ-(હું હણનાર છું, અને મારાં સગાં વહાલાં મારાથી હણાઈ જશે ઇત્યાદિ)-મોહઃ શ્રમાત્મક અવિવેકબુદ્ધિરૂપી મોહ, વિગતઃ દૂર થઈ ગયો (છે).

ભાવાર્થઃ—હે ભગવન્! આ મારા ઉપરની આપની અનુકંપાને લીધે અત્યંત ગુપ્ત રાખવા લાયક અને શ્રેષ્ઠ એવા અધ્યાત્મજ્ઞાનનું જે કથન આપે કર્યું તે વડે મારો આ અવિવેકબુદ્ધિરૂપી મોહ દૂર થઈ ગયો છે. ૧.

भवाप्ययौ हि भूतानां श्रुतौ विस्तरशो मया ॥
त्वत्तः कमलपत्राक्ष माहात्म्यमपि चाव्ययम् ॥ २ ॥

पदच्छेदः—भवाप्ययौ, हि, भूतानाम्, श्रुतौ, विस्तरशः, मया, त्वत्तः, कमलपत्राक्ष, माहात्म्यम्, अपि, च, अव्ययम्.

व्युत्पत्तिसमासाः—भवन्ति प्राणिनः अस्मिन् इति भवः, आप्यायन्ते प्राणिनः अस्मिन् इति आप्ययः, भवश्च आप्ययश्च भवाप्ययौ। विस्तरेण इति विस्तरशः। त्वत इति त्वत्तः। कमलस्य पत्रे इति कमलपत्रे, कमलपत्रे इव अक्षिणी यस्य सः कमलपत्राक्षः, तत्संबुद्धौ हे कमलपत्राक्ष। महात्मनः भावः माहात्म्यम्। न विद्यते व्ययो यस्य तत् अव्ययम्।

અન્વય અને અર્થઃ—કમલપત્રાક્ષ હે કમળનાં પાંદડાં જેવી આંખોવાળા ભગવન્! भूतानाम् પ્રાણિઓનાં, भवाप्ययौ ઉત્પત્તિ અને વિનાશ, मया મેં, विस्तरशः વિસ્તારપૂર્વક, त्वत्तः

આપની પાસેથી, હિ ખરેખર, શ્રુતૌ સાંભળ્યાં, ચ અને, અવ્યયમ્ નાશરહિત, (એવું આપનું) માહાત્મ્યમ્ મહાનુભાવપણું, અપિ પણ (શ્રુતમ્ સાંભળ્યું).

ભાવાર્થઃ—હે કમલનાં પાંદડાં જેવી સુંદર આંખોવાળા ભગવન્! મેં પ્રાણિઓનાં ઉત્પત્તિ તથા વિનાશ આપની પાસેથી વિસ્તારપૂર્વક ખરેખર સાંભળ્યાં, તેમજ નાશરહિત એવું આપનું માહાત્મ્ય—મહાનુભાવપણું પણ સાંભળ્યું. ૨.

एवमेतद्यथात्थ त्वमात्मानं परमेश्वर ॥
द्रष्टुमिच्छामि ते रूपमैश्वरं पुरुषोत्तम ॥ ३ ॥

પદચ્છેદઃ—एवम्, एतत्, यथा, आत्थ, त्वम्, आत्मानम्, परमेश्वर, द्रष्टुम्, इच्छामि, ते, रूपम्, ऐश्वरम्, पुरुषोत्तम.

વ્યુત્પત્તિસમાસાઃ—परमश्चासौ ईश्वरश्च परमेश्वरः, तत्संबुद्धौ हे परमेश्वर। ईश्वरस्य इदम् ऐश्वरम्। पुरुषेषु उत्तमः पुरुषोत्तमः, तत्संबुद्धौ हे पुरुषोत्तम।

અન્વય અને અર્થઃ—परमेश्वर હે સર્વશ્રેષ્ઠ પ્રભો! त्वम् આપ, आत्मानम् (આપના) આત્મા—સ્વરૂપને, यथा જેવી રીતનો, आत्थ કહો છો, एतद् એ, एवम् એમ (જ છે, અને તેથી) पुरुषोत्तम હે પુરુષોત્તમ! ते આપના, ऐश्वरम् (જ્ઞાન, શક્તિ, બલ, વીર્ય અને તેજ ઇત્યાદિથી સંપન્ન) ઐશ્વર્યવાળા, તે रूपम् રૂપને, द्रष्टुम् જોવાને, इच्छामि હું ઇચ્છું છું.

ભાવાર્થઃ—હે પરમેશ્વર! આપ આપના આત્મા સ્વરૂપને જેવો કહો છો તેવો જ તે છે, તેથી હે પુરુષોત્તમ! આપે આપના

જે સ્વરૂપનું વર્ણન કર્યું તે આપના ઐશ્વર્યશાલી સ્વરૂપને જોવાને હું ઇચ્છું છું. ૩.

मन्यसे यदि तच्छक्यं मया द्रष्टुमिति प्रभो ॥
योगेश्वर ततो मे त्वं दर्शयात्मानमव्ययम् ॥ ४ ॥

पदच्छेदः—मन्यसे, यदि, तत्, शक्यम्, मया, द्रष्टुम्, इति, प्रभो, योगेश्वर, ततः, मे, त्वम्, दर्शय, आत्मानम्, अव्ययम्.

व्युत्पत्तिसमासाः—योगः अस्ति येषां ते योगाः (योगिनः), तेषाम् ईश्वरः योगेश्वरः, तत्संबुद्धौ हे योगेश्वर। प्रभवति सृष्टिस्थितिसंहार-प्रवेशप्रशासनेषु इति प्रभुः, तत्संबुद्धौ हे प्रभो।

अन्वय अने अर्थः—प्रभो हे सर्वशक्तिमन् प्रभो! यदि जो, तत् ते स्वरूप, मया मारा वडे, द्रष्टुम् जोवाने, शक्यम् शक्य छे, (एम) मन्यसे आप मानता हो, ततः तो, योगेश्वर हे योगीओना अधिपति! त्वम् आप, अव्ययम् अविनाशी, आत्मानम् (एवा आपना) आत्माने—स्वरूपने, मे मने, दर्शय बतावो.

भावार्थः—हे प्रभो! जो हुं आपना ते स्वरूपने जोवाने शक्तिमान् अथवा पात्र छुं एम आप मानता हो, तो हे योगेश्वर! आप आपना ते अविनाशिस्वरूपनुं मने दर्शन करावो. ४.

अवतरणिकाः—आ प्रमाणे अत्यंत भक्तिथी अर्जुन वडे प्रार्थना करायेला भगवान् श्रीकृष्ण तेने आश्वासन आपता तथा तेनी दिव्य दृष्टि खोलवाना हेतुथी तेने प्रोत्साहन आपता कहेवा लाग्या

શ્રીભગવાનુવાચ। શ્રીભગવાન્ કહે છેઃ—

પશ્ય મે પાર્થ રૂપાણિ શતશોઽથ સહસ્રશઃ ॥
નાનાવિધાનિ દિવ્યાનિ નાનાવર્ણાકૃતીનિ ચ ॥૫॥

પદચ્છેદઃ—પશ્ય, મે, પાર્થ, રૂપાણિ, શતશઃ, અથ, સહસ્રશઃ, નાનાવિધાનિ, દિવ્યાનિ, નાનાવર્ણાકૃતીનિ, ચ.

વ્યુત્પત્તિસમાસાઃ—શતાનિ શતાનિ ઇતિ શતશઃ। સહસ્રાણિ સહસ્રાણિ ઇતિ સહસ્રશઃ। નાના અનેકાઃ વિધાઃ પ્રકારાઃ યેષાં તાનિ નાનાવિધાનિ, તાનિ। વર્ણાશ્ચ આકૃતયશ્ચ ઇતિ વર્ણાકૃતયઃ, નાના વર્ણાકૃતયઃ યેષાં તાનિ નાનાવર્ણાકૃતીનિ, તાનિ।

અન્વય અને અર્થઃ—પાર્થ હે પાર્થ! નાનાવિધાનિ અનેક પ્રકારના, ચ તેમ, નાનાવર્ણાકૃતીનિ અનેક રંગ અને આકારવાળાં, મમ મારા, દિવ્યાનિ અલૌકિક, એવા શતશઃ સેંકડો, અથ અને, સહસ્રશઃ હજારો, રૂપાણિ રૂપોને, પશ્ય તું જો.

ભાવાર્થઃ—હે અર્જુન! અનેક પ્રકારનાં તેમજ જૂદા જૂદા રંગ અને આકૃતિવાળાં મારા અલૌકિક એવા સેંકડો અને હજારો અર્થાત્ અસંખ્ય સ્વરૂપોને તું જો. ૫.

અવતરણિકાઃ—તે સ્વરૂપોમા શુ શુ જોવાનુ છે તે હુકમા ભગવાન્ અર્જુનને કહે છે

---

૧ વર્તમાનમતીતં ચ ભવિષ્યત્સ્થૂલમણ્વપિ।
તથા દૂરમદૂરં ચ નિમેષ કલ્પ ઇત્યપિ ॥
ચિદાત્મનિ સ્થિતાન્યેવ પશ્ય માયાવિજૃમ્ભિતમ્ ॥ વાસિષ્ઠે ॥

હે રામ! વર્તમાન, ભૂત અને ભવિષ્ય, સ્થૂલ અને અણુ-સૂક્ષ્મ, તેમ દૂર અને સમીપ નિમેષ અને કલ્પ-એ સઘળા ચિદાત્મામા-શુદ્ધબ્રહ્મમા જ રહેલા છે અને એ સર્વ માયાનુ વિલાસન-ફેલાવો એટલે બ્રહ્મનો વિલાસ છે એમ જો।

पश्यादित्यान्वसून्रुद्रानश्विनौ मरुतस्तथा ॥
बहून्यदृष्टपूर्वाणि पश्याश्चर्याणि भारत ॥ ६ ॥

પદચ્છેદઃ—પશ્ય, આદિત્યાન્, વસૂન્, રુદ્રાન્, અશ્વિનૌ, મરુતઃ, તથા, બહૂનિ, અદૃષ્ટપૂર્વાણિ, પશ્ય, આશ્ચર્યાણિ, ભારત.

વ્યુત્પત્તિસમાસાઃ—ન દૃષ્ટાનિ ઇતિ અદૃષ્ટાનિ, પૂર્વં અદૃષ્ટાનિ ઇતિ અદૃષ્ટપૂર્વાણિ, તાનિ।

અન્વય અને અર્થઃ—ભારત હે ભારત! આદિત્યાન્ બાર સૂર્ય, વસૂન્ આઠ વસુઓ, રુદ્રાન્ એકાદશ રુદ્ર અશ્વિનૌ બે અશ્વિનીકુમાર, મરુતઃ ઓગણપચાસ વાયુ. તથા તેમજ, અદૃષ્ટપૂર્વાણિ પહેલાં કદિ નહિ જોએલાં, બહૂનિ ઘણાં, આશ્ચર્યાણિ આશ્ચર્યોને, (એમાં) પશ્ય તું જો.

ભાવાર્થઃ—હે ભરતવંશોત્પન્ન અર્જુન! બાર આદિત્ય, આઠ વસુઓ, અગિયાર રુદ્ર, બે અશ્વિનીકુમારો, ઓગણ પચાસ વાયુઓ તેમજ પહેલાં કદી જોવામાં નહિ આવેલાં એવાં ઘણાં અદ્‌ભુત આશ્ચર્યોને પણ તું મારા એ સ્વરૂપમાં જો! ૬.

इहैकस्थं जगत्कृत्स्नं पश्याद्य सचराचरम् ॥
मम देहे गुडाकेश यच्चान्यद् द्रष्टुमिच्छसि ॥ ७ ॥

પદચ્છેદઃ—ઇહ, એકસ્થમ્, જગત્, કૃત્સ્નમ્, પશ્ય, અદ્ય, સચરાચરમ્, મમ, દેહે, ગુડાકેશ, યત્, ચ, અન્યત્, દ્રષ્ટુમ્, ઇચ્છસિ.

વ્યુત્પત્તિસમાસાઃ—ગુડાકાયાઃ નિદ્રાયાઃ ઈશઃ ઇતિ ગુડાકેશઃ, તત્સંબુદ્ધૌ હે ગુડાકેશ। એકસ્મિન્ તિષ્ઠતિ ઇતિ એકસ્થમ્, તત્। ચરતિ ઇતિ ચરમ્, ન ચરતિ ઇતિ અચરમ્, ચરં ચ અચરં ચ ઇતિ ચરાચરે, ચરાચરાભ્યાં સહ વર્તમાનમ્ ઇતિ સચરાચરમ્, તત્।

અન્વય અને અર્થઃ—ગુડાકેશ હે નિદ્રાને જીતનાર-અર્જુન! અદ્ય આજ, મમ મારા, દેહે શરીરમાં, ઇહ અહીં, એકસ્થમ્ એક જ ઠેકાણે રહેલું, સચરાચરમ્ સ્થાવરજંગમાત્મક, કૃત્સ્નમ્ સમગ્ર-આખું, જગત્ વિશ્વ, ચ તેમજ, યત્ જે, અન્યત્ બીજું (કાંઈ પણ) દ્રષ્ટુમ્ જોવાને, ઇચ્છસિ ઇચ્છતો હો (તે સઘળું), પશ્ય તું જો!

ભાવાર્થઃ—હે નિદ્રાને જીતનાર અર્જુન! આ વખતે જ મારા શરીરમાં અહીં એક જ ઠેકાણે રહેલા સ્થાવરજંગમાત્મક સમગ્ર-આખા વિશ્વને, તેમજ બીજું પણ જે કઈ જોવાને ઇચ્છતો હો તે સઘળું તું જો! અર્થાત્ સર્વ વસ્તુમાત્ર તું અહીં મારા શરીરમાં જોઈ શકીશ. ૭.

અવતરણિકાઃ—આ પ્રમાણે કહેવા છતા અર્જુન લૌકિક ચક્ષુથી પોતાના સ્વરૂપને જોઈ શકશે નહીં અને ખેદ પામશે એમ સમજી ભગવાન્ તેને કહે છે

न तु मां शक्यसे द्रष्टुमनेनैव स्वचक्षुषा ॥
दिव्यं ददामि ते चक्षुः पश्य मे योगमैश्वरम् ॥८॥

પદચ્છેદઃ—न, तु, माम्, शक्यसे, द्रष्टुम्, अनेन, एव, स्वचक्षुषा, दिव्यम्, ददामि, ते, चक्षुः, पश्य, मे, योगम्, ऐश्वरम्.

વ્યુત્પત્તિસમાસાઃ—સ્વસ્ય ચક્ષુઃ સ્વચક્ષુઃ, તેન સ્વચક્ષુષા। ઈશ્વરસ્ય અયમ્ ઇતિ ઐશ્વરઃ, તમ્ ઐશ્વરમ્।

અન્વય અને અર્થઃ—તુ પરંતુ, અનેન આ, એવ જ, સ્વચક્ષુષા તારી પોતાની આંખો વડે, મામ્ મને, દ્રષ્ટુમ્ જોવાને, ન, શક્યસે તું શક્તિમાન્ નથી, (અને તેથી હું) તે તને, દિવ્યમ્ અલૌકિક-જ્ઞાનાત્મક, ચક્ષુઃ ચક્ષુ (આંખો), દદામિ આપું છું, (તે વડે) મે મારા, ઐશ્વર્યમ્ ઐશ્વર્ય-શક્તિશાળી-વિશ્વને આશ્રય આપવારૂપ લક્ષણવાળા સામર્થ્ય યુક્ત, યોગમ્ યૌગિક સ્વરૂપને, પશ્ય તું જો!

ભાવાર્થઃ—પણ આ તારા પોતાના જ ચર્મચક્ષુ-આંખો-વડે મારા એ અલૌકિક સ્વરૂપને જોવાને તું શક્તિમાન્ નથી, અને તેથી હું તને જ્ઞાનચક્ષુ આપું છું કે જે ચક્ષુ વડે મારા યૌગિક સ્વરૂપ-ઐશ્વર્યશીલ સામર્થ્યને તું જો! ૮.

અવતરણિકાઃ—ઉપરના દિવ્ય સ્વરૂપનું વર્ણન સંજય ધૃતરાષ્ટ્ર પ્રતિ ૭ શ્લોકથી હવે કરે છેઃ

સંજય ઉવાચ। સંજય કહે છેઃ-

એવમુક્ત્વા તતો રાજન્ મહાયોગેશ્વરો હરિઃ ॥
દર્શયામાસ પાર્થાય પરમં રૂપમૈશ્વરમ્ ॥ ૯ ॥

પદચ્છેદઃ—એવમ્, ઉક્ત્વા, તતઃ, રાજન્, મહાયોગેશ્વરઃ, હરિઃ, દર્શયામાસ, પાર્થાય, પરમમ્, રૂપમ્, ઐશ્વરમ્.

---

१ हरिश्चक्रे नेहसि हो वर्णे कपिशपीतयोः।
वर्णे मे हरितः पीतश्यामयोरपि कीर्तितः ॥ मेदिनीकोशे ॥

પદોમાં તેમ યજ્ઞોમાં પૃથ્વીપર જોમાનામાં આવેલું દિવ્યસ્વરૂપ હું દરણ કરું છું-ધારણ કરું છું તેમ મારો વર્ણ હરિત-કપીલાશ રંગનો જેવો છે તેથી હું હરિ એ નામથી ઓળખાયો છું.

વ્યુત્પત્તિસમાસાઃ—યોગાનામ ઈશ્વરઃ ઇતિ યોગેશ્વરઃ, મહાન્ ચાસૌ યોગેશ્વરશ્ચ ઇતિ મહાયોગેશ્વરઃ। હરતિ ઇતિ હરિઃ। ઈશ્વરસ્ય ઇદમ્ ઇતિ ઐશ્વ મ્, તત્।

અન્વય અને અર્થઃ—રાજન્ હે ૨ જા ધૃતરાષ્ટ્ર! મહાયોગેશ્વરઃ મોટા યોગીઓના ઈશ્વર, હરિઃ ભગવાન્ શ્રીકૃષ્ણ, એવમ્ એ પ્રમાણે, ઉક્ત્વા કહીને, તત. ત્યાર પછી, પાર્થાય અર્જુનને, (પોતાનુ) પરમમ્ શ્રેષ્ઠ, ઐશ્વરમ્ ઈશ્વરી, રૂપમ્ સ્વરૂપ દર્શયામાસ દેખાડવા લાગ્યા.

ભાવાર્થઃ—હે રાજા ધૃતરાષ્ટ્ર! મહાયોગેશ્વર ભગવાન્ શ્રીકૃષ્ણ, અર્જુન પ્રત્યે એ પ્રમાણે કહીને તેને પોતાના પરમ વિશ્વરૂપના દર્શન કરાવવા લાગ્યા. ૯.

અવતરણિકા—ભગવાને જે સ્વરૂપ બતાવ્યુ તે અદ્‌ભુત વિશ્વરૂપ હતુ છે તેનુ વર્ણન સન્જય ધૃતરાષ્ટ્ર પાસે કરે છે

अनेकवक्त्रनयनमनेकाद्भुतदर्शनम् ॥
अनेकदिव्याभरणं दिव्यानेकोद्यतायुधम् ॥ १० ॥

दिव्यमाल्यांबरधरं दिव्यगंधानुलेपनम् ॥
सर्वाश्चर्यमयं देवमनंतं विश्वतोमुखम् ॥ ११ ॥

પદચ્છેદઃ—અનેકવક્ત્રનયનમ્, અનેકાદ્ભુતદર્શનમ્, અનેકદિવ્યાભરણમ્, દિવ્યાનેકોદ્યતાયુધમ્; દિવ્યમાલ્યામ્બરધરમ્, દિવ્યગન્ધાનુલેપનમ્, સર્વાશ્ચર્યમયમ્, દેવમ્, અનન્તમ્, વિશ્વતોમુખમ્.

व्युत्पत्तिसमासाः—न एकं येषां तानि अनेकानि, वक्त्राणि च नयनानि च वक्त्रनयनानि, अनेकानि वक्त्रनयनानि यस्मिन् तत् अनेकवक्त्रनयनम्, तत्। अनेकानि च तानि अद्भुतानि च अनेकाद्भुतानि, अनेकाद्भुतानां दर्शनं यस्मिन् तत् अनेकाद्भुतदर्शनम्, तत्। दिव्यानि च तानि आभरणानि च दिव्याभरणानि, अनेकानि दिव्याभरणानि यस्मिन् तत् अनेकदिव्याभरणम्, तत्। उद्यतानि च तानि आयुधानि इति उद्यतायुधानि, अनेकानि च तानि उद्यतायुधानि च अनेकोद्यतायुधानि, दिव्यानि अनेकोद्यतायुधानि यस्मिन् तत् दिव्यानेकोद्यतायुधम्, तत्। माल्यानि—पुष्पमयानि रत्नमयानि च अम्बराणि च इति माल्याम्बराणि, दिव्यानि माल्याम्बराणि भ्रियन्ते येन तत् दिव्यमाल्याम्बरधरम्, तत् दिव्यमाल्याम्बरधारम्। दिव्यश्चासौ गन्धश्च इति दिव्यगन्धः, दिव्यगन्धस्य अनुलेपनं यस्मिन् तत् दिव्यगन्धानुलेपनम्, तत् दिव्यगन्धानुलेपनम्। सर्वाणि च तानि आश्चर्याणि च सर्वाश्चर्याणि, सर्वाश्चर्यं प्रचुरम् इति सर्वाश्चर्यमयम्, तत् सर्वाश्चर्यमयम्। दिव्यते प्रकाशते इति देवम्, तत् देवम्। न विद्यते अन्तः यस्य तत् अनन्तम्, तत् अनन्तम्। विश्वतः मुखानि यस्य तत् विश्वतोमुखम्, तत् विश्वतोमुखम्।

અન્વય અને અર્થઃ—अनेकवक्त्रनयनम् અસંખ્ય મુખ અને નેત્ર—આંખો—વાળા, अनेकाद्भुतदर्शनम् અસંખ્ય અલૌકિક દર્શનવાળા, अनेकदिव्याभरणम् અસંખ્ય દિવ્ય આ ભૂષણોવાળા, (अने) दिव्यानेकोद्यतायुधम् અગણિત દિવ્ય આયુધો—શસ્ત્રાસ્ત્રો જેમાં ઉગામેલાં છે તેવા, दिव्यमाल्याम्बरधरम् પુષ્પની તેમજ રત્નોની દિવ્ય માળાઓ અને વસ્ત્રો ધારણ કરેલા, दिव्यगन्धानुलेपनम् દિવ્ય સુગંધી દ્રવ્યોથી લેપન કરાયેલા, सर्वाश्चर्यमयम्

બધી જાતનાં આશ્ચર્યોવાળા, અનન્તમ્ જેનો કદી અંત ન આવી શકે તેવા, (અને) વિશ્વતોમુખમ્ ચોતરફ મુખવાળા, દેવમ્ પ્રકાશમાન એવા (દેવ શ્રીકૃષ્ણના) સ્વરૂપને અર્જુને જોયું.

ભાવાર્થઃ—તે અસંખ્ય મુખ અને આંખવાળા, અગણિત વિસ્મયકારક દૃશ્યોવાળા, અસંખ્ય દિવ્ય ભૂષણોવાળા અને અગણિત દિવ્ય આયુધો-શસ્ત્રાસ્ત્રો જેમાં ઉગામેલા છે તેવા, દિવ્ય પુષ્પની તેમજ રત્નની માળાઓ પહેરેલા, દિવ્ય સુગંધી પદાર્થોની લેપન કરાયેલા, બધી જાતનાં આશ્ચર્યોવાળા, અને અનંત તથા ચોતરફ મુખવાળા એવા પ્રકાશમાન શ્રીકૃષ્ણનાં સ્વરૂપને અર્જુને નિહાળ્યું. ૧૦-૧૧.

અવતરણિકા—અનન્તર શ્રીકૃષ્ણના વિશ્વરૂપની હાનિ પેદા પ્રમાણમાં કરી તેનું કથન કરવા અર્થ કહે છે

दिवि सूर्यसहस्रस्य भवेद्युगपदुत्थिता ॥
यदि भाः सदृशी सा स्याद्भासस्तस्य महात्मनः ॥१२॥

પદચ્છેદઃ—દિવિ, સૂર્યસહસ્રસ્ય, ભવેત્, યુગપત્, ઉત્થિતા, યદિ, ભાઃ, સદૃશી, સા, સ્યાત્, ભાસઃ, તસ્ય, મહાત્મનઃ.

વ્યુત્પત્તિનિમિત્તાઃ—સૂર્યાણાં સહસ્રમ્ ઇતિ સૂર્યસહસ્રમ્, તસ્ય સૂર્યસહસ્રસ્ય। મહાન્ આત્મા યસ્ય સ મહાત્મા, તસ્ય મહાત્મનઃ ।

विश्वरूपदर्शनम्



तत्रैकस्थं जगत्कृत्स्नं प्रविभक्तमनेकधा ।
अपश्यद्देवदेवस्य शरीरे पाण्डवस्तदा ॥

ભાવાર્થઃ—અંતરિક્ષમાં હજાર સૂર્યની એક સાથે ઉદય પામેલી કાંતિ અગર ઝળકી ઉઠે તો કદાચ તે વિશ્વાત્મા પ્રભુની કાંતિ સમાન થાય. ૧૨.

અવતરણિકાઃ—ભગવાને પહેલા "इहैकस्थं जगत्कृत्स्नम् મારા શરીરમા રહેલા આ સમગ્ર જગત્ને તું જો ! ઇત્યાદિ" જે કહેલુ હતુ તે સર્વનો અર્જુને જ્ઞાનચક્ષુ મેળવીને વાસ્તવિકમા પ્રત્યક્ષ અનુભવ કર્યો એમ સંજય ધૃતરાષ્ટ્ર પ્રતિ કહે છે

तत्रैकस्थं जगत्कृत्स्नं प्रविभक्तमनेकधा ॥
अपश्यद्देवदेवस्य शरीरे पांडवस्तदा ॥ १३ ॥

પદચ્છેદઃ—तत्र, एकस्थम्, जगत्, कृत्स्नम्, प्रविभक्तम्, अनेकधा, अपश्यत्, देवदेवस्य, शरीरे, पाण्डवः, तदा.

વ્યુત્પત્તિસમાસાઃ—एकस्मिन्तिष्ठति इति एकस्थम्, तत्। विभागशः भक्तम् इति विभक्तम्, प्रकर्षेण विभक्तम् इति प्रविभक्तम्, तत्। अनेकैः प्रकारैः इति अनेकधा। देवाना देवः इति देवदेव', तस्य देवदेवस्य।

અન્વય અને અર્થઃ—पाण्डवः અર્જુન, तदा (दिव्य चक्षुभव्या) તે વખતે, देवदेवस्य દેવોના પણ દેવ-શ્રીકૃષ્ણના, तत्र તે, शरीरे વિરાટ્ શરીરમા, एकस्थम् એક જ જગ્યાએ રહેલ, अनेकधा અનેક પ્રકારે, प्रविभक्तम् (દેવ, પિતૃ, મનુષ્યાદિ ભેદો રૂપ વિશિષ્ટ ભાગોવડે) વહેંચાયલું, कृत्स्नम् સમસ્ત, जगत् જગત્, अपश्यत् જોવા લાગ્યો.

ભાવાર્થઃ—અર્જુન તે સમયે દેવના પણ દેવ, વિશ્વાત્મા, શ્રીકૃષ્ણનાં તે વિરાટ્ શરીરમાં એક જ જગ્યાએ રહેલા તથા દેવ,

सर्वान् બધા, ऋषीन् ઋષિઓને, च તેમજ, दिव्यान् દિવ્ય, (એવા શેષ અને વાસુકી આદિ) उरगान् સર્પોને, (પણ) पश्यामि હું જોઉં છું

ભાવાર્થઃ—હે દેવ! આપના શરીરમા હું બધા દેવોને, જરાયુજ, અંડજ સ્વેદજ અને ઉદ્ભિજ ઇત્યાદિ વિશિષ્ટ પ્રાણિઓના સમૂહોને, કમલના આસન પર બેઠેલા પ્રજાપતિ બ્રહ્મદેવને તેમજ સઘળા વસિષ્ઠાદિ ઋષિઓને અને દિવ્ય એવા શેષ અને વાસુકિ વિગેરે નાગોને પણ જોઉં છું ૧૫

अनेकबाहूदरवक्त्रनेत्रं
पश्यामि त्वां सर्वतोऽनंतरूपम् ॥
नान्तं न मध्यं न पुनस्तवादिं
पश्यामि विश्वेश्वर विश्वरूप ॥ १६ ॥

पदच्छेदः—अनेकबाहूदरवक्त्रनेत्रम्, पश्यामि, त्वाम्, सर्वतः, अनन्तरूपम्, न, अन्तम्, न, मध्यम्, न, पुनः, तव, आदिम्, पश्यामि, विश्वेश्वर, विश्वरूप.

व्युत्पत्तिसमासाः—बाहवश्च उदराणि च वक्त्राणि च नेत्राणि च इति बाहूदरवक्त्रनेत्राणि, अनेकानि बाहूदरवक्त्रनेत्राणि यस्य स अनेकबाहूदरवक्त्रनेत्र, तम् अनेकबाहूदरवक्त्रनेत्रम्। सर्वस्मात

---

१ महान्त च समाकृत्य प्रधान समवस्थितम् ॥
अनन्तस्य न तस्यान्त सख्यान चापि विद्यत ॥ आदित्यपुराणे ॥

મહત્ તત્ત્વને ઉપાદિને-સ્વીકૃત કરીને જે મુખ્ય-જગતની ઉત્પત્તિકર્તા-અંત નત્ વ-સર્વત્ર રહેલ છે તે અનતનો અત-પાર નથી તેમ તેની ગણના પણ થઈ શકતી નથી.

इति सर्वतः। न विद्यते अन्तः येषां तानि अनन्तानि, अनन्तानि रूपाणि यस्य सः अनन्तरूपः, तम् अनन्तरूपम्। इष्टे असौ ईश्वरः, विश्वानाम् ईश्वरः इति विश्वेश्वरः, तत्संबुद्धौ हे विश्वेश्वर। विश्वम् एव रूपं यस्य सः विश्वरूपः, तत्संबुद्धौ हे विश्वरूप।

અન્વય અને અર્થઃ—अनेकबाहूदरवक्त्रनेत्रम् અસંખ્ય હાથ, પેટ, મુખ તથા નેત્રવાળા, (अने) सर्वतः ચોતરફથી, अनन्तरूपम् અપરિમિત સ્વરૂપવાળા, त्वाम् આપને, पश्यामि હું જોઉં છું, (परंतु) विश्वेश्वर હે વિશ્વના અધિપતિ! विश्वरूप હે વિશ્વરૂપ! तव આપના, अन्तम् છેડાને, न पश्यामि હું જોઈ શકતો નથી, (तेम) मध्यम् મધ્ય ભાગને પણ, न (पश्यामि જોઈ શકતો) નથી, અને पुनः ફરી, (આપની) आदिम् શરૂઆતને, (પણ) न (पश्यामि–હું જોઈ શકતો) નથી.

ભાવાર્થઃ—હે પ્રભો! આપને હું અસંખ્ય હાથ, પેટ, મુખ તથા નેત્રવાળા અને ચોતરફથી અપરિમિત સ્વરૂપવાળા જોઉં છું, પરંતુ હે વિશ્વના અધિપતિ! હે વિશ્વસ્વરૂપ ભગવન્! આપના અંત, મધ્ય તથા આદિભાગને હું જોઈ શકતો નથી. અર્થાત્ આપનાં એ વિરાટ્ સ્વરૂપમાં આદિ, મધ્ય અને અન્ત કયાં છે તે હું જોઈ અથવા જાણી શકતો નથી એવા મહાન્ સ્વરૂપે આપ અત્યારે રહેલા છો. ૧૬.

किरीटिनं गदिनं चक्रिणं च
तेजोराशिं सर्वतो दीप्तिमंतम् ॥
पश्यामि त्वां दुर्निरीक्ष्यं समंताद् ॥
दीप्तानलार्कद्युतिमप्रमेयम् ॥ १७ ॥

પદચ્છેદઃ—किरीटिनम्, गदिनम्, चक्रिणम्, च, तेजोराशिम्, सर्वतः, दीप्तिमन्तम्, पश्यामि, त्वाम्, दुर्निरीक्ष्यम्, समन्तात्, दीप्तानलार्कद्युतिम्, अप्रमेयम्.

व्युत्पत्तिसमासाः—किरीटः अस्य अस्ति इति किरीटी, तं किरीटिनम्। गदा अस्य अस्ति इति गदी, तं गदिनम्। चक्रम् अस्य अस्ति इति चक्री, तं चक्रिणम्। तनसां राशिः इति तेजोराशिः, तं तेजोराशिम्। सर्वस्मात् इति सर्वत। दीप्तिः अस्य अस्ति इति दीप्तिमान्, तं दीप्तिमन्तम्। दुःखेन निरीक्षितुं शक्यः दुर्निरीक्ष्यः, तम्। अनलश्च अर्कश्च अनलार्कौ, दीप्तौ च तौ अनलार्कौ च दीप्तानलार्कौ, तयोः द्युतिरिव द्युतिर्यस्य सः दीप्तानलार्कद्युतिः, तम्।

અન્વય અને અર્થઃ—(હે પ્રભો!) त्वाम् આપને, किरीटिनम् મસ્તકમાં કિરીટ—મુકુટવાળા, गदिनम् એ કહાથમાં ગદાવાળા, च તથા, चक्रिणम् બીજા હાથમાં ચક્રવાળા, तेजोराशिम् તેજના પુંજરૂપ सर्वत ચોતરફથી, दीप्तिमन्तम् કાંતિવાળા, दुर्निरीक्ष्यम् ઘણા કષ્ટથી જોઈ શકાય તેવા दीप्तानलार्कद्युतिम् દેદીપ્યમાન અગ્નિ અને સૂર્યના જેવી પ્રભાવાળા, (અને) अप्रमेयम् જેનું પ્રમાણ—માપ ન કરી શકાય તેવા, पश्यामि હું જોઉં છું.

ભાવાર્થઃ—હે પ્રભો! આપને કિરીટ—મુકુટ, ગદા, ચક્ર ઇત્યાદિ આયુધો ધારણ કરેલા, તેજના પુંજરૂપ, ચોતરફથી દેદિપ્યમાન કાંતિવાળા, અત્યંત તેજથી ઘણા કષ્ટ વડે જોઈ શકાય તેવા, પ્રદીપ્ત અગ્નિ અને સૂર્યનારાયણના જેવી પ્રભાવાળા, તથા જેમનું માપ થઈ શકે નહિ તેવા પ્રમાણરહિત હું જોઉં છું. ૧૭.

અવતરણિકાઃ—" ભગવાનનું એ અદ્ભુત સ્વરૂપ જોઈને અનુમાન કરનો અર્જુન પ્રાર્થનાપૂર્વક ભગવાન શ્રીકૃષ્ણ પ્રતિ કહે છે

त्वमक्षरं परमं वेदितव्यं
त्वमस्य विश्वस्य परं निधानम् ॥
त्वमव्ययः शाश्वतधर्मगोप्ता
सनातनस्त्वं पुरुषो मतो मे ॥ १८ ॥

પદચ્છેદઃ—त्वम्, अक्षरम्, परमम्, वेदितव्यम्, त्वम्, अस्य, विश्वस्य, परम्, निधानम्, त्वम्, अव्ययः, शाश्वतधर्मगोप्ता, सनातनः, त्वम्, पुरुषः, मतः, मे.

व्युत्पत्तिसमासाः—न क्षरतिति अक्षरम्। वेदितुं योग्यम् वेदितव्यम्। नितान्तं धीयते अस्मिन् इति निधानम्। न विद्यते व्ययः यस्य सः अव्ययः। शाश्वतश्चासौ धर्मश्च इति शाश्वतधर्मः, तं गोपायति इति शाश्वतधर्मगोप्ता।

અન્વય અને અર્થઃ—त्वम् આપ, अक्षरम् જેનો કદિ ક્ષય-નાશ થાય નહિ તેવા, परमम् સર્વોત્કૃષ્ટ. वेदितव्यम् જાણવા યોગ્ય (બ્રહ્મ) છો, त्वम् આપ, अस्य આ, विश्वस्य જગતના, परम् સર્વોત્તમ, निधानम् આશ્રય છો, त्वम् આપ, अव्ययः નાશરહિત, (અને) शाश्वतधर्मगोता સનાતન ધર્મનું રક્ષણ કરનાર (છો, તેમજ) त्वम् આપ, सनातनः ચિરંતન-પુરાણા, पुरुषः પુરુષરૂપે, मे મારા, मतः મનાયલા છો.

ભાવાર્થઃ—આપ જેનો કદી નાશ ન થાય તેવા ઉત્તમ જાણવાયોગ્ય બ્રહ્મસ્વરૂપ છો, આપ જ આ જગતના મોટા આશ્રય છો, તેમ જ નાશરહિત, સનાતન ધર્મનું રક્ષણ કરનાર તથા પુરાણપુરુષરૂપે આપ જ મારાથી મનાયલા છો. ૧૮.

अनादिमध्यांतमनंतवीर्य-
मनंतबाहुं शशिसूर्यनेत्रम् ॥
पश्यामि त्वा दीप्तहुताशवक्त्रं
स्वतेजसा विश्वमिदं तपंतम् ॥ १९ ॥

પદચ્છેદઃ—अनादिमध्यान्तम्, अनन्तवीर्यम्, अनन्त बाहुम्, शशिसूर्यनेत्रम्, पश्यामि, त्वाम्, दीप्तहुताशवक्त्रम्, स्वतेजसा, विश्वम्, इदम्, तपन्तम्.

व्युत्पत्तिसमासाः—आदिश्च मध्यश्च अन्तश्च इति आदिम ध्यान्ता, न विद्यन्ते आदिमध्यान्ता यस्य स अनादिमध्यान्त, तम् अनादिमध्यान्तम्। न विद्यते अन्त यस्य तत् अनन्तम्, अनन्तम् वीर्यम् यस्य स अनन्तवीर्य, तम् अनन्तवीर्यम्। न विद्यते अन्त येषा ते अनन्ता, अनन्ता बाहव यस्य स अनन्तबाहु, तम् अनन्तबाहुम। शशिश्च सूर्यश्च इति शशिसूर्यौ, शशिसूर्यौ एव नेत्रे यस्य स शशि-सूर्यनेत्र, त शशिसूर्यनेत्रम्। हुतम् अश्नाति इति हुताश, दीप्तश्चासौ हुताशश्च इति दीप्तहुताश, दीप्तहुताश वक्त्र यस्य स दीप्तहुताश वक्त्र, त दीप्तहुताशवक्त्रम्। स्वस्य तेज इति स्वतेज, तेन स्वतेजसा। तपति इति तपन्, तम् तपन्तम्।

અન્વય અને અર્થઃ—(વળી) त्वाम् આપને, अनादि मध्यान्तम् જેની શરુઆત, મધ્યાવસ્થા કે અંત નથી તેવા, अनन्तवीर्यम् અપરિમિત વીર્યવાળા, अनन्तबाहुम् અસંખ્ય હાથ વાળા, शशिसूर्यनेत्रम् ચંદ્ર અને સૂર્ય જેમના નેત્રો છે એવા,

દીપ્તહુતાશવક્ત્રમ્ સળગતા અગ્નિરૂપ મુખવાળા, (અને) સ્વતેજસા પોતાના તેજથી, ઇદમ્ આ, વિશ્વમ્ જગતને, તપન્તમ્ તપાવતા, (એવા) પશ્યામિ હું જોઉં છું

ભાવાર્થઃ—વળી આપને આદિ, મધ્ય કે અત્યાવસ્થા રહિત, અપરિમિત બલવાળા, અસંખ્ય હાથવાળા, ચંદ્ર અને સૂર્યરૂપી નેત્રવાળા, પ્રદીપ્ત કરેલા અગ્નિસમાન જ્વલત મુખવાળા તેમજ પોતાના તેજથી આ આખા જગતને તપાવતા-પ્રકાશિત કરતા એવા હું જોઉં છુ. ૧૯

द्यावापृथिव्योरिदमंतरं हि
व्याप्तं त्वयैकेन दिशश्च सर्वाः ॥
दृष्ट्वाद्भुतं रूपमुग्रं तवेदं
लोकत्रयं प्रव्यथितं महात्मन् ॥ २० ॥

પદચ્છેદઃ—द्यावापृथिव्योः, इदम्, अन्तरम्, हि, व्याप्तम्, त्वया, एकेन, दिशः, च, सर्वाः, दृष्ट्वा, अद्भुतम्, रूपम्, उग्रम्, तव, इदम्, लोकत्रयम्, प्रव्यथितम्, महात्मन.

વ્યુત્પત્તિસમાસાઃ—द्यौश्च पृथिवी च द्यावापृथिवी, तयो द्यावापृथिव्योः । लोकाना त्रयम् इति लोकत्रयम् । प्रकर्षेण व्यथितम् इति प्रव्यथितम् । महान् आत्मा यस्य स महात्मा, तत्सबुद्धौ हे महात्मन् ।

અન્વય અને અર્થઃ—द्यावापृथिव्योः આકાશ અને પૃથ્વીનું, इदम् આ, अन्तरम् અંતરાલ-મધ્ય, त्वया આપ, एकेन એક વડે, हि વ્યાપ્તમ્ વ્યાપ્ત થઇ ગયુ (છે), च તેમ, सर्वाः બધી

દિશઃ દિશાઓ, (પણ વ્યાપ્ત થઈ છે,) હિ જેથી, તવ આપનું, ઇદમ્ આ, અદ્ભુતમ્ અલૌકિક, ઉગ્રમ્ ઉગ્ર, રૂપમ્ સ્વરૂપ, દૃષ્ટ્વા જોઈને, મહાત્મન્ હે ઉદારચરિત ભગવન્! લોકત્રયમ્ સ્વર્ગ, મૃત્યુ અને પાતાલ-એ ત્રણે લોક, પ્રવ્યથિતમ્ ભયભિત (થઈ ગયા છે).

ભાવાર્થઃ—અંતરિક્ષ અને પૃથ્વી વચ્ચેનું આ સઘળું અંતર-મધ્ય તેમજ સર્વ દિશાઓ પણ આપ એકલાથી જ વ્યાપ્ત થઈ ગયાં છે, જેથી આપના આ અલૌકિક ઉગ્ર સ્વરૂપને જોઈને હે ઉદાર ચરિત ભગવન્! આ સ્વર્ગ, મૃત્યુ અને પાતાલ એ ત્રણે લોક ભયભીત થઈ ગયા છે. ૨૦

અવતરણિકાઃ—યુદ્ધના આરંભમા વિષાદ ઉત્પન્ન થતી વખતે અર્જુને જે કહ્યું હતુ કે, " **यद्वा जयेम यदि वा नो जयेयुः**—એ પણ અમે જાણતા નથી કે અમે તેમને જીતીશુ કે તેઓ અમને જીતશે ? ઇત્યાદિ," તે સંશયની ભગવાન્નુ વિશ્વરૂપ નિવૃત્તિ કરે છે, તે જોઈને અર્જુન કહે છેઃ

अमी हि त्वां सुरसंघा विशंति
केचिद्भीताः प्रांजलयो गृणंति ॥
स्वस्तीत्युक्त्वा महर्षिसिद्धसंघाः
स्तुवंति त्वां स्तुतिभिः पुष्कलाभिः ॥२१॥

પદચ્છેદઃ—અમી, હિ, ત્વામ્, સુરસંઘાઃ, વિશન્તિ, કેચિત્, ભીતાઃ, પ્રાઞ્જલયઃ, ગૃણન્તિ, સ્વસ્તિ, ઇતિ, ઉક્ત્વા, મહર્ષિસિદ્ધસંઘાઃ, સ્તુવન્તિ, ત્વામ્, સ્તુતિભિઃ, પુષ્કલાભિઃ.

વ્યુત્પત્તિસમાસાઃ—સુરાણાં સંઘાઃ ઇતિ સુરસંઘાઃ । પ્રકર્ષેણ અઞ્જલયઃ યેષાં તે પ્રાઞ્જલયઃ । અસ્તિ ઇતિ સ્વસ્તિ । મહાન્તશ્ચ તે

ऋषयश्च इति महर्षयः, महर्षयश्च सिद्धाश्च इति महर्षिसिद्धाः, तेषां संघाः इति महर्षिसिद्धसंघाः। स्तूयन्ते आभिः इति स्तुतयः, ताभिः स्तुतिभिः।

અન્વય અને અર્થઃ—हि ખરેખર, अमी આ, सुरसंघाः દેવોના સમુદાયો-પૃથ્વીનો ભાર હરવા ક્ષત્રિયરૂપે અવતરેલા બધા દેવો, त्वाम् આપનામાં, विशन्ति પ્રવેશ કરે છે, केचित् કેટલાક, भीताः ભયભીત થયેલા, प्राञ्जलयः હાથ જોડી રહ્યા થકા गृणन्ति આપના ગુણગાન કરે છે, (અને) महर्षिसिद्धसंघाः મહર્ષિઓ અને સિદ્ધોના સમૂહો, स्वस्ति કલ્યાણ થાઓ, इति એપ્રમાણે, उक्त्वा કહીને, त्वाम् આપનું, पुष्कलाभिः ઘણી, स्तुतिभिः સ્તુતિઓ વડે, स्तुवन्ति સ્તવન કરે છે.

ભાવાર્થઃ—ખરેખર આ દેવોના સમૂહો એટલે પૃથ્વીનો ભાર ઉતારવા ક્ષત્રિયરૂપે અવતરેલા આ બધા દેવો આપનામાં-આપના મુખમાં પ્રવેશ કરે છે, કેટલાક ભયભીત થયેલા હાથ જોડી આપનાં ગુણગાન કરે છે, અને મહર્ષિઓ તથા સિદ્ધોના સમૂહો પણ "આપનું કલ્યાણ થાઓ!" એ પ્રમાણે બોલીને આપનું અનેક પ્રકારની સ્તુતિઓ વડે સ્તવન કરે છે. ૨૧.

रुद्रादित्या वसवो ये च साध्या
विश्वेऽश्विनौ मरुतश्चोष्मपाश्च ॥
गंधर्वयक्षासुरसिद्धसंघा ॥
वीक्षंते त्वां विस्मिताश्चैव सर्वे ॥ २२ ॥

---

१ यावदुष्णं भवेदन्नं यावद्श्नन्ति वाग्यताः।
पितरस्तावदश्नन्ति यावच्छ्राद्धं हविर्गुणाः॥ स्मृति.॥

જ્યાં સુધી અન્ન ગરમ રહે છે, જ્યાં સુધી મૌન રહીને ખાય છે અને જ્યાંસુધી હવિષ્યાન્ન તરીકે તે અન્નના-ગુણ ગાયા નથી એટલે વખાણ કર્યા નથી ત્યાં સુધી જ રુદ્ર આદિ-ઉષ્મપ-ગરમ ભોજન કરનારા પિતૃઓ ભોજન કરે છે.

दिशः દિશાઓ, (પણ વ્યાપ્ત થઈ છે,) हि જેથી, तव આપનું, इदम् આ, अद्भुतम् અલૌકિક, उग्रम् ઉગ્ર, रूपम् સ્વરૂપ, दृष्ट्वा જોઈને, महात्मन् હે ઉદારચરિત ભગવન્! लोकत्रयम् સ્વર્ગ, મૃત્યુ અને પાતાલ–એ ત્રણે લોક, प्रव्यथितम् ભયભિત (થઈ ગયા છે).

ભાવાર્થઃ—અંતરિક્ષ અને પૃથ્વી વચ્ચેનું આ સઘળું અંતર-મધ્ય તેમજ સર્વ દિશાઓ પણ આપ એકલાથી જ વ્યાપ્ત થઈ ગયાં છે, જેથી આપના આ અલૌકિક ઉગ્ર સ્વરૂપને જોઇને હે ઉદાર ચરિત ભગવન્! આ સ્વર્ગ, મૃત્યુ અને પાતાલ એ ત્રણે લોક ભયભીત થઈ ગયા છે. ૨૦.

અવતરણિકાઃ—યુદ્ધના આરંભમા વિષાદ ઉત્પન્ન થતી વખતે અર્જુને જે કહ્યું હતુ કે, " **यद्वा जयेम यदि वा नो जयेयुः**—એ પણ અમે જાણતા નથી કે અમે તેમને જીતીશુ કે તેઓ અમને જીતશે ? ઇત્યાદિ," તે સશયની ભગવાનનુ વિશ્વરૂપ નિવૃત્તિ કરે છે, તે જોઇને અર્જુન કહે છે

अमी हि त्वां सुरसंघा विशंति
केचिद्भीताः प्रांजलयो गृणंति ॥
स्वस्तीत्युक्त्वा महर्षिसिद्धसंघाः
स्तुवंति त्वां स्तुतिभिः पुष्कलाभिः ॥२१॥

પદચ્છેદઃ—अमी, हि, त्वाम्, सुरसंघाः, विशन्ति, केचित्, भीताः, प्राञ्जलयः, गृणन्ति, स्वस्ति, इति, उक्त्वा, महर्षिसिद्धसंघाः, स्तुवन्ति, त्वाम्, स्तुतिभिः, पुष्कलाभिः.

વ્યુત્પત્તિસમાસાઃ—सुराणां संघाः इति सुरसंघाः । प्रकर्षेण अञ्जलयः येषां ते प्राञ्जलयः । सुष्ठु अस्ति इति स्वस्ति । महान्तश्च ते

રૂપં મહત્તે બહુવક્ત્રનેત્રં
મહાબાહો બહુબાહૂરુપાદમ્ ॥
બહૂદરં બહુદંષ્ટ્રાકરાલં
દૃષ્ટ્વા લોકાઃ પ્રવ્યથિતાસ્તથાહમ્ ॥ ૨૩ ॥

પદચ્છેદઃ—રૂપમ્, મહત્, તે, બહુવક્ત્રનેત્રમ્, મહાબાહો, બહુબાહૂરુપાદમ્, બહૂદરમ્, બહુદંષ્ટ્રાકરાલમ્, દૃષ્ટ્વા, લોકાઃ, પ્રવ્યથિતાઃ, તથા, અહમ્.

વ્યુત્પત્તિસમાસાઃ—વક્ત્રાણિ નેત્રાણિ ચ ઇતિ વક્ત્રનેત્રાણિ, બહૂનિ વક્ત્રનેત્રાણિ યસ્મિન્ તત્ બહુવક્ત્રનેત્રમ્, તત્ । બાહવશ્ચ ઉરવશ્ચ પાદાશ્ચ ઇતિ બાહૂરુપાદાઃ, બહવઃ બાહૂરુપાદા યસ્મિન્ તત્ બહુબાહૂરુપાદમ્, તત્ । બહૂનિ ઉદરાણિ યસ્મિન્ તત્ બહૂદરમ્, તત્ । બહ્વ્યશ્ચ તા દંષ્ટ્રાશ્ચ ઇતિ બહુદંષ્ટ્રાઃ, તાભિઃ કરાલમ્ ઇતિ બહુદંષ્ટ્રાકરાલમ્, તત્ । પ્રકર્ષેણ વ્યથિતાઃ ઇતિ પ્રવ્યથિતાઃ ।

અન્વય અને અર્થઃ—મહાબાહો હે મોટા બાહુવાળા ભગવન્! બહુવક્ત્રનેત્રમ્ ઘણાં મુખ અને નેત્રોવાળા, બહુબાહૂરુપાદમ્ ઘણા હાથ, સાથળો અને પગવાળું, બહૂદરમ્ ઘણા પેટવાળું, (અને) બહુદંષ્ટ્રાકરાલમ્ અનેક દાઢો વડે વિકરાલ (એવા), તે આપના, રૂપમ્ રૂપને, દૃષ્ટ્વા જોઈને, લોકાઃ બધા લોકો, તથા તેમજ, અહમ્ હું, પ્રવ્યથિતાઃ ભયથી પીડિત (થયા છીએ).

ભાવાર્થઃ—હે મહાબાહો! ઘણા મુખ અને નેત્રવાળું, ઘણા હાથ, સાથળ અને પગવાળું, અનેક ઉદરવાળું અને અનેક દાઢોથી વિકરાલ દેખાતું એવું આપનું સ્વરૂપ જોઈને સમસ્ત લોક તેમ જ હું અત્યંત ભયથી પીડા પામેલા છીએ. ૨૩.

પદચ્છેદઃ—રુદ્રાદિત્યાઃ, વસવઃ, યે, ચ, સાધ્યાઃ, વિશ્વે, અશ્વિનૌ, મરુતઃ, ચ, ઉષ્મપાઃ, ચ, ગન્ધર્વયક્ષાસુરસિદ્ધસંઘાઃ, વીક્ષન્તે, ત્વામ્, વિસ્મિતાઃ, ચ, એવ, સર્વે.

વ્યુત્પત્તિસમાસાઃ—રુદ્રાશ્ચ આદિત્યાશ્ચ ઇતિ રુદ્રાદિત્યા । ઊષ્માણ પિબન્તિ ઇતિ ઊષ્મપા । ગન્ધર્વાશ્ચ યક્ષાશ્ચ અસુરાશ્ચ સિદ્ધાશ્ચ ઇતિ ગન્ધર્વયક્ષાસુરસિદ્ધા, તેષા સઘા ઇતિ ગન્ધર્વયક્ષાસુરસિદ્ધસઘા । વિશેષેણ ઈક્ષન્તે ઇતિ વીક્ષન્તે ।

અન્વય અને અર્થઃ—રુદ્રાદિત્યા. એકાદશ રુદ્ર અને દ્વાદશ આદિત્ય, યે જે, વસવ. અષ્ટ વસુ, ચ તથા, સાધ્યાઃ સાધ્ય નામના દેવતાઓ, વિશ્વે તેર વિશ્વેદેવ, અશ્વિનૌ બે અશ્વિની કુમાર, મરુત. ઓગણપચાસ વાયુઓ, ચ તેમ, ઉષ્મપા. ગરમ ભોજન કરનારા પિતૃઓ ચ અને, ગન્ધર્વયક્ષાસુરસિદ્ધસંઘાઃ હાહા, હૂહૂ ઇત્યાદિ ગધર્વો, કુબેરાદિ યક્ષો, વિરોચન પ્રભૃતિ અસુરો અને કપિલાદિ સિદ્ધોનાં ટોળાઓ, (એ) સર્વે બધા, ત્વામ્ આપને, વિસ્મિતા. વિસ્મય પામેલા થકા, એવ જ, વીક્ષન્તે જુએ છે

ભાવાર્થઃ—રુદ્રો, આદિત્યો, વસુઓ, સાધ્યો, વિશ્વેદેવો, અશ્વિનીકુમારો, વાયુઓ, પિતૃઓ, ગધર્વો, યક્ષો, અસુરો અને સિદ્ધો ઇત્યાદિ બધા દેવો આશ્ચર્યચકિત થઈને જ આપને જુએ છે. અર્થાત્ આપના આવા અદ્ભુત સ્વરૂપને જોઈને આપનામાં સર્વ આશ્ચર્યચકિત થઈ ગએલા છે એમાં સશય નથી ૨૨.

અવતરણિકા—"આપના આ વિશ્વસ્વરૂપને તેમજ સર્વે જોને ગભરાએ છીએ" એમ બોલતો અર્જુન પોતાની દશા જણાવે છે

વાળા, અને જ્વલંત વિશાળ આંખોવાળા, આપને જોઈને ભયથી મારો અંતરાત્મા પીડિત થયેલો છે અને તેથી હું ધીરજ અથવા અંતઃકરણની શાન્તિને પામી શકતો નથી. ૨૪.

दंष्ट्राकरालानि च ते मुखानि
दृष्ट्वैव कालानलसंनिभानि ।
दिशो न जाने न लभे च शर्म
प्रसीद देवेश जगन्निवास ॥ २५ ॥

पदच्छेदः—दंष्ट्राकरालानि, च, ते, मुखानि, दृष्ट्वा, एव, कालानलसंनिभानि, दिशः, न, जाने, न, लभे, च, शर्म, प्रसीद, देवेश, जगन्निवास.

व्युत्पत्तिसमासाः—दंष्ट्राभिः करालानि इति दंष्ट्राकरालानि, तानि। कालः एव अनलः कालानलः, तेन संनिभानि इति कालानलसंनिभानि, तानि कालानलसंनिभानि। देवानाम् ईशः इति देवेशः, तत्संबुद्धौ हे देवेश। जगत्सु निवासो यस्य जगतां निवासो वा यस्मिन् इति जगन्निवासः, तत्संबुद्धौ हे जगन्निवास।

अन्वय अने अर्थः—देवेश હે દેવોના ઈશ્વર! दंष्ट्राकरालानि દાઢો વડે વિકરાળ, च તેમ, कालानलसंनिभानि પ્રલયકાલના અગ્નિના જેવાં, ते આપનાં, मुखानि મુખોને, दृष्ट्वा જોઈને, एव ખરેખર, दिशः દિશાઓને, न, जाने હું ઓળખતો નથી, च તેમજ, शर्म સુખને, (પણ) न, लभे પ્રાપ્ત થતો નથી, (માટે) जगन्निवास હે જગતના આશ્રયભૂત પરમેશ્વર! प्रसीद (આપ મારા પર) પ્રસન્ન થાઓ!

नभःस्पृशं दीप्तमनेकवर्णं
व्यात्ताननं दीप्तविशालनेत्रम् ॥
दृष्ट्वा हि त्वां प्रव्यथितांतरात्मा
धृतिं न विंदामि शमं च विष्णो ॥ २४ ॥

પદચ્છેદઃ—નભઃસ્પૃશમ્, દીપ્તમ્, અનેકવર્ણમ્, વ્યાત્તાનનમ્, દીપ્તવિશાલનેત્રમ્, દૃષ્ટ્વા, હિ, ત્વામ્, પ્રવ્યથિતાન્તરાત્મા, ધૃતિમ્, ન, વિન્દામિ, શમમ્, ચ, વિષ્ણો.

વ્યુત્પત્તિસમાસાઃ—નભ સ્પૃશતિ ઇતિ નભઃસ્પૃશ, તમ્ નભસ્પૃશમ્ । અનેકે વર્ણાઃ યસ્મિન્ સ અનેકવર્ણ, તમ્ અનેકવર્ણમ્ । વિશેષેણ આત્તાનિ આનનાનિ યસ્ય સ વ્યાત્તાનન, ત વ્યાત્તાનનમ્ । દીપ્તાનિ વિશાલાનિ નેત્રાણિ યસ્ય સ દીપ્તવિશાલનેત્ર, ત દીપ્તવિશાલનેત્રમ્ । અન્તરશ્ચાસૌ આત્મા ચ ઇતિ અન્તરાત્મા, પ્રકર્ષેણ વ્યથિત અન્તરાત્મા યસ્ય સ પ્રવ્યથિતાન્તરાત્મા ।

અન્વય અને અર્થઃ-વિષ્ણો હે વિષ્ણુ ભગવન્ ! નભ સ્પૃશમ્ આકાશને સ્પર્શ કરતા, દીપ્તમ્ જ્વલત, અનેકવર્ણમ્ અનેક વર્ણવાળા, વ્યાત્તાનનમ્ ફાડેલા મુખવાળા, (અને) દીપ્તવિશાલનેત્રમ્ ચળકાટમારતા એવા વિશાલ નેત્રવાળા, ત્વામ્ આપને, દૃષ્ટ્વા જોઇને, પ્રવ્યથિતાન્તરાત્મા ભયથી વ્યથિત અતરાત્માવાળો હું, ધૃતિમ્ ધીરજ, ચ અને, શમમ્ અત કરણની શાતિને, ન, વિન્દામિ પામતો નથી.

ભાવાર્થઃ—હે ભગવન્ વિષ્ણો ! આકાશને સ્પર્શ કરતી અત્યત ઉચાઈવાળા, દીપ્ત કાતિવાળા, વિકસિત કરેલા મુખ-

વ્યુત્પત્તિસમાસાઃ—અવનિં પાલયન્તિ ઇતિ તે અવનિપાલાઃ, તેષાં સંઘાઃ ઇતિ અવનિપાલસંઘાઃ, તૈઃ અવનિપાલસંઘૈઃ। સૂતસ્ય પુત્રઃ ઇતિ સૂતપુત્રઃ। અસ્માકમ્ ઇમે ઇતિ અસ્મદીયાઃ। મુખે આદૌ ભવન્તિ ઇતિ મુખ્યાઃ, યુદ્ધ્યન્તે તે યોધાઃ, યોધાનાં મુખ્યાઃ યોધમુખ્યાઃ, તૈઃ યોધમુખ્યૈઃ। ત્વરન્તે તે ત્વરમાણાઃ। દંષ્ટ્રાભિઃ કરાલાનિ ઇતિ દંષ્ટ્રાકરાલાનિ, તાનિ। વિશેષેણ લગ્નાઃ ઇતિ વિલગ્નાઃ। દૃશ્યતે એભિરિતિ દશનાનિ, દશનાનાં અન્તરાણિ ઇતિ દશનાન્તરાણિ, તેષુ દશનાન્તરેષુ। સમ્યક્ દૃશ્યન્તે ઇતિ સંદૃશ્યન્તે। ઉત્તમાનિ ચ તાનિ અઙ્ગાનિ ચ ઉત્તમાઙ્ગાનિ, તૈઃ ઉત્તમાંગૈઃ।

અન્વય અને અર્થઃ—અમી આ, ધૃતરાષ્ટ્રસ્ય ધૃતરાષ્ટ્રના પુત્રાઃ દુર્યોધનાદિ પુત્રો, ચ તેમ, ભીષ્મઃ ભીષ્મ, દ્રોણઃ દ્રોણાચાર્ય, તથા તેમજ, અસૌ આ, સૂતપુત્રઃ સારથિપુત્ર કર્ણ, (એ) સર્વે બધા, અવનિપાલસંઘૈઃ અન્ય પૃથ્વીપતિઓના સમૂહો, (તથા) અસ્મદીયૈઃ અમારા, યોધમુખ્યૈઃ યોદ્ધાઓમાં મુખ્ય, (ધૃષ્ટદ્યુમ્ન, શિખંડિ-પ્રભૃતિ) યોદ્ધાઓની, અપિ પણ, સહ સહિત, ત્વરમાણાઃ બહુ જ ત્વરા કરતા થકા, દંષ્ટ્રાકરાલાનિ દાઢો વડે વિકરાલ (અને), ભયાનકાનિ ભય ઉપજાવે તેવાં, તે આપનાં, મુખાનિ મુખોમાં, વિશન્તિ પ્રવેશ કરે છે, (તેમાં) કેચિત્ કેટલાક, દશનાન્તરેષુ દાંતની વચ્ચેના અંતરાલમાં, વિલગ્નાઃ અત્યંત ચોંટી ગયેલા થકા, ચૂર્ણિતૈઃ ભૂકો થઈ ગયેલાં, ઉત્તમાંગૈઃ મસ્તકોયુકત, સન્દૃશ્યન્તે સારી રીતે જોઈ શકાય છે.

ભાવાર્થઃ—ધૃતરાષ્ટ્રના આ દુર્યોધનાદિક પુત્રો, ભીષ્મ, દ્રોણ, તેમજ આ (અભિમાની) કર્ણ એ સર્વે, બીજા કેટલાક રાજાઓ કે જે આ યુદ્ધમાં ભાગ લેવા આવેલા છે તેઓની તેમજ અમારા મુખ્ય-વિશિષ્ટ-યોદ્ધાઓની સહિત, ઉતાવળે આપનાં

ભાવાર્થઃ—હે દેવોના ઈશ્વર! દાઢોથી વિકરાળ તેમજ પ્રલયકાલના અગ્નિનાં જેવાં આપના મુખોને જોઈને ખરેખર હું દિશાઓને ભૂલી ગયો છું, અને ક્યાંય પણ સુખ મેળવી શકતો નથી, માટે હે જગત્ના આશ્રયરૂપ પરમાત્મન્! આપ મારાપર પ્રસન્ન થાઓ. ૨૫

અવતરણિકાઃ—"આપનુ વિશ્વરૂપ જોયા પહેલા જેમનાથી મને પરાજય પામવાની શંકા હતી, તે હવે નિવૃત્ત થઈ ગઈ છે" એમ બોલતો અર્જુન હવે તે બાબતમા પોતાના અનુભવનુ વર્ણન કરતો કહે છે

अमी च त्वां धृतराष्ट्रस्य पुत्राः
सर्वे सहैवावनिपालसंघैः ।
भीष्मो द्रोणः सूतपुत्रस्तथासौ
सहास्मदीयैरपि योधमुख्यैः ॥ २६ ॥
वक्त्राणि ते त्वरमाणा विशंति
दंष्ट्राकरालानि भयानकानि ।
केचिद्विलग्ना दशनांतरेषु
संदृश्यंते चूर्णितैरुत्तमांगैः ॥ २७ ॥

પદચ્છેદઃ—અમી, ચ, ત્વામ્, ધૃતરાષ્ટ્રસ્ય, પુત્રાઃ, સર્વે, સહ, એવ, અવનિપાલસંઘૈઃ, ભીષ્મઃ, દ્રોણઃ, સૂતપુત્રઃ, તથા, અસૌ, સહ, અસ્મદીયૈઃ, અપિ, યોધમુખ્યૈઃ; વક્ત્રાણિ, તે, ત્વરમાણાઃ, વિશન્તિ, દંષ્ટ્રાકરાલાનિ, ભયાનકાનિ, કેચિત્, વિલગ્નાઃ, દશનાન્તરેષુ, સંદૃશ્યન્તે, ચૂર્ણિતૈઃ, ઉત્તમાંગૈઃ.

વ્યુત્પત્તિસમાસાઃ—અવનિં પાલયન્તિ ઇતિ તે અવનિપાલાઃ, તેષાં સંઘાઃ ઇતિ અવનિપાલસંઘાઃ, તૈઃ અવનિપાલસંઘૈઃ। સૂતસ્ય પુત્રઃ ઇતિ સૂતપુત્રઃ। અસ્માકમ્ ઇમે ઇતિ અસ્મદીયાઃ। મુખે આદૌ ભવન્તિ ઇતિ મુખ્યાઃ, યુદ્ધ્યન્તે તે યોધાઃ, યોધાનાં મુખ્યાઃ યોધમુખ્યાઃ, તૈઃ યોધમુખ્યૈઃ। ત્વરન્તે તે ત્વરમાણાઃ। દંષ્ટ્રાભિઃ કરાલાનિ ઇતિ દંષ્ટ્રાકરાલાનિ, તાનિ। વિશેષેણ લગ્નાઃ ઇતિ વિલગ્નાઃ। દૃશ્યતે એભિરિતિ દશનાનિ, દશનાનાં અન્તરાણિ ઇતિ દશનાન્તરાણિ, તેષુ દશનાન્તરેષુ। સમ્યક્ દૃશ્યન્તે ઇતિ સંદૃશ્યન્તે। ઉત્તમાનિ ચ તાનિ અઙ્ગાનિ ચ ઉત્તમાઙ્ગાનિ, તૈઃ ઉત્તમાઙ્ગૈઃ।

અન્વય અને અર્થઃ—અમી આ, ધૃતરાષ્ટ્રસ્ય ધૃતરાષ્ટ્રના પુત્રાઃ દુર્યોધનાદિ પુત્રો, ચ તેમ, ભીષ્મઃ ભીષ્મ, દ્રોણઃ દ્રોણાચાર્ય, તથા તેમજ, અસૌ આ, સૂતપુત્રઃ સારથિપુત્ર કર્ણ, (એ) સર્વે બધા, અવનિપાલસંઘૈઃ અન્ય પૃથ્વીપતિઓના સમૂહો, (તથા) અસ્મદીયૈઃ અમારા, યોધમુખ્યૈઃ યોદ્ધાઓમાં મુખ્ય, (ધૃષ્ટદ્યુમ્ન, શિખંડિ-પ્રભૃતિ) યોદ્ધાઓની, અપિ પણ, સહ સહિત, ત્વરમાણાઃ બહુ જ ત્વરા કરતા થકા, દંષ્ટ્રાકરાલાનિ દાઢો વડે વિકરાલ (અને), ભયાનકાનિ ભય ઉપજાવે તેવાં, તે આપનાં, મુખાનિ મુખોમાં, વિશન્તિ પ્રવેશ કરે છે, (તેમાં) કેચિત્ કેટલાક, દશનાન્તરેષુ દાંતની વચ્ચેના અંતરાલમાં, વિલગ્નાઃ અત્યંત ચોંટી ગયેલા થકા, ચૂર્ણિતૈઃ ભૂકો થઈ ગયેલાં, ઉત્તમાંગૈઃ મસ્તકોયુક્ત, સન્દૃશ્યન્તે સારી રીતે જોઈ શકાય છે.

ભાવાર્થઃ—ધૃતરાષ્ટ્રના આ દુર્યોધનાદિક પુત્રો, ભીષ્મ, દ્રોણ, તેમજ આ (અભિમાની) કર્ણ એ સર્વે, બીજા કેટલાક રાજાઓ કે જે આ યુદ્ધમાં ભાગ લેવા આવેલા છે તેઓની તેમજ અમારા મુખ્ય-વિશિષ્ટ-યોદ્ધાઓની સહિત, ઉતાવળે આપનાં

દાઢો વડે વિકરાળ અને ભયાનક જણાતાં મુખોમાં પ્રવેશ કરે છે, તેમાંના કેટલાક તો દાંતોની વચ્ચેના અંતરાલમાં ચોંટી ગયેલા તથા જેમના મસ્તકો ચુરેચુરા થઈ ગયેલાં હોય તેવી રીતના સારી રીતે જોવામાં આવે છે ૨૬-૨૭.

અવતરણિકા:—" અમારા તેમજ કૌરવોના મુખ્ય યોદ્ધાઓ આપના મુખમા પ્રવેશ કરે છે " એમ ઉપરના શ્લોકમા જે અર્જુને પોતાનો અનુભવ જણાવ્યો છે, તે યોદ્ધાઓ કેવી રીતે ભગવાનના મુખમા પ્રવેશ કરે છે, તેનું દૃષ્ટાંત નીચેના શ્લોકોથી અર્જુન કહે છે

यथा नदीनां बहवोऽम्बुवेगाः
समुद्रमेवाभिमुखा द्रवंति ।
तथा तवामी नरलोकवीरा
विशंति वक्त्राण्यभिविज्वलंति ॥ २८ ॥

પદચ્છેદ:—યથા, નદીનામ્, બહવ:, અમ્બુવેગા:, સમુદ્રમ્, એવ, અભિમુખા:, દ્રવન્તિ, તથા, તવ, અમી, નરલોકવીરા:, વિશન્તિ, વક્ત્રાણિ, અભિવિજ્વલન્તિ.

વ્યુત્પત્તિસમાસા:—અમ્બૂનાં વેગા: ઇતિ અમ્બુવેગા: । અભિ-પ્રતિ મુખાનિ યેષાં તે અભિમુખા: । નરાણાં લોક: ઇતિ નરલોક:, નર-લોકસ્ય વીરા: ઇતિ નરલોકવીરા: । અમિત: સર્વત: વિશેષેણ જ્વલન્તિ ઇતિ અભિવિજ્વલન્તિ, તાનિ અભિવિજ્વલન્તિ ।

અન્વય અને અર્થ:—યથા જેમ, નદીનામ્ નદીઓના, બહવ: અનેક, અમ્બુવેગા: પાણીના પ્રવાહો, સમુદ્રમ્ સમુદ્રપ્રતિ, એવ જ, અભિમુખા: સામા મુખવાળા (થઈને), દ્રવન્તિ દોડે છે—

તેમાં પ્રવેશ કરે છે, તથા તેમ, અમી આ, નરલોકવીરાઃ મનુષ્યલોકના શૂરવીરપુરુષો (પણ), તવ આપનાં, અભિવિજ્વલન્તિ ચોતરફથી અત્યંત પ્રકાશવાળાં, વક્ત્રાણિ મુખોમાં, વિશન્તિ પ્રવેશ કરે છે.

ભાવાર્થઃ—જેવી રીતે નદીઓના અનેક જલપ્રવાહો સમુદ્ર તરફ જ મુખ રાખીને વહેતા વહેતા તેમાં પ્રવેશ કરે છે, તે જ પ્રમાણે આ મનુષ્યલોકના વીર-યોદ્ધાઓ પણ આપનાં ચોતરફથી પ્રકાશવાળાં મુખોમાં પ્રવેશે છે. ૨૮.

યથા પ્રદીપ્તં જ્વલનં પતંગા
વિશંતિ નાશાય સમૃદ્ધવેગાઃ
તથૈવ નાશાય વિશંતિ લોકા-
સ્તવાપિ વક્ત્રાણિ સમૃદ્ધવેગાઃ ॥ ૨૯ ॥

પદચ્છેદઃ—યથા, પ્રદીપ્તમ્, જ્વલનમ્, પતઙ્ગાઃ, વિશન્તિ, નાશાય, સમૃદ્ધવેગાઃ, તથા, એવ, નાશાય, વિશન્તિ, લોકાઃ, તવ, અપિ, વક્ત્રાણિ, સમૃદ્ધવેગાઃ.

વ્યુત્પત્તિસમાસાઃ—પ્રકર્ષેણ દીપ્તં ઇતિ પ્રદીપ્તમ્, તત્। જ્વલતિ અનેન ઇતિ જ્વલનઃ, તં જ્વલનમ્। સમ્યક્ ઋદ્ધઃ સમૃદ્ધઃ, સમૃદ્ધઃ વેગઃ યેષાં તે સમૃદ્ધવેગાઃ।

અન્વય અને અર્થઃ—યથા જેવી રીતે, પ્રદીપ્તમ્ અત્યંત બળતા (એવા), જ્વલનમ્ અગ્નિમાં, સમૃદ્ધવેગાઃ ઘણી ઉગ્ર ગતિવાળાં, પતઙ્ગાઃ પતંગિયાંઓ, નાશાય (પોતાના) મરણને માટે,

વિશન્તિ પ્રવેશ કરે છે, તથા તેવી રીતે, એવ જ, તવ આપનાં, વક્ત્રાણિ મુખોમાં, અપિ પણ, સમૃદ્ધવેગાઃ ઉત્કૃષ્ટ ગતિવાળા, લોકાઃ લોકો, નાશાય નાશને માટે, વિશન્તિ પ્રવેશ કરે છે.

ભાવાર્થઃ—જેવી રીતે સળગતા અગ્નિમાં ઉગ્ર ગતિવાળાં પતંગિયાં કેવલ પોતાના નાશને માટે જ પડે છે, તેવી રીતે આપનાં મુખોમાં પણ આ સર્વ લોકો શીઘ્ર ગતિવાળા થઈને પોતાના નાશને માટે પ્રવેશ કરે છે. ૨૯.

અવતરણિકાઃ—આપ્રમાણે યુદ્ધ કરવાની ઇચ્છાવાળા યોદ્ધાઓની દશા કહીને, હવે તેવી સ્થિતિમાં ભગવાનની તેમજ તેમની સ્થિતિનું ચિત્ર દર્શાવતો અર્જુન કહે છે

લેલિહ્યસે ગ્રસમાનઃ સમંતા-
લ્લોકાન્સમગ્રાન્વદનૈર્જ્વલદ્ભિઃ ।
તેજોભિરાપૂર્ય જગત્સમગ્રં
ભાસસ્તવોગ્રાઃ પ્રતપંતિ વિષ્ણો ॥ ૩૦ ॥

પદચ્છેદઃ—લેલિહ્યસે, ગ્રસમાનઃ, સમન્તાત્, લોકાન્, સમગ્રાન્, વદનૈઃ, જ્વલદ્ભિઃ, તેજોભિઃ, આપૂર્ય, જગત્, સમગ્રમ્, ભાસઃ, તવ, ઉગ્રાઃ, પ્રતપન્તિ, વિષ્ણો.

વ્યુત્પત્તિસમાસાઃ—પૌન.પુન્યેન અતિશયેન વા લેક્ષિ ઇતિ લેલિહ્યસે । ગ્રસતે અસૌ ગ્રસમાનઃ । જ્વલન્તિ તાનિ જ્વલન્તિ, તૈઃ જ્વલદ્ભિઃ । પ્રકર્ષેણ તપન્તિ ઇતિ પ્રતપન્તિ ।

અન્વય અને અર્થઃ-વિષ્ણો હે વિષ્ણુ ભગવન્! જ્વલદ્ભિઃ પ્રકાશિત, વદનૈઃ મુખો વડે, સમગ્રાન્ સર્વ, લોકાન્ લોકોને,

ગ્રસમાનઃ મુખમાં ભક્ષણ કરી જતા એવા (આપ), સમન્તાત્ ચોતરફ, લેલિહ્યસે જીભ વડે આસ્વાદ લ્યો છો, (અને) તવ આપની, ઉગ્રાઃ અસહ્ય, ભાસઃ દીપ્તિઓ, તેજોભિઃ પોતાનાં તેજો વડે, સમગ્રમ્ સમસ્ત, જગત્ વિશ્વને, આપૂર્ય વ્યાપીને, પ્રતપન્તિ તપ્ત થઈ રહી છે.

ભાવાર્થઃ—હે વિષ્ણુ ભગવન્! આપનાં પ્રકાશિત મુખોવડે સર્વ લોકોને મુખમાં ગટક કરી જતા આપ, જીભ વડે ચોતરફથી જાણે તેમનો આસ્વાદ લેતા હો—ચાટતા હો–તેમ દેખાઓ છો. અને આપની ઉગ્ર કાંતિ પણ પોતાના તેજ વડે આખા વિશ્વને વ્યાપીને બાળી રહી છે. ૩૦.

અવતરણિકાઃ—એ પ્રમાણે અર્જુન પોતાની દૃષ્ટિનો અનુભવ કરીને માનસિક વ્યથાથી આકુલવ્યાકુલ થયો થકો ‘આ શ્રીકૃષ્ણ ભગવાન્’ જ છે એ વસ્તુસ્થિતિ ભૂલી જઈને અજ્ઞાનતાથી પૂછવા લાગ્યોઃ

आख्याहि मे को भवानुग्ररूपो
नमोऽस्तु ते देववर प्रसीद ।
विज्ञातुमिच्छामि भवंतमाद्यं
न हि प्रजानामि तव प्रवृत्तिम् ॥ ३१ ॥

પદચ્છેદઃ—આખ્યાહિ, મે, કઃ, ભવાન્, ઉગ્રરૂપઃ, નમઃ, અસ્તુ, તે, દેવવર, પ્રસીદ, વિજ્ઞાતુમ્, ઇચ્છામિ, ભવંન્તમ્, આદ્યમ્, ન, હિ, પ્રજાનામિ, તવ, પ્રવૃત્તિમ્.

વ્યુત્પત્તિસમાસાઃ—ઉગ્રં રૂપં યસ્ય સઃ ઉગ્રરૂપઃ । વિષ્ણો ઇતિ વરઃ, દેવાનાં વરઃ ઇતિ દેવવરઃ, તત્સંબુદ્ધૌ હે દેવવર । વિશેષેણ જ્ઞાતુમ્

इति विज्ञातुम् । आदौ भवः इति आद्यः, तम् आद्यम् । प्रकर्षेण जानामि इति प्रजानामि । प्रकृष्टा वृत्तिः इति प्रवृत्तिः, ताम् प्रवृत्तिम् ।

અન્વય અને અર્થઃ-દેવવર હે દેવોમાં શ્રેષ્ઠ ભગવન્! उग्ररूपः ઉગ્રસ્વરૂપવાળા, भवान् આપ, कः કોણ છો? (ते) મે મને, આપ્યાહિ કહો, તે આપને, नमः નમસ્કાર, अस्तु હો, प्रसीद (આપ) પ્રસન્ન થાઓ! भवन्तम् આપ, आद्यम् આદિ કારણરૂપને, विज्ञातुम् જાણવાને, इच्छामि હું ઇચ્છું છું, હિ કારણ કે, तव આપની, प्रवृत्तिम् પ્રવૃત્તિને, न, जानामि હું જાણતો, નથી.

ભાવાર્થઃ—હે દેવશ્રેષ્ઠ ભગવન્! ઉગ્રસ્વરૂપવાળા આપ કોણ છો? તે મને કહો. આપને મારા નમસ્કાર હો! આપ પ્રસન્ન થાઓ, સર્વના આદિ કારણ રૂપ આપને ખાસ કરીને હું જાણવા માગું છું, કારણ કે હું આપની પ્રવૃત્તિથી અજ્ઞાત છું. અર્થાત્ હે ભગવાન્ આપ કોણ છો તે આપનું સત્ય સ્વરૂપ મને સમજાવો. ૩૧.

અવતરણિકાઃ—એ પ્રમાણે પ્રાર્થના કરાયેલા ભગવાન્ શ્રીકૃષ્ણ અર્જુનને પ્રત્યુત્તર આપતા કહે છે

श्रीभगवानुवाच । શ્રીભગવાન્ કહે છે –

कालोऽस्मि लोकक्षयकृत्प्रवृद्धो
लोकान्समाहर्तुमिह प्रवृत्तः ।
ऋतेऽपि त्वां न भविष्यन्ति सर्वे
येऽवस्थिताः प्रत्यनीकेषु योधाः ॥ ३२ ॥

પદચ્છેદઃ—કાલઃ, અસ્મિ, લોકક્ષયકૃત્, પ્રવૃદ્ધઃ, લોકાન્, સમાહર્તુમ્, ઇહ, પ્રવૃત્તઃ, ઋતે, અપિ, ત્વામ્, ન, ભવિષ્યન્તિ, સર્વે, યે, અવસ્થિતાઃ, પ્રત્યનીકેષુ, યોધાઃ.

વ્યુત્પત્તિસમાસાઃ—લોકાનાં ક્ષયઃ ઇતિ લોકક્ષયઃ, તં કરોતિ ઇતિ લોકક્ષયકૃત્। પ્રકર્ષેણ વૃદ્ધઃ ઇતિ પ્રવૃદ્ધઃ। સમ્યક્ આ સમન્તાત્ હર્તુમ્ ઇતિ સમાહર્તુમ્। અનીકાનિ અનીકાનિ પ્રતિ ઇતિ પ્રત્યનીકાનિ, તેષુ પ્રત્યનીકેષુ। યુધ્યન્તે ઇતિ તે યોધાઃ।

અન્વય અને અર્થઃ—લોકક્ષયકૃત્ (હું) લોકોનો ક્ષય કરનાર, પ્રવૃદ્ધઃ મહાન્, કાલઃ કાલ, અસ્મિ છું, (અને) લોકાન્ લોકોને, સમાહર્તુમ્ સંહારવાને માટે, ઇહ અહીં, પ્રવૃત્તઃ પ્રવૃત્ત થયેલો, (છું) અપિ અને, (તેથી) ત્વામ્ તારા, ઋતે સિવાય, પ્રત્યનીકેષુ પ્રત્યેક સૈન્યમાં, યે જે, યોદ્ધાઃ યોદ્ધાઓ, અવસ્થિતા ઉભેલા, (છે તે) સર્વે બધા, ન, ભવિષ્યન્તિ (જીવતા) રહેશે નહિ.

ભાવાર્થઃ—હું લોકોનો નાશ કરનાર મહાન્ કાળ છું, લોકોને સંહારવાનેમાટે અહીં પ્રવૃત્ત થયો છું. તું યુદ્ધ નહિ કરે તો પણ તારા વિના બન્ને સૈન્યમાં જે યોદ્ધાઓ યુદ્ધમાટે ઉભેલા છે તેઓ જીવતા રહેશે નહિ, અર્થાત્ તું તેમને અવધ્ય માની હણીશ નહિ, તો પણ કાલસ્વરૂપ એવો હું તેમને ગ્રસી જઈશ, એટલે તેમનું અસ્તિત્વ તારી અનુકંપા ઉપર આધાર રાખતું નથી. માટે જ તું યુદ્ધ કરવા તૈયાર થા. ૩૨.

અવતરણિકાઃ—"તુ યુદ્ધ નહિ કરીશ તો પણ તેઓ મૃત્યુ તો પામવાના જ છે એ વાત નિઃસંશય છે, તો પછી સ્વધર્મ ભ્રષ્ટતાનું પાતક, અપકીર્તિ, અર્થહાનિ, વિગેરે બધા અનર્થો છોડી યશઃપ્રાપ્તિ તેમ જ ઇષ્ટસિદ્ધિ પ્રાપ્ત કરવાને માટે જ તું તૈયાર થા" એમ અર્જુનને ભગવાન્ શ્રીકૃષ્ણ ઉત્તેજીત કરતા કહે છેઃ

तस्मात्त्वमुत्तिष्ठ यशो लभस्व
जित्वा शत्रून्भुंक्ष्व राज्यं समृद्धम् ।
मयैवैते निहताः पूर्वमेव
निमित्तमात्रं भव सव्यसाचिन् ॥ ३३ ॥

पदच्छेदः—तस्मात्, त्वम्, उत्तिष्ठ, यशः, लभस्व, जित्वा, शत्रून्, भुंक्ष्व, राज्यम्, समृद्धम्, मया, एव, एते, निहताः, पूर्वम्, एव, निमित्तमात्रम्, भव, सव्यसाचिन्.

व्युत्पत्तिसमासाः—राज्ञ भाव कर्म वा राज्यम्, तत्। सम्यक् ऋद्धम् इति समृद्धम्, तत्। निश्चयेन हता इति निहता[1]। निमित्तम् एव इति निमित्तमात्रम्। सव्येन वामहस्तेन सचितुं शरान् संधातुं शीलम् अस्य अस्ति इति सव्यसाची, तत्सम्बुद्धौ हे सव्यसाचिन्।

अन्वय अने अर्थः—तस्मात् तेथी, त्वम् तुं, उत्तिष्ठ (युद्ध કરવાને) ઉભો થા, यशः यशने, लभस्व प्राप्त કર, (अने) शत्रून् शत्रुओने, जित्वा જીतीने, समृद्धम् સમૃદ્ધિવાળા એવા राज्यम् राज्यने, भुंक्ष्व ભોગવ, एते એ દુર્યોધનાદિક, पूर्वं પહેલાથી, एव જ, मया મારા વડે, निहताः હણાયલા, (छे भाटे) सव्यसाचिन् હે સવ્યસાચી! (तुं तो) निमित्तमात्रम् निमित्त-દેખીતા કારણરૂપ-માત્ર, भव થા.

---

१ सखे इदिव मे पाणी गाण्डीवस्य विकर्षणे।
तेन देवमनुष्येषु सव्यसाचीति मां विदुः ॥ श्रीमहाभारत

'મારો જમણો અને હાથ અને હાથ ગાંડીવ ધનુષ્યનું અનુસંધાન કરવામાં સમર્થ છે તેથી જ દેવ તથા મનુષ્યોમાં મને 'સવ્યસાચી' એમ સર્વે જાણે છે''

ભાવાર્થઃ—હે અર્જુન! તેથી તું યુદ્ધ કરવા માટે ઉભો થા! યુદ્ધમાં ભીષ્મ-દ્રોણાદિ મહારથીઓને જીતીને યશને મેળવ! તેમજ કંટકરૂપ દુર્યોધનાદિ શત્રુઓને જીતીને નિષ્કંટક-રાજ્ય ભોગવ! કારણ કે એ દુર્યોધનાદિકો મારા વડે પહેલાંથી જ હણાયેલા છે. માટે હે સવ્યસાચી! તું તો માત્ર દેખીતા કારણરૂપ જ થા. અર્થાત્ એ બધાને મેં જ મારી મુકેલા હોવાથી તને તેમના વધનો દોષ લાગવાનો નથી માટે નિમિત્ત માત્ર બની તું યુદ્ધ માટે તૈયાર થા. ૩૩.

અવતરણિકાઃ—धनुर्वेदाचार्यो मम गुरुरयं द्रोण उचितैः। स्वयं दिव्यैरस्त्रैर्युत इह विजेतुं न सुशकः॥ तथा भीष्मो वीरो रणभुवि गतोऽत्यन्तसुबलो। न जेतुं शक्योऽभूद्यधि परशुरामेण च पुरा॥ ધનુર્વેદના આચાર્ય આ મ્હારા ગુરુ દ્રોણાચાર્ય જે પોતે યોગ્ય-જોઇએ તેવા ઉત્તમ દૈવતાઈ શસ્ત્રાસ્ત્રો વડે યુક્ત છે તે આ યુદ્ધમાં જીતીશકાય તેમ નથી. ભિષ્મપિતામહ પણ વીર છે અને રણભૂમિમાં જતાં તે મહા બલવાન્ છે જેને પૂર્વે પરશુરામ પણ યુદ્ધમાં જીતવાને શક્તિમાન્ ન થયા હતા! તો પછી હું આ યુદ્ધમાં તેવા વીરોને કેમ જીતી શકું! એવી અર્જુનની શંકા હોય તો તેનું પરિહાર કરતા ભગવાન્ કહે છે.

द्रोणं च भीष्मं च जयद्रथं च
कर्णं तथान्यानपि योधवीरान्।
मया हतांस्त्वं जहि मा व्यथिष्ठा
युद्ध्यस्व जेतासि रणे सपत्नान् ॥३४॥

પદચ્છેદઃ—द्रोणम्, च, भीष्मम्, च, जयद्रथम्, च, कर्णम्, तथा, अन्यान्, अपि, योधवीरान्, मया, हतान्, त्वम्, जहि, मा, व्यथिष्ठाः, युद्ध्यस्व, जेता, असि, रणे, सपत्नान.

વ્યુત્પત્તિસમાસાઃ—જયન્ જયશીલ રથ યસ્ય સ જય દ્રથ, તમ્ જયદ્રથમ્। યોધાના વીરા ઇતિ યોધવીરા, તાન્ યોધવીરાન્। સમાન પતિ યસ્ય તત્ સપત્નમ્, સપત્નસ્ય માવ સાપત્ન્યમ્, સાપત્ન્યમ્ અસ્તિ અસ્ય ઇતિ સપત્ન, તાન્ સપત્નાન્.

અન્વય અને અર્થઃ—દ્રોણમ્ (ધનુર્વેદના આચાર્ય) દ્રોણ, ચ અને, ભીષ્મમ્ (સ્વચ્છન્દ મૃત્યુ પામવાવાળા) પિતામહ ભીષ્મ ચ તેમ, જયદ્રથમ્ (જેનો પિતા તપશ્ચર્યા કરે છે, અને જેણે વરદાન મેળવ્યુ છે કે "મારા પુત્રનું મસ્તક જે કોઈ જમીન પર પાડે, તેના જ મસ્તકના સો ટુકડા થઈ જાય" તેનો પુત્ર) જયદ્રથ, ચ તથા, કર્ણમ્ (ઇન્દ્રની અમોઘ સાગવાળો) કર્ણ, તથા તેમ જ, અન્યાન્ બીજા, અપિ પણ, યોધવીરાન્ યોદ્ધા ઓમા વીર, (જે કોઈ હોય તે) મયા મારા વડે, હતાન્ હણાયેલાને, ત્વમ્ તું, જહિ હણ, મા, વ્યથિષ્ઠા તેમનાથી બીક રાખ નહીં, યુદ્ધ્યસ્વ યુદ્ધ કર, (અને તેથી) રણે યુદ્ધમા સપત્નાન્ શત્રુ ઓને, જેતા જીતનાર, અસિ તું છો

ભાવાર્થઃ—દ્રોણ, ભીષ્મ, જયદ્રથ, કર્ણ તેમજ બીજા પણ મુખ્ય વીર યોદ્ધાઓ કે જેઓ મારાવડે પહેલેથી જ હણાયેલા છે તેઓને તું હણ તેમનાથી ભય રાખવાનું જરા પણ તને કારણ નથી માટે તું યુદ્ધ કર અને યુદ્ધમા શત્રુઓને અવશ્ય જીતીશ અર્થાત્ દિવ્યશક્તિધારી એ મહાપુરૂષોનો મેં પહેલેથી જ વિનાશ કરી મૂકયો છે અને તેમના દિવ્ય પ્રભાવોનો પ્રતિકાર પહેલેથી જ રચી મૂકયો છે માટે નાહક ગભરાવાનું કઈ કારણ નથી. તેથી યુદ્ધ કરી વિજય પ્રાપ્ત કર ૩૪

અવતરણિકાઃ—"ભગવાન્ શ્રીકૃષ્ણે એ પ્રમાણે અર્જુનને પ્રત્યુત્તર આપ્યા પછી શું થયુ" તે ધૃતરાષ્ટ્રની જિજ્ઞાસાને તૃપ્ત કરવા સંજય કહે છે

संजय उवाच । સંજય બોલ્યોઃ—

एतच्छ्रुत्वा वचनं केशवस्य
कृतांजलिर्वेपमानः किरीटी ।
नमस्कृत्वा भूय एवाह कृष्णं
सगद्गदं भीतभीतः प्रणम्य ॥ ३५ ॥

પદચ્છેદઃ—एतत्, श्रुत्वा, वचनम्, केशवस्य, कृतांजलिः, वेपमानः, किरीटी, नमस्कृत्वा, भूयः, एव, आह, कृष्णम्, सगद्गदम्, भीतभीतः, प्रणम्य.

વ્યુત્પત્તિસમાસાઃ—कृतः अंजलिः येन सः कृतांजलिः । वेपते असौ वेपमानः । किरीटः अस्य अस्ति इति किरीटी । कर्षयति इति कृष्णः, तं कृष्णम् । गद्गदेन सहितं यथा स्यात्तथा इति सगद्गदम् । भीतात् अपि भीतः इति भीतभीतः । प्रकर्षेण नत्वा इति प्रणम्य ।

અન્વય અને અર્થઃ—केशवस्य ભગવાન્ કેશવનું, एतत् એ, वचनम् વચન, श्रुत्वा સાંભળીને, किरीटी મુકુટધારી અર્જુન, कृतांजलिः કરેલી છે હાથની અંજલિ જેણે એવો, અને वेपमानः થરથર ધ્રૂજતો, नमस्कृत्वा નમસ્કાર કરીને, भीतभीतः ઘણો જ ભયભીત થએલો થકો, प्रणम्य પ્રણામ કરી, सगद्गदम् ડૂંસ ડૂંસાઈ જતો હોય તેવી ગદગદ વાણી વડે, भूयः ફરી, एव પણ, कृष्णम् શ્રીકૃષ્ણ ભગવાનને, आह કહેવા લાગ્યો.

ભાવાર્થઃ—ભગવાન્ વાસુદેવનું એ પ્રમાણેનું વાક્ય સાંભળીને મુકુટધારી અર્જુન બે હાથ જોડી ઉભો રહી થરથર

પ્રભુને ભગવાન્‌ને નમસ્કાર કરીને, અને અત્યંત ભયભીત થએલો નમ્રભાવથી પ્રણામ કરી, ફરી પણ ગદ્‌ગદ્ વાણી વડે શ્રીકૃષ્ણ ભગવાન્‌ને આપ્રમાણે કહેવા લાગ્યો. ૩૫.

અવતરણિકાઃ—અગીઆર શ્લોકોવડે અર્જુન ભગવાન્‌ની સ્તુતિ કરતો કહેવા લાગ્યો.

अर्जुन उवाच। અર્જુન બોલ્યો—

स्थाने हृषीकेश तव प्रकीर्त्या
जगत्प्रहृष्यत्यनुरज्यते च।
रक्षांसि भीतानि दिशो द्रवंति
सर्वे नमस्यंति च सिद्धसंघाः॥ ३६॥

પદચ્છેદઃ—स्थाने, हृषीकेश, तव, प्रकीर्त्या, जगत्, प्रहृष्यति, अनुरज्यते, च, रक्षांसि, भीतानि, दिशः, द्रवन्ति, सर्वे, नमस्यन्ति, च, सिद्धसंघाः.

વ્યુત્પત્તિસમાસાઃ—हृषीकाणाम् इन्द्रियाणाम् ईशः इति हृषीकेशः, तत्सम्बुद्धौ हे हृषीकेश। प्रकृष्टा चासौ कीर्तिश्च इति प्रकीर्तिः, तया प्रकीर्त्या। प्रकर्षेण हृष्यति इति प्रहृष्यति। सिद्धानां संघाः इति सिद्धसंघाः।

અન્વય અને અર્થઃ—हृषीकेश હે ઇંદ્રિયોના સ્વામી શ્રીકૃષ્ણ! तव આપના, प्रकीर्त्या વિશિષ્ટ માહાત્મ્યના કીર્તનથી, जगत् વિશ્વ, प्रहृष्यति અત્યંત હર્ષ પામે છે, च અને, अनुरज्यते અનુરાગ પામે છે, (આપના ઉપર પ્રીતિ વાળું થાય છે, તેમ)

ભીતાનિ બીધેલા, રક્ષાંસિ રાક્ષસો, દિશઃ દિશાઓમાં, દ્રવન્તિ પલાયન કરે છે, ચ અને, સર્વે બધા, સિદ્ધસંઘાઃ કપિલાદિ સિદ્ધોના સમૂહ, નમસ્યન્તિ નમસ્કાર કરે છે, (તે સઘળું) સ્થાને યોગ્ય, (જ છે—અપ્રસ્તુત નથી)

ભાવાર્થઃ—હે હૃષીકેશ! આપના વિશિષ્ટ માહાત્મ્યકીર્તનથી આખું જગત્ અત્યંત હર્ષ પામી આપના પ્રત્યે અનુરાગને પામે છે, તેમ જ ભય પામેલા રાક્ષસો દિશાઓમાં પલાયન કરી જાય છે, અને બધા કપિલાદિ સિદ્ધોના સમુદાયો આપને નમસ્કાર કરે છે, તે સઘળું યોગ્ય જ છે, અર્થાત્ આપનું કીર્તન કરનાર પુરુષોને આપ આનંદ આપનાર અને રાક્ષસાદિ ક્રૂર આત્માઓને ભય ઉત્પન્ન કરનાર છો, એમાં સંશય નથી. ૩૬.

અવતરણિકાઃ—ભગવાન્ શ્રીકૃષ્ણનો ઉપર પ્રમાણે હોવાનો હેતુ દર્શાવી ને હવે અર્જુન તેમની સ્તુતિ કરે છે

कस्माच्च ते न नमेरन्महात्मन्
गरीयसे ब्रह्मणोऽप्यादिकर्त्रे ।
अनंत देवेश जगन्निवास
त्वमक्षरं सदसत्तत्परं यत् ॥ ३७ ॥

પદચ્છેદઃ—કસ્માત્, ચ, તે, ન, નમેરન્, મહાત્મન્, ગરીયસે, બ્રહ્મણઃ, અપિ, આદિકર્ત્રે, અનન્ત, દેવેશ, જગન્નિવાસ, ત્વમ્, અક્ષરમ્, સત્, અસત્, તત્પરમ્, યત્.

વ્યુત્પત્તિસમાસાઃ—મહાન્ ચાસૌ આત્મા ચ મહાત્મા, તત્સંબુદ્ધૌ હે મહાત્મન્। અતિશયેન ગુરુઃ ઇતિ ગરીયાન્, તસ્મૈ ગરીયસે ।

आदिश्चासौ कर्ता च इति आदिकर्ता, तस्मै आदिकर्त्रे । न विद्यते अन्तः यस्य सः अनन्तः, तत्संबुद्धौ हे अनन्त। देवानां ईशः देवेशः, तत्संबुद्धौ हे देवेश । जगतां निवासः जगत्सु निवासो वा यस्य इति जगन्निवासः, तत्संबुद्धौ हे जगन्निवास । न क्षरति इति अक्षरम् । अस्ति इति सत् । न सत् इति असत् । ताभ्यां परम् इति तत्परम् ।

અન્વય અને અર્થઃ—महात्मन् હે મહાત્મન્! अनन्त હે અંતરહિત! देवेश હે દેવોના દેવ! जगन्निवास હે જગતના આધારરૂપ! गरीयसे અત્યંત શ્રેષ્ઠ, (अने) ब्रह्मणः બ્રહ્માના, આપ પણ, आदिकर्त्रे આદિ કર્તારૂપ તે આપને, (तेओ,) कस्मात् શા માટે, न, नमेरन् નમન કરે નહિ? (કારણ કે) अक्षरम् અવિનાશિ, सत् વ્યક્ત, असत् અવ્યક્ત, (अने) तत्परम् તે બન્નેથી પર, यत् જે, (छे) તે त्वम् આપ (જ છો).

ભાવાર્થઃ—હે પરમોદાર ચિત્ત! હે અનન્ત! હે દેવોના પણ દેવ! હે જગતના આધાર! અત્યંત શ્રેષ્ઠ તેમજ બ્રહ્માના પણ આદિ કર્તારૂપ, એવા આપને તેઓ શા માટે નમન ન કરે? કારણ કે અવિનાશિ, વ્યક્ત તથા અવ્યક્ત તેમજ તે બંનેથી પર પણ જે તત્ત્વ રહેલું છે, તે આપ જ છો, અર્થાત્ તે સર્વ આપની સ્તુતિ કરે છે, તે યોગ્ય જ છે. ૩૭.

અવતરણિકાઃ—વળી પણ અર્જુન ભગવાનની સ્તુતિ કરે છેઃ—

त्वमादिदेवः पुरुषः पुराण-
स्त्वमस्य विश्वस्य परं निधानम् ।
वेत्तासि वेद्यं च परं च धाम
त्वया ततं विश्वमनंतरूप ॥ ३८ ॥

પદચ્છેદઃ—त्वम्, आदिदेवः, पुरुषः, पुराणः, त्वम्, अस्य, विश्वस्य, परम्, निधानम्, वेत्ता, असि, वेद्यम्, च, परम्, च, धाम, त्वया, ततम्, विश्वम्, अनन्तरूप.

व्युत्पत्तिसमासाः—आदिश्चासौ देवश्च इति आदिदेव । पुरौ शेते इति पुरुष । पुरा नव पुरा भवो वा इति पुराण । निधीयते अस्मिन् इति निधानम् । वेत्ति इति वेत्ता । वेत्तुं योग्य वेद्यम् । अनन्तानि रूपाणि यस्य स अनन्तरूप, तत्सम्बुद्धौ हे अनन्तरूप ।

अन्वय अने अर्थः—त्वम् આપ, आदिदेव દેવોના પણ આદિદેવ, (છો અને તેથી જ) पुराण પુરાતન–અનાદિ–સનાતન पुरुष પુરુષ, (છો) अस्य આ विश्वस्य જગતનુ, परम् છેલ્લુ, निधानम् લયસ્થાન, (પણ) त्वम् આપ, (જ છો તેમ) वेत्ता જાણનાર, च તથા, वेद्यम् જાણવા યોગ્ય, असि આપ છો, च તેમ જ, परम् પરમ, धाम મોક્ષપદ–કૈવલ્ય, (પણ આપ જ છો, અને તેથી જ) अनन्तरूप હે અપરિમિત સ્વરૂપવાળા ભગવન્! विश्वम् આખુ જગત્, त्वया આપના વડે, ततम् વ્યાપ્ત થયેલુ છે.

ભાવાર્થઃ—આપ દેવોના પણ આદિદેવ છો અને તેથી જ પુરાતન–અનાદિ–સનાતન–પુરુષ અને આ વિશ્વનુ લયસ્થાન પણ આપ જ છો! દૃશ્યમાનના જાણનાર, અને જાણવા યોગ્ય પણ આપ જ છો! તેમજ પરમ–કૈવલ્યપદ તે પણ આપ છો! અને તેથીજ હે અપરિમિત સ્વરૂપ વાળા ભગવન્! આ આખુ વિશ્વ આપનાથી જ સર્વત્ર વ્યાપ્ત થયેલુ છે ૩૮.

અવતરણિકા—એ પ્રમાણે મમટિમા ભગવાનનો આવિર્ભાવ કહીને, હવે દેવોની વ્યક્તિમા પણ તેમનો ભાવ રહેલો છે એમ કહી

ભગવાન્ જ સર્વદેવાત્મક હોવાથી પ્રત્યેક દેવના ઉપાસકોએ નમસ્કાર કરવા યોગ્ય છે, એમ સ્તુતિ કરતો અર્જુન પોતે પણ નમસ્કાર કરતો કહે છે

वायुर्यमोऽग्निर्वरुणः शशांकः
प्रजापतिस्त्वं प्रपितामहश्च ।
नमो नमस्तेऽस्तु सहस्रकृत्वः
पुनश्च भूयोऽपि नमो नमस्ते ॥ ३९ ॥

पदच्छेदः—वायुः, यमः, अग्निः, वरुणः, शशाङ्कः, प्रजापतिः, त्वम्, प्रपितामहः, च, नमः, नमः, ते, अस्तु, सहस्रकृत्वः, पुनः, च, भूयः, अपि, नमः, नमः, ते.

व्युत्पत्तिसमासाः—वाति इति वायुः। लोकान् यमयति इति यमः। अञ्चति ऊर्ध्वं गच्छति इति अग्निः, अश्नुते इति वा अग्निः। वारयति जलरूपेण इति वरुणः। शशस्य अङ्कम् चिह्नं यस्य सः शशाङ्कः। प्रजानां पतिः इति प्रजापतिः। पितुः पिता इति पितामहः, प्रकृष्टश्चासौ पितामहश्च इति प्रपितामहः। सहस्रवारम् इति सहस्रकृत्वः।

अन्वय अने अर्थः—*वायुः वायु, यमः यम, अग्निः अग्नि, वरुणः वरुण, शशांकः चन्द्रमा, प्रजापतिः ब्रह्मा, च तथा, प्रपितामहः पितानो पण पिता, त्वम् आप ज छो,

---

* आवह. प्रवहश्चैव संवहश्चोद्वहस्तथा ।
विवहाख्य परिवह परावह इति क्रमात् ॥

આવહ, પ્રવહ, સંવહ, ઉદ્વહ, વિવહ, પરિવહ, અને પરાવહ એ પ્રમાણે સાત વાયુઓ એ ક્રમથી વિશેષ છે

(અને તેથી) તે આપને, સહસ્રકૃત્વઃ હજારો વાર, નમઃ નમસ્કાર, અસ્તુ હો, ચ અને, પુનઃ ફરી, અપિ પણ, તે આપને, નમઃ નમસ્કાર, નમઃ નમસ્કાર, (વારંવાર નમસ્કાર હો!)

ભાવાર્થઃ—વાયુ, યમ, અગ્નિ, વરુણ, ચન્દ્રમા, પ્રજાપતિ અને તેમના પણ દાદા આપ જ છો, અને તેથી આપને હજારો વાર મારા નમસ્કાર હો! અને ફરી પણ આપને મારા વારંવાર નમસ્કાર હો! ૩૯.

नमः पुरस्तादथ पृष्ठतस्ते
नमोऽस्तु ते सर्वत एव सर्व ।
अनंतवीर्यामितविक्रमस्त्वं
सर्वं समाप्नोषि ततोऽसि सर्वः ॥ ४० ॥

પદચ્છેદઃ—નમઃ, પુરસ્તાત્, અથ, પૃષ્ઠતઃ, તે, નમઃ, અસ્તુ, તે, સર્વતઃ, એવ, સર્વ, અનન્તવીર્ય, અમિતવિક્રમઃ, ત્વમ્, સર્વમ્, સમાપ્નોષિ, તતઃ, અસિ, સર્વઃ.

વ્યુત્પત્તિસમાસાઃ—પુરઃ ઇતિ પુરસ્તાત્। પૃષ્ઠાત્ ઇતિ પૃષ્ઠતઃ। સર્વસ્માત્ ઇતિ સર્વતઃ। અનન્તં વીર્યં યસ્ય સઃ અનન્તવીર્યઃ, તત્સંબુદ્ધૌ હે અનન્તવીર્ય। ન મિતમ્ અમિતમ્, અમિતમ્ વિક્રમં યસ્ય સઃ અમિતવિક્રમઃ। સમ્યક્ આપ્નોષિ ઇતિ સમાપ્નોષિ।

અન્વય અને અર્થઃ—તે આપને, પુરસ્તાત્ આગેથી, અથ અને, પૃષ્ઠતઃ પછવાડેથી, નમઃ નમસ્કાર, (હો) સર્વ હે સર્વરૂપ! તે આપને, સર્વતઃ ચારે તરફથી, એવ પણ, નમઃ નમસ્કાર, અસ્તુ

હો! અનન્તવીર્ય હે અનંત સામર્થ્યવાન્! ત્વમ્ આપ, અનન્તવિક્રમઃ અપાર પરાક્રમશીલ, (છો કારણ કે) સર્વમ્ સમસ્ત વિશ્વપ્રતિ, સમાપ્નોષિ વ્યાપ્ત થઈને રહેલા છો, (અને) ततः તેથી, જ (આપ) सर्वः સર્વાત્મા, असि છો.

ભાવાર્થઃ—આપને સામેથી તેમજ પાછળથી મારા નમસ્કાર હો! હે સર્વરૂપ! આપને સર્વ દિશાઓમાં નમસ્કાર હો! હે અપરિમિત પરાક્રમશાળી પ્રભો! આપનું પરાક્રમ અપાર છે. કારણ કે આપ આખા વિશ્વપ્રતિ વ્યાપીને રહેલા છો. તેથી જ આપ સર્વાત્મા છો. ૪૦.

અવતરણિકાઃ—ભગવાનનુ આવું અદ્ભુત સ્વરૂપ તથા પ્રભાવ અગાઉ જોયેલો કે સાભળેલો ન હોવાથી, અને હુમણા તેનો અનુભવ થવાથી પહેલાં ઉદ્ધતાઈથી સામાન્ય મિત્ર સમજી કંઈ પણ અપરાધ કરવામા આવ્યો હોય તો તે સર્વ અપરાધની ક્ષમા માગતો અર્જુન કહે છે

सखेति मत्वा प्रसभं यदुक्तं
हे कृष्ण हे यादव हे सखेति ॥
अजानता महिमानं तवेदं
मया प्रमादात्प्रणयेन वापि ॥ ४१ ॥

यच्चावहासार्थमसत्कृतोऽसि
विहारशय्यासनभोजनेषु ।
एकोऽथवाप्यच्युत तत्समक्षं
तत्क्षामये त्वामहमप्रमेयम् ॥ ४२ ॥

पदच्छेदः—सखा, इति, मत्वा, प्रसभम्, यत्, उक्तम्, हे कृष्ण, हे यादव, हे सखा, इति, अजानता, महिमानम्, तव, इदम्, मया, प्रमादात्, प्रणयेन, वा, अपि; यत्, च, अवहासार्थम्, असत्कृतः, असि, विहारशय्यासनभोजनेषु, एकः, अथवा, अपि, अच्युत, तत्, समक्षम्, तत्, क्षामये, त्वाम्, अहम्, अप्रमेयम्.

व्युत्पत्तिसमासाः—यदोः अपत्यं पुमान् यादवः, तत्संबुद्धौ हे यादव। न जानाति इति अजानन्, तेन अजानता। माद्यन्ते अनेन इति मादः, प्रकर्षेण मादः इति प्रमादः, तस्मात् प्रमादात्। प्रकृष्टश्चासौ नयश्च इति प्रणयः, तेन प्रणयेन। अवहासाय इति अवहासार्थम्। विहरति अस्मिन् इति विहारः। शेते अस्यां इति शय्या। आसीदति अस्मिन् इति आसनम्। भुज्यते यत् तत् भोजनम्। विहारश्च शय्या च आसनं च भोजनानि च विहारशय्यासनभोजनानि, तेषु। न च्युतः अच्युतः, तत्संबुद्धौ हे अच्युत। अक्ष्णोः समं इति समक्षम्, तेषां समक्षम् इति तत्समक्षम्। प्रमातुं शक्यः प्रमेयः, न प्रमेयः इति अप्रमेयः, तम् अप्रमेयम्।

अन्वय अने अर्थः—तव आपना, महिमानम् माहात्म्यने, (तेमज) इदम् आ विश्वरूपने, अजानता न जाणता एवा मारा वडे, सखा (तमे) समान वयना छो, इति एम, मत्वा मानीने, प्रमादात् चित्तनी अस्थिरताथी, वा अथवा, प्रणयेन स्नेहथी, अपि पण, प्रसभम् तिरस्कारपूर्वक, "हे कृष्ण हे कृष्ण! हे यादव हे यादव! हे सखा हे सखा!" इति एम एम प्रमाणे, यत् जे कंई, मया मारा वडे, उक्तम् कहेवामां आव्युं होय, च

તમ, વિહારશય્યાસનભોજનેષુ ક્રીડા, શયન, આસન તથા ભોજન વિગેરેમાં, એક એકલા, અથવા અથવા, તત્સમક્ષમ્ તે મિત્રોની સમીપમા, અવહાસાર્થમ્ ઉપહાસ-મશ્કરી માટે, (યત્ જે કંઈ, અસત્કૃત તિરસ્કારવામાં આવ્યા, અસિ હો, અચ્યુત હે અચ્યુત-વિકારરહિત ભગવન્! તત્ તે સઘળુ, અપ્રમેયમ્ પ્રમાણ રહિત, એવા ત્વામ્ આપને, અહમ્ હું, ક્ષામયે ક્ષમાપન કરાવુ છુ

ભાવાર્થઃ—હે પ્રભો! આપના માહાત્મ્યને તેમજ આપના આ વિશ્વરૂપને હું જાણતો ન હોવાથી, તમે સમાન વયના છો એમ માનીને મેં ચિત્તની અસ્થિરતાથી અથવા અનુરાગથી પણ તિરસ્કાર પૂર્વક " હે કૃષ્ણ! હે યાદવ! હે સખા! " ઈત્યાદિ એ પ્રમાણે જે કઈ કહ્યુ હોય' તેમજ ક્રીડા, શયન, આસન તથા ભોજન વિગેરેમા-એકાતમા તેમજ મિત્રોની હાજરીમાં પણ ઉપહાસ માટે જે કંઈ આપની અવજ્ઞા કરી હોય, તે સઘળાની હે અચ્યુત! પ્રમાણરહિત એવા આપની પાસે હું ક્ષમા યાચુ છુ. અર્થાત્ આપના સ્વરૂપને ન જાણતા એવા મારાથી થએલા તે સર્વ અપરાધ આપ ક્ષમા કરો ૪૧-૪૨.

पितासि लोकस्य चराचरस्य
त्वमस्य पूज्यश्च गुरुर्गरीयान् ।
न त्वत्समोऽस्त्यभ्यधिकः कुतोऽन्यो
लोकत्रयेऽप्यप्रतिमप्रभाव ॥ ४३ ॥

પદચ્છેદઃ—પિતા, અસિ, લોકસ્ય, ચરાચરસ્ય, ત્વમ્, અસ્ય, પૂજ્યઃ, ચ, ગુરુઃ, ગરીયાન્, ન, ત્વત્સમઃ, અસ્તિ, અભ્યધિકઃ, કુતઃ, અન્યઃ, લોકત્રયે, અપિ, અપ્રતિમપ્રભાવ.

વ્યુત્પત્તિસમાસાઃ—પાતિ રક્ષતિ ઇતિ પિતા। ચરતિ ઇતિ ચરઃ, ન ચરતિ ઇતિ અચરઃ, ચરં ચ અચરં ચ ઇતિ ચરાચરં, તસ્ય ચરાચરસ્ય। પૂજિતું યોગ્યઃ ઇતિ પૂજ્યઃ। ગૃણાતિ ઇતિ ગુરુઃ। અતિશયેન ગુરુઃ ઇતિ ગરીયાન્। ત્વયા સમઃ ઇતિ ત્વત્સમઃ। અભિ—મૃશમ્ અધિકઃ ઇતિ અભ્યધિકઃ। લોકાનાં ત્રયમ્ ઇતિ લોકત્રયમ્, તસ્મિન્ લોકત્રયે। પ્રતિમીયતે યયા સા પ્રતિમા, ન વિદ્યતે પ્રતિમા યસ્ય સઃ અપ્રતિમઃ, અપ્રતિમઃ પ્રભાવઃ યસ્ય સઃ અપ્રતિમપ્રભાવઃ, તત્સંબુદ્ધૌ હે અપ્રતિમપ્રભાવ।

અન્વય અને અર્થઃ—(આપ) અસ્ય આ, ચરાચરસ્ય ચૈતન્ય અને જડ, લોકસ્ય લોકોના, પિતા પિતા, અસિ છો, પૂજ્યઃ પૂજા કરવા યોગ્ય, (છો) ચ તેમજ, ગુરુઃ ધર્મ તથા બ્રહ્મનો ઉપદેશ આપનાર ગુરુ, (અને) ગરીયાન્ સર્વથી શ્રેષ્ઠ, (છો! માટે) અપ્રતિમપ્રભાવ હે અનુપમ પ્રભાવવાળા! લોકત્રયે ત્રણ લોકમાં, અપિ પણ, ત્વત્સમઃ આપના સમાન, ન, અસ્તિ (કોઈ) છે નહિ, (તો) અન્યઃ બીજો, અભ્યધિકઃ વિશેષ ઉત્તમ, (તો) કુતઃ ક્યાંથી, (હોઇ શકે?)

ભાવાર્થઃ—આપ આ ચરાચર જગતના પિતા, પૂજા કરવા યોગ્ય, ગુરુ, તેમજ ગુરુથી પણ વિશેષ મહાન્ છો. માટે હે અનુપમ પ્રભાવવાળા ભગવન્! આ ત્રણે લોકમાં પણ આપની બરોબરી કરી શકે તેવો કોઈ નથી, તો પછી બીજો કોઈ આપનાથી વધારે શ્રેષ્ઠ તો ક્યાંથી જ હોઇ શકે? ન જ હોઇ શકે. અર્થાત્ આપ જ સર્વથી શ્રેષ્ઠ છો. એમ હું માનું છું. ૪૩.

અવતરણિકાઃ—"અપ્રતિમપ્રભાવ" ઇત્યાદિ વાક્યોથી ભગવાનને પૂર્ણ પ્રભાવ વર્ણવી હવે તે પ્રભાવથી ભગવાનને અર્જુન પોતાની નમ્ર વન્દના કરતો કહે છેઃ

तस्मात्प्रणम्य प्रणिधाय कायं
प्रसादये त्वामहमीशमीड्यम् ।
पितेव पुत्रस्य सखेव सख्युः
प्रियः प्रियायार्हसि देव सोढुम् ॥ ४४ ॥

पदच्छेदः—तस्मात्, प्रणम्य, प्रणिधाय, कायम्, प्रसादये, त्वाम्, अहम्, ईशम्, ईड्यम्, पिता, इव, पुत्रस्य, सखा, इव, सख्युः, प्रियः, प्रियायाः, अर्हसि, देव, सोढुम्.

व्युत्पत्तिसमासाः—प्रकर्षेण नत्वा इति प्रणम्य। प्रकर्षेण नीचैर्वृत्वा इति प्रणिधाय। चीयते अस्मिन् अस्थ्यादिकम् इति कायः, त कायम्। ईडितुं योग्यः इति ईड्य, त ईड्यम्। पुन्नाम्नो नरकात् त्रायते इति पुत्र., तस्य पुत्रस्य। समान. ख्यायते जनैः इति सखा। प्रीणाति इति प्रिय.।

---

१ युद्धानध्यवसायिनोऽपि भगवद्रूपमभिज्ञस्य मे
तद्वाक्यास्तमिताद्दरस्य नृहरिर्मोक्ता इमा आशिष ।
युक्ता यन्मृतसारथेश्चरणयोः साम्राज्यभोगश्चिरा-
दास्तामित्यपराधजातमधुना श्लाघ्य हरेर्दर्शनम् ॥ प्रमेयसग्रहे ॥

યુદ્ધ કરવાનો અતિ પ્રયાસ નહિ કરનાર, ભગવાનના અતિશયપણા-મહિમાને નહિ જાણનાર અને યુદ્ધ સબંધી વાકયો તરફ જેનો આદર-ભાવ અસ્ત થયો છે એવા મને-અર્જુનને નહરિ-આપ ભગવાન-શ્રીકૃષ્ણચંદ્રના જે "આપે વિરાટ સ્વરૂપના દર્શનથી આપણે કે પ્રતિપક્ષી કૌરવોની સેનાના તમામ યોદ્ધાઓ મરેલા જ છે તેમને મારવા વડે પ્રાપ્ત થતા યશોનું ફળરૂપ સામ્રાજ્ય ભોગ ચિરકાળ ભોગવો" એ પ્રકારના આપે આપેલા આશીર્વાદો યોગ્ય છે અને ઉપર જણાવેલી આપની આજ્ઞાઓના અનાદરરૂપી અપરાધથી ઉત્પન્ન થયેલું એટલે અપરાધ છતા આપ શ્રીહરિનું વિરાટસ્વરૂપનું દર્શન પણ બહુ પ્રશસનીય-પૂર્ણ દયા રૂપ છે

અન્વય અને અર્થ:—तस्मात् તેથી, कायम् શરીરને, प्रणिधाय દંડવત્-પ્રણામની માફક ભૂમિ ઉપર રાખીને, प्रणम्य પ્રણામ કરીને, ईशम् ઐશ્વર્યસંપન્ન, (અને) ईड्यम् સ્તુતિ કરવા યોગ્ય એવા, त्वाम् આપને, अहम् હું, प्रसादये પ્રસન્ન કરું છું, (કે) દેવ હે દેવ! पिता પિતા, पुत्रस्य પુત્રના, (अपराधान्) इव જેમ, सखा મિત્ર, सख्युः મિત્રના, (अपराधान्) इव જેમ, (અને) प्रियः पति. प्रियायाः ધર્મપત્નીના, (अपराधान्) इव જેમ, (તેમ,) सोढुम् (મારા અપરાધોને) સહન કરવાને-ક્ષમા કરવાને, अर्हसि આપ યોગ્ય છો.

ભાવાર્થ:—આપ અનંત, દિવ્ય, તેમજ ઈશ્વર હોવાથી શરીરને દંડવત્ ભૂમીપર રાખીને-પ્રણામ કરીને, સમસ્ત ઐશ્વર્યશાળી તેમજ સ્તુતિ કરવા યોગ્ય એવા આપને હું પ્રસન્ન થવા માટે પ્રાર્થના કરું છું, કે હે દેવ! જેમ પિતા પુત્રના, મિત્ર મિત્રના, અને પતિ પત્નીના અપરાધોને સહન કરે છે, તેમ આપ પણ મારા અપરાધોને સહન કરવા યોગ્ય છો. અર્થાત્ મારા સર્વ અપરાધો ક્ષમા કરી આપ મારાપર પ્રસન્ન થાઓ. ૪૪.

અવતરણિકા:—એ પ્રમાણે અપરાધોને ક્ષમા કરવાની પ્રાર્થના કરી દેવે વિશ્વરૂપદર્શનથી થએલી વ્યથાને દૂર કરવાના હેતુથી કરીને તે સૌમ્ય એવું પૂર્વનું ચાર ભુજવાળું સ્વરૂપ જોવાની અભિલાષાથી અર્જુન કહે છે:

अदृष्टपूर्वं हृषितोऽस्मि दृष्ट्वा
भयेन च प्रव्यथितं मनो मे ।
तदेव मे दर्शय देव रूपं
प्रसीद देवेश जगन्निवास ॥ ४५ ॥

पदच्छेदः—अदृष्टपूर्वम्, हृषितः, अस्मि, दृष्ट्वा, भयेन, च, प्रव्यथितम्, मनः, मे, तत्, एव, मे, दर्शय, देव, रूपम्, प्रसीद, देवेश, जगन्निवास.

व्युत्पत्तिसमासाः—न दृष्टम् अदृष्टम्, पूर्वम् अदृष्टम् इति अदृष्टपूर्वम्, तत्। प्रकर्षेण व्यथितम इति प्रव्यथितम। मन्यते अनेन इति मनः। देवाना ईश देवेश, तत्सबुद्धौ हे देवेश। जगता नितान्तं वास यस्मिन् स जगन्निवास, तत्सबुद्धौ हे जगन्निवास।

अन्वय अने अर्थः—अदृष्टपूर्वम् पूर्वे कदि नहि जोयेला एवा आ विश्वरूपने, दृष्ट्वा जोईने, हृषितः हुं घणो आनद पामेलो, अस्मि छु, च पण, भयेन (विकराल रूप जोवाथी थयेला) भय वडे, मे मारु, मनः मन, प्रव्यथितम् अत्यंत व्याकुल थयेलु, (छे, माटे) देव हे देव! तत् ते, एव ज, (पूर्वनुं) रूपम् रूप, मे मने, दर्शय देखाडो, (अने) देवेश हे देवोना पण ईश्वर! जगन्निवास हे जगत्ना आधार! प्रसीद आप प्रसन्न थाओ.

भावार्थः—पूर्वे कदि पण नहि जोयेला एवा आपना आ विश्वरूपने जोईने हुं अत्यत हर्ष पाम्यो छु, पण विकराल रूपने जोवाथी थयेला भय वडे मारुं मन अत्यंत आकुलव्याकुल थई गयु छे, माटे हे देव! फरीने ते ज आपना स्वरूपनां मने दर्शन करावो. अने हे देवोना पण ईश्वर! हे जगदाधार! आप मारापर प्रसन्न थाओ ४५.

अवतरणिका—उपरना श्लोकमा पूर्वना स्वरूपनु दर्शन करावववानुं अर्जुने कर्युं, पण ते स्वरूप कयु? तेनुं वर्णन आपता पुन अर्जुन कहे छे

किरीटिनं गदिनं चक्रहस्त-
मिच्छामि त्वां द्रष्टुमहं तथैव ।
तेनैव रूपेण चतुर्भुजेन
सहस्रबाहो भव विश्वमूर्ते ॥ ४६ ॥

પદચ્છેદઃ—किरीटिनम्, गदिनम्, चक्रहस्तम्, इच्छामि, त्वाम्, द्रष्टुम्, अहम्, तथा, एव, तेन, एव, रूपेण, चतुर्भुजेन, सहस्रबाहो, भव, विश्वमूर्ते.

વ્યુત્પત્તિસમાસાઃ—किरीटः अस्ति अस्य इति किरीटी, तं किरीटिनम् । गदा अस्ति अस्य इति गदी, तं गदिनम् । चक्रं हस्ते यस्य सः चक्रहस्तः, तं चक्रहस्तम् । चत्वारो भुजाः यस्य सः चतुर्भुजः, तेन चतुर्भुजेन । सहस्राणि बाहवः यस्य सः सहस्रबाहुः, तत्संबुद्धौ हे सहस्रबाहो । विश्वं मूर्तिः यस्य सः विश्वमूर्तिः, तत्संबुद्धौ हे विश्वमूर्ते ।

અન્વય અને અર્થઃ—किरीटिनम् મસ્તક ઉપર મુકુટ ધારણ કરેલા, गदिनम् ગદાવાળા, (તેમ) चक्रहस्तम् હાથમાં ચક્ર ધારણ કરેલા, (એવા) त्वाम् આપને, तथा, एव તેવી જ રીતના, द्रष्टुम् જોવાને, इच्छामि હું ઇચ્છું છું, (માટે) सहस्रबाहो હે હજાર ભુજાવાળા ! विश्वमूर्ते હે વિશ્વરૂપી મૂર્તિવાળા ! चतुर्भुजेन ચાર ભુજવાળા, तेन તે, एव જ, रूपेण સ્વરૂપથી, (યુક્ત) भव આપ થાઓ.

ભાવાર્થઃ—મસ્તક ઉપર મુકુટ અને હાથમાં ગદા તેમજ ચક્ર ધારણ કરેલા એવા આપને હું તેવા પૂર્વના સ્વરૂપવાળા જ

જોવા ઇચ્છું છું. માટે હે હજાર ભુજાવાળા તથા વિશ્વરૂપી ભગવન્! ફરી આપ તે જ ચાર હાથવાળા સ્વરૂપયુક્ત થાઓ. અર્થાત્ આપનું તે પૂર્વનું સ્વરૂપ દર્શાવવાની આપ મારા પર કૃપા કરો. ૪૬.

અવતરણિકા:—અર્જુનને ભયભીત થયેલો જાણીને, પોતાના વિશ્વરૂપનો સંકોચ કરી લઈ ભગવાન્ શ્રીકૃષ્ણ પ્રિયવચનોથી અર્જુનની આશ્વાસના કરતા કહેવા લાગ્યા

શ્રીભગવાનુવાચ । શ્રીભગવાન્ કહે છે:—

मया प्रसन्नेन तवार्जुनेदं
रूपं परं दर्शितमात्मयोगात् ।
तेजोमयं विश्वमनंतमाद्यं
यन्मे त्वदन्येन न दृष्टपूर्वम् ॥ ४७ ॥

પદચ્છેદ:—मया, प्रसन्नेन, तव, अर्जुन, इदम्, रूपम्, परम्, दर्शितम्, आत्मयोगात्, तेजोमयम्, विश्वम्, अनन्तम्, आद्यम्, यत्, मे, त्वदन्येन, न, दृष्टपूर्वम्.

વ્યુત્પત્તિસમાસા:—आत्मनः योगः इति आत्मयोगः, तस्मात् आत्मयोगात् । तेजसा प्रचुरम् इति तेजोमयम् । न विद्यते अन्तः यस्य तत् अनन्तम् । आदौ भवम् इति आद्यम् । त्वत्तः अन्यः त्वदन्यः, तेन त्वदन्येन । पूर्वं दृष्टम् इति दृष्टपूर्वम् ।

અન્વય અને અર્થ:—અર્જુન હે અર્જુન! परम् શ્રેષ્ઠ, तेजोमयम् તેજના અંબારથી ભરેલું, आद्यम् સર્વનું આદિભૂત,

અનન્તમ્ અંતરહિત, (અને) વિશ્વમ્ સમસ્ત વિશ્વમય, ઇદમ્ આ, રૂપમ્ (વિશ્વ)રૂપ, પ્રસન્નેન પ્રસન્ન થયેલા, મયા મેં, આત્મયોગાત્ ઐશ્વર્યના સામર્થ્યથી, તવ તને, દર્શિતમ્ બતાવ્યું, (કે) મે મારું, યત્ જે સ્વરૂપ, ત્વદન્યેન તારાથી ભિન્ન અન્ય કોઇએ, દૃષ્ટપૂર્વમ્ પહેલાં જોયેલું, ન નથી.

ભાવાર્થઃ—હે અર્જુન! અત્યંત શ્રેષ્ઠ, તેજના અંબારથી ભરેલું, આદ્ય, અંતરહિત અને સમસ્ત વિશ્વમય એવું આ મારું વિશ્વરૂપ મેં તારા ઉપર પ્રસન્ન થઈને મારા ઐશ્વર્યના સામર્થ્યથી તને દેખાડયું છે, એ સ્વરૂપ તારા સિવાય બીજા કોઇએ પણ પહેલાં જોયેલું નથી. ૪૭.

અવતરણિકાઃ—"મારા એ વિશ્વરૂપદર્શનથી તું ખરેખર કૃતાર્થ થઈ ગયો, કારણ કે એનું દર્શન અત્યંત દુર્લભ છે," એમ વિશ્વરૂપની પ્રશંસા કરતાં ભગવાન્ જણાવે છે·

न वेदयज्ञाध्ययनैर्न दानै-
र्न च क्रियाभिर्न तपोभिरुग्रैः ।
एवंरूपः शक्य अहं नृलोके
द्रष्टुं त्वदन्येन कुरुप्रवीर ॥ ४८ ॥

પદચ્છેદઃ—ન, વેદયજ્ઞાધ્યયનૈઃ, ન, દાનૈઃ, ન, ચ, ક્રિયાભિઃ, ન, તપોભિઃ, ઉગ્રૈઃ, એવંરૂપઃ, શક્યઃ, અહમ્, નૃલોકે, દ્રષ્ટુમ્, ત્વદન્યેન, કુરુપ્રવીર.

વ્યુત્પત્તિસમાસાઃ—અધીયન્તે તાનિ અધ્યયનાનિ, વેદાશ્ચ યજ્ઞાશ્ચ ઇતિ વેદયજ્ઞાઃ, તેષામ્ અધ્યયનાનિ ઇતિ વેદયજ્ઞાધ્યયનાનિ, તૈઃ

वेदयज्ञाध्ययनैः । दीयन्ते इति दानानि, तैः दानैः । क्रियन्ते इति क्रियाः, ताभिः क्रियाभिः । तप्यन्ते इति तपांसि, तैः तपोभिः । एवं रूपं यस्य सः एवंरूपः । नृणां लोकः इति नृलोकः, तस्मिन् नृलोके । प्रकृष्टश्चासौ वीरश्च प्रवीरः, कुरूणां प्रवीरः इति कुरुप्रवीरः, तत्संबुद्धौ हे कुरुप्रवीर ।

અન્વય અને અર્થઃ—कुरुप्रवीर હે કુરુકુલવીર ! एवंरूपः એવા રૂપવાળો, अहम् હું, वेदयज्ञाध्ययनैः વેદ તથા મીમાંસા-કલ્પાદિ યજ્ઞગ્રંથોના અધ્યયનોથી, दानैः દાનોથી, क्रियाभिः કર્મોથી, (અને) उग्रैः ઉગ્ર, तपोभिः તપો વડે, (પણ) त्वदन्येन તારાથી ભિન્ન બીજા વડે, नृलोके (આ) મનુષ્યલોકમાં, द्रष्टुम् જોવાને, शक्यः શક્ય, न નથી.

ભાવાર્થઃ—હે કુરુવંશના વીર અર્જુન ! આવા વિશ્વરૂપ-વાળો હું, વેદ, મીમાંસા, કલ્પાદિ ગ્રંથોના અધ્યયનોથી, દાનોથી, કર્મોથી કે દુશ્ચર તપોથી પણ તારા સિવાય બીજા કોઇને આ મનુષ્યલોકમાં સુલભતાથી પ્રત્યક્ષ થતો નથી. અર્થાત્ તારા વિના અન્ય કોઈ પણ મારું દર્શન અનેક પ્રયત્નોથી પણ મેળવી શકે તેમ નથી. ૪૮.

અવતરણિકાઃ—વિશ્વરૂપદર્શનની એ પ્રમાણે મહત્તા ગાઇને હવે તે જ રૂપથી ભયભીત થયેલા અર્જુનને સ્વસ્થ કરવાના આશયથી તે સ્વરૂપનો ઉપસંહાર કરતાં ભગવાન્ શ્રીકૃષ્ણ કહે છે.

मा ते व्यथा मा च विमूढभावो
दृष्ट्वा रूपं घोरमीदृङ् ममेदम् ।
व्यपेतभीः प्रीतमनाः पुनस्त्वं
तदेव मे रूपमिदं प्रपश्य ॥ ४९ ॥

पदच्छेदः—मा, ते, व्यथा, मा, च, विमूढभावः, दृष्ट्वा, रूपम्, घोरम्, ईदृक्, मम, इदम्, व्यपेतभीः, प्रीतमनाः, पुनः, त्वम्, तत्, एव, मे, रूपम्, इदम्, प्रपश्य.

व्युत्पत्तिसमासाः—विशेषेण मूढः इति विमूढः, विमूढस्य भावः इति विमूढभावः। अनेन सदृशम् इति ईदृक्। विशेषेण अपेता भीः यस्मात् सः व्यपेतभीः। प्रीतं मनः यस्य सः प्रीतमनाः। प्रकर्षेण पश्य इति प्रपश्य।

અન્વય અને અર્થઃ—મમ મારું, ઈદૃક્ એ પ્રકારનું, इदम् આ, घोरम् ભયંકર, रूपम् રૂપ, दृष्ट्वा જોઈને, ते તને, व्यथा પીડા, मा न (થાઓ), च તેમ જ, विमूढभावः વ્યાકુલપણું (પણ), मा न, (થાઓ, અને હવે) व्यपेतभीः ભયરહિત, (तथा) प्रीतमनाः પ્રસન્ન મનવાળો, (થઈને) त्वम् તું, पुनः ફરી, तत् તે, एव જ, (પૂર્વના) मे મારા, इदम् આ, रूपम् સ્વરૂપને, प्रपश्य સારી રીતે જો.

ભાવાર્થઃ—મારું એ પ્રકારનું આ ભયંકર સ્વરૂપ જોઈને તને પીડા કે વ્યાકુલપણું ન થાઓ, અને હવે તું ભયરહિત તેમ જ પ્રસન્નચિત્ત થઈને ફરી મારા તે જ મૂલસ્વરૂપને પાછું સારી રીતે જો. ૪૯.

અવતરણિકાઃ—"એ પ્રમાણે કહી ભગવાને ફરી પોતાના પૂર્વસ્વરૂપને ધારણ કર્યું," એમ સંજય હવે ધૃતરાષ્ટ્રને કહેછેઃ

संजय उवाच। સંજય બોલ્યોઃ—

इत्यर्जुनं वासुदेवस्तथोक्त्वा
स्वकं रूपं दर्शयामास भूयः।

आश्वासयामास च भीतमेनं
भूत्वा पुनः सौम्यवपुर्महात्मा ॥ ५० ॥

पदच्छेदः—इति, अर्जुनम्, वासुदेवः, तथा, उक्त्वा, स्वकम्, रूपम्, दर्शयामास, भूयः, आश्वासयामास, च, भीतम्, एनम्, भूत्वा, पुनः, सौम्यवपुः, महात्मा.

व्युत्पत्तिसमासाः—वसुदेवस्य अपत्यं पुमान् वासुदेवः। स्वम् एव इति स्वकम्, तत्। सौम्यं वपुः यस्य सः सौम्यवपुः। महान् आत्मा यस्य सः महात्मा।

अन्वय अने अर्थः—इति એ प्रमाणे, वासुदेवः भगवान् श्रीकृष्णु, अर्जुनम् अर्जुनने, तथा तेवी रीते, उक्त्वा કહીને, भूयः ફરી, स्वकम् પોતાનું, रूपम् મૂલસ્વરૂપ, दर्शयामास દેખાડતા હવા, च અને, सौम्यवपुः शांत शरीरवाणा, भूत्वा थઈને, महात्मा મહાત્મા श्रीकृष्णु, भीतम् બીધેલા એવા, एनम् એ अर्जुनने, आश्वासयामास આશ્વાસન આપવા લાગ્યા.

ભાવાર્થઃ—એ પ્રમાણે ભગવાન્ શ્રીકૃષ્ણે તે પ્રમાણે કહીને, ફરીથી અર્જુનને તે જ પોતાના મૂલસ્વરૂપનું દર્શન કરાવ્યું અને પ્રથમની પેઠે શાંત મૂર્તિવાળા થઈને તે મહાત્મા શ્રીકૃષ્ણુ ભયભીત થએલા તે અર્જુનને આશ્વાસન આપવા લાગ્યા. ૫૦.

અવતરણિકા—એ પ્રમાણે ભગવાન્ વડે આશ્વાસન પામેલો અર્જુન ત્યારપછી નીચે પ્રમાણે કહેવા લાગ્યો

अर्जुन उवाच। અર્જુન બોલ્યો—

दृष्ट्वेदं मानुषं रूपं तव सौम्यं जनार्दन।
इदानीमस्मि संवृत्तः सचेताः प्रकृतिं गतः ॥ ५१ ॥

પદચ્છેદઃ—દૃષ્ટ્વા, ઇદમ્, માનુષમ્, રૂપમ્, તવ, સૌમ્યમ્, જનાર્દન, ઇદાનીમ્, અસ્મિ, સંવૃત્તઃ, સચેતાઃ, પ્રકૃતિમ્, ગતઃ.

વ્યુત્પત્તિસમાસાઃ—મનુષ્યસ્ય ઇદમ્ ઇતિ માનુષમ્, તત્। સોમસ્ય ભાવઃ સૌમ્યમ્, તત્ અસ્તિ અસ્ય ઇતિ સૌમ્યમ્, તત્। સમ્યક્ વૃત્તઃ ઇતિ સંવૃત્તઃ। ચેતસા સહવર્તમાનઃ ઇતિ સચેતાઃ।

અન્વય અને અર્થઃ—જનાર્દન હે જનાર્દન! તવ આપનું, ઇદમ્ આ, સૌમ્યમ્ શાંત, માનુષમ્ મનુષ્યની આકૃતિવાળું, રૂપમ્ રૂપ, દૃષ્ટ્વા જોઈને, ઇદાનીમ્ હવે, (હું) સચેતાઃ સ્વસ્થ ચિત્તવાળો, સંવૃત્તઃ થયો, અસ્મિ છું, (અને) પ્રકૃતિમ્ પ્રકૃતિને—શાન્તિને, ગતઃ પામ્યો (છું).

ભાવાર્થઃ—હે જનાર્દન! આપનું આ શાંત મનુષ્યાકૃતિ સ્વરૂપ જોઈને હવે હું સ્વસ્થચિત્ત થયો છું અને સ્વભાવે પણ શાંતિને પામ્યો છું. ૫૧.

અવતરણિકાઃ—એ પ્રમાણે અર્જુનનું કહેવું સાંભળી પોતે કરેલા અતિ દુર્લભ અનુગ્રહની મહત્તા બતાવતાં ભગવાન્ શ્રીકૃષ્ણ કહે છેઃ

શ્રીભગવાનુવાચ। શ્રી ભગવાન્ કહે છેઃ—

સુદુર્દર્શમિદં રૂપં દૃષ્ટવાનસિ યન્મમ ॥
દેવા અપ્યસ્ય રૂપસ્ય નિત્યં દર્શનકાંક્ષિણઃ ॥૫૨॥

પદચ્છેદઃ—સુદુર્દર્શમ્, ઇદમ્, રૂપમ્, દૃષ્ટવાન્, અસિ, યત્, મમ, દેવાઃ, અપિ, અસ્ય, રૂપસ્ય, નિત્યમ્, દર્શનકાઙ્ક્ષિણઃ.

વ્યુત્પત્તિસમાસાઃ—સુષ્ઠુ અત્યન્તમ્ દુઃખેન દૃશ્યતે યત્ તત્ સુદુર્દર્શમ્ । દૃષ્ટમ્ અસ્તિ અસ્ય ઇતિ દૃષ્ટવાન્ । દર્શનસ્ય કાઙ્ક્ષા ઇતિ દર્શનકાઙ્ક્ષા, સા અસ્તિ યેષાં તે દર્શનકાઙ્ક્ષિણઃ ।

અન્વય અને અર્થઃ—મમ મારા, યત્ જે, રૂપમ્ વિશ્વ-રૂપને, દૃષ્ટવાન્ જોનારો, અસિ તું થયો છે, ઇદમ્ એ, (રૂપ) સુદુર્દર્શમ્ ઘણા કષ્ટથી જોઈ શકાય તેવું (છે, કારણ કે) દેવા. ઇંદ્રાદિ દેવો, અપિ પણ, નિત્યમ્ હંમેશાં, અસ્ય આ, રૂપસ્ય વિશ્વ-રૂપના, દર્શનકાંક્ષિણઃ દર્શનની આકાંક્ષાવાળા, (છે).

ભાવાર્થઃ—તેં મારું જે વિશ્વરૂપ જોયું તે વિશ્વરૂપ ઘણા કષ્ટથી જોઈ શકાય તેવું છે, કારણકે ઇન્દ્રાદિક દેવો પણ નિરંતર આ સ્વરૂપના દર્શનની આકાંક્ષા રાખે છે. ૫૨.

અવતરણિકાઃ—"વેદ, યજ્ઞ, તપ, દાન ઇત્યાદિ ઉપાયો હોવા છતા પણ ઉક્ત સ્વરૂપવાળા ભગવાન્ જોઈ શકાય નહિ, તો બીજા કયા ઉપાયથી તે જાણી અથવા જોઈ શકાય ?" તે ખબરી સ્પષ્ટતા કરતા ભગવાન્ કહે છે

नाहं वेदैर्न तपसा न दानेन न चेज्यया ॥
शक्य एवंविधो द्रष्टुं दृष्टवानसि मां यथा ॥ ५३ ॥
भक्त्या त्वनन्यया शक्य अहमेवंविधोऽर्जुन ॥
ज्ञातुं द्रष्टुं च तत्त्वेन प्रवेष्टुं च परंतप ॥ ५४ ॥

---

१ नायमात्मा प्रवचनेन लभ्यो न मेधया न बहुना श्रुतेन ।
यमेवैष वृणुते तेन लभ्यस्तस्यैष आत्मा विवृणुते तनूं स्वाम् ॥

આ આત્મા-બ્રહ્મ-સ્વસ્વરૂપ પ્રવચનવડે મળી શકતો નથી, બુદ્ધિવડે મળી શકતો નથી તેમ બહુ શ્રવણ કરવાથી પણ મળી શકતો નથી, પરંતુ જેને એ વરે છે-ભક્તિવડે પ્રસન્ન થાય છે તેને જ મળી શકે છે અને એ આત્મા તેનેજ પોતાનું શરીર અર્પણ કરે છે

પદચ્છેદઃ—ન, અહમ્, વેદૈઃ, ન, તપસા, ન, દાનેન, ન, ચ, ઇજ્યયા, શક્યઃ, એવંવિધઃ, દ્રષ્ટુમ્, દૃષ્ટવાન્, અસિ, મામ્, યથા; ભક્ત્યા, તુ, અનન્યયા, શક્યઃ, અહમ્, એવંવિધઃ, અર્જુન, જ્ઞાતુમ્, દ્રષ્ટુમ્, ચ, તત્ત્વેન, પ્રવેષ્ટુમ્, ચ, પરંતપ.

વ્યુત્પત્તિસમાસાઃ—ઇજ્યન્તે દેવતાઃ અસ્યામ્ ઇતિ ઇજ્યા, તયા ઇજ્યયા । એવં વિધઃ પ્રકારઃ યસ્ય સઃ એવંવિધઃ । ન વિદ્યતે અન્યઃ યસ્યાં સા અનન્યા, તયા અનન્યયા । પ્રકર્ષેણ વેષ્ટુમ્ ઇતિ પ્રવેષ્ટુમ્ । પરં શરીરસ્થં શત્રુસમુદાયં તાપયતિ ઇતિ પરંતપઃ, તત્સંબુદ્ધૌ હે પરંતપ ।

અન્વય અને અર્થઃ—એવંવિધઃ એ પ્રકારનો, યથા જેવી રીતે, મામ્ મને, દૃષ્ટવાન્ તું જોઈ શક્યો, અસિ છે, તેવી રીતે, અહમ્ હું, વેદૈઃ વેદો વડે, ન નહિ, તપસા તપ વડે, ન નહિ, દાનેન દાન વડે, ન નહિ, ચ તેમજ, ઇજ્યયા યજ્ઞ વડે, (પણ) દ્રષ્ટુમ્ જોવાને, શક્યઃ સુલભ, ન નથી, તુ પરંતુ, અર્જુન હે અર્જુન ! પરંતપ હે પરંતપ ! એવંવિધઃ એ પ્રકારે-વિશ્વરૂપધારી, (તો) અહમ્ હું, અનન્યયા અનન્ય, ભક્ત્યા ભક્તિવડે, (જ) જ્ઞાતુમ્ જાણવાને, ચ અને, દ્રષ્ટુમ્ સાક્ષાત્કાર કરવાને, ચ તેમ, તત્ત્વેન તત્ત્વપૂર્વક, પ્રવેષ્ટુમ્ પ્રવેશ કરવાને, શક્યઃ શક્ય છું.

ભાવાર્થઃ—એ પ્રકારે જેવી રીતે તેં મને જોયેલો છે તેવી રીતે હું વેદ, તપ, દાન તેમજ યજ્ઞો વડે પણ જોવાઈ શકું તેમ નથી, પરંતુ હે પરંતપ અર્જુન ! એ પ્રકારે વિશ્વરૂપધારી તો હું જાણવાને, સાક્ષાત્કાર કરવાને તથા તત્ત્વપૂર્વક મારામાં પ્રવેશ કરવાને અર્થાત્ મોક્ષને માટે અનન્યભક્તિવડે જ સુલભ છું. ૫૩-૫૪.

અવતરણિકાઃ—એ પ્રમાણે પોતાના સાક્ષાત્કારનો ઉપાય બતાવી હવે "ભગવત ભગવદ્ગીતાશાસ્ત્રના સારરૂપ અર્થ તેમજ પરમકલ્યાણ–મોક્ષરૂપ અર્થ પ્રાપ્ત કરવાની ઇચ્છાથી પોતાને કોણ પ્રાપ્ત કરી શકે છે, ' તે ભગવાન કહે છે

मत्कर्मकृन्मत्परमो मद्भक्तः संगवर्जितः ॥
निर्वैरः सर्वभूतेषु यः स मामेति पांडव ॥ ५५ ॥

पदच्छेदः—मत्कर्मकृत्, मत्परमः, मद्भक्तः, सङ्गवर्जितः, निर्वैरः, सर्वभूतेषु, यः, सः, माम्, एति, पाण्डव.

व्युत्पत्तिसमासाः—मदर्थं कर्म इति मत्कर्म, तत् करोति इति मत्कर्मकृत् । अहं एव परमः परा गतिः यस्य स मत्परमः । मम

---

१ नानारङ्गैरनङ्गायुधमभिलिखितश्चित्रितोऽभ्यासलभ्यं ।
सौरभ्यं नैव तस्मिन्न च सरसहृदयं मण्डलं चण्डरश्मेः ॥
तीव्रं तेजस्तिलाक्षी तिमिरनिरसनं तद्वदन्यत्तदंशाद् ।
सन्न्यासाभ्यासभाजो न सुलभमपि तु श्रीयदूत्तमभक्त्या ॥

पण्डितसूर्यकृतमल्लिकायाम् ॥

ચિત્રકારોએ પોતાના અભ્યાસના બળ વડે બાણ ન-જેનું બાણ જ નથી તે કામ દેવના આયુધ-પુષ્પધનુ-કુસુમાયુધની કલ્પના કરી નાનાપ્રકારના રંગો વડે ચિતરી સર્વ પ્રકારે સુંદર બનાવ્યું હોય પણ તેમાં સુગંધી તો ન જ આવે (કારણ કે તો ઈશ્વરને આધીન છે), તેમજ ચંડરશ્મિ-જેના રશ્મિ-કિરણો અતિ પ્રચંડ-અસહ્ય છે તે શ્રી સૂર્યનારાયણના રથ અને ઘોડાઓ સહિત સૂર્યમંડળ પણ તેઓ ચિત્રે—આલેખે પરંતુ તેમાં પણ ત્રણે લોકના અંધકારને મટાડનાર તીવ્ર-પ્રબલ તેજ તો ન જ આવે (કારણ કે પણ ઈશ્વરને આધીન છે) તે પ્રમાણે જ યોગિઓ સન્યાસના અભ્યાસના બળ વડે યોગક્રિયાઓ કરી યોગસિદ્ધ કરે પરંતુ તેમને આનંદમાંથી આનંદાતિશય-બ્રહ્માનંદ તો સુલભ ન જ થાય, કારણ કે બ્રહ્માનંદ તો શ્રીયાદવોના મુકુટરૂપ એવા શ્રીકૃષ્ણ ભગવાનની અનન્યા—અવ્યભિચારિણી-એકનાન્ત ઉત્તમ ભક્તિવડે જ મળી શકે છે.

भक्तः इति मद्भक्तः। सङ्गेन वर्जितः इति सङ्गवर्जितः। निर्गतं वैरं यस्मात् सः निर्वैरः। सर्वाणि च तानि भूतानि च सर्वभूतानि, तेषु सर्वभूतेषु।

અન્વય અને અર્થઃ—પાણ્ડવ હે પાંડુપુત્ર અર્જુન! યઃ જે મનુષ્ય, મત્કર્મકૃત્ મારી પ્રીતિને માટે જ કર્મ કરનારો, (હોય) મત્પરમઃ મનેજ પોતાની પરમ ગતિ માનનારો, (હોય) મદ્ભક્તઃ મારું જ ભજન કરનારો, (હોય) સઙ્ગવર્જિતઃ આસક્તિરહિત, (હોય અને) સર્વભૂતેષુ પ્રાણિમાત્રમાં, નિર્વૈરઃ વૈરરહિત, (હોય) સઃ તે, મામ્ મને, પતિ પામે છે.

ભાવાર્થઃ—હે પાંડુપુત્ર અર્જુન! જે મનુષ્ય મારી પ્રસન્નતા ખાતર જ કર્મ કરે છે, મને જ પોતાની અન્તિમ ગતિ માને છે, મારું જ ભજન કરે છે, દરેક વસ્તુમાંથી આસક્તિરહિત થઈ જાય છે તથા પ્રાણિમાત્રમાં ભગવદ્દૃષ્ટિથી સમાનતા રાખી રાગદ્વેષરહિત બને છે, તે મનુષ્ય અવશ્ય મને પામે છે. અર્થાત્ તું પણ મારો ભક્ત બની મારી આજ્ઞા પ્રમાણે અન્ય આસક્તિ છોડી યુદ્ધરૂપી કર્મ કરવા તૈયાર થા! જો તેમ કરીશ તો કર્મમાં તું લિપ્ત ન થતાં અન્તે મને જ પામીશ—બ્રહ્માનંદ મેળવીશ એમાં સંશય નથી. ૫૫.

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे श्रीकृष्णकार्त्तान्तिकप्रणीतसान्वयबोधिन्यां गुर्जरटीकायां विश्वरूपदर्शनयोगो नाम एकादशोऽध्यायः॥

द्वादशोऽध्यायः ।

અવતરણિકા:—બીજા અધ્યાયથી શરુ કરીને વિભૂતિયોગ સુધી એટલે દશમા અધ્યાયપર્યંત, સમસ્ત વિશેષણથી નિર્મુક્ત, અક્ષર અને પરમાત્મરૂપ એવા બ્રહ્મનો ઉપાસનાપ્રકાર કહ્યો, તેમ તે તે પ્રકરણોમા સાથે સાથે જ સર્વ યોગેશ્વર, સર્વજ્ઞ, તેમ સાત્ત્વિક-ઉપાધિ સહ ઈશ્વરનો ઉપાસનાપ્રકાર પણ કહ્યો. વળી 'વિશ્વરૂપ' અધ્યાયમા ઈશ્વરિ, આદ્ય, સમસ્ત જગતના આત્મારૂપ એવુ વિશ્વરૂપ પણ બતાવ્યુ, અને ઉપાસના માટે જ "मत्कर्मकृन्मत्परमः" ઇત્યાદિ કહ્યુ, પરંતુ "આ બન્ને-અર્થાત્ એક તો સર્વોપાધિમુક્ત, સર્વવ્યાપક, અક્ષર-બ્રહ્મની ઉપાસના, અને બીજી સાત્ત્વિક ઉપાધિસહવર્તમાન, વ્યક્ત પરમેશ્વરની ઉપાસનાના માર્ગ-માંથી આ વિશિષ્ટ-પ્રધાન માર્ગ કહ્યો છે?" તે જાણવાની ઇચ્છાથી અર્જુન ભગવાન્ શ્રીકૃષ્ણને પૂછે છે

अर्जुन उवाच । અર્જુન પૂછે છે—

एवं सततयुक्ता ये भक्तास्त्वां पर्युपासते ॥
ये चाप्यक्षरमव्यक्तं तेषां के योगवित्तमाः ॥ १ ॥

પદચ્છેદ:—एवम्, सततयुक्ताः, ये, भक्ताः, त्वाम्, पर्युपासते, ये, च, अपि, अक्षरम्, अव्यक्तम्, तेषाम्, के, योगवित्तमाः.

વ્યુત્પત્તિસમાસા:—सततं युक्ताः योगनिष्ठा इति सततयुक्ताः। परितः उपासते इति पर्युपासते। क्षरति इति क्षरम्, न क्षरम् इति अक्षरम्, तत्। न व्यक्तम् इति अव्यक्तम्, तत्। अतिशयेन योगं विदन्ति ते योगवित्तमाः।

અન્વય અને અર્થઃ—એવમ્ એ પ્રમાણે, (મત્કર્મકૃત્ ઈત્યાદિ પદ્ધતિ પ્રમાણે) સતતયુક્તા. હમેશ સાવધાનચિત્તવાળા, યે જે, મક્તાઃ ભક્તો, ત્વામ્ આપને, પર્યુપાસતે સર્વપ્રકારે ઉપાસે છે, ચ તથા, યે જેઓ, અક્ષરમ્ અવિનાશિ, (એવા) અવ્યક્તમ્ ઈન્દ્રિયોથી અગોચર બ્રહ્મને (ઉપાસે છે), તેષામ્ તેઓમાં, યોગવિત્તમાઃ વિશિષ્ટ યોગને જાણનારા, કે કોણ ?

ભાવાર્થઃ—એ પ્રમાણે આપને અર્થે જ કામ કરનારા જે ભક્તો નિરંતર સાવધાન ચિત્તયુક્ત થઈને આપની ઉપાસના કરે છે તે, તથા જેઓ અવિનાશિ અને ઈંદ્રિયોથી અગમ્ય પરમ-બ્રહ્મને ઉપાસે છે, તે બનેમાથી વિશિષ્ટ યોગને જાણનાર કોણ ? તે આપ મને કહો. ૧.

અવતરણિકા—ઉપરોક્ત અર્જુનના પ્રશ્નના પ્રત્યુત્તરમા અર્જુનનો સગુણબ્રહ્મની ઉપાસનામા જ અધિકાર જોઈને, 'અધિકાર પ્રમાણે જ રહસ્ય અને સાધનો બતાવાય તો તે યોગ્ય છે' એમ માની પ્રથમ ભાગ એટલે સગુણ બ્રહ્મની ઉપાસનાની પ્રશંસા કરતા ભગવાન્ કહેવા લાગ્યા

શ્રીભગવાનુવાચ । શ્રીભગવાન્ કહે છે—

મય્યાવેશ્ય મનો યે માં નિત્યયુક્તા ઉપાસતે ॥
શ્રદ્ધયા પરયોપેતાસ્તે મે યુક્તતમા મતાઃ ॥ ૨ ॥

પદચ્છેદઃ—મયિ, આવેશ્ય, મનઃ, યે, મામ્, નિત્યયુક્તાઃ, ઉપાસતે, શ્રદ્ધયા, પરયા, ઉપેતાઃ, તે, મે, યુક્તતમાઃ, મતાઃ.

વ્યુત્પત્તિસમાસાઃ—મન્યતે અનેન ઇતિ મનઃ, તત્। નિત્યં યુક્તા ઇતિ નિત્યયુક્તા । અતિશયેન યુક્તા ઇતિ યુક્તતમા ।

અન્વય અને અર્થઃ—યે જેઓ, મયિ મારામાં, મનઃ મનને, આવેશ્ય સારી રીતે એકાગ્ર કરીને, નિત્યયુક્તા નિરંતર મારામાં

જ સજ્જ રહ્યા થકા, परया અત્યંત શ્રેષ્ઠ, श्रद्धया શ્રદ્ધાથી, उपेताः યુક્ત, (થઈને) माम् મને, उपासते ઉપાસે છે, તે તેઓ, मे મારા युक्ततमाः અત્યંત શ્રેષ્ઠ, (ભક્તો) मताः માનવામાં આવેલા (છે).

ભાવાર્થઃ— હે અર્જુન! જેઓ મારામા જ મનને સારી રીતે એકાગ્ર કરીને નિરંતર મારામાજ પરાયણ રહ્યા થકા અપ્રતિમ શ્રદ્ધાથી યુક્ત થઈને મારી ઉપાસના કરે છે તેઓને જ હું મારા અત્યંત શ્રેષ્ઠ (ભક્ત) માનુ છુ ૨.

અવતરણિકા.—"ત્યારે નિર્વિશેષણ, સર્વોપાધિમુક્ત, અવ્યક્ત-બ્રહ્મની ઉપાસના કરનારાઓનો અધિકાર કેવો હોઈ શકે?" એ કહેવાની ઇચ્છાથી ભગવાન્ શ્રીકૃષ્ણ નિર્ગુણ-ઉપાસનાની કઠિનતા તેમજ સગુણ-ઉપાસનાની સહેલાઈ બતાવતા કહે છે

ये त्वक्षरमनिर्देश्यमव्यक्तं पर्युपासते ॥
सर्वत्रगमचिंत्यं च कूटस्थमचलं ध्रुवम् ॥ ३ ॥
संनियम्येंद्रियग्रामं सर्वत्र समबुद्धयः ॥
ते प्राप्नुवंति मामेव सर्वभूतहिते रताः ॥ ४ ॥
क्लेशोऽधिकतरस्तेषामव्यक्तासक्तचेतसाम् ॥
अव्यक्ता हि गतिर्दुःखं देहवद्भिरवाप्यते ॥ ५ ॥

---

१ तथा न ते माधव तावका क्वचिद् भ्रश्यंति मार्गात्त्वयि बद्धसौहृदा ॥
त्वयाभिगुप्ता विचरंति निर्भया विनायकानीकपमूर्धसु प्रभो! ॥ भागवते.

હે ભગવન્! હે લક્ષ્મીપતિ-માધવ! (નિર્ગુણ બ્રહ્મની ઉપાસના કરનારાઓને જેમ કષ્ટ સહન કરવુ પડે છે તેમ) તમારા સગુણ બ્રહ્મની ઉપાસના કરનારા ભક્તો કોઇ પણ માર્ગથી ભ્રષ્ટ થતા નથી અને તમારી સાથે સુદૃઢપણ બાંધી, તમારાથી સનાથ પ્રાપ્ત રક્ષણને પામી, નિર્ભય થઇ વિઘ્નકર્તાઓની સેનાના સ્વામીઓના માથાપર વિચરણ કરે છે અર્થાત્ તેમને કોઇ પણ વિઘ્નો નડતા નથી.

पदच्छेदः—ये, तु, अक्षरम्, अनिर्देश्यम्, अव्यक्तम्, पर्युपासते, सर्वत्रगम्, अचिन्त्यम्, च, कूटस्थम्, अचलम्, ध्रुवम्; संनियम्य, इन्द्रियग्रामम्, सर्वत्र, समबुद्धयः, ते, प्राप्नुवन्ति, माम्, एव, सर्वभूतहिते, रताः; क्लेशः, अधिकतरः, तेषाम्, अव्यक्तासक्तचेतसाम्, अव्यक्ता, हि, गतिः, दुःखम्, देहवद्भिः, अवाप्यते.

व्युत्पत्तिसमासाः—न क्षरम् इति अक्षरम्, तत्। निर्देष्टुं शक्यम् इति निर्देश्यम्, न निर्देश्यम् इति अनिर्देश्यम्, तत्। न व्यज्यते इति अव्यक्तम्, तत्। सर्वस्मिन् इति सर्वत्र, सर्वत्र गच्छति इति सर्वत्रगम्, तत्। चिन्तितुं योग्यम् चिन्त्यम्, न चिन्त्यम् इति अचिन्त्यम्, तत्। कूटवत् तिष्ठति इति कूटस्थम्, तत्। न चलम् इति अचलम्, तत्। सम् सम्यक् नियम्य इति संनियम्य। इन्द्रियाणां ग्रामः इति इन्द्रियग्रामः, तम् इन्द्रियग्रामम्। समा बुद्धिः येषां ते समबुद्धयः। प्रकर्षेण आप्नुवन्ति इति प्राप्नुवन्ति। सर्वाणि च तानि भूतानि च सर्वभूतानि, तेषां हितम् इति सर्वभूतहितम्, तस्मिन् सर्वभूतहिते। क्लेशयति इति क्लेशः। अतिशयेन अधिकः इति अधिकतरः। अव्यक्ते आसक्तानि चेतांसि येषां ते अव्यक्तासक्तचेतसः, तेषाम् अव्यक्तासक्तचेतसाम्। देहः अस्ति येषां ते देहवन्तः, तैः देहवद्भिः।

અન્વય અને અર્થઃ—तु પણ, ये જેઓ, सर्वत्र બધી વસ્તુમાં, समबुद्धय: સમાનબુદ્ધિવાળા, (અને) सर्वभूतहिते પ્રાણિમાત્રના હિતમાં, रता: પ્રીતિવાળા થકા, इन्द्रियग्रामम् કર્મેન્દ્રિય તથા જ્ઞાનેન્દ્રિયોના સમુદાયને, संनियम्य સારી રીતે નિયમમાં રાખીને,

अक्षरम् અવિનાશિ, अनिर्देश्यम् અવર્ણનીય, अव्यक्तम् રૂપહીન, सर्वत्रगम् સર્વ જગ્યાએ વ્યાપ્ત, च તેમ, अचिन्त्यम् ચિંતનમાં ન આવી શકે તેવા, कूटस्थम् માયા-પ્રપંચના ઢગલાની પેઠે સ્થિત રહેલા, (અને) अचलम् નિશ્ચલ, (એવા) ध्रुवम् નિત્ય-બ્રહ્મને, पर्युपासते (શ્રવણ, મનન અને નિદિધ્યાસથી) ઉપાસે છે, તે તેઓ, माम् મને, एव જ, प्राप्नुवन्ति પામે છે, (પરંતુ) अव्यक्तासक्तचेतसाम् અવ્યક્ત-નિર્વિશેષ બ્રહ્મમાં જેમણે મન લગાડેલું છે એવા, तेषाम् તેઓને, क्लेशः પીડા, अधिकतरः ઘણી વધારે, (અનુભવવી પડે છે), हि કારણ કે, देहवद्भिः દેહાભિમાનવાળાં પ્રાણિઓ વડે, अव्यक्ता નિર્વિશેષ-નિરાકાર-બ્રહ્મસંબંધિની, गतिः નિષ્ઠા, दुःखम् દુઃખપૂર્વક, अवाप्यते પ્રાપ્ત કરાય છે.

ભાવાર્થઃ—પણ જે પુરુષો સર્વ વસ્તુમાં સમાનબુદ્ધિવાળા અને સમસ્ત પ્રાણિઓના કલ્યાણમા પ્રીતિવાળા થકા ઇન્દ્રિયે ના સમુદાયને સારી રીતે વશમાં રાખીને અવિનાશિ, અવર્ણનીય, શબ્દાદિથી અગોચર સર્વવ્યાપિ, તેમજ અચિંત્ય, માયા-પ્રપંચના ઢગલાની પેઠે અથવા લુહારની એરણની પેઠે સ્થિર રહેલ તથા નિશ્ચલ-નિત્ય-બ્રહ્મને, શ્રવણ, મનન અને નિદિધ્યાસથી ઉપાસે છે તેઓ જ મને પામે છે, પરંતુ નિર્વિશેષ બ્રહ્મમાં લગાડેલા મનવાળાઓને કષ્ટ વિશેષ ભોગવવું પડે છે, કારણ કે દેહાભિમાનવાળાં પ્રાણિઓને નિર્વિશેષ-નિરાકાર-બ્રહ્મના સંબંધવાળી

---

१ आविष्टवत्तया देहद्वयावच्छिन्नचेतन ।

कूटवच्चिर्विकोण स्थित कूटस्थ उच्यते ॥ पञ्चदश्याम् ॥

પંચીકૃત-સ્થૂલ અને અપંચીકૃત-કારણ દેહોના આધાર રૂપે એ બન્ને દેહોવડે ઉપહિત-એકત્રિત થએલો આત્મા લોહારની એરણની પેઠે વિકાર વિના રહેલો હોવાથી કૂટસ્થ કહેવાય છે.

નિષ્ઠા ઘણું દુઃખ સહન કરવાથી પ્રાપ્ત થાય છે. અર્થાત્ સગુણ-બ્રહ્મ કરતાં નિર્ગુણ બ્રહ્મની ઉપાસના ઘણા દુઃખથી કરી શકાય તેવી છે. ૩–૫

અવતરણિકા:—"એ પ્રમાણે નિર્ગુણ બ્રહ્મની ઉપાસના દુઃખપૂર્વકની છે જ્યારે મારા ભક્તોને તો મારા અનન્યશરણથી મારી કૃપા વડે અનાયાસે મોક્ષરૂપી અર્થની સિદ્ધિ થાય છે," એમ જણાવતા ભગવાન્ કહે છે:

ये तु सर्वाणि कर्माणि मयि संन्यस्य मत्पराः ॥
अनन्येनैव योगेन मां ध्यायन्त उपासते ॥ ६ ॥
तेषामहं समुद्धर्ता मृत्युसंसारसागरात् ॥
भवामि न चिरात्पार्थ मय्यावेशितचेतसाम् ॥ ७ ॥

પદચ્છેદ:—ये, तु, सर्वाणि, कर्माणि, मयि, संन्यस्य, मत्पराः, अनन्येन, एव, योगेन, माम्, ध्यायन्तः, उपासते; तेषाम्, अहम्, समुद्धर्ता, मृत्युसंसारसागरात्, भवामि, न, चिरात्, पार्थ, मयि, आवेशितचेतसाम्.

---

१ मच्चित्ता मद्गतप्राणा बोधयन्तः परस्परम् ।
कथयन्तश्च मां नित्यं तुष्यन्ति च रमन्ति च ॥
तेषां सततयुक्तानां भजतां प्रीतिपूर्वकम् ॥
ददामि बुद्धियोगं तं येन मामुपयान्ति ते ॥

મારાવિષે જેમનું ચિત્ત છે, મારામાં જેમના પ્રાણ રહ્યા છે, અને પરસ્પર મારા સંબંધનો જ બોધ આપતા, તેમ હમેશાં મારી જ કથા કરતા જેઓ સંતોષ પામે છે અને રમી રહે છે તે નિરંતર મારામાં જ ઓતપ્રોત થએલા તથા પ્રીતિપૂર્વક મને જ ભજનારાઓને હું એવો બુદ્ધિયોગ આપું છું કે, જેથી તેઓ મારી સમીપ જ આવે છે, અર્થાત્ મારી સામીપ્યમુક્તિને પામે છે.

વ્યુત્પત્તિસમાસાઃ—સમ્યક્ ન્યસ્ય ઇતિ સંન્યસ્ય। અહં પરઃ યેષા તે મત્પરાઃ। ન વિદ્યતે અન્યદ્ આલમ્બનં યસ્ય સઃ અનન્યઃ, તેન અનન્યેન। ધ્યાયન્તિ તે ધ્યાયન્તઃ। સમ્ સમ્યક્ ઉત્ ઊર્ધ્વં ધરતિ ઇતિ સમુદ્ધર્તા। મૃત્યુના યુક્તઃ સંસારઃ ઇતિ મૃત્યુસંસારઃ, સ એવ સાગરઃ ઇતિ મૃત્યુસંસારસાગરઃ, તસ્માત્ મૃત્યુસંસારસાગરાત્। આવેશિતાનિ ચેતાંસિ યેષાં તે આવેશિતચેતસઃ, તેષામ્ આવેશિતચેતસામ્।

અન્વય અને અર્થઃ—પાર્થ હે પાર્થ! તુ પણ, યે જેઓ, સર્વાણિ સઘળાં, કર્માણિ કર્મોને, મયિ મારામાં, સંન્યસ્ય અર્પણ કરીને, મત્પરાઃ મારામાંજ તત્પર રહેલા, (અને) અનન્યેન અનન્ય, યોગેન સમાધિયોગ વડે, (મારું) એવ જ, ધ્યાયન્તઃ ચિન્તન કરતા, મામ્ મને, ઉપાસતે ઉપાસે છે, તેષામ્ તે, મયિ મારામાં, આવેશિતચેતસામ્ સર્વ પ્રકારે પ્રવિષ્ટ ચિત્તવાળાઓનો, મૃત્યુસંસાર-સાગરાત્ મૃત્યુયુક્ત સંસારરૂપી સાગરમાથી, અહમ્ હું, ન, ચિરાત્ શીઘ્ર, સમુદ્ધર્તા સારી રીતે ઉદ્ધાર કરનાર, ભવામિ થાઉં છું.

ભાવાર્થઃ—હે પાર્થ! જેઓ પોતાનાં બધાં કર્મો મને અર્પણ કરીને, મને જ પોતાનો પરમ આશ્રય માની, મારામાં તત્પર રહી, અનન્ય સમાધિયોગ વડે મારું જ ચિન્તન કરતા મને ઉપાસે છે, તે મારામાં સર્વ પ્રકારે પ્રવિષ્ટચિત્તવાળાઓનો, આ મૃત્યુયુક્ત સંસારરૂપી સાગરમાંથી હું તત્કાલ ઉદ્ધાર કરું છું. ૬-૭

અવતરણિકાઃ—"આ પ્રમાણે પોતાની ઉપાસના જ વિશિષ્ટ ફળવાળી હોવાથી તેમા જ તત્પર રહેવું" એમ ઉપદેશ આપતા ભગવાન્ શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે

मय्येव मन आधत्स्व मयि बुद्धिं निवेशय ॥
निवसिष्यसि मय्येव अत ऊर्ध्वं न संशयः ॥८॥

पदच्छेदः—मयि, एव, मनः, आधत्स्व, मयि, बुद्धिम्, निवेशय, निवसिष्यसि, मयि, एव, अतः, ऊर्ध्वम्, न, संशयः.

व्युत्पत्तिसमासाः—आ समन्तात् धत्स्व इति आधत्स्व। नि निश्चयेन वेशय इति निवेशय। नि निश्चयेन वसिष्यसि इति निवसिष्यसि।

અન્વય અને અર્થઃ—मयि મારામાં, एव જ, मनः મન, आधत्स्व રાખ, मयि મારામાં, बुद्धिम् બુદ્ધિને, निवेशय પ્રવૃત્ત કર, अतः તેથી, ऊर्ध्वम् શરીરના પતન પછી, तुं मयि મારામાં, एव જ, निवसिष्यसि નિશ્ચયપૂર્વક રહીશ, (એમાં) संशयः સંશય, न નથી.

ભાવાર્થઃ—હે અર્જુન! તું મારામાં જ મન રાખ, તેમ મારામાંજ બુદ્ધિ જોડી રાખ; એમ કરવાથી આ શરીર છુટ્યા પછી—મૃત્યુ પછી તું મારામાં જ મારા આત્મસ્વરૂપે અવશ્ય નિવાસ કરીશ એમાં સંશય નથી. ૮.

અવતરણિકાઃ—એ પ્રમાણે વાણી અને બુદ્ધિથી પોતાના એક નિષ્ઠાવાળા થઈ જવાનું જો ન બની શકે તો પોતાની પ્રાપ્તિ માટે અર્જુનને એ ઉપાયના અભાવે અન્ય ઉપાયો દર્શાવતા ભગવાન્ શ્રીકૃષ્ણ કહે છેઃ

अथ चित्तं समाधातुं न शक्नोषि मयि स्थिरम् ॥
अभ्यासयोगेन ततो मामिच्छाप्तुं धनंजय ॥ ९ ॥

पदच्छेदः—अथ, चित्तम्, समाधातुम्, न, शक्नोषि, मयि, स्थिरम्, अभ्यासयोगेन, ततः, माम्, इच्छ, आप्तुम्, धनंजयः

व्युत्पत्तिसमासाः—सम्यक् आधातुम् इति समाधातुम्। अभ्यासश्चासौ योगश्च अभ्यासयोगः, तेन अभ्यासयोगेन। धनं जयति इति धनंजयः, तत्सबुद्धौ हे धनंजय।

अन्वय अने अर्थः—धनंजय हे अर्जुन! अथ એ પ્રમાણે-(જેમ મેં કહ્યું તે પ્રમાણે), मयि મારામાં, चित्तम् ચિત્તને, स्थिरम् અચલતાથી, समाधातुम् સ્થાપવાને, न, शक्नोषि તું શક્તિમાન્ ન હો, ततः તો, अभ्यासयोगेन (ચિત્તને ચારે તરફથી નિગ્રહ કરીને એક જ લક્ષ્યભૂત પદાર્થ પર વારવાર સ્થાપવા રૂપી જે અભ્યાસ, તે) અભ્યાસ-ચિત્તૈકાગ્રતા-રૂપી યોગ વડે, माम् મને, आप्तुम् પ્રાપ્ત કરવાને, इच्छ તું ઇચ્છા કર.

भावार्थः—હે અર્જુન! એ પ્રમાણે જે મેં કહ્યું તેવી રીતે જો મારામાં ચિત્તને અચલતાથી સ્થાપવાને માટે તું શક્તિમાન્ ન હો તો અભ્યાસરૂપી સમાધિયોગવડે મને પ્રાપ્ત કરવાની ઇચ્છા કર. ૯.

અભ્યાસેઽપ્યસમર્થોઽસિ મત્કર્મપરમો ભવ ॥
મદર્થમપિ કર્માણિ કુર્વન્સિદ્ધિમવાપ્સ્યસિ ॥ ૧૦ ॥

પદચ્છેદઃ—અભ્યાસે, અપિ, અસમર્થઃ, અસિ, મત્કર્મ-પરમઃ, ભવ, મદર્થમ્, અપિ, કર્માણિ, કુર્વન્, સિદ્ધિમ્, અવાપ્સ્યસિ.

વ્યુત્પત્તિસમાસાઃ—ન સમર્થઃ ઇતિ અસમર્થઃ। મહ્યં કર્મ ઇતિ મત્કર્મ, મત્કર્મ એવ પરમં યસ્ય સઃ મત્કર્મપરમઃ। મહ્યમ્ ઇતિ મદર્થમ્। કરોતિ ઇતિ કુર્વન્। અવ—સમીપમ્—શીઘ્રમ્—આપ્સ્યસિ ઇતિ અવાપ્સ્યસિ।

અન્વય અને અર્થઃ—અભ્યાસે અભ્યાસમાં, અપિ પણ, (જો તું) અસમર્થઃ અશક્ત, અસિ હો, (તો) મત્કર્મપરમઃ મારા માટે જ કર્મ કરનારો, ભવ થા, (કારણકે એ પ્રમાણે) મદર્થમ્ મારે માટે, કર્માણિ કર્મો, કુર્વન્ કરતો થકો, અપિ પણ, (તું) સિદ્ધિમ્ સિદ્ધિને, અવાપ્સ્યસિ પામીશ.

---

૧ चेतो मनयनद्विजं मदमरभ्रान्त भ्रमन्तं दिशो
दुःसङ्कल्पविकल्पदन्तदलितपोद्दामधैर्यद्रुमम् ॥
उद्यद्बोधतरप्रबोधनिगडं भूयः समाक्रामितुं
धात्रा योजितमङ्घ्रिं नाहरेबालानमङ्घ्रिद्वयम् ॥

દુષ્ટ સંકલ્પ અને વિકલ્પરૂપી દાંતવડે જેણે મહા ભરકાર વૈર્યરૂપી વૃક્ષને ફેરી નાંખેલ છે અને ઉદય પામતા અતિદૃઢજ્ઞાનના જે બંધનરૂપ છે તેવા મદના ભાર વડે ભ્રાંત થઈ દિશાઓમાં—ચોતરફ ભટકતા ચિત્તરૂપી મસ્ત હાથીને વારંવાર નિયમમાં—વશમાં લાવવા વિધાતાએ પરમાત્માના બન્ને ચરણરૂપી મહા ચમત્કારી સાંકળ યોજેલ છે. અર્થાત્ પરમાત્માનાં ચરણના શરણમાં રહેતો મનરૂપી મસ્ત હાથી પ્રભુનાં ચરણરૂપી સાંકળથી બંધાઈ સ્થિર રહે છે.

ભાવાર્થઃ—એ પ્રમાણે પુનઃ પુનઃ અભ્યાસ કરવાને માટે પણ જો તું અશક્ત હો તો મારે માટે જ કર્મ કરનારો થા, કારણકે એપ્રમાણે મારે અર્થે કર્મ કરવાથી પણ તું તત્કાલ સિદ્ધિને પામીશ. ૧૦.

અવતરણિકાઃ—ઉપરોક્ત રીતિએ કર્મો કરવાને પણ જો અશક્ત હોય તો અર્જુનને બીજા ઉપાયો બતાવતા ભગવાન્ કહે છેઃ

अथैतदप्यशक्तोऽसि कर्तुं मद्योगमाश्रितः ॥
सर्वकर्मफलत्यागं ततः कुरु यतात्मवान् ॥ ११ ॥

પદચ્છેદઃ—અથ, એતત્, અપિ, અશક્તઃ, અસિ, કર્તુમ્, મદ્યોગમ્, આશ્રિતઃ, સર્વકર્મફલત્યાગમ્, ततः, કુરુ, યતાત્મવાન્.

વ્યુત્પત્તિસમાસાઃ—ન શક્તઃ इति અશક્તઃ । मम योगः इति मद्योगः, तं मद्योगम् । आ समन्तात् श्रितः इति आश्रितः । सर्वाणि च तानि कर्माणि च सर्वकर्माणि, तेषां फलानि इति सर्वकर्मफलानि, तेषां त्यागः इति सर्वकर्मफलत्यागः, तं सर्वकर्मफलत्यागम् । यतश्चासौ आत्मा च यतात्मा, यतात्मा अस्ति अस्य इति यतात्मवान् ।

અન્વય અને અર્થઃ—અથ અથવા જો, एतत् એ (કર્મ), अपि પણ, कर्तुम् કરવાને, (तुं) अशक्तः અશક્ત, असि હો, ततः તો, मद्योगम् મને શરણે આવવા રૂપ યોગના, आश्रितः આશ્રયવાળો, (અને) यतात्मवान् નિયમિત ચિત્તવાળો, (થઈને) सर्वकर्मफलत्यागम् સર્વ કરવા યોગ્ય કર્મોના ફલનો ત્યાગ कुरु કર.

ભાવાર્થઃ—અથવા જો એ કર્મ પણ કરવાને માટે તું અશક્ત હો, તો મારે શરણ આવી તે મારા શરણરૂપી યોગનો આશ્રય કરીને ચિત્તને નિયમમાં રાખી બધાં કરવા યોગ્ય કર્મોના ફલનો ત્યાગ કર. અર્થાત્ કર્મના ફલનો ત્યાગ કરવાથી પણ કર્મ તને બંધન કરવાનાં નથી અને તેથી પણ તું સિદ્ધિને પામીશ. ૧૧.

અવતરણિકાઃ—ઉપર પ્રમાણે ઉત્તરોત્તર મોક્ષપ્રાપ્તિના ઉપાયો બતાવતાં, સૌથી સુકર માર્ગ કર્મના ફલનો ત્યાગ કહ્યો. હવે ફરી ઉપર કહેલા બધા માર્ગોનો ઉપસંહાર કરીને સર્વના તાત્પર્યરૂપ ફલત્યાગરૂપ માર્ગની પ્રશંસા કરતા ભગવાન્ કહે છેઃ

श्रेयो हि ज्ञानमभ्यासाज्ज्ञानाद्ध्यानं विशिष्यते ॥
ध्यानात्कर्मफलत्यागस्त्यागाच्छांतिरनंतरम् ॥ १२ ॥

પદચ્છેદઃ—શ્રેયઃ, હિ, જ્ઞાનમ્, અભ્યાસાત્, જ્ઞાનાત્, ધ્યાનમ્, વિશિષ્યતે, ધ્યાનાત્, કર્મફલત્યાગઃ, ત્યાગાત્, શાન્તિઃ, અનન્તરમ્.

વ્યુત્પત્તિસમાસાઃ—અતિશયેન પ્રશસ્યમ્ ઇતિ શ્રેયઃ। ધીયતે અનેન ઇતિ ધ્યાનમ્। ત્યજ્યતે અનેન ઇતિ ત્યાગઃ, કર્મણાં ફલાનિ ઇતિ કર્મફલાનિ, તેષામ્ ત્યાગઃ ઇતિ કર્મફલત્યાગઃ। ન અન્તરં યસ્મિન્ કર્મણિ યથા સ્યાત્તથા ઇતિ અનન્તરમ્।

અન્વય અને અર્થઃ—અભ્યાસાત્ (સંપૂર્ણ જ્ઞાનરહિત) અભ્યાસથી, જ્ઞાનમ્ આત્મનિશ્ચયરૂપ જ્ઞાન, શ્રેયઃ વધારે પ્રશંસાપાત્ર (છે), જ્ઞાનાત્ જ્ઞાનથી, ધ્યાનમ્ જ્ઞાનપૂર્વક ધ્યાન—ચિન્તન, વિશિષ્યતે વિશેષ શ્રેષ્ઠ છે, (અને) ધ્યાનાત્ ચિંતનથી, કર્મફલ-

ત્યાગઃ કર્મોનાં ફલની ઈચ્છાનો ત્યાગ (વિશિષ્ટ છે), હિ કારણ કે, ત્યાગાત્ ત્યાગથી, અનન્તરમ્ પછી, (તરત જ) શાન્તિઃ (સંસારમાથી ઉપરામ પામવારૂપી) શાંતિ, (પ્રાપ્ત થાય છે)

ભાવાર્થઃ—સંપૂર્ણ જ્ઞાન તથા વિવેકરહિત અભ્યાસથી આત્મનિશ્ચયરૂપ જ્ઞાન અધિક પ્રશસ્ત છે, જ્ઞાનથી ધ્યાન વધારે શ્રેષ્ઠ છે અને ધ્યાનથી કર્મોના ફલની ઈચ્છાનો ત્યાગ અધિક શ્રેષ્ઠ છે, કારણ કે સર્વ કર્મના ફલની વાસનાના ત્યાગ પછી એટલે મનુષ્ય ફલની ઈચ્છાનો ત્યાગ કરે છે કે તરત જ તેને અવિનાશિ એવા બ્રહ્મસ્વરૂપની પ્રાપ્તિરૂપ શાંતિ આપોઆપ પ્રાપ્ત થાય છે.૧૨

અવતરણિકાઃ—ઉપરના વક્તવ્યમા આત્મા અને ઈશ્વરનો ભેદ લક્ષ્યમા રાખીને, વિશ્વરૂપ પરમાત્મામા ચિત્તની સમાધિરૂપ યોગ, તેમજ ઈશ્વરપ્રીત્યર્થજ કર્મો તથા અનુષ્ઠાન કરવા એમ સૂચવ્યુ, "**अथैतदप्यशक्तोऽसि**" એ શ્લોકથી અજ્ઞાનના કાર્યને સૂચવીને, ભેદરહિત દૃષ્ટિવાળા અક્ષરબ્રહ્મના ઉપાસકને જેમ કર્મયોગ સેવવો યોગ્ય નથી, તેમજ કર્મયોગીને અક્ષરોપાસના પણ ઇષ્ટ થતી નથી એ પણ "**ते प्राप्नुवन्ति मामेव सर्वभूतहिते रताः**" ઇત્યાદિ વચનોથી કહ્યુ, વળી અક્ષરબ્રહ્મની ઉપાસના કરનારાઓને કૈવલ્ય-પરમ આનંદ-મોક્ષની પ્રાપ્તિમા સ્વતન્ત્રતા છે તેમ કહ્યુ, અને ઇતર માર્ગાવલંબીઓ પોતાની મોક્ષપ્રાપ્તિમા પોતે સ્વતંત્ર નથી એમ પણ જણાવ્યુ અને તે "**तेषामहं समुद्धर्ता**" ઇત્યાદિ વચનોથી પ્રતીત થાય છે, કારણ કે ઈશ્વરમા અભેદદૃષ્ટિથી જોનારા એટલે ઈશ્વરસ્વરૂપ જ થયેલા તે અક્ષરબ્રહ્મના ઉપાસકો પોતે જ બ્રહ્મસ્વરૂપ છે. એટલા માટે જ તેમનો ઉદ્ધાર કોઈ બીજી શક્તિથી થાય છે એ કહેવું અસંગત છે. વળી આત્મા અને ઈશ્વરને સારી રીતે જાણ્યા પછી કોઈપણ મુમુક્ષુ સત્ત્વ, રજ, તમ ઇત્યાદિ ગુણોના ભાવોને આધીન થાય એ પણ બનવા જોગ નથી, તેથી જ ભેદ દૃષ્ટિવાળા અર્જુન પ્રતિ પૂર્વોક્ત કર્મત્યાગનો ઉપદેશ ભગવાને કરેલો છે, પરંતુ હવે ભેદદૃષ્ટિરહિત, પાપ-પુણ્યની અપેક્ષારહિત, રાગદ્વેષરહિત, અક્ષરબ્રહ્મના સાચા ઉપાસકોની જે આનંદમય ગતિની પ્રાપ્તિના

ગુણાતીત લક્ષણોરૂપી ધર્મો નીચે કહેવામા આવે છે, કે જે જાણીને બ્રહ્મની ઉપાસનાના સાધનકલાપની શ્રેષ્ઠતા દરેક મુમુક્ષુ-કર્મયોગીની આત્મ આગળ તરી આવે, અને એથી પૂર્ણતાને ન પામેલો એ કર્મયોગી પણ, દૃષ્ટાતથી ગુણાતીતના લક્ષણો સમજી-તેનુ અનુકરણ કરે આ હેતુથી ભગવાન્ શ્રીકૃષ્ણ હવે અક્ષરના ઉપાસકના લક્ષણોનુ વર્ણન કરતા કહે છે

अद्वेष्टा सर्वभूतानां मैत्रः करुण एव च ॥
निर्ममो निरहंकारः समदुःखसुखः क्षमी ॥ १३ ॥
संतुष्टः सततं योगी यतात्मा दृढनिश्चयः ॥
मय्यर्पितमनोबुद्धिर्यो मद्भक्तः स मे प्रियः ॥ १४ ॥

पदच्छेदः—अद्वेष्टा, सर्वभूतानाम्, मैत्रः, करुणः, एव, च, निर्ममः, निरहङ्कारः, समदुःखसुखः, क्षमी, संतुष्टः, सततम्, योगी, यतात्मा, दृढनिश्चयः, मयि, अर्पितमनोबुद्धिः, यः, मद्भक्तः, सः, मे, प्रियः.

व्युत्पत्तिसमासाः—द्वेष्टि इति द्वेष्टा, न द्वेष्टा अद्वेष्टा। सर्वाणि च तानि भूतानि च सर्वभूतानि, तेषा सर्वभूतानाम्। मित्रवत् वर्तते इति मैत्र। निर्गत मम ममभाव यस्मात् स निर्मम। निर्गत अहकारो यस्मात् स निरहङ्कार। दु ख च सुख च इति दु खसुखे, समे तुल्ये दु खसुखे यस्य स समदु खसुख। क्षमा अस्ति अस्य इति क्षमी। सम् सम्यक् तुष्ट सतुष्ट। योग अस्ति अस्य इति योगी। यत आत्मा यस्य स यतात्मा। दृढ निश्चय यस्य स दृढनिश्चय। मनश्च बुद्धिश्च मनोबुद्धी, अर्पिते मनोबुद्धी येन स अर्पितमनोबुद्धि। मम भक्त इति मद्भक्त।

અન્વય અને અર્થઃ—યઃ જે પુરુષ, સર્વભૂતાનામ્ બધાં પ્રાણિઓનો, અદ્વેષ્ટા જરા પણ દ્વેષ ન કરનાર, મૈત્રઃ (બધાની સાથે) મિત્રની સમાન વર્તનાર, ચ, એવ તેમ જ, કરુણઃ કરુણાળુ, નિર્મમઃ મમત્વરહિત, નિરહઙ્કારઃ અહંકાર વિનાનો, સમદુઃખસુખઃ દુઃખ તથા સુખ જેને તુલ્ય છે તેવો, ક્ષમી ક્ષમાવાન્, સન્તુષ્ટઃ (આજીવિકા અર્થે જે કંઈ મળે તેથી) સંતોષી, સતતમ્ નિરંતર, યોગી યોગાભ્યાસમાં લાગેલો, યતાત્મા નિગૃહીત ચિત્તવાળો, દૃઢનિશ્ચયઃ (આત્મતત્ત્વ મેળવવામાં) દૃઢનિશ્ચયવાળો, (અને) મયિ મારામાં, અર્પિતમનોબુદ્ધિઃ અર્પણ કરેલાં છે મન અને બુદ્ધિ જેણે એવો, મદ્ભક્તઃ મારો ભક્ત, મે મને, પ્રિયઃ પ્રિય, (છે).

ભાવાર્થઃ—જે પુરુષ પોતાને ઉદ્વેગ કરનાર પ્રાણિઓ તરફ પણ અર્થાત્ સર્વ પ્રાણિઓ તરફ દ્વેષ-શત્રુભાવ ન રાખતો હોય, સર્વની સાથે મિત્રની સમાન વર્તતો હોય, તેમ જ સર્વની ઉપર દયા રાખતો હોય, મમત્વ અને અહંકારના મદથી રહિત હોય, દુઃખ અને સુખને સમાન માનનારો હોય, પોતાનો દ્રોહ કરનારની ઉપર પણ ક્ષમા રાખનારો હોય, અનાયાસે પ્રાપ્ત થએલા દ્રવ્યથી સંતોષ માનનારો, નિરંતર યોગાભ્યાસમાં લાગેલા મનને નિશ્ચલમાં રાખનારો, આત્મતત્ત્વમાં દૃઢનિશ્ચયવાન્, અને મારામાં જ મન તથા બુદ્ધિને જેણે અર્પણ કરેલાં છે એવો હોય તે જ મારો ઉપાસક મને પ્રિય છે. ૧૩-૧૪.

यस्मान्नोद्विजते लोको लोकान्नोद्विजते च यः ॥
हर्षामर्षभयोद्वेगैर्मुक्तो यः स च मे प्रियः ॥ १५ ॥

પદચ્છેદઃ—યસ્માત્, ન, ઉદ્વિજતે, લોકઃ, લોકાત્, ન, ઉદ્વિજતે, ચ, યઃ, હર્ષામર્ષભયોદ્વેગૈઃ, મુક્તઃ, યઃ, સ, ચ, મે, પ્રિયઃ.

વ્યુત્પત્તિસમાસાઃ—હર્ષશ્ચ અમર્ષશ્ચ ભયં ચ ઉદ્વેગશ્ચ ઇતિ હર્ષામર્ષભયોદ્વેગાઃ, તૈઃ હર્ષામર્ષભયોદ્વેગૈઃ ।

અન્વય અને અર્થઃ—યસ્માત્ જે પુરુષથી, લોકઃ લોક, ન, ઉદ્વિજતે ઉદ્વેગ પામતો નથી, ચ તેમ યઃ જે, લોકાત્ લોકોથી, ન, ઉદ્વિજતે ઉદ્વેગ પામતો નથી, ચ તથા હર્ષામર્ષભયોદ્વેગૈઃ હર્ષ, અદેખાઇ, ભય અને ચિંતા એ સઘળાથી, મુક્તઃ મુક્ત, (હોય) સ્તઃ તે (ભક્ત), મે મને, પ્રિયઃ પ્રિય (છે).

ભાવાર્થઃ—વળી જેનાથી આ લોક ઉદ્વેગ પામતો નથી તેમ જે આ લોકથી પણ ઉદ્વિગ્ન થતો નથી, તથા હર્ષ, ઈર્ષ્યા, ભય અને ચિત્તક્ષોભ ઇત્યાદિ વિકારોથી જે નિરંતર મુક્ત છે તે જ ભક્ત મને પ્રિય છે. ૧૫.

अनपेक्षः शुचिर्दक्ष उदासीनो गतव्यथः ॥
सर्वारंभपरित्यागी यो मद्भक्तः स मे प्रियः ॥१६॥

પદચ્છેદઃ—અનપેક્ષઃ, શુચિઃ, દક્ષઃ, ઉદાસીનઃ, ગતવ્યથઃ, સર્વારમ્ભપરિત્યાગી, યઃ, મદ્ભક્તઃ, સઃ, મે, પ્રિયઃ.

વ્યુત્પત્તિસમાસાઃ—ન વિદ્યતે અપેક્ષા યસ્ય સઃ અનપેક્ષઃ। શુચ્યતિ ઇતિ શુચિઃ। દક્ષતે અસૌ દક્ષઃ। ઉત્ ઊર્ધ્વં તટસ્થતયા આસીનઃ ઇતિ ઉદાસીનઃ। ગતાઃ વ્યથાઃ યસ્માત્ સઃ ગતવ્યથઃ। પરિ સર્વતઃ ત્યાગઃ ઇતિ પરિત્યાગઃ, આરમ્યન્તે તે આરમ્ભાઃ, સર્વે ચતે આરમ્ભાશ્ચ સર્વારમ્ભાઃ, તેષાં પરિત્યાગઃ અસ્તિ અસ્ય ઇતિ સર્વારમ્ભપરિત્યાગી। મમ ભક્તઃ ઇતિ મદ્ભક્તઃ।

અન્વય અને અર્થઃ—યઃ જે પુરુષ, અનપેક્ષઃ (દેહ, ઇન્દ્રિય, વિષયાદિ અપેક્ષિત વિષયોમાં) અપેક્ષા-સ્પૃહા-રહિત, શુચિઃ બાહ્ય અને આભ્યન્તર શૌચયુક્ત, દક્ષઃ પ્રાપ્ત થયેલાં કાર્યનો યથાયોગ્ય નિવેડો કરવાનું સામર્થ્ય રાખનારો, (તથા) ઉદાસીનઃ પક્ષપાતરહિત-તટસ્થ, ગતવ્યથઃ ચિત્તની પીડાઓથી રહિત, (અને) સર્વારમ્ભપરિત્યાગી આ લોક તેમજ પરલોકમાં ફલ ભોગવવા માટે કરવામાં આવતા સર્વ કર્મોનો પરિત્યાગ કરનાર, (છે તે) મદ્ભક્તઃ મારો ભક્ત, મે મને, પ્રિયઃ પ્રિય, (છે).

ભાવાર્થઃ—જે પુરુષ સ્પૃહારહિત, બાહ્ય તેમજ આન્તરિક પવિત્રતાયુક્ત, સર્વ કાર્યમાં કુશળ, પક્ષપાતરહિત, ચિત્તની પીડાઓ વિનાનો અને ફલભોગની ઇચ્છાવાળાં કામ્યકર્મોનો પરિત્યાગ કરનાર હોય તે જ મારો ભક્ત મને પ્રિય છે. ૧૬.

यो न हृष्यति न द्वेष्टि न शोचति न काङ्क्षति ॥
शुभाशुभपरित्यागी भक्तिमान् यः स मे प्रियः॥१७॥

પદચ્છેદઃ—યઃ, ન, હૃષ્યતિ, ન, દ્વેષ્ટિ, ન, શોચતિ, ન, કાંક્ષતિ, શુભાશુભપરિત્યાગી, ભક્તિમાન, યઃ, સઃ, મે, પ્રિયઃ.

વ્યુત્પત્તિસમાસાઃ—શુભં ચ અશુભં ચ શુભાશુભે, પરિતઃ ત્યાગઃ પરિત્યાગઃ, સઃ અસ્તિ અસ્ય ઇતિ પરિત્યાગી, શુભાશુભયોઃ પરિત્યાગી ઇતિ શુભાશુભપરિત્યાગી। ભક્તિઃ અસ્તિ અસ્ય ઇતિ ભક્તિમાન્।

અન્વય અને અર્થઃ—યઃ જે પુરુષ, ન, હૃષ્યતિ (ઇષ્ટ-પ્રાપ્તિમાં) હર્ષ પામતો નથી, ન, દ્વેષ્ટિ (ઇષ્ટ વસ્તુની અપ્રાપ્તિમાં) દ્વેષ કરતો નથી, ન, શોચતિ (પ્રિયના

વિયોગમાં) શોક કરતો નથી, ન, કાङ्क्षति (અપ્રાપ્ત વસ્તુની) આકાંક્ષા કરતો નથી, (તેમ) શુભાશુભપરિત્યાગી શુભ અને અશુભ અર્થાત્ પુણ્યપાપનો પરિત્યાગ કરનાર, (અને) भक्तिमान् ભક્તિવાળો, (હોય) सः તે (જ ભક્ત), मे મને, प्रियः પ્રિય, (છે).

ભાવાર્થઃ—જે પુરુષ ઇષ્ટ વસ્તુની પ્રાપ્તિ થતાં હર્ષ પામતો નથી, કે ઇષ્ટ વસ્તુની અપ્રાપ્તિથી ક્રોધે ભરાતો નથી, પ્રિય વસ્તુના વિયોગથી શોક કરતો નથી કે અપ્રાપ્ત વસ્તુને પ્રાપ્ત કરવાની ઇચ્છા કરતો નથી, તેમ પુણ્યપાપ સઘળાંનો જેણે પરિત્યાગ કર્યો છે, અને ભક્તિમાન્ છે તે જ ભક્ત મને પ્રિય છે. ૧૭.

समः शत्रौ च मित्रे च तथा मानापमानयोः ॥
शीतोष्णसुखदुःखेषु समः संगविवर्जितः ॥ १८ ॥

---

१ सकर्षंक उन्मूलयतान वा छायादिभिर्विश्रामिण करोति ।
वृक्षो यथा तद्वदरौ च मित्रे समन्वयावो हरिदासवर्य ॥

જેમ વૃક્ષ તેના પોષનાર-મોટું કરનારને તથા કાપવા આવનારને સમાનતાથી છાયા વિગેરે આપી તેમના થાકને મટાડે છે તેમજ ઉત્તમ હરિદાસ શત્રુ અને મિત્રમા સમાન રેવભાવ જ રાખે છે.

२ येनकेनचिदाच्छिन्नो येन केनचिदाशित ।
यत्र क्वचन शायी स्यात्त देवा ब्राह्मण विदु ॥

જે કાંઈ મળ્યું તેથી શરીર ટકાવનાર, જે કાંઇ મળ્યુ તે આઇ ચલાવી લેનાર અને જ્યા ત્યા સુવાથી નિભાવી લેનારને જ દેવતાઓ બ્રાહ્મણ કહે છે.

३ न कुप्ये नोदके सद्यो न चैले न त्रिपुष्करे ।
नाग्नौ नासने वाचे यस्य वै मोक्षविन्नु सः ॥

જેને ન ભીતની સાથે, ન જળ સાથે, ન વસ્ત્ર સાથે, ન તપાવેલી સાથે, ન ધરની સાથે, ન આસન સાથે, અને ન અન્ન સાથે સમ છે. તે જ મોક્ષવિત્ કહેવાય છે

तुल्यनिंदास्तुतिर्मौनी संतुष्टो येनकेनचित् ॥
अनिकेतः स्थिरमतिर्भक्तिमान्मे प्रियो नरः ॥ १९ ॥

पदच्छेदः—समः, शत्रौ, च, मित्रे, च, तथा, मानापमानयोः, शीतोष्णसुखदुःखेषु, समः, सङ्गविवर्जितः, तुल्यनिन्दास्तुतिः, मौनी, संतुष्टः, येनकेनचित्, अनिकेतः, स्थिरमतिः, भक्तिमान्, मे, प्रियः, नरः.

व्युत्पत्तिसमासाः—शातयति इति शत्रुः, तस्मिन् शत्रौ। मानश्च अपमानश्च मानापमानौ, तयोः मानापमानयोः। शीतं च उष्णं च सुखं च दुःखं च शीतोष्णसुखदुःखानि, तेषु शीतोष्णसुखदुःखेषु। सङ्गः विशेषेण वर्जितः येन सः सङ्गविवर्जितः। निन्दा च स्तुतिश्च निन्दास्तुती, तुल्ये निन्दास्तुती यस्य सः तुल्यनिन्दास्तुतिः। मुनेः भावः कर्म वा मौनम्, तत् अस्ति अस्य इति मौनी। न विद्यते निकेतः यस्य सः अनिकेतः। स्थिरा मतिः यस्य सः स्थिरमतिः।

अन्वय अने अर्थः—शत्रौ शत्रुमां, च अने, मित्रे मित्रमां, तथा तेम, मानापमानयोः मान अने अपमानमां, समः तुल्य, (होय) शीतोष्णसुखदुःखेषु टाढुं, उनुं, सुखदुःख इत्यादिमां, (पण) समः समान, (होय) सङ्गविवर्जितः

---

१ एकान्तभक्तिर्गोविन्दे यत्सर्वत्र तदीक्षणम्।
अहेतुकव्यवहिता या भक्तिः पुरुषोत्तमे॥
लक्षणं भक्तियोगस्य निर्गुणस्य ह्युदाहृतम्॥

गोविंद-भगवान्मां એકांत-अटल भक्ति, अने જે सर्वत्र प्रभुरूप જ જોવું તે, तथा निमित्त-कारण विनानी अविच्छिन्ना જે परमात्मामा भक्ति તે निर्गुण भक्तियोगनु लक्षण કહ्युं छे.

કોઈ પણ વસ્તુમાં આસક્તિ નહિ રાખનાર, तुल्यनिन्दास्तुतिः પોતાની નિંદા અને પ્રશંસા જેને સમાન લાગે છે તેવો, મૌની વાચાને નિયમમાં રાખનાર, येनकेनचित् જે કંઈ અનાયાસે પ્રાપ્ત થઈ આવે તેવડે, संतुष्टः પ્રસન્ન રહેનાર, अनिकेतः કોઈ પણ નિશ્ચિત આશ્રય-ઘર જેને વિદ્યમાન નથી તેવો, (અને) स्थिरमतिः સ્થિર બુદ્ધિવાળો, भक्तिमान् ભક્તિવાળો, नरः પુરુષ, मे મને, प्रियः પ્રિય, (છે).

ભાવાર્થઃ—શત્રુ તેમ જ મિત્ર, માન અને અપમાન, તેમ જ ટાઢું, ઉનું, સુખ, દુઃખ ઇત્યાદિમાં જેનું વર્તન સમાન થઇ ગયું હોય તેવો, વસ્તુમાત્રમાંથી આસક્તિનો જેણે ત્યાગ કરેલો હોય તેવો, પારકા વડે થયેલી પોતાની નિંદા તેમ જ સ્તુતિ જેને સમાન છે એવો, પોતાની વાણીને નિયમમાં રાખનારો, કોઈ પણ પ્રકારના નિશ્ચિત નિવાસસ્થાન વિનાનો તથા બ્રહ્મમાં સ્થિર બુદ્ધિવાળો એવો ભક્તિમાન્ જે પુરુષ છે તે મને પ્રિય છે. ૧૮-૧૯.

અવતરણિકાઃ—આ પ્રમાણે મુમુક્ષુ અથવા ઉપાસકનાં લક્ષણોનો ઉપસંહાર કરતાં ભગવાન્ મુમુક્ષુનાં સાધનનું વર્ણન કરે છેઃ

ये तु धर्म्यामृतमिदं यथोक्तं पर्युपासते ॥
श्रद्दधाना मत्परमा भक्तास्तेऽतीव मे प्रियाः ॥२०॥

---

१ यत्स्वात्मावबोधस्य द्वेष्टृत्वादयो गुणाः ।
अयत्नतो भवन्त्येव न तु साधनरूपिणः ॥

જેને આત્મજ્ઞાન ઉત્પન્ન થયું છે તેને દ્વેષરહિતપણું વિગેરે ગુણો યત્ન કર્યા વિના જ પ્રાપ્ત થાય છે અર્થાત્ સ્વાભાવિક જ ઉત્પન્ન છે, પણ સાધનરૂપે-તે માટે યત્ન કરવાથી થતા નથી


પદચ્છેદઃ—યે, તુ, ધર્મ્યામૃતમ્, ઇદમ્, યથોક્તમ્, પર્યુપાસતે, શ્રદ્દધાનાઃ, મત્પરમાઃ, ભક્તાઃ, તે, અતીવ, મે, પ્રિયાઃ.

વ્યુત્પત્તિસમાસાઃ—ધર્માદ્ અનપેતં ધર્મ્યમ્, ધર્મ્યં ચ તત્ અમૃતં ચ: ધર્મ્યામૃતમ્ । શ્રદ્દધન્તિ ઇતિ શ્રદ્દધાનાઃ । અહમેવ પરમઃ નિરતિશયા ગતિઃ યેષા તે મત્પરમાઃ ।

અન્વય અને અર્થઃ—તુ વળી, યે જે (ભક્તો), શ્રદ્દધાનાઃ શ્રદ્ધાવાળા, (અને) મત્પરમાઃ હું જ જેમને ઉત્તમ-સૌથી શ્રેષ્ઠ ગતિ છું તેવા, ભક્તાઃ ભક્તો, ઇદમ્ આ, (ઉપર કહેવામાં આવેલા) ધર્મ્યામૃતમ્ ધર્મરૂપી અમૃતને, યથોક્તમ્ જેમ કહ્યું છે, (તેમ જ) પર્યુપાસતે સારીરીતે આચરે છે (તે પ્રમાણે વર્તે છે), તે તે, ભક્તાઃ ભક્તો, મે મને, અતીવ બહુ જ, પ્રિયાઃ પ્રિય, (છે).

ભાવાર્થઃ—ઉપરોક્ત અક્ષરોપાસકોથી ભિન્ન જે ભક્ત પુરુષો આ અમૃતતુલ્ય ધર્મનું જેવી રીતે કહેવામાં આવ્યું તેવી રીતે અત્યંત શ્રદ્ધાળુ થઈને તેમ જ મને જ પોતાની પરમ ગતિ માનીને સેવે છે તે મારા ભક્તો મને અત્યંત પ્રિય છે. ૨૦

ઇતિ શ્રીમદ્ભગવદ્ગીતાસૂપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે
શ્રીકૃષ્ણાર્જુનસંવાદે શ્રીકૃષ્ણકાર્તાન્તિકપ્રણીત-
સાન્વય-બોધિન્યાં ગુર્જરટીકાયાં વિભૂતિ-
યોગો નામ દ્વાદશોઽધ્યાયઃ ॥



त्रयोदशोऽध्यायः

અવતરણિકા:—સાતમા અધ્યાયમાં ઈશ્વરની બે પ્રકારની પ્રકૃતિ કહેવામાં આવી છે; એક તો ત્રિગુણાત્મિકા, આઠ પ્રકારે—વહેંચાયલી અને સંસારના હેતુરૂપ એવી 'અપરા' નામની પ્રકૃતિ, અને બીજી જીવભૂત—ક્ષેત્રજ્ઞ લક્ષણવાળી—ઈશ્વરાત્મિકા—'પરા' નામની પ્રકૃતિ. એ બે પ્રકૃતિથી ઈશ્વર જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લયના કારણરૂપ બને છે. ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞ લક્ષણવાળા એ બે પ્રકૃતિના નિરૂપણથી તે પ્રકૃતિના અધિપતિ ઈશ્વરના તત્ત્વનો નિશ્ચય થઇ જાય એ હેતુથી બારમા અધ્યાયમાં 'अद्वेष्टा सर्वभूतानाम्' ઇત્યાદિ શ્લોકોથી બારમા અધ્યાયની સમાપ્તિ સુધી તત્ત્વજ્ઞાનીઓ અને સંન્યાસીઓ કેવી રીતે વર્તે છે તે પણ કહ્યું, પરંતુ જે તત્ત્વજ્ઞાનથી તેઓ તેમાં કહેવામાં આવેલા ધર્મોનું આચરણ કરે છે, અને ભગવાનને પ્રિય થાય છે તેવા તત્ત્વજ્ઞાનનું કોઈ સ્વરૂપ કહેવામાં આવ્યું નથી તેથી, તે ઈશ્વરસંબંધી જ્ઞાનની રૂપરેખાનો સ્પષ્ટ આદર્શ બતાવવાના હેતુથી આ તેરમા ક્ષેત્રાધ્યાયની શરુઆત કરવામાં આવે છે. પહેલા છ અધ્યાયો(પ્રથમ ષટ્ક) માં 'त्वम्' પદાર્થનું નિરૂપણ કર્યું અને બીજા છ અધ્યાયો (દ્વિતીય ષટ્ક) માં 'तत्' પદાર્થનું નિરૂપણ કર્યું, હવે છેલ્લા છ અધ્યાયો (તૃતીય ષટ્ક) માં એ 'त्वम्'પદ અને 'तत्' પદના અર્થના અભેદરૂપ મહાવાક્યનો અર્થ કે, જેમાં તત્ત્વ—આત્મજ્ઞાન મુખ્ય છે તેનું નિરૂપણ કરવામાં આવે છે. (તેમાં પ્રથમ તેનાં અંગીભૂત ક્ષેત્રક્ષેત્રજ્ઞાદિનાં લક્ષણ જાણવાની ઇચ્છાથી અર્જુન ભગવાનને કહે છે)

अर्जुन उवाच । અર્જુન કહે છે:—

प्रकृतिं पुरुषं चैव क्षेत्रं क्षेत्रज्ञमेव च ।
एतद्वेदितुमिच्छामि ज्ञानं ज्ञेयं च केशव ॥ १ ॥

---

૧ આ શ્લોક ભગવાન્ શાંકરભાષ્યકારના ભાષ્યમાં અને કેટલીક પ્રાચીન ગીતાઓમાં જોવામાં આવતો નથી, છતાં કેટલીક ગીતાઓમાં તે હોવાથી અહીં આપવામાં આવ્યો છે.

પદચ્છેદઃ—પ્રકૃતિમ્, પુરુષમ્, ચ, એવ, ક્ષેત્રમ્, ક્ષેત્રજ્ઞમ્, એવ, ચ, એતત્, વેદિતુમ્, ઇચ્છામિ, જ્ઞાનમ્, જ્ઞેયમ્, ચ, કેશવ.

વ્યુત્પત્તિસમાસાઃ—ક્ષેત્રં જાનાતિ ઇતિ ક્ષેત્રજ્ઞઃ, તમ્ ક્ષેત્રજ્ઞમ્; જ્ઞાયતે અનેન ઇતિ જ્ઞાનમ્, તત્. જ્ઞાતું યોગ્યમ્ જ્ઞેયમ્, તત્.

અન્વય અને અર્થઃ—કેશવ હે કેશવ ભગવન્! પ્રકૃતિમ્ પ્રકૃતિને, પુરુષમ્ પુરુષને, ચ, એવ તેમ જ, ક્ષેત્રમ્ ક્ષેત્રને, ચ, એવ અને, ક્ષેત્રજ્ઞમ્ ક્ષેત્રજ્ઞને, જ્ઞાનમ્ જ્ઞાનને, ચ અને, જ્ઞેયમ્ જાણવા યોગ્ય-બ્રહ્મ-ને, (એ પ્રમાણે) એતત્ એ (સર્વ)ને, વેદિતુમ્ જાણવાને, ઇચ્છામિ હું ઇચ્છું છું.

ભાવાર્થઃ—હે કેશવ ભગવન્! પ્રકૃતિ, પુરુષ, ક્ષેત્ર, ક્ષેત્રજ્ઞ, જ્ઞાન અને જ્ઞેય એ સર્વ વસ્તુસ્વરૂપને હું આપની પાસેથી જાણવાને ઇચ્છું છું માટે આપ મને તે કહો. ૧

શ્રીમગવાનુવાચ । શ્રીભગવાન્ કહે છેઃ—

ઇદં શરીરં કૌંતેય ક્ષેત્રમિત્યભિધીયતે ।
એતદ્યો વેત્તિ તં પ્રાહુઃ ક્ષેત્રજ્ઞ ઇતિ તદ્વિદઃ ॥ ૨ ॥

પદચ્છેદઃ—ઇદમ્, શરીરમ્, કૌન્તેય, ક્ષેત્રમ્, ઇતિ, અભિધીયતે, એતત્, યઃ, વેત્તિ, તમ્, પ્રાહુઃ, ક્ષેત્રજ્ઞઃ, ઇતિ, તદ્વિદઃ.

વ્યુત્પત્તિસમાસાઃ—क्षिणोति आत्मानमविद्यया, त्राति तं विद्यया इति क्षेत्रम्, वा क्षीयते नश्यति क्षरति इति, वा अपक्षीयते इति क्षेत्रम्, क्षेत्रवदस्मिन्कर्मफलं निष्पद्यते इति वा क्षेत्रम्। प्रकर्षेण आहुः इति प्राहुः। क्षेत्रम् जानाति आपादतलमस्तकं ज्ञानेन विषयीकरोति, वा स्वाभाविकेन औपदेशिकेन वा वेदनेन विभागशः विषयीकरोति इति क्षेत्रज्ञः। तौ—क्षेत्रक्षेत्रज्ञौ विदन्ति ते तद्विदः।

અન્વય અને અર્થઃ—कौन्तेय હે કુંતીપુત્ર અર્જુન! इदम् આ, शरीरम् દેહેન્દ્રિયના સમૂહરૂપ શરીર, क्षेत्रम् ક્ષેત્ર, अभिधीयते કહેવાય છે, एतत् એને, यः જે, वेत्ति જાણે છે, तम् તેને, तद्विदः ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞને જાણનારાઓ, क्षेत्रज्ञः (પગથી મસ્તક પર્યન્ત શરીરને પ્રત્યક્ષ અથવા સ્વાભાવિક કે ઉપદેશજન્ય જ્ઞાનવડે 'આ શરીર' એમ વિભાગપૂર્વક જાણનાર—ક્ષેત્રજ્ઞ—આત્મા, इति એ પ્રમાણે, प्राहुः કહે છે.

ભાવાર્થઃ—હે કુંતીપુત્ર અર્જુન! આ શરીરને ક્ષેત્ર કહેવામાં આવે છે, તથા આ શરીરને જે આત્મા અને અનાત્માના ભેદથી જાણે છે, અર્થાત્ તેના સત્ય સ્વરૂપને સમજે છે તેને ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞ એ બંનેને જાણનારા જ્ઞાનીઓ 'ક્ષેત્રજ્ઞ' એ પ્રમાણે કહે છે. ૧

અવતરણિકાઃ—એ પ્રમાણે ક્ષેત્રક્ષેત્રજ્ઞનું લક્ષણ કહેવામા આવ્યું. હવે વિશેષમાં 'ક્ષેત્રજ્ઞ' કોણ છે તથા ખાસ કરીને 'જ્ઞાન'થી વસ્તુ છે તે ભગવાન્ અર્જુનને કહે છે

क्षेत्रज्ञं चापि मां विद्धि सर्वक्षेत्रेषु भारत ।
क्षेत्रक्षेत्रज्ञयोर्ज्ञानं यत्तज्ज्ञानं मतं मम ॥ २ ॥

પદચ્છેદઃ—क्षेत्रज्ञम्, च, अपि, माम्, विद्धि, सर्वक्षेत्रेषु, भारत, क्षेत्रक्षेत्रज्ञयोः, ज्ञानम्, यत्, तत्, ज्ञानम्, मतम्, मम.

व्युत्पत्तिसमासाः—क्षेत्र जानाति इति क्षेत्रज्ञ., तं क्षेत्रज्ञम्। सर्वाणि च तानि क्षेत्राणि च सर्वक्षेत्राणि, तेषु सर्वक्षेत्रेषु । क्षेत्रं च क्षेत्रज्ञश्च इति क्षेत्रक्षेत्रज्ञौ, तयोः क्षेत्रक्षेत्रज्ञयोः । ज्ञायते अनेन इति ज्ञानम्.

અન્વય અને અર્થઃ—भारत હે ભારત ! च વળી, सर्वक्षेत्रेषु સમસ્ત ક્ષેત્રોમાં, क्षेत्रज्ञम् ક્ષેત્રજ્ઞ–ક્ષેત્રને જાણનાર,

---

१ नान्तः प्रज्ञं न बहिः प्रज्ञं नोभयप्रज्ञं न प्रज्ञानघनं न प्रज्ञं नाप्रज्ञमदृश्यमव्यवहार्यमग्राह्यमलक्षणमचिन्त्यमव्यपदेश्यमेकात्मप्रत्ययसारं प्रपञ्चोपशमं शिवमद्वैतं चतुर्थं मन्यन्ते स आत्मा स विज्ञेयः ॥ श्रुति ॥

જે અંત પ્રજ્ઞ નથી, બહિઃપ્રજ્ઞ નથી તેમ ઉભયત. પ્રજ્ઞ પણ નથી, જે પ્રજ્ઞાનઘન નથી, પ્રજ્ઞ નથી અને અપ્રજ્ઞ પણ નથી વળી જે અદૃશ્ય, અવ્યવહાર્ય, અગ્રાહ્ય, અલક્ષણ, અચિંત્ય, અપ્રદેશ્ય, એક જ સ્વયંસમાધિના સારરૂપ, પ્રપંચ–જગતનું વિરામ–શાંતિરૂપ, શિવસ્વરૂપ, અદ્વૈત અને જેને જ્ઞાનિજનો તુરીય માને છે, તે આત્મા છે, તે જાણવા યોગ્ય છે.

२ सर्पान् कुशाग्राणि तथोदपात्रं ज्ञात्वा मनुष्या परिवर्जयन्ति ।
अज्ञानतस्तत्र पतन्ति केचित् ज्ञाने फलं पश्य यथा विशिष्टम् ॥

म. भा शांति. मोक्ष. २०१–१६ ॥

માર્ગમાં સર્પ, દર્ભના કાંટા અથવા જલાશયો આવેલાં જાણી જ્ઞાતા માણસો તે માર્ગનો ત્યાગ કરે છે, પરંતુ કેટલાક અજ્ઞાતાઓ તો તેમાં પડે છે. એ પ્રમાણે જ્ઞાનમાં વિશેષ ઉત્તમ ફળ છે તે તું યથાર્થ રીતે જો !

અપિ પણ, માम् મને, વિદ્ધિ તું જાણ, (અને) ક્ષેત્રક્ષેત્રજ્ઞયોઃ ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞનું, यत् જે, જ્ઞાનમ્ જ્ઞાન, तत् તે (જ), જ્ઞાનન્ જ્ઞાન, (છે, એમ) मम મારું, मतम् માનવું, (છે.)

ભાવાર્થઃ—હે ભારત ! વળી સર્વ ક્ષેત્રો-શરીરો-માં શરીરરૂપ ક્ષેત્રને જાણનાર 'ક્ષેત્રજ્ઞ' તો મને જ તું જાણ, અને 'ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞ સંબંધી જે જ્ઞાન તે જ ખરું જ્ઞાન છે' એમ મારું માનવું છે. ૨.

અવતરણિકાઃ—હવે 'इदं शरीरम्' ઇત્યાદિ વાક્યથી શરુ કરેલા આ અધ્યાયનો ક્રમ કહેવામાં આવે છે, તથા ચોવીસ પ્રકારના ભેદોથી ભિન્ન પ્રકૃતિ એ જ 'ક્ષેત્ર' એમ કહેવાનો અભિપ્રાય હોવા છતા, શરીરને બધા ચોવીસે તત્ત્વોનો સમૂહ જાણી 'ક્ષેત્ર' કહ્યું છે, તેથી હવે ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞના વિસ્તારથી તે સમજાનો વિવેક કહે છે.

तत्क्षेत्रं यच्च यादृक् च यद्विकारि यतश्च यत् ॥
स च यो यत्प्रभावश्च तत्समासेन मे शृणु ॥ ३ ॥

પદચ્છેદઃ—तत्, क्षेत्रम्, यत्, च, यादृक्, च, यद्विकारि, यतः, च, यत्, सः, च, यः, यत्प्रभावः, च, तत्, समासेन, मे, शृणु.

વ્યુત્પત્તિસમાસાઃ—येन सदृशम् इति यादृक् । यः विकारः अस्ति अस्य इति यद्विकारि । ये प्रभावाः उपाधिकृताः शक्तयः यस्य सः यत्प्रभावः ।

અન્વય અને અર્થઃ—तत् તે, क्षेत्रम् ક્ષેત્ર, यत् જે (છે), यादृक् (પોતાના ધર્મોથી) જેવા પ્રકારનું, च તથા,

યદ્વિકારિ જે વિકારોવાળું (છે), च તેમ, यतः જે (વિકારો)-માંથી (ઉત્પન્ન થએલું છે), च અને, यत् જેવા સ્વરૂપનું (છે), च તેમ, सः તે-ક્ષેત્રજ્ઞ, य જેવા સ્વરૂપનો (છે), च તથા, यत्प्रभावः જેવી શક્તિઓથી સંપન્ન (છે), तत् તે સઘળું, समासेन સંક્ષેપથી, મે મારી પાસેથી, शृणु તું સાંભળ.

ભાવાર્થઃ—ઉપર કહેવામાં આવેલું તે ક્ષેત્ર જે છે, પોતાના ધર્મોથી જેવા પ્રકારનું, જેવા વિકારોવાળું, જે વિકારો-માંથી ઉત્પન્ન થયેલું તથા જેવા સ્વરૂપનું છે, તેમ ઉક્ત ક્ષેત્રજ્ઞ જે સ્વરૂપનો તથા જે શક્તિઓથી સંપન્ન છે, તે બધું તું ટૂંકામાં મારી પાસેથી સાંભળ. ૩.

અવતરણિકા—"તે ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞનું સ્વરૂપ કે જે હવે કહેવામાં આવશે, તે પ્રાચીન પરંપરાથી ચાલ્યું આવતું હોવાથી પ્રશસ્ય છે," એમ જણાવી સાંભળનારને તેમાં રસ ઉપજાવવા માટે તેની સ્તુતિ કરતા ભગવાન્ કહે છે

ऋषिभिर्बहुधा गीतं छन्दोभिर्विविधैः पृथक् ॥
ब्रह्मसूत्रपदैश्चैव हेतुमद्भिर्विनिश्चितैः ॥ ४ ॥

પદચ્છેદઃ—ऋषिभिः, बहुधा, गीतम्, छन्दोभिः, विविधैः, पृथक्, ब्रह्मसूत्रपदैः, च, एव, हेतुमद्भिः, विनिश्चितैः.

> अल्पाक्षरमसन्दिग्धं सारवद्विश्वतो मुखम् ॥
> अस्तोभमनवद्यं च सूत्रं सूत्रविदो विदुः ॥ मुग्धबोध (टीका)

થોડા અક્ષરોવાળું, સંદેહરહિત, સારવાળું, સર્વ બાજુ મુખવાળું (જેમાં અન્વય થવા જેતુ—સર્વ તરફ પ્રવૃત્ત), કોઈથી રોધી ન શકાય તેવું, નિરર્થક શબ્દોથી રહિત અને નિર્દોષ હોય તેને સૂત્રવેત્તાઓ સૂત્ર કહે છે-કહે છે.

વ્યુત્પત્તિસમાસાઃ—વહુપ્રકારેણ ઇતિ વહુધા । વિશેષેણ વિધાઃ પ્રકારાઃ યેષાં તાનિ વિવિધાનિ, તૈઃ વિવિધૈઃ । સૂચ્યતે એભિઃ ઇતિ સૂત્રાણિ, પદ્યતે—ગમ્યતે—જ્ઞાયતે એભિઃ ઇતિ પદાનિ, સૂત્રાણિ ચ પદાનિ ચ ઇતિ સૂત્રપદાનિ, બ્રહ્મણઃ સૂત્રપદાનિ ઇતિ બ્રહ્મસૂત્રપદાનિ, તૈઃ બ્રહ્મસૂત્રપદૈઃ । હેતુઃ અસ્તિ યેષાં તાનિ હેતુમન્તિ, તૈઃ હેતુમદ્ભિઃ । વિશેષેણ નિશ્ચિતાનિ ઇતિ વિનિશ્ચિતાનિ, તૈઃ વિનિશ્ચિતૈઃ ।

અન્વય અને અર્થઃ—(એ ક્ષેત્રક્ષેત્રજ્ઞનું સ્વરૂપ) ઋષિભિઃ વસિષ્ઠ વિગેરે ઋષિઓએ, વહુધા ઘણા પ્રકારે, ગીતમ્ કહેલું, (છે, તેમ જ) વિવિધૈઃ નાના પ્રકારના, છન્દોભિઃ ઋક્. યજુષ્, સામ ઇત્યાદિ વેદમંત્રો વડે, પૃથક પ્રત્યેક શાખામાં જુદી જુદી રીતે, (ગીતમ્ ગાએલું-વર્ણવેલું છે,) ચ અને, વિનિશ્ચિતૈઃ અત્યંત નિશ્ચયપૂર્વકનાં, હેતુમદ્ભિઃ પ્રમાણપુરઃસરનાં, બ્રહ્મસૂત્રપદૈઃ બ્રહ્મનું સંક્ષેપમાં વર્ણન કરતાં સૂત્રો તેમ જ પદો વડે, એવ પણ, (ગીતમ્ ગાએલું-વર્ણવેલું છે.)

ભાવાર્થઃ—ક્ષેત્રક્ષેત્રજ્ઞનું એ સ્વરૂપ વસિષ્ઠાદિ મહર્ષિઓએ અનેક પ્રકારે કહેલું છે, તેમજ ઋગ્વેદાદિ વેદોના મંત્રો વડે પ્રત્યેક શાખામાં જુદી જુદી રીતે અનેક રૂપે કહેવામાં આવેલું છે, તથા નિશ્ચય તેમ જ હેતુપુરઃસરનાં બ્રહ્મસૂચક સૂત્રો (વેદાંતદર્શનસૂત્રો) અને પદો વડે પણ એ ગાવામાં આવેલું છે. અર્થાત્ એ પ્રાચીન હોવાથી અવશ્ય જાણવા યોગ્ય છે એમ તું માન. ૪.

અવતરણિકાઃ—હવે 'ક્ષેત્રનું સ્વરૂપ કેવા પ્રકારનું છે' તે બે શ્લોકથી કહે છે; તેમાં પણ બીજા શ્લોકમાં જેને વૈશેષિક મતવાળાઓ આત્માના ધર્મો કહે છે, તે પણ મનના જ ધર્મો હોવાથી ક્ષેત્રધર્મો જ છે તેથી તેનો પણ સાથે સાથે નિર્દેશ કરે છેઃ

महाभूतान्यहंकारो बुद्धिरव्यक्तमेव च ।
इन्द्रियाणि दशैकं च पञ्च चेन्द्रियगोचराः ॥ ५ ॥
इच्छा द्वेषः सुखं दुःखं संघातश्चेतना धृतिः ॥
एतत्क्षेत्रं समासेन सविकारमुदाहृतम् ॥ ६ ॥

पदच्छेदः—महाभूतानि, अहंकारः, बुद्धिः, अव्यक्तम्, एव, च, इन्द्रियाणि, दश, एकम्, च, पञ्च, च, इन्द्रियगोचराः; इच्छा, द्वेषः, सुखम्, दुःखम्, संघातः, चेतना, धृतिः, एतत्, क्षेत्रम्, समासेन, सविकारम्, उदाहृतम्.

व्युत्पत्तिसमासाः—महान्ति च तानि भूतानि च महाभूतानि। अहं क्रियते अनेन इति अहंकारः। बुद्ध्यते ज्ञायते अनया सा बुद्धिः। न व्यक्तम् इति अव्यक्तम्। इन्द्रियाणां गोचराः इति इन्द्रियगोचराः। देहेन्द्रियाद्याकारेण संहन्यते इति संघातः। देहेन्द्रियाणि ध्रियन्ते यया सा धृतिः। विकारेण सह वर्तमानं सविकारम्।

अन्वय अने अर्थः—महाभूतानि (पृथ्वी, જલ, તેજ, वायु अने आकाश એ) પાંચ મહાભૂતો, अहंकारः (મહાભૂતોના કારણરૂપ) અહંકાર, बुद्धिः બુદ્ધિ-વિજ્ઞાનાત્મક મહત્તત્ત્વ, च, एव તેમ જ, अव्यक्तम् મૂલ પ્રકૃતિ, दश દશ, इन्द्रियाणि

---

१ नर्ते रथाद्विक्रियां दुःखी साक्षिता का विकारिणि ।
धीविक्रियासहस्राणां साक्ष्यतोऽहमविक्रिय ॥

વિક્રિયા-વિકાર વિના દુઃખી ન થાય અને જે વિકારી છે તેને સાક્ષિપણું કેવું? પણ હું તો હજારો બુદ્ધિની વિક્રિયાઓ-વિકારોનો સાક્ષી હું માટે જ અવિકારી છું.

ઇન્દ્રિયો-(પાંચ જ્ઞાનેન્દ્રિય-શ્રોત્ર, ત્વક્, ચક્ષુ, જિહ્વા, નાસિકા; પાંચ કર્મેન્દ્રિય-વાણી, હસ્ત, પાદ, ગુદા, શિશ્ન), એકમ્ એક મન, ચ તથા, પઞ્ચ પાંચ, ઇન્દ્રિયગોચરાઃ ઇન્દ્રિયોથી જાણી શકાય તે-શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ, એ વિષયો, (એમ કુલ મળીને ચોવીસ તન્માત્રા તથા) ઇચ્છા સુખ અથવા સુખોના સાધનની સ્પૃહા, દ્વેષઃ દુઃખ અથવા દુઃખની પ્રાપ્તિમાં અણગમો-વિરોધતા, સુખમ્ અનુકૂલ વસ્તુસ્થિતિ, દુઃખમ્ પ્રતિકૂલ વસ્તુસ્થિતિ, સંઘાતઃ દેહ તથા ઇન્દ્રિયોનો સમુદાય-શરીર, ચેતના જ્ઞાનસ્વરૂપ મનોવૃત્તિ, ધૃતિઃ જેના વડે વૃત્તિથી ખિન્ન-નિરુત્સાહ થયેલાં શરીરેન્દ્રિયોને ધારણ કરવામાં આવે છે તે, એતત્ એ, ક્ષેત્રમ્ ક્ષેત્ર, સવિકારમ્ મહત્તત્ત્વાદિ વિકારસહિત, સમાસેન સંક્ષેપમાં, ઉદાહૃતમ્ કહેલું, (છે).

ભાવાર્થઃ—પંચમહાભૂત, મહદહંકાર, બુદ્ધિ, મૂલ પ્રકૃતિ, દશ ઇન્દ્રિયો, એક મન અને ઇન્દ્રિયોના શબ્દસ્પર્શાદિ પાંચ વિષયો એમ કુલે મળીને ચોવીસ તત્ત્વો, તથા ઇચ્છા, દ્વેષ, સુખ, દુઃખ, શરીર, જ્ઞાનાત્મિકા ચૈતન્યવૃત્તિ, અને ધૃતિ (એ પણ અંતઃકરણના ધર્મો હોવાથી ક્ષેત્રના પિંડરૂપે જ છે), એ પ્રમાણે આ 'ક્ષેત્ર' તેના મહત્તત્ત્વાદિ વિકારોસહિત-સંક્ષેપમાં તને મેં કહ્યું. અર્થાત્ એ સર્વ મળીને 'ક્ષેત્ર' એ પ્રમાણે કહેવામાં આવે છે. ૫-૬.

અવતરણિકાઃ—'ક્ષેત્રજ્ઞ' કે જેનું વર્ણન હવે કરવામાં આવશે, તથા શક્તિઓસહિત જેના પરિજ્ઞાનથી અમૃતત્વ પ્રાપ્ત થાય છે, તે 'જ્ઞેય' પદાર્થને પણ આગળ ચાલતાં કહેવાશે, પરંતુ હમણાં તો તે ક્ષેત્રજ્ઞના જ્ઞાનમાં કહેલાં સાધનોના સમૂહનો ઉલ્લેખ કરતા ભગવાન્ કહે છે.

अमानित्वमदम्भित्वमहिंसा क्षान्तिरार्जवम् ॥
आचार्योपासनं शौचं स्थैर्यमात्मविनिग्रहः ॥ ७ ॥

---

१ मानापमाने दुःखी स्याज्ज्ञेव साधारणो जन ।
अतो दुःखनिदानत्वान्मान योगी परित्यजेत् ॥

માન અને અપમાનમા સાધારણ-જ્ઞાની માણસ દુ ખી થતો નથી, માટે દુ ખનુ કારણ એ માન હોવાથી યોગીએ તેને સર્વથા તજવુ જોઇએ

२ कृत दम्भाददम्भाद्वा कर्म तुल्यश्रम भवेत् ।
अभैकफलमाद्य स्याद्द्वितीय सुखसाधनम् ॥

દભ-છળ-કપટથી અથવા દભ વિના કરેલા કર્મમા શ્રમ-મહેનત સમાન-સરખી જ પડે છે, પરતુ પહેલુ દભથી કરેલુ કાય ફ્ય વિનાનું થાય છે અને બીજુ-અદભ-દભ વિના કરેલું કર્મ સુખનું સાધન થાય છે

३ आचार्यो वेदसपन्नो विष्णुभक्तो विमत्सर ।
मन्त्रज्ञो मन्त्रभक्त्य सदा मन्त्राश्रय शुचि ॥
गुरुभक्तिसमायुक्तः पुराणज्ञो विशेषत ।
एवं लक्षणसम्पन्नो गुरित्यभिधीयते ॥ स्मृतौ ॥

સપૂર્ણ-ચારે-વેદને જાણનાર, પરમાત્માનો ભક્ત, ઈર્ષાથી રહિત, મત્રોને જાણનારે, મત્રોને શ્રદ્ધાપૂર્વક માની મત્રોની ભક્તિ કરનાર, હમેશા મત્રોનો આશ્રય કરનાર, પવિત્ર, સારી રીતે શ્રદ્ધાપૂર્વક ગુરુભક્તિથી સપન્ન, અને વિશેષે કરી પુરા ણોનો જાણનાર–એ પ્રમાણેના લક્ષણોથી સપન્ન જે આચાર્ય તે જ ગુરુ કહેવાય છે.

यद्यप्युद्दामबुद्धिः पठनपरिणमद्वेदशास्त्राक्षरार्था ।
न ह्याचार्यं विनाऽसौ तदपि परिचिनोत्येनदुक्त रहस्यम् ॥
शूने नामानि यद्यप्यनिरनिवसतामन्यवक्त्राच्छ्रुतानि ।
मायस्त न पदार्थं न हि कथकमृते वेत्युपोद्घातकोऽपि ॥

शतश्लोकि ॥

જેમ ઉપર ટપકે જાણનાર બીજાઓના મુખથી સાભળેલા આકાશમા રહેલી વસ્તુઓનાં નામ જો કે કહે, પરતુ ગણુ કરી તે તે પદાર્થના તેના જાણકારના વચનોના વિના ગુણદોષાદિના રહસ્યને તે જાણી શકતો નથી, તેમ તિમ બુદ્ધિવાળો માણસ અભ્યાસના પરિણામે વેદો તથા શાસ્ત્રોના અક્ષરાર્થને યદ્યપિ જાણી શકે, પરન્તુ આચાર્યે જણાવ્યા વિના તેમા કહેલા તેના રહસ્ય–તત્ત્વને તો યથાથ ન જ જાણી શકે.

पदच्छेदः—अमानित्वम्, अदम्भित्वम्, अहिंसा, क्षान्तिः, आर्जवम्, आचार्योपासनम्, शौचम्, स्थैर्यम्, आत्मविनिग्रहः.

व्युत्पत्तिसमासाः—मानः अस्ति अस्य इति मानी, मानिनः भाव. मानित्वम्, न मानित्वम् इति अमानित्वम् । दम्भः अस्ति अस्य इति दम्भी, दम्भिनः भावः दम्भित्वम्, न दम्भित्वम् इति अदम्भित्वम् । हिंस्यन्ते प्राणिनः अनया इति हिंसा, न हिंसा इति अहिंसा । ऋजोः भाव· आर्जवम् । आचार्यस्य उपासनम् इति आचार्योपासनम् । शुचेर्भावः कर्म वा शौचम् । स्थिरस्य भावः स्थैर्यम् । विशेषेण नितान्तं गृह्यते अनेन इति विनिग्रहः, आत्मनः विनिग्रहः इति आत्मविनिग्रहः ।

અન્વય અને અર્થઃ—अमानित्वम् આત્મશ્લાઘાનો અભાવ–(નિરભિમાનપણું), अदंभित्वम् મિથ્યા ઢોંગનો અભાવ, अहिंसा પારકાને પીડા ન કરવી તે, क्षान्तिः બીજો કોઇ અપરાધ કરે તો પણ ચિત્તમાં વિકારનો અભાવ–ક્ષમા, आर्जवम् સરળતા, आचार्योपासनम् આચાર્ય–ગુરુની સેવા, शौचम् બાહ્ય અને આભ્યંતર શૌચ, स्थैर्यम् સ્થિરભાવ–એકનિષ્ઠા, (અને) आत्मविनिग्रहः શરીરનો સંયમ;

ભાવાર્થઃ—આત્મશ્લાઘાનો અભાવ, દંભ ન કરવો તે, અહિંસા, ક્ષમા, સરલતા, ગુરુની સેવા, બાહ્ય તથા આભ્યંતર પવિત્રતા, સ્થિરભાવ, અને શરીરનો સંયમ; ૭.

---

४ शौच तु द्विविध प्रोक्तं बाह्यमाभ्यन्तरं तथा ।
मृज्जलाभ्यां स्मृत बाह्य भावशुद्धिस्तथान्तरम् ॥ स्मृति ॥

શૌચ બે પ્રકારનું કહ્યું છે–બહારનું અને અંદરનું, તેમાં માટી અને જલવડે બહારનું તથા ભાવશુદ્ધિ તે અંદરનું શૌચ કહેલું છે.

इन्द्रियार्थेषु वैराग्यमनहंकार एव च ॥
जन्ममृत्युजराव्याधिदुःखदोषानुदर्शनम् ॥ ८ ॥

पदच्छेदः—इन्द्रियार्थेषु, वैराग्यम्, अनहंकारः, एव, च, जन्ममृत्युजराव्याधिदुःखदोषानुदर्शनम्.

व्युत्पत्तिसमासाः—इन्द्रियाणाम् अर्थाः इति इन्द्रियार्थाः, तेषु इन्द्रियार्थेषु । विगतः रागः यस्मात् सः विरागः, विरागस्य भावः वैराग्यम् । न अहंकारः इति अनहंकारः । दोषाणाम् अनुदर्शनम् इति दोषानुदर्शनम्, जन्म च मृत्युश्च जरा च व्याधयश्च दुःखानि च जन्ममृत्युजराव्याधिदुःखानि, तेषु दोषानुदर्शनम् इति जन्ममृत्युजराव्याधिदुःखदोषानुदर्शनम्, अथवा दुःखानि एव दोषाः दुःखदोषाः, तेषाम् अनुदर्शनम् इति दुःखदोषानुदर्शनम्, जन्ममृत्युजराव्याधिषु दुःखदोषानुदर्शनम् इति जन्ममृत्युजराव्याधिदुःखदोषानुदर्शनम् ।

अन्वय अने अर्थः—इन्द्रियार्थेषु ઇન્દ્રિયોના વિષયોમાં, वैराग्यम् વિરક્તિ, च, एव તેમ જ, अनहंकारः ગર્વનો સર્વથા અભાવ, जन्ममृत्युजराव्याधिदुःखदोषानुदर्शनम् જન્મ, મૃત્યુ, વૃદ્ધાવસ્થા, મસ્તકરોગાદિ શરીરપીડા, તથા આધ્યાત્મિક, આધિભૌતિક અને આધિદૈવિક ઇત્યાદિ દુઃખો, એ પ્રત્યેકમાં દોષોને જોવા તે;

भावार्थः—ઇંદ્રિયોના વિષયોમાં વૈરાગ્ય, અહંકારરહિતપણું, જન્મ, મૃત્યુ, જરા, વ્યાધિઓ તથા આધ્યાત્મિકાદિ દુઃખો, એ પ્રત્યેકમાં સંપૂર્ણ રીતે દોષોની સંભાવના કરવી તે, ૮.

असक्तिरनभिष्वंगः पुत्रदारगृहादिषु ॥
नित्यं च समचित्तत्वमिष्टानिष्टोपपत्तिषु ॥ ९ ॥

पदच्छेदः—असक्तिः, अनभिष्वङ्गः, पुत्रदारगृहादिषु, नित्यम्, च, समचित्तत्वम्, इष्टानिष्टोपपत्तिषु.

व्युत्पत्तिसमासाः—न सक्तिः इति असक्तिः। अभि परितः सु विशेषेण अङ्गः इति अभिष्वङ्गः, न अभिष्वङ्गः इति अनभिष्वङ्गः। पुत्राश्च दाराश्च गृहाणि च आदौ येषां ते पुत्रदारगृहादयः, तेषु पुत्रदारगृहादिषु। समं च तत् चित्तं च इति समचित्तं, तस्य भावः समचित्तत्वम्, वा समं चित्तं यस्य सः समचित्तः, तस्य भावः समचित्तत्वम्। इष्टानि च अनिष्टानि च इति इष्टानिष्टानि, तेषां उपपत्तयः इति इष्टानिष्टोपपत्तयः, तेषु इष्टानिष्टोपपत्तिषु।

अन्वय अने अर्थः—असक्तिः विषयोमां आसक्ति न राखवी ते, पुत्रदारगृहादिषु पुत्र, स्त्री, घर, (ईष्टमित्रो) वगेरेमां, अनभिष्वङ्गः अनन्य आत्मभावनानो अभाव, च अने, इष्टानिष्टोपपत्तिषु ईष्ट अथवा अनिष्टनी संप्राप्तिमां, नित्यम् सदा, समचित्तत्वम् चित्तनो समान भाव;

भावार्थः—विषयोमां अप्रीति, पुत्र, स्त्री अने ईष्टमित्रादिमां आत्मभाववाळी बुद्धिनो अभाव अर्थात् तेमने सुखे सुखी अने तेमने दुःखे दुःखी ओ प्रकारनी विकियानो पोतानामां अभाव तथा ईष्ट के अनिष्टनी प्राप्तिमां चित्तनो सर्वदा समानभाव-निर्विकारपणुं;

मयि चानन्ययोगेन भक्तिरव्यभिचारिणी ॥
[1]विविक्तदेशसेवित्वमर[2]तिर्जनसंसदि ॥ १० ॥

पदच्छेदः—मयि, च, अनन्ययोगेन, भक्तिः, अव्यभिचारिणी, विविक्तदेशसेवित्वम्, अरतिः, जनसंसदि.

व्युत्पत्तिसमासाः—न विद्यते अन्यः आश्रयः यस्य यस्मिन् वा सः अनन्यः, अनन्यश्चासौ योगश्च इति अनन्ययोगः, तेन अनन्ययोगेन। अभिचरणम् अभिचारः, विशेषेण अभिचारः इति व्यभिचारः, सः अस्ति अस्याः इति, वा विविधेषु अभिचरणं शीलम् अस्ति अस्याः इति व्यभिचारिणी, न व्यभिचारिणी अव्यभिचारिणी। विविक्तश्चासौ देशश्च इति विविक्तदेशः, तं सेवितुं शीलम् अस्ति अस्य इति विविक्तदेशसेवी, तस्य भावः विविक्तदेशसेवित्वम्। न रतिः इति अरतिः। जनानां प्राकृतिकानां संसद् इति जनसंसद्, तस्यां जनसंसदि।

---

१ समे शुचौ शर्करावह्निवालुकाविवर्जिते शब्दजलाश्रयादिभिः।
मनोऽनुकूले न तु चक्षुपीडने गुहानिवाताश्रयणे प्रयोजयेत् ॥ श्रुति. ॥

જ્ઞાની મનુષ્યે સમાન, પવિત્ર, કાંકરા, અગ્નિ કે રેતી વિનાના તેમ જ્યાં શબ્દ અને જલાશય વિગેરેની અનુકૂલતા હોય તેવા સ્થળમાં મનને યોગમાં જોડવું, પણ જ્યાં નેત્રોને બાધ થાય તેવામાં અથવા ગુફામાં કે જ્યાં વાયુનો સંચાર ન હોય ત્યાં જોડવું નહિ.

२ सङ्गः सर्वात्मना त्याज्यः स च त्यक्तुं न शक्यते।
स सद्भिः सह कर्तव्य सतां सङ्गो हि भेषजम् ॥

યોગી-જ્ઞાનીએ સર્વ પ્રકારે સંગને તજવો જોઇએ, પરન્તુ તે ત્યાગ કરી શકાય તેવો નથી, તેથી જો તે ત્યાગ ન કરી શકાય તેમ હોય તો તે સત્પુરુષો સાથે જ કરવો, કારણ સત્પુરુષોનો સંગ સાક્ષાત (સંસારરૂપી રોગના) ઔષધરૂપ છે.

અન્વય અને અર્થઃ—ચ વળી, અનન્યયોગેન અનન્ય-યોગ વડે, મયિ મારામાં, અવ્યભિચારિણી બીજાઓનો આશ્રય જેમાં નથી એવી, ભક્તિઃ ભક્તિ, વિવિક્તદેશસેવિત્વમ્ એકાંત-દેશના નિવાસનું સેવન, (અને) જનસંસદિ (તત્ત્વજ્ઞાનવિમુખ અને સંસ્કારશૂન્ય) મનુષ્યોની મંડળીમાં, અરતિઃ પ્રીતિનો અભાવ;

ભાવાર્થઃ—વળી અનન્ય સમાધિયોગથી મારામાં પરા-શ્રય વિનાની અવ્યભિચારિણી ભક્તિ, એકાંતદેશનું સેવન, તત્ત્વ-જ્ઞાનશૂન્ય પ્રાકૃત મનુષ્યોના સમુદાયમા પ્રીતિનો અભાવ; ૧૦

अध्यात्मज्ञाननित्यत्वं तत्त्वज्ञानार्थदर्शनम् ॥
एतज्ज्ञानमिति प्रोक्तमज्ञानं यदतोऽन्यथा ॥ ११ ॥

પદચ્છેદઃ—अध्यात्मज्ञाननित्यत्वम्, तत्त्वज्ञानार्थदर्श-नम्, एतत्, ज्ञानम्, इति, प्रोक्तम्, अज्ञानम्, यत्, अतः, अन्यथा.

વ્યુત્પત્તિસમાસાઃ—नित्यस्य भावः नित्यत्वम्, आत्मानम् अधिकृत्य इति, आत्मनि अधि इति वा अध्यात्मम्, अध्यात्मं च तत् ज्ञानं च अध्यात्मज्ञानम्, तस्मिन् नित्यत्वम् इति अध्यात्मज्ञाननित्यत्वम्। तस्य भावः इति तत्त्वम्, तत्त्वस्य ज्ञानम् इति तत्त्वज्ञानम्, तस्य अर्थः तत्त्वज्ञानार्थ., तस्य दर्शनम् आलोचनम् इति तत्त्वज्ञानार्थदर्शनम्। न ज्ञानम् इति अज्ञानम्।

અન્વય અને અર્થઃ—अध्यात्मज्ञाननित्यत्वम् નિરંતર આત્મા સંબંધી જ્ઞાન પ્રાપ્ત કરવું તે, (અને) तत्त्वज्ञानार्थदर्शनम् તત્ત્વજ્ઞાનનો અર્થ જે મોક્ષ તેનું દર્શન–મનન, एतत् એ સઘળું, (અર્થાત્ 'अमानित्वम्'થી લઈને 'तत्त्वज्ञानार्थदर्शनम्' સુધીનાને)

જ્ઞાનમ્ જ્ઞાન, ઇતિ એ પ્રમાણે, પ્રોક્તમ્ કહેવામાં આવ્યું, (છે) અતઃ એનાથી, અન્યથા બીજું, યત્ જે, (તે સઘળુ) અજ્ઞાનમ્ અજ્ઞાન, (છે)

ભાવાર્થઃ—અધ્યાત્મજ્ઞાનનુ નિત્ય પરિસેવન અને તત્ત્વજ્ઞાનના પરિણામરૂપ મોક્ષનું આલોચન, ઇત્યાદિ એ 'अमानित्वम्' થી લઈને 'तत्त्वज्ञानार्थदर्शनम्' સુધી જે કહેવામાં આવ્યુ તે બધુ 'જ્ઞાન' કહેવાય છે, અને એ ઉપરોક્ત વર્ણનરૂપ જ્ઞાનથી ભિન્ન બીજું જે કંઈ હોય તે અજ્ઞાન છે. ૧૧.

અવતરણિકાઃ—આ પ્રમાણે જ્ઞાનની વ્યાખ્યા કહી, તો તે જ્ઞાનરૂપી સાધન–વડે 'જ્ઞેય–જાણવા યોગ્ય શુ છે ?' એવી આકાક્ષાના ઉત્તરમા ભગવાન્ શ્રીકૃષ્ણ ૭ શ્લોકથી કહે છે

ज्ञेयं यत्तत्प्रवक्ष्यामि यज्ज्ञात्वामृतमश्नुते ॥
अनादिमत्परं ब्रह्म न सत्तन्नासदुच्यते ॥ १२ ॥

પદચ્છેદઃ—જ્ઞેયમ્, યત્, તત્, પ્રવક્ષ્યામિ, યત્, જ્ઞાત્વા, અમૃતમ્, અશ્નુતે, અનાદિમત, પરમ્, બ્રહ્મ, ન, સત્, તત્, ન, અસત્, ઉચ્યતે.

વ્યુત્પત્તિસમાસાઃ—જ્ઞાતુમ્ યોગ્યમ્ જ્ઞેયમ્ । પ્રકર્ષેણ વક્ષ્યામિ ઇતિ પ્રવક્ષ્યામિ । ન મૃતમ્ ઇતિ અમૃતમ્, તત્ । આદિઃ અસ્તિ અસ્ય ઇતિ આદિમત્, ન આદિમત્ ઇતિ અનાદિમત્ । અસ્તિ ઇતિ સત્ । ન સત્ ઇતિ અસત્ ।

અન્વય અને અર્થઃ—યત્ જે, જ્ઞેયમ્ જાણવા યોગ્ય–બ્રહ્મ, (કે) યત્ જેને, જ્ઞાત્વા જાણીને, (મનુષ્ય) અમૃતમ્ અમૃત–મોક્ષને,

અશ્નુતે અનુભવે છે, તત્ તે, (તને) પ્રવક્ષ્યામિ હું કહીશ, તત્ તે, અનાદિમત્ જેના આદિભત કોઈ નથી એવું-સ્વયં અનાદિ, (અને) પરમ્ નિરતિશય, બ્રહ્મ બ્રહ્મ, સત્ પ્રધાન પરમાણુવત્, ન નથી, (તેમ) અસત્ શૂન્યવત્, (પણ) ન નથી, (એ પ્રમાણે) ઉચ્યતે કહેવાયછે.

ભાવાર્થઃ—હવે જે જાણવા યોગ્ય બ્રહ્મ, કે જેને જાણીને મનુષ્ય અમૃતત્વને-મોક્ષને પામે છે, તે વિષે યથાર્થ શું છે તે હું તને કહીશ. તે આદિરહિત અને સૌથી પર બ્રહ્મ છે, અને તે 'સત્ અથવા અસત્' એમ વાસ્તવિક રીતે કોઈપણ સ્વરૂપે નથી, એમ કહેવામાં આવે છે. અર્થાત્ તે બંને સ્વરૂપે છે અને બંને સ્વરૂપે નથી પણ ખરું, એમ માનવામાં આવ્યું છે. ૧૨.

सर्वतःपाणिपादं तत्सर्वतोऽक्षिशिरोमुखम् ॥
सर्वतःश्रुतिमल्लोके सर्वमावृत्य तिष्ठति ॥ १३ ॥

પદચ્છેદઃ—સર્વતઃપાણિપાદમ્, તત્, સર્વતોઽક્ષિશિરોમુખમ્, સર્વતઃશ્રુતિમત્, લોકે, સર્વમ્, આવૃત્ય, તિષ્ઠતિ.

વ્યુત્પત્તિસમાસાઃ—પાણયશ્ચ પાદાશ્ચ ઇતિ પાણિપાદમ્, સર્વતઃ પાણિપાદં યસ્ય તત્ સર્વતઃપાણિપાદમ્ । અક્ષીણિ શિરાંસિ મુખાનિ ચ ઇતિ એતેષાં સમાહારઃ અક્ષિશિરોમુખમ્, સર્વતઃ અક્ષિશિરોમુખં યસ્ય તત્ સર્વતોઽક્ષિશિરોમુખમ્ । સર્વતઃ શ્રુતિઃ અસ્તિ અસ્ય ઇતિ સર્વતઃશ્રુતિમત્ । આ સમંતાત્ વૃત્વા ઇતિ આવૃત્ય ।

અન્વય અને અર્થઃ—તત્ તે બ્રહ્મ, સર્વતઃપાણિપાદમ્ સર્વ તરફ હાથ અને પગવાળું, સર્વતોઽક્ષિશિરોમુખમ્ સર્વ બાજુ

આંખ, મસ્તક અને મુખવાળું, (તથા) સર્વતઃશ્રુતિમત્ સર્વ તરફ શ્રવણેન્દ્રિયવાળું, (છે અને) લોકે લોકને વિષે, સર્વમ્ બધાને, આવૃત્ય સારી રીતે વ્યાપીને, તિષ્ઠતિ (નિર્વિકારપણે) રહેલું છે.

ભાવાર્થઃ—તે બ્રહ્મ ચોતરફ હાથ અને પગ તથા આંખ, મસ્તક, મુખ તેમ જ શ્રવણેન્દ્રિયવડે યુકત છે અને તે પ્રાણિમાત્રના સમૂહમાં બધે વ્યાપ્ત થઈને નિર્વિકારપણે રહેલું છે. ૧૩.

सर्वेन्द्रियगुणाभासं सर्वेन्द्रियविवर्जितम् ॥
असक्तं सर्वभृच्चैव निर्गुणं गुणभोक्तृ च ॥ १४ ॥

पदच्छेदः—सर्वेन्द्रियगुणाभासम्, सर्वेन्द्रियविवर्जितम्, असक्तम्, सर्वभृत्, च, एव, निर्गुणम्, गुणभोक्तृ, च.

व्युत्पत्तिसमासाः—सर्वाणि च तानि इन्द्रियाणि च सर्वेन्द्रियाणि, सर्वेन्द्रियाणि च गुणाश्च इति सर्वेन्द्रियगुणाः, तान् आभासयति इति सर्वेन्द्रियगुणाभासम् । सर्वाणि च तानि इन्द्रियाणि इति सर्वेन्द्रियाणि, तैः विशेषेण वर्जितम् इति सर्वेन्द्रियविवर्जितम् । न सक्तम् इति असक्तम् । सर्वं बिभर्ति इति सर्वभृत् । निर्गताः गुणाः यस्मात् तत् निर्गुणम् । गुणान् भुनक्ति इति गुणभोक्तृ ।

---

१ अपाणिपादो जवनो गृहीता पश्यत्यचक्षुः स शृणोत्यकर्णः ।
स वेत्ति वेद्यं न च तस्यास्ति वेत्ता तमाहुरग्र्यं पुरुषं महान्तम् ॥ श्रुतिः ॥

હાથ અને પગ વિના તે ચાલવાવાળો અને ગ્રહણ કરનારો-પકડી શકનાર છે, તે નેત્ર વિના દેખે છે અને કાન વિના સાંભળે છે. તે જાણવા યોગ્ય સઘળું જાણે છે પણ તેને જાણનાર કોઇ નથી, તેને જ સર્વથી પ્રથમ, મહાન્-મોટો પુરુષ મુનિઓએ કહેલ છે.

અન્વય અને અર્થઃ—(વળી તે બ્રહ્મ) સર્વેન્દ્રિયગુણાભાસમ્ બધી ઇન્દ્રિયો તથા તેના શ્રવણ, મનન અને નિદિધ્યાસન વિગેરે ગુણોને પ્રકાશિત કરનાર, (છતાં) સર્વેન્દ્રિયવિવર્જિતમ્ બધી ઇન્દ્રિયોથી રહિત, (છે) અસક્તમ્ સંગશૂન્ય, ચ, એવ છતાં પણ, સર્વભૃત્ બધાં પ્રાણિમાત્રને ધારણ કરનાર, (છે અને) નિર્ગુણમ્ ગુણરહિત ચ છતાં, ગુણભોક્તૃ ગુણોને ભોગવનાર, (છે).

ભાવાર્થઃ—વળી તે બ્રહ્મ સઘળી ઇન્દ્રિયો તથા તેના શ્રવણ, મનન અને નિદિધ્યાસન વિગેરે ગુણોને પ્રકાશ આપનાર છતાં પણ, ઇન્દ્રિયોથી રહિત છે, કોઇનો પણ સંગ ન રાખતું છતાં પ્રાણિમાત્રનું આધારભૂત છે અને તત્ત્વાદિ ગુણોથી રહિત હોવા છતાં ગુણોને ભોગવનાર છે. ૧૪.

बहिरंतश्च भूतानामचरं चरमेव च ॥
सूक्ष्मत्वात्तदविज्ञेयं दूरस्थं चांतिके च तत् ॥१५॥

પદચ્છેદઃ—બહિઃ, અન્તઃ, ચ, ભૂતાનામ્, અચરમ્, ચરમ્, એવ, ચ, સૂક્ષ્મત્વાત્, તત્, અવિજ્ઞેયમ્, દૂરસ્થમ્, ચ, અન્તિકે, ચ, તત્.

વ્યુત્પત્તિસમાસાઃ—चरति इति चरम्, न चरम् अचरम् । सूक्ष्मस्य भावः सूक्ष्मत्वम्, तस्मात् सूक्ष्मत्वात् । विशेषेण ज्ञातुम् अर्हम् इति विज्ञेयम्, न विज्ञेयम् इति अविज्ञेयम् । दूरे तिष्ठति इति दूरस्थम् ।

અન્વય અને અર્થઃ—તત્ તે બ્રહ્મ, ભૂતાનામ્ પ્રાણિઓની, બહિ બહાર, (અને) અન્તઃ અંદર, (વ્યાપી રહેલું) છે, (તેમ જ) અચરમ્ સ્થાવર-ભૂતસમૂહરૂપ, ચ તથા, ચરમ્

જંગમ–પ્રાણિસમુદાયરૂપ, એવ પણ, (છે. વળી) તત્ તે બ્રહ્મ, સૂક્ષ્મત્વાત્ અત્યંત સૂક્ષ્મપણાને લઈને, અવિજ્ઞેયમ્ રૂપષ્ટ રીતે ન જાણી શકાય તેવું, (છે) ચ તેમ, દૂરસ્થમ્ (અજ્ઞાનીઓને તે) દૂર રહેલું, (હોવા છતાં પણ) અન્તિકે (જ્ઞાનીઓને તો બ્રહ્મમાં તન્મયતાને લઈને) અત્યંત પાસે, (છે).

ભાવાર્થઃ—તે પરબ્રહ્મ પ્રાણિમાત્રની બહાર તેમજ અંદર વ્યાપીને રહેલું છે, તેમ સ્થાવર તથા જંગમ પ્રાણિના સમૂહરૂપે પણ તે જ છે. વળી તે બ્રહ્મ અતિ સૂક્ષ્મ હોવાથી રૂપષ્ટ રીતે જાણી શકાતું નથી. તેમ તે બ્રહ્મ અજ્ઞાનીઓથી દૂર હોવા છતાં પણ જ્ઞાનીઓને તેમની બ્રહ્મમાં તન્મયતાને લઈને અત્યંત પાસે છે. અર્થાત્ અજ્ઞાનીઓ તેને મેળવી શકતા નથી ત્યારે જ્ઞાનીઓ તાદાત્મ્યસ્વરૂપે તે બ્રહ્મરૂપ થઈ શકવાને સમર્થ થાય છે. ૧૫.

अविभक्तं च भूतेषु विभक्तमिव च स्थितम् ॥
भूतभर्तृ च तज्ज्ञेयं ग्रसिष्णु प्रभविष्णु च ॥ १६ ॥

પદચ્છેદઃ—અવિભક્તમ્, ચ, ભૂતેષુ, વિભક્તમ્, ઇવ, ચ, સ્થિતમ્, ભૂતભર્તૃ, ચ, તત્, જ્ઞેયમ્, ગ્રસિષ્ણુ, પ્રભવિષ્ણુ, ચ.

વ્યુત્પત્તિસમાસાઃ—વિશેષેણ ભક્તમ્ ઇતિ વિભક્તમ્, ન વિભક્તમ્ ઇતિ અવિભક્તમ્। ભૂતાનિ બિભર્તિ ઇતિ ભૂતભર્તૃ। ગ્રસનં શીલં યસ્ય તત્ ગ્રસિષ્ણુ। પ્રભવનં શીલં યસ્ય તત્ પ્રભવિષ્ણુ।

---

૧ एक एव तु भूतात्मा भूते भूते व्यवस्थित ।
एकधा बहुधा चैव दृश्यते जलचन्द्रवत् ॥ श्रुति ॥

ભૂત–પ્રાણિમાત્રના આત્મારૂપ ઈશ્વર પ્રત્યેક પ્રાણિમા એક પ્રકારે અને બહુ પ્રકારે જેમ જલમા ચદ્રમા એક પ્રકારે અને બહુ પ્રકારે દેખાય છે તેમ વ્યવસ્થિત દેખાય છે

અન્વય અને અર્થઃ—ચ વળી, તત્ તે બ્રહ્મ, ભૂતેષુ પ્રાણિઓમાં, અવિભક્તમ્ ન વહેંચાયલું, ચ છતાં, વિભક્તમ્ વહેંચાયલું, ઇવ હોય તેમ, સ્થિતમ્ રહેલું, (છે) ચ વળી, (તે) ભૂતભર્તૃ પ્રાણિઓને પોષણ આપી ધારણ કરનાર, ગ્રસિષ્ણુ પ્રલયકાળ વખતે ગ્રસી જનાર, ચ તથા, પ્રભવિષ્ણુ ઉત્પત્તિ કરવાના સામર્થ્યવાળું, (છે).

ભાવાર્થઃ—વળી તે બ્રહ્મ પ્રાણિઓમાં વહેંચાયલું ન હોવા છતાં વહેંચાયેલા જેવું રહેલું છે, તેમ જ તે બ્રહ્મ પ્રાણિઓને પોષણ આપી ધારણ કરનાર, પ્રલય વખતે સર્વનો ગ્રાસ કરી જનાર તથા ઉત્પત્તિ કરવાના સામર્થ્યવાળું છે. અર્થાત્ સર્વ વસ્તુમાત્રની ઉત્પત્તિ, સ્થિતિ તથા લય એ બ્રહ્મથી જ થાય છે. ૧૬.

જ્યોતિષામપિ તજ્જ્યોતિસ્તમસઃ પરમુચ્યતે ॥
જ્ઞાનં જ્ઞેયં જ્ઞાનગમ્યં હૃદિ સર્વસ્ય [૨]ધિષ્ઠિતમ્॥૧૭॥

પદચ્છેદઃ—જ્યોતિષામ્, અપિ, તત્, જ્યોતિઃ, તમસઃ, પરમ્, ઉચ્યતે, જ્ઞાનમ્, જ્ઞેયમ્, જ્ઞાનગમ્યમ્, હૃદિ, સર્વસ્ય, ધિષ્ઠિતમ્.

---

૧ યેન સૂર્યસ્તપતિ તેજસેદ્ધઃ । ન યત્ર સૂર્યો ન ચ ચન્દ્રતારકમ્ । નેમા વિદ્યુતો ભાન્તિ કુતોઽયમગ્નિ ॥ તમેવ ભાન્તમનુભાતિ સર્વં તસ્ય ભાસા સર્વમિદં વિભાતિ ॥ શ્રુતિ ॥

જેનાથી તેજથી વૃદ્ધિ પામેલો સૂર્ય તપે છે, જ્યાં સૂર્ય નથી, ચંદ્ર અને તારાઓ નથી અને આ આકાશમાં રહેલી વિદ્યુતો પણ પ્રકાશતી નથી તો ત્યાં આ અગ્નિ ક્યાંથી પ્રકાશે ? તે પ્રકાશતા જ સઘળું પ્રકાશમાન થાય છે અને તેના જ પ્રકાશવડે આ સઘળું જગત્ પ્રકાશે છે.

૨ ઘણા ગ્રંથો અને તેના ભાષ્યો તથા ટીકાઓમાં 'વિષ્ઠિતમ્' એવો પાઠ છે. તેનો સમાસ વિશેષેણ સ્થિતમ્ ઇતિ વિષ્ઠિતમ્ એવો થાય છે અને અર્થ વિશેષરૂપે-પ્રકારે રહેલું, એવો થાય છે

વ્યુત્પત્તિસમાસાઃ—જ્ઞાનેન ગન્તું પ્રાપ્તું શક્યમ્ ઇતિ જ્ઞાનગમ્યમ્ । અધિ ઉત્કૃષ્ટતયા સ્થિતમ્ ઇતિ ધિષ્ઠિતમ્ ।

અન્વય અને અર્થઃ—તત્ તે બ્રહ્મ, જ્યોતિષામ્ સૂર્યાદિ પ્રકાશમાન પદાર્થોમાં, અપિ પણ, જ્યોતિઃ સત્ય પ્રકાશરૂપ છે, તમસઃ અંધકાર—અવિવેકરૂપી અજ્ઞાનથી, પરમ્ ન સ્પર્શ કરાયેલું, ઉચ્યતે કહેવાય છે, (તેમ) જ્ઞાનમ્ બુદ્ધિમાં વ્યક્ત થતા જ્ઞાનરૂપ, જ્ઞેયમ્ જાણવા લાયક વસ્તુરૂપ, (અને) સર્વસ્ય પ્રાણિમાત્રના, હૃદિ હૃદયમાં, ધિષ્ઠિતમ્ ઉત્કૃષ્ટ પ્રકારે અર્થાત્ નિયંતૃસ્વરૂપે સ્થિત થએલું, (છે).

ભાવાર્થઃ—સૂર્યાદિ પ્રકાશમાન પદાર્થોમાં પણ તે બ્રહ્મ જ પ્રકાશસ્વરૂપ અથવા સર્વ પ્રકાશોને પણ પ્રકાશિત કરનાર તેજોરૂપ છે, અને તે અવિવેકરૂપી અજ્ઞાનના અંધકારથી અત્યંત દૂર—અસ્પૃષ્ટ એમ કહેવાય છે, એટલે કે એની પ્રાપ્તિ પછી અજ્ઞાન રહેતું જ નથી એવું છે. વળી જેના વડે જાણી શકાય તે જ્ઞાનરૂપ, જાણવા યોગ્ય—જ્ઞેય જે વસ્તુ તે વસ્તુરૂપ તેમ જ પ્રાણિમાત્રના હૃદયમાં નિયંતૃરૂપે રહેલું પણ તે બ્રહ્મ જ છે. ૧૭.

અવતરણિકાઃ—ઉપરના શ્લોકમા કહેલા બ્રહ્મના લક્ષણોનો ઉપસંહાર કરતા હવે ભગવાન્ કહે છેઃ

ઇતિ ક્ષેત્રં તથા જ્ઞાનં જ્ઞેયં ચોક્તં સમાસતઃ ॥
મદ્ભક્ત એતદ્વિજ્ઞાય મદ્ભાવાયોપપદ્યતે ॥ ૧૮ ॥

---

१ अग्नौ क्षप्तं घृतं सर्वमग्निरेव भवेद्यथा ।
विदितं विदितं वेद्यं संविदेव भवेत्तथा ॥

જેમ અગ્નિમાં હોમેલું ઘી સઘળું અગ્નિજ થઈ જાય છે તેમ વેદ્ય—જાણવા યોગ્ય આત્મા જાણતાં જાણતાં જ્ઞાનરૂપ જ થઈ જાય છે.

પદચ્છેદઃ—इति, क्षेत्रम्, तथा, ज्ञानम्, ज्ञेयम्, च, उक्तम्, समासतः, मद्भक्तः, एतत्, विज्ञाय, मद्भावाय, उपपद्यते.

વ્યુત્પત્તિસમાસાઃ—समासेन इति समासतः। मम भक्तः इति मद्भक्तः। विशेषेण ज्ञात्वा इति विज्ञाय। मम भावः इति मद्भावः, तस्मै मद्भावाय।

અન્વય અને અર્થઃ— इति એ પ્રમાણે, [1]क्षेत्रम् क्षेत्र, तथा તેમ, ज्ञानम् જ્ઞાન, च અને, ज्ञेयम् જાણવા યોગ્ય વસ્તુરૂપ બ્રહ્મ, (એ) समासतः સંક્ષેપથી, उक्तम् કહેવામાં આવ્યું, (છે) मद्भक्तः મારો ભક્ત, एतत् એ(सर्वं)ને, ज्ञात्वा જાણીને, मद्भावाय મારા ભાવને–મારા સ્વરૂપને, उपपद्यते પામે છે.

ભાવાર્થઃ—એ પ્રમાણે ક્ષેત્ર, જ્ઞાન, તેમજ જ્ઞેયનું સંક્ષિપ્તમાં વર્ણન કર્યું. મારો ભક્ત એ સર્વ–ક્ષેત્ર, જ્ઞાન તથા જ્ઞેયને જાણીને મારા ભાવને–મારા સ્વરૂપને અર્થાત્ મોક્ષને પામે છે. ૧૮.

અવતરણિકાઃ—આત્મા અધ્યાયમાં ઉપરે પોતાની બે પ્રકારની પરા–ક્ષેત્રલક્ષણા અને અપરા–ક્ષેત્રતલક્ષણા પ્રકૃતિ, "एतद्योनीनि–એ બને જ ભૂતમાત્રમાં બીજ–કારણ છે," ઇત્યાદિ કર્યું છે, પણ પ્રાણિમાત્રના મૂલ કારણરૂપે તે બને પ્રકૃતિ કેવી રીતે છે તે વિષે હવે નીચે પ્રમાણે સ્પષ્ટ કરતા ભગવાન્ કહે છે:

---

૧ "महाभूतानि" એ શ્લોકથી "संघातश्चेतना धृतिः" સુધી ક્ષેત્રનું વર્ણન કર્યું, તેમ "अमानित्वम्" થી લઇને "तत्त्वज्ञानार्थदर्शनम्" સુધી જ્ઞાનનું અને "ज्ञेयं यत्" થી શરૂ કરીને "समग्रः परमुच्यते" સુધી જ્ઞેય જે બ્રહ્મ તેનું વર્ણન કરવામાં આવ્યું છે, જેને જે સારી રીતે જાણે તે બ્રહ્મ સ્વરૂપ થવાને સમર્થ થાય છે.

प्रकृतिं पुरुषं चैव विद्ध्यनादी उभावपि ॥
विकारांश्च गुणांश्चैव विद्धि प्रकृतिसंभवान् ॥ १९ ॥

પદચ્છેદઃ—પ્રકૃતિમ્, પુરુષમ્, ચ, એવ, વિદ્ધિ, અનાદી, ઉભૌ, અપિ, વિકારાન્, ચ, ગુણાન્, ચ, એવ, વિદ્ધિ, પ્રકૃતિસમ્ભવાન્.

વ્યુત્પત્તિસમાસાઃ—ન વિદ્યતે આદિર્યયોઃ તૌ અનાદી, તૌ । પ્રકૃતિ—માયા—સમ્ભવ યેષા તે પ્રકૃતિસમ્ભવા, તાન્ પ્રકૃતિસમ્ભવાન્ ।

અન્વય અને અર્થઃ—પ્રકૃતિમ્ પ્રકૃતિને, ચ અને, પુરુષમ્ પુરુષને, (એમ) ઉભૌ બંનેને, અપિ પણ, અનાદી આદિરહિત, એવ જ, વિદ્ધિ તું જાણ, ચ અને, વિકારાન્ વિકારોને ચ તથા, ગુણાન્ ગુણોને, પ્રકૃતિસમ્ભવાન્ પ્રકૃતિથી ઉત્પન્ન થયેલા, એવ જ, વિદ્ધિ તુ જાણ

ભાવાર્થઃ—પ્રકૃતિ તથા પુરુષ એ બંનેને તું આદિરહિત જાણ, એટલે કે એ કોઈનાથી ઉત્પન્ન થએલાં નથી એમ તું સમજ, પણ બુદ્ધિ, શરીર અને ઇન્દ્રિયોના વિકારો, તેમ સુખ, દુઃખ મોહાદિ જે ગુણો છે તેઓને તો પ્રકૃતિથી જ ઉત્પન્ન થયેલા તું જાણ. ૧૯

અવતરણિકાઃ—'પ્રકૃતિથી ઉત્પન્ન થએલા ગુણો અને વિકારો કયા છે?' એ જાણવાની અર્જુનની ઇચ્છાને તૃપ્ત કરતા ભગવાન્ તેમનું વર્ણન કરી પ્રકૃતિનું સંસાર પ્રતિ કારણ દર્શાવે છે

कार्यकारणकर्तृत्वे हेतुः प्रकृतिरुच्यते ॥
पुरुषः सुखदुःखानां भोक्तृत्वे हेतुरुच्यते ॥ २० ॥

पदच्छेदः—कार्यकारणकर्तृत्वे, हेतुः, प्रकृतिः, उच्यते, पुरुषः, सुखदुःखानाम्, भोक्तृत्वे, हेतुः, उच्यते.

व्युत्पत्तिसमासाः—कर्तुः भावः कर्तृत्वम्, कार्यं च कारणानि च इति कार्यकारणानि, तेषां कर्तृत्वम् इति कार्यकारणकर्तृत्वम्, तस्मिन् कार्यकारणकर्तृत्वे। सुखानि च दुःखानि च इति सुखदुःखानि, तेषाम् सुखदुःखानाम्। भोक्तुः भावः भोक्तृत्वम्, तस्मिन् भोक्तृत्वे।

અન્વય અને અર્થઃ—कार्यकारणकर्तृत्वे કાર્ય-શરીર, અને કારણ (જ્ઞાનેન્દ્રિયયંચક, કર્મેન્દ્રિયયંચક તથા મન, બુદ્ધિ અને અહંકાર એ તેર)ના કર્તાપણામાં, हेतुः કારણ, प्रकृतिः પ્રકૃતિ, उच्यते કહેવાય છે, (અને) सुखदुःखानाम् સુખ અને દુઃખોના, भोक्तृत्वे ભોક્તાપણામાં, हेतुः કારણ पुरुषः પુરુષ, उच्यते કહેવાય છે.

ભાવાર્થઃ—કાર્ય-શરીર અને કારણ-ઇન્દ્રિયો, એ બંનેના કર્તાપણામાં પ્રકૃતિ કારણરૂપે કહેવામાં આવેછે. અર્થાત્ પ્રકૃતિ પોતે જ તે રૂપે પરિણામ પામે છે, અને સુખ તેમ જ દુઃખો ઇત્યાદિના ભોક્તાપણામાં પુરુષ કારણરૂપે કહેવાય છે. ૨૦.

અવતરણિકાઃ—ઉપરના શ્લોકમાં પુરુષનું સુખદુઃખોમાં ભોક્તાપણું-મનાવિપણું કર્યું, પરંતુ તે કયા નિમિત્તથી છે તેનું કારણ દર્શાવતાં ભગવાન્ કહે છેઃ

पुरुषः प्रकृतिस्थो हि भुंक्ते प्रकृतिजान्गुणान् ॥
कारणं गुणसङ्गोऽस्य सदसद्योनिजन्मसु ॥ २१ ॥

पदच्छेदः—पुरुषः, प्रकृतिस्थः, हि, भुङ्क्ते, प्रकृतिजान्, गुणान्, कारणम्, गुणसङ्गः, अस्य, सदसद्योनिजन्मसु.

व्युत्पत्तिसमासाः—प्रकृतौ तिष्ठति इति प्रकृतिस्थ । प्रकृत्या जायन्ते इति प्रकृतिजा, तान् प्रकृतिजान्। गुणेषु सङ्ग इति गुणसङ्ग । सत्यश्च असत्यश्च सत्यासत्य, ताश्च योनय इति सदसद्योनय, अथवा सच्च असच्च सदसती, तयो योनय इति सदसद्योनय, तासु जन्मनि इति सदसद्योनिजन्मानि, तेषु सदसद्योनिजन्मसु ।

અન્વય અને અર્થઃ—हि કારણ કે, पुरुष ભોક્તા-પુરુષ, प्रकृतिस्थ અવિદ્યાલક્ષણા પ્રકૃતિમા રહેલો થકો, प्रकृति-जान् પ્રકૃતિથી ઉત્પન્ન થયેલા, गुणान् ગુણોને, भुङ्क्ते ભોગવે છે, (तथा) सदसद्योनिजन्मसु સારી અને બરાબ યોનિઓમા જન્મો (થવા)નુ, कारणम् કારણ, अस्य આ પુરુષનો, गुणसङ्ग ગુણો—દેહ, ઇન્દ્રિય, વિષય ઇત્યાદિ-જોડનો સગ, (છે)

ભાવાર્થ—પુરુષ સુખદુ ખોનો ભોક્તા છે એનું કારણ એ કે, પુરુષ અવિદ્યાલક્ષણા પ્રકૃતિમા રહેલા પ્રકૃતિથી ઉત્પન્ન થએલા ગુણોને ભોગવે છે, તથા તેનો સારી અને નરસી યોનિમા જન્મ થવાનું કારણ પણ તેનો દેહ, ઇન્દ્રિય અને તેના વિષયો સાથેનો સગ જ છે અર્થાત્ પ્રકૃતિના ગુણોને ભોગવવાથી અને દેહાદિના સગથી જ તે સુખદુ ખોનો ભોક્તા અને જન્મ લેનારો થાય છે ૨૧.

અવતરણિકાઃ—એ પ્રમાણે પ્રકૃતિના વશમાં રહેવાથી પ્રકૃતિના જ અવિવેકથી પુરુષને સંસાર છે, વાસ્તવિક રીતે તેને કંઈ પણ નથી, એવા આશયથી તેના સ્વરૂપનું વર્ણન કરતા ભગવાન્ અર્જુનને કહે છેઃ

उपद्रष्टाऽनुमंता च भर्ता भोक्ता महेश्वरः ॥
परमात्मेति चाप्युक्तो देहेऽस्मिन्पुरुषः परः ॥ २२ ॥

पदच्छेदः—उपद्रष्टा, अनुमन्ता, च, भर्ता, भोक्ता, महेश्वरः, परमात्मा, इति, च, अपि, उक्तः, देहे, अस्मिन, पुरुषः, परः.

व्युत्पत्तिसमासाः—उप समीपे पश्यति इति उपद्रष्टा। अनु पश्चात् मन्यते इति अनुमन्ता। बिभर्ति इति भर्ता। भुनक्ति इति भोक्ता। महांश्चासौ ईश्वरश्च महेश्वरः। परमश्चासौ आत्मा च परमात्मा।

અન્વય અને અર્થઃ—अस्मिन् આ, देहे શરીરમાં, (રહેલો) परः સૌથી પરમ-અવ્યકતથી પણ પર, पुरुषः પુરુષ-પરમાત્મા, (પ્રકૃતિના ગુણોનો) उपद्रष्टा અત્યંત સંનિધિમાં રહી સાક્ષાત્ દ્રષ્ટા-સાક્ષી, अनुमन्ता (કાર્યકારણ પ્રવૃત્તિઓમાં પોતે પ્રવૃત્ત ન હોવા છતાં પણ પ્રવૃત્ત હોય તેમ) અનુકૂલ રહેનારો, च તથા, भर्ता (દેહ, ઇન્દ્રિય, મન અને બુદ્ધિ, ઇત્યાદિ બધાં જે ચૈતન્યના આભાસમાત્ર છે, તેમને પોતાની સત્તા તેમ જ સ્ફૂર્તિથી) ધારણ કરનાર-પોષણ કરનાર, भोक्ता (નિત્ય ચૈતન્યસ્વરૂપથી બુદ્ધિના સુખ, દુઃખ અને મોહવાળા બધા વિષયોને વિભાગપૂર્વક) ભોગવનાર, महेश्वरः (સર્વાત્મા અને સ્વતંત્ર હોવાથી) મહાન્ ઈશ્વર, च અને परमात्मा પરમાત્મા, इति એ પ્રમાણે, अपि પણ, उक्तः કહેવાયલો, (છે).

ભાવાર્થઃ—આ શરીરમાં રહેનારો સૌથી પરમ પુરુષ પ્રકૃતિના ગુણોની સમીપમાં રહીને સાક્ષિરૂપે દ્રષ્ટા, કાર્યકારણની પ્રવૃત્તિઓને અનુમોદન આપનાર, દેહાદિને ધારણ કરનાર, વિષયોને ભોગવનાર, મહેશ્વર તેમ જ પરમાત્મા કહેવાયલો છે, અર્થાત્ સર્વ સત્તાધારક તે પરમ પુરુષ જ છે એમ તું માન. ૨૨.

અવતરણિકાઃ—એ પ્રમાણે પ્રકૃતિ તથા પુરુષના વિવેકનું જેને જ્ઞાન હોય તેવાની પ્રશંસા કરતા ભગવાન્ શ્રીકૃષ્ણ કહે છે.

य एवं वेत्ति[1] पुरुषं प्रकृतिं च गुणैः सह ॥
सर्वथा वर्तमानोऽपि न स भूयोऽभिजायते॥ २३ ॥

પદચ્છેદઃ—યઃ, એવમ્, વેત્તિ, પુરુષમ્, પ્રકૃતિમ્, ચ ગુણૈઃ, સહ, સર્વથા, વર્તમાનઃ, અપિ, ન, સઃ, ભૂયઃ, અભિજાયતે.

વ્યુત્પત્તિસમાસાઃ—સર્વપ્રકારેણ ઇતિ સર્વથા । વર્તતે અસૌ વર્તમાનઃ । અભિતઃ જાયતે ઇતિ અભિજાયતે ।

અન્વય અને અર્થઃ—યઃ જે મનુષ્ય, એવમ્ એ પ્રમાણે, પુરુષમ્ પુરુષને, ચ અને, પ્રકૃતિમ્ પ્રકૃતિને, ગુણૈઃ તેના ગુણો અને વિકારો, સહ સહિત, વેત્તિ જાણે છે, સઃ તે, સર્વથા સર્વ પ્રકારે, વર્તમાનઃ (સંસારમાં) વર્તતોઃ, (હોવા છતાં) અપિ પણ, ભૂયઃ ફરી, ન, અભિજાયતે જન્મ પામતો નથી.

---

१ बीजान्यग्न्युपदग्धानि न रोहन्ति यथा पुनः।
ज्ञानदग्धैस्तथा क्लेशैर्नात्मा संपद्यते पुनः ॥

જેમ અગ્નિવડે બળી ગયેલા બીજો ફરીથી ઉગતાં નથી તેમ જ આત્માના ક્લેશો જ્ઞાનવડે દગ્ધ થતાં ફરી તે આત્મા જન્મ ધારણ કરતો નથી.

ભાવાર્થઃ—જે મનુષ્ય એ પ્રમાણે પુરુષ તથા પ્રકૃતિને તેના ગુણ અને વિકારો સહિત જાણે છે તે કોઈપણ રીતે સંસારમાં પ્રવૃત્તિ કરતો હોવા છતાં પણ પ્રકૃતિ અને પુરુષના વિવેકથી ફરી જન્મ પામતો નથી. અર્થાત્ તેને પ્રકૃતિપુરુષનું સત્ય જ્ઞાન થતાં તે બ્રહ્મવિષયક જ્ઞાનયુક્ત થાય છે અને તેથી મોક્ષ મેળવવા સમર્થ થાય છે. ૨૩.

અવતરણિકાઃ—આ પ્રમાણે બ્રહ્મજ્ઞાનની વાત કહી હવે તેના સ્વરૂપ "આત્મદર્શન" માટે બીજા ઉપાયો દર્શાવતા ભગવાન્ કહે છે.

ध्यानेनात्मनि पश्यंति केचिदात्मानमात्मना ।
अन्ये सांख्येन योगेन कर्मयोगेन चापरे ॥ २४ ॥

પદચ્છેદઃ—ध्यानेन, आत्मनि, पश्यन्ति, केचित्, आत्मानम्, आत्मना, अन्ये, सांख्येन, योगेन, कर्मयोगेन, च, अपरे.

વ્યુત્પત્તિસમાસાઃ—ધીયતે અનેન ઇતિ ધ્યાનમ્, તેન ધ્યાનેન । કર્મૈવ યોગઃ ઇતિ કર્મયોગઃ, તેન કર્મયોગેન ।

અન્વય અને અર્થઃ—केचित् કેટલાક, ध्यानेन ધ્યાન વડે, अन्ये બીજા કોઈ, सांख्येन સાંખ્યવડે, च તથા, अपरे બીજા કેટલાક, कर्मयोगेन (ઈશ્વરને અર્પણ કરવાની બુદ્ધિથી કરવામાં આવતા) કર્મરૂપી યોગવડે, आत्मना આત્માથી, आत्मानम् આત્માને, आत्मनि આત્મામાં-પોતામાં (જ) पश्यन्ति જુએ છે.

---

૧ શબ્દસ્પર્શાદિ ઇંદ્રિયોના વિષયોમાંથી ઇંદ્રિયોને મન પ્રત્યે ખેંચીને તથા મનને પૃથક્ ચૈતન્ય-પરમાત્મામાં એકાગ્રતાથી સ્થાપીને જે ચિંતન કરવામાં આવે તે 'ધ્યાન' કહેવાય છે.

૨ 'સત્ત્વ, રજ, તમ એ ગુણો મારા વડે સર્જવામાં આવ્યા છે, હું તેમનાથી જુદો છું, ગુણોના વ્યવસ્થાપનો સાક્ષિમાત્ર, તેમજ ગુણો થી રહિત આત્મા છે' એવી જાતનું જે ચિંતન તે 'સાંખ્ય' કહેવામાં આવે છે.

ભાવાર્થઃ—કેટલાક પુરુષો ધ્યાનથી, કેટલાક સાંખ્યથી અને બીજા કેટલાએક ઈશ્વરને અર્પણ કરેલા કર્મયોગવડે આત્મજ્ઞાનથી અખંડ આત્માને પોતાનામાં જ જુએ છે. આ પ્રમાણે પુરુષો ભિન્ન ભિન્ન રીતે આત્મદર્શન કરવા સમર્થ થાય છે. ૨૪.

અવતરણિકાઃ—' અત્યંત મંદ અધિકારવાળા મુમુક્ષુઓને આત્મદર્શનનો ઉપાય કહ્યો છે ' તે હવે કહે છેઃ

अन्ये त्वेवमजानंतः श्रुत्वाऽन्येभ्य उपासते ॥
तेऽपि चातितरंत्येव मृत्युं श्रुतिपरायणाः ॥ २५ ॥

પદચ્છેદઃ—अन्ये, तु, एवम्, अजानन्तः, श्रुत्वा, अन्येभ्यः, उपासते, ते, अपि, च, अतितरन्ति, एव, मृत्युम्, श्रुतिपरायणाः.

વ્યુત્પત્તિસમાસાઃ—न जानन्ति ते अजानन्तः । अतिशयेन तरन्ति इति अतितरन्ति । श्रुतिः श्रवणं परम् अयनं साधनं येषां ते, वा श्रुतिषु परायणाः तत्परा इति श्रुतिपरायणाः ।

અન્વય અને અર્થઃ—अन्ये બીજા કેટલાક, तु તો, एवम् એ પ્રમાણે, (ઉપર કહેલા ઉપાયોમાંથી એક પણ ઉપાય વડે યથોક્ત આત્માને) अजानन्तः ન જાણતા, अन्येभ्यः अन्य-(આચાર્યો) પાસેથી, (તે આત્મજ્ઞાન) श्रुत्वा સાંભળીને, (તેને) उपासते ઉપાસે છે–શ્રદ્ધાળુ થઈ તેનું ચિંતન કરે છે, च અને, (તેથી) श्रुतिपरायणाः (મોક્ષમાર્ગની પ્રવૃત્તિમાં) શ્રવણ એ જ જેમનું પરમ સાધન છે એવા, ते તેઓ, अपि પણ, मृत्युम् મૃત્યુને–મૃત્યુયુક્ત સંસારને, अतितरन्ति ઓળંગી જાય છે, एव જ.

ભાવાર્થઃ—બીજા કેટલાક તો ઉપર કહેલા ઉપાયોમાંથી એકે ઉપાયથી પણ યથોક્ત આત્માને નહિ જાણતાં આચાર્યો પાસેથી તે આત્માનું શ્રવણ કરીને શ્રદ્ધાપૂર્વક તેનું ચિંતન કરે છે તેથી મોક્ષમાર્ગની પ્રવૃત્તિમાં શ્રવણ એ જ જેમનું પરમ સાધન છે એવા તેઓ પણ મૃત્યુયુક્ત આ સંસારને અવશ્ય તરી જાય છે, એટલે તેઓ પણ સમયે મોક્ષ મેળવવા શક્તિમાન્ થાય છે. ૨૫.

અવતરણિકાઃ—" ક્ષેત્રજ્ઞ-અદ્વિતીય ઈશ્વરવિષયક-જ્ઞાન એ મોક્ષનું સાધન છે, જેને જાણીને પ્રાણી અમૃત અનુભવે છે " ઇત્યાદિ કહ્યું છે તે શા હેતુથી કહેલું છે ? તે જણાવવા માટે હવે ભગવાન્ કહે છેઃ

यावत्संजायते किंचित्सत्त्वं स्थावरजंगमम् ॥
क्षेत्रक्षेत्रज्ञसंयोगात्तद्विद्धि भरतर्षभ ॥ २६ ॥

पदच्छेदः—यावत्, संजायते, किंचित्, सत्त्वम्, स्थावरजङ्गमम्, क्षेत्रक्षेत्रज्ञसंयोगात्, तत्, विद्धि, भरतर्षभ.

व्युत्पत्तिसमासाः—सम्यक् जायते इति संजायते । सतः भावः सत्त्वम् । तिष्ठति इति स्थावरम्, गच्छति इति जङ्गमम्, स्थावरं च जङ्गमं च इति स्थावरजङ्गमम्। क्षेत्रं च क्षेत्रज्ञश्च इति क्षेत्रक्षेत्रज्ञौ, तयोः संयोगः क्षेत्रक्षेत्रज्ञसंयोगः, तस्मात् क्षेत्रक्षेत्रज्ञसंयोगात् । भरतेषु ऋषभः इति भरतर्षभः, तत्संबुद्धौ हे भरतर्षभ ।

અન્વય અને અર્થઃ—भरतर्षभ હે ભરતશ્રેષ્ઠ ! यावत् જેટલું-જે स्थावरजङ्गमम् જડ અને ચૈતન્ય, किंचित् કંઈ પણ, सत्त्वम् પ્રાણિસમૂહ, संजायते ઉત્પન્ન થાય છે, तत् તે બધું,

ક્ષેત્રક્ષેત્રજ્ઞસંયોગાત્ ક્ષેત્ર–પ્રકૃતિ અને ક્ષેત્રજ્ઞ–પુરુષના સંયોગથી જ, (ઉત્પન્ન થાય છે એમ) વિદ્ધિ તું જાણ.

ભાવાર્થઃ—હે ભરતશ્રેષ્ઠ ! જેટલું–જે સ્થાવરજંગમ કંઈ પણ પ્રાણિઓનો સમુદાય ઉત્પન્ન થાય છે તે સર્વ ક્ષેત્ર= પ્રકૃતિ અને ક્ષેત્રજ્ઞ–પુરુષના સંયોગથી જ ઉત્પન્ન થાય છે એમ જાણ. અર્થાત્ પ્રાણિમાત્રની ઉત્પત્તિ ક્ષેત્ર તથા ક્ષેત્રજ્ઞના સંબંધને આધીન હોવાથી, ક્ષેત્રજ્ઞાત્મક પરમાત્મા સિવાય આ પ્રાણિસમૂહનો સર્વથા લોપ થાય છે, એમ ઐકયજ્ઞાન થવાથી પ્રાણિમાત્રમાં ઐકય તથા સમદૃષ્ટિ થાય છે, અને તેથી તેવી દૃષ્ટિવાળાને જ મુક્તિ પણ સુલભ છે. ૨૬.

અવતરણિકાઃ—આત્માના સમ્યગ્જ્ઞાનનું ફલ ' न स भूयोऽभिजायते ' ઇત્યાદિ વચનો વડે કહ્યું છે, તેમ તે જ્ઞાનના પરિણામે અવિદ્યાદિ સંસારનાં કારણોની નિવૃત્તિ દ્વારા પુનર્જન્મનો અભાવ પણ કહ્યો છે. જન્મનું કારણ અવિદ્યાનિમિત્ત ક્ષેત્રક્ષેત્રજ્ઞનો યોગ છે, તેથી એ અવિદ્યાની નિવૃત્તિ કરાવનાર જ્ઞાનનું વર્ણન પણ કર્યું, તોપણ ફરી બીજા શબ્દોમાં તેનું વર્ણન કરતાં સમ્યગ્દર્શનો કોણ કહેવાય છે તે હવે ભગવાન્ કહે છે:

समं सर्वेषु भूतेषु तिष्ठन्तं परमेश्वरम् ॥
विनश्यत्स्वविनश्यन्तं यः पश्यति स पश्यति ॥२७॥

પદચ્છેદઃ—સમમ્, સર્વેષુ, ભૂતેષુ, તિષ્ઠન્તમ્, પરમેશ્વરમ્, વિનશ્યત્સુ, અવિનશ્યન્તમ્, યઃ, પશ્યતિ, સઃ, પશ્યતિ.

વ્યુત્પત્તિસમાસાઃ—તિષ્ઠતિ ઇતિ તિષ્ઠન્, તં તિષ્ઠન્તમ્ । પરમશ્ચાસૌ ઈશ્વરશ્ચ પરમેશ્વરઃ, તં પરમેશ્વરમ્ । વિશેષેણ નશ્યન્તિ ઇતિ વિનશ્યન્તિ, તેષુ વિનશ્યત્સુ । ન વિનશ્યતિ ઇતિ અવિનશ્યન્, તમ્ અવિનશ્યન્તમ્ ।

અન્વય અને અર્થઃ—યઃ જે પુરુષ, વિનશ્યત્સુ નાશવંત (એવા) સર્વેષુ સર્વ, ભૂતેષુ ભૂતોમાં, અવિનશ્યન્તમ્ અવિનાશી, પરમેશ્વરમ્ પરમેશ્વરને, સમમ્ સમાન, (પણે) તિષ્ઠન્તમ્ રહેલા, પશ્યતિ જુએ છે, સઃ તે, (જ) પશ્યતિ જુએ છે.

ભાવાર્થઃ—જે પુરુષ નાશવંત એવા સર્વે પ્રાણિઓમાં અવિનાશી પરમેશ્વરને સમાનપણે રહેલા જુએ છે તે જ ખરી રીતે જુએ છે. અર્થાત્ નાશવંત પ્રાણીઓ પણ બ્રહ્મમાં જ લીન થવાથી તે પણ બ્રહ્મમય જ છે એમ જે જુએ છે તે જ સમ્યગ્દર્શી કહેવાય છે. ૨૭.

અવતરણિકાઃ—સમ્યગ્દર્શનના ફલનું વર્ણન કરતા હવે ભગવાન્ કહે છેઃ

समं पश्यन्हि सर्वत्र समवस्थितमीश्वरम् ॥
न हिनस्त्यात्मनात्मानं ततो याति परां गतिम्॥२८॥

પદચ્છેદઃ—સમમ્, પશ્યન્, હિ, સર્વત્ર, સમવસ્થિતમ્ ઈશ્વરમ્, ન, હિનસ્તિ, આત્મના, આત્માનમ્, તતઃ, યાતિ, પરામ્, ગતિમ્.

---

१ योऽन्यथा सन्तमात्मानमन्यथा प्रतिपद्यते ।
किं तेन न कृतं पापं चौरेणात्मापहारिणा ॥

महाभारते शाकुंतलाख्याने ॥

જે પુરુષ પ્રકારાંતરથી રહેલા-સ્વસ્વરૂપે રહેલા આત્માને પ્રકારાંતરે-વ્યક્ત દેહાદિરૂપે માનવા લાગે છે તે આત્માનું અપહરણ-અયોગ્ય ચોરી કરનારા ચોરે કયું પાપ ન કર્યું કહેવાય? અર્થાત્ જે સ્વરૂપને ન જાણતા રૂપ ચોરી કરે છે તે બહારૂ પાપ કરે છે.

વ્યુત્પત્તિસમાસાઃ—પશ્યતિ ઇતિ પશ્યન્ । સર્વસ્મિન્ ઇતિ સર્વત્ર । અવ સમીપે સ્થિતઃ ઇતિ અવસ્થિતઃ, સમ્યક્ અવસ્થિતઃ ઇતિ સમવસ્થિતઃ, તમ્ સમવસ્થિતમ્ ।

અન્વય અને અર્થઃ—હિ કારણ કે, (પુરુષ) સર્વત્ર સર્વપ્રાણીમાં, સમવસ્થિતમ્ સમાનપણે રહેલા, ઈશ્વરમ્ ઈશ્વરને, સમમ્ સમાન, (ભાવથી) પશ્યન્ જોતો થકો, આત્મના આત્મા વડે, આત્માનમ્ આત્માને, ન, હિનસ્તિ હણતો નથી, (અને) તતઃ ત્યાર પછી, પરામ્ પરમ, ગતિમ્ ગતિને, યાતિ પામે છે.

ભાવાર્થઃ—કારણ કે જે મનુષ્ય આ પ્રમાણે સર્વ પ્રાણીમાં સમાનપણે રહેલા ઈશ્વરને સમાનભાવથી જુએછે તે પુરુષ આત્મા વડે પોતાના આત્માનો નાશ—અધઃપાત—કરતો નથી એટલે તેની અધોગતિ થતી નથી, પણ એવા ઉત્તમ જ્ઞાનના પરિણામે તે મોક્ષની પરમ ગતિને પામે છે. ૨૮.

અવતરણિકાઃ—" સર્વભૂતોમાં રહેલા ઈશ્વરને સમતાથી જોતો પુરુષ આત્માથી આત્માનો નાશ કરતો નથી. " એમ કહ્યું છે તે વાસ્તવિક નથી, કારણ કે " સુખદુઃખાદિ પોતાના ગુણો, તથા પોતાનાં ધર્મ અધર્માદિ કર્મોની ભિન્નતાથી પ્રત્યેક દેહમા રહેલા ભિન્નપરમાણુવિશિષ્ટ આત્માઓમાં કેવી રીતે સામ્યદર્શન થઈ શકે ? " એવી શંકાના પરિહારમાં ભગવાન્ શ્રીકૃષ્ણ કહે છેઃ-

प्रकृत्यैव च कर्माणि क्रियमाणानि सर्वशः ॥
यः पश्यति तथात्मानमकर्तारं स पश्यति ॥ २९ ॥

પદચ્છેદઃ—પ્રકૃત્યા, એવ, ચ, કર્માણિ, ક્રિયમાણાનિ, સર્વશઃ, યઃ, પશ્યતિ, તથા, આત્માનમ્, અકર્તારમ્, સઃ, પશ્યતિ.

વ્યુત્પત્તિસમાસાઃ—ક્રિયન્તે અહર્નિશમ્ ઇતિ ક્રિયમાણાનિ, તાનિ । સર્વેણ પ્રકારેણ ઇતિ સર્વશઃ । કરોતિ ઇતિ કર્તા, ન કર્તા ઇતિ અકર્તા, તમ્ અકર્તારમ્ ।

અન્વય અને અર્થઃ—ચ અને, યઃ જે પુરુષ, પ્રકૃત્યા ભગવાન્‌ની ત્રિગુણાત્મિકા માયા વડે, એવ જ, સર્વશઃ સર્વ પ્રકારે, કર્માણિ કર્મો, ક્રિયમાણાનિ કરવામાં આવે છે, (એમ) પશ્યતિ જુએ છે, તથા તથા, આત્માનમ્ આત્માને, અકર્તારમ્ અકર્તા, (પશ્યતિ જુએ છે) સઃ તે, પશ્યતિ (સત્ય) જુએ છે.

ભાવાર્થઃ—ભગવાન્‌ની ત્રિગુણાત્મિકા માયા જ સર્વ પ્રકારે બધાં કર્મો કરે છે, પણ બીજું કોઈ કરતું નથી, અર્થાત્ તેને જ આધારે મનુષ્યો સર્વ કાર્યો કરે છે એવી રીતે જે પુરુષ જુએ છે, તેમ આત્માને સર્વ ઉપાધિરહિત—અકર્તા જુએ છે તે જ વાસ્તવિક રીતે જુએ છે. અર્થાત્ આત્મા ભિન્નપરમાણુ-વિશિષ્ટ કે કર્તા ભોકતા નથી, પરંતુ પ્રકૃતિ જ આત્માની સત્તાથી બધું તંત્ર ચલાવે છે, એથી જ આત્મા નિર્લેપ અને નિર્વિકાર તથા સમાન છે, અને તેથી જ તેમાં આત્મજ્ઞાનીઓ સામ્યદર્શન કરી શકે છે. એટલે આવી રીતે સામ્યદર્શન કરનાર જ જ્ઞાની સત્ય રીતે સમદર્શક માનવામાં આવે છે. ૨૯

અવતરણિકાઃ—પુન પણ તે જ સમદર્શનનો મહિમા બીજા શબ્દોથી ભગવાન્ શ્રીકૃષ્ણ કહે છેઃ

यदा भूतपृथग्भावमेकस्थमनुपश्यति ॥
तत एव च विस्तारं ब्रह्म संपद्यते तदा ॥ ३० ॥

વ્યુત્પત્તિસમાસાઃ—પશ્યતિ ઇતિ પશ્યન્ । સર્વસ્મિન્ ઇતિ સર્વત્ર । અવ સમીપે સ્થિતઃ ઇતિ અવસ્થિતઃ, સમ્યક્ અવસ્થિતઃ ઇતિ સમવસ્થિતઃ, તમ્ સમવસ્થિતમ્ ।

અન્વય અને અર્થઃ—હિ કારણ કે, (પુરુષ) સર્વત્ર સર્વપ્રાણીમાં, સમવસ્થિતમ્ સમાનપણે રહેલા, ઈશ્વરમ્ ઈશ્વરને, સમમ્ સમાન, (ભાવથી) પશ્યન્ જોતો થકો, આત્મના આત્મા વડે, આત્માનમ્ આત્માને, ન, હિનસ્તિ હણતો નથી, (અને) તતઃ ત્યાર પછી, પરામ્ પરમ, ગતિમ્ ગતિને, યાતિ પામે છે.

ભાવાર્થઃ—કારણ કે જે મનુષ્ય આ પ્રમાણે સર્વ પ્રાણીમાં સમાનપણે રહેલા ઈશ્વરને સમાનભાવથી જુએછે તે પુરુષ આત્મા વડે પોતાના આત્માનો નાશ-અધઃપાત-કરતો નથી એટલે તેની અધોગતિ થતી નથી, પણ એવા ઉત્તમ જ્ઞાનના પરિણામે તે મોક્ષની પરમ ગતિને પામે છે. ૨૮.

અવતરણિકાઃ—" સર્વભૂતોમા રહેલા ઈશ્વરને સમતાથી જોતો પુરુષ આત્માથી આત્માનો નાશ કરતો નથી. " એમ કહ્યું છે તે વાસ્તવિક નથી, કારણ કે " સુખદુઃખાદિ પોતાના ગુણો, તથા પોતાનાં ધર્મ અધર્માદિ કર્મોની ભિન્નતાથી પ્રત્યેક દેહમા રહેલા ભિન્નપરમાણુવિશિષ્ટ આત્માઓમાં કેવી રીતે સામ્યદર્શન થઈ શકે ? " એવી શંકાના પરિહારમાં ભગવાન્ શ્રીકૃષ્ણ કહે છે-

प्रकृत्यैव च कर्माणि क्रियमाणानि सर्वशः ॥
यः पश्यति तथात्मानमकर्तारं स पश्यति ॥ २९ ॥

પદચ્છેદઃ—પ્રકૃત્યા, એવ, ચ, કર્માણિ, ક્રિયમાણાનિ, સર્વશઃ, યઃ, પશ્યતિ, તથા, આત્માનમ્, અકર્તારમ્, સઃ, પશ્યતિ.

પદચ્છેદઃ—અનાદિત્વાત્, નિર્ગુણત્વાત્, પરમાત્મા, અયમ્, અવ્યયઃ, શરીરસ્થઃ, અપિ, કૌન્તેય, ન, કરોતિ, ન, લિપ્યતે.

વ્યુત્પત્તિસમાસાઃ—ન વિદ્યતે આદિઃ કારણં યસ્ય સઃ અનાદિઃ, અનાદેઃ ભાવઃ અનાદિત્વમ્, તસ્માત્ અનાદિત્વાત્। નિર્ગતા ગુણાઃ યસ્માત્ સઃ નિર્ગુણઃ, નિર્ગુણસ્ય ભાવઃ નિર્ગુણત્વમ્, તસ્માત્ નિર્ગુણત્વાત્। ન વિદ્યતે વ્યયઃ યસ્ય સઃ અવ્યયઃ। શરીરે તિષ્ઠતિ ઇતિ શરીરસ્થઃ।

અન્વય અને અર્થઃ—કૌન્તેય હે અર્જુન! અયમ્ આ, પરમાત્મા પરમાત્મા, અનાદિત્વાત્ અનાદિભાવથી, (અને) નિર્ગુણત્વાત્ ગુણોરહિતપણાથી, અવ્યયઃ ક્રિયા અને વ્યયરહિત, (છે, તેથી) શરીરસ્થઃ શરીરમાં રહેલો છતાં, અપિ પણ, ન, કરોતિ (કંઈ પણ) કરતો નથી, (તેમ જ) ન, લિપ્યતે લેપાતો નથી.

ભાવાર્થઃ—હે કૌંતેય-અર્જુન! આ પરમાત્મા અનાદિ અને ગુણરહિત હોવાથી ક્રિયાવનાનો અને કોઈ પણ જાતના વિકારથી રહિત છે, એથી એ શરીરમાં રહેલો હોવા છતાં પણ કંઈ કરતો નથી તેમ કશાથી લેપાતો પણ નથી. અર્થાત્ એ નિષ્ક્રિય અને નિર્લિપ્ત હોવાથી શારીરિક કોઇપણ દોષો એને સ્પર્શ કરી શકતા નથી. ૩૧.

અવતરણિકાઃ—ઉપરના શ્લોકમાં "ન કરોતિ ન લિપ્યતે-આત્મા કંઈ કરતો નથી તેમ જ લેપાતો પણ નથી." એમ જે કહ્યું તેને હવે ભગવાન્ દૃષ્ટાંતથી સ્પષ્ટ સમજાવે છે

પદચ્છેદઃ—યદા, ભૂતપૃથગ્ભાવમ્, એકસ્થમ્, અનુપશ્યતિ, તતઃ, એવ, ચ, વિસ્તારમ્, બ્રહ્મ, સંપદ્યતે, તદા.

વ્યુત્પત્તિસમાસાઃ—ભૂતાનાં પૃથગ્ભાવઃ ઇતિ ભૂતપૃથગ્ભાવઃ, તં ભૂતપૃથગ્ભાવમ્। એકસ્મિન્ તિષ્ઠતિ ઇતિ એકસ્થઃ, તમ્ એકસ્થમ્ । અનુ પશ્ચાત્ પશ્યતિ ઇતિ અનુપશ્યતિ। વિશેષેણ તારઃ ઇતિ વિસ્તારઃ। સમ્યક્ પદ્યતે ઇતિ સંપદ્યતે।

અન્વય અને અર્થઃ—યદા જ્યારે, (મુમુક્ષુ) ભૂતપૃથગ્ભાવમ્ આકાશાદિ પંચમહાભૂતોના પૃથક્ભાવ–ભિન્નપણા–ને, એકસ્થમ્ એક જ આત્મામાં રહેલો, અનુપશ્યતિ જુએ છે, ચ તથા, તતઃ તે આત્માથી, એવ જ, (ફરી તેને) વિસ્તારમ્ ઉત્પત્તિ અથવા વિકાસને પામેલો, (અનુપશ્યતિ જુએ છે,) તદા તે વખતે, (તે) બ્રહ્મ બ્રહ્મસ્વરૂપને, સંપદ્યતે પ્રાપ્ત થાય છે.

ભાવાર્થઃ—જ્યારે આ મુમુક્ષુ પંચમહાભૂતોના ભિન્નભાવને પ્રલયસમયમાં એક જ આત્મામાં રહેલો જુએ છે તેમ જ સૃષ્ટિના આદિકાલમાં આત્મામાંથી જ તેને વિકાસ પામેલો એટલે ઉત્પન્ન થયેલો જુએ છે, ત્યારે જ તે સાક્ષાત્ બ્રહ્મરૂપ થઈ જાય છે. અર્થાત્ વસ્તુમાત્ર આત્મસ્વરૂપ જ છે એવું સમદર્શીપણું થાય ત્યારે જ તે બ્રહ્મસ્વરૂપને પામે છે. ૩૦.

અવતરણિકાઃ—"અહીં દેહોમા એક જ આત્માના અસ્તિત્વથી તેનામા દોષોનો સંભવ થવો જોઇએ" એવી શંકાના પરિહારમાં ભગવાન્ શ્રીકૃષ્ણ કહે છે

अनादित्वान्निर्गुणत्वात्परमात्माऽयमव्ययः ॥
शरीरस्थोऽपि कौंतेय न करोति न लिप्यते ॥ ३१ ॥

यथा प्रकाशयत्येकः कृत्स्नं लोकमिमं रविः ॥
क्षेत्रं क्षेत्री तथा कृत्स्नं प्रकाशयति भारत ॥ ३३ ॥

પદચ્છેદઃ—યથા, પ્રકાશયતિ, એકઃ, કૃત્સ્નમ્, લોકમ્, ઇમમ્, રવિઃ, ક્ષેત્રમ્, ક્ષેત્રી, તથા, કૃત્સ્નમ્, પ્રકાશયતિ, ભારત.

વ્યુત્પત્તિસમાસાઃ—પ્રકર્ષેણ કાશયતિ ઇતિ પ્રકાશયતિ । ક્ષેત્રમ્ અસ્તિ અસ્ય ઇતિ ક્ષેત્રી ।

અન્વય અને અર્થઃ—ભારત હે ભારત! યથા જેવી રીતે, એકઃ એક, રવિઃ સૂર્ય, ઇમમ્ આ, કૃત્સ્નમ્ સમસ્ત, લોકમ્ લોકને, પ્રકાશયતિ પ્રકાશિત કરે છે, તથા તેવી રીતે, ક્ષેત્રી આત્મા, (પણ) કૃત્સ્નમ્ સમસ્ત, ક્ષેત્રમ્ ક્ષેત્રરૂપી શરીરને, પ્રકાશયતિ પ્રકાશિત કરે છે.

ભાવાર્થઃ—હે ભારત! જેવી રીતે આ એક જ સૂર્યનારાયણ સમસ્ત લોકને પ્રકાશ આપે છે તેવી રીતે પરમાત્મા પણ સમસ્ત ક્ષેત્રરૂપી શરીરોને પ્રકાશિત કરે છે. અર્થાત્ એ પોતે કોઈનાથી પણ લિપ્ત ન થતાં પોતાના પ્રકાશથી સર્વને લિપ્ત કરી પ્રકાશિત કરે છે, અને તેથી જ એ કોઈ પણ પ્રકારના શારીરિક દોષોથી રહિત અને નિર્લિપ્ત છે. ૩૩.

અવતરણિકાઃ—હવે ઉપસંહાર કરતાં આખા અધ્યાયનો અર્થ નીચેના શ્લોકથી ભગવાન્ કહે છેઃ

---

૧ યથા દીપઃ સ્વશાલે દીપ્યમાનઃ પ્રકાશતે ।
તથેવ શરીરાણિ પ્રકાશયતિ ચેતનઃ ॥ અનુગીતા ॥

જેમ દીવો પોતાના રહ્યા-ઘરમાં તેને પ્રકાશમાન કરતો પ્રકાશે છે તે પ્રમાણે જ ચૈતન્યાત્મા પણ શરીરોને પ્રકાશિત કરનો પોતે તેઓમાં પ્રકાશે છે.

यथा सर्वगतं सौक्ष्म्यादाकाशं नोपलिप्यते ॥
सर्वत्रावस्थितो देहे तथात्मा नोपलिप्यते ॥ ३२ ॥

पदच्छेदः—यथा, सर्वगतम्, सौक्ष्म्यात्, आकाशम्, न, उपलिप्यते, सर्वत्र, अवस्थितः, देहे, तथा, आत्मा, न, उपलिप्यते.

व्युत्पत्तिसमासाः—सर्वस्मिन् गतम् इति सर्वगतम् । सूक्ष्मस्य भावः सौक्ष्म्यम्, तस्मात् सौक्ष्म्यात् ।

अन्वय अने अर्थः—यथा જેવી રીતે, सर्वगतम् બધે ઠેકાણે વ્યાપ્ત થયેલું, आकाशम् આકાશ, सौक्ष्म्यात् સૂક્ષ્મતાને લઈને, न, उपलिप्यते લેપાતું નથી, तथा તેવી રીતે, आत्मा આત્મા, (પણ) सर्वत्र સર્વ દેહોમાં, अवस्थितः રહેલો (હોવા છતાં પણ), न, उपलिप्यते લેપાતો નથી.

भावार्थः—જેવી રીતે સર્વ ઠેકાણે વ્યાપ્ત થએલું છતાં આકાશ પોતાના સૂક્ષ્મપણાને લીધે લેપાતું નથી તેવી જ રીતે આત્મા પણ પ્રાણિમાત્રનાં શરીરોમાં રહેલો હોવા છતાં-સર્વત્ર વ્યાપ્ત હોવા છતાં પણ કશાથી લિપ્ત થતો નથી. ૩૨.

अवतरणिकाः—પ્રકૃત અસંગ સ્વભાવથી જ આત્મા લિપ્ત થતો નથી એમ નહિ, પણ પોતાના પ્રકાશકપણાને લીધે ક્ષેત્રનાથી પણ લિપ્ત ન થતા સૂર્યની પેઠે સર્વને પ્રકાશિત કરનાર છે એમ દૃષ્ટાંતથી ભગવાન્ અર્જુનને સમજાવે છે:

यथा प्रकाशयत्येकः कृत्स्नं लोकमिमं रविः ॥
क्षेत्रं क्षेत्री तथा कृत्स्नं प्रकाशयति भारत ॥ ३३ ॥

પદચ્છેદઃ—यथा, प्रकाशयति, एकः, कृत्स्नम्, लोकम्, इमम्, रविः, क्षेत्रम्, क्षेत्री, तथा, कृत्स्नम्, प्रकाशयति, भारत.

વ્યુત્પત્તિસમાસાઃ—प्रकर्षेण काशयति इति प्रकाशयति । क्षेत्रम् अस्ति अस्य इति क्षेत्री ।

અન્વય અને અર્થઃ—भारत હે ભારત! यथा જેવી રીતે, एकः એક, रविः સૂર્ય, इमम् આ, कृत्स्नम् સમસ્ત, लोकम् લોકને, प्रकाशयति પ્રકાશિત કરે છે, तथा તેવી રીતે, क्षेत्री આત્મા, (પણ) कृत्स्नम् સમસ્ત, क्षेत्रम् ક્ષેત્રરૂપી શરીરને, प्रकाशयति પ્રકાશિત કરે છે.

ભાવાર્થઃ—હે ભારત! જેવી રીતે આ એક જ સૂર્યનારાયણ સમસ્ત લોકને પ્રકાશ આપે છે તેવી રીતે પરમાત્મા પણ સમસ્ત ક્ષેત્રરૂપી શરીરોને પ્રકાશિત કરે છે. અર્થાત્ એ પોતે કોઈનાથી પણ લિપ્ત ન થતાં પોતાના પ્રકાશથી સર્વને લિપ્ત કરી પ્રકાશિત કરે છે, અને તેથી જ એ કોઈ પણ પ્રકારના શારીરિક દોષોથી રહિત અને નિર્લિપ્ત છે. ૩૩.

અવતરણિકાઃ—હવે ઉપસંહાર કરતાં આખા અધ્યાયનો અર્થ નીચેના શ્લોકથી ભગવાન્ કહે છેઃ

---

૧ यथा दीपः स्वशरणे दीप्यमानः प्रकाशते ।
एवमेव शरीरादि प्रकाशयति चेतनः ॥ अनुगीता ॥

જેમ દીવો પોતાના રહેવા-ઘરમાં તેને પ્રકાશમાન કરતો પ્રકાશે છે તે પ્રમાણે જ ચૈતન્યાત્મા પણ શરીરોને પ્રકાશિત કરતો પોતે તેઓમાં પ્રકાશે છે.

क्षेत्रक्षेत्रज्ञयोरेवमंतरं ज्ञानचक्षुषा ॥
भूतप्रकृतिमोक्षं च ये विदुर्यांति ते परम् ॥ ३४ ॥

पदच्छेदः—क्षेत्रक्षेत्रज्ञयोः, एवम्, अन्तरम्, ज्ञानचक्षुषा, भूतप्रकृतिमोक्षम्, च, ये, विदुः, यान्ति, ते, परम्.

व्युत्पत्तिसमासाः—क्षेत्रं जानाति इति क्षेत्रज्ञः, क्षेत्रं च क्षेत्रज्ञश्च इति क्षेत्रक्षेत्रज्ञौ, तयोः क्षेत्रक्षेत्रज्ञयोः। ज्ञानम् एव चक्षुः ज्ञानचक्षुः, तेन ज्ञानचक्षुषा। भूतानां प्रकृतिः भूतप्रकृतिः, तस्याः मोक्षः भूतप्रकृतिमोक्षः, तं भतप्रकृतिमोक्षम्।

अन्वय अने अर्थः—एवम् એ प्रमाणे, ये જેઓ, क्षेत्रक्षेत्रज्ञयोः क्षेत्र અને क्षेत्रज्ञनो, अन्तरम् ભેદ, च तथा, भूतप्रकृतिमोक्षम् ભૂતમાત્રના ઉપાદાનકારણરૂપ (त्रिगुणात्मिका अविद्यालक्षणा) પ્રકૃતિના મોક્ષ–અત્યંતાભાવને, विदुः જાણે છે, ते તેઓ, परम् પરમાર્થ તત્ત્વ–બ્રહ્મને, यान्ति પામે છે.

भावार्थः—એ પ્રમાણે આ (અધ્યાયમાં કહ્યું તેમ) જે મનુષ્યો क्षेत्र तथा क्षेत्रज्ञ કોને કહેવામાં આવે છે અને તેમાં શો ભેદ છે તે ભેદને તથા ભૂતમાત્રના ઉપાદાનકારણરૂપ त्रिगुणात्मिका अविद्यालक्षणा પ્રકૃતિના મોક્ષ–અત્યંતાભાવને જાણે છે, તેઓ પરમાર્થ તત્ત્વરૂપ બ્રહ્મને પામે છે. અર્થાત્ તેઓ મોક્ષ પામી કયારે પણ પુનર્જન્મ ધારણ કરતા નથી. ૩૪.

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे श्रीकृष्णकार्त्तान्तिकप्रणीत-सान्वयबोधिन्यां गुर्जरटीकायां प्रकृतिपुरुष-विवेकयोगो नाम त्रयोदशोऽध्यायः।

चतुर्दशोऽध्यायः ।

અવતરણિકા:—' આ જગત્માં ઉત્પન્ન થતી વસ્તુમાત્ર ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞના સંયોગથી જ ઉત્પન્ન થાય છે,' એમ આગળ કહેવામાં આવ્યું. તેને જ સારી રીતે સ્પષ્ટ કરવાના હેતુથી " **परं भूयः प्रवक्ष्यामि** " ઇત્યાદિ શ્લોકોથી ભગવાન્ કહેવાનું શરુ કરે છે, અથવા 'ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞનું જગત્પતિ કારણત્વ ઈશ્વરની આધીનતા હેઠળ છે, પરંતુ સાંખ્યવાદીઓ તેને જેમ સ્વતંત્ર માને છે તેમ તે સ્વતંત્ર કારણભૂત નથી.' એ જણાવવા તેમ જ 'પુરુષનો પ્રકૃતિ સાથે જે[1] અધ્યાસ, પુરુષ–આત્મા–નો ગુણોમાં સંગ, અને એ જ પ્રત્યેક જીવાત્માઓને ઉત્તમ અથવા અધમ યોનિઓમાં જન્મ આપવાનું એટલે કે સંસારનું કારણ છે,' એમ સ્પષ્ટીકરણ કરતાં તે કયા ગુણમાં ? (૧), તેનો કેવી રીતે સંગ છે ? (૨), કેટલા ગુણો છે ? (૩), કેવી રીતે આત્માનું બંધન કરે છે ? (૪), ગુણોમાંથી મુક્ત કેમ થવાય ? (૫), અને મુક્ત થયેલાનાં લક્ષણો કેવાં હોય ? (૬), એ ૭ પ્રશ્નોના પ્રત્યુત્તર આપવાના હેતુથી. ભગવાન્ શ્રીકૃષ્ણ આ ચૌદમો અધ્યાય કહે છે:

श्रीभगवानुवाच । શ્રીભગવાન્ કહે છે:—

परं भूयः प्रवक्ष्यामि ज्ञानानां ज्ञानमुत्तमम् ॥
यज्ज्ञात्वा मुनयः सर्वे परां सिद्धिमितो गताः ॥१॥

पदच्छेदः—परम्, भूयः, प्रवक्ष्यामि, ज्ञानानाम्, ज्ञानम्, उत्तमम्, यत्, ज्ञात्वा, मुनयः, सर्वे, पराम्, सिद्धिम्, इतः, गताः.

---

१ अध्यासोऽतत्तद्भासोऽन्येऽन्यो स्वाश्रयाश्रयः ।
आत्मन्यनात्मनो भासो देहेऽहं ममता ततः ॥

નહિ જે તે (વસ્તુ તે) માં તે (વસ્તુ) નું ભાસવું તે અધ્યાસ છે જેમ રજ્જુમાં સર્પનો ભ્રમ અને આત્મા–સ્વરૂપ–પક્ષમાં અનાત્મા–જગત–દેહાદિનો ભાસ થાય છે. અને તેથી જ દેહમાં અહંતા અને મમતા થાય છે

વ્યુત્પત્તિસમાસાઃ—પ્રકર્ષેણ વક્ષ્યામિ પ્રવક્ષ્યામિ । સિધ્યન્તિ કાર્યાણિ યસ્યાં સા સિદ્ધિઃ, તાં સિદ્ધિમ્ ।

અન્વય અને અર્થઃ—(હે અર્જુન!) ભૂયઃ ફરી (હું તને) જ્ઞાનાનામ્ સર્વ જ્ઞાનોનાં જ્ઞાનોમાં, ઉત્તમમ્ ઉત્તમ, પરમ શ્રેષ્ઠ જ્ઞાનમ્ જ્ઞાન, પ્રવક્ષ્યામિ કહીશ, (કે) યત્ જેને, જ્ઞાત્વા જાણીને, સર્વે બધા, મુનયઃ (મનનશીલ) મુનિઓ, ઇતઃ આ લોકમાંથી, પરામ્ પરમ, સિદ્ધિમ્ સિદ્ધિને, ગતાઃ પામેલા છે.

ભાવાર્થઃ—હે અર્જુન! ફરીથી હવે સર્વ જ્ઞાનમાં ઉત્તમ એવું શ્રેષ્ઠ જ્ઞાન કે જેને જાણીને સઘળા મનનશીલ-મુનિઓ આ લોકમાંથી બ્રહ્મસંબંધી પરમ સિદ્ધિને પામ્યા છે, તે હું તને કહીશ. અર્થાત્ તે જાણીને તું પણ પરમ સિદ્ધિ પ્રાપ્ત કરી શકીશ. ૧.

અવતરણિકાઃ—એ પરમસિદ્ધિ આપનાર જ્ઞાનનું ફલ કર્મના ફલથી કેટલું ઉત્તમ પ્રકારનું છે, તે દર્શાવતા ભગવાન્ કહે છે.

इदं ज्ञानमुपाश्रित्य मम साधर्म्यमागताः ॥
सर्गेऽपि नोपजायंते प्रलये न व्यथंति च ॥ २ ॥

પદચ્છેદઃ—ઇદમ્, જ્ઞાનમ્, ઉપાશ્રિત્ય, મમ, સાધર્મ્યમ્, આગતાઃ, સર્ગે, અપિ, ન, ઉપજાયન્તે, પ્રલયે, ન, વ્યથન્તિ, ચ.

---

१ पुरुषार्थोपयोगेषु या फलत्वेन संमता ।
सात्रितीयेह ज्ञेयोऽर्थो वेदान्तोक्तप्रमाणतः ॥ वार्तिककारः ॥

ઉપરના શ્લોકમાં 'જ્ઞાનાના જ્ઞાનમુત્તમમ્' એટલે જ્ઞાનોમાં ઉત્તમ જ્ઞાન' એમ જે કહ્યું તે અમાનિત્વાદિ જ્ઞાનના સાધનોનાં ફળરૂપ જ્ઞાન નહિં, પણ ભિન્ન ભિન્ન યજ્ઞાદિના જ્ઞાનોમાં જે ફળરૂપે સંપ્રાપ્ત આત્મશુદ્ધિ-મોક્ષરૂ સાધન જ્ઞાન તે જ અહિં વેદાંતવાક્યોના પ્રમાણથી ગ્રાહ્ય વસ્તુ છે.

વ્યુત્પત્તિસમાસાઃ—ધર્મેણ સહ વર્તમાનઃ સધર્મઃ, સધર્મસ્ય ભાવઃ સાધર્મ્યમ્, તત્। સૃજ્યન્તે અસ્મિન્ ઇતિ સર્ગઃ, તસ્મિન્ સર્ગે। પ્રકર્ષેણ લયઃ પ્રલયઃ, તસ્મિન્ પ્રલયે।

અન્વય અને અર્થઃ—ઇદમ્ આ, જ્ઞાનમ્ જ્ઞાનનો, ઉપાશ્રિત્ય અત્યંત આશ્રય કરીને, મમ મારા, સાધર્મ્યમ્ સમાનરૂપને, આગતાઃ પ્રાપ્ત થયેલા (જનો), સર્ગે સૃષ્ટિના આરંભકાલમાં, અપિ પણ, ન, ઉપજાયન્તે ઉત્પન્ન થતા નથી, ચ તેમ, પ્રલયે સૃષ્ટિના નાશ વખતે, (પણ) ન, વ્યથન્તિ પીડા પામતા નથી.

ભાવાર્થઃ—મારા આ જ્ઞાનનો આશ્રય કરીને કેટલાક મારા રૂપને-સાયુજ્ય મોક્ષને પામ્યા છે, અને એવા મારા રૂપને પામેલા તત્ત્વજ્ઞાનીઓ સૃષ્ટિની શરુઆતમાં કયારે પણ ઉત્પન્ન થતા નથી, તેમ જ સૃષ્ટિના વિનાશકાલે પણ મૃત્યુ સંબંધી પીડા પામતા નથી. અર્થાત્ એવા જ્ઞાનયુકત તત્ત્વવેત્તાઓને જન્મમરણનાં અસહ્ય બંધનો કયારે પણ પ્રાપ્ત થતાં નથી, કારણ કે તેઓ મોક્ષને પામી ગએલા હોય છે. ૨.

અવતરણિકાઃ—પાછળ કહેવામાં આવ્યું છે તે પ્રમાણે 'ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞનો સંયોગ જ પ્રાણિઓની ઉત્પત્તિનું કારણ છે' તે ફરીથી ભગવાન પ્રસંગવશાત્ કહે છે:

મમ યોનિર્મહદ્બ્રહ્મ તસ્મિન્ ગર્ભં દધામ્યહમ્ ॥
સંભવઃ સર્વભૂતાનાં તતો ભવતિ ભારત ॥ ૩ ॥

---

૧ વિષ્ણોર્યોનિર્ગર્ભસ્થરણાર્થા મહામયા સર્વદુ સોદ્વિહીના ॥
તદ્ધ્યાનમગ્નં દુઃખિતમોહનાર્થં પ્રકાશયન્તી સહ વિષ્ણુના સા ॥ સમ્પ્રતિ ॥

આ પ્રમાણે કરેલની દંભાવાળી પરમાત્માની યોનિ જે મહામાયા તે સર્વ દુઃખોથી રહિત છે, તથાપિ જાણે દુઃખવાળી હોય તેમ આત્માને મોહ પમાડવા માટે પરમાત્મા સાથે પ્રકાશ કરતી વર્તતી જણાય છે.

પદચ્છેદઃ—મમ, યોનિઃ, મહદ્બ્રહ્મ, તસ્મિન્, ગર્ભમ્, દધામિ, અહમ્, સંભવઃ, સર્વભૂતાનામ્, તતઃ, ભવતિ, ભારત.

વ્યુત્પત્તિસમાસાઃ—મહત્ ચ તત્ બ્રહ્મ ઇતિ મહદ્બ્રહ્મ। ભવતિ ઇતિ ભવઃ, સમ્યક્ ભવઃ ઇતિ સંભવઃ।

અન્વય અને અર્થઃ—ભારત હે ભારત! મમ મારી, યોનિઃ ત્રિગુણાત્મિકા માયા-પ્રકૃતિ, મહદ્બ્રહ્મ (સર્વ કાર્યમાં વિશિષ્ટ હોવાથી મહત્ અને પોતાના વિકારોને પોષણ કરવાથી બ્રહ્મ એ પ્રમાણે) મહદ્બ્રહ્મ છે, તસ્મિન્ તે મહદ્બ્રહ્મ-યોનિ-પ્રકૃતિમાં, અહમ્ હું, ગર્ભમ્ હિરણ્યગર્ભ-બ્રહ્માના જન્મનું બીજ, દધામિ નાખું છું, તતઃ તેથી (બ્રહ્માની ઉત્પત્તિ દ્વારા), સર્વભૂતાનામ્ સર્વ પ્રાણિઓની, સંભવઃ ઉત્પત્તિ, ભવતિ થાય છે.

ભાવાર્થઃ—હે ભારત! મારી ત્રિગુણાત્મિકા પ્રકૃતિ-યોનિ મહદ્બ્રહ્મ છે, અને તે મહદ્બ્રહ્મ-યોનિ-માં હું બ્રહ્માના જન્મનું બીજ રોપું છું. એ પ્રમાણે તે બીજના આરોપણથી તે બ્રહ્માની ઉત્પત્તિ દ્વારા સર્વ પ્રાણિઓની ઉત્પત્તિ થાય છે. ૩.

અવતરણિકાઃ—"ઉપર જણાવેલા કારણ પ્રમાણે હિરણ્યગર્ભ દ્વારા ભૂતમાત્રની ઉત્પત્તિ છે એમ કહી શકાય? કારણ કે દેવાદિ તથા વિશિષ્ટ જાતિઓમાં અને વિશિષ્ટ દેહોમા બીજાં કારણોથી પણ ઉત્પત્તિ થતી જોવામા આવે છે." તો તેની શંકાના પરિહારમા 'પ્રકૃતિ તે યોનિ અને ગર્ભાધાનકર્તા તે હું' એવો ક્રમ પ્રત્યેક વખતે પ્રત્યેક કાર્યમાં માનવો જોઇએ, એ પ્રમાણે ભગવાન્ શ્રીકૃષ્ણ કહે છેઃ

सर्वयोनिषु कौंतेय मूर्तयः संभवंति याः ॥
तासां ब्रह्म महद्योनिरहं बीजप्रदः पिता ॥ ४ ॥

पदच्छेदः—सर्वयोनिषु, कौन्तेय, मूर्तयः, संभवन्ति, याः, तासाम्, ब्रह्म, महत्, योनिः, अहम्, बीजप्रदः, पिता.

व्युत्पत्तिसमासाः—सर्वाश्च ता योनयश्चः सर्वयोनयः, तासु सर्वयोनिषु । सम्यक् भवन्ति इति संभवन्ति । बीजं प्रकर्षेण ददाति इति बीजप्रदः ।

अन्वय अने अर्थः—कौन्तेय हे कौंतेय ! सर्वयोनिषु (देव, पितृ, मनुष्य, पशु, मृगादि) सर्व योनिओमां, याः जे, मूर्तयः देहाकृतिओ, संभवन्ति उत्पन्न थाय छे, तासाम् ते सघणीनुं, योनिः कारण, (माता) महत् त्रिगुणात्मिका, ब्रह्म माया-प्रकृति छे, (अने) बीजप्रदः बीज धारण कराववनार, पिता पिता, अहम् हुं, (छुं).

भावार्थः—हे कौंतेय ! देव, पितृ, मनुष्य, पशु, वगेरे सर्व योनिओमां जे जे मूर्तिओ उत्पन्न थाय छे ते सघणीनुं योनि-उत्पत्तिस्थान-कारण (माता) त्रिगुणात्मिका-माया-प्रकृति छे, अने प्रकृतिने गर्भाधान कराववनार पिता हुं छुं. अर्थात्

---

१ (स हैतावानास) यथा स्त्रीपुमांसौ सपरिष्वक्तौ स इममेवात्मानं द्वेधापातयत् । ततः पतिश्च पत्नी चाभवताम् ॥ श्रुतिः ॥

सृष्टिना आरंभकालमां प्रथम भिन्न थवानी इच्छा करी, जेम कहुं ते एक ज आत्मा हतो. जेम के स्त्री अने पुरुष बन्ने भेगा-एकत्र थया पछी सृष्टि थवा माटे आत्माओ पोते ज ए मायोपाधिवान् आत्मा-शरीरने एकमाथी बे प्रकारनुं कर्युं अने (नीचो पायरी पर थयु) तेथी ते स्त्री अने पुरुष थया.

.તે સર્વ મૂર્તિઓ મારી પ્રકૃતિમાં મારાથી જ ઉત્પન્ન થાય છે એમ તું માન. ૪.

અવતરણિકા:—"એ સર્વ આપનાથી ઉત્પન્ન થાય છે, પરંતુ તેમાં 'દેહોમા આત્માઓને બંધનકારક કયા કયા ગુણો છે ? અને તે કેવી રીતે પ્રાણિઓને બંધન કરે છે' ?" એવા પ્રશ્નના સમંધમા ભગવાન્ કહે છે

सत्त्वं रजस्तम इति गुणाः प्रकृतिसंभवाः ॥
निबध्नंति महाबाहो देहे देहिनमव्ययम् ॥ ५ ॥

पदच्छेदः—सत्त्वम्, रजः, तमः, इति, गुणाः, प्रकृति-संभवाः, निबध्नन्ति, महाबाहो, देहे, देहिनम्, अव्ययम्.

व्युत्पत्तिसमासाः—प्रकृतेः संभव येषां ते प्रकृतिसंभवाः। निश्चयेन बध्नन्ति इति निबध्नन्ति। देहः अस्ति अस्य इति देही, तं देहिनम्।

---

१ अजामेकां लोहितशुक्लकृष्णां बह्वीं प्रजां जनयन्तीं सरूपाम्।
अजो ह्येको जुषमाणोऽनुशेते जहात्येनां भुक्तभोगामजोऽन्य ॥ तैत्तरीये ॥

એક લાલ, સફેદ અને કાળા રંગની સરખા-સરસ રૂપવાળી, અને બહુ પ્રજાને જન્મ આપતી એવી અજા-બકરીને એક જ અજ-બકરો ભોગવતો તેની સાથે સૂએ છે, પણ બીજો અજ ભોગ ભોગવેલી જાની તેનો ત્યાગ કરે છે

સારાંશ —રજ, સત્ત્વ અને તમોગુણવાળી માયા એક છતા નિજ નિજ કર્માનુસાર જુદી જુદી જાતની પ્રજાને ઉત્પન્ન કરનારી છે તે અજા-માયાને તેના કાર્યને એક જ અજ -અજન્મા-ક્ષેત્રજ્ઞ-જીવ ભોગવતો તેની સાથે સૂએ છે-મોહનિદ્રા ભોગવે છે, અને બીજો અજ-અજન્મા-તેનાથી વિલક્ષણ જીવ-તેનો ત્યાગ કરે છે અર્થાત્ એક અજ્ઞાનવશ જીવ માયામા લેપાય છે જ્યારે બીજો જ્ઞાનવશ જીવ તેને તજે છે (એવી રીતે અજ્ઞાન દશામા અવિનાશી જીવને માયાથી ઉત્પન્ન થએલા ગુણો બંધનમા નાખે છે, પણ જ્ઞાન પ્રાપ્ત થતા તે ગુણોના બંધનથી મુક્ત થાય છે)

અન્વય અને અર્થઃ—મહાબાહો હે મહાબાહો! સત્ત્વમ્ સત્ત્વગુણ, રજઃ રજોગુણ, (અને) તમઃ તમોગુણ, ઇતિ એ પ્રમાણે, પ્રકૃતિસંભવાઃ (માયા) માયામાંથી ઉત્પન્ન થયેલા, (ગુણાઃ) ત્રણ ગુણો, દેહે શરીરમાં, અવ્યયમ્ અવિનાશી, (એવા) દેહિનમ્ આત્માને, નિબધ્નન્તિ જકડીને બાંધે છે.

ભાવાર્થઃ—હે મહાબાહુ અર્જુન! સત્ત્વ, રજ અને તમ એ પ્રમાણે ત્રણ ગુણો પ્રકૃતિમાંથી ઉત્પન્ન થયેલા છે અને તે ગુણો આ અવિનાશી આત્માને શરીરમાં જાણે કે સચોટ બંધન કરીને રહેલા હોય તેમ તેને બાંધે છે. અર્થાત્ વાસ્તવિકમાં આત્માને બંધન નથી, પણ ગુણોના બંધનથી તે દેહમાં બંધાય છે. ૫.

અવતરણિકાઃ—હવે જે ગુણો આત્માને બંધનકર્તા છે તે સત્ત્વાદિ ગુણોમાં 'સત્ત્વગુણનું લક્ષણ કેવા પ્રકારનું છે' તે ભગવાન્ શ્રીકૃષ્ણ કહે છેઃ

तत्र सत्त्वं निर्मलत्वात् प्रकाशकमनामयम् ॥
सुखसंगेन बध्नाति ज्ञानसंगेन चानघ ॥ ६ ॥

પદચ્છેદઃ—તત્ર, સત્ત્વમ્, નિર્મલત્વાત્, પ્રકાશકમ્, અનામયમ્, સુખસઙ્ગેન, બધ્નાતિ, જ્ઞાનસઙ્ગેન, ચ, અનઘ.

વ્યુત્પત્તિસમાસાઃ—નિર્ગતઃ મલઃ યસ્માત્ સઃ નિર્મલઃ, નિર્મલસ્ય ભાવઃ નિર્મલત્વમ્, તસ્માત્ નિર્મલત્વાત્। પ્રકર્ષેણ કાશયતિ ઇતિ પ્રકાશકમ્। ન વિદ્યતે આમયઃ યસ્મિન્ તત્ અનામયમ્। સુખે સંગઃ ઇતિ સુખસંગઃ, તેન સુખસંગેન। જ્ઞાને સંગઃ ઇતિ જ્ઞાનસંગઃ, તેન જ્ઞાનસંગેન। ન વિદ્યતે અઘં યસ્મિન્ સઃ અનઘઃ, તત્સંબુદ્ધૌ હે અનઘ।

અન્વય અને અર્થઃ—અનઘ હે નિષ્પાપ! તત્ર તે ગુણોમાં, સત્ત્વમ્ સત્ત્વગુણ, નિર્મલત્વાત્ સ્વચ્છપણાથી, પ્રકાશકમ્ પ્રકાશ કરનાર, (તથા) અનામયમ્ ઉપદ્રવ-દુઃખથી રહિત (છે, અને) સુખસઙ્ગેન સુખના સંગ વડે, ચ તથા, જ્ઞાનસઙ્ગેન જ્ઞાનના સંગ વડે, (જીવાત્માને) બધ્નાતિ બાંધે છે.

ભાવાર્થઃ—હે નિષ્પાપ અર્જુન! એ ત્રણે ગુણોમાં પ્રથમ સત્ત્વગુણ અત્યંત સ્વચ્છ હોવાથી ભાસ્વર-દેદીપ્યમાન અને ઉપદ્રવ-દુઃખથી રહિત-પ્રશાંત છે, અને તેથી તે સુખ તથા જ્ઞાનના સંગવડે જીવાત્માને દેહને વિષે બાંધે છે. ૬.

અવતરણિકાઃ—હવે 'રજોગુણનું લક્ષણ અને તે કેવી રીતે જીવાત્માનું બંધન કરે છે' તે સબંધમા ભગવાન કહે છે

रजो रागात्मकं विद्धि तृष्णासंगसमुद्भवम् ॥
तन्निबध्नाति कौंतेय कर्मसंगेन चानघ ॥ ७ ॥

પદચ્છેદઃ—રજઃ, રાગાત્મકમ્, વિદ્ધિ, તૃષ્ણાસઙ્ગ-સમુદ્ભવમ્, તત્, નિબધ્નાતિ, કૌન્તેય, કર્મસઙ્ગેન, ચ, અનઘ.

વ્યુત્પત્તિસમાસાઃ—રાગઃ આત્મા યસ્ય તત્ રાગાત્મકમ્, તત્। તૃષ્ણા ચ સંગશ્ચ તૃષ્ણાસગૌ, તાભ્યાં સમ્યક્ ઉદ્ભવો યસ્ય તત્ તૃષ્ણાસંગસમુદ્ભવમ્, તત્। કર્માણિ સંગઃ કર્મસંગઃ, તેન કર્મસગેન।

અન્વય અને અર્થઃ—કૌંતેય હે કૌન્તેય! રજઃ રજો-ગુણને, રાગાત્મકમ્ રાગ-આસક્તિરૂપ, (અને) તૃષ્ણાસઙ્ગસમુ-દ્ભવમ્ તૃષ્ણા-અપ્રાપ્ત વિષયમાં અભિલાષા, અને સંગ-પ્રાપ્ત વિષયમાં વિશિષ્ટ પ્રીતિ, તે થકી ઉત્પન્ન થએલું, વિદ્ધિ જાણ, ચ

અને, અનઘ હે નિષ્પાપ અર્જુન! તત્ તે, (રજોગુણ) કર્મસઙ્ગેન કર્મમાં આસક્તિ વડે, (આત્માને દેહમાં) નિબધ્નાતિ બાંધે છે.

ભાવાર્થઃ—હે કૌન્તેય! રજોગુણને આસક્તિરૂપ તેમ જ તૃષ્ણા-અપ્રાપ્ત વિષયને પ્રાપ્ત કરવાની અભિલાષા, અને પ્રાપ્ત થએલા વિષયમાં વિશેષ પ્રીતિ થવી તે રૂપી સંગ, એ બેથી ઉત્પન્ન થયેલો જાણ; અને હે નિષ્પાપ! તે રજોગુણ કર્મમાં આસક્તિ વડે જ જીવાત્માને દેહને વિષે બાંધે છે. ૭.

અવતરણિકાઃ—હવે 'તમોગુણનાં લક્ષણો અને તે કેવી રીતે બન્ધનકારક થાય છે' તેનો નિર્દેશ કરતા ભગવાન્ કહે છેઃ

तमस्त्वज्ञानजं विद्धि मोहनं सर्वदेहिनाम् ॥
प्रमादालस्यनिद्राभिस्तन्निबध्नाति भारत ॥ ८ ॥

પદચ્છેદઃ—तमः, तु, अज्ञानजम्, विद्धि, मोहनम्, सर्वदेहिनाम्, प्रमादालस्यनिद्राभिः, तत्, निबध्नाति, भारत.

વ્યુત્પત્તિસમાસાઃ—अज्ञानात् जायते इति अज्ञानजम्, तत्। मोहयति इति मोहनम्, तत्। सर्वे च ते देहिनः इति सर्वदेहिनः, तेषां सर्वदेहिनाम्। प्रमादश्च आलस्यं च निद्रा च प्रमादालस्यनिद्राः, ताभिः प्रमादालस्यनिद्राभिः। नि नितरां बध्नाति इति निबध्नाति।

અન્વય અને અર્થઃ—भारत હે ભારત! तु વળી, तमः તમોગુણને, अज्ञानजम् અજ્ઞાનથી ઉત્પન્ન થયેલો, (અને) सर्वदेहिनाम् સર્વ દેહધારીઓને, मोहनम् મોહ પમાડનાર, विद्धि તું જાણ, (તેમ) तत् તે, (તમોગુણ) प्रमादालस्यनिद्राभिः પ્રમાદ, આલસ્ય અને નિદ્રાવડે, (જીવાત્માને) निबध्नाति બાંધે છે.

ભાવાર્થઃ—હે ભારત! વળી તમોગુણ અજ્ઞાનથી ઉત્પન્ન થયેલો તથા સર્વ પ્રાણિઓને મોહ પમાડનાર છે એમ તું જાણ, અને તે તમોગુણ પ્રમાદ, આલસ્ય અને નિદ્રાથી જીવાત્માને દેહનેવિષે બાંધે છે. ૮.

અવતરણિકાઃ—ફરી પણ એ ત્રણે ગુણોનો વ્યાપાર સંક્ષેપથી ભગવાન્ કહે છે

सत्त्वं सुखे संजयति रजः कर्मणि भारत ॥
ज्ञानमावृत्य तु तमः प्रमादे संजयत्युत ॥ ९ ॥

પદચ્છેદઃ—सत्त्वम्, सुखे, संजयति, रजः, कर्मणि, भारत, ज्ञानम्, आवृत्य, तु, तमः, प्रमादे, संजयति, उत.

વ્યુત્પત્તિસમાસાઃ—सम् सम्यक्तया जयति इति संजयति। आ समन्तात् वृत्वा इति आवृत्य। प्रकर्षेण मादः इति प्रमादः, तस्मिन् प्रमादे।

અન્વય અને અર્થઃ—भारत હે ભારત! सत्त्वम् સત્ત્વગુણ, (જીવાત્માને) सुखे સુખમાં, संजयति જોડે છે, रजः રજોગુણ, कर्मणि કર્મમાં (જોડે છે), तु પણ, तमः તમોગુણ, ज्ञानम् જ્ઞાનને, आवृत्य ઢાંકી દઈને, उत અવશ્ય, प्रमादे પ્રમાદને વિષે, संजयति જોડે છે.

ભાવાર્થઃ—હે ભરતવંશી અર્જુન! સત્ત્વગુણ જીવાત્માને સુખમાં જોડે છે તથા રજોગુણ કર્મમાં જોડે છે, પણ તમોગુણ તો તેના જ્ઞાનને ઢાંકી દઈને તેને પ્રમાદમાં જ જોડે છે. અર્થાત સત્ત્વ અને રજોગુણ કરતાં પણ તમોગુણ તેને વધારે અધોગતિએ જવામાં પ્રેરે છે. ૯.

અવતરણિકા:—'ઉપર કહેલા ગુણો પરસ્પર પોતપોતાના કર્તવ્ય સમયે અન્ય ગુણોનું અતિક્રમણ કરી ક્યારે વૃદ્ધિ પામે છે અને ક્યારે અસર કરે છે,' તે હવે ભગવાન્ કહે છે:

रजस्तमश्चाभिभूय सत्त्वं भवति भारत ॥
रजः सत्त्वं तमश्चैव तमः सत्त्वं रजस्तथा ॥ १० ।

પદચ્છેદ:—रजः, तमः, च, अभिभूय, सत्त्वम्, भवति, भारत, रजः, सत्त्वम्, तमः, च, एव, तमः, सत्त्वम्, रजः, तथा.

વ્યુત્પત્તિસમાસા:—अभितः अतिशयेन भूत्वा इति अभिभूय । भरतस्य गोत्रापत्यं पुमान् भारतः, तत्संबुद्धौ हे भारत ।

અન્વય અને અર્થ:—भारत હે ભારત! सत्त्वम् સત્ત્વગુણ, रजः રજોગુણને, च અને, तमः તમોગુણને, अभिभूय હટાવીને, (પોતાના કર્તવ્ય સમયે) भवति વધે છે, च તથા, रजः રજોગુણ, सत्त्वम् સત્ત્વગુણને, (અને) तमः તમોગુણને, एव પણ, (એ પ્રમાણે હટાવીને અધિક બલવાન્ થાય છે), તથા તેવી જ રીતે, तमः તમોગુણ, सत्त्वम् સત્ત્વગુણને, (અને) रजः રજોગુણને, अभिभूय દબાવીને, (भवति પ્રધાન બને છે.)

ભાવાર્થ:—હે ભરતવંશી અર્જુન! સત્ત્વગુણ, રજોગુણને, અને તમોગુણને હટાવીને પોતાના સાત્ત્વિક કર્તવ્યસમયે અધિક થાય છે, તથા રજોગુણ, સત્ત્વગુણને અને તમોગુણને હટાવીને

---

१ आरम्भोद्यमः प्रकृता हेतुः कार्यं कर्म च जन्म च ।
स्थानं सन्तोष संरम्भो हर्षेते गुणहेतव ॥ मत्स्यपुराणे ॥

આરંભ, ઉદ્યમ, પ્રકૃતિ, હેતુ, કાર્ય, કર્મ, જન્મ, સ્થાન, સંતોષ અને તરવાર, એ દરેક ગુણના હેતુ-કારણ-કહેવાય છે

પોતાના રજોગુણસાધ્ય કર્તવ્યસમયે અધિક બલવાન્ થાય છે, તેવી જ રીતે તમોગુણ, સત્ત્વગુણને અને રજોગુણને દબાવીને પોતાના તમોગુણસાધ્ય કર્તવ્યસમયે પ્રધાન બને છે. અર્થાત્ એ દરેક પોતપોતાના અઙ્ગીભૂત કર્તવ્યસમયે બલવાન્ થઇ પોતાનું કર્તવ્ય કરે છે. ૧૦

અવતરણિકા:—'જ્યારે જે ગુણ પ્રધાન હોય છે તે સમયે તેનાં ક્યાં લક્ષણો હોય છે,' તે કહેતા 'પ્રથમ સત્ત્વગુણપ્રધાન ક્યાં મનાય છે' તે હવે ભગવાન્ જણાવે છે

सर्वद्वारेषु देहेऽस्मिन् प्रकाश उपजायते ॥
ज्ञानं यदा तदा विद्याद् विवृद्धं सत्त्वमित्युत ॥११॥

પદચ્છેદ:—सर्वद्वारेषु, देहे, अस्मिन्, प्रकाशः, उपजायते, ज्ञानम्, यदा, तदा, विद्यात्, विवृद्धम्, सत्त्वम्, इति, उत.

વ્યુત્પત્તિસમાસા:—सर्वाणि च तानि द्वाराणि इति सर्वद्वाराणि, तेषु सर्वद्वारेषु । विशेषेण वृद्धम् इति विवृद्धम् ।

અન્વય અને અર્થ:—यदा જ્યારે, अस्मिन् આ, देहे દેહમાં, सर्वद्वारेषु (श्रोत्रादि इन्द्रियोરૂપી) સર્વ દ્વારોમાં, ज्ञानम् જ્ઞાનરૂપી, प्रकाशः પ્રકાશ, उपजायते ઉત્પન્ન થાય છે, तदा ત્યારે सत्त्वम् સત્ત્વગુણ, उत અવશ્ય, विवृद्धम् અત્યંત વૃદ્ધિ પામેલો, (છે) इति એમ, विद्यात् જાણવું.

ભાવાર્થ:—જ્યારે આ શરીરને વિષે શ્રોત્રાદિ ઇન્દ્રિયોરૂપી દ્વારોમાં જ્ઞાનરૂપી પ્રકાશ ઉત્પન્ન થાય છે ત્યારે અવશ્ય સત્ત્વગુણ ઘણો જ વૃદ્ધિ પામેલો છે એમ જાણવું. ૧૧.

અવતરણિકાઃ—હવે 'રજોગુણ વૃદ્ધિ પામ્યો હોય ત્યારે તેનાં લક્ષણો કેવાં હોય છે,' તે ભગવાન્ કહે છેઃ

लोभः प्रवृत्तिरारंभः कर्मणामशमः स्पृहा ॥
रजस्येतानि जायंते विवृद्धे भरतर्षभ ॥ १२ ॥

પદચ્છેદઃ—લોભઃ, પ્રવૃત્તિઃ, આરમ્ભઃ, કર્મણામ્, અશમઃ, સ્પૃહા, રજસિ, એતાનિ, જાયન્તે, વિવૃદ્ધે, ભરતર્ષભ.

વ્યુત્પત્તિસમાસાઃ—લુભ્યતે અનેન ઇતિ લોભઃ। પ્રકૃષ્ટા વૃત્તિઃ પ્રવૃત્તિઃ। આરમ્યતે ઇતિ આરમ્ભઃ। ન શમઃ અશમઃ। વિશેષેણ વૃદ્ધઃ વિવૃદ્ધઃ, તસ્મિન્ વિવૃદ્ધે। ભરતાનામ્ ઋષભઃ ભરતર્ષભઃ, તત્સંબુદ્ધૌ હે ભરતર્ષભ।

અન્વય અને અર્થઃ—ભરતર્ષભ હે ભરતવંશ! રજસિ રજોગુણ, વિવૃદ્ધે વિશેષ વૃદ્ધિ પામતાં, લોભઃ પારકાના દ્રવ્યને લઈ લેવાની ઇચ્છા, પ્રવૃત્તિઃ નિરંતર વ્યવસાયમાં રહેવું, કર્મણામ્ ગૃહ, ઉદ્યાનાદિ કામોનો, આરમ્ભઃ નવીન ઉદ્યમ, અશમઃ 'આ કરીશ અને તે કરીશ' ઇત્યાદિ સંકલ્પ-વિકલ્પોની પરંપરા-અશાંતિ, (અને) સ્પૃહા સર્વ સામાન્ય વસ્તુ સંબંધી ઇચ્છા, એતાનિ એ ચિહ્નો, જાયન્તે ઉદ્ભવે છે.

ભાવાર્થઃ—હે ભરતશ્રેષ્ઠ અર્જુન! રજોગુણની જ્યારે વિશેષ વૃદ્ધિ થાય છે ત્યારે લોભ, સતત વ્યવસાય, કર્મોનો નવો નવો આરંભ, અશાન્તિ અને સ્પૃહા, એ ચિહ્નો (મનુષ્યોમાં) ઉત્પન્ન થાય છે. ૧૨.

અવતરણિકાઃ—હવે 'વૃદ્ધિ પામેલા તમોગુણનાં ચિહ્નો' ભગવાન્ કહે છેઃ

अप्रकाशोऽप्रवृत्तिश्च प्रमादो मोह एव च ॥
तमस्येतानि जायन्ते विवृद्धे कुरुनंदन ॥ १३ ॥

પદચ્છેદઃ—અપ્રકાશઃ, અપ્રવૃત્તિઃ, ચ, પ્રમાદઃ, મોહઃ, એવ, ચ, તમસિ, એતાનિ, જાયન્તે, વિવૃદ્ધે, કુરુનન્દન.

વ્યુત્પત્તિસમાસાઃ—ન પ્રકાશઃ અપ્રકાશઃ । ન પ્રવૃત્તિઃ અપ્રવૃત્તિઃ । પ્રકર્ષેણ માદયતિ ઇતિ પ્રમાદઃ । મોહયતિ ઇતિ મોહઃ । નન્દયતિ ઇતિ નન્દનઃ, કુરૂણાં નન્દનઃ કુરુનન્દનઃ, તત્સંબુદ્ધૌ હે કુરુનન્દન ।

અન્વય અને અર્થઃ—કુરુનન્દન હે કુરુવંશને આનંદ આપનાર! તમસિ તમોગુણ, વિવૃદ્ધે, ઘણો વૃદ્ધિ પામતાં, અપ્રકાશઃ અવિવેક, ચ તથા, અપ્રવૃત્તિઃ નિરુદ્યમપણું, પ્રમાદઃ કર્તવ્ય કર્મમાં આલસ્ય, ચ અને, મોહઃ મૂઢતા, એવ પણ, એતાનિ એ ચિહ્નો, જાયન્તે ઉત્પન્ન થાય છે.

ભાવાર્થઃ—હે કુરુનંદન! તમોગુણની વિશેષ વૃદ્ધિ જ્યારે શરીરમાં થાય છે ત્યારે અવિવેક, નિરુદ્યમપણું, પ્રમાદ તથા મૂઢતા એ ચિહ્નો મનુષ્યોમાં ઉત્પન્ન થાય છે. ૧૩.

અવતરણિકાઃ—હવે 'મરણસમયે સત્ત્વ, રજ, અને તમ ગુણોમાંથી જે ગુણ વૃદ્ધિ પામ્યો હોય તો તેનું કેવું ફલ પ્રાપ્ત થાય છે,' તે બે શ્લોકથી ભગવાન્ કહે છેઃ

यदा सत्त्वे प्रवृद्धे तु प्रलयं याति देहभृत् ॥
तदोत्तमविदां लोकानमलान्प्रतिपद्यते ॥ १४ ॥

रजसि प्रलयं गत्वा कर्मसंगिषु जायते ॥
तथा प्रलीनस्तमसि मूढयोनिषु जायते ॥ १५ ॥

पदच्छेदः—यदा, सत्त्वे, प्रवृद्धे, तु, प्रलयम्, याति, देहभृत्, तदा, उत्तमविदाम्, लोकान्, अमलान्, प्रतिपद्यते; रजसि, प्रलयम्, गत्वा, कर्मसङ्गिषु, जायते, तथा, प्रलीनः, तमसि, मूढयोनिषु, जायते.

व्युत्पत्तिसमासाः—प्रकर्षेण वृद्धम् प्रवृद्धम्, तस्मिन् प्रवृद्धे। प्रकर्षेण लयः प्रलयः, तं प्रलयम्। देहं बिभर्ति इति देहभृत्। उत्तमं महदादितत्त्वं विदन्ति उपासते इति उत्तमविदः, तेषाम् उत्तमविदाम्। न विद्यते मलं येषु ते अमलाः, तान् अमलान्। सङ्गः अस्ति येषां ते सङ्गिनः, कर्मसु सङ्गिनः कर्मसङ्गिनः, तेषु कर्मसङ्गिषु। प्रकर्षेण लीनः प्रलीनः। मूढाश्च ताः योनयश्च मूढयोनयः, तासु मूढयोनिषु।

अन्वय अने अर्थः—देहभृत् देहने धारण करनार-आत्मा, यदा ज्यारे, सत्त्वे सत्त्वगुण, प्रवृद्धे वधेलो होय, (अने) प्रलयम् मृत्युने, याति पामे छे, तदा त्यारे (ते) उत्तमविदाम् महत्तत्त्वनुं उपासन करनारा ज्ञानीओना, अमलान् निर्मल, लोकान् लोकोने, प्रतिपद्यते पामे छे, रजसि रजोगुण, प्रवृद्धे वृद्धि पाम्यो होय, (त्यारे) प्रलयम् मृत्यु, गत्वा पामीने, कर्मसङ्गिषु कर्मोमां आसक्तिवाळा मनुष्योमां, जायते जन्म पामे छे, तथा तेम ज, तमसि तमोगुण, (वृद्धि पामतां) प्रलीनः शरीर छोडी जनार-देहधारी, मूढयोनिषु पशु इत्यादि मूढयोनिओमां, जायते जन्म पामे छे.

ભાવાર્થઃ—પ્રાણી જ્યારે સત્ત્વગુણ અત્યંત વધેલો હોય અને તે સમયે જો શરીર છોડી જાય છે તો તે મહત્તત્ત્વનું ઉપાસન કરનારા જ્ઞાનીઓના નિર્મલ–પવિત્ર લોકોને પામે છે, શરીરમાં રજોગુણની પ્રબલતા થઈ હોય અને તે સમયે જો પ્રાણી મૃત્યુ પામે છે તો કર્મોમાં આસક્તિ રાખનારા મનુષ્યોમાં જન્મ પામે છે અને જો તમોગુણની પ્રબલતાના સમયમાં શરીર છોડી જાય છે તો પશુ ઇત્યાદિ મૂઢ યોનિઓમાં જન્મ પામે છે. અર્થાત્ સત્ત્વાદિ ગુણોની વૃદ્ધિ થતાં સાત્ત્વિક, રાજસ અથવા તામસ યોનિમાં તે જન્મ ધારણ કરે છે. ૧૪–૧૫

અવતરણિકાઃ—હવે 'સાત્ત્વિક ઇત્યાદિ કર્મોના પરિણામ દ્વારા ગુણોનું કેવા પ્રકારનું ફલ છે,' તે સંબંધમાં ભગવાન્ કહે છેઃ

कर्मणः सुकृतस्याहुः सात्त्विकं निर्मलं फलम् ॥
रजसस्तु फलं दुःखमज्ञानं तमसः फलम् ॥ १६ ॥

પદચ્છેદઃ—કર્મણઃ, સુકૃતસ્ય, આહુઃ, સાત્ત્વિકમ્, નિર્મલમ્, ફલમ્, રજસઃ, તુ, ફલમ્, દુઃખમ્, અજ્ઞાનમ્, તમસઃ, ફલમ્.

વ્યુત્પત્તિસમાસાઃ—સુષ્ઠુ કૃતમ્ સુકૃતમ્, તસ્ય સુકૃતસ્ય। સત્ત્વસ્ય ઇદમ્ સાત્ત્વિકમ્, તત્। નિર્ગતઃ મલઃ યસ્માત્ તત્ નિર્મલમ્, તત્। ન જ્ઞાનમ્ અજ્ઞાનમ્, તત્।

અન્વય અને અર્થઃ—(શિષ્ટપુરુષો) સુકૃતસ્ય સારા–પુણ્યરૂપ, કર્મણઃ કર્મનું, સાત્ત્વિકમ્ સત્ત્વપ્રધાન, અને નિર્મલમ્ સ્વચ્છ–દોષરહિત, ફલમ્ ફલ, આહુઃ કહે છે, તુ તેમ,

રજસઃ રજોગુણયુક્ત કર્મનું, ફલમ્ ફલ, દુઃખમ્ દુઃખ, (અને) તમસઃ તમોગુણવિશિષ્ટ કર્મનું, ફલમ્ ફલ, અજ્ઞાનમ્ અજ્ઞાન, (કહે છે).

ભાવાર્થઃ—શિષ્ટજનો સારા-પુણ્યશાલી-કર્મોના ફલને સાત્વિક તથા સ્વચ્છ-નિર્દોષ-કહે છે, તેમ રજોગુણયુક્ત કર્મોનું ફલ દુઃખ, અને તમોગુણવિશિષ્ટ કર્મોનું ફલ અજ્ઞાન કહે છે. અર્થાત્ એપ્રમાણે ભિન્ન ભિન્ન ગુણોને અંગે ઉત્તમ, મધ્યમ તથા અધમ એમ ત્રણ પ્રકારનાં ફલ મનુષ્યને પ્રાપ્ત થાય છે. ૧૬.

અવતરણિકાઃ—ઉપરોક્ત ગુણોના ફલની ભિન્નતામાં પહેલાં કહેલો હેતુ પણ તેની દૃઢતા બતાવવાની ખાતર પુનઃ ભગવાન્ કહે છેઃ

सत्त्वात्संजायते ज्ञानं रजसो लोभ एव च ॥
प्रमादमोहौ तमसो भवतोऽज्ञानमेव च ॥ १७ ॥

પદચ્છેદઃ—सत्त्वात्, संजायते, ज्ञानम्, रजसः, लोभः, एव, च, प्रमादमोहौ, तमसः, भवतः, अज्ञानम्, एव, च.

વ્યુત્પત્તિસમાસાઃ—सम्यक् जायते संजायते। प्रमादश्च मोहश्च प्रमादमोहौ। न ज्ञानम् अज्ञानम्।

અન્વય અને અર્થઃ—सत्त्वात् સત્ત્વગુણથી, ज्ञानम् જ્ઞાન, संजायते ઉત્પન્ન થાય છે, च અને, रजसः રજોગુણથી, लोभः લોભ, एव જ, (ઉત્પન્ન થાય છે, તેમ) तमसः તમોગુણથી, प्रमादमोहौ પ્રમાદ અને મોહ, भवतः ઉત્પન્ન થાય છે, च અને, अज्ञानम् અજ્ઞાન, एव પણ, (તમોગુણથી જ થાય છે.)

ભાવાર્થઃ—સત્ત્વગુણથી જ્ઞાન ઉત્પન્ન થાય છે, રજોગુણ લોભ થાય છે અને તમોગુણથી પ્રમાદ, મોહ અને અજ્ઞા ઉત્પન્ન થાય છે. ૧૭.

અવતરણિકાઃ—હવે 'સત્ત્વાદિ વૃત્તિનું સેવન કરનારા પુરુષો ભિન્નભિન્ન ગુણો પ્રમાણે જુદી જુદી કઈ કઈ ગતિને પામે છે,' તે કહે છે

ऊर्ध्वं गच्छंति सत्त्वस्था मध्ये तिष्ठंति राजसाः ॥
जघन्यगुणवृत्तिस्था अधो गच्छंति तामसाः ॥१८॥

પદચ્છેદઃ—ऊर्ध्वम्, गच्छन्ति, सत्त्वस्थाः, मध्ये, तिष्ठन्ति, राजसाः, जघन्यगुणवृत्तिस्थाः, अधः, गच्छन्ति, तामसाः.

વ્યુત્પત્તિસમાસાઃ—सत्त्वे तिष्ठन्ति ते सत्त्वस्थाः । रजस इमे राजसाः । जघने भवः जघन्यः, जघन्यश्चासौ गुणश्च जघन्यगुणः, तस्य वृत्तिः जघन्यगुणवृत्तिः, तस्यां तिष्ठन्ति ते जघन्यगुणवृत्तिस्थाः । तमसः इमे तामसाः ।

અન્વય અને અર્થઃ—सत्त्वस्थाः સત્ત્વગુણનો આશ્રય કરીને રહેલાઓ, ऊर्ध्वम् ઉપરના—દેવાદિ લોકોમાં, गच्छन्ति જાય છે, राजसाः રજોગુણનો આશ્રય કરીને રહેલાઓ, मध्ये મધ્ય લોક—મનુષ્યલોકમાં, तिष्ठन्ति રહે છે—ઉત્પન્ન થાય છે, (અને) जघन्यगुणवृत्तिस्थाः સૌથી હલકો જે તમોગુણ તેની નિદ્રા આલસ્યાદિ વૃત્તિમાં રહેલા, तामसाः તમોગુણનું સેવન કરનારાઓ, अधः નીચી ગતિને—પશુ વિગેરે યોનિને, गच्छन्ति પામે છે.

ભાવાર્થઃ—સત્ત્વગુણનો આશ્રય કરીને રહેનારાં મનુષ્યો દેવાદિ લોકોમાં ઉચ્ચ ગતિને પામે છે, રજોગુણની વૃત્તિવાળાં મધ્યલોક-મનુષ્યલોકમાં જન્મ ધારણ કરીને રહે છે અને તમોગુણની નિદ્રા, આલસ્યાદિ વૃત્તિનું સેવન કરનારાં તમોગુણી મનુષ્યો પશુ ઇત્યાદિ અધમ યોનિમાં જન્મ ધારણ કરી અધોગતિને પામે છે. ૧૮.

અવતરણિકાઃ—" પુરુષ પ્રકૃતિમાં રહેલો હોય ત્યારે મિથ્યાજ્ઞાનયુક્ત હોવાથી, ગુણોથી ઉત્પન્ન થતા સુખ, દુઃખ, મોહાદિ ભોગોમાં " હું સુખી છું, હું દુઃખી છું, હું મૂઢ છું." ઇત્યાદિ લક્ષણવાળો રાગ તેનામાં ઉત્પન્ન થાય છે અને તેથી તે પુરુષનો સારી નરસી યોનિમાં જન્મ થાય છે," એ આગલા અધ્યાયમાં કહ્યું, તેમ આ અધ્યાયમાં પણ " **सत्त्वं रजस्तम इति गुणाः प्रकृतिसम्भवाः** " ઇત્યાદિથી શરુ કરી " ગુણોનું સ્વરૂપ, ગુણોના ભાવ, પુરુષનાં પોતાનાં આચરણથી જૂદા જૂદા વિષયોમાં તેનું ગુણોથી થતું બંધન, અને અમુક ગુણનો આશ્રય કરનારની અમુક ગતિ થાય છે " ઇત્યાદિ સઘળું, તેમજ " મિથ્યાજ્ઞાન અને અજ્ઞાનમૂલક સંસારમાં જીવાત્માને બંધનનાં કારણો " એ સર્વ વિસ્તારપૂર્વક કહી, હવે " તેનાથી વિરુદ્ધ રહેલું સમ્યગ્દર્શન જો માણસને થાય તો તેથી તે મોક્ષ પામે છે " એ પ્રમાણે સમ્યગ્દર્શનથી થતા મોક્ષસંબંધમાં પણ ભગવાન્ શ્રીકૃષ્ણ કહે છેઃ

नान्यं गुणेभ्यः कर्तारं यदा द्रष्टाऽनुपश्यति ॥
गुणेभ्यश्च परं वेत्ति मद्भावं सोऽधिगच्छति ॥१९॥

પદચ્છેદઃ—ન, અન્યમ્, ગુણેભ્યઃ, કર્તારમ્, યદા, દ્રષ્ટા, અનુપશ્યતિ, ગુણેભ્યઃ, ચ, પરમ્, વેત્તિ, મદ્ભાવમ્, સઃ, અધિગચ્છતિ.

વ્યુત્પત્તિસમાસાઃ—કરોતિ અસૌ કર્તા, તં કર્તારમ્। પશ્યતિ અસૌ દ્રષ્ટા। મમ ભાવઃ મદ્ભાવઃ, તં મદ્ભાવમ્।

અન્વય અને અર્થઃ—યદા જ્યારે, દ્રષ્ટા આત્મદર્શી, (જીવાત્મા) ગુણેભ્યઃ સત્ત્વ, રજ, તમ એ ગુણોથી, અન્યમ્ બીજા-અન્ય કોઈને, કર્તારમ્ કર્તા તરીકે, ન, અનુપશ્યતિ જોતો નથી, ચ અને, ગુણેભ્યઃ ગુણોથી, પરમ્ પર રહેલા (ગુણવ્યાપારના સાક્ષીભૂત આત્મા) ને, વેત્તિ જાણે છે, (ત્યારે) સઃ તે, (જીવાત્મા,) મદ્ભાવમ્ મારા ઈશ્વરભાવને, અધિગચ્છતિ પામે છે.

ભાવાર્થઃ—જ્યારે આ જીવાત્મા આત્મદર્શી થઈને ગુણો વિના અન્ય કોઈને પણ કર્તા ભોક્તા તરીકે જોતો નથી, તેમ ગુણોથી પર-દૂર એટલે ગુણવ્યાપારના સાક્ષીભૂત આત્માને જાણે છે, અર્થાત્ તેના સત્યસ્વરૂપને સમજે છે ત્યારે તે મારા આત્મભાવ-ઈશ્વરભાવને પામે છે. ૧૯.

અવતરણિકાઃ—"ઉપર કહેવામાં આવ્યો તેવો આત્મદર્શી ભગવાનના આત્મભાવને-ઈશ્વરત્વને પામે છે, પરંતુ તે કેવી રીતે પામે છે?" તેના પ્રત્યુત્તરમાં ભગવાન્ શ્રીકૃષ્ણ કહે છે

गुणानेतानतीत्य त्रीन् देही देहसमुद्भवान् ॥
जन्ममृत्युजरादुःखैर्विमुक्तोऽमृतमश्नुते ॥ २० ॥

પદચ્છેદઃ—ગુણાન્, એતાન્, અતીત્ય, ત્રીન્, દેહી, દેહસમુદ્ભવાન્, જન્મમૃત્યુજરાદુઃખૈઃ, વિમુક્તઃ, અમૃતમ્, અશ્નુતે.

વ્યુત્પત્તિસમાસાઃ—દેહઃ અસ્તિ અસ્ય ઇતિ દેહી । દેહાના સમુદ્ભવઃ યેભ્યઃ તે દેહસમુદ્ભવાઃ, તાન્ દેહસમુદ્ભવાન્ । જન્મ ચ મૃત્યુશ્ચ જરા ચ દુઃખાનિ ચ જન્મમૃત્યુજરાદુઃખાનિ, તૈઃ જન્મમૃત્યુજરાદુઃખૈઃ । વિશેષેણ મુક્તઃ વિમુક્તઃ ।

અન્વય અને અર્થઃ—દેહી શરીરધારી–જીવાત્મા, દેહસમુદ્ભવાન્ શરીરોની ઉત્પત્તિના બીજરૂપ, એતાન્ એ, ત્રીન્ ત્રણે, ગુણાન્ ગુણોને, અતીત્ય ઓળંગીને–તજીને, જન્મમૃત્યુજરાદુઃખૈઃ જન્મ, મરણ, જરાવસ્થા અને જીવનનાં દુઃખોથકી, વિમુક્તઃ અત્યંત મુક્ત થઈને, અમૃતમ્ અમૃતને, અશ્નુતે ભોગવે છે, અર્થાત્ જીવતો છતાં બ્રહ્મના આનંદરૂપ પરમ કૈવલ્યને ભોગવે છે.

ભાવાર્થઃ—આ શરીરધારી જીવાત્મા શરીરની ઉત્પત્તિના બીજરૂપ એવા એ ત્રણે ગુણોનું અતિક્રમણ કરીને, એટલે કે તેમને પોતાને વશ કરીને જ્યારે રહે છે ત્યારે તે જીવતો છતાં જન્મ, મૃત્યુ, ઘડપણ અને જીંદગીનાં દુઃખોમાંથી તદ્દન મુક્ત થઈને એટલે ગુણરહિત અને રાગદ્વેષાદિ દ્વન્દ્વથી રહિત થઈને અમૃત–મોક્ષ–કૈવલ્ય–ને ભોગવે છે. અર્થાત્ પોતે જ્યારે નિર્ગુણ અવસ્થા ભોગવે છે ત્યારે જ તે નિર્ગુણબ્રહ્મને મેળવવા શક્તિમાન્ થાય છે. ૨૦.

અવતરણિકા—"મનુષ્ય જીવતો છતાં જ ગુણોનું અતિક્રમણ કરી અમૃતત્વને અનુભવે છે." એ ભગવાન્ના કથનને પ્રશ્નનું બીજ ગમ્યું "તેવા જીવન્મુક્ત બ્રહ્મજ્ઞનાં લક્ષણો કેવા હોઈ શકે ?" તે અર્જુન ભગવાન્ને પૂછે છેઃ

अर्जुन उवाच। અર્જુન પૂછે છેઃ—

कैर्लिङ्गैस्त्रीन्गुणानेतानतीतो भवति प्रभो ॥
किमाचारः कथं चैतांस्त्रीन्गुणानतिवर्तते ॥ २१ ॥

પદચ્છેદઃ—कैः, लिङ्गैः, त्रीन्, गुणान्, एतान्, अतीतः, भवति, प्रभो, किमाचारः, कथम्, च, एतान्, त्रीन्, गुणान्, अतिवर्तते.

વ્યુત્પત્તિસમાસાઃ—लिंगयंति तानि लिङ्गानि, तैः लिंगैः। प्रकर्षेण भवति इति प्रभुः, तत्संबुद्धौ हे प्रभो। कः आचारः यस्य सः किमाचारः। अति अतिक्रम्य वर्तते इति अतिवर्तते।

અન્વય અને અર્થઃ—प्रभो હે પ્રભો! (पुरुष) कः કેવા પ્રકારનાં, लिङ्गैः (આત્મામાં ઉત્પન્ન થયેલાં) ચિહ્નો વડે, एतान् એ, त्रीन् ત્રણ, गुणान् ગુણોને, अतीतः અતિક્રમણ કરી ગએલો, भवति થાય છે, (તેમ તે) किमाचारः કેવી રીતનાં આચરણવાળો (હોય છે), च તથા, एतान् એ, त्रीन् ત્રણ, गुणान् ગુણોને, कथम् કેવી રીતે, अतिवर्तते ઉલ્લંઘન કરી શકે છે?

ભાવાર્થઃ—હે પ્રભો! આ પુરુષ કેવા પ્રકારનાં લક્ષણો વડે એ ત્રણ ગુણોને ઓળંગી જાય છે? તેમ તેનાં આચરણ કેવા પ્રકારનાં હોય છે? અને તે કેવી રીતે એ ત્રણ ગુણોનું ઉલ્લંઘન કરી શકે છે? તે આપ કૃપા કરીને મને કહો. ૨૧.

અવતરણિકાઃ—"ગુણોથી અતીત થયેલા પુરુષનાં લક્ષણો, અને ગુણાતીત થવાનો ઉપાય," એ ઉપરના શ્લોકમાં અર્જુને જે પૂછ્યું તેનો ભગવાન શ્રીકૃષ્ણ હવે પ્રત્યુત્તર આપે છે

श्रीभगवानुवाच । શ્રીભગવાન્ કહે છેઃ—

प्रकाशं च प्रवृत्तिं च मोहमेव च पांडव ॥
न द्वेष्टि संप्रवृत्तानि न निवृत्तानि कांक्षति ॥२२॥

पदच्छेदः—प्रकाशम्, च, प्रवृत्तिम्, च, मोहम्, एव, च, पाण्डव, न, द्वेष्टि, संप्रवृत्तानि, न, निवृत्तानि, काङ्क्षति.

---

१ જ્ઞાનની સાત ભૂમિકાઓઃ—

ज्ञानभूमिः शुभेच्छाख्या प्रथमा समुदाहृता । विचारणा द्वितीया तु तृतीया तनुमानसा ॥
सत्त्वापत्तिश्चतुर्थी स्यात्ततोऽसंसक्तिनामिका । पदार्थभावनी षष्ठी सप्तमी तुर्यगा स्मृता ॥

॥ वासिष्ठे ॥

'शुभेच्छा' નામની જ્ઞાનની પહેલી ભૂમિકા છે, 'વિચારણા' નામની બીજી, 'તનુમાનસા' ત્રીજી, 'સત્ત્વાપત્તિ' ચોથી, 'અસંસક્તિ' નામની પાંચમી, 'પદાર્થ-ભાવની' છઠ્ઠી અને 'તુર્યગા' એ સાતમી ભૂમિકા કહેલી છે.

એ ભૂમિકાઓમાં જે વિવેક, વૈરાગ્ય, ષટ્સંપત્તિ (શમ, દમ, ઉપરતિ, તિતિક્ષા, શ્રદ્ધા અને સમાધાન) તથા મુમુક્ષુતા એ ચાર સાધનથી સંપન્ન હોય તે 'શુભેચ્છા' નામની પહેલી ભૂમિકા છે, શ્રવણ અને મનનરૂપ વિચારાત્મિકા 'વિચારણા' નામની બીજી, નિદિધ્યાસન (ધ્યાન) રૂપી 'તનુમાનસા' નામની ત્રીજી, એ ત્રણ સાધનભૂમિ-કાઓ છે. બ્રહ્મસાક્ષાત્કારરૂપ 'સત્ત્વાપત્તિ' નામની ચોથી ભૂમિકા-ફલભૂમિકા છે; એ ભૂમિકામાં યોગી કૃતાર્થ થાય છે, છતાં પણ અત્યંત જીવનમુક્તિનું સુખ અનુભવી શકતો નથી. એ ઉપરાંત ત્રણ ભૂમિકાઓ જીવનમુક્તિના અવાંતર ભેદો છે. તેમાં પણ પાંચમી 'અસંસક્તિ' નામની ભૂમિકામાં રહેલો યોગી 'બ્રહ્મવિદ્વર' કહેવાય છે અને તે પોતે જ ઉઠે છે, છઠ્ઠી 'પદાર્થભાવની' ભૂમિકામાં રહેલો યોગી 'બ્રહ્મવિદ્વરીયાન્' કહેવાય છે, તે બીજાના પ્રયત્નથી વ્યુત્થાનને પ્રાપ્ત થાય છે, અને સાતમી 'તુર્યગા' માં રહેલો યોગી 'બ્રહ્મવિદ્વરિષ્ઠ' કહેવાય છે, તે પોતાના કે પરના પ્રયાસે પણ ઉત્થાન પામતો નથી. અર્થાત્ તે નિત્ય સમાધિસ્થ હોતાં અંત્ય ભૂમિકાને પ્રાપ્ત થએલો હોવાથી એ શ્લોકમાં કહ્યા પ્રમાણે પ્રકાશાદિનો દ્વેષ કે નિવૃત્ત કર્મોની આકાંક્ષા વિગેરે કંઈ પણ કરતો નથી.

વ્યુત્પત્તિસમાસાઃ—પ્રકૃષ્ટા વૃત્તિઃ પ્રવૃત્તિઃ, તાં પ્રવૃત્તિમ્। સમ્યક્ પ્રવૃત્તાનિ સંપ્રવૃત્તાનિ, તાનિ । નિશ્ચયેન વૃત્તાનિ ઇતિ નિવૃત્તાનિ, તાનિ।

અન્વય અને અર્થઃ—પાણ્ડવ હે પાંડુપુત્ર અર્જુન! (જે ગુણાતીત પુરુષ) પ્રકાશમ્ (સત્ત્વગુણનું ચિહ્ન) પ્રકાશ, ચ તથા, પ્રવૃત્તિમ્ (રજોગુણનું ચિહ્ન) પ્રવૃત્તિ, ચ અને, મોહમ્ (તમોગુણનું ચિહ્ન) મોહ, (એમ એ) સંપ્રવૃત્તાનિ સારી રીતે પ્રવૃત્ત થએલાં કાર્યોનો, ન, દ્વેષ્ટિ દ્વેષ કરતો નથી, (તેમ) નિવૃત્તાનિ ઉપરામ પામેલાં એ કાર્યોને, ન, કાંક્ષતિ ઇચ્છતો પણ નથી.

ભાવાર્થઃ—હે અર્જુન! જે પુરુષ એમ ગુણાતીત થએલો હોય છે તે સત્ત્વગુણના લક્ષણરૂપ પ્રકાશ, રજોગુણના લક્ષણરૂપ પ્રવૃત્તિ અને તમોગુણના લક્ષણરૂપ મોહ, ઇત્યાદિ એ ગુણોનાં અનાયાસે પ્રાપ્ત થયેલાં કાર્યોનો દ્વેષ કરતો નથી, તેમ જ તેવાં કાર્યો જે નિવૃત્ત થએલાં હોય એટલે પોતાને પ્રાપ્ત ન થએલાં હોય તો તેવાં એ કાર્યોની આકાંક્ષા પણ કરતો નથી. ૨૨.

અવતરણિકા—હવે ગુણાતીત પુરુષનું આચરણ કેવું હોયછે તેનો પ્રત્યુત્તર આપતા ભગવાન્ કહે છે

उदासीनवदासीनो गुणैर्यो न विचाल्यते ॥
गुणा वर्तंत इत्येव योऽवतिष्ठति नेंगते ॥ २३ ॥

પદચ્છેદઃ—ઉદાસીનવત્, આસીનઃ, ગુણૈઃ, યઃ, ન, વિચાલ્યતે, ગુણાઃ, વર્તન્તે, ઇતિ, એવ, યઃ, અવતિષ્ઠતિ, ન, ઇઙ્ગતે.

વ્યુત્પત્તિસમાસાઃ—ઉદ્ ઊર્ધ્વં તટસ્થતયા આસીનઃ ઇતિ ઉદાસીનઃ, ઉદાસીનઃ ઇવ ઇતિ ઉદાસીનવત્। વિશેષેણ ચાલ્યતે ઇતિ વિચાલ્યતે।

અન્વય અને અર્થઃ—યઃ જે પુરુષ, ઉદાસીનવત્ તટસ્થ પુરુષની માફક, આસીનઃ રહેલો, ગુણૈઃ સત્ત્વાદિ ગુણો વડે, ન, વિચાલ્યતે ચલાયમાન થતો નથી, (અને) ગુણાઃ ગુણો, (પરસ્પર) વર્તન્તે વર્તે છે, ઇતિ એમ, એવ જ, (જાણીને), યઃ જે, અવતિષ્ઠતિ સ્થિર થઈને રહે છે, (પરંતુ) ન, ઇઙ્ગતે જરાપણ ચેષ્ટા કરતો નથી;

ભાવાર્થઃ—જે પુરુષ તટસ્થની માફક સંસારનાં કાર્યોમાં વર્તતો થકો સત્ત્વાદિ ગુણોવડે ચલાયમાન થતો નથી, પણ ગુણો જ પરસ્પર પોતપોતાના કાર્યમાં પ્રવર્તે છે એમ જાણીને સ્થિર રહે છે, પરંતુ જરા પણ અસ્થિર થતો નથી; ૨૩.

समदुःखसुखः स्वस्थः समलोष्टाश्मकांचनः ॥
तुल्यप्रियाप्रियो धीरस्तुल्यनिंदात्मसंस्तुतिः ॥ २४ ॥

પદચ્છેદઃ—समदुःखसुखः, स्वस्थः, समलोष्टाश्मकाञ्चनः, तुल्यप्रियाप्रियः, धीरः, तुल्यनिन्दात्मसंस्तुतिः.

વ્યુત્પત્તિસમાસાઃ—दुःखं च सुखं च दुःखसुखे, समे दुःखसुखे यस्य सः समदुःखसुखः। स्वे आत्मनि तिष्ठति इति स्वस्थः। लोष्टं च अश्मा च काञ्चनं च लोष्टाश्मकाञ्चनानि, समानि लोष्टाश्मकाञ्चनानि यस्य सः समलोष्टाश्मकाञ्चनः। प्रियं च अप्रियं च प्रियाप्रिये, तुल्ये प्रियाप्रिये यस्य सः तुल्यप्रियाप्रियः। सम्यक् स्तुतिः संस्तुतिः, आत्मनः संस्तुतिः आत्मसंस्तुतिः, निन्दा च आत्मसंस्तुतिश्च निन्दात्मसंस्तुती, तुल्ये निन्दात्मसंस्तुती यस्य सः तुल्यनिन्दात्मसंस्तुतिः।

અન્વય અને અર્થઃ—(વળી જે) સમદુઃખસુખઃ દુઃખ અને સુખ જેને સમાન છે એવો, સ્વસ્થઃ આત્મામાં સ્થિત—પ્રસન્ન, સમલોષ્ટાશ્મકાઞ્ચનઃ માટી, પત્થર અને સોનાને સમાન માનનારો, તુલ્યપ્રિયાપ્રિયઃ જેને પ્રિય અને અપ્રિય એ બંને સમાન છે એવો, ધીરઃ ધીરજવાળો, (તેમ) તુલ્યનિન્દાત્મસંસ્તુતિઃ પોતાની નિંદા અને પ્રશંસાને સમાન જાણનારો;

ભાવાર્થઃ—વળી જેને દુઃખ તથા સુખ સમાન છે, જે સદા પ્રસન્ન છે, જેને માટી, પત્થર અને સોનામાં સમાન ભાવ છે, પ્રિય તથા અપ્રિય પણ જેને તુલ્ય છે, જે ધૃતિમાન્ છે, તથા જેને પોતાની નિંદા તેમ જ પ્રશંસા પણ સમાન છે; ૨૪.

मानापमानयोस्तुल्यस्तुल्यो मित्रारिपक्षयोः ॥
सर्वारंभपरित्यागी गुणातीतः स उच्यते ॥ २५ ॥

પદચ્છેદઃ—मानापमानयोः, तुल्यः, तुल्यः, मित्रारिपक्षयोः, सर्वारंभपरित्यागी, गुणातीतः, सः, उच्यते.

વ્યુત્પત્તિસમાસાઃ—मानश्च अपमानश्च मानापमानौ, तयोः मानापमानयोः । मित्रं च अरिश्च मित्रारी, तयोः पक्षौ इति मित्रारिपक्षौ, तयोः मित्रारिपक्षयोः । आरभ्यन्ते इति आरम्भाः, सर्वे च ते आरम्भाश्च सर्वारम्भाः, तेषां परितः सर्वशः त्यागः इति सर्वारम्भपरित्यागः, सः अस्ति अस्य इति सर्वारम्भपरित्यागी । गुणान् अतीतः गुणातीतः ।

અન્વય અને અર્થઃ—(જે) मानापमानयोः માન અને અપમાનમાં, तुल्यः સમાન, मित्रारिपक्षयोः મિત્ર અને શત્રુઓના પક્ષમાં, (પણ) तुल्यः સમાન, (અને) सर्वारम्भपरित्यागी

પ્રત્યક્ષ, તથા પરોક્ષ હેતુવાળાં કર્મોના ત્યાગવાળો પુરુષ છે, સઃ તે, ગુણાતીતઃ ગુણોનું અતિક્રમણ કરી ગએલો, ઉચ્યતે કહેવાય છે.

ભાવાર્થઃ—વળી જે માન અને અપમાનમાં તુલ્ય માનનારો, મિત્ર તથા શત્રુના પક્ષમાં સમાન રહેનારો અને પ્રત્યક્ષ કે પરોક્ષ હેતુવાળાં કર્મોનો ત્યાગી બનેલો છે, તે પુરુષ ગુણોથી પર કહેવાય છે, અર્થાત્ એવો પુરુષ જ ગુણોને ઓળંધી ગએલો હોય છે અને તે જ મોક્ષ મેળવવા સમર્થ થાય છે. એટલે એ પ્રમાણે ઉપર કહેલાં ગુણાતીતનાં લક્ષણો સંપાદન કરવા પ્રત્યેક મુમુક્ષુએ મથવું જોઈએ. ૨૫.

અવતરણિકાઃ—હવે 'પ્રાણી ત્રણ ગુણોનું અતિક્રમણ કરી તેનાથી પર કેવી રીતે થાય છે ?' તે સંબંધમાં પ્રત્યુત્તર આપતાં ભગવાન્ કહે છે.

मां च योऽव्यभिचारेण भक्तियोगेन सेवते ॥
स गुणान्समतीत्यैतान् ब्रह्मभूयाय कल्पते ॥२६॥

---

१ ये तु सामान्यभावेन मन्यन्ते पुरुषोत्तमम् ।
ते वै पाखण्डिनो ज्ञेया नरकार्हा नराधमाः ॥ ब्रह्मांडपुराणे ॥

જે લોકો બીજા દેવોની પેઠે જ તેમની સમાન ભાવનાવડે પરમાત્માને માને છે-સેવે છે તે પાખંડીઓને ઘોરરૂપ નરકને લાયક, અધમ પુરુષો જાણવા. અર્થાત્ પરમાત્માને અવ્યભિચાર-અનન્યભાવવડે જે ભજે તે જ બ્રહ્મ-સાયુજ્યપદને પામે છે.

२ मत्कथाश्रुतिमात्रेण मयि सर्वगुहाशये । मनोगतिरविच्छिन्ना यथा गङ्गाम्भसोऽम्बुधौ ॥
अहैतुक्यव्यवहिता या भक्तिः पुरुषोत्तमे । लक्षणं भक्तियोगस्य निर्गुणस्य ह्युदाहृतम् ॥

મારી કથા-નામમાત્ર-ના શ્રવણથી સર્વેના નિવાસભૂત એવા મારામાં, જેમ ગંગાજીનું જળ નિરવલંબ એક જ સમુદ્ર તરફ ગતિ કરે છે તેમ જે મનની અવિચ્છિન્ન ગતિ થાય છે, તથા સંશયાદિરહિત, વ્યવધાનરહિત અને એકનિષ્ઠાવાળી પુરુષોત્તમ ભગવાન્માં જે ભક્તિ થાય છે તેને જ નિર્ગુણ ભક્તિયોગનું લક્ષણ કહ્યું છે.

પદચ્છેદઃ—माम्, च, यः, अव्यभिचारेण, भक्तियोगेन, सेवते, सः, गुणान्, समतीत्य, एतान्, ब्रह्मभूयाय, कल्पते.

व्युत्पत्तिसमासाः—व्यभिचरति अनेन इति व्यभिचारः, न व्यभिचारः अव्यभिचारः, तेन अव्यभिचारेण । भक्तिः एव योगः भक्तियोगः, तेन भक्तियोगेन । सम्यक् अतीत्य इति समतीत्य । ब्रह्मणः भूयः भावः ब्रह्मभूयः, तस्मै ब्रह्मभूयाय ।

અન્વય અને અર્થઃ—यः જે (યતિ અથવા કર્મયોગી પુરુષ), च પાદપૂર્ણાર્થે, अव्यभिचारेण એકનિષ્ઠાવાળા-અનન્ય એવા, भक्तियोगेन ભક્તિરૂપી યોગવડે, माम् મને, सेवते ઉપાસે છે, सः તે, एतान् એ, गुणान् ગુણોને, समतीत्य ઉલ્લંઘી જઈને, ब्रह्मभूयाय બ્રહ્મના ભાવને (પ્રાપ્તકરવા) માટે, कल्पते સમર્થ થાય છે.

ભાવાર્થઃ—જે યતિ અથવા કર્મયોગી પુરુષ નિરંતર અનન્ય એવા ભક્તિરૂપી યોગવડે મને ઉપાસે છે, તે ઉપર કહેલા સત્ત્વાદિ ગુણોને ઓળંઘીજઈને સાક્ષાત્ બ્રહ્મભાવ-મોક્ષ-ને પ્રાપ્ત કરવા સમર્થ થાય છે. અર્થાત્ બ્રહ્મને પ્રાપ્ત કરવાની ઈચ્છાવાળા પુરુષે અવશ્ય ગુણાતીત થવું જોઇએ, ત્યારે જ તે બ્રહ્મભૂત થવા શક્તિમાન્ થાય છે. ૨૬.

અવતરણિકાઃ—" અવ્યભિચરિત ભક્તિયોગથી મારી ઉપાસના કરનારાઓ મારા ભાવને પામે છે, પરંતુ તેમાં મારી ઉપાસના કેમ કરવી " તેનું કારણ બતાવવા માટે ભગવાન કહે છેઃ

ब्रह्मणो हि प्रतिष्ठाहममृतस्याव्ययस्य च ॥
शाश्वतस्य च धर्मस्य सुखस्यैकांतिकस्य च ॥२७॥

પદચ્છેદઃ—ब्रह्मणः, हि, प्रतिष्ठा, अहम्, अमृतस्य, अव्ययस्य, च, शाश्वतस्य, च, धर्मस्य, सुखस्य, ऐकान्तिकस्य, च.

વ્યુત્પત્તિસમાસાઃ—प्रतिष्ठन्ति अस्याम् इति प्रतिष्ठा । न मृतम् अमृतम्, तस्य अमृतस्य । न विद्यते व्ययः यस्य तत् अव्ययम्, तस्य अव्ययस्य । धारयति इति धर्मः, तस्य धर्मस्य । एकान्ते भवम् ऐकान्तिकम्, तस्य ऐकान्तिकस्य ।

અન્વય અને અર્થઃ—हि કારણ કે, अमृतस्य અવિનાશી, च અને, अव्ययस्य અવિકારી, ब्रह्मण. બ્રહ્મની, च તેમ, शाश्वतस्य નિત્ય (એવા), धर्मस्य ધર્મની, च અને, ऐकान्तिकस्य ઉપમારહિત-નિરતિશય-એકાંતમાં-સમાધિકાલમાં ઉત્પન્ન થએલા, सुखस्य સુખની, प्रतिष्ठा પ્રત્યક્ આત્મારૂપી સ્થિતિ, अहम् હું (કૃષ્ણ).

ભાવાર્થઃ—કારણ કે અવિનાશી અને અવિકારી બ્રહ્મની, તેમજ શાશ્વત-સનાતન એવા ધર્મની અને નિરુપમ-નિરતિશય

---

१ एकत्वमाप्ता पुरुष पुराण सत्य स्वयज्योतिरनन्त आद्य ।
निर्दोऽमरोऽजस्रसुखो निरञ्जन पूर्णोऽद्वयो मुक्त उमाधिनोऽमृत ॥

मास्वते ॥

અહીં સ્તુતિમાં બતાવ્યું કર્યું છે, 'હે ભગવન્! તમે એક જ આત્મા, પ્રાચીન-પુરુષ, સત્યરૂપ, સ્વયંપ્રકાશ અનાદિ, સર્વના આદિ, નિત્ય, અક્ષર, સહજ સુખરૂપ, નિરંજન, પૂર્ણ, અદ્વય અને ઉપાધિરહિત અમૃત છો.'

આનંદ-સુખ-ની સ્થિતિરૂપ હું છું. અર્થાત્ સર્વને ઉપાસના કરવા યોગ્ય હું છું અને તેથી જ એવા સર્વના સ્થિતિરૂપ મને ભજનારા ભક્તો અવશ્ય મારા ભાવને પામે છે એમાં સંશય નથી. ૨૭.

ઇતિ શ્રીમદ્ભગવદ્ગીતાસૂપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે શ્રીકૃષ્ણાર્જુનસંવાદે શ્રીકૃષ્ણકાર્ત્તાન્તિકમણીતસાન્વયબોધિન્યાં ગુર્જરટીકાયાં ગુણત્રયવિભાગયોગો નામ ચતુર્દશોઽધ્યાયઃ॥



पञ्चदशोऽध्यायः ।

અધ્યાય પંદરમો.

અવતરણિકા:—"કર્મયોગીઓનાં કર્મોનું ફલ, તેમ જ જ્ઞાનીઓના જ્ઞાનનું ફલ મારે આધીન હોવાથી, જેઓ મને ભક્તિયોગવડે ઉપાસે છે, તેઓ મારા પ્રસાદથી જ્ઞાનપ્રાપ્તિના ક્રમવડે ગુણોથી રહિત થઈ મોક્ષને પામે છે," એમ આગલા અધ્યાયના અંતના "मां च योऽव्यभिचारेण—" એ શ્લોકથી કહ્યું. હવે ભક્તિયોગવડે જો એમ સુલભતાથી મોક્ષ મેળવી શકાય છે તો પછી આત્માના તત્ત્વને સારી રીતે જાણનારની ગતિની વાત જ શી કરવી ? અર્થાત્ તેને તો મોક્ષ ભક્તિયોગની અપેક્ષાએ અધિક સુલભ છે, કેમકે ભક્તિયોગના સેવનથી કાલે કરી સંસ્કારોનો ઉદય થતાં આત્મજ્ઞાન થાય છે, પરંતુ આત્મતત્ત્વનું જ્ઞાન પ્રાપ્ત થયાથી તો તત્કાળ મોક્ષની પ્રાપ્તિ છે. એ પ્રમાણે ભક્તિયોગ કરતાં આત્મતત્ત્વનું જ્ઞાન વિશિષ્ટ છે તેથી અર્જુને કંઈ પણ ન પૂછવા છતાં ભગવાન્ શ્રીકૃષ્ણ આત્મતત્ત્વને કહેવાની ઇચ્છાથી બોલવા લાગ્યા. તેમાં પ્રથમ વૈરાગ્યને ઉત્પન્ન કરવાના હેતુથી સંસારનું સ્વરૂપ, તેને વૃક્ષની ઉપમા આપી કલ્પનાથી ભગવાન્ કહે છે, કારણ કે સંસારથી વિરક્ત થયેલાનો જ ભગવત્તત્ત્વ જાણવામા અધિકાર છે, પણ બીજા કોઇનો નથી, આથી તે સંસારવૃક્ષનું સ્વરૂપ જ ભગવાન્ કહે છે:

श्रीभगवानुवाच । શ્રીભગવાન્ કહે છે:—

ऊर्ध्वमूलमधःशाखमश्वत्थं प्राहुरव्ययम् ॥
छंदांसि यस्य पर्णानि यस्तं वेद स वेदवित् ॥ १ ॥

---

१ ऊर्ध्वमूलमवाक्शाखमश्वत्थं प्राहुरव्ययम् । मूलं ब्रह्म तदेवामृतमुच्यते । तस्मादूर्ध्वं प्रसृतमित्यर्थः । तस्य हि संसारवृक्षस्य वेदोक्तानि कर्माणि धर्माधर्मलक्षणानि पलाशानीव पलाशानि रक्षणात् पर्णानि । छन्दांसि वेदाः । यस्तमेवंविधं संसारवृक्षं वेद स वेदवित् स एव कृतकृत्यो नेतर इत्यर्थः ॥ १ ॥

અન્વય—અવ્યાકૃત-મૂલપ્રકૃતિરૂપી મૂળથી ઉત્પન્ન થયેલું અને તે પ્રકૃતિના જ અનુગ્રહ-આશ્રય-પોષણ વડે વધેલું, બુદ્ધિરૂપી થડવાળું, ઇન્દ્રિયોરૂપી

पदच्छेदः—ऊर्ध्वमूलम्, अधःशाखम्, अश्वत्थम्, प्राहुः, अव्ययम्, छन्दांसि, यस्य, पर्णानि, यः, तम्, वेद, सः, वेदवित्.

व्युत्पत्तिसमासाः—उर्ध्वम् उत्तमः क्षराक्षराभ्यामुत्कृष्टः मूलं यस्य सः ऊर्ध्वमूलः, तम् ऊर्ध्वमूलम्। अधः अर्वाचीनाः कार्योपाधयः हिरण्यगर्भादयः शाखाः इव शाखाः यस्य सः अधःशाखः, तम् अधःशाखम्। श्वः तिष्ठति इति श्वत्थः, न श्वत्थः अश्वत्थः, तम् अश्वत्थम्। प्रकर्षेण आहुः इति प्राहुः। वेदान् वेत्ति इति वेदवित्।

અન્વય અને અર્થઃ—ऊर्ध्वमूलम् (ક્ષર અને અક્ષર એ બંનેથી) ઊપર–ઉત્કૃષ્ટ–પરમપુરુષ જેનું મૂલ છે, अधःशाखम् નીચે પ્રસરેલી (તે પરમ પુરુષથી પછીના કાર્યોપાધિભૂત બ્રહ્માદિ સ્તમ્બપર્યંત) જેની શાખાઓ છે, छन्दांसि વેદો, यस्य જેનાં, पर्णानि પાંદડાંઓ, (છે, એવા) अश्वत्थम् (બીજે દિવસે ન રહેનારા સંસારરૂપી વૃક્ષ) અશ્વત્થને, (તત્ત્વજ્ઞાનીઓ) अव्ययम् (અનાદિકાલથી પ્રવૃત્ત હોવાથી) અવિનાશી, प्राहुः કહે છે, यः જે પુરુષ, तम् તે (સંસારવૃક્ષ)ને, (સમૂલ) वेद જાણે છે, सः તે, वेदवित् વેદોને જાણનાર (છે).

કોટર–(ઝાડના થડમાં જે કોતર પડે છતે) બાકોરા વાળુ (૧); આકાશાદિ પાંચ મહાભૂતરૂપી મોટી શાખાવાળુ, શબ્દાદિ વિષયોરૂપી પાદડાવાળુ, ધર્મ અને અધર્મરૂપી પુષ્પ–ફૂલોવાળુ તથા સુખદુ ખરૂપી ફળવાળુ (૨); અને સનાતન–પ્રાચીન–પુરાણુ એવું બ્રહ્મવૃક્ષ સર્વભૂતોને આશ્રય–પોષક–વાસાર્હ–વસવાયોગ્ય છે. એ બ્રહ્મના અધિષ્ઠાનવાળું હોવાથી બ્રહ્મવૃક્ષ કહેવાય છે. એ બ્રહ્મવનમાં બ્રહ્મ સાક્ષિની પેઠ વિચરે છે. (૩); એ વનનું જ્ઞાનરૂપી ખડ્ગ–તલવાર અથવા કુવાડાથી છેદન અને ભેદન કરીને (પુરુષ) પછી આત્મપ્રતિ–સ્વસ્વરૂપને પામી ફરી તેથી પુનરાવૃત્તિને પામતો નથી. (૪)

ભાવાર્થઃ—ક્ષર અને અક્ષર એ બંનેથી ઉત્કૃષ્ટ પરમપુરુષ જેનું મૂલ છે, બ્રહ્માદિ સ્તમ્બપર્યંતની વિવિધ સૃષ્ટિ જેની શાખાઓ છે, તથા વેદો જેનાં પાંદડાં છે એવા આ સંસારરૂપી વૃક્ષને તત્ત્વજ્ઞાનીઓ અશ્વત્થ—નશ્વર તથા અનાદિકાલથી પ્રવૃત્ત હોવાથી અવિનાશી કહે છે. જેઓ એ સંસારવૃક્ષને જાણમૂળથી જાણે છે, તે જ વેદોના અર્થની વાસ્તવિકતાને જાણનારા કહેવાય છે. ૧.

અવતરણિકાઃ—ઉપરોક્ત સંસારવૃક્ષના બીજા પણ જે જે અવયવો છે તે રૂપકથી ભગવાન્ કહે છે

अधश्चोर्ध्वं प्रसृतास्तस्य शाखा
गुणप्रवृद्धा विषयप्रवालाः ॥
अधश्च मूलान्यनुसंततानि
कर्मानुबंधीनि मनुष्यलोके ॥ २ ॥

पदच्छेदः—अधः, च, ऊर्ध्वम्, प्रसृताः, तस्य, शाखाः, गुणप्रवृद्धाः, विषयप्रवालाः, अधः, च, मूलानि, अनुसन्ततानि, कर्मानुबन्धीनि, मनुष्यलोके.

व्युत्पत्तिसमासाः—प्रकर्षेण सृताः इति प्रसृताः । गुणैः प्रवृद्धाः इति गुणप्रवृद्धाः । विषयाः एव प्रवालाः यासां ताः विषयप्रवालाः । अनु पश्चात् सम् सम्यक् ततानि इति अनुसन्ततानि । कर्म धर्माधर्मलक्षणम् एव अनुबन्धः पश्चाद्भावि अस्ति येषां तानि कर्मानुबन्धीनि। मनुष्याणा लोकः इति मनुष्यलोकः, तस्मिन् मनुष्यलोके ।

અન્વય અને અર્થઃ—तस्य તે સંસારરૂપી વૃક્ષની, गुणप्रवृद्धाः સત્ત્વ, રજ, તમ એ ગુણોવડે વધીને સ્થૂલ થએલી, (અને) विषयप्रवालाः ઇન્દ્રિયોના શબ્દસ્પર્શાદિ વિષયોરૂપી અંકુરોવાળી, शाखाः શાખાઓ, अधः નીચે (મનુષ્યાદિ સ્થાવરજંગમ પર્યંત), च તથા, ऊर्ध्वम् ઊપર (મનુષ્યથી વિશિષ્ટ દેવગંધર્વાદિથી લઈને બ્રહ્મા પર્યંત), प्रसृताः ફેલાએલી (છે), च તેમ, कर्मानुबन्धीनि (ધર્મઅધર્મરૂપી લક્ષણવાળાં) કર્મને ઉત્પન્ન કરી રહેલાં, (તે સંસારવૃક્ષનાં) मूलानि મૂળો, अधः નીચે, મનુષ્યલોકે मर्त्यलोकમાં, अनुसन्ततानि ક્રમાનુસાર સારી રીતે ફેલાએલાં છે.

ભાવાર્થઃ—તે સંસારરૂપી વૃક્ષની ગુણોથી વૃદ્ધિ પામીને સ્થૂલ થએલી અને શબ્દસ્પર્શાદિ ઇંદ્રિયોના વિષયોરૂપી અંકુરોવાળી અનેક શાખાઓ મનુષ્યલોકથી માંડીને ઊપર બ્રહ્મલોક પર્યંત ફેલાએલી છે, તથા ધર્માધર્મલક્ષણાત્મક કર્મને ઉત્પન્ન કરનારાં તેનાં મૂળો આ નીચેના મનુષ્યલોકમાં દૃઢતાથી પ્રસરેલાં છે. અર્થાત્ એ સંસારવૃક્ષ ગુણો, ઇન્દ્રિઓના વિષયો અને કર્મોથી ચારે તરફ વૃદ્ધિગત થઈ ફેલાયલું છે. ૨

અવતરણિકાઃ—"આવતી કાલ સુધી પણ રહેવામાં અનિશ્ચિત એવો આ સંસારરૂપી વૃક્ષ નશ્વર છે તેથી જ તેને 'અશ્વત્થ' એપ્રમાણે કહે છે તેમ જ તે અવ્યય-વિનાશરહિત છે એમ પણ કહેવામાં આવ્યું છે. એ ઊપરથી આ સંસાર પ્રતિક્ષણ વિનાશશીલ-વિજ્ઞાનવૃદ્ધિરૂપ હોય, અથવા નીહિ આદિ ધાન્યના રાશિરૂપે નિરંતર પ્રવાહરૂપ હોય તો પણ એ ન છેદી શકાય તેવો છે, તથા બીજના અંકુરો જેમ વૃક્ષના ઉગવામાં હેતુરૂપ છે તેમ વાસનાઓ અને કર્મો ઉત્તરોત્તર જન્મમાં હેતુરૂપ હોવાથી નિત્ય અપ્રતિહત છે." એવી શંકાના સમાધાનમાં સંસારનું અસ્તિત્વ અને અનસ્તિત્વ એ બંને હોવાથી સામાન્ય વચનોથી વ્યાખ્યાન કરી તેના સ્વરૂપને સ્પષ્ટ સમ-

જાણવા યોગ્ય આ સંસાર નથી, અર્થાત્ ' તેનું સ્વરૂપ, આકૃતિ કે વચનોથી અગમ્ય છે, ' એમ કહી એવા અપરિમેય અને સુદૃઢમૂલ સંસારના ઉચ્છેદના સાધનરૂપ વૈરાગ્યને જણાવી તેનાથી એ સંસારવૃક્ષનું ઉચ્છેદન કરી મનુષ્યને વૈરાગ્યથી શું પ્રાપ્ત વસ્તુ રહે છે તે જણાવતાં ભગવાન્ કહે છેઃ

न रूपमस्येह तथोपलभ्यते
नांतो न चादिर्न च संप्रतिष्ठा ॥
अश्वत्थमेनं सुविरूढमूल-
मसंगशस्त्रेण दृढेन छित्त्वा ॥ ३ ॥
ततः पदं तत्परिमार्गितव्यं
यस्मिन्गता न निवर्तंति भूयः ॥
तमेव चाद्यं पुरुषं प्रपद्ये
यतः प्रवृत्तिः प्रसृता पुराणी ॥ ४ ॥

પદચ્છેદઃ—ન, રૂપમ્, અસ્ય, ઇહ, તથા, ઉપલભ્યતે, ન, અન્તઃ, ન, ચ, આદિઃ, ન, ચ, સંપ્રતિષ્ઠા, અશ્વત્થમ્, એનમ્, સુવિરૂઢમૂલમ્, અસઙ્ગશસ્ત્રેણ, દૃઢેન, છિત્ત્વા; તતઃ, પદમ્, તત્, પરિમાર્ગિતવ્યમ્, યસ્મિન્, ગતાઃ, ન નિવર્તન્તિ, ભૂયઃ, તમ્, એવ, ચ, આદ્યમ્, પુરુષમ્, પ્રપદ્યે, યતઃ, પ્રવૃત્તિઃ, પ્રસૃતા, પુરાણી.

વ્યુત્પત્તિસમાસાઃ—રૂપ્યતે અનેન ઇતિ રૂપમ્ । ઉપ સમીપે લભ્યતે ઇતિ ઉપલભ્યતે । સમ્યક્ પ્રતિષ્ઠા સંપ્રતિષ્ઠા । સુષ્ઠુ વિશેષેણ રૂઢાનિ મૂલાનિ યસ્ય સઃ સુવિરૂઢમૂલઃ,

तं सुविरूढमूलम् । न संगः असंगः, असंगः एव शस्त्रम् असंगशस्त्रम्, तेन असंगशस्त्रेण । परितः मार्गयितुं योग्यम् इति परिमार्गितव्यम् । निश्चयेन वर्तन्ति इति निवर्तन्ति । आदौ भवः आद्यः, तम् आद्यम् । पुरि शेते इति पुरुषः, तं पुरुषम् । प्रकर्षेण पद्ये इति प्रपद्ये । प्रकृष्टा वृत्तिः प्रवृत्तिः । प्रकर्षेण सृता इति प्रसृता । पुरा नवी इति पुराणी ।

અન્વય અને અર્થઃ—अस्य આ સંસારરૂપી વૃક્ષનું, इह આ લોકમાં, रूपम् સ્વરૂપ-આકૃતિ, तथा (જેવી રીતે વર્ણન કરવામાં આવ્યું) તેવી રીતે, न, उपलभ्यते પ્રાપ્ત થતું નથી, (તેમ જ તેની) अन्तः સમાપ્તિ, न નથી, च તેમ, आदिः પ્રારંભ, (પણ જણાતો) न નથી, च તથા, संप्रतिष्ठा મધ્યમાં સ્થિતિ, (પણ કોઈને જાણવામાં આવતી) न નથી, (માટે) एनम् એ, सुविरूढमूलम् અત્યંત દૃઢ મૂલવાળા, अश्वत्थम् સંસારરૂપી વૃક્ષને, दृढेन (વારંવાર તત્ત્વવિવેક અને અભ્યાસરૂપી સરાણ પર તીક્ષ્ણ કરેલા એટલે) દૃઢ (એવા), असङ्गशस्त्रेण (પુત્ર, વિત્ત, લોકખ્યાતિ, ઇત્યાદિથી) વિરક્તિરૂપ શસ્ત્ર વડે, छित्त्वा છેદીને, ततः ત્યાર પછી, च પણ, यतः જેમાંથી, पुराणी પ્રાચીન-શાશ્વત, प्रवृत्तिः પ્રવૃત્તિ, प्रसृता ફેલાએલી છે, तम् તે, एव જ, आद्यम् આદિ, (પરમ) पुरुषम् પુરુષને, प्रपद्ये શરણે જાઉં છું, (એવી ભાવના વડે) तत् તે, पदम् પરમપદને, परिमार्गितव्यम् સારી રીતે ખોળવું, (કે) यस्मिन् જેને વિષે, गताः ગયેલા, भूयः ફરી, न, निवर्तन्ति સંસારમાં પાછા આવતા નથી.

ભાવાર્થઃ—આ સંસારરૂપી વૃક્ષનું સ્વરૂપ જેવી રીતે વર્ણન કરવામાં આવ્યું છે તેવી રીતે પ્રાપ્ત થતું નથી, એટલે કે

જાણી શકાતું નથી. તેમ જ એનાં અન્ત, આરંભ કે મધ્ય સ્થિતિ પણ કોઈવડે જાણી શકાતાં નથી, એવા એ અત્યંત દૃઢતાથી ઉગેલાં મૂલોવાળા સંસારવૃક્ષને વારંવાર તત્ત્વવિવેક અને અભ્યાસરૂપી સરાણ પર તીક્ષ્ણ કરેલા એવા દૃઢ વૈરાગ્યરૂપ હથિયાર વડે છેદીને, ત્યાર પછી વળી "તે જ આદિપુરુષ કે જેમાંથી આ પ્રાચીન-શાશ્વત પ્રવૃત્તિ પ્રસરેલી છે તેને જ હું શરણે જાઉં છું." એવી ભાવનાવડે તે પરમપદનું અન્વેષણ કરવું કે, જે પદને પામેલા ફરી આ સંસારની પુનરાવૃત્તિમાં પડતા નથી. અર્થાત્ આદિપુરુષને પ્રાપ્ત થવાની ભાવનાથી મોક્ષ મેળવવા દરેક વ્યક્તિએ યત્ન કરવો એ શ્રેયસ્કર છે. ૩-૪.

અવતરણિકા:—હવે 'પરમપુરુષ સંબંધી પદને પ્રાપ્ત કરવા કોણ અધિકારી છે' તે જણાવવા માટે ભગવાન્ અધિકારીઓનાં લક્ષણો કહે છે:

निर्मानमोहा जितसंगदोषा
अध्यात्मनित्या विनिवृत्तकामाः ॥
द्वंद्वैर्विमुक्ताः सुखदुःखसंज्ञै-
र्गच्छंत्यमूढाः पदमव्ययं तत् ॥ ५ ॥

पदच्छेदः—निर्मानमोहाः, जितसङ्गदोषाः, अध्यात्मनित्याः, विनिवृत्तकामाः, द्वन्द्वैः, विमुक्ताः, सुखदुःखसंज्ञैः, गच्छन्ति, अमूढाः, पदम्, अव्ययम्, तत्.

व्युत्पत्तिसमासाः—मानश्च मोहश्च मानमोहौ, निर्गतौ मानमोहौ येभ्यः ते निर्मानमोहाः । सङ्गः एव दोषः इति सङ्गदोषः, जितः सङ्गदोषः यैः ते जितसङ्गदोषाः । आत्मनि इति

अध्यात्मम्, नित्यम् अध्यात्मं येषां ते अध्यात्मनित्याः । विशेषेण निवृत्ताः कामाः येषां ते विनिवृत्तकामाः । विशेषेण मुक्ताः इति विमुक्ताः । सुखं च दुःखं च सुखदुःखे, सुखदुःखे संज्ञे येषां तानि सुखदुःखसंज्ञानि, तैः सुखदुःखसंज्ञैः । न मूढाः अमूढाः ।

અન્વય અને અર્થઃ—निर्मानमोहाः માન તથા મોહ જેઓમાંથી નીકળી ગયાં છે, जितसङ्गदोषाः સંસારની આસક્તિના દોષોને જેમણે જીત્યા છે, अध्यात्मनित्याः જેઓ સદા પરમાત્માના સ્વરૂપને વિચારવામાં તત્પર છે, विनिवृत्तकामाः જેમની કામનાઓ—તૃષ્ણાઓ નિવૃત્ત થઈ ગઈ છે, (અને) सुख दुःखसंज्ञैः સુખ અને દુઃખ નામવાળાં, द्वन्द्वैः દ્વન્દ્વો વડે, (જેઓ) विमुक्ताः મુકત થએલા, (છે, તે) अमूढाः મોહરહિત, (પુરુષો જ) तत् તે, अव्ययम् અવિનાશિ, पदम् પદને, गच्छन्ति પ્રાપ્ત થાય છે.

ભાવાર્થઃ—જેઓ માન તથા મોહથી રહિત, સંસારની આસક્તિના દોષોને જીતનારા, સદા પરમાત્માના સ્વરૂપને વિચારવામાં તત્પર, જેમની કામનાઓ શાંત થઈ ગઈ છે એવા તથા જેઓ સુખદુઃખ—સંજ્ઞાત્મક સાંસારિક હર્ષશોકાદિ દ્વંદ્વોથી મુકત થયેલા છે તેવા મોહરહિત પુરુષો જ તે અવિનાશિ પદને પામે છે.૫/

અવતરણિકાઃ—" **पतनान्ताः समुच्छ्रयाः** ' અર્થાત્ ' ઊર્ધ્વગમન—ઉંચી પાયરી પર ચઢવું તે અધઃપતન માટે જ.' એ ન્યાય પ્રમાણે જો વિષ્ણુભકતો ઉપર ઊંચા રહેલા પરમપદને પામે તો તેમને નીચે અવશ્ય આવવું પડે, તો પછી ' **यद्गत्वा न निवर्तन्ते** ' એ કહેવું અનુચિત છે.' એવી શંકાના સમાધાનમાં તે પદના વાસ્તવિક સ્વરૂપનું વર્ણન કરતાં "તે પદ સામાન્ય નિયમોથી અબાધ્ય છે, અને તે અસાધારણ તથા અલૌકિક પદ છે," એમ ભગવાન્ જણાવે છેઃ

न तद्भासयते सूर्यो न शशांको न पावकः ॥
यद्गत्वा न निवर्तंते तद्धाम परमं मम ॥ ६ ॥

પદચ્છેદઃ—न, तत्, भासयते, सूर्यः, न, शशाङ्कः, न, पावकः, यत्, गत्वा, न, निवर्तन्ते, तत्, धाम, परमम्, मम.

વ્યુત્પત્તિસમાસાઃ—शशः अङ्के यस्य सः शशाङ्कः । पवते असौ पावकः । नितरां वर्तन्ते इति निवर्तन्ते ।

અન્વય અને અર્થઃ—तत् તે પદને, सूर्यः ભગવાન્ સૂર્યનારાયણ, न, भासयते પ્રકાશિત કરી શકતા નથી, शशाङ्कः ચંદ્રમા, (પણ) न (भासयते પ્રકાશી શકતો)નથી, (તેમ) पावक. અગ્નિ, (પણ) न, (भासयते પ્રકાશી શકતો) નથી, (તથા) यत् જે પદને, गत्वा પામીને (યોગીઓ) न, निवर्न्तते પુનરાવૃત્તિ પામતા નથી, तत् તે (જ), मम મારું, परमम् શ્રેષ્ઠ, धाम સ્થાન અથવા સ્વરૂપ (છે).

ભાવાર્થઃ—તે પદને ભગવાન્ સૂર્યનારાયણ, ચંદ્રમા કે અગ્નિ કોઇ પણ પ્રકાશિત કરી શકતા નથી તથા જે પદને પામી યોગીઓ સંસારમાં પુનરાવૃત્તિ પામતા નથી, તે જ મારું શ્રેષ્ઠસ્થાન અથવા સ્વરૂપ છે. અર્થાત્ મારા તે ધામને પ્રાપ્ત કરવાનો જ યત્ન મુમુક્ષુઓ કરવો જોઈએ ૬

---

१ न तत्र सूर्यो भाति न चन्द्रतारकं नेमा विद्युतो भान्ति कुतोऽयमग्निः ।
तमेव भान्तमनुभाति सर्वं तस्य भासा सर्वमिदं विभाति ॥ श्रुति ॥

ત્યાં સૂર્યપ્રકાશતો નથી, ચદ્ર અને તારાઓ પ્રકાશતા નથી એ વીજળીઓ પણ પ્રકાશતી નથી તો આ અગ્નિ કયાંથી પ્રકાશે ? તેના જ પ્રકાશવાથી આ સઘળું જગત્ પ્રકાશે છે અને તેના જ પ્રકાશવડે આ સઘળું ભાસે છે.

અવતરણિકાઃ—' જે સ્થાને પહોંચીને યોગીઓ ફરી સંસારમાં આવતા નથી ' એમ કહ્યું, પણ " જે વસ્તુનો સંયોગ થાય તેનો વિયોગ થવો જ જોઇએ એ જગત્માં સુપ્રસિદ્ધ વાત છે, તો પછી તે ધામને પહોંચેલાનો તેની સાથે સદા સંયોગ કેમ બન્યો રહે ? " એવી શંકાના સમાધાનમાં ભગવાન્ શ્રીકૃષ્ણ કહે છેઃ

ममैवांशो जीवलोके जीवभूतः सनातनः ॥
मनःषष्ठानींद्रियाणि प्रकृतिस्थानि कर्षति ॥ ७ ॥

પદચ્છેદઃ—મમ, એવ, અંશઃ, જીવલોકે, જીવભૂતઃ, સનાતનઃ, મનઃપષ્ઠાનિ, ઇન્દ્રિયાણિ, પ્રકૃતિસ્થાનિ, કર્ષતિ.

વ્યુત્પત્તિસમાસાઃ—જીવાનાં લોકઃ જીવલોકઃ, તસ્મિન્ જીવલોકે । ન જીવઃ અજીવઃ, અજીવઃ જીવઃ ઇવ ભૂતઃ ઇતિ જીવભૂતઃ । મનઃ ષષ્ઠં યેષુ તાનિ મનઃપષ્ઠાનિ, તાનિ । પ્રકૃતૌ તિષ્ઠન્તિ તાનિ પ્રકૃતિસ્થાનિ, તાનિ ।

અન્વય અને અર્થઃ—મમ મારો, એવ જ, સનાતનઃ નિત્ય, અંશઃ અંશ, જીવલોકે આ સંસારમાં, જીવભૂતઃ જીવાત્મા-કર્તાભોક્તા-રૂપે રહેલો થકો, પ્રકૃતિસ્થાનિ પ્રકૃતિમાં રહેલી, મનઃપષ્ઠાનિ મનસહિત છ, ઇન્દ્રિયાણિ ઇન્દ્રિયોને, કર્ષતિ આકર્ષે છે.

ભાવાર્થઃ—મારો જ નિત્ય અંશ આ સંસારમાં જીવાત્મારૂપે રહેલો છે, અર્થાત્ જેવી રીતે જલમાં રહેલા સૂર્યનો અંશ સૂર્યથી ભિન્ન ગણાતો નથી, પણ જલનું શોષણ કરી સૂર્યમાં જ તે મળી જઈને પાછો ફરતો નથી, તેવી જ રીતે મારો

અંશ પણ મારા ધામને પામી ફરી પાછો ફરતો નથી. પરંતુ તે અંશ પોતપોતાના સ્થાનમાં રહેલી મનસહિત છ ઇન્દ્રિયોને ખેંચે છે. અર્થાત્ તે દ્વારા તે આ સંસારમાં આવે છે એમ તું માન. ૭.

અવતરણિકાઃ—"પોતાના સ્થાનમાં રહેલી ઇન્દ્રિયોને જીવ ક્યારે આકર્ષે છે?" તેના પ્રત્યુત્તરમાં ભગવાન્ શ્રીકૃષ્ણ કહે છેઃ

शरीरं यदवाप्नोति यच्चाप्युत्क्रामतीश्वरः ॥
गृहीत्वैतानि संयाति वायुर्गंधानिवाशयात् ॥ ८ ॥

પદચ્છેદઃ—શરીરમ્, યત્, અવાપ્નોતિ, યત્, ચ, અપિ, ઉત્ક્રામતિ, ઈશ્વરઃ, ગૃહીત્વા, એતાનિ, સંયાતિ, વાયુઃ, ગન્ધાન્, ઇવ, આશયાત્.

વ્યુત્પત્તિસમાસાઃ—ઉત્ ઊર્ધ્વમ્ ક્રામતિ ઇતિ ઉત્ક્રામતિ. સમ્યક્ યાતિ ઇતિ સંયાતિ. આ સમન્તાત્ શેરતે અસ્મિન્ ઇતિ આશયઃ, તસ્માત્ આશયાત્.

અન્વય અને અર્થઃ—ઈશ્વરઃ શરીરાદિ સમૂહનો સ્વામી, યત્ જ્યારે, દેહાત્ શરીરથી, ઉત્ક્રામતિ બહાર નીકળે છે, ચ અને, યત્ જ્યારે, શરીરમ્ (બીજા) શરીરને, અવાપ્નોતિ પામે છે, (ત્યારે તે) વાયુઃ પવન, આશયાત્ પુષ્પના સ્થાનમાંથી, ગન્ધાન્

---

૧ सर्वे क्षयान्ता निचयाः पतनान्ताः समुच्छ्रयाः ।
संयोगा विप्रयोगान्ता मरणान्तं हि जीवितम् ॥

સમૂહો-વસ્તુસમુદાયો સઘળાં ક્ષયાંત-નાશવંત છે, ઉછાયો-ઉચ્ચપણાં-સઘળાં પતનાંત-પડવાનાં જ છે, સંયોગો સર્વ વિયોગાંત-જુદા થવાનાં જ છે અને જીવિત મરણાન્ત-મરણપર્યંત જ છે.

સુગંધોને, इव જેમ, (જેવી જાય છે તેમ) एतानि એ મન સહિત છ ઇન્દ્રિયોને गृहीत्वा લઇને, संयाति જાય છે.

ભાવાર્થઃ—શરીરાદિ સમૂહનો સ્વામી આ આત્મા જ્યારે શરીરથી બહાર નીકળે છે અને બીજા શરીરને પામે છે ત્યારે પવન જેમ પુષ્પના સ્થાનમાંથી સુગંધને લઈ જાય છે, તેવી રીતે મનસહિત બધી ઇન્દ્રિયોને સાથે લઈ જઇને અન્ય શરીરને પ્રાપ્ત થાય છે. અર્થાત્ પૂર્વના શરીરમાંથી મનસહિત ઇન્દ્રિયોને લઇને તે બીજા શરીરને મેળવે છે. ૮

અવતરણિકાઃ—" મનસહિત છ ઇન્દ્રિયો તે કઇ ? તેમ જીવાત્મા શા માટે તેમને લઇને અન્ય શરીરમા પ્રવેશ કરે છે ? " એ પ્રશ્નોના ઉત્તરમા ભગવાન્ કહે છે.

श्रोत्रं चक्षुः स्पर्शनं च रसनं घ्राणमेव च ॥
अधिष्ठाय मनश्चायं विषयानुपसेवते ॥ ९ ॥

પદચ્છેદઃ—श्रोत्रम्, चक्षुः, स्पर्शनम्, च, रसनम्, घ्राणम्, एव, च, अधिष्ठाय, मनः, च, अयम्, विषयान्, उपसेवते.

વ્યુત્પત્તિસમાસાઃ—श्रूयते अनेन इति श्रोत्रम्, तत् । चष्टे अनेन इति चक्षु, तत् । स्पृशति अनेन इति स्पर्शनम्, तत् । रसति अनेन इति रसनम्, तत् । जिघ्रति अनेन इति घ्राणम्, तत् । अधि स्थित्वा इति अधिष्ठाय ।

અન્વય અને અર્થઃ—अयम् આ ઈશ્વર–જીવાત્મા, श्रोत्रम् કાન, चक्षु આંખ, च, તેમ, स्पर्शनम् ત્વચા, रसनम् જિહ્વા, च અને, घ्राणम् નાસિકા, च, एव તેમ જ, मनः મનને, अधिष्ठाय

સાથે લઈને, વિષયાન્ (ઈન્દ્રિયોના શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ એ) વિષયોને, ઉપસેવતે ભોગવે છે.

ભાવાર્થઃ—જીવાત્મા કાન, આંખ, ચામડી, જિહ્વા અને નાસિકા એ પાંચ ઇંદ્રિયો અને છઠ્ઠું મન એ પ્રત્યેકનો આશ્રય કરીને જ ઇન્દ્રિયોના શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ એ વિષયોને ભોગવે છે. અર્થાત્ એનો ઉપભોગ કરીને તેમને સાથે લઈને જ તે દેહાન્તરને પ્રાપ્ત થાય છે. ૯.

અવતરણિકાઃ—"शरीरं यदवाप्नोति" ઇત્યાદિ શ્લોકથી આત્મા, દેહ તથા ઇન્દ્રિયોથી તદ્દન ભિન્ન છે એમ બતાવ્યું, 'श्रोत्रं चक्षुः' એ શ્લોકથી આત્માને બધી ઇન્દ્રિયોનો પ્રવર્તક તથા તેમનાથી પણ ભિન્ન કહ્યો, પરંતુ જો એ એપ્રમાણે સર્વથી ભિન્ન હોય તો પછી એક શરીરમાંથી બીજા શરીરમાં જતી વખતે દેહાદિથી ભિન્ન એવા એ આત્માને બધા કેમ જોઈ શકતા નથી?" તેના ઉત્તરમાં ભગવાન્ શ્રીકૃષ્ણ કહે છેઃ

उत्क्रामंतं स्थितं वापि भुंजानं वा गुणान्वितम् ॥
विमूढा नानुपश्यंति पश्यंति ज्ञानचक्षुषः ॥ १० ॥

પદચ્છેદઃ—उत्क्रामन्तम्, स्थितम्, वा, अपि, भुञ्जानम्, वा, गुणान्वितम्, विमूढाः, न, अनुपश्यन्ति, पश्यन्ति, ज्ञानचक्षुषः.

વ્યુત્પત્તિસમાસાઃ—उत्क्रामति इति उत्क्रामन्, तम् उत्क्रामन्तम् । भुङ्क्ते असौ भुञ्जानः, तम् । गुणैः अन्वितः इति गुणान्वितः, तं

---

१ हृदयाकाशमात्रस्य विनाशे देहनाशतः ।
व्यर्थं भूतानि शोचन्ति नष्ट आत्मेतिदाहुवा ॥

કેવળ હૃદયાકાશના વિનાશથી દેહનો નાશ થાય છે, અને દેહનો નાશ થતાં આત્માનો નાશ થયો એવી શંકાથી લોકો વ્યર્થ શોક કરે છે.

गुणान्वितम् । विशेषेण मूढा इति विमूढाः । ज्ञानम् एव चक्षुः येषां ते ज्ञानचक्षुषः ।

અન્વય અને અર્થ—उत्क्रामन्तम् એક શરીર છોડી બીજા શરીરમા પ્રવેશ કરતા, स्थितम् શરીરમા રહેલા, वा અથવા, भुञ्जानम् વિષયોને ભોગવતા, (કે) गुणान्वितम् સત્ત્વ, રજ, તમ ઇત્યાદિ ગુણોવડે યુકત, (એવા આત્માને) अपि પણ, विमूढा અનેક પ્રકારના મૂઢ લોકો, न, अनुपश्यन्ति જોઈ શકતા નથી, (પરંતુ) ज्ञानचक्षुषः જ્ઞાન એ જ જેમનાં નેત્ર છે તેવા-જ્ઞાનીઓ, पश्यन्ति જોઈ શકે છે.

ભાવાર્થઃ—એક શરીર છોડી બીજા શરીરમાં પ્રવેશ કરતા, શરીરમા રહેલા, વિષયોને ભોગવતા, અથવા સત્ત્વાદિ ગુણો યુક્ત એવા આત્માને પણ અત્યત મૂઢ લોકો જોઈ શકતા નથી, પણ જ્ઞાનરૂપી નેત્રવાળા જ્ઞાનીઓ જ જોઈ શકે છે અર્થાત્ આત્માનુ વિશુદ્ધ દર્શન જ્ઞાનીઓ સિવાય અન્ય કોઈ કોઇપણ સમયે કરી શકતા નથી. ૧૦

અવતરણિકાઃ—'આત્મા ન જણી શકાય તેવો હોવાથી, જ્ઞાનવાન વિવેકીઓ જ તેને જોઈ શકે છે, પણ બીજા અવિવેકીઓ જોઈ શકતા નથી" તે વાતને દૃઢ કરવા માટે પુન ભગવાન્ જણાવે છે

यतंतो योगिनश्चैनं पश्यंत्यात्मन्यवस्थितम् ॥
यतंतोऽप्यकृतात्मानो नैनं पश्यंत्यचेतसः ॥ ११ ॥

---

१ लक्ष्यैकतां समासाद्य निर्विकारतयाऽऽत्मनि । मनसो निश्चलत्वेन स्थितिर्योग इतीर्यते ॥
લક્ષ્યની સાથે એકતા કરીને નિર્વિકારપણાવડે આત્મા-બુદ્ધિ-મા નિશ્ચલપણે જે મનની સ્થિતિ તે જ યોગ એમ કહેવાય છે

પદચ્છેદઃ—યતન્તઃ, યોગિનઃ, ચ, એનમ્, પશ્યન્તિ, આત્મનિ, અવસ્થિતમ્, યતન્તઃ, અપિ, અકૃતાત્માનઃ, ન, એનમ્, પશ્યન્તિ, અચેતસઃ.

વ્યુત્પત્તિસમાસાઃ—યતન્તિ તે યતન્તઃ। યોગઃ અસ્તિ યેષાં તે યોગિનઃ। અકૃતઃ આત્મા યેષાં તે અકૃતાત્માનઃ। ન વિદ્યન્તે ચેતાંસિ યેષાં તે અચેતસઃ।

અન્વય અને અર્થઃ—ચ વળી, યતન્તઃ પ્રયત્ન કરનારા, યોગિનઃ (એકાગ્રચિત્તવાળા) યોગિઓ, એનમ્ એ આત્માને, આત્મનિ આત્મામાં–પોતાની બુદ્ધિમાં, અવસ્થિતમ્ સ્થિર રહેલો, પશ્યન્તિ ('આ આત્મા તે હું ' એમ નિશ્ચય પૂર્વક) જુએ છે, (પરંતુ) અકૃતાત્માનઃ તપ, ઇન્દ્રિયજય ઇત્યાદિ સંસ્કારથી રહિત આત્માવાળા, અચેતસઃ અવિવેકી લોકો, (તો) યતન્તઃ યત્ન કરતા થકા, અપિ પણ, એનમ્ એ આત્માને, ન, પશ્યન્તિ જોઈ શકતા નથી.

ભાવાર્થઃ—વળી પ્રયત્નશીલ એવા એકાગ્રચિત્તવાળા યોગીઓ એ આત્માને પોતાની બુદ્ધિમાં " આ આત્મા તે હું " એમ સ્થિર રહેલો નિશ્ચયપૂર્વક જોઇ શકે છે, પણ તપ, ઇન્દ્રિયજય ઇત્યાદિ સંસ્કારોથી હીન આત્માવાળા અવિવેકી પુરુષો તો યત્ન કરતા થકા પણ એ આત્માને જોઈ શકતા નથી. ૧૧.

અવતરણિકાઃ—" આત્માનું દર્શન જ્ઞાનીઓ વિના અન્ય કોઈ કરી શકતું નથી અને તેથી મુમુક્ષુએ તે આત્મસ્વરૂપ એવા મારા દર્શનને માટે મારી ઉપાસના કરવી જ યોગ્ય છે," એમ જણાવવા માટે ભગવાન્ પોતાનું સર્વોત્તમપણું દર્શાવતા ચાર શ્લોકથી કહે છેઃ

यदादित्यगतं तेजो जगद्भासयतेऽखिलम् ॥
यच्चंद्रमसि यच्चाग्नौ तत्तेजो विद्धि मामकम् ॥१२॥

पदच्छेदः—यत्, आदित्यगतम्, तेजः, जगत्, भासयते, अखिलम्, यत्, चन्द्रमसि, यत्, च, अग्नौ, तत्, तेजः, विद्धि, मामकम्.

व्युत्पत्तिसमासाः—आदित्ये गतम् इति आदित्यगतम्। गच्छति इति जगत्। न खिलम् अखिलम्। मम इदम् मामकम्।

अन्वय अने अर्थः—यत् जे, आदित्यगतम् सूर्यनारायणमा रहेलु, तेज तेज, अखिलम् समस्त, जगत् जगत्ने, भासयते प्रकाशित करे छे, च तेम, यत् जे चन्द्रमसि चद्रमामा, (रहेलु तेज) च अने, यत् जे अग्नौ अग्निमा, (रहेलु तेज छे) तत् ते, तेज तेज, मामकम् मारु, विद्धि तुं जाणु

भावार्थः—सूर्यनारायणमा रहेलु तेज के जे आ समस्त जगत्ने प्रकाश आपे छे तथा जे तेज चद्रमामां तेम ज अग्निमा रहेलु छे, ते तेज मारुं छे एम तु जाणु. १२

गामाविश्य च भूतानि धारयाम्यहमोजसा ॥
पुष्णामि चौषधीः सर्वाः सोमो भूत्वा रसात्मकः ॥१३॥

पदच्छेदः—गाम्, आविश्य, च, भूतानि, धारयामि, अहम्, ओजसा, पुष्णामि, च, औषधीः, सर्वाः, सोमः, भूत्वा, रसात्मकः.

व्युत्पत्तिसमासाः—रस एव आत्मा यस्य स रसात्मक।

અન્વય અને અર્થઃ—ચ વળી, અહમ્ હું, ગામ્ પૃથ્વીમાં, આવિશ્ય પ્રવેશ કરીને, (પૃથ્વીસ્વરૂપે) ભૂતાનિ પ્રાણીઓને, ઓજસા (મારા) બલ-તેજ વડે, ધારયામિ ધારણ કરું છું, ચ તેમ, રસાત્મકઃ રસસ્વરૂપ એવો, સોમઃ ચંદ્રમા, ભૂત્વા થઈને, સર્વાઃ બધી, ઔષધીઃ (વ્રીહિ, યવ, પુષ્પ વિગેરે) ઔષધિઓને, પુષ્ણામિ પુષ્ટિ આપું છું.

ભાવાર્થઃ—વળી હું પૃથ્વીમાં પ્રવેશ કરીને પૃથ્વીસ્વરૂપે પ્રાણિઓને મારા બલ વડે ધારણ કરું છું તેમ જ રસસ્વરૂપ ચંદ્રમા થઇને વ્રીહિ, યવ, પુષ્પ વિગેરે બધી ઔષધિઓને પણ પોષું છું. ૧૩.

अहं वैश्वानरो भूत्वा प्राणिनां देहमाश्रितः ॥
प्राणापानसमायुक्तः पचाम्यन्नं चतुर्विधम् ॥ १४ ॥

પદચ્છેદઃ—અહમ્, વૈશ્વાનરઃ, ભૂત્વા, પ્રાણિનામ્, દેહમ્, આશ્રિતઃ, પ્રાણાપાનસમાયુક્તઃ, પચામિ, અન્નમ્, ચતુર્વિધમ્.

વ્યુત્પત્તિસમાસાઃ—પ્રાણાઃ સન્તિ યેષાં તે પ્રાણિનઃ, તેષાં પ્રાણિનામ્ । આ સમન્તાત્ શ્રિતઃ ઇતિ આશ્રિતઃ । પ્રાણશ્ચ અપાનશ્ચ

---

૧ "अयमग्निर्वैश्वानरो योऽयमन्तःपुरुषे येनेदमन्नं पच्यते આ વૈશ્વાનર નામનો અગ્નિ કે જે એ પુરુષની અંદર રહે છે અને જેવડે અન્ન પકાવાય છે" "नाभ्यामुपरि तिष्ठति તે નાભિના ઉપરના ભાગમાં રહે છે" આથી ઉદરમાં રહેલા જઠરાગ્નિને વૈશ્વાનર નામનો અગ્નિ કહેવામાં આવે છે.

૨ જે દાંતથી તોડીને ખાવામાં આવે છે તે 'ભક્ષ્ય', જિહ્વાથી ખાવામાં આવે છે તે 'ભોજ્ય', ચાટીને ખાવામાં આવે છે તે 'લેહ્ય', અને ચૂસીને ખાવામાં આવે છે તે 'ચોષ્ય' એમ ચાર પ્રકારનું અન્ન કહેવામાં આવે છે.

प्राणापानौ, ताभ्यां सम्यक् आयुक्तः इति प्राणापानसमायुक्तः। अद्यते यत् तत् अन्नम्, तत्। चतस्रः विधाः प्रकाराः यस्य तत् चतुर्विधम्, तत्।

અન્વય અને અર્થઃ—(વળી) अहम् હું, वैश्वानरः જઠરાગ્નિ, भूत्वा થઈને, प्राणिनाम् પ્રાણિઓના, देहम् શરીરનો, आश्रितः આશ્રય કરીને–તેમાં પ્રવેશ કરીને, चतुर्विधम् ચાર પ્રકારના–(भक्ष्य, भोज्य, लेह्य અને चोष्य), अन्नम् અન્નને, पचामि પચાવું છું.

ભાવાર્થઃ—હું વૈશ્વાનર અગ્નિ–જઠરાગ્નિ–થઈ પ્રાણીઓનાં શરીરોમાં પ્રવેશ કરીને ભક્ષ્ય, ભોજ્ય, લેહ્ય, અને ચોષ્ય એ પ્રમાણે ચાર પ્રકારના અન્નનું પાચન કરું છું. ૧૪.

सर्वस्य चाहं हृदि सन्निविष्टो
मत्तः स्मृतिर्ज्ञानमपोहनं च ॥
वेदैश्च सर्वैरहमेव वेद्यो
वेदान्तकृद्वेदविदेव चाहम् ॥ १५ ॥

પદચ્છેદઃ—सर्वस्य, च, अहम्, हृदि, सन्निविष्टः, मत्तः, स्मृतिः, ज्ञानम्, अपोहनम्, च, वेदैः, च, सर्वैः, अहम्, एव, वेद्यः, वेदान्तकृत्, वेदवित्, एव, च, अहम्.

વ્યુત્પત્તિસમાસાઃ—सृतम् अनेन विश्वम् इति सर्वम्, तस्य सर्वस्य। सम्यक् निविष्टः इति सन्निविष्टः। मत् इति मत्तः। वेदितुं योग्यः वेद्यः। वेदानाम् अन्तः इति वेदान्तः, तं करोति इति वेदान्तकृत्। वेदान् वेत्ति इति वेदवित्।

અન્વય અને અર્થઃ—ચ વળી, અહમ્ હું, સર્વસ્ય સર્વ પ્રાણિના, હૃદિ હૃદયમા, સન્નિવિષ્ટ સારી રીતે પ્રવેશ કરીને રહેલો, (છુ તેમને) મત્ત મારાથી જ, સ્મૃતિ સ્મૃતિ, જ્ઞાનમ્ જ્ઞાન, ચ અને, અપોહનમ્ સ્મૃતિ તથા જ્ઞાનનુ વિસ્મરણ થાય છે, ચ તેમ, સર્વૈઃ બધા, વેદૈઃ વેદો વડે, વદ્ય જાણવા યોગ્ય, અહમ્ હું, એવ જ, (છુ, તેમ) વેદાન્તકૃત્ વેદાન્ત—તત્ત્વજ્ઞાનનો કર્તા, ચ તથા, વેદવિત્ વેદોને જાણનાર, એવ પણ, અહમ્ હું (છુ).

ભાવાર્થઃ—વળી હું પ્રાણિમાત્રના હૃદયમા એટલે બુદ્ધિમા પ્રવેશ કરીને રહેલો છુ તેમને મારાથી જ સ્મૃતિ અને જ્ઞાન થાય છે, તેમ તેમના સ્મૃતિ અને જ્ઞાનનો લોપ પણ મારાથી જ થાય છે, વળી બધા વેદોમા જાણવા યોગ્ય હું જ છુ, તેમ વેદાતનો કર્તા અને વેદોને જાણનાર પણ હું જ છુ ૧૫.

અવતરણિકા—ભગવાને નાગયણની વિશિષ્ટ ઉપાધિયુક્ત વિનુ તિઓવાળુ પોતાનુ સ્વરૂપ 'યદાદિત્યગત તેજ' ઇત્યાદિ શ્લોકો વડે કર્યું, હવે તે જ ભગવાનનુ નિરુપાધિક કેવલ પરબ્રહ્મસ્વરૂપનુ નિર્ણય કરવા માટે પોતાના ક્ષર અને અક્ષર એ ઉપાધિયુક્ત વિભક્ત સ્વરૂપનુ વર્ણન કરતા ભગવાન્ કહે છે

द्वाविमौ पुरुषौ लोके क्षरश्चाक्षर एव च ॥
क्षरः सर्वाणि भूतानि कूटस्थोऽक्षर उच्यते ॥ १६ ॥

પદચ્છેદઃ—દ્વૌ, ઇમૌ, પુરુષૌ, લોકે, ક્ષરઃ, ચ, અક્ષરઃ, એવ, ચ, ક્ષરઃ, સર્વાણિ, ભૂતાનિ, કૂટસ્થઃ, અક્ષરઃ, ઉચ્યતે.

વ્યુત્પત્તિસમાસાઃ—ક્ષરતિ ઇતિ ક્ષર । નક્ષર અક્ષર । કૂટ ઇવ તિષ્ઠતિ ઇતિ કૂટસ્થ અથવા કૂટ—માયા—તસ્મિન્ તિષ્ઠતિ ઇતિ કૂટસ્થ ।

અન્વય અને અર્થઃ—લોકે આ લોકમાં, ઇમૌ આ, દ્વૌ બે, પુરુષૌ પુરુષો, એવ જ (છે), (એક) ક્ષરઃ ક્ષર, ચ અને, (બીજો) અક્ષરઃ અક્ષર, (તેમાં) સર્વાણિ બધાં, ભૂતાનિ બ્રહ્માદિ સ્થાવરાન્ત શરીરો, ક્ષરઃ ક્ષર-વિનાશશીલ, (અને) કૂટસ્થ. (શરીરોનો નાશ થવા છતાં) લુહારની એરણની પેઠે અચળ રહેલો, (અનેક માયા-પ્રપંચોમાં સ્થિત રહેલો જીવાત્મા) અક્ષરઃ (સંસાર-બીજના અનંતપણાને લીધે) અક્ષર-અવિનાશી, ઉચ્યતે કહેવાય છે

ભાવાર્થઃ—આ લોકમાં આ બે પુરુષો છે, એક તો ક્ષર અને બીજો અક્ષર; તેમાં બ્રહ્માદિ સ્થાવરપર્યંત શરીરમાત્ર તે "ક્ષર"-વિનાશશીલ પુરુષ કહેવાય છે અને શરીરોનો નાશ થવા છતાં લુહારની એરણની પેઠે અચળ રહેલો, અથવા અનેક માયાપ્રપંચોમા સ્થિત રહેલો જે જીવાત્મા તે સંસાર બીજના અનંતપણાને લીધે 'અક્ષર"-અવિનાશી કહેવાય છે. ૧૬.

અવતરણિકાઃ—હવે આ પ્રમાણે 'ક્ષર' અને 'અક્ષર' પુરુષોનુ વર્ણન કરી તેમનાથી ભિન્ન એટલે ઉપરોક્ત "ક્ષર" અને "અક્ષર" એ બને પુરુષથી જુદા જ-ક્ષર અને અક્ષર એ બ-ને ઉપાધિના દોષથી અસ્પૃષ્ટ, નિત્ય, શુદ્ધબુદ્ધ, મુક્તસ્વભાવ પરમાત્મા કે જે તૃતીય પુરુષ છે તેનુ વર્ણન કરતા ભગવાન્ કહે છે

उत्तमः पुरुषस्त्वन्यः परमात्मेत्युदाहृतः ॥
यो लोकत्रयमाविश्य बिभर्त्यव्यय ईश्वरः ॥ १७ ॥

પદચ્છેદઃ—उत्तमः, पुरुषः, तु, अन्यः, परमात्मा, इति, उदाहृतः, यः, लोकत्रयम्, आविश्य, बिभर्ति, अव्ययः, ईश्वरः.

વ્યુત્પત્તિસમાસાઃ—પરમશ્ચાસૌ આત્મા ચ, વા પરમઃ આત્મા યસ્ય સઃ પરમાત્મા । લોકાનાં ત્રયમ્ ઇતિ લોકત્રયમ્, તત્ । ન વિદ્યતે વ્યયઃ યસ્ય સઃ અવ્યયઃ । ઈષ્ટે અસૌ ઈશ્વરઃ ।

અન્વય અને અર્થઃ—તુ પરંતુ, પરમાત્મા "પરમાત્મા" ઇતિ એ પ્રમાણે, ઉદાહૃતઃ (વેદાન્તાદિ શાસ્ત્રોમાં) કહેવાયલા, ઉત્તમઃ (સૌથી) શ્રેષ્ઠ, પુરુષઃ પુરુષ, (તે) અન્યઃ (ક્ષર અક્ષર એ બંનેથી) જુદા, (જ છે, કે) યઃ જે, અવ્યયઃ અવિનાશી, ઈશ્વરઃ ઈશ્વર, લોકત્રયમ્ (પૃથ્વી અંતરિક્ષ અને સ્વર્ગ એ) ત્રણે લોકમાં, આવિશ્ય (પોતાની ચૈતન્યરૂપી માયા વડે) પ્રવેશ કરીને, (તેમને) બિભર્તિ ધારણ કરે છે.

ભાવાર્થઃ—પરંતુ "પરમાત્મા" એ પ્રમાણે વેદાન્તાદિ શાસ્ત્રોમાં કહેવાયલા સૌથી શ્રેષ્ઠ પુરુષ તો ક્ષર અને અક્ષર એ બંનેથી જુદા જ છે, કે જે અવિનાશી ઈશ્વર 'भूर्भुवःस्वः'—પૃથ્વી, અંતરિક્ષ અને સ્વર્ગ એ ત્રણે લોકમાં પોતાની ચૈતન્યરૂપી માયા વડે પ્રવેશ કરીને તે લોકોને ધારણ કરે છે. અર્થાત્ સર્વ વડે પ્રાપ્ત કરવા યોગ્ય તેજ તૃતીય પુરુષ છે એમ તું માન. ૧૭.

અવતરણિકાઃ—એ પ્રમાણે તે પરમાત્માને જે "પુરુષોત્તમ" એ પ્રસિદ્ધ નામથી કહેવામાં આવે છે, તે નામની અર્થમૂલક સિદ્ધિ દ્વારા તે નામની અન્વર્થતા બતાવતાં ભગવાન્ પોતાના નિરતિશય સ્વરૂપનું વર્ણન કરતા કહે છે:

यस्मात्क्षरमतीतोऽहमक्षरादपि चोत्तमः ॥
अतोऽस्मि लोके वेदे च प्रथितः पुरुषोत्तमः॥१८॥

પદચ્છેદઃ—यस्मात्, क्षरम्, अतीतः, अहम्, अक्षरात्, अपि, च, उत्तमः, अतः, अस्मि, लोके, वेदे, च, प्रथितः, पुरुषोत्तमः,

વ્યુત્પત્તિસમાસાઃ—અતિ અતીત્ય ઇતઃ ગતઃ ઇતિ અતીતઃ। પુરુ સીદન્તિ તે પુરુષાઃ, પુરુષેષુ ઉત્તમઃ પુરુષોત્તમઃ।

અન્વય અને અર્થઃ—યસ્માત્ જે કારણથી, અહમ્ હું, ક્ષરમ્ ક્ષર પુરુષથી, અતીતઃ ઉત્કૃષ્ટ, ચ તેમ, અક્ષરાત્ અક્ષર પુરુષથી, અપિ પણ ઉત્તમઃ ઉત્તમ, (છું) અતઃ તેથી, લોકે લોકમાં, ચ અને, વેદે વેદમાં, પુરુષોત્તમઃ "પુરુષોત્તમ-પુરુષોમાં શ્રેષ્ઠ," (એમ) પ્રથિતઃ પ્રસિદ્ધ, અસ્મિ છું.

ભાવાર્થઃ—જે કારણથી હું ક્ષર-જડવર્ગ તેમજ અક્ષર-ચેતનવર્ગથી પણ ઉત્કૃષ્ટ છું, તેથી જ લોકમાં અને વેદમાં હું "પુરુષોત્તમ" એ નામથી પ્રસિદ્ધ છું. ૧૮.

અવતરણિકાઃ—"ઉપર કહેવામા આવેલા એ પ્રમાણેના આત્મ-સ્વરૂપ એવા મારા-પુરુષોત્તમના વાસ્તવિક સ્વરૂપને જે જાણે છે તે જ મારો ખરો ભક્ત છે," એમ જણાવવા ભગવાન્ કહે છેઃ

यो मामेवमसंमूढो जानाति पुरुषोत्तमम् ॥
स सर्वविद्भजति मां सर्वभावेन भारत ॥ १९ ॥

પદચ્છેદઃ—યઃ, મામ્, એવમ્, અસંમૂઢઃ, જાનાતિ, પુરુષોત્તમમ્, સઃ, સર્વવિત્, ભજતિ, મામ્, સર્વભાવેન, ભારત.

---

૧ વંશીવિભૂષિતકરાન્નવનીરદાભાત્ પીતામ્બરાદરુણબિમ્બફલાધરોષ્ઠાત્ ।
પૂર્ણેન્દુસુન્દરમુખાદરવિન્દનેત્રાત્ કૃષ્ણાત્પરં કિમપિ તત્ત્વમહં ન જાને ॥

વંશી-મોરલી વડે જેમના હાથ વિભૂષિત છે, નવા મેઘની કાંતિ જેવા જે ઘનશ્યામ છે, પીતાંબર જેમણે ધારણ કરેલું છે, બિંબફળ જેવા જેમના અધરોષ્ઠ છે, પૂર્ણિમાના પૂર્ણચંદ્ર જેવું સુંદર જેમનું મુખ છે અને કમળ જેવાં જેમનાં નેત્રો છે એવા શ્રીકૃષ્ણ ચંદ્રથી ભિન્ન ઉત્તમ તત્ત્વ હું બીજું કંઈ પણ જાણતો નથી.

વ્યુત્પત્તિસમાસાઃ—સમ્યક્ મૂઢઃ સંમૂઢઃ, ન સમૂઢઃ અસંમૂઢઃ। સર્વં વેત્તિ ઇતિ સર્વવિત્। સર્વશ્ચાસૌ ભાવશ્ચ સર્વભાવઃ, તેન સર્વભાવેન.

અન્વય અને અર્થઃ—ભારત હે ભારત, યઃ જે પુરુષ, અસંમૂઢઃ અવિવેકરહિત એટલે કે જ્ઞાનયુકત થઈને, મામ્ મને, એવમ્ એ પ્રમાણે, પુરુષોત્તમમ્ "પુરુષોત્તમ"સ્વરૂપે, જાનાતિ જાણે છે, સઃ તે, સર્વવિત્ સઘળું જાણનાર–સર્વજ્ઞ થયો થકો, મામ્ મને, સર્વભાવેન બધી જાતના ભાવો વડે, ભજતિ ભજે છે.

ભાવાર્થઃ—જે પુરુષ અવિવેકરહિત એટલે જ્ઞાનયુક્ત થઈને મને એ પ્રમાણે "પુરુષોત્તમ" સ્વરૂપે જાણે છે, તે જ સર્વજ્ઞ થયો થકો સર્વ ભાવ વડે મને ભજે છે, એમ હું માનું છું. અર્થાત્ તે જ મારા સત્યસ્વરૂપને સમજી મારા સ્વરૂપને પ્રાપ્ત થવા માટે શકિતમાન્ થાય છે. ૧૯.

અવતરણિકાઃ—આ પ્રમાણે આ અધ્યાયમા પોતાના પુરુષોત્તમ સ્વરૂપનું તેમ જ તેની ઉપાસનાથી તત્વજ્ઞાનના ફલરૂપ મોક્ષનું વર્ણન કરીને અંતમાં તે તત્વજ્ઞાનની પ્રશંસા કરતા ભગવાન્ કહે છેઃ

ઇતિ ગુહ્યતમં શાસ્ત્રમિદમુક્તં મયાઽનઘ ॥
એતદ્બુદ્ધ્વા બુદ્ધિમાન્સ્યાત્કૃતકૃત્યશ્ચ ભારત ॥ ૨૦ ॥

। એતદ્ધિ જન્મસામગ્ર્યં બ્રાહ્મણસ્ય વિશેષતઃ ।
પ્રાપ્યૈનત્કૃતકૃત્યો હિ દ્વિજો ભવતિ નાન્યથા ॥ મનુ ॥

બ્રાહ્મણને વિશેષમા એ (બ્રાહ્મત્વ જ) જન્મનું સર્વસ્વ-સફળ કરવાનું સાધન છે, અને એ જ બ્રાહ્મત્વને પ્રાપ્ત કરી દ્વિજ–બ્રાહ્મણ કૃતકૃત્ય થાય છે, બીજા કોઈ પણ પ્રકારે તે કૃતકૃત્ય થતો નથી

પદચ્છેદઃ—ઇતિ, ગુહ્યતમમ્, શાસ્ત્રમ્, ઇદમ્, ઉક્તમ્, મયા, અનઘ, એતત્, બુદ્ધ્વા, બુદ્ધિમાન્, સ્યાત્, કૃતકૃત્યઃ, ચ, ભારત.

વ્યુત્પત્તિસમાસાઃ—ગૂહિતુમ્ યોગ્યમ્ ગુહ્યમ્, અતિશયેન ગુહ્યમ્ ઇતિ ગુહ્યતમમ્ । ન વિદ્યતે અઘં યસ્મિન્ સઃ અનઘઃ, તત્સંબુદ્ધૌ હે અનઘ । બુદ્ધિઃ અસ્તિ અસ્ય ઇતિ બુદ્ધિમાન્ । કૃતં કૃત્યં યેન સઃ કૃતકૃત્યઃ ।

અન્વય અને અર્થઃ—અનઘ હે નિષ્પાપ અર્જુન ! ઇતિ એ પ્રમાણે, ઇદમ્ આ, ગુહ્યતમમ્ અત્યંત રહસ્યપૂર્ણ—ગુપ્ત રાખવા યોગ્ય, શાસ્ત્રમ્ શાસ્ત્ર, મયા મેં, ઉક્તમ્ કહ્યું, ભારત હે ભારત ! એતત્ એ શાસ્ત્રને, બુદ્ધ્વા જાણીને, (કોઈપણ પુરુષ) બુદ્ધિમાન્ આત્મસંબંધિની બુદ્ધિ—જ્ઞાન—વાળો, ચ અને, કૃતકૃત્યઃ પોતાનું કર્તવ્ય જેણે પૂર્ણ કર્યું છે તેવો, સ્યાત્ થાય છે.

ભાવાર્થઃ—હે નિષ્પાપ અર્જુન ! એ પ્રમાણે આ અત્યંત રહસ્યપૂર્ણ—ગુપ્ત રાખવા યોગ્ય શાસ્ત્ર મેં તને કહ્યું, હે ભરતવંશી અર્જુન ! એ શાસ્ત્રને જાણીને કોઈ પણ મનુષ્ય આત્મસંબંધિ જ્ઞાનવાળો અને કૃતકૃત્ય થાય છે. અર્થાત્ જે મનુષ્ય એ પ્રમાણે મારા એ પુરુષોત્તમસ્વરૂપને યોગ્ય રીતે સમજે છે તે જ્ઞાન-યુક્ત થઇને અન્તમાં મોક્ષ પ્રાપ્ત કરનારો થાય છે એમાં સંશય નથી. ૨૦

ઇતિ શ્રીમદ્ભગવદ્ગીતાસૂપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે શ્રીકૃષ્ણાર્જુનસંવાદે શ્રીકૃષ્ણકાર્ત્તાન્તિકપ્રણીતસાન્વયબોધિન્યાં ગુર્જરટીકાયાં પુરુષોત્તમયોગો નામ પઞ્ચદશોઽધ્યાયઃ ॥

षोडशोऽध्यायः ।

અધ્યાય સોળમો.

અવતરણિકા —નવમા અધ્યાયમા "દૈવી" અને "આસુરી" સંપત્તિ વિષે "मोघाशा मोघकर्माणो- ઇત્યાદિ શ્લોકોથી સહજ સૂચના કરી છે, તેનુ વિસ્તારથી વર્ણન કરવા તેમ પંદરમા અધ્યાયમા પણ 'यो मामेवमसम्मूढो जानाति पुरुषोत्तमम्-અસમ્મૂઢ એટલે અવિવેકરહિત-જ્ઞાનયુક્ત થઇને જે મનુષ્ય મને-પુરુષોત્તમને મારા કહેવા પ્રમાણે યથાર્થ રીતે જાણે છે" એ પ્રમાણે ભગવાને કહેલુ હોવાથી અને તે પુરુષોત્તમ સ્વરૂપને-બ્રહ્મ સ્વરૂપને જાણવાને યોગ્ય અધિકારી થવા માટે અસમ્મૂઢ સ્થિતિ પ્રાપ્ત કરવા દૈવી સંપત્તિની પ્રાપ્તિ અને આસુરી સંપત્તિનો ત્યાગ એ મનુષ્યોને આવશ્યક હોવાથી તે દૈવી તથા આસુરી સંપત્તિ કેવા પ્રકારની છે તે જણાવવા માટે ભગવાન્ આ સોળમો અધ્યાય શરુ કરે છે તેમા પ્રથમ ત્રણ શ્લોકથી દૈવીસંપત્તિના લક્ષણો કહે છે

श्रीभगवानुवाच । શ્રી ભગવાન્ કહે છે –

अभयं सत्त्वसंशुद्धिर्ज्ञानयोगव्यवस्थितिः ॥
दानं दमश्च यज्ञश्च स्वाध्यायस्तप आर्जवम् ॥ १ ॥

---

१ अधिकारिणमाशास्ते फलसिद्धिर्विशेषतः ।
उपाया देशकालाद्या सन्त्यत्र सहकारिणः ॥ विवेकचूडामणौ ।

ફળની સિદ્ધિ વિશેષે કરી અધિકારીની અપેક્ષા રાખે છે તેમા દેશ અને કાલ વિગેરે ઉપાયો પણ સહાય કરનારા છે અર્થાત અધિકારીને ફળની સિદ્ધિ થાય છે પણ તે અધિકારી થયા વિના થતી નથી

विवेकिनो विरक्तस्य शमादिगुणशालिन ।
मुमुक्षोरेव हि ब्रह्मजिज्ञासायोग्यता मता ॥ विवेकचूडामणौ ॥

વિવેકવાળા, વિરાગવાળા શમાદિ ષટ્સંપત્તિરૂપી ગુણવાળા અને મુમુક્ષુ-મોક્ષની ઇચ્છાવાળા પુરુષને જ બ્રહ્મજ્ઞાનની ઇચ્છાની યોગ્યતા માનેલી છે અર્થાત્ સાધનચતુષ્ટય સંપન્ન મુમુક્ષુ જ બ્રહ્મજ્ઞાનનો અધિકારી

अहिंसा सत्यमक्रोधस्त्यागः शांतिरपैशुनम् ॥
दया भूतेष्वलोलुप्त्वं मार्दवं ह्रीरचापलम् ॥ २ ॥
तेजः क्षमा धृतिः शौचमद्रोहो नातिमानिता ॥
भवंति संपदं दैवीमभिजातस्य भारत ॥ ३ ॥

पदच्छेदः—अभयम्, सत्त्वसंशुद्धिः, ज्ञानयोगव्यवस्थितिः, दानम्, दमः, च, यज्ञः, च, स्वाध्यायः, तपः, आर्जवम्; अहिंसा, सत्यम्, अक्रोधः, त्यागः, शांतिः, अपैशुनम्, दया, भूतेषु, अलोलुप्त्वम्, मार्दवम्, ह्रीः, अचापलम्; तेजः, क्षमा, धृतिः, शौचम्, अद्रोहः, नातिमानिता, भवन्ति, सम्पदम्, दैवीम्, अभिजातस्य, भारत.

व्युत्पत्तिसमासाः—बिभेति अस्मात् इति भयम्, न भयम् अभयम् । सम्यक् शुद्धिः संशुद्धिः, सत्त्वस्य संशुद्धिः सत्त्वसंशुद्धिः । विशेषेण अवस्थितिः इति व्यवस्थितिः, ज्ञानं च योगश्च ज्ञानयोगौ, तयोः व्यवस्थितिः इति ज्ञानयोगव्यवस्थितिः । दीयते इति दानम् । दम्यन्ते इन्द्रियाणि अनेन इति दमः । इज्यते अनेन इति यज्ञः । सुष्ठु अधीयते अस्मिन् इति स्वाध्यायः । तप्यते इति तपः । ऋजोः भावः आर्जवम् । हिंस्यन्ते सत्त्वानि अस्याम् इति हिंसा, न हिंसा अहिंसा । न क्रोधः अक्रोधः । पिशुनस्य भावः पैशुनम्, न पैशुनम् अपैशुनम् । लोलुपस्य भावः लोलुप्त्वम्, न लोलुप्त्वम् अलोलुप्त्वम् । मृदोः भावः मार्दवम् । चपलस्य भावः

चापलम्, न चापलम् अचापलम् । क्षम्यन्ते अपराधिनः अनया इति क्षमा । ध्रियन्ते प्राणेन्द्रियादयः यया सा धृतिः । शुचेर्भावः शौचम् । न द्रोहः अद्रोहः । अत्यर्थं मानः अतिमानः, अतिमानः अस्ति अस्य इति अतिमानी, तस्य भावः अतिमानिता, न अतिमानिता नातिमानिता । देवानाम् इयम् दैवी, तां दैवीम् । अभितः जातः अभिजातः, तस्य ।

અન્વય અને અર્થઃ—अभयम् ભયરહિતપણું, सत्त्वसंशुद्धिः અંતઃકરણની શુદ્ધિ, ज्ञानयोगव्यवस्थितिः જ્ઞાન–આચાર્યોપાસના તથા શાસ્ત્ર દ્વારા પ્રાપ્ત આત્મજ્ઞાન, તેમ ઇન્દ્રિયાદિના ઉપસંહારથી આત્મામાં એકાગ્રતા સંપાદન કરવી તે યોગ, એ બંનેમાં નિષ્ઠા રાખવી, दानम् અન્નાદિ વસ્તુઓનું યથાશક્તિદાન આપવું, च તથા, दमः બાહ્ય ઇન્દ્રિયોનો નિગ્રહ, च તેમ, यज्ञः શ્રૌતસ્માર્તયજ્ઞ, स्वाध्यायः વેદાધ્યયનાદિ તથા જપયજ્ઞ, तपः (शारीरिक, वाचिक અને मानसिक એ ત્રણ પ્રકારનું) તપ, आर्जवम् સરલપણું, अहिंसा પ્રાણિમાત્રને બાધા ન કરવી તે, सत्यम् (સર્વભૂતના દ્રોહરહિત) યથાર્થ ભાષણ તથા આચરણ, अक्रोधः ક્રોધનો અભાવ, त्यागः ઉદારતા, शान्तिः ચિત્તનિગ્રહ, अपैशुनम् અન્યની પાસે પારકાનાં છિદ્રો પ્રકટ ન કરવાં તે, भूतेषु પ્રાણીઓમાં, दया કૃપા, अलोलुप्त्वम् વિષય સમીપમાં હોવા છતાં ઇન્દ્રિયોની અવિક્રિયા, मार्दवम् સુકોમળ ભાવ, ह्रीः લોકલજ્જા, अचापलम् ચંચલતાનો અભાવ, तेजः પ્રગલ્ભતા, क्षमा (ક્રોધનું કારણ મળવા છતાં પણ) અંતઃ-

૧ અક્રોધ અને ક્ષમામાં એટલો ફરક છે કે, 'ક્ષમા'ની વ્યાખ્યા ચિત્તનો વિકાર પણ ન થવો જોઈએ તે, જ્યારે 'અક્રોધ'ની વ્યાખ્યા ચિત્તવિકાર થયા પછી તેનું પ્રશમન કરવું તે.

કરણમાં વિક્રિયાનો અભાવ, ધૃતિઃ દુઃખોથી નિરાશ થયેલાં ચિત્ત અને શરીરને સ્થિર કરવાં તે–ધીરજ, શૌચમ્ મૃત્તિકા તથા જલથી બાહ્ય, અને ભાવશુદ્ધિ તે આંતરિક એમ બેપ્રકારનું શૌચ, અદ્રોહઃ પારકાની ક્ષતિ કરવાની ઇચ્છાનો અભાવ, નાતિમાનિતા અત્યંત માનીપણું નહિ તે, ભારત હે ભારત! (એ લક્ષણો) દૈવીમ્ દૈવી, સંપદમ્ સંપત્તિને, અભિજાતસ્ય અનુલક્ષી જન્મેલાનાં, ભવન્તિ થાય છે.

ભાવાર્થઃ—નિર્ભયતા, અંતઃકરણનીશુદ્ધિ, જ્ઞાન તથા નિષ્કામ કર્મયોગમાં પરાયણ રહેવું, અન્ન વિગેરે વસ્તુઓનો યથાશક્તિ વિભાગપૂર્વક ઉપયોગ કરવારૂપ દાન, કર્મેન્દ્રિય તથા જ્ઞાનેન્દ્રિયોનો નિગ્રહ, શ્રૌતસ્માર્ત યજ્ઞ, વેદાધ્યયનાદિ તથા જપયજ્ઞ, કાયિક, વાચિક અને માનસિક એ ત્રણ પ્રકારનું તપ, સરલતા, અહિંસા, સત્ય, ક્રોધોપશમ, ઉદારતા, અંતઃકરણનો નિગ્રહ, પારકાની નિંદા ન કરવી તે, પ્રાણિમાત્ર પર દયા રાખવી, વિષય સમીપમાં હોવા છતાં ઇન્દ્રિયોની અવિક્રિયા, કોમળ-ભાવ, લોકલજ્જા, નિષ્પ્રયોજન ચાંચલ્યનો અભાવ, પ્રગલ્ભતા—પ્રતિભા, ક્ષમા, ધૈર્ય, બાહ્ય અને આભ્યંતર શૌચ, પારકાની ક્ષતિ કરવાની ઇચ્છાનો અભાવ અને પોતાનેવિષે અત્યંત નિરભિમાનપણું, હે ભારત! એ લક્ષણો દૈવીસંપત્તિને અનુલક્ષી જે મનુષ્ય જન્મેલું છે તેનાં હોય છે. ૧–૩

અવતરણિકાઃ—હવે 'આસુરી સંપત્તિનાં લક્ષણો કેવાં હોય છે' તે ભગવાન્ કહે છેઃ

दंभो दर्पोऽभिमानश्च क्रोधः पारुष्यमेव च ॥
अज्ञानं चाभिजातस्य पार्थ संपदमासुरीम् ॥ ४ ॥

પદચ્છેદઃ—દમ્ભઃ, દર્પઃ, અભિમાનઃ, ચ, ક્રોધઃ, પારુષ્યમ્, એવ, ચ, અજ્ઞાનમ્, ચ, અભિજાતસ્ય, પાર્થ, સંપદમ્, આસુરીમ્.

વ્યુત્પત્તિસમાસાઃ—દમ્યન્તે અનેન ઇતિ દમ્ભઃ। દૃપ્યન્તે અનેન ઇતિ દર્પઃ। અભિતઃ માનઃ ઇતિ અભિમાનઃ। પરુષસ્ય ભાવઃ પારુષ્યમ્। અસુરાણામ્ ઇયમ્ આસુરી, તામ્ આસુરીમ્।

અન્વય અને અર્થઃ—પાર્થ હે પાર્થ! દંભઃ ધર્મનિષ્ઠ વગેરે હોવાનો ડોળ કરવો તે, દર્પઃ ધન અથવા સ્વજન નિમિત્તનો મદ, ચ તથા, અભિમાનઃ પોતાને માટે અત્યંત માનથી વિશિષ્ટ પૂજાની ભાવના, ક્રોધઃ ક્રોધ, ચ તેમ, પારુષ્યમ્ કઠોર ભાવ, એવ તેમ, અજ્ઞાનમ્ અજ્ઞાન, (એ લક્ષણો) આસુરીમ્ આસુરી, સંપદમ્ સંપત્તિને, અભિજાતસ્ય અનુલક્ષી જન્મેલાનાં, ભવન્તિ થાય છે.

ભાવાર્થઃ—હે પાર્થ! ધર્મનિષ્ઠ હોવાનો મિથ્યા ડોળ કરવો તે-દંભ, મદ, પોતાને માટે અત્યંત માન, ક્રોધ, અત્યંત કઠોર ભાષ, તેમ અજ્ઞાન એ પ્રભાવોનાં લક્ષણો આસુરી સંપત્તિને અનુલક્ષી જન્મ પામેલાનાં હોય છે. અર્થાત્ આસુરી સંપત્તિમાં જન્મેલા પુરુષો એવાં લક્ષણોવાળા હોય છે. ૪.

---

૧ परोपद्रवहेतुनो दोषाणो पेशुनं वचः। राजादेस्तु मदाद्धीतेरुद्दीप्तिर्दर्प उच्यते ॥
પરથી થતા ઉપદ્રવોના કારણભૂત દોષોનું રાજા વિગેરે અધિકારીઓ આગળ ચાડી પુરવી કરવાનાં વચનો રૂપે કહેવું અને મદથી ભયની અ દૃષ્ટિ-વહાવવોકન તે દર્પ કહેવાય છે.

અવતરણિકાઃ—એ પ્રમાણે દૈવી અને આસુરી એ બન્ને સંપત્તિનાં લક્ષણો કહી હવે તેનું પૃથક્ પૃથક્ ફલ કહે છે, સાથે દૈવી તથા આસુરી સંપત્તિનાં લક્ષણોનું શ્રવણ કર્યા પછી પોતે કઈ સંપત્તિવાળો હશે તેની શંકા અર્જુનને થતા તેનું પણ સમાધાન કરતા ભગવાન્ કહે છે.

दैवी संपद्विमोक्षाय निबंधायासुरी मता ॥
मा शुचः संपदं दैवीमभिजातोऽसि पांडव ॥ ५ ॥

પદચ્છેદઃ—દૈવી, સંપદ્, વિમોક્ષાય, નિબન્ધાય, આસુરી, મતા, મા, શુચઃ, સંપદમ્, દૈવીમ્, અભિજાતઃ, અસિ, પાણ્ડવ.

વ્યુત્પત્તિસમાસાઃ—વિશિષ્ટઃ મોક્ષઃ વિમોક્ષઃ, તસ્મૈ વિમોક્ષાય । નિયતઃ બન્ધઃ નિબન્ધઃ, તસ્મૈ નિબન્ધાય ।

અન્વય અને અર્થઃ—દૈવી દૈવી, સમ્પત્ સંપત્તિ, વિમોક્ષાય મુક્તિને માટે છે, અને આસુરી આસુરીસંપત્તિ, નિબન્ધાય સંસારમાં બંધન માટે, મતા માનવામાં આવેલી, (છે, પરંતુ) પાણ્ડવ હે પાંડુપુત્ર અર્જુન ! (તું) દૈવીમ્ દૈવી, સંપદમ્ સંપત્તિને અનુલક્ષી, અભિજાતઃ જન્મ પામેલો, અસિ છે, (માટે) મા શુચઃ શોક કર નહિ.

ભાવાર્થઃ—દૈવીસંપત્તિ સંસારમાંથી મુક્તિને માટે છે, અને આસુરીસંપત્તિ સંસારમાં બંધન કરાવનારી છે, એમ માનવામાં આવ્યું છે, (પરંતુ) હે પાંડુપુત્ર અર્જુન ! તું તો દૈવીસંપત્તિને અનુલક્ષી જન્મેલો છે, માટે શોક ન કર. ૫

અવતરણિકાઃ—" त्रयाह प्राजापत्या प्रजापतौ पितरि ब्रह्मचर्यमूषुर्देवा मनुष्या आसुराः-પ્રજાપતિથી ઉત્પન્ન થયેલા દેવ, મનુષ્ય અને અસુર એમ ત્રણેએ પ્રજાપતિ પાસે વેદાધ્યયન કર્યું " એ શ્રુતિ ઉપરથી

દૈવ, અસુર અને મનુષ્ય સંબંધિની ત્રણ પ્રકારની સંપત્તિઓનું વર્ણન કરવું જોઈએ, અને માનુષી સંપત્તિ પણ ઉત્તમ અથવા કનિષ્ઠ પ્રકારે સામાન્ય અથવા ગ્રાહ્ય એમ બતાવવી જોઈતી હતી, પરંતુ તે ક્રમ બતાવવામાં આવી નથી ? એવા પ્રશ્નના ઉત્તરમાં " આદિકાલથી બે જ સંપત્તિ પ્રચલિત છે " એમ જણાવતા ભગવાન્ કહે છેઃ

द्वौ भूतसर्गौ लोकेऽस्मिन्दैव आसुर एव च ॥
दैवो विस्तरशः प्रोक्तः आसुरं पार्थ मे शृणु ॥ ६ ॥

પદચ્છેદઃ—द्वौ, भूतसर्गौ, लोके, अस्मिन्, दैवः, आसुरः, एव, च, दैवः विस्तरशः, प्रोक्तः, आसुरः, पार्थ, मे, शृणु.

વ્યુત્પત્તિસમાસાઃ—सृज्यन्ते अनयोः इति सर्गौः, भूतानां सर्गौ भूतसर्गौ । देवानाम् अयम् इति दैवः । असुराणाम् अयम् इति आसुरः । विस्तरेण इति विस्तरशः । प्रकर्षेण उक्त प्रोक्तः ।

અન્વય અને અર્થઃ—पार्थ હે પાર્થ ! अस्मिन् આ, लोके લોકમાં, भूतसर्गौ મનુષ્યોની સૃષ્ટિ, द्वौ બે પ્રકારની, एव જ, (છે. એક તો) दैवः દૈવીસંપત્તિયુક્ત, च અને, (બીજી) आसुरः આસુરીસંપત્તિયુક્ત, (તેમાં) दैवी દૈવીસંપદ્યુક્ત સૃષ્ટિ, विस्तरशः વિસ્તારપૂર્વક, प्रोक्तः કહેવામાં આવી, (અને) आसुरम् આસુરી સૃષ્ટિને, मे મારીપાસેથી, शृणु તું સાંભળ.

---

१ द्वौ भूतसर्गौ लोकेऽस्मिन् दैव आसुर एव च ।
विष्णुभक्तिपरो दैवो विपरीतस्तथासुर ॥ विष्णुधर्मे ॥

આ જગતમાં બે પ્રકારે ભૂતોની ઉત્પત્તિ છે એક દૈવી અને બીજી આસુરી, તેમાં પરમાત્માની ભક્તિપરાયણ ઉત્પત્તિ દૈવી છે અને તેથી વિપરીત ઉત્પત્તિ આસુરી છે.

ભાવાર્થઃ—હે પાર્થ! આ લોકમાં પહેલાંથી મનુષ્યોની સૃષ્ટિ બે પ્રકારની જ પ્રચલિત છે, એક તો દૈવીસંપત્તિયુક્ત અને બીજી આસુરી સંપત્તિયુક્ત. તેમાં તે બેસૃષ્ટિમાંથી દૈવી સૃષ્ટિ તો વિસ્તારપૂર્વક મેં તને કહી અને હવે તું આસુરી સૃષ્ટિ મારીપાસેથી સાંભળ. ૬.

અવતરણિકાઃ—હવે આ સોળમા અધ્યાયની સમાપ્તિ સુધી 'આસુરી સંપત્' નું સ્વરૂપ પ્રત્યક્ષ થવાથી કલ્યાણની ઇચ્છા કરનાર દરેક પ્રાણી તેને સહેલાઇથી ઓળખી શકે, અને તેનો ત્યાગ પણ કરી શકે એવા હેતુથી ભગવાન્ શ્રીકૃષ્ણ આસુરીસંપદ્યુક્ત સૃષ્ટિનું જ ઉદાહરણ-સહિત વિશેષ વર્ણન કરે છે

प्रवृत्तिं च निवृत्तिं च जना न विदुरासुराः ॥
न शौचं नापि चाचारो न सत्यं तेषु विद्यते ॥७॥

પદચ્છેદઃ—પ્રવૃત્તિમ્, ચ, નિવૃત્તિમ્, ચ, જનાઃ, ન, વિદુઃ, આસુરાઃ, ન, શૌચમ્, ન, અપિ, ચ, આચારઃ, ન, સત્યમ્, તેષુ, વિદ્યતે.

વ્યુત્પત્તિસમાસાઃ—પ્રકૃષ્ટા વૃત્તિઃ પ્રવૃત્તિઃ, તાં પ્રવૃત્તિમ્। અસુરાઃ એવ આસુરાઃ। શુચેઃ ભાવઃ શૌચમ્।

અન્વય અને અર્થઃ—આસુરાઃ આસુરી સંપત્તિનાં, જનાઃ માણસો, પ્રવૃત્તિમ્ ધર્મની પ્રવૃત્તિને, ચ તેમ, નિવૃત્તિમ્

---

૧ સન્ધ્યાહીનોઽશુચિર્નિત્યમનર્હઃ સર્વકર્મસુ।
યદન્યત્કુરુતે કર્મ ન તસ્ય ફલમાપ્નુયાત્ ॥ સ્મૃતિઃ ॥

માણસ સન્ધ્યા કર્મ વિના હમેશા અશુચિ—અપવિત્ર રહે છે અને તેથી સઘળાં કર્મોમાં તે અયોગ્ય ગણાય છે. એથી તે જે કંઇ બીજું કર્મ કરે છે તેના ફળને પણ તે ભોગવી શકતો નથી.

નિષિદ્ધ ક્રિયાની–અધર્મથી નિવૃત્તિને, ન, વિદુઃ જાણતા નથી, (તેમ) તેપણ તેમનામાં, શૌચમ્ પવિત્રતા, ન નહિ, આચારઃ આચાર, ન નહિ, ચ અને, સત્યમ્ સત્ય, અપિ પણ, ન, વિદ્યતે હોતું નથી.

ભાવાર્થઃ—આસુરી સંપત્તિનાં મનુષ્યો શાસ્ત્રવિહિત ધર્મની પ્રવૃત્તિને તેમ જ શાસ્ત્રનિષિદ્ધ ક્રિયાની–અધર્મથી નિવૃત્તિને જાણતા નથી, તેમ તેઓમાં પવિત્રતા, આચાર કે સત્ય કંઈ પણ હોતું નથી. ૭.

અવતરણિકાઃ—આસુરીયોનિમાં જન્મેલાનાં બીજાં પણ વધારે લક્ષણો ભગવાન્ કહે છેઃ

असत्यमप्रतिष्ठं ते जगदाहुरनीश्वरम् ॥
अपरस्परसंभूतं किमन्यत्कामहैतुकम् ॥ ८ ॥

પદચ્છેદઃ—असत्यम्, अप्रतिष्ठम्, ते, जगत्, आहुः, अनीश्वरम्, अपरस्परसंभूतम्, किम्, अन्यत्, कामहैतुकम्.

વ્યુત્પત્તિસમાસાઃ—न सत्यम् असत्यम्, तत् । न विद्यते धर्माधर्मरूपा प्रतिष्ठा यस्य तत् अप्रतिष्ठम्, तत् । न विद्यते ईश्वरः शासिता यस्य तत् अनीश्वरम्, तत् । अपरश्च परश्च इति अपरस्परम्, तस्मात् सम्यक् भूतम् इति अपरस्परसंभूतम्, तत् । कामः एव हेतुः यस्य तत् कामहैतुकम्, कामहैतुकम् एव कामहैतुकम् ।

અન્વય અને અર્થઃ—તે તે–આસુરી સંપત્તિનાં મનુષ્યો, જગત જગતને, असत्यम् મિથ્યા, अप्रतिष्ठम् ધર્મ અને અધર્મરૂપી પ્રતિષ્ઠારહિત, अनीश्वरम् ઈશ્વરવિનાનું–શાસન કરનારની સત્તા વિનાનું, अपरस्परसंभूतम् એક બીજાના સંયોગથી

ઉત્પન્ન થયેલું, કામહૈતુકમ્ કામ એ જ જેમાં (પ્રાણીઓના) કારણરૂપ છે તેવું, (છે) અન્યત્ એ સિવાય બીજું, કિમ્ શું? એમ આહુઃ કહે છે.

ભાવાર્થઃ—તે આસુરી સંપત્તિનાં મનુષ્યો આ જગતને મિથ્યા, ધર્મઅધર્મરૂપી વ્યવસ્થા વિનાનું, ઈશ્વરવિનાનું—શાસન કરનારની વિશિષ્ટ સત્તારહિત, સ્ત્રીપુરુષના સંયોગથી જ ઉત્પન્ન થયેલું, તથા કામ એ જ જેના કારણરૂપ છે તેવું, એટલે કે વિષયોપભોગ સિવાય બીજું એમાં શું હોઈ શકે? ઇત્યાદિ સ્વરૂપોવાળું કહે છે. ૮.

અવતરણિકાઃ—આસુરી સંપત્તિવાળાના વધુ લક્ષણો કહે છેઃ

एतां दृष्टिमवष्टभ्य नष्टात्मानोऽल्पबुद्धयः ॥
प्रभवंत्युग्रकर्माणः क्षयाय जगतोऽहिताः ॥ ९ ॥

પદચ્છેદઃ—एताम्, दृष्टिम्, अवष्टभ्य, नष्टात्मानः, अल्पबुद्धयः प्रभवन्ति, उग्रकर्माणः, क्षयाय, जगतः, अहिताः

વ્યુત્પત્તિસમાસાઃ—नष्टः आत्मा येषां ते नष्टात्मानः। अल्पा विषयविषया बुद्धिः येषां ते अल्पबुद्धयः। प्रकर्षेण भवन्ति इति प्रभवन्ति। उग्रं कर्म येषां ते उग्रकर्माणः। हितम् अस्ति येषां ते हिताः, न हिताः अहिताः।

---

१ स्रष्टार सुखसपदामपि वपुर्दृष्टारमन्तर्गत स्वामान परिहाय मूढधिषणो देहात्मवादो जन ॥
पिण्ड पोषयति प्रतिक्षणपरद्रोहादृतैरेव तद् राद्धान्तेरपराधमस्ति किमहो बौद्धादिकानामिह ॥

પોતાની સુખસપદાઓના સર્જનાર અને અદર રહેલા દેહના દૃષ્ટા પોતાના આત્મા બ્રહ્મસ્વરૂપને પણ ત્યજીને, મૂઢ બુદ્ધિવાળો દેહને જ આત્મા માનનારો મનુષ્ય પ્રતિક્ષણ પારકા દ્રોહ અને જુઠાઈઓ રૂપી પોતાના સિદ્ધાતો-નિશ્ચયોથી પોતાના પિંડ-શરીરને પોષે છે તો પછી નાસ્તિક બનવામાં બૌદ્ધ ચાર્વાક વિગેરેનો શો વાક છે? કઈજ નહિ અર્થાત્ તે તેમનો સ્વભાવ જ છે.

અન્વય અને અર્થઃ—(આસુરી જીવો એ પ્રમાણે) એતામ્ એવી, દૃષ્ટિમ્ દૃષ્ટિનો, અવષ્ટભ્ય આશ્રય કરીને, નષ્ટાત્માનઃ નષ્ટ સ્વભાવવાળા, અલ્પબુદ્ધયઃ (વિષયો સંબંધી) ક્ષુદ્ર બુદ્ધિવાળા, (અને) ઉગ્રકર્માણઃ હિંસાયુક્ત કર્મવાળા થકા, જગતઃ જગતના, અહિતાઃ શત્રુઓ થઈને, ક્ષયાય (જગતના) નાશ માટે, પ્રભવન્તિ પ્રવર્તે છે.

ભાવાર્થઃ—આસુરી-સંપત્તિના જીવો એ પ્રમાણે પુર્વોક્ત લૌકિકદૃષ્ટિનો આશ્રય કરીને નષ્ટ સ્વભાવવાળા, વિષયસંબંધી ક્ષુદ્ર બુદ્ધિવાળા, તેમજ ઉગ્ર-હિંસાત્મક-કર્મ કરતા થકા જગતના શત્રુઓ થઈને જગતના નાશને માટે પ્રવર્તે છે. ૯.

काममाश्रित्य दुष्पूरं दंभमानमदान्विताः ॥
मोहाद्गृहीत्वाऽसद्ग्राहान्प्रवर्तंतेऽशुचिव्रताः ॥ १० ॥

પદચ્છેદઃ—કામમ્, આશ્રિત્ય, દુષ્પૂરમ્, દમ્ભમાનમદાન્વિતાઃ, મોહાત્, ગૃહીત્વા, અસદ્ગ્રાહાન્, પ્રવર્તન્તે, અશુચિવ્રતાઃ.

વ્યુત્પત્તિસમાસાઃ—આ સમન્તાત્ શ્રિત્વા ઇતિ આશ્રિત્ય। દુઃખેન પૂરઃ પૂરણં યસ્ય સઃ દુષ્પૂરઃ, તં દુષ્પૂરમ્। દમ્ભશ્ચ માનશ્ચ મદશ્ચ દમ્ભમાનમદાઃ, તૈઃ અન્વિતાઃ ઇતિ દમ્ભમાનમદાન્વિતાઃ। ગ્રાહ્યન્તે એભિઃ ઇતિ ગ્રાહાઃ, ન સન્તઃ અસન્તઃ, અસન્તશ્ચ તે ગ્રાહાશ્ચ અસદ્ગ્રાહાઃ, તાન્। પ્રકર્ષેણ વર્તન્તે ઇતિ પ્રવર્તન્તે। ન શુચીનિ અશુચીનિ, અશુચીનિ વ્રતાનિ યેષાં તે અશુચિવ્રતાઃ।

અન્વય અને અર્થઃ—(વળી આસુરી મનુષ્યો) દમ્ભ-માનમદાન્વિતાઃ દંભ-બાહ્ય આડંબર, માન-પાત્રતા વિના પણ

પૂજ્યત્વનો આગ્રહ તથા મદ ઇત્યાદિથી યુક્ત થએલા, દમ્ભ, દુષ્પૂરમ્ મહા કષ્ટે પણ ન તૃપ્ત કરી શકાય તેવા કામમ્ કામનો, આશ્રિત્ય આશ્રય કરીને, મોહાત્ અવિવેકથી, અસદ્ગ્રાહાન્ અસત્ય આગ્રહોને, ગૃહીત્વા પકડીને, અશુચિવ્રતા (શ્મશાનસેવન, મદ્ય, માંસ, બલિ ઇત્યાદિના ભક્ષણયુક્ત–અપવિત્ર) વ્રતોવાળા, (થઈને) પ્રવર્તન્તે (જગત્મા) પ્રવર્તે છે

ભાવાર્થઃ—વળી આસુરી સંપત્તિવાળા જીવો દંભ, માન અને અહંકારથી યુક્ત થઈને મહા કષ્ટે પણ ન તૃપ્ત કરી શકાય તેવા કામનો આશ્રય કરીને, અવિવેકથી અત્યંત દુરાગ્રહોને પકડી, અપવિત્ર વ્રતોને ધારણ કરીને આ લોકમાં પ્રવર્તે છે અર્થાત્ નિરંતર અધર્મમાં જ પ્રવૃત્ત થઈને રહે છે ૧૦.

चिंतामपरिमेया च प्रलयांतामुपाश्रिताः ॥
कामोपभोगपरमा एतावदिति निश्चिताः ॥ ११ ॥

પદચ્છેદઃ—चिन्ताम्, अपरिमेयाम्, च, प्रलयान्ताम्, उपाश्रिताः, कामोपभोगपरमाः, एतावत्, इति, निश्चिताः.

વ્યુત્પત્તિસમાસાઃ—परिमातुं शक्या इति परिमेया, न परिमेया अपरिमेया, ताम् अपरिमेयाम्। प्रलये अन्तः यस्या सा प्रलयान्ता, ता प्रलयान्ताम्। काम्यन्ते इति कामाः, कामानाम् उपभोगः कामोपभोगः, कामोपभोग एव परमः येषां ते कामोपभोगपरमाः। एतत् परिमाणम् अस्य इति एतावत्।

અન્વય અને અર્થઃ—(વળી તેઓ) कामोपभोगपरमाः શબ્દાદિ ઇન્દ્રિયોના વિષયો જ જેમના મનમાં પરમ પુરુષાર્થ

છે તેવા, (અને) एतावत् એટલું જ અર્થાત્ કામોપભોગ જ સર્વથી શ્રેષ્ઠ છે, इति એમ, निश्चिताः નિશ્ચયવાળા થએલા, अपरिमेयाम् અપાર, च અને, प्रलयान्ताम् મરણપર્યંતની, चिन्ताम् ચિંતાનો, उपाश्रिताः આશ્રય કરી રહેલા (હોય છે).

ભાવાર્થઃ—વળી આસુરી સંપત્તિના જીવો શબ્દાદિ ઇન્દ્રિયોના વિષયોને જ પરમ પુરુષાર્થ માનનારા, અને એટલું જ એટલે કે વિષયોપભોગ જ સર્વથી શ્રેષ્ઠ છે, એવા નિશ્ચયવાળા થયા થકા પાર વિનાની અને મૃત્યુ પર્યંતની ચિન્તામાં મગ્ન થઈને રહેલા હોય છે. ૧૧

आशापाशशतैर्बद्धाः कामक्रोधपरायणाः ॥
ईहंते कामभोगार्थमन्यायेनार्थसंचयान् ॥ १२ ॥

पदच्छेदः—आशापाशशतैः, बद्धाः, कामक्रोधपरायणाः, ईहन्ते, कामभोगार्थम्, अन्यायेन, अर्थसंचयान्.

व्युत्पत्तिसमासाः—आशाः एव पाशाः इति आशापाशाः, तेषां शतानि इति आशापाशशतानि, तैः आशापाशशतैः । कामश्च क्रोधश्च कामक्रोधौ, तौ परम् अयनं येषां ते कामक्रोधपरायणाः । कामानां भोगाः इति कामभोगाः, कामभोगेभ्यः इति कामभोगार्थम् । न न्यायः अन्यायः, तेन अन्यायेन । सम्यक् चीयन्ते इति संचयाः, अर्थानां संचयाः अर्थसंचयाः, तान् अर्थसंचयान् ।

અન્વય અને અર્થઃ—(વળી) आशापाशशतैः આશાઓના સેંકડો પાશોથી, बद्धाः બંધાએલા, (અને) कामक्रोधपरायणाः કામ તથા ક્રોધ જ જેમનો પરમ આશ્રય છે એવા, (તેઓ) कामभोगार्थम् વિષયોના ભોગને માટે, अन्यायेन

અન્યાયથી, અર્થસંચયાન્ દ્રવ્યના સમૂહોને, ઈહન્તે મેળવવા પ્રયત્ન કરે છે.

ભાવાર્થઃ—વળી આશાઓના સેંકડો પાશોથી બંધાએલા અને કામ તથા ક્રોધ જ જેમનો પરમ આશ્રય છે, એવા તે લોકો વિષયોનું સેવન કરવાને માટે અન્યાયથી જ દ્રવ્ય એકઠું કરવાનો પ્રયત્ન કરે છે. ૧૨.

અવતરણિકાઃ—હવે 'આસુરી સંપત્તિવાળા જીવાત્માઓ શાથી ઓળખી શકાય છે ? અર્થાત્ તેમના મનોરથો કેવા હોય છે ?' તે ભગવાન્ કહે છે

इदमद्य मया लब्धमिमं प्राप्स्ये मनोरथम् ॥
इदमस्तीदमपि मे भविष्यति पुनर्धनम् ॥ १३ ॥

---

१ मृषा मनोरथश्रेणीमाधुर्यान्मोहितो दिवा ।
रात्रौ स्वाप्नसुखं भुञ्जन्नरो जयति जीवितम् ॥

દિવસે ખોટા મનોરથોની શ્રેણીની મધુરતામા મોહિત થએલો મનુષ્ય રાતે તે તે મનોરથના સ્વપ્નજન્ય સુખોને ભોગવતો પોતાના જીવિતને ઉત્તમ માને છે.

स्वाप्नं सुखं तु खमसत्यमेव तथापि तस्यानुभवस्तदानीम् ।
तथैव शुक्तौ रजतस्य मिथ्या मनोरथोत्थं तु विनानुभूतम् ॥

જો કે સ્વપ્નાનું સુખ તુ ખરૂપ અને અસત્ય જ છે તોપણ તે સમયે તેનો અનુભવ હોય છે–સાચુ ભાસે છે તેમ જ શીપમા રૂપાનુ ભાસવુ પણ અનુભવ્યા વિના મનોરથોથી ઉદ્ભવેલુ મિથ્યા જ છે છતા સાચુ જણાય છે.

सर्वतस्तनभृतामखिलोऽपि स्यान्मनोरथमयो व्यवहार ।
युक्तितस्त्वनुभवादनुवेल तन्मृषात्वमुदितं मुनिवर्यैः ॥ टिप्पणिकासु ॥

શરીરધારી પ્રાણિઓનો સર્વ પ્રકારે સઘળો વ્યવહાર મનોરથમય જ હોય છે માટે જ મુનીશ્વરોએ યુક્તિથી અને અનુભવથી વારવાર તેનું અસત્યપણું કહેલુ છે.

मनोरथानां न समाप्तिरस्ति वर्षायुतैरप्ययवापि लक्षैः ।
पूर्णेषु पूर्णेषु पुनर्नवानामुत्पत्तय स्युः मनोरथानाम् ॥ विष्णुपुराणे

હજારો અથવા લાખો વર્ષે પણ મનોરથોની સમાપ્તિ થતી જ નથી એક એક મનોરથ પૂર્ણ થતા ફરી નવીન મનોરથોની ઉત્પત્તિઓ થતી જ રહે છે.

असौ मया हतः शत्रुर्हनिष्ये चापरानपि ॥
ईश्वरोऽहमहं भोगी सिद्धोऽहं बलवान्सुखी ॥ १४ ॥
आढ्योऽभिजनवानस्मि कोऽन्योऽस्ति सदृशो मया ॥
यक्ष्ये दास्यामि मोदिष्य इत्यज्ञानविमोहिताः ॥१५॥
अनेकचित्तविभ्रान्ता मोहजालसमावृताः ॥
प्रसक्ताः कामभोगेषु पतंति नरकेऽशुचौ ॥ १६ ॥

पदच्छेदः—इदम्, अद्य, मया, लब्धम्, इमम्, प्राप्स्ये, मनोरथम्, इदम्, अस्ति, इदम्, अपि, मे, भविष्यति, पुनः, धनम्; असौ, मया, हतः, शत्रुः, हनिष्ये, च, अपरान्, अपि, ईश्वरः, अहम्, अहम्, भोगी, सिद्धः, अहम्, बलवान्, सुखी; आढ्यः, अभिजनवान्, अस्मि, कः, अन्यः, अस्ति, सदृशः, मया, यक्ष्ये, दास्यामि, मोदिष्ये, इति, अज्ञानविमोहिताः; अनेकचित्तविभ्रान्ताः, मोहजालसमावृताः, प्रसक्ताः, कामभोगेषु, पतन्ति, नरके, अशुचौ.

व्युत्पत्तिसमासाः—मनसः रथः इति, वा मन एव रथः इति मनोरथः, तं मनोरथम्। शातयति इति शत्रुः। भोगाः अस्य सन्ति इति भोगी। बलम् अस्य अस्ति इति बलवान्। सुखम् अस्य अस्ति इति सुखी। अभिजनः अस्य अस्ति इति अभिजनवान्। विशेषेण मोहिताः इति विमोहिताः, अज्ञानेन विमोहिताः इति अज्ञानविमोहिताः। विविधं भ्रान्ताः इति विभ्रान्ताः, अनेकेषु मनोरथेषु प्रवृत्तं चित्तम् इति अनेकचित्तम्, तेन विभ्रान्ताः इति

अनेकचित्तविभ्रान्ताः । सम् सम्यक् आवृताः इति समावृताः, मोहः अविवेकः अज्ञानं तदेव जालम् इति मोहजालं, तेन समावृताः इति मोहजालसमावृताः । प्रकर्षेण सक्ता. इति प्रसक्ताः । कामानां भोगाः इति कामभोगाः, तेषु कामभोगेषु । न शुचिः अशुचिः, तस्मिन् अशुचौ ।

અન્વય અને અર્થઃ—(આસુરી જીવો) अद्य આજે, मया મેં, इदम् આ, लब्धम् મેળવ્યું, इमम् આ, मनोरथम् ઇચ્છાને, प्राप्स्ये હું પ્રાપ્ત કરીશ, इदम् આટલું, (ધન મારી પાસે) अस्ति છે, पुनः ફરી, अपि પણ, मे મને, इदम् આ-આટલું, धनम् ધન, भविष्यति થશે, असौ આ, शत्रुः શત્રુ, मया મેં, हतः હણ્યો, च તેમ, अपरान् બીજા (શત્રુઓ)ને, अपि પણ, हनिष्ये હું હણીશ, अहम् હું, ईश्वरः સમર્થ છું, अहम् હું, भोगी ભોગવાળો છું, अहम् હું, सिद्धः સિદ્ધિસંપન્ન છું, बलवान् બલવાળો છું, सुखी સુખી છું, आढ्यः ધનથી ભરેલો છું, अभिजनवान् ઉચ્ચ કુલવાન્, અથવા મોટા કુટુંબવાળો, अस्मि છું, मया મારા, सदृशः સમાન, अन्यः બીજો, कः કોણ, अस्ति છે? यक्ष्ये હું યજ્ઞ કરીશ, दास्यामि હું દાન કરીશ, (અને) मोदिष्ये હું અત્યંત આનંદ ભોગવીશ, इति એ પ્રમાણે अज्ञानविमोहिताः અજ્ઞાનથી નાના પ્રકારના અવિવેકને પામેલા, अनेकचित्तविभ्रान्ताः ઉક્ત પ્રકારના અનેક મનોરથોમાં ચિત્ત લાગવાથી વિવિધ પ્રકારે ભાન ભૂલેલા, मोहजालसमावृताः મોહ-અવિવેક-અજ્ઞાનરૂપી જાલથી સારી રીતે વીંટાએલા, (અને) कामभोगेषु વિષયભોગોમાં, प्रसक्ताः અત્યંત આસક્ત થયા થકા अशुचौ મલિન-અપવિત્ર એવા नरके નરકને વિષે, पतन्ति પડે છે.

ભાવાર્થઃ—આસુરી સંપત્તિના જીવો "આજે મેં આટલું ધન મેળવ્યું, આ અમુક મનોરથને હું પામીશ, આટલું ધન

તો મારી પાસે છે, અને, ફરી પણ આટલું ધન મને પ્રાપ્ત થશે, આ શત્રુને મેં માર્યો અને બીજા શત્રુઓને પણ હું હણીશ, હું ઈશ્વર, હું ભોગી, હું સિદ્ધ, હું બલવાન્, હું સુખી, હું ધનાઢ્ય, તથા હું જ કુલીન છું, મારા સમાન બીજો કોણ છે? હું યજ્ઞ કરીશ, હું દાન આપીશ અને હું અત્યંત આનંદ ભોગવીશ," એ પ્રમાણે અજ્ઞાનથી નાના પ્રકારના અવિવેકને પામેલા, ઉપર કહ્યા પ્રમાણે અનેક મનોરથોમાં ચિત્તના પરોવાથી વિવિધ પ્રકારે ભાન ભૂલેલા, મોહરૂપી જાલમાં સારી રીતે સપડાયેલા, અને વિષય ભોગોમાં અત્યંત આસક્ત થએલા થકા અપવિત્ર એવા નરકને વિષે પડે છે. ૧૩–૧૬.

અવતરણિકા:—'આસુરી સંપત્તિને અનુલક્ષીને જન્મ પામેલા જીવાત્માઓ અધર્મનો જ સંગ્રહ કરે છે, અને કદાચિત્ ધાર્મિક-વૈદિકકર્મમાં પ્રવૃત્ત થાય તો પણ તેઓ તમોગુણને પ્રધાન રાખીને કર્મ કરતા હોવાથી, સત્ત્વગુણજન્ય નિર્મલ એવું વિશુદ્ધ પુણ્ય તો તેમને કદી પણ પ્રાપ્ત થતું નથી.' તે વાત ભગવાન્ શ્રીકૃષ્ણ કહે છે:

आत्मसंभाविताः स्तब्धा धनमानमदान्विताः ॥
यजन्ते नामयज्ञैस्ते दम्भेनाविधिपूर्वकम् ॥ १७ ॥

પદચ્છેદ:—आत्मसंभाविताः, स्तब्धाः, धनमानमदान्विताः, यजन्ते, नामयज्ञैः, ते, दम्भेन, अविधिपूर्वकम्.

વ્યુત્પત્તિસમાસા:—सम्यक् भाविताः संभाविताः, आत्मनि संभाविताः इति आत्मसंभाविताः । मानश्च मदश्च मानमदौ, धनेन मानमदौ इति धनमानमदौ, ताभ्याम् अन्विताः इति धनमानमदान्विताः । नाम्ना एव यज्ञाः इति नामयज्ञाः, तैः नामयज्ञैः । विधिः

पर्वं यस्मिन् कर्मणि यथा स्यात्तथा इति विधिपूर्वम्, विधिपूर्वमेव विधिपर्वकम्, न विधिपूर्वकम् अविधिपूर्वकम् ।

અન્વય અને અર્થઃ—તે તે–આસુરી ભાવો, आत्मसंभाविताः પોતાનામાં પોતાની મેળે વિશિષ્ટતા ધરાવતા, स्तब्धा નમ્રતાઈ રહિત, (તથા) धनमानमदान्विताः ધનથી ઉત્પન્ન થતાં અત્યંત માન અને ગર્વથી યુકત થયા થકા, नामयज्ञैः નામ માત્રના યજ્ઞોથી, दम्भेन દંભ વડે, अविधिपूर्वकम् તદ્દન વિધિ-રહિત રીતે, यजन्ते યજન કરે છે.

ભાવાર્થઃ—તે આસુરીસંપત્તિના જીવાત્માઓ પોતા-નામાં પોતાની મેળે જ 'હું મહાન્ છું' એમ વિશિષ્ટતા ધરાવતા, ઉદ્ધત, તેમ જ ધનથી ઉત્પન્ન થતા અત્યત માન અને ગર્વથી યુકત થઈને નામમાત્રના યજ્ઞોથી વાસ્તવિકમાં દંભ વડે, તદ્દન વિધિરહિત રીતે જ દેવોનું યજન કરે છે. ૧૭.

અવતરણિકા—"यक्ष्ये दास्यामि मोदिष्ये" ઇત્યાદિ મનો રથોથી દંભ તથા અહંકારપ્રધાનતાના કારણથી આસુરીસંપત્તિના મનુષ્યો કર્મોમાં પ્રવૃત્ત થયા છતા, પણ તેમનું બહિરંગસાધનરૂપ યજ્ઞ દાન ઇત્યાદિ કર્મ સિદ્ધ થતું નથી, તો પછી જ્ઞાન વૈરાગ્ય, ભગવદ્ભજન ઇત્યાદિ અતરંગ સાધનની તે વાત જ કયા કરવી ? કારણ કે અતરંગ સાધનમાં આશ્રય લેવા યોગ્ય કર્મો અને ભાવોને બદલે તેઓ તેનાથી ઉલટા ભાવોને જ આધીન થએલા હોવાથી ભારી પણ અવગણના કરનારા હોય છે.' તે વાત ભગવાન કહે છે

अहंकारं बलं दर्पं कामं क्रोधं च संश्रिताः ॥
मामात्मपरदेहेषु प्रद्विषंतोऽभ्यसूयकाः ॥ १८ ॥

પદચ્છેદઃ—અહંકારમ્, બલમ્, દર્પમ્, કામમ્, ક્રોધમ્ ચ, સંશ્રિતાઃ, મામ્, આત્મપરદેહેષુ, પ્રદ્વિષન્તઃ, અભ્યસૂયકાઃ.

વ્યુત્પત્તિસમાસાઃ—સમ્યક્ શ્રિતાઃ સંશ્રિતાઃ । આત્મા ચ પરે ચ આત્મપરે, આત્મપરેષાં દેહાઃ ઇતિ આત્મપરદેહાઃ, તેષુ આત્મપરદેહેષુ । પ્રકર્ષેણ દ્વિષન્તિ ઇતિ પ્રદ્વિષન્તઃ । અમિ સર્વતઃ અસૂયન્તે તે અભ્યસૂયકાઃ ।

અન્વય અને અર્થઃ—અહંકારમ્ અહંભાવ, બલમ્ (પારકાને હરાવવા નિમિત્તનું) સામર્થ્ય, દર્પમ્ (જેના ઉદ્ભવથી પ્રાણી ધર્મનું પણ અતિક્રમણ કરે છે તે) ગર્વ, કામમ્ સ્ત્રીવિષયક અભિલાષ, ચ તથા, ક્રોધમ્ ક્રોધને, સંશ્રિતાઃ આશ્રય કરીને રહેલા, (તે આસુરી જીવો) આત્મપરદેહેષુ પોતાના શરીરમાં અને બીજાઓના શરીરોમાં, (નિવાસ કરતા) મામ્ મને—મારો પ્રદ્વિષન્તઃ દ્વેષ કરનારા, (અને) અભ્યસૂયકાઃ અદેખાઈ કરનારા, (થઈને રહે છે.)

ભાવાર્થઃ—અહંકાર, બલ, ગર્વ તથા કામ અને ક્રોધનો આશ્રય કરીને રહેલા તે આસુરી જીવાત્માઓ પોતાના તેમ જ બીજાઓનાં શરીરોમાં નિવાસ કરતો એવો જે હું ઈશ્વર! તેનો પણ દ્વેષ કરનારા અને અદેખાઈ કરનારા થઈ રહે છે અર્થાત્ પોતે નિકૃષ્ટ સાધનોનો આશ્રય કરે છે એટલું જ નહિ, પણ સર્વનો ઈશ્વર એવો જે હું તેનો પણ તેઓ સદા વિરોધ કરતા રહે છે. ૧૮.

અવતરણિકાઃ—"તેવા મનુષ્યોનો કોઈ વખતે તો ઉદ્ધાર થઈ શકે કે નહિ?" એવા અર્જુનના પ્રશ્નના ઉત્તરમાં "તેમના જેવા ઈશ્વરદ્વેષ્ટાઓની તો અધોગતિની જ પરંપરા થાય છે." તે બે શ્લોકથી ભગવાન્ કહે છેઃ

तानहं द्विषतः क्रूरान्संसारेषु नराधमान् ॥
क्षिपाम्यजस्रमशुभानासुरीष्वेव योनिषु ॥ १९ ॥
आसुरीं योनिमापन्ना मूढा जन्मनि जन्मनि ॥
मामप्राप्यैव कौंतेय ततो यांत्यधमां गतिम् ॥२०॥

પદચ્છેદઃ—तान्, अहम्, द्विषतः, क्रूरान्, संसारेषु, नराधमान्, क्षिपामि, अजस्रम्, अशुभान्, आसुरीषु, एव, योनिषु; आसुरीम्, योनिम्, आपन्नाः, मूढाः, जन्मनि, जन्मनि, माम्, अप्राप्य, एव, कौन्तेय, ततः, यान्ति, अधमाम्, गतिम्.

व्युत्पत्तिसमासाः—द्विषन्ति ते द्विषन्त, तान् द्विषत नरेषु अधमा इति नराधमा, तान् नराधमान् । न शुभा अशुभा, तान् अशुभान् । असुराणाम् इमा इति आसुर्य, तासु आसुरीषु । न प्राप्य इति अप्राप्य ।

અન્વય અને અર્થઃ—तान् તે, द्विषतः દ્વેષ કરનારા, (तथा) क्रूरान् ક્રૂર, (એવા) नराधमान् નરાધમોને-નીચ પુરુષોને, अहम् હું, अजस्रम् નિરંતર, संसारेषु સંસારમાં, आसुरीषु આસુરી, योनिषु યોનિઓમાં, एव જ, क्षिपामि ફેંકું છું, (અને) कौन्तेय હે કૌન્તેય! (એ પ્રમાણે) जन्मनि, जन्मनि જન્મ

---

१ इहैव नरकव्याधेश्चिकित्सां न करोति यः ।
गत्वा निरौषधं स्थानं सकृज्जः किं करिष्यति ॥

અહીં જે જ્ઞાની નરરૂપ વ્યાધિની ચિકિત્સા-ઉપાય-ઉપચાર કરતો નથી તે રોગયુક્ત થએલો ઔષધ વિનાના સ્થાનમાં જઈ શું કરશે? અર્થાત્ કંઈ પણ ઉપાય કરી શકશે નહિ

જન્મમાં, આસુરીમ્ આસુરી, યોનિમ્ યોનિને, આપન્નાઃ પ્રાપ્ત થયેલા, (તે) મૂઢાઃ મૂઢ લોકો, મામ્ મને, અપ્રાપ્ય ન પામતાં, ततः તે (આસુરી યોનિ) થી, (પણ) अधमाम् અધમ, गतिम् ગતિને, एव જ, यान्ति પામે છે.

ભાવાર્થઃ—તે દ્વેષ કરનારા તથા ઘાતકી એવા અત્યંત નીચ પુરુષોને હું નિરંતર સંસારમાં આસુરી યોનિઓમાં જ ફેંકું છું. અને હે કૌન્તેય! એ પ્રમાણે પ્રત્યેક જન્મમાં આસુરી યોનિને જ પ્રાપ્ત થયેલા તે મૂઢ લોકો, મને ન પામતાં તેની પૂર્વની આસુરીયોનિ કરતાં પણ ઉત્તરોત્તર અધમ ગતિને પામે છે. ૧૯-૨૦.

અવતરણિકાઃ—હવે સમસ્ત આસુરીસંપત્તિનો ઉપસંહાર કરતાં તેના સારાંશ રૂપે જે રહેલું છે કે જેમાં તે આસુરીસંપત્તિના અનંત ભેદો અંતર્ગત થઇ જાય છે અને જે સર્વ અનર્થપરંપરાનું મૂલ છે અને તેથી જ ત્યાગ કરવા યોગ્ય છે, તે ભગવાન્ કહે છેઃ

त्रिविधं नरकस्येदं द्वारं नाशनमात्मनः ॥
कामः क्रोधस्तथा लोभस्तस्मादेतत्त्रयं त्यजेत् ॥२१॥

પદચ્છેદઃ—त्रिविधम्, नरकस्य, इदम्, द्वारम्, नाशनम्, आत्मनः, कामः, क्रोधः, तथा, लोभः, तस्मात्, एतत्, त्रयम्, त्यजेत्.

व्युत्पत्तिसमासाः—तिस्रः विधाः यस्य तत् त्रिविधम्। नाशयति इति नाशनम्।

અન્વય અને અર્થઃ—(હે અર્જુન!) कामः કામ, क्रोधः ક્રોધ, तथा તથા, लोभः લોભ, इदम् એ, आत्मनः આત્માનું, नाशनम् નાશ કરનાર-(અધોગતિએ લઇ જનાર), नरकस्य

નરકનુ, ત્રિવિધમ્ ત્રણ પ્રકારનું, દ્વારમ્ બારણું છે, તસ્માત્ તેથી, એતત્ એ, ત્રયમ્ ત્રય (ત્રણ)ને, (મનુષ્યે) ત્યજેત્ તજવું જોઈએ.

ભાવાર્થઃ—હે અર્જુન! કામ, ક્રોધ અને લોભ એ આત્માનો નાશ કરનાર અર્થાત્ તેને અધોગતિએ લઈ જનાર નરકનુ ત્રણ પ્રકારનુ દ્વાર છે, તેથી આત્મકલ્યાણની ઇચ્છા વાળાએ એ ત્રણેનો ત્યાગ કરવો જોઈએ ૨૧

અવતરણિકાઃ—આસુરીસ પત્તિના મૂલભૂત એ ત્રણ દોષોના ત્યાગથી કેવુ સુંદર સાત્વિક પરિણામ આવે છે, તે હવે ભગવાન્ જણાવે છે

एतैर्विमुक्तः कौंतेय तमोद्वारैस्त्रिभिर्नरः ॥
आचरत्यात्मनः श्रेयस्ततो याति परां गतिम् ॥२२॥

પદચ્છેદઃ—एतैः, विमुक्तः, कौन्तेय, तमोद्वारैः, त्रिभिः, नरः, आचरति, आत्मनः, श्रेयः, ततः, याति, पराम्, गतिम्.

વ્યુત્પત્તિસમાસાઃ—विशेषेण मुक्त इति विमुक्त । तमसः द्वाराणि इति तमोद्वाराणि, तै तमोद्वारे ।

અન્વય અને અર્થઃ—कौन्तेय હે કૌંતેય! एतै એ, त्रिभिः ત્રણ, तमोद्वारै નરકના દ્વારોથી, विमुक्त વિમુક્ત, नरः પુરુષ, आत्मन. આત્માના, श्रेय. કલ્યાણને, आचरति આચરે છે-કરી શકે છે, (અને) तत તેથી, पराम् પરમ, गतिम् ગતિ-મોક્ષને, याति પામે છે.

ભાવાર્થઃ—હે કૌન્તેય! એ ત્રણ નરકનાં દ્વારોથી જે પુરુષ વિમુક્ત થયેલો હોય છે તે પુરુષ જ પોતાના આત્માનું કલ્યાણ કરી શકે છે, અને તેથી જ તે અન્તમાં અત્યંત શ્રેષ્ઠ ગતિરૂપ મોક્ષને પામે છે. ૨૨.

અવતરણિકા:—" ઉપર કહેલી એ બધણી આસુરીમંપત્તિનો ત્યાગમાં અને આત્મકલ્યાણની સિદ્ધિમાં કારણ શું છે? " એ પ્રશ્નના પ્રત્યુત્તરમાં એ સર્વના કારણરૂપ શાસ્ત્ર જ છે, અને શાસ્ત્રના પ્રમાણથી જ અશુભનું પરિવર્તન અને શુભનું આચરણ થઈ શકે છે, તેથી શાસ્ત્રનો સ્વીકાર કરીને જ મનુષ્યે સર્વદા પોતાની પ્રવૃત્તિ ગોઠવી જોઈએ, પરંતુ જો તેનો સ્વીકાર ન કરીને શાસ્ત્રવિધિનો ત્યાગ કરે તો તો તેને અનર્થનો જ પ્રસંગ પ્રાપ્ત થાય છે " તે ભગવાન્ જણાવે છે:

यः शास्त्रविधिमुत्सृज्य वर्तते कामकारतः ॥
न स सिद्धिमवाप्नोति न सुखं न परां गतिम् ॥२३॥

पदच्छेदः—यः, शास्त्रविधिम्, उत्सृज्य, वर्तते, कामकारतः, न, सः, सिद्धिम्, अवाप्नोति, न, सुखम्, न, पराम्, गतिम्.

---

૧ આજકાલ કેટલાક લોકો ભગવાનના આ 'य शास्त्रविधिमुत्सृज्य' એ વચનનો ત્યાગ કરી પોતે શાસ્ત્ર ભણેલા ન હોવા છતાં પણ શાસ્ત્ર ભણ્યાનો મિથ્યા આડંબર રાખી શાસ્ત્રનો ગ્રંથ પણ પોતાનામાં ન હોવા છતાં તેમ શાસ્ત્ર સમજવાની પ્રણાલિકાને પણ ન સમજતા, વળી ભગવાનના 'न बुद्धिभेदं जनयेदज्ञानां कर्मसङ्गिनाम्' એ વચનને પણ તિલાંજલિ આપી ધર્માધર્મ વિષયમાં લોકોની બુદ્ધિમા ભેદ ઉત્પન્ન કરી રહ્યા છે, અને સ્વેચ્છાપ્રમાણે પોતાનું પ્રવર્તન કરી રહેલા છે તેથી બિચારા અજ્ઞાની જીવ ત્માઓ આવા દાંભિકોની આડંબરી રીતિમાં ફસાઈ જાય છે અને કર્તવ્ય કર્મથી વિમુખ થઈ પોતાના અન્તરાત્માનો અધઃપાત કરી રહેલા છે. આથી જણાવવાનું કે જનસમાજે આવા દાંભિક મનુષ્યોથી સાવધાન રહી શાસ્ત્રનું સત્ય તત્ત્વ શું છે? ધર્માધર્મની અપ્રમાણિત પ્રણાલિકા કેવા પ્રકારની રહેલી છે? તેનું સત્યસ્વરૂપ શું છે? અને આપણી મનુષ્યજાતિ પ્રમાણે આપણી ઉન્નતિના માર્ગમાં પ્રયાણ અને અવનતિના માર્ગથી નિરોધ કેવી રીતે થઈ શકે છે તે કોઈ સારા ઉત્તમ વિદ્વાન્ પાસેથી સમજી સંસારમાં પોતાની પ્રવૃત્તિ રાખવી જોઈએ, તો જ તે પોતાનું કલ્યાણ કરી શકે છે બાકી રાજકીય અને ધાર્મિક વિષયના તત્ત્વો જાણ્યા સિવાય તેનો ખોટો કરી સ્વેચ્છાપ્રમાણે વર્તન જો કરવામાં આવે તો આ ભગવદ્વચનાનુસાર કરીપણ સિદ્ધિ પામે નહિ, એ નિઃસંશય છે અને તેથી આ ભગવાનના વચનપર પરિપૂર્ણ વિચાર કરી ઉત્તમ મનુષ્યે પોતાનું વર્તન રાખવું એ પ્રકારનું ચોક્કસ જે કહેવું પરિપૂર્ણ છે, પછી તો પરમાત્મા કર્મ પ્રમાણે જેને જે બુદ્ધિ આપે તે ખરું."

વ્યુત્પત્તિસમાસાઃ—શિષ્યતે અનુશિષ્યતે બોધ્યતે અનેન જ્ઞાતઃ અર્થઃ ઇતિ શાસ્ત્રમ્, શાસ્ત્રસ્ય વિધિઃ શાસ્ત્રવિધિઃ, તં શાસ્ત્રવિધિમ્ । કારયતિ ઇતિ કારઃ, કામસ્ય કારઃ કરણમ્ ઇતિ કામકારઃ, તસ્માત્ કામકારતઃ ।

અન્વય અને અર્થઃ—યઃ જે પુરુષ, શાસ્ત્રવિધિમ્ શાસ્ત્રના વિધિ (આજ્ઞા) ને, ઉત્સૃજ્ય છોડીને, કામકારતઃ સ્વેચ્છાનુસાર, વર્તતે વર્તે છે, સઃ તે, સિદ્ધિમ્ સિદ્ધિને, ન, અવાપ્નોતિ મેળવતો નથી, સુખમ્ સુખને, ન નહિ, (તેમ) પરામ્ ઉત્કૃષ્ટ, ગતિમ્ ગતિને, (પણ) ન (અવાપ્નોતિ) પામતો નથી.

ભાવાર્થઃ—જે પુરુષ શાસ્ત્રના વિધિ (આજ્ઞા) ને છોડીને અર્થાત્ શાસ્ત્રમાં કહેલાં ધર્માધર્મનો અને વિધિનિષેધનો ત્યાગ કરીને સ્વેચ્છાનુસાર વર્તે છે, તે ચિત્તશુદ્ધિ વગેરે સિદ્ધિ, સુખ કે ઉત્કૃષ્ટ ગતિ–મોક્ષ–ને કદી પણ પામતો નથી. ૨૩.

અવતરણિકાઃ—" શાસ્ત્રની આજ્ઞાનુસાર કર્મ નહિ કરનારને ચિત્તશુદ્ધિ ઇત્યાદિ ઉપરોક્ત પ્રાપ્ત થતા નથી, તેથી શુદ્ધિની કામના-વાળાએ વિધિ નિષેધ તથા કર્તવ્યાકર્તવ્યના પરિજ્ઞાન માટે શાસ્ત્રને જ પ્રમાણ માનવું જોઇએ, શાસ્ત્રની ભંગણા લેવી જોઇએ, અને તેથી જ પરમ શ્રેય પ્રાપ્ત કરી શકાય છે," એમ કહી શાસ્ત્રનું માહાત્મ્ય દર્શાવતાં ભગવાન્ શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે.

तस्माच्छास्त्रं प्रमाणं ते कार्याकार्यव्यवस्थितौ ॥
ज्ञात्वा शास्त्रविधानोक्तं कर्म कर्तुमिहार्हसि ॥२४॥

પદચ્છેદઃ—तस्मात्, शास्त्रम्, प्रमाणम्, ते, कार्याकार्यव्यवस्थितौ, ज्ञात्वा, शास्त्रविधानोक्तम्, कर्म, कर्तुम्, इह, अर्हसि.

વ્યુત્પત્તિસમાસાઃ—પ્રકર્ષેણ મીયતે અનેન ઇતિ પ્રમાણમ્। કાર્યં ચ અકાર્યં ચ કાર્યાકાર્યે, તયોઃ વિશિષ્ટા અવસ્થિતિઃ ઇતિ કાર્યાકાર્યવ્યવસ્થિતિઃ, તસ્યાં કાર્યાકાર્યવ્યવસ્થિતૌ । વિશેષેણ ધીયતે અનેન ઇતિ વિધાનમ્, શાસ્ત્રસ્ય વિધાનમ્ ઇતિ શાસ્ત્રવિધાનમ્, તેન ઉક્તમ્ ઇતિ શાસ્ત્રવિધાનોક્તમ્ ।

અન્વય અને અર્થઃ—તસ્માત્ તે કારણ થી, તે તારા માટે કાર્યાકાર્યવ્યવસ્થિતૌ કરવા યોગ્ય શું અને ન કરવા યોગ્ય શું ? તેનો નિર્ણય કરવામાં, શાસ્ત્રમ્ શાસ્ત્ર (જ), પ્રમાણમ્ પ્રમાણ, (છે) (તેથી) ઇહ આ કર્મભૂમિમાં, શાસ્ત્રવિધાનોક્તમ્ શાસ્ત્રની વિધિ-નિષેધાત્મક આજ્ઞા વડે કહેલું, કર્મ કર્મ, કર્તુમ્ કરવાને, અર્હસિ તું યોગ્ય છે.

ભાવાર્થઃ—માટે હે અર્જુન ! તારે કરવા યોગ્ય શું અને ન કરવા યોગ્ય શું ? તેનો નિર્ણય કરવામાં શાસ્ત્રને જ પ્રમાણ માનવું જોઈએ, અને આ કર્મભૂમિમાં શાસ્ત્રના વિધાનથી કહેવામાં આવેલું કર્મ જ તારે કરવું જોઈએ. અર્થાત્ હું જે તને યુદ્ધ કરવા માટે કહું છું તે તારા ક્ષત્રિયના ધર્મ પ્રમાણે શાસ્ત્રવિહિત જ કર્મ છે માટે તે મારા કથનાનુસાર તારે ક્ષત્રિયને માટે શાસ્ત્રમાં કહેલું યુદ્ધરૂપી કર્મ કરવા તું તત્પર થા અને તેમાં જ તારું કલ્યાણ છે એમ તું માન. ૨૪./

ઇતિ શ્રીમદ્ભગવદ્ગીતાસૂપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે
શ્રીકૃષ્ણાર્જુનસંવાદે શ્રીકૃષ્ણકાર્ત્તાન્તિકપ્રણીત-
સાન્વયબોધિન્યાં ગુર્જરટીકાયાં દૈવાસુરસંપ-
દ્વિભાગયોગો નામ ષોડશોઽધ્યાયઃ ।

सप्तदशोऽध्यायः ।

અધ્યાય સત્તરમો.

અવતરણિકાઃ—એ પ્રમાણે દૈવી અને આસુરી સંપત્તિઓનો વિભાગ, તેમના સ્વરૂપ, તેમના ફળ તેમ જ તે આસુરી સંપત્તિવાળાનો જ્ઞાનાધિકાર, કામ, સંકલ્પ, ગુણ, કર્મ અને ફલ વગેરેનુ પણ કથન કરી અંતમા મુમુક્ષુએ શાસ્ત્રજ્ઞાનને પ્રાપ્ત કરી તદનુસાર જ સર્વ કર્મ કરવા એમ પણ કહ્યું, હવે શાસ્ત્રને ન જાણવા છતા પણ શાસ્ત્રયુકત કર્મ નિષ્કામવૃત્તિથી શ્રદ્ધાપૂર્વક કરનારા જે મુમુક્ષુઓ છે તેઓની સાત્ત્વિક કર્મમા પ્રીતિ હોવાથી તે કર્મદ્વારા ચિત્તશુદ્ધિથી જ્ઞાન પ્રાપ્ત થતા તેમને પણ મોક્ષાધિકાર પ્રાપ્ત થાય છે તે જણાવવા આ સત્તરમા અધ્યાયનો આરંભ કરવામા આવ્યો છે તેમા પણ "**तस्माच्छास्त्र प्रमाणं ते**" એ સોળમા અધ્યાયના અંતમા ભગવાન્ શ્રીકૃષ્ણે કહેલા વચનથી શાસ્ત્રવિધિને છોડીને સ્વેચ્છાપૂર્વક વર્તન કરનારાને જ્ઞાનમા અધિકાર નથી એમ જણાય છે, તેથી શાસ્ત્રવિધિને છોડીને પણ, શ્રદ્ધાથી વર્તનારાઓનો કેવો અધિકાર છે ?" તે જાણવાની ઇચ્છાથી અર્જુન ભગવાન્ શ્રીકૃષ્ણને પૂછે છે

अर्जुन उवाच । અર્જુન કહે છે—

ये शास्त्रविधिमुत्सज्य यजन्ते श्रद्धयान्विताः ॥
तेषां निष्ठा तु का कृष्ण सत्त्वमाहो रजस्तमः ॥१॥

પદચ્છેદઃ—ये, शास्त्रविधिम्, उत्सृज्य, यजन्ते, श्रद्धया, अन्विताः, तेषाम्, निष्ठा, तु, का, कृष्ण, सत्त्वम्, आहो, रजः, तमः.

વ્યુત્પત્તિસમાસાઃ—શાસ્ત્રસ્ય વિધિઃ શાસ્ત્રવિધિઃ, તં શાસ્ત્રવિધિમ્ । ઉત્ સૃષ્ટા ઇતિ ઉત્સૃજ્ય । કર્ષયતિ ઇતિ કૃષ્ણઃ, તત્સંબુદ્ધૌ હે કૃષ્ણ ।

અન્વય અને અર્થઃ—કૃષ્ણ હે શ્રીકૃષ્ણ ! યે જે પુરુષો, શ્રદ્ધયા શ્રદ્ધાથી, અન્વિતાઃ યુક્ત, (પણ અજ્ઞાનને લીધે) શાસ્ત્રવિધિમ્ શાસ્ત્રના વિધિને, ઉત્સૃજ્ય છોડીને, યજન્તે (દેવોનું) યજન કરે છે, તેષામ્ તેમની, નિષ્ઠા નિષ્ઠા-સ્થિતિ, કા કેવી, (હોય છે), સત્ત્વમ્ સાત્ત્વિકી, અહો અથવા, રજઃ રાજસી, (કે) તામસી તામસી હોય છે ? (તે આપ કહો).

ભાવાર્થઃ—હે શ્રીકૃષ્ણ ! જે પુરુષો શ્રદ્ધાથી યુક્ત હોવા છતાં શાસ્ત્રના અજ્ઞાનને લીધે જ માત્ર શાસ્ત્રવિધિને છોડીને દેવાદિકોને પૂજે છે, તેમની નિષ્ઠા સાત્ત્વિકી, રાજસી, કે તામસી એમાંથી કેવા પ્રકારની હોય છે ! તે આપ કહો. ૧.

અવતરણિકાઃ—અર્જુનનો આ સામાન્યવિષયક પ્રશ્ન હોવાથી તેમાથી કાંઈ પણ ન્યૂનાધિક્યનો વિચાર કર્યા વિના સામાન્ય રીતે જ ભગવાન્ શ્રીકૃષ્ણ તેનો ઉત્તર આપે છે.

શ્રીભગવાનુવાચ । શ્રીભગવાન્ કહે છે—

ત્રિવિધા ભવતિ શ્રદ્ધા દેહિનાં સા સ્વભાવજા ॥
સાત્ત્વિકી રાજસી ચૈવ તામસી ચેતિ તાં શૃણુ ॥ ૨ ॥

---

૧ આયુઃ કર્મ ચ વિત્તઞ્ચ વિદ્યા નિધનમેવ ચ ।
પઞ્ચૈતાન્યપિ સૃજ્યન્તે ગર્ભસ્થસ્યૈવ દેહિનઃ ॥

આયુ, કર્મ, ધન, વિદ્યા અને મરણ એ પાંચ દેહી-જીવ-મનુષ્ય ગર્ભમાં હોય છે ત્યારથી જ લખાય છે. અર્થાત્ એ સઘળું આપી સ્વભાવજન્ય જ છે.

પદચ્છેદઃ—ત્રિવિધા, ભવતિ, શ્રદ્ધા, દેહિનામ્, સા, સ્વભાવજા, સાત્ત્વિકી, રાજસી, ચ, એવ, તામસી, ચ, ઇતિ, તામ્, શૃણુ.

વ્યુત્પત્તિસમાસાઃ—તિસ્રો વિધા પ્રકારાઃ યસ્યા સા ત્રિવિધા। દેહા સન્તિ યેષા તે દેહિન, તેષામ્ દેહિનામ્। સ્વભાવાત જાયત સા સ્વભાવજા। સત્ત્વગુણેન તત્કાર્યેણ મનસઃ વા નિર્વૃત્તા ઇતિ સાત્ત્વિકી। રજોગુણેન તત્કાર્યેણ વા નિવૃત્તા ઇતિ રાજસી। તમોગુણેન તત્કાર્યેણ વા નિર્વૃત્તા ઇતિ તામસી।

અન્વય અને અર્થઃ—(હે અર્જુન!) દેહિનામ્ દેહધારીઓની, સ્વભાવજા સ્વભાવથી જ ઉત્પન્ન થયેલી, સા તે, શ્રદ્ધા શ્રદ્ધા, સાત્ત્વિકી સત્ત્વગુણપ્રધાન, રાજસી રજોગુણપ્રધાન, ચ અને, તામસી તમોગુણપ્રધાન, ઇતિ એ પ્રમાણે ત્રિવિધા ત્રણ પ્રકારની (હોય છે) તામ્ તેને શૃણુ તુ સાભળ

ભાવાર્થઃ—હે અર્જુન! દેહધારીઓની સ્વભાવથી જ ઉત્પન્ન થએલી તે શ્રદ્ધા સત્ત્વગુણપ્રધાન, રજોગુણપ્રધાન તથા તમોગુણપ્રધાન એ પ્રમાણે ત્રણ પ્રકારની હોય છે, હવે તે શ્રદ્ધા સબધી વિશેષ હું તને કહું છુ તે તુ મારી પાસેથી સાભળ ૨

અવતરણિકાઃ— "શ્રદ્ધાન્વિતો ભૂત્વા આત્મન્યેવાત્માન પશ્યેત્—તત્ત્વજ્ઞાનીએ શ્રદ્ધાયુક્ત થઇને આત્મા વડે આત્માને જોવો" એ વચનથી આત્મદર્શનના સાધનોમા શ્રદ્ધાનું અતરગપણુ સિદ્ધ થાય છે, તો પછી તેના રાજસિક અને તામસિક એવા ભેદો કેમ હોઈ શકે?" એવી શકાના ઉત્તરમા "પ્રાક્તનકર્મના સસ્કારથી જ શ્રદ્ધા ઉત્પન્ન થાય છે તેથી જ તે ભિન્ન પ્રકારની છે' એમ ભગવાન શ્રીકૃષ્ણ જણાવે છે

सत्त्वानुरूपा सर्वस्य श्रद्धा भवति भारत ॥
श्रद्धामयोऽयं पुरुषो यो यच्छ्रद्धः स एव सः ॥ ३ ॥

પદચ્છેદઃ—सत्त्वानुरूपा, सर्वस्य, श्रद्धा, भवति, भारत, श्रद्धामयः, अयम्, पुरुषः, यः, यच्छ्रद्धः, सः, एव, सः.

વ્યુત્પત્તિસમાસાઃ—सत्त्वेन अनुरूपा सत्त्वानुरूपा । श्रद्धा प्राचुर्येण विद्यते यस्मिन् सः, वा श्रद्धया प्रचुरः व्याप्तः इति श्रद्धामयः । या श्रद्धा यस्य सः यच्छ्रद्धः ।

અન્વય અને અર્થઃ—भारत હે ભારત ! सर्वस्य સૌની, श्रद्धा શ્રદ્ધા, सत्त्वानुरूपा પોતપોતાના પ્રાક્તન સંસ્કારયુક્ત અંતઃકરણને અનુરૂપ, भवति હોય છે, अयम् આ, पुरुषः સંસારી જીવ, श्रद्धामयः શ્રદ્ધામય, (છે) यः જે, यच्छ्रद्धः જેવી શ્રદ્ધાનો, (છે) सः તે, सः તે, एव જ (શ્રદ્ધાયુક્ત છે).

ભાવાર્થઃ—હે ભારત ! પ્રાણિમાત્રની શ્રદ્ધા પોતપોતાના પ્રાક્તન સંસ્કારયુક્ત અંતઃકરણ પ્રમાણેની જ હોય છે, આ સંસારી જીવ શ્રદ્ધામય જ છે અને તેથી જે પુરુષ જેવી શ્રદ્ધાનો હોય, તેવી જ શ્રદ્ધાયુક્ત–તેવા જ સત્ત્વનો તે ગણાય છે. અર્થાત્

---

१ शमो दमस्तितिक्षेज्या तपः सत्यं दया स्मृतिः ।
तुष्टित्यागोऽस्पृहा श्रद्धा ह्रीर्दयेशे निरीहिता ॥
सत्त्वस्य वृत्तयस्त्वेता मुनिभिः संप्रकीर्तिताः ॥

શમ (મનોનિગ્રહ), દમ (ઇંદ્રિયનિગ્રહ), તિતિક્ષા (સહનશીલતા), ઇજ્યા (યજ્ઞ–સત્કાર), તપ, સત્ય, દયા, સ્મૃતિ (સ્મરણ), તુષ્ટિ (સંતોષ–તૃપ્તિ), ત્યાગ, અસ્પૃહા (અનિચ્છા), શ્રદ્ધા, હ્રી (લજ્જા), દયા, નિરીહિતા (સ્વાધીનતા) અને ધૃતિ (ધૈર્ય–સ્થિરતા) એ મુનિઓએ સત્ત્વની વૃત્તિઓ કહેલી છે.

તેથી જ સાત્ત્વિક, રાજસ, અને તામસ, એમ ત્રણ પ્રકારની શ્રદ્ધા કહેવામાં આવી છે ૩.

અવતરણિકા —"સાત્ત્વિક, રાજસિક કે તામસિક એ ત્રણ પ્રકારની શ્રદ્ધામાથી મનુષ્ય કયા પ્રકારની શ્રદ્ધાયુકત છે ?" તે જાણવા માટે કાર્યના અનુમાનથી નિર્ણય કરતા ભગવાન્ કહે છે

यजन्ते सात्त्विका देवान्यक्षरक्षांसि राजसाः ॥
प्रेतान्भूतगणाश्चान्ये यजंते तामसा जनाः ॥ ४ ॥

પદચ્છેદઃ—यजन्ते, सात्त्विकाः, देवान्, यक्षरक्षांसि, राजसाः, प्रेतान्, भूतगणान्, च, अन्ये, यजन्ते, तामसाः, जनाः.

વ્યુત્પત્તિસમાસાઃ—सत्त्वे निष्ठा येषा ते सात्त्विका । यक्षाश्च रक्षासि च यक्षरक्षासि, तानि यक्षरक्षासि । रजसि निष्ठा येषा ते राजसा । भूताना गणा भूतगणा, तान् भूतगणान् । तमसि निष्ठा येषा ते तामसा ।

અન્વય અને અર્થઃ—सात्त्विका સત્ત્વગુણનિષ્ઠ (મનુષ્યો), देवान् દેવોને, यजन्ते પૂજે છે, राजसा રજોગુણનિષ્ઠ (મનુષ્યો), यक्षरक्षासि યક્ષો તથા રાક્ષસોને, (પૂજે છે, અને) अन्ये બીજા, तामसा તમોગુણનિષ્ઠ, जना મનુષ્યો, प्रेतान् પ્રેતોને, च તેમ, भूतगणान् (સપ્ત માતૃકા વગેરે) ભૂતગણોને, यजन्ते પૂજે છે

ભાવાર્થઃ—સત્ત્વગુણનિષ્ઠ મનુષ્યો દેવોનું પૂજન કરે છે, રજોગુણનિષ્ઠ મનુષ્યો યક્ષો તથા રાક્ષસોને પૂજે છે અને બીજા તમોગુણનિષ્ઠ મનુષ્યો પ્રેતોને તથા સપ્ત માતૃકા વગેરે ભૂતગણોને પૂજે છે અર્થાત્ તે ઉપરથી જ કયુ મનુષ્ય કયા ગુણયુકત શ્રદ્ધાવાળુ છે તે જાણી શકાય છે. ૪.

અવતરણિકા:—'૩૫૨ કહ્યા પ્રમાણે સત્ત્વાદિગુણનિષ્ઠ મનુષ્યો કર્મથી ઓળખી શકાય છે, તેમાં ત્રણે ગુણમાંથી સત્ત્વગુણનિષ્ઠ મનુષ્ય તો હજારોમાં કોઈ એકાદ જ હોય છે, વિશેષે કરીને તો પ્રાણિઓ રજોગુણનિષ્ઠ અથવા તમોગુણનિષ્ઠ જ હોય છે. હવે તે કેવી રીતે જાણી શકાય છે' તે બે શ્લોકથી ભગવાન્ જણાવે છે:

अशास्त्रविहितं घोरं तप्यंते ये तपो जनाः ॥
दंभाहंकारसंयुक्ता कामरागबलान्विताः ॥ ५ ॥

कर्षयंतः शरीरस्थं भूतग्राममचेतसः ॥
मां चैवांतःशरीरस्थं तान्विद्ध्यासुरनिश्चयान् ॥ ६ ॥

पदच्छेदः—अशास्त्रविहितम्, घोरम्, तप्यन्ते, ये, तपः, जनाः, दम्भाहंकारसंयुक्ताः, कामरागबलान्विताः; कर्षयन्तः, शरीरस्थम्, भूतग्रामम्, अचेतसः, माम्, च, एव, अन्तःशरीरस्थम्, तान्, विद्धि, आसुरनिश्चयान्.

व्युत्पत्तिसमासाः—विशेषेण हितम् इति विहितम्, शास्त्रेण विहितम् शास्त्रविहितम्, न शास्त्रविहितम् अशास्त्रविहितम्, तत्। सम्यक् युक्ताः इति संयुक्ताः, दम्भश्च अहंकारश्च दम्भाहंकारौ, ताभ्यां संयुक्ताः इति दम्भाहंकारसंयुक्ताः। कामश्च रागश्च कामरागौ, तयोः बलम् इति कामरागबलम्, तेन अन्विताः इति कामरागबलान्विताः। कर्षयन्ति ते कर्षयन्तः। शरीरे तिष्ठति इति शरीरस्थः, तं शरीरस्थम्। भूतानां ग्रामः भूतग्रामः, तं भूतग्रामम्। न विद्यते चेतः येषां ते अचेतसः। शरीरस्य अन्तः इति अन्तःशरीरम्, तस्मिन्

तिष्ठति इति अन्तःशरीरस्थः, तम् । असुराणाम् अयम् इति आसुरः, आसुरः निश्चयः येषां ते आसुरनिश्चयाः, तान् आसुरनिश्चयान् ।

અન્વય અને અર્થઃ—યે જે, જનાઃ મનુષ્યો, કામરાગબલાન્વિતાઃ અભિલાષા તથા આસક્તિના બલથી યુક્ત, (તેમ) દમ્ભાહંકારસંયુક્તાઃ દંભ અને અહંકારથી યુક્ત, (થયા થકા) અશાસ્ત્રવિહિતમ્ શાસ્ત્રમાં નહિ કહેલું, ઘોરમ્ ભયંકર—અધમ, તપઃ તપ, તપ્યન્તે આચરે છે, (તેમ) અચેતસઃ અવિવેકીઓ, (થઈને) શરીરસ્થમ્ શરીરમાં રહેલા, ભૂતગ્રામમ્ પૃથ્વ્યાદિ પંચમહાભૂતોના સમૂહને, ચ તથા, અન્ત શરીરસ્થમ્ શરીરની અંદર રહેલા, મામ્ મને, એવ પણ, કર્ષયન્તઃ કૃશ કરતા રહે છે, તાન્ તેમને, આસુરનિશ્ચયાન્ આસુરી નિશ્ચયવાળા, વિદ્ધિ તું જાણ.

ભાવાર્થઃ—જે મનુષ્યો અભિલાષા તથા આસક્તિના બળથી તેમજ દંભ અને અહંકારથી યુક્ત થઈને શાસ્ત્રમાં નહિ કહેલું ભયંકર—અધમ તપ આચરે છે, તેમ અવિવેકી થઈને શરીરમાં રહેલા પૃથ્વ્યાદિ પંચમહાભૂતને અને મને પણ કૃશ કરતા રહે છે, તેવાઓને તું આસુરી નિશ્ચયવાળા જાણ. અર્થાત્ એવાં મનુષ્યો ઉત્તમ શ્રદ્ધાયુક્ત હોતાં નથી. ૫–૬.

અવતરણિકાઃ—"આહાર, યજ્ઞ, તપ તથા દાન વિગેરેની ભિન્નતાથી પણ સત્ત્વાદિગુણનિષ્ઠ મનુષ્યો તત્કાળ ઓળખી શકાય છે" તે વાત ભગવાન હવે કહે છેઃ

आहारस्त्वपि सर्वस्य त्रिविधो भवति प्रियः ॥
यज्ञस्तपस्तथा दानं तेषां भेदमिमं शृणु ॥ ७ ॥

પદચ્છેદઃ—आहारः, तु, अपि, सर्वस्य, त्रिविधः, भवति, प्रियः, यज्ञः, तपः, तथा, दानम्, तेषाम्, भेदम्, इमम्, शृणु.

વ્યુત્પત્તિસમાસાઃ—आहियते इति आहारः । दीयते इति दानम् ।

અન્વય અને અર્થઃ—ભારત હે ભારત! તુ વળી, આહારઃ આહાર, અપિ પણ, સર્વસ્ય બધાં પ્રાણિઓને, ત્રિવિધઃ ત્રણ પ્રકારે, પ્રિયઃ પ્રિય, ભવતિ હોયછે, (તેમ) યજ્ઞઃ યજ્ઞ, તપઃ તપ, તથા અને, દાનમ્ દાન (પણ ત્રણ પ્રકારનાં હોયછે), તેષામ્ તે સઘળાંના, ઇમમ્ આ, ભેદમ્ ભેદને, શૃણુ તું સાંભળ.

ભાવાર્થઃ—હે ભારત! વળી સત્ત્વાદિગુણોના આશ્રયથી આહાર પણ બધાં પ્રાણિઓને ત્રણ પ્રકારનો પ્રિય હોય છે, તેમ યજ્ઞ, તપ અને દાન પણ ત્રણ પ્રકારનાં પ્રિય હોય છે. હવે તે સઘળાંનો આ ભેદ હું તને કહું છું તે તું મારી પાસેથી સાંભળ. ૭.

અવતરણિકાઃ—હવે પંદર શ્લોકથી ભગવાન્ આહાર, યજ્ઞ, તપ તથા દાનના ત્રિવિધ-ત્રણ પ્રકારનું વર્ણન કરે છે, તેમાં પ્રથમ ત્રણ શ્લોકથી આહારનું વર્ણન કરે છે.

आयुःसत्त्वबलारोग्यसुखप्रीतिविवर्धनाः ॥
रस्याः स्निग्धाः स्थिरा हृद्या आहाराः सात्त्विकप्रियाः॥८॥

પદચ્છેદઃ—आयुःसत्त्वबलारोग्यसुखप्रीतिविवर्धनाः, रस्याः, स्निग्धाः, स्थिराः, हृद्याः, आहाराः, सात्त्विकप्रियाः.

વ્યુત્પત્તિસમાસાઃ—विशेषेण वर्धयन्ते ते विवर्धनाः, आयुश्च सत्त्वं च बलं च आरोग्यं च सुखं च प्रीतिश्च आयुःसत्त्वबलारोग्यसुखप्रीतयः, तासां विवर्धनाः इति आयुःसत्त्वबलारोग्यसुखप्रीतिविवर्धनाः । रसयितुं योग्याः रस्याः । हृदयस्य प्रियाः हृद्याः । सात्त्विकानां प्रियाः सात्त्विकप्रियाः ।

અન્વય અને અર્થઃ—આયુઃસત્ત્વબલારોગ્યસુખપ્રીતિવિવર્ધનાઃ આયુષ્ય (દીર્ઘ જીવન), સત્ત્વ (ધૈર્ય), બલ (શરીરસામર્થ્ય), આરોગ્ય, સુખ–ચિત્તની પ્રસન્નતા, તથા પ્રેમ ઇત્યાદિની અત્યંત વૃદ્ધિ કરનારા, રસ્યાઃ રસિક (મધુર રસવાળા), સ્નિગ્ધાઃ ઘૃત ઇત્યાદિ સ્નેહયુક્ત, સ્થિરાઃ ચિરકાલ પર્યન્ત શરીરનું પોષણ કરનારા, (અને) હૃદ્યાઃ હૃદયને પ્રિય લાગે તેવા, આહારાઃ આહારો, સાત્ત્વિકપ્રિયાઃ સાત્ત્વિક મનુષ્યોને પ્રિય હોય છે.

ભાવાર્થઃ—આયુષ્ય, ઉત્સાહ–ધૈર્ય, શક્તિ, આરોગ્ય, ચિત્તની પ્રસન્નતા તથા પ્રેમ–હર્ષ ઇત્યાદિની અત્યંત વૃદ્ધિ કરનારા, રસિક, ઘૃત ઇત્યાદિ સ્નેહયુક્ત, ચિરકાલ પર્યંત શરીરનું પોષણ કરનારા તથા હૃદયને પ્રિય લાગે તેવા આહારો સાત્ત્વિક મનુષ્યોને પ્રિય હોય છે. અર્થાત્ જે મનુષ્યોને એવા આહારો પ્રિય હોય છે તે સાત્ત્વિક મનુષ્યો કહેવાય છે. ૮.

कट्वम्ललवणात्युष्णतीक्ष्णरूक्षविदाहिनः ॥
आहारा राजसस्येष्टा दुःखशोकामयप्रदाः ॥ ९ ॥

પદચ્છેદઃ—कट्वम्ललवणात्युष्णतीक्ष्णरूक्षविदाहिनः, आहाराः, राजसस्य, इष्टाः, दुःखशोकामयप्रदाः.

વ્યુત્પત્તિસમાસાઃ—विशेषेण दहति इति विदाही, कटुश्च अम्लश्च लवणश्च अत्युष्णश्च तीक्ष्णश्च रूक्षश्च विदाही च कट्वम्ललवणात्युष्णतीक्ष्णरूक्षविदाहिनः । दुःखं च शोकश्च आमयश्च दुःखशोकामयाः, तान् प्रकर्षेण ददते इति दुःखशोकामयप्रदाः ।

અન્વય અને અર્થઃ—कट्म्ललवणात्युष्णतीक्ष्णरूक्षविदाहिनः અતિ કડવા (કડવો લીમડો વિગેરે), અત્યંત ખાટા (કાગદી લીંબુ વિગેરે), અતિ ખારા (લૂણ-નિમક-મીઠું વિગેરે), અતિ ઉષ્ણ (બહુ ગરમ), અતિ તીખા (કાળાં મરી વિગેરે), અતિ સૂકા (ચણા, મસૂર, કાંગ, કોદરા વિગેરે), અત્યંત દાહ કરે તેવા (સર્ષપ-સરસી આદિ તેમ) दुःखशोकामयप्रदाः દુઃખ, શોક અને રોગોને ઉપજાવનારા, आहाराः આહારો, राजसस्य રાજસિક મનુષ્યને, इष्टाः પ્રિય (હોય છે).

ભાવાર્થઃ—અતિ કડવા, અતિ ખાટા, અતિ ખારા, અતિ ઉષ્ણ, અતિ તીખા, અતિ સૂકા, અતિ દાહ કરે તેવા, તેમ દુઃખ, શોક અને રોગોને ઉત્પન્ન કરનારા આહારો રાજસિક મનુષ્યને પ્રિય હોય છે. અર્થાત્ એવા આહારો જેને પ્રિય હોય તે મનુષ્ય રાજસિક ગણાય છે. ૯.

यातयामं गतरसं पूति पर्युषितं च यत् ॥
उच्छिष्टमपि चामेध्यं भोजनं तामसप्रियम् ॥ १० ॥

પદચ્છેદઃ—यातयामम्, गतरसम्, पूति, पर्युषितम्, च, यत्, उच्छिष्टम्, अपि, च, अमेध्यम्, भोजनम्, तामसप्रियम्.

વ્યુત્પત્તિસમાસાઃ—यातः यामः प्रहरः यस्य तत् यातयामम् । गतः रसः यस्मात् तत् गतरसम् । मेधायै हितम् इति मेध्यम्, न मेध्यम् अमेध्यम् । तमसि निष्ठा येषां ते तामसाः, तामसानां प्रियम् तामसप्रियम् ।

અન્વય અને અર્થઃ—યાતયામમ્ એક પ્રહર જેને વીતી ગયેલો છે તેવું, ગતરસમ્ સ્વાદ ઉડી ગયેલુ, પૂતિ દુર્ગંધવાળુ, ચ તથા, પર્યુષિતમ્ રાત્રિનું રાંધેલુ ઉચ્છિષ્ટમ્ એઠું-ભોજન કર્યા પછી શેષ રહેલુ, ચ તથા, અમેધ્યમ્ અપવિત્ર, યત્ જે, ભોજનમ્ ભોજન, (છે તે) અપિ પણ, તામસપ્રિયમ્ તમોગુણી મનુષ્યોને પ્રિય હોય છે

ભાવાર્થઃ—એક પ્રહર વીતી ગયેલુ, સ્વાદરહિત, દુર્ગંધયુક્ત, રાત્રિનુ રાંધેલુ, એઠું-ભોજન કર્યા પછી શેષ રહેલુ તથા અપવિત્ર એવુ જે ભોજન તે પણ તમોગુણી મનુષ્યોને પ્રિય હોય છે અર્થાત્ એવા આહારવાળા મનુષ્યોને તમોગુણી ગણવામા આવે છે ૧૦.

અવતરણિકા—હવે ત્રણ શ્લોકથી ભગવાન ત્રણ ગુણોના આશ્રયથી ત્રણ પ્રકારના યજ્ઞોનુ વર્ણન કરે છે

अफलाकाङ्क्षिभिर्यज्ञो विधिदृष्टो य इज्यते ॥
यष्टव्यमेवेति मनः समाधाय स सात्त्विकः ॥११॥

પદચ્છેદઃ—અફલાકાઙ્ક્ષિભિઃ, યજ્ઞઃ, વિધિદૃષ્ટઃ, યઃ, ઇજ્યતે, યષ્ટવ્યમ્, એવ, ઇતિ, મનઃ, સમાધાય, સઃ, સાત્ત્વિકઃ.

વ્યુત્પત્તિસમાસાઃ—ફલમ્ આકાઙ્ક્ષન્તે તે ફલાકાઙ્ક્ષિણ, ન ફલાકાઙ્ક્ષિણ અફલાકાઙ્ક્ષિણ, તૈ અફલાકાઙ્ક્ષિભિ । વિધિના દૃષ્ટ વિધિદૃષ્ટ । સમ્યક્ આધાય ઇતિ સમાધાય । યષ્ટુમ્ ઉચિત યષ્ટવ્યમ્ ।

અન્વય અને અર્થઃ—અફલાકાંક્ષિભિ ફલની ઇચ્છા રહિત પુરુષો વડે, વિધિદૃષ્ટ શાસ્ત્રની આજ્ઞાપ્રમાણે વિહિત

(અને) યષ્ટવ્યમ્, એવ યજ્ઞ કરવો જ જોઈએ (એ પોતાનું કર્તવ્ય છે), ઇતિ એ પ્રમાણે, મનઃ મનને, સમાધાય એકાગ્ર કરીને, યઃ જે, ઇજ્યતે યજ્ઞ કરવામાં આવે છે, સઃ તે, સાત્ત્વિકઃ સાત્ત્વિક (યજ્ઞ છે).

ભાવાર્થઃ—ફલની ઈચ્છારહિત પુરુષોવડે, શાસ્ત્રની આજ્ઞા પ્રમાણે વિધિપૂર્વક યજ્ઞ કરવો જ જોઈએ એ પોતાનું કર્તવ્ય છે, એ પ્રમાણે મનને સ્થિર કરીને જે યજ્ઞ કરવામાં આવે છે, તે યજ્ઞ સાત્ત્વિક કહેવામાં આવે છે. ૧૧.

અવતરણિકાઃ—હવે ભગવાન્ રાજસિક યજ્ઞનું વર્ણન કરે છે.

અભિસંધાય તુ ફલં દંભાર્થમપિ ચૈવ યત્ ॥
ઇજ્યતે ભરતશ્રેષ્ઠ તં યજ્ઞં વિદ્ધિ રાજસમ્ ॥ ૧૨ ॥

પદચ્છેદઃ—અભિસંધાય, તુ, ફલમ્, દમ્ભાર્થમ્, અપિ, ચ, એવ, યત્, ઇજ્યતે, ભરતશ્રેષ્ઠ, તમ્, યજ્ઞમ્, વિદ્ધિ, રાજસમ્.

વ્યુત્પત્તિસમાસાઃ—અભિતઃ સંધાય ઇતિ અભિસન્ધાય। દમ્ભાય ઇતિ દમ્ભાર્થમ્। ભરતાનાં શ્રેષ્ઠઃ ભરતશ્રેષ્ઠઃ, તત્સંબુદ્ધૌ હે ભરતશ્રેષ્ઠ।

અન્વય અને અર્થઃ—ભરતશ્રેષ્ઠ હે ભરતશ્રેષ્ઠ! ફલમ્ ફલને, તુ જ, અભિસન્ધાય ઉદ્દેશીને, ચ, એવ તેમ જ, દમ્ભાર્થમ્ દંભની ખાતર, અપિ પણ, ઇજ્યતે જે યજ્ઞ કરવામાં આવે છે, તમ્ તે, યજ્ઞમ્ યજ્ઞને, રાજસમ્ રાજસિક, (યજ્ઞ) વિદ્ધિ તું જાણ.

ભાવાર્થઃ—હે ભરતવંશીઓમાં શ્રેષ્ઠ અર્જુન! ફલને ઉદ્દેશીને તેમ જ દંભની ખાતર પણ જે યજ્ઞ કરવામાં આવેછે, તે યજ્ઞને તું રાજસિક યજ્ઞ જાણ. ૧૨.

અવતરણિકાઃ—હવે ભગવાન્ તામસિક યજ્ઞનુ વર્ણન કરતા કહે છે

વિધિહીનમસૃષ્ટાન્નં [1]મંત્રહીનમદક્ષિણમ્ ॥
શ્રદ્ધાવિરહિતં યજ્ઞં તામસં પરિચક્ષતે ॥ ૧૩ ॥

પદચ્છેદઃ—વિધિહીનમ્, અસૃષ્ટાન્નમ્, મન્ત્રહીનમ્, અદક્ષિણમ્, શ્રદ્ધાવિરહિતમ્, યજ્ઞમ્, તામસમ્, પરિચક્ષતે.

વ્યુત્પત્તિસમાસાઃ—વિધિના હીન વિધિહીન, ત વિધિહીનમ્ । ન સૃષ્ટ–ન નિષ્પાદિતમ્ વા બ્રાહ્મણેભ્યો ન દત્તમ્ અન્ન યસ્મિન્ સ અસૃષ્ટાન્ન, તમ્ અસૃષ્ટાન્નમ્ । મન્ત્રૈ હીન રહિત વા દુષ્ટશબ્દ પ્રયુક્તો મન્ત્ર યસ્મિન્ સ, વા સ્વરતો વર્ણતો હીન મન્ત્રો યસ્મિન્ સ મન્ત્રહીન, ત મન્ત્રહીનમ્ । ન દીયન્તે યથોક્તા દક્ષિણા યસ્મિન્ સ અદક્ષિણ, તમ્ અદક્ષિણમ્ । વિશેષેણ રહિત વિરહિત, શ્રદ્ધયા વિરહિત શ્રદ્ધાવિરહિત, ત શ્રદ્ધાવિરહિતમ્ । તમસા નિર્વૃત્ત તામસ, ત તામસમ્ ।

અન્વય અને અર્થઃ—વિધિહીનમ્ શાસ્ત્રોકતવિધિરહિત, અસૃષ્ટાન્નમ્ અન્નદાનરહિત, મન્ત્રહીનમ્ મન્ત્ર વિનાનો, અદક્ષિણમ્ દક્ષિણારહિત, (તથા) શ્રદ્ધાવિરહિતમ્ શ્રદ્ધાથી પણ રહિત, યજ્ઞમ્ યજ્ઞને, તામસમ્ તામસિક, (યજ્ઞ) પરિચક્ષતે કહે છે.

---

૧ દુષ્ટ શબ્દ સ્વરતો વર્ણતો વા મિથ્યા પ્રયુક્તો ન તમર્થમાહ ।
સ વાગ્વજ્રો યજમાન હિનસ્તિ યથેન્દ્રશત્રુ સ્વરતોઽપરાધાત્ ॥

અકારાદિ સ્વરથી અથવા કકારાદિ વર્ણથી દૂષિત ખોટા પ્રયોગવાળો શબ્દ મંત્રના તે-કહેવામા ઇચ્છેલા અર્થને કહેતો નથી પણ તે વાણીરૂપી વજ્ર બની યજમાનને મારે છે જેમ 'ઇન્દ્રશત્રુ' એમા સ્વરના અપરાધથી ઇન્દ્રે વૃત્રાસુરને મારેલો હતો તેમ.

ભાવાર્થઃ—શાસ્ત્રોક્ત વિધિથી રહિત, અન્નદાનવિનાનો તેમ મંત્ર, દક્ષિણા અને શ્રદ્ધાથી પણ રહિત હોય તેવા યજ્ઞને તામસિક યજ્ઞ કહેવામાં આવે છે. ૧૩

અવતરણિકાઃ—એ પ્રમાણે ત્રણ પ્રકારના આહાર તથા યજ્ઞોને કહી હવે સત્ત્વાદિ ગુણોના ભેદવડે ત્રણ પ્રકારના તપ વિષે કહે છે; તેમાં પ્રથમ સાત્વિક તપનાં અંગીભૂત કાયિક, વાચિક અને માનસિક એ ત્રિવિધ તપની વ્યાખ્યા ત્રણ શ્લોકથી કરતાં પ્રથમ ભગવાન્ કાયિક તપની વ્યાખ્યા કરે છેઃ

देवद्विजगुरुप्राज्ञपूजनं शौचमार्जवम् ॥
ब्रह्मचर्यमहिंसा च शारीरं तप उच्यते ॥ १४ ॥

પદચ્છેદઃ—देवद्विजगुरुप्राज्ञपूजनम्, शौचम्, आर्जवम्, ब्रह्मचर्यम्, अहिंसा, च, शारीरम्, तपः, उच्यते.

વ્યુત્પત્તિસમાસાઃ—द्विर्जायन्ते ते द्विजाः, प्रकर्षेण जानन्ति ते प्राज्ञाः, देवाश्च द्विजाश्च गुरवश्च प्राज्ञाश्च देवद्विजगुरुप्राज्ञाः, तेषां पूजनम् इति देवद्विजगुरुप्राज्ञपूजनम् । शुचेर्भावः शौचम् । ऋजोर्भावः आर्जवम् । ब्रह्मणि चर्यम् इति ब्रह्मचर्यम् । न हिंसा अहिंसा । शरीरस्य इदं शारीरम् ।

અન્વય અને અર્થઃ—देवद्विजगुरुप्राज्ञपूजनम् દેવ, બ્રાહ્મણ, ગુરુ તથા તત્ત્વવેત્તાઓનું પૂજન, शौचम् શુદ્ધિ તથા જલ ઇત્યાદિથી શરીરનું શોધન, आर्जवम् સરલતા, ब्रह्मचर्यम् વેદાભ્યાસમાં રત રહી ઇન્દ્રિયોનો નિગ્રહ કરવો તે, च અને, अहिंसा અહિંસા, (એ) शारीरम् શરીરસંબંધી, तपः તપ, उच्यते કહેવાય છે.

ભાવાર્થઃ—દેવ, બ્રાહ્મણ, ગુરુ તથા અન્ય તત્ત્વવેત્તાઓનું પૂજન, મૃત્તિકા, જલ ઇત્યાદિથી શરીરનું શોધન, સરલતા, વેદાભ્યાસમા તત્પર રહી ઇન્દ્રિયોનો નિગ્રહ કરવો તે અને અહિંસા એ સઘળુ શરીરસંબંધી તપ કહેવાય છે. ૧૪.

અવતરણિકા—હવે વાણીસંબંધી તપની વ્યાખ્યા આપતા ભગવાન્ કહે છે

अनुद्वेगकरं वाक्यं सत्यं प्रियहितं च यत् ॥
स्वाध्यायाभ्यसनं चैव वाङ्मयं तप उच्यते ॥१५॥

પદચ્છેદઃ—अनुद्वेगकरम्, वाक्यम्, सत्यम्, प्रियहितम्, च, यत्, स्वाध्यायाभ्यसनम्, च, एव, वाङ्मयम्, तपः, उच्यते.

વ્યુત્પત્તિસમાસાઃ—उद्वेगं करोति इति उद्वेगकरम्, न उद्वेगकरम् अनुद्वेगकरम्। हितम् अस्ति अनेन इति हितम्, प्रियं च तत् हितं च प्रियहितम्। अभ्यस्यते इति अभ्यसनम्, स्वाध्यायस्य अभ्यसनम् स्वाध्यायाभ्यसनम्। वाचा प्रचुरम् वाङ्मयम्।

અન્વય અને અર્થઃ—अनुद्वेगकरम् કોઈને પણ દુઃખ ઉત્પન્ન ન કરે તેવું, सत्यम् સાચુ, च તથા, यत् જે, प्रियहितम् પ્રિય હોવા સાથે પરિણામે કલ્યાણકારી, वाक्यम् વાક્ય, च, एव તેમ જ, स्वाध्यायाभ्यसनम् વેદાદિ સ્વાધ્યાયનો અભ્યાસ, (ते) वाङ्मयम् વાણીસંબંધી, तप તપ, उच्यते કહેવાય છે.

---

१ सत्यं ब्रूयात्प्रियं ब्रूयान्न ब्रूयात्सत्यमप्रियम्।
प्रियञ्च नानृतं ब्रूयादेष धर्मः सनातनः ॥ मनु ॥

સત્ય-સાચ બોલવુ પણ પ્રિય બોલવુ સાચુ હોય પણ અપ્રિય બોલવુ નહિં તેમ પ્રિય પણ અનૃત્ય-બોટ ન બોલવુ, એ સનાતન ધર્મ છે

ભાવાર્થઃ—કોઇને પણ દુઃખ ઉત્પન્ન ન કરે તેવું, સત્ય, તેમ જ જે પ્રિય હોવા સાથે પરિણામે કલ્યાણકારી હોય એવું વાક્ય બોલવું તે તથા વેદોના સ્વાધ્યાયપૂર્વક નિરંતર અભ્યાસ કરવો તે વાણીસંબંધી તપ કહેવામાં આવે છે. ૧૫.

અવતરણિકાઃ—હવે ભગવાન્ માનસિક તપની વ્યાખ્યા કહે છેઃ

मनःप्रसादः सौम्यत्वं मौनमात्मविनिग्रहः ॥
भावसंशुद्धिरित्येतत्तपो मानसमुच्यते ॥ १६ ॥

પદચ્છેદઃ—मनःप्रसादः, सौम्यत्वम्, मौनम्, आत्मविनिग्रहः, भावसंशुद्धिः, इति, एतत्, तपः, मानसम्, उच्यते.

વ્યુત્પત્તિસમાસાઃ—प्रकर्षेण सीदन्ति इन्द्रियाणि मनश्च अस्मिन् इति प्रसादः, मनसः प्रसादः मनःप्रसादः । सोमो देवता अस्य इति सौम्यम्, सौम्यस्य भावः सौम्यत्वम् । मुनेः भावः मौनम् । आत्मनः विशेषेण निग्रहः इति आत्मविनिग्रहः । सम्यक् शुद्धिः संशुद्धिः, भावस्य हृदयस्य संशुद्धिः भावसंशुद्धिः । मनसः इदम् मानसम् ।

અન્વય અને અર્થઃ—मनः प्रसादः ચિત્તની પ્રસન્નતા, सौम्यत्वम् શાંતભાવ, मौनम् મૌન, आत्मविनिग्रहः આત્મસંયમ, (અને) भावसंशुद्धिः અંતઃકરણની શુદ્ધિ, इति એ, मानसम् માનસિક, तपः તપ, उच्यते કહેવાય છે.

ભાવાર્થઃ—ચિત્તની પ્રસન્નતા, સૌમ્યપણું–શાંતભાવ મૌન, આત્મસંયમ કરવો તે તથા અંતઃકરણની શુદ્ધિ એ માનસિક તપ કહેવામાં આવે છે. ૧૬.

અવતરણિકા—ઉપરોક્ત કાયિક, વાચિક અને માનસિક તપ સત્ત્વાદિ ગુણોના ભેદવડે કેવી રીતે ત્રણ પ્રકારનું થાય છે તે ભેદ હવે ભગવાન્ જણાવે છે, તેમા પ્રથમ સાત્ત્વિક તપની વ્યાખ્યા કરતાં કહે છે

श्रद्धया परया तप्तं तपस्तत्त्रिविधं नरैः ॥
अफलाकांक्षिभिर्युक्तैः सात्त्विकं परिचक्षते ॥ १७ ॥

પદચ્છેદઃ—श्रद्धया, परया, तप्तम्, तपः, तत्, त्रिविधम्, नरैः, अफलाकाङ्क्षिभिः, युक्तैः, सात्त्विकम्, परिचक्षते.

વ્યુત્પત્તિસમાસાઃ—तिस्रः विधाः यस्य तत् त्रिविधम्। फलम् आकाङ्क्षन्ते ते फलाकाङ्क्षिणः, न फलाकाङ्क्षिणः अफलाकाङ्क्षिणः, तैः अफलाकाङ्क्षिभिः। सत्त्वेन निर्वृत्तम् सात्त्विकम्। परितः चक्षते इति परिचक्षते।

અન્વય અને અર્થઃ—अफलाकांक्षिभिः ફલની આકાંક્ષા વિનાના, युक्तैः યોગયુક્ત, नरैः પુરુષોએ, परया પરમ, श्रद्धया શ્રદ્ધાથી, तप्तम् આચરવામાં આવેલા, तपः તપને, सात्त्विकम् સાત્ત્વિક (તપ), परिचक्षते કહે છે.

ભાવાર્થઃ—ફલની આકાંક્ષારહિત એવા યોગયુક્ત પુરુષોએ પરમ શ્રદ્ધાપૂર્વક આચરેલા ઉપરોક્ત ત્રણ પ્રકારના તપને શિષ્ટવર્ગ 'સાત્ત્વિક તપ' એ પ્રમાણે કહે છે. ૧૭.

અવતરણિકાઃ—હવે ભગવાન્ રાજસિક તપની વ્યાખ્યા કરે છે

सत्कारमानपूजार्थं तपो दंभेन चैव यत् ॥
क्रियते तदिह प्रोक्तं राजसं चलमध्रुवम् ॥ १८ ॥

પદચ્છેદઃ—સત્કારમાનપૂજાર્થમ્, તપઃ, દમ્ભેન, ચ, એવ, યત્, ક્રિયતે, તત્, ઇહ, પ્રોક્તમ્, રાજસમ્, ચલમ્, અધ્રુવમ્.

વ્યુત્પત્તિસમાસાઃ—સત્કારશ્ચ માનશ્ચ પૂજા ચ સત્કારમાનપૂજાઃ, તાભ્યઃ ઇતિ સત્કારમાનપૂજાર્થમ્ । પ્રકર્ષેણ ઉક્તમ્ ઇતિ પ્રોક્તમ્ । રજસા નિર્વૃત્તમ્ રાજસમ્ । ચલતિ ઇતિ ચલમ્ । ન ધ્રુવમ્ અધ્રુવમ્ ।

અન્વય અને અર્થઃ—સત્કારમાનપૂજાર્થમ્ સત્કાર, માન અને પૂજાના હેતુથી, ચ, એવ તેમ જ, દમ્ભેન બાહ્યાડંબરની ખાતર, યત્ જે, તપઃ તપ, ક્રિયતે કરવામાં આવે છે, તત્ તે, રાજસમ્ રજોગુણી, ચલમ્ નાશવંત, (અને) અધ્રુવમ્ અનિશ્ચિત (ફલ આપવાવાળું), (તપ) પ્રોક્તમ્ કહેલું છે.

ભાવાર્થઃ—કેવળ લોકસત્કાર, માન તથા લોક તરફથી પૂજન પ્રાપ્ત કરવાના હેતુથી, તેમ જ બાહ્ય આડંબરની ખાતર ઉપરોક્ત ત્રણ પ્રકારનું જે તપ કરવામાં આવે છે, તે તપ રજોગુણી, વિનાશિ તથા અનિશ્ચિત ફલ આપનારું કહેવામાં આવ્યું છે. ૧૮.

અવતરણિકાઃ—હવે ભગવાન્ તામસિક તપની વ્યાખ્યા કરતાં જણાવે છેઃ

मूढग्राहेणात्मनो यत्पीडया क्रियते तपः ॥
परस्योत्सादनार्थं वा तत्तामसमुदाहृतम् ॥ १९ ॥

પદચ્છેદઃ—મૂઢગ્રાહેણ, આત્મનઃ, યત્, પીડયા, ક્રિયતે, તપઃ, પરસ્ય, ઉત્સાદનાર્થમ્, વા, તત્, તામસમ્, ઉદાહૃતમ્.

વ્યુત્પત્તિસમાસાઃ—મૂઢશ્ચાસૌ ગ્રાહશ્ચ મૂઢગ્રાહઃ, તેન મૂઢગ્રાહેણ । ઉત્સાદનમ્ એવ અર્થઃ યસ્ય તત, ઉત્સાદનાય ઇતિ વા ઉત્સાદનાર્થમ્ । તમસા નિર્વૃત્તમ્ તામસમ્ ।

અન્વય અને અર્થઃ—મૂઢગ્રાહેણ અવિવેકવડે થએલા દુરાગ્રહથી, આત્મન પોતાને, પીડયા પીડા કરીને, વા અથવા, પરસ્ય પરના, ઉત્સાદનાર્થમ્ વિનાશને માટે, યત્ જે, તપઃ તપ, ક્રિયતે કરવામા આવે છે, તત્ તે, તામસમ્ તામસિક, (તપ) ઉદાહૃતમ્ કહેવામા આવેલુ છે.

ભાવાર્થઃ—અવિવેકવડે ઉત્પન્ન થયેલા દુરાગ્રહથી પોતાને પીડા કરીને, અથવા પર (બીજા)ના વિનાશને માટે જે તપ કરવામા આવે છે તેને તામસિક તપ કહેવામાં આવેલુ છે. અર્થાત્ એ પ્રમાણે તપના ભેદવડે પણ સાત્ત્વિક, રાજસ અને તામસિક મનુષ્યો જાણવામા આવી શકે છે. ૧૯.

અવતરણિકાઃ—હવ ભગવાન્ સત્ત્વાદિ ગુણના ભેદ પ્રમાણે દાનનુ પણ ત્રણ પ્રકારે વર્ણન કરે છે, તેમા પ્રથમ સાત્ત્વિક દાનનું કથન કરે છે

दातव्यमिति यद्दानं दीयतेऽनुपकारिणे ॥
देशे काले च पात्रे च तद्दानं सात्त्विकं स्मृतम्॥२०॥

પદચ્છેદઃ—दातव्यम्, इति, यत्, दानम्, दीयते, अनुपकारिणे, देशे, काले, च, पात्रे, च, तत्, दानम्, सात्त्विकम्, स्मृतम्.

વ્યુત્પત્તિસમાસાઃ—दातुम् योग्यम् दातव्यम् । उपकारः अस्य अस्ति इति उपकारी, न उपकारी अनुपकारी, तस्मै अनुपकारिणे । सत्त्वेन निर्वृत्तम् सात्त्विकम् ।

અન્વય અને અર્થઃ—દાતવ્યમ્ (પોતાનો ધર્મ સમજી) દાન આપવું જ જોઈએ, ઇતિ એ પ્રમાણે (માનીને), અનુપકારિણે પ્રત્યુપકાર કરવામાં અસમર્થ હોય તેવાને, દેશે કુરુક્ષેત્રાદિ દેશમાં, ચ તથા, કાલે ગ્રહણાદિ કાલમાં, ચ તેમ, પાત્રે સત્પાત્ર જાણીને યત્ જે, દાનમ્ દાન, દીયતે અપાય છે, તત્ તે, દાનમ્ દાન, સાત્ત્વિકમ્ સાત્ત્વિક, સ્મૃતમ્ માનવામાં આવ્યું, (છે).

ભાવાર્થઃ—" દાન કરવું, એ પોતાનું કર્ત્તવ્ય છે, " એમ સમજીને, પોતાના તરફ પ્રત્યુપકાર કરવામાં અસમર્થ હોય તેવાને અથવા પ્રત્યુપકારની આશા વિના, કુરુક્ષેત્રાદિ દેશમાં, સંક્રાંતિ તેમ ગ્રહણાદિ કાલમાં, તથા સત્પાત્ર જાણીને, જે દાન આપવામાં આવે છે, તે દાનને સ્મૃતિકારોએ સાત્ત્વિક દાન માનેલું છે. ૨૦

અવતરણિકાઃ—હવે ભગવાન રાજસિક દાનની વ્યાખ્યા કરતાં કહે છેઃ

यत्तु प्रत्युपकारार्थं फलमुद्दिश्य वा पुनः ॥
दीयते च परिक्लिष्टं तद्राजसमुदाहृतम् ॥ २१ ॥

પદચ્છેદઃ—યત્, તુ, પ્રત્યુપકારાર્થમ્, ફલમ્, ઉદ્દિશ્ય, વા, પુનઃ, દીયતે, ચ, પરિક્લિષ્ટમ્, તત્, રાજસમ્, ઉદાહૃતમ્.

વ્યુત્પત્તિસમાસાઃ—પ્રતિ વિનિમયેન ઉપકારઃ ઇતિ પ્રત્યુપકારઃ, પ્રત્યુપકારાય ઇતિ પ્રત્યુપકારાર્થમ્। પરિતઃ વિરુષ્ટમ્ ઇતિ પરિક્લિષ્ટમ્।

અન્વય અને અર્થઃ—તુ વળી, પ્રત્યુપકારાર્થમ્ પ્રત્યુપકાર માટે, વા અથવા, પુનઃ ફરી, ફલમ્ ફલને, ઉદ્દિશ્ય

ઉદ્દેશીને, યત્ જે દાન, પરિક્લિષ્ટમ્ સર્વ પ્રકારે ક્લેશયુક્ત થઈને, દીયતે અપાય છે, તત્ તે દાન, રાજસમ્ રાજસિક, ઉદાહૃતમ્ કહેવામાં આવ્યું (છે).

ભાવાર્થઃ—વળી પ્રત્યુપકાર કરવાને સમર્થ હોય તેવાને અથવા પ્રત્યુપકારની આશાથી, કે દાનના ભવિષ્યમાં થનારા ફલની ઇચ્છાથી, જે દાન સર્વ પ્રકારે ક્લેશ પામીને આપવામાં આવે છે તે દાન રાજસિક કહેવામાં આવ્યું છે. ૨૧.

અવતરણિકાઃ—હવે ભગવાન્ તામસિક દાનની વ્યાખ્યા કરતાં કહે છેઃ

अदेशकाले यद्दानमपात्रेभ्यश्च दीयते ॥
असत्कृतमवज्ञातं तत्तामसमुदाहृतम् ॥ २२॥

પદચ્છેદઃ—અદેશકાલે, યત્, દાનમ્, અપાત્રેભ્યઃ, ચ, દીયતે, અસત્કૃતમ્, અવજ્ઞાતમ્, તત્, તામસમ્, ઉદાહૃતમ્.

વ્યુત્પત્તિસમાસાઃ—દેશશ્ચ કાલશ્ચ ઇતિ એતયોઃ સમાહારઃ દેશકાલમ્, ન દેશકાલમ્ અદેશકાલમ્, તસ્મિન્ અદેશકાલે । ન પાત્રાણિ અપાત્રાણિ, તેભ્યઃ અપાત્રેભ્યઃ । ન સત્કૃતમ્ અસત્કૃતમ્ ।

અન્વય અને અર્થઃ—અદેશકાલે અપવિત્ર દેશમાં અને અનુચિત કાલમાં, અપાત્રેભ્યઃ અયોગ્ય મનુષ્યોને, અસત્કૃતમ્ સત્કારરહિત, ચ, અને, અવજ્ઞાતમ્ તિરસ્કારપૂર્વક, યત્ જે, દાનમ્ દાન, દીયતે આપવામાં આવે છે, તત્ તે, તામસમ્ તામસિક (દાન), ઉદાહૃતમ્ કહેવામાં આવ્યું છે.

ભાવાર્થઃ—અપવિત્ર દેશમાં, અનુચિત સમયમાં, અયોગ્ય મનુષ્યોને, સત્કારરહિત, તથા કોઈની અવજ્ઞાપૂર્વક જે દાન આપવામાં આવે છે, તે તામસિક દાન કહેવાય છે. ૨૨.

અવતરણિકા:—' એ પ્રમાણે આહાર, યજ્ઞ, તપ, તેમ જ દાનનુ વિવિધ કથન કર્યું, તેમા સાત્વિક આહારાદિ ઉત્તમ હોવાથી તે ગ્રહણ કરવા જોઇએ અને રાજસિક તથા તામસિકનો ત્યાગ કરવો જોઇએ તેમા સાત્વિકાદિ આહારના પ્રત્યક્ષ પ્રમાણથી ત્યાગ અથવા ભાવ પરિણામની આવશ્યકતા જેવુ કાંઈ જ નથી, પણ યજ્ઞ, તપ, તથા દાનના ફળો અદૃષ્ટ તેમ જ અપ્રત્યક્ષ હોવાથી કદાચ તેમના ફળોનો અભાવ માની લેવામા આવે, તો સત્ત્વગુણવાળા મનુષ્યોને તેમ જ રજોગુણવાળા મનુષ્યોને ફળની વ્યવસ્થામા અનર્થનો પ્રસંગ ઉત્પન્ન થાય, કારણ કે પ્રત્યક્ષ પ્રમાણના અભાવે કોનુ શુ ફળ છે તે સમજી શકાતુ નથી તેથી એવા વિપર્યય મતના પરિહાર માટે તથા સદ્વસ્તુના પ્રતિપાદન માટે ભગવાન્ શ્રીકૃષ્ણ પરમ કરુણાથી નીચેનો ઉપદેશ આપતા અર્જુનને કહે છે

ॐ तत्सदिति निर्देशो ब्रह्मणस्त्रिविधः स्मृतः ॥
ब्राह्मणास्तेन वेदाश्च यज्ञाश्च विहिताः पुरा ॥ २३ ॥

पदच्छेदः—ॐ, तत्, सत्, इति, निर्देशः, ब्रह्मणः, त्रिविधः, स्मृतः, ब्राह्मणाः, तेन, वेदाः, च, यज्ञाः, च, विहिताः, पुरा.

---

१ एकाक्षर पर ब्रह्म प्राणायाम पर तप ।
ओंकाराद्यास्तथा वेदा ओंकारे समवस्थिता ॥ स्मृति ॥

એક (ॐ) અક્ષર તે પરબ્રહ્મ-પરમાત્મા છે, અને પ્રાણાયામ તે પરમ-ઉત્તમ તપ છે તથા ઓંકાર જેમા મુખ્ય-આદિ-પ્રથમ ગણાય છે તે વેદો પ્રણવમા સમાયેલા-રહેલા છે

नाऽऽत्र वेद समं किञ्चिद्यौषधं जगति स्मृतम् ।
यं विनाऽऽम्नायवर्गोऽपि स्वकार्यं न प्रपद्यते ॥ स्मृति ॥

ઉપરોક્ત-ઓંકાર સમાન જગતમા ઔષધ વસ્તુ કઈ પણ નથી, કેમ કે જે (ઓંકાર) વિના આમ્નાય-વેદોપદેશમાળા પણ પોતાના (સ્વ ક્રિયા વિષયરૂપ) કાર્યમા પ્રવર્તતી નથી.

વ્યુત્પત્તિસમાસાઃ—નિર્દિશ્યતે અનેન ઇતિ નિર્દેશઃ । તિસ્રઃ વિધાઃ યસ્ય સઃ ત્રિવિધઃ । વિશેષેણ હિતાઃ ઇતિ વિહિતાઃ ।

અન્વય અને અર્થઃ—" ૐ ", " તત્ " અને " સત્ ", ઇતિ એ પ્રમાણે, ત્રિવિધઃ ત્રણ પ્રકારનો, બ્રહ્મણઃ બ્રહ્મનો, નિર્દેશઃ નામવ્યવહાર, સ્મૃત સ્મૃતિઓમા કહેવામાં આવ્યો છે, (અને) તેન તે-બ્રહ્મના ત્રિવિધ નિર્દેશથી, (જ) પુરા પૂર્વે, બ્રાહ્મણાઃ બ્રાહ્મણો, વેદાઃ વેદો, ચ અને, યજ્ઞાઃ યજ્ઞો, વિહિતાઃ સરજાયેલા છે.

ભાવાર્થઃ—" ૐ તત્સત્ " એ પ્રમાણે ત્રણ પ્રકારનો પરબ્રહ્મનો નામવ્યવહાર, સ્મૃતિઓમાં કહેવામાં આવ્યો છે, અને તે ત્રણ પ્રકારના બ્રહ્મના નિદેશથી જ પૂર્વે બ્રાહ્મણો, વેદો તથા યજ્ઞો ઉત્પન્ન થએલા છે. ૨૩.

અવતરણિકાઃ—બ્રાહ્મણ, વેદ, તેમ જ યજ્ઞોનુ પણ કારણ, અને બ્રહ્મનો પણ નિર્દેશ હોવાથી " ૐ, તત્, સત્, " એ ત્રણે પદ શ્રેષ્ટ છે, એમ તેમના શ્રેષ્ઠત્વનું દર્શન કરાવતા ભગવાન્ કહે છે

तस्मादोमित्युदाहृत्य यज्ञदानतपःक्रियाः ॥
प्रवर्तंते विधानोक्ताः सततं ब्रह्मवादिनाम् ॥ २४ ॥

પદચ્છેદઃ—તસ્માત્, ઓમ્, ઇતિ, ઉદાહૃત્ય, યજ્ઞદાન-તપઃક્રિયાઃ, પ્રવર્તન્તે, વિધાનોક્તાઃ, સતતમ્, બ્રહ્મવાદિનામ્.

વ્યુત્પત્તિસમાસાઃ—યજ્ઞશ્ચ દાનં ચ તપશ્ચ યજ્ઞદાન-તપાંસિ, તેષા ક્રિયાઃ ઇતિ યજ્ઞદાનતપઃક્રિયાઃ । પ્રકર્ષેણ વર્તન્તે ઇતિ પ્રવર્તન્તે । વિધાનૈઃ ઉક્તાઃ વિધાનોક્તાઃ । બ્રહ્મ વદન્તિ તે બ્રહ્મવાદિનઃ, તેષા બ્રહ્મવાદિનામ્ ।

ભાવાર્થઃ—મુમુક્ષુઓવડે યજ્ઞ તથા તપની ક્રિયાઓ તેમ જ જુદા જુદા પ્રકારની દાનની ક્રિયાઓ "तत्" એ પ્રમાણે નામોચ્ચારપૂર્વક ફલનું અનુસંધાન નહિ રાખીને કરવામાં આવે છે અર્થાત્ 'तत्' શબ્દના ઉચ્ચારસહિત ફલની અપેક્ષા રાખ્યા વિના જ મુમુક્ષુઓ સર્વ ક્રિયાઓ કરે છે. ૨૫.

અવતરણિકાઃ—"ॐ" અને "तत्" એ બે શબ્દોનો વિનિયોગ કહી, હવે ભગવાન બે શ્લોકથી "सत्" શબ્દનો વિનિયોગ કહે છે

सद्भावे साधुभावे च सदित्येतत्प्रयुज्यते ॥
प्रशस्ते कर्मणि तथा सच्छब्दः पार्थ युज्यते ॥२६॥

પદચ્છેદઃ—सद्भावे, साधुभावे, च, सत्, इति, एतत्, प्रयुज्यते, प्रशस्ते, कर्मणि, तथा, सत्, शब्दः, पार्थ, युज्यते.

વ્યુત્પત્તિસમાસાઃ—सतः भाव सद्भावः, तस्मिन् सद्भावे। साधोः भावः साधुभाव', तस्मिन् साधुभावे। प्रकर्षेण युज्यते इति प्रयुज्यते। प्रकर्षेण शस्तम् इति प्रशस्तम्, तस्मिन् प्रशस्ते। सत् एव शब्दः सच्छब्दः।

અન્વય અને અર્થઃ—પાર્થ હે પાર્થ! सद्भावे સત્ય-ભાવમાં, च અને, साधुभाव સાધુભાવમાં, सत् "સત્", इति

---

१ हीनाङ्गानतिरिक्ताङ्गान्विद्याहीनान्वयोऽधिकान्।
रूपद्रव्यविहीनांश्च जातिहीनांश्च नाक्षिपेत् ॥ मनु ॥

કાણા, લુલા, ઠુંઠા, અન્ધા, બેહેરા, વિગેરે ઓછા અવયવાળા, છકડ (૬ આંગળાવાળા), બે માથાવાળા કે વધેલા અવયવાળા વિગેરે વિરોધ અવયવાળા, વિદ્યાભ્યાસ વિનાના, મોટી ઉમરના, કદરૂપા, ધનવિનાના—ગરીબ તથા ઉતરતી જાતિ અથવા હીન કુલના લોકોને આક્ષેપિત-નિંદિત કરવા નહિ-તિરસ્કારવા નહિ.

એ પ્રમાણે, एतत् એ, प्रयुज्यते યોજવામાં આવે છે, તથા તેમ, प्रशस्ते શ્રેષ્ઠ, कर्मणि કર્મમાં, (પણ) सत् "सत्", शब्दः શબ્દ, युज्यते યોજવામાં આવે છે.

ભાવાર્થઃ—હે પાર્થ! સત્યભાવમાં, અને સાધુભાવમાં "सत्" શબ્દને યોજવામાં આવે છે તેમ જ શ્રેષ્ઠ-માંગલિક કર્મમાં પણ, "सत्" શબ્દને યોજવામાં આવે છે. ૨૬.

यज्ञे तपसि दाने च स्थितिः सदिति चोच्यते ॥
कर्म चैव तदर्थीयं सदित्येवाभिधीयते ॥ २७ ॥

પદચ્છેદઃ—यज्ञे, तपसि, दाने, च, स्थितिः, सत्, इति, च, उच्यते, कर्म, च, एव, तदर्थीयम्, सत्, इति, एव, अभिधीयते.

વ્યુત્પત્તિસમાસાઃ—तेषाम् अर्थः तदर्थः, तदर्थस्य इदं तदर्थीयम् ।

અન્વય અને અર્થઃ—(વળી) यज्ञे યજ્ઞમાં, तपसि તપમાં, च અને, दाने દાનમાં, (જે) स्थितिः સ્થિતિ, (તે) सत् "सत्", इति એમ, उच्यते કહેવાય છે, च તેમ, तदर्थीयम् તેઓના માટે, कर्म (કરવામાં આવતું) કર્મ, एव પણ, सत् "सत्", इति એ પ્રમાણે, एव જ, अभिधीयते કહેવાય છે.

ભાવાર્થઃ—શ્રૌતાદિ યજ્ઞ, તપ તથા દાનમાં (રહેલી જે) સ્થિતિ તે "सत्" એ પ્રમાણે કહેવાય છે, તેમ જ યજ્ઞાદિ માટેનાં કર્મો પણ "सत्" નામથી જ કહેવામાં આવે છે. ૨૭.

અવતરણિકા:—એ પ્રમાણે યજ્ઞ, તપ, દાન વગેરેનું સાત્ત્વિકાદિ વિભાગથી વર્ણન કર્યું, પરંતુ તે યજ્ઞ, તપ, દાન ઇત્યાદિ વિશિષ્ટ ક્રિયાઓમાં "શ્રદ્ધા" જ સત્ય વસ્તુ, અને સત્ત્વ છે, તેથી શ્રદ્ધાથી રહિત સઘળું કર્મ અસત્ય એટલે વૃથા છે, માટે પ્રત્યેક મનુષ્યે 'સાત્ત્વિક શ્રદ્ધાથી યુક્ત રહી સર્વ યજ્ઞાદિ કર્મ કરવા જોઇએ' એવા ઉપદેશનો ધ્વનિ કાઢતા ભગવાન શ્રીકૃષ્ણ કહે છે.

अश्रद्धया हुतं दत्तं तपस्तप्तं कृतं च यत् ॥
असदित्युच्यते पार्थ न च तत्प्रेत्य नो इह ॥२८॥

પદચ્છેદ:—अश्रद्धया, हुतम्, दत्तम्, तपः, तप्तम्, कृतम्, च, यत्, असत्, इति, उच्यते, पार्थ, न, च, तत्, प्रेत्य, नो, इह.

વ્યુત્પત્તિસમાસા:—न श्रद्धा अश्रद्धा, तया अश्रद्धया। न सत् असत्। पृथायाः अपत्यं पुमान् पार्थः, तत्संबुद्धौ हे पार्थ।

અન્વય અને અર્થ:—પાર્થ હે અર્જુન! अश्रद्धया શ્રદ્ધા વિના, हुतम् હોમેલું, दत्तम् દાન કરેલું, तप्तम् તપવામાં આવેલું, तपः તપ, च તથા, यत् જે કંઈ, कृतम् કરવામાં આવેલું હોય તે, असत् "असत्" इति એ પ્રમાણે, उच्यते કહેવાય છે, च અને, तत् તે-કર્મ, प्रेत्य મરણ થયા પછી, (પરલોકમાં ફલદાયક થતું) न નથી, (તેમ) इह આ લોકમાં, (પણ) नो (ફલ આપવા વાળું થતું) નથી.

ભાવાર્થ:—હે અર્જુન! શ્રદ્ધા વગર જે કંઇ હોમ કરવામાં આવ્યું હોય, દાન આપવામાં આવ્યું હોય, તપ

---

१ यथा मातरमाश्रित्य सर्वे जीवन्ति जन्तव ।
वर्त्तन्ते गृहिणं तद्वदाश्रित्येतर आश्रमाः ॥
જેમ માતાના આશ્રયથી સર્વે જંતુ-પ્રાણી જીવે છે તેમ જ ગૃહસ્થાશ્રમીના આશ્રયથી બીજા આશ્રમો-બ્રહ્મચારી, વાનપ્રસ્થ, અને સન્યાસિઓ જીવે છે.

કરવામાં આવ્યું હોય અથવા બીજું પણ જે કંઈ કરવામાં આવેલું હોય તે, "અસત્" એ પ્રમાણે કહેવામાં આવે છે, અને તે અશ્રદ્ધાથી થયેલું કર્મ, મરણ થયા પછી પરલોકમાં અથવા આ લોકમાં કંઈ પણ ફલ આપનારું થતું નથી. અર્થાત્ હે અર્જુન! તું, પણ જે કંઈ કર્મ કરે તે શ્રદ્ધાથી કર અને તે પ્રમાણે જ અત્યારે તારા સ્વધર્મરૂપે રહેલું તારું આ યુદ્ધરૂપી કર્મ પણ શ્રદ્ધાપૂર્વક જ કરવા માટે તૈયાર થા. ૨૮

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे
श्रीकृष्णार्जुनसंवादे श्रीकृष्णकार्त्तिकप्रणीत-
सान्वयबोधिन्यां गुर्जरटीकायां श्रद्धात्रय-
विभागयोगो नाम सप्तदशोऽध्यायः ।



अष्टादशोऽध्याय ।

અધ્યાય અઢારમો.

અવતરણિકાઃ—આ અષ્ટાદશ અધ્યાયયુક્ત શ્રીમદ્‌ભગવદ્‌ગીતાના પ્રથમ અધ્યાયમા ઉપોદ્‌ઘાતરૂપે કહેલા વિષયના, બીજા અધ્યાયમા સૂત્રરૂપે સગઠિત કરેલા વિષયના તેમ બાકીના અધ્યાયોમા સમાખ્યાતરૂપે કથન કરેલા વિષયોના સપૂર્ણ ઉપસહારમાટે આ છેલ્લો અધ્યાય શરુ કરવામા આવે છે. સત્તરમા અધ્યાયના અન્તમા "અશ્રદ્ધાથી કરેલુ સઘળુ વ્યર્થ છે," એમ જણાવ્યુ છે, તેમા ફલની પ્રાપ્તિના કારણરૂપ શ્રદ્ધા માનવામા આવી છે અને તે શ્રદ્ધા ફલ આપનારા કર્મોનુ જ અગ છે, પણ કર્મરહિત અને ભાવરૂપ એવા ફલવર્જિત સન્યાસનુ અગ નથી, તેથી શ્રદ્ધાસાપેક્ષ કર્મની સરખામણીએ શ્રદ્ધાની આવશ્યકતા વિનાનો સન્યાસ જ શ્રેષ્ઠ છે, અને તેથી શ્રદ્ધાના ત્રિવિધ વિભાગથી આ સન્યાસમા ત્રણ ભેદનો સભવ નથી, છતા ફલ આપનારા કર્મોની માફક જ અંતમા પરિણામ સરખુ જ આપનારો સન્યાસ અગર કર્મત્યાગ હોય, તો અમારુ ઇચ્છિત સિદ્ધ છે, કારણ કે ફલસામ્ય થતું હોય તો સાધનસામ્યની કઈ જરૂર નથી, અગર કર્માત્મક કર્મયોગ અને કર્મત્યાગાત્મક સન્યાસયોગ એ બન્ને જુદા હોય, તો તેની પરસ્પરની વિલક્ષણતા અવશ્ય વિચારવી જોઇએ અને તે જ પ્રમાણે તેમનુ દિગ્દર્શન થવુ જોઇએ, એવા આશયથી તે સબધમા કઈ વિશેષ સ્પષ્ટતર જિજ્ઞાસા થતા અર્જુન ભગવાન્ શ્રીકૃષ્ણને પૂછે છે

अर्जुन उवाच । અર્જુન પૂછે છે—

सन्न्यासस्य महाबाहो तत्त्वमिच्छामि वेदितुम् ॥
त्यागस्य च हृषीकेश पृथक्केशिनिषूदन ॥ १ ॥

---

૧ જુઓ પૃષ્ઠ ૩૪૩.

૨ न कर्मणा, न प्रजया, न धनेन, त्यागेनैकेनामृतत्वमानशुः ॥ શ્રુતિ ॥

પદચ્છેદઃ—संन्यासस्य, महाबाहो, तत्त्वम्, इच्छामि, वेदितुम्, त्यागस्य, च, हृषीकेश, पृथक्, केशिनिषूदन.

વ્યુત્પત્તિસમાસાઃ—सम्यक् न्यासः संन्यासः, तस्य संन्यासस्य । महान्तौ बाहू यस्य सः महाबाहुः, तत्संबुद्धौ हे महाबाहो । तस्य भावः तत्त्वम्, तत् । हृषीकाणाम् ईशः हृषीकेशः, तत्संबुद्धौ हे हृषीकेश। केशिनामानं दैत्यं निषूदयति इति केशिनिषूदनः, तत्संबुद्धौ हे केशिनिषूदन ।

અન્વય અને અર્થઃ—महाबाहो હે મહાબાહો! हृषीकेश હે ઇન્દ્રિયોના સ્વામિન્! केशिनिषूदन હે કેશિનામના દૈત્યને હણનાર ભગવન્! संन्यासस्य કર્મત્યાગરૂપ સન્યાસના, च તેમ, त्यागस्य કર્મના ફલના ત્યાગરૂપ-ત્યાગના, तत्त्वम् તત્ત્વને, पृथक् જુદું જુદું, वेदितुम् જાણવાને, इच्छामि હું ઇચ્છું છું.

ભાવાર્થઃ—હે મહાબાહો! હે હૃષીકેશ! હે કેશિનિષૂદન! સંન્યાસના એટલે કર્મત્યાગના તેમ જ કર્મના ફલના ત્યાગરૂપ ત્યાગના તત્ત્વને હું જુદું જુદું આપની પાસેથી જાણવા ઇચ્છું છું અને તે આપ મને કહો. અર્થાત્ "સંન્યાસ" અને

કર્મવડે નહિ, પ્રજાવડે નહિ, ધનવડે નહિ, પણ એક ત્યાગવડે જ પુરુષો અમૃત-મોક્ષને પ્રાપ્ત થાય છે. એટલે ત્યાગવડે જ (કર્મફલની વાસનાનો ત્યાગ કરવા વડે જ) મોક્ષ પ્રાપ્ત થાય છે.

मोक्षार्थी न प्रवर्त्तेत तत्र काम्यनिषिद्धयोः ।
नित्यनैमित्तिके कुर्यात्तत्परवायजिहासया ॥ मनुः ॥

મોક્ષાર્થી મનુષ્ય તે કામ્ય અને નિષિદ્ધ કર્મોમાં પ્રવૃત્તિ કરે નહિ, પરંતુ નિત્ય અને નૈમિત્તિક કર્મો, તે કર્મમાં અવરોધક વિઘ્ન-પાપની નિવૃત્તિ માટે અવશ્ય કરે.

"ત્યાગ" એ બે શબ્દો "ઘટ" તથા "પટ" શબ્દની માફક ભિન્નજાતીય છે? કિંવા "બ્રાહ્મણ" "પરિવ્રાજક" શબ્દોની માફક સજાતીય એટલે કે એકબીજામાં અંતર્ગત થઈ જાય તેવા છે? અથવા ભિન્નજાતીય હોય તો ત્યાગનું તત્ત્વ સંન્યાસથી જુદું છે? તે જાણવા હું ઇચ્છું છું, અર્થાત્ બન્ને સજાતીય હોય તો તેમની અંદર રહેલા અવાન્તર ભેદો માત્ર એકની જ સંપૂર્ણ વ્યાખ્યાથી જાણવામાં આવી શકે? તે સઘળી રીતે વિસ્તારથી મને કહો. ૧.

અવતરણિકા:—ઉપરોક્ત અર્જુનનો પ્રશ્ન સામયિક અને ઉચિત છે, કારણ કે પહેલાના બધા અધ્યાયોમા ભિન્નભિન્ન સ્થળે વપરાયેલા "ત્યાગ" અને "સંન્યાસ" શબ્દોની સ્પષ્ટ ભિન્ન વ્યાખ્યા કરવામા આવી નથી, આથી તેના નિર્ણય માટે હવે ભગવાન્ શ્રીકૃષ્ણ પ્રત્યુત્તરરૂપે અર્જુનને કહે છે:

श्रीभगवानुवाच । શ્રીભગવાન્ કહે છે:—

काम्यानां कर्मणां न्यासं संन्यासं कवयो विदुः ॥
सर्वकर्मफलत्यागं प्राहुस्त्यागं विचक्षणाः ॥ २ ॥

---

१ नावत्कर्माणि कुर्वीत न निर्विद्येत यावता ।
मत्कथाश्रवणादौ वा श्रद्धा यावन्न जायते ॥
ज्ञाननिष्ठो विरक्तो वा मद्भक्तो वाऽनपेक्षकः ।
सलिङ्गानाश्रमांस्त्यक्त्वा चरेदविधिगोचरः ॥ भागवते ॥

જ્યાં સુધી વૈરાગ્ય ઉત્પન્ન ન થાય ત્યા સુધી અથવા મારી કથાના શ્રવણ વિગેરેમાં શ્રદ્ધા ઉત્પન્ન ન થાય ત્યા સુધી કર્મ કરવાં

જ્ઞાનનિષ્ઠ, વિરક્ત અથવા અનપેક્ષક-ઇચ્છા રહિત થએલો મારો ભક્ત ચિહ્નો સહિત આશ્રમોનો ત્યાગ કરી વિધિ-કર્તવ્ય રહિત થઇને વિચરણ કરે

પદચ્છેદઃ—કામ્યાનામ્, કર્મણામ્, ન્યાસમ્, સંન્યાસમ્, કવયઃ, વિદુઃ, સર્વકર્મફલત્યાગમ્, પ્રાહુઃ, ત્યાગમ્, વિચક્ષણાઃ.

વ્યુત્પત્તિસમાસાઃ—કામયિતું યોગ્યાનિ કામ્યાનિ, તેષાં કામ્યાનામ્ । સમ્યક્ નિશ્ચયેન અસ્યન્તે રાગદ્વેષાદિશત્રવઃ યસ્મિન્ સઃ સંન્યાસઃ, તં સંન્યાસમ્ । કવન્તે ઇતિ કવયઃ । સર્વાણિ ચ તાનિ કર્માણિ ચ સર્વકર્માણિ, તેષાં ફલાનિ ઇતિ સર્વકર્મફલાનિ, તેષાં ત્યાગઃ ઇતિ સર્વકર્મફલત્યાગઃ, તં સર્વકર્મફલત્યાગમ્ । પ્રકર્ષેણ આહુઃ ઇતિ પ્રાહુઃ । ત્યજ્યન્તે સર્વાણિ કર્મફલાનિ યસ્મિન્ સઃ ત્યાગઃ, તં ત્યાગમ્ । વિશેષેણ ચક્ષંતે તે વિચક્ષણાઃ ।

અન્વય અને અર્થઃ—(હે અર્જુન !) કવયઃ (કેટલાક) પંડિતો, કામ્યાનામ્ સકામ, કર્મણામ્ કર્મોના, ન્યાસમ્ પરિત્યાગને, સંન્યાસમ્ સંન્યાસ, (એ પ્રમાણે) વિદુઃ જાણે છે, (બીજા કેટલાક) વિચક્ષણાઃ પંડિતો–વિચારશીલ પુરુષો, સર્વકર્મફલત્યાગમ્ બધાં કર્મોનાં ફલોના ત્યાગને, ત્યાગમ્ ત્યાગ, (એમ) પ્રાહુઃ કહે છે.

ભાવાર્થઃ—હે અર્જુન ! પંડિતો સકામ કર્મોનો પરિત્યાગ કરવો તેને સંન્યાસ કહે છે, બીજા વિચાર કુશલ પુરુષો બધાં કર્મોનાં ફલોનો ત્યાગ કરવો તેને ત્યાગ કહે છે. ૨.

અવતરણિકાઃ—ઉપર કહેલા બન્ને પક્ષોનો મત હવે ભગવાન્ કહે છેઃ

त्याज्यं दोषवदित्येके कर्म प्राहुर्मनीषिणः ॥
यज्ञदानतपःकर्म न[2] त्याज्यमिति चापरे ॥ ३ ॥

પદચ્છેદઃ—त्याज्यम्, दोषवत्, इति, एके, कर्म, प्राहुः, मनीषिणः, यज्ञदानतपःकर्म, न, त्याज्यम्, इति, च, अपरे.

વ્યુત્પત્તિસમાસાઃ—त्यक्तुम् उचितम् त्याज्यम् । दोषाः सन्ति अस्य इति दोषवत्। प्रकर्षेण आहुः इति प्राहुः। मनीषा अस्ति एषाम् ते मनीषिणः । यज्ञाश्च दानानि च तपांसि च इति एतेषां समाहारः यज्ञदानतपः, तदेव कर्म इति यज्ञदानतपःकर्म ।

અન્વય અને અર્થઃ—एके કેટલા એક, मनीषिणः બુદ્ધિશાળી—સાંખ્યમત વાદીઓ, कर्म (સમગ્ર) કર્મ, दोषवत् દોષવાળું, (હોવાથી) त्याज्यम् ત્યાગ કરવા યોગ્ય છે, इति એમ, प्राहुः કહે છે, च તથા, अपरे બીજા—મીમાંસામતવાદીઓ, यज्ञदानतपःकर्म

---

१ श्रौतञ्चापि तथा स्मार्त्तं कर्मालम्ब्य वहेद्द्विज ।
तद्विहीन पतत्येव ह्यालम्बरहितान्धवत् ॥ स्मृति ॥

બ્રાહ્મણ શ્રૌત તથા સ્માર્ત કર્મનું અવલમ્બન કરીને જ વસે. જો તે કર્મોથી વિહીન—રહિત થાય તો આલમ્બ—આશ્રય—ટેકા વિના જેમ આંધળો માણસ પડી જાય તેમ અવશ્ય પડી જાય છે—અધોગતિને પામે છે

२ एकाह जपहीनस्तु सध्याहीनो दिनत्रयम् ।
द्वादशाहमनग्निश्च शूद्र एव न सशय ॥
तस्माच्च लघयेत्सध्यां सायप्रात समाहित' ।
उल्लघयति यो मोहात्स याति नरक ध्रुवम् ॥

જો બ્રાહ્મણ અથવા દ્વિજ—બ્રાહ્મણ, ક્ષત્રી અને વૈશ્ય એક દિવસ જપ ન કરે, ત્રણ દિવસ સંધ્યા ન કરે અને બાર દિવસ અગ્નિહોત્ર—વૈશ્વદેવ ન કરે તો તે શૂદ્ર જ છે એમાં સશય નથી. માટે જ ત્રૈવર્ણિકે સંધ્યાદિ કર્મોનું ઉલ્લઘન ન કરવું. તથા સાંજે અને પ્રભાતે સાવધાન—નિયમસર રહી કર્મ કરવા, પણ જો મોહથી—પ્રમાદવશ થઇને જે કર્મોને ઉલ્લઘે છે તો તે અવશ્ય નરકમા જાય છે

યજ્ઞ, દાન અને તપરૂપી કરવામાં આવતું કર્મ, ત્યાજ્યમ્ ત્યાગ કરવા યોગ્ય, ન નથી, ઇતિ એમ (કહે છે).

ભાવાર્થઃ—કોઇક બુદ્ધિશાળી સાંખ્યમતવાદિઓ, સમગ્ર કર્મ દોષવાળું જ હોવાથી ત્યાગ કરવા યોગ્ય છે, એમ કહે છે, ત્યારે બીજા કેટલાક મીમાંસામતવાદિઓ, યજ્ઞ, દાન તથા તપરૂપી કરવામાં આવતું કર્મ ત્યાગ કરવા યોગ્ય નથી, એમ કહેછે. અર્થાત્ તે કર્મ નિર્દોષ ગણાતું હોવાથી ત્યાગ કરવા યોગ્ય નથી. ૩.

અવતરણિકાઃ—એ પ્રમાણે સર્વકર્મસંન્યાસરૂપ "સંન્યાસ" એ સાંખ્યોનો, અને "શાસ્ત્રવિહિત કરવા યોગ્ય કર્મો, ફલના ત્યાગપૂર્વક કરવાં" એ મીમાંસકોનો મત છે, એમ બન્ને મત કહી હવે તેમાં પોતાનો અભિપ્રાય દર્શાવતા ભગવાન્ કહે છેઃ

निश्चयं शृणु मे तत्र त्यागे भरतसत्तम ॥
त्यागो हि पुरुषव्याघ्र [1]त्रिविधः संप्रकीर्तितः ॥ ४ ॥

---

* १ ફલાભિસંધિ-ફલેચ્છાનો ત્યાગ સાત્ત્વિક, ૨ ફલાભિસંધિ હોવા છતાં કર્મનો ત્યાગ, તે બે પ્રકારનો છે, એક દુઃખની બુદ્ધિથી જે ત્યાગ તે રાજસ છે અને વિપર્યય-ભ્રમથી જે ત્યાગ તે તામસ છે, એ બન્ને ત્યાગવા યોગ્ય છે. એ બે પ્રકારના કર્માધિકારીએ કરાતા ત્યાગ માટે જ અર્જુનનો પ્રશ્ન છે. ૩ કર્મના અનધિકારીએ કરાતો નૈષ્કર્મ્યરૂપ જે ત્યાગ તે માટે અર્જુનનો પ્રશ્ન નથી એ ત્રીજો ત્યાગ બે પ્રકારનો છેઃ

૧ સાત્ત્વિક-ફલાભિસંધિના ત્યાગપૂર્વક કર્મના અનુષ્ઠાનરૂપ ત્યાગવડે-અંતઃકરણની શુદ્ધિવાળા વિવિદિષુ-જ્ઞાનેપ્સુને આત્મજ્ઞાનના સાધનભૂત શ્રવણ નામક વેદાંત વિચાર માટે તે ફલાભિસંધિરહિત મુમુક્ષુના અંત કરણની શુદ્ધિ થતાં તેના સાધનરૂપ કર્મનો વૈતૃષ્ણ્ય-અસંતોષ થવાની પેઠે અવહનન-અવજ્ઞા-નો જે પરિત્યાગ તે " વિવિદિષાસંન્યાસ " કહેવાય છે. તે આગળ " નૈષ્કર્મ્યસિદ્ધિં પરામ્ " એ શ્લોકમાં કહેવામાં આવશે.

૨ જન્માંતરે કરેલા સાધનોના અભ્યાસના પરિપાકથી આ જન્મમાં પ્રથમ જ જેને આત્મજ્ઞાન ઉત્પન્ન થયું છે એવા કૃતકૃત્ય મનુષ્યને પોતાની મેળે જ જે ફલાભિસંધિ અને કર્મનો ફલભૂત પરિત્યાગ થાય છે તે ' વિદ્વત્ સંન્યાસ' કહેવાય છે. તે ' યસ્ત્વાત્મરતિરેવ સ્યાત્ ' ઇત્યાદિ શ્લોકોચરે પ્રથમ કહેલ છે.

પદચ્છેદઃ—નિશ્ચયં, શૃણુ, મે, તત્ર, ત્યાગે, ભરતસત્તમ, ત્યાગઃ, હિ, પુરુષવ્યાઘ્ર, ત્રિવિધઃ, સંપ્રકીર્તિતઃ ।

વ્યુત્પત્તિસમાસાઃ—ભરતેષુ સત્તમ ભરતસત્તમ, તત્સંબુદ્ધૌ હે ભરતસત્તમ। વ્યાઘ્ર ઇવ પુરુષ. ઇતિ પુરુષવ્યાઘ્ર, તત્સંબુદ્ધૌ હે પુરુષવ્યાઘ્ર। તિસ્ર વિધા પ્રકારા, યસ્ય સ ત્રિવિધ । સમ્યક્ પ્રકર્ષેણ કીર્તિત ઇતિ સપ્રકીર્તિત ।

અન્વય અને અર્થઃ—ભરતસત્તમ હે ભરતકુલમાં ઉત્તમ અર્જુન! તત્ર તે, ત્યાગે ત્યાગ (ના વિષય) માં, મે મારો, નિશ્ચયમ્ નિશ્ચય, શૃણુ સાંભળ. પુરુષવ્યાઘ્ર હે પુરુષોમાં વ્યાઘ્ર સમાન શ્રેષ્ઠ! ત્યાગઃ ત્યાગ, હિ પણ, ત્રિવિધ· ત્રણ પ્રકારનો, સંપ્રકીર્તિત કહેવામા આવ્યો, (છે).

ભાવાર્થઃ—હે ભરતવંશમાં શ્રેષ્ઠ અર્જુન ત્યાગના વિષયમાં તું મારો નિશ્ચય સાંભળ. હે પુરુષોમાં વ્યાઘ્રસમાન! ત્યાગ પણ સાત્ત્વિકાદિ વિભાગે કરી ત્રણ પ્રકારનો કહેવામાં આવેલો છે. ૪.

અવતરણિકા—ત્યાગનું એ પ્રમાણે સામાન્ય કથન કરી સારપછી તેના ભેદ જણાવતા પહેલા તે વિષયમા પોતાનો નિશ્ચિત મત ભગવાન્ બે શ્લોકથી જણાવે છે

यज्ञदानतपःकर्म न त्याज्यं कार्यमेव तत् ॥
यज्ञो दानं तपश्चैव पावनानि मनीषिणाम् ॥ ५ ॥

પદચ્છેદઃ—યજ્ઞદાનતપઃકર્મ, ન ત્યાજ્યમ્, કાર્યમ્, એવ, તત્, યજ્ઞઃ, દાનમ્, તપઃ, ચ, એવ, પાવનાનિ, મનીષિણામ્.

વ્યુત્પત્તિસમાસાઃ—ત્યક્તું યોગ્યં ત્યાજ્યમ્ । કર્તું યોગ્યં કાર્યમ્ । પૂયન્તે એભિઃ ઇતિ પાવનાનિ । મનીષા અસ્તિ યેષાં તે મનીષિણઃ, તેષાં મનીષિણામ્ ।

અન્વય અને અર્થઃ—યજ્ઞદાનતપઃકર્મ યજ્ઞ, દાન, તથા તપરૂપી કરવામાં આવતું કર્મ, ન, ત્યાજ્યમ્ ત્યાગ કરવા યોગ્ય નથી, (પણ) તત્ તે, કાર્યમ્ (અવશ્ય) કરવા યોગ્ય, એવ જ, (છે, કારણકે) યજ્ઞઃ યજ્ઞ, દાનમ્ દાન, ચ અને, તપઃ તપ, મનીષિણામ્ વિદ્વાનોને, એવ પણ, પાવનાનિ પવિત્ર કરનારાં, (છે).

ભાવાર્થઃ—યજ્ઞ, દાન, તથા તપરૂપી કરવામાં આવતાં કર્મનો મનુષ્યે ત્યાગ કરવો જોઈએ નહિ, પણ તે અવશ્ય રીતે કરવાં જોઈએ, કારણ કે યજ્ઞ, દાન, અને તપ એ મોટા જ્ઞાનીઓને પણ પવિત્ર કરનારાં છે. અર્થાત્ તે યજ્ઞ, દાન અને તપરૂપી કર્મથી જે જ્ઞાનીઓ પણ પવિત્ર થાય છે તો બીજા પવિત્ર થાય એમાં શું આશ્ચર્ય ? એટલે તે અવશ્ય રીતે મનુષ્યે કરવાં જોઈએ. ૫.

એતાન્યપિ તુ કર્માણિ સંગં ત્યક્ત્વા ફલાનિ ચ ॥
કર્તવ્યાનીતિ મે પાર્થ નિશ્ચિતં મતમુત્તમમ્ ॥ ૬ ॥

પદચ્છેદઃ—એતાનિ, અપિ, તુ, કર્માણિ, સઙ્ગમ્, ત્યક્ત્વા, ફલાનિ, ચ, કર્તવ્યાનિ, ઇતિ, મે, પાર્થ, નિશ્ચિતમ્, મતમ્, ઉત્તમમ્.

---

૧ કામ્યેઽપિ શુદ્ધિરસ્ત્યેવ ભોગસિદ્ધ્યર્થમેવ સા ।
વિદ્વત્સાહાયદેહેન ન હેન્દ્ર ભુજ્યતે ફલમ્ ॥ કાર્ષ્ણિકે ॥

આસક્તિથી કરેલા કામ્યકર્મોમાં પણ ચિત્તની શુદ્ધિ છે જ, પણ તે શુદ્ધિ ઐહિક અને આમુષ્મિક-લોકલોકાંતરની પ્રાપ્તિરૂપ ફળની સિદ્ધિ માટે જ છે વિદ્વાભક્ષી વરાહ આદિ દેહોવડે ઈંદ્ર જેવું ફળ ભોગવાતું નથી અર્થાત્ આસક્તિથી—ફલેચ્છાથી કરાતું કર્મ જ્ઞાન થવા-મોક્ષ રૂપ ફળસિદ્ધિ-માટે તો નથી જ.

વ્યુત્પત્તિસમાસાઃ—ક્રિયન્તે તાનિ કર્માણિ । કર્તું યોગ્યાનિ કર્તવ્યાનિ । પૃથાયાઃ અપત્યં પુમાન્ પાર્થઃ, તત્સંબુદ્ધૌ હે પાર્થ ।

અન્વય અને અર્થઃ—પાર્થ હે પાર્થ ! તુ વળી, એતાનિ એ, કર્માણિ કર્મો, અપિ પણ સઙ્ગમ્ આસક્તિ, ચ તથા, ફલાનિ ફલોને, ત્યક્ત્વા છોડીને, કર્તવ્યાનિ કરવા યોગ્ય, (છે) ઇતિ એમ, મે મારો, નિશ્ચિતમ્ નિર્ધારિત, ઉત્તમમ્ શ્રેષ્ઠ, મતમ્ અભિપ્રાય (છે).

ભાવાર્થઃ—હે પાર્થ ! વળી મુમુક્ષુએ એ કર્મો પણ આસક્તિ તથા ફલની ઇચ્છાનો ત્યાગ કરીને અવશ્ય કરવાં જોઈએ, એ પ્રમાણે મારો નિશ્ચિત કરેલો શ્રેષ્ઠ અભિપ્રાય છે. અર્થાત્ કર્મના ત્યાગ કરતાં સંગરહિત થઈ નિષ્કામ કર્મ કરવાં એ વધારે શ્રેષ્ઠ છે એમ તું માન. ૬.

અવતરણિકાઃ—ભગવાને પહેલા ત્યાગની ત્રિવિધતા કહેવા માટે જણાવેલું હોવાથી, હવે ભગવાન્ શ્રીકૃષ્ણ ગુણાશ્રયના હેતુથી ત્રિવિધ ત્યાગનું વર્ણન કરતા કહે છેઃ

[1]नियतस्य तु संन्यासः कर्मणो नोपपद्यते ॥
मोहात्तस्य परित्यागस्तामसः परिकीर्तितः ॥ ७ ॥

---

१ जपस्तु सर्वधर्मेभ्यः परमो धर्म उच्यते]
अहिंसया हि भूतानां जपयज्ञ प्रवर्तते ॥ भारते ॥

જપ તો સર્વધર્મોથી ઉત્તમ ધર્મ કહેવાય છે, કારણ કે જપયજ્ઞ ભૂતોની-પ્રાણિઓની અહિંસાથી કરાય છે.

जप्येनैव तु संसिद्ध्येद्ब्राह्मणो नात्र संशय ।
कुर्यादन्यन्न वा कुर्या-न्मैत्रो ब्राह्मण उच्यते ॥ मनुः ॥

બ્રાહ્મણ તો જપ કરવાથી જ સંપૂર્ણ સિદ્ધિને પામે છે. તે બીજું કંઈ કરે કે ન કરે તો પણ જપ કરવાથી બ્રાહ્મણ મૈત્ર-મિત્ર ભાવવાળો-અહિંસક કહેવાય છે.

પદચ્છેદઃ—નિયતસ્ય, તુ, સંન્યાસઃ, કર્મણઃ, ન, ઉપપદ્યતે, મોહાત્, તસ્ય, પરિત્યાગઃ, તામસઃ, પરિકીર્તિતઃ.

વ્યુત્પત્તિસમાસાઃ—નિયમેન યતમ્ ઇતિ નિયતમ્, તસ્ય નિયતસ્ય । મુહ્યન્તે જનાઃ અનેન ઇતિ મોહઃ, તસ્માત્ । પરિતઃ ત્યાગઃ પરિત્યાગઃ ।

અન્વય અને અર્થઃ—નિયતસ્ય અવશ્ય કરવા યોગ્ય, કર્મણઃ કર્મનો, સંન્યાસઃ સમૂલ ત્યાગ, તુ તો, ન, ઉપપદ્યતે યોગ્ય જણાતો નથી, (કારણ કે) તસ્ય તે (અવશ્ય અનુષ્ઠેય કર્મ) નો, મોહાત્ અજ્ઞાનથી, પરિત્યાગઃ સર્વથા ત્યાગ, (તે) તામસઃ તામસિક, પરિકીર્તિતઃ કહેવામાં આવ્યો (છે).

ભાવાર્થઃ—અધિકારી મુમુક્ષુએ અવશ્ય અનુષ્ઠેય કર્મનો સમૂલ ત્યાગ કરવો તો યોગ્ય જ નથી, છતાં કદાચ અજ્ઞાનથી તે કર્મનો ત્યાગ કરવામાં આવે, તો તે ત્યાગને "તામસિક ત્યાગ" કહેવામાં આવે છે. ૭.

અવતરણિકા—હવે પ્રસ્તુત વિષયમાં રાજસિક ત્યાગની વ્યાખ્યા કરતાં ભગવાન્ કહે છે·

દુઃખમિત્યેવ યત્કર્મ કાયક્લેશભયાત્ત્યજેત્ ॥
સ કૃત્વા રાજસં ત્યાગં નૈવ ત્યાગફલં લભેત્ ॥૮॥

પદચ્છેદઃ—દુઃખમ્, ઇતિ, એવ, યત્, કર્મ, કાયક્લેશ-ભયાત્, ત્યજેત્, સઃ, કૃત્વા, રાજસમ્, ત્યાગમ્, ન, એવ, ત્યાગફલમ્, લભેત્.

વ્યુત્પત્તિસમાસાઃ—કાયસ્ય ક્લેશઃ કાયક્લેશઃ, તસ્ય ભયમ્ કાયક્લેશભયમ્, તસ્માત્ કાયક્લેશભયાત્ । ત્યાગસ્ય ફલમ્ ત્યાગ-ફલમ્, તત્ ।

અન્વય અને અર્થઃ— કર્મ કર્મ, દુઃખમ્ દુઃખરૂપ, એવ જ, (છે) ઇતિ એમ (સમજીને), કાયક્લેશભયાત્ શરીરને ક્લેશ થવાના ભયથી, યત્ જે (કર્મને), ત્યજેત્ છોડે, સઃ તે મનુષ્ય, (કર્મનો) રાજસમ્ રાજસિક, ત્યાગમ્ ત્યાગ, કૃત્વા કરીને, ત્યાગફલમ્ (ચિત્તની શુદ્ધિદ્વારા થતા મોક્ષરૂપી) ત્યાગનું ફલ, ન ન, એવ જ, લભેત્ મેળવે.

ભાવાર્થઃ—જે મનુષ્ય 'કર્મ દુઃખરૂપ જ છે,' એમ સમજીને, માત્ર શરીરને કષ્ટ થવાના ભયથી કર્મનો ત્યાગ કરે, તે મનુષ્ય, તે તે કર્મનો રજોગુણાત્મક ત્યાગ કરીને, ચિત્ત શુદ્ધિ દ્વારા મોક્ષરૂપી ત્યાગનું ફલ કદાપિ મેળવતો નથી, અર્થાત્ તેનો તે ત્યાગ ઉત્તમ ગણાતો નથી. ૮.

અવતરણિકાઃ—હવે ભગવાન સાત્ત્વિક ત્યાગની વ્યાખ્યા કહે છે.

कार्यमित्येव यत्कर्म नियतं क्रियतेऽर्जुन ॥
संगं त्यक्त्वा फलं चैव स त्यागः सात्त्विको मतः॥९॥

---

१ आम्रे फलार्थं निर्मिते छायागन्ध इत्यनुषज्येते ।
एव धर्मं चर्यमाणमर्था अनुत्पद्यन्ते ॥ आपस्तम्बस्मृति ॥

આંબાનું ઝાડ ફળમાટે નિર્માણ કરાય છે એટલે રોપાય છે, પરંતુ જેમ તે ફળ મળવા પહેલા જ છાયા અને ફૂલની સુગંધ ઉત્પન્ન થાય છે એ પ્રમાણે ધર્મ આચરણ કરનારને પણ ધર્માચરણ સાથે જ અર્થો ઉત્પન્ન થાય છે, અર્થાત્ નૈષ્કર્મ્ય-ફલેચ્છારહિત કર્મ-ધર્માચરણ કરવાથી નૈષ્કર્મ્યફલસિદ્ધિ એટલે અંતઃકરણની શુદ્ધિ સાથે કર્મોચિત-વિહિત ફળોની પ્રાપ્તિ પણ થાય છે જ

પદચ્છેદઃ—કાર્યમ્, ઇતિ, એવ, યત્, કર્મ, નિયતમ્, ક્રિયતે, અર્જુન, સઙ્ગમ્, ત્યક્ત્વા, ફલમ્, ચ, એવ, સઃ, ત્યાગઃ, સાત્ત્વિકઃ, મતઃ.

વ્યુત્પત્તિસમાસાઃ—કર્તું યોગ્યમ્ કાર્યમ્। સત્ત્વેન સત્ત્વગુણેન યુક્તઃ સાત્ત્વિકઃ।

અન્વય અને અર્થઃ—અર્જુન હે અર્જુન! કાર્યમ્ (પોતાનું કર્તવ્ય સમજીને) કરવું જોઈએ, એવ જ, ઇતિ એમ, યત્ જે, કર્મ, કર્મ, સઙ્ગમ્ આસક્તિને, ચ અને, ફલમ્ ફલને, એવ પણ, ત્યક્ત્વા છોડી દઈને, નિયતમ્ નિયમપૂર્વક, (નિત્ય-દરરોજ) ક્રિયતે કરવામાં આવે છે, સઃ તે, ત્યાગઃ ફલેચ્છાનો ત્યાગ, સાત્ત્વિકઃ સાત્ત્વિક, મતઃ માનવામાં આવ્યો, (છે).

ભાવાર્થઃ—હે અર્જુન! પોતાનું કર્તવ્ય સમજીને, "કરવું જ જોઈએ" એમ જે કર્મ, આસક્તિ તેમ જ ફલેચ્છાનો પણ ત્યાગ કરીને નિયમપૂર્વક પ્રતિદિન કરવામાં આવે છે તે ફલેચ્છાના ત્યાગને, શુદ્ધ, સાત્ત્વિક ત્યાગ માનેલો છે. અર્થાત્ સંગરહિત થઈ ફલેચ્છાનો ત્યાગ કરીને કરવામાં આવતું કર્મ જ ઉત્તમ માનવામાં આવે છે. ૯

અવતરણિકાઃ—એ પ્રમાણે સાત્ત્વિક ત્યાગનું કથન કરીને "સાત્ત્વિક ત્યાગનો અધિકારી જે મનુષ્ય, આસક્તિ અને ફલેચ્છાનો ત્યાગ કરીને નિત્ય કર્મ કરતો રહે છે, તેનું અંતઃકરણ રાગ આદિથી રહિત હોવાથી સર્વદા સ્વચ્છ-વિશુદ્ધ રહે છે, અને તત્ત્વજ્ઞાનથી સંસ્કાર પામતું, તે વધારે વિશુદ્ધ પણ થતું જાય છે" એ પ્રમાણે સાત્ત્વિક ત્યાગના નિર્મલ ફલનું વિવેચન કરતાં બતાવે છે કે

नै द्वेष्ट्यकुशलं कर्म कुशले नानुषज्जते ॥
त्यागी सत्त्वसमाविष्टो मेधावी छिन्नसंशयः ॥१०॥

पदच्छेदः—न, द्वेष्टि, अकुशलम्, कर्म, कुशले, न, अनुषज्जते, त्यागी, सत्त्वसमाविष्टः, मेधावी, छिन्नसंशयः.

व्युत्पत्तिसमासाः—न कुशलम् अकुशलम्, । त्याग अस्ति अस्य इति त्यागी । सत्त्वेन सम् सम्यक् आविष्ट इति सत्त्वसमाविष्ट । मेधा[1]अस्ति अस्य इति मेधावी । छिन्ना संशया यस्य स छिन्नसशय ।

अन्वय अने अर्थः—त्यागी सात्त्विक त्यागवान् मनुष्य, सत्त्वसमाविष्ट सत्त्वगुणथी सारी रीते व्याप्त थयेलो, छिन्नसशय जेना सशयो छेदाई गया छे तेवो, (अने) मेधावी प्रज्ञावान्, (होवाथी) अकुशलम् अशुभ-दुःखावह, कर्म कर्मनो, न, द्वेष्टि द्वेष करतो नथी, (तेम) कुशले सुखावह कर्मभा, न, अनुषज्जते आसक्ति राखतो नथी.

भावार्थः—सात्त्विकत्यागवाळो पुरुष सत्त्वगुणथी अत्यत व्याप्त थयेलो, अने जेना सशयो नाश पामेला छे एवो प्रज्ञावान् होवाथी अशुभ एटले दुःख उत्पन्न करे तेवा कर्मोनो द्वेष करतो नथी, तेम ज सुख आपे तेवा कर्मोमां आसक्ति पण राखतो नथी. १०

---

१ दोषबुद्ध्योभयार्ता ना निषेधान्न निवर्तते ।
गुणबुद्ध्या च विहित न करोति यथार्भक ॥

જેम બાલક દુઃખકારક કાર્યથી તેને નિષેધરૂપ માની અટકતો નથી અને સુખકારક-કરવાયોગ્યકાર્ય પણ કરતો નથી તેમ શુભ અને અશુભ એ બન્ને કર્મોનો ત્યાગ કરનાર પુરુષ દોષ બુદ્ધિ માની નિષેધરૂપ અશુભ કર્મથી નિવર્તતો નથી-તેનો ત્યાગ કરતો નથી તથા ગુણ બુદ્ધિથી વિહિત-શુભ કર્મ પણ કરતો નથી

અવતરણિકા:—"આત્મજ્ઞાનવાળો મનુષ્ય જ સર્વ કર્મનો ત્યાગ કરી શકે છે, કારણ કે સર્વ કર્મનું મૂલ જે રાગ અને દ્વેષ તે તેના નિવૃત્ત થઈ ગયા હોય છે, પણ એથી વિરુદ્ધ કે જેને આત્મજ્ઞાન નથી તેવો પુરુષ તો રાગ-દ્વેષાદિ દોષોથી લિપ્ત હોઇને સર્વ કર્મનો ત્યાગ કરી શકવા કદીપણ સમર્થ થતો નથી," તે ભગવાન્ જણાવે છે:

न हि देहभृता शक्यं त्यक्तुं कर्माण्यशेषतः ॥
यस्तु कर्मफलत्यागी स त्यागीत्यभिधीयते ॥ ११ ॥

પદચ્છેદ:—न, हि, देहभृता, शक्यम्, त्यक्तुम्, कर्माणि, अशेषतः, यः, तु, कर्मफलत्यागी, सः, त्यागी, इति, अभिधीयते.

વ્યુત્પત્તિસમાસા:—देहं बिभर्ति इति देहभृत्, तेन देहभृता। न शेषम् अशेषम्, अशेषेण इति अशेषतः। कर्मणां फलानि कर्मफलानि, तेषां त्यागः इति कर्मफलत्यागः, सः अस्ति अस्य इति कर्मफलत्यागी।

અન્વય અને અર્થ:—हि કારણ કે, देहभृता દેહધારી-જીવાત્મા વડે, अशेषतः સંપૂર્ણ રીતે, कर्माणि કર્મો, त्यक्तुम् ત્યાગવાને, शक्यम् શક્ય, न નથી, (અને તેથી) यः જે, कर्मफलत्यागी કર્મોનાં ફલોનો ત્યાગ કરનાર છે, सः તે, तु જ, त्यागी ત્યાગી, (છે) इति એમ, अभिधीयते કહેવાય છે.

ભાવાર્થ:—કારણ કે દેહધારી જીવાત્મા, સંપૂર્ણ રીતે કર્મનો ત્યાગ કરવા શક્તિમાન્ નથી, તેથી જે મનુષ્ય કર્મોનાં ફલનો ત્યાગ કરી શકે છે, તે જ ખરો ત્યાગી છે એમ કહેવાય છે. ૧૧.

અવતરણિકા:—હવે ઉપરોક્ત ફલત્યાગરૂપ સંન્યાસનું ફલ કહે છે:

अनिष्टमिष्टं मिश्रं च त्रिविधं कर्मणः फलम् ॥
भवत्यत्यागिनां प्रेत्य न तु संन्यासिनां क्वचित् ॥१२॥

પદચ્છેદઃ—અનિષ્ટમ્, ઇષ્ટમ્, મિશ્રમ્, ચ, ત્રિવિધમ્, કર્મણઃ, ફલમ્, ભવતિ, અત્યાગિનામ્, પ્રેત્ય, ન, તુ, સંન્યાસિનામ્, ક્વચિત્.

વ્યુત્પત્તિસમાસાઃ—ન ઇષ્ટમ્ અનિષ્ટમ્ । તિસ્રઃ વિધાઃ પ્રકારાઃ યસ્ય તત્ ત્રિવિધમ્ । ત્યાગઃ અસ્તિ યેષામ્ તે ત્યાગિનઃ, ન ત્યાગિનઃ અત્યાગિનઃ, તેષામ્ અત્યાગિનામ્ । સંન્યાસઃ અસ્તિ યેષાં તે સંન્યાસિનઃ, તેષાં સંન્યાસિનામ્ ।

અન્વય અને અર્થઃ—અત્યાગિનામ્ કર્મના ફલનો ત્યાગ નહિ કરનારાઓને, કર્મણઃ કરેલા કર્મનું, અનિષ્ટમ્ અશુભ (નરકાદિ), ઇષ્ટમ્ શુભ (સ્વર્ગાદિ), ચ અને, મિશ્રમ્ શુભાશુભ (પુત્ર, પશુ અને અન્નાદિ એમ) ત્રિવિધમ્ ત્રણ પ્રકારનું, ફલમ્ ફલ, પ્રેત્ય મુઆ પછી, ભવતિ પ્રાપ્ત થાય છે, તુ પણ, સંન્યાસિનામ્ કર્મનાં ફલનો ત્યાગ કરનાર સંન્યાસિઓને, (તો) ક્વચિત્ કયાય પણ, ન, (ભવતિ) પ્રાપ્ત થતું નથી.

ભાવાર્થઃ—કર્મના ફલને ત્યાગ નહિ કરનારાઓને કરેલાં કર્મોનું અશુભ, શુભ અને શુભાશુભ મિશ્રિત, એમ ત્રણ પ્રકારનું ફલ, મૃત્યુ પછી પ્રાપ્ત થાય છે, પરંતુ કર્મફલનો ત્યાગ કરનારા સંન્યાસિઓને તો તે કયાંય પણ પ્રાપ્ત થતું નથી. અર્થાત્ કર્મોના ફલનો ત્યાગ કરીને જ કર્મ કરવાં ઉત્તમ છે. ૧૨.

અવતરણિકાઃ—એ પ્રમાણે વાસ્તવિક રીતે સંન્યાસિઓને કર્મોનાં ત્રિવિધ ફલો અસર કરતાં નથી, એમ કહીને હવે વાસ્તવિક-સંન્યાસના અધિકારમાં ખાસ હેતુરૂપ એવા આત્મામા રહેલા અકર્તૃત્વભાવનાં જ્ઞાનની આવશ્યકતા વિચારી, બધા કર્મોમા જે પદાર્થોનું કર્તાપણું છે તે સંબંધનું કથન કરતાં ભગવાન્ કહે છેઃ

पंचैतानि महाबाहो कारणानि निबोध मे ॥
सांख्ये कृतांते प्रोक्तानि सिद्धये सर्वकर्मणाम् ॥१३॥

પદચ્છેદઃ—પઞ્ચ, એતાનિ, મહાબાહો, કારણાનિ, નિબોધ, મે, સાંખ્યે, કૃતાન્તે, પ્રોક્તાનિ, સિદ્ધયે, સર્વકર્મણામ્.

વ્યુત્પત્તિસમાસાઃ—નિશ્ચયેન બોધ ઇતિ નિબોધ। જ્ઞાતવ્યાઃ પદાર્થાઃ, સંખ્યાયન્તે યસ્મિન્ શાસ્ત્રે તત્ સાંખ્યમ્, તસ્મિન્ સાંખ્યે। કૃતસ્ય (કર્મણઃ) અન્તઃ પરિસમાપ્તિઃ યત્ર સઃ કૃતાન્તઃ, તસ્મિન્ કૃતાન્તે। પ્રકર્ષેણ ઉક્તાનિ ઇતિ પ્રોક્તાનિ। સિદ્ધ્યન્તે કાર્યાણિ યયા સા સિદ્ધિઃ, તસ્યૈ સિદ્ધયે। સર્વાણિ ચ તાનિ કર્માણિ ચ સર્વકર્માણિ, તેષાં સર્વકર્મણામ્।

અન્વય અને અર્થઃ—મહાબાહો હે મોટી ભુજાઓવાળા અર્જુન! સર્વકર્મણામ્ સર્વકર્મની, સિદ્ધયે સિદ્ધિનેમાટે, કૃતાન્તે કૃતકર્મની [1]પરિસમાપ્તિ જેમાં આવી જાય તેવા, સાંખ્યે સાંખ્ય-શાસ્ત્રમાં, એતાનિ એ (હમણાં કહેવામાં આવશે તે) પંચ પાંચ, કારણાનિ કારણો, મે મારા (કથન)થી, નિબોધ નિશ્ચય-પૂર્વક તું જાણ.

ભાવાર્થઃ—હે મહાબાહો અર્જુન! સમગ્ર કર્મની સિદ્ધિમાં, કૃત કર્મની પરિસમાપ્તિ જેમાં આવી જાય છે એવા સાંખ્યશાસ્ત્રમાં, હમણાં જે કહેવામાં આવશે તે પાંચ કારણો તું મારી પાસેથી નિશ્ચયપૂર્વક જાણ. ૧૩.

---

[1] "सर्वं कर्माखिलं पार्थ ज्ञाने परिसमाप्यते" હે પાર્થ! બધું રીતે સર્વ કર્મની જ્ઞાનમાં જ સમાપ્તિ થાય છે.

અવતરણિકાઃ—ઉપરોક્ત પાંચ કારણો કયાં કયાં છે તે હવે ભગવાન્ કહે છે

अधिष्ठानं तथा कर्ता करणं च पृथग्विधम् ॥
विविधाश्च पृथक्चेष्टा दैवं चैवात्र पंचमम् ॥ १४ ॥

પદચ્છેદઃ—અધિષ્ઠાનમ્, તથા, કર્તા, કરણમ્, ચ, પૃથગ્વિધમ્, વિવિધાઃ, ચ, પૃથક્, ચેષ્ટાઃ, દૈવમ્, ચ, એવ, અત્ર, પઞ્ચમમ્.

વ્યુત્પત્તિસમાસાઃ—અધિષ્ઠીયતે અસ્મિન્ ઇતિ અધિષ્ઠાનમ્। કરોતિ ઇતિ કર્તા। ક્રિયતે અનેન ઇતિ કરણમ્। પૃથગ્ વિધાઃ યસ્ય તત્ પૃથગ્વિધમ્। પૃથગ્ભૂતાઃ ચેષ્ટાઃ ઇતિ પૃથક્ચેષ્ટાઃ। દેવેભ્યઃ સંજાતમ્ ઇતિ દૈવમ્। અસ્મિન્ ઇતિ અત્ર।

અન્વય અને અર્થઃ—અત્ર સર્વ કર્મોની સિદ્ધિમાં, અધિષ્ઠાનમ્ (ઇચ્છા, દ્વેષ તથા સુખદુઃખાદિનું) આશ્રયભૂત-શરીર, તથા તેમ, કર્તા ઉપાધિલક્ષણ-ભોક્તા, ચ અને, પૃથગ્વિધમ્ જુદા જુદા પ્રકારની, કરણમ્ ઇન્દ્રિયો, ચ તથા, વિવિધાઃ ભિન્ન ભિન્ન પ્રકારની, ચેષ્ટાઃ ક્રિયાઓ, ચ અને, દૈવમ્ ચક્ષુ ઇત્યાદિ ઇન્દ્રિયોની અભિમાની આદિત્યાદિ દેવતાઓથી ઉદ્ભવેલું દૈવ, (એ) પઞ્ચમમ્ પાંચમું, એવ ખાસ, (કારણ છે).

ભાવાર્થઃ—સર્વ કર્મોની સિદ્ધિમાં ઇચ્છા, દ્વેષ અને સુખદુઃખાદિનું આશ્રયભૂત શરીર, કર્તા, જુદી જુદી ઇન્દ્રિયો, ભિન્ન ભિન્ન પ્રકારની ક્રિયાઓ, અને ચક્ષુ ઇત્યાદિ ઇન્દ્રિયોના અભિમાની આદિત્યાદિ દેવતાઓથી ઉદ્ભવેલું દૈવ, એ પાંચમું ખાસ કારણ છે. ૧૪.

અવતરણિકા:—એ પ્રમાણે એ પાંચે કારણોનું સ્વરૂપ કહી તેમ રહેલું સર્વકર્મનું હેતુપણું હવે ભગવાન્ બતાવે છે:

शरीरवाङ्मनोभिर्यत्कर्म प्रारभते नरः ॥
न्याय्यं वा विपरीतं वा पंचैते तस्य हेतवः ॥ १५॥

પદચ્છેદ:—શરીરવાઙ્મનોભિ:, યત્, કર્મ, પ્રારભતે, નર:, ન્યાય્યમ્, વા, વિપરીતમ્, વા, પઞ્ચ, એતે, તસ્ય, હેતવ:.

વ્યુત્પત્તિસમાસા:—શરીરં ચ વાક્ ચ મનશ્ચ ઇતિ શરીરવાઙ્મનાંસિ, તૈ: શરીરવાઙ્મનોભિ: । પ્રકર્ષેણ આરભતે ઇતિ પ્રારભતે । ન્યાયાત્ અનપેતમ્ ન્યાય્યમ્ ।

અન્વય અને અર્થ:—શરીરવાઙ્મનોભિ: શરીર, વાણી અને મનવડે, ન્યાય્યમ્ ન્યાયયુક્ત, વા અથવા, વિપરીતમ્ અન્યાયયુક્ત, વા પણ, યત્ જે, કર્મ કર્મ, નર: મનુષ્ય, પ્રારભતે આરંભે છે, તસ્ય તે કર્મનાં, એતે એ, પઞ્ચ પાંચ, હેતવ: કારણો (છે).

ભાવાર્થ:—શરીર, વાણી તથા મનવડે, ન્યાયયુક્ત કે અન્યાયયુક્ત પણ જે કંઈ કર્મ મનુષ્ય આરંભે છે, તે સઘળા કર્મમાં ઉપરોક્ત અધિષ્ઠાનાદિ પાંચવસ્તુઓ જ કારણ છે. ૧૫.

અવતરણિકા:—એ પ્રમાણે અધિષ્ઠાનાદિ વસ્તુઓનું ક્રિયાઓમાં કર્તૃત્વ પ્રતિપાદન કરી, આત્માને કર્તાપણું છે જ નહિ તે બતાવતા ભગવાન્ કહે છે:

तत्रैवं सति कर्तारमात्मानं केवलं तु यः ॥
पश्यत्यकृतबुद्धित्वान्न स पश्यति दुर्मतिः ॥ १६ ॥

પદચ્છેદઃ—તત્ર, એવમ્, સતિ, કર્તારમ્, આત્માનમ્, કેવલમ્, તુ, યઃ, પશ્યતિ, અકૃતબુદ્ધિત્વાત્, ન, સઃ, પશ્યતિ, દુર્મતિઃ.

વ્યુત્પત્તિસમાસાઃ—તસ્મિન્ ઇતિ તત્ર। કરોતિ ઇતિ કર્તા, તં કર્તારમ્। ન કૃતા અકૃતા, અકૃતા ચાસૌ બુદ્ધિશ્ચ અકૃતબુદ્ધિઃ, અકૃતબુદ્ધેઃ ભાવઃ અકૃતબુદ્ધિત્વમ્, તસ્માત્ અકૃતબુદ્ધિત્વાત્। દુષ્ટા મતિઃ યસ્ય સઃ દુર્મતિઃ।

અન્વય અને અર્થઃ—તત્ર તે કર્મોમાં, એવમ્ એ પ્રમાણે (યથોક્ત પાંચ હેતુઓથી જ નિર્વૃત્તિ થતી,) સતિ હોવા છતાં, (પણ) યઃ જે મનુષ્ય, અકૃતબુદ્ધિત્વાત્ અસંસ્કારી બુદ્ધિ પણા વડે, કેવલમ્ શુદ્ધ-નિરુપાધિક, આત્માનમ્ આત્માને, કર્તારમ્ કર્તા, (તરીકે) પશ્યતિ જુએ છે, સઃ તે દુર્મતિઃ દુષ્ટ બુદ્ધિવાળો-પુરુષ, ન, પશ્યતિ (સત્ય રીતે) જોતો નથી.

ભાવાર્થઃ—એ પ્રમાણે ઉપરોક્ત પાંચ હેતુઓથી જ કર્મોની નિર્વૃત્તિ થતી હોવા છતાં પણ જે મનુષ્ય અસંસ્કારી બુદ્ધિ વડે, શુદ્ધ એવા નિરુપાધિક આત્માને કર્તા તરીકે જુએ છે, તે દુષ્ટ બુદ્ધિવાળો પુરુષ સત્ય રીતે જોતો નથી. અર્થાત્ તેની લૌકિક ચક્ષુથી તે સત્ય વસ્તુસ્વરૂપને જોઈ શકતો નથી. ૧૬.

અવતરણિકાઃ—"પંતુ ઉત્તમ બુદ્ધિવાળો પુરુષ તો વાસ્તવિક દૃષ્ટિએ જોઈ શકતો હોવાથી તે કર્તાપણા બંધન પામતો નથી," તે જણાવતાં ભગવાન્ કહે છેઃ

यस्य नाहंकृतो भावो बुद्धिर्यस्य न लिप्यते ॥
हत्वापि स इमाँल्लोकान्न हंति न निबध्यते ॥ १७ ॥

પદચ્છેદઃ—यस्य, न, अहंकृतः, भावः, बुद्धिः, यस्य, न, लिप्यते, हत्वा, अपि, स, इमान्, लोकान्, न, हन्ति, न, निबध्यते.

व्युत्पत्तिसमासाः—अहम् अहंकारेण कृतः इति अहंकृतः। बुद्ध्यते ज्ञायते अनया सा बुद्धिः। नितरां बध्यते इति निबध्यते।

અન્વય અને અર્થઃ—यस्य જેને, अहंकृतः 'હું કર્તા છું' એવી જાતનો, भावः ભાવ, न નથી, (તેમ) यस्य જેની, बुद्धिः બુદ્ધિ–અંતઃકરણ, न, लिप्यते લેપાતી નથી, सः તે પુરુષ, इमान् આ, लोकान् લોકોને, हत्वा હણીને, अपि પણ, न, हन्ति હણતો નથી, (તેમ) न, निबध्यते તેના ધર્માધર્મરૂપી કલેવડે બંધાતો (પણ) નથી.

ભાવાર્થઃ—જે મનુષ્યના હૃદયમાં 'હું કર્તા છું' એવી જાતનો ભાવ નથી, તેમ જ કર્મ કરતો હોવા છતાં પણ જેની બુદ્ધિ લેપાતી નથી, તે પુરુષ આ લોકોનો નાશ કરતો છતાં પણ નાશ કરનારો મનાતો નથી, અને તેથી જ અહંભાવ તથા

---

१ एष नित्यो महिमा ब्राह्मणस्य न वर्धते कर्मणा नो कनीयान्।
तस्यैव स्यात्पदवित्तं विदित्वा न लिप्यते कर्मणा पापकेन ॥ श्रुतिः ॥

એ બ્રહ્મવેત્તા–બ્રાહ્મણનો સદાનો મહિમા–માહાત્મ્ય છે કે પુણ્ય કર્મવડે વધતો નથી અને પાપ કર્મવડે ઘટતો નથી તે પોતાના પદ–સ્વરૂપને જાણનાર હોય છે તેથી તે પોતાના જ્ઞાતવ્ય પદને જાણીને તે જ્ઞાની–બ્રાહ્મણ પાપ કર્મવડે લેપાતો નથી. यथा पुष्करपलाश आपो न श्लिष्यन्ते एवमेवं विदि पापकर्म न श्लिष्यते. જેમ કમળના પત્રને પાણી સ્પર્શ કરતું નથી તેમ જ્ઞાનીને પાપકર્મ લેપાતું નથી.

ફલાસક્તિથી શૂન્ય હોવાથી ધર્માધર્મરૂપી ફલવડે બંધાતો નથી. અર્થાત્ તેવા પુરુષને કર્મનું બંધન પ્રાપ્ત થતું નથી. ૧૭.

અવતરણિકા:—ઉપરના શ્લોકમા આત્માને કર્તાપણું અથવા કર્મના ફલનો સબંધ નથી એમ કહ્યું, તે જ વાતનુ પ્રતિપાદન કરવા માટે કર્મોની પ્રવર્તક ત્રિપુટી અને કર્મોનોસંગ્રહ, તેનું કથન કરતા ભગવાન્ કહે છે:

ज्ञानं ज्ञेयं परिज्ञाता त्रिविधा कर्मचोदना ॥
करणं कर्म कर्तेति त्रिविधः कर्मसंग्रहः ॥ १८ ॥

पदच्छेदः—ज्ञानम्, ज्ञेयम्, परिज्ञाता, त्रिविधा, कर्मचोदना, करणम्, कर्म, कर्ता, इति, त्रिविधः, कर्मसङ्ग्रहः.

व्युत्पत्तिसमासाः—ज्ञायते अनेन इति ज्ञानम् । ज्ञातुम् उचित ज्ञेयम् । परितः जानाति इति परिज्ञाता । तिस्रः विधाः यस्याः सा त्रिविधा । चोद्यन्ते अनया इति चोदना, कर्मणा चोदना कर्मचोदना । क्रियते अनेन इति करणम् । क्रियते इति कर्म । करोति इति कर्ता । त्रयः विधाः यस्य सः त्रिविधः । संगृह्यन्ते अस्मिन् इति सङ्ग्रहः । कर्मणां संग्रहः कर्मसंग्रहः ।

---

१ ज्ञातृ ज्ञेय ज्ञानिन च ह्यपेक्ष्य त्रिविधस्थितः ।
करणं चेत्र कर्ता च कर्मकारणसग्रह ॥ ऋग्वेदे ॥

જ્ઞાન, જ્ઞેય અને જ્ઞાનીની અપેક્ષાએ વિધિ ઉત્પન્ન થયો છે, તેમ જ કરણ-સાધન-કર્મેન્દ્રિય અને જ્ઞાનેન્દ્રિય તથા અંતરેન્દ્રિય-બુદ્ધયાદિ ચાર, તે કરણ, કર્તા-પ્રયોજ્ય અને કર્મોનો કારણરૂપ સમૂહ પણ તેમની અપેક્ષાએ જ ઉત્પન્ન થયો છે.

ફલેચ્છાથી પણ કરાયલું જે કર્મ અનર્થવડે અનુબદ્ધ થતુ નથી તે કેવળ તે કારણરૂપ હોવાથી 'કર્મ' એમ કહેવાય છે.

અન્વય અને અર્થઃ—જ્ઞાનમ્ જે વડે જાણી શકાય તે જ્ઞાન, જ્ઞેયમ્ જાણવા યોગ્ય વસ્તુ તે જ્ઞેય, (અને) પરિજ્ઞાતા ઉપાધિલક્ષણ—અવિદ્યાકલ્પિત ભોક્તા તે જ્ઞાતા, (એમ એ) ત્રિવિધા ત્રણ પ્રકારની, કર્મચોદના કર્મોની પ્રેરણા—ઉપદેશ કરનારી ત્રિપુટી, (છે અને) કરણમ્ શ્રોત્રાદિ બાહ્ય ઇન્દ્રિયો (તથા બુદ્ધિ ઇત્યાદિ) કરણ, કર્મ (કર્તાની પરમ ઇપ્સિત ક્રિયા તે) કર્મ, (તથા) કર્તા (કર્મોનો વ્યાપાર કરનાર) કર્તા, ઇતિ એ પ્રમાણે, ત્રિવિધઃ ત્રણ પ્રકારનો, કર્મસંગ્રહઃ કર્મોનો આશ્રય, (છે). અર્થાત્ તે ત્રણના યોગથી જ સર્વ ક્રિયા થઈ શકે છે.

ભાવાર્થઃ—જ્ઞાન, જ્ઞેય, અને ઉપાધિલક્ષણ—અવિદ્યા-કલ્પિત ભોક્તા એટલે જ્ઞાતા, એ ત્રિપુટી જ કર્મોમાં પ્રેરક છે, અને બાહ્યાભ્યન્તર ઇંદ્રિય અને બુદ્ધિ ઇત્યાદિ કરણ, કર્મ અને કર્મોનો વ્યાપાર કરનાર કર્તા એ ત્રણપ્રકારનો કર્મનો સંગ્રાહક વર્ગ છે. અર્થાત્ એ ત્રણથી જ સર્વ પ્રકારની ક્રિયા થતી હોવાથી એ જ ક્રિયાનો આશ્રયભૂત વર્ગ છે. ૧૮.

અવતરણિકાઃ—હવે જ્ઞાન, કર્મ, અને ક્રિયા-પ્રવર્તક સર્વ ગુણાત્મક હોવાથી સત્ત્વ, રજ, અને તમ એ ત્રણ ગુણોના ભેદથી તેમના પણ ભેદ છે એટલે તેનું વર્ણન કરતાં ભગવાન્ કહે છેઃ

ज्ञानं कर्म च कर्ता च त्रिधैव गुणभेदतः ॥
प्रोच्यते गुणसंख्याने यथावच्छृणु तान्यपि ॥ १९ ॥

પદચ્છેદઃ—જ્ઞાનમ્, કર્મ, ચ, કર્તા, ચ, ત્રિધા, એવ, ગુણભેદતઃ, પ્રોચ્યતે, ગુણસંખ્યાને, યથાવત્, શૃણુ, તાનિ, અપિ.

વ્યુત્પત્તિસમાસાઃ—ગુણાનાં ભેદઃ ગુણભેદઃ, તસ્માત્ ગુણભેદતઃ। પ્રકર્ષેણ ઉચ્યતે ઇતિ પ્રોચ્યતે। ગુણાઃ સમ્યક્ કાર્યભેદેન ખ્યાયન્તે પ્રતિપાદ્યન્તે અસ્મિન્ ઇતિ ગુણસંખ્યાનં—સાંખ્યશાસ્ત્રમ્, તસ્મિન્ ગુણસંખ્યાને। યથા ઉક્તપ્રકારેણ તુલ્યમ્ ઇતિ યથાવત્।

અન્વય અને અર્થઃ—જ્ઞાનમ્ જ્ઞાન, કર્મ કર્મ, ચ અને, કર્તા કર્તા, (એ) ગુણસંખ્યાને (કપિલઋષિના) સાંખ્યશાસ્ત્રમાં, ગુણભેદતઃ સાત્ત્વિકાદિ ગુણોના ભેદથી, ત્રિધા ત્રણ પ્રકારનાં, એવ જ, પ્રોચ્યતે કહેવામાં આવે છે, તાનિ તેમને, અપિ પણ, યથાવત્ યથાર્થ રીતે, (મારીપાસેથી) શૃણુ તું સાંભળ.

ભાવાર્થઃ—જ્ઞાન, કર્મ અને કર્તા એ પણ કપિલઋષિના સાંખ્યશાસ્ત્રમાં, સાત્ત્વિકાદિ ગુણોના ભેદથી ત્રણ પ્રકારનાં જ કહેવામાં આવેલાં છે. તેમને પણ તું મારી પાસેથી યથાર્થ રીતે સાંભળ. ૧૯.

અવતરણિકા—હવે ત્રણ શ્લોકથી પહેલાં સાત્ત્વિકાદિ ભેદથી જ્ઞાનની ત્રિવિધતા વિષે ભગવાન્ કહે છેઃ

सर्वभूतेषु येनैकं भावमव्ययमीक्षते ॥
अविभक्तं विभक्तेषु तज्ज्ञानं विद्धि सात्त्विकम् ॥२०॥

પદચ્છેદઃ—સર્વભૂતેષુ, યેન, એકમ્, ભાવમ્, અવ્યયમ્, ઇક્ષતે, અવિભક્તમ્, વિભક્તેષુ, તત્, જ્ઞાનમ્, વિદ્ધિ, સાત્ત્વિકમ્.

વ્યુત્પત્તિસમાસાઃ—સર્વાણિ ચ તાનિ ભૂતાનિ ચ સર્વભૂતાનિ, તેષુ સર્વભૂતેષુ। ન વ્યેતિ ઇતિ અવ્યયઃ, તમ્ અવ્યયમ્। ન વિભક્તઃ

अविभक्तः, तम् अविभक्तम् । विशेषेण भक्तानि इति विभक्तानि, तेषु विभक्तेषु । सत्त्वेन निर्वृत्तम् सात्त्विकम् ।

અન્વય અને અર્થ:—(મનુષ્ય) येन જે (જ્ઞાન) વડે, विभक्तेषु (પ્રતિશરીરરૂપે) ભિન્ન જણાતાં सर्वभूतेषु સર્વપ્રાણિઓમાં, अव्ययम् અવિનાશી, (અને) अविभक्तम् અવિભક્ત, એવા एकम् એક જ, भावम् પરમાત્મતત્ત્વને, ईक्षते જોઈ શકે છે, तत् તે, ज्ञानम् જ્ઞાનને, सात्त्विकम् સાત્ત્વિક (જ્ઞાન), विद्धि તું જાણ.

ભાવાર્થ:—મનુષ્ય, જે જ્ઞાનવડે પ્રત્યેક શરીરરૂપે ભિન્ન જણાતાં પ્રાણિમાત્રમાં અવિનાશી, અને અવિભક્ત, એવા એક જ—સમાન—પરમાત્મતત્ત્વને જોઈ શકે છે, તે જ્ઞાનને તું સાત્ત્વિક જ્ઞાન જાણ. ૨૦.

અવતરણિકા:—એ પ્રમાણે અદ્વૈતવાદી વેદાન્તિઓએ ગ્રહણ કરવા યોગ્ય સાત્ત્વિક જ્ઞાન વિષે કહી, હવે ત્યાગ કરવા યોગ્ય તર્કવાદિઓના રાજસિક જ્ઞાન સંબંધમાં ભગવાન્ કહે છે:

पृथक्त्वेन तु यज्ज्ञानं नानाभावान्पृथग्विधान् ॥
वेत्ति सर्वेषु भूतेषु तज्ज्ञानं विद्धि राजसम् ॥२१॥

पदच्छेदः—पृथक्त्वेन, तु, यत्, ज्ञानम्, नानाभावान्, पृथग्विधान्, वेत्ति, सर्वेषु, भूतेषु, तत्, ज्ञानम्, विद्धि, राजसम्.

व्युत्पत्तिसमासाः—पृथग् भावः पृथक्त्वम्, तेन पृथक्त्वेन । नाना विविधाः भावाः नानाभावाः, तान् । पृथक् विधाः प्रकाराः येषां ते पृथग्विधाः, तान् पृथग्विधान् । रजसा निर्वृत्तम् इति राजसम्, तत् ।

અન્વય અને અર્થઃ—તુ પણ, યત્ જે, જ્ઞાનમ્ જ્ઞાન, સર્વેષુ સર્વ, ભૂતેષુ પ્રાણિઓમાં, પૃથક્ત્વેન (પ્રતિશરીરના) ભિન્નપણાવડે, નાનાભાવાન્ અનેક પ્રકારના ભાવોને, પૃથગ્વિધાન્ જુદા જુદા પ્રકારના, વેત્તિ જાણે છે, તત્ તે, જ્ઞાનમ્ જ્ઞાનને, રાજસમ્ રાજસિક, (જ્ઞાન) વિદ્ધિ તું જાણ.

ભાવાર્થઃ—જે જ્ઞાન સર્વ પ્રાણિમાં પ્રત્યેક શરીરના ભિન્નપણાવડે અનેક પ્રકારના ભાવોને ભિન્ન ભિન્ન પ્રકારના જાણે છે, તે જ્ઞાનને તું રાજસિક જ્ઞાન જાણ. અર્થાત્ એ પ્રમાણે સર્વમાં જે જ્ઞાનથી ભેદભાવ જણાવવામાં આવે છે તે જ્ઞાન રાજસ જ્ઞાન છે એમ તું જાણ. ૨૧.

અવતરણિકાઃ—હવે તામસિક જ્ઞાનના સબંધમા ભગવાન્ કહે છે.

यत्तु कृत्स्नवदेकस्मिन्कार्ये सक्तमहैतुकम् ॥
अतत्त्वार्थवदल्पं च तत्तामसमुदाहृतम् ॥ २२ ॥

પદચ્છેદઃ—યત્, તુ, કૃત્સ્નવત્, એકસ્મિન્, કાર્યે, સક્તમ્, અહૈતુકમ્, અતત્ત્વાર્થવત્, અલ્પમ્, ચ, તત્, તામસમ્, ઉદાહૃતમ્.

વ્યુત્પત્તિસમાસાઃ—કૃત્સ્નમ્ ઇવ ઇતિ કૃત્સ્નવત્। હેતુ. અસ્ય અસ્તિ ઇતિ હૈતુકમ્, ન હૈતુકમ્ અહૈતુકમ્। તત્ત્વસ્ય અર્થઃ તત્ત્વાર્થઃ, તત્ત્વાર્થઃ ઇવ ઇતિ તત્ત્વાર્થવત્, ન તત્ત્વાર્થવત્ અતત્ત્વાર્થવત્। તમસા નિર્વૃત્તમ્ તામસમ્।

અન્વય અને અર્થઃ—તુ વળી, યત્ જે-જ્ઞાન, એકસ્મિન્ એક જ, કાર્યે કાર્ય-વસ્તુ કે પદાર્થમાં, અહૈતુકમ્ હેતુ વિના,

(પણ) કૃત્સ્નવત્ સંપૂર્ણની સમાન, સક્તમ્ આસક્ત, (હોય તેમ) અતત્ત્વાર્થવત્ તત્ત્વાર્થરહિત, ચ અને, અલ્પમ્ ક્ષુદ્ર, (હોય) તત્ તે-જ્ઞાન, તામસમ્ તામસિક, ઉદાહૃતમ્ કહેવાયલું, (છે).

ભાવાર્થઃ—જે જ્ઞાન એક જ કાર્ય-વસ્તુ કે પદાર્થમાં આવશ્યક હેતુ વિના પણ જાણે તે સંપૂર્ણ હોય તેમ આસક્ત રહે છે, તથા જે તત્ત્વાર્થરહિત અને ક્ષુદ્ર છે, તે જ્ઞાનને તામસિક જ્ઞાન કહેલું છે. અર્થાત્ તેવા જ્ઞાનથી મનુષ્ય અધોગતિને જ પામે છે એમ સમજ. ૨૨.

અવતરણિકાઃ—એ પ્રમાણે જ્ઞાનની ત્રિવિધતા કહીને હવે કર્મની ત્રિવિધતા કહેતા પ્રથમ સાત્ત્વિક કર્મ વિષે ભગવાન્ કહે છે

नियतं संगरहितमरागद्वेषतः कृतम् ॥
अफलप्रेप्सुना कर्म यत्तत्सात्त्विकमुच्यते ॥ २३ ॥

પદચ્છેદઃ—नियतम्, सङ्गरहितम्, अरागद्वेषतः, कृतम्, अफलप्रेप्सुना, कर्म, यत्, तत्, सात्त्विकम्, उच्यते.

વ્યુત્પત્તિસમાસાઃ—नि नियमेन यतम् इति नियतम् । सज्यन्ते प्राणिन. अनेन इति सङ्गः, सङ्गेन रहित सङ्गरहितम् । रागश्च द्वेषश्च रागद्वेषौ, रागद्वेषाभ्याम् इति रागद्वेषत', न रागद्वेषतः अरागद्वेषतः । फलं प्रकर्षेण ईप्सति इति फलप्रेप्सु', न फलप्रेप्सुः अफलप्रेप्सु', तेन अफलप्रेप्सुना ।

અન્વય અને અર્થઃ—नियतम् નિયમપૂર્વક, सङ्गरहितम् અભિમાનરહિત, अरागद्वेषतः રાગદ્વેષવિનાં, अफलप्रेप्सुना ફલની

ઇચ્છા નહિ કરનારે યત્ જે કર્મ, કૃતમ્ કર્યું, (હોય) તત્ તે, સાત્ત્વિકમ્ સાત્ત્વિક, (કર્મ) ઉચ્યતે કહેવાય છે

ભાવાર્થઃ– નિયમપૂર્વક નિત્ય, તેમ અભિમાન, આસક્તિ અથવા દ્વેષના લેશ માત્રથી પણ રહિત થઈને ફલની ઇચ્છા નહિ કરનાર મનુષ્યના હાથે જે કર્મ કરવામા આવ્યુ હોય તે સાત્ત્વિક કર્મ કહેવાય છે. ૨૩

અવતરણિકા—સાત્ત્વિક કર્મ વિષે કહીને હવે ભગવાન્ રાજસિક કર્મસંબંધમા કહે છે

यत्तु कामेप्सुना कर्म साहंकारेण वा पुनः ॥
क्रियते बहुलायासं तद्राजसमुदाहृतम् ॥ २४ ॥

પદચ્છેદઃ—यत्, तु, कामेप्सुना, कर्म, साहंकारेण, वा, पुनः, क्रियते, बहुलायासम्, तत्, राजसम्, उदाहृतम् ।

વ્યુત્પત્તિસમાસાઃ—कामान् ईप्सति इति कामेप्सु, तेन कामेप्सुना । अहंकारेण सहित साहंकार, तेन साहंकारेण । बहुल आयास यस्मिन् तत् बहुलायासम् ।

---

૧ दारा इमे मे तनया इमे मे गृहा इमे मे पशवस्त्विमे मे ।
एवं नरो मोहसमन्धबुद्धिर्मे मे कृत्वा कालवृकेण नीत ॥

૧ આ સ્ત્રિઓ મારી, આ પુત્રો મારા આ ઘરો મારા અને આ પશુ–ચોપગા મારા એમ મૂઢા જેવા રૂપવાળો–અહંકારી મે મે–મારૂ મારૂ કરતો કાલરૂપી વૃક–નાહર–ભગાડિઆવડે પકડાઇ–લેવાઈ જાય છે

अन्नं मे वसनं मे जाया मे बन्धुवर्गा मे ।
इति मे मे कुणप कालवृको हरति पुरुषं जम् ॥

અન્ન મારૂ, વસ્ત્ર મારૂ, સ્ત્રી મારી અને બંધુવર્ગ–ભાઇ ભાડૂ–કુટુંબ કબીલો મારો એમ મે મે–મારૂ મારૂ કરનારા–અહંકારી પુરૂષરૂપી બકરાને કાલ રૂપી વગાડિઓ ભાગી નાખે છે

અન્વય અને અર્થઃ—તુ વળી, કામેપ્સુના ફલની ઇચ્છા રાખનાર મનુષ્યવડે, અહંકારેણ અહંકારપૂર્વક, વા અથવા, બહુલાયાસમ્ ઘણા જ શ્રમવાળું, યત્ જે, કર્મ કર્મ, પુનઃ વારંવાર, ક્રિયતે કરાય છે, તત્ તે (કર્મ), રાજસમ્ રાજસિક, ઉદાહૃતમ્ કહેલું, (છે).

ભાવાર્થઃ—વળી ફલની ઇચ્છા રાખનાર મનુષ્યવડે અહંકારપૂર્વક, અથવા ઘણા જ પરિશ્રમવાળું જે કર્મ વારંવાર કરવામાં આવે છે, તે રાજસિક કર્મ કહેવાય છે. ૨૪.

અવતરણિકાઃ—હવે તામસિક કર્મ વિષે ભગવાન્ કહે છેઃ

अनुबंधं क्षयं हिंसामनवेक्ष्य च पौरुषम् ॥
मोहादारभ्यते कर्म यत्तत्तामसमुच्यते ॥ २५ ॥

પદચ્છેદઃ—અનુબન્ધમ્, ક્ષયમ્, હિંસામ્, અનવેક્ષ્ય, ચ, પૌરુષમ્, મોહાત્, આરભ્યતે, કર્મ, યત્, તત્, તામસમ્, ઉચ્યતે.

વ્યુત્પત્તિસમાસાઃ—અનુબધ્યતે ઇતિ અનુબન્ધઃ, તમ્ અનુબન્ધમ્ । ન અવેક્ષ્ય અનવેક્ષ્ય । પુરુષસ્ય ભાવઃ પૌરુષમ્, તત્ ।

અન્વય અને અર્થઃ—અનુબન્ધમ્ ભવિષ્યમાં થનારા પરિણામને, ક્ષયમ્ શક્તિના અથવા ધનના નાશને, હિંસામ્ પ્રાણીને થનારી પીડાને, ચ અને, પૌરુષમ્ પોતાના સામર્થ્યને, અનવેક્ષ્ય જોયા વિના, મોહાત્ મોહથી, યત્ જે, કર્મ કર્મ, આરભ્યતે આરંભવામાં આવે છે, તત્ તે, તામસમ્ તામસિક, ઉચ્યતે કહેવાય છે.

ભાવાર્થઃ—ભવિષ્યમાં થનારા પરિણામને, શક્તિના કે દ્રવ્યના વ્યયને, પ્રાણીને થનારી પીડાને અને પોતાના સામર્થ્યને જોયા વિના એટલે તે સંબંધી વિચાર કર્યા સિવાય, મોહથી જે કર્મ આરંભવામાં આવે છે, તે તામસિક કર્મ કહેવાય છે ૨૫.

અવતરણિકાઃ—એ પ્રમાણે કર્મની ત્રિવિધતા કહી હવે સાત્ત્વિકાદિ ગુણભેદવડે કર્તા પણ ત્રણ પ્રકારનો કહેવામા આવે છે, તે જણાવવા માટે તેના પણ સાત્ત્વિકાદિ લક્ષણો ભગવાન્ કહે છે

मुक्तसंगोऽनहंवादी धृत्युत्साहसमन्वितः ॥
सिद्ध्यसिद्ध्योर्निर्विकारः कर्ता सात्त्विक उच्यते २६

પદચ્છેદઃ—મુક્તસઙ્ગઃ, અનહંવાદી, ધૃત્યુત્સાહસમન્વિતઃ, સિદ્ધ્યસિદ્ધ્યોઃ, નિર્વિકારઃ, કર્તા, સાત્ત્વિકઃ, ઉચ્યતે.

વ્યુત્પત્તિસમાસાઃ—મુક્ત. પરિત્યક્તઃ સઙ્ગઃ યેન સઃ મુક્તસઙ્ગ. । 'અહમ્' ઇતિ વક્તું શીલમ્ અસ્ય ઇતિ, અહમ્ ઇતિ વક્તિ ઇતિ, અહંવાદઃ અસ્તિ અસ્ય ઇતિ વા અહવાદી, ન અહંવાદી અનહંવાદી। ધૃતિશ્ચ ઉત્સાહશ્ચ ધૃત્યુત્સાહૌ, તાભ્યા સમ્યક્ અન્વિતઃ ઇતિ ધૃત્યુત્સાહસમન્વિતઃ। સિદ્ધિશ્ચ અસિદ્ધિશ્ચ સિદ્ધ્યસિદ્ધી, તયોઃ સિદ્ધ્યસિદ્ધ્યો' । નિર્ગતઃ વિકારઃ યસ્માત્ સઃ નિર્વિકારઃ। કરોતિ ઇતિ કર્તા ।

અન્વય અને અર્થઃ—મુક્તસઙ્ગઃ આસક્તિરહિત, અનહંવાદી અહંકારના લેશમાત્રથી પણ મુક્ત, ધૃત્યુત્સાહસમન્વિતઃ ધીરજ અને ઉત્સાહવડે યુક્ત, (અને) સિદ્ધ્યસિદ્ધ્યો. સિદ્ધિ તેમ જ અસિદ્ધિમાં, નિર્વિકાર. હર્ષ અને શોકના વિકારરહિત (થઇ), કર્તા કાર્ય કરનાર (પુરુષ), સાત્વિક સાત્ત્વિક (કર્તા), ઉચ્યતે કહેવાય છે.

ભાવાર્થઃ—આસક્તિ તેમ જ અહંકારના લેશથી રહિત, ધીરજ અને ઉત્સાહથી યુક્ત, તેમ જ સિદ્ધિ અને અસિદ્ધિમાં પણ જે હર્ષશોકાદિ વિકારથી રહિત હોય તેવો કાર્યકર્તા પુરુષ સાત્ત્વિક-સત્ત્વગુણી કર્તા કહેવાય છે. ૨૬.

અવતરણિકાઃ—હવે રાજસિક કર્તાનાં લક્ષણો ભગવાન્ કહે છેઃ

रागी कर्मफलप्रेप्सुर्लुब्धो हिंसात्मकोऽशुचिः ॥
हर्षशोकान्वितः कर्ता राजसः परिकीर्तितः ॥ २७ ॥

પદચ્છેદઃ—રાગી, કર્મફલપ્રેપ્સુઃ, લુબ્ધઃ, હિંસાત્મકઃ, અશુચિઃ, હર્ષશોકાન્વિતઃ, કર્તા, રાજસઃ, પરિકીર્તિતઃ.

વ્યુત્પત્તિસમાસાઃ—રાગઃ અસ્તિ અસ્ય ઇતિ રાગી । કર્મણઃ ફલં કર્મફલમ્, કર્મફલં પ્રકર્ષેણ ઈપ્સતિ ઇતિ કર્મફલપ્રેપ્સુઃ । હિંસા એવ આત્મા યસ્ય સઃ હિંસાત્મકઃ । ન શુચિઃ અશુચિઃ । હર્ષશ્ચ શોકશ્ચ હર્ષશોકૌ, તાભ્યામ્ અન્વિતઃ ઇતિ હર્ષશોકાન્વિતઃ । પરિતઃ કીર્તિતઃ પરિકીર્તિતઃ ।

અન્વય અને અર્થઃ—રાગી વિષયાસક્ત, કર્મફલપ્રેપ્સુઃ કર્મનાં ફલની ઇચ્છા રાખનારો, લુબ્ધઃ લોભી, હિંસાત્મકઃ પર કાને પીડા કરવાની પ્રકૃતિવાળો, અશુચિઃ અપવિત્ર, (તથા) હર્ષશોકાન્વિતઃ હર્ષ અને શોકવડે યુક્ત, કર્તા કર્તા, રાજસઃ રાજસિક, પરિકીર્તિતઃ કહેવાયો (છે).

ભાવાર્થઃ—વિષયોમાં આસક્ત, કર્મનાં ફલની ઇચ્છા કરનાર, લોભી, અન્યને પીડા કરવાની હિંસક પ્રકૃતિવાળો, અપવિત્ર, તેમ જ હર્ષશોકાદિ ભાવોથી યુક્ત જે કર્તા છે તે રજોગુણી કર્તા કહેવાય છે. ૨૭.

અવતરણિકા:—હવે તમોગુણી કર્તાનાં લક્ષણો ભગવાન્ કહે છે:

अयुक्तः प्राकृतः स्तब्धः शठो नैष्कृतिकोऽलसः ॥
विषादी दीर्घसूत्री च कर्ता तामस उच्यते ॥ २८ ॥

પદચ્છેદ:—अयुक्तः, प्राकृतः, स्तब्धः, शठः, नैष्कृतिकः, अलसः, विषादी, दीर्घसूत्री, च, कर्ता, तामसः, उच्यते.

વ્યુત્પત્તિસમાસા:—न युक्तः अयुक्तः । प्रकर्षेण अति इव न कृतः न संस्कृतः इति प्राकृतः । निष्कृतिः परवृत्तिच्छेदः अस्ति अस्य इति नैष्कृतिकः । विषादः अस्ति अस्य इति विषादी । दीर्घं सूत्रयितुं शीलम् अस्ति अस्य इति दीर्घसूत्री ।

અન્વય અને અર્થ:—अयुक्तः અસાવધાન, प्राकृतः અત્યંત અસંસ્કારી બુદ્ધિવાળો, स्तब्धः ઉદ્ધત, शठः માયાવી, नैष्कृतिकः પારકાની વૃત્તિનું છેદન કરનાર, अलसः આળસુ, विषादी નિરંતર અસંતુષ્ટ સ્વભાવવાળો, च તથા, दीर्घसूत्री વિચારોમાં જ કર્મને લંબાવ્યા કરનાર, कर्ता કર્તા, तामसः તામસિક, उच्यते કહેવાય છે.

ભાવાર્થ:—અસાવધાન, અત્યંત અસંસ્કારી બુદ્ધિવાળો, ઉદ્ધત, માયાવી, પારકાની વૃત્તિ છેદનારો, આળસુ, નિરંતર અસંતુષ્ટ, તથા દીર્ઘસૂત્રી-માત્ર વિચારોથી મનોરથો ઘડનાર કર્તા તમોગુણી કર્તા કહેવાય છે, ૨૮.

અવતરણિકા:—એ પ્રમાણે જ્ઞાન, કર્મ, અને કર્તાના ત્રિવિધ ભેદો કહી, હવે બુદ્ધિ તથા ધૃતિના ભેદો કહેવા માટે પહેલાં તેના ઉપોદ્ઘાતરૂપે ભગવાન્ કહે છે:

बुद्धेर्भेदं धृतेश्चैव गुणतस्त्रिविधं शृणु ॥
प्रोच्यमानमशेषेण पृथक्त्वेन धनंजय ॥ २९ ॥

પદચ્છેદઃ—બુદ્ધેઃ, ભેદમ્, ધૃતેઃ, ચ, એવ, ગુણતઃ, ત્રિવિધમ્, શૃણુ, પ્રોચ્યમાનમ્, અશેષેણ, પૃથક્ત્વેન, ધનઞ્જય।

વ્યુત્પત્તિસમાસાઃ—ગુણેભ્યઃ ઇતિ ગુણતઃ। પ્રકર્ષેણ ઉચ્યતે અસૌ પ્રોચ્યમાનઃ, તમ્। ન શેષમ્ અશેષમ્, તેન અશેષેણ। પૃથગ્ ભાવઃ પૃથક્ત્વમ્, તેન। ધનં જયતિ ઇતિ ધનંજયઃ, તત્સંબુદ્ધૌ હે ધનંજય।

અન્વય અને અર્થઃ—ધનઞ્જય હે ધનંજય—અર્જુન! બુદ્ધેઃ બુદ્ધિના, ચ અને, ધૃતેઃ ધીરજના, એવ પણ, ગુણતઃ ગુણોથી, પૃથક્ત્વેન જુદી જુદી રીતે, (અને) અશેષેણ સંપૂર્ણ રીતે, (પણ) પ્રોચ્યમાનમ્ (મારાથી) કહેવાતા, ત્રિવિધમ્ ત્રણ પ્રકારના, ભેદમ્ ભેદને, શૃણુ તું સાંભળ.

ભાવાર્થઃ—હે અર્જુન! બુદ્ધિના અને ધીરજના પણ ગુણો પ્રમાણે જુદી જુદી રીતે તથા સંપૂર્ણ રીતે મારાથી કહેવાતા ત્રણ પ્રકારના ભેદને સાવધાનતા પૂર્વક તું સાંભળ. ૨૯.

અવતરણિકાઃ—હવે એમાં પ્રથમ સાત્ત્વિક બુદ્ધિનાં લક્ષણો ભગવાન્ કહે છેઃ

प्रवृत्तिं च निवृत्तिं च कार्याकार्ये भयाभये ॥
बंधं मोक्षं च या वेत्ति बुद्धिः सा पार्थ सात्त्विकी ॥३०॥

પદચ્છેદઃ—પ્રવૃત્તિમ્, ચ, નિવૃત્તિમ્, ચ, કાર્યાકાર્યે, ભયાભયે, બન્ધમ્, મોક્ષમ્, ચ, યા, વેત્તિ, બુદ્ધિઃ, સા, પાર્થ, સાત્ત્વિકી ।

વ્યુત્પત્તિસમાસાઃ—પ્રકર્ષેણ વૃત્તિ વર્તનમ્ ઇતિ પ્રવૃત્તિ, તામ્ પ્રવૃત્તિમ્ । નિ પ્રતિબન્ધકા વૃત્તિ ઇતિ નિવૃત્તિ, તામ્ નિવૃત્તિમ્ । કર્ત્તું યોગ્ય કાર્યમ્, ન કાર્યમ્ અકાર્યમ્, કાર્યં ચ અકાર્યં ચ કાર્યાકાર્યે, તે કાર્યાકાર્યે । બિભેતિ અસ્માત્ ઇતિ ભયમ્, ભય ચ અભય ચ ભયાભયે, તે ભયાભયે ।

અન્વય અને અર્થઃ—પાર્થ હે પાર્થ! યા જે, બુદ્ધિ બુદ્ધિ, પ્રવૃત્તિમ્ ધર્મની પ્રવૃત્તિને, ચ તથા, નિવૃત્તિમ્ ઉપરતિ-મોક્ષહેતુ-સન્યાસમાર્ગને, કાર્યાકાર્યે કર્તવ્ય તથા અકર્તવ્યને, ચ તેમ, ભયાભયે ભય અને અભયને, બન્ધમ્ સંસારના બંધનને, ચ અને, મોક્ષમ્ મોક્ષને, એવ પણ, વેત્તિ જાણે છે, સા તે બુદ્ધિ, સાત્ત્વિકી સત્ત્વગુણવાળી, (છે)

ભાવાર્થઃ—હે પાર્થ! જે બુદ્ધિ ધર્મની પ્રવૃત્તિ, મોક્ષ માર્ગના હેતુભૂત નિવૃત્તિ-ઉપરતિ, તેમ જ કર્તવ્ય તથા અકર્તવ્ય, ભય તેમ જ અભય તથા બંધ અને મોક્ષને જાણે છે, તે બુદ્ધિને સત્ત્વગુણવાળી બુદ્ધિ કહેવાય છે ૩૦

અવતરણિકા—હવે રાજસી બુદ્ધિના લક્ષણો ભગવાન્ કહે છે

યયા ધર્મમધર્મં ચ કાર્યં ચાકાર્યમેવ ચ ॥
અયથાવત્પ્રજાનાતિ બુદ્ધિઃ સા પાર્થ રાજસી ॥૩૧॥

પદચ્છેદઃ—યયા, ધર્મમ્, અધર્મમ્, ચ, કાર્યમ્, ચ, અકાર્યમ્, એવ, ચ, અયથાવત્, પ્રજાનાતિ, બુદ્ધિઃ, સા, પાર્થ, રાજસી.

વ્યુત્પત્તિસમાસાઃ—ધારયતિ ઇતિ ધર્મઃ, તં ધર્મમ્ । ન ધર્મઃ અધર્મઃ, તમ્ અધર્મમ્ । કર્તું યોગ્યં કાર્યમ્, ન કાર્યમ્ અકાર્યમ્ । ન યથાવત્ અયથાવત્ ।

અન્વય અને અર્થઃ—પાર્થ હે પાર્થ ! યયા જે બુદ્ધિથી, (મનુષ્ય) ધર્મમ્ ધર્મને, ચ અને, અધર્મમ્ અધર્મને, કાર્યમ્ કરવા યોગ્ય કર્મને, ચ અને, અકાર્યમ્ ન કરવા યોગ્ય કર્મને, અયથાવત્ જેવું હોય તેનાથી જુદી રીતે અર્થાત્ અસત્ય રીતનું, પ્રજાનાતિ જાણે છે, સા તે, બુદ્ધિઃ બુદ્ધિ, રાજસી રજો-ગુણવાળી, (છે).

ભાવાર્થઃ— હે પાર્થ ! જે બુદ્ધિથી મનુષ્ય, ધર્મને અને અધર્મને, તેમજ કાર્ય તથા અકાર્યને જેવું હોય તેવું યથાર્થ રીતે ન જાણતાં તેનાથી ભિન્ન રીતે જ જાણે છે તે બુદ્ધિ, રજોગુણવાળી બુદ્ધિ કહેવાય છે. ૩૧.

અવતરણિકાઃ—હવે તામસી બુદ્ધિનાં લક્ષણો ભગવાન્ કહે છેઃ

અધર્મં ધર્મમિતિ યા મન્યતે તમસાવૃતા ॥
સર્વાર્થાન્વિપરીતાંશ્ચ બુદ્ધિઃ સા પાર્થ તામસી ॥૩૨॥

પદચ્છેદઃ—અધર્મમ્, ધર્મમ્, ઇતિ, યા, મન્યતે, તમસા, આવૃતા, સર્વાર્થાન્, વિપરીતાન્, ચ, બુદ્ધિઃ, સા, પાર્થ, તામસી.

વ્યુત્પત્તિસમાસાઃ—ન ધર્મઃ અધર્મઃ, તમ્ અધર્મમ્। સર્વે ચ તે અર્થાશ્ચ સર્વાર્થાઃ, તાન્ સર્વાર્થાન્।

અન્વય અને અર્થઃ—પાર્થ હે પાર્થ! યા જે બુદ્ધિ, તમસા તમોગુણથી, આવૃતા ઢંકાએલી થકી અધર્મમ્ અધર્મને, ધર્મમ્ ધર્મ, ઇતિ એપ્રમાણે, ચ તથા, સર્વાર્થાન્ સઘળા અર્થોને, વિપરીતાન્ વિપરીત-ઉલટા જ, મન્યતે માને છે, સા તે, બુદ્ધિઃ બુદ્ધિ, તામસી તમોગુણવાળી (છે).

ભાવાર્થઃ—હે પાર્થ! જે બુદ્ધિ તમોગુણથી વ્યાપ્ત થઈ થકી અધર્મને ધર્મ એ પ્રમાણે તેમ જ બધા સાત્ત્વિકાદિ ભાવોને વાસ્તવિકતાથી સર્વથા ઉલટા જ માને છે, તે બુદ્ધિ તમોગુણવાળી બુદ્ધિ છે. અર્થાત્ તેવી બુદ્ધિથી મનુષ્ય પોતાનું કલ્યાણ સાધવા શક્તિમાન્ થતો નથી. ૩૨.

અવતરણિકાઃ—એ પ્રમાણે બુદ્ધિની ત્રિવિધતા કહી હવે ભગવાન્ ધૃતિની ત્રિવિધતા કહે છે, તેમા પ્રથમ સાત્ત્વિક ધૃતિના લક્ષણો કહે છેઃ

ધૃત્યા યયા ધારયતે મનઃપ્રાણેન્દ્રિયક્રિયાઃ ॥
યોગેનાવ્યભિચારિણ્યા ધૃતિઃ સા પાર્થ સાત્ત્વિકી॥૩૩॥

પદચ્છેદઃ—ધૃત્યા, યયા, ધારયતે, મનઃપ્રાણેન્દ્રિયક્રિયાઃ, યોગેન, અવ્યભિચારિણ્યા, ધૃતિઃ, સા, પાર્થ, સાત્ત્વિકી.

વ્યુત્પત્તિસમાસાઃ—મનશ્ચ પ્રાણાશ્ચ ઇન્દ્રિયાણિ ચ મનઃપ્રાણેન્દ્રિયાણિ, તેષાં ક્રિયાઃ મનઃપ્રાણેન્દ્રિયક્રિયાઃ, તાઃ મનઃપ્રાણેન્દ્રિયક્રિયાઃ। વિશેષેણ અભિચરતિ સા વ્યભિચારિણી, ન વ્યભિચારિણી અવ્યભિચારિણી, તયા અવ્યભિચારિણ્યા।

અન્વય અને અર્થઃ—પાર્થ હે પાર્થ! યોગેન ચિત્તવૃત્તિનો નિરોધ કરવારૂપ યોગવડે, અવ્યભિચારિણ્યા બીજે કયાંય નહિ જનારી-વ્યાપ્ત એવી, યયા જે, ધૃત્યા ધીરજથી, (મનુષ્ય) મન પ્રાણેન્દ્રિયક્રિયાઃ મન, પ્રાણ અને ઇન્દ્રિયોની ક્રિયાઓને, ધારયતે ધારણ કરે છે, સા તે, ધૃતિઃ ધીરજ, સાત્ત્વિકી સાત્ત્વિકી, (કહેવાય છે).

ભાવાર્થઃ—હે પાર્થ! ચિત્તવૃત્તિનો નિરોધ કરવા રૂપ યોગવડે નિત્ય સમાધિયુક્ત-બીજે કયાંય નહિ જનારી-વ્યાપ્ત એવી જે ધીરજવડે, મનુષ્ય મન, પ્રાણ અને ઇન્દ્રિયોની ક્રિયાઓને યોગને અનુકૂલ થાય તેવી રીતે ધારણ કરી રાખે છે, તે ધીરજ સાત્ત્વિકી કહેવાય છે. ૩૩.

અવતરણિકાઃ—હવે રાજસિક ધૃતિના લક્ષણો વિષે ભગવાન્ કહે છેઃ

यया तु धर्मकामार्थान्धृत्या धारयतेऽर्जुन ॥
प्रसङ्गेन फलाकाङ्क्षी धृतिः सा पार्थ राजसी ॥३४॥

પદચ્છેદઃ—यया, तु, धर्मकामार्थान्, धृत्या, धारयते, अर्जुन, प्रसङ्गेन, फलाकाङ्क्षी, धृतिः, सा, पार्थ, राजसी.

व्युत्पत्तिसमासाः—धर्मश्च कामश्च अर्थश्च धर्म कामार्थाः, तान् धर्मकामार्थान्। फलम् आकाङ्क्षति इति फलाकाङ्क्षी।

અન્વય અને અર્થઃ—અર્જુન હે અર્જુન! તુ વળી, યયા જે, ધૃત્યા ધીરજવડે, (મનુષ્ય) પ્રસઙ્ગેન પ્રસંગને અનુસરીને, ફલાકાઙ્ક્ષી ફલની આકાંક્ષાયુક્ત, (થઈને) ધર્મકામાર્થાન્ ધર્મ, કામ, તેમ જ અર્થોને, ધારયતે ધારણ કરે છે-પ્રાપ્ત કરે છે, પાર્થ હે પાર્થ! સા તે, ધૃતિઃ ધીરજ, રાજસી રાજસી, (છે).

ભાવાર્થઃ—હે અર્જુન ! વળી જે ધૃતિવડે મનુષ્ય પ્રસંગાનુસાર ફલની આકાંક્ષા રાખીને, ધર્મ, અર્થ તથા કામને મેળવતો રહે છે હે પાર્થ! તે ધૃતિ રાજસી ધૃતિ છે એમ તું માન. ૩૪.

અવતરણિકાઃ—હવે તામસિક ધૃતિનાં લક્ષણો ભગવાન્ કહે છેઃ

यया स्वप्नं भयं शोकं विषादं मदमेव च ॥
न विमुंचति दुर्मेधा धृतिः सा पार्थ तामसी ॥३५॥

પદચ્છેદઃ—યયા, સ્વપ્નમ્, ભયમ્, શોકમ્, વિષાદમ્, મદમ્, એવ, ચ, ન, વિમુઞ્ચતિ, દુર્મેધાઃ, ધૃતિઃ, સા, પાર્થ, તામસી.

વ્યુત્પત્તિસમાસાઃ—વિશેષેણ મુઞ્ચતિ ઇતિ વિમુઞ્ચતિ । દુષ્ટા મેધા યસ્ય સઃ દુર્મેધાઃ ।

અન્વય અને અર્થઃ—પાર્થ હે પાર્થ! દુર્મેધાઃ દુષ્ટબુદ્ધિવાળો માણસ, યયા જે ધૃતિવડે, સ્વપ્નમ્ સ્વપ્ન-નિદ્રા, ભયમ ભય, શોકમ્ શોક, વિષાદમ્ (ઇન્દ્રિય તેમ જ ચિત્તની) ખિન્નતા, ચ તથા મદમ્ ગર્વને, એવ પણ ન, વિમુઞ્ચતિ છોડતો નથી, સા તે, ધૃતિઃ ધૃતિ, તામસી તામસી, (છે).

ભાવાર્થઃ—હે પાર્થ! દુર્બુદ્ધિવાળો મનુષ્ય, જે ધૃતિથી સ્વપ્ન-નિદ્રા, ભય, શોક, ઇન્દ્રિય તેમ જ ચિત્તની ખિન્નતા, તથા ગર્વ ઇત્યાદિ ત્યાગ કરવા યોગ્ય દુર્ગુણોને પણ છોડતો નથી, તે ધૃતિ તામસી ધૃતિ છે એમ તું સમજ. ૩૫.

અવતરણિકાઃ—એ પ્રમાણે ધૃતિના પણ ત્રિવિધ ભેદ કહી હવે સુખની ત્રિવિધતા વિષે ભગવાન્ કહે છેઃ

सुखं त्विदानीं त्रिविधं शृणु मे भरतर्षभ ॥
अभ्यासाद्रमते यत्र दुःखांतं च निगच्छति ॥३६॥

પદચ્છેદઃ—સુખમ્, તુ, ઇદાનીમ્, ત્રિવિધમ્, શૃણુ, મે, ભરતર્ષભ, અભ્યાસાત્, રમતે, યત્ર, દુઃખાન્તમ્, ચ, નિગચ્છતિ.

વ્યુત્પત્તિસમાસાઃ—તિસ્રઃ વિધાઃ યસ્ય તત્ ત્રિવિધમ્, તત્। ભરતાનામ્ ઋષભઃ ભરતર્ષભઃ, તત્સંબુદ્ધૌ હે ભરતર્ષભ। દુઃખાનામ્ અન્તઃ દુઃખાન્તઃ, તમ્ દુઃખાન્તમ્।

અન્વય અને અર્થઃ—તુ વળી, ભરતર્ષભ હે ભરતકુળમાં ઉત્તમ! ઇદાનીમ્ હવે, ત્રિવિધમ્ ત્રણ પ્રકારના, સુખમ્ સુખને, મે મારી પાસેથી, શૃણુ તું સાંભળ, (કે) યત્ર જેમાં, (મનુષ્ય) અભ્યાસાત્ પુનઃ પુનઃ અભ્યાસથી, રમતે આનંદપૂર્વક રમણ કરે-છે, ચ અને, દુઃખાન્તમ્ દુઃખોના અંતને, નિગચ્છતિ પામે છે.

ભાવાર્થ—વળી હે ભરતવંશમાં શ્રેષ્ઠ અર્જુન! હવે સુખ પણ સાત્ત્વિકાદિ ગુણોના ભેદવડે ત્રણ પ્રકારનું છે તે તું મારી પાસેથી સાંભળ, કે જે સુખમાં પુનઃ પુનઃ અનુભવથી મનુષ્ય પરમ આનંદ પ્રાપ્ત કરે છે અને દુઃખોના અંતને પામે છે. ૩૬.

અવતરણિકાઃ—એ પ્રમાણે સામાન્ય રીતે સુખનો ફલરૂપે ઉપો-દ્ઘાત કરી હવે ભગવાન્ તેમાંના સાત્ત્વિક સુખનું લક્ષણ કહે છેઃ

यत्तदग्रे विषमिव परिणामेऽमृतोपमम् ॥
तत्सुखं सात्त्विकं प्रोक्तमात्मबुद्धिप्रसादजम् ॥३७॥

પદચ્છેદઃ—યત્, તદગ્રે, વિષમ્, ઇવ, પરિણામે, અમૃ-તોપમમ્, તત્, સુખમ્, સાત્ત્વિકમ્, પ્રોક્તમ્, આત્મબુદ્ધિપ્રસાદજમ્.

व्युत्पत्तिसमासाः—तस्य अग्र तदग्रम्, तस्मिन् तदग्रे। अमृतम् इव उपमा यस्य तत् अमृतोपमम्। आत्मन बुद्धि आत्म बुद्धि, तस्या प्रसाद आत्मबुद्धिप्रसाद, तस्मात् जायते इति आत्मबुद्धिप्रसादजम्। प्रकर्षेण उक्तम् इति प्रोक्तम्।

अन्वय अने अर्थः—यत् જે સુખ, तदग्रे તેની શરુ આતમા, विषम् વિષના, इव જેવુ, (अने) परिणामे અન્તમા, अमृतोपमम् અમૃતતુલ્ય, (છે) तत् તે आत्मप्रसादजम् આત્મ નિષ્ઠ બુદ્ધિની પ્રસન્નતાથી ઉત્પન્ન થએલા, सुखम् સુખને, सात्त्विकम् સાત્ત્વિક (સુખ), प्रोक्तम् કહેલુ, (છે)

भावार्थः—જે સુખ તેની શરુઆતમા કર્તવ્યની કઠિનતાથી વિષતુલ્ય હોય, પણ અંતે અમૃતસમાન લાગે છે, તે આત્મનિષ્ઠ બુદ્ધિની પ્રસન્નતાથી ઉત્પન્ન થએલા સુખને સાત્ત્વિક સુખ કહેલુ છે. ૩૭

अवतरणिकाः—હવે રાજસિક સુખના લક્ષણો ભગવાન્ કહે છે

विषयेंद्रियसंयोगाद्यत्तदग्रेऽमृतोपमम् ॥
परिणामे विषमिव तत्सुखं राजसं स्मृतम् ॥ ३८ ॥

पदच्छेदः—विषयेन्द्रियसंयोगात्, यत्, तदग्रे, अमृतोपमम्, परिणामे, विषम्, इव, तत्, सुखम्, राजसम्, स्मृतम्.

व्युत्पत्तिसमासाः—विषयाश्च इन्द्रियाणि च विषयेन्द्रियाणि, तेषा सयोग विषयेन्द्रियसयोग, तस्मात् विषयेन्द्रियसयोगात्।

अन्वय अने अर्थः—यत् જે સુખ, विषयेन्द्रियस योगात् વિષયો અને ઇન્દ્રિયોના સંયોગથી, तदग्रे તેની શરુ

આતમાં, અમૃતોપમમ્ અમૃતસમાન, (પણ) પરિણામે અંતમાં, વિષમ્ વિષના, ઇવ તુલ્ય (હોય), તત્ તે, સુખમ્ સુખને, રાજસમ્ રાજસિક, સ્મૃતમ્ માનેલું, (છે).

ભાવાર્થઃ—જે સુખ, વિષયો અને ઇન્દ્રિયોના સંયોગથી, શરુઆતમાં અમૃતસમાન લાગતું હોય પણ અંતે વિષતુલ્ય જણાય તે સુખને રાજસિક સુખ કહેવામાં આવ્યું છે. ૩૮.

અવતરણિકાઃ—હવે તામસિક સુખનાં લક્ષણો ભગવાન્ કહે છેઃ

यदग्रे चानुबंधे च सुखं मोहनमात्मनः ॥
निद्रालस्यप्रमादोत्थं तत्तामसमुदाहृतम् ॥ ३९ ॥

પદચ્છેદઃ—યત્, અગ્રે, ચ, અનુબન્ધે, ચ, સુખમ્, મોહનમ્, આત્મનઃ, નિદ્રાલસ્યપ્રમાદોત્થમ્, તત્, તામસમ્, ઉદાહૃતમ્.

વ્યુત્પત્તિસમાસાઃ—મોહયતિ ઇતિ મોહનમ્, તત્। નિદ્રા ચ આલસ્યં ચ પ્રમાદશ્ચ ઇતિ નિદ્રાલસ્યપ્રમાદાઃ, તેભ્યઃ ઉત્તિષ્ઠતિ ઇતિ નિદ્રાલસ્યપ્રમાદોત્થમ્, તત્।

અન્વય અને અર્થઃ—યત્ જે સુખ, અગ્રે આરંભમાં, ચ અને, અનુબન્ધે અંતમાં, ચ પણ, આત્મનઃ આત્માને, મોહનમ્ મોહ પમાડનારું, (તથા) નિદ્રાલસ્યપ્રમાદોત્થમ્ નિદ્રા, આલસ્ય અને પ્રમાદથી ઉત્પન્ન થએલું હોય, તત્ તે સુખને, તામસમ્ તામસિક, ઉદાહૃતમ્ કહેલું, (છે).

ભાવાર્થઃ—જે સુખ આરંભમાં તેમ જ અંતમાં પણ, આત્માને મોહ પમાડનારું તથા નિદ્રા, આલસ્ય અને પ્રમાદથી

ઉત્પન્ન થએલું હોય, તે સુખને તામસિક સુખ કહેવામાં આવ્યું છે. ૩૯.

અવતરણિકાઃ—સત્ત્વ, રજ અને તમ એ ગુણભેદવડે, ત્રિગુણાત્મિકા સૃષ્ટિનાં મુખ્ય પાત્રોનું વર્ણન કરી, તેમનાથી કોઇપણ મુક્ત નથી એમ કહેતાં હવે તેનો ઉપસંહાર કરતા ભગવાન્ કહે છેઃ

न तदस्ति पृथिव्यां वा दिवि देवेषु वा पुनः ॥
सत्त्वं प्रकृतिजैर्मुक्तं यदेभिः स्यात्त्रिभिर्गुणैः ॥ ४० ॥

---

૧ રાઘવેન્દ્રકૃત અર્થસંગ્રહ નામની ટીકામાં લખ્યું છે કે.–સાત્ત્વિક, રાજસ અને તામસ એ ભેદથી જીવો ત્રણ પ્રકારના છે. તેમાં વળી સાત્ત્વિક વિગેરે જીવો પણ પ્રત્યેક ત્રણ ત્રણ પ્રકારના છે. એટલે પિતૃ અને ગધર્વ વિગેરે સાત્ત્વિક, તામસ, મુનિઓ સાત્ત્વિક, રાજસ; દેવતાઓ સાત્ત્વિક, સાત્ત્વિક એ સાત્ત્વિક સાત્ત્વિક દેવતાઓમાં પણ બૃહસ્પતિ વિગેરે સાત્ત્વિક, સાત્ત્વિક, તામસ; ઈંદ્ર સાત્ત્વિક, સાત્ત્વિક, રાજસ, અને બ્રહ્માદિ રુદ્રપર્યંત સાત્ત્વિક, સાત્ત્વિક, સાત્ત્વિક છે. તેમા પણ રુદ્ર સાત્ત્વિક, સાત્ત્વિક, સાત્ત્વિક, તામસ, બ્રહ્મણી અને ભારતી–સરસ્વતી સા , સા., સા , રાજસી તથા બ્રહ્મા અને વાયુ સા., સા., સા , સાત્ત્વિક છે માણસોમાં પણ મધ્યમ અને ઉત્તમ તે રાજસ, તે પણ પ્રત્યેક ત્રણ પ્રકારના છે બ્રાહ્મણ આદિ અને પુલકસ પર્યંત જે જે ભાગવતો છે તે રાજસ, સાત્ત્વિક, તે રાજસ, સાત્ત્વિકોમાં પણ બ્રાહ્મણો રાજસ, સાત્ત્વિક, સાત્ત્વિક, ક્ષત્રિઓ તો થોડા રજોયુક્ત હોવાથી રા , રા., સાત્ત્વિક; વૈશ્યો રજસ્ અને સત્ત્વવડે સમાન હોવાથી રા , રા , સાત્ત્વિક; અને શૂદ્રો તામસથી થોડા સત્ત્વવડે તથા રજસ્ અધિકવડે યુક્ત હોવાથી તામસ, રાજસ, સાત્ત્વિક છે. રા , સા , સા , વિગેરેમાં પણ જે શુદ્ધ સત્ત્વાત્મક છે તે ' પરમહંસ ' કહેવાય છે, તે શિખા કે યજ્ઞોપવીતથી રહિત હોય છે અને એક દંડને ધારણ કરનારા છે થોડા રજોયુક્ત સત્ત્વવાળા ' હંસ ' કહેવાય છે, તે યજ્ઞોપવીત રાખે છે અને એક દંડ રાખે છે, પણ શિખા રાખતા નથી. તેથી પણ રજોયુક્ત સત્ત્વવાળા ત્રિદંડી-ત્રણ દંડ ધારણ કરનારા, શિખા અને યજ્ઞોપવીત રાખનારા, પ્રત્યેક ગામમાં એક રાત્ર જ રહેનારા ' બહૂદક ' કહેવાય છે તેથી પણ વિશેષ રજસ્વાળા સાત્ત્વિક ત્રિદંડિઓ, શિખા અને યજ્ઞોપવીતવાળા, છ દ્રવ્યપર્યંત પુત્રે અપાતા ભોજનવાળા તે ' કુટીચક ' કહેવાય છે. વળી તામસો પણ સાત્ત્વિકાદિ ભેદવડે ત્રણ પ્રકારના છે. તેમાં નરાધમ તે સાત્ત્વિક, તામસ; દૈત્યોના ભૃત્ય–અધમ નોકરો તે રાજસ, તામસ, અને મહાદૈત્યો તે તામસ, તામસ, કહેવાય છે.

પદચ્છેદઃ—ન, તત્, અસ્તિ, પૃથિવ્યામ્, વા, દિવિ, દેવેષુ, વા, પુનઃ, સત્ત્વમ્, પ્રકૃતિજૈઃ, મુક્તમ્, યત્, એભિઃ, સ્યાત્, ત્રિભિઃ, ગુણૈઃ.

વ્યુત્પત્તિસમાસાઃ—પ્રકૃતિભ્યઃ જાયન્તે ઇતિ પ્રકૃતિજાઃ, તૈઃ પ્રકૃતિજૈઃ ।

અન્વય અને અર્થઃ—પ્રકૃતિજૈઃ પ્રકૃતિથી ઉત્પન્ન થએલા, એભિઃ એ, ત્રિભિઃ ત્રણ, ગુણૈઃ ગુણોથી, મુક્તમ્ મુક્ત, યત્ જે, (હોય) તત્ તે–તેવું, સત્ત્વમ્ સત્ત્વ (પદાર્થ), પૃથિવ્યામ્ પૃથ્વી ઉપર, દિવિ સ્વર્ગલોકમાં, વા અથવા, દેવેષુ દેવોમાં, (પણ) ન, અસ્તિ નથી.

ભાવાર્થઃ—હે અર્જુન ! પ્રકૃતિથી ઉત્પન્ન થએલા એ ત્રણ ગુણોથી મુક્ત હોય તેવાં કોઈ પણ પ્રાણી કે પદાર્થ પૃથ્વીમાં, દેવલોકમાં કે દેવોમાં પણ નથી. અર્થાત્ પ્રાણિમાત્ર એ પ્રકૃતિના ગુણોથી યુક્ત છે એમાં સંશય નથી. ૪૦.

અવતરણિકાઃ—"એ પ્રમાણે સમસ્ત ક્રિયાઓ, ક્રિયાના કર્તાઓ, અને ફલ તથા પ્રાણિમાત્ર જો ત્રિગુણાત્મક જ હોય, તો પ્રાણીનો મોક્ષ અર્થાત્ ત્રિગુણાત્મિકા માયાથી પર નિસ્ત્રૈગુણ્ય પદની પ્રાપ્તિ તેને કેમ સંભવે ?" એવા પ્રશ્નના સમાધાનમાં "બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર ઇત્યાદિ પૃથક્ વર્ણો જુદાં જુદાં અનુષ્ઠેય કર્મોના આદેશપૂર્વક સર્જાયા છે, અને તે તે બતાવવામા આવેલા પોતપોતાના અનુષ્ઠેય ધર્મોનું દરેક વર્ણનાં પ્રાણીઓ જો યથાર્થ પાલન કરે, તો કર્તવ્યનિષ્ઠતાને લીધે શ્રીપરમેશ્વરના પ્રસાદથી તેઓ જ્ઞાન ઉપલબ્ધ કરીને મુક્ત થઇ શકે છે." એમ કહેવાના ઉદ્દેશથી આખી ગીતાના સારના સંગ્રહરૂપે નવીન પ્રકરણનો આરંભ કરતાં ભગવાન્ શ્રીકૃષ્ણ કહે છેઃ

ब्राह्मणक्षत्रियविशां शूद्राणां च परंतप ॥
कर्माणि प्रविभक्तानि स्वभावप्रभवैर्गुणैः ॥ ४१ ॥

---

૧ આ શ્લોકમા બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યો એ ત્રણેનું એક જ સમાસાત પદ છે, અને શૂદ્રોનુ જુદુ પદ છે તેનું કારણ—એક 'દ્વિજ જાતિ' અને બીજી 'શૂદ્ર જાતિ' એમ બે જ જાતિ બતાવવા માટેનું છે તે માટે ભગવાન્ મનુએ કહેલુ પ્રમાણ આ પ્રમાણે છે

ब्राह्मणा क्षत्रिया वैश्यास्त्रयो वर्णा द्विजातय । चतुर्थ एकजातिस्तु शूद्रो नास्तीति पञ्चम ॥

બ્રાહ્મણો, ક્ષત્રિઓ અને વૈશ્યો એ ત્રણ વર્ણો 'દ્વિજાતિઓ' છે તથા ચોથો શૂદ્ર તે એક જાતિ 'શૂદ્રજાતિ' જ છે પાચમો કોઈ વર્ણ છે જ નહિ

એ ચારે વર્ણોના કર્મવિભાગો પણ જુદા જુદા તેમના સ્વભાવથી જ ઉત્પન્ન થએલા છે, તે પણ ભગવાન્ મનુ કહે છે

मातुरग्रेऽधिजनन द्वितीय मौञ्जिबधनात् । अत्रास्य माता सावित्री पिता त्वाचार्य उच्यते ॥

પ્રથમ માતાથી જન્મ અને બીજે મૌજીબધનથી જન્મ હોવાથી "द्वाभ्यां जन्म-सस्काराभ्या जायते असौ द्विज એટલે જન્મ અને સસ્કાર એ બન્નેથી જે જન્મે છે તે 'દ્વિજ' કહેવાય છે" એવિ એ દ્વિજની માતા તે સાવિત્રી અને પિતા તે આચાર્ય કહેવાય છે

૨ બ્રાહ્મણાદિના કર્મો પણ ભગવાન્ મનુએ આ પ્રમાણે કહ્યા છે

अध्यापनमध्ययन यजन याजनं तथा । दान प्रतिग्रहश्चैव ब्राह्मणानामकल्पयत् ॥

વેદ ભણવો તથા ભણાવવો, યજ્ઞ કરવો તથા કરાવવો, દાન આપવુ તથા લેવુ, આ છ કર્મો બ્રાહ્મણ માટે નિર્માણ કર્યા છે

प्रजाना रक्षण दानमिज्याध्ययनमेव च । विषयेष्वप्रसक्तिश्च क्षत्रियस्य समासत ॥

પ્રજાનું રક્ષણ કરવુ, દાન દેવુ યજ્ઞ કરવો, વેદ ભણવો અને સ સારના વિષયો ઉપર આસક્તિ ન રાખવી એ કર્મો ક્ષત્રિયોને માટે ટુકામા કહેલાં છે

पशूनां रक्षण दानमिज्याध्ययनमेव च । वणिक्पथ कुसीद च वैश्यस्य कृषिमेव च ॥

પશુઓનું રક્ષણ-પાલન કરવુ, દાન દેવુ, યજ્ઞ કરવો, વેદ ભણવો, વ્યાપાર કરવો, વ્યાજવટાવનો ધધો કરવો, તથા ખેતીવાડી કરવી, એ કર્મો વૈશ્ય માટે કહેલા છે.

एकमेव तु शूद्रस्य प्रभु कर्म समादिशत् । एतेषामेव वर्णाना शुश्रूषामनसूयया ॥

શૂદ્રને માટે બ્રહ્માએ એક જ કર્મ કહેલુ છે, અને તે એ કે તેણે બ્રાહ્મણ આદિ ત્રણે વર્ણોની ઇર્ષા કર્યા વિના સેવા કરવી

પદચ્છેદઃ—ब्राह्मणक्षत्रियविशाम्, शूद्राणाम्, च, परंतप, कर्माणि, प्रविभक्तानि, स्वभावप्रभवैः, गुणैः.

વ્યુત્પત્તિસમાસાઃ—ब्राह्मणाश्च क्षत्रियाश्च विशश्च इति ब्राह्मणक्षत्रियविशः, तेषां ब्राह्मणक्षत्रियविशाम् । परं शत्रुगणं तापयति इति परंतपः, तत्संबुद्धौ हे परंतप । प्रकर्षेण विभागेन भक्तानि इति प्रविभक्तानि । प्रकर्षेण भवति अस्मात् इति प्रभवः, स्वस्य भावः स्वभावः, स्वभावः एव प्रभवः येषां गुणानां ते स्वभावप्रभवाः, तैः स्वभावप्रभवैः ।

અન્વય અને અર્થઃ—परंतप હે પરંતપ! ब्राह्मणक्षत्रियविशाम् બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યોનાં, च તેમ, शूद्राणाम् શૂદ્રોનાં, (પણ) कर्माणि કર્મો, स्वभावप्रभवैः સ્વભાવ એ જ જેની ઉત્પત્તિનું કારણ છે તેવા, गुणैः ગુણોવડે, प्रविभक्तानि (વિભાગ પૂર્વક) વહેંચી નાખવામાં આવેલાં, (છે).

ભાવાર્થઃ—હે પરંતપ! બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર, એમ ચારે વર્ણનાં કર્મો સ્વભાવ એટલે પ્રકૃતિ એ જ જેમની ઉત્પત્તિનું કારણ છે, તેવા સત્ત્વાદિ ગુણોવડે ખાસ વિભાગપૂર્વક વહેંચી નાંખવામાં આવ્યાં છે. અર્થાત્ તે સર્વનાં ગુણોના ભેદ પ્રમાણે જુદાં જુદાં કર્મો નિર્માણ કરેલાં છે એમ તું માન. ૪૧.

અવતરણિકાઃ—બ્રાહ્મણાદિ ચારે વર્ણનાં તે વિભક્ત કર્મો કયાં કયાં છે, તે હવે ભગવાન્ બતાવે છે; તેમાં પ્રથમ બ્રાહ્મણનાં કર્મો કહે છેઃ

शमो दमस्तपः शौचं क्षांतिरार्जवमेव च ॥
ज्ञानं विज्ञानमास्तिक्यं ब्रह्मकर्म स्वभावजम् ॥४२॥

---

१ दया क्षमाऽनसूया च शौचाऽनायासमंगलम्। अकार्पण्यमस्पृहत्व सर्वसाधारणानि च ॥

દયા, ક્ષમા, અનસૂયા, શૌચ, અનાયાસ, મંગલ, અકાર્પણ્ય અને અસ્પૃહા, એ આઠ સર્વ વર્ણોના સાધારણ ધર્મો છે. એ દરેકનાં લક્ષણો ભગવાન્ ખુદ્દપતિએ નીચે પ્રમાણે કહેલા છે

परे वा बंधुवर्गे वा मित्रे द्वेष्टरि वा सदा। आपन्ने रक्षितव्य तु दयेषा परिकीर्तिता ॥

આપત્તિમાં આવી પડેલા કોઈ પણ અન્યનું કે બંધુવર્ગનું, મિત્રનું અથવા શત્રુનું પણ સદા રક્ષણ કરવું તેનું નામ 'દયા' છે.

बाह्ये वा यात्मिके चैव दुःखे चोत्पादिके क्वचित्। न कुप्यति न वा हन्ति सा क्षमा परिकीर्तिता ॥

બાહ્ય અથવા આધ્યાત્મિક દુઃખ પણ કવચિત્ આવી પડતાં તે દુઃખો ઉપજાવનારા પર કોપ ન કરવો અથવા તેનું હનન ન કરવું તે 'ક્ષમા' કહેવાય છે.

न गुणान् गुणिनो हन्ति स्तौति मन्दगुणानपि। नान्यदोषेषु रमते सानसूया प्रकीर्तिता ॥

ગુણીઓના ગુણોનું હનન-ખંડન-ન કરે, તેમના મંદ-થોડા-ગુણોને પણ વખાણે, તથા બીજાઓના દોષોમાં ન રમે-પ્રીતિ ન કરે તે 'અનસૂયા' કહેવાય છે

अभक्षपरिहारश्च सत्तर्गश्चाप्यनिर्गुणे। स्वधर्मे च व्यवस्थान शौचमेतत्प्रकीर्तितम् ॥

માંસ વિગેરે અખાદ્ય અને મદિરા વિગેરે અપેય પદાર્થોનો સર્વથા પરિહાર-ત્યાગ, સદ્ગુણી પુરુષોનો સસર્ગ અને પોતાના ધર્મમાં સ્થિતિ, એ 'શૌચ' કહેવાય છે.

शरीरं पीड्यते येन सुशुभेनाऽपि कर्मणा। अत्यन्त तन्न कर्तव्यमनायास स उच्यते ॥

અતિ શુભ કર્મ હોય તો પણ જે કરવાથી શરીર પીડાય તે કર્મ અત્યંત ન કરવું તે 'અનાયાસ' કહેવાય છે

प्रशस्ताचरण नित्यमप्रशस्तविसर्जनम्। एतद्धि मङ्गलं प्रोक्त मुनिभिस्तत्त्वदर्शिभि. ॥

શાસ્ત્રોક્ત-વખાણવું-ઉત્તમ આચરણ કરવું અને શાસ્ત્રે નિંદિત કરેલું આચરણ સર્વથા તજવું, તેને તત્ત્વદર્શી મુનિઓ 'મંગલ' કહે છે

स्तोकादपि प्रदातव्यमदीनेनान्तरात्मना। अहन्यहनि यत्किंचिदकार्पण्य हि तत्स्मृतम् ॥

થોડામાંથી પણ મનમાં દીનતા લાવ્યા વિના દરરોજ યત્કિંચિત્-થોડું પણ આપવું તે 'અકાર્પણ્ય' કહેવાય છે.

यथोत्पन्नेन सन्तोष कर्तव्यो ह्यर्थवस्तुना। परस्याचिन्तयित्वार्थं साऽस्पृहा परिकीर्तिता ॥

પારકા ધનનું ચિંતવન કર્યા વગર પોતાને જે કંઈ અર્થ અથવા વસ્તુ પ્રાપ્ત થાય તેનાથી સંતોષ માનવો તે 'અસ્પૃહા' કહેવાય છે.

પદચ્છેદઃ—શમઃ, દમઃ, તપઃ, શૌચમ્, ક્ષાન્તિઃ, આર્જવમ્, એવ, ચ, જ્ઞાનમ્, વિજ્ઞાનમ્, આસ્તિક્યમ્, બ્રહ્મકર્મ-સ્વભાવજમ્.

વ્યુત્પત્તિસમાસાઃ—દમ્યન્તે નિયમ્યન્તે ઇન્દ્રિયાણિ અનેન ઇતિ દમઃ। શુચેઃ ભાવઃ શૌચમ્। ઋજોઃ ભાવઃ આર્જવમ્। જ્ઞાયતે અનેન ઇતિ જ્ઞાનમ્। વિશિષ્ટં જ્ઞાનં વિજ્ઞાનમ્। અસ્તિ સર્વેશ્વરઃ કશ્ચિત્ નિયંતા ઇતિ મતિઃ યસ્ય સઃ આસ્તિકઃ, આસ્તિકસ્ય ભાવઃ આસ્તિક્યમ્। બ્રહ્મણાં બ્રાહ્મણાનાં કર્મ બ્રહ્મકર્મ। સ્વભાવાત્ જાયતે ઇતિ સ્વભાવજમ્।

અન્વય અને અર્થઃ—શમઃ અંતઃકરણનો નિગ્રહ, દમઃ બાહ્યેન્દ્રિયોનો નિગ્રહ, તપઃ (સાત્ત્વિક શ્રદ્ધાથી કરવામાં આવતું મન, વાણી અને શરીરનું ત્રિવિધ) તપ, શૌચમ્ (મૃત્તિકા જલ વિગેરેથી બાહ્ય તથા ભાવશુદ્ધિથી આભ્યંતર એમ બે પ્રકારનું) શૌચ, ક્ષાન્તિઃ ક્ષમા, ચતથા, આર્જવમ્ સરલતા, એવ તેમ, જ્ઞાનમ્ શાસ્ત્રીય જ્ઞાન, વિજ્ઞાનમ્ શાસ્ત્રીય જ્ઞાનના આચરણથી થએલું અનુભવાત્મક જ્ઞાન, (અને) આસ્તિક્યમ્ આસ્તિકપણું, (એ) સ્વભાવજમ્ (સાત્ત્વિકગુણયુક્ત) સ્વભાવથી જ ઉત્પન્ન થએલું, બ્રહ્મકર્મ બ્રાહ્મણજાતિનું કર્મ, (છે).

ભાવાર્થઃ—અંતઃકરણનિગ્રહ, ઇંદ્રિયનિગ્રહ, મન, વાણી અને શરીરનું એમ ત્રણ પ્રકારનું તપ, બાહ્ય અને આભ્યન્તર એમ બે પ્રકારનું શૌચ, પવિત્રતા, ક્ષમા, સરલતા, જ્ઞાન, વિજ્ઞાન અને આસ્તિકતા, એ નવ બ્રાહ્મણ જાતિનાં સાત્ત્વિકગુણયુક્ત સ્વભાવથી ઉત્પન્ન થએલાં વિશિષ્ટ કર્મ છે. ૪૨.

અવતરણિકાઃ—એ પ્રમાણે બ્રાહ્મણનાં સ્વભાવજન્ય કર્મ કહી હવે ક્ષત્રિયોનાં સ્વભાવજન્ય કર્મો ભગવાન્ કહે છેઃ

शौर्यं तेजो धृतिर्दाक्ष्यं युद्धे चाप्यपलायनम् ॥
दानमीश्वरभावश्च क्षात्रं कर्म स्वभावजम् ॥ ४३ ॥

पदच्छेदः—शौर्यम्, तेजः, धृतिः, दाक्ष्यम्, युद्धे, च, अपि, अपलायनम्, दानम्, ईश्वरभावः, च, क्षात्रम्, कर्म, स्वभावजम्,

व्युत्पत्तिसमासाः—शूरस्य भावः शौर्यम् । दक्षस्य भावः दाक्ष्यम् । न पलायनम् अपलायनम् । ईश्वरस्य भावः ईश्वरभावः । क्षत्रस्य इदं क्षात्रम् । स्वभावात् जायते इति स्वभावजम् ।

अन्वय अने अर्थः—शौर्यम् शूरवीरपणुं, तेजः तेज, धृतिः (महाआपत्तिमां पण देह तथा इन्द्रियोने टकावी राखवानी शांत चित्तवृत्तिरूपी) धैर्य, दाक्ष्यम् कुशलता, च तथा, युद्धे युद्धमां, अपि पण, अपलायनम् भागी न जवुं, दानम् दान, च तेम, ईश्वरभावः प्रभुत्व, (ओ) स्वभावजम् (त्रणेगुणयुक्त) स्वभावथी उत्पन्न थयेलुं, क्षात्रम् क्षत्रियोनुं, कर्म कर्म, (छे).

भावार्थः—शूरवीरपणुं, तेज, धृति, कुशलता, युद्धमांथी प्राणान्ते पण भागी न जवुं, दान तथा प्रभुत्व ओ सात, त्रणेगुणयुक्त स्वभावथी उत्पन्न थयेलां क्षत्रियोनां कर्म छे. ४३.

---

१ प्रसह्य वित्ताहरण शारीरो दण्ड एव च ।
आशिषानां शासन च नयेषार्थविनाशनम् ॥
एष ईश्वरभाव स्याच्च कार्य क्षत्रियेतरैः ॥ स्मृति० ॥

બલાત્કારથી ધન લઈ લેવું, શરીર સંબંધી દંડ કરવો—ફટકાનો માર અથવા ફાંસી દેવી વિગેરે, લુચ્ચા લફંગાને શિક્ષા કરવી તેમ જ તેમના ધનનો નાશ કરવો, એ ઈશ્વરભાવ છે, તે ક્ષત્રિયોથી ભિન્ન વર્ણોએ કરવો નહિ.

અવતરણિકાઃ—ક્ષત્રિયોનાં રજોગુણજન્ય સ્વાભાવિક કર્મો કહી, હવે વૈશ્યોનાં તથા શૂદ્રોનાં કર્મો વિષે ભગવાન શ્રીકૃષ્ણ કહે છેઃ

कृषिगोरक्ष्यवाणिज्यं वैश्यकर्म स्वभावजम् ॥
परिचर्यात्मकं कर्म शूद्रस्यापि स्वभावजम् ॥ ४४ ॥

પદચ્છેદઃ—કૃષિગોરક્ષ્યવાણિજ્યમ્, વૈશ્યકર્મ, સ્વભાવજમ્, પરિચર્યાત્મકમ્, કર્મ, શૂદ્રસ્ય, અપિ, સ્વભાવજમ્.

વ્યુત્પત્તિસમાસાઃ—गां रक्षति इति गोरक्षः, तस्य भावः गोरक्ष्यम्, वणिनः कर्म वाणिज्यम्, कृषिश्च गोरक्ष्यं च वाणिज्यं च कृषिगोरक्ष्यवाणिज्यम् । वैश्यानां कर्म वैश्यकर्म । परिचर्या एव आत्मा यस्य तत् परिचर्यात्मकम् ।

અન્વય અને અર્થઃ—(वणी) कृषिगोरक्ष्यवाणिज्यम् ખેતી, ગાયોનું પાલન તથા વાણિજ્ય, (એ) स्वभावजम् સ્વાભાવિક રીતે જ ઉત્પન્ન થએલું, वैश्यकर्म વૈશ્યોનું કર્મ, (છે તથા) परिचर्यात्मकम् (બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય એ ત્રણેવર્ણની) શુશ્રૂષા-સેવારૂપી, कर्म કર્મ, शूद्रस्य શૂદ્રનું, अपि પણ, स्वभावजम् સ્વાભાવિક રીતે ઉત્પન્ન થએલું, (કર્મ છે).

ભાવાર્થઃ—ખેતીવાડી, ગાયો વગેરે પશુઓનું પાલન કરવું તથા વાણિજ્ય, એ વૈશ્ય જાતિનું સ્વાભાવિક કર્મ છે, તેમ બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય એ ત્રણેવર્ણની સેવા કરવી, એ શૂદ્રજાતિનું પણ સ્વાભાવિક જ કર્મ, છે. ૪૪.

અવતરણિકાઃ—એ પ્રમાણે પ્રત્યેક વર્ણનાં કર્મ કહી હવે તે પ્રત્યેક વર્ણને તેમનાં પોતાનાં કર્મ પ્રમાણે વર્તવાથી જે ફલ થાય છે, તે ભગવાન્ કહે છેઃ

स्वे स्वे कर्मण्यभिरतः संसिद्धिं लभते नरः ॥
स्वकर्मनिरतः सिद्धिं यथा विंदति तच्छृणु ॥ ४५ ॥

પદચ્છેદઃ—स्वे, स्वे, कर्मणि, अभिरतः, संसिद्धिम्, लभते, नरः, स्वकर्मनिरतः, सिद्धिम्, यथा, विन्दति, तत्, शृणु.

વ્યુત્પત્તિસમાસાઃ—अभितः रतः इति अभिरतः । सम्यक् सिद्धिः संसिद्धिः, तां संसिद्धिम् । नितरां रतः निरतः, स्वस्य कर्म स्वकर्म, तस्मिन् निरतः इति स्वकर्मनिरतः ।

અન્વય અને અર્થઃ—स्वे, स्वे પોતપોતાના, कर्मणि કર્મમાં, अभिरतः નિરંતર લાગેલો, नरः પુરુષ, संसिद्धिम् મોક્ષરૂપી ઉત્તમસિદ્ધિને, लभते પ્રાપ્ત કરે છે, (હવે) स्वकर्मनिरतः પોતાના કર્મમાં સારી રીતે તત્પર રહેલો પુરુષ, सिद्धिम् જ્ઞાનસિદ્ધિને, यथा જેવી રીતે, लभते મેળવે છે, तत् તે, शृणु તું સાંભળ.

ભાવાર્થઃ—પોતપોતાના કર્મોમાં સાવધાન રહેલો પુરુષ, મોક્ષરૂપી પરમસિદ્ધિને પ્રાપ્ત કરે છે. હે પાર્થ ! હવે પોતાના કર્મમાં તત્પર રહેલો પુરુષ, જ્ઞાનસિદ્ધિને જેવી રીતે પ્રાપ્ત કરે છે, તે હું તને કહું છું તે તું મારી પાસેથી સાંભળ ૪૫.

અવતરણિકાઃ—જ્ઞાનસિદ્ધિ પ્રાપ્ત કરવાના પ્રકાર વિષે જ હવે ભગવાન્ વિવેચન કરે છે.

यतः प्रवृत्तिर्भूतानां येन सर्वमिदं ततम् ॥
स्वकर्मणा तमभ्यर्च्य सिद्धिं विंदति मानवः ॥४६॥

પદચ્છેદઃ—यतः, प्रवृत्तिः, भूतानाम्, येन, सर्वम्, इदम्, ततम्, स्वकर्मणा, तम्, अभ्यर्च्य, सिद्धिम्, विन्दति, मानवः.

વ્યુત્પત્તિસમાસાઃ—સ્વસ્ય કર્મ સ્વકર્મ, તેન સ્વકર્મણા। અભિતઃ અર્ચયિત્વા ઇતિ અભ્યર્ચ્ય। મનોઃ અપત્યં પુમાન્ માનવઃ।

અન્વય અને અર્થઃ—યત્ જેનાથી, ભૂતાનામ્ પ્રાણીઓની, પ્રવૃત્તિઃ ઉત્પત્તિ, ચેષ્ટા, ઇત્યાદિ પ્રવૃત્તિ, (થાય છે તથા) યેન જે વડે, ઇદમ્ આ, સર્વમ્ સઘળું જગત્, તતમ્ વ્યાપ્ત (છે), તમ્ તેને, સ્વકર્મણા પોતાના કર્મથી, અભ્યર્ચ્ય પૂજીને, માનવઃ મનુષ્ય, સિદ્ધિમ્ સિદ્ધિને, વિન્દતિ પામે છે.

ભાવાર્થઃ—જે ઈશ્વરથી સમસ્ત પ્રાણિમાત્રની ઉત્પત્તિ, ચેષ્ટા વિગેરે પ્રવૃત્તિ ચાલે છે તથા જે ઈશ્વરવડે આ આખું જગત્ વ્યાપ્ત થયેલું છે, તે ઈશ્વરની પોતાનાં પૂર્વોક્ત કર્મોથી આરાધના કરીને મનુષ્ય પરમ સિદ્ધિને પ્રાપ્ત કરે છે. ૪૬.

અવતરણિકાઃ—"એ પ્રમાણે સ્વધર્મનાં નિયમિત કર્મો કરવાથી મનુષ્ય પરમ સિદ્ધિને પ્રાપ્ત કરે છે, તેથી મનુષ્યનું કર્તવ્ય છે, કે તેણે મોહવશ થઈ પારકા ધર્મને વિશિષ્ટ માનીને, પોતાના ધર્મની અવગણના કરવી નહિ, અને જો એમ કરે તો તેમાં જ તેનું ખરું શ્રેય રહેલું છે," એ વાત ભગવાન્ શ્રીકૃષ્ણ અર્જુનને કહે છેઃ

શ્રેયાન્સ્વધર્મો વિગુણઃ પરધર્માત્સ્વનુષ્ઠિતાત્ ॥
સ્વભાવનિયતં કર્મ કુર્વન્નાપ્નોતિ કિલ્બિષમ્ ॥૪૭॥

---

૧ ધર્મઃ શ્રેય સમુદ્દિષ્ટ શ્રેયોઽભ્યુદયલક્ષણમ્। સ તુ પઞ્ચવિધઃ પ્રોક્તો વેદમૂલઃ સનાતન ॥૧॥ વર્ણધર્મ સ્મૃતસ્ત્વેક આશ્રમાણામતઃ પરમ્। વર્ણાશ્રમસ્તૃતીયસ્તુ ગૌણો નૈમિત્તિકસ્તથા ॥૨॥

શાસ્ત્રવિહિત ધર્મ એ જ કલ્યાણરૂપ કહેલો છે, અને કલ્યાણ એ અભ્યુદયનું લક્ષણ છે એટલે અભ્યુદયના કારણરૂપ તે વેદમૂલક તથા સનાતન ધર્મ પાંચ પ્રકારનો કહેલો છે. ૧.

એક વર્ણધર્મ, બીજો આશ્રમોનો—આશ્રમધર્મ, ત્રીજો વર્ણાશ્રમ (મિશ્ર) ધર્મ ચોથો ગૌણ-ગુણવડે પ્રાપ્ત-ધર્મ અને પાંચમો નૈમિત્તિક ધર્મ છે. ૨.

पदच्छेदः—श्रेयान्, स्वधर्मः, विगुणः, परधर्मात्, स्वनुष्ठितात्, स्वभावनियतम्, कर्म, कुर्वन्, न, आप्नोति, किल्बिषम्.

व्युत्पत्तिसमासाः—अतिशयेन प्रशस्यः इति श्रेयान्। स्वस्य धर्मः स्वधर्मः। विगताः गुणाः यस्मात् सः विगुणः। परस्य धर्मः परधर्मः,

---

એ પાંચે પ્રકારના ધર્મના લક્ષણ નીચે પ્રમાણે છે.

वर्णत्वमेकमाश्रित्य यो धर्म समवर्त्तते। वर्णधर्म स उक्तस्तु यथोपनयन नृप ॥ ३ ॥

હે રાજન્! કેવલ બ્રાહ્મણ આદિ એક જ વર્ણપણાનો આશ્રય કરીને જે ધર્મ પ્રવર્તે છે તે 'વર્ણધર્મ' કહેવાય છે, જેમ ઉપનયન (યજ્ઞોપવીત-જનોઇ) ૩.

यस्त्वाश्रम समाश्रित्य अधिकार प्रवर्त्तते। स खल्वाश्रमधर्म स्याद्भिक्षादण्डादिको यथा ॥४॥

જે કેવલ આશ્રમનો જ આશ્રય કરીને અધિકારરૂપે પ્રવર્તે છે-પ્રાપ્ત થાય છે, તે "આશ્રમધર્મ" કહેવાય છે, જેમ ભિક્ષાચરણ અને દંડધારણ ૪

वर्णत्वमाश्रमत्वञ्च योऽधिकृत्य प्रवर्त्तते। स वर्णाश्रमधर्मस्तु मौञ्जयाद्या मेखला यथा ॥ ५॥

જે ધર્મ વર્ણનો તથા આશ્રમનો એમ બંનેનો આશ્રય કરીને પ્રવર્તે છે તે "વર્ણાશ્રમધર્મ" કહેવાય છે, જેમ મૌંજ આદિની જુદી જુદી મેખલા. ૫.

यो गुणेन प्रवर्त्तेत गुणधर्म स उच्यते। यथा मूर्द्धाभिषिक्तस्य प्रजानां परिपालनम् ॥ ६ ॥

જે ધર્મ ગુણનો આશ્રય કરીને પ્રવર્તે છે તે "ગુણધર્મ" કહેવાય છે, જેમ રાજ્યાભિષેક કરાયલા ક્ષત્રિએ સર્વથા પ્રજાનું પાલન કરવું. ૬.

निमित्तमेकमाश्रित्य यो धर्म समवर्त्तते। नैमित्तिक स विज्ञेय प्रायश्चित्तविधिर्यथा ॥ ७ ॥

જે ધર્મ કેવળ નિમિત્તનો આશ્રય કરીને પ્રવર્તે તે "નૈમિત્તિકધર્મ" જાણવો, જેમ પાપની નિવૃત્તિનિમિત્ત કરાતું પ્રાયશ્ચિત્ત. ૭

સર્વ સામાન્ય ધર્મનું લક્ષણ —

आनृशंस्यमहिंसा चाप्रमाद सविभागिता। आद्धकर्मातिथेय च सत्यमक्रोध एव च ॥८॥
स्वेषु दारेषु सन्तोष शौच नित्यानसूयता। आत्मज्ञान तितिक्षा च धर्म साधारणो नृप॥९॥

હે રાજન્! અક્રૂરતા, અહિંસા, અપ્રમાદ, અન્નાદિકનું વિભાગ પ્રમાણે ભૂત-પ્રાણિઓને પ્રદાન, શ્રાદ્ધકર્મ, અતિથિનો સત્કાર, સત્ય, અક્રોધ, પોતાની સ્ત્રીઓમા જ સંતોષ, શૌર્ય, હમેશા ઇર્ષારહિત રહેવું, આત્મજ્ઞાન અને તિતિક્ષા એ સર્વ વર્ણોને એક સરખો ધર્મ છે. ૮-૯.

तस्मात् परधर्मात् । सुष्ठु अनुष्ठितः इति स्वनुष्ठितः, तस्मात् स्वनुष्ठितात् । स्वभावेन नियतम् स्वभावनियतम्, । करोति इति कुर्वन् ।

અન્વય અને અર્થઃ—स्वनुष्ठितात् સુખથી પાલન કરાયલા, परधर्मात् પારકા–બીજા ના ધર્મથી, विगुणः ઓછી વિશિષ્ટતાવાળો–ગુણ વિનાનો, (પણ) स्वधर्मः પોતાનો ધર્મ, श्रेयान् અતિશય કલ્યાણકારક, (છે કારણ કે) स्वभावनियतम् (ગુણોના ભેદ પ્રમાણે પોતાના વર્ણનું) સ્વાભાવિક નિયમિત, कर्म કર્મ, कुर्वन् કરતો (પુરુષ), किल्बिषम् પાપને, न, आप्नोति પામતો નથી.

ભાવાર્થઃ—સુખથી પાલન કરાયલા પારકા–બીજાના ધર્મ કરતાં ઓછી વિશિષ્ટતાવાળો–ગુણ વિનાનો પણ પોતાનો ધર્મ અતિશય કલ્યાણકારક છે, (કારણ કે) ગુણોના ભેદ પ્રમાણે પોતપોતાના વર્ણનાં સ્વાભાવિક રીતે નિયમિત કરેલાં કર્મો જો પુરુષ કરતો રહે, તો તેને જરા પણ પાપ લાગતું નથી. ૪૭.

અવતરણિકાઃ—"પોતપોતાના વર્ણ તથા આશ્રમ પ્રમાણે શાસ્ત્રવિહિત નિયત કર્મો કરવામાં મનુષ્યને કર્મબંધન કે પાપ નથી, પણ જો પોતાના વર્ણ કે ધર્મથી જરા પણ વિપરીત આચરણ કરે, તો તે મનુષ્ય પોતાને હાથે જ પોતાને ભયમાં મૂકે છે," આવી વ્યવસ્થા હોવાથી તથા "આત્મજ્ઞાનને પ્રાપ્ત ન કરેલો કોઇ પણ મનુષ્ય કર્મ કર્યા સિવાય રહી શકતો જ નથી, તેથી પોતાનાં સ્વાભાવિક કર્મો કોઇ પણ જાતની દોષદૃષ્ટિ ન રાખીને કરવાં જોઇએ, અને એમ જો કરવામાં આવે તો મનુષ્ય ક્યારે પણ કર્મનાં બંધનમાં આવતો નથી," તે વાત ભગવાન્ અર્જુનને કહે છેઃ

सहजं कर्म कौंतेय सदोषमपि न त्यजेत् ॥
सर्वारंभा हि दोषेण धूमेनाग्निरिवावृताः ॥ ४८ ॥

પદચ્છેદઃ—સહજમ્, કર્મ, કૌન્તેય, સદોષમ્, અપિ, ન, ત્યજેત્, સર્વારમ્ભાઃ, હિ, દોષેણ, ધૂમેન, અગ્નિઃ, ઇવ, આવૃતાઃ.

વ્યુત્પત્તિસમાસાઃ—સહ જાતમ્ ઇતિ સહજમ્, તત્। દોષૈ સહવર્તમાન સદોષમ્, તત્। આરમ્યન્તે ઇતિ આરમ્ભા, સર્વે ચ તે આરમ્ભાશ્ચ સર્વારમ્ભા। આ સમન્તાત્ વૃતા આવૃતા।

અન્વય અને અર્થઃ—કૌન્તેય હે કૌન્તેય! સહજમ્ સ્વભાવજન્ય, કર્મ કર્મ, સદોષમ્ દોષવાળુ હોય, અપિ તોપણ, (મનુષ્યે તેનો) ન, ત્યજેત્ ત્યાગ કરવો નહિ, હિ કારણ કે, ધૂમેન ધૂમાડા વડે, અગ્નિ અગ્નિ, ઇવ જેવી રીતે, (ઢંકાયલો છે તેવી રીતે) સર્વારમ્ભા બધા જ આરંભરૂપ કર્મો, દોષેણ દોષથી, આવૃતા ઢકાયલાં, (છે).

ભાવાર્થઃ—હે કૌન્તેય! સ્વભાવજન્ય કર્મ ભલે દોષયુક્ત હોય, તો પણ મનુષ્યે તેનો ત્યાગ કરવો નહિ, કારણ કે ધૂમાડા વડે જેવી રીતે અગ્નિ ઢકાયલો છે, તેવી રીતે બધાં જ કર્મો દોષથી ઢકાયલા એટલે કે દોષયુક્ત છે, માટે કર્મથી રહિત-અક્રિય-થવાની સ્થિતિથી પહેલાં કર્મ કરતા રહેવાની સ્થિતિમા પ્રત્યેક જીવાત્માએ પોતાના સ્વભાવનિયત, શાસ્ત્રવિહિત કર્મો અવશ્ય કરતા રહેવુ જોઈએ. અર્થાત્ પોતાનાં સ્વાભાવિક કર્મોનો મનુષ્યે કદીપણ ત્યાગ કરવો જોઈએ નહિ ૪૮.

અવતરણિકા—'નિષ્કામ કર્મયોગથી મનુષ્યને જ્ઞાનયોગની પ્રાપ્તિ થાય છે, અને તેના પરિણામે બ્રહ્મ અને આત્માની એકતાસમધિની નૈષ્કર્મ્ય સિદ્ધિ તે જ્ઞાનીને પ્રાપ્ત થાય છે, પરંતુ જ્ઞાનીને તે કેવી રીતે પ્રાપ્ત થાય છે?' તે સબંધમા ભગવાન્ કહે છે

असक्तबुद्धिः सर्वत्र जितात्मा विगतस्पृहः ॥
नैष्कर्म्यसिद्धिं परमां संन्यासेनाधिगच्छति ॥ ४९ ॥

पदच्छेदः—असक्तबुद्धिः, सर्वत्र, जितात्मा, विगत-स्पृहः, नैष्कर्म्यसिद्धिम्, परमाम्, संन्यासेन, अधिगच्छति ।

व्युत्पत्तिसमासाः—असक्ता बुद्धिः यस्य सः असक्तबुद्धिः । सर्वस्मिन् इति सर्वत्र । जितः आत्मा येन सः जितात्मा । विशेषेण गता स्पृहा यस्मात् सः विगतस्पृहः । निर्गतानि कर्माणि यस्मात् सः निष्कर्मा, तस्य भावः नैष्कर्म्यम्, नैष्कर्म्यस्य सिद्धिः नैष्कर्म्य-सिद्धिः, तां नैष्कर्म्यसिद्धिम् । सम्यक् न्यासः संन्यासः, तेन संन्यासेन ।

અન્વય અને અર્થઃ—સર્વત્ર પુત્ર, સ્ત્રી ઇત્યાદિ સર્વમાં, असक्तबुद्धिः આસક્તિરહિત બુદ્ધિવાળો, जितात्मा અંતઃકરણને વશ રાખનારો, (અને) विगतस्पृहः (શરીર, જીવિત, તથા ભોગોમાં) જેની સ્પૃહા નિવૃત્ત થઇ ગઇ છે તેવો આત્મજ્ઞાની, संन्यासेन (સમ્યક્‌દર્શનપૂર્વક) સર્વ કર્મના સંન્યાસવડે, परमाम् સૌથી ઉત્કૃષ્ટ એવી, नैष्कर्म्यसिद्धिम् (કર્મજન્ય સિદ્ધિથી જુદા જ પ્રકારની) નૈષ્કર્મ્યસિદ્ધિ-સદ્યોમુક્તિ-પરિણામદાયિની સિદ્ધિને, अधिगच्छति પ્રાપ્ત કરે છે.

ભાવાર્થઃ—પુત્ર, સ્ત્રી, ઇત્યાદિ સર્વ પ્રિય વસ્તુઓમાં આસક્તિરહિત, અંતઃકરણને વશમાં રાખનારો, તથા ભોગ્ય-વસ્તુઓમાં સ્પૃહારહિત એવો આત્મજ્ઞાની, સમ્યક્‌દર્શનપૂર્વક સર્વ કર્મના સંન્યાસવડે, સૌથી ઉત્કૃષ્ટ એવી કર્મજન્ય સિદ્ધિથી ભિન્નપ્રકારની સદ્યોમુક્તિરૂપ નૈષ્કર્મ્યસિદ્ધિને પામે છે. ૪૯.

અવતરણિકા:—ઉપરના શ્લોકમા નૈષ્કર્મ્યસિદ્ધિને માટે કહેલા અનાસક્તિ, સયમ, નિસ્પૃહા તથા ત્યાગ, એ ચારે સાધનોથી યુક્ત "સર્વ-કર્મના સન્યાસી" ને બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિમા સાધનક્રમ કેવા પ્રકારનો હોય છે? તે હવે ભગવાન્ કહે છે

सिद्धिं प्राप्तो यथा ब्रह्म तथाप्नोति निबोध मे ॥
समासेनैव कौंतेय निष्ठा ज्ञानस्य या परा ॥ ५० ॥

पदच्छेदः—सिद्धिम्, प्राप्तः, यथा, ब्रह्म, तथा, आप्नोति, निबोध, मे, समासेन, एव, कौन्तेय, निष्ठा, ज्ञानस्य, या, परा.

व्युत्पत्तिसमासाः—सिद्ध्यन्ति कार्याणि अनया सा सिद्धिः, ताम् सिद्धिम् । निश्चयेन बोध इति निबोध ।

અન્વય અને અર્થ:—कौन्तेय હે કૌન્તેય! सिद्धिम् નૈષ્કર્મ્યસિદ્ધિને, प्राप्तः પ્રાપ્ત થયેલો (મુમુક્ષુ), यथा જેવી રીતે, ब्रह्म બ્રહ્મને, आप्नोति પામે છે, तथा તેમ, ज्ञानस्य જ્ઞાનની, या જે, परा ઉત્કૃષ્ટ, निष्ठा સ્થિતિ, (છે તે) મે મારી પાસેથી, समासेन સક્ષેપમાં, निबोध તું સાંભળ.

ભાવાર્થ:—હે કૌન્તેય! નૈષ્કર્મ્યસિદ્ધિને પ્રાપ્ત થયેલો મુમુક્ષુ જેવી રીતે બ્રહ્મને પામે છે, તથા જ્ઞાનની જે ઉત્કૃષ્ટ સ્થિતિ છે તે વિષે સંક્ષેપમાં હું તને કહું છું તે તું મારી પાસેથી સાંભળ. ૫૦.

અવતરણિકા:—"તે જ્ઞાનની શ્રેષ્ઠ નિષ્ઠા—સ્થિતિ—પરમપ્રાપ્તિ કેવી રીતે પ્રાપ્ત કરવી?" તે હવે ભગવાન્ કહે છે

बुद्ध्या विशुद्धया युक्तो धृत्यात्मानं नियम्य च ॥
शब्दादीन्विषयांस्त्यक्त्वा रागद्वेषौ व्युदस्य च॥५१॥
विविक्तसेवी लघ्वाशी यतवाक्कायमानसः ॥
ध्यानयोगपरो नित्यं वैराग्यं समुपाश्रितः ॥ ५२ ॥
अहंकारं बलं दर्पं कामं क्रोधं परिग्रहम् ॥
विमुच्य निर्ममः शांतो ब्रह्मभूयाय कल्पते ॥ ५३ ॥

પદચ્છેદઃ—બુદ્ધ્યા, વિશુદ્ધયા, યુક્તઃ, ધૃત્યા, આત્માનમ્, નિયમ્ય, ચ, શબ્દાદીન, વિષયાન્, ત્યક્ત્વા, રાગદ્વેષૌ, વ્યુદસ્ય, ચ; વિવિક્તસેવી, લઘ્વાશી, યતવાક્કાયમાનસઃ, ધ્યાનયોગપરઃ, નિત્યમ્, વૈરાગ્યમ્, સમુપાશ્રિતઃ; અહંકારમ્, બલમ્, દર્પમ્, કામમ્, ક્રોધમ્, પરિગ્રહમ્, વિમુચ્ય, નિર્મમઃ, શાન્તઃ, બ્રહ્મભૂયાય, કલ્પતે.

વ્યુત્પત્તિસમાસાઃ—વિશેષેણ શુદ્ધા ઇતિ વિશુદ્ધા, તયા વિશુદ્ધયા। શબ્દઃ આદૌ યેષાં તે શબ્દાદયઃ, તાન્ શબ્દાદીન્। રાગશ્ચ દ્વેષશ્ચ રાગદ્વેષૌ, તૌ। વિશેષેણ ઉદસ્ય ઇતિ વ્યુદસ્ય। વિશેષેણ વિક્તાન્ દેશાન્ સેવિતું શીલમ્ અસ્તિ અસ્ય ઇતિ વિવિક્તસેવી। લઘુ અશનં શીલં અસ્તિ

---

૧ करोतु कर्माणि स माकरोतु वा येनैव ब्रह्मभूयाय विमुक्तविग्रहः।
गृहे वने वा निवसन् तथाऽन्तिमे ब्रह्मैव योऽनुष्ठिततत्त्वसंग्रहः ॥

જે બ્રહ્મપ્રાપ્તિ માટે સર્વ પ્રકારના વિગ્રહ—વ્યવહારથી મુક્ત હોય તો તે પુરુષ ઘરમાં કે વનમાં અથવા સંન્યાસમાં પણ વસતો કર્મ કરો અથવા ન કરો. તોપણ જેણે તત્ત્વોના સંગ્રહનું અનુષ્ઠાન-સાધન કર્યું છે તેવો તે પુરુષ બ્રહ્મરૂપ જ હોવાથી તેને કંઈ પણ કર્તવ્ય રહેતું નથી.

अस्य इति लघ्वाशी । वाक् च कायश्च मनश्च वाक्कायमनांसि, यतानि वाक्कायमनांसि यस्य स यतवाक्कायमानस । ध्यानम् आत्मस्वरूपचिन्तन च योग आत्मस्वरूपविषये एव चित्तस्य एकाग्रीकरण च ध्यानयोगो, ध्यानयोगयो पर ध्यानयोगपर । विगत राग यस्मात् स विराग, विरागस्य भाव वैराग्यम्, तत् । सम् सम्यक् उपाश्रित इति समुपाश्रितः। विशेषेण मुक्त्वा इति विमुच्य। निर्गत मम ममभाव यस्मात् स निर्मम । ब्रह्मण भूयम् ब्रह्मभूयम्, तस्मे ब्रह्मभूयाय ।

અન્વય અને અર્થઃ—विशुद्धया માયારહિત અત્યત શુદ્ધ, बुद्धया બુદ્ધિથી, युक्त યુકત થએલો (પુરુષ), धृत्या ધૈર્યથી, आत्मानम् આત્માને, नियम्य નિયમમા રાખીને, च તથા, शब्दादीन् શબ્દ સ્પર્શ, રૂપ, રસ અને ગધ આદિ, विषयान् (ઇન્દ્રિયોના) વિષયોને, त्यक्त्वा છોડીને, च તથા, रागद्वेषौ આસક્તિ અને દ્વેષને, व्युदस्य સર્વથા ત્યાગીને, विविक्तसेवी એકાત પ્રદેશોને સેવવાવાળો, लघ्वाशी અલ્પ ભોજન કરવા વાળો, यतवाक्कायमानस વાણી, શરીર અને મન જેના પરમ સયમમા છે તેવો, नित्यम् નિરતર, ध्यानयोगपर આત્મસ્વરૂપનુંધ્યાન-ચિન્તન, આત્મસ્વરૂપની એકાગ્રતા અને તેમા નિમગ્ન થવામા જ તત્પર રહેલો, वैराग्यम् વિરક્તિને, समुपाश्रित નિરતર સેવનારો (તેમ) अहंकारम् (શરીર ઇન્દ્રિયો ઇત્યાદિમાના) અહકારને, बलम् કામરાગાદિયુક્ત સામર્થ્યને, दर्पम् લૌકિક હર્ષ પછી ઉત્પન્ન થતી ઉચ્છૃખલતાને, कामम् કામનાઓ-ઇચ્છાઓ-અભિલાષાઓને क्रोधम् ક્રોધને, (તેમ) परिग्रहम् (શરીરધારણ કરવાના પ્રસગના બહાના હેઠળના) બાહ્યસમૂહને-સર્વ દુર્ગણોને, विमुच्य છોડીને, निर्मम બિલકુલ

મમતારહિત થએલો, (અને) શાન્તઃ પ્રશાન્ત અંતઃકરણવાળો થયો થકો, બ્રહ્મભૂયાય બ્રહ્મસ્થિતિરૂપ થવાને માટે કલ્પતે સમર્થ થાય છે.

ભાવાર્થઃ—અત્યંત વિશુદ્ધ બુદ્ધિયુક્ત મુમુક્ષુ, ધીરજથી પોતાના આત્માને નિયમમાં રાખીને, તથા શબ્દ, સ્પર્શાદિ ઇન્દ્રિયોના વિષયોને, તેમ આસક્તિ અને દ્વેષનો પણ સમૂલ ત્યાગ કરીને; એકાંત પ્રદેશનું સેવન કરતો, સૂક્ષ્મભોજન કરતો, વાણી, શરીર, અને મનને વશમાં રાખતો, તથા આત્મચિન્તન, અને આત્મસ્વરૂપમાં એકાગ્રતા રાખી તેમાં જ નિમગ્ન થઈ રહેવામાં જે પરમ કર્તવ્ય સમજે છે તેવો, વિરક્તિને નિરંતર સેવનારો તથા અહંકાર, બલ, ઉદ્ધતાઈ, કામનાઓ, ક્રોધ, બહુસંગ્રહની વૃત્તિ, ઇત્યાદિ સર્વ દુર્ગુણો છોડીને, મમત્વરહિત અને પ્રશાન્ત ચિત્તવાળો થાય છે ત્યારે જ તે બ્રહ્મસ્થિતિને પ્રાપ્ત કરવા માટે સમર્થ થાય છે, એમાં સંશય નથી. ૫૧-૫૩.

અવતરણિકાઃ—"ઉપરોક્ત ક્રમથી બ્રહ્માવસ્થાને પ્રાપ્ત થયેલાને, લૌકિક દૃષ્ટિએ જાણવું શોચ્યનો શોચ કરવો વિગેરે કંઈ પણ રહેતું નથી, અર્થાત્ "यो ब्रह्म वेद स ब्रह्मैव भवति—જે બ્રહ્મને જાણે તે બ્રહ્મ જ થાય છે" એ શ્રુતિવાક્ય પ્રમાણે, તેમાંથી મનુષ્યના બધા સાધારણ ધર્મો દૂર થઇ જતાં તે સમદૃષ્ટિવાળો અને મારો પરમ ભક્ત થાય છે" તે દૃષ્ટાન્ત ભગવાન્ અર્જુનને કહે છેઃ

ब्रह्मभूतः प्रसन्नात्मा न शोचति न काङ्क्षति ॥
समः सर्वेषु भूतेषु मद्भक्तिं लभते पराम् ॥ ५४ ॥

પદચ્છેદઃ—બ્રહ્મભૂતઃ, પ્રસન્નાત્મા, ન, શોચતિ, ન, કાઙ્ક્ષતિ, સમઃ, સર્વેષુ, ભૂતેષુ, મદ્ભક્તિમ્, લભતે, પરામ્ ।

વ્યુત્પત્તિસમાસાઃ—ન બ્રહ્મ અબ્રહ્મ, અબ્રહ્મ બ્રહ્મ ઇવ ભૂતઃ ઇતિ બ્રહ્મભૂત[1]. પ્રસન્ન આત્મા યસ્ય સઃ પ્રસન્નાત્મા. મમ ભક્તિઃ મદ્ભક્તિ[2], તા મદ્ભક્તિમ્.

અન્વય અને અર્થઃ—બ્રહ્મભૂત. બ્રહ્મને પામેલો-બ્રહ્મસ્વરૂપ-જ્ઞાની, પ્રસન્નાત્મા પ્રસન્ન-આનંદમય જેનો આત્મા થઈ ગએલો છે એવો થકો, ન, શોચતિ શોક કરતો નથી, ન કાઙ્ક્ષતિ આકાંક્ષા પણ રાખતો નથી, (પરંતુ) સર્વેષુ સમસ્ત, ભૂતેષુ પ્રાણિઓમાં, સમ સમાનદૃષ્ટિવાળો (થઈને), પરામ્ શ્રેષ્ઠ-જ્ઞાનલક્ષણા, (એવી) મદ્ભક્તિમ્ મારી ભક્તિને, લભતે પ્રાપ્ત કરે છે.

ભાવાર્થઃ—બ્રહ્મને પામેલો અર્થાત્ બ્રહ્મસ્વરૂપ જ થયેલો જ્ઞાની આનંદમય જેનો આત્મા છે એવો થકો કોઇનો શોક કરતો નથી, કે કોઇ વસ્તુની આકાંક્ષા રાખતો નથી, પરંતુ ભૂતમાત્રમાં સમાન દૃષ્ટિવાળો થઈને મારી જ્ઞાનલક્ષણા એવી પરમ ભક્તિને પ્રાપ્ત કરે છે. ૫૪

અવતરણિકાઃ—ઉપરોક્ત ક્રમથી આત્મતત્ત્વપ્રદર્શિકા જ્ઞાનલક્ષણા ભક્તિ જો મુમુક્ષુને પ્રાપ્ત થાય તો તેનું શું ફલ પ્રાપ્ત થાય છે તે હવે ભગવાન્ કહે છે

भक्त्या मामभिजानाति यावान्यश्चास्मि तत्त्वतः ॥
ततो मां तत्त्वतो ज्ञात्वा विशते तदनंतरम् ॥५५॥

---

१ तीर्थे श्वपचगृहे वा नष्टस्मृतिरपि परित्यजन् देहम् ।
ज्ञानसमकालमुक्तः कैवल्यं याति हतशोकः ॥

જે જ્ઞાનની પરિપાક અવસ્થામા મુક્ત છે-બ્રહ્મસ્વરૂપ થએલો છે તે તીર્થમા અથવા ચાંડાલને ત્યા પાપુ સ્મૃતિ નહીં રહી હોય છતા દેહ ત્યાગ કરે તોપણ તે શોકથી મુક્ત થઈ કૈવલ્યને પામે છે

પદચ્છેદઃ—ભક્ત્યા, મામ્, અભિજાનાતિ, યાવાન્, યઃ, ચ, અસ્મિ, તત્ત્વતઃ, તતઃ, મામ્, તત્ત્વતઃ, જ્ઞાત્વા, વિશતે, તદનન્તરમ્.

વ્યુત્પત્તિસમાસાઃ—અભિતઃ જાનાતિ ઇતિ અભિજાનાતિ। યાવત્ પરિમાણમ્ અસ્તિ અસ્ય ઇતિ યાવાન્। તત્ત્વેન ઇતિ તત્ત્વતઃ। તસ્માત્ અનન્તરમ્ ઇતિ તદનન્તરમ્।

અન્વય અને અર્થઃ—(મુમુક્ષુ) ભક્ત્યા (મારી કૃપાએ મેળવેલી) ભક્તિના પ્રભાવે, યાવાન્ હું જેટલા પ્રમાણમાં, ચ તથા, યઃ જે રૂપ, અસ્મિ છું, (તે) તત્ત્વતઃ તત્ત્વજ્ઞાનપૂર્વક, અભિજાનાતિ સમગ્રતાથી જાણે છે, (અને એપ્રમાણે) મામ્ મને, તત્ત્વતઃ તત્ત્વથી, જ્ઞાત્વા જાણીને, તતઃ પછી, તદનન્તરમ્ તે જ્ઞાનની પણ ઉપરતિ થતાં મામ્ મારામાં, વિશતે પ્રવેશ કરે છે એટલે મારેાસ્વરૂપ જ થઈ જાય છે.

ભાવાર્થઃ—મુમુક્ષુ-જ્ઞાની મારી કૃપાએ મેળવેલી પરમ ભક્તિના પ્રભાવે હું જેટલી મહત્તાવાળેા તથા જે રૂપ છું, તે સઘળું તત્ત્વજ્ઞાનપૂર્વક જાણે છે, અને એવી રીતે મને તત્ત્વથી જાણ્યા પછી–તે તત્ત્વજ્ઞાનની પણ ઉપરતિ થતાં, તે મારામાં પ્રવેશ કરે છે, અર્થાત્ ત્યારપછી મારામાં અને તેનામાં કેાઈપણ જાતનેા ભેદ ન રહેતાં તે મારામાં એક સ્વરૂપ જ થઈ જાય છે. ૫૫.

અવતરણિકાઃ—વર્ણ તથા આશ્રમના ધર્મો પ્રમાણે પેાતપેાતાના કર્તવ્યથી પ્રત્યેક પ્રાણી, ભગવાનના ભક્તિયેાગની પ્રાપ્તિ કરી શકે છે, કે જેનું ફલ તે મુમુક્ષુને જ્ઞાનનિષ્ઠામાં યેાગ્યતા થવારૂપી મળે છે. તેથી હવે જે ભક્તિયેાગના પ્રભાવે-પરિણામે મેાક્ષફલદાયક જ્ઞાનનિષ્ઠા મનુષ્યને હાથ લાગે છે, તે ભક્તિયેાગની પ્રશંસા કરતા ભગવાન્ કહે છેઃ

सर्वकर्माण्यपि सदा कुर्वाणो मद्व्यपाश्रयः ॥
मत्प्रसादादवाप्नोति शाश्वतं पदमव्ययम् ॥ ५६ ॥

પદચ્છેદઃ—सर्वकर्माणि, अपि, सदा, कुर्वाणः, मद्व्यपाश्रयः, मत्प्रसादात्, अवाप्नोति, शाश्वतम्, पदम्, अव्ययम्.

વ્યુત્પત્તિસમાસાઃ— सर्वाणि च तानि कर्माणि च सर्वकर्माणि, तानि । कुरुते असौ कुर्वाणः । अहम् एव विशेषेण अप-सर्मीपम्-आश्रयः यस्य सः मद्व्यपाश्रयः । मम प्रसादः मत्प्रसादः, तस्मात् मत्प्रसादात् । शश्वत् भव शाश्वतम्, तत् ।

અન્વય અને અર્થઃ—(પુરુષ) सदा નિરંતર, मद्व्यपाश्रय. મારો જ આશ્રય રાખીને, सर्वकर्माणि બધા કર્મોને, कुर्वाणः કરતો થકો, अपि પણ, मत्प्रसादात् મારા અનુગ્રહથી, शाश्वतम् નિત્ય, (અને) अव्ययम् અવિનાશિ, पदम् પદને, अवाप्नोति પામે છે.

ભાવાર્થઃ—પુરુષ નિરંતર મારા પરાયણ રહીને, પોતાનાં બધાં કર્મો કરતો થકો તે મારા અનુગ્રહથી નિત્ય અને અવિનાશિ એવા મારા પરમ વૈષ્ણવ પદને પામે છે. ૫૬.

અવતરણિકાઃ—" ઈશ્વરભક્તિ, ઈશ્વર-શરણ, અનન્યભાવ તથા નિષ્કર્મોનુષ્ઠાન, જ્ઞાનાદિ સાધનોથી પરમપદની પ્રાપ્તિ થઈ શકે છે, તેથી તે તે સાધનોમા તારે અવશ્ય પ્રયત્ન ચાલુ રાખવો " એમ ભગવાન્ શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે

चेतसा सर्वकर्माणि मयि संन्यस्य मत्परः ॥
बुद्धियोगमुपाश्रित्य मच्चित्तः सततं भव ॥ ५७ ॥

પદચ્છેદઃ—चेतसा, सर्वकर्माणि, मयि, संन्यस्य, मत्परः, बुद्धियोगम्, उपाश्रित्य, मच्चित्तः, सततम्, भव.

વ્યુત્પત્તિસમાસાઃ—सर्वाणि च तानि कर्माणि च सर्वकर्माणि, तानि। सम्यक् न्यस्य इति सन्यस्य। अहम् एव परं यस्य स मत्परः. अथवा मयि एव परः. मत्परः। बुद्धिः—समाहिता बुद्धिः एव योगः इति बुद्धियोग, तं बुद्धियोगम्। उप आ समन्तात् श्रित्वा इति उपाश्रित्य। मयि एव चित्तं यस्य सः मच्चित्तः।

અન્વય અને અર્થઃ—चेतसा અંતઃકરણથી, सर्वकर्माणि સઘળા કર્મોને, मयि મારામાં, सन्यस्य અર્પણ કરીને, मत्परः મારે પરાયણ રહીને-હું જ જેને શ્રેષ્ઠ છું એવો થઈને, बुद्धियोगम् સ્થિરબુદ્ધિરૂપી નૈષ્કર્મ્ય યોગનો, उपाश्रित्य આશ્રય કરીને, सततम् નિરંતર, मच्चित्तः મારામાં લાગેલા ચિત્તવાળો, भव તું થા

ભાવાર્થઃ—હે અર્જુન! અંતઃકરણથી સઘળાં કર્મો મને અર્પણ કરીને, મારે પરાયણ જ રહી, સ્થિરબુદ્ધિરૂપી નિષ્કામ કર્મયોગનો આશ્રય કરીને, નિરંતર મારામાં જ ચિત્તને નિમગ્ન કરનારો થા ૫૭.

અવતરણિકાઃ—" મારામાં નિમગ્ન ચિત્ત થવાથી, જે શુભ ફલની પ્રાપ્તિ થાય છે તે, તથા તેમ ન કરવાથી જે અનિષ્ટ પરિણામ આવે છે, તે તું જાણી લે " એમ ભગવાન્ શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે

मच्चित्तः सर्वदुर्गाणि मत्प्रसादात्तरिष्यसि ॥
अथ चेत्त्वमहंकारान्न श्रोष्यसि विनंक्ष्यसि ॥ ५८ ॥

પદચ્છેદઃ—मच्चित्तः, सर्वदुर्गाणि, मत्प्रसादात्, तरिष्यसि, अथ, चेत्, त्वम्, अहंकारात्, न, श्रोष्यसि, विनङ्क्ष्यसि.

વ્યુત્પત્તિસમાસાઃ—મયિ એવ ચિત્ત યસ્ય સ મચ્ચિત્ત । સર્વાણિ ચ તાનિ દુર્ગાણિ ચ સર્વદુર્ગાણિ, તાનિ સર્વદુર્ગાણિ । મમ પ્રસાદ મત્પ્રસાદઃ, તસ્માત્ મત્પ્રસાદાત્ । અહકરોતિ ઇતિ અહકારઃ, તસ્માત્ અહકારાત્ । વિશેષણ નઙ્ક્ષ્યસિ ઇતિ વિનક્ષ્યસિ ।

અન્વય અને અર્થ—મચ્ચિત્ત મારામા ચિત્તને અર્પણ કરતો થકો, મત્પ્રસાદાત્ મારા અનુગ્રહવડે, સર્વદુર્ગાણિ બધી આપત્તિઓને, તરિષ્યસિ તું તરી જઈશ, અથ અને, ચેત્ કદાચિત જો, ત્વમ્ તુ, અહકારાત્ અહકારથી (મારુ કહેલુ) ન, શ્રોષ્યસિ સાભળીશ નહિ, (તો) વિનઙ્ક્ષ્યસિ સર્વથા નષ્ટ થઇ જઈશ

ભાવાર્થઃ—(હે અર્જુન !) જો તુ મારામા ચિત્તને અર્પણ કરનારો થઈશ તો મારો અનુગ્રહ પ્રાપ્ત કરી તેવડે બધી આપત્તિઓને સુગમતાથી તરી જઈશ, અને કદ ચિત્ જો અહકારથી મારુ કહેલુ નહિ સાભળે તો અવશ્ય તું નાશ પામીશ ૫૮

અવતરણિકા—અથવા અર્જુન કહે કે, " હુ સ્વતત્ર છુ બીજાનુ કહેનુ શા માટે કરુ ? " તો તેના પ્રત્યુત્તરમા ભગવાન્ તેની પ્રકૃતિની પરતત્રતા બતાવે છે

यदहंकारमाश्रित्य न योत्स्य इति मन्यसे ॥
मिथ्यैष व्यवसायस्ते प्रकृतिस्त्वा नियोक्ष्यति ॥५९॥

પદચ્છેદઃ—યત્, અહંકારમ્, આશ્રિત્ય, ન યોત્સ્યે, ઇતિ, મન્યસે, મિથ્યા, એષઃ, વ્યવસાયઃ, તે, પ્રકૃતિઃ, ત્વામ્, નિયોક્ષ્યતિ.

વ્યુત્પત્તિસમાસાઃ—આ સમન્તાત્ શ્રિત્વા ઇતિ આશ્રિત્ય । નિશ્ચયેન યોક્ષ્યતિ ઇતિ નિયોક્ષ્યતિ ।

અન્વય અને અર્થઃ—અહંકારમ્ અહંકારનો, આશ્રિત્ય આશ્રય કરીને, ન, યોત્સ્યે હું યુદ્ધ કરીશ નહિ, ઇતિ એમ, એવ જ મન્યસે તું માને છે, (તો) એષઃ એ, તે તારો, વ્યવસાય, વ્યાપાર, મિથ્યા વ્યર્થ છે, (કારણ કે), પ્રકૃતિ (તારી ક્ષાત્ર) પ્રકૃતિ, ત્વામ્ તને, નિયોક્ષ્યતિ (યુદ્ધમા) નિયુક્ત કરશે.

ભાવાર્થઃ—અહંકારનો આશ્રય કરીને "હું યુદ્ધ કરીશ નહિ" એમ જ જે તું માને છે, તે તારો વ્યાપાર તદ્દન વ્યર્થ છે, કારણ કે તારી ક્ષાત્રપ્રકૃતિ જ તને યુદ્ધમાં નિયુક્ત કરશે. અર્થાત્ સર્વ મનુષ્યો પોતાની પ્રકૃતિપ્રમાણે વર્તતાં હોવાથી તારી પ્રકૃતિ જ તને તેમાં પ્રેરશે, માટે અહંભાવ છોડી મારા કથન પ્રમાણે આચરણ કરવા તૈયાર થા ૫૯

અવતરણિકાઃ—પ્રાણિમાત્ર પોતાની પ્રકૃતિને અનુસરતા હોવાથી તે પરાધીન છે એમ દર્શાવતા ભગવાન્ કહે છે

स्वभावजेन कौंतेय निबद्धः स्वेन कर्मणा ॥
कर्तुं नेच्छसि यन्मोहात्करिष्यस्यवशोऽपि तत् ॥६०॥

---

१ प्राक्संस्कारपरंपरापरिणतं प्रायो मनः प्राणिनाम् ।
करतस्य प्रकृतिं निरस्य सहजां कर्त्तान्यथा स्यान्नर ॥
दौर्गन्ध्यं लशुनादिकस्य सहजं यत्नात्समुत्सारयन् ।
सौरभ्यं वितनोति कः सुरभिता कर्पूरमुरुस्य वा ॥

પ્રાણિઓનું મન ઘણું કરી પૂર્વના સંસ્કારોની પરંપરાવડે પરિણામ પામેલું હોય છે અને તેથી તેની સાથે જ જન્મેલી તેની સહજ પ્રકૃતિને મટાડી-બદલાવી તેને બીજા પ્રકારની કયો માણસ કરી શકે ? શું લસણ કે દીર્ઘ વિગેરેની તેમની સાથે જ ઉત્પન્ન થએલી દુર્ગંધીને કોઈપણ ઉપાયે બદલાવીને સુગંધિત કોઈ કરી શકે છે ? અથવા કપૂર કે કસ્તુરી વિગેરેની સુગંધીપણ કોઇ લાવી શકે છે ? અર્થાત્ સાથે જ જન્મેલી પ્રકૃતિ બદલાતી નથી

પદચ્છેદઃ—સ્વભાવજેન, કૌન્તેય, નિબદ્ધઃ, સ્વેન, કર્મણા, કર્તુમ્, ન ઇચ્છસિ, યત્, મોહાત્, કરિષ્યસિ, અવશઃ, અપિ, તત્.

વ્યુત્પત્તિસમાસાઃ—સ્વસ્ય ભાવ સ્વભાવ, તસ્માત્ જાત સ્વભાવજમ્, તેન સ્વભાવજેન । નિતાન્ત બદ્ધ ઇતિ નિબદ્ધ । ન વશ. અવશ ।

અન્વય અને અર્થઃ—કૌન્તેય હે કૌન્તેય! સ્વભાવજેન પ્રકૃતિથી ઉત્પન્ન થએલા, સ્વેન પોતાના, કર્મણા કર્મથી, નિબદ્ધ. બધાયલેા છતા, યત્ જે, મોહાત્ અવિવેકથી, કર્તુમ્ કર્મ કરવાને, ન, ઇચ્છસિ તું ઈચ્છતેા નથી, તત્ તે અપિ પણ, અવશ પ્રકૃતિને આધીન થેઇલેા, કરિષ્યસિ તુ (અવશ્ય) કરીશ

ભાવાર્થઃ—હે કુતીપુત્ર અર્જુન! પ્રકૃતિથી ઉત્પન્ન થએલા પોતાના વર્ણ તથા ધર્મના સ્વાભાવિક કર્મોથી બ ધાએલેા હેાવા છતા, માત્ર અવિવેકથી જે કરવાને તું હમણા ઈચ્છતેા નથી, તે પણ પ્રકૃતિને વશ હેાવાથી, તું અવશ્ય કરીશ, કારણકે તારી પ્રકૃતિ જ તે તને કરાવશે એમતું સમજ. ૬૦.

અવતરણિકાઃ—એ પ્રમાણે પ્રાણીઓની પ્રકૃતિસ બધી પરતત્રતા કહી હવે આ તર્યામી ઈશ્વર પાસે પણ તે પરતત્ર છે તે વાત ભગવાન્ કહે છે

ઈશ્વરઃ સર્વભૂતાનાં હૃદ્દેશેઽર્જુન તિષ્ઠતિ ॥
ભ્રામયન્સર્વભૂતાનિ યંત્રારૂઢાનિ માયયા ॥ ૬૧ ॥

પદચ્છેદઃ—ઈશ્વરઃ, સર્વભૂતાનામ્, હૃદ્દેશે, અર્જુન, તિષ્ઠતિ, ભ્રામયન્, સર્વભૂતાનિ, યન્ત્રારૂઢાનિ, માયયા.

વ્યુત્પત્તિસમાસાઃ—ઇષ્ટે અસૌ ઈશ્વરઃ । સર્વાણિ ચ તાનિ ભૂતાનિ ચ સર્વભૂતાનિ, તેષાં સર્વભૂતાનામ્ । હૃદયસ્ય દેશઃ હૃદ્દેશઃ, તસ્મિન્ હૃદ્દેશે । ભ્રામયતિ ઇતિ ભ્રામયન્ । યન્ત્રેષુ આરૂઢાનિ યન્ત્રારૂઢાનિ, તાનિ ।

અન્વય અને અર્થઃ—અર્જુન હે અર્જુન ! ઈશ્વરઃ ઈશ્વર, માયયા પોતાની યોગમાયાવડે, સર્વભૂતાનિ સર્વ પ્રાણીઓને, યન્ત્રારૂઢાનિ યંત્રપર ચઢાવેલાં, (હોય તેમ) ભ્રામયન્ ભ્રમણ કરાવતા થકા, સર્વભૂતાનામ્ સર્વ પ્રાણીઓના, હૃદ્દેશે હૃદય-પ્રદેશમાં, તિષ્ઠતિ રહે છે.

ભાવાર્થઃ—હે અર્જુન ! પરમાત્મા પોતાની યોગમાયાવડે, પ્રાણિમાત્રને જાણે યંત્ર પર બેસાડેલાં હોયની તેની માફક ભ્રમણ કરાવતા થકા પ્રાણિમાત્રના હૃદયપ્રદેશમાં રહે છે. અર્થાત્ પ્રાણિમાત્રની પ્રવૃત્તિ ઈશ્વરાધીન જ છે અને તે જેમ ચલાવે છે તેમ તેમને ચાલવું પડે છે. અને તેથી તેમની આધીનતાને અંગે પણ તારે તારું યુદ્ધરૂપી કર્મ કરવું જ પડશે એમાં સંશય નથી. ૬૧.

અવતરણિકાઃ—"એ પ્રમાણે પ્રાણિમાત્ર ઈશ્વરને આધીન હોવાથી, મુમુક્ષુએ ઈશ્વરને જ શરણે જવું યોગ્ય છે અને તે પ્રમાણે તું પણ જો જઇશ તો પરમ શાંતિને પામીશ" એમ ઉપદેશ આપતા ભગવાન્ કહે છેઃ

तमेव शरणं गच्छ सर्वभावेन भारत ।
तत्प्रसादात्परां शांतिं स्थानं प्राप्स्यसि शाश्वतम् ॥६२॥

પદચ્છેદઃ—तम्, एव, शरणम्, गच्छ, सर्वभावेन, भारत, तत्प्रसादात्, पराम्, शान्तिम्, स्थानम्, प्राप्स्यसि, शाश्वतम्.

વ્યુત્પત્તિસમાસાઃ—સર્વશ્ચાસૌ ભાવશ્ચ સર્વભાવઃ, તેન સર્વભાવેન। તસ્ય પ્રસાદઃ તત્પ્રસાદઃ, તસ્માત્ તત્પ્રસાદાત્। પ્રકર્ષેણ આપ્સ્યસિ ઇતિ પ્રાપ્સ્યસિ। શશ્વત્ ભવં શાશ્વતમ્।

અન્વય અને અર્થઃ—ભારત હે ભારત! (તું પણ) સર્વભાવેન સમગ્રભાવથી, તમ્ તેને, એવ જ, શરણમ્ શરણે, ગચ્છ જા, તત્પ્રસાદાત્ તે પરમાત્માના અનુગ્રહથી, પરામ્ પરમ, શાન્તિમ્ શાંતિને, (તથા) શાશ્વતમ્ શાશ્વત-નિત્ય, (એવા) સ્થાનમ્ (વિષ્ણુના) પરમ પદને, પ્રાપ્સ્યસિ (તું ખરી મહેનતથી) પ્રાપ્ત કરીશ.

ભાવાર્થઃ—હે ભરતવંશી અર્જુન! તું પણ મન વાણી અને કર્મના સમગ્ર ભાવથી, ઉપર કહેવામાં આવેલા સર્વાન્તર્યામી, અને સર્વના પ્રવર્તક એવા પરમાત્માને જ શરણે જા. તેમ કરવાથી તે પરમાત્માના અનુગ્રહવડે સર્વોત્કૃષ્ટ શાન્તિ, તેમ જ વિષ્ણુના નિત્ય એવા પરમપદને તું ખરી મહેનતથી પ્રાપ્ત કરી શકીશ. ૬૨.

અવતરણિકાઃ—એ પ્રમાણે યુદ્ધથી વિમુખ થએલા અર્જુનને બોધ આપવાનો જે કંઈ યથોચિત ઉપદેશ આપવાનો હતો તે આપ્યો અને જે કંઈ ક્ષત્રિયને યોગ્ય કાર્ય હતું તે ઉત્તમ રીતથી સમજાવ્યું અને મનુષ્ય માત્રને અતિમ મેળવવા યોગ્ય વસ્તુ પણ બહુ જ રીતે કહી અને તેમાંથી હવે અર્જુનની પોતાની બુદ્ધિમાં જે પણ ભ્રમ હતા વિચારપૂર્વક જે યોગ્ય લાગે તે તેણે કરવું એમ તેને જણાવતાં આખી ભગવદ્ગીતાનો ઉપસંહાર કરતાં ભગવાન્ કહે છે

इति ते ज्ञानमाख्यातं गुह्याद्गुह्यतरं मया ॥
विमृश्यैतदशेषेण यथेच्छसि तथा कुरु ॥ ६३ ॥

પદચ્છેદઃ—ઇતિ, તે, જ્ઞાનમ્, આખ્યાતમ્, ગુહ્યાત્, ગુહ્યતરમ્, મયા, વિમૃશ્ય, એતત્, અશેષેણ, યથા, ઇચ્છસિ, તથા, કુરુ.

વ્યુત્પત્તિસમાસાઃ—આ સમન્તાત્ ખ્યાતમ્ ઇતિ આખ્યાતમ્ । અતિશયેન ગુહ્યમ્ ઇતિ ગુહ્યતરમ્ । વિશેષેણ મૃષ્ટ્વા ઇતિ વિમૃશ્ય । ન શેષમ્ અશેષમ્, તેન અશેષેણ ।

અન્વય અને અર્થઃ—ઇતિ એ પ્રમાણે, ગુહ્યાત્ ગુપ્તથી, (પણ) ગુહ્યતરમ્ અત્યંત ગુપ્ત, જ્ઞાનમ્ જ્ઞાન, મયા મેં, તે તને, આખ્યાતમ્ કહ્યું, (છે) એતત્ એ જ્ઞાનનો, અશેષેણ સંપૂર્ણપણે, વિમૃશ્ય વિચાર કરીને, યથા જેમ, ઇચ્છસિ તારી ઇચ્છામાં આવે, તથા તેમ, કુરુ તું કર.

ભાવાર્થઃ—એ પ્રમાણે અત્યંત ગુપ્તમાં ગુપ્ત રાખવા યોગ્ય જે જ્ઞાન છે તે મેં તને વિસ્તારપૂર્વક કહી દીધું છે, હવે એ જ્ઞાનનો યથાર્થ રીતે સંપૂર્ણતાથી વિચાર કરીને પછી જેમ તારી ઇચ્છામાં આવે તે પ્રમાણે તું કર. ૬૩.

અવતરણિકાઃ—"એ પ્રમાણે સમસ્ત ગીતાના પૂર્વાપરના નિર્દર્શન દ્વારા તાત્પર્ય નક્કી કરતા કે તેના પરમભાવને પામવાને અર્જુન અસમર્થ છે," એમ સમજી અતિ વાત્સલ્યથી ભગવાન્ શ્રીકૃષ્ણ પોતે જ પોતાના સમગ્ર વક્તવ્યનો ઉપસંહાર કરતાં ત્રણ શ્લોકથી અર્જુનને કહે છે·

सर्वगुह्यतमं भूयः शृणु मे परमं वचः ॥
इष्टोऽसि मे दृढमिति ततो वक्ष्यामि ते हितम् ॥६४॥

પદચ્છેદઃ—સર્વગુહ્યતમમ્, ભૂયઃ, શૃણુ, મે, પરમમ્, વચઃ, ઇષ્ટઃ, અસિ, મે, દૃઢમ્, ઇતિ, તતઃ, વક્ષ્યામિ, તે, હિતમ્.

વ્યુત્પત્તિસમાસાઃ—गूहितुम् उचितम् गुह्यम्, अतिशयेन गुह्यम् इति गुह्यतमम्, सर्वेषु गुह्यतमम् इति सर्वगुह्यतमम्, तत् ।

અન્વય અને અર્થઃ—(હે અર્જુન !) भूयः ફરી પણ, सर्वगुह्यतमम् બધા ગુપ્ત રાખવા યોગ્ય રહસ્યોમાં અતિ ગુપ્ત, (એવું) मे મારું, परमम् અત્યંત ઉત્કૃષ્ટ, वच વચન, शृणु સાભળ, (કારણ કે તું) मे મારો, दृढम् અત્યંત, इष्टः પ્રિય, असि છે, इति એ હેતુથી, ते તારું, हितम् હિત, वक्ष्यामि હું (તને) કહીશ.

ભાવાર્થઃ—હે પાર્થ ! ફરી પણ, બધા ગુપ્ત રાખવા યોગ્ય રહસ્યોમાં અતિ ગુપ્ત એવું મારું વચન સાંભળ, કારણ કે તું મને અનન્ય રીતે અત્યંત પ્રિય છે, એ હેતુથી તારું પરમ હિતકારક જે કઈ હશે તે હું તને કહીશ. ૬૪.

અવતરણિકાઃ—ઉપરોક્ત અર્જુનનું હિતકારક એવું પ્રસ્તુત જ્ઞાન કર્યું છે તે ભગવાન કહે છે

मन्मना भव मद्भक्तो मद्याजी मां नमस्कुरु ॥
मामेवैष्यसि सत्यं ते प्रतिजाने प्रियोऽसि मे ॥६५॥

પદચ્છેદઃ—मन्मनाः, भव, मद्भक्तः, मद्याजी, माम्, नमस्कुरु, माम्, एव, एष्यसि, सत्यम्, ते, प्रतिजाने, प्रियः, असि, मे.

---

१ अश्वमेधसहस्राणां सहस्रं यः समाचरेत् ।
नासौ तत्फलमाप्नोति मद्भक्त्या यदवाप्नुयात् ॥ भारते ॥

મારી ભક્તિવડે મનુષ્ય જે ફળ પ્રાપ્ત કરી શકે છે તે ફળ લાખો અશ્વમેધ-યજ્ઞ કરે તો પણ પ્રાપ્ત કરી શકતો નથી.

વ્યુત્પત્તિસમાસાઃ—મયિ એવ મનઃ યસ્ય સઃ મન્મનાઃ । મમ ભક્તઃ મદ્ભક્તઃ । માં યજતે અસૌ મદ્યાજી ।

અન્વય અને અર્થઃ—(હે અર્જુન !) મન્મનાઃ મારામાં મનવાળો, મદ્ભક્તઃ મારો ભક્ત, (અને) મદ્યાજી મારું યજન કરનાર, ભવ થા, (તેમ) મામ્ મને, નમસ્કુરુ નમસ્કાર કર, (એથી) મામ્ મને, એવ જ, એષ્યસિ તું પામીશ, (એ) તે તને, સત્યમ્ સત્ય રીતે, પ્રતિજાને પ્રતિજ્ઞાપૂર્વક કહું છું, (કારણ કે તું) મે મને, પ્રિયઃ પ્રિય, અસિ છે.

ભાવાર્થઃ—હે, અર્જુન ! તું મારામાં મનવાળો, મારો ભક્ત, અને મારું યજન કરનાર થા, તેમ મને નમસ્કાર કરતો રહે, એમ કરવાથી તું મને જ પામીશ, એ હું તને સત્ય રીતે પ્રતિજ્ઞાપૂર્વક કહું છું, કારણ કે તું મને પ્રિય છે. અર્થાત્ તું મને પ્રિય હોવાથી જ મેં તને એ તારું હિતકર વચન કહ્યું છે અને તેથી તે પ્રમાણે જ વર્તન કરી તું તારું કલ્યાણ કર. ૬૫.

અવતરણિકાઃ—પરમેશ્વરના યજનરૂપ કર્મયોગ તથા તેના પરમ રહસ્યનો તેમ જ ઈશ્વરશરણરૂપ ભક્તિયોગનો પણ ઉપલા શ્લોકમાં ઉપસંહાર કરી, હવે કર્મ, તથા ભક્તિ, એ બન્ને યોગના પરિણામરૂપ આગળ કહેલા અર્થ વેદાંતપ્રતિપાદ્ય સમ્યગ્-જ્ઞાનનો પણ પ્રસંગોપાત્ત ઉપસંહાર કરતા ભગવાન્ કહે છે.

सर्वधर्मान्परित्यज्य मामेकं शरणं व्रज ॥
अहं त्वा सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः ॥६६॥

---

१ तावेवाहं वदेत्यामी स एवाहमिति त्रिधा ।
भगवच्छरणं स्वस्यार्पणाभ्यासयोगतः ॥ मन्त्रे ॥

તે પ્રભુનો જ હું છું, મારા જ તે પ્રભુ છે અને હું તે જ પ્રભુરૂપ છું એ પ્રમાણે ત્રણ પ્રકારનું અનન્યપણું શરણપણું સ્વ પ્રભુના અભ્યાસ અને યોગથી થઇ રહે છે

પદચ્છેદઃ—સર્વધર્માન્, પરિત્યજ્ય, મામ્, એકમ્, શરણમ્, વ્રજ, અહમ્, ત્વા, સર્વપાપેભ્યઃ, મોક્ષયિષ્યામિ, મા, શુચઃ.

વ્યુત્પત્તિસમાસાઃ—સર્વે ચ તે ધર્માશ્ચ સર્વધર્માઃ, તાન્ સર્વધર્માન્। પરિતઃ ત્યક્ત્વા ઇતિ પરિત્યજ્ય। સર્વાણિ ચ તાનિ પાપાનિ ચ સર્વપાપાનિ, તેભ્ય. સર્વપાપેભ્ય' ।

અન્વય અને અર્થઃ—સર્વધર્માન્ બધા ધર્મોને, પરિત્યજ્ય છોડીને, એકમ્ એકલા, મામ્ મને-મારે, શરણમ્ શરણે, વ્રજ જા, અહમ્ હું, ત્વા તને, સર્વપાપેભ્યઃ સર્વપાપમાથી, મોક્ષયિષ્યામિ મુક્ત કરીશ, મા, શુચ. તું શોક કર નહિ

सत्यपि भेदापगमे नाथ तवाहं न मामकीनस्त्वम्।
सामुद्रो हि तरङ्ग क्वचन समुद्रो न तारङ्ग ॥ १ मृदुशरणम्॥

જો કે મારો ભેદભાવ નાશ થયો છે. તથાપિ હે નાથ! હું તમારો છું, પણ તમે મારા નથી કારણ તરંગ સમુદ્રનો હોઈ શકે પરંતુ કયાય પણ તરંગનો સમુદ્ર હોઇ શકે નહિ. એ 'મૃદુશરણ' કહેવાય છે

हस्तमुत्क्षिप्य यातोऽसि बलात्कृष्ण किमद्भुतम्।
हृदयाद्यदि निर्यासि पौरुष गणयामि ते ॥ २ मध्य शरणम् ॥

હે શ્રીકૃષ્ણ! બળજબરીથી હાથ છોડાવી ભાગી ગયા છો! તેમા શું અદ્ભુત કર્યું? પણ જો તમે મારા હૃદયમાથી નીકળી જાઓ તો તમારૂ મર્દાઇપણુ-બહાદુરી પણ ગણી શકું! એ 'મધ્ય શરણ' કહેવાય છે.

सकलमिदमहं च वासुदेव परमपुमान् परमेश्वर स एक ।
इति मतिरचला भवत्यनन्ते हृदयगते व्रज तान् विहाय दूरात् ॥ ३
अवधिमात्रं शरणम् ॥

મે મારા દૂતને કહ્યું છે કે-"આ આખુ જગત્ અને હું તે વાસુદેવ શ્રીકૃષ્ણ-રૂપ છીએ અને પરમ પુરુષ, પરમેશ્વર, તે વાસુદેવ શ્રીકૃષ્ણ એક જ છે" આવી જેમની હૃદયમા રહેલા અનંત ભગવાનમા અચળ-સ્થિર મતિ થાય છે તેમને દૂરથી જ મુકી દઈને તું ચાલ્યો જા! 'એ અવધિ માત્ર શરણ' કહેવાય છે.

ભાવાર્થઃ—(હે અર્જુન !) સર્વ ધર્મોનો ત્યાગ કરીને તું એકલા મને જ શરણે આવ, અને એમ મારે શરણે આવવાથી હું તને સર્વ પાપોમાંથી મુક્ત કરીશ, માટે તું શોક કર નહિ. ૬૬.

અવતરણિકાઃ—ઉપર પ્રમાણે બે શ્લોકથી "ज्ञानयोगेन सांख्यानां कर्मयोगेन योगिनाम्" એ બીજા અધ્યાયમાં દર્શાવેલા જ્ઞાન અને કર્મ, એ બંને યોગનો ઉપસંહાર કરી હવે ભગવદ્ગીતાશાસ્ત્રનો સંપ્રદાયવિધિ કેવા પ્રકારનો છે તે ભગવાન્ જણાવે છે.

इदं ते नातपस्काय नाभक्ताय कदाचन ॥
न चाशुश्रूषवे वाच्यं न च मां योऽभ्यसूयति ॥ ६७ ॥

પદચ્છેદઃ—इदम्, ते, न, अतपस्काय, न, अभक्ताय, कदाचन, न, च, अशुश्रूषवे, वाच्यम्, न, च, माम्, यः, अभ्यसूयति ।

વ્યુત્પત્તિસમાસાઃ—न विद्यते तपः यस्मिन् सः अतपस्कः, तस्मै अतपस्काय । न भक्तः अभक्तः, तस्मै अभक्ताय । न विद्यते शुश्रूषा यस्मिन् सः अशुश्रूषुः, तस्मै अशुश्रूषवे ।

અન્વય અને અર્થઃ—इदम् આ જ્ઞાન, ते તારે, अतपस्काय તપસ્વી ન હોય તેવાને, न, वाच्यम् કહેવું નહિ, अभक्ताय

। विद्या ह वै ब्राह्मणमाजगाम गोपाय मा शेवधिष्टेऽहमस्मि ।
असूयकायानृजवेऽयताय न मा ब्रूयावीर्यवती तथा स्याम् ॥ श्रुति ॥

એટલે વિદ્યારૂપે વિદ્યા અનધિકારીને પ્રાપ્ત થતાં તે વિદ્યાનું દાન આપનાર—સમજાવનારને આકાશમાં પોકારી જઈને કહે છે કે,—"હે બ્રાહ્મણ તું અસૂયા કરનાર, અસરલ—અશઠ કે ઉદ્ધત હોય અને જિતેંદ્રિય ન હોય તેને મારું કથન—જણાવવું—વિદ્યાદાન ન કર કારણ કે તેથી તું નીર્વીર્ય થઈ જઈશ, માટે મારું રક્ષણ કર, કારણ કે હું તને ગોપ્ય તથા ખાસ આ પ્રમાણે કહું છું.

ભગવાન્નો ભક્ત ન હોય તેવાને, ન (કહેવું) નહિ, અશુશ્રૂષવે સેવાભાવવાળો ન હોય તેવાને, ચ તથા, યઃ જે, મામ્ મારો, અભ્યસૂયતિ દ્વેષ કરે છે તેવાને, કદાચન કદિ પણ, ન, (કહેવું) નહિ.

ભાવાર્થઃ—આ ગુહ્ય જ્ઞાન, તારે જે તપસ્વી ન હોય તેવાને, ભગવાન્નો ભક્ત ન હોય તેવાને, સેવાભાવ યુક્ત ન હોય તેવાને, તથા જે મારો દ્વેષ કરતો હોય તેવાને કદી પણ કહેવું નહિ. ૬૭.

અવતરણિકાઃ—એ પ્રમાણે શાસ્ત્રનો સંપ્રદાયવિધિ કહી હવે તે સંપ્રદાયપ્રવર્તકનુ ફલ કહે છે

य इदं परमं गुह्यं मद्भक्तेष्वभिधास्यति ॥
भक्तिं मयि परां कृत्वा मामेवैष्यत्यसंशयः ॥ ६८ ॥

પદચ્છેદઃ—યઃ, ઇદમ્, પરમમ્, ગુહ્યમ્, મદ્ભક્તેષુ, અભિધાસ્યતિ, ભક્તિમ્, મયિ, પરામ્, કૃત્વા, મામ્, એવ, એષ્યતિ, અસંશયઃ.

વ્યુત્પત્તિસમાસાઃ—મમ ભક્તાઃ મદ્ભક્તાઃ, તેષુ મદ્ભક્તેષુ। ન સંશયઃ અસંશયઃ।

---

१ पुत्रानुपुत्रविषयेषु च तत्परोऽपि ब्रह्मावलोकननिरूढमना हि योगी।
संगीततालपरिनृत्यवशं गताऽपि मौलिस्थकुम्भपरिरक्षणधीर्नटीव ॥

યોગી પુત્ર આણ્યની પછી આણ્ય ચલ વવામા તત્પર રહે તોપણ બ્રહ્મ નિરીક્ષણમા આસક્ત દૃઢ મનવાળો જ હોય છે જેમ સંગીત, તાલ અને ચારે તરફ નાચવામા વશ થઈ ગએલી-તેમા લીન બનેલી છતાં પણ માથા પર રહેલા ઘડાનું રક્ષણ કરવાની સુરત રાખનારી નટી ઘડાનુ રક્ષણ કરવા ચૂકતી નથી

એ ન્યાય પ્રમાણે બીજાઓને ગીતાનો ઉપદેશ આપવા પ્રવૃત્ત થએલો છતાં સિદ્ધ થએલો યતિ સર્વેનો આત્મા અને અદ્વિતીય એવો જે પરબ્રહ્મ, તેમા જ સમાધિના અભ્યાસબળવડે સર્વપ્રકારે જગ દૃશ્યને આરોપિત માનતો અને જ પામે છે.

અન્વય અને અર્થઃ—યઃ જે મનુષ્ય, ઇદમ્ આ, પરમમ્ શ્રેષ્ઠ, ગુહ્યમ્ ગુહ્ય (જ્ઞાન), મદ્ભક્તેષુ મારા ભક્તોમાં, અભિધાસ્યતિ કહેશે, (તે મનુષ્ય) મયિ મારાવિષે, પરામ્ પરમ, ભક્તિમ્ ભક્તિ, કૃત્વા કરીને, અસંશયઃ સંશયરહિત થયો થકો, મામ્ મને, એવ જ, એષ્યતિ પામશે.

ભાવાર્થઃ—જે મનુષ્ય આ શ્રેષ્ઠ એવું રહસ્યમય જ્ઞાન, મારા ભક્તોમાં ગાઇને સમજાવશે, તે મનુષ્ય મારામાં પરમ ભક્તિ પ્રાપ્ત કરીને સંશયરહિત થયો થકો મને જ પામશે, એમાં સંશય નથી. ૬૮

અવતરણિકાઃ—" મુક્તિના અનેક સાધનોમા ધ્યાન એ સર્વથી શ્રેષ્ઠ સાધન હોવાથી ધ્યાનનિષ્ઠ મુમુક્ષુને તેમા—તેના પ્રચારમા પ્રવૃત્તિ થવી અસંભવિત છે " એમ કદાચ અર્જુન કહે તો તેના પ્રત્યુત્તરમા ભગવાન્ શ્રીકૃષ્ણ " એ પ્રમાણેના તત્ત્વજ્ઞાનનો પ્રચાર કરનાર મનુષ્ય મને અત્યંત પ્રિય છે. " એમ કહી જ્ઞાનપ્રચારના માહાત્મ્યનુ દિગ્દર્શન કરાવતા કહે છે

न च तस्मान्मनुष्येषु कश्चिन्मे प्रियकृत्तमः ॥
भविता न च मे तस्मादन्यः प्रियतरो भुवि ॥६९॥

પદચ્છેદઃ—न, च, तस्मात्, मनुष्येषु, कश्चित्, मे, प्रियकृत्तमः, भविता, न, च, मे, तस्मात्, अन्यः, प्रियतरः, भुवि.

વ્યુત્પત્તિસમાસાઃ—प्रियं करोति इति प्रियकृत्, अतिशयेन प्रियकृत् इति प्रियकृत्तमः । अतिशयेन प्रियः इति प्रियतरः ।

અન્વય અને અર્થઃ—મનુષ્યેષુ મનુષ્યોમાં, તસ્માત્ તે જ્ઞાનપ્રવર્તક મનુષ્યથી, કશ્ચિત્ કોઈ પણ, મે મારું, પ્રિયકૃત્તમઃ વધારે પ્રિય કરનાર, ન નથી, ચ તેમ, તસ્માત્ તેનાથી,

પ્રિયતર વિશેષ પ્રિય, અન્ય બીજો કોઈ, ભુવિ પૃથ્વીપર, ન, ભવિતા ભવિષ્યમા થશે પણ નહિ

ભાવાર્થઃ—મનુષ્યોમા, જ્ઞાનસપ્રદાયપ્રવર્તક જે મનુષ્ય છે તે મનુષ્યથી મારુ અધિક પ્રિય કરનાર કોઈ પણ નથી, તેમ જ તે મનુષ્યથી મને વિશેષ પ્રિય બીજો કોઈ પૃથ્વી પર ભવિષ્યમા થશે પણ નહિ ૬૯

અવતરણિકા —એ પ્રમાણે ભગવદ્ગીતાના જ્ઞાનપ્રચારકના માહાત્મ્યનુ તથા ફલનુ કથન કરી હવે એ જ્ઞાનનુ અધ્યયન કરનારને શુ ફલ થાય છે તે ભગવાન્ જણાવે છે

अध्येष्यते च य इमं धर्म्यं संवादमावयोः ॥
ज्ञानयज्ञेन तेनाहमिष्टः स्यामिति मे मति. ॥७०॥

પદચ્છેદઃ—અધ્યેષ્યતે, ચ, યઃ, ઇમમ્, ધર્મ્યમ્, સવાદમ્, આવયોઃ, જ્ઞાનયજ્ઞેન, તેન, અહમ્, ઇષ્ટઃ, સ્યામ્, ઇતિ, મે, મતિઃ.

વ્યુત્પત્તિસમાસાઃ—ધર્માત્ અનપેત ધર્મ્ય, ત ધર્મ્યમ્ । સમ્ સમ્યક્ વાદ ઇતિ સવાદ, ત સવાદમ્ । જ્ઞાનમ્ એવ યજ્ઞ ઇતિ જ્ઞાનયજ્ઞ, તેન જ્ઞાનયજ્ઞેન ॥

અન્વય અને અર્થઃ—ય જે મનુષ્ય, આવયો આપણા બ નેના, ઇમમ્ આ, ધર્મ્યમ્ ધાર્મિક, સવાદમ્ સવાદનુ, અધ્યેષ્યતે અધ્યયન કરશે, તત તેનાવડે, ચ ખરેખર, અહમ્ હું જ્ઞાનયજ્ઞેન (વિધિ, જપ, ઉપાશુ, માનસ, ઇત્યાદિ યજ્ઞોમા વિશિષ્ટ) જ્ઞાનયજ્ઞથી, ઇષ્ટ પૂજિત, સ્યામ્ થાઉ, (હું) ઇતિ એમ, મે મારુ મતિ માનવુ, (છે)

ભાવાર્થઃ—જે મનુષ્ય, આપણા બન્નેના આ ધાર્મિક સંવાદનું અધ્યયન કરશે, તેણે સર્વ યજ્ઞોમાં વિશિષ્ટ એવા જ્ઞાનયજ્ઞવડે મને પૂજ્યો છે, એવું મારું માનવું, (છે). ૭૦.

અવતરણિકાઃ—એ પ્રમાણે ગીતાશાસ્ત્રના વક્તા તથા અધ્યેતાના ફલનું કથન કરી હવે શ્રોતાઓને કેવા પ્રકારનું ફલ પ્રાપ્ત થાય છે તે સંબંધમાં ભગવાન્ કહે છેઃ

श्रद्धावाननसूयश्च शृणुयादपि यो नरः ॥
सोऽपि मुक्तः शुभाँल्लोकान् प्राप्नुयात्पुण्यकर्मणाम्७१

પદચ્છેદઃ—શ્રદ્ધાવાન્, અનસૂયઃ, ચ, શૃણુયાત્, અપિ, યઃ, નરઃ, સઃ, અપિ, મુક્તઃ, શુભાન્, લોકાન્, પ્રાપ્નુયાત્, પુણ્યકર્મણામ્.

વ્યુત્પત્તિસમાસાઃ—શ્રદ્ધા અસ્તિ અસ્ય ઇતિ શ્રદ્ધાવાન્ । ન વિદ્યતે અસૂયા યસ્ય સઃ અનસૂયઃ । પુણ્યાનિ કર્માણિ યેષાં તે પુણ્યકર્માણઃ, તેષાં પુણ્યકર્મણામ્ ।

---

૧ હતોઽપિ લભતે સ્વર્ગં જિત્વા તુ લભતે યશઃ । ઉભે ચાપ્યુભયે લોકે નાસ્તિ નિષ્કરુણા રણે ॥

જે હણાય છે—મરે છે તો સ્વર્ગને મેળવે છે અને જો જીતે છે તો યશને પ્રાપ્ત કરે છે. એમ લોકમાં એ બન્ને બહુમતે મનાયા છે, તેથી રણમાં નિષ્કરુણતા તો નથી જ.

द्वाविमौ पुरुषव्याघ्र सूर्यमण्डलभेदिनौ । परिव्राड योगयुक्तश्च रणे चाभिमुखो हतः ॥ भारते ॥

હે પુરુષવ્યાઘ્ર! સૂર્યમંડળને ભેદી કરી બ્રહ્મલોકને બે જ પુરુષો પામે છે એક તો યોગયુક્ત સન્યાસી અને બીજો રણમાં-યુદ્ધમાં સન્મુખ લડતો મરી જાય તે વીર પુરુષ.

यान् यज्ञसंश्रैस्तपसा च विप्राः स्वर्गेषिण पावचयेश्च यान्ति ।
क्षणेन तानप्यतियान्ति शूरा प्राणान् हि युद्धेषु परित्यजन्तः ॥ कौटिल्ये ॥

સ્વર્ગની ઈચ્છા કરવાવાળા બ્રાહ્મણો યજ્ઞોવડે, તપવડે અને યજ્ઞપાત્રોવડે જે લોકમાં જાય છે તે લોકોને યુદ્ધમાં પ્રાણ અર્પણ કરનારા શૂરવીર પુરુષો એક ક્ષણમાં ઓળંગી જાય છે. અર્થાત્ યુદ્ધમાં મૃત્યુ પામનારો પુરુષ તે લોકોથી પણ પર-ઉત્તમ લોકોને વિષે જાય છે.

અન્વય અને અર્થઃ—યઃ જે, નરઃ પુરુષ, શ્રદ્ધાવાન્ શ્રદ્ધાયુક્ત, ચ અને, અનસૂયઃ દ્વેષરહિત, (થઈને આ આપણા સંવાદને) અપિ માત્ર, શૃણુયાત્ સાંભળે છે, સઃ તે, અપિ પણ, મુક્તઃ મુક્ત થયેા થકેા, પુણ્યકર્મણામ્ પુણ્યશાલીઓના, શુભાન્ શુભ, લોકાન્ લોકોને, પ્રાપ્નુયાત્ પ્રાપ્ત કરે છે.

ભાવાર્થઃ—જે પુરુષ, આપણા આ સંવાદને માત્ર સાંભળે છે તે પુરુષ પણ પાપોથી મુક્ત થઈને પુણ્યશાલીઓને પ્રાપ્ત થતા, એવા ઉત્તમ-દિવ્ય લોકોને પ્રાપ્ત કરે છે. ૭૧.

અવતરણિકાઃ—" શિષ્યને જ્યાં સુધી સંશયનું નિવારણ અને જ્ઞાનની ઉત્પત્તિ થાય, ત્યાં સુધી અનેક વખત ઉપદેશ આપવેા જોઈએ, " એ પ્રમાણે ગુરુધર્મની પરંપરા બતાવતાં અર્જુનને શાસ્ત્રાર્થની પ્રતિપત્તિ થઈ કે નહિ, તે જાણવાના હેતુથી ભગવાન શ્રીકૃષ્ણ કહે છેઃ


कच्चिदेतच्छ्रुतं पार्थ त्वयैकाग्रेण चेतसा ॥
कच्चिदज्ञानसंमोहः प्रनष्टस्ते धनंजय ॥ ७२ ॥

પદચ્છેદઃ—कच्चित्, एतत्, श्रुतम्, पार्थ, त्वया, एकाग्रेण, चेतसा, कच्चित्, अज्ञानसंमोहः, प्रनष्टः, ते, धनंजय.

વ્યુત્પત્તિસમાસાઃ—एकम् अग्रं लक्ष्यं यस्य तत् एकाग्रम्, तेन एकाग्रेण । सम्यक् मोहः संमोहः, अज्ञानेन कृतः संमोहः इति अज्ञानसंमोहः । प्रकर्षेण नष्टः इति प्रनष्टः ।

અન્વય અને અર્થઃ—પાર્થ હે પાર્થ ! त्वया તેં, एकाग्रेण એકાગ્ર, चेतसा ચિત્તથી, एतत् એ (જ્ઞાન), श्रुतम् સાંભળ્યું, कच्चित् કે કેમ ? (અને) धनञ्जय હે ધનંજય ! ते તારેા, अज्ञानसंमोहः અજ્ઞાનથી ઉત્પન્ન થએલેા (અનાત્મામાં આત્મબુદ્ધિરૂપ, તથા સ્વધર્મરૂપી યુદ્ધમાં અધર્મબુદ્ધિરૂપ) મેાહ, प्रनष्टः નાશ પામ્યા, कच्चित् કે કેમ ?

श्रीमद्भगवद्गीतामन्दिरम् ।



ભાવાર્થઃ—હે પાર્થ! હવે હું તને પૂછું છું, કે, તેં ચિત્તની એકાગ્રતાપૂર્વક એ જ્ઞાન સાંભળ્યું કે કેમ? અને તારો અજ્ઞાનજન્ય મોહ નાશ પામ્યો કે કેમ? અર્થાત્ અત્યારસુધી મેં તને જે જ્ઞાન આપ્યું તે સફલ થયું કે કેમ? તે તું મને કહે. ૭૨.

અવતરણિકાઃ—એ પ્રમાણે ભગવાન્ શ્રીકૃષ્ણે પૂછવાથી, પોતાની કૃતકૃત્યતા પ્રકટ કરતો, અર્જુન નીચે પ્રમાણે પ્રત્યુત્તર આપવા લાગ્યોઃ

अर्जुन उवाच । અર્જુન બોલ્યોઃ—

नष्टो मोहः स्मृतिर्लब्धा त्वत्प्रसादान्मयाऽच्युत ॥
स्थितोऽस्मि गतसंदेहः करिष्ये वचनं तव ॥७३॥

પદચ્છેદઃ—नष्टः, मोहः, स्मृतिः, लब्धा, त्वत्प्रसादात्, मया, अच्युत, स्थितः, अस्मि, गतसंदेहः, करिष्ये, वचनम्, तव.

વ્યુત્પત્તિસમાસાઃ—तव प्रसादः त्वत्प्रसादः, तस्मात् त्वत्प्रसादात् । न च्युतः अच्युतः, तत्संबुद्धौ हे अच्युत । गतः संदेहः यस्य सः गतसंदेहः ।

અન્વય અને અર્થઃ—अच्युत હે અચ્યુત! त्वत्प्रसादात् આપની કૃપાથી, मोहः (મારો) મોહ, नष्टः નાશ પામ્યો (છે), स्मृतिः સ્મૃતિ, लब्धा પ્રાપ્ત થઈ, (છે અને હું) गतसंदेहः સંદેહરહિત, स्थितः રહેલો, अस्मि છું, (તેથી હવે) तव આપના, वचनम् વચન પ્રમાણે, करिष्ये કરીશ.

ભાવાર્થઃ—"હે અચ્યુત! આપની કૃપાથી મારો મોહ નાશ પામ્યો છે, મને સ્મૃતિ પ્રાપ્ત થઈ છે, અને હું સંદેહરહિત થઇ આપની સામે ઉભો રહ્યો છું, તેથી હવે આપના વચન પ્રમાણે જ વર્તીશ. ૭૩.

અવતરણિકાઃ—એ પ્રમાણે ભગવાન્ શ્રીકૃષ્ણ તથા અર્જુનનો સંવાદ સમાપ્ત થતાં, 'ભગવદ્ગીતા'નો અંતિમ સંબંધ દર્શાવતો સંજય ધૃતરાષ્ટ્ર પ્રતિ કહેવા લાગ્યોઃ

संजय उवाच । સંજય કહે છેઃ—

इत्यहं वासुदेवस्य पार्थस्य च महात्मनः ॥
संवादमिममश्रौषमद्भुतं रोमहर्षणम् ॥ ७४ ॥

પદચ્છેદઃ—इति, अहम्, वासुदेवस्य, पार्थस्य, च, महात्मनः, संवादम्, इमम्, अश्रौषम्, अद्भुतम्, रोमहर्षणम्.

વ્યુત્પત્તિસમાસાઃ—वसुदेवस्य अपत्यं पुमान् वासुदेवः, तस्य वासुदेवस्य । पृथायाः अपत्यं पुमान् पार्थः, तस्य पार्थस्य । महान् आत्मा यस्य सः महात्मा, तस्य महात्मनः । रोमाणि हर्षयति इति रोमहर्षणः, तं रोमहर्षणम् ।

અન્વય અને અર્થઃ—હે ધૃતરાષ્ટ્ર રાજન્! अहम् હું, इति એ પ્રમાણે, वासुदेवस्य વસુદેવના પુત્ર ભગવાન્ શ્રીકૃષ્ણના, च તથા, महात्मनः મહાત્મા, पार्थस्य અર્જુનના, अद्भुतम् આશ્ચર્યકારક, (અને) रोमहर्षणम् રુવાં ઊભાં કરે એવા, इमम् આ, संवादम् સંવાદને, अश्रौषम् સાંભળતો હુવો. અર્થાત્ મેં સાંભળ્યો.

ભાવાર્થઃ—હે ધૃતરાષ્ટ્ર રાજન્! મેં એ પ્રમાણે ભગવાન્ શ્રીકૃષ્ણ, તથા મહાત્મા અર્જુનનો આશ્ચર્યકારક અને રોમાંચ ઊભાં કરે તેવો આ સંવાદ સાંભળ્યો. ૭૪.

અવતરણિકાઃ—"એટલા દૂરથી ભગવાન્ તથા અર્જુનનો સંવાદ તેં કેવી રીતે સાંભળ્યો?" એમ કદાચ કોઈ સંજયના કહેવામાં શંકા કરે તો તેના નિવારણ માટે સંજય કહે છેઃ

व्यासप्रसादाच्छ्रुतवानेतद्गुह्यमहं परम् ॥
योगं योगेश्वरात्कृष्णात्साक्षात्कथयतः स्वयम्॥७५॥

પદચ્છેદઃ—व्यासप्रसादात्, श्रुतवान्, एतत्, गुह्यम्, अहम्, परम्, योगम्, योगेश्वरात्, कृष्णात्, साक्षात्, कथयतः, स्वयम्.

व्युत्पत्तिसमासाः—व्यासस्य प्रसादः व्यासप्रसादः, तस्मात् व्यासप्रसादात्। श्रुतम् अस्ति अस्य इति श्रुतवान्। योगानाम् ईश्वरः योगेश्वरः, तस्मात् योगेश्वरात्। कथयति इति कथयन्, तस्य कथयतः।

અન્વય અને અર્થઃ—व्यासप्रसादात् ભગવાન્ વ્યાસની કૃપાથી, एतत् એ, गुह्यम् ગુપ્ત રાખવા યોગ્ય-જ્ઞાન, (તથા) परम् પરમશ્રેષ્ઠ, योगम् યોગ, योगेश्वरात् યોગોના ઈશ્વર (એવા), साक्षात् સાક્ષાત્, कृष्णात् ભગવાન્ શ્રીકૃષ્ણના, स्वयं પોતાના, कथयतः કહેવાથી, अहम् હું, श्रुतवान् સાંભળતો હુવો.

ભાવાર્થઃ—શ્રીમદ્ વેદવ્યાસની કૃપાથી (મળેલાં દિવ્ય-ચક્ષુ, તથા શ્રોત્રાદિ ઇંદ્રિયો વડે,) એ ગુપ્ત રાખવા યોગ્ય જ્ઞાન, તથા પરમ શ્રેષ્ઠ એવો યોગ, યોગોના અધીશ્વર એવા સાક્ષાત્ ભગવાન્ શ્રીકૃષ્ણના સ્વમુખથી જ કહેવાતાં મેં સાંભળ્યો. ૭૫.

---

૧ એ વાર્તા શ્રીભ્મપર્વમાં પણ સંજયે ધૃતરાષ્ટ્રને કરી છેઃ

नमस्तस्मै मनीषिणे पराशरायाथ धीमते। यस्य प्रसादाद्विद्वांसं मे महाविज्ञानमुत्तमम् ॥
दृष्टिश्चातीन्द्रिया लब्धा दूराच्छ्रवणमेव हि। परचित्तस्य विज्ञानमतीतानागतस्य च
च्युतोपपत्तिविज्ञानमाकाशे च गतिः सदा। शास्त्रेसंगो युद्धे च वरदानान्महात्मनः ॥

હે રાજન! પરાશરના પુત્ર બુદ્ધિમાન્ શ્રી વેદવ્યાસજી કે જે તમારા પિતા છે તેમને હું નમસ્કાર કરું છું, કારણ કે જે મહાત્માની પ્રસન્નતા-કૃપા અને વરદાનથી મને દિવ્યબુદ્ધિ, ઉત્તમ વિજ્ઞાન, ઇંદ્રિયોને અતિક્રમણ કરનારી દૂર-જ્ઞાનચક્ષુ, દૂરથી સાંભળવું, પારકાના ચિત્તનું વિજ્ઞાન, ભૂત અને ભવિષ્યનું વિજ્ઞાન, મૃત્યુપછીનું ગમનજ્ઞાન, હમેશા આકાશમાં ગમન કરવાની શક્તિ અને યુદ્ધમાં શસ્ત્રોથી અસંગપણું મળ્યું છે.

અવતરણિકાઃ—એ પ્રમાણે કહી હવે ભગવાન્ કેશવ તથા અર્જુનના સંવાદથી તથા વિશ્વરૂપદર્શનથી ઉત્પન્ન થએલા અને પોતે અનુભવેલા આનંદનું વિવરણ, સંજય ધૃતરાષ્ટ્ર પ્રતિ બે શ્લોકથી કરે છેઃ

राजन्संस्मृत्य संस्मृत्य संवादमिममद्भुतम् ॥
केशवार्जुनयोः पुण्यं हृष्यामि च मुहुर्मुहुः ॥ ७६ ॥

પદચ્છેદઃ—राजन्, संस्मृत्य, संस्मृत्य, संवादम्, इमम्, अद्भुतम्, केशवार्जुनयोः, पुण्यम्, हृष्यामि, च, मुहुः, मुहुः.

વ્યુત્પત્તિસમાસાઃ—सम् सम्यक् स्मृत्वा इति संस्मृत्य। केशवश्च अर्जुनश्च केशवार्जुनौ, तयोः केशवार्जुनयोः।

અન્વય અને અર્થઃ—राजन् હે રાજન્ ધૃતરાષ્ટ્ર! केशवार्जुनयोः ભગવાન્ શ્રીકૃષ્ણ તથા અર્જુનના, इमम् આ, पुण्यम् પુણ્યપ્રદ, अद्भुतम् અદ્ભુત, संवादम् સંવાદને, संस्मृत्य, संस्मृत्य, સંભારી સંભારીને, (हुं) मुहुः, मुहुः વારંવાર, हृष्यामि હર્ષ પામું છું.

ભાવાર્થઃ—હે રાજન્ ધૃતરાષ્ટ્ર! ભગવાન્ શ્રીકૃષ્ણ તથા અર્જુનના આ અદ્ભુત અને પુણ્યપ્રદ સંવાદને સંભારી સંભારીને હું વારંવાર હર્ષ પામું છું. અર્થાત્ મને એટલો આનંદ થયો છે, કે જેની સીમા નથી. ૭૬.

तच्च संस्मृत्य संस्मृत्य रूपमत्यद्भुतं हरेः ॥
विस्मयो मे महान् राजन् हृष्यामि च पुनः पुनः॥७७॥

પદચ્છેદઃ—तत्, च, संस्मृत्य, संस्मृत्य, रूपम्, अत्यद्भुतम्, हरेः, विस्मयः, मे, महान्, राजन्, हृष्यामि, च, पुनः, पुनः.

વ્યુત્પત્તિસમાસાઃ—અતિશયેન અદ્ભુતમ્ ઇતિ અત્યદ્ભુતમ્.

અન્વય અને અર્થઃ—રાજન્ હે રાજન્! ચ વળી, હરેઃ ભગવાન્ વિષ્ણુના, તત્ તે, અત્યદ્ભુતમ્ અતિ આશ્ચર્યકારક, રૂપમ્ રૂપને, સંસ્મૃત્ય, સંસ્મૃત્ય ફરી ફરી યાદ કરીને, મે મને, મહાન્ ભારે, વિસ્મયઃ વિસ્મય (થાય છે), ચ અને, (હું) પુનઃ, પુનઃ વારંવાર, હૃષ્યામિ આનંદ પામું છું.

ભાવાર્થઃ—હે રાજન્! વળી ભગવાન્ વિષ્ણુના તે અતિ આશ્ચર્યકારક રૂપને વારંવાર યાદ કરીને, મને ભારે અચંભો થાય છે, અને હું રહી રહીને વારંવાર આનંદ પામું છું. ૭૭

અવતરણિકાઃ—"એ પ્રમાણે જો અત્યંત હર્ષ થતો હોય તો પછી અનંત ઐશ્વર્યશાલી ભગવાન્ શ્રીકૃષ્ણ, તથા તેમનો અનુગ્રહિત અર્જુન, એ બંને યુધિષ્ઠિરના પક્ષમાં હોવાથી, મારે જયની આશા કરવી કે નહિ?" એ પ્રકારની ધૃતરાષ્ટ્રની આંતરિક અભિલાષા જાણતાં ચેતવણીરૂપે સંજય ધૃતરાષ્ટ્ર પ્રતિ કહે છેઃ[1]

---

१ यो लाक्षावेश्मदाहादतिविषमविषाद्द्विप्रशापाद्वनान्ते
द्रुष्टद्यूतात्तमायां युवतिपरिभवात्सञ्जुगोप स्वभक्तान्॥
दूतः सूतश्च भूत्वा स युधि निजजने किं करिष्यत्युपेक्षां
सत्येवं तावकानां त्रिगुणहतधियां जीवितेच्छाऽधुनाऽपि॥

જે ભગવાને લાક્ષાગૃહમાં દહન થવાથી, અત્યંત હાલાહલ વિષપાનથી, વનમાં બ્રાહ્મણ (દુર્વાસા)ના શાપથી, સભામાં મહાદુષ્ટ-કપાઈવાળા ધૂત-જુગારથી અને યુવતી-દ્રૌપદીના અપમાનથી પોતાના ભક્તોની સારી રીતે રક્ષા કરી તથા જે દૂત-સમાચાર આપનાર-મેસિઓ-નોકર અને સૂત-સારથિ-ઘોડાનો હાંકનાર બન્યા તે ભગવાન્ યુદ્ધમાં શું પોતાના ભક્ત-મિત્રોનો ત્યાગ કરશે? એ એમ જ છે તો ત્રણે ગુણે વડે જેમની બુદ્ધિ મારી ગઇ છે એવા તમારા દુર્યોધનાદિ પુત્રોની હજી પણ જીવવાની ઈચ્છા છે? અર્થાત્ તમને કદી પણ વિજય મળી શકે તેમ નથી એમ તમારે માનવું.

यत्र योगेश्वरः कृष्णो यत्र पार्थो धनुर्धरः ॥
तत्र श्रीर्विजयो भूतिर्ध्रुवा नीतिर्मतिर्मम ॥ ७८ ॥

पदच्छेदः—यत्र, योगेश्वरः, कृष्णः, यत्र, पार्थः[1] धनुर्धरः, तत्र, श्रीः, विजयः, भूतिः, ध्रुवा, नीतिः, मतिः, मम.

व्युत्पत्तिसमासाः—योगानाम् ईश्वरः योगेश्वरः । धनुः धरति इति धनुर्धरः । विशिष्टश्चासौ जयश्च विजयः ।

अन्वय अने अर्थः—यत्र જ્યાં, योगेश्वरः યોગેશ્વર. कृष्णः શ્રીકૃષ્ણ, (અને) यत्र જ્યાં, धनुर्धरः ગાંડીવ ધનુષ્યને ધારણ કરનાર અર્જુન (હોય), तत्र ત્યાં, श्रीः સંપત્તિ, विजयः વિજય, भूतिः ઐશ્વર્ય, (અને) ध्रुवा અટલ, नीतिः નીતિ, (હોય છે એમ,) मम મારો मति. નિશ્ચય, (છે).

भावार्थः—જ્યાં યોગેશ્વર—સાક્ષાત્ શ્રીકૃષ્ણ ભગવાન્, તથા ગાંડીવ ધનુષ્યને ધારણ કરનાર પૃથાપુત્ર અર્જુન છે, ત્યાં જ સંપત્તિ, વિજય, ઐશ્વર્ય તથા અચલ નીતિ રહેલાં

---

१ अतीतानागतं वस्तु पीक्ष्यते करबिल्ववत् ।
योगी सकल्पमात्रेण यमिति शास्त्रेषु डिण्डिमः ॥ वेदान्तकलके ॥

વ્યતીત થએલું, નહિ આવેલું અને કેવળ મનનો સંકલ્પ થતાં જ ઉત્પન્ન થએલું કંઈ પણ વસ્તુ યોગી હાથમાં બિલ્વની પેઠે જોઈ શકે છે. એમ શાસ્ત્ર ઢોલ વગાડીને પુકારે છે.—અર્થાત્ તેથી ભગવાન્ શ્રીકૃષ્ણ તરફ જ વિજય હોય એમાં કંઈ શંકા રાખવી નહિ.

છે, એમ મારો નિશ્ચય છે. અર્થાત્ એ યુદ્ધમાં તો અર્જુન અને શ્રીકૃષ્ણ જેમાં રહેલા છે એવા પાંડવપક્ષનો જ અન્તે વિજય છે એમ હું માનું છું. ૭૮.

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे
श्रीकृष्णार्जुनसंवादे श्रीकृष्णकार्त्तान्तिकप्रणीत-
सान्वयत्रोधिन्यां गुर्जरटीकायां मोक्षसंन्यास-
योगो नामाष्टादशोऽध्यायः ।

सिन्धूद्भवतटकच्छदेशवसुधालङ्कारमाण्डव्यपूः-
संस्थानोत्तरदिग्गतेऽतिविलसद्दुर्गान्विते खर्वटे ॥
संख्याते निगमागमार्थनिपुणैः सारस्वतैः सद्द्विजै-
र्बिल्वेशात्तसमस्तवैभवयुते श्रीसिंहशीर्षाभिधे ॥ १ ॥

સમુદ્રના ઉત્તર તરફના કાંઠા પર આવેલા કચ્છદેશની ભૂમિનાં અલંકાર-રૂપ માંડવી પુરી નામના સંસ્થાનની ઉત્તર દિશામાં, આવેલા અત્યંત શોભાયમાન એવા આલંપનાગઢ યુક્ત, ખર્વટ (પર્વતની તળેટીમાં વસાવેલા) વેદ અને શાસ્ત્રના અર્થમાં નિપુણ એવા ઉત્તમ સારસ્વત બ્રાહ્મણોવડે પ્રખ્યાત થએલા અને બિલ્વેશ્વર નામના મહાદેવની કૃપાવડે પ્રાપ્ત થએલા સમસ્ત વૈભવ વડે યુક્ત એવા શ્રીગઢસિંહશીસા નામના ગામને વિષે ॥૧ ॥

आसीज्ज्योतिषशास्त्रविद्वरधरादेवावटंकाग्रणी
श्रीपीताम्बरनामधेयविबुधः स्वज्ञातिमुख्यासनः ॥
तत्पुत्रो द्विजदेवपूजनपरोऽभूद्भक्तिमाञ्छूलिनः
श्रीमन्मोहनजिद्द्विजो निजगुणैः ख्यातः स्वकीये कुले ॥ २ ॥

જ્યોતિષશાસ્ત્રજાણનારાઓમાં ઉત્તમ શ્રી "ધરાદેવ" નામની અવટંક (ઉપનામ) નુખવાળા બ્રાહ્મણોના અગ્રણી અને પોતાની-સારસ્વત-જ્ઞાતિમાં જેમનું મુખ્ય આસન છે-એટલે પ્રમુખ એવા શ્રી "પીતાંબર" નામે પંડિત હતા તે શ્રી પીતાંબરના પુત્ર બ્રાહ્મણ તથા દેવતાઓની પૂજામાં પ્રીતિવાળા તેમ જ મહાદેવના પરમ ભક્ત અને પોતાના ઉત્તમ ગુણોવડે પોતાના કુળમાં પ્રખ્યાતિ પામેલા એવા શ્રી "મોહનજી" નામના બ્રાહ્મણ હતા ॥ ૨ ॥

तत्पुत्रः समधीतशास्त्रनिचयः श्रीकृष्णकार्त्तान्तिकः
प्राप्ता येन महद्भ्य एव रुचिरा नानाः पदव्योऽमलाः ॥
विद्याभास्करसंज्ञिकाऽपि च परा ज्योतिर्विभूषाभिधा
प्राणाचार्यसुनामिका विजयते या वैद्यवर्येषु च ॥ २ ॥

તે મોહનજીનો પુત્ર અને સદ્‌ગુરુઓ પાસેથી સારી રીતે શાસ્ત્રોનું અધ્યયન કરનાર એવો (હું) શ્રીકૃષ્ણ કાર્તાંતિક છું કે જેણે મ્હોટા પુરુષો તરફથી જ એટલે શ્રીકાશીપુરીની પ્રબોધ પાઠશાળા અને વિશ્વવિદ્યાલયના પંડિતો તરફથી "વિદ્યાભાસ્કર" પદવી, શ્રીમદ્જગદ્‌ગુરુ શ્રીશંકરાચાર્ય શારદાપીઠ દ્વારકા તરફથી "જ્યોતિર્વિ-ભૂષણ" પદવી, શ્રીપ્રભુરામઆયુર્વેદ કૉલેજ મુબઈ તરફથી "પ્રાણાચાર્ય" નામની કે જે ઉત્તમ વૈદ્યોને વિષે પ્રખ્યાત છે તે પદવી, ॥ ૩ ॥

वाचस्पत्यभिधाऽस्ति दैवविदि या दैवज्ञपूर्वोत्तमा
सद्धर्मार्थमहोपदेशकपदालङ्कारिकेत्यादयः ॥
तेनात्मज्ञपदेप्सुशिक्षणमुदे गीतान्वयार्थार्थिनी-
यं व्युत्पत्तिसमासटिप्पणयुता टीका कृता गुर्जरी ॥ ४ ॥

શ્રી પંડિતસભા બનારસ તરફથી "દૈવજ્ઞવાચસ્પતિ" કે જે વેને જાણનાર જ્યોતિર્વિદોમાં ઉત્તમ છે તે પદવી, અને શ્રી ભારતધર્મ-મહામંડળ કાશી-શ્રીમાન્ મહારાજાધિરાજ મહારાજા શ્રીરમેશ્વરસિંહ બહાદુર દર્ભંગાનરેશ હસ્તક "મહોપદેશક" કે જે ઉત્તમ ધાર્મિક ઉપદેશ-માટે આભૂષણરૂપ છે તે પદવી, વિગેરે નાનાપ્રકારની ઉત્તમ નિર્મલ પદવીઓ પ્રાપ્ત કરી છે તે મેં કાર્તાંતિકે આત્મવિત્-સ્વસ્વરૂપપદને ઇચ્છતા મુમુક્ષુ-ઓને શિક્ષણ અને આનંદ મેળવવા માટે શ્રીમદ્ભગવદ્ગીતાની અન્વય, અર્થ અને ભાવાર્થવાળી તથા વ્યુત્પતિ, સમાસ અને ટિપ્પણયુક્ત આ ગુજરાતી ટીકા કરી ॥ ૪ ॥

समाप्ता सा संवद्भिरिंदुसुनवेन्दून्मितसमे
शुभे माघे शुक्ले शरमिततिथौ सद्गुरुदिने ॥
यथा चालोऽपीयाद्विबुधवरसंप्रार्थितपदं
तथेयं श्रीगीता भवतु जनतामुक्तिजननी ॥ ५ ॥

તે ટીકા સંવત્ ઓગણીસો સત્યાશીના વર્ષમાં શુભ એવા માઘ મહિનાની સુદી પંચમી (વસંત પંચમી) અને શુક્રવારના દિવસે સમાપ્ત થઈ. બાલક પણ કે જેણે વેદાંતશાસ્ત્રનું અધ્યયન નથી કર્યું તે પણ ઉત્તમ પંડિતો જે પદની પ્રાર્થના કરે તે પદને પામે એ પ્રમાણે ગુર્જર ટીકા સહિત કરેલી આ શ્રીમદ્ભગવદ્ગીતા સર્વ મનુષ્યોને મુક્તિ-મોક્ષ આપનારી થાઓ! ઇતિ આશીર્વાદાત્મક અંતિમ મંગલાચરણ ॥ ૫ ॥ ૐ શાંતિ.



श्रीमद्भगवद्गीताश्लोकार्धयोरकारादिकोशः।

श्लोकार्धप्रतीकः	अ.	श्लो.	श्लोकार्धप्रतीकः	अ.	श्लो.
अकर्मणश्च बोद्धव्यं	४	१७	अथवा बहुनैतेन	१०	४२
अकीर्तिं चापि भूतानि	२	३४	अथवा योगिनामेव	६	४२
अक्षरं ब्रह्म परमं	८	३	अथ व्यवस्थितान् दृष्ट्वा	१	२०
अक्षराणामकारोऽस्मि	१०	३३	अथैतदप्यशक्तोऽसि	१२	११
अग्निर्ज्योतिरहः शुक्लः	८	२४	अदृष्टपूर्वं हृषितोऽस्मि दृष्ट्वा	११	४५
अघायुरिन्द्रियारामो	३	१६	अदेशकाले यद्दानं	१७	२२
अच्छेद्योऽयमदाह्योऽयम्	२	२४	अद्वेष्टा सर्वभूतानाम्	१२	१३
अजानता महिमानं तवेदं	११	४१	अधर्मं धर्ममिति या	१८	३२
अजो नित्यः शाश्वतोऽयं	२	२०	अधर्माभिभवात्कृष्ण	१	४१
अजोऽपि सन्नव्ययात्मा	४	६	अधश्च मूलान्यनुसंततानि	१५	२
अज्ञश्चाश्रद्दधानश्च	४	४०	अधश्चोर्ध्वं प्रसृतास्तस्य	१५	२
अज्ञानं चाभिजातस्य	१६	४	अधिभूतं क्षरो भावः	८	४
अज्ञानेनावृतं ज्ञानं	५	१५	अधिभूतं च किं प्रोक्तं	८	१
अतत्त्वार्थवदल्पञ्च	१८	२२	अधियज्ञः कथं कोऽत्र	८	२
अतोऽस्मि लोके वेदे च	१५	१८	अधियज्ञोऽहमेवात्र	८	४
अत्यति तत्सर्वमिदं विदित्वा	८	२८	अधिष्ठानं तथा कर्ता	१८	१४
अत्र शूरा महेष्वासा	१	४	अधिष्ठाय मनश्चायं	१५	९
अथ केन प्रयुक्तोऽयं	३	३६	अध्यात्मज्ञाननित्यत्वं	१३	११
अथ चित्तं समाधातुं	१२	९	अध्यात्मविद्या विद्यानां	१०	३२
अथ चेत्त्वमहंकारात्	१८	५८	अध्येष्यते च य इमं	१८	७०
अथ चेत्त्वमिमं धर्म्यं	२	३३	अनन्त देवेश जगन्निवास	११	३७
अथ चैनं नित्यजातं	२	२६	अनन्तविजयं राजा	१	१६

श्लोकार्धप्रतीकः	अ.	श्लो.
अनन्तवीर्यामितविक्रमस्त्वं	११	४०
अनन्तश्चास्मि नागानां	१०	२९
अनन्यचेताः सततं	८	१४
अनन्याश्चिंतयंतो मां	९	२२
अनन्येनैव योगेन	१२	६
अनपेक्षः शुचिर्दक्ष	१२	१६
अनात्मनस्तु शत्रुत्वे	६	६
अनादित्वान्निर्गुणत्वात्	१३	३१
अनादिमत्परं ब्रह्म	१३	१२
अनादिमध्यांतमनंतवीर्यम्	११	१९
अनार्यजुष्टमस्वर्ग्यम्	२	२
अनाशिनोऽप्रमेयस्य	२	१८
अनाश्रितः कर्मफलं	६	१
अनिकेतः स्थिरमतिः	१२	१९
अनिच्छन्नपि वार्ष्णेय	३	३६
अनित्यमसुखं लोकम्	९	३३
अनिष्टमिष्टं मिश्रं च	१८	१२
अनुद्वेगकरं वाक्यं	१७	१५
अनुबंधं क्षयं हिंसाम्	१८	२५
अनेकचित्तविभ्रांता	१६	१६
अनेकजन्मसंसिद्धिः	६	४५
अनेकदिव्याभरणं	११	१०
अनेकबाहूदरवक्त्रनेत्रं	११	१६
अनेकवक्त्रनयनम्	११	१०
अनेन प्रसविष्यध्वम्	३	१०

श्लोकार्धप्रतीकः	अ.	श्लो.
अन्तकाले च मामेव	८	५
अन्तवत्तु फलं तेषाम्	७	२३
अन्तवंत इमे देहा	२	१८
अन्नाद्भवंति भूतानि	३	१४
अन्ये च बहवः शूरा	१	९
अन्ये त्वेवमजानंतः	१३	२५
अन्ये सांख्येन योगेन	१३	२४
अपरस्परसंभूतं	१६	८
अपरं भवतो जन्म	४	४
अपरे नियताहाराः	४	३०
अपरेयमितस्त्वन्यां	७	५
अपर्याप्तं तदस्माकं	१	१०
अपश्यद्देवदेवस्य	११	१३
अपाने जुह्वति प्राणं	४	२९
अपि चेत्सुदुराचारो	९	३०
अपि चेदसि पापेभ्यः	४	३६
अपि त्रैलोक्यराज्यस्य	१	३५
अप्रकाशोऽप्रवृत्तिश्च	१४	१३
अप्रतिष्ठो महाबाहो	६	३८
अप्राप्य मां निवर्तन्ते	९	३
अप्राप्य योगसंसिद्धिं	६	३७
अफलप्रेप्सुना कर्म	१८	२३
अफलाकांक्षिभिर्यज्ञो	१७	११
अफलाकांक्षिभिर्युक्तैः	१७	१७
अभयं सत्त्वसंशुद्धिः	१६	१

श्लोकार्धप्रतीकः	अ.	श्लो.
अमितो ब्रह्मनिर्वाणं	५	२६
अभिसंधाय तु फलं	१७	१२
अभ्यासयोगयुक्तेन	८	८
अभ्यासयोगेन ततो	१२	९
अभ्यासाद्रमते यत्र	१८	३६
अभ्यासेन तु कौंतेय	६	३५
अभ्यासेऽप्यसमर्थोऽसि	१२	१०
अभ्युत्थानमधर्मस्य	४	७
अमानित्वमदंभित्वम्	१३	७
अमी च त्वां धृतराष्ट्रस्य	११	२६
अमी हि त्वां सुरसंघा	११	२१
अमृतं चैव मृत्युश्च	९	१९
अयतिः श्रद्धयोपेतो	६	३७
अयथावत्प्रजानाति	१८	३१
अयनेषु च सर्वेषु	१	११
अयुक्तः कामकारेण	५	१२
अयुक्तः प्राकृतः स्तब्धः	१८	२८
अवजानंति मां मूढा	९	११
अवाच्यवादांश्च बहून्	२	३६
अवाप्य भूमावसपत्नमृद्धं	२	८
अविनाशि तु तद्विद्धि	२	१७
अविभक्तं च भूतेषु	१३	१६
अविभक्तं विभक्तेषु	१८	२०
अव्यक्तनिधनान्येव	२	२८
अव्यक्तं व्यक्तिमापन्नं	७	२४
अव्यक्तादीनि भूतानि	२	२८
अव्यक्ताद्व्यक्तयः सर्वाः	८	१८
अव्यक्ता हि गतिर्दुःखं	१२	५
अव्यक्तोऽक्षर इत्युक्तः	८	२१
अव्यक्तोऽयमचिंत्योऽयम्	२	२५
अशास्त्रविहितं घोरं	१७	५
अशोच्यानन्वशोचस्त्वं	२	११
अश्रद्दधानाः पुरुषाः	९	३
अश्रद्धया हुतं दत्तं	१७	२८
अश्वत्थमेनं सुविरूढमूलम्	१५	३
अश्वत्थः सर्ववृक्षाणां	१०	२६
अश्वत्थामा विकर्णश्च	१	८
असक्तबुद्धिः सर्वत्र	१८	४९
असक्तं सर्वभृच्चैव	१३	१४
असक्तिरनभिष्वंगः	१३	९
असक्तो ह्याचरन्कर्म	३	१९
असत्कृतमवज्ञातं	१७	२२
असत्यमप्रतिष्ठं ते	१६	८
असदित्युच्यते पार्थ	१७	२८
असंमूढः स मर्त्येषु	१०	३
असंयतात्मना योगो	६	३६
असंशयं महाबाहो	६	३५
असंशयं समग्रं मां	७	१
असितो देवलो व्यासः	१०	१३
असौ मया हतः शत्रुः	१६	१४

श्लोकार्धप्रतीकः	अ.	श्लो
अस्माकं तु विशिष्टा ये	१	७
अहमात्मा गुडाकेश	१०	२०
अहमादिर्हि देवानां	१०	२
अहमादिश्च मध्यं च	१०	२०
अहमेवाक्षयः कालो	१०	३३
अहंकार इतीयं मे	७	४
अहंकारविमूढात्मा	३	२७
अहंकारं बलं दर्पं	१६	१८
" " "	१८	५३
अहं कृत्स्नस्य जगतः	७	६
अहं क्रतुरहं यज्ञः	९	१६
अहं त्वा सर्वपापेभ्यो	१८	६६
अहं वैश्वानरो भूत्वा	१५	१४
अहं सर्वस्य प्रभवो	१०	८
अहं हि सर्वयज्ञानां	९	२४
अहिंसा सत्यमक्रोधः	१६	२
अहिंसा समता तुष्टिः	१०	५
अहो बत महत्पापं	१	४५
आ		
आरुरुक्षोर्मुनेर्योगं	६	३
आरुह्याहि मे को भवान्	११	३१
आगमापायिनोऽनित्याः	२	१४
आचरत्यात्मनः श्रेयः	१६	२२
आचार्यमुपसंगम्य	१	२
आचार्यान्मातुलान्भ्रातॄन्	१	२६
आचार्याः पितरः पुत्राः	१	३४
आचार्योपासनं शौचं	१३	७
आढ्योऽभिजनवानस्मि	१६	१५
आत्मन्येव च संतुष्टः	३	१७
आत्मन्येवात्मना तुष्टः	२	५५
आत्मवन्तं न कर्माणि	४	४१
आत्मवश्यैर्विधेयात्मा	२	६४
आत्मसंभाविताः स्तब्धा	१६	१७
आत्मसंयमयोगाग्नौ	४	२७
आत्मसंस्थं मनः कृत्वा	६	२५
आत्मैव ह्यात्मनो बंधुः	६	५
आत्मौपम्येन सर्वत्र	६	३२
आदित्यानामहं विष्णुः	१०	२१
आयंतवन्तः कौन्तेय	५	२२
आपूर्यमाणमचलप्रतिष्ठं	२	७०
आब्रह्मभुवनाल्लोकाः	८	१६
आयुधानामहं वज्रं	१०	२८
आयुःसत्त्वबलारोग्य-	१७	८
आरुरुक्षोर्मुनेर्योग	६	३
आर्तो जिज्ञासुरर्थार्थी	७	१६
आवृतं ज्ञानमेतेन	३	३९
आशापाशशतैर्बद्धाः	१६	१२
आश्चर्यवच्चैनमन्यः शृणोति	२	२९
आश्चर्यवत्पश्यति कश्चिदेनम्	२	२९
आश्वासयामास च भीतमेनं	११	५०
आसुरीं योनिमापन्ना	१६	२०
आस्थितः स हि युक्तात्मा	७	१८

श्लोकार्धप्रतीकः	अ.	श्लो.
आहारस्त्वपि सर्वस्य	१७	७
आहारा राजसस्येष्टा	१७	९
आहुस्त्वामृषयः सर्वे	१०	१३
इ		
इच्छाद्वेषसमुत्थेन	७	२७
इच्छा द्वेषः सुखं दुःखं	१३	६
इज्यते भरतश्रेष्ठ	१७	१२
इति क्षेत्रं तथा ज्ञानं	१३	१८
इति गुह्यतमं शास्त्रम्	१५	२०
इति ते ज्ञानमाख्यातं	१८	६३
इति मत्वा भजंते मां	१०	८
इति मां योऽभिजानाति	४	१४
इत्यर्जुनं वासुदेवस्तथोक्त्वा	११	५०
इत्यहं वासुदेवस्य	१८	७४
इदमद्य मया लब्धम्	१६	१३
इदमस्तीदमपि मे	१६	१३
इदं ज्ञानमुपाश्रित्य	१४	२
इदं तु ते गुह्यतमं	९	१
इदं ते नातपस्काय	१८	६७
इदं शरीरं कौंतेय	१३	१
इदानीमास्मि संवृत्तः	११	५१
इन्द्रियस्येंद्रियस्यार्थे	३	३४
इन्द्रियाणां मनश्चास्मि	१०	२२
इन्द्रियाणां हि चरतां	२	६७
इन्द्रियाणि दशैकं च	१३	५

श्लोकार्धप्रतीकः	अ.	श्लो.
इन्द्रियाणि पराण्याहुः	३	४२
इन्द्रियाणि प्रमाथीनि	२	६०
इन्द्रियाणि मनो बुद्धिः	३	४०
इन्द्रियाणीन्द्रियार्थेभ्यः	२	५८
" " "	२	६८
इन्द्रियाणीन्द्रियार्थेषु	५	९
इन्द्रियार्थान्विमूढात्मा	३	६
इन्द्रियार्थेषु वैराग्यम्	१३	८
इमं विवस्वते योगं	४	१
इषुभिः प्रतियोत्स्यामि	२	४
इष्टान् भोगान् हि वो देवा	३	१२
इष्टोऽसि मे दृढमिति	१८	६४
इहैकस्थं जगत् कृत्स्नं	११	७
इहैव तैर्जितः सर्गो	५	१९
ई		
ईक्षते योगयुक्तात्मा	६	२९
ईश्वरः सर्वभूतानां	१८	६१
ईश्वरोऽहमहं भोगी	१६	१४
ईहंते कामभोगार्थम्	१६	१२
उ		
उच्चैःश्रवसमश्वानां	१०	२७
उच्छिष्टमपि चामेध्यं	१७	१०
उत्क्रामंतं स्थितं वापि	१५	१०
उत्तमः पुरुषस्त्वन्यः	१५	१७
उत्सन्नकुलधर्माणां	१	४४

श्लोकार्धप्रतीक	अ	श्लो
अस्माक तु विशिष्टा ये	१	७
अहमात्मा गुडाकेश	१०	२०
अहमादिर्हि देवाना	१०	२
अहमादिश्च मध्य च	१०	२०
अहमेवाक्षय कालो	१०	३३
अहकार इतीय मे	७	४
अहकारविमूढा मा	३	२७
अहकार बल दर्प	१६	१८
" " "	१८	५३
अह कृत्स्नस्य जगत	७	६
अह क्रतुरह यज्ञ	९	१६
अह त्वा सर्वपापेभ्यो	१८	६६
अह वैश्वानरो भूत्वा	१५	१४
अह सर्वस्य प्रभवो	१०	८
अह हि सर्वयज्ञाना	९	२४
अहिंसा सत्यमक्रोध	१६	२
अहिंसा समता तुष्टि	१०	५
अहो बत महत्पाप	१	४५
आ		
आख्याहि मे को भवान्	११	३१
आगमापायिनोऽनित्या	२	१४
आचरत्यात्मन श्रेय	१६	२२
आचार्यमुपसगम्य	१	२
आचार्यान्मातुलान्भ्रातून्	१	२६
आचार्या पितर पुत्रा	१	३४
आचार्योपासन शौच	१३	७
आढ्योऽभिजनवानस्मि	१६	१५
आत्मन्येव च सतुष्ट	३	१७
आत्मन्येवात्मना तुष्ट	२	५५
आत्मवन्त न कर्माणि	४	४१
आत्मवश्यैर्विधेयात्मा	२	६४
आत्मसभाविता स्तब्धा	१६	१७
आत्मसयमयोगाग्नौ	४	२७
आत्मसस्थ मन कृत्वा	६	२५
आत्मैव ह्यात्मना बधु	६	५
आत्मौपम्येन सर्वत्र	६	३२
आदित्यानामह विष्णु	१०	२१
आद्यतवन्त कौन्तेय	५	२२
आपूर्यमाणमचलप्रतिष्ठ	२	७०
आब्रह्मभुवनाल्लोका	८	१६
आयुधानामह वज्र	१०	२८
आयु सत्त्वबलारोग्य	१७	८
आरुरुक्षोर्मुनेर्योग	६	३
आर्तो जिज्ञासुरर्थार्थी	७	१६
आवृत ज्ञानमतेन	३	३९
आशापाशशतैर्बद्धा	१६	१२
आश्चर्यवच्चैनमन्य शृणोति	२	२९
आश्चर्यवत्पश्यति कश्चिदेनम्	२	२९
आश्वासयामास च भीतमेन	११	५०
आसुरीं योनिमापन्ना	१६	२०
आस्थित स हि युक्तात्मा	७	१८

श्लोकार्धप्रतीकः	अ.	श्लो.
आहारस्त्वपि सर्वस्य	१७	७
आहारा राजसस्येष्टा	१७	९
आहुस्त्वामृषयः सर्वे	१०	१३
इ		
इच्छाद्वेषसमुत्थेन	७	२७
इच्छा द्वेषः सुखं दुःखं	१३	६
इज्यते भरतश्रेष्ठ	१७	१२
इति क्षेत्रं तथा ज्ञानं	१३	१८
इति गुह्यतमं शास्त्रम्	१५	२०
इति ते ज्ञानमाख्यातं	१८	६३
इति मत्वा भजंते मां	१०	८
इति मां योऽभिजानाति	४	१४
इत्यर्जुनं वासुदेवस्तथोक्त्वा	११	५०
इत्यहं वासुदेवस्य	१८	७४
इदमद्य मया लब्धम्	१६	१३
इदमस्तीदमपि मे	१६	१३
इदं ज्ञानमुपाश्रित्य	१४	२
इदं तु ते गुह्यतमं	९	१
इदं ते नातपस्काय	१८	६७
इदं शरीरं कौंतेय	१३	१
इदानीमस्मि संवृत्तः	११	५१
इन्द्रियस्येंद्रियस्यार्थे	३	३४
इन्द्रियाणां मनश्चास्मि	१०	२२
इन्द्रियाणां हि चरतां	२	६७
इन्द्रियाणि दशैकं च	१३	५
इन्द्रियाणि पराण्याहुः	३	४२
इन्द्रियाणि प्रमाथीनि	२	६०
इन्द्रियाणि मनो बुद्धिः	३	४०
इन्द्रियाणीन्द्रियार्थेभ्यः	२	५८
" " "	२	६८
इन्द्रियाणीन्द्रियार्थेषु	५	९
इन्द्रियार्थान्विमूढात्मा	३	६
इन्द्रियार्थेषु वैराग्यम्	१३	८
इमं विवस्वते योगं	४	१
इषुभिः प्रतियोत्स्यामि	२	४
इष्टान् भोगान् हि वो देवा	३	१२
इष्टोऽसि मे दृढमिति	१८	६४
इहैकस्थं जगत् कृत्स्नं	११	७
इहैव तैर्जितः सर्गो	५	१९
ई		
ईक्षते योगयुक्तात्मा	६	२९
ईश्वरः सर्वभूतानां	१८	६१
ईश्वरोऽहमहं भोगी	१६	१४
ईहंते कामभोगार्थम्	१६	१२
उ		
उच्चैःश्रवसमश्वानां	१०	२७
उच्छिष्टमपि चामेध्यं	१७	१०
उत्क्रामंतं स्थितं वापि	१५	१०
उत्तमः पुरुषस्त्वन्यः	१५	१७
उत्सन्नकुलधर्माणां	१	४४

श्लोकार्धप्रतीक	अ	श्लो.
कामक्रोधोद्भव वेगं	५	२३
काममाश्रित्य दुष्पूर	१६	१०
कामरूपेण कौंतेय	३	३९
कामात्मान स्वर्गपरा	२	४३
कामैस्तैस्तैर्हृतज्ञाना	७	२०
कामोपभोगपरमा	१६	११
काम्यानां कर्मणा न्यास	१८	२
कायेन मनसा बुद्ध्या	५	११
कारण गुणसंगोऽस्य	१३	२१
कार्पण्यदोषोपहतस्वभाव.	२	७
कार्यकारणकर्तृत्वे	१३	२०
कार्यते ह्यवश. कर्म	३	५
कार्यमित्येव यत्कर्म	१८	९
कालोऽस्मि लोकक्षयकृत्	११	३२
काश्यश्च परमेष्वासः	१	१७
किमाचार. कथं चैता	१४	२१
किरीटिन गदिन चक्रहस्तम्	११	४६
किरीटिनं गदिन चक्रिणं च	११	१७
किं कर्म किमकर्मेति	४	१६
किं तद्ब्रह्म किमध्यात्मं	८	१
किं नो राज्येन गोविन्द	१	३२
किं पुनर्ब्राह्मणाः पुण्याः	९	३३
कीर्तिः श्रीर्वाक्च नारीणां	१०	३४
कुतस्त्वा कश्मलमिद	२	२

श्लोकार्धप्रतीकः	अ.	श्लो.
कुरु कर्मैव तस्मात्त्व	४	१५
कुर्याद्विद्वांस्तथासक्त	३	२५
कुलक्षयकृत दोषं	१	३८
" " "	१	३९
कुलक्षये प्रणश्यंति	१	४०
कृपया परयाविष्टो	१	२८
कृषिगोरक्षवाणिज्य	१८	४४
केचिद्विलग्ना दशनान्तरेषु	११	२७
केशवार्जुनयो पुण्य	१८	७६
केषु केषु च भावेषु	१०	१७
कैर्मया सह योद्धव्यम्	१	२२
कैर्लिंगैस्त्रीन्गुणानेतान्	१४	२१
कौंतेय प्रतिजानीहि	९	३१
क्रियते तदिह प्रोक्तं	१७	१८
क्रियते बहुलायासं	१८	२४
क्रियाविशेषबहुलां	२	४३
क्रोधाद्भवति संमोहः	२	६३
क्लेशोऽधिकतरस्तेषाम्	१२	५
क्लैब्यं मा स्म गमः पार्थ	२	३

ग		
गच्छन्त्यपुनरावृत्तिं	५	१७
गतसंगस्य मुक्तस्य	४	२३
गतासूनगतासूंश्च	२	११
गतिर्भर्ता प्रभु. साक्षी	९	१८

श्लोकार्धप्रतीकः	अ.	श्लो.
गंधर्वयक्षासुरसिद्धसंघाः	११	२२
गंधर्वाणां चित्ररथः	१०	२६
गाण्डीवं स्रंसते हस्तात्	१	३०
गामाविश्य च भूतानि	१५	१३
गुणा गुणेषु वर्तत	३	२८
गुणानेतानतीत्य त्रीन्	१४	२०
गुणा वर्तन्त इत्येव	१४	२३
गुणेभ्यश्च परं वेत्ति	१४	१९
गुरूनहत्वा हि महानुभावान्	२	५
गृहीत्वैतानि संयाति	१५	८
च		
चतुर्विधा भजंते मां	७	१६
चंचलं हि मनः कृष्ण	६	३४
चातुर्वर्ण्यं मया सृष्टं	४	१३
चिंतामपरिमेया च	१६	११
चेतसा सर्वकर्माणि	१८	५७
छ		
छन्दांसि यस्य पर्णानि	१५	१
छित्त्वैनं संशयं योगम्	४	४२
छिन्नद्वैधा यतात्मानः	५	२५
ज		
जघन्यगुणवृत्तिस्थाः	१४	१८
जन्म कर्म च मे दिव्यं	४	९
जन्मबंधविनिर्मुक्ताः	२	५१
जन्ममृत्युजरादुःखैः	१४	२०
जन्ममृत्युजराव्याधि-	१३	८
जयोऽस्मि व्यवसायोऽस्मि	१०	३६
जरामरणमोक्षाय	७	२९
जहि शत्रुं महाबाहो	३	४३
जातस्य हि ध्रुवो मृत्युः	२	२७
जिज्ञासुरपि योगस्य	६	४४
जितात्मनः प्रशांतस्य	६	७
जीवनं सर्वभूतेषु	७	९
जीवभूतां महाबाहो	७	५
जोषयेत्सर्वकर्माणि	३	२६
ज्यायसी चेत्कर्मणस्ते	३	१
ज्योतिषामपि तज्ज्योतिः	१३	१७
ज्ञ		
ज्ञपाणां मकरश्चास्मि	१०	३१
त		
त इमेऽवस्थिता युद्धे	१	२२
तच्च संस्मृत्य संस्मृत्य	१८	७७
तत एव च विस्तारं	१३	३०
ततस्ततो नियम्यैतत्	६	२६
ततः पदं तत्परिमार्गितव्यं	१५	४
ततः शंखाश्च भेर्यश्च	१	१३
ततः श्वेतैर्हयैर्युक्ते	१	१४
ततः स विस्मयाविष्टो	११	१४
ततः स्वधर्मं कीर्तिं च	२	३३
ततो मां तत्त्वतो ज्ञात्वा	१८	५५

श्लोकार्धप्रतीकः	अ.	श्लो.
ततो युद्धाय युज्यस्व	२	३८
तत्किं कर्मणि घोरे मां	३	१
तत्क्षेत्रं यच्च यादृक्च	१३	३
तत्तदेवावगच्छ त्वं	१०	४१
तत्ते कर्म प्रवक्ष्यामि	४	१६
तत्त्ववित्तु महाबाहो	३	२८
तत्प्रसादात्परां शान्तिं	१८	६२
तत्र चान्द्रमसं ज्योतिः	८	२५
तत्र तं बुद्धिसंयोगं	६	४३
तत्र प्रयाता गच्छंति	८	२४
तत्र श्रीर्विजयो भूति-	१८	७८
तत्र सत्त्वं निर्मलत्वात्	१४	६
तत्रापश्यत्स्थितान्पार्थः	१	२६
तत्रैकस्थं जगत्कृत्स्नं	११	१३
तत्रैकाग्रं मनः कृत्वा	६	१२
तत्रैवं सति कर्तारं	१८	१६
तत्सुखं सात्त्विकं प्रोक्तं	१८	३७
तत्स्वयं योगसंसिद्धः	४	३८
तथा तवामी नरलोकवीरा	११	२८
तथा देहान्तरप्राप्तिः	२	१३
तथापि त्वं महाबाहो	२	२६
तथा प्रलीनस्तमसि	१४	१५
तथा शरीराणि विहाय जीर्णा-	२	२२
तथा सर्वाणि भूतानि	९	६
तथैव नाशाय विशन्ति लोका-	११	२९
तदर्थं कर्म कौन्तेय	३	९
तदस्य हरति प्रज्ञां	२	६७
तदहं भक्त्युपहृतम्	९	२६
तदा गंतासि निर्वेदं	२	५२
तदित्यनभिसंधाय	१७	२५
तदेकं वद निश्चित्य	३	२
तदेव मे दर्शय देव रूपं	११	४५
तद्वेत्तमविदा लोकान्	१४	१४
तद्बुद्धयस्तदात्मानः	५	१७
तद्वत्कामा यं प्रविशंति सर्वे	२	७०
तद्विद्धि प्रणिपातेन	४	३४
तन्निबध्नाति कौंतेय	१४	७
तपस्विभ्योऽधिको योगी	६	४६
तपाम्यहमहं वर्षं	९	१९
तमस्त्वज्ञानजं विद्धि	१४	८
तमस्येतानि जायन्ते	१४	१३
तमुवाच हृषीकेशः	२	१०
तमेव चाद्यं पुरुषं प्रपद्ये	१५	४
तमेव शरणं गच्छ	१८	६२
तयोर्न वशमागच्छेत्	३	३४
तयोस्तु कर्मसंन्यासात्	५	२
तस्माच्छास्त्रं प्रमाणं ते	१६	२४
तस्मात्त्वमिंद्रियाण्यादौ	३	४१
तस्मात्त्वमुत्तिष्ठ यशो	११	३३
तस्मात्प्रणम्य प्रणिधाय	११	४४
तस्मात्सर्वगतं ब्रह्म	३	१५
तस्मात्सर्वाणि भूतानि	२	३०

श्लोकार्धप्रतीकः	अ.	श्लो.
तस्मात्सर्वेषु कालेषु	८	७
" " "	८	२७
तस्मादज्ञानसंभूतं	४	४२
तस्मादपरिहार्येऽर्थे	२	२७
तस्मादसक्तः सततं	३	१९
तस्मादुत्तिष्ठ कौंतेय	२	३७
तस्मादेवं विदित्वैनं	२	२५
तस्मादोमित्युदाहृत्य	१७	२४
तस्मायुध्य महाबाहो	२	६८
तस्माद्योगाय युज्यस्व	२	५०
तस्मान्नार्हा वयं हंतुं	१	३७
तस्य कर्तारमपि मां	४	१३
तस्य तस्याचलां श्रद्धां	७	२१
तस्य संजनयन् हर्षं	१	१२
तस्याहं न प्रणश्यामि	६	३०
तस्याहं निग्रहं मन्ये	६	३४
तस्याहं सुलभः पार्थ	८	१४
तं तथा कृपयाविष्टम्	२	१
तं तमेवैति कौन्तेय	८	६
तं तं नियममास्थाय	७	२०
तं विद्याद्दुःखसंयोग-	६	२३
तानकृत्स्नविदो मंदान्	३	२९
तानहं द्विषतः क्रूरान्	१६	१९
तानि सर्वाणि संयम्य	२	६१
तान्यहं वेद सर्वाणि	४	५
तान्समीक्ष्य स कौंतेयः	१	२७

श्लोकार्धप्रतीकः	अ.	श्लो.
तावान्सर्वेषु वेदेषु	२	४६
तासां ब्रह्म महद्योनि-	१४	४
तुल्यनिंदास्तुतिर्मौनी	१२	१९
तुल्यप्रियाप्रियो धीरः	१४	२४
तेजः क्षमा धृतिः शौचम्	१६	३
तेजोभिरापूर्य जगत्समग्रं	११	३०
तेजोमयं विश्वमनंतमाद्यं	११	४७
ते तं भुक्त्वा स्वर्गलोकं	९	२१
ते द्वंद्वमोहनिर्मुक्ताः	७	२८
तेनैव रूपेण चतुर्भुजेन	११	४६
तेऽपि चातितरन्त्येव	१३	२५
तेऽपि मामेव कौंतेय	९	२३
ते पुण्यमासाद्य सुरेन्द्रलोकं	९	२०
ते प्राप्नुवंति मामेव	१२	४
ते ब्रह्म तद्विदुः कृत्स्नम्	७	२९
तेषामहं समुद्धर्ता	१२	७
तेषामादित्यवज्ज्ञानं	५	१६
तेषामेवानुकंपार्थम्	१०	११
तेषां ज्ञानी नित्ययुक्त	७	१७
तेषां नित्याभियुक्तानां	९	२२
तेषां निष्ठा तु का कृष्ण	१७	१
तेषां सततयुक्तानां	१०	१०
तैर्दत्तानप्रदायैभ्यो	३	१२
त्यक्त्वा कर्मफलासंगं	४	२०
त्यक्त्वा देहं पुनर्जन्म	४	९
त्यागाय च हृषीकेशो	१८	१

श्लोकार्धप्रतीक	अ	श्लो
त्यागी सत्त्वसमाविष्टो	१८	१०
त्यागो हि पुरुषव्याघ्र	१८	४
त्याज्य दोषवदित्येके	१८	३
त्रिभिर्गुणमयैर्भावै	७	१३
त्रिविध नरकस्येद	१६	२१
त्रिविधा भवति श्रद्धा	१७	२
त्रैगुण्यविषया वेदा	२	४५
त्रैविद्या मा सामपा	९	२०
त्वत्त कमलपत्राक्ष	११	२
त्वदन्य सशयस्यास्य	६	३९
त्वमक्षर परम वेदितव्य	११	१८
त्वमव्यय शाश्वतधर्मगोप्ता	११	१८
त्वमादिदेव पुरुष पुराण	११	३८
द		
दण्डो दमयतामस्मि	१०	३८
ददामि बुद्धियोग त	१०	१०
दम्भाहकारसयुक्ता	१७	५
दम्भो दर्पोऽभिमानश्च	१६	४
दया भूतेष्वलोलुप्त्व	१६	२
दर्शयामास पार्थाय	११	९
दष्ट्राकरालानि च ते	११	२५
दातव्यमिति यद्दान	१७	२०
दानक्रियाश्च विविधा	१७	२५
दानमीश्वरभावश्च	१८	४३
दान दमश्च यज्ञश्च	१६	१
दिवि सूर्यसहस्रस्य	११	१२

श्लोकार्धप्रतीक	अ	श्लो.
दिव्यमाल्याबरधर	११	११
दिव्य ददामि ते चक्षु	११	८
दिशो न जाने न लभे च शर्म	११	२५
दीयते च परिक्लिष्ट	१७	२१
दु खमित्येव यत्कर्म	१८	८
दु खेष्वनुद्विग्नमना	२	५६
दूरेण ह्यवर कर्म	२	४९
दृष्ट्वा तु पाडवानीक	१	२
दृष्ट्वाऽद्भुत रूपमुग्र तवेद	११	२०
दृष्ट्वा हि त्वां प्रव्यथितान्तरात्मा	११	२४
दृष्ट्वेद मानुष रूप	११	५१
दृष्ट्वेम स्वजन कृष्ण	१	२८
देवद्विजगुरुप्राज्ञ	१७	१४
देवा अप्यस्य रूपस्य	११	५२
देवान्देवयजो यान्ति	७	२३
देवान्भावयताऽनेन	३	११
देशे काले च पात्रे च	१७	२०
देहिनोऽस्मिन्यथा देहे	२	१३
देही नित्यमवध्योऽय	२	३०
दैवमेवापरे यज्ञ	४	२५
दैवी सपद्विमोक्षाय	१६	५
दैवी ह्येषा गुणमयी	७	१४
दैवो विस्तरश प्रोक्त	१६	६
दोषैरेतै कुलघ्नाना	१	४३
द्यावापृथिव्योरिदमन्तर हि	११	२०

श्लोकार्धप्रतीकः	अ.	श्लो.
-द्यूतं छलयतामस्मि	१०	३६
-द्रव्ययज्ञास्तपोयज्ञा	४	२८
-द्रष्टुमिच्छामि ते रूपं	११	३
-द्रुपदो द्रौपदेयाश्च	१	१८
-द्रोणं च भीष्मं च	११	३४
-द्वन्द्वैर्विमुक्ताः सुखदुःखसंज्ञैः	१५	५
-द्वाविमौ पुरुषौ लोके	१५	१६
-द्वौ भूतसर्गौ लोकेऽस्मिन्	१६	६
ध		
धर्मक्षेत्रे कुरुक्षेत्रे	१	१
-धर्मसंस्थापनार्थाय	४	८
-धर्माविरुद्धो भूतेषु	७	११
धर्मे नष्टे कुलं कृत्स्नम्	१	४०
-धर्म्याद्धि युद्धाच्छ्रेयोऽन्यत्	२	३१
-धार्तराष्ट्रस्य दुर्बुद्धेः	१	२३
-धार्तराष्ट्रा रणे हन्युः	१	४६
धूमेनाव्रियते वह्निः	३	३८
धूमो रात्रिस्तथा कृष्णः	८	२५
धृत्या यया धारयते	१८	३३
धृष्टकेतुश्चेकितानः	१	५
-धृष्टद्युम्नो विराटश्च	१	१७
-ध्यानयोगपरो नित्यं	१८	५२
-ध्यानात्कर्मफलत्यागः	१२	१२
-ध्यानेनात्मनि पश्यंति	१३	२४
-ध्यायतो विषयान्पुंसः	२	६२
न		
-न कर्तृत्वं न कर्माणि	५	१४
न कर्मणामनारंभात्	३	४
न कर्मफलसंयोगं	५	१४
न कांक्षे विजयं कृष्ण	१	३२
नकुलः सहदेवश्च	१	१६
न च तस्मान्मनुष्येषु	१८	६९
न च मत्स्थानि भूतानि	९	५
न च मां तानि कर्माणि	९	९
न च शक्नोम्यवस्थातुं	१	३०
न च श्रेयोऽनुपश्यामि	१	३१
न च संन्यसनादेव	३	४
न चातिस्वप्नशीलस्य	६	१६
न चाभावयतः शांतिः	२	६६
न चाशुश्रूषवे वाच्यं	१८	६७
न चास्य सर्वभूतेषु	३	१८
न चैतद्विद्मः कतरन्नो	२	६
न चैनं क्लेदयन्त्यापो	२	२३
न चैव न भविष्यामः	२	१२
न जायते म्रियते वा	२	२०
न तदस्ति पृथिव्यां वा	१८	४०
न तदस्ति विना यत्स्यात्	१०	३९
न तद्भासयते सूर्यो	१५	६
न तु मामभिजानन्ति	९	२४
न तु मां शक्यसे द्रष्टुम्	११	८
न त्वत्समोऽस्त्यभ्यधिकः कुतोऽन्यो	११	४३

श्लोकार्धप्रतीकः	अ	श्लो.
त्यागी सत्त्वसमाविष्टो	१८	१०
त्यागो हि पुरुषव्याघ्र	१८	४
त्याज्यं दोषवदित्येके	१८	३
त्रिभिर्गुणमयैर्भावैः	७	१३
त्रिविधं नरकस्येदं	१६	२१
त्रिविधा भवति श्रद्धा	१७	२
त्रैगुण्यविषया वेदा	२	४५
त्रैविद्या मां सोमपाः	९	२०
त्वत्तः कमलपत्राक्ष	११	२
त्वदन्यः संशयस्यास्य	६	३९
त्वमक्षरं परमं वेदितव्यं	११	१८
त्वमव्ययः शाश्वतधर्मगोप्ता	११	१८
त्वमादिदेवः पुरुषः पुराणः	११	३८
द		
दण्डो दमयतामस्मि	१०	३८
ददामि बुद्धियोगं तं	१०	१०
दम्भाहंकारसंयुक्ताः	१७	५
दम्भो दर्पोऽभिमानश्च	१६	४
दया भूतेष्वलोलुप्त्वं	१६	२
दर्शयामास पार्थाय	११	९
दंष्ट्राकरालानि च ते	११	२५
दातव्यमिति यद्दानं	१७	२०
दानक्रियाश्च विविधाः	१७	२५
दानमीश्वरभावश्च	१८	४३
दानं दमश्च यज्ञश्च	१६	१
दिवि सूर्यसहस्रस्य	११	१२

श्लोकार्धप्रतीकः	अ.	श्लो.
दिव्यमाल्यांबरधरं	११	११
दिव्यं ददामि ते चक्षुः	११	८
दिशो न जाने न लभे च शर्म	११	२५
दीयते च परिक्लिष्टं	१७	२१
दुःखमित्येव यत्कर्म	१८	८
दुःखेष्वनुद्विग्नमनाः	२	५६
दूरेण ह्यवरं कर्म	२	४९
दृष्ट्वा तु पांडवानीकं	१	२
दृष्ट्वाऽद्भुतं रूपमुग्रं तवेदं	११	२०
दृष्ट्वा हि त्वां प्रव्यथितान्तरात्मा	११	२४
दृष्ट्वेदं मानुषं रूपं	११	५१
दृष्ट्वेमं स्वजनं कृष्ण	१	२८
देवद्विजगुरुप्राज्ञ-	१७	१४
देवा अप्यस्य रूपस्य	११	५२
देवान्देवयजो यान्ति	७	२३
देवान्भावयताऽनेन	३	११
देशे काले च पात्रे च	१७	२०
देहिनोऽस्मिन्यथा देहे	२	१३
देही नित्यमवध्योऽयं	२	३०
दैवमेवापरे यज्ञं	४	२५
दैवी संपद्विमोक्षाय	१६	५
दैवी ह्येषा गुणमयी	७	१४
दैवो विस्तरशः प्रोक्तः	१६	६
दोषैरेतैः कुलघ्नानां	१	४३
द्यावापृथिव्योरिदमन्तरं हि	११	२०

श्लोकार्धप्रतीकः	अ.	श्लो.
प्रसादे सर्वदुःखानां	२	६५
प्रह्लादश्चास्मि दैत्यानां	१०	३०
प्राणापानगती रुद्ध्वा	४	२९
प्राणापानसमायुक्तः	१५	१४
प्राणापानौ समौ कृत्वा	५	२७
प्राधान्यतः कुरुश्रेष्ठ	१०	१९
प्राप्य पुण्यकृतां लोकान्	६	४१
प्रियो हि ज्ञानिनोऽत्यर्थम्	७	१७
प्रेतान्भूतगणांश्चान्ये	१७	४
प्रोच्यते गुणसङ्ख्याने	१८	१९
प्रोच्यमानमशेषेण	१८	२९
ब		
बन्धं मोक्षं च या वेत्ति	१८	३०
बन्धुरात्मात्मनस्तस्य	६	६
बलं बलवतामस्मि	७	११
बहवो ज्ञानतपसा	४	१०
बहिरन्तश्च भूतानां	१३	१५
बहुशाखा ह्यनन्ताश्च	२	४१
बहूदरं बहुदंष्ट्राकरालं	११	२३
बहूनां जन्मनामन्ते	७	१९
बहूनि मे व्यतीतानि	४	५
• बहून्यदृष्टपूर्वाणि	११	६
बाह्यस्पर्शेष्वसक्तात्मा	५	२१
बीजं मां सर्वभूतानां	७	१०
बुद्धियुक्तो जहातीह	२	५०
बुद्धियोगमुपाश्रित्य	१८	५७
बुद्धिर्ज्ञानमसंमोहः	१०	४
बुद्धिर्बुद्धिमतामस्मि	७	१०
बुद्धेर्भेदं धृतेश्चैव	१८	२९
बुद्धौ शरणमन्विच्छ	२	४९
बुद्ध्या युक्तो यया पार्थ	२	३९
बुद्ध्या विशुद्धया युक्तो	१८	५१
बृहत्साम तथा साम्नां	१०	३५
ब्रह्मचर्यमहिंसा च	१७	१४
ब्रह्मणो हि प्रतिष्ठाऽहम्	१४	२७
ब्रह्मण्याधाय कर्माणि	५	१०
ब्रह्मभूतः प्रसन्नात्मा	१८	५४
ब्रह्मसूत्रपदैश्चैव	१३	४
ब्रह्माग्नावपरे यज्ञं	४	२५
ब्रह्माणमीशं कमलासनस्थं	११	१५
ब्रह्मार्पणं ब्रह्म हविः	४	२४
ब्रह्मैव तेन गन्तव्यं	४	२४
ब्राह्मणक्षत्रियविशां	१८	४१
ब्राह्मणास्तेन वेदाश्च	१७	२३
भ		
भक्तिं मयि परां कृत्वा	१८	६८
भक्तोऽसि मे सखा चेति	४	३
भक्त्या त्वनन्यया शक्य	११	५४
भक्त्या मामभिजानाति	१८	५५
भजन्त्यनन्यमनसो	९	१३
भयाद्रणादुपरतं	२	३५
भवत्यत्यागिनां प्रेत्य	१८	१२
भवन्ति भावा भूतानां	१०	५

श्लोकार्धप्रतीकः	अ.	श्लो.
पश्यैतां पांडुपुत्राणाम्	१	३
पाञ्चजन्यं हृषीकेशो	१	१५
पापमेवाश्रयेदस्मान्	१	३६
पाप्मानं प्रजहि ह्येनं	३	४१
पार्थ नैवेह नामुत्र	६	४०
पिताऽसि लोकस्य चराचरस्य	११	४३
पिताऽहमस्य जगतो	९	१७
पितॄणामर्यमा चास्मि	१०	२९
पितेव पुत्रस्य सखेव सख्युः	११	४४
पुण्यो गंधः पृथिव्यां च	७	९
पुरुजित्कुंतिभोजश्च	१	५
पुरुषं शाश्वतं दिव्यं	१०	१२
पुरुषः प्रकृतिस्थो हि	१३	२१
पुरुषः स परः पार्थ	८	२२
पुरुषः सुखदुःखानां	१३	२०
पुरोधसां च मुख्यं मां	१०	२४
पुष्णामि चौषधीः सर्वाः	१५	१३
पूर्वाभ्यासेन तेनैव	६	४४
पृथक्त्वेन तु यज्ज्ञानं	१८	२१
पौण्ड्रं दध्मौ महाशङ्खं	१	१५
प्रकाशं च प्रवृत्तिं च	१४	२२
प्रकृतिं पुरुषं चैव	१३	१
" " "	१३	१९
प्रकृतिं यांति भूतानि	३	३३
प्रकृतिं स्वामधिष्ठाय	४	६
प्रकृतिं स्वामवष्टभ्य	९	८
प्रकृतेः क्रियमाणानि	३	२७
प्रकृतेर्गुणसंमूढाः	३	२९
प्रकृत्यैव च कर्माणि	१३	२९
प्रजनश्चास्मि कंदर्पः	१०	२८
प्रजहाति यदा कामान्	२	५५
प्रणम्य शिरसा देवम्	११	१४
प्रणवः सर्ववेदेषु	७	८
प्रत्यक्षावगमं धर्म्यं	९	२
प्रभान्त्युपकर्माणः	१६	९
प्रभवः प्रलयं स्थानं	९	१८
प्रमादमोहौ तमसः	१४	१७
प्रमादालस्यनिद्राभिः	१४	८
प्रयत्नाद्यतमानस्तु	६	४५
प्रयाणकाले च कथं	८	२
प्रयाणकालेऽपि च मां	७	३०
प्रयाणकाले मनसाऽचलेन	८	१०
प्रयाता यांति तं कालं	८	२३
प्रलपन्विसृजन्गृह्णन्	५	९
प्रवर्तन्ते विधानोक्ता	१७	२४
प्रवृत्तिं च निवृत्तिं च	१६	७
" " "	१८	३०
प्रवृत्ते शस्त्रसंपाते	१	२०
प्रशस्ते कर्मणि तथा	१७	२६
प्रशांतमनसं ह्येनं	६	२७
प्रशांतात्मा विगतभीः	६	१४
प्रसक्ताः कामभोगेषु	१६	१६
प्रसङ्गेन फलाकांक्षी	१८	३४
प्रसन्नचेतसो ह्याशु	२	६५

श्लोकार्धप्रतीकः	अ.	श्लो.
प्रसादे सर्वदुःखानां	२	६५
प्रह्लादश्चास्मि दैत्यानां	१०	३०
प्राणापानतागती रुध्वा	४	२९
प्राणापानसमायुक्तं	१५	१४
प्राणापानौ समौ कृत्वा	५	२७
प्राधान्यतः कुरुश्रेष्ठ	१०	१९
प्राप्य पुण्यकृतांल्लोकान्	६	४१
प्रियो हि ज्ञानिनोऽत्यर्थम्	७	१७
प्रेतान्भूतगणांश्चान्ये	१७	४
प्रोच्यते गुणसङ्ख्याने	१८	१९
प्रोच्यमानमशेषेण	१८	२९
ब		
बन्धं मोक्षं च या वेत्ति	१८	३०
बन्धुरात्मात्मनस्तस्य	६	६
बलं बलवतामस्मि	७	११
बहवो ज्ञानतपसा	४	१०
बहिरंतश्च भूतानां	१३	१५
बहुशाखा ह्यनंताश्च	२	४१
बहूदरं बहुदंष्ट्राकरालं	११	२३
बहूनां जन्मनामंते	७	१९
बहूनि मे व्यतीतानि	४	५
बहून्यदृष्टपूर्वाणि	११	६
बाह्यस्पर्शेष्वसक्तात्मा	५	२१
बीजं मां सर्वभूतानां	७	१०
बुद्धियुक्तो जहातीह	२	५०
बुद्धियोगमुपाश्रित्य	१८	५७
बुद्धिर्ज्ञानमसंमोहः	१०	४

श्लोकार्धप्रतीकः	अ.	श्लो.
बुद्धिर्बुद्धिमतामस्मि	७	१०
बुद्धेर्भेदं धृतेश्चैव	१८	२९
बुद्धौ शरणमन्विच्छ	२	४९
बुद्ध्या युक्तो यया पार्थ	२	३९
बुद्ध्या विशुद्धया युक्तो	१८	५१
बृहत्साम तथा साम्नां	१०	३५
ब्रह्मचर्यमहिंसा च	१७	१४
ब्रह्मणो हि प्रतिष्ठाऽहम्	१४	२७
ब्रह्मण्याधाय कर्माणि	५	१०
ब्रह्मभूतः प्रसन्नात्मा	१८	५४
ब्रह्मसूत्रपदैश्चैव	१३	४
ब्रह्मात्मावपरे यज्ञं	४	२५
ब्रह्माणमीशं कमलासनस्थं	११	१५
ब्रह्मार्पणं ब्रह्म हविः	४	२४
ब्रह्मैव तेन गन्तव्यं	४	२४
ब्राह्मणक्षत्रियविशां	१८	४१
ब्राह्मणास्तेन वेदाश्च	१७	२३
म		
मक्तिं मयि परां कृत्वा	१८	६८
भक्तोऽसि मे सखा चेति	४	३
भक्त्या त्वनन्यया शक्य	११	५४
भक्त्या मामभिजानाति	१८	५५
भजन्त्यनन्यमनसो	९	१३
भयाद्रणादुपरतं	२	३५
भवत्यत्यागिनां प्रेत्य	१८	१२
भवन्ति भावा भूतानां	१०	५

श्लोकार्धप्रतीकः	अ.	श्लो
भवन्ति संपदं दैवीम्	१६	३
भवान् भीष्मश्च कर्णश्च	१	८
भवाप्ययौ हि भूतानां	११	२
भवामि न चिरात्पार्थ	१२	७
भविता न च मे तस्मात्	१८	६९
भविष्याणि च भूतानि	७	२६
भावसंशुद्धिरित्येतत्	१७	१६
भीष्मद्रोणप्रमुखतः	१	२५
भीष्ममेवाभिरक्षन्तु	१	११
भीष्मो द्रोणः सूतपुत्रस्तथा.	११	२६
भुञ्जते ते त्वघं पापा	३	१३
भूतग्राममिमं कृत्स्नं	९	८
भूतग्रामः स एवायं	८	१९
भूतप्रकृतिमोक्षं च	१३	३४
भूतभर्तृ च तज्ज्ञेयं	१३	१६
भूतभावन भूतेश	१०	१५
भूतभावोद्भवकरो	८	३
भूतभृन्न च भूतस्थो	९	५
भूतानि यांति भूतेज्या	९	२५
भूमिरापोऽनलो वायुः	७	४
भूय एव महाबाहो	१०	१
भूयः कथय तृप्तिर्हि	१०	१८
भोक्तारं यज्ञतपसां	५	२९
भोगैश्वर्यप्रसक्तानां	२	४४
भ्रामयन्सर्वभूतानि	१८	६१
भ्रुवोर्मध्ये प्राणमावेश्य सम्यक्	८	१०

श्लोकार्धप्रतीकः	अ.	श्लो.
म		
मच्चित्तः सर्वदुर्गाणि	१८	५८
मच्चित्ता मद्गतप्राणाः	१०	९
मत्कर्मकृन्मत्परमो	११	५५
मत्त एवेति तान्विद्धि	७	१२
मत्तः परतरं नान्यत्	७	७
मत्प्रसादादवाप्नोति	१८	५६
मत्स्थानि सर्वभूतानि	९	४
मदनुग्रहाय परमं	११	१
मदर्थमपि कर्माणि	१२	१०
मद्भक्त एतद्विज्ञाय	१३	१८
मद्भावा मानसा जाता	१०	६
मनःप्रसादः सौम्यत्वं	१७	१६
मनसस्तु परा बुद्धिः	३	४२
मनसैवेन्द्रियग्रामं	६	२४
मनःषष्ठानीन्द्रियाणि	१५	७
मनः संयम्य मच्चित्तो	६	१४
मनुष्याणां सहस्रेषु	७	३
मन्त्रोऽहमहमेवाज्यं	९	१६
मन्मना भव मद्भक्तो	९	३४
" "	१८	६५
मन्यसे यदि तच्छक्यं	११	४
मम देहे गुडाकेश	११	७
मम योनिर्महद्ब्रह्म	१४	३
मम वर्त्मानुवर्तन्ते	३	२३
" "	४	११
ममैवांशो जीवलोके	१५	७

श्लोकार्धप्रतीकः	अः	श्लो.
मया ततमिदं सर्वं	९	४
मयाध्यक्षेण प्रकृतिः	९	१०
मया प्रसन्नेन तवार्जुनेदं	११	४७
मया हतास्त्वं जहि मा व्यथिष्ठाः	११	३४
मयि चानन्ययोगेन	१३	१०
मयि सर्वमिदं प्रोतं	७	७
मयि सर्वाणि कर्माणि	३	३०
मयैवैते निहताः पूर्वमेव	११	३३
मय्यर्पितमनोबुद्धिः	८	७
" "	१२	१४
मय्यावेश्य मनो ये मां	१२	२
मय्यासक्तमनाः पार्थ	७	१
मय्येव मन आधत्स्व	१२	८
मरीचिर्मरुतामस्मि	१०	२१
महर्षयः सप्त पूर्वे	१०	६
महर्षीणां भृगुरहं	१०	२५
महात्मानस्तु मां पार्थ	९	१३
महाभूतान्यहंकारो	१३	५
महाशनो महापाप्मा	३	३७
मा कर्मफलहेतुर्भूः	२	४७
*मातुलाः श्वसुराः पौत्राः	१	३४
मा ते व्यथा मा च विमूढभावो	११	४९
मात्रास्पर्शास्तु कौंतेय	२	१४
माधवः पांडवश्चैव	१	१४
मानापमानयोस्तुल्यः	१४	२५

श्लोकार्धप्रतीकः	अ.	श्लो.
मामकाः पांडवाश्चैव	१	१
मामप्राप्यैव कौन्तेय	१६	२०
मामात्मपरदेहेषु	१६	१८
मामुपेत्य तु कौन्तेय	८	१६
म मुपेत्य पुनर्जन्म	८	१५
मामेव ये प्रपद्यंते	७	१४
मामेवैष्यसि युक्त्वैवम्	९	३४
मामेवैष्यसि सत्यं ते	१८	६५
मायया ऽपहृतज्ञाना	७	१५
मा शुचः संपदं दैवीम्	१६	५
मासाना मार्गशीर्षोऽहं	१०	३५
मा च योऽव्यभिचारेण	१४	२६
मां चैवान्तःशरीरस्थं	१७	६
मां हि पार्थ व्यपाश्रित्य	९	३२
मिथ्यैष व्यवसायस्ते	१८	५९
मुक्तसंगोऽनहंवादी	१८	२६
मुनीनामप्यहं व्यासः	१०	३७
मूढग्राहेणात्मनो यत्	१७	१९
मूढोऽयं नाभिजानाति	७	२५
मूर्ध्न्याधायात्मनः प्राणम्	८	१२
मृगाणां च मृगेन्द्रोऽहं	१०	३०
मृत्युः सर्वहराश्चाहं	१०	३४
मोघाशा मोघकर्माणः	९	१२
मोहात्तस्य परित्यागः	१८	७
मोहादारभ्यते कर्म	१८	२५
मोहाद् गृहीत्वाऽसद्ग्राहान्	१४	१०
मोहितं नाभिजानाति	७	१३

श्लोकार्धप्रतीकः	अ.	श्लो.
मौनं चैवास्मि गुह्यानां	१०	३८
य		
य इदं परमं गुह्यं	१८	६८
य एनं वेत्ति हंतारं	२	१९
य एवं वेत्ति पुरुषं	१३	२३
यज्ये दास्यामि मोदिष्य	१६	१५
यच्चंद्रमसि यच्चाग्नौ	१५	१२
यच्चापि सर्वभूतानां	१०	३९
यच्चावहासार्थमसत्कृतोऽसि	११	४२
यच्छ्रेय एतयोरेकं	५	१
यच्छ्रेयः स्यान्निश्चितं ब्रूहि	२	७
यजन्ते नामयज्ञैस्ते	१६	१७
यजन्ते सात्त्विका देवान्	१७	४
यज्ज्ञात्वा न पुनर्मोहं	४	३५
यज्ज्ञात्वा नेह भूयोऽन्यत्	७	२
यज्ज्ञात्वा मुनयः सर्वे	१४	१
यज्ञदानतपःकर्म	१८	३
" " "	१८	५
यज्ञशिष्टामृतभुजो	४	३१
यज्ञशिष्टाशिनः संतो	३	१३
यज्ञस्तपस्तथा दानं	१७	७
यज्ञाद्भवति पर्जन्यो	३	१४
यज्ञानां जपयज्ञोऽस्मि	१०	२५
यज्ञायाचरतः कर्म	४	२३
यज्ञार्थात्कर्मणोऽन्यत्र	३	९
यज्ञे तपसि दाने च	१७	२७

श्लोकार्धप्रतीकः	अ.	श्लो.
यज्ञो दानं तपश्चैव	१८	५
यततामपि सिद्धानां	७	३
यतते च ततो भूयः	६	४३
यततो ह्यपि कौंतेय	२	६०
यतन्तोऽप्यकृतात्मानो	१५	११
यतन्तो योगिनश्चैनम्	१५	११
यतः प्रवृत्तिर्भूतानां	१८	४६
यतेंद्रियमनोबुद्धिः	५	२८
यतो यतो निश्चरति	६	२६
यत्करोषि यदश्नासि	९	२७
यत्तदग्रे विषमिव	१८	३७
यत्तपस्यसि कौन्तेय	९	२७
यत्तु कामेप्सुना कर्म	१८	२४
यत्तु कृत्स्नवदेकस्मिन्	१८	२२
यत्तु प्रत्युपकारार्थं	१७	२१
यत्तेऽहं प्रीयमाणाय	१०	१
यत्त्वयोक्तं वचस्तेन	११	१
यत्र काले त्वनावृत्तिम्	८	२३
यत्र चैवात्मनात्मान	६	२०
यत्र योगेश्वरः कृष्णो	१८	७८
यत्रोपरमते चित्त	६	२०
यत्सांख्यैः प्राप्यते स्थानं	५	५
यथाकाशस्थितो नित्यं	९	६
यथा दीपो निवातस्थो	६	१९
यथा नदीनां बहवोऽम्बुवेगाः	११	२८
यथा प्रकाशयत्येकः	१३	३४

श्लोकार्धप्रतीकः	अ.	श्लो.
यथा प्रदीप्तं ज्वलनं पतङ्गाः	११	२९
यथा सर्वगतं सौक्ष्म्यात्	१३	३२
यथैधांसि समिद्धोऽग्निः	४	३७
यथोल्बेनावृतो गर्भः	३	३८
यदक्षरं वेदविदो वदंति	८	११
यदग्रे चानुबंधे च	१८	३९
यदहंकारमाश्रित्य	१८	५९
यदा ते मोहकलिलं	२	५२
यदादित्यगतं तेजो	१५	१२
यदा भूतपृथग्भावं	१३	३०
यदा यदा हि धर्मस्य	४	७
यदा विनियतं चित्तं	६	१८
यदा सत्त्वे प्रवृद्धे तु	१४	१४
यदा संहरते चायं	२	५८
यदा हि नेंद्रियार्थेषु	६	४
यद्दिच्छन्तो ब्रह्मचर्यं चरन्ति	८	११
यद्दि भाः सदृशी सा स्यात्	११	१२
यद्दि मामप्रतीकारम्	१	४६
यद्दि ह्यहं न वर्तेयं	३	२३
यदृच्छया चोपपन्नं	२	३२
यदृच्छालाभसंतुष्टो	४	२२
यद्गत्वा न निवर्तन्ते	१५	६
यद्यदाचरति श्रेष्ठः	३	२१
यद्यद्विभूतिमत्सत्त्वं	१०	४१
यद्यप्येते न पश्यंति	१	३८
यद्राज्यसुखलोभेन	१	४५

श्लोकार्धप्रतीकः	अ.	श्लो.
यया तु धर्मकामार्थान्	१८	३४
यया धर्ममधर्मं च	१८	३१
यया स्वप्नं भयं शोकं	१८	३५
यष्टव्यमेवेति मनः	१७	११
यस्तुकर्मफलत्यागी	१८	११
यस्त्वात्मरतिरेव स्यात्	३	१७
यस्त्विंद्रियाणि मनसा	३	७
यस्मात्क्षरमतीतोऽहम्	१५	१८
यस्मान्नोद्विजते लोको	१२	१५
यस्मिन्स्थितो न दुःखेन	६	२२
यस्य नाहंकृतो भावो	१८	१७
यस्य सर्वे समारंभाः	४	१९
यस्यान्तःस्थानि भूतानि	८	२२
यस्यां जाग्रति भूतानि	२	६९
यं प्राप्य न निवर्तन्ते	८	२१
यं यं वापि स्मरन्भावं	८	६
यं लब्ध्वा चापरं लाभं	६	२२
यं संन्यासमिति प्राहुः	६	२
यं हि न व्यथयन्त्येते	२	१५
यः पश्यति तथात्मानं	१३	२९
यः प्रयाति त्यजन्देहं	८	१३
यः प्रयाति स मद्भावं	८	५
यः शास्त्रविधिमुत्सृज्य	१६	२३
यः सर्वत्रानभिस्नेहः	२	५७
यः स सर्वेषु भूतेषु	८	२०
यातयामं गतरसं	१७	१०
या निशा सर्वभूतानां	२	६९

श्लोकार्धप्रतीक	अ.	श्लो
यानेव हत्वा न जिजीविषामः	२	६
यान्ति देवव्रता देवान्	९	२५
याभिर्विभूतिभिर्लोकान्	१०	१६
यामिमां पुष्पिता वाच	२	४२
याव सञ्जायते किंचित्	१३	२६
यावदेतान्निरीक्षेऽहं	१	२२
यावानर्थ उदपाने	२	४६
युक्त इत्युच्यते योगी	६	८
युक्तस्वप्नावबोधस्य	६	१७
युक्त कर्मफल त्यक्त्वा	५	१२
युक्ताहारविहारस्य	६	१७
युञ्जन्नेव सदात्मान	६	१५
,, ,, ,,	६	२८
युधामन्युश्च विक्रान्त	१	६
युयुधानो विराटश्च	१	४
ये चाप्यक्षरमव्यक्त	१२	१
ये चैव सात्त्विका भावा	७	१२
ये तु धर्म्यामृतमिद	१२	२०
ये तु सर्वाणि कर्माणि	१२	६
ये त्वक्षरमनिर्देश्य	१२	३
ये त्वेतदभ्यसूयतो	३	३२
येन भूतान्यशेषेण	४	३५
येऽप्यन्यदेवताभक्ता	९	२३
ये भजन्ति तु मा भक्त्या	९	२९
ये मे मतमिद नित्यम्	३	३१
ये यथा मा प्रपद्यन्ते	४	११

श्लोकार्धप्रतीक	अ	श्लो
ये शास्त्रविधिमुत्सृज्य	१७	१
येषामर्थे काङ्क्षितं नो	१	३३
येषा च त्व बहुमतो	२	३५
येषां त्वतगत पापं	७	२८
ये हि सस्पर्शजा भोगा	५	२२
योगयुक्तो मुनिर्ब्रह्म	५	६
योगयुक्तो विशुद्धात्मा	५	७
योगसन्न्यस्तकर्माणं	४	४१
योगस्थ कुरु कर्माणि	२	४८
योग योगेश्वरात्कृष्णात्	१८	७५
योगारूढस्य तस्यैव	६	३
योगिन कर्म कुर्वन्ति	५	११
योगिनामपि सर्वेषा	६	४७
योगिनो यतचित्तस्य	६	१९
योगी युञ्जीत सतत	६	१०
योगेनाव्यभिचारिण्या	१८	३३
योगेश्वर ततो मे त्वं	११	४
योत्स्यमानानवेक्षेऽहं	१	२३
यो न हृष्यति न द्वेष्टि	१२	१७
योऽन्त सुखोत्तरारामः	५	२४
यो मामजमनादिं च	१०	३
यो मामेवमसंमूढो	१५	१९
यो मा पश्यति सर्वत्र	६	३०
योऽय योगस्त्वया प्रोक्तः	६	३३
यो यो या या तनुं भक्तः	७	२१
यो लोकत्रयमाविश्य	१५	१७

श्लोकार्धप्रतीकः	अ.	श्लो.
र		
रक्षांसि भीतानि दिशो द्रवन्ति	११	३६
रजसस्तु फलं दुःखं	१४	१६
रजसि प्रलयं गत्वा	१४	१५
रजस्तमश्चाभिभूय	१४	१०
रजस्येतानि जायंते	१४	१२
रजः सत्त्वं तमश्चैव	१४	१०
रजो रागात्मकं विद्धि	१४	७
रसवर्जं रसोऽप्यस्य	२	५९
रसोऽहमप्सु कौंतेय	७	८
रस्याः स्निग्धाः स्थिरा हृद्या	१७	८
राक्षसीमासुरीं चैव	९	१२
रागद्वेषवियुक्तैस्तु	२	६४
रागी कर्मफलप्रेप्सुः	१८	२७
राजन् संस्मृत्य संस्मृत्य	१८	७६
राज विद्या राजगुह्यं	९	२
रात्रिं युगसहस्रान्तां	८	१७
रात्र्यागमे प्रलीयन्ते	८	१८
रात्र्यागमेऽवशः पार्थ	८	१९
रुद्राणां शंकरश्चास्मि	१०	२३
रुद्रादित्या वसवो ये च	११	२२
रूपं महत्ते बहुवक्त्रनेत्रं	११	२३
ल		
लभते च ततः कामान्	७	२२
लभंते ब्रह्मनिर्वाणं	५	२५
लिप्यते न स पापेन	५	१०

श्लोकार्धप्रतीकः	अ.	श्लो.
लोलिह्यसे ग्रसमानः	११	३०
लोकसंग्रहमेवापि	३	२०
लोकेऽस्मिन्द्विविधा निष्ठा	३	३
लोभः प्रवृत्तिरारंभः	१४	१२
व		
वक्तुमर्हस्यशेषेण	१०	१६
वक्त्राणि ते त्वरमाणा	११	२७
वशे हि यस्येन्द्रियाणि	२	६१
वश्यात्मना तु यतता	६	३६
वसूनां पावकश्चास्मि	१०	२३
वायुर्यमोऽग्निर्वरुणः	११	३९
वासांसि जीर्णानि यथा	२	२२
वासुदेवः सर्वमिति	७	१९
विकारांश्च गुणांश्चैव	१३	१९
विगतेच्छाभयक्रोधो	५	२८
विज्ञातुमिच्छामि भवंतमाद्यं	११	३१
विद्याविनयसंपन्ने	५	१८
विधिहीनमसृष्टान्नं	१७	१३
विनश्यत्स्वविनश्यन्तं	१३	२७
विनाशमव्ययस्यास्य	२	१७
विमुच्य निर्ममः शान्तो	१८	५३
विमूढा नानुपश्यन्ति	१५	१०
विष्टभ्याहमिदं कृत्स्नम्	१०	४२
विवस्वान् मनवे प्राह	४	१
विविक्तदेशसेवित्वम्	१३	१०
विविक्तसेवी लघ्वाशी	१८	५२

श्लोकार्धप्रतीकः	अ.	श्लो.
विविधाश्च पृथक्चेष्टाः	१८	१४
विषया विनिवर्तन्ते	२	५९
विषयेंद्रियसंयोगात्	१८	३८
विषादी दीर्घसूत्री च	१८	२८
विषीदन्तमिदं वाक्य	२	१
विष्टभ्याहमिदं कृत्स्नं	१०	४२
विसृज्य सशरं चापं	१	४७
विस्तरेणात्मनो योगं	१०	१८
विस्मयो मे महान् राजन्	१८	७७
विहाय कामान्यः सर्वान्	२	७१
वीतरागभयक्रोधः	२	५६
वीतरागभयक्रोधा	४	१०
वृष्णीनां वासुदेवोऽस्मि	१०	३७
वेत्तासि वेद्यं च परं च धाम	११	३८
वेत्ति यत्र न चैवायं	६	२१
वेत्ति सर्वेषु भूतेषु	१८	२१
वेदवादरताः पार्थ	२	४२
वेदानां सामवेदोऽस्मि	१०	२२
वेदाविनाशिनं नित्यं	२	२१
वेदाहं समतीतानि	७	२६
वेदेषु यज्ञेषु तपःसु चैव	८	२८
वैश्वश्च सर्वस्यहमेव वेद्यो	१५	१५
वेद्यं पवित्रमोंकारः	९	१७
वेपथुश्च शरीरे मे	१	२९
व्यपेतभीः प्रीतमनाः पुनस्त्वं	११	४९
व्यवसायात्मिका बुद्धिः	२	४१
" "	२	४४

श्लोकार्धप्रतीकः	अ.	श्लो.
व्यामिश्रेणेव वाक्येन	३	२
व्यासप्रसादाच्छ्रुतवान्	१८	७५
व्यूढां द्रुपदपुत्रेण	१	३
श		
शक्नोतीहैव यः सोढुम्	५	२३
शक्य एवंविधो द्रष्टुं	११	५३
शनैः शनैरुपरमेत्	६	२५
शब्दादीन्विषयानन्य	४	२६
शब्दादीन्विषयांस्त्यक्त्वा	१८	५१
शमो दमस्तपः शौचं	१८	४२
शरीरयात्रापि च ते	३	८
शरीरवाङ्मनोभिर्यत्	१८	१५
शरीरस्थोऽपि कौन्तेय	१३	३१
शरीरं यदवाप्नोति	१५	८
शान्तिं निर्वाणपरमां	६	१५
शारीरं केवलं कर्म	४	२१
शाश्वतस्य च धर्मस्य	१४	२७
शीतोष्णसुखदुःखेषु	६	७
" "	१२	१८
शुक्लकृष्णे गती ह्येते	८	२६
शुचीनां श्रीमतां गेहे	६	४१
शुचौ देशे प्रतिष्ठाप्य	६	११
शुनि चैव श्वपाके च	५	१८
शुभाशुभपरित्यागी	१२	१७
शुभाशुभफलैरेवं	९	२८
शौर्यं तेजो धृतिर्दाक्ष्यं	१८	४३
श्रद्धावान् लभते ज्ञानं	१२	२०

श्लोकार्धप्रतीकः	अ.	श्लो.
श्रद्धया परया तप्तं	१७	१७
श्रद्धया परयोपेताः	१२	२
श्रद्धामयोऽयं पुरुषो	१७	३
श्रद्धावन्तोऽनसूयन्तो	३	३१
श्रद्धावाननसूयश्च	१८	७१
श्रद्धावान्भजते यो मां	६	४७
श्रद्धावॉल्लभते ज्ञानं	४	३९
श्रद्धाविरहितं यज्ञं	१७	१३
श्रुतिविप्रतिपन्ना ते	२	५३
श्रेयान्द्रव्यमयाद्यज्ञात्	४	३३
श्रेयान्स्वधर्मो विगुणः	३	३५
" " "	१८	४७
श्रेयो हि ज्ञानमभ्यासात्	१२	१२
श्रोत्रं चक्षुः स्पर्शनं च	१५	९
श्रोत्रादीनीन्द्रियाण्यन्ये	४	२६
श्वशुरान्सुहृदश्चैव	१	२७
स		
स एवायं मया तेऽद्य	४	३
स कालेनेह महता	४	२
स कृत्वा राजसं त्यागं	१८	८
सक्ताः कर्मण्यविद्वांसो	३	२५
सखेति मत्वा प्रसभं	११	४१
स गुणान्समतीत्यैतान्	१४	२६
स घोषो धार्तराष्ट्राणां	१	१९
स च यो यत्प्रभावश्च	१३	३
सततं कीर्तयंतो मां	९	१४
स तया श्रद्धया युक्तो	७	२२

श्लोकार्धप्रतीकः	अ.	श्लो.
सत्कारमानपूजार्थं	१७	१८
सत्त्वं प्रकृतिजैर्मुक्तं	१८	४०
सत्त्वं रजस्तम इति	१४	५
सत्त्वं सुखे संजयति	१४	९
सत्त्वात्संजायते ज्ञानं	१४	१७
सत्त्वानुरूपा सर्वस्य	१७	३
सदृशं चेष्टते स्वस्याः	३	३३
सद्भावे साधुभावे च	१७	२६
स निश्चयेन योक्तव्यो	६	२३
स बुद्धिमान्मनुष्येषु	४	१८
स ब्रह्मयोगयुक्तात्मा	५	२१
समदुःखसुखं धीरं	२	१५
समदुःखसुखः स्वस्थः	१४	२४
समं कायशिरोग्रीवं	६	१३
समं पश्यन्हि सर्वत्र	१३	२८
समं सर्वेषु भूतेषु	१३	२७
समः शत्रौ च मित्रे च	१२	१८
समः सर्वेषु भूतेषु	१८	५४
समः सिद्धावसिद्धौ च	४	२२
समाधावचला बुद्धिः	२	५३
समासेनैव कौंतेय	१८	५०
समोऽहं सर्वभूतेषु	९	२९
स यत्प्रमाणं कुरुते	३	२१
स योगी ब्रह्मनिर्वाणं	५	२४
सर्गाणामादिरंतश्च	१०	३२
सर्गेऽपि नोपजायन्ते	१४	२

श्लोकार्धप्रतीकः	अ.	श्लो.
सर्वकर्मफलत्यागं	१२	११
" " "	१८	२
सर्वकर्माणि मनसा	५	१३
सर्वकर्माण्यपि सदा	१८	५६
सर्वगुह्यतमं भूयः	१८	६४
सर्वज्ञानविमूढांस्तान्	३	३२
सर्वतः पाणिपाद तत्	१३	१३
सर्वतः श्रुतिमल्लोके	१३	१३
सर्वत्रगमचिन्त्यं च	१२	३
सर्वत्रावस्थितो देहे	१३	३२
सर्वथा वर्तमानोऽपि	१३	२३
" " "	६	३१
सर्वद्वाराणि संयम्य	८	१२
सर्वद्वारेषु देहेऽस्मिन्	१४	११
सर्वधर्मान्परित्यज्य	१८	६६
सर्वभूतस्थमात्मानं	६	२९
सर्वभूतस्थितं यो मां	६	३१
सर्वभूतात्मभूतात्मा	५	७
सर्वभूतानि कौंतेय	९	७
सर्वभूतानि संमोहं	७	२७
सर्वभूतेषु येनैक	१८	२०
सर्वमेतदृतं मन्ये	१०	१४
सर्वयोनिषु कौंतेय	१४	४
सर्वसंकल्पसंन्यासी	६	४
सर्वस्य चाहं हृदि	१५	१५

श्लोकार्धप्रतीकः	अ.	श्लो.
सर्वस्य धातारमचिन्त्यरूपम्	८	९
सर्वं कर्माखिलं पार्थ	४	३३
सर्वं ज्ञानप्लवेनैव	४	३६
सर्वाणींद्रियकर्माणि	४	२७
सर्वारंभपरित्यागी	१४	२५
" " "	१२	१६
सर्वारंभा हि दोषेण	१८	४८
सर्वार्थान्विपरीतांश्च	१८	३२
सर्वाश्चर्यमयं देवम्	११	११
सर्वेंद्रियगुणाभासं	१३	१४
सर्वेऽप्येते यज्ञविदो	४	३०
स सर्वविद्भजति मां	१५	१९
स संन्यासी च योगी च	६	१
सहजं कर्म कौंतेय	१८	४८
सहयज्ञाः प्रजाः सृष्ट्वा	३	१०
सहस्रैवाम्यहन्यंत	१	१३
सहस्रयुगपर्यंतं	८	१७
संकरस्य च कर्ता स्याम्	३	२४
संकरो नरकायैव	१	४२
संकल्पप्रभवान्कामान्	६	२४
संगं त्यक्त्वा फलं चैव	१८	९
संगात्संजायते कामः	२	६२
संतुष्टः सततं योगी	१२	१४
संनियम्येंद्रियग्रामं	१२	४
संन्यासयोगयुक्तात्मा	९	२८
संन्यासस्तु महाबाहो	५	६
संन्यासस्य महाबाहो	१८	१

श्लोकार्धप्रतीकः	अ.	श्लो.
संन्यासः कर्मयोगश्च	५	२
संन्यासं कर्मणां कृष्ण	५	१
संप्रेक्ष्य नासिकाग्रं स्वं	६	१३
संभवः सर्वभूतानां	१४	३
संभावितस्य चाकीर्तिः	२	३४
संशयोमममौर्व	१८	७४
सात्त्विकी राजसी चैव	१७	२
साधिभूताधिदैवं मां	७	३०
साधुरेव स मन्तव्यः	९	३०
साधुष्वपि च पापेषु	६	९
साङ्ख्ययोगौ पृथग्बालाः	५	४
साङ्ख्ये कृतान्ते प्रोक्तानि	१८	१३
सिद्धिं प्राप्तो यथा ब्रह्म	१८	५०
सिद्ध्यसिद्ध्योर्निर्विकारः	१८	२६
सिद्ध्यसिद्ध्योः समो भूत्वा	२	४८
सिंहनादं विनद्योच्चैः	१	१२
सीदन्ति मम गात्राणि	१	२९
सुखदुःखे समे कृत्वा	२	३८
सुखमात्यंतिकं यत्तत्	६	२१
सुखसंगेन बध्नाति	१४	६
सुखं त्विदानीं त्रिविधं	१८	३६
सुखं दुःखं भवो भावो	१०	४
सुखं वा यदि वा दुःखं	६	३२
सुखिनः क्षत्रियाः पार्थ	२	३२
सुखेन ब्रह्मसंस्पर्शं	६	२८
सुदुर्दर्शमिदं रूपं	११	५२

श्लोकार्धप्रतीकः	अ.	श्लो.
सुहृदं सर्वभूतानां	५	२९
सुहृन्मित्रार्युदासीन-	६	९
सूक्ष्मत्वात्तदविज्ञेयं	१३	१५
सेनयोरुभयोर्मध्ये	१	२१
,, ,,	१	२४
,, ,,	२	१०
सेनानीनामहं स्कंदः	१०	२४
सोऽपि मुक्तः शुभाँल्लोकान्	१८	७१
सोऽविकंपेन योगेन	१०	७
सौभद्रश्च महाबाहुः	१	१८
सौभद्रो द्रौपदेयाश्च	१	६
स्त्रियो वैश्यास्तथा शूद्राः	९	३२
स्त्रीषु दुष्टासु वार्ष्णेय	१	४१
स्थाने हृषीकेश तव	११	३६
स्थितप्रज्ञस्य का भाषा	२	५४
स्थितधीः किं प्रभाषेत	२	५४
स्थितोऽस्मि गतसंदेहः	१८	७३
स्थित्वा स्यामन्तकालेऽपि	२	७२
स्थिरबुद्धिरसंमूढो	५	२०
स्पर्शान्कृत्वा बहिर्बाह्यान्	५	२७
स्मृतिभ्रंशाद् बुद्धिनाशो	२	६३
स्वकर्मणा तमभ्यर्च्य	१८	४६
स्वकर्मनिरतः सिद्धिं	१८	४५
स्वजनं हि कथं हत्वा	१	३७
स्वधर्ममपि चावेक्ष्य	२	३१
स्वधर्मे निधनं श्रेयः	३	३५

श्लोकार्धप्रतीकः	अ	श्लो.
स्वभावजेन कौंतेय	१८	६०
स्वभावनियतं कर्म	१८	४७
स्वयमेवात्मनात्मानं	१०	१५
स्वल्पमप्यस्य धर्मस्य	२	४०
स्वस्तीत्युक्त्वा महर्षि- सिद्धसंघाः	१२	२१
स्वाध्यायज्ञानयज्ञाश्च	४	२८
स्वाध्यायाभ्यसनं चैव	१७	१५
स्वे स्वे कर्मण्यभिरतः	१८	४५
ह		
हतो वा प्राप्स्यसि स्वर्गं	२	३७
हंत ते कथयिष्यामि	१०	१९
हत्वाऽपि स इमाँल्लोकान्	१८	१७
हत्वार्थकामास्तु गुरूनिहैव	२	५
हर्षशोकान्वितः कर्ता	१८	२७
हर्षामर्षभयोद्वेगैः	१२	१५
हृषीकेशं तदा वाक्यं	१	२१
हेतुनानेन कौंतेय	९	१०
क्ष		
क्षरः सर्वाणि भूतानि	१५	१६
क्षिपाम्यजस्रमशुभान्	१६	१९
क्षिप्रं भवति धर्मात्मा	९	३१
क्षिप्रं हि मानुषे लोके	४	१२
क्षुद्रं हृदयदौर्बल्यं	२	३
क्षेत्रक्षेत्रज्ञयोरेवम्	१३	३४
क्षेत्रक्षेत्रज्ञयोर्ज्ञानं	१३	२
क्षेत्रक्षेत्रज्ञसंयोगात्	१३	२६
क्षेत्रज्ञं चापि मां विद्धि	१३	२
क्षेत्रं क्षेत्री तथा कृत्स्नं	१३	३३
ज्ञ		
ज्ञातुं द्रष्टुं च तत्त्वेन	११	५४
ज्ञात्वा शास्त्रविधानोक्तं	१६	२४
ज्ञानमावृत्य तु तमः	१४	९
ज्ञानयज्ञेन चाप्यन्ये	९	१५
ज्ञानयज्ञेन तेनाहं	१८	७०
ज्ञानयोगेन सांख्यानां	३	३
ज्ञानविज्ञानतृप्तात्मा	६	८
ज्ञानं कर्म च कर्ता च	१८	१९
ज्ञानं ज्ञेयं ज्ञानगम्यं	१३	१७
ज्ञानं ज्ञेयं परिज्ञाता	१८	१८
ज्ञानं तेऽहं सविज्ञानं	७	२
ज्ञानं यदा तदा विद्यात्	१४	११
ज्ञानं लब्ध्वा परां शांतिम्	४	३९
ज्ञानं विज्ञानमास्तिक्यं	१८	४२
ज्ञानं विज्ञानसहितं	९	१
ज्ञानाग्निदग्धकर्माणं	४	१९
ज्ञानाग्निः सर्वकर्माणि	४	३७
ज्ञानेन तु तदज्ञानं	५	१६
ज्ञेयं यत्तत्प्रवक्ष्यामि	१३	१२
ज्ञेयः स नित्यसंन्यासी	५	३

॥ श्री ॥

॥ श्रीमद्भगवद्गीताटिप्पणीस्थपद्यगद्यानामकाराद्यनुक्रमकोषः ॥

श्लोकप्रतीकः	श्लो.सं.	पृ.सं.
अ.		
अकुर्वन्विहितं कर्म	४	१२४
अग्निदो गरदश्चैव	३६	३३
अग्निसंगात्यथा लोहम्	६४	११०
अग्नौ प्रास्ताहुतिः सम्यक्	१४	१३६
अग्नौ वपद् घृतं सर्वम्	१८	५५२
अजामेकां लोहितशुक्लकृष्णां	५	५७६
अजीव्यः सर्वभूतानां	१	६०१
अन्नस्यार्द्रप्रवृद्धस्य	२६	१४९
अज्ञानां ज्ञानदं कर्म	२०	१४३
अज्ञो जंतुरनीशोऽयम्	१४	२३३
अतीतानागतं वस्तु	७८	७६०
अथ य इमे ग्रथपूर्ते	२५	३६५
अधिकारिणमाशास्ते	१	६२५
अधिष्ठानतया देह-	८	२६२
,, ,, ,,	५	५१४
अध्यात्मविद्याधिगमः	३५	२९०
अध्यापनमध्ययनं	४१	७२०
अध्यासोऽतत्तदामासो	१	५७१
अनधीत्यासिलान्वेदान्	४	१२४
अनन्येनैव योगेन	८	१७६
अनिर्मितः पूर्ववदाविरास्ते	१९	३५९
अनिर्मिताः केनविदीश्वरेण	१९	३५९

श्लोकप्रतीकः	श्लो.सं.	पृ.सं.
अनिष्पन्नसमाधिस्तु	४१	२९६
अनुपात्तस्य उपादानं योगः	४५	१०
अपरोक्षानुभूत्याय	२	३०७
अपाणिपादो जवनो गृहीता	१४	५४८
अप्यब्धिपानान्महतः	३४	२८९
अप्यानन्दः श्रुतः साक्षात्	२१	२४२
अभक्षपरिहारश्च	४२	७२२
अयमग्निर्वैश्वानरः	१४	६१७
अल्पाक्षरमसंदिग्धम्	४	५३६
अविद्यया मृत्युं तीर्त्वा	३	१२३
अव्यक्तमूलप्रभवः	१	६०१
अशनं मे वसनं मे	२४	७०४
अश्वमेधसहस्राणां	६५	७४६
अश्वस्यैव हि यत्स्थाम	८	१०
अस्य द्वैतेन्द्रजालस्य	१०	३८०
अहमेव परं ब्रह्म	१४	३२५
अहं ब्रह्मेति मां ध्यायन्	३०	४०३
अहैतुक्यव्यवहिता	२६	५९७
आ.		
आगमोऽपः प्रजा देशः	१०	५८१
आचार्यो वेदसम्पन्नो	७	५४०
आजीव्यः सर्वभूतानां	१	६०१
आततायिन्नमायान्तं	२६	३३

श्लोकप्रतीकः	श्लो.सं.	पृ.सं.
आत्मभावं नयत्येनं	२८	२८२
आदर्शे प्रतिरूपदर्शनमयी	११	४१९
आनृशंस्यमहिंसा च	४७	७२८
आम्रे फलार्थं निर्मिते	९	६८८
आयुः कर्म च वित्तञ्च	२	६५१
आरुरुक्षोर्मुनेर्योगं	१	२१८
आवहः प्रवहश्चैव	३९	४९०
इ.		
इडोपहूतं गेहेषु	९	४५५
इन्द्रियाभ्यामजय्याभ्यां	१३	३१८
इन्द्रियेभ्यः परा ह्यर्थाः	४२	१६६
इहैव नरकव्याधौ	२०	६४४
उ.		
उत्पन्नात्मावबोधस्य	२०	५२९
ए.		
एक एव तु भूतात्मा	१६	५५०
एक एव तु शूद्रस्य	४१	७२०
एकस्त्वमात्मा पुरुषः पुराणः	२७	५९९
एकाक्षरं परं ब्रह्म	२३	६७१
एकान्तभक्तिर्गोविन्दे	१९	५२८
एकान्तवासो लघु भोजनादि	१०	२६५
एकाहं जपहीनस्तु	३	६८२
एको दशसहस्राणि	९	७
एको देवः सर्वभूतेषु गूढः	११	३८१
एकोऽनेकैः स्वरूपैर्नटति	२४	३९७
एतच्छित्त्वा च भित्त्वा च	१	६०१
एतत्त्वया न विज्ञेयं	६	१७४
एतद्धि जनसामर्थ्यं	२०	६२३
एष नित्यो महिमा ब्राह्मणस्य	१७	६९७
एह्येहि बुद्धे भवभीतिशान्त्यै	४७	३०२
ऐ.		
ऐश्वर्यस्य समग्रस्य	२	४४
क.		
क इति ब्रह्मणो नाम	५४	१००
कण्डनी पेषणी चुल्ली	१३	१३५
कथं बन्धः कथं मोक्षो	३४	२०७
कर्माकर्मविकर्ममर्मसुधिया	१७	१८६
करोतु कर्माणि स माकरोतु	५३	७३३
काचिद्व्यामोहमूर्तिः परपुरुषरता—	१२	३८२
काम्येऽपि शुद्धिरस्त्येव	६	६८५
कालचक्रं जगच्चक्रं	३३	४३८
कुर्वन्नेवेह कर्माणि	४	१२४
कृतं दंभाददम्भाद्वा	७	५४०
कृषिर्भूवाचकः शब्दो	३४	२८९
कौपीनयुगलं वासः	२०	१८९
ग.		
गगनपवनतेजोवारिमह्नो	८	३७८
गुरुभक्तिसमायुक्तः	७	५४००
च.		
चित्तमेकं न शक्नोति	२६	२८०
चित्संवित्सुखरूप आत्मनि	२५	३३२
चेतो मत्तमतङ्गजं मदभर—	१०	५१९
च्युतोपपत्तिर्विज्ञानं	७५	७५७

श्लोकप्रतीकः	श्लो.सं	पृ.सं.
ज.		
जन्मान्तरैरस्य सतो	४१	२९६
जयस्तु सर्वधर्मेभ्यः	७	६८५
जयेनैव तु संसिद्धिः	७	६८६
त.		
तत्सवितुर्वरेण्यं भर्गो देवस्य धीमहि	३५	४४०
तथा न ते माधव तावकाः क्वचित्	५	५१२
तद्ब्रह्म परमं धाम	१२	४२०
तप्तं तपो विविधलोकसिसृ-	७	४१५
तस्मान्न लङ्घयेत्सन्ध्या	३	६८२
तस्मिन्सति श्वासप्रश्वासयो-	२९	२०१
तस्यैवाहं ममैवासौ	६६	७४७
तारो धनुः शरो ह्यात्मा	११	३५०
तावत्कर्माणि कुर्वीत	२	६८०
तीर्थे श्वपचगृहे वा	५५	७३६
तेषां सततयुक्तानां	६	५१५
त्रिगुणमनृतमाद्यं	१६	२३५
द.		
दया क्षमाऽनसूया च	४२	७२२
दारा इमे मे तनया इमे मे	२४	७०४
दुःसंकल्पविकल्पकूल्ययुगला	१५	३२०
दुष्टः शब्दः स्वरतो वर्णतो वा	१३	६६२
दृष्टिर्धातीन्द्रिया राजन्	७५	७५७
देशकालवयोऽवस्था-	२	२१९
देहप्राणेन्द्रियाध्येष	१२	१३४
दैविकानां युगानां च	१८	३५७

श्लोकप्रतीकः	श्लो.सं.	पृ.सं.
दोषबुद्ध्योभयातीतो	१०	६९०
द्रव्यं कर्म च कालश्च	९	३७९
द्वाविमौ पुरुषव्याघ्र	७१	७५३
द्वौ भागौ पूरयेदन्नै-	३०	२०२
द्वौ भूतसर्गौ लोकेऽस्मिन्	६	६३१
ध.		
धर्मः श्रेयः समुद्दिष्टम्	४७	७२७
धीशोधकमृते कर्म	६	२२४
न.		
न कर्मणा न प्रजया	१	६७८
न कुड्ये नोदके सङ्गो	१८	५२७
न गुणान्गुणिनो हन्ति	४३	७२२
न जायते म्रियते वा विपश्चित्	२०	६४
न तत्र सूर्यो भाति न चन्द्र-	६	६०९
नमस्तस्मै भगवतेऽनन्ते	७५	७५७
न यादि चेतस्त्वमितस्ततोऽपि	२५	२७९
नर्ते स्यादिन्द्रियं दुःखी	६	५३८
न शास्त्रैर्नापि गुरुणा	११	४१९
नातिशीते न चोष्णे च	१६	२७१
नाभ्यातः क्षुधितः शान्तो	१६	२७१
नानारङ्गैरनङ्गायुधमभिलसितं	५५	५०८
नान्तःप्रज्ञं न बहिःप्रज्ञं	२	५३४
नायमात्मा प्रवचनेन लभ्यो	५४	५०६
निद्रादौ जागरस्यान्ते	६९	१९५
निमित्तमेकमाश्रित्य	४७	७२८
नैतादृशं ब्राह्मणस्यास्ति वित्तं	३	२५६
नैव धर्मी न चाधर्मी	३	२५६

श्लोकप्रतीकः	श्लो.सं	पृ.सं
नोद्वेथेन सम किंचित्	२३	६७१
प		
पद्भ्यां दोर्भ्यां च जानुभ्या	१४	३८५
परमात्मा च सर्वेषाम्	४	३०९
परागर्थप्रमेयेषु	२	५७२
परेण ब्रह्मणा सार्द्धम्	४	२२१
परे वा ब्रह्मवर्गे वा	४२	७२०
परोक्षानुभवेनाथ	२	३०६
परोपद्रवहेतूनां	४	६२९
पशूनां रक्षण दानं	४१	७२०
पाठो होमश्चातिथीनां	१३	१३५
पुङ्खानुपुङ्खविषयेऽपि च	६८	७५०
पुनाम्नो नरकाद्यस्मात्	२६	२४
पूरण दक्षया नाड्या	२९	२०१
प्रकृतिर्या समाख्याता	४	३०९
प्रजानां रक्षण दान	४१	७२०
प्रज्ञाप्रसादमारुह्य	१५	२७०
प्रत्यक्तत्त्वविवेकाय	४	१२४
प्रमाणतर्कसाधनोपालम्भः	३२	४३७
प्रमादिनो बहिश्चित्ता	६	२२४
प्रशस्ताचरण नित्यम्	४२	७२२
प्रसह्य वित्ताहरणम्	४३	७२४
प्राक्संस्कारपरंपरापरिणतं	६०	७४१
प्राणव्राणादपि प्रकृष्टो धर्म	४६	४१
प्राणायामश्चाभ्यासे	३५	२९०
प्राणे गते यथा देहः	२३	२४५
प्राप्नोति योगी योगाग्नि-	४१	२९६

श्लोकप्रतीकः	श्लो.सं	पृ.सं
प्लवा ह्येते अदृढा यज्ञरूपा	२१	३९३
फ		
फलतोऽपि च यत्कर्म	१८	३१८
ब		
बाह्ये बाऽभ्यात्मिके चैव	४२	७२२
बीजान्यग्न्युपदग्धानि	२३	५५८
बुद्धिर्मनो महद्वायु	४	३७४
ब्रह्मचर्यं समाप्य गृही भवेत्	१	२१७
ब्रह्मणा सह ते सर्वे	१५	३५४
ब्रह्माकारमनोवृत्ति	१२	२६१
ब्राह्मण क्षत्रिया वैश्या	४१	७२०
भ		
भजन भक्तिरित्युक्त	१७	३२३
भिक्षाटन जप शौच	३७	२९२
भिद्यते हृदयग्रन्थि-	३०	२८४
भ्रुवोरंतर्गता दृष्टि	२७	२५०
म.		
मच्चित्ता मद्गतप्राणा	६	५१५
मत्कथाश्रुतिमात्रेण	२६	५९७
मद्य मांस च मत्स्यं च	२१	१९१
मन एव मनुष्याणां	६	२६०
मनसो वृत्तिशून्यस्य	१९	२७४
मनोरथाना न समाप्तिरस्ति	१३	६३८
मरीचिरद्रिराश्चापि	६	४१४
महत परमव्यक्त-	४२	१६६
महान्तच समावृत्य	१६	४६२
महामुनविशाखश्च	१	६०१

श्लोकप्रतीकः	श्लो.सं.	पृ.सं.
मातुरग्रेऽधिजननम्	४१	७२०
मानापमाने दुःखी स्यात्	७	५४०
माया ह्येषा मया सृष्टा	६	१७४
मायां तु प्रकृतिं विद्यात्	१६	३८७
मृषा मनोरथश्रेणी	१३	६३८
मेघोदयः सागरसन्निवृत्तिः	६	३७६
मेरुमन्दरमात्रोऽपि	३१	४०४
मोक्षसाधनसामग्र्या	१७	३२३
मोक्षार्थी न प्रवर्तेत	१	६७९

य.

यच्च कामसुखं लोके	२१	२४२
यच्च किञ्चिज्जगत्यस्मिन्	७	३१२
यतो वा इमानि भूतानि	६	३११
यत्सत्यं तदुपासितव्यमधुना	२१	३९२
यथा दीपः स्वशरणे	३३	५६९
यथा नद्यः स्यन्दमानाः समुद्रे	८	३४६
यथा पुष्करपलाश आपो	१७	६९७
यथा मातरमाश्रित्य	२८	६७६
यथोक्तोपनतरुलजाति-	३२	४३७
यथोत्पन्नेन संतोषः	४२	७२२
यदा तु विदितं तत्त्वं	२	२५५
यदा सर्वे प्रमुच्यन्ते	५५	१०१
यद्यप्युद्दामबुद्धिः पठनपरिणमत्	७	५४०
यमानभीक्ष्णं सेवेत	२०	१८९
यस्त्वाश्रमं समाश्रित्य	४७	७२८
यस्य देवे परा भक्तिः	१४	२८५
यस्य सर्वे समारंभाः	१८	२३९
यस्यांघ्रिमाश्रितवतां	३३	४०७
यं न देवा न मुनयो	२४	३३१
याः क्रियाः सम्प्रयुञ्जाथ	२६	३९९

श्लोकप्रतीकः	श्लो.सं.	पृ.सं.
यान् यज्ञसङ्घैस्तपसा	७१	७५३
यावदुष्णं भवेदन्नं	२२	४६९
युद्धानध्यवसायिनोऽपि	४४	४९६
ये चामी अरण्ये श्रद्धास- त्यमुपासते	२४	३६४
ये तु सामान्यभावेन	२६	५९७
येन केनचिदाच्छन्नो	१८	५२७
येन सूर्यस्तपति तेजसेद्धः	१७	५५१
ये प्रपन्ना हृषीकेशं	१४	३१९
यो गुणेन प्रवर्तेत	४७	७२८
योऽन्यथा सन्तमात्मानं	२८	५६३
यो मोहाद्विष्णुमन्येन	३	४१२
यो लाक्षागृहदाहनात्	७८	७६०
यो वा एतदक्षरं गार्ग्यविदित्वा	२०	३९१

र.

रागद्वेषौ यदि स्याता	१	४४८
राहुरदर्शोऽपि सदा	३८	२११

ल.

लक्षैकतां समासाद्य	११	६१४
लयविक्षेपरहितं	२८	२५०
लालने ताडने मातुः	८८	१७६

व.

वर्णत्वमाश्रमत्वञ्च	४७	७२८
वर्णत्वमेकमाश्रित्य	४७	७२८
वर्णधर्मः स्मृतस्त्वेकः	४७	७२७
वर्तमानमतीतञ्च	५	४५२
वसन्देहागारे परमपदनिष्ठो	१३	२३२
वंशीविभूषितकरान्नवनीरदाभात्	१९	६२२
वाचं यच्छ मनो यच्छ	५	२५९
विज्ञाय चरमावस्था	७२	११८

श्लोकप्रतीक	श्लो.स	पृ स.
विद्याऽऽहवै ब्राह्मणमाजगाम	६७	७४९
विपर्यय सशयो वा	२५	२४८
विवेकिना विरक्तस्य	१	६२५
विषयेभ्य समाहृत्य	२८	२८२
विष्णु समाश्रितो ब्रह्मा	१५	४६१
विष्णार्यो निर्गमस धारणार्थो	३	१७३
वेदान्तविज्ञानसुनिश्चितार्थो	५	३४३
व्याधस्याचरण ध्रुवस्य च वयो	३२	४०५
श		
शतायु शतानन्द एव प्रदिष्ट	१७	३५६
शमो दमस्तितिक्षेज्या	३	६५३
शरीर पाड्यते येन	४२	७२२
शस्त्रास्त्रधारिणां मध्ये	३१	४३६
शौच तु द्विविध प्रोक्त	७	५४१
श्रद्धा हानिस्तथाऽसूया	३२	१५६
श्रवण कीर्तन विष्णो	१७	३२३
श्रावृण्य श्रवणे परीक्षितिरभूत्	१७	३२३
श्रौत यापि तथा स्मार्त	३	६८२
स		
सकलमिदमहञ्च वासुदेव	६६	७४८
सङ्ग सर्वात्मना त्याज्य	१०	५४४
सतो हि मायया जन्म	७	१७५
सत्त्वापत्तिश्चतुर्थी स्यात्		
सत्यपि भेदापगमे	६६	७४८
सत्य ब्रूयात्प्रिय ब्रूयात्	१५	६६४
सदभिव्यक्तरूपत्वात्	१९	३९०
सन्ध्याहीनाऽशुचिर्नित्यम्	७	६३२
सप्रतिपत्तेश्च स्थापना	३२	४३७
समाधिनिर्धूतमलस्य चेतस	२१	२७५
समे शुचौ शर्करावह्निवालुका	१०	५४४
सरो ह्यावेव मे पाणी	३३	४८७
सम्पद प्रमदाश्चैव	२२	२४४
सम्प्राप्यैनमृषयो ज्ञाननृप्ता	२३	३२९
सम्यगात्ममति सख्या	४	२०१
सर्पान् कुशाग्राणि तथोदपान	२	५२४
सर्वकर्मफलत्याग पार्थ	१३	६९३
सर्वतस्तनुभृतामखिलोऽपि	१३	६२८
सर्वत्र विष्णोरुत्कर्ष	२	३०७
सर्वे क्षयान्ता निचया	८	९११
सवर्धक छत्तुमुपागत वा	१८	५०७
(स हैतावानास)—यथा स्त्रीपुमांसौ	४	५७५
सूर्यो यथा सर्वलोकस्य चक्षु	१९	२४०
सेय स्वभावशब्देन	१५	२३८
स्तोकादपि प्रदातव्य	४२	७२२
स्नात तेन समस्ततीर्थसलिले	४०	२९५
स्फटिक प्रतिबिम्बेन	१०	२२८
स्मरण कीर्तन केलि	१४	२६८
स्रष्टार सुखसम्पदामपि वपु	९	६३४
स्वप्न सुख दु खमसत्यमेव	१३	६३८
स्वसवेद्य हि तद्ब्रह्म	२९	८८३
स्वेषु दारेषु सन्तोष	४७	७२८
ह		
हतोऽपि लभते स्वर्ग	७१	७०३
हन्ता चेन्मन्यते हन्तु	१९	६३
हन्तेत्यनुमतौ ज्ञेय	१९	४२६
हस्तमुत्क्षिप्य यातोऽस्ति	६६	७४८
हस्त हस्तेन सम्पीड्य	२७	२८१
हीनाद्धानतिरिक्ताद्वान्	२६	६७४
हृदयाकाशमात्रस्य	१०	६१३

श्लोकप्रतीकः	श्लो.सं.	पृ.सं.
ज्ञ.		
ज्ञाननिष्ठो विरक्तो वा	२	६८०
ज्ञानभूमिः शुभेच्छाख्या	२२	५९३
ज्ञानमुत्पद्यते पुंसां	५	१२६
ज्ञानं ज्ञेयं ज्ञानिनश्च	१८	६९८
ज्ञानामृतेन तृप्तस्य	१८	१४१
ज्ञानिनामपि चेतांसि	१४	३१९

श्रीमद्भगवद्गीताप्रस्तावनास्थपद्यगद्यानां कोषः

अ	पत्र
अधिकारी च संबंधो	६
अधिकारिणमाशास्ते	६
अविदित्वा ऋषिच्छन्दो	११
अहंकारादिदेहान्तान्	९
आ	
आदौ सर्वेषु ग्रंथेषु	६
आशीर्नमस्क्रियावस्तु-	५
आशीर्वंदनमस्कार-	५
इ	
इदं गीताशास्त्रं	१७
उ	
उभयेषामिन्द्रियाणां	८
ए	
एकोऽहं बहुस्याम्	१९
एवं हि शास्त्राणि बहून्यधीत्य	२
क	
कटाक्षं स्वच्छाच्छं	१७
कामं वाचः कतिविदफला	१९
किमेवाग्राभिधेयंस्या-	७
किमु मितमानेनेहाह-	१८
कृतेभिरी कृतं यत्र	१८
कृष्णाख्यं गीतास्यं	१७
कृष्णात्मकं मुद्दिः	१७
कृष्णार्कं पीत्वीता तदपि	१८
ग	
गीताज्ञानमुपाधित्य	१६
गीताश्रयेऽहं तिष्ठामि	१६
गुरुप्रसादेऽपि च पुमान्	१०
ग्रंथादौ तेन वक्तव्यः	६
च	
चिन्ताविलापरहितं	९
छ	
छन्दःसन्दर्भगर्भं प्रभुगदितगिरां	१८
ज	
जगद्व्यानाज्ज्ञानाद्	१८
त	
तथापि श्रीकान्तप्रचुर-	१७
तत्त्वमसि	२३
तत्समाधानमित्युक्तं	९
तद्विज्ञार्थं स गुरुमेव-	२
तद्वैराग्यं जिहासा या	८
तमेनं वेदानुवचनेन ब्राह्मणा-	२३
तस्मात्सर्वेषु शास्त्रेषु	६
त्रिशतं येऽर्थं सकल-	१८
ते सर्वे नैव निंद्याः स्युः	५
द	
देवतावाचकाः शब्दा-	५
देवप्रणतौ तथा पाठ-	१५
देहादिब्रह्मपर्यन्ते	८